વચનામૃત રહસ્ય

ભાગ : ૫

સ્વામિનારાયણીય સાધના (ઉત્તરાર્ધ)

ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા વચનામૃત ગ્રંથ આધારિત

વચનામૃત રહસ્ય

ભાગ-૫

સ્વામિનારાયણીય સાધના (ઉત્તરાર્ધ)

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રેરિત વચનામૃત રહસ્ય ગ્રંથ શ્રેણી

ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા વચનામૃત ગ્રંથ આધારિત

વચનામૃત રહસ્ય

ભાગ-૫

સ્વામિનારાયણીય સાધના (ઉત્તરાર્ધ)

: લેખક :

સાધુ બ્રહ્મદર્શનદાસ

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

VACHANAMRUT RAHASYA, PART V (Gujarati)

(An in depth analysis of Bhagwan Swaminarayan's philosophy in the Vachanamrut)

By Sadhu Brahmadarshandas

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

1st Edition:
March 2005. Copies: 7,000

Warning:
Copyright: ©Swaminarayan Aksharpith
This book is published by Swaminarayan Aksharpith. Material from this book cannot be used without due acknowledgement to Swaminarayan Aksharpith, Shahibaug, Amdavad. For any reprints the written permission of the publishers is necessary.

ISBN : 81-7526-287-7

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સૂચના : કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૦૫

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૧૦૦-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

આશીર્વાદ

HIS DIVINE HOLINESS
PRAMUKH SWAMI MAHARAJ
(SWAMI NARAYANSWARUPDAS)

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

તા. ૧૦-૪-૨૦૦૪
નાગપુર

[illegible]

Bochasanwasi Shree Akshar Purushottam Swaminarayan Sanstha, Shahibaug Road, Ahmedabad - 380 004. Gujarat. INDIA.
Tel. (091) (79) 562 5151 / 52 Fax: (091) (79) 562 4405
www.swaminarayan.org email: info@swaminarayan.org

પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજના
આશીર્વાદ

સ્વામીશ્રીજી

ભગવાન સ્વામિનારાયણે પ્રશ્ન ઉત્તરરૂપે ઉપદેશ આપેલ છે. તે ગ્રંથનું નામ વચનામૃત છે. તેમાં તમામ પ્રશ્નોનું ખૂબ સરળ રીતે મહારાજે સમાધાન આપેલ છે. અધ્યાત્મિક અને મોક્ષની પણ વાત કરી છે. તે વચનામૃત ગ્રંથ ઉપર પૂ. બ્રહ્મદર્શનદાસ સ્વામીએ વચનામૃત રહસ્યના કુલ પાંચ ભાગ લખેલ છે. ચોથા અને પાંચમા ભાગમાં સ્વામિનારાયણીય સાધનાનું નિરૂપણ કરેલ છે, કહેતાં ભગવાન સ્વામિનારાયણે પોતાનાં ઉપદેશ-વચનોમાં એટલે વચનામૃત ગ્રંથમાં ઉપદેશેલ સાધનાનું નિરૂપણ છે. તો મુમુક્ષુ અને સાધકોને તે મુજબ અનુસંધાન રાખી સાધક સાધના કરે તો બ્રહ્મરૂપ થવાય અને મહારાજની અખંડ સેવામાં રહેવાય, કહેતાં માયા(ના) ભાવોથી અને દેહના ભાવથી મુક્ત થઈ બ્રહ્મરૂપ થવાય અને દિવ્ય અક્ષરધામમાં મહારાજનાં દિવ્યસુખની પ્રાપ્તિ થાય તે સાધનાનું રહસ્ય છે.

તો આ માટે પૂ. બ્રહ્મદર્શનદાસ સ્વામીએ જે મહેનત અને દાખડો કરેલો છે તેથી મુમુક્ષુઓ, સાધકો અને વાંચકોને લાભ થશે. જીવનમાં સુખ-શાન્તિ થશે અને તેઓના ઉપર મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થશે. તેઓએ વચનામૃત રહસ્ય પાંચ ભાગમાં લખીને સંસ્થાની મહાન સેવા કરી છે. તે માટે તેઓને ધન્યવાદ ને આશીર્વાદ છે.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના

જય સ્વામિનારાયણ.

ગુણાતીતં ગુરું પ્રાપ્ય બ્રહ્મ રૂપં નિજાત્મનઃ ।
વિભાવ્ય દાસભાવેન સ્વામિનારાયણં ભજે ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ | બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ | બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ | પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



સમગ્ર ભૂમંડલમાં સ્વામિનારાયણીય ધર્મરથને પ્રસરાવનાર,
માનવમાત્રના ઉત્કર્ષ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર,
પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણની ગુણાતીત સંતપરંપરાના
પાંચમા આધ્યાત્મિક અનુગામી,
વિશ્વવંદનીય સંતવિભૂતિ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

અર્પણ...

જેમના સમાગમ વિના વચનામૃતનાં જ્ઞાનને જાણી શકાતું નથી,

જેમનું જીવન જોયા વિના વચનામૃતનાં રહસ્યો સમજાતાં નથી,

જેમની પ્રસન્નતા વિના વચનામૃતો આત્મસાત્ થતાં નથી,

જેમની કૃપા વિના સાધનામાં સફળતા મળતી નથી,

એવા જ્ઞાનના મૂર્તિમાન સ્વરૂપ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં

ચરણકમળમાં સાષ્ટાંગ પ્રણામ સાથે...

અનુક્રમણિકા

૭. સાધનામાં વિઘ્નરૂપ પરિબળો (ભયસ્થાનો) ૧

૭.૧ **કુસંગ** ૨
- કુસંગથી નુકસાન ૨
- કુસંગની ખરાબ અસર ક્યારે અને કોને થઈ શકે ? ૪
- કુસંગના પ્રકારો ૬

૭.૨ **બહારનો (લોકનો) કુસંગ** ૬
- બહારના કુસંગથી નુકસાન ૭

૭.૩ **સત્સંગમાં કુસંગ** ૧૪
- સત્સંગમાં રહેલ કુસંગની ઓળખાણ ૧૪
- સત્સંગમાં સંગશુદ્ધિ ૧૯
- સત્સંગમાં રહેલા કુસંગથી નુકસાન ૨૨

૭.૪ **અંતર(ઈન્દ્રિયો-અંતઃકરણ)નો કુસંગ** ૨૪

૭.૪.૧ પંચ વિષયની કામના, તૃષ્ણા, આસક્તિ કે વાસના ૨૫
- વિષયો પ્રત્યેની આસક્તિ કે વાસનાથી નુકસાન ૨૭
- નિર્વાસનિક થવું એ શ્રીજીમહારાજનો મત ૩૭
- પંચ વિષયની આસક્તિ-વાસના ટાળવાના ઉપાયો ૩૮
- નિર્વાસનિક ભક્તનાં લક્ષણો ૬૪

૭.૪.૨ કામ-ક્રોધાદિક પ્રકૃતિઓ, સ્વભાવો, વિકારો કે દોષો ૬૬
- પ્રકૃતિ કે સ્વભાવનું તાત્પર્ય ૬૬
- સ્વભાવની ઉત્પત્તિનું કારણ ૬૮
- સ્વભાવથી સાધનામાં નુકસાન ૭૦
- સ્વભાવ ટાળવાની આવશ્યકતા ૮૪
- સ્વભાવ ટાળવા કઠણ ૮૭
- સ્વભાવ ટાળી શકાય છે ૮૮

- સ્વભાવ કેમ ટળતા નથી ? ૯૧
- સ્વભાવો ટાળવાના ઉપાયો ૧૦૨

૭.૪.૩ વિવિધ પ્રકારના સ્વભાવો ૧૧૬

૧. મોહ ૧૧૭
- મોહનું તાત્પર્ય ૧૧૭
- મોહ ઉદય થયાનું કારણ અને તેનું પરિણામ ૧૧૭
- મોહના નાશનો ઉપાય ૧૧૯

૨. કામ ૧૨૦
- કામથી નુકસાન ૧૨૦
- કામ ટાળવાના ઉપાયો ૧૨૨

૩. લોભ ૧૨૨
- લોભથી નુકસાન ૧૨૨
- લોભ ટાળવાના ઉપાયો ૧૨૬

૪. સ્વાદ ૧૨૮
- સ્વાદથી નુકસાન ૧૨૮
- સ્વાદ ટાળવાના ઉપાયો ૧૩૧

૫. સ્નેહ ૧૩૨
- સ્નેહથી નુકસાન ૧૩૨
- સ્નેહ ટાળવાના ઉપાયો ૧૩૬

૬. માન ૧૩૬
- માનથી નુકસાન ૧૩૬
- નિર્માની ભક્તની વિશેષતા ૧૪૧
- માન ટાળીને નિર્માની થવાનો આદેશ ૧૪૨
- માન ટાળવું કઠણ ૧૪૪
- માનનું નિદાન ૧૪૬
- માન ટાળવાના ઉપાયો ૧૪૭
- માન ક્યાં રાખવું ? ક્યાં ન રાખવું ? ૧૫૦

૭. ક્રોધ ૧૫૧
- ક્રોધ ઊપજવાનાં કારણો ૧૫૨
- ક્રોધથી નુકસાન ૧૫૩
- ક્રોધ ટાળવાના ઉપાયો ૧૫૮

૮. ઈર્ષ્યા ૧૬૦
- ઈર્ષ્યાનું રૂપ (લક્ષણ) ૧૬૦
- ઈર્ષ્યાથી નુકસાન ૧૬૨
- ઈર્ષ્યા ટાળવાના ઉપાયો ૧૬૪

૯. અસૂયા ૧૬૫
૧૦. મત્સર ૧૬૭
૧૧. આંટી ૧૬૯
- આંટીથી નુકસાન ૧૬૯
- આંટી ટાળવાના ઉપાયો ૧૭૧
- આંટીના અન્ય પ્રકારો ૧૭૧

૧૨. હઠ ૧૭૩
- હઠથી નુકસાન ૧૭૩
- હઠ ટાળવાના ઉપાયો ૧૭૫

૧૩. બરોબરિયાપણું ૧૭૬
- બરોબરિયાપણાથી નુકસાન ૧૭૬

૧૪. કપટ ૧૭૯
- કપટનું તાત્પર્ય અને કપટીનું લક્ષણ ? ૧૭૯
- કપટ રાખવાથી અર્થાત્ નિષ્કપટ ન થવાથી નુકસાન ૧૮૦
- કપટ ન રાખવાથી અર્થાત્ નિષ્કપટ થવાથી લાભ ૧૮૨
- કપટ ટાળવાના અર્થાત્ નિષ્કપટ થવાના ઉપાયો. ૧૮૪

૧૫. દંભ ૧૮૫
- દંભનું તાત્પર્ય અને દંભીની ઓળખાણ ૧૮૫
- દંભથી નુકસાન ૧૮૫

૧૬. ગુરુતાગ્રંથિ ૧૮૮
૧૭. લઘુતાગ્રંથિ ૧૮૯
૧૮. આળસ-પ્રમાદ ૧૯૧
- આળસ-પ્રમાદનું તાત્પર્ય ૧૯૧
- આળસ-પ્રમાદથી નુકસાન ૧૯૨
- આળસ-પ્રમાદ ટાળવાના ઉપાયો ૧૯૪

૭.૪.૪ સંતો-ભક્તોનો અભાવ, અવગુણ અને દ્રોહ ૧૯૫

- અભાવ, અવગુણ અને દ્રોહનું તાત્પર્ય ૧૯૬
- અભાવ-અવગુણ ન આવે તો લાભ ૧૯૭
- અભાવ, અવગુણ અને દ્રોહથી નુકસાન ૧૯૮
- અભાવ, અવગુણ અને દ્રોહનો નિષેધ ૨૧૦
- અભાવ, અવગુણ અને દ્રોહનાં કારણો ૨૧૯
- અભાવ, અવગુણ અને દ્રોહ ટાળવાના ઉપાયો ૨૨૪

૭.૪.૫ ભગવાન અને ગુણાતીત સંતમાં મનુષ્યભાવ ૨૪૬

- મનુષ્યભાવથી નુકસાન ૨૪૬

૮. સમગ્ર સાધના દરમ્યાન આવશ્યક કેટલાક સદ્‌ગુણો ૨૪૯

૮.૧ સાધનામાં સદ્‌ગુણોની આવશ્યકતા ૨૪૯

૮.૧.૧ આસ્તિકતા ૨૫૧

- આસ્તિકતાનું તાત્પર્ય ૨૫૧
- આસ્તિકતાની આવશ્યકતા ૨૫૨

૮.૧.૨ મુમુક્ષુતા, ખપ અને ઈશક ૨૫૩

- મુમુક્ષુતા, ખપ અને ઈશકનું તાત્પર્ય ૨૫૩
- મુમુક્ષુતા, ખપ અને ઈશકવાળાનાં લક્ષણ તથા તેને થતા લાભ ૨૫૪
- ખપ વગરનાનાં લક્ષણો અને તેને થતું નુકસાન ૨૬૨

૮.૧.૩ વિશ્વાસ અને શ્રદ્ધા ૨૬૫

- વિશ્વાસ અને શ્રદ્ધાનું તાત્પર્ય ૨૬૫
- વિશ્વાસ અને શ્રદ્ધાની આવશ્યકતા ૨૬૫

૮.૧.૪ ધીરજ (ધૈર્ય) ૨૭૯

- ધીરજ(ધૈર્ય)ની આવશ્યકતા ૨૭૯
- ધીરજ(ધૈર્ય)ના ઉપાયો ૨૮૧

૮.૧.૫ હિંમત અને શૂરવીરતા ૨૮૩

- હિંમત અને શૂરવીરતાની આવશ્યકતા ૨૮૩
- હિંમત અને શૂરવીરતાના ઉપાયો ૨૮૮

૮.૧.૬ સહનશીલતા (સહિષ્ણુતા) ૨૮૮

- સહનશીલતાનું તાત્પર્ય ૨૮૮

- સહનશીલતાની મહત્તા અને આવશ્યકતા ૨૯૦
- સાધકને સહન કરવાનાં પરિબળો ૨૯૫
- સહનશીલતા અને તેની ગુણવત્તામાં ભેદ ૨૯૬
- આપણી વાસ્તવિકતા ૩૦૦
- સહનશીલતાના ઉપાયો ૩૦૧

૮.૧.૭ ક્ષમાવૃત્તિ ૩૦૪

- ક્ષમાનું તાત્પર્ય ૩૦૪
- ક્ષમાની આવશ્યકતા ૩૦૮
- ક્ષમાના ઉપાયો ૩૧૦

૮.૧.૮ દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતા ૩૧૧

- દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતાની આવશ્યકતા ૩૧૧
- દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતાના ઉપાયો ૩૧૨

૮.૧.૯ સચ્ચાઈ ૩૧૩

- સચ્ચાઈનું તાત્પર્ય ૩૧૩
- સચ્ચાઈની આવશ્યકતા ૩૧૪
- સચ્ચાઈના ઉપાયો ૩૧૯

૮.૧.૧૦ પુરુષાર્થ ૩૧૯

- પુરુષાર્થનું તાત્પર્ય ૩૧૯
- પુરુષાર્થની આવશ્યકતા ૩૨૦
- પુરુષાર્થના ઉપાયો ૩૨૬

૮.૧.૧૧ નિયમિતતા અને સાતત્ય ૩૨૭

- નિયમિતતા અને સાતત્યનું તાત્પર્ય ૩૨૭
- નિયમિતતા અને સાતત્યની આવશ્યકતા ૩૨૭
- નિયમિતતા અને સાતત્યના ઉપાયો ૩૨૮

૮.૧.૧૨ તપ, સંયમ અને નિયમ ૩૨૮

- તપ, સંયમ અને નિયમનું તાત્પર્ય ૩૨૮
- તપ, સંયમ અને નિયમની આવશ્યકતા ૩૩૦
- નિયમ વગર ખોટ ૩૩૮
- નિયમની મહત્તા અને નિયમપાલનનો આદેશ ૩૩૯
- તપ, સંયમ અને નિયમની દ્રઢતાના ઉપાયો ૩૪૨

૮.૧.૧૩ નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ની દઢતા ૩૪૩
- નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)નું તાત્પર્ય ૩૪૩
- નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ની આવશ્યકતા ૩૫૦
- નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)નો મહિમા ૩૫૮
- તો બ્રહ્મચર્યપાલન સરળ ૩૬૪
- નિષ્કામધર્મ (બ્રહ્મચર્યવ્રત) પાળવાના ઉપાયો ૩૬૬
- બ્રહ્મચર્ય વિરોધી કેટલીક ભ્રામક ગેરસમજણો
  અને તેનું નિરાકરણ ૩૭૬

૮.૧.૧૪ વિવેક ૩૮૨
- વિવેકની આવશ્યકતા ૩૮૨
- લૌકિક વિવેક અને આધ્યાત્મિક વિવેક
  વચ્ચેનો તફાવત ૩૮૫
- વિવેકના ઉપાયો ૩૮૭

૮.૧.૧૫ વાણી-વિવેક ૩૮૮
- વાણી-વિવેકની આવશ્યકતા ૩૮૮
- વાણી-વિવેક અંગે લક્ષ્યમાં રાખવા જેવી બાબતો ૩૯૧
- વાણી-વિવેકના ઉપાયો ૩૯૮

૮.૧.૧૬ સરળતા ૩૯૯
- સરળતાની મહત્તા અને આવશ્યકતા ૩૯૯

૮.૧.૧૭ સંપ, સુહૃદભાવ અને એકતા ૪૦૧
- સંપ, સુહૃદભાવ અને એકતાનું તાત્પર્ય ૪૦૨
- સંપ, સુહૃદભાવ અને એકતાના અભાવે નુકસાન ૪૦૪
- સંપ, સુહૃદભાવ અને એકતાથી લાભ ૪૦૭
- સંપ, સુહૃદભાવ અને એકતા તૂટવાનાં કારણો ૪૨૨
- સંપ, સુહૃદભાવ અને એકતાના ઉપાયો ૪૨૨
- સંપ માટેના પાંચ 'મ' કાર ૪૩૬
- સંપની સફળતાના સાત સિદ્ધાંતો ૪૩૭

૮.૧.૧૮ ગુણગ્રાહક દૃષ્ટિ ૪૩૭
- ગુણગ્રાહક દૃષ્ટિ વગર ખોટ ૪૩૮
- ગુણગ્રાહક દૃષ્ટિથી લાભ ૪૩૯
- ગુણગ્રહણ કરવાનો આદેશ ૪૪૪

- ગુણગ્રાહક દૃષ્ટિના ઉપાયો ૪૪૫

૮.૧.૧૯ સંબંધનો મહિમા ૪૪૯
- સંબંધના મહિમાનું તાત્પર્ય ૪૪૯
- સંબંધનો મહિમા સમજવાની આવશ્યકતા ૪૫૧
- સંબંધનો મહિમા સમજવાના ઉપાયો ૪૫૯

૮.૧.૨૦ પૂર્ણકામપણું-કૃતાર્થપણું ૪૬૩
- પૂર્ણકામપણાનું તાત્પર્ય ૪૬૪
- સાધનાની સાથે સાથે પૂર્ણકામપણું માનવાનો આદેશ .. ૪૭૦
- પૂર્ણકામપણું ન મનાય તો ખોટ અને તેનાં કારણો ૪૮૦
- પૂર્ણકામપણું-કૃતાર્થપણું માનવાના ઉપાયો ૪૮૪

૮.૧.૨૧ અસ્મિતા ૪૮૯
- અસ્મિતાની આવશ્યકતા ૪૮૯
- અસ્મિતા જગાડવાના ઉપાયો ૪૯૧

૮.૧.૨૨ અંતર્દૃષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકો ૪૯૩
- અંતર્દૃષ્ટિ આદિક શબ્દોનું તાત્પર્ય ૪૯૩
- અંતર્દૃષ્ટિ આદિકની આવશ્યકતા ૪૯૫
- અંતર્દૃષ્ટિ આદિક કરવાની રીત અને તેનાથી લાભ ૫૦૧
- અંતર્દૃષ્ટિ આદિક કરવાનો આદેશ ૫૦૪
- અંતર્દૃષ્ટિ આદિક કરવાના ઉપાયો ૫૧૦

૮.૨ આવશ્યક સદ્‌ગુણોની પ્રાપ્તિના ઉપાયો ૫૧૧

૯. સમગ્ર સાધનામાં ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા ૫૧૪

૯.૧ ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા ૫૧૪
- સત્પુરુષ-ગુરુના યોગ વગર ખામી ૫૧૫
- સત્પુરુષ-ગુરુના યોગથી લાભ ૫૧૭
- સત્પુરુષના સમાગમની મહત્તા ૫૨૬

૯.૨ સત્પુરુષ-સાચા ગુરુની ઓળખાણ ૫૨૯

૯.૩ સત્પુરુષનો પ્રસંગ ૫૩૬
- સત્પુરુષના યથાર્થ પ્રસંગની આવશ્યકતા ૫૩૬
- સત્પુરુષના પ્રસંગનું તાત્પર્ય ૫૩૮
- સત્પુરુષનો પ્રસંગ એટલે કે કર્મ, વચન અને મનથી સંગ ૫૪૨

૧૦. સમગ્ર સાધનાની સંક્ષિપ્ત વિભાવના ૫૫૭

૧૦.૧ સર્વસુગમ અને સર્વસુલભ સાધનાની દિવ્ય કરામત ૫૫૭

- અત્યંત સંક્ષિપ્ત, સરળ અને સુગમ સાધના ૫૫૯
- સાધનાની દિવ્ય કરામત (ટેકનોલોજી) ૫૬૧

૧૦.૨ સમગ્ર સાધનાનો સંક્ષિપ્ત સાર ૫૬૮

- ઈષ્ટદેવ અને ગુરુ સાથે વર્તન ૫૬૯
- સંબંધવાળા સર્વે સંતો-ભક્તો સાથે વર્તન ૫૭૦
- અન્ય મનુષ્યો તથા જીવ-પ્રાણીમાત્ર સાથે વર્તન ૫૭૨
- પોતાની સાથે વર્તન ૫૭૩

૧૦.૩ સ્વામિનારાયણીય સત્સંગીનો આચાર, વ્યવહાર અને નિત્યક્રમ .. ૫૭૯

- આચાર, વ્યવહાર અને નિત્યક્રમની આવશ્યકતા ૫૭૯
- સ્વામિનારાયણીય સત્સંગીનો આચાર ૫૮૪
- સ્વામિનારાયણીય સત્સંગીનો વ્યવહાર ૫૮૯
- સ્વામિનારાયણીય સત્સંગીનો નિત્યક્રમ ૫૯૨

૧૦.૪ સાધનાની ફલશ્રુતિરૂપ સ્થિતિના ઉચ્ચતમ આદર્શો ૫૯૬

૧૦.૫ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનું ઋણ અદા કરીએ ૬૦૯

સંક્ષેપ-સૂચિ

વચ. - વચનામૃત

પ્ર. - ગઢડા પ્રથમ પ્રકરણ

સા. - સારંગપુર પ્રકરણ

કા. - કારિયાણી પ્રકરણ

લો. - લોયા પ્રકરણ

પં. - પંચાળા પ્રકરણ

મ. - ગઢડા મધ્ય પ્રકરણ

વર. - વરતાલ પ્રકરણ

અમ. - અમદાવાદ પ્રકરણ

અં. - ગઢડા અંત્ય પ્રકરણ

જેત. - જેતલપુર પ્રકરણ

નોંધ :

૧. આ ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉલ્લેખ ઘનશ્યામ, નીલકંઠ, સહજાનંદ સ્વામી, શ્રીજી, શ્રીજીમહારાજ, મહારાજ, શ્રીહરિ જેવાં સાંપ્રદાયિક પ્રચલિત નામોથી પણ કર્યો છે.

૨. આ ગ્રંથમાં ગુણાતીતાનંદ સ્વામીનાં જે જે વચનો સંદર્ભ તરીકે લીધાં છે તે 'સ્વામીની વાતો' - પ્રકરણ(૧થી ૭ અને ૮થી ૧૫)માંથી લીધેલા છે.

ગ્રંથમાં પ્રવેશ કરતાં પહેલાં...

સાધના ?!

હા, આ ગ્રંથો(વચનામૃત રહસ્ય, ભાગ-૪ અને ભાગ-૫)માં ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલ અને પ્રવર્તાવેલ તથા ગુણાતીત ગુરુઓએ પોષેલ સાધનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રાયઃ સાધના તો ભગવાનની પ્રાપ્તિ માટે થતી હોય છે. આપણે હવે ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરવાની રહેતી નથી, કારણ કે આપણને સૌને આજે સર્વાવતારના અવતારી સર્વોપરી એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની સાક્ષાત્ પ્રાપ્તિ તો ગુણાતીત સત્પુરુષ પ્રગટ બ્રહ્મસ્વરુપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થઈ ચૂકી છે. ભગવાન અને ગુણાતીત સંતની આવી દુર્લભ પ્રાપ્તિ થયા પછી, સાધકને સ્વાભાવિકપણે એવું લાગે કે હવે મારે જાણવાનું, સમજવાનું, માનવાનું, વિચારવાનું કે કરવાનું કંઈપણ બાકી રહ્યું નથી; કારણ કે અનંત પ્રકારની સ્થૂળ અને સૂક્ષ્મ સાધના કરીને જે ભગવાન અને સંતને પામવાના હતા, તેઓ તો પ્રાપ્ત થઈ જ ગયા છે. હવે બીજું શું બાકી રહે છે ? આવી દુર્લભ પ્રાપ્તિ થયા પછી હવે સાધના કોના માટે અને શા માટે કરવાની ?

આ પ્રશ્નના ઉત્તરમાં એટલું જ કહેવાનું છે કે હવે એમને પામવા માટે સાધના કરવાની નથી, પરંતુ જે ભગવાન અને ગુણાતીત સત્પુરુષ મળ્યા છે, તેમને યથાર્થ ઓળખવા, જાણવા, સમજવા અને માણવા માટે; થયેલ પ્રાપ્તિ હાથમાંથી જતી ન રહે અર્થાત્ પ્રાપ્તિમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે તે માટે અને ભગવાન તથા ગુણાતીત સત્પુરુષને અતિશય રાજી કરીને એમનો આપણા આત્મામાં સાક્ષાત્કાર કરવા માટે તો સાધના અવશ્યપણે કરવાની જ છે. પ્રત્યેક સાધકને ખ્યાલ રહેવો જોઈએ કે સાધનાની જે ઉચ્ચતમ સ્થિતિએ પહોંચ્યા પછી સાધકને અનુભૂતિ થાય કે હવે મારે જાણવાનું, સમજવાનું,

વિચારવાનું કે કરવાનું કંઈ જ બાકી રહ્યું નથી; તે સ્થિતિએ પહોંચતાં પહેલાં અને ત્યાં પહોંચવા માટે તેને ઘણું બધું જાણવાનું, સમજવાનું, માનવાનું, વિચારવાનું અને કરવાનું હોય છે.

ભગવાન અને સંતની પ્રાપ્તિ થયા પછી સાધકને અધ્યાત્મની ઉચ્ચતમ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય તે માટે જે કંઈ જાણવાનું કે ન જાણવાનું, સમજવાનું કે ન સમજવાનું, માનવાનું કે ન માનવાનું, વિચારવાનું કે ન વિચારવાનું અને કરવાનું કે ન કરવાનું છે; તેની સ્પષ્ટતા આ બન્ને ગ્રંથોમાં છે. એવું કહી શકાય કે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં વચનોને આધારે તૈયાર કરેલો આ સંપૂર્ણ નકશો કે માસ્ટર પ્લાન છે, જેમાં સાધકને મન-કર્મ-વચને જે કંઈ સ્થૂળ અને સૂક્ષ્મ સાધના કરવાની છે તેની સવિસ્તર સમજૂતિ છે.

આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'** સ્વામિનારાયણીય સાધના (પૂર્વાર્ધ)માં મુખ્યત્વે સ્વામિનારાયણીય સાધનાની આગવી વિશેષતાઓ, મનુષ્ય જીવનનું લક્ષ્ય, આત્યંતિક મુક્તિનો સર્વોત્તમ ઉપાય, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના સ્વરૂપનું જ્ઞાન, એમની કૃપા-પ્રસન્નતાનાં સાધનો તથા એકાંતિક ધર્મની અંતર્ગત માહાત્મ્યજ્ઞાને સહિત વિભિન્ન પ્રકારની ભક્તિ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય તથા એકાંતિક ધર્મની સંક્ષિપ્ત વિભાવના વિષે સમજ્યા.

હવે અહીં આ **'વચનામૃત રહસ્ય : ભાગ-૫'** સ્વામિનારાયણીય સાધના (ઉત્તરાર્ધ)માં આપણે સાધનામાં વિઘ્નરૂપ પરિબળોની અંતર્ગત ત્રણ પ્રકારના કુસંગો, તેમાં પણ અંતરના કુસંગની અંતર્ગત પંચ વિષયની વાસના કે આસક્તિ, કામાદિક સ્વભાવો, અભાવ-અવગુણ-દ્રોહ અને મનુષ્યભાવ વિષે તથા સમગ્ર સાધના દરમ્યાન આવશ્યક કેટલાક સદ્‌ગુણો, સમગ્ર સાધનામાં ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા તેમજ સમગ્ર સાધનાની સંક્ષિપ્ત વિભાવના વિષે જાણીએ અને સમજીએ.

૭. સાધનામાં વિઘ્નરૂપ પરિબળો (ભયસ્થાનો)

'સારાં કાર્યોમાં સો વિઘ્નો.'

श्रेयांसि बहूनि विघ्नानि - અર્થાત્ કલ્યાણના માર્ગમાં વિઘ્નો ઘણાં.

ઉપરોક્ત ઉક્તિઓ અનુસાર કોઈ પણ સારાં કાર્યોમાં વિઘ્નો આવવાની શક્યતાઓ રહેલી જ છે. સમગ્ર માનવજીવનમાં સારામાં સારું કાર્ય તો પોતાના આત્માનું આત્યંતિક કલ્યાણ કરવા માટેની સાધના કરવી એ જ છે.

આત્માના કલ્યાણનું કામ કેટલું બધું મહત્ત્વનું છે તે આપણને મહાભારતના એક સંદર્ભ પરથી ખ્યાલ આવે છે. મહાભારત કહે છે : 'आत्मार्थे पृथ्वीं त्यजेत्' – અર્થાત્ આત્માનું રૂડું થતું હોય તો આખી પૃથ્વીનો પણ ત્યાગ કરવો.

ગુણાતીતાનંદ સ્વામી પણ આ જ સંદર્ભમાં કહે છે : "કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું ?" *(૧/૧૦)*

તેથી જિંદગીમાં સારામાં સારું કાર્ય જો કોઈ હોય તો તે છે પોતાના જીવાત્માનું આત્યંતિક કલ્યાણ.

આપણે આ પૂર્વે જોયું છે કે આત્માના કલ્યાણ માટે તો ભગવાનના યથાર્થ સ્વરૂપને ઓળખીને એમની એકાંતિકી ભક્તિ કરવી એ જ છે. તેથી તો શ્રીજીમહારાજ કહે છે :

જેત.૫ – "ભગવાનને ભજવા એથી બીજી મોટી વાત નથી."

અં.૩૦ – "મરી તો સર્વને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે."

જીવનના આ અત્યંત અગત્યના શુભકાર્યમાં વિઘ્નરૂપ પરિબળો કે ભયસ્થાનો જુદાં જુદાં સ્વરૂપે આવીને સાધકની સાધનામાં વિવિધ રીતે વિઘ્નો

નાખે છે. જો સાધક સાવધાન થઈને વિઘ્નોથી બચવાનો ઉપાય ન કરે તો તેની સાધનામાં ખૂબ જ મોટું નુકસાન થાય છે. જેમ કે,

- સાધક સાધના કરતાં પાછો પડી જાય.
- સાધનાની ગતિ મંદ પડી જાય.
- સાચી સાધનાના માર્ગથી પથભ્રષ્ટ થઈને બીજે ખોટે રવાડે ચડી જાય.
- સાધના કરવાનું જ છોડી દે.

આમ, વિઘ્નરૂપ પરિબળોને લીધે સાધકની સાધનામાં ગતિ મંદ પડવાથી, પીછેહઠ થવાથી લક્ષ્ય સુધી પહોંચવામાં ઘણો વિલંબ થાય છે, અથવા તો સાધના છોડી દેવાથી કે બીજે રવાડે ચડી જવાથી સાધક લક્ષ્ય-સ્થાને પહોંચી શકતો જ નથી. પરિણામે, આ મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય સિદ્ધ થતું નથી. અર્થાત્ આત્માની મુક્તિ થતી નથી. પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. આ છેલ્લો જન્મ થતો નથી. લખચોરાશીના આ ભવચક્રમાં પુનઃ ભટકવાનું શરૂ થાય. શાશ્વત સુખને બદલે અનંત અપાર અને ભયંકર દુઃખના ભોક્તા બનવું પડે. માટે પ્રત્યેક સાધકે પોતાની સાધનામાં વિઘ્નરૂપ પરિબળોને ઓળખીને તેનાથી દૂર રહેવાનો કે બચવાનો સાવધાનીપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ.

સાધનામાં મોટામાં મોટું વિઘ્નકારક પરિબળ કે ભયસ્થાન જો કોઈ હોય તો તે 'કુસંગ' છે. આ વિઘ્નરૂપ ભયસ્થાનમાં અન્ય બીજાં સર્વે ભયસ્થાનોનો અંતર્ભાવ કરી શકાય તેમ છે.

તેથી અહીં આપણે સાધનામાં વિઘ્નરૂપ મુખ્ય પરિબળ તરીકે કુસંગનો વિચાર કરીશું.

૭.૧ કુસંગ

• કુસંગથી નુકસાન

કુસંગની પ્રબળ અસર જણાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૪૨ – "ગમે તેવો મોટો હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે."

મ.૫૬ – "જેને પંચ વિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે કાંઈ ઠેકાણું રહે નહિ."

તદુપરાંત તેઓ **વચ. પં.૬** અને **પં.૭**માં કહે છે કે કુસંગે કરીને અવળું વર્તાય છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કુસંગની અસર વિષે કહે છે :

◆ "કુસંગરૂપી વાયુ આવે તો તેમનાં (હરિભક્તોનાં) મૂળ ઉખાડી નાંખે." *(પૂર : ૬, તરંગ : ૧૯)*

◆ "પાકો હરિભક્ત હોય પણ વિમુખની વાત સાંભળે તો બુદ્ધિ પલટાઈ જાય છે." *(પૂર : ૧૪, તરંગ : ૨૬)*

◆ "અસત્ પુરુષના સંગથી અસત્ ગુણ આવે છે. મોક્ષ-માર્ગની તેઓ હાંસી કરે છે. જેથી સુમતિનો નાશ થાય છે અને કુમતિનો ઉદય થાય છે." *(પૂર : ૧૫, તરંગ : ૮૦)*

◆ "જેને અસત્ પુરુષનો યોગ થાય, તે તીર્થ-વ્રત વગેરેને અસત્ કહે છે અને અસત્ માર્ગે દોડે છે, તેથી અસત્ ગતિ પામે છે. ઝેરનાં બી વાવે તેવું જ ફળ પામે છે. એવા જનો જીવે ત્યાં સુધી બીજાને સુખ થવા દે નહિ." *(પૂર : ૧૫, તરંગ : ૮૧)*

◆ "અલભ્ય લાભના લોભી હોય તેણે કુસંગથી દૂર રહેવું જોઈએ. કુસંગ રાખે ત્યાં સુધી પાપની વૃદ્ધિ થાય છે અને સત્સંગ રુચતો નથી." *(પૂર : ૧૭, તરંગ : ૧૧)*

◆ "સત્સંગ કરીને પણ કુસંગ કરે તો કુસંગનો રંગ લાગી જાય છે. નારદજી જેવાની કુસંગથી મતિ ફરી ગઈ તો બીજાની શી વાત ? જ્યાં સુધી કુસંગને ઓળખે નહિ ત્યાં સુધી વિઘ્ન રહે છે." *(પૂર : ૧૭, તરંગ : ૯૦)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "ત્રણ પ્રકારના કુસંગે કરીને તો રૂડા ગુણનો નાશ થઈ જાય છે." *(૩/૫૯)*

◆ "કુસંગે કરીને ઠા રહે નહિ" *(૫/૨૮)*

◆ "કુસંગનો જોગ થાય તો સત્સંગને ઘસારો આવી જાય." *(૬/૧૨)*

◆ "સો મણ સાકરમાં એક મણ અફીણ નાખે તો બધી કડવી લાગે, તેમ થોડોક કુસંગ લાગે તે સત્સંગી બગડી જાય." *(૮/૨૪૮)*

◆ "કુસંગ લાગે તો સત્સંગ ટળી જાય.... જેટલા કુસંગીની પાસે બેસે તે સર્વે પડી જાય છે." *(૧૧/૧૩૫)*

◆ "કુસંગ તો જરૂર ડાઘ લગાડે એવો છે." *(૧૩/૨૦૭)*

હરિલીલામૃતમાં કુસંગની પ્રબળતા આ પ્રમાણે સમજાવી છે :

કુસંગીનો સજ્જન કોઈ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ;
જો ઊજળું વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળસંગ તોય.
પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે;
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય.
સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તો રૂપ તેનું બદલાઈ જાય;
જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ, મીઠાશ જઈને પ્રકટે ખટાશ.
કુસંગ જો અંગ કરે પ્રવેશ, ધર્મી તણો ધર્મ રહે ન લેશ;
જો ધર્મરાજા બહુ જાણનાર, જુગારી-સંગે રમિયા જુગાર.

(હરિલીલામૃત : ૩/૧૫)

કુસંગ વિષે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની;
તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાં લગી સોબત કુસંગની.

(વચનવિધિ : ૧૭/૪)

તેમ ખરા કુસંગને પડ્યો ખબેડે, તેણે બુદ્ધિ ઊંધી આવી ઘણી;
તેને સવળું કેમ સુઝશે, રાખશે કેમ સત્સંગ શિરોમણિ.

(વચનવિધિ : ૪૪/૭)

વસ્તુતઃ તો કુસંગ એક પ્રકારનું ભયંકર કેન્સર છે. કુસંગરૂપી કેન્સરથી સાધના નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. આ એક જીવલેણ ભયંકર ઝેર છે. અમૃત ન પિવાય તો વાંધો નહિ, પણ ઝેર તો પિવાય જ નહિ. ગમે તેવો સમર્થ હોય તેને પણ કુસંગ તો અસર કરે જ.

● કુસંગની ખરાબ અસર ક્યારે અને કોને થઈ શકે ?

ઉપર જણાવ્યા પ્રમાણે કુસંગની ખૂબ જ ખરાબ અસર થાય છે. હજુ પણ આગળ જતાં આપણે વિવિધ પ્રકારના કુસંગનું કેવું માઠું પરિણામ આવે છે તે વિચારીશું. કુસંગનું વિશેષ નિરૂપણ કરતાં પહેલાં અહીં એ વિચારી લઈએ કે બધા જ પ્રકારના કુસંગની ખરાબ અસર મુમુક્ષુને ક્યારે થઈ શકે ? જેમ અમુક સંજોગો કે વાતાવરણમાં શરીરને અમુક રોગ થવાની શક્યતા

વધારે રહે છે. એમાં પણ જ્યાં સુધી શરીરની રોગપ્રતિકારક શક્તિ યથાર્થ હોય, ત્યાં સુધી રોગના બૅક્ટેરિયા, વાયરસ કે બહારનું ખરાબ વાતાવરણ જલદી અસર કરી શકતાં નથી, પરંતુ જ્યારે એ રોગપ્રતિકારક શક્તિ ઘટે છે ત્યારે એને રોગ લાગુ પડી જવાની શક્યતા વધે છે. એ પરિસ્થિતિમાં બદલાતું વાતાવરણ, બૅક્ટેરિયા કે વાયરસ શરીરમાં રોગ ફેલાવવાનાં કાર્યમાં વધારે સફળ થાય છે.

એવી જ રીતે કુસંગ પોતાની પ્રભાવક અને પ્રબળ અસર સાધકને ક્યારે લાગુ પાડે ? કયા સંજોગોમાં મુમુક્ષુને કુસંગની અસર સૌથી વધારે થવાની શક્યતા રહે ? સામાન્ય રીતે જો સાધકમાં નીચે પ્રમાણે કચાશ હોય તો એમાં કુસંગ જલદી અસર કરે છે.

- યથાર્થ મુમુક્ષુતા, ખપ અને ઈશક ન હોય.
- પોતાનાં અંતિમ ધ્યેયની યથાર્થ સ્પષ્ટતા અને દઢતા ન હોય.
- ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત યથાર્થ નિશ્ચય ન હોય, એમાં સંપૂર્ણ દિવ્યભાવ ન હોય.
- એમનામાં અતિશય દઢ અને યથાર્થ પ્રીતિ કે જોડાણ ન હોય.
- એમને અતિશય રાજી કરવાનું યથાર્થ તાન અને અનુસંધાન ન હોય.
- એમનાં વચનોમાં અતિશય શ્રદ્ધા અને અતિ દઢ વિશ્વાસ ન હોય.
- એમની બધી જ આજ્ઞા, અનુવૃત્તિ કે મરજી પાળવાનું યથાર્થ તાન અને અનુસંધાન ન હોય.
- દેહાભિમાન અને પંચ વિષયની આસક્તિથી સંપૂર્ણ રહિત ન હોય.
- યથાર્થ સંપ, સુહૃદભાવ અને એકતા ન હોય.

આ અને આ ઉપરાંત અન્ય કેટલીક ખામીઓ ઓછા-વત્તા પ્રમાણમાં જો સાધકમાં હોય તો તેને જરૂર કુસંગની અસર થાય છે. વસ્તુતઃ તો જ્યાં સુધી સાધક બ્રહ્મરૂપ ન થાય ત્યાં સુધી એને કુસંગની અસર થયા વગર રહે જ નહિ. તેથી ત્યાં સુધી તો સાધકે કુસંગથી દૂર રહેવું જ હિતાવહ છે. આમાં મનનો કે પોતાની બુદ્ધિના ડહાપણનો વિશ્વાસ કરવા જેવો નથી. એનાથી જેટલા દૂર રહેવાય એટલી રક્ષા થાય.

તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૧૮ – "પરમહંસ તથા સાંખ્યયોગી હરિજન તથા કર્મયોગી

હરિજન એ સર્વેને કુપાત્ર માણસની સંગત કરવી નહિ.''

પ્ર.૧૬ – ''જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે.''

સા.૧૮ – ''ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો.''

વ૨.૨૦ – ''આવી સમજણ(જનક રાજાની સમજણ)હોય તોપણ કોઈ પ્રકારે કુસંગ તો કરવો જ નહિ, એ સિદ્ધાંત-વાર્તા છે.''

● કુસંગના પ્રકારો

ગુણાતીતાનંદ સ્વામી એમની વાતો(૫/૩૧૩; ૬/૧૩૩)માં નીચે પ્રમાણે ત્રણ પ્રકારના કુસંગ જણાવે છે :

(i) બહારનો (લોકનો) કુસંગ.

(ii) સત્સંગમાં રહેલ કુસંગ.

(iii) ઈન્દ્રિયો-અંતઃકરણનો કુસંગ.

આ ત્રણેય પ્રકારના કુસંગ સાધનામાં વિઘ્નરૂપ છે. સાચા મુમુક્ષુએ આ ત્રણેય પ્રકારના કુસંગને ઓળખીને એનાથી દૂર રહેવાનું છે. સૌ પ્રથમ તો તેને ઓળખવો જરૂરી છે. શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : ''કુસંગ ઓળખવામાં આવે એ જ સત્સંગનું ફળ છે. કુસંગ ન જ ઓળખાય તેનું નામ સત્સંગ નહિ.'' *(પૂર : ૧૧, તરંગ : ૫૧)*

તેથી હવે આપણે ત્રણેય પ્રકારના કુસંગનું સ્વરૂપ, તેનાથી થતું નુકસાન અને તેનાથી બચવાના ઉપાયો વિષે વિચારીશું.

૭.૨ બહારનો (લોકનો) કુસંગ

ગુણાતીતાનંદ સ્વામી બહારના કુસંગનું રૂપ સમજાવતાં કહે છે :

◆ ''બહારનો કુસંગ તે શું જે, સ્વામિનારાયણને ભગવાન ન કહે.'' *(૮/૧૪૩)*

◆ ''આપણા સંપ્રદાયથી બહારલા સ્વામિનારાયણની નિષ્ઠા થકી પાડે તે બહારલો કુસંગ.'' *(૧૦/૧૦૬)*

બહારનો કુસંગ એટલે જેમને આ દિવ્ય સત્સંગનો યોગ નથી, આવા ભગવાન અને સંતની ઓળખાણ થઈ નથી, એમને આશ્રિત થયા નથી, પંચ વિષયમાં આસક્ત છે, વિષય, વ્યસન, વિકાર અને વહેમમાં ફસાયેલા છે અથવા તો ખોટા મતપંથમાં ભળીને ભગવાનના કે સંતના સાચા અભિપ્રાયથી તેમ જ સત્શાસ્ત્ર વિરુદ્ધ મનમાનેલ અવળી સાધનાના રવાડે જેઓ ચડી ગયા છે; તેમનો તથા તેમના ગ્રંથોનો સંગ કરવો તે બહારનો કુસંગ છે. આવા કુસંગથી સાધકને ઘણું જ નુકસાન થાય છે.

● બહારના કુસંગથી નુકસાન

આ પ્રકારના કુસંગથી સાધકને જે નુકસાન થાય છે તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૧૮ – "આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે. તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય, અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય, અને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય, અને નાના પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય; તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે."

પ્ર.૨૯ – "પાતર્યો ને ભડવા અથવા દારૂ-માંસના ભક્ષણ કરનારા તેનો સંગ થાય તો ક્રિયા પણ ભૂંડી થાય."

પ્ર.૫૫ – "જો અતિ પાપીનો સંગ થાય તો પાપનો વધારો થાય અને કાંઈક સુકૃત હોય તે પણ નાશ પામે."

પ્ર.૭૦ – "અંતરમાં જે કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે."

સા.૧૫ – "જે આત્મનિષ્ઠા ને વૈરાગ્યે કરીને રહિત છે તેને જો ભગવાન વિના બીજા કોઈ વિષયના ઘાટ જણાતા નથી, તોય પણ જ્યારે એને કુસંગનો યોગ થશે ત્યારે વિષયના ઘાટ થવા લાગશે ને બુદ્ધિ ભ્રષ્ટ થઈ

જશે ને પરમેશ્વરની તો હૈયામાં સ્મૃતિ પણ નહિ રહે ને અખંડ વિષયનું ધ્યાન થશે.''

સા.૧૮ – ''જો કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો વૈરાગ્ય-વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે.''

શ્રીજીમહારાજ ધર્મામૃતના નિષ્કામી વર્તમાનમાં કહે છે : ''આ લોકમાં અત્યંત કામી એવાં સ્ત્રી-પુરુષના સંગ થકી જેવી રીતે મુમુક્ષુ જીવને અતિશય દૃઢપણે બંધન થાય છે, તેવી રીતે બીજા પદાર્થના પ્રસંગ થકી નથી થતું. એમના સંગ થકી બ્રહ્મચર્ય વ્રત, અહિંસા, કોઈની ઈર્ષ્યા ન કરવી, પવિત્રપણું, ક્ષમા, દયા, સત્ય, મૌન, રૂડી કીર્તિ, બુદ્ધિ, લજ્જા, ચોરી ન કરવી, મન આદિક ચાર અંતઃકરણને નિયમમાં રાખવાં, નેત્રાદિક ઇન્દ્રિયોને નિયમમાં રાખવી – એ આદિક સદ્‌ગુણો, સમગ્ર ઐશ્વર્ય-સામર્થ્ય તત્કાળ નાશ પામી જાય છે.''

બહારના કુસંગના મુખ્યત્વે ચાર પ્રકાર જણાવી તેના સંગથી સાધકને શી ખોટ જાય છે, તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. પ્ર.૪૮**માં કહે છે : ''તે કુસંગી ચાર પ્રકારના છે – એક કુંડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્ક વેદાંતી અને ચોથા નાસ્તિક. એ ચાર પ્રકારના કુસંગી છે. તેમાં જો કુંડા-પંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે. અને જો શક્તિપંથીનો સંગ થાય તો દારૂ-માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે. અને જો શુષ્ક વેદાંતીનો સંગ થાય તો ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ-ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે. અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્‌શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે.''

આમાંથી નાસ્તિક અને શુષ્ક વેદાંતી આ બે મોટા કુસંગ છે એવું મહારાજ **વચ. મ.૧૮**માં સમજાવતાં કહે છે : ''અમે તો સર્વ પ્રકારે વિચારીને જોયું જે, આ સંસારમાં જેટલા કુસંગ કહેવાય છે તે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કયો છે ? તો 'જેને પરમેશ્વરની ભક્તિ નહિ અને ભગવાન સર્વના સ્વામી છે, ભક્તવત્સલ છે, પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે, એવો પણ ભગવાનની કોરનો જેના હૈયામાં વિશ્વાસ નહિ.' તે એવા તો આ સંસારમાં

બે મત છે - એક તો નાસ્તિકનો ને બીજો શુષ્કવેદાંતીનો. એ બે અતિ કુસંગ છે. અને પંચ મહાપાપે યુક્ત હોય ને તેને જો ભગવાનનો વિશ્વાસ હોય તો તેનો કોઈ કાળે છૂટકો થાય તથા બાળહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા ઇત્યાદિક જે મોટાં પાપ તેના કરનારાનો પણ કોઈ કાળે છૂટકો થાય ખરો, પણ એ બે મતની જેને પ્રતીતિ આવી તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ. શા માટે જે, એની સમજણ વેદ, શાસ્ત્ર અને પુરાણ તે થકી ઊંધી છે... માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને નાસ્તિક તથા શુષ્ક વેદાંતીનો સંગ કરવો જ નહિ.''

વળી, મહારાજ કહે છે કે શુષ્ક વેદાંતીના ગ્રંથ સાંભળવાથી ભગવાનની ભક્તિમાંથી પડી જવાય છે (**વચ. અં.૨૮**). ભગવાનની મૂર્તિના આકારનું ખંડન કરનારા શુષ્ક વેદાંતી કે એના ગ્રંથના સંગથી ભક્તને ભક્તિમાં સૌથી મોટું વિઘ્ન આવે છે, એમ શ્રીજીમહારાજ **વચ. અં.૩૬**માં કહે છે.

વળી, **વચ. અં.૩**માં તેઓ કહે છે કે સાધનદશામાં જ જો ઉપાસનાએ રહિત કેવળ આત્મજ્ઞાનીના કુસંગનો પાશ લાગે, તો તેને ભગવાન અને ભક્તને વિષે દયા ને સ્નેહ થતાં નથી.

આ રીતે બહારના કુસંગથી મુખ્યત્વે ભગવાનની આજ્ઞા અને ઉપાસનામાં ભંગ થાય છે. સાધકને માટે આ મોટામાં મોટું વિઘ્ન છે. કારણ કે આત્યંતિક કલ્યાણ માટે આજ્ઞા અને ઉપાસના અત્યંત અનિવાર્ય છે. તેમાં જ ખોટ આવે તો સાધક આત્યંતિક કલ્યાણને પામી શકતો નથી.

આધુનિક યુગમાં બહારનો કુસંગ અનેક રૂપે આવીને સાધકને ફસાવે છે. એનાં કેટલાંક સ્થૂળ રૂપો તો તુરત જ ઓળખાઈ જાય. જે દારૂ-માંસ ખાતા હોય, વ્યસનોમાં ફસાયેલા હોય, વ્યભિચાર કરતા હોય, વિવિધ પ્રકારના જુગાર રમતા હોય તે બધા કુસંગ છે એ તો સમજાય. ખરાબ ચલચિત્રો, ખરાબ વિડિયો, અશ્લીલ સાહિત્ય પણ કુસંગ છે, તે પણ સમજાય. સાચો મુમુક્ષુ આવા કુસંગથી સહેજે જ દૂર રહેવાની ઇચ્છા રાખે અને દૂર રહેવા માટે પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ પણ કરે.

પરંતુ આજે કેટલાક બહારના એવા કુસંગીઓ છે કે તેમને ઓળખવા અત્યંત અઘરા છે. સિંહ, નાગ, વીંછી તો સામાન્ય માણસને પણ શત્રુ મનાય છે, તો તેનાથી છેટે રહેવાય.

પરંતુ એ બધા શત્રુઓ કરતાં મચ્છર વધારે ભયંકર છે, તેના કરતાં પણ

બૅક્ટેરિયા વધારે ભયંકર છે, અને તેના કરતાં પણ અનેકગણા મોટા ત્રાસવાદી કે આતંકવાદી જેવા શત્રુઓ તો વિવિધ પ્રકારના વાયરસ છે એવું કેટલા સમજી શકે કે માની શકે ? આપણે સૌ જાણીએ છીએ કે સિંહને લીધે જેટલા મનુષ્યો મર્યા હશે તેના કરતાં સાપથી વધારે, તેના કરતાં મચ્છરથી વધારે, તેના કરતાં બૅક્ટેરિયાથી વધારે અને વાયરસથી તો અનેકગણા વધારે માણસોનાં મોત નીપજે છે. જેમ જેમ શત્રુઓ સૂક્ષ્મ થતા જાય છે, તેમ તેમ તે વધારે ખતરનાક અને નુકસાનકારક હોવા છતાં તેને ઓળખવા વધુ ને વધુ કઠિન છે.

સિંહ જો સિંહના રૂપમાં આવે તો એનાથી દૂર ભગાય જ, પરંતુ સિંહ જ્યારે ગાયનું ચામડું ઓઢીને આવે ત્યારે એમાં ફસાઈ જવાય છે. રાવણ જો પોતાના અસલ રૂપમાં આવ્યો હોત તો સીતાજી ન ફસાત, પરંતુ રાવણ સાધુરૂપે આવ્યો એટલે જ સીતાજી એમાં ફસાઈ ગયાં. એવી જ રીતે ઉપલક દૃષ્ટિએ સાધુ, સજ્જન, સાત્ત્વિક, જ્ઞાની અને વિદ્વાન લાગતા હોય, પરંતુ શક્ય છે કે એ પણ ભયંકર કુસંગ હોઈ શકે.

એમાંથી કોઈક તો વળી, ભાગવત, રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદો જેવાં સત્‌શાસ્ત્રોના પુષ્કળ સંદર્ભોની સાથે સાથે તાર્કિક દલીલોથી ભરપૂર આધ્યાત્મિક પ્રવચનો કરતા હોય અથવા તો એવાં લેખો કે પુસ્તકો લખતા હોય, ત્યારે વિદ્વતાસભર પ્રવચનો સાંભળવાનું કે એમનાં લેખો અથવા પુસ્તકો વાંચવાનું ભલભલાને મન થાય, પરંતુ ક્યારેક એમાં ભયંકર જોખમ પણ હોઈ શકે છે. એનાથી આધ્યાત્મિક સાધનામાં પ્રગતિ થવાને બદલે અધોગતિ થાય. કારણ કે એનાથી ભગવાન અને સંતના હૃદ્‌ગત અભિપ્રાય અને સિદ્ધાંતથી ફંટાઈ જવાય. મંદિરો, ઉત્સવો, ભક્તિમાર્ગ તથા સાચા ગુણાતીત સંતની જીવનશૈલી અને સાચી સાધના-પદ્ધતિનાં યુક્તિપૂર્વક ખંડનથી જીવને કૅન્સર લાગુ પડી જાય. હૃદયમાં નાસ્તિકભાવનાં બીજ વવાય. વધારે પોષણ મળતાં તે સ્થૂળસ્વરૂપ ધારણ કરે. ભક્તિ અને ઉપાસનામાંથી ભ્રષ્ટ થવાય. ભગવાન અને સંતનાં સ્વરૂપ, વર્તન અને કાર્યમાં સંશય થાય. એમની પ્રવૃત્તિ ન ગમે એટલે કે એમનામાં મનુષ્યભાવ આવે. એમનામાં કોઈ પણ પ્રકારે મનુષ્યભાવ કે દોષ પરઠવાથી મુમુક્ષુ કદાચ નિર્દોષ હોય તોપણ એમાં કુટુંબે સહિત અધર્મ-સર્ગનો પ્રવેશ થાય છે અર્થાત્

સર્વે દોષો તેમાં આવે છે (**વચ. પ્ર.૨૪,૫૮,૭૩; સા.૧૮**). પૂર્ણિમાના ચંદ્ર જેવો હોય તોપણ તે અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે (**વચ. વર.૧૨**). એકાંતિક ધર્મમાંથી પડી જાય છે (**વચ. મ.૪૬**). વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું પુણ્ય બળી જાય અને પંચ મહાપાપ લાગે (**વચ. વર.૧૪**). એના જીવનો નાશ થઈ જાય છે (**વચ. વર.૧૧, અં.૧૨**). પછી એ કોઈ કાળે કલ્યાણના માર્ગે ચાલી શકતો નથી અને પરિણામે એનો કોઈ કાળે જન્મ-મરણના ચક્રમાંથી છૂટકો થતો જ નથી (**વચ. અં.૨૨**).

ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવવાથી સાધકનું આવું પતન થાય છે. આવા વિઘ્નકારક મનુષ્યભાવ આવવામાં ક્યારેક ઉપર જણાવ્યા પ્રમાણેનો કુસંગ નિમિત્ત બને છે. તેથી જ મન અને બુદ્ધિને ગમતા એવા વિચારોથી ભરપૂર આધ્યાત્મિક શાસ્ત્રો પરનાં પ્રવચનો કે લખાણોથી જીવનું રૂડું થવાને બદલે ભૂંડું થાય છે. શ્રીજીમહારાજ **વચ. વર.૧૨**માં કહે છે : "જેના હૃદયમાં એવો ભગવાનનો મહિમા સહિત દૃઢ નિશ્ચય ન હોય તેને નપુંસક જેવો જાણવો, તે એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નથી.... જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા, ભાગવત જેવા સદ્ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થતું. અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી એને જે કોઈ પીવે તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે."

એવી વાતો સાંભળવાથી જીવનું કલ્યાણ થવાને બદલે ભૂંડું થાય છે, એનું મૂળ કારણ એ છે કે એમની વાતોથી મોક્ષમાર્ગમાં અત્યંત ઉપયોગી એવી આજ્ઞા-ઉપાસનામાંથી પતન થઈ જાય છે. એનાથી ભગવાન, સંત અને એમનાં વચનો પ્રત્યે રહેલ આપણી આસ્થા અને શ્રદ્ધા તૂટી જાય, આપણો વિશ્વાસ ઊડી જાય. જો આવું થાય તો તો પછી *'મોક્ષમાર્ગે દીધાં કમાડ, કડી જડી બારણે...'*

તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

કા.૧૦ – "જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામી-સેવકભાવ ટળી જતો હોય, તો

તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો.''

લો.૬ – ''જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય અને તે ગ્રંથ શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય ને તે ગ્રંથ સુધા બુદ્ધિવાનના કરેલા હોય તોપણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા પણ નહિ.''

શ્રીજીમહારાજે અહીં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક વાત કરી છે. એ સૌ મુમુક્ષુઓના હિતની વાત છે. કેટલીક વાર પોતે બુદ્ધિશાળી, વિશાળ દૃષ્ટિવાળા, ધાર્મિક છતાં આધુનિક અને ક્રાંતિકારી વિચારવાળા છે એમ માનીને સારા દેખાવા માટે અથવા તો જિજ્ઞાસા માટે જેનાં-તેનાં પ્રવચનો સાંભળવાનો કે તેનાં લેખો કે પુસ્તકો વાંચવાનો શોખ હોય છે. આવો શોખ ક્યારેક જીવને માટે જોખમકારક નીવડે છે. મન અને બુદ્ધિને ગલગલિયાં કરાવનાર કેટલાંક પ્રવચનો, લેખો કે પુસ્તકો Sugar coated poison અર્થાત્ શર્કરા આચ્છાદિત ઝેર જેવાં હોય છે. પૉટેશિયમ સાઇનાઇડ નામના ભયંકર ઝેરને ચાખવા માટે પણ ન લેવાય. એમ કેટલુંક એવું સાહિત્ય હોય છે કે જે જાણવા માટે પણ સાંભળવું કે વિચારવું જોઈએ નહિ. જે મુમુક્ષુઓ પોતાના જીવના આત્યંતિક કલ્યાણની ઝંખના રાખે છે એના માટે આ વાત છે. જેમને પોતાના કલ્યાણનો સંકલ્પેય ન હોય, ફક્ત લૌકિક માન-મોટપ માટે જ પ્રયત્નશીલ હોય તેના માટે આવો કોઈ આગ્રહ નથી.

પોતાના આશ્રિતોના જીવના કલ્યાણ માટે જે કાંઈ વિઘ્નરૂપ છે તે વાંચે નહિ તે માટે શ્રીજીમહારાજે **વચ. મ.૧૯**માં કહ્યું છે : ''અમે શુષ્ક જ્ઞાનીનો મત જાણવા સારુ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું, તે શ્રવણમાત્રે કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો. કેમ જે, જે શુષ્ક વેદાંતશાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૈયામાં સમભાવ આવી જાય છે. એટલે અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે. અને તે શુષ્ક વેદાંતીના વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે. અને અમે તો કાંઈક પ્રયોજન સારુ શુષ્ક વેદાંતીની વાત સાંભળી હશે, તેણે કરીને પણ હવે અમારે શોક ઘણો થાય છે.'' એમ કહીને શ્રીજીમહારાજ સુધા ઉદાસ થઈ ગયા. પછી ઘણી વાર સુધી દલગીર થઈને

પછી પોતાને હાથે નેત્રમાંથી જળ લોઈને એમ બોલ્યા જે... "જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ નારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહિ, એવો લાવો એ કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલીએ."

શ્રીજીમહારાજના હૃદયમાં પોતાના આશ્રિતો પ્રત્યે કેવી અને કેટલી મમતા અને કરુણા છે ?!

નાનો બાળક જેમ વીંછી, સર્પ, અગ્નિ પકડવા જાય તો એના પ્રત્યે જેને મમતા છે એવી એની માતા સહન કરી શકે ? ગમે તેવું કામ પડતું મૂકીને દોડે અને બાળકને ઉઠાવી લે, બચાવી લે. એવી જ રીતે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પોતાનાં ચરિત્ર અને ઉપદેશ દ્વારા આપણને પતનના માર્ગમાંથી બચાવી લેવા ઈચ્છે છે. ભલે, આપણને ન સમજાય કે ન મનાય, પરંતુ શ્રીજીમહારાજનાં ઉપરોક્ત વચનોમાં અતિશય શ્રદ્ધા અને અતિ દૃઢ વિશ્વાસ રાખવાની જરૂરિયાત છે. મહારાજે **વચ. સા.૯**માં કહ્યું છે કે સંત અને પરમેશ્વરનાં વચનમાં જો અતિશય શ્રદ્ધા અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો જીવ દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય. એવી અતિશય શ્રદ્ધા અને એવો અતિ દૃઢ વિશ્વાસ આવાં વચનોમાં રાખવાથી જીવને સાચો લાભ થાય છે. જો આપણને એમનામાં અતિ દૃઢ વિશ્વાસ હોય અને જો આપણે આપણું આત્યંતિક કલ્યાણ કરવા ઈચ્છતા હોઈએ, તો જેનાથી આપણને ઉપાસના, ભક્તિ, ધર્મ આદિક સાધનામાર્ગમાં વિઘ્ન કે વિક્ષેપ થાય તેમ હોય તેવાં પ્રવચનો, લેખો કે પુસ્તકોથી હંમેશાં દૂર રહેવું જોઈએ. આમાં કંઈક જાણી લેવાની પણ લાલચ ન ચાલે અને કોઈની મહોબત પણ ન ચાલે.

વળી, શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં પણ કુસંગ ન કરવાનું જણાવે છે :

◆ ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનને ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો.

(શિક્ષાપત્રી, શ્લોક : ૨૭)

◆ જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. *(શિક્ષાપત્રી, શ્લોક : ૨૮)*

જેને પોતાના જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય,

ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવાનું તાન હોય તે ક્યારેય આવા પ્રકારના કુસંગમાં લેવાય જ નહિ, ફસાય જ નહિ. તે તો ગમે તેવાની મહોબત તોડીને બહાર નીકળી જ જાય.

ઉપરોક્ત બહારના કુસંગથી પોતાનું રક્ષણ થાય તે માટે ભગવાનને નિત્ય પ્રત્યે પ્રાર્થના કરવાનું મહારાજ **વચ. પ્ર.૪૮**માં કહે છે : "જે ભગવાનનો ભક્ત હોય તેને નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરીને ને સ્તુતિ કરીને ભગવાન પાસે એમ માગવું જે, હે મહારાજ ! હે સ્વામિન્ ! હે કૃપાસિંધો ! હે શરણાગતપ્રતિપાળક ! કુસંગી થકી મારી રક્ષા કરજ્યો.... માટે ભગવાનની પાસે માગવું જે, 'એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહિ."

૭.૩ સત્સંગમાં કુસંગ

● સત્સંગમાં રહેલ કુસંગની ઓળખાણ

સત્સંગમાં કુસંગ હોય ? આવો પ્રશ્ન આપણને સ્વાભાવિકપણે જ ઊઠે, કારણ કે શ્રીજીમહારાજ કહે છે કે ભગવાનના સંબંધમાં જે કોઈ આવે તે નિર્ગુણ થઈ જાય છે (**વચ. મ.૮,૧૩**). ભગવાનના સંબંધને પામેલ વૃક્ષાદિક પણ પરમપદના અધિકારી છે (**વચ. વર.૧૨**), તેથી તેને પણ દેવતુલ્ય જાણવાના છે, તો પછી જે મનુષ્ય ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય તેમને તો દેવતુલ્ય જાણવા જ જોઈએ (**વચ. કા.૯**). ભગવાનના ભક્તોને બ્રહ્મની મૂર્તિ માનવા (**વચ. મ.૬૩**), પરંતુ તેમને વિષે મનુષ્યભાવ ન પરઠવો (**વચ. લો.૧૮**).

જો આ સત્સંગમાં ભગવાનના સંબંધે કરીને ભગવાનના ભક્તોનો આવો મહિમા હોય તો પછી આવા આ દિવ્ય સત્સંગમાં કુસંગ ક્યાંથી હોઈ શકે ? વસ્તુતઃ આવા સત્સંગમાં પણ કુસંગ હોઈ શકે છે તેની વાત પણ શ્રીજીમહારાજે વચનામૃતોમાં કરી છે. કેટલાક આસુરી જીવો સત્સંગમાં આવે, ભગવાનના સંબંધમાં આવે, ભગવાનની ભક્તિ પણ કરે, છતાં તેમનો આસુરી ભાવ જતો નથી. આ વિષે મહારાજ નીચેનાં વચનામૃતોમાં સ્પષ્ટતા કરે છે :

પ્ર.૬૨ – "ભગવાન પાસે એક અમૃત લાવીએ અને શિંગડિયો વછનાગ લાવીએ અને દૂધપાક ને સાકર લાવીએ અને અફીણ લાવીએ અને

તે સર્વેને ભગવાનના થાળમાં ધરીએ તોપણ જેનો જેવો ગુણ હોય તેવો ને તેવો જ રહે પણ પલટાઈ જાય નહિ. તેમ જે જીવ આસુરી અને અતિ કુપાત્ર હોય તે ભગવાનને સમીપે આવે તોય પણ પોતાના સ્વભાવ મૂકે નહિ.''

મ.૪૪ – ''આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય પણ જેના કાળનેમી, રાવણ ને રાહુ હતા તે સરખો રહે પણ એને સંતનો સંગ લાગે નહિ.''

અં.૧૪ – ''આ સંસારને વિષે દૈવી ને આસુરી બે પ્રકારના જીવ છે. તેમાં આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તોપણ સત્સંગમાંથી વિમુખ જ થાય. જેમ મરચાંનું બીજ હોય ને લીંબડાનું બીજ હોય ને શિંગડિયા વછનાગનું બીજ હોય, તેને વાવીને નિત્ય સાકરનું પાણી સીંચ્યા કરીએ તોપણ મરચાં તે તીખાં જ થાય ને લીંબડો તે કડવો જ થાય ને શિંગડિયો વછનાગ તે ઝેર જ થાય. શા માટે જે, એનું બીજ ભૂંડું છે.''

આમ, સત્સંગમાં સાધુ વેષે કે હરિભક્તના રૂપમાં કોઈક આસુરી જીવ હોય અને તેનો જો સંગ થઈ જાય તો સાધકની સાધનામાં ખૂબ મોટો વિક્ષેપ થાય છે.

આપણે જાણીએ છીએ કે સાક્ષાત્ શ્રીજીમહારાજના યોગમાં આવેલા અલૈયાખાચર, જીવાખાચર, બૂઢો ધાધલ, નિર્વિકલ્પાનંદ, રોળાનંદ જેવા કેટલાય આ પ્રકારના કુસંગીઓ હતા કે જેમણે ઘણાનાં કલ્યાણમાં વિઘ્નો નાખ્યાં છે. શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી આવા કેટલાય આસુરી તત્ત્વોએ સત્સંગમાં રહેવા છતાં પોતાનો આસુરીભાવ પ્રદર્શિત કરીને ગુણાતીત સત્પુરુષોનો દ્રોહ કરવામાં બાકી રાખ્યું નથી. એવાના સંગે કેટલાય મુમુક્ષુ સંતો-હરિભક્તોએ પણ ગુણાતીત સત્પુરુષના દ્રોહમાં પડીને પોતાનું કલ્યાણ બગાડ્યું હોય અથવા પોતાની જ સાધનામાં વિઘ્ન નાખ્યું હોય એવા પણ કેટલાય પ્રસંગો બન્યા છે.

તેથી સત્સંગમાં રહેલાં આવાં આસુરી તત્ત્વોને ઓળખીને તેનાથી દૂર રહેવું જોઈએ. જો કે સત્સંગમાં રહેલા કુસંગને ઓળખવો ખૂબ જ કઠણ છે. કારણ કે શત્રુ જ્યારે શત્રુના રૂપમાં આવે ત્યારે તેને ઓળખીને દૂર રહેવાય, પણ તે જ્યારે મિત્રના રૂપમાં આવે તો તેને ઓળખવો અને તેનાથી દૂર રહેવું-બચવું ઘણું કઠિન છે. એમ કુસંગી જ્યારે કુસંગીના રૂપમાં આવે તો તો

તેને ઓળખી શકાય, પરંતુ જ્યારે તે સત્સંગમાં સંતો કે હરિભક્તોનાં રૂપમાં આવે તો તેને ઓળખવા અને તેમનાથી બચવું કઠણ છે.

પરંતુ આવા આસુરી જીવો દૈવી જીવોથી કેવી રીતે જુદા પડે છે અને તેમને કેવી રીતે ઓળખવા તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૧૪**માં કહે છે : "દૈવી જીવ હોય તેને કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને હોય, પછી સારા દેશ-કાળાદિકનો યોગ થાય તો થોડેક કાળે કરીને નાશ થઈ જાય. અને આસુરી જીવને જે કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે કોઈ કાળે નાશ થાય નહિ. અને તેને એક વાર જો કાંઈક કઠણ વચન કહ્યું હોય તો જીવે ત્યાં સુધી ભૂલે નહિ. અને તે આસુરી જીવ જો સત્સંગી થયો હોય તો સૌ કરતાં સરસ હરિભક્ત જણાય, પણ જેમ ભાલ દેશમાં મોરે સમુદ્ર હતો તે કાંપ જમાઈને મીઠી પૃથ્વી થઈ છે, તે જ્યાં સુધી કાંપ હોય ત્યાં સુધી જો ખોદીએ તો પાણી મીઠું નીસરે અને તેથી જો હેઠું ખોદીએ તો સમુદ્રના જેવું ખારું ઝેર પાણી નીસરે. તેમ આસુરી જીવ હોય તે હરિભક્ત થયો હોય ને એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ઘણો દ્રોહ કરે તોપણ મનમાં સંતોષ ન થાય."

ગુણાતીતાનંદ સ્વામી સત્સંગના કુસંગની ઓળખાણ આપતાં સમજાવે છે :

◆ "સત્સંગમાં કુસંગ છે તે બીજા બે કરતાં વધારે દુઃખ કરનાર છે, તે કંઠી, તિલક કરી સત્સંગી કહેવાતા હોય અને ત્યાગી પણ ભગવાં પહેરી થયા હોય અને જીવ આસુરી હોય, તે સારા સાધુ-હરિજનમાં ખટપટ કરાવે, ને મહારાજ ને બીજા અવતારમાં સમબુદ્ધિ કરાવે, ને એકાંતિક સંતનો દ્રોહ કરે ને કરાવે. એવા હોય તે સત્સંગમાં કુસંગ છે." *(૧૦/૧૦૬)*

◆ "સત્સંગમાં કુસંગ તે શું જે, મહારાજ અને અવતારાદિકને સરખા કહે તથા મોટા એકાંતિક અને સાધારણ સાધુને સરખા કહે તથા પ્રગટ સ્વરૂપમાંથી પાડે, તે સત્સંગમાં કુસંગ જાણવો." *(૮/૧૪૩)*

અહીં એ પણ સમજવું જરૂરી છે કે સત્સંગમાં જે કુસંગીઓ છે તે બધા જ આસુરી જીવો છે એવું નથી. કેટલાક દૈવી જીવ હોય, મુમુક્ષુ હોય, મોક્ષની સાધના કરતા હોય, છતાં એવું બને કે તેમના અંતરમાં મોળપ હોય. શ્રદ્ધા,

ધીરજ, હિંમત, આત્મવિશ્વાસ તથા ભગવાન અને સંતના માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયમાં કે તેમના વિષે અસાધારણ પ્રીતિમાં કચાશ હોવાથી તથા આળસ, પ્રમાદ, ગાફલાઈ અને બેદરકારીને લીધે સતત અને સખત પુરુષાર્થ કરી શકતા ન હોવાથી યથાર્થ વર્તી શકતા ન હોય, પોતાનામાં રહેલ સ્વભાવો અને વાસના ન ટળ્યાં હોય, તેથી તેમના મનમાં મોળા વિચારો આવે. પછી તેઓ બીજાને પણ પોતાના મોળા વિચારો કહે.

કોઈક દર્દી પોતાને થયેલ રોગ ટાળવા માટે ડૉક્ટરના કહ્યા પ્રમાણે રોગ ટાળવા માટે જે દવા લેવી આવશ્યક હોય તે દવા ન લે ને એ સિવાય પોતાની મેળે બીજી દવા લીધા કરે તો રોગ મટે નહિ. ક્યારેક તો બિનજરૂરી દવા લીધા કરે તો શક્ય છે કે શરીરમાં બીજી વિકૃતિ પણ આવે. હવે કદાચ જે દવા જરૂરી હોય તે જ દવા લે, પરંતુ સંપૂર્ણ રોગ ટાળવા માટે જેટલા સમય સુધી દવા લેવી જોઈએ તેટલા સમય સુધી દવા ન લે અને શ્રદ્ધા રહિત થઈને દવા લેવાનું છોડી દે તોપણ રોગ ન મટે. પોતાની ભૂલને લીધે જ રોગ મટતો નથી, પરંતુ પછી વાંક ડૉક્ટરનો કે દવાનો કાઢે અને બીજાને એવી વાત કરે કે એ ડૉક્ટરમાં અને એણે આપેલી દવામાં કાંઈ બરકત નથી. એનાથી રોગ મટતો જ નથી. આ રીતે બીજાને પણ એ ડૉક્ટર પાસે જતાં, એની દવા લેતાં રોકે.

આવી જ હકીકત સત્સંગમાં પણ બને છે. કોઈક સાધક સ્વભાવ, દોષો કે પંચ વિષયો પ્રત્યેની વાસના ટાળવા માટે ભગવાન અને ગુણાતીત સંત જે ઉપાય બતાવે તે ન અજમાવે અને પોતાની રીતે મનધાર્યાં સાધનો કરે તો સ્વાભાવિક છે કે તેની કસર ન ટળે. કદાચ તે આજ્ઞા પ્રમાણે જ સાધનો કરે, પરંતુ જેટલા સમય સુધી સાધનો કરવા આવશ્યક હોય તેટલા સમય સુધી ન કરે અને શ્રદ્ધા તથા ધીરજ ગુમાવીને સાધના કરવાનું માંડી વાળે અથવા તો યોગ્ય રીતે ન કરે તોપણ તેની કસર ન ટળે. આમ, પોતાની ભૂલને લીધે જ પોતાની કસર ટળતી ન હોય અને પછી ભગવાન, સંતનો, અને એમણે દર્શાવેલા સાધનામાર્ગનો વાંક કાઢે. અને બીજાને પણ એવી મોળી વાત કરે કે અહીં કાંઈ થાય એવું નથી.

આવી મોળી વાત કરનાર પણ એક પ્રકારનો કુસંગ જ છે. આ પ્રકારના પણ કુસંગીઓ સત્સંગમાં હોઈ શકે છે.

આવા કુસંગીઓની ઓળખાણ તેમની વાતો પરથી ખબર પડે છે.

આવા કુસંગની ઓળખાણ આપીને તેમનાથી દૂર રહેવાનું સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. પ્ર.૧૭**માં કહે છે : "આપણા સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, સર્વ પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વ સત્સંગીમાં પ્રવર્તે. તે સત્સંગમાં કુસંગ તે શું છે ? તો જે, 'વાતના કરનારા હિમત્ય વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે ? તો એમ કહે છે જે, 'ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? અને વર્તમાનધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ, અને ભગવાન તો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે,' અને વળી, એમ વાત કરે છે જે, 'ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે.' એવી રીતની મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઈત્યાદિ જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન તેમાંથી બીજાને મોળા પાડે છે. માટે હવે આજ દિનથી આપણા સત્સંગમાં કોઈ પણ એવી હિમત્ય રહિત વાત કરશો નહિ, સદા હિમત્ય સહિત જ વાત કરજ્યો. અને જે એવી હિમત્ય રહિત વાત કરે તેને તો નપુંસક જાણવો. અને એવી હિમત્ય વિનાની વાત જે દિવસ થઈ જાય તો તે દિવસ ઉપવાસ કરવો."

શ્રીજીમહારાજને પોતાના આશ્રિતના કલ્યાણની કેવી ખેવના છે ? મોટેરા પરમહંસોને બોલાવીને સત્સંગમાં પ્રવર્તતા કુસંગને કાઢવાની વાત કરે છે. કારણ કે સત્સંગનો કુસંગ જીવનું ભૂંડું કરે છે. તે સાધનામાર્ગમાં પ્રગતિ કરતા સાધકની ગતિ મંદ કરી દે, અટકાવી દે અથવા તો પથભ્રષ્ટ કરે. સત્સંગમાં કુસંગથી ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે, એમને વિષેનું જોડાણ તૂટે અથવા તો ઢીલું પડી જાય. એમની આજ્ઞા પાળવાની તત્પરતા ન રહે. ધીરે ધીરે આજ્ઞાપાલનમાં ભંગ પણ થાય. સેવા-ભક્તિ કરવાનું પણ મન ન થાય.

ક્યારેક સાધકના અંતરમાં થોડીક મોળપ હોય, એને પણ સાધનામાર્ગ કઠિન લાગતો હોય, ક્યારેક ભગવાન અને સંતમાં મનુષ્યભાવના સંકલ્પો થતા હોય, બીજાના અવગુણ પણ આવતા હોય એવું બને. આવા સમયે જો સત્સંગના કુસંગનો ભેટો થાય તો તેના સંગે આ બધાંનું પોષણ થાય. કુસંગીના અનુભવ જેવો જ અનુભવ આ સાધકને પણ થયો હોય. એટલે

બન્નેનો અનુભવ એક સરખો થવાથી કુસંગીના વચનમાં વિશ્વાસ આવી જાય. એક વખત એના વચનમાં વિશ્વાસ આવી જાય પછી ખલાસ. ધર્માદિક બધા ગુણો જતા રહે અને અનેક દુર્ગુણોનો પ્રવેશ થાય, એનાં મોટાં વૃક્ષો બને. **(વચ. સા.૧૮)** આ રીતે આધ્યાત્મિક સાધનામાંથી એનું પતન થાય. તેથી મહારાજ આ વચનામૃતમાં સત્સંગમાં પ્રવર્તતા કુસંગને દૂર કરીને મુમુક્ષુનું કલ્યાણ બગડતું અટકાવે છે.

આ વચનામૃતના અંતિમ શબ્દોમાં તો મોળી વાત કરનારને નપુંસક કહીને સત્સંગના કુસંગ પ્રત્યે પોતાનો અણગમો પ્રદર્શિત કરે છે અને હિંમત રહિત વાત કરનારને ઉપવાસ કરી લેવાની વાત કરીને મુમુક્ષુને જાગ્રત કરે છે કે પોતે તો એવી વાત કરવી જ નહિ, પરંતુ બીજા પાસેથી પણ સાંભળવી નહિ.

• સત્સંગમાં સંગશુદ્ધિ

સત્સંગમાં રહેલા કુસંગનો યોગ રાખે તો સાધકના જીવનું જરૂર ભૂંડું થાય છે. તેથી જ તો શ્રીજીમહારાજે **વચ. લો.૬**માં સત્સંગમાં આવ્યા પછી સંગશુદ્ધિની અદ્‌ભુત વાતો કરી છે.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતે જ કેટલાક પ્રશ્નો પૂછીને પોતે જ ઉત્તર આપીને કોના સંગનો ત્યાગ કરવો, કોની વાત ન સાંભળવી, કોની સાથે આસન ન કરવું વગેરે બાબતોનું માર્ગદર્શન આપ્યું છે. જેમકે,

પ્રશ્ન – ''કેવી જાતનો સત્સંગી અથવા પરમહંસ હોય અને ધર્મમાં સંપૂર્ણ રહેતો હોય ને તેને પાસે બેસીએ ને વાત સાંભળીએ તો દોષ લાગે ?''

ઉત્તર – ''જેને ભગવાનનો નિશ્ચય હોય ને ધર્મમાં પણ પોતે રહેતો હોય તોપણ જો તેને વ્યવહારમાં આસક્તિ હોય તથા દેહાભિમાન હોય તથા માન હોય ને તેને ભગવાન તથા સંત તે ખોદે તો તે ભગવાનનો ને સંતનો અવગુણ જરૂર લે. પછી બીજાને આગળ પણ ભગવાનના તથા સંતના અવગુણની વાત કરીને તેને વિમુખ જેવો કરે. એવો જે હોય તેનો કોઈ રીતે સંબંધ ન રાખવો અને રાખે તો ભૂંડું થાય.''

પ્રશ્ન – ''કેવો સાધુ હોય ને તે ધર્મમાં રહેતો હોય ને નિશ્ચય પણ હોય તોપણ તેને ભેળે ના'વા જવું નહિ ને પાસે પથારી કરવી નહિ ને તેની વાત પણ ન સાંભળવી ?''

ઉત્તર – "જે સંત હિંમત રહિત વાત કરતો હોય જે, 'શું એક જન્મે કરીને નિષ્કામાદિક ગુણ આવે છે ? એ તો ભગવાન કૃપા કરે તો આવે, નહિ તો અનેક જન્મે કરીને કલ્યાણ થાય. પણ આ જ દેહે કરીને શું કલ્યાણ થાય છે ?' એવી રીતે જે હિંમત રહિત વાત કરતો હોય તેના સંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો."

પ્રશ્ન – "કેવો સાધુ હિંમત સહિત વાત કરતો હોય તોપણ તેનો ત્યાગ કરવો ?"

ઉત્તર – "જે સંત કેવળ પોતાના પુરુષાર્થને જ અધિક કહેતો હોય અને પુરુષાર્થે કરીને જ પોતાને કૃતાર્થ માનતો હોય પણ ભગવાનનું બળ ન રાખે અને એમ ન સમજે જે, 'આ સાધને કરીને ભગવાનને રાજી કરવા છે,' તો તેનો પણ ત્યાગ કરવો."

પ્રશ્ન – જે સંતમાં બધા ગુણો સારા મોટા મોટા ભક્તિ-જ્ઞાનાદિક હોય પણ તેમાં એક એવો કયો ભૂંડો દોષ હોય જેણે કરીને તેનો સંગ ન કરીએ ?"

ઉત્તર – "જેને આળસ બહુ હોય ને નિદ્રા બહુ હોય ને સ્નાન-ધ્યાનાદિક જે નિયમ તેને પાળવાનું કોઈક કહે તો કહે, 'હમણાં કરીશું, શી ઉતાવળ છે, ધીરે ધીરે થશે ?' એમ બોલે, તે સુધો સારો હોય તોપણ તેનો સંગ ન કરવો."

પ્રશ્ન – "સુધી સારી વાત કરતો હોય પણ તેની વાત ન સાંભળીએ એવો એની વાણીમાં શો દોષ જાણવો ?"

ઉત્તર – "વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તેની જ અહંકારે કરીને પોતે સરસાઈ દેખાડે ને બીજા સંતમાં જે જ્ઞાન, ભક્તિ આદિક જે ગુણ તેની કાંઈક ન્યૂનતા દેખાડે, એવો જેની વાણીમાં દોષ હોય તેની વાત ન સાંભળવી."

આ પ્રશ્નોત્તરમાં સંગશુદ્ધિની કેવી અને કેટલી સૂક્ષ્મ મીમાંસા જોવા મળે છે !! વળી, રામચંદ્રજીએ સીતાજીને વનવાસ દીધો છતાં સીતાજીને એમનો અવગુણ ન આવ્યો તે વિગત સમજાવીને પછી શ્રીજીમહારાજ **વચ. અં.૧૧**માં એક પ્રશ્ન પૂછે છે : "એવી રીતે જે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહિ અને વૈરાગ્ય ને ધર્મ તે તો સામાન્યપણે હોય; એક હરિભક્ત તો એવો છે. અને બીજો હરિભક્ત છે તેને તો વૈરાગ્ય ને ધર્મ તો

અતિ આકરા છે પણ સીતાજીના જેવી સમજણ નથી. એ બે પ્રકારના હરિભક્ત છે, તેમાં કયા સંગાથે અતિશય પ્રીતિ રાખીને સોબત કરવી ?"

આ પ્રશ્નનો ઉત્તર આપતાં ચૈતન્યાનંદ સ્વામી કહે છે : "ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તોપણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિ કરીને સમાગમ કરવો, પણ અતિશય વૈરાગ્ય ને ધર્મવાળો હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહિ." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "યથાર્થ ઉત્તર થયો."

ઉપરોક્ત પ્રશ્નોત્તર વાંચીને વિચારીએ તો ખ્યાલ આવશે કે સત્સંગમાં કુસંગ કેવા પ્રકારનો હોય છે.

સત્સંગમાં રહેલ અને સામાન્ય રીતે ન ઓળખી શકાય એવા કુસંગ વિષે મહારાજ વચ. પ્ર.૯માં કહે છે : "શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય અને તેની ભક્તિ કરતો હોય અને તેનાં દર્શન કરતો હોય, તોપણ જે પોતાને પૂર્ણકામ ન માને અને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે જે, 'ગોલોક-વૈકુંઠાદિક ધામને વિષે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે તે મને જ્યાં સુધી દેખાયું નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી.' એવું જેને અજ્ઞાન હોય, તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી."

પરોક્ષ ભગવાન જેવી જેને પ્રત્યક્ષ ભગવાનમાં પૂર્ણ પ્રતીતિ ન હોય અને એનાથી જ પોતાનું પૂર્ણકામપણું ન મનાય તો એના મુખ થકી ભગવાનની વાત પણ ન સાંભળવાની મહારાજ અહીં ના પાડે છે. આ કેવો સૂક્ષ્મ અને ન દેખાય તથા ન મનાય એવો કુસંગ છે ? આવો કુસંગ કોને ઓળખાય ? જગતની વાતો કરનાર ભગવાન અને સંતના મનુષ્યભાવની વાતો કરનાર તથા ભક્તોના અભાવ-અવગુણની વાતો કરનાર, મોળી વાત કરનાર કે સેવા-ભક્તિ અને નિયમ-ધર્મમાંથી પાછો પાડનાર કુસંગ છે એ તો મનાય; પરંતુ આ વચનામૃતમાં જેની ઓળખાણ મહારાજે કરાવી છે તે કુસંગ છે એવું તો આપણને ન તો સમજાય કે ન તો મનાય. એના મુખેથી રસપ્રદ ભગવાનની વાતો સાંભળવાનું મન થાય, પરંતુ એને લીધે પ્રગટ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા ન થાય. પરિણામે, ભગવાનની ઉપાસનામાં ખામી આવી જાય. જો ઉપાસનામાં ખામી હોય તો તો જીવનું આત્યંતિક કલ્યાણ થાય જ નહિ. તેથી મહારાજ અહીં જેને પ્રગટ ભગવાનમાં પૂર્ણ પ્રતીતિ નથી, એમનો

યથાર્થ મહિમા નથી, એની વાતો સાંભળવાની ના પાડે છે.

શ્રીજીમહારાજે આપેલ આ માર્ગદર્શન અનુસાર સત્સંગમાં રહેલ કુસંગથી છેટે રહીએ તો જ જીવનું ભૂંડું થતું અટકે અને સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે.

● સત્સંગમાં રહેલા કુસંગથી નુકસાન

સત્સંગમાં રહેલ કુસંગથી સાધકની સાધનામાં ઘણાં વિઘ્નો આવે છે. મુખ્યત્વે તો આવા કુસંગના યોગથી જે કરવાનું છે તે ન થાય અને જે નથી કરવાનું તે થાય, ભગવાન અને સંતનાં સ્વરૂપમાં સંશય થાય, એમનામાં મનુષ્યભાવ આવે, સંતો-ભક્તોના અભાવ-અવગુણમાં ઊતરી જવાય, ખટપટમાં પડી જવાય, ભગવાન અને સંતની આજ્ઞા પાળવામાં કચાશ રહે, તેમની પ્રસન્નતાનાં સાધનો આત્મસાત્ કરવામાં પણ ઢીલાશ આવી જાય, હિંમત, ધીરજ, શ્રદ્ધા જેવા આવશ્યક સદ્ગુણોથી રહિત થઈ જવાય, જીવનમાં આળસ-પ્રમાદ જેવા દુર્ગુણોનો પ્રવેશ થાય, પરિણામે સાધક સાધનાના માર્ગે યથાર્થપણે ચાલી ન શકે, ગતિ મંદ થઈ જાય અથવા તો સાધના-પથથી ભ્રષ્ટ થઈ જાય.

ગુણાતીતાનંદ સ્વામી સંગભેદથી પરિણામમાં ભેદ સમજાવીને સત્સંગમાં રહેલા કુસંગથી કેવું પરિણામ આવે છે તે સમજાવતાં કહે છે :

◆ "જેવા સાધુને સેવે તેવા ગુણ આવે, તે મુમુક્ષુ હોય તે પણ ઘટી જાય ને પામર હોય તે વધી જાય. માટે સર્વેનું કારણ સંગ છે." *(૧/૭)*

◆ "ઇન્દ્રિયારામ ને અર્થારામની જોડે આસન કરે તો ગમે તેવો હોય તેનું પણ ઠેકાણું ન રહે." *(૨/૧૩)*

◆ "તે ઊતરતાને સંગે ઊતરતો ઊતરતો ઊતરી જાય. *(૨/૧૮)*

◆ "સંગ તો કેવો છે, તો એને લોભાદિક દોષ ન મૂકવા હોય તોપણ મુકાઈ જાય. ને જો દોષ મૂકવા હોય તોપણ જો ઊતરતો સંગ થઈ જાય તો મૂળગા દોષ વધી જાય, એમ સંગમાં રહ્યું છે." *(૨/૧૭૫)*

◆ "એક તો સો જન્મે એકાંતિક થવાનો હોય ને આ જન્મે થાય, ને આ જન્મે એકાંતિક થવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડે.... એમ સંગમાં ભેદ રહ્યો છે." *(૨/૧૭૮, ૪/૧૨૮)*

◆ "પૂર્વનો સંસ્કાર હોય પણ ઊતરતો સંગ મળે તો સંસ્કાર ટળી જાય ને સો જન્મે સારો થવાનો હોય તેને રૂડો સંગ મળે તો તરત સારો થઈ જાય." (૫/૩૯)

◆ "સત્સંગમાં કુસંગનો જોગ થાય ને બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાખે ને સત્સંગમાં સારાનો જોગ થાય તો દેહરૂપ હોય તેને બ્રહ્મરૂપ કરે." (૫/૩૧૩)

◆ "સત્સંગમાં કુસંગ છે તે એનું ભૂંડું કરી નાખે છે માટે તે ઓળખવો." (૫/૩૪૮)

◆ "બોટાદના શિવલાલ શેઠને એવા નરસા અને ઊતરતા સંતો-હરિભક્તોનો સંગ થયો, પરિણામે તેમને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે ભાવફેર થયો. તે અનુસંધાનમાં ગુણાતીતાનંદ સ્વામીએ એમને કહ્યું : "તારા મનમાં એમ જાણે છે જે, મેં ગઢડામાં મૂર્તિ પધરાવી ને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા એ કામ બહુ મોટું કર્યું, પણ તારા જીવ સામું જોઉં છું ત્યાં તો અરધો સત્સંગ રહ્યો છે." ત્યારે હાથ જોડીને કહ્યું જે, "હા મહારાજ." પછી સ્વામી બોલ્યા જે, "આવા સાધુને મૂકીને જે જે સુખ ઇચ્છવું તે તો જેમ એક દિવસ ગાયનું વાછરું છૂટીને ગૌશાળાએ ગયું ને જાણે જે દૂધનું સુખ લઉં. પછી તો ત્યાં પોઠિયા ઊતરેલ. તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુઓ ખાય. તે પાટુ ખાઈ ખાઈને મોઢું તો સૂજી ગયું, પણ દૂધનું સુખ આવ્યું નહિ, પછી પોતાની મા આવી તોય ધાવવા સમર્થ ન થયું. તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય, તે તો પાટુઓ ખાધા જેવું છે. કેમ જે, આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય; જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ." એમ કહીને બોલ્યા જે, "આમ ને આમ બે મહિના સુધી વાતું કરીશ ત્યારે મોરે ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે, એવો સ્થૂળભાવ આવી ગયો છે." (૩/૨૧)

કુસંગથી થતી અસર જણાવીને એનાથી દૂર રહેવાની શીખ આપતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "કુસંગથી શું થાય ? આપણને એકાંતિક ધર્મમાંથી પાડી દે, ધર્મની અંદર શિથિલતા લાવે. માટે જેણે કરીને આપણાં ધર્મ-નિયમ, આજ્ઞા-ઉપાસના, મહિમા ને સેવામાં ઘસારો આવતો હોય તેની વાત સાંભળવી નહિ ને તેની પાસે બેસવું પણ નહિ. તો આપણો સત્સંગ દૃઢ

રહે, નહિ તો ઘસારો આવી જ જાય, ઘરનું ગોપીચંદન પણ જાય. જે કાંઈ બે સારા ગુણ હોય એ પણ ચાલ્યા જાય ને બીજાનો અભાવ આવે."

આ રીતે સત્સંગમાં રહેલ કુસંગના યોગથી થતા નુકસાનનો વિચાર કરીને તેનાથી દૂર રહેવું જોઈએ. જેને પોતાના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય, ખરેખર અંતરમાં ભગવાન અને સંતને રાજી કરવાનો ઈશક હોય તે કદાપિ સત્સંગના કુસંગનો અર્થાત્ ઊતરતાનો સંગ કરે જ નહિ.

૭.૪ અંતર(ઇન્દ્રિયો-અંતઃકરણ)નો કુસંગ

ઉપરોક્ત બંને પ્રકારના કુસંગ કરતાં આ અંતરનો કુસંગ બહુ ભારે છે. બહારનો કુસંગ અને સત્સંગનો કુસંગ તો સ્થૂળ છે, જ્યારે અંતરનો કુસંગ સૂક્ષ્મ છે. તેથી તેને ઓળખવો અને તેનાથી બચવું અત્યંત મુશ્કેલ કાર્ય છે.

આ અંતરના કુસંગમાં ઇન્દ્રિયો અને અંતઃકરણનો સંયુક્ત કુસંગ છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "ઇન્દ્રિયું, અંતઃકરણ એ સર્વે કુસંગી છે." *(૧/૧૦)*

આ બંને એકબીજાના સહયોગથી કાર્યરત છે. અંતઃકરણના સહયોગ વગર ફક્ત ઇન્દ્રિયો કંઈ કરી શકતી નથી અને અંતઃકરણ પણ ઇન્દ્રિયોના સહયોગ વગર બાહ્યવિષયોનો સંપર્ક સાધી શકે તેમ નથી. તેથી અંતરના કુસંગમાં આ બંનેનો ફાળો છે. તેમ છતાં એમાં સૌથી વધુ ફાળો મન અને બુદ્ધિનો છે. અંતરના કુસંગમાં આ બંને અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

પંચ જ્ઞાનેન્દ્રિયો(શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ), પંચ કર્મેન્દ્રિયો (વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ) તથા ચાર અંતઃકરણ(મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર)નાં લક્ષણો **વચ. પ્ર.૧૨**માં જણાવ્યાં છે. મુખ્યત્વે તો પોત-પોતાના વિષય કે કાર્યમાં પ્રવૃત્ત રહેવું એ જ એનું લક્ષણ છે. આ ઇન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા શાસ્ત્રનિષિદ્ધ એવી અયોગ્ય, અશુભ કે ભૂંડી ક્રિયા થવી એ જ એનો કુસંગ છે.

ગુણાતીતાનંદ સ્વામી અંતરના કુસંગ વિષે કહે છે :

◆ "અંતઃકરણનો કુસંગ તે શું જે, સંકલ્પ કર્યા વિના રહેવાય નહિ ને સાંભળ્યા કે જોયા વિના રહેવાય નહિ." *(૮/૧૪૩)*

◆ "ગૃહસ્થને પરસ્ત્રીનો ઘાટ થયો તે અંતરનો કુસંગ કહેવાય. ને

ત્યાગીને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ છે, તેમાં ભંગ થાવાના મનમાં સંકલ્પ થાય તે અંતરનો કુસંગ. તેમ જ અંતરમાં ભગવાન ને સંત વિષે મન કુતર્ક કરે ને એકાંતિકને વિષે ને સાધારણને વિષે સમભાવ કરાવે તે અંતરનો કુસંગ છે." *(૧૦/૧૦૬)*

સામાન્યતઃ ઇન્દ્રિયો-અંતઃકરણના કુસંગના અર્થાત્ એમના દ્વારા થતી અયોગ્ય ક્રિયામાં મુખ્યત્વે નીચેની ચાર બાબતોનો સમાવેશ થાય છે :

(i) પંચ વિષયની કામના, તૃષ્ણા, આસક્તિ કે વાસના

(ii) કામ, ક્રોધાદિક સ્વભાવો, વિકારો કે દોષો

(iii) સંબંધવાળા સંતો-ભક્તોનો અભાવ-અવગુણ

(iv) ભગવાન અને ગુણાતીત સંતનો મનુષ્યભાવ

હવે આપણે ઇન્દ્રિયો-અંતઃકરણના કુસંગમાં આ ચારેય બાબતોનો ક્રમશઃ વિચાર કરીશું.

૭.૪.૧ પંચ વિષયની કામના, તૃષ્ણા, આસક્તિ કે વાસના

જીવ પંચ વિષય ભોગવવાની ઇચ્છા કરે છે અને ભોગવે છે તેના માટે વપરાતા આ શબ્દો પ્રાયઃ એક જ અર્થમાં વપરાય છે. તેમ છતાં તેના અર્થોમાં સૂક્ષ્મ ભેદ છે. જેમ કે,

કામના : પંચ વિષય મેળવવાની અને ભોગવવાની ઇચ્છા.

તૃષ્ણા : જરૂરિયાતથી વધારે મેળવવાની અને ભોગવવાની ઇચ્છા વધે ત્યારે તેને 'તૃષ્ણા' કહેવામાં આવે છે. આ સ્થિતિમાં જીવને કોઈ પ્રકારે સંતોષ થતો જ નથી. તેને વધુ ને વધુ મેળવવાની અને ભોગવવાની ઇચ્છા રહ્યા કરે છે.

આસક્તિ : કામના કે તૃષ્ણા જ્યારે અતિશય તીવ્ર બને છે ત્યારે તેને આસક્તિ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં જીવ વિષયમય થઈ જાય છે, તે મેળવ્યા વગર કે ભોગવ્યા વગર ક્ષણમાત્ર રહી શકતો નથી. સતત વિષય-ભોગનું જ ચિંતવન રહ્યા કરે છે.

વાસના : આસક્તિના મૂળ કારણરૂપે વાસના છે. પૂર્વે અર્થાત્ આ જન્મમાં કે પૂર્વજન્મમાં જે વિષયો અહંતા-મમતા અને કામના સહિત ભોગવ્યા છે તેના સંસ્કારો જીવના કારણદેહ સાથે ચોંટે છે. તે જ્યારે

પરિપક્વ અવસ્થાને પામે છે ત્યારે તે વાસનાનું રૂપ ધારણ કરે છે. (**વચ. અં.૨૦**). જીવમાં રહેલ આ વાસના જ વિષયભોગની આસક્તિ, તૃષ્ણા કે કામના રૂપે અભિવ્યક્ત થાય છે. તેથી શ્રીજીમહારાજ વિષય ભોગવવાની ઈચ્છાને પણ વાસના કહે છે (**વચ. પ્ર.૧૧**).

શાસ્ત્રોમાં આ શબ્દો ક્યારેક એકબીજાના પર્યાયરૂપે એક જ અર્થમાં તો ક્યારેક ઉપરોક્ત અર્થનાં સૂક્ષ્મ ભેદ સાથે વપરાયેલ હોય છે. વસ્તુતઃ તો તે સર્વ શબ્દોનું મુખ્ય તાત્પર્ય તો પંચ વિષય ભોગવવાની ઈચ્છા કે ઝંખના જ છે.

વસ્તુતઃ જીવ પોતે તો સ્વરૂપ સ્વભાવે કરીને શુદ્ધ (**વચ. સા.૧, કા.૮, લો.૧૦, પં.૩**), ગુણાતીત (**વચ. સા.૯**) અને સચ્ચિદાનંદરૂપ છે (**વચ. પ્ર.૭૩**). તેમ છતાં તે અનાદિ કાળથી અનાદિ માયા, અવિદ્યા કે અજ્ઞાનરૂપ કારણ દેહથી વેષ્ટિત છે (**વચ. સા.૧૧, કા.૧૨, મ.૬૬, વર.૬**).

આ માયિક કારણ દેહ જ માયિક સૂક્ષ્મ અને સ્થૂળ દેહરૂપે થાય છે (**વચ. કા.૧૨**). સૂક્ષ્મ દેહ અંતર્ગત ઈન્દ્રિયો અને અંતઃકરણ રાજસ અને સાત્ત્વિક અહંકારમાંથી ઉત્પન્ન થાય છે (**વચ. પ્ર.૧૨,૫૧; વર.૫**). અર્થાત્ માયાનું કાર્ય હોવાથી તે સર્વે માયિક છે (**વચ. પ્ર.૫૧; કા.૧**). આમ, ઈન્દ્રિયો-અંતઃકરણ માયિક હોવાને લીધે માયિક પંચ વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) પ્રત્યે તેમનું આકર્ષણ સાહજિક છે. સહેજે જ તેઓ માયિક વિષયો તરફ દોડે છે. અંતઃકરણમાં માયિક વિષયો ભોગવવાની કામના, તૃષ્ણા, આસક્તિ અને વાસના રહ્યા કરે છે, એના જ ઘાટ-સંકલ્પો થયા કરે છે.

જીવની આ વાસ્તવિકતાનું વર્ણન કરતાં ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં કહે છે : ''જીવમાત્રને ખાવું, સ્ત્રી ને ધન એ ત્રણનું જ ચિંતવન છે ને એનું મનન ને એની જ કથા ને એનું જ કીર્તન ને એની જ વાતું ને એનું જ ધ્યાન છે. ને તેમાં દ્રવ્યનું તો એક મનુષ્ય જાતિમાં જ છે. બાકી ખાવું ને સ્ત્રી એ બેનું તો જીવમાત્રને ચિંતવન છે, કેમ જે, ભગવાનની માયાનો ફેર ચડાવી મૂક્યો છે. ને એનું ચિંતવન ન થાય એ તો દેવનો પણ દેવ છે, એ મનુષ્ય નથી. ને ખાવું, સ્ત્રી ને ઊંઘવું એ ત્રણ વાતમાં ગુરુ કરવા પડતા નથી. નદીયુંના પ્રવાહ સમુદ્ર સન્મુખ ચાલે છે, એમ જીવને વિષય સન્મુખ ચાલવાનો ઢાળ છે'' *(૧/૪૩)*

વિષયો તરફના સાહજિક ઢાળને લીધે વિષય-ભોગના ઘાટ-સંકલ્પો જ્યારે પ્રબળ બને છે ત્યારે અંતઃકરણ ઇન્દ્રિયોને જે તે વિષય ભોગવવા માટે ધક્કો મારે છે અર્થાત્ પ્રેરિત કરે છે. તેથી ઇન્દ્રિયો જે તે વિષયો મેળવવા તત્પર બને છે, મેળવે છે અને ભોગવે છે. કોઈક વખત ઇન્દ્રિયો જ્યારે વિષયના સંપર્કમાં આવે છે, ત્યારે તે સાહજિકપણે વિષયો ભોગવવા માટે ઉત્તેજિત થાય છે, તે તરફ દોટ મૂકે છે. વિષયો તરફની જીવની ઇન્દ્રિયોની આવી ઉત્તેજના વિષે ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "જ્યારે શબ્દ સંભળાય ત્યારે ઝડપ કાન દે, રસ આવે ત્યાં તરત દોડી પૂગે, રૂપ આવે તો ઝડપ જોઈ લે, સ્પર્શ આવે કે ઝડપ ત્વચા સ્પર્શ કરી લે, ને ગંધ આવે કે ઝડપ નાસિકાએ સૂંઘી લે, એમ પંચ વિષયમાં ઝડપું નાખે છે." *(૬/૨૧૪)*

ઇન્દ્રિયો વિષય તરફ આકર્ષાય છે પછી તે અંતઃકરણને પણ એ વિષય તરફ ખેંચી જાય છે. શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં કહે છે :

◆ "હે કૌન્તેય ! ઇન્દ્રિયો એવી મંથન કરનારી છે કે નિગ્રહનો પ્રયત્ન કરતા વિદ્વાન પુરુષના મનને પણ તેઓ બળાત્કારે (વિષયો તરફ) ખેંચે છે." *(ગીતા : ૨/૬૦)*

◆ "ભટકતી ઇન્દ્રિયોમાંની જે ઇન્દ્રિયને મન અનુસરે છે તે ઇન્દ્રિય આ પુરુષની બુદ્ધિને જેમ વાયુ જળમાં નાવને ખેંચી જાય, તેમ ખેંચી જાય છે." *(ગીતા : ૨/૬૭)*

આ રીતે ઇન્દ્રિયો-અંતઃકરણ દ્વારા અભિવ્યક્ત થતી માયિક પંચ વિષયો ભોગવવાની કામના, તૃષ્ણા, આસક્તિ કે વાસના એ એક પ્રકારનો આંતરિક કુસંગ છે. આ કુસંગથી સાધકની સાધનામાં ઘણો વિક્ષેપ થાય છે, ઘણું નુકસાન થાય છે.

● વિષયો પ્રત્યેની આસક્તિ કે વાસનાથી નુકસાન

(૧) અંતઃકરણ ભ્રષ્ટ થાય, વિષયોમાં ફેલાઈ જાય

સાર-અસારનો વિવેક સમજ્યા વગર નિયમ વિરૂદ્ધ વિષયો ભોગવવાથી અંતઃકરણ ભ્રષ્ટ થાય છે તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૮ – "જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે."

પ્ર.૧૮ – "પંચ વિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? તે સારુ એ પંચ ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે, તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે."

લો.૬ – "જગત સંબંધી પંચ વિષયને સેવે તો બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે."

મ.૧ – "જ્યારે શબ્દાદિક કોઈ વિષયમાં ચિત્ત લોભાણું હોય ત્યારે ગમે તેવો બુદ્ધિમાન હોય પણ તેની બુદ્ધિનું કાંઈ ઠેકાણું રહે નહિ ને પશુ જેવો થઈ જાય છે."

મ.૪ – "જ્યારે વિષયરૂપી ધૂડ્યનો યોગ થાય ત્યારે ભગવાન વિના બીજા ગમે તેવા મોટા હોય તોપણ વિષયમાં એકરસ થઈ જાય."

અં.૩૩ – "એ (મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી) એવા મોટા છે તોપણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહીં. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે એમાં પણ સંશય છે. કેમ જે, એ પદાર્થનો તો યોગ જ એવો છે. જેમ આ આપણ સર્વ બેઠા છીએ તે કેવા ડાહ્યા છીએ, પણ જો દારૂના શીશાનું પાન કર્યું હોય તો કાંઈ ઠા રહે નહિ; તેમ એ પદાર્થનો સંગ જરૂર લાગ્યા વિના રહે જ નહિ."

અં.૩૮ – "વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ. ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે."

ઉપરોક્ત સર્વે સંદર્ભોનું તાત્પર્ય એ છે કે જગત સંબંધી પંચ વિષયમાં એકાદ ઇન્દ્રિય પ્રવર્તે તોપણ નારદ-સનકાદિક જેવા સમર્થની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય, બુદ્ધિમાં અંધકાર વ્યાપી જાય, પછી સત્-અસત્‌નો વિવેક ન રહે, ગમે તેવો બુદ્ધિશાળી હોય તોપણ વિષયના સામે પશુ જેવો થઈ જાય, પછી એને કર્તવ્ય-અકર્તવ્યનું ભાન ન રહે, વિષયમાં એકરસ થઈ જાય. ઇન્દ્રિયો-

અંતઃકરણ વિષયમય થઈ જાય. શક્તિમાત્ર વિષય પાછળ વેડફાઈ જાય. પછી સાચી સાધના કેવી રીતે થઈ શકે ?

આજના આ કલુષિત વાતાવરણમાં થિયેટરમાં કે ઘરે વસાવેલા દૂરદર્શન(ટી.વી.) દ્વારા અનેક પ્રકારનાં ખરાબ દૃશ્યો જોવાથી, એવું અશ્લીલ સાહિત્ય વાંચવાથી તેમજ હૉટેલ વગેરેમાં જઈને વિભિન્ન પ્રકારના ખોરાક ખાવાથી મુમુક્ષુઓને વધારે નુકસાન થઈ શકે તેમ છે. અંતઃકરણ ભ્રષ્ટ થયા વગર રહે જ નહિ.

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે :

◆ "વિષય છે તે સારા ગુણ તાણી લે છે. ચીભડું જ્યારે પાકે ત્યારે ફાટે, તેમ બહુ વિષય ભોગવે તો વૃત્તિયું ફાટી જાય." *(૮/૧૮૨)*

◆ "ભલેને સો વરસ સત્સંગમાં રહે, પણ વિષયને સંબંધે બુદ્ધિ ફરી જાય છે." *(૧૦/૩૫)*

◆ "વિષયનો સંબંધ કરીને જાણે જે જીવ સારો રહે, તે કોઈ દિવસ રહે જ નહિ." *(૧૪/૧૪૮)*

(૨) અનંત પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે

ઈન્દ્રિયોને જ્યાં સુધી પંચ વિષયમાં રાગ છે અને તેને લીધે જ્યાં સુધી ઈન્દ્રિયો જિતાણી નથી ત્યાં સુધી ભક્તને પણ દુઃખ રહે છે, એમ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૮**માં કહે છે : "વૈરાગ્ય ને સ્વધર્મ તેણે કરીને જેણે પોતાનાં ઈન્દ્રિયોને વશ ન કર્યાં હોય તો તે ભગવાન તથા ભગવાનના ભક્તને સંગે રહ્યો થકો પણ દુખિયો રહે છે. શા માટે જે, જેણે પોતાની ઈન્દ્રિયો ન જીતી હોય તેને કોઈ ઠેકાણે સુખ થાય નહિ અને ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ જ્યારે ઈન્દ્રિયો વિષયમાં તણાઈ જાય ત્યારે તે હરિભક્તના હૃદયમાં અતિ દુઃખ થાય છે."

વળી, જ્યાં સુધી પંચ વિષયની તૃષ્ણા, વાસના કે આસક્તિ છે ત્યાં સુધી જીવને આ દેહમાં તથા ભવિષ્યની અનેક પ્રકારની યોનિમાં અનંત પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે.

શ્રીજીમહારાજ વેદરસમાં લખે છે :

◆ "હે પરમહંસો ! તૃષ્ણારૂપી મેઘ છે તેમાંથી દુઃખરૂપી બુદબુદાં

નીસરે છે. અને તૃષ્ણારૂપી કાળી સર્પિણીનો સ્પર્શ તો કોમળ છે; પણ તેને કરડવે કરીને મરી જાય છે. તેમ તૃષ્ણારૂપી સર્પિણીને સ્પર્શ કરીને મુમુક્ષુ આત્મજ્ઞાન રહિત થઈ જાય છે. અને વળી તૃષ્ણારૂપી વાદળું છે તે આત્મારૂપ સૂર્યની આગળ આવીને આવરણ કરે છે... વળી શમ-દમાદિક ગુણરૂપ જે કમળ તેને નાશ કરનારી તૃષ્ણા કરા તુલ્ય છે. અને તૃષ્ણારૂપી મહાકાળી રાત્રી છે. તેણે કરીને મોટા ધીરજવાન પણ ભયભીત થાય છે. અને આંખવાળા પણ આંધળા થઈ જાય છે; કે'તા વિચારરૂપ આંખવાળાને પણ આંધળા કરી નાખે છે. અને જ્યારે એ તૃષ્ણા આવે છે ત્યારે વૈરાગ્ય ને અભ્યાસરૂપ નેત્રને આંધળા કરી નાખે છે." *(વેદરસ, પૃષ્ઠ : ૫૦)*

◆ "તૃષ્ણારૂપી સમુદ્ર છે, તેને વિષે દુ:ખરૂપી નદીઓ આવીને પ્રવેશ કરે છે... એવું દુ:ખ અગ્નિએ કરીને નથી થાતું ને તરવારની ધારે કરીને પણ એવું દુ:ખ નથી થાતું અને ઈન્દ્રના વજ્રે કરીને પણ એવું દુ:ખ નથી થાતું, જે દુ:ખ તૃષ્ણાએ કરીને થાય છે. અને તૃષ્ણાના પ્રહારે કરીને ઘાયલ થયો થકો મોટા દુ:ખને પામે છે. અને તૃષ્ણારૂપી દીવો બળ્યા કરે છે અને તેમાં જન્મ-મરણની પરંપરારૂપ કાજળ ઊપજતું રહે છે." *(વેદરસ, પૃષ્ઠ : ૫૦)*

વળી શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "માછલું અધિક સ્વાદ કરે છે, તો તે જીવ ખુવે છે. મૃગલું શબ્દમાં સ્વાદ માને છે અને હાથી વગેરેને સ્પર્શમાં સ્વાદ હોય છે. આ બધાં એકેક સ્વાદથી પણ પ્રાણ ખુવે છે. જેને પાંચ સ્વાદ બળવાન હોય તે તો મોક્ષ-માર્ગથી પડેલો જ છે. એ પાંચે સ્વાદ ભોગવનારને અનંત જન્મ સુધી તેમાં તૃપ્તિ થતી નથી અને નરકનાં દુ:ખનો અંત આવતો નથી. શ્રીહરિમાં અધિક સુખ છે તે સમજવા માટે જગતમાં થોડું સુખ રચ્યું છે, પણ અલ્પ સુખમાં બંધાઈ ગયેલા જીવો તેમાંથી છૂટતા નથી... અલ્પ વિષય ભોગવતાં મેરુ સમાન દુ:ખ આવી પડે છે. એકવીસ-એકવીસ લાખની ચાર ખાણોમાં કરોડો કલ્પ સુધી જન્મવું-મરવું પડે છે." *(પૂર : ૮, તરંગ : ૩૪)*

◆ "જે જે યોનિમાં જીવ જાય છે ત્યાં ત્યાં વિષયથી તૃપ્ત થતો નથી અને અંતે અપાર દુ:ખી થાય છે." *(પૂર : ૧૯, તરંગ : ૭)*

પંચ વિષયની આસક્તિને લીધે જીવને જે દુ:ખ થાય છે એ વિષે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "હસી હસીને વિષય ભોગવે છે પણ તેનું ફળ રોઈ રોઈને ભોગવવું પડશે. ને વિષય છે તે તો ગળાના કાપનારા છે." *(૧૦/૯૯)*

◆ "વિષયનાં સુખ લેવા માણસ જાય છે પણ તેમાં તો દુઃખ જ આવે." *(૧૨/૧૧૧)*

◆ "જ્યાં સુધી પંચ વિષય જોતા હશે ત્યાં સુધી દુઃખ નહિ મટે." *(૧૪/૨૧૫)*

(૩) ભગવાનનાં દિવ્ય સુખનો અનુભવ ન થાય

પંચ વિષયમાં આસક્તિ કે વાસનાને લીધે ભક્તને ભગવાનનાં દિવ્ય સુખનો અનુભવ થતો નથી. એ એના માટે મોટામાં મોટું નુકસાન છે. ઝૂંપડામાં આસક્તિને લીધે કરોડ રૂપિયાનો બંગલો ન મળે, એક રૂપિયામાં આસક્તિને લીધે લાખો રૂપિયાનો હીરો ન મળે, ટી.વી. જોવાની આસક્તિને લીધે વિદ્યાર્થી ડૉક્ટર થતો અટકી જાય વગેરે નુકસાનનો કંઈક ખ્યાલ આવે છે. તુચ્છ વસ્તુની આસક્તિમાં મોટી વસ્તુ ગુમાવનારને મૂર્ખ જ કહેવાય ને ? એક ચણી બોરના બદલામાં કોઈક લાખ રૂપિયાનું ઘરેણું આપી દે એને કેવો જાણવો ? આ જ હકીકત પ્રાયઃ આપણા જીવનમાં બને છે. તુચ્છ, ક્ષણિક અને અંતે દુઃખરૂપ વિષય ભોગવવામાં ભગવાનનાં સુખનો ત્યાગ કરીએ છીએ. ભગવાનમાં કેવું અને કેટલું સુખ છે ? ભગવાનનાં સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોવાનું સુખ તુચ્છ થઈ જાય છે (**વચ. લો.૧૮**). ભગવાનના ભજનનાં સુખ આગળ તો ચૌદ લોકનું સુખ નરક જેવું છે (**વચ. વર.૧૬**). ભગવાનનાં નિમિષમાત્રનાં દર્શનમાં કે એમના એક રોમમાં જે સુખ છે તે અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ કરતાં કરોડો ગણું અધિક છે (**વચ. સા.૧**). ભગવાનનાં આવાં સુખ વિષે વિસ્તૃતપણે આગળ જોઈશું. અહીં તો આપણે એટલું જ કહેવા માગીએ છીએ કે વિષયમાં આસક્તિને લીધે ભગવાનનાં દિવ્ય, શાશ્વત અને અપાર સુખનો અનુભવ ભક્તને થતો નથી. શ્રીજીમહારાજ આ હકીકત નીચેનાં વચનામૃતોમાં જણાવે છે :

અં.૨૮ – "જેને પંચ વિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂવા જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનનાં સુખને ક્યારેય પણ પામે નહિ. અને પંચ વિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનનાં સુખને અનુભવે

છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનનાં સુખની પ્રાપ્તિ થાય છે."

અં.૩૮ – "એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ."

જે.૩ – "ભગવાનના ભક્તને દુષ્ટ વાસના રાખવી તેથી બીજું કાંઈ ભૂંડું નથી, કાં જે, દુષ્ટ વાસનાવાળા ભક્ત છે તે અમારે સમીપે રહે છે તોપણ તે સુખિયા નથી રહેતા."

વળી, મહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "માયિક સુખમાં જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી અમાયિક સુખ ન જ મળે." *(પૂર : ૯, તરંગ : ૩)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સંસાર મૂકીને ત્યાગી થાય તે દુઃખમાત્રને ટાળીને સુખિયો થઈ જાય, પણ ત્યાગી થયા પછી પણ વાસનાનું દુઃખ રહે છે. તે વાસના લોભની, કામની, સ્વાદની, સ્નેહની ને માનની છે. તે વાસના ટળે તેમ તેમ સુખિયો થાય છે." *(૧/૯)*

◆ "આ તો બહુ મોટો લાભ થયો છે પણ ઊંઘમાં જાય છે, તે શું જે, વિષયમાં સુષુપ્તિ નિરંતર વર્તે છે." *(૧/૯૪)*

◆ "આપણને ભગવાન મળ્યા અને ભગવાન જેવા સાધુ મળ્યા તોપણ શાંતિ થતી નથી. તેનું કારણ એ છે જે, એક તો વિષયમાં રાગ ને બીજું ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાય નહિ ને ત્રીજું અજ્ઞાન, તેણે કરીને શાંતિ થતી નથી." *(૧/૧૫૯)*

◆ "પંચ વિષયે કરીને તો જીવ ધગી જાય છે." *(૩/૪૮)*

◆ "ભગવાનનું સુખ નથી આવતું તેનું શું કારણ છે ? ત્યારે બોલ્યા જે, એને વિષય અધ્ધર રાખી મૂકે છે." *(૪/૧૨૫)*

◆ "જેમ રોગી હોય તે સાજો ન થાય ત્યાં સુધી તેને પંચામૃત ભોજનમાં સ્વાદ ન આવે, તેમ જીવને પંચ વિષયરૂપ રોગ છે ત્યાં સુધી ભગવાનનું સુખ આવે નહિ." *(૯/૧૮૨)*

◆ "અક્ષરધામનાં જેવું સુખ આહીં છે, પણ વિષયમાં આસક્તિ છે તેથી તેના સંગનું સુખ આવતું નથી." *(૧૫/૭૬)*

નિષ્કુળાનંદ સ્વામી સારસિદ્ધિમાં કહે છે :

ભોજન તેને કેમ ભાવે, જેણે ખાધાં કોઠાં કરી ખાંત્ય;
ઉપર ખાધી આંબલી, તેણે અંબાઈ ગયા છે દાંત.
જેની વિષય કોઠાંમાં વૃત્તિ વળગી, અહં-મમતરૂપ ખાધી આંબલી;
તેને ગોળ સારો કેમ લાગશે, કેમ કે'શે સાકરને ભલી.

(સારસિદ્ધિ : ૪/૨-૩)

શ્રીજીમહારાજે વિષયવાસના ટાળવાનો આપેલ ઉપદેશની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં કરી છે :

મારો મૂકી આશરો, જે વિષયસુખને વાંછશે;
તે સુખ નહિ પામે સ્વપ્ને, સામું પડ્યા દુ:ખમાં પચશે. *(૮૪/૪૬)*

(૪) ભગવાનને વિષે પ્રીતિ ન થાય, ન ટકે

ભગવાનને વિષે હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે (**વચ. મ.૫૯**), ભગવાનમાં અસાધારણ પ્રીતિ થઈ જાય તો પછી કાંઈ કરવાનું કે જાણવાનું બાકી રહેતું નથી (**વચ. પ્ર.૫૬, મ.૯**); તેમ છતાં જીવને ભગવાનમાં હેત થતું નથી, તેનું કારણ જીવમાં પડેલી વાસના છે.

પરમેશ્વર થકી તો બીજું કાંઈ સાર વસ્તુ નથી તોપણ એ પરમેશ્વરમાં જીવને દૃઢ પ્રીતિ થતી નથી. તેનું કારણ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૧૪**માં કહે છે : "સ્ત્રીઆદિકનું જે સુખ છે તેનું અતિશય દુર્લભપણું જાણે છે ને તેનું અતિ માહાત્મ્ય જાણીને તેમાં પ્રીતિ કરે છે, તે પ્રીતિ કોઈ રીતે ટાળી ટળતી નથી, એ પાપે કરીને પરમેશ્વરમાં દૃઢ પ્રીતિ થતી નથી... એવી રીતે આ જીવના હૃદયમાં પાપરૂપ વાસના થાય છે, માટે એને કોઈ રીતે પરમેશ્વરમાં પ્રીતિ થતી નથી."

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં લખે છે : "પ્રભુ ભજવા દેહ તો ધર્યા છે, પણ પંચ વિષય છે તે દમદોષના દીકરા જેવા છે, તે ભગવાનને વરવા દેતા નથી એવા ભૂંડા છે." *(૩/૧૪)*

શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં કહે છે કે જો યથાર્થ સમજણની દૃઢતા ન હોય તો ભક્તને પંચ વિષયના યોગે કરીને ભગવાન વિષે પ્રીતિ ટકતી નથી.

સા.૧ – "જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થાય ત્યારે ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં પ્રીતિ કરે અથવા પુત્ર-કલત્રાદિકને વિષે પ્રીતિ કરે... ત્યારે ભગવાનને વિષે પ્રીતિ રહે નહિ."

સા.૧૫ – "જ્યારે એ(દેહાભિમાની)ના દેહને સુખ થાય એવા પંચ વિષયનો યોગ થશે ત્યારે એને વિષયમાં પ્રીતિ થઈ જશે, પછી ભગવાનને વિષે એવી પ્રીતિ નહિ રહે."

પં.૩ – "ભગવાનના રૂપ કરતાં અધિક રૂપ, અધિક સ્પર્શ, અધિક રસ, અધિક ગંધ, અધિક શબ્દ તે બીજાને વિષે જણાય તો ભગવાનને મૂકીને તેને વિષે હેત થઈ જાય. જેમ સોળ હજાર ને એકસો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી... જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી, પણ જો ભગવાન કરતાં સાંબને વિષે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી."

આ રીતે પંચ વિષયમાં આસક્તિને લીધે ભગવાનમાં થયેલ પ્રીતિ તૂટી જાય છે, અર્થાત્ ભગવાનનો સંબંધ છૂટી જાય છે. આ રીતે પંચ વિષય ભગવાનની પ્રીતિમાં વિઘ્નરૂપ છે.

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે :

◆ "જેટલા વિષય છે તે ભગવાનના મારગમાં અંતરાય કરનારા છે." *(૯/૨૯૧)*

◆ "વિષય તો ભગવાનના મારગથી પાડે એવા છે." *(૧૧/૧૦૫)*

◆ "વિષયનું એવું બળ છે જે ભગવાન બેઠા છે ને મોટા સંત બેઠા છે તેમાંથી ઉથલાવી પાડે." *(૧૩/૧૦)*

(૫) સમાધિમાંથી બહાર આવી જવાય

શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં કહે છે કે જો વાસના હોય તો સમાધિમાંથી પણ બહાર આવી જવાય છે.

પ્ર.૬૦ – "વાસના જરાક રહી જાય તો સમાધિવાળો હોય અને નાડી-પ્રાણ તણાતાં હોય તોય પણ વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે છે."

પ્ર.૭૩ – "સંસારનાં સુખની વાસના હોય તો સમાધિમાંથી પાછો દેહમાં આવે."

મ.૧ – "બીજાને સમાધિમાંથી નીસરાતું હશે તેનું શું કારણ હશે ? પછી અમને એમ જણાયું જે, એને કાંઈક વિષયમાં આસક્તિ રહે છે, તેણે કરીને પાછું નીકળાય છે."

(૬) આત્યંતિક કલ્યાણ ન થાય, અક્ષરધામમાં ન જવાય

શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં કહે છે કે જીવ અતિશય નિર્વાસનિક થાય તો જ ભગવાનના અક્ષરધામમાં જાય છે. તે વગર તો જો ભગવાનનો ભક્ત હોય તો તે બીજા દેવતાના લોકમાં જાય છે અને અન્ય જીવ લખચોરાશીમાં ભટકે છે, પરંતુ નિર્વાસનિક થયા વગર અક્ષરધામમાં જવાતું નથી.

પ્ર.૨૧ – "જો ભગવાન વિના બીજા પદાર્થની વાસના રહી ગઈ હોય ને તેનો દેહ પડે ને તેને ભગવાનના ધામમાં જાતે જો માર્ગમાં સિદ્ધિઓ દેખાય તો તે ભગવાનને મૂકીને તે સિદ્ધિઓમાં લોભાઈ જાય તો તેને મોટું વિઘ્ન થાય, માટે સર્વ પદાર્થની વાસના ટાળીને ભગવાનને ભજવા."

સા.૪ – "વાસના ટાળતાં ટાળતાં જો કાંઈક થોડી-ઘણી વાસના રહી ગઈ તો જેવાં મોક્ષધર્મમાં નરક કહ્યાં છે તેવા નરકની પ્રાપ્તિ થશે... માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તોપણ ઘણું થશે તો દેવતા થવું પડશે ને દેવતામાંથી પડશો તો મનુષ્ય થશો ને મનુષ્ય થઈને વળી, પાછી ભગવાનની ભક્તિ કરીને ને નિર્વાસનિક થઈને અંત્યે ભગવાનના ધામને પામશો."

સા.૧૧ – "જે ભગવાનનો ભક્ત સવાસનિક હોય તે નરક-ચોરાસીમાં તો ન જાય અને દેવતામાં ને મનુષ્યમાં તો અનંત જન્મ ધરે. પછી જ્યારે પૂર્વે કહ્યાં એવાં વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય અને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસ પ્રથમ કહ્યા એવે લક્ષણે યુક્ત થઈને અતિશય નિર્વાસનિક થશે ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે ને આત્યંતિક મોક્ષને પામશે, પણ તે વિના તો નહિ જ પામે."

વાસનાવાળો ત્યાગી અને નિર્વાસનિક હરિભક્ત દેહ મૂકે ત્યારે કેવી ગતિને પામે છે તે પ્રશ્નનો શ્રીજીમહારાજને માન્ય ઉત્તર આપતાં ગોપાળાનંદ

સ્વામી **વચ. મ.૨૫**માં કહે છે : "એ ત્યાગી જ્યારે દેહ મૂકશે ત્યારે એને વિષય ભોગવવાની અંતરમાં તીખી વાસના છે, માટે એને તો ભગવાન મૃત્યુલોકને વિષે અથવા દેવલોકને વિષે મોટો ગૃહસ્થ કરશે અને અતિશય વિષયભોગ પ્રાપ્ત થશે. તે જેવા ભગવદ્‌ગીતામાં યોગભ્રષ્ટને ભોગ કહ્યા છે તેવા ભોગને દેવલોકમાં ભોગવશે. અને એ ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે, ત્યારે નિર્વાસનિક છે માટે ભગવાનનું જે બ્રહ્મપુર ધામ તેને પામશે ને ભગવાનનાં ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે. અને પ્રથમ કહ્યો જે ત્યાગી તે તો વિષય ભોગવીને જ્યારે તૃપ્ત થશે ત્યારે તે વિષય થકી વૈરાગ્યને પામીને ને મનમાં પશ્ચાત્તાપ કરીને ભગવાનનું ભજન કરશે. પછી નિર્વાસનિક થઈને ભગવાનના ધામમાં જશે."

વળી, સારા-નરસા વિષયના યોગે કરીને જીવ કેવી રીતે કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. મ.૨૩**માં કહે છે : "જેમ માણસના દેહમાં લૂક પેસે તથા હિમ પેસે ત્યારે તે માણસ મરી જાય છે, તેમ.... જ્યારે દુઃખદાયી વિષયને ભોગવીને લૂક સરખું ઊનું થઈને જીવના હૃદયમાં પેસે છે ત્યારે જીવને અતિશય દુખિયો કરીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાંખે છે, એ તે લૂક લાગીને મરે તેમ જાણવું. અને જ્યારે એ મન સુખદાયી વિષયમાં સુખને ભોગવે ત્યારે ટાઢું હિમ સરખું થઈને જીવના હૃદયમાં પેસે છે અને જીવને સુખિયો કરીને કલ્યાણના માર્ગથી પાડી નાંખે છે, એ તે હિમાળાનો વા આવે ને મરે તેમ જાણવું."

જ્યાં સુધી જીવમાંથી પંચ વિષયની આસક્તિ ન ટળે ત્યાં સુધી તે જન્મ-મરણનું કારણ બને એમ મહારાજ **વચ. અમ.૨**માં સમજાવે છે : "જેમ વડનું વૃક્ષ છે તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે, અને બીજાં સર્વે મૂળ ઊખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોંટી રહી હોય તોપણ એ વડનું વૃક્ષ લીલું રહે છે. તેમ ઉપર થકી કદાચિત્ પંચ વિષયનો ત્યાગ કર્યો છે પણ અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મ-મરણનો હેતુ છે."

આ રીતે પંચ વિષયની આસક્તિ કે વાસના જ દુઃખમાત્રનું અને જન્મ-મરણના ભવચક્રનું કારણ છે. જીવ જો નિર્વાસનિક થાય તો જ તેના દુઃખનો કાયમી અંત આવે. તેથી દરેક જીવ નિર્વાસનિક થાય એ જ મહારાજનો હૃદ્‌ગત અભિપ્રાય છે.

• નિર્વાસનિક થવું એ શ્રીજીમહારાજનો મત છે

શ્રીજીમહારાજ અનંત જીવોની વાસના ટાળીને, અતિશય નિર્વાસનિક કરીને સૌને અક્ષરધામમાં લઈ જવા માટે જ પધાર્યા છે. શ્રીજીમહારાજ પોતાનો અભિપ્રાય જણાવતાં **વચ. મ.૪૫**માં કહે છે : "મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. અને માયાના ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચ વિષય અને ચૌદ ઇન્દ્રિયોના દેવતા, એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી, ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી. અને આ જન્મમાં સર્વ કસર ન ટળી તો બદરિકાશ્રમમાં જઈને તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરવી છે તથા શ્વેતદ્વીપમાં જઈને નિરન્નમુક્ત ભેળા તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરી નાંખવી છે, પણ ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું રહેવા દેવું નથી. માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો."

શ્રીજીમહારાજના આ અભિપ્રાયને અથવા તો એમની આ શુભ ભાવના કે અભિરુચિને પકડી શકાય, સમજી શકાય તો વર્તવાનું મન થાય. આ ધમકી નથી, પરંતુ આશ્રિતો પ્રત્યે પ્રેમ છે, મમતા છે, કરુણા છે. એટલે જ તો તેઓ એમનું હિત ઇચ્છે છે. ભલે, કદાચ બાળકને ગંદા રહેવું ગમતું હોય, પરંતુ માતાને બાળક ગંદું રહે તે નથી ગમતું. કારણ કે એના પ્રત્યે માને મમતા છે. એવી જ રીતે ભલે, કદાચ આપણને વાસનાથી ભર્યા રહેવું ગમતું હોય, પરંતુ મહારાજને આપણા પ્રત્યે મમતા છે તેથી આપણે એવા હોઈએ કે એવા રહીએ એ એમને ગમતું નથી. એમની આ ઇચ્છા છે કે આપણે સૌ સંતો-ભક્તો નિર્વાસનિક બનીએ. એટલું જ નહિ, પરંતુ એ માટે એમની તત્પરતા પણ છે અને તૈયારી પણ છે; કારણ કે આ એમનો મત છે.

તેથી જ તેઓ કહે છે :

પ્ર.૩૮ – "અમે તો એમ માન્યું છે જે, મન નિર્વાસનિક જોઈએ અને દેહે કરીને ગમે તેટલી પ્રવૃત્તિ હોય ને તેનું મન જો શુદ્ધ છે તો તેનું અતિ

ભૂંડું થાય નહિ. અને બાહેર લોકમાં તો તે પ્રવૃત્તિવાળાનું ભૂંડા જેવું જણાય. અને જેને મનમાં વાસના હોય ને તે બાહેર સારી પેઠે નિવૃત્તિપરાયણ વર્તતો હોય તો તેનું બાહેર લોકમાં તો સારું જણાય પણ તેના જીવનું અતિ ભૂંડું થાય. કેમ જે, મૂવા ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફુરી આવે. જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફુરી આવ્યું ત્યારે તે મૃગને આકારે થઈ ગયા. અને પ્રથમ રાજ્ય મેલ્યું હતું ને ઋષભદેવ ભગવાન તો પોતાના બાપ હતા તોપણ એમ થયું. માટે મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે.... ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો ને મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક રહેવું ને ભગવાનનું ચિંતવન કરવું ને વ્યવહાર તો ભગવાનને વચને કરીને રાખવો.''

મ.૫૦ – ''જે અમારી સોબત રાખશે તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી. શા માટે ? જે, જેને મારા જેવો અંતરનો દૃઢાવ હોય તે સાથે જ અમારે બને છે. અને જેના હૃદયમાં જગતનાં સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તોપણ થાય નહિ. માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે. એ અમારા અંતરનું રહસ્ય છે તે કહ્યું.''

ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજનો સિદ્ધાંત સમજાવતાં કહે છે : ''મહારાજે ધૂધૂબાજ મારગ ચલાવ્યો છે, તે શું જે, મંદિર, મેડિયું, ઘોડાં, ગાડાં આદિક અનેક વાતું પ્રવર્તાવી છે, પણ પોતાનો સિદ્ધાંત જે કરવાનું છે તે મૂકી દીધું નથી. તે સિદ્ધાંત એ જે, નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું; પછી ગમે તે કામ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ, પણ અંતે કરવાનું એ છે.'' *(૨/૮૪)*

શ્રીજીમહારાજના અંતરનો આ સિદ્ધાંત, અભિપ્રાય કે મત છે. એટલે તો તેમણે સર્વે વાસના ટાળીને કોઈ પ્રલોભનમાં ફસાયા વગર અક્ષરધામમાં પહોંચવું છે એવો નિશ્ચય કરવાનું સૌને કહ્યું છે (**વચ.પ્ર.૨૧;પં.૧;મ.૨૨,૪૭**).

● પંચ વિષયની આસક્તિ-વાસના ટાળવાના ઉપાયો

(૧) ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા

જો સાધકને પોતાના જીવનનું અંતિમ ધ્યેય સ્પષ્ટ અને દૃઢ થાય તો તેને માટે કંઈ પણ કઠણ નથી. 'આ દેહે કરીને નિર્વાસનિક થઈને આત્યંતિક

કલ્યાણ કરવું છે, છેલ્લો જન્મ કરવો છે, અક્ષરધામમાં જવું છે, અને તે માટે ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવા જ છે,' આવું ધ્યેય સ્પષ્ટ અને દૃઢ થાય તો પંચ વિષયમાંથી બહાર નીકળવાનું મન થાય અને તે માટે જરૂરી ઉપાયો પણ અજમાવાય.

(૨) અંતર્દૃષ્ટિપૂર્વક દૃઢ નિર્ણય

દરેક સાધકે અંતર્દૃષ્ટિ કરીને તપાસ કરવી જોઈએ કે પોતાનામાં કયા વિષયો પ્રત્યેની કેટલી કામના, તૃષ્ણા, આસક્તિ કે વાસના છે. શ્રીજીમહારાજે આ પ્રકારની વાત **પ્ર.૩૮,૬૦; અં.૧૮** અને **અં.૩૫** વગેરે વચનામૃતોમાં કરી છે. આ સંદર્ભોનાં મૂળ વચનો આપણે આગળ જતાં 'અંતર્દૃષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકો' એ મુદ્દાના નિરૂપણ વખતે જોઈશું. આ વચનામૃતોમાં કહ્યા પ્રમાણે પોતાનો તપાસ કરીને દરરોજ પોતાની વાસનાનું નિદાન કરતાં રહેવું જોઈએ. જ્યાં સુધી પોતાના રોગનું નિદાન ન થાય ત્યાં સુધી તેને ટાળવાનો નિર્ણય અને પ્રયત્ન પણ ન થાય.

વળી, રોગનું યોગ્ય નિદાન થવું જરૂરી છે. કારણ કે જો ખોટું નિદાન થાય તો ખોટી દવા અને ખોટી રીતે સારવાર શરૂ થાય. તાવ તો આવે છે પણ તાવના કેટલા પ્રકાર છે ? દરેક તાવ આવવાનાં કારણો અને તેને ટાળવાના ઉપાયો પણ જુદા છે. એવી જ રીતે માથાના કે પેટના દુઃખાવાના કેટલા પ્રકારો છે ? આ રોગના જુદા જુદા પ્રકારોમાંથી કયો પ્રકાર છે ? કેટલા વખતથી છે ? એનું મૂળ કારણ શું છે ? વગેરે પ્રશ્નોના ઉત્તરરૂપે જો રોગનું સાચું નિદાન થાય તો જ તેની યોગ્ય દવા, યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય રીતે લેવાય.

એવી જ રીતે અધ્યાત્મ-માર્ગમાં પણ પંચ વિષયમાંથી કયા વિષયની કઈ વાસના કેટલી તીવ્ર પ્રમાણમાં અને કેટલી છે તેનું યોગ્ય નિદાન થવું જરૂરી છે, કારણ કે તો જ તે ટાળવાનો નિરધાર થાય અને તેની યોગ્ય સારવાર થાય.

અધ્યાત્મ-માર્ગમાં વિઘ્નરૂપ વાસનાનું નિદાન થયા પછી તેને ટાળવાનો દૃઢ નિરધાર થવો જરૂરી છે. નિર્ણય કે ઠરાવ કર્યા વગર કશું જ થતું નથી. કંઈક કરવા માટે તેનો નિર્ણય થવો જરૂરી છે.

સારંગપુર જવું છે એવો નિર્ણય થાય તો જ ત્યાં જવા માટે આયોજન અને પ્રયત્ન થાય. ખેતરમાં શું વાવવું છે તે નિર્ણય થયા પછી જ તે વાવવાનો પ્રયત્ન થાય. ઘરમાં કઈ રસોઈ બનાવવી છે એ જો નક્કી થાય તો જ તે માટેનું આયોજન થાય. શું ભણવું છે એ નક્કી કર્યા વગર કઈ કૉલેજમાં જઈશું ? અભ્યાસનો નિર્ણય થાય તો જ યોગ્ય કૉલેજમાં જવાય અને તે ડિગ્રી મેળવવા યોગ્ય પ્રયત્ન પણ થાય. જો આમાંનો કોઈ નિર્ણય જ ન કરીએ તો આમાંથી કશું જ ન થાય. લૌકિકમાર્ગની જેમ અધ્યાત્મ-માર્ગમાં પણ કોઈક વસ્તુની સિદ્ધિ માટે એનો નિર્ણય કરવો અત્યંત આવશ્યક છે.

માટે દરેક સાધકે નિશ્ચયાત્મક નિર્ણય કરવો જોઈએ કે મારે કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે વાસના ટાળવી જ છે. કારણ કે આ વાસનાએ જ મને જન્મ-મરણના ચક્રમાં ભટકતો રાખીને અનંત પ્રકારનાં દુઃખો ભોગવાવ્યાં છે. આ વખતે આ છેલ્લો જન્મ કરવો છે અને તે માટે વાસના ટાળ્યે જ છૂટકો છે. આવો પાકો નિરધાર કર્યા પછી વાસના ટાળવાના અન્ય ઉપાયોમાંથી પોતાને જે લાગુ પડે તે ઉપાયો અજમાવવા જોઈએ.

(૩) સાંખ્યનિષ્ઠા

જગતના માયિક વિષયોમાંથી વૃત્તિ પાછી વાળવા માટે સાંખ્ય વિચાર આવશ્યક છે.

સાંખ્ય તો આંખ છે. જેમ આંખે કરીને આપણને સારી-નરસી વસ્તુ દેખાય છે. જે વસ્તુ જેમ છે એમ દેખાય તો ખરાબ અથવા દુઃખકારક વસ્તુ ન પકડીએ, સારી અથવા સુખકારક વસ્તુ પકડીએ. જો કાદવ દેખાય તો એમાં પગ ન મૂકીએ, જ્યાં પગ ન બગડે એવા રસ્તે જ ચાલીએ. આમ, આંખે કરીને જો દેખાય તો ખોટા માર્ગે જતાં અટકીએ અને સાચા માર્ગે ચાલી શકીએ.

અધ્યાત્મ-માર્ગમાં પણ સત્-અસત્‌ના વિવેકની જરૂરિયાત છે. સાંખ્ય વિચાર દ્વારા જગતની વસ્તુના સ્વરૂપનો યથાર્થ ખ્યાલ આવે છે તેથી એમાં પછી મોહ ન રહે. શ્રીજીમહારાજ સાંખ્યનિષ્ઠાવાળા ભક્તની વિશેષતા સમજાવતાં **વચ. મ.૨૪**માં કહે છે : "સાંખ્યનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે તો મનુષ્યનાં સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા એ

સર્વેનાં જે સુખ તેને સમજી રાખે તથા ચૌદ લોકની માંહેલી કોરે જે સુખ છે તે સર્વેનું પરિમાણ કરી રાખે જે, 'આ સુખ તે આટલું જ છે.' અને એ સુખની કેડ્યે જે દુઃખ રહ્યું છે તેનું પણ પરિમાણ કરી રાખે. પછી દુઃખે સહિત એવાં જે એ સુખ તે થકી વૈરાગ્યને પામીને પરમેશ્વરને વિષે જ દૃઢ પ્રીતિ રાખે. એવી રીતે સાંખ્યનિષ્ઠાવાળાને તો સમજણનું બળ હોય."

સાંખ્ય વિચાર વગર જગતના વિષયોમાંથી વૃત્તિ પાછી ન વળે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સાંખ્ય વિચાર કરવા શીખવો. ને સાંખ્ય વિના લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષ તથા અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રણ તાપ એ સર્વેનું દુઃખ મટે નહિ. ને સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય. માટે સુખિયા રહેવાને અર્થે સાંખ્ય વિચાર શીખવો." *(૧/૨)*

◆ "સાંખ્ય વિના કસર રહી જાય છે, ને સાંખ્યવાળાને તો આ લોક સર્વે નરક જેવું લાગે છે, પણ ક્યાંય માલ મનાય નહિ." *(૧/૧૨૭)*

◆ "સાંખ્ય વિના કસર ટળે નહિ." *(૧/૨૪૨)*

◆ "સાંખ્ય વિચાર કરવાની બહુ વાત કરી. તે સાંખ્ય વિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો, ને સાંખ્ય વિના તો અરધો સત્સંગ કહેવાય, ને સાંખ્ય વિના સુખ થાય નહિ, ને સાંખ્ય છે તે તો આંખ છે, ને આંખે કરીને સર્વે દેખાય. દત્તાત્રેય સાંખ્યવાળા ને સુખિયા રહેતા. માટે સાંખ્ય વિચાર કરવા માંડે તો આવડે ને ધીરે ધીરે સિદ્ધ થાય. તેમાં સાંખ્ય શું ? જે, આ લોક, ભોગ, સર્વે ખોટું છે, ને આત્મા છે તે સત્ય છે ને આકાશ સરખો નિર્લેપ છે, ને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ અસંગી છે." *(૧/૨૭૯)*

◆ "જેને સાંખ્ય વિચાર હોય, તેને જો વિષય અંતરાય કરે તો તે વિષયનો ત્યાગ કરે." *(૮/૧૮૨)*

◆ "સાંખ્યે કરીને ખોટું કર્યું હોય તો તેમાં માલ ન જણાય." *(૧૨/૧૨૮)*

◆ "સાંખ્ય વિના તો મોટા મોટાને વિઘ્ન થયાં છે.... સાંખ્ય વિના જ્ઞાન કરે તોપણ હૃદયગ્રંથિ છૂટે નહિ." *(૧૩/૭૬)*

◆ "સાંખ્ય વિના મરને ભગવાન ભેળા બેઠા હોઈએ તોય નિર્વિઘ્ન રહેવું કઠણ છે." *(૧૩/૧૭૨)*

◆ "સાંખ્ય વિના પદાર્થ આડા આવીને ઊભા રહે છે, માટે સાંખ્ય ન

હોય તો દુઃખ આવ્યા વિના રહે નહિ.'' (૧૩/૨૨૬)

◆ ''સાંખ્યે કરીને વિષયનો નિષેધ થઈ જાય તો તેમાં માલ ન જ રહે. માયાના ગુણથી રહિત થાવું હોય તેને સાંખ્ય વિચારે કરીને બધું ખોટું કરી નાખવું.... તે સો વરસે કરો પણ કરે જ છૂટકો છે.'' (૧૩/૨૨૮)

◆ ''જેટલો નિષેધ કરશું તેટલા વિષય મોળા પડશે, પણ સાંખ્ય વિના પદાર્થમાંથી આસક્તિ તૂટે નહિ. આપણે અફીણનો નિષેધ થઈ ગયો છે તે સ્વપ્નામાં પણ ખવાતું નથી. તેમ સાંખ્યે કરીને વિષયનો નિષેધ થઈ જાય તો તેમાં માલ ન જ રહે. માયાના ગુણથી રહિત થાવું હોય તેને સાંખ્ય વિચારે કરીને બધું ખોટું કરી નાખવું.... તે સો વરસે કરો પણ કરે જ છૂટકો છે.'' (૧૩/૨૨૮)

◆ ''સાંખ્ય વિના શાંતિ રહેતી નથી.'' (૧૩/૨૩૫)

◆ ''સાંખ્ય વિના દેહ, લોક, ભોગ ને પક્ષ જીવમાંથી નીકળે નહિ.'' (૧૪/૧૮૬)

◆ ''સાંખ્યવાળો કોઈ વિષયના લાગમાં આવે નહિ.'' (૧૪/૧૮૭)

યોગીજી મહારાજ કહે છે : ''સાંખ્ય વિચાર કરવા શીખવો. દેહ, લોક, ભોગ ખોટા સમજી લેવા.''

આમ, વિષયનો રાગ ટાળવા માટે નિત્ય સાંખ્ય વિચાર કરવો જરૂરી છે. સાંખ્ય વિચારમાં નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ વિચાર કરવાના હોય છે :

(i) જગતનું નાશવંતપણું.

(ii) પંચ વિષયનું સુખ તુચ્છ, ક્ષણિક અને અંતે દુઃખનું કારણ.

(iii) પંચ વિષયના ભોગની અતૃપ્તિ.

હવે આપણે આ ત્રણેય મુદ્દામાં શું વિચારવાનું છે તે ક્રમાનુસાર જોઈએ.

(i) જગતનું નાશવંતપણું

શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં જણાવે છે કે ચાર પ્રકારના પ્રલય દ્વારા જગત અને જગતના સર્વે પદાર્થોને કાળનું ભક્ષણ અર્થાત્ નાશવંત સમજે તો કોઈ પદાર્થમાં કે પંચ વિષયમાં મોહ ન થાય.

મ.૨૪ – ''ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનની મૂર્તિ વિના

બીજા કોઈ પદાર્થમાં લોભાય જ નહિ અને એમ સમજે જે, 'ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે.' એમ જાણીને એક ભગવાનને વિષે જ દૃઢ પ્રીતિ રાખે છે. માટે એવા ભક્તને તો કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી."

પ્ર.૧૨ – "એવી રીતે જે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને જો જાણે તો જીવને સંસારને વિષે વૈરાગ્ય થાય."

લો.૯ – "નિત્ય પ્રલયને જાણે, નૈમિત્તિક પ્રલયને જાણે, પ્રાકૃત પ્રલયને જાણે અને આત્યંતિક પ્રલયને જાણે તથા બ્રહ્માદિક સ્તંબ પર્યંત સર્વ જીવના આયુષને જાણે અને એમ જાણીને પિંડ-બ્રહ્માંડ સર્વ પદાર્થને કાળનું ભક્ષ સમજે ત્યારે વૈરાગ્ય ઊપજે."

(ii) પંચ વિષયનું સુખ તુચ્છ, ક્ષણિક અને અંતે દુઃખનું કારણ

કેળાં કે સફરજન ખાવાની ગમે તેટલી આસક્તિ હોય, પરંતુ જો તે પ્લાસ્ટિકનાં બનાવટી હોય તો તે લઈને ખાવાનું મન થાય ? ના, કારણ કે આપણને પ્રતીતિ છે કે એમાં કાંઈ સુખ નથી. આપણને ખબર પડે કે દૂર દેખાતું પાણી એ સાચું પાણી નથી, પરંતુ ઝાંઝવાનાં જળ છે, તો ગમે તેટલી તરસ લાગી હોય તોપણ તે પીવા માટે દોડીએ ખરા ? પાણીની ગમે તેટલી તંગી હોય, પરંતુ તપાસ કરાવીએ અને ખ્યાલ આવે કે આ ભૂમિમાં અહીં ૫૦૦ ફૂટ ખોદશો તોપણ પાણીનું ટીપુંય નહિ મળે, તો ત્યાં કૂવો ખોદીએ ખરા ? ના, કારણ કે કૂવો ખોદવાનો પ્રયત્ન કરીએ, પરંતુ એમાંથી પાણીનું સુખ મળવાનું નથી. એવી જ રીતે જગતના વિષયોમાં સુખ નથી એવી પ્રતીતિ થાય તો તેની પાછળ વલખાં ન મારીએ. જેમ આપણો જાતઅનુભવ ન હોય પણ બીજા કહે કે દૂરથી દેખાતાં સાચાં કેળાં કે સફરજન સાચાં નથી, દૂરથી દેખાતું સાચું જળ વસ્તુતઃ સાચું નથી, અહીં જમીનમાં પાણી નથી. તો તેનાં વચનમાં વિશ્વાસ રાખીને તેની પાછળ પ્રયત્ન કરતા નથી. એમ ભગવાન અને સંતનાં વચનમાં અતિશય દૃઢ વિશ્વાસથી દૃઢતા કરવાની છે કે જગતના વિષયોમાં કોઈ માલ નથી, કોઈ સુખ નથી.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી." (૧/૧૭૪)

◆ "વળી, એટલું તો એમ સમજવું જે, જો વિષયમાં સુખ હોય તો તેની આપણને મહારાજ બંધી શા સારુ કરે ? માટે એમાં તો સુખ જ નથી. ને એમાં સુખ મનાય છે એ અજ્ઞાન છે. ને મોટા મોટા એ માર્ગે ચાલતા નથી." (૨/૧૬૫)

◆ "મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ છે, પણ કાંઈ માલ જણાતો નથી." (૩/૨૨)

◆ "સો કરોડ રાખનાં પડીકાં વાળીને પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ ને જે દિવસ કાંઈક કામ પડે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ? ત્યારે કહ્યું જે, ના મહારાજ. ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહારાજની મૂર્તિ વિના અને આવા સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે. તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વર કોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષ કોટિના લોકમાં જાઓ, પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંઈ નથી.' એમ કહીને બોલ્યા જે,

'સુરપુર નરપુર નાગપુર, એ તીનમેં સુખ નાંહિ;
કાં સુખ હરિકે ચરનમેં, કાં સંતનકે માંહિ.' (૩/૨૮)

◆ "જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય, તેમાં શેનો મોહ થાય ?" (૩/૬૪)

◆ "સાંખ્યવાળાને તો આ લોક સર્વે નર્ક જેવું લાગે છે, પણ ક્યાંઈ માલ મનાય નહિ. ને આ કારખાનું તો સર્વે ધૂડ્યનું છે, માટે તેમાં માલ માનવો નહિ." (૧/૧૨૭)

◆ "પ્રકૃતિના કાર્યમાં મને કરીને માલ ન માનવો." (૧/૧૭૪)

◆ "તેવા મોટા વિષય દેખીને તેમાં મોહ ન પામવો, એવી સમજણ કરવી. ને પ્રકૃતિની આણીકોરના વિષયને વિષ્ટા જેવા જાણવા, પણ મને કરીને એમાં માલ માનવો નહીં." (૫/૨૬૬)

◆ "આ દેહ હાડકાંનો, સ્ત્રીનો દેહ પણ હાડકાંનો ને છોકરાંનો પણ હાડકાંનો, એમાં કાંઈયે માલ નથી. ને ચૂનો એ ધોળી ધૂડ્ય ને આ બીજી

અમથી ધૂડ. દેહ ધૂડનો, રૂપિયા ધૂડના, કુટુંબી ધૂડનાં, ખાવું ધૂડનું, ખોરડાં ધૂડનાં એમ છે. ને એમાં જીવ માલ માનીને ચોંટ્યો છે. પણ કાળ ખાઈ જાશે. માટે ભગવાન ભજી લેવા. બાકી બધું ધૂડનું છે.'' *(૬/૧૯૪)*

◆ ''જેમ જવાસાનો પોંક પાડવાનો ઘાટ થાય જ નહિ, તેમ વિષયમાં કાંઈ માલ ન જણાય ત્યારે એ માર્ગે કોઈ દિવસ ચાલે નહિ.'' *(૧૪/૮૪)*

આ રીતે જો જગતમાં સુખ છે જ નહિ એમ સમજાય અને મનાય તો એની પાછળની આંધળી દોટ અટકી જાય.

હવે કદાચ આપણને જગતમાં સુખ છે જ નહિ એમ ન મનાય તો એટલું પણ જો માનીએ કે એ સુખ ભગવાનનાં સુખ આગળ અત્યંત તુચ્છ છે અને સાથે સાથે ક્ષણિક છે અર્થાત્ નાશવંત છે, તોપણ ભગવાનનાં સુખને મૂકીને એવાં તુચ્છ અને ક્ષણિકસુખ પાછળ વલખાં ન મારીએ. બંગલો છોડીને ઝૂંપડામાં કોણ જાય ? મર્સીડીઝ ગાડીના બદલામાં જૂની અને ભાંગેલી સાયકલ તો શું, પરંતુ નવી સાયકલ પણ કોણ લે ? કોહિનૂર હીરાના બદલામાં સફરજન કોણ લે ? કોઈ ના લે. કારણ કે કીમતી વસ્તુના બદલામાં જે મળનાર છે તે અત્યંત અલ્પ અને તુચ્છ છે. ભગવાનનાં સુખ આગળ જગતનાં સુખની તુચ્છતા આપણે **વચ. પ્ર.૬૦; સા.૧; લો.૧૮; પં.૧; મ.૧,૧૦; વર.૧૬,૧૯; અં.૨૭,૨૮ અને અં.**૩૯ના આધારે આગળ જોઈશું. એમાંથી અહીં અમુક સંદર્ભો જોઈએ :

અં.૨૭ – ''માયિક વિષયમાં ભિન્ન-ભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે... માયિક સુખ છે તે નાશવંત છે.''

વર.૯ – ''માયિક સુખ છે તે બહુકાળ ભોગવ્યું હોય તોપણ અંતે ક્ષણ જેવું જણાય છે.''

મ.૧ – ''માયિક જે વિષયસંબંધી સુખ છે તે તો સર્વે નાશવંત છે.''

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''મહારાજ મળ્યા તોપણ જીવને વિષયમાં માલ મનાણો છે. પણ મહારાજ આગળ આ સુખ તે સડેલા કૂતરા જેવું છે. તે પ્રકૃતિપુરુષ સુધી એવું છે.'' *(૧૩/૧૯૪)*

યોગીજી મહારાજ કહે છે : ''શેરડીનો રસ કાઢી લઈને વાંહે શું વધે ? કૂચા ! તે ગધેડા ચાટે. મહારાજે ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી કૂચા કહી દીધા.

સ્વામીએ વાતમાં તેને રાખનાં પડીકાં ને ઢૂંસાં કહ્યાં છે. રાંધી લીધું, પછી વાંહે શું વધે ? રાખ ! તેમ આ જગત બધું એવું છે.''

હવે કદાચ આપણને પંચ વિષયમાં અત્યારે જે સુખ આવે છે તે અલ્પ નહિ, પરંતુ ખૂબ જ આવતું હોય, તોપણ યાદ રાખીએ કે અંતે તે અપાર દુ:ખનું કારણ છે. રસ્તા પર વાહનની ઝડપ ઘટાડવાનો ઉપદેશ આપતું એક વાક્ય ઘણી જગ્યાએ લખેલું હોય છે : 'ઝડપની મજા અંતે મોતની સજા.' આ ઘણીવાર વાંચીએ છીએ, પરંતુ જો સમજાય અને મનાય તો ઝડપ ઘટી જાય. બધા જ અનુભવ આપણે કરવાના નથી હોતા. બીજાના અનુભવથી ઘણું શીખવાનું હોય છે. સાપ, વીંછી કે સિંહથી જે નુકસાન થાય છે તેનો અમને જાત અનુભવ થાય તો જ અમે માનીએ એમ માનવું એ મૂર્ખામી છે. ઝેર પીવાથી જે નુકસાન થાય છે એનો અનુભવ થયા વગર અમે તો ઝેર પીવાના જ એવું માનનારા શું ડાહ્યા કહેવાય ?

ભલે કદાચ આપણને હમણાં પંચ વિષયમાં સુખ લાગતું હોય, પરંતુ અંતે તો એ દુ:ખનું કારણ બને છે. પંચ વિષયની આસક્તિએ જ આપણને અનંત જન્મો લેવરાવીને અનંત દુ:ખો ભોગવાવ્યાં છે. ભલે એ આપણને યાદ નથી, પરંતુ શાસ્ત્રોનાં, ભગવાન અને ગુણાતીત સંતોનાં વચનો ખોટાં નથી. તેઓ તો ત્રિકાળજ્ઞાની છે, સર્વજ્ઞ છે અને જીવોના હિતાર્થે એમને અનંત પ્રકારનાં દુ:ખોમાંથી બચાવી લેવાનાં આ વચનો છે. આ પ્રકારનાં વચનોમાં અતિશય શ્રદ્ધા અને અતિ દૃઢ વિશ્વાસ આવે તો **વચ. સા.૯** પ્રમાણે છતે દેહે બ્રહ્મરૂપ થવાય, એટલે કે જીવમાંથી વાસના-અવિદ્યા નિર્મૂળ થઈ જાય.

પંચ વિષયમાં આસક્તિ કે તૃષ્ણાને લીધે અનંત પ્રકારનાં દુ:ખ ભોગવવાં પડે છે. તેવું જણાવતા કેટલાક સંદર્ભો આપણે અગાઉ જોયા છે. આ વિષે બીજા સંદર્ભો અહીં જોઈએ :

સા.૧ – ''વિષયસુખ તો કેવળ દુ:ખરૂપ જ છે.''

અં.૨૭ – ''માયિક વિષયમાં ભિન્નભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત ને અંતે અપાર દુ:ખનું કારણ છે.''

શ્રીજીમહારાજ વેદરસમાં લખે છે : ''હે પરમહંસો ! જેટલા પદાર્થ સંપદારૂપ ભાસે છે, તે સર્વે આપદારૂપ છે. એમને વિષે લગાર પણ સુખ નથી. અને જ્યારે એમનો વિયોગ થાય છે, ત્યારે કાંટાની પેઠે ખૂંચે છે. અને

જ્યારે ઇન્દ્રિયોના ભોગની પ્રાપ્તિ થાય ત્યારે રાગ-દ્વેષે કરીને તે ભોગ જે તે એ પુરુષને બાળે છે અને જ્યારે પ્રાપ્તિ નથી થાતી ત્યારે તૃષ્ણાએ કરીને બાળે છે. તે સારુ ભોગ દુઃખરૂપ છે; ને માયામય છે. અને વળી, જેમ પથરાની શિલાને વિષે છિદ્ર નથી થાતું, તેમ ભોગરૂપ દુઃખની શિલાને વિષે લગાર પણ સુખરૂપ છિદ્ર નથી.

જેમ ખાઈ લીલા તૃણે કરીને ઢંકાણી છે, તેને દેખીને મૂરખ મૃગલાં દોડે છે; અને જ્યારે તેને ઢૂંકડાં જાય છે ત્યારે તે ખાઈને વિષે પડે છે અને દુઃખને પામે છે. તેમ મૂરખ જે તે ભોગોને સુખરૂપ જાણીને ભોગવવાની ઇચ્છા કરે છે અને જ્યારે ભોગવે છે ત્યારે જન્મ-જન્માંતરરૂપી ખાઈને વિષે પડે છે ને દુઃખ પામે છે. હે પરમહંસો ! ભોગરૂપી ચોર છે તે અજ્ઞાનરૂપ રાત્રિને વિષે આ પુરુષને જ લૂટે છે અને આત્મજ્ઞાન સંબંધી જે ધન છે તેને લૂંટી લઈ જાય છે, ત્યારે એ પુરુષ જે તે દેહાત્મવાદી થાય છે. અને આત્મજ્ઞાનરૂપી ધનને વિયોગે કરીને એ પુરુષ જે તે મહાદીન થઈ જાય છે. અને જે ભોગ સારુ એ પુરુષ યત્ન કરે છે તે સર્વે ભોગ દુઃખના દેતલ છે, પણ શાંતિ નથી કરતા.'' *(વેદરસ, પૃષ્ઠ : ૮)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ, એ વાત પણ એક જાણી રાખવી.'' *(૧/૨૫)*

◆ ''વિષય ભોગવવા સારા લાગે છે, પણ તેનું ફળ દુઃખ છે. ને સારા વિષય ને નરસા વિષય એ બેય નાશવંત તો છે, પણ નરસામાં દુઃખ છે ને દોષ નથી ને સારામાં દુઃખ ને દોષ બેય છે.'' *(૨/૧૧)*

◆ ''સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ છે. જેમ શેરડીના સાંઠામાં ઇયળ પડે તે સુખ માને છે, પણ ચિચોડામાં ભૂકા નીસરશે. ને કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ ને પછી બંધૂકની ગોળિયું ખાવાની છે તેમ.'' *(૨/૪૭)*

◆ ''આ લોક તો દુઃખરૂપ છે... ને વિષયમાં તો કેવળ દુઃખ જ છે.'' *(૬/૨૨૬)*

આ વચનોમાં અતિ દૃઢ વિશ્વાસ રાખીને પંચ વિષય દુઃખરૂપ જ છે. એમાં આસક્તિ કે વાસનાને લીધે અનંત પ્રકારનાં દુઃખો ભોગવવાં પડશે જ

એવું માનીએ તો પંચ વિષયમાંથી તુરત જ વૃત્તિ પાછી વળે. શ્રીજીમહારાજ કહે છે :

લો.૧૦ – "જે પદાર્થને અત્યંત દુઃખદાયી જાણીને મનન થયું હોય, પછી તે મનને કરીને તે પદાર્થને વિષે અત્યંત દોષ જણાય છે. તે દોષનો મનમાં વિચાર થઈને જીવમાં તે દોષ પ્રવેશ કરે છે અને જીવથી પર જે સાક્ષી તેણે પણ તે દોષનું પ્રમાણ કર્યું છે, તેણે કરીને એ દોષની અતિ દઢતા થઈ છે. માટે પદાર્થને વિષે જ્યારે ઇન્દ્રિયની વૃત્તિ જાય છે ત્યારે તે વૃત્તિ ભેળે મન તથા જીવ એ બેય આવે છે, પણ જીવમાં જે અતિશય દોષની દઢતા છે તે દોષની સેડ્ય મન-ઇન્દ્રિયોને વિષે સોંસરી નીસરે છે. માટે તે પદાર્થ યથાર્થ દેખાય ને જાણ્યામાં આવે, પણ તેને વિષે અત્યંત અભાવ આવી જાય છે. જેમ દૂધ-સાકરનું પાત્ર ભર્યું હોય ને તેમાં સર્પે લાળ નાંખી હોય ને તેને નાંખતાં દીઠી હોય, પછી તે દૂધ જેવું પૂર્વે દેખાતું હતું તેવું ને તેવું જ દેખાય પણ તેનો અતિ અભાવ હૈયામાં વર્તે છે. કેમ જે, એણે એમ જાણ્યું છે જે, 'એને પીવે તો તત્કાળ પ્રાણ જાય."

વર.૧૭ – "માયિક જે પંચ વિષય તેને ભોગવવે કરીને જીવને નરકના કુંડની પ્રાપ્તિ થાય છે ને મહાદુઃખ ભોગવવાં પડે છે, તેને પણ જાણે. અને એમ જાણે ત્યારે એને પંચ વિષયનો અતિશય અભાવ આવે છે ને એને વિષે વૈરબુદ્ધિ થાય છે. પછી જે સાથે જેને વૈર થયું તેને, તેને વિષે કોઈ રીતે પ્રીતિ થાય જ નહિ."

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "પાયા વિનાનું સોનાનું મકાન હોય કે સ્ફટિક મણિનું હોય તોપણ જેને જીવવાનો લોભ હોય તે તેમાં રહેવાની ઇચ્છા રાખે નહિ. તેમ આખા બ્રહ્માંડનાં સુખ મળે તોપણ જેને જન્મ-મરણનો ભય હોય, તેને તે કોટિ વીંછીના ડંખ જેવા લાગે." *(પૂર : ૮, તરંગ : ૯)*

◆ "કોઈ રૂપવાન માણસ હોય અને તે રોગે કરીને અત્યંત કુરૂપ બની જાય, પછી તેમાં જેવી અરુચિ થાય તેટલી અરુચિ ફાવે તેવા સરસ રસ હોય, પણ તેની ઊલટી થઈ જાય ત્યારે તે ઊલટી કરેલા રસમાં થાય છે. તેમ દરેક વિષયનો વસ્તુતઃ જો વિચાર કરીએ તો દુઃખરૂપ દેખાય છે. વિષયમાં દોષ દેખતાં શીખે ત્યારે તેમાં પ્રીતિ રહે નહિ." *(પૂર : ૧૭, તરંગ : ૯૭)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સોમલખારનું દૃષ્ટાંત જે, ગમે એવો હેતુ હોય ને તે કહેશે જે, બે પૈસાભાર ખાઓ, તોપણ તે મનાય નહિ, તેમ વિષયનું રૂપ છે એવું જણાય, તો ભોગવાય નહિ." *(૨/૧૩૯)*

◆ "જન્મ, મરણ ને ગર્ભવાસનાં દુઃખનું જેને અનુસંધાન હોય તેને વિષય ઝેર જેવા થઈ જાય." *(૯/૩૨૬)*

◆ "વિષયમાં દોષ દેખ્યા વિના વિષય ટળનાર જ નથી. માટે દોષ-ધ્યાન કરશું ત્યારે થાશે." *(૧૩/૨૨૬)*

◆ "વિષયના રાગ હૈયામાંથી કાઢી નાખવા. હૈયામાંથી રાગ ક્યારે નીકળે ? જ્યારે વિષયના દોષ જીવમાં ઊતરે ત્યારે ખરેખરા રાગ ટળે. તે જેમ સ્વપ્નામાં સર્પ દેખાય તો ભગાય છે. તે શું જે, તેનો દોષ જીવમાં ઊતર્યો છે." *(૧૪/૮૩)*

◆ "ઉત્તમ ભોગમાં રાગ કેમ ટળે ? ત્યારે કહ્યું જે, એમાં દોષ જુવે, ચોરાશીના દુઃખને જાણે, દેહના સ્વરૂપને જાણે ને વિષયના રૂપને જાણે, ત્યારે એમાં કંઈ માલ ન જણાય. પછી રાગ ટળી જાય." *(૧૪/૧૦૮)*

(iii) પંચ વિષયના ભોગની અતૃપ્તિ

સાધકે વિચાર કરવો જોઈએ કે પંચ વિષયો ભોગવવાથી કોઈ કાળે તૃપ્તિ થાય તેમ નથી. શ્રીજીમહારાજ કહે છે :

મ.૪૭ – "પંચ વિષય છે તે તો પૂર્વે દેવ-મનુષ્યાદિકને વિષે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે તોપણ હજી લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી, તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ કે બે વર્ષ કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહિ. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ, તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ... માટે આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું પણ અશુભ વાસના સોતાં મરવું નહિ."

અં.૧૪ – "જો વિવેક હોય તો એમ વિચાર થાય જે, 'મારે તો બ્રહ્મચર્યવ્રત છે, તોપણ સ્ત્રીનાં સુખની તૃષ્ણા હૃદયમાંથી ટળતી નથી તે એ બહુ ખોટું છે. અને તે સ્ત્રીનું સુખ તો ચોરાશી લાખ યોનિમાં જ્યાં જ્યાં

જન્મ ધર્યા ત્યાં ત્યાં સર્વત્ર પ્રાપ્ત થયું છે, તે પણ મનુષ્યદેહથી અધિક પ્રાપ્ત થયું છે... આ જીવે કેટલીક વાર દેવતા થઈને દેવલોકનાં પણ સુખ ભોગવ્યાં છે ને કેટલીક વાર ચક્રવર્તી રાજા થઈને પૃથ્વીમાં પણ અનંત સુખ ભોગવ્યાં છે, તોપણ એ જીવને સ્ત્રીઆદિક જે પદાર્થ છે તેને ભોગવ્યાની તૃષ્ણા ટળતી નથી.''

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : ''જીવને વિષય-રૂપી અસાધ્ય રોગ વળગેલો છે, તે જ્યાં જ્યાં જન્મે ત્યાં ત્યાં સાથે જ રહે છે. દરેક યોનિમાં વિષયો ભોગવે છે, છતાં અગ્નિમાં ઘી અને કાષ્ઠ હોમવાથી જેમ અગ્નિ વધુ ને વધુ પ્રદીપ્ત થાય તેમ વિષયોનું સેવન કરવાથી તેની કામનાઓ વધતી જાય છે.'' *(પૂર : ૧૪, તરંગ : ૬૯)*

પુત્ર પાસે યુવાની લઈને વર્ષો સુધી વિષયો ભોગવ્યા પછી પોતાના અનુભવના આધારે યયાતિ રાજા આ જ હકીકત દેવયાનીને કહે છે :

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

વિષયભોગની તૃષ્ણા વિષયોનું સેવન કરવાથી કદી શાંત થતી નથી પણ ઊલટી ઘી નાખવાથી અગ્નિ વધે તેમ અધિકાધિક વધતી જાય છે.

(ભાગવત : ૯/૧૯/૧૪)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''પડછાયાને પુગાય નહિ, તેમ વિષયનો પાર આવે તેમ નથી.''

(૧/૨૨૯, ૫/૧૯૧)

◆ ''વિષય ભોગવવાનો કોટિ કલ્પથી ખાડો પડેલો છે, તે પુરાય તેવો નથી.'' *(૫/૨૦૮)*

◆ ''વિષયનો અંત આવે તેમ નથી.'' *(૫/૨૩૯)*

◆ ''કરોડ જન્મ થયા વિષય ભોગવ્યા છે પણ તેનો અંત નથી આવ્યો.''

(૧૪/૧૩૯)

◆ ''વિષયનો તો કોઈને ઓડકાર આવ્યો નથી ને આવશે પણ નહિ.''

(૧૪/૧૪૫)

આ રીતે, જો સાધક ઉપરોક્ત ત્રણેય વિચાર વારંવાર કરીને તેનું શ્રવણ-વાંચન, મનન અને નિદિધ્યાસન કરે તો આ સાંખ્ય વિચારની દઢતા

થાય. અને એના પરિણામે, પંચ વિષયો પ્રત્યેની ઝંખના ધીરે ધીરે ઓછી થતી જાય અને અંતે ટળી જાય.

(૪) આત્મનિષ્ઠા

અજ્ઞાનવશ થઈને દેહને પોતાનું રૂપ માનવાથી જ પંચ વિષયમાં આસક્તિ રહે છે.

મુક્તાનંદ સ્વામી એમના કીતર્નમાં કહે છે :

'જ્યાં લગી દેહને હું કરી માનશે, ત્યાં લગી ભોગ-વિલાસ ભાવે.'

તેથી વિષયવાસના ટાળવા માટે દેહથી પૃથક્ એવા પોતાના આત્માના જ્ઞાનની જરૂરિયાત છે. આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીને આત્મા પોતે જ સુખરૂપ છે અને તે બીજા કોઈ પંચ વિષય કે પદાર્થથી સુખી થઈ શકે તેમ નથી. તેની દઢતા કરવાથી પણ વિષયવાસના ટળે છે.

શ્રીજીમહારાજ કહે છે :

સા.૧ – "એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે... આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે,' એવી રીતે જ્યારે દેહ થકી પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશય વિલક્ષણ સમજે, ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહિ. એવી રીતે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે."

આ જ પ્રમાણે શ્રીજીમહારાજ **વચ. લો.૧૦** અને **૧૭**માં પણ આત્મ-જ્ઞાનની દઢતાએ કરીને વિષય થકી નિર્લેપ અને અવિકારી રહેવાય છે એમ સમજાવે છે.

આ રીતે આત્મવિચાર દ્વારા આત્મનિષ્ઠાની દઢતા થાય તો પંચ વિષયમાંથી આસક્તિ ટળે છે. તેથી જ તો શ્રીજીમહારાજ **વચ. સા.૪**માં આત્મા-અનાત્માની ચોખ્ખી વિક્તિ સમજવાનો આગ્રહ કરતાં કહે છે :

"એક શ્લોકે કરીને અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખું સમજાય તે ઠીક છે, જે સમજાણા કેડે આત્મા-અનાત્માના એકપણાનો લોચો જ રહે નહિ.

અને ચોખું સમજાઈ જાય તે જ સમજણ સુખદાયી થાય છે અને ગોબરી સમજણ સુખદાયી થતી નથી. માટે એમ ચોખું સમજે જે, 'હું આત્મા તે મારા જેવો ગુણ દેહને વિષે એકેય આવતો નથી. અને જડ, દુઃખ અને મિથ્યારૂપ જે દેહ તેના જે ગુણ, તે હું ચૈતન્ય તે મારે વિષે એકેય આવતો નથી.' એવી વિક્તિ સમજીને ને અત્યંત નિર્વાસનિક થઈને ચૈતન્યરૂપ થકો પુરુષોત્તમ ભગવાનનું ચિંતવન કરે, એવો જે જડ-ચૈતન્યનો વિવેક તેને દઢ વિવેક જાણવો.. માટે અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખો આત્મવિચાર કરવો."

અગાઉ જણાવેલ પંચ વિષયના સાંખ્ય વિચાર સાથે આત્માના વિચાર દ્વારા વિષયમાંથી કેવી રીતે વૃત્તિ પાછી વળે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. સા.૧૨**માં કહે છે : "એક તો જે વિષયને આકારે ઇન્દ્રિયો થયાં હોય તે વિષયને આકારે વિચાર (એટલે કે વિષયો દુઃખરૂપ છે એવો વિચાર) કરવો અને બીજો તે ઇન્દ્રિયોના ગોલકને વિષે જે જોનારો દ્રષ્ટા છે તે દ્રષ્ટાના આકારે વિચાર કરવો. પછી વિષયને આકારે ને દ્રષ્ટાને આકારે એ બે પ્રકારે જે વિચાર છે તે એક થઈ જાય છે, પછી તે વિષયમાંથી વૃત્તિ અતિશય તૂટી જાય છે. અને એમ વિચાર્યા વિના જો બલાત્કારે કરીને વિષયમાંથી વૃત્તિને તોડે તો તે વૃત્તિને વિષયમાં પ્રીતિ મટે નહિ અને જ્યારે વિચારીને વૃત્તિને પાછી વાળે ત્યારે તે વૃત્તિ પાછી વિષયમાં જોડાય જ નહિ."

વળી, મહારાજ **વચ. મ.૨**માં સમજાવે છે :

"જેમ ઉદરમાં રોગ થયો હોય તે તો ઉદરમાં ઔષધ જાય ત્યારે જ ટળે. તેમ પ્રથમથી જે ઇન્દ્રિયો દ્વારે કરીને વિષય અંતઃકરણમાં ભરાયા હોય તે તો આત્મવિચારે કરીને ટાળવા. તે આત્મવિચાર એમ કરવો જે, 'હું આત્મા છું ને મારે વિષે ઇન્દ્રિયો-અંતઃકરણનો સંબંધ નથી,' એમ દઢ વિચાર કરીને અને તે ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ ધારીને અને પોતાના આત્મ-સુખ વતે કરીને પૂર્ણ રહેવું... એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દઢ ઉપાય છે."

આત્મનિષ્ઠાની દઢતાથી અર્થાત્ આત્મારૂપ કે બ્રહ્મરૂપ થવાથી વિષય-વાસના ટળે છે તેની સ્પષ્ટતા આપણે વચનામૃત અને સ્વામીની વાતોના અનેક સંદર્ભો દ્વારા અગાઉ એકાંતિક ધર્મના નિરૂપણની અંતર્ગત

'આત્મનિષ્ઠા' ના નિરૂપણ વખતે કરી ચૂક્યા છીએ. કેટલાક વિશેષ સંદર્ભો અહીં પણ આગળ જતાં જોઈશું.

(૫) પરમાત્મનિષ્ઠા

પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના સ્વરૂપની યથાર્થ દઢ નિષ્ઠા થાય એટલે કે માહાત્મ્યજ્ઞાને સહિત એમના સ્વરૂપનો દઢ નિશ્ચય થાય તો જીવમાંથી પંચ વિષય પ્રત્યેની આસક્તિ અને વિષયવાસના નિર્મૂળ થાય છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :

પ્ર.૨૪ – "જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટમાત્ર ટળી જાય છે. જેમ લીંબુની એક ચિર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય, પણ હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહિ ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ. તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે... જેને યથાર્થ ભગવાનનો નિશ્ચય ન હોય ને યથાર્થ ભગવાનનો મહિમા જણાણો ન હોય તેનાં ઈન્દ્રિયો તથા અંતઃકરણ તે પોતપોતાના વિષય થકી યથાર્થપણે નિવૃત્તિ પામતાં નથી."

મ.૧૩ – "જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચ વિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચ વિષયમાં ક્યાંક પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે."

એક રૂપિયાના બદલામાં જો કરોડ રૂપિયા મળવાના હોય તો એક રૂપિયામાં આસક્તિ રહે ? ના જ રહે. એક કેરીના બદલામાં જો સોનાનો કીમતી હાર મળવાનો હોય તો એક કેરીમાં પ્રીતિ રહે ? ના જ રહે. આમ, સામાન્ય વસ્તુ કરતાં કંઈક વિશેષ વસ્તુ મળવાની હોય તો વ્યક્તિને સામાન્ય

વસ્તુમાંથી વૃત્તિ પાછી વળી જાય છે.

જીવના આ સાહજિક સ્વભાવની વાત કરીને પંચ વિષયમાંથી રાગ ટાળવાનો ઉપાય સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. મ.૧૦**માં કહે છે : ''જીવ-માત્રનો એવો સ્વભાવ છે જે, 'સારું પદાર્થ દેખે ત્યારે તેથી ઊતરતું જે પદાર્થ હોય તેમાંથી સહેજે જ પ્રીતિ ટળી જાય છે.' માટે ભગવાનનું જે અક્ષરધામ છે ને તેને વિષે જે સુખ છે, તેની આગળ જે આ માયિક સુખ છે તે તો નકલ જેવું છે અને અચળ સુખ તો ભગવાનના ધામને વિષે જ છે. માટે પરમેશ્વરની વાત સાંભળતાં સાંભળતાં જો ભગવાન સંબંધી સુખ ઓળખાય તો જેટલું માયા થકી ઉત્પન્ન થયું છે તે સર્વે તુચ્છ જણાય. જેમ ત્રાંબાનો પૈસો કોઈક પુરુષના હાથમાં હોય તેને જ્યારે તે પૈસા માટે સોનામહોર કોઈ આપે ત્યારે ત્રાંબાના પૈસામાંથી હેત ઊતરી જાય છે, એવી રીતે જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વ થકી વૈરાગ્ય પામે છે અને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે.''

પંચ વિષયનાં સુખ કરતાં ભગવાનનું સુખ અધિક અને વિશિષ્ટ છે એમ સમજાય તો વિષયમાં આસક્તિ ન રહે એમ મહારાજ નીચેનાં વચનામૃતોમાં સમજાવે છે :

પ્ર.૬૦ – ''ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણ્યું જોઈએ જે, 'ભગવાન વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે. માટે એવા ભગવાનને પામીને તુચ્છ વિષયનાં સુખમાં હું શું પ્રીતિ રાખું ?' એવી રીતે ભગવાનના મહિમાનો વિચાર કરે... એવી રીતે ભગવાનનો મહિમા જાણીને વાસનાએ રહિત થાય છે.''

સા.૧ – ''તે ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે. એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે, તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઇચ્છું ? અને વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે.''

લો.૧૭ – "ભગવાન તે આવા છે ને આવો એ ભગવાનનાં ભજન, સ્મરણ, કથાવાર્તાને વિષે માલ છે અને અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ સંબંધી સુખ તે આવું છે તથા પ્રકૃતિપુરુષ સંબંધી સુખ તે આવું છે અને બ્રહ્મલોક સંબંધી સુખ તે આવું છે ને સ્વર્ગનું સુખ તે આવું છે તથા રાજ્યાદિકનું સુખ તે આવું છે.' એવી રીતે એ સર્વનાં સુખનું અનુમાન કરીને અને ભગવાનનાં સુખને સર્વથી અધિક માનીને, જે ભગવાનને વિષે જોડાણો હોય તેને એવો કયો પદાર્થ છે તે ભગવાનનાં ચરણારવિંદથી પાડે ?"

લો.૧૮ – "ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે ને... અતિશય સુખસ્વરૂપ છે. અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક-પરલોક સંબંધી જે પંચ વિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિનાં સુખ આગળ તુચ્છ થઈ જાય છે."

પં.૧ – "પશુનાં સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.

એવી રીતે ભગવાનનાં સુખને અતિશય જાણીને બીજાં જે જે પંચ વિષયનાં સુખ તેને વિષે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે. અને તે ભગવાનનાં સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે."

મ.૫૭ – "જ્યારે ભગવાનની મોટ્યપ સામું જોઈએ ત્યારે તો એવું કોઈ પદાર્થ છે નહિ જે 'તેની કોટિમા ભાગના પાશંગમાં પણ આવે.' એવા ભગવાનને યથાર્થ જાણીને જો હેત કર્યું હોય, તો માયિક પદાર્થ જે પિંડ-બ્રહ્માંડાદિક તેમાં ક્યાંય પણ પ્રીતિ રહે નહિ, માયિક પદાર્થ સર્વે તુચ્છ થઈ જાય."

વર.૧૬ – "ભગવાનના ભજનનાં સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે. માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરકતુલ્ય ભાસે છે."

વર.૧૯ – "ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ

પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ. શા માટે જે, ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચ વિષયનું સુખ છે તે તો નરક જેવું છે. અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમસુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે. તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચ વિષયનાં સુખને ઇચ્છવું નહિ.... જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગ-સુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ.''

અં.૨૮ – ''એ ભગવાનના સ્વરૂપને જેણે એમ જાણ્યું હોય જે, 'સર્વ સુખમય મૂર્તિ તો એ ભગવાન જ છે ને બીજે પંચ વિષયમાં જે સુખ તે તો એ ભગવાનના સુખનો કિંચિત્ લેશ છે.' એમ ભગવાનને માહાત્મ્યે સહિત જે સમજ્યો હોય તે કોઈ પદાર્થમાં બંધાય જ નહિ. અને 'એ ભગવાનના ધામનાં સુખ આગળ બીજા લોકનાં જે સુખ તે તો નરક જેવાં છે,' એમ મોક્ષધર્મમાં કહ્યું છે. આવી રીતે ભગવાનના ભક્તને સમજવું.''

અં.૩૯ – ''પ્રાકૃત વિષયસુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે તથા પૃથક્ પૃથક્ છે અને જે ભગવાન છે તે તો સર્વે સુખમાત્રના રાશિ છે. ને ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે ને મહાઅલૌકિક છે... ભગવાને બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચ વિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે. ને પોતાને વિષે જે સુખ છે તે તો મહામોટું છે... એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણીને તથા ભગવાનને સુખમય મૂર્તિ જાણીને બીજા સર્વ પદાર્થમાં વૈરાગ્ય થાય છે ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે.''

આ રીતે પંચ વિષયનાં સુખ કરતાં ભગવાનનું સુખ અતિશય ઉત્કૃષ્ટ, શાશ્વત અને અપાર છે, એમ જો જીવને સમજાય તો જીવની વૃત્તિ સહજપણે માયિક પંચ વિષયમાંથી નિવૃત્તિ થાય છે. વળી, શ્રીજીમહારાજ **વચ. મ.૧** અને **અં.૨૭**માં કહે છે કે માયિક વિષયમાં ભિન્ન-ભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત ને અંતે અપાર દુઃખનું કારણ છે. ભગવાનમાં તો સર્વ વિષયનું સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહાઅલૌકિક છે ને અખંડ, અવિનાશી છે. ભગવાનનાં એક દર્શનમાત્ર કરે

તોપણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય છે. માટે જે મુમુક્ષુ હોય તેને માયિક વિષયમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય પામીને અલૌકિક સુખમય એવી જે ભગવાનની દિવ્ય મૂર્તિ તેને વિષે સર્વ પ્રકારે જોડાવું.

આ રીતે ભગવાનનાં સુખનું અતિશયપણું જણાવાથી જીવની વૃત્તિ માયિક પંચ વિષયમાંથી નિવૃત્ત થાય છે.

નીચે જણાવેલ વચનામૃતોમાં આત્મનિષ્ઠા અને ભગવાનના મહિમાના સંયુક્ત વિચારથી વાસના ટળે છે તે મહારાજે સમજાવ્યું છે :

સા.૧ – "એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે. અને એવી રીતે જે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રકટે તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે. અને જેણે એવી રીતે સમજીને વિષયસુખનો ત્યાગ કર્યો તેને પાછી વિષયમાં પ્રીતિ થાય જ નહિ."

લો.૧૦ – "એવી રીતે પોતાના સ્વરૂપનું તથા પરબ્રહ્મના સ્વરૂપનું જેને જ્ઞાન છે, તેને ગમે તેવા સુંદર વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને કાંઈ લેશમાત્ર પણ તેનું મન વિકારને પામે નહિ. અને અવશ્ય જે શબ્દાદિક વિષય ગ્રહણ કર્યા જોઈતા હોય તેને ગ્રહણ કરે પણ તે વિષયને આધીન થઈ જાય નહિ, સ્વતંત્રપણે ગ્રહણ કરે. જેમ કરોળીઓ પોતાની લાળને વિસ્તારીને પાછી સ્વતંત્રપણે ગળવી ઘટે ત્યારે ગળી લે છે, તેમ એવો જે જ્ઞાની તે પોતાની ઇન્દ્રિયોની વૃત્તિને વિષયમાં પ્રસારીને પાછો સ્વતંત્ર થકો સંકેલી લે છે.

અં.૩૯ – "એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયાં હોય ને તે જો ગમે તેવા પંચ વિષય સંબંધી સુખમાં કદાચિત્ બંધાઈ ગયો હોય તોપણ તેમાં બંધાઈ રહે નહિ, તેને તોડીને નીકળે જ રહે છે. અને જે વિષયનાં સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને તે ન બંધાય એમાં તે શું કહેવું ? માટે એ બે પ્રકારનાં જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો.... જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઇન્દ્રિયોને વિષયભોગની ઇચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વ નીકળી જાય, કહેતાં વિષયભોગમાંથી એની ઇન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે."

ઉપરોક્ત ત્રણ મુદ્દામાં સાંખ્યનિષ્ઠા, આત્મનિષ્ઠા અને પરમાત્મ-

નિષ્ઠાથી વિષયવાસના ટળે છે એમ આપણે સમજ્યા. શ્રીજીમહારાજે આ ત્રણેયના સંયુક્ત વિચારથી વાસનાની નિવૃત્તિ થાય છે એમ **વચ. પ્ર.૬૦, મ.૧, લો.૧૦** વગેરે વચનામૃતોમાં કહ્યું છે.

(૬) માહાત્મ્યજ્ઞાને સહિત ભગવાનની એકાંતિક ભક્તિ

મહારાજ નીચેનાં વચનામૃતોમાં વાસના ટાળવા માટે માહાત્મ્યજ્ઞાને સહિત એકાંતિકી ભક્તિ બતાવે છે :

સા.૫ – "માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે."

લો.૧૬ – "આત્મનિષ્ઠારૂપ એવું જે જ્ઞાન તથા પ્રકૃતિનાં કાર્ય એવા જે પદાર્થમાત્ર તેને વિષે અનાસક્તિરૂપ એવો જે વૈરાગ્ય તથા બ્રહ્મચર્યાદિકરૂપ જે ધર્મ તથા માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ – એ ચાર વાનાં જેમાં સંપૂર્ણ હોય તેને વાસના નિર્મૂળ થઈ જાય છે."

અં.૨૦ – "આત્મનિષ્ઠા સહિત ભક્તિ કરવી એ જ વાસના ટાળ્યાનો ઉપાય છે."

અં.૨૨ – "જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચ વિષયને વિષે પ્રીતિ ટળી જાય છે."

જેત.૩ – "માહાત્મ્યે સહિત ને ધર્મે સહિત ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે, ત્યારે ભગવાન તેના હૃદામાં નિવાસ કરીને દુર્વાસનાને નાશ પમાડે છે."

આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં ભક્તિનાં નિરૂપણ વખતે જોયેલું કે ભક્તિમાં એક પ્રકાર તરીકે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા પણ છે. 'ભક્તિ' અંતર્ગત સેવાનું નિરૂપણ કરતી વખતે આપણે **વચ. મ.૨૫**ના આધારે સમજ્યા છીએ કે ઉકાખાચરની જેમ સેવા કરવાનું વ્યસન પડે તો અંતઃકરણની સર્વે મલિન વાસના નાશ પામી જાય છે.

વળી, ભક્તિના વિવિધ પ્રકારોમાં 'કથાશ્રવણ' પણ એક પ્રકારની ભક્તિ છે.

'ભક્તિ' અંતર્ગત 'કથાશ્રવણનું' નિરૂપણ કરતી વખતે આપણે **વચ. કા.૧૨**ના આધારે સમજ્યા છીએ કે આસ્તિક થઈને શ્રદ્ધા અને વિશ્વાસ

રાખીને પ્રીતિએ સહિત ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવાથી મન નિર્વિષય થાય છે.

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "આ જીવ તો વિષયમાંથી નોંખો પડતો નથી ને આ ભજન કરાવીએ છીએ તેમાંથી જરાક પળ, બે પળ નોંખો પડે, તેમાંથી નિર્ગુણભાવને પામી જાય." *(૧/૧૪૧)*

◆ "સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઊડી જાય છે." *(૧/૧૫૩)*

◆ "અંતરમાં ભજન કરવા શીખવું, તેણે કરીને વિષયના રાગ ઓછા થાય છે." *(૨/૩૦)*

(૭) નિયમ-ધર્મ

અહીં સુધી આપણે જોયું કે જગત, આત્મા અને પરમાત્માના જ્ઞાનથી, કે તે દ્વારા ઉદય પામેલા વૈરાગ્યથી અથવા માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિથી પંચ વિષય જિતાય છે, વાસના ટળે છે, પરંતુ આવી દૃઢ જ્ઞાનની સ્થિતિ થવી એ કાંઈ એક દિવસનું કામ નથી. જ્યાં સુધી દૃઢ વૈરાગ્યની કે આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની સ્થિતિ નથી થઈ ત્યાં સુધી જો સાધકને વિષયનો યોગ થાય તો તેનાથી તે નિર્લેપ રહી શકે નહિ. તે વિષયમાં તે લેવાય જાય અને તેમાં તેની બુદ્ધિ ભ્રષ્ટ થયા વગર રહે જ નહિ, આ સિદ્ધાંત-વાર્તા છે (**વચ. પ્ર.૧૮, લો.૧૩, મ.૪,૩૫; અં.૩૩,૩૮**). એટલા માટે સાધકે વિષયથી બચવા માટે તેનાથી દૂર જ રહેવું જોઈએ. વિષયથી દૂર રહેવા માટે નિયમ-ધર્મ ખૂબ સહાયરૂપ બને છે. જીવનનિર્વાહ માટે આવશ્યક વિષય શાસ્ત્રોના નિયમની અંદર રહીને ભોગવવાના છે (**વચ. પ્ર.૮**), પરંતુ શાસ્ત્રથી નિષિદ્ધ વિષયોથી તો દૂર જ રહેવાનું છે તો જ વિષયોથી રક્ષણ થાય. એટલું જ નહિ, પરંતુ જો સાધક શૂરવીર થઈ, પુરુષાતન રાખી, ઇન્દ્રિયોને મરોડીને નિયમમાં વર્તાવે તો તેને વિષયો જીતવામાં પણ મદદરૂપ થાય છે.

અગાઉ '**વચનામૃત રહસ્ય : ભાગ-૪**'માં આપણે એકાંતિક ધર્મના નિરૂપણ વખત 'સ્વધર્મ'ના નિરૂપણમા **વચ. મ.૧૬** અને **અં.૩૪**ના આધારે

સમજ્યા છીએ કે જો સાધક પરમેશ્વરે કહ્યા એવા નિયમમાં ખબડદાર થઈને રહે તો પંચ વિષય પ્રત્યેની ઇન્દ્રિયોની તીક્ષ્ણતા ઓછી થાય છે, પંચ વિષય જિતાય છે.

વળી, શ્રીજીમહારાજ **વચ. મ.૨**માં આવો જ ઉપાય સૂચવતાં કહે છે :

"વિષય ટાળ્યાનું એ જ ઔષધ છે જે, ત્વચાએ કરીને સ્ત્રીઆદિક પદાર્થનો સ્પર્શ તજવો અને નેત્રે કરીને તેનું રૂપ ન જોવું અને જિહ્વાએ કરીને તેની વાત ન કરવી અને કાને કરીને તેની વાત ન સાંભળવી અને નાસિકાએ કરીને તેનો ગંધ ન લેવો, એવી રીતે પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો ત્યાગ દૃઢ રાખે તો બાહેરથી વિષયનો પ્રવાહ માંહીલી કોરે પ્રવેશ કરે નહિ. જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય, પછી તેને ગોદડાંના ગાભા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય, તેમ બાહ્ય ઇન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય."

આ રીતે વિષયો જીતવા કે વાસના ટાળવા માટે શાસ્ત્રોક્ત નિયમો પાળીને વિષયોથી દૂર રહેવું અત્યંત આવશ્યક છે. તેથી જ મહારાજે વિષયો ટાળવા કે ઇન્દ્રિયોને જીતવા માટે અન્ય ઉપાયોની સાથે એક ઉપાય તરીકે નિયમ-ધર્મ જણાવેલ છે (**વચ. લો.૧,૫,૮; મ.૩૩, ૩૫; અં.૧૧,૩૨**).

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ "કલ્પ આખો સુધી ભગવાનની સામું જોઈને બેસી રહે તોપણ નિષેધ કર્યા વિના વિષય તો ન ટળે." *(૧/૩૭)*

◆ "જેટલું વિષયથી છેટું રહેશે તેટલું જ સારું રહેશે." *(૨/૬૮)*

◆ "વિષયનો પ્રસંગ રાખીને નિર્વાસનિક થવાની આશા તો ન જ રાખવી, એ વાત એમ જ છે." *(૨/૪૨)*

◆ "વિષયનો સંબંધ થયા મોર્ય તો બકરાની પેઠે બીવું ને સંબંધ થઈ જાય તો ત્યાં સિંહ થાવું." *(૨/૧૧૪)*

◆ "આપણે તો વિષયનો ત્યાગ કરવો એ માર્ગ છે." *(૪/૧૭)*

◆ "વિષયનો પરાભવ તો એક પુરુષોત્તમ ને તેના એકાંતિક સાધુ એ બેને જ ન થાય ને તે વિના બીજો કોઈ વિષયથી નિર્લેપ રહે જ નહિ, માટે વિષયથી છેટે જ રહેવું." *(૫/૨૩૫)*

◆ "ઝાઝો પંચ વિષયનો જોગ થાવા દેવો નહીં ને જોગ થયે સમું રહે

તેવું નથી.'' (૬/૨૧૭)

◆ ''મહારાજ કહે, ''વિષયનો સ્પર્શ કરવો જ નહીં, એટલે મન પણ ઇન્દ્રિયું લગણ આવે જ નહિ, માટે વિષયથી છેટે રહેવું... ને મોટા મોટાનો પણ વિષયથી છેટે રહેવાનો જ મત છે.'' (૬/૨૨૫)

◆ ''જો વિષય આજ મૂકીએ તો મુકાય એમ છે, ને મહિને-બે મહિને-વરસે-સો વરસે ને સો જન્મે પણ જે દી' મૂકીએ તે દી' મુકાય એમ છે, ને મૂક્યા વિના અંત્યે છૂટકો નથી, માટે કલમ મૂકી જે, વિષયાન્ વિષવત્ ત્યજેત્ । તે માટે ખબરદાર થઈ જાવું.'' (૬/૨૨૭)

◆ ''ભોગવતા જાય તો વિષય ટળે નહિ. ત્યાગ વિના વિષય ટળે એ વાતની લાલચ ન રાખવી.'' (૧૩/૨૨૬)

◆ ''વિષય સાથે વેર કરવું પડશે ને તેને તજવા પડશે.'' (૧૪/૧૮૪)

◆ ''નિષેધ કર્યા વિના તો કોટિ કલ્પે જીવમાંથી વિષય નીકળવાના નથી.'' (૧૪/૧૯૦)

(૮) મોટાપુરુષનો સંગ, રાજીપો અને અનુગ્રહ

સત્પુરુષના સમાગમ, રાજીપો અને અનુગ્રહથી પણ પંચ વિષય પ્રત્યેની આસક્તિ કે વાસના ટળે છે.

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૮ – ''જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.''

પ્ર.૫૮ – ''અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.''

અં.૧૮ – ''એ જીવને જ્યારે સત્પુરુષનો સંગ થાય છે ત્યારે જેમ જેમ સમાગમ કરતો જાય તેમ તેમ પૂર્વકર્મ સંબંધી જે વાસના તે જૂની થતી જાય,

પછી એને જન્મ-મરણ ભોગવાવે એવી તે વાસના રહે નહિ. જેમ ત્રણ વર્ષની તથા ચાર વર્ષની જે જૂની ડાંગર થઈ, પછી તે જમ્યામાં તો આવે ખરી પણ વાવે તો ઊગે નહિ. તેમ પૂર્વકર્મની વાસના છે તે જીર્ણ થાય ત્યારે જન્મ-મરણને ભોગવાવે એવી રહે નહિ."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "હીરો છે તે કોઈ રીતે ફૂટે નહિ પણ તે માંકડના લોહીથી ફૂટે. તેમ વાસના કોઈ રીતે ટળે નહિ પણ મોટા કહે તેમ કરે, તેનો ગુણ આવે ને એની ક્રિયા ગમે તો તેથી ટળે, નીકર - સાધન તો સૌભરિ આદિકનાં કેવાં ? તોપણ વાસના ટળી નહિ." *(૧/૨૮)*

◆ "કોઈક લોભ મૂકે, સ્વાદ મૂકે, સ્નેહ મૂકે, માન મૂકે, પણ સ્ત્રી તો હૈયામાંથી નીકળે નહિ. ને રૂપ જેવું તો કાંઈ બળવાન નથી ને એ વિષય તો જીવમાત્રમાં રહ્યો છે. તે તો મોટા અનુગ્રહ કરે ત્યારે ટળે પણ તે વિના ટળે નહિ." *(૧/૪૨)*

◆ "સાધન કરી કરીને મરી જાય તોપણ વાસના ટળે નહિ. એ તો મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે છે." *(૧/૭૦)*

◆ "મોટાને વિષે સદ્‌ભાવ એ જ નિર્વાસનિકપણાનો હેતુ છે." *(૧/૧૫૧)*

◆ "મોટા મોટા સર્વે સાધુ હોય અને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આવરદા હોય ને સર્વેનો સંગ કરીને તેના ગુણ શીખે તો સત્સંગ થાય, ને વાસના પણ ત્યારે ટળે એવી છે. અને એ કહ્યા એ સર્વેના ગુણ એકને વિષે હોય એવાનો સંગ મળે તો તો સર્વે ગુણ આવે ને વાસના પણ ટળી જાય. તે સંગ આજ આપણને મળ્યો છે." *(૧/૧૭૦)*

◆ "પૂર્વના સંસ્કારથી વાસના બીજરૂપ છે તે તો મોટાને મન સોંપીને રાજી કરે ત્યારે મોટાના અનુગ્રહથી ટળે છે પણ બીજા કોઈ ઉપાયથી ટળતી નથી." *(૪/૫)*

◆ "મોટાનો રાજીપો થયા વિના વાસનાનું બીજ ટળે નહિ." *(૪/૨૫)*

◆ "મોટાનો સંગ થાશે તેમાંથી વિષય ટળવાના છે, પણ સંગ વિના વિષય કેમ ટળશે ?" *(૪/૧૦૮)*

◆ "મોટા સાધુ સંગાથે માહાત્મ્ય જાણીને જીવ જોડ્યો હોય તો તેનાથી તેની મરજી ઉપરાંત છેટે જાય પણ વિષય ભોગવાય નહિ ને વિષય એને

લોપી શકે નહિ." (૫/૧૮)

◆ "વિષય થકી તો જીવ પોતાની મેળે જુદા પડી શકે જ નહિ ને વિષય મૂકવા જાય તો બમણા બંધાય ને મોટા સાધુ થકી તો વિષયથી જુદું પડાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'દૂધ ને પાણી કોઈથી જુદાં પડે જ નહિ, પણ હંસથી જુદાં પડે છે." (૫/૨૫૪)

અહીં સુધી આપણે પંચ વિષયની આસક્તિ કે વિષય-વાસના ટાળવાના વિવિધ ઉપાયો જોયા. વળી, વિવિધ પ્રકારના પંચ વિષયમાં જતાં ઇન્દ્રિયો, અંતઃકરણને જીતવાનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે :

લો.૫ – "શાસ્ત્રે કરીને તો ભગવાન તથા સંત તેનું માહાત્મ્ય સમજવું; અને સંતથી એમ શીખવું જે, જે રીતે સંત ઇન્દ્રિયોને જીત્યાની યુક્તિ બતાવે જે, 'આવી રીતે નેત્રની દૃષ્ટિ નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્યવાર્તા ન સાંભળવી,' ઇત્યાદિક જે યુક્તિ તે સંતથી શીખવી; અને તે સંતે શીખવી જે યુક્તિ તેને પોતાને વિચારે કરીને પોતાના કલ્યાણને અર્થે સવળી સમજીને માનવી ને તેમ વર્તવા લાગવું; એમ ત્રણે વાનાંએ કરીને ઇન્દ્રિયો-અંતઃકરણ જિતાય છે."

લો.૫ – "ધર્મશાસ્ત્રમાં કહ્યા છે જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ, ચાંદ્રાયણાદિક વ્રત કરે તથા જાણી જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા, કરે તથા ભજન-સ્મરણમાં બેસે તથા આસન જીતે, ઇત્યાદિક સાધને કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાય છે. અને ભગવાનના માહાત્મ્યનો વિચાર ને ભગવાનનું ધ્યાન તથા આત્મનિષ્ઠા એટલે કરીને અંતઃકરણ જિતાય છે."

અં.૧૧ – "વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઇન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે."

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "નિયમ, સદ્‌વિચાર ને સાધુનો સમાગમ એ ત્રણે કરીને પંચ વિષય જિતાય છે. ગુણ, વિનય ને સેવા કરવાનું જેનું અંગ હોય તેને પંચ વિષયમાંથી આસક્તિ મટી જાય છે." (૧૪/૨૧૩)

આ રીતે પંચ વિષયમાંથી આસક્તિ કે વાસના ટાળવાના વિવિધ

ઉપાયો મહારાજે અને ગુણાતીતાનંદ સ્વામીએ બતાવ્યા છે. એમાંથી જેને જે જે ઉપાયો લાગુ પડે એટલે કે જેને જે જે ઉપાયો વાસના ટાળવામાં સહાયરૂપ થતા હોય તેણે તે તે ઉપાયો અજમાવવા જોઈએ. તે તે ઉપાયો પ્રમાણે જો સાધક પ્રાર્થનાપૂર્વક ધીરજ અને શ્રદ્ધા રાખીને પ્રયત્ન કરે તો જરૂર તેને તેમાં સફળતા મળી શકે તેમ છે. કારણ કે જેમણે આ ઉપાયો બતાવ્યા છે તે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે. જેઓ અનાદિ કાળથી માયાપર છે અને તેઓ આપણને સૌને માયાપર કરવા અર્થાત્ આપણા જીવમાંથી વાસના, અજ્ઞાન, અવિદ્યા કે માયા કાઢવા માટે જ આ પૃથ્વી ઉપર આવ્યા છે, આપણા જેવા થઈને આપણી સાથે હેત કર્યું છે, આપણા હિતાર્થે જ પોતાના અનુભવની આ વાતો કરી છે. તેથી તેમણે જે જે ઉપાયો દર્શાવ્યા છે તેમાં સો ટકા અતિશય દૃઢ વિશ્વાસ રાખવાનો છે. આપણને વિશ્વાસ તો છે, પરંતુ જેવો જોઈએ એવો સો એ સો ટકા અતિશય દૃઢ વિશ્વાસ નથી. અધકચરો અર્થાત્ અપૂર્ણ વિશ્વાસ છે, તેથી સાધના કરવા છતાં પૂરતું વળતર મળતું નથી. વિષયવાસના ટળ્યાનો અનુભવ થતો નથી. જો એમનાં વચનોમાં અતિશય શ્રદ્ધા અને અતિ દૃઢ વિશ્વાસ પ્રગટે તો છતે દેહે બ્રહ્મરૂપ થવાય (**વચ. સા.૯**). માટે આવો સંપૂર્ણ અને અતિ દૃઢ વિશ્વાસ રાખીને આળસ-પ્રમાદનો ત્યાગ કરીને સાધકે પુરુષાર્થ કરવાનો રહે છે. જો સાધક પુરુષાર્થ કરે તો ભગવાનની કૃપા તેના પર વરસે છે, પરિણામે તે નિર્વાસનિક થઈ શકે છે.

• નિર્વાસનિક ભક્તનાં લક્ષણો

જેના જીવનમાં પંચ વિષયની આસક્તિ કે વાસના ટળી ગઈ છે, અર્થાત્ જેના જીવનમાં પંચ વિષયનો અતિશય અભાવ થઈ ગયો છે તે ભક્તનું વર્તન કેવું હોય અર્થાત્ તેનાં લક્ષણો કેવાં હોય તે વિષે શ્રીજીમહારાજે વચનામૃતમાં માર્ગદર્શન આપ્યું છે જેમકે,

પ્ર.૬૦ – "પંચ વિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે. ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે, તેમ જ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યુવાન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું ભાસે, તેમ જ સારા ને ભૂંડા જે

રસ ને ગંધ તે પણ સરખા ભાસે, એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય ત્યારે જાણીએ જે વાસના જિતાણી.''

લો.૧૦ – ''એવો જે હોય તે રાજ્યમાં હોય તોપણ વનમાં છે અને વનમાં હોય તોપણ તેને રાજ્ય કરતાં વધતો આનંદ છે. અને એવો જે જ્ઞાની તે રાજ્યમાં રહ્યો હોય ને હજારો મનુષ્ય પોતાની આજ્ઞામાં રહેતા હોય ને સમૃદ્ધિએ યુક્ત હોય, તેણે કરીને પોતાને કાંઈ એમ ન માને જે, 'હું બહુ મોટો થઈ ગયો.' અને તે રાજ્યનો નાશ થઈ જાય ને હાથમાં મૃત્તિકાનું પાત્ર લઈને ઘરોઘર માગી ખાય, તેણે કરીને એમ ન માને જે, 'હું હવે તો ગરીબ થઈ ગયો.' કેમ જે, તે તો પોતાના કેફમાં મહાઅલમસ્ત રહે તથા તેણે પોતાના સ્વરૂપનો તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે, તે માટે એને સોનું, કૂચો, લોઢું, પાષાણ એ સર્વને વિષે સમબુદ્ધિ વર્તે છે તથા માન-અપમાનને વિષે સમબુદ્ધિ વર્તે છે. અને એવો જે જ્ઞાની તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ નથી, કેમ જે, એની દૃષ્ટિ તો અતિ મોટી થઈ ગઈ છે ને માયિક સર્વે પદાર્થને તુચ્છ જાણ્યા છે.''

જેના અંતરમાંથી વાસના કે વિષયો પ્રત્યેનો મોહ ટળી ગયો છે તેને આવા પ્રકારનો સમત્વભાવ રહે છે તેની વાત મહારાજે ઉપરોક્ત વચનામૃત ઉપરાંત વચ. **પં.૧, મ.૧** અને **મ.૪**માં પણ કરી છે.

વળી, શ્રીજીમહારાજ કહે છે :

લો.૧૬ – ''જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે ને સારા-નરસા જે વિષય તે બેય સમાનપણે જણાય અને પોતે ગુણાતીતપણે વર્તે.''

લો.૧૭ – ''જેને વિષયનો અભાવ હોય તે એમ જણાય જે, જ્યારે કાંઈ સારું ખાવાનું આવે ત્યારે તેને ખાય, પણ જેમ જેવું તેવું ખાતો હોય ને તેમાં આનંદ હોય તેવો આનંદ રહે નહિ, મૂંઝાઈ જાય. અને લૂગડાં જેવાં તેવાં જાડાં પહેરતો હોય તેમાં આનંદ હોય તેવો ઝીણાં લૂગડાં પહેરવાં પડે તેમાં આનંદ ન રહે ને મન મૂંઝાય. તેમ જ સારી પથારી હોય અથવા કોઈક માન દે ઇત્યાદિક જે જે સારા પદાર્થનો યોગ થાય ત્યારે તેમાં તેનું મન મૂંઝાય, પણ તેમાં કોઈ રીતે આનંદ પામે જ નહિ, ત્યારે તેને એમ જાણીએ જે, એને વિષયને વિષે અભાવ છે.''

અં.૧૮ – "જે નિર્વાસનિક પુરુષ છે તે તો જેટલી પરમેશ્વરની આજ્ઞા હોય તેટલા જ વ્યવહારમાં જોડાય પણ આજ્ઞાથી બહાર કાંઈ ન કરે. અને જે સવાસનિક હોય તે તો જે જે વ્યવહારમાં જોડાયો હોય તે વ્યવહારમાંથી પોતાની મેળે છૂટી શકે નહિ અને પરમેશ્વરની આજ્ઞાએ કરીને પણ છૂટી શકે નહિ. એવી રીતે નિર્વાસનિક પુરુષ અને સવાસનિક પુરુષનાં લક્ષણ છે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "સાધુ સેવ્યા હોય ને નિર્વાસનિક હોય તોપણ શ્રીકૃષ્ણ ભગવાન તથા પર્વતભાઈ તથા ગોવર્ધનભાઈની પેઠે છોકરાં તો થાય પણ તેમને વિષયનું ભજન ન થાય. અને વાસનિક હોય ને સાધુ ન સેવ્યા હોય, તે તો વનમાં આસન કરે તોપણ પ્રીતિ તો ગામમાં જ હોય. ને ત્યાગ કરે તોપણ તેનું જ ભજન થાય અને સાધુ સેવ્યા હોય તેને વિષયનું ભજન ન થાય ને દેહે કરીને ક્રિયા કરે." *(૪/૭૫)*

ઉપરોક્ત સર્વે સંદર્ભોનું મુખ્ય તાત્પર્ય એ છે કે જેમાંથી વિષયો પ્રત્યેની વાસના ટળી ગઈ છે તેને અનેક પ્રકારના દ્વંદ્વોમાં સમત્વભાવ વર્તે છે. સારા વિષયથી તે ફુલાતો નથી કે નરસા વિષયથી તે કરમાતો નથી. કારણ કે તેની ભોગવૃત્તિ જ ટળી ગઈ છે. શરીરના નિર્વાહ માટે આવશ્યક વિષયો જરૂર ભોગવે છે, પરંતુ તે શાસ્ત્રોની મર્યાદામાં રહીને અનાસક્ત ભાવે ગ્રહણ કરે છે. વિષયની આસક્તિના ત્યાગમાં એને લાચારી નથી, અંતરમાં દુ:ખ કે ક્લેશ નથી, પરંતુ પૂર્ણ સંતોષ અને આનંદ છે.

અહીં સુધી આપણે પંચ વિષયની આસક્તિ કે વાસના વિષે વિચાર કર્યો. હવે આપણે પંચ વિષયની આસક્તિને લીધે કે અન્ય કારણોસર ઉદ્‌ભવતાં અન્ય કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, ઈર્ષ્યાદિક પ્રકૃતિઓ, સ્વભાવો, વિકારો કે દોષો વિષે વિચાર કરીશું.

૭.૪.૨ કામ-ક્રોધાદિક પ્રકૃતિઓ, સ્વભાવો, વિકારો કે દોષો

• પ્રકૃતિ કે સ્વભાવનું તાત્પર્ય

જીવની પ્રકૃતિ કે સ્વભાવ એટલે જીવ સાથે રૂઢ અને દૃઢ થયેલ સાહજિક આદત કે ટેવ. શ્રીજીમહારાજ પ્રકૃતિ કે સ્વભાવની વ્યાખ્યા સમજાવતા **વચ. અં.૨૦**માં કહે છે : "જીવે જે પૂર્વજન્મને વિષે કર્મ કર્યાં છે તે કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ ભેળાં એકરસ થઈ ગયાં છે. જેમ

લોઢાને વિષે અગ્નિ પ્રવેશ થઈ જાય, તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવાં જે કર્મ તેને જ સ્વભાવ કહીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ."

જીવ પૂર્વજન્મોના વિવિધ દેહમાં રહીને મન-કર્મ-વચને અર્થાત્ દેહ ઇન્દ્રિયો અને અંતઃકરણથી અનેક પ્રકારનાં સ્થૂળ કે સૂક્ષ્મ શુભાશુભ કર્મો કરે છે. આ કર્મોના સંસ્કારો જીવ સાથે સંચિત થતા રહે છે. આ સંચિત થયેલ શુભાશુભ સંસ્કારો જ પરિપક્વ થતાં સ્વભાવરૂપે અભિવ્યક્ત થાય છે. શુભાશુભ કર્મ અને તેના શુભાશુભ સંસ્કારો અનુસાર જીવના સ્વભાવો પણ સારા-નરસા હોય છે. જીવના સારા સ્વભાવો તેના સદ્ગુણો છે, જ્યારે ખરાબ સ્વભાવો તેના વિકારો, દુર્ગુણો કે દોષો છે.

જો કે જીવ સ્વરૂપ સ્વભાવે કરીને તો શુદ્ધ અને નિર્દોષ અર્થાત્ અમાયિક અને ગુણાતીત જ છે **(વચ. સા.૧,૯)**, પરંતુ તે અનાદિ કાળથી અનાદિ અજ્ઞાન, માયા કે અવિદ્યારૂપ કારણદેહથી વેષ્ટિત છે **(વચ. સા.૧૧, કા.૧૨, મ.૬૬, વર.૬)**. આ કારણદેહમાં જ પંચ વિષયો પ્રત્યેની કામના, તૃષ્ણા, આસક્તિ કે વાસનાની જેમ જ તેના ભાગરૂપે કે તેના કાર્યરૂપે કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર, દંભ, અહં-મમત્વ, રાગ-દ્વેષ વગેરે સ્વભાવો કે દોષો રહેલા છે.

પ્રાયઃ પ્રત્યેક જીવ પોતાના આ સ્વભાવ કે પ્રકૃતિને વશ થઈને જ બધી ક્રિયા કરે છે એમ ગુણાતીતાનંદ સ્વામી સમજાવે છે : "તપાસીને જુએ તો આ જીવ તો કેવળ પ્રકૃતિને જ ભજે છે, પણ દેહ-ગુજરાન ઉપર સરત રહેતી નથી. અને અવશ્ય હોય એટલું તો કરવું પડે, પણ આ તો પ્રકૃતિને વશ થઈને બોલે છે, સાંભળે છે, જુએ છે, ખાય છે, ફરતો ફરે છે, બેસી રહે છે, સૂઈ રહે છે ઇત્યાદિક સુવાણ કરે છે પણ તેનો તપાસ કરતો નથી. તેને દરવાજાવાળા દેખે છે ને બીજાને તો ગમ જ નથી." *(૨/૫૬)*

આમ, જગતના અજ્ઞાની જીવો તો સ્વભાવને વશ થઈને જ બધી ક્રિયા કરે છે; પરંતુ સાધનાને માર્ગે ચાલનારા સાધકો, ભક્તો પણ પ્રાયઃ સ્વભાવમાં રહીને જ બધી નવધા ભક્તિ આદિક બધી જ સાધના કરતા હોય છે. વિદ્વાનો, પંડિતો કે જ્ઞાનીઓની પણ આ જ પરિસ્થિતિ છે. તેઓ પણ સ્વભાવ કે પ્રકૃતિથી પર થઈને પ્રવૃત્તિ કે સાધના કરી શકતા નથી.

શ્રીકૃષ્ણ ભગવાન પણ ગીતામાં કહે છે : "જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ (સ્વભાવ) અનુસાર ચેષ્ટા કરે છે. બધા પ્રાણીઓ પ્રકૃતિને અનુસરે છે. (એમાં) પ્રકૃતિનો (સ્વાભાવિક ક્રિયાઓનો) નિગ્રહ શું કરી શકશે ?" *(ગીતા : ૩/૩૩)*

• સ્વભાવની ઉત્પત્તિનું કારણ

(૧) દેહાભિમાન

બધા જ સ્વભાવો, દોષો કે દુર્ગુણોની ઉત્પત્તિનું મુખ્ય કારણ દેહભાવ કે દેહાભિમાન છે. શ્રીજીમહારાજ **વચ. લો.૬**માં આ હકીકતની સ્પષ્ટતા કરતાં કહે છે : "જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે."

દેહાભિમાન એટલે કે દેહને જ પોતાનું રૂપ માનવું. જીવ પોતે ત્રણ પ્રકારના દેહથી તદ્દન પૃથક્ અને વિલક્ષણ છે. તેમ છતાં પોતાના આ શુદ્ધ સ્વરૂપને ભૂલીને અજ્ઞાનવશ દેહને જ પોતાનું રૂપ માનીને સર્વે ક્રિયા કરે છે.

મુક્તાનંદ સ્વામી કહે છે :

'જ્યાં લગી દેહને હું કરી માનશે, ત્યાં લગી ભોગવિલાસ ભાવે.'

આમ, દેહને પોતાનું રૂપ માનવાથી જ વિભિન્ન પ્રકારના વિષયોમાં આસક્તિ જાગે છે અને તેને લીધે જ કામ, માન, ઈર્ષ્યા, ક્રોધાદિક દોષો ઉદ્ભવે છે.

તેથી દોષમાત્રનું મૂળ કારણ આ દેહાભિમાન છે. આધુનિક ભાષામાં દેહાભિમાનને દોષોનું જનરેટર કહી શકાય. જેમ જનરેટર વીજળી ઉત્પન્ન કરે, તેમ આ દેહાભિમાન પણ અનેક પ્રકારના અન્ય દોષોને ઉત્પન્ન કરે છે.

જેમ કોઈ પણ બીજમાંથી અંકુર ફૂટે પછી તે મોટો થતાં થડ, ડાળીઓ, પાંદડાં, ફૂલ કે ફળ એમ જુદાં જુદાં નામો પડે છે, પણ આ બધાંનું મૂળ કારણ બીજ છે. તે જ જુદાં રૂપે થાય છે. એમ સ્વભાવમાત્રનું મૂળ કારણ મૂળ અજ્ઞાન છે. વસ્તુતઃ આપણે જે આત્મા છીએ તે નથી મનાતું અને નથી તે દેહરૂપે મનાય છે. તેથી આપણે દેહ જ છીએ એ વૃત્તિથી અર્થાત્ દેહાભિમાન-વૃત્તિથી વર્તીએ છીએ. આ જ મૂળ અજ્ઞાન, અવિદ્યા કે માયા છે. એ જ સર્વે દોષોનું મૂળ બીજ છે. તે જ પછીથી કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, અહં-મમત્વ, રાગ-દ્વેષ વગેરે જુદાં જુદાં સ્વરૂપે પ્રગટ થાય છે. આમ, જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી બીજા બધા દોષો રહેવાના.

(૨) વિષયો પ્રત્યેની કામના, આસક્તિ કે વાસના

વિષયો પ્રત્યે જ્યારે જીવને તીવ્ર આસક્તિ કે વાસના ઉદ્ભવે છે, ત્યારે તેમાં વિઘ્ન નાખનાર પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થાય છે. તેમાંથી મોહ ઉત્પન્ન થાય છે (**વચ. મ.૧**). વળી, આ વિષયઆસક્તિને લીધે જ રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, અહં-મમત્વ, દંભ કે છળ-કપટ જેવા અનેક દોષો ઉત્પન્ન કે પ્રગટ થાય છે.

(૩) પૂર્વકર્મો

અગાઉ **વચ. અં.૨૦**માં જણાવ્યા પ્રમાણે પૂર્વે કરેલાં અશુભ કર્મોના પરિપાકરૂપે જ આ દુર્ગુણો કે સ્વભાવો જણાય છે.

પૂર્વકર્મને લીધે પ્રકૃતિ સારી-નરસી થાય છે એમ મહારાજે **વચ. લો.૮**માં પણ કહ્યું છે.

(૪) કુસંગ

આ પૂર્વે 'બહારના કુસંગ'ના નિરૂપણ વખતે **વચ. સા.૧૫** અને **સા.૧૮**ના સંદર્ભને આધારે આપણે સમજ્યા છીએ કે વિષયસુખનો અંકુર પણ ઊઠે તેમ ન હોય તોપણ કુસંગના યોગે કરીને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિકનાં મોટાં વૃક્ષો થાય છે.

(૫) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ, દોષબુદ્ધિ

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૨૪,૫૮,૭૩** અને **સા.૧૮**માં કહે છે કે પોતાનામાં કામાદિક દોષો ન હોય પણ ભગવાન અને સંતમાં જેવા દોષ પરઠે તેવા દોષો પોતાને જ દુ:ખ દે છે. અર્થાત્ ભગવાનને કે સંતને કામી, ક્રોધી, લોભી, ઈર્ષ્યાવાન સમજે તો પોતે પણ કામી, ક્રોધી, લોભી અને ઈર્ષ્યાવાન થઈ જાય છે.

આ વિશે આપણે આ સંદર્ભોના મૂળ શબ્દોના આધારે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં નિર્દોષબુદ્ધિરૂપ ભક્તિના નિરૂપણ વખતે વિચાર કરેલો છે.

• સ્વભાવથી સાધનામાં નુકસાન

આધ્યાત્મિક સાધના કરનાર સાધકને સ્વભાવને લીધે જ અનેક પ્રકારનાં વિઘ્નો આવે છે. જેમ કે,

(૧) અંતરમાં નાસ્તિકભાવ આવે

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૬૮**માં કહે છે : "કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ પણ નાસ્તિકપણાના હેતુ છે. કેમ જે, એ માંયલો એકે સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તોય પણ મનાય નહિ."

(૨) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે

જેમ અરીસો તો સ્વચ્છ છે, પરંતુ આપણા ચહેરા પર ડાઘ છે તેથી તેમાં દેખાય છે, તેમ જ ભગવાન અને ગુણાતીત સંત તો માયાપર છે, નિર્દોષ અને દિવ્ય છે, પરંતુ આપણામાં રહેલા માયિક સ્વભાવો કે દોષો તેમાં જણાય છે. આપણા સ્વભાવોનું પ્રતિબિંબ જ તેમાં દેખાય છે.

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૬૩ – "જે પદાર્થમાં પોતાને હેત હોય અને કોઈ પ્રકારે તે પદાર્થમાંથી મન પાછું ન વળતું હોય ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનને વિષે પરઠે જે, 'જેમ મારે વિષે કામાદિક દોષ છે તેમ ભગવાનને વિષે પણ છે, પણ એ ભગવાન છે તે મોટા કહેવાય છે."

મ.૬૫ – "આ સંસારને વિષે જે અખતરડાહ્યા મનુષ્ય છે તે પરમેશ્વરને વિષે દોષ પરઠે છે અને એમ જાણે જે, 'આ તો પરમેશ્વર કહેવાય છે તોપણ એને આપણા કરતાં પણ વધુ સંસારને વિષે આસક્તિ છે.' એમ જાણીને ભગવાનને પણ પોતા જેવા મનુષ્ય જાણે છે પણ ભગવાનનો જે અલૌકિક મહિમા તેને જાણતા નથી."

વર.૧૧ – "શાસ્ત્ર, પુરાણ વાંચે છે તો ખરા પણ એને ભગવાનનો આશરો નથી. માટે કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મત્સર તેણે એના જીવને હરવી નાંખ્યો છે અને કામાદિક જે શત્રુ તે એને કોઈ કાળે માથું ઉપાડવા દેતા

નથી. પછી તે પંડિત પોતાની પેઠે જ ભગવાન ને ભગવાનના સંતને સમજે જે, જેમ અમારા કામાદિક શત્રુ કોઈ કાળે નિવૃત્તિ પામતા નથી તેમ એના પણ કામાદિક શત્રુ નિવૃત્તિ નહિ પામતા હોય.' એમ ભગવાન ને ભગવાનના સંતને વિષે દોષ સમજે."

ક્યારેક ભગવાન કે સંત સાધકના દેહાભિમાન કે અન્ય કોઈ સ્વભાવનું ખંડન કરે કે તેની પ્રકૃતિ મરોડે તોપણ તેમનામાં મનુષ્યભાવ આવવાની પૂરી શક્યતા રહેલી છે. શ્રીજીમહારાજ કહે છે :

લો.૧૭ – "જે દેહાભિમાની હોય ને પંચ વિષયનો અતિશય અભાવ ન થયો હોય, તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે, ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે."

વર.૧૨ – "દેહાભિમાને કરીને ભગવાનના ચરિત્રને વિશે સંદેહ થાય."

વળી, સાધકની સાધનામાં કોઈક પ્રકારની ખામી, કચાશ કે કસરને લીધે સ્વભાવ ન ટળ્યા હોય, પરંતુ તે પોતાની ખોટ કાઢવાને બદલે ભગવાન કે સંતમાં દોષ પરઠે છે. શ્રીજીમહારાજ **વચ. પ્ર.૬૩**માં કહે છે : "પોતાના હૃદયમાં ભૂંડા સંકલ્પ થતા હોય ને તેને ટાળે તોય પણ ટળે નહિ, ત્યારે ભગવાનમાં અવગુણ પરઠે જે, 'હું આટલા દહાડાથી સત્સંગ કરી કરીને મરી ગયો તોય પણ ભગવાન મારા ભૂંડા ઘાટ ટાળતા નથી,' એવી રીતે ભગવાનમાં દોષ પરઠે."

(૩) સંતો-ભક્તોમાં અવગુણ આવે

સંતો કે કોઈ ભક્તો જ્યારે સાધકના કોઈક સ્વભાવનું ખંડન કરે ત્યારે તે સ્વભાવને મૂકે નહિ, પરંતુ ખંડન કરનારનો અવગુણ લે છે, તેનો દ્રોહ કરે છે.

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૧ – "સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે."

પ્ર.૬ – "ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે."

લો.૧૭ – "જે દેહાભિમાની હોય ને પંચ વિષયનો અતિશય અભાવ ન થયો હોય, તેને જ્યારે એ સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "સ્વભાવ ટોકાય ત્યારે અવગુણ લે ને જ્યારે અવગુણ આવે ત્યારે બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય." *(૮/૮૧)*

(૪) ભક્તિમાં વિઘ્ન આવે

આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં ભક્તિના નિરૂપણ વખતે ભક્તિનો મહિમા સમજ્યા છીએ. ભક્ત ભગવાનની ભક્તિ થકી જ વાસના ટાળીને (**વચ. સા.૫, અં.૨૦**) પોતાનું કલ્યાણ કરી શકે છે (**વચ. મ.૩૨, ૬૫**). આત્યંતિક કલ્યાણ માટે અત્યંત ઉપયોગી એવી આ ભક્તિમાં વિઘ્ન ન આવે તે પણ સાધકે જોવું જોઈએ. ભક્તિમાં મોટામાં મોટું વિઘ્ન શું છે અને તેનું કારણ શું છે તેની જાણકારી પણ તેને હોવી જોઈએ.

ભક્તિમાં અતિશય મોટું વિઘ્ન શું છે ? તે જણાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૮**માં કહે છે : "ભગવાનના ભક્તને એ જ મોટું વિઘ્ન છે જે, જે પોતામાં દોષ હોય તેને દેખે નહિ, અને ભગવાન ને ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય, અને તે ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય એ જ એને અતિશય મોટું વિઘ્ન છે."

અહીં જે વિઘ્ન બતાવ્યું તેનું મૂળ કારણ તો પોતાના સ્વભાવ જ છે. કારણ કે પોતાના દેહાભિમાનને લીધે જ એનું મન ભગવાન અને સંત થકી નોખું પડી જાય છે અને એમના થકી બેપરવાઈ થઈ જાય છે.

વળી, શ્રીજીમહારાજ **વચ. અં.૩૩**માં કહે છે : "ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનાંમાં કાચ્યપ હોય ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ એની ભક્તિનો વિશ્વાસ નહિ, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે. કેમ જે, ક્યારેક એને સ્ત્રી-ધનનો યોગ થાય તો ભક્તિનો ઠા રહે નહિ ને તેમાં આસક્ત થઈ જાય. તથા દેહાધ્યાસ હોય તો જ્યારે દેહમાં રોગાદિક કષ્ટ પ્રાપ્ત થાય તથા અન્ન-વસ્ત્રાદિક ન મળે અથવા કોઈક કઠણ વર્તમાન પાળવાની આજ્ઞા થાય, ત્યારે પણ તેને ભક્તિમાં ભંગ થાય ને વિકળ થઈ જાય ને કાંઈ વિચાર ન રહે ને ચાળા ચૂંથવા લાગે. તથા

કોઈક રીતનો સ્વભાવ હોય તેને સંત ટોકવા માંડે, ને તે સ્વભાવ પ્રમાણે વર્તવા ન દે, બીજી રીતે વર્તાવે; ત્યારે પણ એ મૂંઝાય ને એને સંતના સમાગમમાં રહેવાય નહિ, ત્યારે ભક્તિ તે ક્યાંથી રહે ?"

(૫) મહારાજને સુવાણ ન થાય

જે વ્યક્તિ સ્વચ્છતાનો વિશેષ આગ્રહી હોય, જે પોતાનાં શરીર, કપડાં, વસ્તુઓ, ઘર, ઘરનું આંગણું વગેરે બધું જ સ્વચ્છ રાખતો હોય તેને ગંદો માણસ ગમે ? એને મેલાં કપડાં અને ગંદકીથી ખરડાયેલાં શરીરવાળા ગંદા માણસો ગંદકીમાં બેઠા હોય અને તેમની સાથે બેસવાનું, રમવાનું, ભોજન લેવાનું મન થાય ? આવા માણસોને જોઈને આનંદ થાય ? તે આવા લોકો ઉપર રાજી થાય ? કદાપિ નહિ. એવી જ રીતે જે અનાદિથી માયા, સ્વભાવ, દોષો, વિકારો કે વાસનાની ગંદકીથી તદ્દન મુક્ત છે, અત્યંત શુદ્ધ, નિષ્કલંક અને પવિત્ર છે. એવા મહારાજ અને ગુણાતીત ગુરુઓને આ માયિક ગંદકીથી ખરડાયેલા જીવો સાથે ક્યાંથી સુવાણ થાય ? આવાની સાથે એમને કેવી રીતે બને ?

જે ભક્તોમાં સ્વભાવો હોય તેમની સાથે મહારાજને બનતું નથી કે સુવાણ થતી નથી એવું તેઓ પોતે જ કહે છે :

પ્ર.૭૬ – "ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ... અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, 'એ સત્સંગી છે.' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે."

લો.૧૪ – "અમારે સુવાણ તો એવા સાથે થાય છે જે, 'જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ઈર્ષ્યા, દંભ, કપટ ઇત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય;' તે સાથે જ અમારે બેઠા-ઊઠ્યાની સુવાણ થાય છે. અને એવો ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તોપણ તેની સાથે સુવાણ થાય નહિ, તેની તો ઉપેક્ષા રહે છે. અને મોરે તો અમારે કામી ઉપર બહુ અભાવ રહેતો અને હવે તો ક્રોધ, માન, ઈર્ષ્યા એ ત્રણ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે. કાં જે, કામી હોય તે તો ગૃહસ્થની પેઠે નિર્માની થઈને સત્સંગમાં પડ્યો

રહે છે અને જેમાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય છે તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતા દેખાય છે. માટે એ ત્રણ ઉપર બહુ ખેદ રહે છે.''

મ.૩૩ – ''જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોપણ લાખ ગાઉ છેટે છે.''

મ.૩૯ – ''જે કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, 'આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી,' તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ્ય પણ ન થાય.''

મ.૫૦ – ''જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તોપણ થાય નહિ.''

મ.૬૩ – ''જેને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી.''

અં.૨૫ – ''જે કપટ રાખે પણ પોતાના મનના જે સંકલ્પ તે જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ, તે ન ગમે. અને માન તથા ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું તે શું ? તો પોતાના મનમાં જેવું હોય તેવું બીજાથી દબાઈને કહેવાય નહિ, એ ત્રણ વાનાં તો અતિશય ભૂંડાં છે. અને હરિભક્તને માંહોમાંહી બરોબરિયાપણું રહે પણ એક એકનો ભાર ન આવે એ પણ અતિશય ભૂંડું છે.''

અં.૨૬ – ''અમને અહંકાર ન ગમે. તે અહંકાર ભક્તિપણાનો હોય, ત્યાગપણાનો હોય, વૈરાગ્યપણાનો હોય, બ્રહ્મપણાનો હોય, સમજણનો હોય, વર્તમાન પાળ્યાનો હોય, એ રીતનો જે જે અહંકાર તે અમને ન ગમે. અને દંભ ન ગમે. તે દંભ શું ? તો પોતાના હૃદયમાં ભગવાનનો નિશ્ચય, ભક્તિ અને ધર્મ તે થોડાં હોય ને બીજા આગળ પોતાની મોટ્યપ વધાર્યા સારુ ઉપરથી તો તેને બહુ જણાવે, તે ન ગમે.''

અં.૨૭ – ''માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અતિશય અભાવ રહે છે.''

ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં મહારાજ કહે છે કે જેનામાં ક્રોધ, ઈર્ષ્યા, કપટ, માન, કામ, દંભ, સ્વાદ, સ્નેહ, લોભ, વાસના, ભક્ત સાથે આંટી, માહોમાંહી બરોબરિયાપણું, અહંકાર વગેરે સ્વભાવ હોય એવા ભક્ત સાથે એમને

સુવાણ થતી નથી, બનતું નથી, એની ઉપેક્ષા રહે છે, એનો અભાવ રહે છે, એ દીઠો પણ ગમતો નથી, પોતાની પાસે હોય તોપણ એને લાખ ગાઉ દૂર સમજે છે, એને જોઈને મન રાજી ન થાય, એના ઉપર હેત પણ ન થાય, એના ઉપરથી રીસ ઊતરતી નથી. ટૂંકમાં, સ્વભાવવાળો ભક્ત મહારાજને ગમતો નથી. જો કે ભગવાન અને સંત તો બહુ દયાળુ છે, તેઓ જીવની વાસ્તવિક્તા જાણે છે. તેથી સ્વભાવવાળા ભક્તો સાથે પણ હેત કરે છે, એમને સુખ આપે છે, વાતો કરે છે અને આ રીતે ધીરે ધીરે એમને સાધનાને માર્ગે આગળ વધારે છે. તેઓ જીવોના સ્વભાવ સામું જોઈને છોડી નથી દેતા. નહિતર જીવોનો ઉદ્ધાર જ ન થાય. ડૉક્ટર દરદીની ઉપેક્ષા કરીને કાઢી મૂકે તો એનો રોગ કેવી રીતે ટળે ? એમ ભગવાન અને સંત ભક્તોના સ્વભાવ હોવા છતાં પોતાના આશ્રિત બનાવીને કલ્યાણને માર્ગે આગળ વધારે છે, પરંતુ અંતે તો ભક્તો અત્યંત શુદ્ધ થાય તો જ તેઓ શાશ્વત કાળ સુધી ભગવાન સાથે રહી શકે, એમનું સુખ માણી શકે. તેથી મહારાજે ઉપરોક્ત સંદર્ભોમાં જે વાત કરી છે તેનું તાત્પર્ય એ છે કે ભક્તો સ્વભાવથી મુક્ત બને એ એમની અંતરની ઇચ્છા છે.

(૬) ભગવાન અને સંતની પ્રસન્નતા ન થાય

અધ્યાત્મ-માર્ગની સાધનામાં ભગવાન અને સંતની પ્રસન્નતાથી શો લાભ થાય છે તે વિષે આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં જાણી ચૂક્યા છીએ. તેમને પ્રસન્ન કરવાનાં ઘણાં બધાં સાધનો છે. ભગવાનની પ્રસન્નતાનાં સાધનો વિષે પણ આપણે ત્યાં વિચાર કર્યો છે. એમની પ્રસન્નતાનાં સાધનો કરતી વખતે જો સ્વભાવની માત્રા ભળે તો તેઓ રાજી થતા નથી. જ્યારે સ્વભાવમાંથી મુક્ત થવાય તો જ એમનો સંપૂર્ણ રાજીપો મળે છે. શ્રીજી-મહારાજ કહે છે :

પ્ર.૫૬ – "જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ.... ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ, એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે."

પ્ર.૫૮ – "પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે; અને કામ,

ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર અને ઈર્ષ્યા એ સર્વનો ત્યાગ કરે; અને સંતનો ગુલામ થઈને રહે; ને અંતરમાં માન ટળેભાવે રહે પણ દેહે કરીને સર્વેને નમતો રહે; તો એની ઉપર મોટા સંત રાજી થાય છે.''

કા.૬ – ''જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે.''

મ.૨૭ – ''મોટાપુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે.''

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ ''કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા ને દેહાભિમાન એ સર્વે મૂકશે ત્યારે ભગવાન ને ભગવાનના સાધુ રાજી થાશે.'' *(૬/૧૪)*

◆ ''અવળા સ્વભાવમાત્રનો ત્યાગ કરીને સરળપણે વર્તવું, કેમ જે, એવા સ્વભાવ મહારાજ તથા મોટા સંતને ગમતા નથી.'' *(૮/૧૦૩)*

યોગીજી મહારાજ પણ કહે છે : ''સ્વભાવ મૂકે તો રાજીપો થાય, દૃષ્ટિ પડી જાય.''

વળી, સ્વભાવવશ થઈને સાધક ભગવાન અને સંતની આજ્ઞા ન પાળે, તેમનું ગમતું મૂકીને પોતાનું ગમતું કરે, એટલું જ નહિ, એમને જે ન ગમતું હોય તેવું મન-કર્મ-વચને વર્તન કરે, તો તેઓ તેના પર પ્રસન્ન તો ન જ થાય, પરંતુ અતિશય કુરાજી થાય છે (**વચ. મ.૨૮,૩૩; અં.૨૨**).

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના ઉપરોક્ત સંદર્ભો ખૂબ જ સ્પષ્ટપણે સમજાવે છે કે સાધકમાં જ્યાં સુધી કામ-ક્રોધાદિક સ્વભાવો છે ત્યાં સુધી ગમે તેવાં અને ગમે તેટલાં સાધનો કરે છતાં પણ ભગવાન અને ગુણાતીત સંતનાં અંતરનો સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત થતો નથી. ભગવાન અને સંત તો દયાળુ છે. તેઓ ક્યારેય એવું કહેતા નથી કે અમે તારા પર કુરાજી છીએ. કંઈક નાનાં-મોટાં, ઓછાં-વત્તાં સાધનો કરીએ તો તેઓ રાજીપો બતાવે છે, પ્રશંસા કરે છે, પ્રસાદ આપે છે, સન્માન કરે છે. તેઓ આ જે કંઈ કરે છે તે દંભ છે એવું નથી. તેઓ અંતરથી અને સાચા ભાવથી કરે છે, પરંતુ આ બધું કરવાનો હેતુ તો સાધકને પ્રોત્સાહિત કરવાનો છે. સાધનાને

માર્ગે આગળ વધવાની પ્રેરણા આપવાનો છે, પરંતુ સાધકે સ્પષ્ટપણે સમજી લેવું જોઈએ કે આ સંપૂર્ણ રાજીપો નથી.

જેમ અભ્યાસમાં ધોરણ એકથી કૉલેજની અનુસ્નાતકની પદવી સુધી કે તેનાથી પણ આગળ હોય છે. આ દરેક K.G. થી માંડીને Ph.D. સુધીનાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં પરિણામમાં પણ 0% થી માંડીને ૧00% સુધીનો ભેદ હોય છે. જેને ૩૫%, ૪0%, ૬0%, ૮0%, ૯0% કે ૯૮% આવ્યા હોય તે બધા જ પાસ થયેલા ગણાય, છતાં તેમાં કેટલો ભેદ છે ? એવી જ રીતે ભગવાન અને સંતના રાજીપામાં પણ ૧% થી માંડીને ૧00% સુધી ભેદ છે. કોઈક સાધકે એક સાધન કર્યું અને એને લીધે ભગવાન અને સંતે કદર, પ્રશંસા, સન્માન કે પ્રસાદ દ્વારા એના પર રાજીપો બતાવ્યો; તે જ અંતિમ અને સો એ સો ટકા સંપૂર્ણ રાજીપો છે એમ જો સાધક માનીને ભ્રમમાં રહે કે મેં તો રાજી કરી લીધા છે, તો એની એ ભયંકર ભૂલ છે. કારણ કે એ પાંચ રૂપિયાની નોટને પાંચસો રૂપિયાની નોટ માની બેઠો છે. પોતે માને છે એટલે એને કાંઈ પાંચસો રૂપિયાની વસ્તુ ન મળે. એમ જો એ સાધનામાં સામાન્ય રાજીપાને સંપૂર્ણ રાજીપો માની લે, તો એ ક્યારેય પણ સાચા અર્થમાં સાચી પ્રગતિ નહિ કરી શકે. એને જ અંતરમાં સંતોષ અને કૃતાર્થતાનો અનુભવ નહિ થાય. એને જ એના પોતાના જ સ્વભાવો ડંખશે.

આવો રાજીપો પ્રાપ્ત કર્યો હોય, પરંતુ કોઈક સ્વભાવની જ્યારે પ્રવૃત્તિ થાય ત્યારે એવો છીછરો રાજીપો ધોવાઈ જતાં વાર નથી લાગતી. શ્રીજી-મહારાજથી માંડીને આજ સુધી કેટલાય સંતો-ભક્તોનાં આખ્યાનોમાં આ હકીકત જોવા મળે છે. મહારાજના વખતમાં ગઢડાનાં જીવાખાચર, અલૈયા-ખાચર, લાલો પાળો, ફઈબા, પૂર્ણાનંદ સ્વામી, નિર્વિકલ્પાનંદ સ્વામી વગેરે ભક્તો-સંતોએ સેવા-ભક્તિ દ્વારા મહારાજને રાજી નહિ કર્યા હોય ? મહારાજે પણ પ્રસંગોપાત્ત રાજીપો દર્શાવ્યો હશે, પરંતુ તેમ છતાં એ રાજીપો ટળી જતાં વાર નથી લાગી. તેથી સાચા સાધકે 'મેં ભગવાન અને સંતની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી છે, તેઓ મારા પર અતિશય પ્રસન્ન છે,' એવા ખોટા ભ્રમમાં રાચવું ન જોઈએ. તેણે સમજી રાખવું જોઈએ કે વસ્તુતઃ સંપૂર્ણ રાજીપો એટલે શું અને તે કેવી રીતે પ્રાપ્ત થાય ?

સાધકને સંપૂર્ણ રાજીપાનો સાચો ખ્યાલ આવે તેથી જ મહારાજે અને

ગુરુઓએ ઉપરોક્ત સંદર્ભોમાં સ્પષ્ટતા કરી છે કે જ્યારે સાધક બધાં જ સ્વભાવો અને મલિન વાસનાથી મુક્ત થશે ત્યારે જ એમનો સાચો અને સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત થશે.

(૭) પરસ્પર કુસંપ, કંકાસ, ક્લેશ અને ઘર્ષણ થાય, આંટી પડે

સાધના કરનાર સાધકોમાં જો અહં-મમત્વ, રાગ-દ્વેષ, માન, મદ, મત્સર, ઈર્ષ્યાદિક સ્વભાવો હોય તો પ્રવૃત્તિ કરતી વખતે પરસ્પર કંકાસ, ક્લેશ, અને ઘર્ષણ થવાની શક્યતા વધી જાય છે. પરિણામે પરસ્પર આંટી પડે છે અને કુસંપ ઊભો થાય છે. સ્વભાવો તો સંપ, સુહૃદભાવ અને એકતાના દિવ્ય અને શાંત વાતાવરણને બગાડનારા છે, આગ લગાડનારા છે. પરસ્પરના સંબંધો બગાડવામાં અને કુસંપ કરાવવામાં તથા વધારવામાં સ્વભાવોનું મુખ્ય પ્રદાન છે.

જો આ પરિસ્થિતિ ઊભી થાય તો સાધકને સાધનામાં ઘણો વિક્ષેપ ઊભો થાય અને સાથે સાથે ભગવાન અને સંતનો કુરાજીપો થાય.

(૮) કલંક લાગે

સ્વભાવવશ થઈને સાધક જ્યારે ભગવાન અને સંતની આજ્ઞા વિરુદ્ધ કે શાસ્ત્રોક્ત વિધિ-નિષેધ વિરુદ્ધ અઘટિત કર્મ કરે તો તેમને કાયમી કલંક લાગે છે. લોકોમાં ટીકાપાત્ર બને છે. પછી તેણે જે કાંઈ સારું કર્યું હોય તે આ ભૂલને લીધે ઢંકાઈ જાય અને તે પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. પૂર્વે વિશ્વામિત્ર, સૌભરિ, એકલશૃંગી, પરાશર, નારદજી વગેરે ઋષિઓને લાગેલાં કલંકથી એમના સર્વે સદ્‌ગુણો ઢંકાઈ ગયા. પ્રાયઃ એમણે કરેલ ભૂલનો નિર્દેશ થતો હોય છે. વળી, સ્વભાવવશ થઈને સાધકે કરેલ ભૂલને લીધે લાગેલ કલંકના છાંટા ગુરુ, ઈષ્ટદેવ કે સંસ્થાને પણ ઊડે છે.

(૯) દિવ્યસુખનો અનુભવ ન થાય

પગમાં કાંટો, આંખમાં કણું અને કીડનીમાં પથરીનો દુઃખાવો જ્યાં સુધી છે ત્યાં સુધી માણસને ચેન ન પડે, સુખ ન આવે. તેમ જ્યાં સુધી વ્યક્તિમાં સ્વભાવો છે ત્યાં સુધી તેને દિવ્યસુખનો અનુભવ ન થાય. ભોજનમાં જેમ

ઝીણી રેતી ભોજનનું સુખ ન આવવા દે તેમ સ્વભાવ પણ ભગવાનના ભજનનું સુખ ન લેવા દે. શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૭૮ – "કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે."

લો.૧ – "કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઇત્યાદિક જે શત્રુ તેણે કરીને જેનું અંતઃકરણ દગ્ધ વર્તતું હોય ને તેને નિશ્ચય હોય તોપણ પોતાને કૃતાર્થ માને નહિ."

મ.૫૧ – "માટે ગુણનો સંગ જ્યાં સુધી રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ."

અં.૩૮ – "એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ. માટે જેને સુખ ઇચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા."

વળી, પોતાના સ્વભાવને લીધે સાધક ભગવાન કે સંતની આજ્ઞા યથાર્થ પાળી શકતો નથી. આમ, આજ્ઞાલોપથી તેને અંતરમાં ક્લેશ થાય છે (**વચ. પ્ર.૩૪**). પોતાના સ્વભાવને લીધે જ સંતો-ભક્તોનો અવગુણ આવે છે. તેથી તે સત્સંગમાં અર્ધબળેલા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ (**વચ. પ્ર.૨૮**).

જેનામાં સ્વભાવો રહેલા છે તેને હંમેશાં અસંતોષ, અન્યાય જેવું લાગ્યા કરે. તેના અંતરમાં કોઈક વ્યક્તિ, પરિસ્થિતિ કે ઘટના પ્રત્યે હંમેશાં ફરિયાદી વિચારો જ ઘૂમ્યા કરે. તેથી તેને ક્યારેય ભગવાનનું કે આ દિવ્ય સત્સંગનું સુખ ન આવે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "અક્ષરધામના જેવું સુખ આંહીં વર્તે છે, તેમાં પણ કેટલાક દુઃખિયા છે. તેમાં દેહનું દુઃખ થોડું ને મનનું દુઃખ ઝાઝું છે." *(૧/૯૯)*

આ વાતમાં સ્વામીએ મનના દુઃખની જે વાત કરી છે તે સ્વભાવોને કારણે જ છે. માટે સ્વભાવો મુકાય તો જ ભગવાનનાં દિવ્યસુખનો અનુભવ થાય. સ્વભાવ મૂક્યા વગર તો ભગવાનની સાથે રહીએ તોપણ સુખ ન આવે.

વળી, તેઓ કહે છે :

◆ "કામાદિક અગિયાર વાનાં છે; તે કાંટા કાઢ્યા વિના જીવ સુખિયો

થાનારો નથી." (૧૧/૩૯)

◆ "દોષમાત્રનું મૂળ કાઢ્યા વિના ભગવાનનું સુખ કેમ આવશે ?" (૧૨/૧૬૬)

◆ "સ્વભાવ, પ્રકૃતિ ને વિષય તો મૂક્યે જ સુખ થાશે." (૧૪/૨૧૬)

યોગીજી મહારાજ કહે છે : "સ્વભાવ ટાળીએ તો સુખિયા થઈએ."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "અત્યારે બધું સાનુકુળ છે. જે કાંઈ દુ:ખ છે એ સ્વભાવનું છે. સ્વભાવ છે ત્યાં સુધી દુ:ખ રહેવાનું. જો સ્વભાવ હશે તો સુખ નહિ આવે. માટે સ્વભાવ મૂકીને ભગવાન રાજી થાય એમ કરો તો સુખ, સુખ ને સુખ. સ્વભાવ ટળે ત્યારે જ સત્સંગમાં અક્ષરધામ જેવું જ સુખ આવે. જેદિ તેદિ સ્વભાવ મૂકશો તો જ સુખ આવશે. આ કરોડ વાતની એક વાત છે."

આમ, સ્વભાવ જ જીવ-પ્રાણીમાત્રનાં દુ:ખોનું કારણ છે. સ્વભાવને લીધે જીવ સામેથી દુ:ખ ખોતરીને ઊભું કરે છે અને પછી પોતે જ એમાં ફસાઈ જાય છે. મહારાજ તો સ્પષ્ટ કહે છે કે સ્વભાવવાળો જીવતે કે મર્યા પછી પણ સુખી થાય તેમ નથી. એમાંય વળી, પ્રગટ ભગવાન કે તેઓ જેમના દ્વારા સમ્યક્ અને સાક્ષાત્ પ્રગટ છે, એવા ગુણાતીત સંત મળ્યા પછી પણ એમનું દિવ્ય, શાશ્વત અને અપાર સુખ ન આવે એ સાધકને કેટલું મોટું નુકસાન છે ?! જેમ શારીરિક બીમારી હોય તો ગમે તેવા ભૌતિક પદાર્થો હોય, મનોરંજનનાં શ્રેષ્ઠ સાધનો હોય, ભોજન માટે સર્વોત્તમ અને મનપસંદ વાનગીઓ હોય છતાં પણ બીમાર વ્યક્તિ તેનો આનંદ માણી શકતી નથી. એવી જ રીતે આવા ભગવાન અને ગુણાતીત સંત મળ્યા, આવો ગુણાતીત દિવ્ય સત્સંગ પ્રાપ્ત થયો, આવું ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન, આવી સર્વોત્તમ સાધના પ્રાપ્ત થઈ, ભગવાન ભજવા માટે આવી સર્વ પ્રકારે ઉત્તમોત્તમ સુવિધા પ્રાપ્ત થઈ, તેમ છતાં સ્વભાવવાળાને આ બધી સર્વોપરી પ્રાપ્તિનું સુખ ન આવે. ખરેખર, વ્યક્તિના સ્વભાવ જ વ્યક્તિની મજાનું ખૂન કરી નાખે છે.

(૧૦) ભગવાન અને ગુણાતીત સંતનો સંબંધ છૂટી જાય

નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં કહ્યું છે :

ક્યાં જીવ ક્યાં જગદીશ, જાણો જુજવી એ જાત છે રે;

મર આપિયે સો સો શીશ, તોય વણમળ્યાની વાત છે રે...

(પદ : ૨૭)

શ્રીજીમહારાજ **વચ. લો.૧૦**માં કહે છે, "ભગવાન ને ભગવાનના સંત તેનો સંગ તે તો મહા દુર્લભ છે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાનને ને સાધુને પામવા હતા તે આજ આપણને મળ્યા છે." *(૧/૨૯૪)*

આવા દુર્લભ ભગવાન અને સંતનો સંબંધ સાધકના પોતાના સ્વભાવને લીધે છૂટી જાય છે. તેને પોતાના સ્વભાવને લીધે ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે છે. તેથી તે સત્સંગમાંથી વિમુખ થયા વિના રહે નહિ. શ્રીજીમહારાજ કહે છે :

લો.૧૪ – "જેમાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય છે તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતાં દેખાય છે."

લો.૧૭ – "જ્યારે કોઈક મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ, ક્રોધ એને ખોદશે ત્યારે એને જરૂર તે સંતનો અભાવ આવશે, ત્યારે એ જરૂર સંતનો દ્રોહ કરશે ને સત્સંગમાંથી વિમુખ થશે. જેમ સર્પે લાળ નાંખી હોય એવું જે દૂધ-સાકર તેને જેણે પીધું હોય ને તે જીવે છે તોપણ તે ઘડી બે ઘડીમાં, સાંજ-સવારે, આજ-કાલ જરૂર મરનારો છે તેમ જે દેહાભિમાની છે તે મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દસ વર્ષે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને, જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જશે."

લો.૧૮ – "એને વાતેવાતે ધોખો થાય ને ગુણ-અવગુણ લીધા કરે છે જે, 'આનીકોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને નથી બોલાવતા અને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી.' એવી રીતે ગુણ-અવગુણ પરઠ્યા કરે છે. તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંતે તે વિમુખ થાય છે."

અં.૨૭ – "માને કરીને સત્સંગમાંથી પડી જાય છે."

જેત.૩ – "માનવાળા તો નભી શક્યા જ નહિ."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "ધન, સ્ત્રી, દેહાભિમાન ને સ્વભાવ સત્સંગમાં રહેવા દે એવાં નથી." (૯/૨૧૧)

◆ "બોરડી તથા કડવા વેલાની ગાંઠું જમીનમાં ઊંડી હોય; તેમ કામના, લોભના, માનના ને સ્વાદના જેને સ્વભાવ છે તેનાં મૂળ ઊંડાં છે, તે સત્સંગમાંથી કાઢી નાખે એવા છે." (૧૦/૨૬૫)

◆ "કામ, ક્રોધ, ઈર્ષ્યા, દંભ, કપટ સર્વે આ સત્સંગમાંથી ઉખેડી નાખે એવા છે." (૧૧/૧૫૨)

◆ "દોષ ટાળ્યા વિના તો ભગવાન પાસે રહેવાય જ નહિ." (૧૧/૨૩૫)

◆ "આપણને આવો જોગ મળ્યો છે પણ જો મન બળવાન થઈ ગયું, ઇન્દ્રિયું બળવાન થઈ ગઈ કે સ્વભાવ બળવાન થઈ ગયા તો સત્સંગમાં રહેવાશે નહિ." (૧૫/૪૪)

ઉપરોક્ત સર્વે સંદર્ભોનું તાત્પર્ય એટલું જ છે કે કોઈ પણ નાનો-મોટો સ્વભાવ એક દિવસ ભગવાન, સંત અને આ સત્સંગનો સંબંધ તોડાવશે. સમગ્ર સત્સંગનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જેણે જેણે સ્વભાવ રાખ્યો છે તેને સત્સંગ અર્થાત્ ભગવાન અને સંતનો સંબંધ છોડવો પડ્યો છે. સત્સંગમાં ક્યારેક અને ક્યાંક પોતાની ઇચ્છા પ્રમાણે ન થાય; પોતાના પંચ વિષય, દેહાભિમાન અને સ્વભાવનું ખંડન થાય; સમૈયા-ઉત્સવમાં કે મંદિરમાં ક્યારેક પોતાની સરભરા ન થાય; ક્યારેક સત્સંગમાં કોઈ પણ દ્વારા અપમાન જેવું કંઈક થાય; તો સત્સંગ છોડીને જવું પડે છે. આવા સંજોગોમાં સાધકને એવું લાગે કે સત્સંગ હવે બગડી ગયો છે. પોતાના મનને સમજાવે કે 'શું અહીં જ કલ્યાણ છે ? બીજે નથી ? અહીં કરતાં બીજે ઘણું સારું છે. બીજે અપમાન નથી થતું. માન-પાન મળે છે. ત્યાં કોઈ પૈસા પણ નથી માગતું. સ્વભાવો ઉપર કોઈ પ્રહાર પણ નથી કરતું.' એમ સમજી-સમજાવીને આવા સર્વોપરી ભગવાન, ગુણાતીત સંત, સત્સંગ અને આત્યંતિક કલ્યાણનો સાચો માર્ગ છોડીને બીજે જતા રહે છે. જીવની અવળાઈ એવી છે કે તે સત્સંગ છોડી દેશે પણ સ્વભાવ નહિ છોડે. સત્સંગ છોડીને જતા રહેવાથી સત્સંગને કશું જ નુકસાન નથી થવાનું. આજ સુધી કેટલાય ગયા. પણ સત્સંગને ઊની આંચ નથી આવી. ભગવાન અને સંતને કંઈ ખોટ ગઈ નથી. છોડીને જનારાએ પોતાનો મોક્ષ બગાડ્યો છે. તેથી આવા સંજોગો પોતાના

જીવનમાં ઊભા ન થાય, ભગવાન અને સંતને છોડવા ન પડે, તે માટે નડતરરૂપ ખરાબ સ્વભાવ સુધારીને એમને સાનુકૂળ કરવા જોઈએ.

તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "આપણે ભગવાન પાસે રહેવાય એવા સ્વભાવ કરવા." *(૧/૮૯)*

(૧૧) આત્યંતિક કલ્યાણમાં વિઘ્ન

સાધક પોતાના સ્વભાવને વશ થઈને ભગવાન કે સંતનો અવગુણ લે છે તેથી તેની બુદ્ધિ દુષિત કે આસુરી થવાથી તે કલ્યાણને માર્ગે ચાલી શકતો નથી **(વચ. પ્ર.૩૫)**.

કોઈક સાધક કલ્યાણને માર્ગે ચાલતો હોય પણ જો પોતાનાં દેહાભિમાન કે સ્વભાવને લીધે ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવી જાય તો એના કલ્યાણમાં મોટામાં મોટું વિઘ્ન આવી જાય છે **(વચ. લો.૧૮, વર.૧૨)**.

વળી, લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધાદિક સ્વભાવે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય છે **(વચ. મ.૪૦)**. અને જ્યારે ભગવાનના ભક્તનો મન, કર્મ, વચને દ્રોહ થાય છે ત્યારે એના જીવનો નાશ થઈ જાય અર્થાત્ એનું કોઈ કાળે કલ્યાણ થાય જ નહિ **(વચ. વર.૧૧, અં.૧૨)**.

પોતાના સ્વભાવ કે દેહાભિમાનને લીધે ભક્તનું કઠણ વચન વસમું લાગે **(વચ. પ્ર.૧,૬)**, અને તેની સાથે વૈરભાવે આંટી પડી જાય તોપણ તેનું કલ્યાણ થતું નથી **(વચ. મ.૫૯,૬૦)**.

શ્રીજીમહારાજ **વચ. મ.૬૦**માં કહે છે : "જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે અને તેની વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ, એવો જે ચંડાળ જેવો જીવ હોય તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, તે સર્વે વૃથા છે. અને બીજાં પણ કોટિક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ."

શ્રીજીમહારાજ અહીં કેવી વાત કરે છે ? જીવનમાં ધર્મ, તપ, ત્યાગ હોવા છતાં સર્વે વૃથા છે અને બીજાં કરોડો સાધનો કરવા છતાં એનું કલ્યાણ ન થાય. સ્વભાવ કેટલું બધું બગાડી નાંખે છે. કોઈક કરોડપતિ કે અબજોપતિને દેવાળું ફૂંકવું પડે ત્યારે તેના માટે કેવી વિકટ પરિસ્થિતિ

સર્જાય ? તેના કરતાં પણ આ ભયંકર પરિસ્થિતિ છે. સ્વભાવને લીધે કરોડો સાધનો કરવા છતાં કલ્યાણ નહિ, સ્વભાવને લીધે કલ્યાણમાં આ કેટલું મોટું વિઘ્ન !!

તેથી જ શ્રીજીમહારાજ **વચ. જેત.**૩માં કહે છે : "માન, ઈર્ષ્યા તથા કામ, ક્રોધ, લોભ એ આદિક કલ્યાણના વિરાધી છે."

આમ, આત્યંતિક કલ્યાણમાં સ્વભાવ જ મોટામાં મોટું વિઘ્ન નાખે છે.

● **સ્વભાવ ટાળવાની આવશ્યકતા**

આપણે જોયું કે આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની આ આધ્યાત્મિક સાધનામાં સ્વભાવો અનેક પ્રકારે વિઘ્નરૂપ છે. સ્વભાવો જ સાધકની સાધનાની ગતિ ઘટાડે છે, તેને સારી પેઠે પાછો પાડે છે અથવા તો તેને પથભ્રષ્ટ કરે છે. કમાણી કરવાને બદલે ખોટ જાય છે. શાશ્વતસુખને બદલે ડગલે ને પગલે ક્લેશ, કંકાસ, અજંપો, અસંતોષ, અશાંતિ અને ઉદ્વેગનો અનુભવ થાય છે. ભગવાન અને સંતની પ્રસન્નતા મેળવવાને બદલે કુરાજીપો મેળવવો પડે છે. છેલ્લો જન્મ થવાને બદલે અનંત જન્મો ઊભા થાય છે.

સ્વભાવ જ બધું બગાડી નાખે છે. જે કાંઈ કર્યું હોય તેના પર પાણી ફેરવી દે છે. વાવેલા ઉપર સો ટનનું રોલર ફેરવી દે છે. સાધનાને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખે છે. સાધનામાં સૌ કોઈ ઘણું ઘણું કરતા હોય છે, પરંતુ સ્વભાવને લીધે પ્રગતિ થવાને બદલે અધોગતિ થાય છે. સ્વભાવને લીધે જ અંતરનું અને બહારનું વાતાવરણ બગડે છે. દિવ્ય વાતાવરણ પ્રાકૃત થઈ જાય છે. મનમાં અને બુદ્ધિમાં જડતા વ્યાપી જાય. અંધકાર છવાઈ જાય. મૂઢપણું આવી જાય. કર્તવ્ય-અકર્તવ્યમાં કંઈ સૂઝ જ ન પડે. ભગવાન અને સંતના અભિપ્રાયને સમજી જ ન શકાય. મનધાર્યું જ થાય. આમ, સ્વભાવ તો ભલભલાની ચટણી કરી નાખે છે. સર્વત્ર સ્વભાવના જ કજિયા છે.

માછલું જેમ પાણીમાં રહીને જ સર્વે ક્રિયા કરે છે તેમ પ્રાયઃ સ્વભાવમાં રહીને જ સર્વે પ્રકારની સાધના થાય છે. સ્વભાવ જ પ્રવૃત્તિમાત્રનું પ્લેટફોર્મ છે અથવા તો માધ્યમ છે. આપણે સ્વભાવમાંથી બહાર નીકળતા જ નથી, સ્વભાવને મૂકવા કે છોડવા ગમતા જ નથી. સ્વભાવની ગંદકી સહિત જ

સાધના કરીએ છીએ. તેથી એ સાધના મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ સુધી પહોંચતી જ નથી. કદાચ પહોંચી હોય તોપણ સ્વભાવની મલિનતાવાળો સાધનારૂપી થાળ તેઓ સ્વીકારતા જ નથી. તેથી જ તો તેના બદલામાં યોગ્ય ફળ મળતું નથી. સાચું અને સારું પરિણામ અનુભવાતું નથી. તેથી જે સાધકને આ સાધના નિર્વિઘ્નપણે પાર પાડવી હોય, ભગવાન અને સંતને અતિશય રાજી કરવા હોય, સાધના દરમ્યાન કે સાધનાને અંતે એની ફળશ્રુતિરૂપે શાંતિ, સંતોષ, પૂર્ણતા અને કૃતાર્થતાનો અનુભવ કરવો હોય તો તેણે સ્વભાવ તો મૂકવા જ પડશે. સ્વભાવ છોડ્યા વગર કે નિર્મૂળ કર્યા વગર ક્યારેય કોઈનેય છૂટકો જ નથી. આજે, આવતી કાલે, આવતા વર્ષે, પચાસ વર્ષે કે સો વર્ષે અથવા તો સો જન્મ પછી પણ સ્વભાવ તો ટાળવા જ પડશે. ગમે ત્યારે અને ગમે ત્યાં સ્વભાવ ટળશે તો જ શાંતિનો અનુભવ થશે, છેલ્લો જન્મ થશે અને આત્યંતિક મોક્ષ થશે. જો અનંત જન્મો પછી પણ સ્વભાવ છોડ્યા વગર છૂટકો જ ન હોય તો પછી આ જન્મે સ્વભાવ કેમ ન ટાળવા ? સ્વભાવ ટાળવામાં જેટલું મોડું થશે એટલું એને પોતાને જ દુઃખ છે, મુશ્કેલી છે, નુકસાન છે. તેથી જેટલા વહેલા સ્વભાવ ટળે એટલો એને જ લાભ છે.

શ્રીજીમહારાજ આ હેતુથી જ પોતાના અક્ષરબ્રહ્મને લઈને આ પૃથ્વી પર પધાર્યા છે. એ માટે જ એમણે ઉપદેશ આપ્યો છે. આપણા સૌની કસરમાત્ર ટાળવી છે એ એમનો દૃઢ સંકલ્પ છે **(વચ. મ.૪૫)**. આપણા જીવમાંથી આ માયિક સ્વભાવનો લોચો કાઢવો છે એવો એમનો દૃઢ નિર્ણય છે **(વચ. મ.૫૦)**. એ માટે જ તેઓ પ્રયત્નશીલ રહ્યા છે. એ માટે જ તેઓ આ ગુણાતીત પરંપરા દ્વારા પ્રગટ રહ્યા છે. એમણે વારંવાર આગ્રહપૂર્વક ઉપદેશ પણ આપ્યો છે કે તમે તમારા સ્વભાવ ટાળો. જેમ કે,

મ.૨૬ – "ભગવાનને ન ગમે એવો કોઈક પોતાનો સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો."

મ.૬૨ – "જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને પોતાના મનનું ગમતું સર્વે મૂકીને ભગવાનને ભજવા."

અં.૩૩ – "જેને દૃઢ ભક્તિ ઇચ્છવી હોય તેને એ ચાર વાનાં(સ્ત્રી,

ધન, દેહાભિમાન અને સ્વભાવ)માં કાચ્યપ રાખવી નહિ. ને એ ચારની કાચ્યપ હોય તોપણ સમજીને ધીરે ધીરે ત્યાગ કરવી.''

અં.૩૫ – ''સ્વભાવને મૂકે પણ ભગવદ્ભક્તના સંગનો ત્યાગ ન કરે.''

અં.૩૮ – ''જેને સુખ ઇચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.''

જેત.૩ – ''તે સર્વ(માન, ઈર્ષ્યા, કામ, ક્રોધ, લોભ)ને ત્યાગ કરવાં.''

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''સાધુ થાવું, સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા એ કરવાનું છે.'' *(૨/૧૪૩)*

◆ ''ભગવાન મળ્યા પછે કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રહેવું તથા સંગ ઓળખવો તથા હઠ, માન ને ઈર્ષ્યા ન રાખવી.'' *(૫/૧)*

◆ ''અવળા સ્વભાવમાત્રનો ત્યાગ કરીને સરળપણે વર્તવું.'' *(૮/૧૦૩)*

◆ ''આપણે એવા ઘાવેડી થવું જે, કામ, ક્રોધ, લોભ, પ્રકૃતિ કે સ્વભાવમાં લેવાવું નહિ.'' *(૯/૨૧૩)*

◆ ''દેહના ભાવ ને વિષયના ભાવ આજ મૂકો, કાલ મૂકો, વરસે મૂકો, પણ જ્યારે મૂકશો ત્યારે જ છૂટકો થાશે.'' *(૧૪/૨૧૬)*

◆ ''સ્વભાવ મૂક્યા વિના કોઈ દહાડો જય થવાની નથી.'' *(૧૫/૮૫)*

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ ''સત્સંગમાં આટલાં વર્ષો કાઢ્યા પછી હવે સ્વભાવના પ્રશ્નો તો હોવા જ ન જોઈએ. સ્વભાવ મૂકીએ તો જ સ્થિતિ બંધાય.''

◆ ''પ્રવૃત્તિમાં સ્વભાવ ન વધે તેનું ધ્યાન રાખવું. અંતર્દૃષ્ટિ અને આત્મર્દૃષ્ટિ કરી સ્વભાવને પાછા પાડવા, ટાળવા.''

ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો એક જ સૂર આવે છે કે તમે તમારા સ્વભાવ મૂકો. એમની આપણી પાસેથી આપણા જ હિત માટે આ અપેક્ષા છે. આપણે પણ એમની અપેક્ષા પ્રમાણે સ્વભાવ ટાળીએ. વસ્તુતઃ તો સ્વભાવ મૂકવા એ એક પ્રકારની સાધના પણ છે અને સાચી સાધનાની ફળશ્રુતિ પણ છે.

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : ''સત્સંગમાં આપણે સ્વભાવ મૂકવા જ આવ્યા છીએ. સત્સંગમાં આવ્યા પછી સ્વભાવ ઘસાયા નહિ, તો સત્સંગ કર્યો જ નથી. જેટલા સ્વભાવ ઘસાયા તેટલું જ સત્સંગનું ફળ.''

● સ્વભાવ ટાળવા કઠણ

સ્વભાવ એ કોઈ સ્થૂળ વસ્તુ નથી કે જેને આસાનીથી દૂર કરી શકાય. પગમાં પહેરેલા બૂટ કે શરીર પરનાં વસ્ત્રો અથવા અલંકારો જેટલી સહેલાઈથી ઉતારી શકાય એટલી સહેલાઈથી સ્વભાવો મૂકી શકાય તેમ નથી એ હકીકત છે. જેમ મોટો પથ્થર તોડવો જેટલો સહેલો છે, તેટલો અણુ (Atom) તોડવો સહેલ નથી. કારણ કે અણુ સૂક્ષ્મ છે. સ્વભાવો તો અણુ કરતાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. વળી, તે જીવ સાથે જડાયેલા છે, જીવ સાથે એકરસ થઈ ગયા છે. તેનાથી મુક્ત થવું એ કોઈ બાળપણની રમત નથી.

ભારતમાં કોઈને મકાન ભાડે આપ્યું હોય અને તે ભાડવાત થોડાંક વર્ષો રહે તો પછી તે ખાલી કરતો નથી. મકાન-માલિકને પોતાનું જ મકાન ખાલી કરાવવા માટે કેટલો પુરુષાર્થ કરવો પડે છે ? જો બે-પાંચ વર્ષ રહેલ ભાડવાત મકાન ખાલી ન કરે તો અનાદિ કાળથી જીવમાં પોતાનું જ ઘર માનીને રહેલા આ સ્વભાવો સહેલાઈથી કેમ નીકળે ? મૂળ બાબત એ છે કે આ સ્વભાવો સામાન્ય જીવોને તો દેખાતા નથી, ઓળખાતા નથી, પકડાતા નથી અને સમજાતા પણ નથી. તે પોતાના શત્રુઓ છે તેવું પણ મનાતું નથી. તેથી તેનો નાશ કરવાનો સંકલ્પ જ થતો નથી. કદાચ કોઈકને સ્વભાવ ઓળખાય, શત્રુ મનાય, ટાળવાનો સંકલ્પ કરે અને પ્રયત્ન પણ કરે, પરંતુ સ્વભાવ સામે યુદ્ધ માંડવું, ચાલુ રાખવું અને એના પર વિજય પ્રાપ્ત કરવો એ કોઈ ખાવાના ખેલ નથી. સ્વભાવો ટળી જાય ત્યાં સુધી મંડ્યા રહેવા માટે ખપ, ઈશક, શ્રદ્ધા, ધીરજ, હિંમત અને શૂરવીરતાની અત્યંત જરૂરિયાત છે. આ બધા ગુણો સર્વે સાધકોમાં નથી હોતા. અરે ! મોટા મોટા જ્ઞાનીઓ, વિદ્વાનો કે પંડિતો પણ સ્વભાવ સામે હારી જાય છે અને પોતાની પ્રકૃતિ પ્રમાણે જ આચરણ કરી બેસે છે (**વચ. મ.૩૭**), તો બીજાની તો વાત જ શી કરવી ? કારણ કે મૂળ મુદ્દો જ એ છે કે સ્વભાવ ટાળવા અત્યંત કઠિન છે.

શ્રીજીમહારાજ કહે છે :

કા.૧૨ – "જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજ્રસાર જેવી છે, તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી."

અં.૨૪ – "પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે."

જેત.૧ – "નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે પ્રકારનાં જે કર્મ છે તે તો સુષુપ્તિરૂપ માયામાં લીન થઈ જાય છે. તે સુષુપ્તિ તો કેવી છે ? તો જેમ લોકાલોક પર્વત ઉલ્લંઘવા કોઈ સમર્થ નથી, તેમ સુષુપ્તિને ઉલ્લંઘવાને જીવ કોઈ સમર્થ થાતો નથી. તો તેથી પર સામ્યાવસ્થારૂપ માયા છે. તે તો બહુ મોટી છે, તે તો કોઈ જીવથી ન ઉલ્લંઘાય."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સ્વભાવનું બળ સર્વ કરતાં અધિક છે." *(૨/૧૯૨)*

◆ "કામ-ક્રોધાદિક તો એવા બળિયા છે જે શિવ-બ્રહ્માદિકની પણ લાજ લીધી છે. અને એ કામાદિક જેને વિષે આવે છે તેને ગળી જાય છે." *(૩/૪૦)*

◆ "કામ, ક્રોધ, આદિક જે અંતરશત્રુ છે તે જીવથી જિતાય એવા નથી." *(૪/૧૮)*

◆ "સંસાર મુકાય પણ સ્વભાવ ન મુકાય; એવા સ્વભાવ બળિયા છે." *(૧૩/૧૬)*

મુક્તાનંદ સ્વામી કહે છે :

◆ *મોહનું સૈન્ય મહાવિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે;*
કવિ ગુણી પંડિત બુદ્ધે બહુ આગળા, એ દળ દેખતાં સર્વે ભાગે.

◆ *કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે;*
જોગિયા જંગમ ત્યાગી તપસી ઘણા, મોરચે ગયે ધર્મદ્વાર માગે.

◆ *મુનિ મનમધ્ય વિચાર એવો કરે, મોહ શું લડે તે મર્દ કેવા;*
પાખરિયા નર (તે) કૈંક પાડ્યા ખરા, શૃંગી શશી સુરરાજ જેવા.

આ રીતે, સ્વભાવની પ્રબળતા અધિક હોવાથી તેને ટાળવા અત્યંત કઠિન છે.

● સ્વભાવ ટાળી શકાય છે

આપણે જોયું કે સ્વભાવ ટાળવા કઠણ છે, પરંતુ સાથે સાથે એ પણ સમજી લેવું જરૂરી છે કે સ્વભાવ ટાળવા અશક્ય નથી. ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય તોપણ તે ટળી શકે છે. કારણ કે સ્વભાવ ભલે જીવ સાથે ચોંટી ગયા હોય અર્થાત્ જડાયેલા હોય કે એકરસ થઈ ગયા હોય, તેમ છતાં આ સ્વભાવો કે વિકારો એ જીવના પોતાના જ મૂળભૂત ગુણો કે ધર્મો

નથી, પરંતુ તે આગંતુક છે અર્થાત્ બહારથી આવેલા છે. જે આગંતુક હોય તે છૂટા પડી શકે છે. જેમ 'ઉષ્ણતા' એ અગ્નિનો સ્વાભાવિક મૂળભૂત ધર્મ છે, તેથી તે અગ્નિથી છૂટો ન પડી શકે, પરંતુ પાણીને ગરમ કરવાથી એમાં જે 'ઉષ્ણતા' આવે છે તે પાણીનો મૂળભૂત ધર્મ નથી પણ તે આગંતુક છે. તેથી તે પાણીથી દૂર થઈ શકે છે. એવી જ રીતે ગમે તેવા ભૂંડા સ્વભાવો જીવમાં હોય પણ તે આગંતુક હોવાથી દૂર થઈ શકે. એવો એક પણ સ્વભાવ નથી કે જેનો નાશ ન કરી શકાય. હા, એ તો નક્કી છે કે ભગવાન કે ગુણાતીત સંતના યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય વગર, તેમની ઉપાસના કે શરણાગતિ વગર, તેમની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કર્યા વગર જીવ પોતાની મેળે ગમે તેવાં અને ગમે તેટલાં સાધનો કરે તોપણ આ સ્વભાવ ટળી શકે તેમ નથી, પરંતુ ભગવાન અને સંતના પ્રતાપે ગમે તેવા રાજસી કે તામસી સ્વભાવો, દોષો કે વિકારો હોય; મૂળભૂત અજ્ઞાન, અવિદ્યા કે માયારૂપ કારણદેહ હોય અર્થાત્ દેહાભિમાન કે દેહભાવ હોય તો તે ટળી શકે તેમ છે એ વાત નક્કી છે.

વચ. સા.૧૮માં મહાનુભાવાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ વચ્ચે થયેલ પ્રશ્નોત્તર વિચારીએ.

મહાનુભાવાનંદ સ્વામી : "રાજસી, તામસી ને સાત્ત્વિકી એ જે ત્રણ ગુણના સ્વભાવ તે સાધન કરતાં થકાં ટળે છે કે નથી ટળતા ?"

શ્રીજીમહારાજ : "એ સર્વે સ્વભાવ ટાળ્યા ટળે છે."

મહાનુભાવાનંદ સ્વામી : દુર્વાસાદિક મુક્ત થયા છે તોપણ તે તામસી કેમ રહ્યા છે ?

શ્રીજીમહારાજ : "દુર્વાસાદિકમાં જે તમોગુણ આદિક ગુણ વર્તે છે, તે તો પોતાને એ ગુણ રાખવા છે માટે રહ્યા છે. અને તે એમ જાણે છે જે, કોઈક અવળો ચાલતો હોય તેને શિક્ષા કર્યા સારુ આપણે તમોગુણ છે તે બહુ રૂડો છે,' એમ ગુણ જાણીને રાખ્યો છે. અને જ્યારે પોતામાં જે સ્વભાવ વર્તતો હોય ને તે ઉપર અભાવ આવે જે, 'હું ભગવાનનો ભક્ત છું તે મારે આવો ભૂંડો સ્વભાવ જોઈએ નહિ.' એવી રીતે દોષરૂપ જાણીને જે જે સ્વભાવને તજવાને ઈચ્છે તો ભગવાનને પ્રતાપે કરીને તે તે સ્વભાવની નિવૃત્તિ થઈ જાય છે."

વળી, શ્રીજીમહારાજ **વચ. મ.૩૩**માં કહે છે :

"એને (નિષ્કામ ધર્મને) વિષે એમ ન જાણવું જે, 'એવી રીતે રાખવું ઘણું કઠણ છે.' કેમ જે, જે સાધુ જ હોય તેને તો એમ રાખવું કાંઈ કઠણ છે નહિ. અને સાધુ હોય તે તો કામ, ક્રોધ, લોભાદિક શત્રુનું બળ હોય તોપણ ભગવાનને રાજી કર્યા સારુ તેનો ત્યાગ કરે ત્યારે જ એ પાકો સાધુ કહેવાય. અને મનુષ્યદેહે કરીને ન થાય એવું શું છે ? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથરો હોય છે તેને વિષે નિત્યે પાણીને સીંચવું તેણે કરીને નરમ દોરડી છે તે પણ કાપા પાડે છે, તેમ જે સાધુ જ છે ને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે ? એ તો નિશ્ચય નાશ પામશે."

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ "આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મનમાં ધાર્યું નથી, નહિ તો ઉડાડી મૂકીએ. કેમ જે, પૃથ્વીના મનુષ્યને ભેગા કરીએ ને લુહારમાત્ર માંડે લોઢાં ઘડવા ને આપણે માંડીએ સુરંગું દઈને ઉડાડવા, તો ચાર-પાંચ વરસમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ. તેમ કામ-ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ એમાં કાંઈ સંશય નથી." *(૩/૪૦)*

◆ "જેને સ્વભાવ ટાળવો હોય તેનો સ્વભાવ ટળે. તે જેમ ફિરંગી નસ્તર મારે છે, તે રગ જોઈને મારે છે. તેમ જે જાતનો સ્વભાવ હોય ને તેના કે'નારા ખરેખરા હોય તો સ્વભાવ ટળે. પણ ટાળવું હોય માન ને ઉપવાસ કરવા માંડે ત્યારે માન ટળે નહિ. ને જેને મોટાનાં વેણ ખરેખરાં લાગે ત્યારે ઇન્દ્રિયું, મન સર્વે શિથિલ થઈ જાય, ને મોટા હોય તે દુઃખવીને કહે ત્યારે સ્વભાવ ટળે." *(૧૩/૧૧૮)*

◆ "પોતામાં જે સ્વભાવ વસતા હોય તે દરવાજે ઊભા રહીને જોવા; પછી તે જેવી રીતે ટળે તેવો સંગ કરવો, તેવાં શાસ્ત્ર વાંચવાં, તેવાં કીર્તન ગાવાં, તેવા જ નિયમ વૃદ્ધિ પમાડવા, તેવું જ શ્રવણ વધારવું ને તેવું જ મનન કરવું. તે સ્વભાવ કોઈને કામનો, કોઈને લોભનો, કોઈને સ્વાદનો, કોઈને માનનો, કોઈને વધુ બોલ્યાનો હોય; એ બધા સ્વભાવ સમજીને ટાળે ત્યારે ટળે." *(૧૪/૮)*

ગમે તેવા સ્વભાવ ટળી શકે તેમ છે એવું સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "ગમે તેવો સ્વભાવ હોય પણ માણસ જો તે ટાળવા ધારે અને એનો વિચાર કરે કે મારે ટાળવો છે તો ટળી જાય, પરંતુ જો સ્વભાવ ટાળવાનો વિચાર જ ન કરે તો ટળે નહિ અને વધતો જાય ને ક્યાં જઈને અટકશે તેની પણ ખબર ન પડે."

◆ "જો સ્વભાવને વિષે શત્રુભાવ અને તે ટાળવાનો ખટકો હોય તો સ્વભાવમાત્ર મુકાઈ જાય. દર વર્ષે એક સ્વભાવ મૂકો તોપણ અંતે બધા જ સ્વભાવો મુકાઈ જાય. ખટકો રાખીને પ્રયત્ન કરીએ તો સ્વભાવ ટળી જાય, પરંતુ પૂરતો ખટકો નથી એટલે સ્વભાવ ટળતા નથી. જો પોતાને જ ખટકો હોય તો ગમે તેવો સ્વભાવ હોય તોપણ તે ટળ્યા વિના રહે જ નહિ."

◆ "ભગવાન અને ગુરુ સમર્થ છે. એમનો આશરો છે અને એમની આજ્ઞા પ્રમાણે ભજન-ભક્તિ, કથા, કીર્તન, સેવા કરશું તો સ્વભાવ, વાસના ટળી જશે. કારણ કે સૌને બ્રહ્મરૂપ કરવા છે, એકાંતિક કરવા છે એ એમનું વરદાન છે. માટે ખટકો રાખીને પ્રયત્ન કર્યા કરવો તો એમની દૃષ્ટિથી સ્વભાવ ટળી જશે."

આમ, સ્વભાવ ટળી શકે તેમ છે તે હકીકત છે. વસ્તુતઃ જો સ્વભાવ ટળી શકે તેમ જ ન હોત તો તે ટાળવાના કોઈ ઉપાયો શાસ્ત્રમાં બતાવ્યા જ ન હોત, પરંતુ આપણે જાણીએ છીએ કે શાસ્ત્રોમાં સ્વભાવ ટાળવાના વિવિધ ઉપાયો બતાવ્યા છે. તેમાંય વિશેષે કરીને તો વચનામૃતમાં મહારાજે સ્વભાવ ટાળવાના અનેક પ્રકારના ઉપાયો બતાવ્યા છે. તેથી પ્રતીતિ થાય છે કે કોઈ પણ પ્રકારનો સ્વભાવ જરૂર ટળી શકે છે. જો સ્વભાવ ટાળવાનો યથાર્થ ઉપાય યથાર્થ રીતે અજમાવવામાં આવે, તો કોઈ એવો સ્વભાવ નથી કે જે ન ટળી શકે.

● સ્વભાવ કેમ ટળતા નથી ?

આપણે જોયું કે ગમે તેવા સ્વભાવ ટળી શકે તેમ છે. વળી, સ્વભાવ ટાળવાના વિવિધ ઉપાયોમાં પણ આપણે જોઈશું કે સ્વભાવ ટળી શકે તેમ છે, પરંતુ કેટલીક વાર આપણે આપણો પોતાનો વિચાર કરીએ અથવા

સત્સંગમાં રહેલા સંતો-ભક્તોનો વિચાર કરીએ તો એવું અનુભવાય છે કે વર્ષો સુધી સત્સંગમાં રહેવા છતાં, ભક્તિ-સેવા કરવાં છતાં, તપાદિક સાધનો કરવાં છતાં, પોતપોતાના નિયમ-ધર્મ પાળવા છતાં સ્વભાવ ટળતા નથી કે ટળ્યા હોય તેવું લાગતું પણ નથી. આ સંજોગોમાં આપણાં અંતરમાં ક્યાંક અને કંઈક અણવિશ્વાસ ઊભો થાય છે અને સંશય રહે છે કે સ્વભાવ ટળશે કે નહીં ટળે ? વસ્તુતઃ આવો અણવિશ્વાસ રાખવાની કે સંશય કરવાની જરૂર જ નથી. ગમે તેવા સ્વભાવ તો ટળી જ શકે તેમ છે એ તો સો એ સો ટકા વાત નિશ્ચિત છે. તેમ છતાં જો સ્વભાવ ટળ્યા હોય તેવો અનુભવ ન થતો હોય તો તેનાં કારણો બીજાં પણ હોઈ શકે છે. જેમ કે,

➤ આ છેલ્લો જન્મ કરવો છે, આત્યંતિક કલ્યાણને પામવું છે, ભગવાન અને સંતને રાજી કરવા જ છે, એવા ધ્યેયની સ્પષ્ટતા કે દૃઢતામાં ખામી હોય.

➤ સ્વભાવને શત્રુ મનાયા ન હોય, તેનાથી શું નુકસાન થાય છે તેનો યથાર્થ વિચાર ન કર્યો હોય.

➤ સ્વભાવ ટાળવાનો પૂરતો ખપ અને ઈશક ન હોય.

➤ ભગવાન અને સંતનું બળ લીધા વગર પોતાની મેળે જ મનધાર્યાં સાધનો થતાં હોય અથવા તો અવળા ઉપાયો થતા હોય.

➤ ભગવાન કે સંતનો દિવ્યભાવ અને માહાત્મ્યજ્ઞાન સહિત યથાર્થ નિશ્ચય ન હોય.

➤ ભગવાન, સંત કે શાસ્ત્રોમાં યથાર્થ શ્રદ્ધા કે વિશ્વાસ ન હોય.

➤ હું ભગવાન અને સંતના પ્રતાપે સ્વભાવ ટાળી શકીશ, એવા આત્મવિશ્વાસની દૃઢતા ન હોય.

➤ કોઈક રોગ ટાળવા માટે ક્યારેક એક, ક્યારેક બે તો ક્યારેક ત્રણ-ચાર પ્રકારની દવા એક સાથે યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય રીતે અને યોગ્ય સમય સુધી લેવામાં આવે તો જ રોગ જલદી દૂર થાય. જો દવા લેવાની માત્રામાં કે રીતમાં ફેર પડે અથવા તો અધવચ્ચેથી છોડી દે તો તે દવાની જરૂરી અસર ન થાય અને રોગ દૂર થવામાં વાર લાગે અથવા દૂર ન થાય. એવી જ રીતે કોઈક સ્વભાવ ટાળવા માટે એકથી વધારે ઉપાયો યોગ્ય પ્રમાણમાં, યોગ્ય રીતે, અજમાવવામાં આવે તો જ તે સ્વભાવ જલદી દૂર

થાય. જેમ કે, 'કામ' સ્વભાવ ટાળવા માટે ભગવાનના સ્વરૂપનો યથાર્થ મહિમા, આત્મવિચાર અને નિયમ-ધર્મની દૃઢતા આ ત્રણ ઉપાયો **વચ. લો.૧**માં તથા **મ.૩૩**માં બતાવ્યા છે. જો આમાંથી એકાદ ઉપાય ન કરવામાં આવે અથવા યોગ્ય રીતે કરવામાં ન આવે અથવા તો પૂરતા સમય સુધી ચાલુ ન રાખે તોપણ એ સ્વભાવ દૂર થવામાં વાર લાગે અથવા દૂર ન થાય. ટૂંકમાં, સ્વભાવ દૂર ન થવાનું મુખ્ય કારણ એ છે કે એના જે ઉપાય બતાવવામાં આવ્યા છે તે યોગ્ય પ્રમાણમાં, યોગ્ય રીતે અને યોગ્ય સમય સુધી કરવામાં આવતા ન હોય.

➤ ઉપાયોની સાથે સાથે બહારનો અથવા સત્સંગમાં રહેલ કુસંગનો પણ યોગ હોય તોપણ ધારી અસર ન થાય.

આ અને આવા કોઈ પણ કારણસર સ્વભાવ ટળતા નથી. આ સર્વે મુદ્દાના સારરૂપે એટલું જ કહી શકાય કે સ્વભાવ નથી ટળતા અથવા મોડા ટળે છે તેનું મુખ્ય કારણ સાધના કરનાર સાધકની સાધનામાં જ કંઈક કચાશ છે. આવી કેટલીક કચાશનો નિર્દેશ શ્રીજીમહારાજે વચનામૃતમાં કર્યો છે. જેમ કે,

(૧) પોતાની ભૂલનો અસ્વીકાર, વાત કરનારનો અવગુણ

પ્ર.૧ – "સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે."

પ્ર.૬ – "ભગવાન અને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે."

આ બંને સંદર્ભોમાં શ્રીજીમહારાજ સાધકની મુખ્ય ખામી એ જણાવે છે કે સાધક પોતાની ભૂલનો સ્વીકાર કરવાને બદલે ભૂલનો નિર્દેશ કરનારનો અવગુણ લે છે.

(૨) નિયમ-ધર્મનો લોપ, કુસંગનો યોગ

પ્ર.૫૫ – "મદિરાપાનની કરનારીઓ જે પાતર્યો તેના ગળામાં હાથ નાંખીને બેસે અને પછી પરમેશ્વરનો વાંક કાઢે જે, 'મારું મન કેમ ઠેકાણે

રાખ્યું નહિ,' તેને તો મહામૂર્ખ જાણવો."

અહીં સાધક નિયમ-ધર્મ લોપે છે અથવા તો કુસંગનો યોગ રાખે છે એ ભૂલનો નિર્દેશ મહારાજ કરે છે.

(૩) ખપ, હેત કે સ્વભાવને વિષે શત્રુપણાનો અભાવ

વચ. પ્ર.૫૭માં શિવાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે : "સત્સંગમાં રહેવાનો ખપ છે તોપણ કોઈક અયોગ્ય સ્વભાવ છે તે કેમ ટળતો નથી ?"

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : "જે સ્વભાવ સત્સંગમાં અંતરાય કરતો હોય તે ઉપર જેને અભાવ ન આવે ત્યાં સુધી એને ક્યાં સત્સંગનો પૂરો ખપ છે ? અને તે સ્વભાવને પણ ક્યાં પૂરો શત્રુ જાણ્યો છે ? ...જો એને પોતાનો સ્વભાવ વર્તમાનમાં ભંગ પડાવીને સત્સંગથી વિમુખ કરે એવો છે ને તોય પણ એની ઉપર વૈરભાવ આવતો નથી અને તે સ્વભાવ ઉપર રીસ ચડતી નથી, તો જો એને સત્સંગમાં પૂરું હેત નથી... જો સત્સંગ ઉપર હેત હોય તો ભૂંડા સ્વભાવને તત્કાળ ટાળી નાંખે. શા માટે જે, જીવ તો અતિ સમર્થ છે, કેમ જે, મન અને ઈન્દ્રિયો એ સર્વે તો ક્ષેત્ર છે અને જીવ તો એનો ક્ષેત્રજ્ઞ છે. માટે જે કરે તે થાય."

આ વચનામૃતમાં મહારાજ સાધકની ત્રણ ખામીનો નિર્દેશ કરે છે :

- સ્વભાવને પૂરો શત્રુ જાણ્યો નથી, તેના વિષે વૈરભાવ દૃઢ થયો નથી.
- સ્વભાવ ટાળવાનો પૂરો ખપ નથી અને સ્વભાવ ઉપર રીસ ચઢતી નથી.
- સત્સંગમાં પૂરું હેત નથી.

(૪) માહાત્મ્યનો અભાવ

વચ. પ્ર.૭૮માં નાના નિર્વિકારાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે : "ભગવાનનો નિશ્ચય છે તોપણ અસદ્‌વાસના કેમ ટળતી નથી ?"

તેના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : "ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણ્યું નથી એટલે અસદ્‌વાસના ટળતી નથી."

અહીં શ્રીજીમહારાજ સાધકની સાધનામાં ભગવાનના નિશ્ચયની સાથે સાથે ભગવાનના યથાર્થ માહાત્મ્યનું તત્ત્વ ખૂટે છે તે સમજાવે છે.

(૫) સાતત્યનો અભાવ

સા.૪ – "આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે."

અહીં શ્રીજીમહારાજ સાધકની સાધનાના સાતત્યનો અભાવ જણાવે છે.

(૬) ગેરસમજણ અને ગાફલાઈ

વચ. સા.૧૪માં થયેલ પ્રશ્નોત્તર સમજીએ :

શ્રીજીમહારાજ : "આપણે ત્યાગી એવા ભગવાનના ભક્ત કહેવાઈએ છીએ ને તેમાં જેને પ્રમાદ ને મોહ વર્તતા હશે ને ભગવાનના મહિમાનું બળ લઈને તે ભક્ત પ્રમાદને ને મોહને ટાળ્યાનો ખટકો નહિ રાખતો હોય, તે ભક્તને દેહ છતે કેવું સુખ હશે અને મરીને તે કેવા સુખને પામશે એ પ્રશ્ન છે ?"

સ્વયંપ્રકાશાનંદ સ્વામી : "જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું માહાત્મ્ય અતિશય વિચારીને પ્રમાદ કે મોહ ન ટળે તોપણ તેની કાંઈ ઝાઝી ચિંતા રાખે નહિ."

શ્રીજીમહારાજ : "ભગવાનનો ભક્ત હોય તેને પ્રમાદ ને મોહ વર્તતા હોય ને તેને ટાળ્યાનો ખટકો રાખે તેને ખોટ્ય કેટલી છે અને તે ટાળ્યાનો ખટકો ન રાખે તેમાં શો વિશેષ છે ? "

સ્વયંપ્રકાશાનંદ સ્વામી : "ભગવાનનું બળ રાખે અને સાધનનું બળ ન રાખે માટે એ વિશેષ જ છે."

શ્રીજીમહારાજ : "જેને પ્રમાદ ને મોહરૂપ શત્રુ રહ્યા છે તોય પણ જે ગાફેલ રહે છે તેને તો તમે શ્રેષ્ઠ કહો છો... જે ભક્ત... પ્રમાદને ને મોહને ટાળવાનો ખટકો રાખે તેને તો તમે મૂળગી ખોટ્ય બતાવો છો... જે ભક્ત પ્રમાદને ને મોહને ટાળ્યાનો ખટકો ન રાખે તેને તો તમે શ્રેષ્ઠ બતાવો છો. એ તે શું તમારી એવી અવળી સમજણ છે કે કેમ છે ? અને જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહિ રહે. જેમ મદિરા પીવે તથા ભાંગ્ય પીવે તો જેમ વિમુખને કેફ ચડે છે તેમ જ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ ચડે ને ગાંડો થાય

તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે. અને વિમુખમાં ને હરિભક્તમાં એટલો જ ફેર છે જે, 'વિમુખને એ બે શત્રુ ટળે નહિ અને ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાનો ઉપાય કરે તો એ બે શત્રુ નાશ પામી જાય,' એટલો ભગવાનના ભક્તને વિશેષ છે. અને જે ગાફલાઈ રાખે તે તો ભગવાનનો ભક્ત હોય તોય સારો નહિ."

આ સમગ્ર પ્રશ્નોત્તરમાં શ્રીજીમહારાજ સાધકની સાધનામાં ગેરસમજણ અને ગાફલાઈનો નિર્દેશ કરે છે.

(૭) અવળા ઉપાયનો પ્રયોગ

સા.૧૮ – "અને વળી, પોતામાં કોઈ સ્વભાવ હોય ને તેને સંતનો સમાગમ કરીને સમજી - વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય છે, પણ મૂર્ખાઈએ કરીને ગમે તેટલા ઉપાય કરે તોય ભૂંડો સ્વભાવ ટળે નહિ. અને મૂર્ખ હોય તે જ્યારે મૂંઝાય ત્યારે કાં તો સૂઈ રહે ને કાં તો રૂવે અને કાં તો કોઈક સાથે વઢે ને કાં તો ઉપવાસ કરે, એ ચાર પ્રકારે કરીને મૂંઝવણ ટાળ્યાનો ઉપાય કરે. અને એમ કરતાં જો અતિશય મૂંઝાય તો છેલ્લી બાકી મરે પણ ખરો. એવી રીતે મૂર્ખને શોક ટાળ્યાનો ઉપાય છે. પણ એમ કર્યા થકી દુ:ખ પણ મટે નહિ ને સ્વભાવ પણ ટળે નહિ; અને સમજીને ટાળે તો દુ:ખ ને સ્વભાવ એ બેય ટળી જાય. માટે સમજુ હોય તે જ સુખી થાય છે ?"

અહીં મૂર્ખ પોતાના ભૂંડા સ્વભાવ ટાળવા માટે અવળા ઉપાય કરે છે, જેનાથી એના સ્વભાવ કદાપિ ટળતા નથી એમ મહારાજ સમજાવે છે.

(૮) પોતાના અવગુણને જાણીને ટાળવાના પ્રયત્નનો અભાવ

વચ. પં.૩માં મુનિબાવા સ્વામી પ્રશ્ન પૂછે છે : "આવો સત્સંગનો ને ભગવાનનો યોગ મળ્યો છે ને બીજા વિકાર સર્વે ટળી ગયા છે તથા સત્સંગનો ખપ છે તોપણ માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે."

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : "એવો જે છે તેમાં બુદ્ધિ નથી. અને જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે, અને બીજામાં જે ગુણ તથા અવગુણ

હોય તેને પણ જાણે. અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે નહિ. અને પોતાને સનકાદિક જેવો મોટો જાણે ને બીજા મોટા હોય તેને પણ પોતાથી ઊતરતા જાણે. અને જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે.' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાંખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને. માટે એમાં માન, ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહિ."

અહીં મહારાજ સ્વભાવ ટળતા નથી તેનું મુખ્ય કારણ એ સમજાવે છે કે સાધક બીજાને ઊતરતા જાણે છે અને પોતાને મોટો જાણે છે. પોતાના અવગુણ જાણીને ટાળવાનો પ્રયત્ન કરવાને બદલે બીજાના અવગુણ જ જુએ છે.

(૯) વૈરાગ્યની દુર્બળતા

વચ. મ.૭માં મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે : "ભગવાનનો ભક્ત હોય તેના મનમાં તો એમ હોય જે, ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી, તોય પણ અયોગ્ય સ્વભાવ રહી જાય તેનું શું કારણ છે ?"

તેના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : "જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહિ. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાં સારાં ભોજન ને સારાં સારાં વસ્ત્રને ઇચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઇચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે."

સાધકને સ્વભાવ ટાળવાની ઇચ્છા છે, વળી શ્રદ્ધા પણ છે, પરંતુ એની સાધનામાં 'વૈરાગ્ય' ખૂટે છે એમ મહારાજ અહીં જણાવે છે.

(૧૦) ભગવાનના નિશ્ચયનો અભાવ

મ.૧૪ – "જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય ને કામ, ક્રોધ, લોભાદિને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય તોપણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જશે."

અહીં સાધકની સાધનામાં ત્યાગ છે, સ્વભાવ ટાળવા માટે સાવધાની-પૂર્વકનો પુરુષાર્થ છે, પરંતુ તેમાં ભગવાનનો નિશ્ચય ખૂટે છે એટલે સ્વભાવ ટળતા નથી, એમ મહારાજ કહે છે.

(૧૧) પરોક્ષ જેવી પ્રત્યક્ષમાં પ્રતીતિનો અભાવ

વચ. અં.૨નો પ્રશ્નોત્તર વાંચીએ.

શ્રીજીમહારાજ : "જગતને નાશવંત દેખે છે અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે તેને પણ દેખે છે, તોપણ આ જીવને જગતનું પ્રધાનપણું હૃદયમાંથી મટતું નથી. અને પરમેશ્વરને સર્વ પ્રકારે સુખના સિંધુ જાણે છે તોપણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોંટતું નથી, તેમ સત્સંગ પણ એના હૃદયમાં મુખ્ય થતો નથી અને ધન, સ્ત્રી આદિક જે સાંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી. તેનું શું કારણ હશે ?"

મુક્તાનંદ સ્વામી : "જીવના હૃદયમાં વૈરાગ્ય નથી તેણે કરીને જગતનું પ્રધાનપણું મટતું નથી ને ભગવાનમાં પ્રીતિ થતી નથી."

શ્રીજીમહારાજ : "વૈરાગ્યની ન્યૂનતા છે એ તો વાત સાચી પણ અમને તો એમ ભાસે છે જે, 'બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, 'જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી."

સાધકની સાધનામાં જગતના નાશવંતપણાનો વિચાર, દેહ અને આત્માના પૃથક્પણાનો વિચાર છે, પરંતુ તેની સાધનામાં વૈરાગ્ય ઉપરાંત પ્રગટ ગુરુહરિના સ્વરૂપમાં પૂર્ણ પ્રતીતિની ખામી છે એમ મહારાજ સમજાવે છે.

(૧૨) યથાર્થ હેત, વિશ્વાસ અને નિષ્કપટપણાનો અભાવ

સાધકના સ્વભાવ ટળતા નથી એટલે કે તે બ્રહ્મરૂપ થતો નથી એમાં સાધકની સાધનામાં જે ખામી છે તે જણાવતાં ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ "સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?'

પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય, તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંત વાત છે." *(૩/૩૩)*

◆ "મોટાને મન સોંપે તો કોઈ જાતનો દોષ રહે નહિ, પણ એમ ક્યાં નિષ્કપટ થઈને મોટાને પોતાના દોષ કહેવાય છે જે, આટલો મારે કામ છે, કે લોભ છે, કે સ્વાદ છે, કે સ્નેહ છે, કે માન છે, ને આટલું દેહાભિમાન છે, એમ ચોખ્ખું નિષ્કપટ થઈને કે'દી કહેવાય છે ? જેમ છે તેમ કે'વા માંડે તો કોઈ સ્વભાવ રહે જ નહિ." *(૧૩/૨૨૩)*

(૧૩) આવશ્યક ધીરજનો અભાવ

જો પૂરતી ધીરજ ન હોય અને સ્વભાવ ટાળવાનો પુરુષાર્થ છોડી દે તોપણ સ્વભાવ ન ટળે.

સ્વભાવ ટાળવાની બાબતમાં ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે સ્વભાવ ટાળવામાં ઉતાવળ ચાલે તેમ નથી. આ કોઈ એક દિવસનો કાર્યક્રમ નથી. અનંત જન્મોથી જીવ સાથે દૃઢીભૂત થતા સ્વભાવ ટાળવામાં આકળા-ઉતાવળા થવાનું પાલવે તેમ નથી. એમાં ધીરજ રાખ્યા વગર ચાલે તેમ જ નથી. શ્રદ્ધા, ધીરજ અને સાતત્યપૂર્વક મંડવું પડે છે તો જ સ્વભાવનો ઘસારો થાય, ક્ષીણ થતા જાય અને અંતે ટળી જાય.

સ્વભાવ ટાળવામાં ધીરજ રાખવાની સલાહ આપતાં શ્રીજીમહારાજ **વચ. મ.૧**માં કહે છે : "અને જે એવી રીતે સારા-નરસા વિષયમાં સમાન બુદ્ધિ થવી તે તો જાણે જે, એક દિવસે જ એમ કરી લઉં ને નિર્મોહી થઉં, એમ ઉતાવળે એ કામ થતું નથી, એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણી સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તોપણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તોપણ ઉતાવળે એવો કાપો ન પડે. માટે

કલ્યાણને અર્થે જેને યત્ન કરવો હોય તેને વિષયમાંથી આસક્તિ ટાળવી, એને વિષે આકળા થઈને અકળાઈ જવું નહિ. એવી રીતે ગીતામાં પણ કહ્યું છે જે, *'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ।'* માટે એમ વિચારવું જે, 'આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે, પણ ભગવાનના ભક્ત છીએ તે નરક-ચોરાશીમાં તો જવું નથી.' એવી રીતે ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો."

(૧૪) સ્વભાવની તીક્ષ્ણતાને અનુરૂપ પુરુષાર્થનો અભાવ

અહીં એ પણ સમજવું જરૂરી છે કે દરેક સાધકના સ્વભાવની તીવ્રતા કે તીક્ષ્ણતા એક સમાન નથી. કારણ કે કોને, ક્યા અને કેટલા જન્મનાં કયાં અને કેવાં કર્મોના પરિપાકરૂપે જે સ્વભાવ છે તેને આધારે તે સ્વભાવની તીક્ષ્ણતામાં માત્રાભેદ જરૂર રહે છે. તદનુસાર તેના નિવારણ માટે ઉપાયભેદ અને સમયની અવધિમાં ભેદ રહે છે. જેમ પાંચ દરદીને એક સમાન કોઈક રોગ થયો હોય પણ એમાંથી એકને એક દિવસ જૂનો રોગ હોય, બીજાને એક મહિનાથી, ત્રીજાને એક વર્ષથી, ચોથાને પાંચ વર્ષથી અને પાંચમાને વીસ વર્ષથી રોગ થયો હોય તો સમજી શકાય તેમ છે કે એક સમાન રોગ હોવા છતાં દરેકની દવા, દવાની માત્રા અને રોગ ટાળવાના સમયનો અવધિ એક સમાન ન જ હોઈ શકે.

અધ્યાત્મસાધનામાં પણ એવું જ છે. કામાદિક સ્વભાવોની તીવ્રતાને અનુરૂપ પુરુષાર્થ જરૂરી છે અને તદનુસાર દોષો ટળવાની શક્યતા રહે છે.

શ્રીજીમહારાજ **વચ. લો.૮**માં કહે છે : "જે સ્વભાવ હમણાંનો હોય તે તો જો રૂડા સંતને સંગે રહીને થોડોક તેને ટાળ્યાનો ઉપાય કરે તો ટળી જાય. જેમ વંડી ઉપર તૃણ ઊગ્યાં હોય તે પાંચ દહાડા મેઘ ન વરસે તો સુકાઈ જાય, તેમ હમણાંનો જે સ્વભાવ તે તો થોડાક દિવસમાં ટળી જાય છે. અને જે પૂર્વનો સ્વભાવ હોય તેને ટાળ્યાનો તો અતિ દાખડો કરે ત્યારે માંડમાંડ ટળે. જેમ ધરતીમાં ધરોનો છોડ હોય અથવા બોરડીનાં ઝાડ હોય તેને તો ખેડૂત અગ્નિ લગાડીને બાળે તોપણ પાછો ફૂટી આવે ને જો કોદાળી લઈને મૂળમાંથી ખોદી નાંખે તો જાય, તેમ જે પૂર્વનો સ્વભાવ હોય તેને રૂડા સંતના

સમાગમમાં રહીને અતિ પ્રયાસે કરીને ટાળે તો માંડમાંડ ટળે.''

કોઈને પૂર્વજન્મનો તીક્ષ્ણ સ્વભાવ હોય અને તેને ટાળવા માટે જેટલો પુરુષાર્થ આવશ્યક છે તેટલો ન કરે તોપણ સ્વભાવ ન ટળે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''કોઈ કહે છે મને કામ પીડે છે, કોઈ કહે છે મને લોભ પીડે છે, કોઈ કહે મને માન પીડે છે, કોઈ કહે છે મને સ્વાદ પીડે છે; પણ તેને ઘટાડવાનો ઉપાય કોઈ કરતું નથી; પણ વધારવાનો ઉપાય તો કરે છે ખરા. ખેતીવાળા મંડ્યા છે તેમ ક્યાં મંડ્યા છીએ ? આ તો બે માળા ફેરવી નાખી ને આ બેઠા. એમ કામ ક્યાં થાય એવું છે ? માટે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. ખાધાનો સંકલ્પ થવા દેવો નહિ, નાસિકાગ્ર વૃત્તિ રાખવી ને કામાદિક પાંચ દોષ ટાળ્યાનો ઉપાય કરવો. જીવ મનનું ને ઇન્દ્રિયુંનું ગમતું કરીને પછી પ્રભુ ભજે છે. તે મરતી મરતી કાન હલાવે, તેમ થાય નહિ.''

(૧૪/૧૭૬)

સ્વભાવરૂપ શત્રુની નિર્બળતા કે પ્રબળતાને આધારે તેની સાથેના યુદ્ધમાં કેવો તફાવત રહે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. પ્ર.૭૦**માં કહે છે : ''જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા, તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો. અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા, તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જાય એવા નથી, માટે એ તો એમ ને એમ લડે છે.''

અહીં આપણે સમજ્યા કે ગમે તેવા કઠણ સ્વભાવ હોય પણ ટળી શકે તેમ છે. છતાં ક્યારેક ન ટળ્યા હોય તેવું જે અનુભવાય છે તેનું કારણ તો સાધનામાં ખામી છે.

સ્વભાવ ટળતા નથી એનું કારણ સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે : ''સ્વભાવને વિષે શત્રુભાવ નથી, સ્વભાવ ટાળવાનો ખટકો નથી અને સ્વભાવ ટાળવામાં ગાફલાઈ તથા બેદરકારી રહે છે, તેથી સ્વભાવ ટળતા નથી.''

યથાર્થ ઉપાયો યથાર્થ રીતે અને યથાર્થ સમયના અવધિ સુધી અજમાવીએ તો જરૂર સ્વભાવો નાશ પામે છે. હવે આપણે સ્વભાવ ટાળવાના ઉપાયો વિષે વિચારીએ.

● સ્વભાવો ટાળવાના ઉપાયો

અહીં આપણે સ્વભાવ ટાળવાના જુદા જુદા ઉપાયોનો વિચાર કરીશું.

(૧) ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા

આ દેહે કરીને મારે આ છેલ્લો જન્મ કરવો છે, આત્યંતિક કલ્યાણ કરવું છે, શાશ્વતસુખના અધિકારી થવું છે અને તે માટે ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવા જ છે. આ પ્રકારનું ધ્યેય જો સાધકના મનમાં સ્પષ્ટ અને દૃઢ થાય તો તે સ્વભાવ ટાળવાનો સંકલ્પ પણ કરશે અને તે માટે જરૂરી ઉપાયો પ્રમાણે પુરુષાર્થ પણ કરશે. ખરેખર 'રાજી કરવાનું તાન' એ તો બધા જ સ્વભાવ ટાળવાનો રામબાણ ઈલાજ છે. અજ્ઞાનને લીધે સ્વભાવથી પોતાને જે થોડું ઘણું સુખ આવે છે એમ જે લાગે છે, તે સુખ અને ભગવાન તથા સંતને રાજી કરવાથી પ્રાપ્ત થતા સુખની તુલના કરવાથી ખ્યાલ આવશે કે સ્વભાવના સુખમાં તો અનંત પ્રકારનાં દુ:ખ જ રહ્યાં છે. અલ્પ સુખની પાછળ દુ:ખ દુ:ખ અને દુ:ખ જ છે. જ્યારે રાજીપાથી પ્રાપ્ત થતું સુખ દિવ્ય, અપાર અને શાશ્વત છે. જો આ સમજાય તો સ્વભાવ મુકાઈ જ જાય.

(૨) સ્વભાવને વિષે શત્રુભાવ, વૈરભાવ

આપણને જે કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે સંજોગો શત્રુરૂપ મનાય તેનાથી હંમેશાં દૂર રહેવાનો, તેનાથી બચવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. જેમ સિંહ, વાઘ, વીંછી કે સાપ શત્રુરૂપ મનાય છે તો તેનો ક્યારેય સ્પર્શ કરવાનું મન થતું નથી. એમ સ્વભાવ જ્યારે શત્રુરૂપ મનાય તો તેનાથી છૂટવાનો વિચાર પણ આવે અને પ્રયત્ન પણ થાય. તેથી જ મહારાજ સ્વભાવ ટાળવાના શ્રેષ્ઠ વિચાર તરીકે શત્રુપણાનો વિચાર કરવાનું કહે છે. તેઓ **વચ. મ.૧૫**માં પ્રશ્ન પૂછે છે : "ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ, એવો તે કયો વિચાર છે તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો ?"

પછી આ પ્રશ્નનો ઉત્તર તેઓ પોતે જ આપતાં કહે છે :

"જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તોપણ અતિશય રાજી થવાય છે; તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામ-ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ. એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે. અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા શત્રુને ખોદે, તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહિ, સામો તે સાધુનો અતિશય ગુણ લે અને એમ જાણે જે, 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે, માટે મારા પરમ હેતુ છે.' આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુમાત્રનો નાશ કરી નાંખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ. માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે."

શ્રીજીમહારાજ અહીં સ્વભાવ ટાળવા માટે તપ, વ્રત, જપ, તીર્થયાત્રા, શાસ્ત્રપઠન, યજ્ઞાદિક કોઈ સાધનો નથી બતાવતા, પરંતુ વિચાર બતાવે છે. જો કે બીજાં કઠિન સાધનો થઈ શકે છે, પરંતુ વિચારને પામવું એના કરતાં પણ વધારે કઠણ થઈ પડે છે, પરંતુ વિચાર વગર ફક્ત સાધનોથી સ્વભાવ ટળતા નથી એ હકીકત છે. શ્રીજીમહારાજ અહીં હજારો વિચારોમાં પણ એક શત્રુપણાનો ઉત્કૃષ્ટ વિચાર આપે છે, જેનાથી સ્વભાવ સો ટકા ટળી જ જાય.

જે સ્વભાવે કરીને ભગવાન ને ભગવાનના સંત કુરાજી થતા હોય તેવા સ્વભાવને વિષે વૈરભાવ દૃઢ કરવાનું મહારાજ **વચ. પ્ર.૭૮**માં પણ સમજાવે છે :

"જે પોતામાં ભૂંડો સ્વભાવ હોય તેને દેખીને ભગવાન અને ભગવાનના સંત કુરાજી થતા હોય, તે સ્વભાવ સાથે જ્યારે વૈર કરીએ ત્યારે જેને જે સાથે વૈર હોય તે તો સર્વ જગત જાણે એવું હોય, તે સંતને પણ ખબર પડે. પછી સંત તો તે સ્વભાવના વૈરી છે, તે આપણા પક્ષમાં ભળીને અને આપણી ઉપર દયા કરે અને જે પ્રકારે તે સ્વભાવને જીતીએ એવો ઉપાય બતાવે. માટે જે

સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય, તે સ્વભાવ સાથે સુધું દૃઢ વૈર બાંધીને તેનું મૂળ ઊખડી જાય એવો ઉપાય કરવો. અને જ્યારે એવી રીતે વર્તીએ ત્યારે ભગવાન ને ભગવાનના સંત આપણા ઉપર પૂર્ણ દયા કરે. અને જ્યારે હરિની ને હરિજનની જે ઉપર દયા થાય ત્યારે તેને હૈયામાં અતિશય સુખ વર્ત્યા કરે અને કલ્યાણને માર્ગે ચાલ્યાની પણ સામર્થી વધે અને પોતાના શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનું બળ ઘટી જાય છે. માટે જે પોતાના હૃદયને વિષે અતિશય શત્રુ પીડતો હોય તે સાથે અતિશય વૈર કરીએ તો તેની પરમેશ્વર સહાય કરે છે. માટે પોતાના શત્રુ જે કામાદિક તે સાથે જરૂર વૈર કરવું ઘટે છે. ને પોતાના અંતઃશત્રુ સાથે વૈર કર્યામાં ઘણો જ લાભ છે.''

તદુપરાંત **વચ. પ્ર.૫૭, સા.૧૮** અને **મ.૨૬** વગેરે વચનામૃતોમાં પણ સ્વભાવને વિષે શત્રુપણું રાખીને ટાળવાની વાત કરી છે.

હકીકતમાં જોવા જઈએ તો આપણને સ્વભાવ શત્રુ મનાતા જ નથી. એની ભયાનકતા સમજાતી જ નથી. સ્વભાવને લીધે જ કરોડો જન્મોથી લાતો ખાઈએ છીએ, હેરાન થઈએ છીએ, દુઃખી થઈએ છીએ તેમ છતાં સ્વભાવ શું છે તે સમજાતું જ નથી. આજ સુધી આપણા જ સ્વભાવે આપણું કેટલું બગાડ્યું છે ? પરંતુ એની ભયાનકતાનો આકાર પકડાતો જ નથી. આપણને જે ભયજનક લાગે છે તેનાથી દૂર ભાગીએ જ છીએ. તો સ્વભાવને કેમ પંપાળીએ છીએ અને કેમ પોષીએ છીએ ? સ્વભાવ સાથે કેમ રમીએ છીએ ? સ્વભાવને કેમ મૂકતા નથી ? કારણ કે એને શત્રુ મનાયા જ નથી. એને મિત્ર જ માનીએ છીએ. યુગોથી જુઓ તો માનવનો ઈતિહાસ આ જ સાક્ષી પૂરે છે કે માનવ સ્વભાવને શત્રુ માની જ નથી શકતો. અરે ! બીજાની વાત તો ક્યાં રહી, પરંતુ સાધનાને માર્ગે ચાલનારા સાધકો પણ સ્વભાવને સમજી શક્યા નથી. શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી સંપ્રદાયનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવે છે કે સ્વભાવને શત્રુ નથી મનાયો. કેટલાય સંતો-ભક્તોએ શ્રીજીમહારાજ અને ગુણાતીત સંતને છોડી દીધા છે. પણ સ્વભાવ નથી મૂક્યા. શ્રીજીમહારાજ અને ગુણાતીત સંત અધિક કે સ્વભાવ ? પરંતુ જીવની બુદ્ધિમાં મૂઢતા અને જડતા એવી વ્યાપી જાય છે કે જેથી તે સ્વભાવને શત્રુ નથી માની શકતો. જો સ્વભાવને શત્રુ મનાય તો એકેય સ્વભાવ ઊભો ન રહે.

(૩) દૃઢ નિર્ણય, નિરધાર

સ્વભાવને વિષે શત્રુપણું દૃઢ કર્યા પછી એ ટાળવાનો દૃઢ નિર્ણય કરવો જોઈએ. નિર્ણય કે ઠરાવ કર્યા વગર કોઈ પણ કામ થઈ ન શકે. 'આ સ્વભાવે મને ફજેત કર્યો છે અથવા ફજેત કરી શકે તેમ છે, એનાથી ભગવાન અને સંત કુરાજી થાય છે, મારી સાધનામાં વિઘ્ન આવે છે. મારા ભક્તપણામાં એ શોભે નહિ.' એમ વિચાર કરીને કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે એ સ્વભાવ મારે કાઢવો જ છે એવો નિશ્ચયાત્મક અડગ નિર્ણય કરવો જોઈએ.

શ્રીજીમહારાજ આ પ્રકારની વાત **વચ. સા.૧૮**માં કહે છે : "જ્યારે પોતામાં જે સ્વભાવ વર્તતો હોય ને તે ઉપર અભાવ આવે જે, 'હું ભગવાનનો ભક્ત છું, તે મારે આવો ભૂંડો સ્વભાવ જોઈએ નહિ.' એવી રીતે દોષરૂપ જાણીને જે જે સ્વભાવને તજવાને ઇચ્છે તો ભગવાનને પ્રતાપે કરીને તે તે સ્વભાવની નિવૃત્તિ થઈ જાય છે."

વચ. મ.૨૭માં મુક્તાનંદ સ્વામી પોતે કયા વિચારથી સ્વભાવને દૂર કરે છે તેની વાત કરે છે : "એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, 'જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી.' અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, 'સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ."

મુક્તાનંદ સ્વામીના આ નિર્ણયાત્મક વિચારની પ્રશંસા કરતાં શ્રીજીમહારાજ કહે છે : "કામ-ક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે, તે એ તમારા જીવમાં રહ્યો છે."

જો આવો વિચાર કોઈ પણ સાધકના જીવમાં દૃઢ થાય તો પછી સ્વભાવ ટાળવાનો પ્રયત્ન થાય.

(૪) શ્રદ્ધા અને વિશ્વાસ

સાધકને ભગવાન અને સંતનાં વચનમાં, તેમના સામર્થ્યમાં અને પોતાનામાં અતિ દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જરૂરી છે કે ભગવાન અને સંતના પ્રતાપે હું ગમે તેવા ભૂંડા સ્વભાવને પણ ટાળી શકીશ.

શ્રીજીમહારાજ કહે છે :

સા.૯ – "જો એને સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિશય શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય, તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે. માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય."

સા.૧૮ – "જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે."

(૫) સ્વાર્થ

આપણને સંસારમાં જોવા મળે છે કે કોઈ પણ પ્રકારના લૌકિક સ્વાર્થે કરીને માણસ પોતાનો ગમે તેવો હઠીલો સ્વભાવ મૂકી દે છે, તુરત જ સરળ થઈ જાય છે, કટ વળી જાય છે. એવી જ રીતે આધ્યાત્મિક સાધનામાં પણ જો ભગવાન અને સંત થકી પોતાના કલ્યાણનો સ્વાર્થ મનાય તો તેમને ન ગમતો હોય તેવો કોઈ પણ સ્વભાવ ગમે તેવો કઠણ હોય તોપણ તુરંત જ મૂકી દે.

શ્રીજીમહારાજ **વચ. અં.૨૪**માં કહે છે : "પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે. જેમ દાદાખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે, તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી. તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે."

(૬) ખપ

સત્સંગમાં રહેવાનો, પોતાના આત્માના કલ્યાણનો કે ભગવાન અને સંતને રાજી કરવાનો ખપ હોય તોપણ ગમે તેવો જીવ સાથે જડાયેલ સ્વભાવ પણ છૂટી જાય છે. ખપ હોય તો સ્વભાવ શું છે અને કેટલું નુકસાન કરે છે તે સમજાય. જેમ વિદ્યાર્થીને પરીક્ષામાં પ્રથમ નંબર કે ૯૦% થી વધારે પરિણામ લાવવાનો ખપ જાગે તો એમાં શું શું વિઘ્ન કરનાર છે, તેનું સ્વરૂપ શું છે અને તે કેવી રીતે વિઘ્ન નાખે તેમ છે એ બધું જ સમજાય અને તેનાથી દૂર

પણ રહેવાય. જે વિદ્યાર્થીને આવો ખપ ન હોય તેને વિઘ્નરૂપ આળસ, ખરાબ મિત્રોની સોબત, ટી.વી., ફિલ્મો, અન્ય વાંચન, રખડપટ્ટી વગેરેને સમજી જ ન શકે અને તેથી તેનાથી દૂર પણ ન રહી શકે. એવી જ રીતે જ્યાં સુધી સાધકને ખપ ન જાગે ત્યાં સુધી સ્વભાવ શું છે અને કેટલું નુકસાન કરે છે તે સમજાતું જ નથી અને ત્યાં સુધી એ શત્રુ મનાતા જ નથી. એ મિત્ર જ મનાય છે. તેથી જ તો તેને પાળીએ છીએ, પોષીએ છીએ અને એની સાથે રમીએ છીએ. જો યથાર્થ ખપ જાગે તો સ્વભાવની ભયાનકતા સમજાય, મનાય અને તેનાથી દૂર રહેવાય.

શ્રીજીમહારાજ **વચ. અં.૨૭**માં કહે છે : ''જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંત-સમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે. અને તે સ્વભાવ તો એવો હોય જે, 'ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય,' તોપણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાંખે.''

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''ખપ હોય તો સ્વભાવ ટળે.'' *(૮/૮૫)*

જેને ખપ હોય તે જ તિરસ્કાર અને કઠણ વચન સહન કરી શકે. તેનાથી તે દુઃખાય નહિ. આવી વ્યક્તિની કઠણ પ્રકૃતિ પણ ટળી જાય છે એમ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. મ.૩૭**માં કહે છે : ''જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઇચ્છા હોય તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે ને ગમે તેવાં કઠણ વચન કહે તોપણ કોઈ રીતે દુઃખાવું નહિ ને કહેનારાનો ગુણ જ લેવો. એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તોય પણ તે ટળી જાય છે.''

(૭) ભગવાનનો માહાત્મ્યજ્ઞાને સહિત પરિપક્વ નિશ્ચય

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૬૩**માં પરિપક્વ (અતિ દૃઢ) નિશ્ચયવાળાનાં અનેક લક્ષણોમાં એક લક્ષણ જણાવતાં કહે છે : ''બીજું એ લક્ષણ જે, ગમે તેવો પોતામાં કોઈક સ્વભાવ હોય અને તે કોટિ ઉપાય કરે તોય પણ ટળે એવો ન હોય ને જો તે સ્વભાવને મુકાવ્યાનો પરમેશ્વરનો આગ્રહ દેખે તો તે સ્વભાવને તત્કાળ મૂકે.''

વળી, શ્રીજીમહારાજ કહે છે :

મ.૧૩ – "જ્યારે એ વાર્તા (ભગવાનના સ્વરૂપની) સમજ્યામાં આવશે ત્યારે પંચ વિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે."

અં.૨૮ – "જો ભગવાન ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે ને ગમે તેટલું અપમાન કરે તોપણ તેના સંગને મૂકીને છેટે જવાને ઇચ્છે જ નહિ."

(૮) માહાત્મ્યે સહિત ભક્તિ

શ્રીજીમહારાજ **વચ. લો.૬**માં કહે છે : "એવી રીતે અનંત પ્રકારના માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે અને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તોપણ એ સર્વે આવે છે, માટે એ સાધન સર્વમાં મોટું છે."

(૯) ભગવાન અને સંતમાં નિર્દોષભાવ, દિવ્યભાવ

શ્રીજીમહારાજ કહે છે કે પોતાનામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય પણ જો ભગવાનને **(વચ. પ્ર.૨૪)** તેમ જ સંતને **(વચ. પ્ર.૫૮,૭૩, સા.૧૮)** નિર્દોષ સમજવામાં આવે તો તે સ્વભાવથી રહિત અર્થાત્ નિર્દોષ થઈ જવાય છે. વળી, મહારાજ **વચ. પં.૭** તેમ જ **વર.૫**માં કહે છે કે ભગવાનને માયાપર સમજનાર સાધક પણ માયાપર થઈ જાય છે. આ સંદર્ભના મૂળ શબ્દો આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં નિર્દોષબુદ્ધિરૂપ ભક્તિના નિરૂપણમાં વિચાર્યા છે.

(૧૦) ભગવાન અને સંતમાં હેત

ભગવાન અને સંતમાં અતિશય હેત હોય તો તેમને જે ગમતું હોય તે જ થાય, પરંતુ તેમને જે ન ગમે તે તો ક્યારેય થાય જ નહિ. આપણે અગાઉ જોયું છે કે મહારાજને ભક્તમાં જો કોઈક સ્વભાવ હોય તો તે ગમતા નથી. સ્વભાવવાળા સાથે સુવાણ થતી નથી. તેથી હેતમાં અને એમના ગમતામાં બાધક સ્વભાવને ભક્ત સહન કરી શકે જ નહિ. તેથી તેવા સ્વભાવને ભક્ત દૂર કરે છે.

શ્રીજીમહારાજ કહે છે :

અં.૧ – "જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે હેત હોય તેને ભગવાન કે ભગવાનના ભક્ત ઉપર ક્રોધ કે ઈર્ષ્યા આવે જ નહિ."

અં.૧૪ – "જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ હોય તેને જે પદાર્થ તે પ્રીતિમાં અંતરાય કરવા આવે તો તે ઉપર તુરત ક્રોધ થઈ જાય ને તે પદાર્થનો તત્કાળ ત્યાગ કરે. માટે જો ભગવાનમાં દૃઢ હેત હોય તો એની મેળે જ વૈરાગ્ય ને વિવેક થઈ આવે છે."

(૧૧) આત્મનિષ્ઠા

સાધકને જો પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન થાય તો તેને કોઈ પંચ વિષયમાં આસક્તિ ન થાય અને આસક્તિના પરિણામરૂપે કોઈ ક્રોધ, ઈર્ષ્યાદિક સ્વભાવો પણ ન ઉદ્‌ભવે. સ્વભાવો સામે ટક્કર ઝીલવામાં આત્મ-નિષ્ઠાની ખૂબ જ જરૂર પડે છે. જો સાધક આત્મસત્તારૂપે ન વર્તે તો કામાદિક દોષો તેનો પરાભવ કરે છે.

શ્રીજીમહારાજ **વચ. અં.૨૧**માં કહે છે : "જે સત્તારૂપ રહી નહિ શકે તેને તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે શત્રુ તે પીડ્યા વિના રહે જ નહિ. માટે જે આત્મસત્તારૂપ થઈને ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહિ." તદુપરાંત, કામાદિક દોષો કે મોહ વગેરે ટાળવા માટે મહારાજે અન્ય ઉપાયો ઉપરાંત આત્મનિષ્ઠા પણ જણાવી છે (**વચ. પ્ર.૭૩; લો.૧; મ.૧,૨, ૩૩**).

વળી, આ કામાદિક દોષો સાથે યુદ્ધ કરવામાં ધીરજ રહે તે માટે આત્મનિષ્ઠાની જરૂરિયાત છે એમ તેઓ **વચ. પ્ર.૬૧**માં કહે છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "એક દેહાભિમાન ટળે તો બધા દોષ-માત્ર એની વાંસે ટળે." *(૬/૨૭૮)*

દેહાભિમાન ટળે એટલે કે આત્મનિષ્ઠા દૃઢ થાય તો એકપણ દોષ ઊભો ન રહે. કારણ કે દેહભાવમાં જ સર્વે દોષો રહ્યા છે. દોષોનું મૂળ ટળે તો પછી બીજા દોષ ક્યાંથી રહે ? (**વચ. લો.૬**)

તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તોપણ પાણો ન

મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.'' *(૧/૧૪૧)*

◆ ''આત્મારૂપે વર્તવું એ તો દેશ જ નોખો છે. તેમાં કામાદિક દોષ જ નથી. જેમ ગુજરાત દેશમાં પૃથ્વી ખોદે તેમાં પાણો જ ન મળે તેમ.'' *(૨/૬)*

(૧૨) જનક જેવી સાંખ્ય અને યોગની સમજણ

શ્રીજીમહારાજ કામાદિકનું બીજ પણ ન રહે તેનો ઉપાય બતાવતાં **વચ.વર.૨૦**માં કહે છે : ''ઇન્દ્રિયોની વૃત્તિ અનુલોમપણે વર્તતી હોય અને પ્રવૃત્તિમાર્ગમાં રહ્યો હોય તોપણ જો રાજા જનકની પેઠે જેના હૃદયમાં સમજણની દૃઢતા થઈ હોય, તો તે કોઈ રીતે વિકારને પામે નહિ.' અને જેને જેવું જાણ્યું જોઈએ તેવું યથાર્થ જાણ્યું હોય જે, આ તે સાર છે ને આ તે અસાર છે. પછી એક ભગવાનની મૂર્તિ વિના જેટલા માયિક આકાર છે તે સર્વે અતિશય દુઃખદાયક છે ને નાશવંત છે એમ જાણે અને પોતાને દેહ, ઇન્દ્રિયો ને અંતઃકરણ તે થકી નોખો આત્મારૂપે જાણે. પછી એને એવું કોઈ પદાર્થ નથી જે, 'મોહ પમાડવાને અર્થે સમર્થ થાય;' કેમ જે, એ તો સર્વે માયિક આકારને તુચ્છ કરી જાણે છે. અને એવી રીતે જેના અંતરમાં સમજણની ઘેડ્ય બેઠી હોય ને તેની ઇન્દ્રિયો પ્રવૃત્તિમાર્ગને વિષે સર્વે અનુલોમપણે વર્તતી હોય તોપણ તે કામાદિકે કરીને ક્ષોભને ન પામે. એવો જે હરિભક્ત હોય તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે.''

(૧૩) કથાવાર્તા

'વચનામૃત રહસ્ય : ભાગ-૪'માં શ્રવણભક્તિના નિરૂપણ વખતે આપણે **વચ. કા.૧૨** અને **અં.૨૪**ના આધારે સમજ્યા છીએ કે જો વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને ભગવાનની કથાવાર્તા સંભળાય તો ગમે તેવા કામાદિક સ્વભાવનો નાશ થઈ જાય છે.

(૧૪) પોતાના અંગનો વિચાર

શ્રીજીમહારાજ **વચ. અં.૨**માં કહે છે : ''જે સમજુ હોય તેને પોતાનું જે અંગ હોય તેને ઓળખી રાખ્યું જોઈએ. તે જ્યારે કામ-ક્રોધાદિકે કરીને

પોતાને વિક્ષેપ થતો હોય, ત્યારે પોતાના અંગનો વિચાર કરે તો તે કામાદિક ક્ષીણ પડી જાય.''

(૧૫) દાસપણાની દૃઢતા

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૫૮**માં કહે છે : ''પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતાં જાય છે.''

(૧૬) ભગવાન અને સંતનો પક્ષ

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૭૮ – ''જેને એવો સત્સંગનો પક્ષ છે, તે સંત અથવા સત્સંગી તે સંગાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેનાં માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે.''

અં.૭ – ''ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ. અને ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાંસંબંધીને વહાલાં રાખવાં નહિ. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ, ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી.''

ભગવાન અને ભક્તનો પક્ષ રાખવાથી ભગવાનનો રાજીપો થાય છે અને તેથી ગમે તેવા કામાદિક સ્વભાવો ટળી જાય છે.

(૧૭) સંપ

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

''*અધર્મ સર્ગ જબ કરત પ્રવેશા, સુર નર મુનિ મહિં નહિ સુખ લેશા.*
એમ કહીને બોલ્યા જે, 'એવો અધર્મ સર્ગ શેણે કરીને પ્રવેશ થાય છે, તો

જ્યારે એકબીજાનાં મન નોખાં પડે છે, ત્યારે પ્રવેશ થાય છે. ને એકબીજામાં સંપ હોય તો અધર્મ સર્ગ પેસવા આવે નહિ... આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારો અંતરશત્રુ હશે તે પણ પરાભવ નહિ કરી શકે ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે.'' *(૩/૫૮)*

સંપ રાખવાથી ભગવાન અને સંતની શક્તિ અને કૃપાદૃષ્ટિ સહાયરૂપ થાય છે તેથી સ્વભાવ પરાભવ કરી શકતા નથી.

(૧૮) સત્પુરુષની કૃપાદૃષ્ટિ

જો સાધક મન, કર્મ, વચને ગુણાતીત સત્પુરુષનો સમાગમ કરે, તેની અનુવૃત્તિ પાળે અને સેવા કરે તો તેમના પર કૃપાદૃષ્ટિ કે અનુગ્રહ થાય અને તેથી તેમના સર્વે સ્વભાવો નાશ પામે છે.

શ્રીજીમહારાજ **વચ. મ.૭**માં કહે છે : ''વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, 'આ બિચારો વૈરાગ્યરહિત છે, તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે.''

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''કામ-ક્રોધાદિક દોષ છે તે તો જેમ ખીલ કે દાદર હોય એવા છે, તે તો દેહનો ભાવ છે, ટળી જાશે ને મોટા દૃષ્ટિ કરે તો આ ઘડીએ ટળી જાય.'' *(૧/૧૬૪)*

◆ ''મન, કર્મ, વચને મોટાની અનુવૃત્તિમાં રહીએ તો એની દૃષ્ટિ પડી જાય ને સર્વ દોષ ટળી જાય.'' *(૨/૮૧)*

◆ ''મહારાજ તથા મોટા સાધુ તે તો ગારડીવાદી જેવા છે તથા મણિધર જેવા છે, તે ફૂંક મારે તો કામ, ક્રોધ બળી જાય.'' *(૪/૨૪)*

◆ ''કામાદિક દોષ છે તે જેમ જેમ ભગવાનની આજ્ઞામાં વર્તે તેમ તેમ મોળા પડે, પણ બીજરૂપે તો રહે. તે મોટાની દૃષ્ટિ થાય ત્યારે તે બીજ નાશ

પામે છે. ને મોટાની દૃષ્ટિ પણ ગુણથી ને સેવામાંથી થાય છે.” *(૪/૧૩૮)*

◆ “મોટા લગાર પણ દૃષ્ટિ કરે તો કામાદિક પીડી શકે નહિ ને પોતાની મેળે ગમે તેટલા દાખડા કરે પણ કામાદિક પરાભવ કર્યા વિના રહે જ નહિ. માટે મોટાનો દૃઢ આશરો કરવો.” *(૫/૨૫૧)*

(૧૯) ઇન્દ્રિયો-અંતઃકરણને દંડ

શ્રીજીમહારાજ **વચ. લો.૧**માં કહે છે : “એ કામાદિક શત્રુ તો તો ટળે, જો એને ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે. જેમ ધર્મરાજા છે તે પાપીને મારવાને અર્થે દંડ લઈને રાત-દિવસ તૈયાર રહે છે. તેમ ઇન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઇન્દ્રિયોને દંડ દે અને અંતઃકરણ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને દંડ દે. તેમાં ઇન્દ્રિયોને કૃચ્છ્રચાંદ્રાયણે કરીને દંડ દે અને અંતઃકરણને વિચારે કરીને દંડ દે, તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય.”

વળી, મહારાજ **વચ. કા.૩**માં દેહદમન તથા વિચારે કરીને દેહના અને મનના દોષ ટાળવાનું કહે છે; તો **વચ. લો.૮**માં ઇન્દ્રિયોને દંડ આપીને, નિયમમાં વર્તાવીને ઇન્દ્રિયોની ચંચળતા ટાળવાનો ઉપાય બતાવે છે. **વચ. સા.૨**માં ચક્ષુ અને શ્રોત્રને તથા **વચ. લો.૮**માં જિહ્વા ઇન્દ્રિયને વિશેષે કરીને સંયમમાં રાખવાનું કહે છે. **વચ. સા.૨**માં ભગવાનની મૂર્તિ વિના ચક્ષુ અને શ્રોત્ર અન્યત્ર તણાય તો તેને અને **વચ. પં.૩**માં ઇન્દ્રિયો-અંતઃકરણ ચાળા કરે તો તેને કેવી રીતે ઠપકો આપીને તેમને સંયમ-નિયમમાં વર્તાવવા તે શીખવ્યું છે.

(૨૦) પુરુષપ્રયત્ન

જો કે ભગવાન અને સંતના પ્રતાપે જ, એમની કૃપાદૃષ્ટિથી જ સ્વભાવ ટળવાના છે, પરંતુ જીવ ફક્ત પોતાના પુરુષાર્થથી ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો કરે તોપણ સ્વભાવનો નાશ થઈ શકે તેમ નથી એ હકીકત છે; તેમ છતાં પુરુષાર્થ કરવાની આવશ્યકતા રહે છે. પુરુષપ્રયત્ન કર્યા વગર ‘ભગવાન કે સંત સ્વભાવ ટાળશે’ એમ માનીને મહિમાના ઓથે આળસ કે પ્રમાદ રાખીને બેસી રહે તો સ્વભાવ કદાપિ ટળવાના નથી (**વચ. સા.૧૪**). ભગવાનના નિશ્ચયના બળે જીવ એમ માને કે હવે મારે કાંઈ જ કરવાનું

નથી તો એ એનો વાંક છે (**વચ. પ્ર.૧૮**), કારણ કે ભગવાન અને સંતની કૃપા મેળવવા, તેમને પ્રસન્ન કરવા માટે પણ પુરુષપ્રયત્ન કરવાની જરૂર છે. પુરુષપ્રયત્ન કર્યા વગર એમની કૃપા પણ થતી નથી (**વચ. સા.૧૧**). તેથી સાધક જો સ્વભાવ ટાળવા માટે જાણપણું રાખી, ખટકો રાખી, સાવધાનીપૂર્વક ઉપરોક્ત જણાવેલ ઉપાયો પ્રમાણે પુરુષાર્થ કરે તો જ ભગવાનની કૃપાથી એના સ્વભાવ ટળે છે.

તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

મ.૧૨ – "એવી રીતે પુરુષપ્રયત્ને યુક્ત જે વર્તે ને નાદારપણાનો સારી પેઠે ત્યાગ કરે એ જ કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સ્વભાવ જીત્યાનો અતિશય મોટો ઉપાય છે. અને એ પુરુષપ્રયત્નરૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વ પુરુષ-પ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે. માટે પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે."

સા.૧૧ – "જો ખબડદાર થઈને મંડે તો આ ને આ દેહે જ સર્વ કસર મટી જાય." માટે જ મહારાજ **વચ. મ.૧** અને **મ.૩૩**માં કહે છે કે મોહ અથવા સ્વભાવ ટાળવાનો નિત્ય આદર અને અભ્યાસ રાખે તો તે જરૂર ટળી જાય છે. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : "**દોષ ટાળવાનો અભ્યાસ કરે તો ટળી જાય.**" *(૧/૨૩૨)*

(૨૧) નામું

શ્રીજીમહારાજ **વચ. સા.૧૮**માં કહે છે :

"જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે; તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વને તપાસ્યા કરે, પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે."

(૨૨) પ્રાર્થના

અધ્યાત્મ-સાધનામાં ભગવાનની પ્રાર્થના એક અમોઘ શસ્ત્ર અને રામબાણ ઈલાજ છે. આપણી બુદ્ધિ, શક્તિ મર્યાદિત છે. તેથી અધ્યાત્મના આ ગહન પથ પર ડગલે ને પગલે સતત ભગવાનની દિવ્ય પ્રેરણા અને શક્તિ મળતી રહે તે જરૂરી છે. માયાનાં ઝંઝાવાતી તોફાનો સામે ટકી રહેવા માટે, તેનાથી પરાજિત થયા વગર તેને પાછા પાડવા અને તેનું અસ્તિત્વ મિટાવી દેવા માટે, ભગવાનની અલૌકિક શક્તિ કામે લગાડ્યા વગર છૂટકો જ નથી. તે માટે સાધકે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક શુદ્ધભાવે, દીનભાવે અને અનન્યભાવે ભગવાન અને ગુણાતીત સંતની શરણાગતિ સ્વીકારીને તેમને પ્રાર્થના કરતાં રહેવું જોઈએ. જ્યારે અને જ્યાં, જે કોઈ પ્રકારની વિટંબણા, મુશ્કેલી, મૂંઝવણ આવે, સ્વભાવોના આવેગો આવે ત્યારે તેમાંથી રક્ષા માટે પ્રાર્થનાનો જરૂર ઉપયોગ કરવો જોઈએ. સ્વભાવોને ટાળવા માટે ઉપરોક્ત ઉપાયોને યથાર્થ રીતે અજમાવી શકાય તે માટે પણ ભગવાન અને સંતને પ્રાર્થના કરીને તેમની પાસેથી જ પ્રેરણા અને શક્તિ માંગવાની છે. અંતઃશત્રુઓથી સંપૂર્ણ રક્ષા થાય, સાધનામાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય, સતત સાચી દિશામાં પ્રગતિ થતી રહે અને અંતે સાચી સાધનાની ફલશ્રુતિ પ્રાપ્ત થાય અર્થાત્ સ્વભાવમાત્ર ટળી જાય અને આત્યંતિક મુક્તિ થાય, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય, તે માટે પ્રાર્થનાની ટેવ પાડવી અત્યંત જરૂરી છે. સમયે સમયે પ્રાર્થના કરવી એમ શ્રીજીમહારાજ પણ સૂચવે છે :

પ્ર.૪૮ – "અને વળી એમ પ્રાર્થના કરવી જે, 'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો."

પં.૩ – "ભગવાનની પ્રાર્થના કરવી જે, 'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે દયાનિધે ! આ ઈન્દ્રિયો-અંતઃકરણનો વાંક છે ને હું તો એથી નોખો છું ને એ તો મારા શત્રુ છે, માટે એ થકી મારી રક્ષા કરજ્યો.' એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી."

અં.૩૯ – "હનુમાન, નારદ, પ્રહ્લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે, અહં-મમત્વરૂપ માયા

થકી રક્ષા કરજ્યો અને તમારે વિષે પ્રીતિ થજ્યો, અને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થજ્યો અને સાધુને વિષે હેત ને મમત્વ થજ્યો. માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું અને શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો.''

આ રીતે પ્રાર્થનાપૂર્વક ઉપરોક્ત સર્વે ઉપાયોમાંથી જેને જેનાથી કામ સરતું હોય એવા ઉપાયો અજમાવવા માટે યોગ્ય પુરુષાર્થ કરવાથી જરૂર સ્વભાવ ટળી જાય છે. જો સાધકનો યોગ્ય દિશામાં યોગ્ય રીતે યોગ્ય પુરુષાર્થ હોય તો ભગવાન અને ગુણાતીત સંત તો મદદ કરવા તૈયાર જ છે.

૭.૪.૩ વિવિધ પ્રકારના સ્વભાવો

અહીં સુધી આપણે કામાદિક સર્વે સ્વભાવોનો નિર્દેશ કરીને તેનાથી થતાં નુકસાન અને તેને ટાળવાના વિવિધ ઉપાયોનો વિચાર કર્યો. હવે અહીં આપણે પ્રત્યેક સ્વભાવ વિષે જાણવા પ્રયત્ન કરીશું. સર્વ સામાન્ય સ્વભાવથી થતાં જે નુકસાનનો નિર્દેશ આપણે કર્યો છે તેવું જ નુકસાન અથવા તો તેમાંથી અમુક નુકસાન પ્રત્યેક સ્વભાવથી પણ થાય છે, તેથી તેનો પુનઃ ઉલ્લેખ નહિ કરીએ અથવા અત્યંત સંક્ષેપમાં કરીશું. એવી જ રીતે સ્વભાવો ટાળવાના જે ઉપાયો આપણે જોયા તે જ ઉપાયો અથવા તેમાંથી અમુક ઉપાયો જે તે સ્વભાવને ટાળવા માટે આવશ્યક છે. તેથી તેનો પણ પુનઃ ઉલ્લેખ નહિ કરીએ. એમ છતાં અમુક સ્વભાવ ટાળવા માટે મહારાજે વિશિષ્ટ ભાર મૂકીને અમુક ઉપાયો બતાવ્યા હોય તેનો પુનઃ ઉલ્લેખ જ્યાં આવશ્યક લાગશે ત્યાં કરીશું.

આપણે નીચે જણાવેલ કેટલાક મુખ્ય સ્વભાવો વિષે ક્રમશઃ વિચાર કરીશું.

૧. *મોહ*	૭. *ક્રોધ*	૧૩. *બરોબરિયાપણું*
૨. *કામ*	૮. *ઈર્ષ્યા*	૧૪. *કપટ*
૩. *લોભ*	૯. *મત્સર*	૧૫. *દંભ*
૪. *સ્વાદ*	૧૦. *અસૂયા*	૧૬. *ગુરુતાગ્રંથી*
૫. *સ્નેહ*	૧૧. *આંટી*	૧૭. *લઘુતાગ્રંથી*
૬. *માન*	૧૨. *હઠ*	૧૮. *આળસ-પ્રમાદ*

❀ ❀ ❀

૧. મોહ

● મોહનું તાત્પર્ય

મોહ તો સર્વે દોષો કે સ્વભાવોનું મૂળ છે. મોહ એક પ્રકારનું અજ્ઞાન છે. સત્યમાં અસત્યની અને અસત્યમાં સત્યની ભ્રાંતિ થવી એ જ મોહ છે. આત્મા અને પરમાત્મા સત્ય છે, તેને મૂકીને જીવ અસત્ય એવાં દેહ, જગત અને પંચ વિષયમાં બંધાય છે.

મોહનું રૂપ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

મ.૧ – "મોહનું રૂપ તો મનને વિષે ભ્રાંતિ જેવું થઈ જાય એ જ જણાય છે. અને જ્યારે પુરુષના હૃદયમાં મોહ વૃદ્ધિ પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે, પછી આ કરવા યોગ્ય ને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી. ....જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહિ. એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહીએ."

મ.૫૩ – "શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે, 'જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહિ.' માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે."

ગુણાતીતાનંદ સ્વામી મોહનું રૂપ સમજાવતાં કહે છે :

◆ "આ જીવને દેહનો ને જાતિનો અહંકાર છે એ જ મોહ છે." *(૮/૭૮)*

◆ "પંચ વિષયમાં રાગ તે મોહનું રૂપ છે." *(૧૩/૮૧)*

● મોહ ઉદય થયાનું કારણ અને તેનું પરિણામ

મોહ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને મોહ ઉદય થયા પછી તેનું પરિણામ કેવું આવે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. મ.૧**માં કહે છે :

"મોહનું જે કારણ તે પણ પંચ વિષય જ છે. તે વિષય પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના છે. તેમાં જ્યારે ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય અને તેમાંથી કોઈ અંતરાય કરનારો આવે ત્યારે તે ઉપર ક્રોધ થાય, પછી ક્રોધ થકી મોહ થાય છે...

...જ્યાં સુધી રમણીય પંચ વિષયમાં ચિત્ત લોભાય છે ત્યાં સુધી મોહ ટળે નહિ. અને જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહિ. એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહીએ...

...માટે આ વચન જે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યાં છે તે પરમ સિદ્ધાંત છે. જ્યારે શબ્દાદિક કોઈ વિષયમાં ચિત્ત લોભાયું, ત્યારે ગમે તેવો બુદ્ધિવાન હોય પણ તેની બુદ્ધિનું કાંઈ ઠેકાણું રહે નહિ અને પશુ જેવો થઈ જાય છે. માટે મોહને ઉદય થયાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે."

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "કોટિ જન્મથી સ્વાદ ચાખ્યા પણ તેનો પાર આવતો નથી. તેનું નામ જ મોહ છે... મોહનો મારગ છૂટે તો જ હરિમાં સ્નેહ થાય છે. પુરુષ-પ્રકૃતિ સુધીનો ભોગ છે, તે બધા મોહ અને દુઃખ ઉપજાવે છે. માટે મારા ભક્તોને તેમાં દોષ દેખાડી, અભાવ લાવી, હું ત્યાગ કરાવું છું. જ્યાં સુધી રસાસ્વાદ, કામ, લોભ, સ્નેહ અને માન આદિ શત્રુ છે ત્યાં સુધી મોહ ટળે નહિ. અને મોહ ટળ્યા વિના પ્રભુમાં પ્રીતિ થાય નહિ." *(પૂર : ૪, તરંગ : ૯૯)*

◆ "મોહ રૂપી મદિરાથી જીવ સાર-અસાર ભૂલી જાય છે."

(પૂર : ૫, તરંગ : ૩૭)

◆ "જે વાત કરવા જેવી નથી તે કરવા માટે લોક-શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. તેને જે કરે છે તે આ લોક અને પરલોકમાં દુઃખી થાય છે છતાં કરે છે, તેનું નામ મોહ છે. દરેક પ્રકારની મદિરાથી મોહમદિરા ભારે ઉન્મત્ત કરનારી છે. મોહમદિરાથી મનુષ્યો અંધ થાય છે. અને જેમાં તે ખોટી રીતે સુખ માની બેઠો છે. તેમાં કોઈ દુઃખ દેખાડે તો તેને શત્રુ માને છે."

(પૂર : ૧૧, તરંગ : ૫)

◆ "મનુષ્યતન પામી જે કરવાનું છે તે ન થાય તેથી બીજો મોટો મોહ કે અજ્ઞાન નથી. ચિંતામણિ હાથમાં આવે અને અલ્પ સુખ માટે તેને તજી દે, તેના જેવો તે અજ્ઞાની કહેવાય." *(પૂર : ૧૬, તરંગ : ૪૫)*

શાસ્ત્રોએ મોહને આંધળો કહ્યો છે. એટલે જેનામાં મોહ વ્યાપે તેને આંધળો કહેવાય છે. મોહાંધ થયેલ વ્યક્તિને કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક

રહેતો નથી.

જેમાં મોહ વ્યાપે છે તે પણ જાણવા છતાં મૂકી ન શકે. વ્યસનથી, પંચ વિષયની આસક્તિથી કે અભાવ-અવગુણથી નુકસાન થાય છે એવું જાણતો હોય અને પોતે પણ એનાં ખરાબ પરિણામો ભોગવ્યાં હોય, છતાં મોહાંધ વ્યક્તિ એને મૂકી શકતો નથી. અને તેને લીધે વધુ બંધનમાં ફસાય છે, વધુ દુ:ખી થાય છે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "ધીરે ધીરે મોહનાં મૂળ ઉખેડી નાખવાં." *(૯/૨૦)*

◆ "જે ખરેખરા હોય તેને આ લોકમાં કોઈ પદાર્થમાં મોહ ન પામવું અને ક્યાંય લોભાવું નહિ." *(૧૩/૧૯૨)*

● મોહના નાશનો ઉપાય

શ્રીજીમહારાજ **વચ. મ.૧**માં મોહ-નાશના ત્રણ ઉપાય બતાવે છે :

(i) આત્મનિષ્ઠાની દૃઢતા.

(ii) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની દૃઢ સમજણ.

(iii) ભગવાનનું યથાર્થ મહાત્મ્ય.

શ્રીજીમહારાજ આ જ વચનામૃતમાં કહે છે કે જેને કલ્યાણનો ખપ હોય તે જો આ ત્રણ વિચાર કરીને એ સમજણની દૃઢતા કરે તો પંચ વિષયની આસક્તિ ધીરે ધીરે ટળે છે અને અંતે સંપૂર્ણ આસક્તિ ટળી જતાં જીવના હૃદયમાં રહેલો મોહ પણ નાશ પામે છે. મોહનો નાશ કરવાનું કામ કઠિન છે. તે આકળા-ઉતાવળા થવાથી તત્કાળ સિદ્ધ થતું નથી, પરંતુ શ્રદ્ધા, હિંમત અને ધીરજ રાખીને સાધક મંડ્યો રહે તો ધીમે ધીમે નિર્મોહી થવાય છે. મોહ નિર્મૂળ થયા પછી ભક્તને સમત્વનો અનુભવ થાય છે. આવો નિર્મોહી અને સમત્વની સ્થિતિવાળો ભક્ત જ અનન્ય ભક્ત છે, તે જ જ્ઞાની છે, ભગવાન તેના ઉપર જ રાજી થાય છે, અને તે ભક્ત ભગવાનને અતિશય વહાલો છે. મોહનો ક્ષય થવો એ જ મોક્ષ છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "જ્યાં સુધી સત્સંગ ન કરે ત્યાં સુધી મોહના પૂરમાં વહે છે અને અવશ્ય કરવાની વાત તેને દેખાતી નથી. ભગવાન વિનાની વાત ઝેર જેવી લાગે ત્યારે મોહ ગયો કહેવાય." *(પૂર : ૨૦, તરંગ : ૧૬)*

૨. કામ

કામ એટલે ઈચ્છા, વાસના, કામના, પંચ વિષય ભોગવવાની આસક્તિ, પરંતુ વિશેષે કરીને 'કામ' શબ્દ પ્રાયઃ 'જાતીયવૃત્તિ' અર્થાત્ 'સ્ત્રી-પુરુષને પરસ્પરના સંગની કે ભોગની ઈચ્છા'ના અર્થમાં રૂઢ થયેલો છે.

જીવમાત્રની આ જાતીયવૃત્તિ અત્યંત પ્રબળ છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ ને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જોઈએ." *(૧/૧૪૧)*

તેનું કારણ સમજાવતાં તેઓ જ કહે છે : "જ્યાં સુધી પોતાને પુરુષ મનાશે, ત્યાં સુધી તેને સ્ત્રી જોઈશે ને જ્યાં સુધી પોતાને સ્ત્રી મનાશે ત્યાં સુધી તેને પુરુષ જોઈશે ને ગમે ત્યાં જાશે પણ એમ રહેશે." *(૨/૧૬૧, ૪/૯૬)*

● કામથી નુકસાન

જીવ-પ્રાણીમાત્રમાં રહેલો આ એક ભયંકર દોષ છે. આ મોટામાં મોટો અંતઃશત્રુ છે. આને લીધે બીજા ઘણા દોષો, સ્વભાવો ઉત્પન્ન થાય છે. આધ્યાત્મિક સાધનામાં તો આ દોષથી ખૂબ મોટું નુકસાન છે જ, પરંતુ લૌકિક દૃષ્ટિએ પણ આ દોષથી વિશ્વભરમાં વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે વૈશ્વિક અનેક પ્રશ્નો ઊભા થાય છે. વ્યભિચાર, બળાત્કાર, હત્યાઓ વગેરે અનેક ગુનાઓનું એક અત્યંત મહત્ત્વનું કારણ આ દોષ છે. આ દોષથી કેવું પરિણામ આવે છે તેની વાત શ્રીજીમહારાજે ધર્મામૃતના નિષ્કામી વર્તમાનમાં જે લખી છે તેનો સાર આ પ્રમાણે છે :

➤ જેમ સર્વે જળને રહ્યાનું સ્થાન સમુદ્ર છે, તેમ સર્વે દોષોનો આશ્રય 'કામ' છે. ક્રોધ, મદ, મત્સર, માન, ઈર્ષ્યા, દંભ, નિર્લજ્જપણું વગેરે અનેક દોષો કામને આશરે રહ્યા છે.

➤ કામવાસનાને આધીન થાય તો શાસ્ત્રને જાણનારા જ્ઞાનીઓને પણ બ્રહ્મના સુખથી સ્ત્રી-સંબંધી સુખ અધિક મનાય છે.

➤ સ્ત્રી-પુરુષો 'કામવાસનાની' તૃપ્તિ માટે 'ભક્તિ'નો આડંબર કરીને પરસ્પર સંબંધ રાખે છે.

➤ ગુરુ-શિષ્ય પરસ્પરને ઠગે છે.

➤ વેશ્યાગમન થાય છે, પોતાના ગોત્રની સ્ત્રીનો સંગ થાય છે, એટલું જ નહિ ક્યારેક તો મા-બહેન-દીકરી, ભાણેજ સાથે પણ ખોટો વ્યવહાર થાય છે.

➤ કામના પરવશપણાથી વ્યક્તિ પશુ-મૈથુન, સજાતીય-મૈથુન કે કર-મૈથુન કરવા પ્રેરાય છે.

➤ કામવાસનાની તૃપ્તિમાં અવરોધરૂપ થનાર પતિ, પત્ની, પિતા, ભાઈ, પુત્ર કે અન્ય કોઈ પણ સ્ત્રી-પુરુષની હત્યા કરે છે, કરાવે છે.

➤ અભક્ષ્ય વસ્તુનો આહાર કરે છે.

➤ જગતમાં અપકીર્તિ, અવળી સમજણ, પૂર્વાપરની સ્મૃતિનો નાશ, રૂડી બુદ્ધિનો નાશ, અનેક સદ્‌ગુણોનો નાશ, અપમૃત્યુ અને નાના-મોટા ભયંકર રોગો એ સર્વે કામને આશરીને જ રહ્યાં છે.

➤ કુટુંબમાં, જ્ઞાતિમાં, કોઈ પણ સંસ્થા, સંપ્રદાય કે સમાજમાં તે વ્યક્તિ કલંકિત થાય છે, પ્રતિષ્ઠાહીન થાય છે. એને લીધે કુટુંબ, ધર્મ, સંપ્રદાય, ગુરુ, ઈષ્ટદેવ કે સંસ્થાને પણ કલંકના છાંટા ઊડે છે.

(શ્લોક : ૧ થી ૧૫)

ગીતામાં અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન પૂછે છે : "હે કૃષ્ણ ! મનુષ્ય પોતે ન ઈચ્છતો હોવા છતાં પણ બળાત્કારે જોડવામાં આવ્યો હોય તેમ કોનાથી પ્રેરાઈને પાપનું આચરણ કરે છે ?" *(ગીતા : ૩/૩૬)*

તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે :

➤ આ રજોગુણથી ઉત્પન્ન થનારો આ કામ મહાપાપી છે; આ સંસારમાં આને તું વૈરી જાણ.

➤ જેમ ધુમાડાથી અગ્નિ, મેલથી આરસી અને ઓરથી ગર્ભ ઢંકાય છે, તેમ આ કામ વડે આ (જ્ઞાન) ઢંકાયેલું છે.

➤ કદી તૃપ્ત ન કરી શકાય એવો આ કામરૂપ અગ્નિ નિત્યનો શત્રુ છે. જ્ઞાનીનું જ્ઞાન એનાથી જ ઢંકાયેલું છે.

➤ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ આનાં આશ્રયસ્થાન કહેવાય છે. આ કામ જ્ઞાનને ઢાંકી દઈ જીવાત્માને મૂઢ બનાવે છે.

➤ માટે હે ભરતશ્રેષ્ઠ ! તું પ્રથમ ઈન્દ્રિયોને વશ કરી જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર આ પાપી(કામ)નો ત્યાગ કર.

➤ કામરૂપી દુર્જય શત્રુનો તું નાશ કર. *(ગીતા : ૩/૩૭-૪૩)*

ચાણક્ય મુનિ કહે છે :

नास्ति कामसमो व्याधिः । ....

અર્થાત્ કામ જેવો કોઈ વ્યાધિ (રોગ) નથી.

કામરૂપ દોષથી થતા નુકસાન વિષે આપણે વિશેષ વિચાર આગળ જતાં 'સાધનામાં આવશ્યક સદ્‌ગુણો'ના મુદ્દામાં નિષ્કામ (બ્રહ્મચર્ય) વ્રતના નિરૂપણ વખતે કરીશું.

શ્રીજીમહારાજને 'કામ' દોષ પ્રત્યે અત્યંત ઉપેક્ષા છે. તેથી જ તો તેઓ **વચ. પ્ર.૭૬**માં કહે છે : "કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે 'એ સત્સંગી છે.' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે."

- **કામ ટાળવાના ઉપાયો**

'કામ' શત્રુનો નાશ કરવો સહેલો નથી. શ્રીજીમહારાજ **વચ. પ્ર.૭૩**માં કહે છે : "કામ જીત્યાનું સાધન તો સૌથી ઘણું કઠણ છે."

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : "આ બધો મલક મંડે તો ગિરનાર પર્વત પણ ઉખેડી નાખીએ, પણ કામ તો કરોડ ઉપાયે પણ ન ઊખડે."

(૬/૧૭૦)

'પંચ વિષય પ્રત્યેની આસક્તિ, કામના, તૃષ્ણા કે વાસના' તેમ જ 'સ્વભાવો, વિકારો કે દોષો'નો નાશ કરવાના જે ઉપાયો અગાઉ સમજાવ્યા છે તે જ ઉપાયો આ 'કામ'ને નિર્મૂળ કરવા માટે પણ છે. વળી, આ વિષે વિશેષ વિચાર આપણે આગળ જતાં 'સાધનામાં આવશ્યક સદ્‌ગુણો'ના મુદ્દામાં નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ના નિરૂપણ વખતે કરીશું.

૩. લોભ

લોભ એટલે કોઈક વસ્તુ મેળવી લેવાની તીવ્ર ઈચ્છા, તૃષ્ણા, લાલચ, લાલસા, લોલુપતા કે કૃપણતા.

- **લોભથી નુકસાન**

શ્રીજીમહારાજે **વચ. અં.૩૮**માં કહ્યું છે કે છ પ્રકારના દોષો જેમાં હોય

તેને જીવતાં કે મર્યા પછી પણ ક્યારેય સુખ તો થાય જ નહિ. આ છ પ્રકારના દોષોમાં એક દ્રવ્યાદિકનો લોભ છે. માટે આ દ્રવ્યાદિકનો લોભ જ્યાં સુધી છે ત્યાં સુધી માણસ ક્યારેય સુખી થઈ શકે તેમ નથી.

મહારાજ દ્રવ્યાદિકની તૃષ્ણા અને દ્રવ્યથી થતા અનર્થો વિષે વેદરસમાં લખે છે :

◆ "મુમુક્ષુને વિષે રૂડા શુભ ગુણ પણ ત્યાં સુધી છે જ્યાં સુધી એ દ્રવ્યની તૃષ્ણાનો સ્પર્શ નથી થયો. અને જ્યારે એ દ્રવ્યની તૃષ્ણા ઊપજે છે ત્યારે કલ્યાણરૂપ ગુણનો નાશ થઈ જાય છે. જેમ દૂધને વિષે મીઠાશ ત્યાં સુધી છે જ્યાં સુધી સર્પનો સ્પર્શ નથી થયો. તે જ્યારે સર્પનો સ્પર્શ થાય છે ત્યારે તે દૂધ વિષરૂપ થઈ જાય છે. તેમ જ્યારે એ મુમુક્ષુને દ્રવ્યની તૃષ્ણાનો સ્પર્શ થાય છે, ત્યારે એ આત્મજ્ઞાનથી રહિત થાય છે; કે'તાં દેહાત્મબુદ્ધિ થઈ જાય છે. હે પરમહંસો ! લક્ષ્મી જે દ્રવ્ય તે દેખાવમાત્ર સુંદર છે, પણ એની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે પુરુષની મુમુક્ષુતાનો નાશ કરે છે; કે'તા વિષ્ટાનો કીડો કરી નાખે છે." *(વેદરસ, પૃષ્ઠ : ૧૧)*

◆ "આ જે લક્ષ્મી છે તે પંદર અનર્થની દેનારી છે. અને જ્યાં સુધી એ સંપત્તિની પ્રાપ્તિ નથી થાતી ત્યાં સુધી એને પામવાનો યત્ન કરે છે. એની પ્રાપ્તિના પંદર અનર્થ કહીએ :

એક ચોરી, હિંસા, અનૃત (અસત્ય), દંભ, કામ, ક્રોધ, ગર્વ, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા, ચિંતા, ભય, ખેદ એવી રીતે પંદર છે. અને જ્યારે એ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે ત્યારે શીતલતા, સંતોષ, ધર્મ, ઉદારતા, કોમલતા, વિચાર, વૈરાગ્ય, દયા એ આદિક જે મોક્ષની સંપત્તિરૂપ ગુણ તેનો નાશ થાય છે. અને જ્યારે એ ગુણનો નાશ થયો ત્યારે આત્મજ્ઞાન સંબંધી જે સુખ તે ક્યાંથી હોય ? પરમ આપદાની પ્રાપ્તિ થાય છે; કહેતાં દેહાત્મબુદ્ધિ થઈ જાય છે. તે સારુ પરમ દુઃખનું કારણ છે. તે જાણી એ દ્રવ્યનો ત્યાગ રાખવો. હે પરમહંસો ! એ પુરુષને વિશે શમ-દમાદિક ગુણ ત્યાં લગી જ છે જ્યાં લગી સુવર્ણાદિક દ્રવ્યની પ્રાપ્તિ નથી થઈ. અને એ સુવર્ણાદિક દ્રવ્ય કેવું છે ? તો જે સુવર્ણને વિષે કલિને પરીક્ષિત રાજાએ સ્થાનક દીધું છે અને તે સુવર્ણ થકી અનૃત(અસત્ય) થાય છે, અને રજોગુણ છે મૂલ જેનું એવી હિંસા થાય છે અને પાંચમું વૈર થાય છે." *(વેદરસ, પૃષ્ઠ : ૯)*

◆ "હે પરમહંસો ! જે કાંઈ સંપત્તિ છે તે આપદાનું મૂળ છે. શા હેતુ માટે જે, જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે, ત્યારે મોટા વિષયને ભોગવે છે; કે'તાં સ્ત્રીઓનો સંગી થાય છે. અને જ્યારે એ દ્રવ્ય જાતું રહે છે ત્યારે તૃષ્ણાએ કરીને બળતો રહે છે અને જન્મ-મરણને પામે છે. તે સારુ જે દ્રવ્યની ઇચ્છા કરે છે, તે મૂર્ખ તુલ્ય છે." *(વેદરસ, પૃષ્ઠ : ૧૦)*

'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં દ્રવ્ય અને તેના અનર્થો વિષે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે : "ધન જ અનેક પ્રકારનાં પાપ કરાવે છે. જેટલા મોટા મોટા સિદ્ધો કહેવાય છે તે પણ ધનને માટે મિથ્યા બોલે છે. અને અનેક પ્રકારના પ્રપંચ વિના કોઈ ધન ભેગું કરી શકતો નથી. જ્યાં જેટલું ધન વધારે છે ત્યાં તેટલો પ્રપંચ વધારે જ છે. અને જ્યાં પ્રપંચ છે ત્યાં આ ભગવાનનો વાસ ક્યારેય થતો નથી." *(પૂર : ૧૬, તરંગ : ६६)*

વળી, લોભ માણસ પાસે શું કરાવે છે તેની વાત મહારાજે ધર્માંમૃતના નિર્લોભી વર્તમાનમાં પણ જણાવી છે, તેનો સાર જોઈએ :

➤ લોભ એ જ પાપનો પિતા અને પ્રવર્તાવનારો છે.

➤ લોભથી ક્રોધ, કામ, મોહ, કપટ, અભિમાન, ઈર્ષ્યા, મત્સર, રાગ-દ્વેષ, અહં-મમત્વ વગેરે ઊપજે છે.

➤ ધનાદિકના લોભથી માણસ પોતાની દીકરી કે બહેનને પણ નીચને ઘેર વેચે છે.

➤ લોભથી વ્યભિચાર કરે, કરાવે છે. 'વેશ્યાવૃત્તિ' લોભનું જ પરિણામ છે.

➤ લોભથી ઈર્ષ્યા, અસૂયા, મત્સર અને ક્રોધાદિક વિકારો ઉદ્ભવે છે.

➤ સત્તા, સંપત્તિ, કીર્તિના લોભથી યુદ્ધો થાય છે, જેમાં હજારોની હત્યાઓ થાય છે. છૂટક છૂટક હત્યા કે ખૂનનું મુખ્ય કારણ પણ લોભ છે. ક્યારેક લોભને લીધે જ દીકરો બાપનું, બાપ દીકરાનું કે ભાઈ ભાઈનું પણ ખૂન કરે છે, કરાવે છે.

➤ લોભે કરીને ક્ષમા, લજ્જા, શોભા, ધર્મ જેવા અનેક સદ્‌ગુણોનો નાશ થાય છે.

➤ લોભને લીધે જ અનેક પ્રકારની ચોરી અને લૂંટફાટ થાય છે.

➤ લોભે કરીને સંપત્તિ, પદાર્થ, દ્રવ્યનો વધુ પડતો સંગ્રહ થાય છે,

તેનો ધર્માદિક પુણ્યકર્મમાં પણ સદ્ઉપયોગ થતો નથી,

➤ લોભે કરીને માણસ બીજાને પરાધીન થઈ જાય છે. પોતાની કીર્તિ, પ્રતિષ્ઠા ખોવા તૈયાર થઈ જાય છે.

➤ લોભે કરીને કર્તવ્ય-અકર્તવ્યનો, સત્-અસત્નો વિવેક રહેતો નથી, પરિણામે શાસ્ત્રનિષિદ્ધ એવાં ઘણાં અયોગ્ય પાપકર્મો લોભને લીધે જ થાય છે.

तस्मात् सर्वाणि पापानि लोभमूलानि निश्चितम् ।

અર્થાત્ તેથી નિશ્ચિતપણે સર્વે પાપનું મૂળ કારણ લોભ છે.

(શ્લોક : ૧૨ થી ૧૮)

આજના યુગમાં તો લોભે માઝા મૂકી છે. લોભને લીધે જ કરોડો રૂપિયાનાં કૌભાંડો, લાખો-કરોડો રૂપિયાની લાંચ-રુશ્વત, ભ્રષ્ટાચાર, દુરાચાર, વ્યભિચાર, ખાદ્ય અને અન્ય પદાર્થોમાં કે દવામાં પણ ભેળસેળ, મારામારી, હિંસા, આતંકવાદ, ત્રાસવાદ, હત્યાઓ, આપઘાત, ચોરી, લૂંટફાટ વગેરે અનેક પ્રકારના અનેક ગણા ગુનાઓ દિન-પ્રતિદિન વધતા જ જાય છે. લોભે માણસની ઊંઘ હરામ કરી નાખી છે. લોભને લીધે જ અશાંતિ, ઉદ્વેગ, અજંપો, ખાલીપો, અસંતોષ, અને ગળાકાપ સ્પર્ધા જેવા અનેક માનસિક ભાવો માણસના અંતરમાં રહીને તેને પાયમાલ કરી રહ્યા છે. લોભે જ માણસને અસ્થિર, અસલામત, ભયભીત અને અનેક પ્રકારે પાપી બનાવ્યો છે.

લોભ વિષે ભક્તચિંતામણિમાં કહ્યું છે :

પામે છે જીવ જુજવા ક્ષોભ, તે તો જેને જેવડો છે લોભ;
લોભ સંતશુ હેત ત્રોડાવે, લોભ દુષ્ટશું પ્રીત જોડાવે.
લોભ કરાવે ન કર્યાનાં કામ, લોભ કરાવે જીવત હરામ;
ડાહ્યા શિયાણા પંડિત પીર, લોભે કર્યા સહુને અધીર;
કવિ કોવિદ કર્યા વેચાણ, તેને ઈચ્છે તે નર અજાણ.
લોભે આપી છે અવળી મત્ય, મનાવ્યું છે અસત્યમાં સત્ય;
તેની નરને નહિ ઓળખાણ, તેને ઈચ્છે તે નર અજાણ.
લોભે નાખી ગળે જમે ફાંશી, લોભે લેવારી લખચોરાશી;
લોભ ફેરવે છે ચારે ખાણ, તેને ઈચ્છે તે નર અજાણ.

(ભક્તચિંતામણિ : ૧૦૭)

લોભને લીધે ઉપર જણાવ્યા પ્રમાણેનાં અનેક અનર્થો અને પાપકર્મો

થાય છે. એ પ્રકારનું નુકસાન તો દરેક મનુષ્યને છે, પરંતુ ભક્તને જો લોભ વળગ્યો હોય તો તેને માટે વિશેષ નુકસાન એ છે કે પોતાના એ લોભને લીધે તે પ્રત્યક્ષ ભગવાન કે ગુણાતીત સંતની આજ્ઞા પ્રમાણે ધન, દોલત, સંપત્તિ, મકાન, જમીન કે અન્ય મિલકત વગેરેની સેવા કરી શકતો નથી.

શ્રીજીમહારાજ **વચ.અં.૨૮**માં કહે છે : "લોભ રહ્યો હોય ને તે લોભને મુકાવે ને કહે જે, 'આ તારું ધન, માલ, ખેતર, વાડી તે કોઈકને આપી દે,' ત્યારે તે વચન પાળે નહિ; તેણે કરીને પાછો પડી જાય."

જો લોભને લીધે આ પ્રકારની સેવા ન થઈ શકે તો તે એમનો રાજીપો પ્રાપ્ત કરી શકતો નથી. વસ્તુતઃ અધ્યાત્મ-માર્ગમાં તો ભગવાન અને સંતનો રાજીપો જ અમૂલ્ય મૂડીરૂપી રોકડ કમાણી છે. ભક્ત લોભને લીધે રાજીપાની આ અમૂલ્ય મૂડી ગુમાવે છે. આ જ એને મોટામાં મોટું નુકસાન છે. લોભને લીધે જો હરિભક્ત સત્સંગમાં ધને કરીને સેવા ન કરી શકે તો તેવા હરિભક્તને જે ખોટ જાય છે તે વિષે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં આધારાનંદ સ્વામી કહે છે :

◆ "સમર્થ થઈને લોભ કરે તે મળ સમાન છે. શ્રીહરિ પણ એમ માનતા જે સુમાર્ગે વાપરે નહિ એનું કુમાર્ગે જાય છે. તેનું ફળ મહાપાપરૂપે ભોગવવું પડે છે." *(પૂર : ૧૭, તરંગ : ૩૮)*

◆ "દ્રવ્ય અપાર હોય પણ ભગવાન માટે સંકોચ કરે અને શરીરનો નિર્ધાર નથી તેનો વિચાર કરે નહિ, એવા જનને ફાવે તેટલું દ્રવ્ય મળે તોય પણ નિરર્થક છે. તેનું દ્રવ્ય બંધીખાનામાં પડ્યું હોવાથી રડે છે. ભૂમિમાં પડ્યું હોય તો પણ તે શાપ દે છે. તેથી તેના માલિકનો વંશોચ્છેદ થાય છે. તેથી કરીને રાત-દિવસ દુઃખિયો રહે છે, પણ છાતી કૂણી તો થતી જ નથી. જેને નિમિત્તે દ્રવ્ય જીવતાં ભેગું કર્યું હોય તે નિમિત્તે ખર્ચાય નહિ અને મરણ પામે, ત્યારે જેનું દ્રવ્ય હોય તેને ઘેર જન્મ લઈને તેને આધીન થઈને માંગણું દ્રવ્ય પૂરું કરે છે." *(પૂર : ૨૮, તરંગ : ૬૩)*

● લોભ ટાળવાના ઉપાયો

આ પાપના બાપ એવા લોભને ટાળવા માટે મુખ્યત્વે સાંખ્યવિચાર, આત્મવિચાર અને પરમાત્માના મહિમાનો વિચાર કરવો જરૂરી છે; સાથે

સાથે પોતે પોતાના નિયમમાં યથાર્થપણે રહેવાથી પણ લોભ બાબતે 'સંયમ' કેળવાય છે.

લોભ ટાળવાનો સાંખ્યવિચાર સમજાવતાં શ્રીજીમહારાજ ધર્મામૃતમાં નિર્લોભી વર્તમાનમાં કહે છે :

◆ "જીવ જે પદાર્થનો લોભ કરે છે તે પદાર્થ વિષય નાશવંત છે, અને જે શરીરના સુખને અર્થે લોભ કરે છે તે શરીર પણ ક્ષણમાં નાશ પામી જાય તેવું છે." *(ધર્મામૃત : ૨૪)*

◆ "દેહ અને દ્રવ્યાદિકનું અસત્યપણું છે, તોપણ જીવ લોભથી જે પાપ કરે છે તે પાપકર્મ નિશ્ચય એ જીવને સાચાં થઈને વળગે છે. અને તે પાપકર્મે કરીને નરકને અથવા તે ભૂંડી યોનિને પામે છે." *(ધર્મામૃત : ૨૫)*

શ્રીજીમહારાજનાં વચનોનું તાત્પર્ય એ છે કે જે દેહ માટે જે પદાર્થનો લોભ કરે છે તે દેહ અને તે પદાર્થ બન્ને નાશવંત છે, પરંતુ એના માટે જે પાપ કરે છે તે તો જીવને આ જન્મે કે પછીના કોઈ પણ જન્મે - આ લોકમાં કે નરકના લોકમાં જઈને ભોગવવું જ પડે છે. જો આ જ હકીકત હોય તો નાશવંત આ દેહ અને પદાર્થ માટે લોભ શા માટે કરવો એમ મુમુક્ષુએ વિચારીને લોભનો ત્યાગ કરવો જોઈએ.

લોભ ટાળવા માટે આત્માનો વિચાર આપતાં શ્રીજીમહારાજ **વચ. લો.૧૭**માં કહે છે : "અંતઃકરણ ઈન્દ્રિયોનો પ્રકાશક ને જેણે કરીને દેહ ચાલે છે, હાલે છે, એવો જે સત્તારૂપ આત્મા તે હું છું. તે હું ધન-સ્ત્રિયાદિક કોઈ પદાર્થે કરીને સુખી થઉં એવો નથી ને એ પદાર્થ ન મળે તેણે કરીને દુઃખી થઉં એવો નથી."

ભગવાનનો મહિમા સમજવાથી લોભ કેવી રીતે ટળે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :

મ.૪ – "અને જેને ભગવાનનો મહિમા સમજાય છે તેને રાજ્ય હોય અથવા ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે. અને જે જે સંસારમાં સારું-નરસું પદાર્થ હોય તે સર્વેમાં સરખી ભાવના રહે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ. અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય. અને એવી રીતે જે વર્તતો હોય તે ભક્ત ગમે તેવા મોટા વિષય હોય તેમાં બંધાય નહિ."

મ.૫૭ – "જ્યારે ભગવાનની મોટ્યપ સામું જોઈએ ત્યારે તો એવું કોઈ પદાર્થ છે નહિ જે, 'તેની કોટિમા ભાગના પાશંગમાં પણ આવે.' એવા ભગવાનને યથાર્થ જાણીને જો હેત કર્યું હોય તો માયિક પદાર્થ જે પિંડ-બ્રહ્માંડાદિક તેમાં ક્યાંય પણ પ્રીતિ રહે નહિ, માયિક પદાર્થ સર્વે તુચ્છ થઈ જાય."

જેને આવો સાંખ્યવિચાર કે આત્મા-પરમાત્માના મહિમાનો વિચાર દૃઢ થયો છે એવા ભક્તની કેવી સમજણ હોય છે તે વિષે ભક્તચિંતામણિમાં કહ્યું છે :

સોના રૂપામાં સુખ ન માને, જેને મહાપ્રભુ આવિયા પાને;
કીટ બ્રહ્માલગી દેખે નાશ, એમ સમજે છે હરિના દાસ.
એક સમજાણું હરિમાં સુખ, બીજું સર્વે જણાણું છે દુ:ખ;
જેવો જમકિંકર કાળપાશ, એમ સમજે છે હરિના દાસ.
જેને મળ્યું છે મહાધન મોટું, બીજું સર્વે સમજાણું છે ખોટું;
પાપ જાણીને ન કરે પ્યાસ, એમ સમજે છે હરિના દાસ.
અહિ વીંછીને વિષ અંગાર, કાકવિષ્ટા માંહિ શિયું સાર;
એવું જાણી તજે સુખ આશ, એમ સમજે છે હરિના દાસ.
એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં;
રહે છે અંતર સહુથી ઉદાસ, એમ સમજે છે હરિના દાસ.

(ભક્તચિંતામણિ : ૧૦૭/૩૮-૪૨)

સાધકના મનમાં ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ઈશક જાગે એટલો લોભ નીકળે. સતત રાજી કરવાનું અનુસંધાન રહે તો જગતના કોઈ લોભમાં તે ન ફસાય.

૪. સ્વાદ

રસનેન્દ્રિય અર્થાત્ સ્વાદેન્દ્રિય (જીભ) દ્વારા થતો આ અનુભવ છે. છ પ્રકારના રસ (સ્વાદ) છે : ખાટો, ખારો, મીઠો, કડવો, તૂરો અને તીખો. આ જુદા જુદા પ્રકારના રસ કે સ્વાદની આસક્તિ એ દોષ છે.

● સ્વાદથી નુકસાન

શ્રીજીમહારાજે **વચ. અં.૩૮**માં જે છ પ્રકારના દોષોને લીધે કોઈ દિવસ

જીવતે ને મરીને સુખી થવાય નહિ એમ કહ્યું છે, તેમાં એક રસને વિષે જિહ્વાની આસક્તિ છે.

આ દોષને લીધે અર્થાત્ ખાવા-પીવાની અત્યંત લોલુપતાને લીધે કેવી પ્રવૃત્તિ થાય છે, કેવું પરિણામ આવે છે તે વિષે શ્રીજીમહારાજ ધર્મામૃતના નિઃસ્વાદી વર્તમાનમાં જે કહે છે તેનો સાર જોઈએ :

➤ સર્વ ઇન્દ્રિયોને ક્ષોભ પમાડનાર, પાપને ઊપજવાના કારણરૂપ ક્રોધ, લોભ, ઈર્ષ્યા આદિક સર્વે દોષો રસમાંથી જ પ્રવર્તે છે.

➤ વિશેષતઃ 'કામ'ને વધારે પોષણ આપીને વિશેષ પુષ્ટ કરનાર આ રસાસ્વાદ છે.

➤ રસાસ્વાદને લીધે જ માંસાહાર કરાય છે, અર્થાત્ ખાવા યોગ્ય ન હોય, શાસ્ત્રનિષિદ્ધ હોય તેવી વસ્તુઓનો પણ ઉપયોગ કરાય છે. આવી સ્વાદ-વૃત્તિના પોષણ માટે જ ધર્મના નામે હિંસામય યજ્ઞો અથવા તો દેવી-દેવતાઓ સમક્ષ માંસ વગેરે નૈવેદ્ય ધરાવીને તેનો પ્રસાદ તરીકે ઉપભોગ કરાય છે. આ હેતુથી જ લાખો-કરોડોની સંખ્યામાં પશુ, પક્ષીઓ, માછલીઓની હત્યાઓ થાય છે.

➤ અપેય પીણાંઓ - દારૂ, મદ્ય વગેરે શાસ્ત્રનિષિદ્ધ તથા શરીર, મન વગેરેને નુકસાનકારક ઉત્તેજક તથા નશીલાં પીણાંઓ પિવાય છે.

➤ સર્વે પ્રકારની બરબાદી નોતરનાર વિવિધ પ્રકારનાં 'વ્યસન' (બીડી, સિગારેટ, તમાકુ, ગુટખા, અફિણ વગેરે) કરાય છે.

➤ રસાસ્વાદથી જ શાસ્ત્રવિહિત આહાર અતિશય કરાય છે.

➤ શરીરના અનેકવિધ રોગોનું મૂળ કારણ આ 'રસાસ્વાદ' છે.

➤ વિશેષે કરીને તો રજોગુણી અને તમોગુણી પદાર્થોને ખાવા-પીવા તરીકે ઉપયોગમાં લેવાથી અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. પછી સત્-અસત્નો વિવેક રહેતો નથી અને પરિણામે જે કરવાનું છે તે રહી જાય અને બીજું ન કરવાનું થાય છે. ક્યારેક તો આ દોષને લીધે જ કંકાસ, ક્લેશ, ઝઘડો, મારામારી અને ક્યારેક તો હત્યાઓ પણ થાય છે, અથવા તો વ્યક્તિ આપઘાત પણ કરી બેસે છે. *(શ્લોક : ૧-૧૩)*

વળી, આ રસાસ્વાદની આસક્તિનું પરિણામ કેવું આવે છે તે વિષે મહારાજ વચનામૃતમાં કહે છે :

પ્ર.૧૮ – "એ જીવ જે નાના પ્રકારનાં ભોજન જમે છે તે ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે અને જુદા જુદા ગુણ છે. તે ભોજનને જ્યારે જમે છે ત્યારે તે ગુણ અંતઃકરણમાં તથા શરીરમાં પ્રવર્તે છે. અને જો લીલાગર ભાંગ્ય પીવે અને તે પ્રભુનો ભક્ત હોય તોય પણ લીલાગર ભાંગ્યને કેફે કરીને વર્તમાનની ખબર રહે નહિ અને પ્રભુના ભજનની પણ ખબર રહે નહિ. તેમ અનંત પ્રકારના જે આહાર તેના ગુણ પણ લીલાગર ભાંગ્યની પેઠે જ અનંત પ્રકારના છે, તેનો ગણતાં પણ પાર આવે નહિ."

લો.૮ – "યૌવન અવસ્થામાં આહારની વૃદ્ધિ હોય એટલે કામની પણ વૃદ્ધિ હોય."

મ.૩૩ – "અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઇન્દ્રિય છે તે દોડતી ફરે, ત્યારે બીજી ઇન્દ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "રસનાનું પોષણ ન થાય ત્યાં સર્વે વિષય બંધ થઈ જાય." *(૮/૧૭૮)*

◆ "રસના વશ હશે તેનાથી જ સત્સંગમાં રહેવાશે. તે વિના તો મરને ગમે તેટલી ભક્તિ કરે તોપણ સત્સંગમાં નહિ રહેવાય." *(૧૩/૧૭૫)*

◆ "સારું સારું વઘારીને ખાય તે રસાસ્વાદ વધે. પછી તેના હૈયામાં ભગવાન રહે નહિ." *(૧૩/૨૦૩)*

◆ "રસમાંથી નિષ્કામી વર્તમાનને ઘસારો લાગશે. પછી અંતરે સુખ કેમ રહેશે ?" *(૧૪/૧૯૨)*

તેથી અધ્યાત્મ-સાધના કરનાર પ્રત્યેક સાધકે રસાસ્વાદ ઉપર વિજય મેળવવો જરૂરી છે.

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે :

आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवानुस्मृतिः ।

અર્થાત્ 'આહારની શુદ્ધિથી, અંતઃકરણની શુદ્ધિ થાય અને અંતઃકરણની શુદ્ધિથી અખંડ સ્મૃતિ રહે.' *(૭/૨૬/૨)*

રસાસ્વાદ જીતવા ઉપર ભાર મૂકતાં શ્રીજીમહારાજ **વચ. લો.૮**માં કહે છે : "એક જીહ્‌વાને પરિપક્વ જીતે, તો બીજાં સર્વે ઇન્દ્રિયો જિતાય છે."

તેઓ વેદરસમાં લખે છે :

◆ "હે પરમહંસો ! મુમુક્ષુ જે તે પ્રાણવૃત્તિ જે તે આહારમાત્ર તેણે

કરીને સંતોષમાં રહે; પણ ઇન્દ્રિયોને વહાલા જે રસાદિક તેણે કરીને રાજી થાય નહિ." *(વેદરસ, પૃષ્ઠ : ૯૮)*

◆ "જિહ્વા ઇન્દ્રિય અતિ ક્ષોભની પાડનારી છે. અને તે જિહ્વા ઇન્દ્રિયે કરીને જો રસમાં મોહ પામે છે તો કાળ થકી મૃત્યુને પામે છે ને દેહાત્મબુદ્ધિ થાય છે. અને બીજી ઇન્દ્રિયો જીતી હોય અને રસની આસક્તિ-રૂપ એવી જે જિહ્વા ઇન્દ્રિય તેને જીતી ન હોય તો ત્યાં લગી તે જિતેન્દ્રિય કહેવાય નહિ. અને રસની આસક્તિ જીતી તો સર્વ જીત્યું કહેવાય."

(વેદરસ, પૃષ્ઠ : ૯૮)

વળી, તેઓ ધર્મામૃતના નિઃસ્વાદી વર્તમાનમાં આ જ હકીકત કહે છે :

જ્યાં સુધી રસના ઇન્દ્રિય નથી જીતી ત્યાં સુધી કોઈ જિતેન્દ્રિય નથી થતો. રસના ઇન્દ્રિયને જીતે ત્યારે જ એણે સર્વે ઇન્દ્રિયોને જીતી એમ જાણવું. (जितं सर्वं जिते रसे) *(ધર્મામૃત : ૭૦)*

તેથી જ તેઓ શિક્ષાપત્રીમાં કહે છે : "રસના ઇન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી." *(શ્લોક : ૧૮૯)*

● સ્વાદ ટાળવાના ઉપાયો

શ્રીજીમહારાજ સ્વાદ ટાળવાનો ઉપાય બતાવતાં કહે છે :

લો.૮ – "જિહ્વા ઇન્દ્રિયને જીતવી હોય તો જે વસ્તુ જીભને ગમતી હોય તે વસ્તુ ન આપવી અને આહાર યુક્ત કરવો, તો જિહ્વાની ચંચળતા ટળે."

મ.૩૩ – "આહાર-વિહાર યુક્ત રાખવો પણ અતિશય ખાધાની લોલુપતા ન રાખવી."

અં.૩૨ – "આહાર નિયમમાં કરવો તે ઘણાક ઉપવાસ ઠામુકા કરવા માંડે તેણે કરીને ન થાય, એમ તો ઝાઝી તૃષ્ણા થાય ને મૂળગો આહાર વધે ને ઉપવાસનો ખાંગો ખાય ત્યારે બમણો વાળે. માટે એ તો ધીરે ધીરે આહારને ઘટાડવા માંડે તો નિયમમાં આવે. જેમ મેઘ ઝીણી ઝીણી બુંદે વર્ષે છે પણ બહુ પાણી થાય છે, તેમ ધીરે ધીરે આહારને નિયમમાં કરવો. ને એમ કરે ત્યારે ઇન્દ્રિયો નિયમમાં આવે."

આ ઉપરાંત શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ખાવા-પીવા વિષયક જે નિયમો આપ્યા છે તે પણ યથાર્થ પાળવા જરૂરી છે.

શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં કહે છે :

◆ "યજ્ઞનું શેષ હોય અર્થાત્ યજ્ઞની પ્રસાદી કે દેવતાનું નૈવેદ્ય હોય તોપણ માંસ આપત્કાળમાં પણ ન ખાવું. તો પછી બીજું માંસ તો ખવાય જ કેમ ? અત્યારના યુગ પ્રમાણે ઇંડાં, આમલેટ વગેરે જે કાંઈ અભક્ષ્ય વસ્તુ છે તે ન જ ખવાય." *(શ્લોક : ૧૫,૨૨)*

◆ "દેવતાને ધરાવાયેલ નૈવેદ્યરૂપે પણ કોઈ પણ પ્રકારનાં સૂરા કે દારૂ ન જ પીવાં." *(શ્લોક : ૧૫)*

◆ "વ્યસન(બીડી, સિગારેટ, તમાકુ, ગુટખા વગેરે)નો ત્યાગ કરવો. ભાંગ, મફર ગાંજો, અફિણ આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ." *(શ્લોક : ૧૮)*

◆ "જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ ન લેવું. (આધુનિક યુગમાં હૉટલ કે રેકડી વગેરેમાં જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેના-તેના હાથે બનાવેલ ભોજન ન ખાવું.)" *(શ્લોક : ૧૯)*

◆ "ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું." *(શ્લોક : ૩૦)*

◆ "જો ઔષધ દારૂ તથા માંસથી યુક્ત હોય તે ઔષધ (દવા) ક્યારેય ન ખાવું." *(શ્લોક : ૩૧)*

◆ "ડુંગળી, લસણ આદિ અભક્ષ્ય વસ્તુ ન ખાવી." *(શ્લોક : ૧૮૬)*

◆ "ભગવાનને નૈવેદ્ય કરીને અર્થાત્ ભગવાનને ધરાવીને તે પ્રસાદીનું અન્ન જમવું. ભગવાનને અર્પણ કર્યા વગર કંઈ ખાવું કે પીવું નહિ." *(શ્લોક : ૫૮,૬૦)*

શ્રીજીમહારાજે આપેલ આ નિયમો 'સ્વાદ' જીતવા માટે અત્યંત આવશ્યક છે. વિશેષે કરીને જો ભગવાન અને સંતને રાજી કરવાનું તાન હોય તો સ્વાદ ઉપર વિજય મેળવવાનો સંકલ્પ અને પ્રયત્ન થાય જ.

૫. સ્નેહ

● સ્નેહથી નુકસાન

શ્રીજીમહારાજ ધર્મામૃતના નિઃસ્નેહી વર્તમાનમાં 'સ્નેહ' વિષે કહે છે :

➤ ભગવાન તથા ભગવાનના ભક્ત વિના બીજા પદાર્થમાં જે સ્નેહ

થાય છે, તે નિશ્ચય મોટો શત્રુ છે. અને તે ઘણા દોષોને રહ્યાનું ઠેકાણું છે.

➤ સંસારનો, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને સાધુ થયેલાઓને પણ સ્નેહે કરીને જ પોતાના સંબંધીઓની સ્મૃતિ થાય છે.

➤ સ્નેહે કરીને જ મૃત્યુ વખતે સ્ત્રી, પુત્ર, ધન, ઘર, પશુ, પક્ષી, વૃક્ષાદિકમાં વૃત્તિ અને સ્મૃતિ રહેવાથી જીવની અધોગતિ થાય છે.

➤ મૃત્યુ પર્યંત દેહનું દુઃખ પણ પોતાના ચિત્તમાં ન ગણીને સ્નેહ થકી પોતાના કુટુંબનું પોષણ કરવાને વિષે પ્રવૃત્ત થાય છે.

➤ પોતાની જ્ઞાતિનાં ન હોય એવાં સ્ત્રી-પુરુષને પરસ્પર સ્નેહ થઈ જતાં પોતાનાં માતા-પિતા કે સંબંધીઓનો ત્યાગ કરીને જતાં રહે છે.

➤ સ્નેહને લીધે જ કુટુંબમાં ક્લેશ, કંકાસ, તિરસ્કાર હોવા છતાં વૈરાગ્ય થતો નથી.

➤ સ્નેહને લીધે જ મૃત્યુ પામેલા સંબંધીઓની પાછળ મનુષ્યો દુઃખી દુઃખી થાય છે. ક્યારેક તો ગાંડા થઈ જાય છે. ક્યારેક તો આપઘાત પણ કરે છે.

➤ સંબંધીઓના સ્નેહને લીધે માણસ નીતિ-નિયમ નેવે મૂકીને, ખોટું કર્મ કરીને, બીજાને અન્યાય-દુઃખી કરીને, ચોરી-લૂંટફાટ કરીને, બીજાની હત્યા કરીને પણ કુટુંબીઓનું ભરણ-પોષણ કરે છે.

➤ સ્નેહ-આસક્તિને લીધે જ કુટુંબીઓ પ્રતિ પક્ષપાત રહે છે. અને ભગવાન અને સંતનો અભાવ પણ આવે છે.

➤ સ્નેહના બંધનને લીધે જ વૃદ્ધ થવા છતાં જીવવાની આશા પ્રબળ રહે છે.

➤ સ્નેહથી મનુષ્યને અન્યાયને વિષે ન્યાયની બુદ્ધિ, પાપને વિશે પુણ્યની બુદ્ધિ, અનાત્મા જે દેહ તેને વિષે આત્માની બુદ્ધિ, અસાધુને વિષે સાધુપણાની બુદ્ધિ, રૂડા ગુણવાન પુરુષના રૂડા ગુણને વિષે દોષપણાની બુદ્ધિ અને દોષવાળા પુરુષને વિષે ગુણની બુદ્ધિ અર્થાત્ અસત્યને વિષે સત્યની અને સત્યને વિષે અસત્યની બુદ્ધિ થાય છે.

➤ સ્નેહ થકી જ કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા આદિક ઘણા દોષોની પ્રવૃત્તિ થાય છે. *(શ્લોક : ૧-૧૬)*

દેહ, દેહનાં સંગાં-સંબંધી, સત્તા, સંપત્તિ, વૈભવ, પદાર્થો, સ્થાન વગેરેમાં

સ્નેહરૂપી પાશ જ જીવને જગતમાં બાંધે છે. તેથી મોક્ષદાયક અને સુખના સિંધુ એવા ભગવાન અને ભગવાનના સંતને વિષે હેત થવાને બદલે આ માયિક જીવો કે માયિક પદાર્થોમાં હેત થાય છે. જીવની આ હેતરૂપી માયા છે.

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૩૪ – "સહજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહજે જ હેત થાય છે. તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે."

પં.૩ – "હેત છે તે જ ભગવાનની માયા છે... માટે જે થકી જગતનો પ્રવાહ છે ને જે જીવને સંસૃતિ ને બંધનની કરનારી છે એવી જે ભગવાનની માયા તે જ હેતરૂપે છે."

મ.૩૬ – "આ સંસારને વિષે માયા માયા કહે છે, તે માયાનું રૂપ અમે જોઈ લીધું છે જે, 'ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે તે જ માયા છે."

અં.૩૯ – "દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વ-બુદ્ધિ' એ જ માયા છે."

જ્યાં સુધી જીવમાં આ હેતરૂપી માયા વળગી છે ત્યાં સુધી સર્વે સુખનાં ધામ અને સર્વ થકી પર એવા જે પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક એવા જે નાશવંત ને તુચ્છ પદાર્થમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે (**વચ. પ્ર.૩૪**); ભગવાનને મૂકીને દેહ, દેહનાં સગાં-સંબંધી કે અન્ય કોઈ પણ પદાર્થમાં સ્નેહ થઈ જાય છે (**વચ. પં.૩, મ.૫૭**).

ભગવાન અને ભગવાનના સંત સિવાય દેહ, દેહનાં સગાંસંબંધી કે અન્ય કોઈ પણ પદાર્થમાં સ્નેહ થાય એ અધ્યાત્મ-સાધનામાં બહુ મોટું વિઘ્ન છે. શ્રીજીમહારાજ કહે છે :

મ.૫૬ – "જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે... માટે જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને રાજી કર્યા સારુ પંચ વિષયનો અતિશય ત્યાગ કર્યો જોઈએ, પણ ભગવાનને વિષે જે પ્રીતિ તેમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિ."

અં.૧૨ – "પોતાના દેહનાં જે સગાં-સંબંધી હોય ને તે હરિભક્ત હોય તોપણ તેમાં દેહના સંબંધરૂપ સર્પની લાળ પડી છે, માટે તેમાં હેતના કરનારાનું જરૂર અકલ્યાણ થાય છે. એમ જાણીને જેને પોતાનું કલ્યાણ

ઇચ્છવું હોય તેને દેહનાં જે સગાં-સંબંધી હોય તે સાથે હેત રાખવું નહિ. એમ સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનનાં ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું.''

અં.૧૭ – ''અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.''

અં.૧૯ – ''જેને પોતાના સંબંધીમાં વધુ હેત હોય તેનો તો અમારે અતિશય અવગુણ આવે છે. માટે જેણે સંસાર ત્યાગ કર્યો હોય તેને તો લેશમાત્ર પણ પોતાના સંબંધી સાથે હેત ન રાખ્યું જોઈએ. શા માટે જે, પંચ મહાપાપ છે તે થકી પણ દેહના સંબંધીમાં હેત રાખવું તે વધુ પાપ છે... અને તે સંબંધીને સત્સંગી જાણીને તેનું માહાત્મ્ય સમજવા જાય તો એક તો સંબંધનું હેત જ હોય ને વળી તેનું હરિભક્તપણાનું માહાત્મ્ય સમજે, પછી ભગવાન ને ભગવાનના ભક્તથી સંબંધીમાં વધુ હેત બંધાઈ જાય છે.

માટે જેમાં સ્વાભાવિક હેત રહ્યું જ છે એવા જે પોતાના સંબંધી તેને હરિજન જાણીને જો તેમાં હેત કરે તો તેનો જન્મ ખરાબ થઈ જાય છે... જેમ દૂધ ને સાકર હોય તેમાં સર્પે મોઢું નાંખ્યું હોય, તો તે પણ ઝેર કહેવાય. તેમ જેમાં સેવા-ચાકરીરૂપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તોપણ તેમાં તે પોતાનો સ્વાર્થ લઈને હેત ન રાખવું. શા માટે જે, પોતાના જીવને એ થકી બંધન થાય છે. અને જેમ ભગવાનનું ચિંતવન થાય તેમ જ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થવા માંડે, એ જ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય. જેમ ભરતજીને મૃગલીનું બચ્ચું તે જ અવિદ્યા-માયારૂપ થયું, એવી રીતે જે જે ભગવાનના ભજનમાં અંતરાય થતા હોય તેનો ભગવાનના ભક્તને અવિદ્યારૂપ જાણીને અતિશય ત્યાગ કરવો.''

જીવને દેહનાં સંબંધીઓમાં જે હેત થાય છે તેની વિશેષતા સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. મ.૩૨**માં કહે છે : ''આ સંસારને વિષે પોતાના કુટુંબીનો સંબંધ છે તે તો જેમ થોરનું ઝાડ હોય અથવા વડનું કે પિંપરનું ડાળ હોય તે એક ઠેકાણેથી કાપીને બીજે ઠેકાણે રોપીએ તો ઊગીને ઝાડ થાય; અને આંબો તથા લીંબડો હોય ને તેને એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ. તેમ કુટુંબી વિના બીજાનો જે સંબંધ છે તે તો આંબાના ઝાડના જેવો છે, તે એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ; અને કુટુંબીનો સંબંધ છે તે

તો થોરના ને વડના ઝાડ જેવો છે, તે કાપી નાખ્યો હોય તોપણ ધરતીમાં પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહિ.''

● સ્નેહ ટાળવાના ઉપાયો

જગતના પદાર્થોમાંથી હેત ટાળવા માટે તો સાંખ્યદૃષ્ટિ, આત્મદૃષ્ટિ અને પરમાત્માના મહિમાની દૃષ્ટિ જરૂરી છે. દેહ અને દેહનાં સંબંધીઓમાંથી હેત ટાળવા માટે શ્રીજીમહારાજે સાંખ્યવિચાર અને એમાં પણ વિશેષ તો આત્મવિચારની દૃઢતા કરવાનું કહ્યું છે. તેઓ **વચ.મ.૩૨**માં કહે છે : ''એ કુટુંબીનો સંબંધ તો તો ટળે જો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી નોખો એવો જે આ દેહને વિષે જીવાત્મા તેને પોતાનું રૂપ જાણીને, તેને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ને જાતિ, વર્ણ, આશ્રમ તેનાં માનને મૂકીને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય તો કુટુંબીનો સંબંધ ચોખો ટળે, તે વિના બીજો ઉપાય કોઈ નથી.''

વળી, તેઓ **વચ. પ્ર.૨૧,૩૭,૪૪** અને **કા.૭**માં કહે છે કે જેમ પૂર્વે ચોરાશી લાખ જાતનાં દેહ અને એ દેહનાં સગાં-સંબંધીને અજ્ઞાને કરીને વિસારી દીધાં છે અને એમને વિષે કોઈ પ્રકારની મમતા નથી, તેમ આ મનુષ્યશરીરનાં જે સગાં-સંબંધી છે તેમને પણ આત્માના જ્ઞાને કરીને વિસારી દેવાં, પરંતુ તેમને વિષે મમતા ન રાખવી.

જો ભગવાન અને સંતને રાજી કરવાનો ખપ જાગે તો સાધક ઉપરોક્ત ઉપાયો અજમાવીને સ્નેહ જરૂર ટાળે.

૬. માન

માન એટલે અહંકાર. અર્થાત્ 'હું'પણાનું અભિમાન કે અહમ્. માન-વૃત્તિ માટે દેહાભિમાન, મિથ્યાભિમાન, અટંટપણું, અક્કડપણું, સ્તબ્ધપણું, દર્પ, ગર્વ, ગુમાન, મદ વગેરે વપરાતા અન્ય સમાનાર્થી શબ્દો છે.

● માનથી નુકસાન

'માન'ને લીધે ભક્તને સાધનામાં શી ખોટ જાય છે તે વિષે મહારાજે વચનામૃતમાં માર્ગદર્શન આપ્યું છે. જેમ કે,

➤ ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે (વચ.લો.૬,૧૭; વર.૧૨).

➤ સંતો-ભકતોનો અવગુણ આવે, દ્રોહ થાય (વચ. પ્ર.૧,૬; લો.૧૬; મ.૪૦; વર.૧૧).

➤ માને કરીને આસુરી બુદ્ધિ થાય છે (વચ. પ્ર.૩૫).

➤ માનીની ભક્તિ પણ આસુરી કહેવાય (વચ. વર.૧૧).

➤ આંટીદાર સ્વભાવ થાય છે (વચ. અં.૨૭).

➤ માને કરીને મોટાની આગળ પણ સ્તબ્ધપણું રહે, પણ તેની આગળ હલકો થઈને તેની સેવામાં વર્તાય નહિ (વચ. લો.૧૪).

➤ માનમાંથી ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ, મત્સર પ્રવર્તે છે (વચ. પ્ર.૭૬, સા.૮, કા.૬, વર.૧૧, અં.૨૭).

➤ વર્ણાશ્રમના માનને લીધે સાધુપણું આવતું નથી (વચ. પ્ર.૪૪).

➤ માને કરીને નાસ્તિકપણું આવે (વચ. પ્ર.૬૮).

➤ માને કરીને સત્સંગમાંથી પાછા પડે છે (વચ. લો.૧૪,૧૭; અં.૨૭, ૨૮; જેત.૩).

➤ માનને લીધે દિવસે દિવસે ઘટતો જાય છે (વચ. પ્ર.૬).

➤ ભગવાન અને સંતનો રાજીપો ન થાય (વચ. પ્ર.૫૬,૫૮; અમ.૩).

➤ મહારાજને માની ભક્ત સાથે બનતું નથી (વચ. પ્ર.૭૬, લો.૧૪, અં.૨૭).

➤ મહારાજને કોઈ પ્રકારનો અહંકાર ગમતો નથી (વચ. અં.૨૫,૨૬).

શ્રીજીમહારાજે વચ. પ્ર.૫૬માં માન રાખવાથી થતાં નુકસાન વિષે જે વાત કરી છે તેનો સાર આ પ્રમાણે છે :

➤ અત્યંત નિર્વાસનિકપણું, તીવ્ર વૈરાગ્ય, અત્યંત આત્મજ્ઞાન અથવા તો દૃઢ ભક્તિના બળે કરીને ગરીબ હરિભક્તને નમાય નહિ એ મોટી ખોટ છે. આ ખોટે કરીને એ હરિભક્તનું અંગ વૃદ્ધિ પામે નહિ.

➤ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં માનમાં અટંટ રહેનારમાં નિર્માની ભક્ત જેવા મોટા ગુણ ન આવે.

➤ અતિશય પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભગવાન એને વશ વર્તતા હોય અને તે ભક્તિનું હૃદયમાં માન આવે તોપણ એને અતિ ખોટ છે.

➤ આત્મજ્ઞાન કે વૈરાગ્યનું માન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે.

➤ જરાક માન આવે તો હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાય. (અર્થાત્ રાજી ન થાય)

➤ માન રહિત જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સોળ વલાં સોનાં જેવા છે, તેમાં જેમ જેમ માનનો ભેગ ભળે તેમ તેમ એની કિંમત ઘટે. માન સહિત એ સર્વે ઉપરથી તો ઘણો શોભાડે પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ.

વળી, શ્રીજીમહારાજ માનથી થતાં નુકસાન વિષે 'શ્રીહરિચરિત્રામૃત-સાગર'માં કહે છે :

◆ "માનરૂપી અગ્નિ ભારે છે. તે પાકા રંગને પણ ટાળી નાખે છે."

(પૂર : ૪, તરંગ : ૬૯)

◆ "જેને કુમતિ હોય તેને ગુણનું અભિમાન હોય. અભિમાન ચંડાળ જેવું છે. અભિમાન આવે તો જ્ઞાન રહેતું નથી. અને અસૂયા, દ્રોહ, મત્સર, અટંટપણું અને મોહ વ્યાપે છે અને અલ્પ વાતમાં વેર કરે છે. બીજાના શુભ ગુણો હોય તેમાં દોષ બતાવે છે. શબ્દના ઊલટા અર્થ કરે છે."

(પૂર : ૬, તરંગ : ૮)

◆ "સૌ પાપોમાં મોટું પાપ અને સૌ કલંકમાં મોટું કલંક માન છે."

(પૂર : ૯, તરંગ : ૪૧)

◆ "ધન-સ્ત્રીને ત્યાગે પણ માનરૂપી વિષ તેથી પણ ભારે છે. માન રૂપી વિષ જેમાં આવે તે સંતમાં બ્રહ્માને પણ દુર્લભ એવા ઉત્તમ ગુણો હોય તે દોષ રૂપ થઈ જાય છે." *(પૂર : ૧૪, તરંગ : ૮૩)*

◆ "માન આવે ત્યારે દોષનું લશ્કર સાથે ભળે છે ને નિર્દોષમાં પણ દોષ દેખાવા લાગે છે." *(પૂર : ૧૫, તરંગ : ૭)*

◆ "જેટલું માન રહે છે તેટલો કુસંગ છે અને તે ક્ષયરોગ સમાન છે... સરોવર પૂરાઈ જાય તો જળ ટકે નહિ, તેમ માનરૂપી કાદવ ભરાતાં શુભ ગુણ ટકતા નથી." *(પૂર : ૧૬, તરંગ : ૩૯)*

◆ "લગારેય માન આવે તે ભગવાન સહન કરતા નથી. માન આવેલ ભક્ત ધીરે ધીરે ઘટી જાય છે. માનરૂપી રોગ જીવને ઉદ્વેગ કરાવે છે. અને ભગવાનથી વિમુખ કરે છે. માની માણસ પોતાની બડાઈ સમજે છે પણ તેમાં તે બહુ દુ:ખી થાય છે." *(પૂર : ૧૬, તરંગ : ૪૬)*

◆ "સાંખ્યનિષ્ઠા, યોગનિષ્ઠા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા હોય,

પણ જો તેમાં માન હોય તો તેના બધા ગુણ નાશ પામે છે.'' *(પૂર : ૧૭, તરંગ : ૪૧)*

વળી, 'માનરૂપ' દોષ માટે શ્રીજીમહારાજ ધર્મામૃતના 'નિર્માની' પ્રકરણમાં કહે છે :

➤ માન થકી અતિશય ક્રૂરપણે, નિર્દયપણે વર્તાય છે.

➤ માન થકી જ ક્રોધ, દ્વેષ, વૈરભાવ, આંટી, ઈર્ષ્યા, અસૂયા, મત્સર, દંભ, કપટ વગેરે દોષો ઉત્પન્ન થાય છે.

➤ માનને લીધે જ અન્યાયને વિષે ન્યાયની, ન્યાયને વિષે અન્યાયની, સાધુને વિષે અસાધુની અને અસાધુને વિષે સાધુની બુદ્ધિ થાય છે.

➤ પોતાના દોષ જાણવા છતાં પણ માનને લીધે વય, તપ, જ્ઞાને કરીને વૃદ્ધ એવા સંતો-ભક્તોની અવગણના, ઉપેક્ષા થાય છે.

➤ માનને લીધે પોતાની યોગ્યતા-પાત્રતા ન હોવા છતાં, અનેક પ્રકારના દુર્ગુણો હોવા છતાં, પોતાને મનાવા-પૂજાવાની ઇચ્છા થાય છે.

➤ માન થકી સંતો-ભક્તો સાથે અહં-મમત્વ પ્રેરિત વાદવિવાદ, બરોબરિયાપણું તથા અક્કડ રહેવાપણું થાય છે.

➤ માને કરીને ભગવાનના સંતો, ભક્તોનો પક્ષ રાખી શકાતો નથી.

➤ માનને લીધે વ્યક્તિમાં નમ્રતા, દાસભાવ, સેવકભાવ આવતો નથી.

(શ્લોક : ૪ થી ૧૨)

વળી, માન વિષે ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

માને ગયું કૌરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ;
માને સુર અસુર છે દુ:ખી, માન રાખી કોણ થયા સુખી.

(ભક્ત ચિંતામણી : ૧૧૦/૧૯)

નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે :

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છું કોઈ કામનો રે;
ત્યારે કો'ને વધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે...૧
જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે;
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે...૨
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે;
તે તો સરવે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાં રે...૩

(પદ : ૩૧)

વળી, મુક્તાનંદ સ્વામી કહે છે :

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો,
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પયસાકરમાં અહિઝેર જો....સાંભળ

યોગીજી મહારાજ કહે છે :

◆ ''માન મોટો શત્રુ છે.''

◆ ''માન બહુ ખોટું પાપ છે.''

◆ ''માન સુપ્રિટેન્ડેન્ટ પ્રકૃતિ છે.''

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ ''માન જ બધાને નડે છે. બધા દોષો માનમાંથી જ ઊભા થાય છે. માનને લીધે જ બધા પ્રશ્નો છે. જો માન ટળી જાય તો કોઈ પ્રશ્ન જ ન રહે. અંતરમાં આનંદ, આનંદ ને આનંદ જ રહ્યા કરે.''

◆ ''હું'પણું આવે તો ગમે ત્યારે સત્સંગમાંથી મન પાછું પડી જાય. સત્પુરુષનો અભાવ આવી જાય. સત્સંગ ટળી જાય.''

◆ ''માન આપણાં બધાં જ સાધનો બગાડી નાંખે છે. જરાક માન આવી જાય તો જે કાંઈ કર્યું હોય તે ફોગટ થઈ જાય.''

ઉપરોક્ત સર્વે સંદર્ભોનો સાર એટલો જ છે - 'માન' એવું એક ભયંકર અને કાતિલ ઝેર છે કે જે સમગ્ર સાધનાને નષ્ટ-ભ્રષ્ટ કરી નાંખે છે. જે કોઈ સાધનો કર્યાં હોય તેના પર પાણી ફેરવી દે છે. સાધનાની હરિયાળી ભૂમિને ખેદાન-મેદાન કરી નાખે છે. 'માન' એવો એક વાયરસ છે કે જે બધાં જ સાધનોને રોગિષ્ટ, પાંગળા કે લકવાગ્રસ્ત બનાવી દે છે. માન એવો એક છૂપો ચોર છે કે જે સાધકના સર્વે સદ્‌ગુણોને લૂંટી જાય છે. માન ચોર કરતાંય અધિક જાસૂસ જેવો છે, જે આપણો શત્રુ છે એમ ઓળખાય પણ નહિ. મિત્રરૂપે, સંબંધીરૂપે આવે, બધું જ જાણી લે અને પછી સર્વ પ્રકારે નાશ થાય, નુકસાન થાય એવું આયોજન કરીને પ્રયત્ન કરે. માન આપણા બધાં જ ગુણો અને સાધનોમાં સર્વદા અને સર્વત્ર વ્યાપીને રહે છે. પછી તે માન બધાં જ ગુણો અને સાધનોનું સત્ત્વ અને તત્ત્વ હરી લે છે. પછી બધું જ કરવા છતાં એનું જેવું ફળ મળવું જોઈએ એવું ફળ મળતું નથી. માનને લીધે

અંધાપો આવી જાય. તેને લીધે પોતાના દોષો અને બીજાના સદ્‌ગુણો દેખાય જ નહિ. માન સાધકમાં જડતા લાવે છે. પછી તે કશું સમજવા, સ્વીકારવા કે માનવા તૈયાર જ ન થાય. ભગવાન અને સંતનું પણ ન મનાય. એમને પણ ઓશિયાળા કરે. એમની આગળ પણ નમતું ન જોખાય. તેથી માનને લીધે સાધક ભગવાન અને સંતને યથાર્થ અને અતિશય રાજી કરી શકતો નથી. તેથી એને અંતરમાં અસંતોષ, ઉદ્વેગ, અશાંતિ રહ્યાં કરે. માન જ આવા સર્વોપરી ભગવાન, સર્વોપરી ગુરુ, સર્વોપરી સત્સંગ, સર્વોપરી સાધના-માર્ગનો યોગ છોડાવે છે, તોડાવે છે. મોક્ષમાર્ગમાંથી પાડીને અધોગતિની ખાઈમાં નાખે છે.

જો મોક્ષમાર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવવા દેવું હોય, ભગવાન અને સંતને અતિશય પ્રસન્ન કરવા હોય તો માન ટાળીને નિર્માની થવું અત્યંત આવશ્યક છે.

● નિર્માની ભક્તની વિશેષતા

મહારાજ નિર્માની ભક્તની વિશેષ મહત્તા સમજાવતાં કહે છે :

પ્ર.૫૬ – "નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે... માન રહિતે જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે તો સોળ વલાં સોનાં જેવાં છે... માન રહિત જે એ ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે, માટે ઉપરથી તો જણાય નહિ પણ નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે."

મ.૪૧ – "માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો."

અમ.૩ – "ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય."

શ્રીજીમહારાજ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં નિર્માનીપણાનો મહિમા સમજાવતાં કહે છે :

◆ "નમવામાં તમારી જીત છે. નિર્માનીપણું સંતોનું મહાભૂષણ છે અને એ મુખ્ય ગુણ છે. *(પૂર : ૪, તરંગ : ૭)*

◆ "નિર્માનીપણાનું શસ્ત્ર બહુ સમર્થ છે. ઇન્દ્રનું વજ્ર નિષ્ફળ જાય

પણ તે નિષ્ફળ જાય નહિ." *(પૂર : ૬, તરંગ : ૮૧)*

◆ "નિર્માન ધર્મ વિનાનો ત્યાગ ત્યાગીને શરમરૂપ છે. નિર્માની સંત દુર્લભ છે. ભગવાનને તે અતિ પ્રિય છે. તેનામાં અપાર મોટપ રહેલી છે. નિર્માનીપણું રાખ્યા વિના જેટલી કસર રહી જાય છે તે દેખાઈ જાય છે, એમાં દંભ ઢાંક્યો રહેતો નથી. કોઈ કુત્સિત શબ્દ બોલે ત્યારે નિર્માનીપણાની ખબર પડે." *(પૂર : ૧૧, તરંગ : ૩૬)*

◆ "તમારો મુખ્ય ધર્મ નિર્માનીપણું છે. નિર્માનીરૂપી ખડ્ગથી જગત જીતી શકાશે." *(પૂર : ૧૨, તરંગ : ૭૫)*

◆ "જે સંત-હરિભક્તો નિર્માની થઈને સરળ વર્તે છે, તેમનો શુદ્ધ સત્સંગ છે." *(પૂર : ૧૬, તરંગ : ૩૯)*

◆ "નિર્માનીપણાના ગુણ વિના બીજા ગુણો કલંકરૂપ છે. નિર્માની પુરુષમાં ભગવાનનો નિવાસ છે." *(પૂર : ૧૬, તરંગ : ૪૬)*

◆ "નિર્માનીપણું રાખીને માનને જીતી લેવાનું છે. નિર્માનીપણારૂપી શસ્ત્ર તેનો ક્યારેય ત્યાગ કરવો નહિ. તે શસ્ત્ર સૌથી શ્રેષ્ઠ છે."

(પૂર : ૧૭, તરંગ : ૯૨)

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : "જેમ વાઢ્યા વિના લોહી નીકળે નહિ તેમ નિર્માની થયા વિના ગુણ આવે નહિ; ને ભગવાન રાજી પણ થાય નહિ. જ્ઞાનીનો શું ધારો જે, પોતે નિર્માની રહીને બીજાને પણ નિર્માની કરે."

(૧૧/૨૩૧)

આ રીતે માની ભક્ત કરતાં નિર્માની ભક્તની અનેક પ્રકારે વિશેષતા અને મહત્તા છે. તેથી જ મહારાજ માન ટાળીને નિર્માની થવાનો સૌને આદેશ આપે છે.

● માન ટાળીને નિર્માની થવાનો આદેશ

નિર્માની થવાથી શો લાભ થાય છે તે જણાવીને નિર્માની થવાની શીખ આપતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૫૬ – "જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ, તો એ પુરુષના હૃદયને વિષે પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ

તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે...

...નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે. માટે ભગવાનનો ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદય થવા દેવું નહિ...

...માન રહિત જે એ ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે, માટે ઉપરથી તો જણાય નહિ પણ નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે. અને જેમ બાળક હોય તે દિવસ કાંઈ માનનો ઘાટ-સંકલ્પ હોય નહિ, તેમ જ સાધુને તો ગમે તેટલી પૂજા-પ્રતિષ્ઠા થતી હોય પણ બાળકની પેઠે માનરહિત વર્તવું.''

પ્ર.૬૨ – ''જો અહંકારને વશ થઈને જેને તેને દુઃખવતો ફરે તો ગર્વગંજન એવા જે ભગવાન તે અંતર્યામીરૂપે સર્વમાં વ્યાપક છે તે ખમી શકે નહિ. પછી ગમે તે દ્વારે પ્રકટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનને સારી પેઠે નાશ કરે છે. તે માટે તે ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ અને એક કીડી જેવા જીવને પણ દુખવવો નહિ. એ જ નિર્માની સાધુનો ધર્મ છે.''

વળી, કલ્યાણ માટેની ત્રણ કરામતમાંથી એક કરામત સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૧૨**માં કહે છે : ''જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ જે, 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું, કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું, કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું.''

શ્રીજીમહારાજ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં કહે છે :

◆ ''નિર્માનીપણું અને ક્ષમાનો ક્યારેય ત્યાગ ન કરશો. ને ફેર પડે તો પ્રાયશ્ચિત્ત કરજો.'' *(પૂર : ૪, તરંગ : ૮)*

◆ ''ઘટમાં પ્રાણ રહે ત્યાં સુધી જડભરત અને શુકદેવની જેમ નિર્માની-પણાનો ગુણ રાખજો.'' *(પૂર : ૪, તરંગ : ૧૦૪)*

માનથી દૂર રહેવાની મહારાજે જે શિખામણ આપેલી તેની નોંધ હરિલીલામૃતમાં કરી છે :

આજ્ઞા અમારી પ્રિય જાણી પાળો, તો સંત સર્વે અભિમાન ટાળો;
હું માનથી દૂર સદા ફરું છું, માની જનોથી દિલમાં ડરું છું.

છે વ્યાલ વીંછી વિષવાન જેવા, ઝેરી જનો છે અભિમાની એવા;
ઊભા થાવું સર્પ સમીપ પેખી, ઊભા થવું દૂરથી માની દેખી.
(હરિલીલામૃત : ૫/૨૧/૨૭,૨૯)

- **માન ટાળવું કઠણ**

શ્રીજીમહારાજ જીવના સાહજિક સ્વભાવની વાત કરતાં કહે છે :

લો.૧૬ – "તે માન સમજુમાં જ હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહિ, ભોળામાં તો સમજુ કરતાંય ઝાઝું હોય છે."

મ.૪૧ – "જીવનો તો એવો સ્વભાવ છે જે, 'જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે.' પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ... ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી. અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી. અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે, પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો. અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મિયાંજી જેવા કોઈક જ કરતા હશે પણ સર્વેથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી."

પછી તે ઉપર મુક્તાનંદ સ્વામીએ તુલસીદાસની સાખી કહી જે –

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ ।
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ ॥

એ સાખીને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી."

હરિલીલામૃતમાં કહ્યું છે :

તજે કદાપિ ગજ બાજ રાજ, તજાય સર્વે સુખ સાજ લાજ;
વને વશીને ફળફૂલ ખાય, બધું તજે માન નહીં તજાય.
(હરિલીલામૃત : ૫/૨૧/૨૩)

નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં કહે છે :

સ્વર્ગ મૃત્યુ પાતાળ મોઝાર, માને મારી મૂક્યાં નરનાર;
કામ ક્રોધ લોભ કે'દિ જાય, પણ માન તે તો ન મુકાય.

નથી બીજા કોઈનો તે વાંક, માને રોળ્યા છે રાજા ને રાંક;
એવા નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે.
ઘર તજી જાય કોઈ વન, એકાંત્યે બેસી કરે ભજન;
અન્ન મૂકી ફળ-ફૂલ ખાય, પણ માન તે તો ન તજાય.
કોઈ જ્ઞાની થઈ કરે જ્ઞાન, કોઈ ધ્યાની થઈ ધરે ધ્યાન;
કોઈ ભક્ત થઈ ગુણ ગાય, પણ માન તે તો ન તજાય.
કવિ કોવિદ પંડિત પીર, યોગી યતિ સતી શૂરવીર;
માન ગયે મરવાને ચાય, પણ માન તે તો ન તજાય.
સર્વે મરે છે માનના માર્યા, માન આગળ કાંઈક હાર્યા;
એવા માનને મેલી મહાંત, ભાવે ભજે છે શ્રી ભગવંત.

(ભક્તચિંતામણિ : ૧૧૦)

આ રીતે કઠણમાં કઠણ સાધનો થઈ શકે છે, પરંતુ 'માન'નો ત્યાગ થઈ શકતો નથી. ઘણી વાર તો 'માન'નાં પ્રેરકબળથી જ અનેક પ્રકારનાં કઠણ સાધનો થતાં હોય છે. 'માન'નો સ્વાદ મૂકવો અત્યંત દુષ્કર છે. મોટા મોટા જ્ઞાની, ધ્યાની, ત્યાગી, તપસ્વી બીજું ઘણું ઘણું કરી શકે, પરંતુ માનને તજવું એમના માટે પણ અત્યંત કઠણ છે.

શ્રીજીમહારાજ વચ. અં.૨૮માં બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ સ્વામી તથા સુરાખાચરને પ્રશ્ન પૂછે છે, "તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?" તેઓ ત્રણેય પ્રામાણિક અને અંતર્દૃષ્ટિવાળા હતા. તેમણે ઉત્તર આપ્યો, "હે મહારાજ ! માનરૂપ દોષ છે. માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય."

આ ત્રણેય સામાન્ય ન હતા. એમની આધ્યાત્મિક સાધના અને સ્થિતિ પણ ઉત્કૃષ્ટ હતી. સત્સંગમાં ઘણાં વર્ષો સુધી સાધના કરવા છતાં એમને પણ 'માનરૂપ' દોષ કાઢવો કઠણ હોય તો બીજા સામાન્ય મુમુક્ષુઓની તો વાત જ શી કરવી ?

માન ટાળવું કઠણ છે. એનું મૂળ કારણ એ છે કે માન એવું એક સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ છે કે તેને ઓળખવું, પકડવું, સમજવું અત્યંત કઠિન છે. જો માન ઓળખાય, પકડાય તો જ એને દૂર કરવાનો પ્રયત્ન થઈ શકે. હવે આપણે માનનાં વિવિધ છદ્મરૂપોને ઓળખવાનો પ્રયત્ન કરીએ.

- **માનનું નિદાન**

જ્યાં સુધી કોઈ રોગનું સાચું નિદાન ન થાય ત્યાં સુધી તેની સાચી દવાનો ઉપયોગ ન થાય અને તેથી તે રોગ દૂર ન થાય. તેથી કોઈ પણ રોગ ટાળવા માટે સૌ પ્રથમ તેના સાચા નિદાનની આવશ્યકતા છે. એવી જ રીતે માન ટાળવાની પ્રથમ આવશ્યકતા છે. માનને ઓળખવાની અર્થાત્ માનનું સાચું નિદાન કરવાની. 'માન' અત્યંત ભયંકર અંતઃશત્રુ છે. સાથે સાથે અત્યંત સૂક્ષ્મ છે. માન અનેક રૂપો ધારણ કરે છે. તેથી માનને ઓળખવું અને પકડવું અર્થાત્ તેનું યથાર્થ રૂપમાં નિદાન કરવું અત્યંત કઠિન છે. જેમ વૃક્ષનાં હલતાં પાંદડાંના આધારે પવન અને તેની દિશાનું અનુમાન થઈ શકે છે, તેમ જુદા જુદા સંજોગોમાં મનમાં થતા ઘાટ-સંકલ્પો અથવા બદલાતા મનોભાવમાં કે મન-કર્મ-વચને બદલાતાં વર્તનના આધારે અંતરમાં રહેલાં 'માન'નું અનુમાન કરી શકાય છે. માનનાં અસ્તિત્વની જાણ કરનારા કેટલાક વિચારો, સંકલ્પો કે શબ્દો આ પ્રમાણે છે :

➤ 'હું કરું છું', 'મેં કર્યું', 'હું ન હોત તો ન થાત', 'મેં મારી બુદ્ધિનો ઉપયોગ કર્યો', 'મેં આયોજન કર્યું', 'મેં મારી બધી શક્તિ કે સંપત્તિના સહારે આ સિદ્ધિ મેળવી છે.' પ્રત્યેક કર્મની પાછળના 'હું' - 'મારું' - 'મેં'થી ભરપૂર આ વિચારો, સંકલ્પો કે વ્યક્ત થતા શબ્દો અંતરમાં રહેલા 'માન'ની ચાડી ખાય છે.

➤ પોતે કરેલ કોઈ કાર્ય કે સેવાની બીજા દ્વારા પ્રશંસા-કદર થાય, કંઈક નોંધ લેવાય, જાહેરાત થાય, 'નામ' આગળ આવે, એવી ઈચ્છા રહ્યા કરે, તેનું કારણ 'માન' છે.

➤ પોતે કરેલ કંઈક સેવા-કાર્યના બદલામાં સત્કાર કે સન્માન થાય, લોકો તરફથી સારો પ્રતિભાવ કે બદલો મળે એવી અંતરની ઝંખના રહે, એ માટે બીજા દ્વારા પ્રયત્નો થાય, તો સમજવું કે અંતરમાં 'માન' રહેલું છે.

➤ બીજા દ્વારા પ્રશંસા, કદર, સત્કાર કે સન્માન થાય અથવા તો કંઈક સારો પ્રતિભાવ કે બદલો મળે તો અંતરમાં અતિશય આનંદ થાય. અંતરથી રાજી થવાય, તેનું કારણ 'માન' છે.

➤ કદાચ એવું કંઈ સન્માનાદિક ન થાય તો અંતરમાં ઉદ્વેગ, અશાંતિ,

અસંતોષ, ફરિયાદ રહ્યાં કરે તો જાણવું કે 'માન' છે.

➤ કદાચ આવું સન્માનાદિક કંઈક કોઈક બીજાનું થાય તો તેના પ્રત્યે ઈર્ષ્યા, મત્સર, અસૂયા રહ્યાં કરે, તેનું કારણ પણ 'માન' જ છે.

➤ ભગવાન કે ગુણાતીત સત્પુરુષમાં મનુષ્યભાવ આવે તો જાણવું કે અંતરમાં માન પડેલું જ છે. બાહ્ય દેખાતા કોઈ પણ કારણસર કોઈ પણ વ્યક્તિનો કોઈ પણ પ્રકારનો અવગુણ આવે, અવગુણની વાતો થાય તો તે પોતાનામાં રહેલ અથવા પોતે માની બેઠેલ કોઈક ગુણનું 'માન' છે.

➤ પોતાની પ્રતિષ્ઠા કે કીર્તિ વધે, સમાજમાં પોતાની ગણના થાય, એના માટે જે કાંઈ બીજાને પાછા પાડીને, બીજાની ટીકા, નિંદા કરીને પોતાને 'સારા' દેખાડવાની, આગળ આવવાની મહત્ત્વાકાંક્ષા અને તે માટેના પ્રયત્નો 'માન'ને આભારી છે.

➤ પોતાની ટીકા, નિંદા, અવગણના, ઉપેક્ષા થાય કે કોઈ પ્રકારનું અપમાન થાય એ વખતે એનો કોઈ પણ પ્રકારે મન-કર્મ-વચને બદલો વાળે અથવા બીજાનો અવગુણ આવે અને અંતરમાં ખોટું લાગે, ઉદ્વેગ, અશાંતિ કે ક્લેશ થાય અથવા તો કંઈક ઝાંખપ અનુભવાય તો માનવું કે અંતરમાં 'માન' પડ્યું છે.

➤ લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિના વિચારો કે સંકલ્પોનું મૂળ કારણ 'માન' છે.

➤ બીજાની અવગણના, ઉપેક્ષા, ટીકા થાય તે પાછળ પણ 'માન' જ રહેલું છે.

➤ 'નાના-મોટા'ને નમાય નહિ, દાસભાવે વર્તાય નહિ, નાના-મોટાની સેવા થાય નહિ, કટ વળાય નહિ, સરળ થવાય નહિ, મનધાર્યું મુકાય નહિ, હઠ છોડાય નહિ, તો સમજવું કે 'માન' પડ્યું જ છે.

• માન ટાળવાના ઉપાયો

અગાઉ સ્વભાવ ટાળવાના સર્વ સામાન્ય જે ઉપાયો બતાવ્યા છે, તદનુસાર સાધક સાધના કરે તો માન જરૂર ટળી શકે તેમ છે. તદુપરાંત 'માન' ટાળવા માટે મહારાજ વિશેષ વાત કરતાં કહે છે :

પ્ર.૫૬ – "ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને

તેમને નમસ્કાર કરે તથા તેમની સેવા-ચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય.''

લો.૧૬ – ''જે ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તેને માન ન આવે; કેમ જે, જુઓને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા, પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને એમ બોલ્યા જે, 'એ ગોપીઓનાં ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.' અને તુલસીદાસજીએ કહ્યું છે જે –

તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ;
તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ.

એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજન-કીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતો હોય તો તેને આગળ શું માન રહે ? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે, પણ માહાત્મ્ય સમજ્યા વિના તો માન જતું નથી. તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું.''

ઉદ્ધવજીના નિર્માનીપણાનો આ પ્રકારે જ નિર્દેશ કરીને પછી શ્રીજીમહારાજ કહે છે :

લો.૧૭ – ''ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, 'એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે. માટે એ બહુ મોટા છે.' ...એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે ? અને તેને નમાય કેમ નહિ ? તેને આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય. અને પાંચ-પાંચ ખાસડાં મારે તોપણ ખમે અને એમ સમજે જે, 'મારાં મોટાં ભાગ્ય થયાં જે એવા સંતનો હું તિરસ્કાર સહું છું. નહિ તો પ્રારબ્ધવશ થઈને બાયડી-છોકરાંના તિરસ્કાર સહેવા પડત તથા મા-બાપના તથા રાજાના તિરસ્કાર સહેવા પડત.''

અં.૨૮ – ''જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા

હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ? ...એમ માહાત્મ્ય સમજે તો માન ટળે.''

આ ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં માન ટાળવાના એક અત્યંત અગત્યના ઉપાય તરીકે ભગવાન, ગુણાતીત સંત અને તેમના સંબંધવાળા સર્વે સંતો-ભક્તોનો અતિશય મહિમા છે. જો ભગવાન અને સંતનાં સામર્થ્ય, કાર્યો, ગુણોનો મહિમા સમજાય તો ખ્યાલ આવે કે તેમની તુલનામાં તો આપણે શું છીએ ? હિમાલય પર્વતની સામે એક અણુ કે સમુદ્રની સામે પાણીના એક બુંદની શું કિંમત ? ક્યાં એ અને ક્યાં આપણે ? એમનામાં સામર્થ્ય વગેરે અનંત-અપાર અને શાશ્વત હોવા છતાં એમને એમનું લેશમાત્ર અભિમાન નથી, તો આપણે શા માટે આપણાં અલ્પ ગુણ કે કાર્યનું માન લઈને ફરવું ? એટલે તો નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

''જેના નિર્માની ભગવાન, તેના જનને જોયે કેમ માન ?''

(ભક્તચિંતામણિ : ૧૧૦)

વળી, ભગવાન અને ગુણાતીત સંતના કર્તૃત્વનો વિચાર હોય તો જે કાંઈ આપણાથી થાય છે તે તેમની જ કૃપા, શક્તિ અને પ્રેરણાથી થાય છે. એમની ઇચ્છા વગર સુકું પાંદડું પણ કોઈ ન હલાવી શકે (વચ. પ્ર.૩૭,૭૪,૭૮). તેથી તેઓ જ સર્વકર્તાહર્તા છે. આપણે તો ફક્ત નિમિત્ત-માત્ર છીએ. જો આવો વિચાર હોય તોપણ લેશમાત્ર પોતાના ગુણ કે કાર્યનું અભિમાન ન આવે. આપણા સર્વે ગુણાતીત ગુરુઓની કેવી અદ્‌ભૂત સ્થિતિ છે ? એમનું કેવું અલૌકિક વર્તન અને કાર્ય છે ? એમનામાં કેવાં કલ્યાણકારી ગુણો અને સામર્થ્ય છે ? એમનું કેવું ભવ્ય માન-સન્માન !! છતાં એમનામાં લેશમાત્ર અહં કેમ નથી ? કારણ કે તેઓ પોતાના ઇષ્ટદેવ શ્રીજીમહારાજ અને પોતપોતાના ગુરુને સર્વકર્તાહર્તા માને છે. એવી જ રીતે જો આપણે પણ આપણા ઇષ્ટદેવ શ્રીજીમહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ સર્વકર્તાહર્તા છે એમ માનીએ તો આપણું અહં નીકળી જાય. આપણને પણ કોઈ પ્રકારનું માન ન આવે.

એમના સંબંધવાળા નાના-મોટા સર્વે સંતો-ભક્તોનો મહિમા સમજાય તો ઉદ્ધવજીની પેઠે સૌના દાસાનુદાસ થઈને રહેવાય અને કોઈની સાથે અટંટ ન રહેવાય; અહંકારથી યુક્ત વર્તન ન થાય.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "જે દાસ થઈને સત્સંગ કરે તેને માન આવે નહિ."

(પૂર : ૯, તરંગ : ૪૧)

◆ "માનમાં દોષ દેખે તેને માન આવતું નથી. તમારા જીવમાં જો માનનો અંકુર દેખાય તો સંત-હરિભક્તનાં ચરણની રજ પૂજા થઈ રહ્યા પછી માથે ચઢાવજો. તેના પ્રતાપે માન નહિ આવે." *(પૂર : ૧૪, તરંગ : ૯૪)*

વસ્તુતઃ તો સાધકના અંતરમાં ભગવાન અને સંતને રાજી કરવાનું તાન અને અનુસંધાન રહ્યા કરે તો તે રાજીપામાં નડતરરૂપ 'માન' નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરે. 'માન'ના સ્વાદ કરતાં રાજીપાથી પ્રાપ્ત થતો સ્વાદ ઘણો ઉત્કૃષ્ટ, દિવ્ય અને શાશ્વત છે. જો એ સમજાય તો માન દૂર કરવામાં લાચારી નહિ, પણ ગૌરવનો અનુભવ થાય.

● **માન ક્યાં રાખવું ? ક્યાં ન રાખવું ?**

શ્રીજીમહારાજ આ વિષે માર્ગદર્શન આપતાં કહે છે :

લો.૬ – "ભગવાનનો દૃઢ આશ્રિત હોય ને તે જેવો-તેવો ગરીબ હરિભક્ત હોય તોપણ તે આગળ માન ન રાખવું. અને જેને સત્સંગ થકી કાંઈક પાછો પગ પડી ગયો હોય તેને આગળ તો માન રાખવું પણ તેથી દબાઈ જવું નહિ ને પ્રશ્ન-ઉત્તરમાં તેના વેણ ઉપર વેણ લાવવું."

પં.૫ – "જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય, તેની આગળ તો માન રાખવું તે જ સારું છે. અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તે જ રૂડું છે. અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને, નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે."

વર.૧૧ – "ભગવાન કે ભગવાનના ભક્ત તે આગળ કોઈ પ્રકારે માન રાખવું નહિ."

શ્રીજીમહારાજ ઉપરોક્ત કામ, સ્વાદ, લોભ, સ્નેહ અને માન - આ પાંચ દોષ માટે ધર્મામૃતમાં કહે છે કે 'તે અધર્મસર્ગના મુખ્ય દોષો છે. અન્ય દોષમાત્રના મુખ્ય કારણરૂપ અને ખાણરૂપ છે.'

માટે આ પાંચેય દોષ ટાળીને નિષ્કામ, નિઃસ્વાદ, નિર્લોભ, નિઃસ્નેહ અને નિર્માન – આ પાંચ વર્તમાન જીવનમાં દૃઢ કરવાની આવશ્યકતા સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે તેને ખોટા કરીને જીવનું રૂડું થાય, એમ કહી દેખાડો અને તે પાંચ પગ તે શું ? તો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન એ જે પાંચ પગ રોપ્યા છે તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો તે કોઈથી ખોટા નહિ થાય." *(૩/૧૬)*

◆ "જેટલી નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિર્માનપણામાં કસર રહેશે તેટલી ખોટ રહેશે." *(૧૧/૨૨૭)*

◆ "કોઈની છાયામાં દબાઈને વર્તમાન મોળાં પાડવાં નહિ ને સ્વાદ કે લોભમાં કોઈ વાતે લેવાવું નહિ." *(૧૧/૨૭૭)*

◆ "ગાફલ ન રહેવું, ને ગાફલ રહેશે તેને જરૂર સત્સંગ નહિ રહે. તે પંચ વર્તમાન છે તે સામી જ દૃષ્ટિ રાખશે તેનું ઠીક રહેશે." *(૧૩/૧૬૭)*

◆ "નિષ્કામપણું, નિર્લોભપણું, નિઃસ્વાદપણું ને નિર્માનપણું જેટલું રહેશે તેટલું સુખ થાશે." *(૧૪/૩૬)*

◆ "નિષ્કામી, નિર્લોભી આદિક પાંચ વર્તમાન તે અહોનિશ વિચારવાં." *(૧૪/૬૩)*

◆ "મહારાજે પાંચ વર્તમાનનો પાયો નાખ્યો છે, તે સુખ આવે કે દુઃખ આવે તોપણ તે કોટિ કલ્પે પાળ્યા વિના છૂટકો નથી." *(૧૪/૯૪)*

◆ "નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિઃસ્નેહી ને નિર્માની થયા વિના છૂટકો નથી." *(૧૪/૧૧૩)*

ઉપરોક્ત પાંચેય દોષોનું નિરૂપણ કર્યા પછી હવે એના કાર્યરૂપ અન્ય દોષો વિષે વિચારીએ.

૭. ક્રોધ

ક્રોધ એક પ્રકારનો ભયંકર શત્રુરૂપ દોષ છે. ગુસ્સો, આક્રોશ, રીસ, રોષ, દ્વેષ, વૈર, ચીડ આદિક ક્રોધનાં જ વિવિધ રૂપો કે રૂપાંતરો છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં ત્રણ પ્રકારના ક્રોધની વાત

કરતાં કહે છે : "માણસનો ક્રોધ પણ ત્રણ પ્રકારનો છે, જેથી મનુષ્યો ત્રણ પ્રકારના કહેવાય છે. ઉત્તમ મનુષ્યનો ક્રોધ જળમાં લીટો કર્યો હોય તેવો ક્ષણસ્થાયી છે. મધ્યમ પ્રકારનો ક્રોધ રેતીમાં લીટા જેવો છે. અને કનિષ્ઠ પ્રકારનો ક્રોધ પથ્થરના લીટા જેવો છે કે જે પ્રાણ જાય તોપણ મટે નહીં."

(પૂર : ૩, તરંગ : ૪૮)

- **ક્રોધ ઊપજવાનાં કારણો**

કોઈ પણ પ્રકારની પોતાની ઇચ્છા પૂરી ન થાય, ઇચ્છાપૂર્તિમાં કોઈક અથવા કંઈક વિઘ્નરૂપ થાય, પોતાનું કોઈક પ્રકારે અપમાન થાય ત્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે, એમ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

મ.૧ – "જ્યારે ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય અને તેમાંથી કોઈ અંતરાય કરનારો આવે, ત્યારે તે ઉપર ક્રોધ થાય ...જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય."

અં.૧૪ – "જે જે પદાર્થમાં હેત હોય ને તેમાં જો કોઈક અંતરાય કરે તો તે ઉપર ક્રોધ થઈ જાય છે."

અં.૩૪ – "જે ક્રોધ છે તે શામાંથી ઉત્પન્ન થાય છે ? તો પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય ને તેનો ભંગ કોઈક કરે ત્યારે તેને તેમાંથી ક્રોધ ઊપજે છે, ને કામના જે ઇચ્છા તેનો ભંગ થયો ત્યારે તે કામ હતો તે ક્રોધરૂપે પરિણામને પામે છે."

અમ.૮ – "હવે જે નિમિત્ત ક્રોધ ઊપજે છે તે નિમિત્તને કહીએ છીએ જે, સાધુને માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરતાં ક્રોધ ઊપજે તથા વાદવિવાદ કરતાં ક્રોધ ઊપજે તથા કોઈ પદાર્થ લેવા-દેવામાં ક્રોધ ઊપજે તથા કોઈકને શિક્ષા કરતા હોઈએ ને ક્રોધ ઊપજે તથા પોતાની શુશ્રૂષાને વિષે રહેતો હોય જે સાધુ તેને પક્ષપાતે કરીને ક્રોધ ઊપજે તથા અપમાને કરીને ક્રોધ ઊપજે તથા ઈર્ષ્યાએ કરીને ક્રોધ ઊપજે તથા આસન કરવાને વિષે ક્રોધ ઊપજે તથા ભગવાનની પ્રસાદી વહેંચવાને વિષે ન્યૂનાધિકપણું કરે ને ક્રોધ ઊપજે, એ પ્રકારે ક્રોધ ઊપજ્યાનાં નિમિત્ત ઘણાંક છે."

શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં કહે છે :

◆ "કામમાંથી ક્રોધની ઉત્પત્તિ થાય છે." *(ગીતા : ૨/૬૨)*

◆ "રજોગુણમાંથી ક્રોધની ઉત્પત્તિ થાય છે." *(ગીતા : ૩/૩૭)*

ટૂંકમાં, એવું કહી શકાય કે કામ, સ્વાદ, સ્નેહ, લોભ અને માન જેવા દોષોને લીધે ક્રોધ ઉત્પન્ન થાય છે.

વળી, આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "મહિમાનો જેટલો અભાવ તેટલો ક્રોધ આવે." *(પૂર : ૯, તરંગ : ૧૮)*

● ક્રોધથી નુકસાન

ક્રોધથી કેવું પરિણામ આવે છે તે વિષે શ્રીજીમહારાજ ધર્મામૃતમાં નિર્માની વર્તમાનમાં જણાવે છે :

➤ ક્રોધ ક્ષણમાત્રમાં સમગ્ર દાન, વ્રત, તપ, યમ અને નિયમોને બાળી નાખે છે.

➤ ક્રોધને લીધે સત્-અસત્‌નો, કર્તવ્ય-અકર્તવ્યનો કે આ વચન બોલવાં યોગ્ય છે કે નથી તેનો વિવેક રહેતો નથી. આવા વિવેકના અભાવે ન બોલવાનું બોલી જવાય છે અને ક્યારેક તો ન કરવાનું પણ કરી બેસાય છે.

➤ ક્રોધ થકી જ નિરપરાધીને પણ મરાય છે અને ક્યારેક તો તેની હત્યા પણ કરાય છે. ક્યારેક તો પોતાના સંબંધી, સાધુ કે ગુરુનો પણ નાશ કરાય છે.

➤ ક્રોધના આવેગમાં આવીને વ્યક્તિ પોતે પણ આપઘાત કરી બેસે છે.

➤ ક્રોધથી કંકાસ, ક્લેશ, ઝઘડા અને કુસંપ થાય છે. *(શ્લોક : ૧-૩)*

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :

લો.૧ – "ક્રોધ તો કેવો છે ? તો 'જેવું હડકાયું કૂતરું હોય તેવો છે.' જેમ હડકાયા કૂતરાની જે લાળ, તે ઢોર અથવા મનુષ્ય જેને અડે, તે હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને મરી જાય, તેમ ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને સંતના માર્ગ થકી પડી જાય. અને વળી, ક્રોધ કેવો છે ? તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે, તેમ ક્રોધ છે તે પણ સૌને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે. એવો જે ક્રોધ

તે જો સાધુમાં આવે તે તો અતિ ભૂંડો લાગે, કેમ જે, સાધુ તો શાંત હોય પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે અને તે સાધુની આકૃતિ પણ ફરી જાય, કેમ જે, એ ક્રોધનું નામ વિરૂપ છે. માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાંખે.''

ક્રોધ ઉપર શ્રીજીમહારાજે કરેલ આ વાતના અનુસંધાનમાં શુકમુનિ પ્રશ્ન પૂછે છે : ''હે મહારાજ ! જે લગારેક ક્રોધ ચઢી આવે ને પછી તેને ટાળી નાંખે, એવો જે ક્રોધ તે કાંઈ નડતર કરે કે ન કરે ?''

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : ''જેમ આ સભા બેઠી છે તેમાં જો હમણે સર્પ નીકળે ને કોઈને કરડે નહિ તોપણ ઊઠીને સૌને ભાગવું પડે તથા સૌનાં અંતરમાં ત્રાસ થાય. અને વળી, જેમ ગામને ઝાંપે આવીને વાઘ હુંકારા કરતો હોય અને કોઈને મારે નહિ, તોપણ સૌ માણસને અંતરમાં ભય લાગે ને બારણે નીકળાય નહિ. તેમ થોડોક ક્રોધ ઊપજે તે પણ અતિશય દુઃખદાયી છે.''

અમ.૮ – ''ક્રોધ કેવો છે તો જપ, તપ, જ્ઞાન એ આદિક સર્વે શુભ ગુણને નાશ કરે એવો છે.''

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : ''લગાર પણ ક્રોધ કરવો નહિ. ક્રોધ હોય ત્યાં ઈશ્વર આવે નહિ.'' *(પૂર : ૬, તરંગ : ૮૧)*

વળી, મહારાજ કહે છે કે ક્રોધ નરકનું દ્વાર છે (**વચ. પ્ર.૭૮**), ક્રોધથી નાસ્તિકભાવ આવે છે (**વચ. પ્ર.૬૮**), એકાંતિક ધર્મમાંથી પડાય છે (**વચ. મ.૪૬**), ભગવાનના ભક્તનો દ્રોહ થાય છે (**વચ. મ.૪૦**), આસુરીબુદ્ધિ થાય છે (**વચ. પ્ર.૩૫**), સત્સંગમાંથી પાછા પડાય છે (**વચ. લો.૧૪, અં.૨૭**), અંતરમાં દગ્ધ જેવું વર્તે, પણ કૃતાર્થપણું ન મનાય (**વચ. લો.૧**), માટે ક્રોધ તો અતિશય ભૂંડો છે (**વચ. અં.૨૫,૨૭**), ક્રોધ કરવો એ તો દુષ્ટનો ધર્મ છે (**વચ. પ્ર.૬૯**). જેનામાં ક્રોધ હોય તે મહારાજને ગમતો નથી (**વચ. પ્ર.૭૬, લો.૧, ૧૪**).

ક્રોધનો આરંભ મૂર્ખતાથી થાય છે અને અંત પશ્ચાત્તાપથી. ક્ષણનો ક્રોધ વરસોનો પસ્તાવો મૂકતો જાય છે. ખરેખર ક્રોધ ઊપજવાનાં કારણો નહિવત્ હોય છે, પરંતુ ઊપજ્યા પછી તેનું પરિણામ નહિવત્ નથી પણ ભયંકર છે, અનેક પ્રકારે કષ્ટદાયક છે. ક્ષણનો ક્રોધ કુટુંબને છિન્નભિન્ન કરી શકે છે.

સંપની શાંતિનો ભંગ કરીને કુસંપની સળગતી જ્વાળાઓ પ્રગટાવે છે. એટલે તો કહ્યું છે नास्ति क्रोधसमो वह्निः - અર્થાત્ ક્રોધ જેવો બીજો કોઈ અગ્નિ નથી.

આમ, નૈતિક કે આધ્યાત્મિક દ્રષ્ટિએ તો ક્રોધ નુકસાનકારક છે જ; પરંતુ કૌટુંબિક, સામાજિક કે વૈશ્વિક અનેક પ્રશ્નો અને કષ્ટોનાં મૂળમાં ક્રોધ છે. વ્યક્તિગત આધ્યાત્મિક સાધનામાં તો ક્રોધ વિક્ષેપ કરે છે જ, પરંતુ શારીરિક દૃષ્ટિએ વિચારીએ તોપણ શરીરનાં સ્વાસ્થ્ય માટે તે જોખમરૂપ છે. આજે તો વૈજ્ઞાનિકોએ પુરવાર પણ કરી બતાવ્યું છે કે ક્રોધને લીધે પાચન-તંત્રમાં નુકસાન થાય છે, હાઈ બ્લડપ્રેશરનો રોગ લાગુ પડે છે, આંતરસ્ત્રાવ અટકી જાય કે વિક્ષિપ્ત થાય છે. ફેફસાંની કાર્યક્ષમતા ઘટે છે, પિત્તમાં વધારો થાય છે, અનિદ્રાનો રોગ લાગુ પડે છે, હૃદયરોગના હુમલાની શક્યતા વધી જાય છે. ક્રોધ આ અને આવા અનેક નાના-મોટા રોગો થવાની શક્યતામાં ખૂબ વધારો કરી દે છે. તે શારીરિક શક્તિનો નાશ કરે છે.

એવું કહેવાય છે કે તંદુરસ્ત મનુષ્ય આખા દિવસના ખોરાકમાંથી બારસો કૅલરીશક્તિ મેળવી શકે છે, પરંતુ જો તે એક જ વાર ક્રોધ કરે તો સાતસો કૅલરીશક્તિ ખોઈ બેસે છે. તે રોજ બે કે બેથી વધુ વાર ક્રોધ કરે તો તેની શક્તિનું જમાપાસું રદબાતલ થાય છે. પરિણામે ચેતાતંતુઓની કાર્યક્ષમતા તદ્દન નાશ પામે છે. આમ, શારીરિક સ્થૂળ દૃષ્ટિએ લાભનો વિચાર કરીએ તોપણ ક્રોધ કરવા જેવો નથી.

આમ, સર્વાંગી દૃષ્ટિકોણથી વિચારીએ તો ખ્યાલ આવે છે કે ક્રોધ કરવો લેશમાત્ર હિતાવહ નથી. સાધક તો સાધના કરીને જે પરમાત્માની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે, એવા પરમાત્મા શ્રીજીમહારાજને ક્રોધ ઉપર તો ઘણું વેર છે (**વચ. લો.૧**). જેનામાં ક્રોધ હોય તેવી વ્યક્તિ પ્રત્યે પણ તેમને અણગમો અને અણબનાવ છે (**વચ. પ્ર.૭૬; લો.૧,૧૪; અં.૨૭**).

તેથી જ તો યોગીજી મહારાજ કહે છે :

◆ "ઊંચે સાદે બોલવું નહિ. ગુસ્સો ખરાબ વસ્તુ છે. તે આપણને શોભે નહિ. કોઈ બે વેણ બોલી જાય તો પગે લાગી સહન કરવું. નમી દેવું. દંડવત્ કરવા."

◆ "ક્રોધ ન કરવો. શાંત રહેવું. મહાન દરિયા જેવું ગંભીર રહેવું.

અકળાઈ ન જવું.''

શ્રીજીમહારાજ પોતાનાં અલૌકિક વ્યક્તિત્વનો નિર્દેશ કરતાં વચ. મ.૨૭માં કહે છે : ''અમારે તો એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે તોપણ પોતા સારુ તો ક્રોધ આવે નહિ અને જ્યારે ધર્મલોપ કરે અથવા બળિયો હોય તે ગરીબને પીડે અથવા અન્યાયનો પક્ષ લે, ત્યારે તેની ઉપર અમારે કોઈકને અર્થે લગારેક ક્રોધની ચટકી આવે છે, પણ પોતા સારુ તો લેશમાત્ર ક્રોધ આવતો નથી, અને કોઈક સારુ આવે છે તે પણ ક્ષણમાત્ર પણ નથી રહેતો ને આંટી પણ બંધાતી નથી.''

શ્રીજીમહારાજની જેમ ગુણાતીત સંતને પણ ક્યારેય પોતાના માટે તો ક્રોધ ઊપજતો જ નથી, પરંતુ પોતાના આશ્રિતોનું ભૂંડુ ન થાય તે માટે ક્યારેક તેમના પર ક્રોધ કરીને સન્માર્ગે વાળવા પડે છે. તેમનો ક્રોધ એ પુણ્યપ્રકોપ છે, જે અનેક જીવો માટે કલ્યાણકારી છે. એમના આ ક્રોધથી એમને તો વિક્ષેપ થતો જ નથી, પરંતુ બીજા જીવોને સન્માર્ગે ચાલવામાં જરૂર મદદરૂપ થાય છે.

શ્રીજીમહારાજ આ હકીકત સમજાવતાં વચ. અં.૩૪માં કહે છે : ''જે મોટા સાધુ છે તેમણે ભગવાનની આજ્ઞાએ કરીને અથવા શાસ્ત્રદષ્ટિએ કરીને માહાત્મ્ય જાણીને, પોતાની ઇચ્છાએ કરીને અનેક જીવોને ધર્મમર્યાદામાં રખાવવા ને ભગવાનને માર્ગે ચઢાવવા એવો શુભ સંકલ્પ મનમાં ઇચ્છ્યો હોય ને તેમાં પ્રવર્ત્યા હોય, અને કોઈક જીવ ધર્મમર્યાદાનો ભંગ કરીને અધર્મમાં પ્રવર્તે, ત્યારે તે મોટાપુરુષને તે જીવની ઉપર ક્રોધ ઊપજી આવે. કેમ જે, પોતાનો જે શુભ સંકલ્પ તેનો તેણે ભંગ કર્યો. માટે ધર્મમર્યાદામાં રાખવાની શિક્ષાને અર્થે તેની ઉપર ક્રોધ કરીને તેને શિખામણ ન દે, તો મર્યાદાનો ભંગ થતો જાય ને તે જીવનું સારું ન થાય. માટે એવી રીતે તો ક્રોધ થાય તે ઠીક ને એમાં કાંઈ બાધ નહિ. કેમ જે, એવા માર્ગમાં જે મોટા સાધુ પ્રવર્ત્યા તેને આશરીને હજારો માણસ રહ્યા હોય, તેને કાંઈક રીસ કરીને કહ્યા વિનાનું કેમ ચાલે ? અને ક્રોધ તો ત્યારે ન થાય જે, 'જેમાંથી ક્રોધ થાય તેનો ત્યાગ કરી દે,' અને એકાએકી વનમાં ફરતો રહે, ત્યારે ક્રોધ ન થાય. પણ એમ તો એમનાથી કેમ કરાય ? કેમ જે, એમણે તો અનેક જીવને વાર્તા કરીને ભગવત્સન્મુખ કરવા ને તેનું જે કલ્યાણ થાય તેનું જે મહાફળ તે શાસ્ત્રદષ્ટિએ કરીને સમજ્યું છે તથા એવી રીતની જે

ભગવાનની આજ્ઞા તેનું માહાત્મ્ય જાણ્યું છે. માટે ક્રોધ થાય તોય પણ એ જે પોતાનો શુભ સંકલ્પ તેનો ત્યાગ કરે જ નહિ."

આ રીતે મોટાપુરુષ જે ક્રોધ ગ્રહણ કરે છે તે જીવોના કલ્યાણાર્થે હોવાથી તે નિર્ગુણ છે. જેમ સોનાની સાવરણી બનાવી હોય તોપણ તેની કિંમતમાં ફેર નથી, એને કાટ લાગતો નથી. કચરો સાફ કરે છતાં કચરાની અશુદ્ધિ સુવર્ણમાં ભળતી નથી. એમ મોટાપુરુષનો ક્રોધ જીવોની અશુદ્ધિ સાફ કરી નાખે છતાં એમનો ક્રોધ ગુણાતીત હોવાથી એ ક્રોધમાં એમને કોઈ બાધ નથી. કેટલીક વાર કોઈક ભગવાન કે સંતનું ઘસાતું બોલે તો તેમનો પક્ષ રાખવા માટે સાધકોએ પણ ક્રોધ કરવો પડે, વેણ ઉપર વેણ લાવીને એમને પાછો પાડવો જોઈએ. આ સંજોગોમાં ક્રોધ થાય તો તે પણ દોષરૂપ નથી. આવા સંજોગોમાં જો ભક્ત શાંત રહે તો તે દોષરૂપ છે એમ શ્રીજીમહારાજ સમજાવે છે :

પં.૫ – "જે સત્સંગીનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય... તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ, એ જ રૂડું છે."

મ.૫ – "પોતાના પતિ(ઈષ્ટદેવ)નું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જવું નહિ, અતિશય શૂરવીર થઈને જવાબ દેવો; પણ પાજીપળાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહિ. એવી રીતે શૂરવીરપણું રાખવું."

મ.૬૦ – "જે પુરુષ એમ જાણે જે, 'આપણ કાંઈક અવળું-સવળું બોલીએ તો આપણો માણસ અવગુણ લેશે.' એવી રીતે પોતાની સારપ્ય રાખ્યા સારુ ભગવાનનું કે ભગવાનના ભક્તનું કોઈક ઘસાતું બોલે ને તેને સાંભળી રહે, તો તે સત્સંગી કહેવાતો હોય તોપણ તેને વિમુખ જાણવો."

આ રીતે ભગવાન અને સંતનો પક્ષ રાખવા માટે જરૂર ક્રોધે કરીને ઘસાતું બોલનારને સણસણતો જવાબ આપવો જોઈએ, પરંતુ એ વખતે પોતાની સારપ્ય રાખવા સારુ જો કોઈ ક્રોધ ન કરે, તેને યોગ્ય ઉત્તર ન આપે તો મહારાજ તેને વિમુખ કહે છે.

આમ, ભગવાન અને સંતનું ઘસાતું કોઈક બોલે એ વખતે જ, એમનો પક્ષ રાખવા માટે જ, મહારાજે ક્રોધ કરવાની છૂટ આપી છે, પરંતુ એ સિવાય બીજા કોઈ સંજોગોમાં પોતાના માટે તો ક્રોધ કરવો જ ન જોઈએ.

- **ક્રોધ ટાળવાના ઉપાયો**

ક્રોધ ઊપજે જ નહિ તે માટે જેને લીધે ક્રોધ ઊપજવાની શક્યતા હોય તે નિમિત્તનો જ નાશ કે ત્યાગ કરવો જોઈએ. અગાઉ આપણે જોયું કે ક્રોધ સામાન્યતઃ પંચ વિષયમાં રહેલ કામના કે આસક્તિને લીધે અથવા તો કામ, સ્વાદ, લોભ, સ્નેહ ને માનને લીધે ઊપજે છે. જ્યાં સુધી ક્રોધના મૂળરૂપ આ દોષોનો નાશ ન થાય ત્યાં સુધી ક્રોધ ઊપજવાની શક્યતા રહે છે. આ દોષોનો નાશ કરવા માટે અગાઉ જે ઉપાયો સમજાવ્યા છે તે અજમાવવાથી જે તે દોષ નાશ પામે, તો પછી ક્રોધ ઊપજવાની શક્યતા જ નથી રહેતી.

આ બધા દોષો એક-બે દિવસમાં નાશ થવાના નથી. તેથી જ્યાં સુધી એ દોષો નિર્મૂળ ન થાય ત્યાં સુધી જ્યારે જ્યારે ક્રોધ ઊપજે તેવું કોઈક નિમિત્ત ઊભું થાય તે વખતે ક્રોધ ન ઊપજે અને કદાચ ઊપજે તો તત્કાળ દૂર થાય તે માટે નીચે પ્રમાણે વિચાર કરીને ક્રોધને પાછો પાડવો જોઈએ.

➤ ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવાનું અનુસંધાન હોય તો 'એમને ક્રોધ ગમતો નથી, માટે આ ક્રોધ મારે ન જ રખાય' - એવો વિચાર આવે અને ટાળવાનો પ્રયત્ન થાય.

➤ ક્રોધથી થતાં નુકસાનનો અને ક્રોધ ન કરવાથી થતા લાભનો વિચાર.

➤ પોતાના માર્ગનો વિચાર - મને ક્રોધ ન શોભે.

➤ આત્માનો વિચાર - આત્માને કશું અડતું જ નથી, આત્માને કંઈ જોઈતું નથી.

➤ ભગવાનના કર્તુત્વનો વિચાર - ભગવાન જ એ નિમિત્ત ઊભું કરીને મારી પરીક્ષા કરે છે, મારું ઘડતર કરે છે.

➤ જેમણે જેમણે જે જે વિપરીત સંજોગોમાં ક્રોધ કર્યો જ નથી, ક્રોધ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે એવા આપણા મહાન ગુરુઓ તથા સંતો, ભક્તોના એવા પ્રસંગોનો વિચાર.

➤ સહિષ્ણુતા અને ક્ષમાવૃત્તિનો વિચાર - સહન કરી લેવાની અને ક્ષમા કરી દેવાની વૃત્તિ હોય તોપણ ક્રોધ ન ઊપજે.

વળી, શ્રીજીમહારાજ કહે છે કે ભગવાન ને સંતમાં હેત હોય(**વચ. અં.૧**)

અને તેમનો મહિમા હોય (**વચ. અં.૨૮**) તોપણ તેમના પ્રત્યે ક્રોધ ન ઊપજે.

આ વિષે વધારે સ્પષ્ટતા કરતાં શ્રીજીમહારાજ **વચ. અં.૩૪**માં કહે છે :

"જેને કોઈક મોટા સાધુ સંગાથે હેત થયું હોય ને તેને વિષે પોતાના કલ્યાણ થવારૂપ સ્વાર્થ માન્યો હોય ને એમ જાણતો હોય જે, 'આ સાધુથી જ મારું સારું થશે' એવો જે હોય, તેને ક્રોધનો સ્વભાવ હોય તોપણ તે મોટા સાધુ ઉપર એને કોઈ દિવસ ક્રોધ ન થાય ને એ ક્રોધને મૂકી જ દે, એમ પણ ક્રોધ જાય છે. અને પદાર્થના લેણદેણ સારુ તે તુચ્છ પદાર્થને અર્થે જે સાધુ સંગાથે ક્રોધ કરે છે તેને તો સાધુનું માહાત્મ્ય તથા સાધુનો જે આવી રીતનો માર્ગ તે સમજાયો જ નથી ને સમજાયો હોય તો તુચ્છ પદાર્થ સારુ ક્રોધ કરે નહિ. અને બુદ્ધિવાન હોય, સમજુ હોય ને તુચ્છ પદાર્થ સારુ સાધુ સંગાથે ક્રોધ કરે તો તેની બુદ્ધિ રાજાના કામદારના જેવી વ્યાવહારિક જાણવી, પણ સાધુપણાની બુદ્ધિ એને આવી જ નથી એમ સમજવું."

વચ. મ.૨૭માં મુક્તાનંદ સ્વામી કહે છે કે કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય, તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે. આ અનુસંધાનમાં શ્રીજીમહારાજ તેમને પ્રશ્ન પૂછે છે. "એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે ?"

આ પ્રશ્નના ઉત્તરમાં મુક્તાનંદ સ્વામી કહે છે : "એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, 'જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી.' અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, 'સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ."

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીના આ વિચારની પ્રશંસા કરતાં કહે છે : "કામ-ક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે તે એ તમારા જીવમાં રહ્યો છે."

યોગીજી મહારાજ ક્રોધ જીતવાનો ઉપાય બતાવતાં કહે છે : "ક્રોધ આવે ત્યારે મોઢું બંધ રાખવું. કોઈ ગમે તેટલા શબ્દ કહે પણ બે દાંત ને બે હોઠ ભીડી દેવા. ક્રોધ જીતવાનો આ ઉપાય છે. મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. ઉપવાસ કરવાથી ક્રોધ ન જાય, ઊલટો વધે. બાળકબુદ્ધિ ન રાખવી, રીસ ન રાખવી, આંટી પડવા ન દેવી, પોતાને

બ્રહ્મરૂપ માનવું. બે શબ્દ કોઈ બોલે ને તપી જવાય એ બ્રહ્મરૂપ માન્યું ન કહેવાય. કોઈ ગાળ દે તો કહેવું : 'બે વધુ દ્યો.' જ્યારે ક્રોધ ન આવે, ત્યારે બ્રહ્મરૂપ થયા જાણવું.''

કદાચ કોઈ પણ કારણોસર સંતો-ભક્તોમાં પરસ્પર ક્રોધ ઊપજે તો તેનું પ્રાયશ્ચિત્ત કરવાની રીત સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અમ.૮**માં કહે છે :

''જેની ઉપર ક્રોધ ઊપજે તેને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરવો અને ગદ્‌ગદ હૃદય થઈને દીનતાએ નિષ્કપટપણે કરીને રૂડાં રૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો, એમ અમારી આજ્ઞા છે. અને જો કોઈક સાધુ ઉપર દ્રોહ-બુદ્ધિએ સંકલ્પ થાય તો નિષ્કપટ થઈને પોતાને મુખે તે સંકલ્પ કહેવો જે, 'હે મહારાજ ! આ રીતનો ભૂંડો સંકલ્પ તમારી ઉપર થયો.' ને તે સંકલ્પનો જે દોષ તેની નિવૃત્તિને અર્થે હાથ જોડીને તેની પ્રાર્થના કરવી. અને જો સાધુને ગૃહસ્થ હરિભક્ત ઉપર ક્રોધ ઊપજે તો તે સાધુ ગૃહસ્થની વચને કરીને પ્રાર્થના કરે અને બેઠે થકે નમસ્કાર કરે, પણ સાષ્ટાંગ દંડવત્ ન કરે. અને જે સાંખ્યયોગી બાઈઓ છે તેમને પણ જો પરસ્પર ક્રોધ ઊપજે તથા કર્મયોગી સ્ત્રીઓને વિષે ક્રોધ ઊપજે તો વચને કરીને પ્રાર્થના કરવી ને બેઠે થકે નમસ્કાર કરવો.''

૮. ઈર્ષ્યા

ઈર્ષ્યા કે અદેખાઈ 'માન'માંથી ઉત્પન્ન થતું તત્ત્વ છે. (**વચ. પ્ર.૭૬, સા.૮, વર.૧૧, અં.૨૭**), ઈર્ષ્યાના લક્ષણ પરથી આપણા અંતરમાં રહેલ 'ઈર્ષ્યા'ના અસ્તિત્વનો ખ્યાલ આવે છે.

• ઈર્ષ્યાનું રૂપ (લક્ષણ)

શ્રીજીમહારાજ ઈર્ષ્યાનું રૂપ(લક્ષણ) સમજાવતાં કહે છે :

પ્ર.૭૧ – ''જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે.''

સા.૮ – ''ઈર્ષ્યાનું એ રૂપ છે જે, 'પોતાથી જે મોટા હોય તોપણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ,' એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવું જે, આના હૈયામાં ઈર્ષ્યા છે. અને યથાર્થ ઈર્ષ્યાવાળો જે

હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે નહિ.''

આમ, ઈર્ષ્યા કોઈ પણ વ્યક્તિનો લૌકિક, નૈતિક કે આધ્યાત્મિક ઉત્કર્ષ સહન કરી શકતી નથી. લૌકિક દૃષ્ટિએ કોઈક વ્યક્તિનો આર્થિક, ધંધાકીય, રાજકીય કે સામાજિક દૃષ્ટિએ વિકાસ થાય તો ઈર્ષ્યાવાળા વ્યક્તિની આંખમાં કણાની જેમ ખટકે છે. કોઈક સારું કમાય, કોઈક સારી ડિગ્રી મેળવે, કોઈકને સારી નોકરી મળે, કોઈકનો સારો ધંધો ચાલે, કોઈકને સારી સત્તા કે પ્રમોશન મળે, કોઈકને ત્યાં સારો બંગલો બને કે સારી ગાડી આવે, કોઈકનો દીકરો વધુ સારું ભણે કે પરદેશ જાય તો ઈર્ષ્યાળુને ગમતું નથી. નૈતિક દૃષ્ટિએ કોઈક વ્યક્તિના સારા સાત્ત્વિક સદ્‌ગુણો કે સારાં કાર્યો પણ જેનામાં ઈર્ષ્યા હોય તેને ખૂંચે છે. કોઈક સારું તપ કરે, સારું ભજન ગાય, સારી સેવા કરે, શાસ્ત્રોનો સારો અભ્યાસ કરે, સારાં પ્રવચનો કરે, ભગવાન અને સંતની આજ્ઞા વિશેષ પાળે, એમને વિશેષ રાજી કરે, નિયમો વધારે વ્યવસ્થિત, નિયમિત અને ચોક્સાઈપૂર્વક પાળે તો તે બધું ઈર્ષ્યાળુ સહન કરી શકતો નથી.

વ્યક્તિની કોઈ પણ પ્રકારની પ્રગતિથી, લૌકિક કે ધાર્મિક સમાજમાં તેનું માન વધે, પ્રતિષ્ઠા, કીર્તિ કે આબરૂ વધે, તેનો સર્વત્ર સર્વે લોકો સ્વીકાર કરે, સત્કાર કરે, માન-સન્માન આપે, સૌને એના પ્રત્યે વિશેષ આદરભાવ કે અહોભાવ થાય એ સ્વાભાવિક છે, પરંતુ ઈર્ષ્યાવાળી વ્યક્તિને આ બધું ગમતું નથી.

બીજાના ઉત્કર્ષથી એના અંતરમાં અસંતોષ, અજંપો, ઉદ્વેગ, બળતરા, દુઃખ, અસુખ, અશાંતિ ઉત્પન્ન થાય છે. બીજાના ઉત્કર્ષમાં કંઈક વિઘ્ન આવે, એને કોઈક મુશ્કેલી ઊભી થાય, કોઈક પ્રકારનું દુઃખ થાય, સમાજમાં અપકીર્તિ થાય તો ઈર્ષ્યાળુના અંતરમાં આનંદ થાય છે. એ અંતરથી ખૂબ રાજી થાય છે. ઈર્ષ્યાની જ્યારે પ્રબળતા વધે છે ત્યારે તે વ્યક્તિ બીજાનો ઉત્કર્ષ ઝાંખો, ધીમો કે પાછો પડે, તેને કંઈક નુકસાન થાય, સમાજમાં તે કલંકિત થાય તે માટે અંતરમાં ઇચ્છા કરે, ઝંખના કરે, એ માટે ભગવાનને પ્રાર્થના કરે, દેવ-દેવી કે ભગવાનની માનતા માને, અને ક્યારેક તો બીજા દ્વારે એવી પ્રવૃત્તિ કરાવે અને ક્યારેક તો પોતે જ તે માટે મંડી પડે. ગમે તેમ કરીને તે વ્યક્તિનું કંઈક ને કંઈક ભૂંડું થાય એવી મન-કર્મ-વચને

પ્રવૃત્તિનો વેગ વધારે. એ વ્યક્તિનું સર્વસ્વ ખેદાન-મેદાન થઈ જાય, એનો નાશ થાય ત્યાં સુધીની નીચ પ્રવૃત્તિ કરવા માટે ઈર્ષ્યાળુ માણસ પ્રેરાય છે. ઈર્ષ્યા જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તે દ્વેષ કે વૈરમાં પરિણમે છે. ઈર્ષ્યાગ્નિ વૈરાગ્નિમાં પરિણમે છે ત્યારે તેને સત્-અસત્, કર્તવ્ય-અકર્તવ્યનો કોઈ વિવેક રહેતો નથી. જેના પ્રત્યે ઈર્ષ્યા છે તે માટે ન વિચારવાનું વિચારે, ન બોલવાનું બોલે અને ન કરવાનું કરે તો જ તેને ચેન પડે, સંતોષ થાય અને શાંતિથી ઊંઘ આવે.

ટૂંકમાં, ઈર્ષ્યાનું લક્ષણ કરવું હોય તો આવું કરી શકાય :

- બીજાનું સુખ જોઈને પોતાને દુ:ખ થાય, સહન ન કરી શકે.
- બીજાનું દુ:ખ જોઈને પોતાને સુખ થાય, અંતરમાં રાજી થાય.

ઈર્ષ્યાનાં લક્ષણમાં ઉપરોક્ત મનોભાવો કે મન-કર્મ-વચને થતી પ્રવૃત્તિના આધારે અનુમાન કરી શકાય કે આપણામાં 'ઈર્ષ્યા' છે કે નહિ. જો ઈર્ષ્યા હોય તો તેને દૂર કરવી જ જોઈએ, કારણ કે ઈર્ષ્યા ઘણી હોનારત સર્જે છે.

● ઈર્ષ્યાથી નુકસાન

➤ ઈર્ષ્યા તો સૌને માટે નુકસાનકારક છે જ, પરંતુ ભક્ત માટે તો ઈર્ષ્યા વધુ નુકસાનકારક છે. શ્રીજીમહારાજ **વચ. મ.૪૭**માં કહે છે : ''સંતને કોઈ સારું પદાર્થ આપે તેમાં જે ઈર્ષ્યા કરે તે પંચ મહાપાપીથી પણ વધુ ભૂંડો છે.'' વળી, મહારાજ **વચ. મ.૨૮**માં કહે છે કે ''ભક્ત ભગવાનના ધામમાં છે ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે.'' જો કે ઈર્ષ્યાવાળો કોઈ ભક્ત અક્ષરધામમાં તો જઈ જ શકતો નથી, પરંતુ આ લોકમાં જ્યાં ભગવાન છે ત્યાં સર્વે ધામ છે (**વચ. પ્ર.૬૩,૭૮, લો.૧૧, મ.૧૩, અં.૨,૨૧**). એટલે ઉપરોક્ત વાતનું તાત્પર્ય એ સમજવાનું કે ઈર્ષ્યાવાળાને અહીં ભગવાનનો સંબંધ તૂટી જશે.

➤ ઈર્ષ્યાથી જ નાસ્તિકભાવ આવે (**વચ. પ્ર.૬૮**), આસુરીબુદ્ધિ થાય (**વચ. પ્ર.૩૫**) તેથી ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે, ભક્તોનો અવગુણ આવે અને એ સર્વેનો દ્રોહ થાય એવી જ પ્રવૃત્તિ થાય.(**વચ. મ.૪૦**) પરિણામે ભગવાન અને સંતનો કુરાજીપો થાય. એમનો કુરાજીપો થાય તો સાધક અધ્યાત્મ-સાધનામાંથી, મોક્ષમાર્ગેથી પાછો પડે કે પથભ્રષ્ટ

થાય (વચ. મ.૨૮).

➤ ઈર્ષ્યા એક પ્રકારનો અગ્નિ છે. કોઈ પણ પ્રકારનો અગ્નિ તો દઝાડે જ. ઈર્ષ્યારૂપ અગ્નિની જ્વાળા દેખાતી નથી. તેમ છતાં તે સર્વસ્વનો નાશ કરવા સમર્થ છે. ઈર્ષ્યાનું કામ જ બાળવાનું છે. જેનામાં તે વસે છે તેના સર્વે સદ્ગુણો ખાખ કરી નાખે છે. જે હૃદયની ભૂમિમાં ઈર્ષ્યાથી સદ્ગુણોનાં બિયારણ માત્ર બળી ગયાં હોય ત્યાં નવા સદ્ગુણોના અંકુર ફૂટવા પણ અશક્ય છે. ક્રોધી, દ્વેષી, કપટી ને માનીના હૃદયમાં ઈર્ષ્યાનો લાવારસ સતત વહેતો હોય છે, ત્યાં સદ્ગુણનો છોડ ક્યાંથી પાંગરે ?

➤ ઈર્ષ્યાનો અગ્નિ પોતાને તો દઝાડે છે પણ બીજાને પણ એની આગ લગાડે છે. જો આ આગ વધુ પ્રજ્વલિત બને તો કુટુંબ, જ્ઞાતિ, સમાજ, દેશ કે વિશ્વનું નુકસાન થવામાં કાંઈ બાકી રહેતું નથી. માનવજાતનો ઇતિહાસ અનેક દૃષ્ટાંતો દ્વારા સાક્ષી પૂરે છે કે ઈર્ષ્યાને લીધે વ્યક્તિએ પોતાનું, બીજાનું, જ્ઞાતિનું, ગામનું, રાજ્યનું, દેશનું કે વિશ્વનું કેટલું નુકસાન કર્યું છે.

➤ ઈર્ષ્યા એક પ્રકારનું ઝેર છે. તેની જેમ જેમ માત્રા વધે તેમ તેમ તેનાં અંગોઅંગમાંથી, મન-કર્મ-વચને થતી બધી પ્રવૃત્તિમાં આ ઝેર ટપકે છે.

➤ ઈર્ષ્યાનાં ઝેરનું એક ટીપું કુટુંબ કે દેશને પણ છિન્ન-ભિન્ન કરી શકે છે.

➤ ક્ષુલ્લક મનોદશાવાળા ઈર્ષ્યાનો બદલો ઘૃણાથી આપે છે. તે જ ઘૃણા ક્રોધમાં પરિણમી અનિષ્ટોની વણઝાર ઊભી કરે છે.

➤ ઈર્ષ્યાથી જ કોઈ પણ કુટુંબ, સંસ્થા, સમાજ કે દેશમાં પરસ્પર વ્યક્તિ વચ્ચેના માનવીય સંબંધ બગડે, સંપ તૂટે અને કંકાસ, ક્લેશ તથા કુસંપ વધે, પરિણામે સૌની પ્રગતિ અટકે.

➤ ઈર્ષ્યા જ ગળાકાપ સ્પર્ધા કરાવે છે, જિંદગીનો આનંદ હરામ કરે છે.

➤ ઈર્ષ્યા જીવનના આનંદને ક્ષણવારમાં કરુણતામાં પલટાવી કોઈને આપઘાત કે ખૂન કરવા તરફ પ્રેરે છે.

➤ ઈર્ષ્યા માનવનાં હૃદયને, અંતરને, સદ્ગુણોને કોરી ખાનારી ભયંકર ઇયળ છે, જે વ્યક્તિનાં સત્ત્વ અને તત્ત્વને આધ્યાત્મિક ઓજસને હરી લે છે.

➤ ઈર્ષ્યાથી વધારેમાં વધારે નુકસાન તો ઈર્ષ્યાળુ વ્યક્તિને પોતાને જ

થાય છે. એનું જ લૌકિક, નૈતિક કે આધ્યાત્મિક પતન થાય છે. તેની જ શાંતિ હણાય છે. અશાંતિ, ઉદ્વેગ, અજંપો અને વેરઝેરની આગમાં એને જ સળગવું પડે છે. ઈર્ષ્યા તો મનોમન સમસમી રહેતી અગનજાળ છે, જે ચોવીસેય કલાક હૃદયમાં લપકારા લેતી જ રહે છે.

આવાં અનેક દૂષણો અને દુષ્પરિણામો ઈર્ષ્યાનાં છે. તેથી જ મહારાજને ઈર્ષ્યાળુ સાધક ગમતો નથી. (**વચ. પ્ર.૭૬, લો.૧૪, મ.૫૨ અં.૨૭**) એના હાથની કરેલી ભક્તિ પણ ગમતી નથી (**વચ. મ.૫૨**).

તેઓ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "એવી ઈર્ષ્યા સમાન કોઈ બીજો દોષ નથી. વિમુખ થાય પણ મરે ત્યાં સુધી ઈર્ષ્યા જાય નહિ, મોટા દૈત્યોએ મરવા છતાં ઈર્ષ્યા મૂકી નથી. સંત થઈને ઈર્ષ્યા રાખે તે અમોને ગમતા નથી. અમે તેને સંત કહેતા નથી." *(પૂર : ૧૮, તરંગ : ૧૪)*

એટલે તો તેઓ કહે છે : "ભગવાનના ભકતને પરસ્પર ઈર્ષ્યા ન કરવી." (**વચ. પ્ર.૪**).

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૪**માં નારદજી અને તુંબરૂનું દૃષ્ટાંત આપીને કહે છે : "ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા. અને તેવું ન થવાય અને ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો."

● ઈર્ષ્યા ટાળવાના ઉપાયો

શ્રીજીમહારાજ કહે છે કે જો ભગવાન અને સંતને યથાર્થ માહાત્મ્યે સહિત જાણ્યા હોય (**વચ. અં.૨૮**), તેમની સાથે હેત હોય (**વચ. અં.૧**) કે સત્સંગનો પક્ષ હોય (**વચ. પ્ર.૭૮**) તો ઈર્ષ્યાદિક દોષોનો નાશ થાય છે. તદુપરાંત ઈર્ષ્યાની પ્રબળતા ઘટાડવા કે તેનો નાશ કરવા નીચે પ્રમાણે વિચારો કરી શકાય.

➤ ભગવાન અને સંતને રાજી કરવા જ છે એવું તાન અને અનુસંધાન.

➤ ઈર્ષ્યાથી થતાં નુકસાનનો વિચાર

➤ **પોતાનો વિચાર :** દરેક વ્યક્તિ પોતાનું જ પ્રારબ્ધ લઈને આવે છે. તદનુસાર તેને લૌકિક કે આધ્યાત્મિક લાભ થાય છે. આમાં કોઈ બે

વ્યક્તિની પણ તુલના થઈ ન શકે. કારણ કે દરેકના પૂર્વસંસ્કાર જુદા છે. દરેકની બુદ્ધિ, શક્તિ, આવડત, મુમુક્ષતા જુદી છે. દરેકનું પાત્ર એક સમાન નથી, તેથી આપણે પોતે આપણે જ બની શકીએ, બીજા નહિ. માટે ક્યારેય કોઈ પણ બાબતે બીજા સાથે તુલના કરવાથી લાભ થવાને બદલે ઈર્ષ્યામાં વધારો અને અંતે અશાંતિમાં વધારો જ થવાનો છે.

➤ **સાંખ્યવિચાર :** જેને લીધે ઈર્ષ્યા આવે છે તે લૌકિક માન-મોટપ, ધન, સંપત્તિ કે સત્તાનો એક દિવસ જરૂર નાશ થવાનો છે. તે હોય કે ન હોય પણ અંતે તો કશો જ ફરક પડતો નથી.

➤ **આત્મવિચાર :** આત્માને કશાની જરૂર નથી. આત્માને બાહ્ય કોઈ સમૃદ્ધિ કે પ્રતિષ્ઠાથી સુખ થાય તેમ નથી, ન મળે તો દુઃખ થાય તેમ નથી.

➤ **ભગવાનનાં કર્તૃત્વનો વિચાર :** બીજા ભક્તો કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પણ બાબતે આગળ વધ્યા છે અને આપણને પણ જે વખતે જે મળ્યું છે, તે ભગવાનની જ ઇચ્છા છે. તેમાં જ સંતોષ માનવો. કદાચ અસંતોષ રહેતો હોય તો ભગવાનને પ્રાર્થના કરવી અને પુરુષાર્થ કરવો, પરંતુ ઈર્ષ્યા કરવાથી તો નુકસાન જ છે.

➤ જે કોઈ પણ દ્વારા જે કાંઈ સારું થાય તેનાથી રાજી થતાં શીખવું. તેનો આનંદ લેતાં શીખવો. કારણ કે બીજા કોઈ પણના ઉત્કર્ષથી અંતે પરોક્ષ કે અપરોક્ષપણે આપણને એનો કંઈક તો લાભ થવાનો જ છે.

તેથી જ તો પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

બીજાના સુખમાં આપણું સુખ.
બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.
બીજાના લાભમાં આપણો લાભ.

જો આવી ભદ્રભાવના કેળવાય તો પછી 'ઈર્ષ્યા' ક્યાંથી ટકી શકે ?

➤ પ્રાર્થના તો રામબાણ ઇલાજ છે સર્વે દોષો ટાળવાનો.

૯. અસૂયા

અસૂયા પણ માનમાંથી જ જન્મે છે (**વચ. સા.૮**). ઈર્ષ્યા જ્યારે વધારે પરિપક્વ બને છે, તેની પ્રબળતા વધે છે, ત્યારે તે 'અસૂયા'નું નવું રૂપ ધારણ કરે છે.

વિદ્વાનો કહે છે :

◆ परोत्कर्षस्य असहिष्णुता ईर्ष्या

બીજાનો ઉત્કર્ષ સહી ન શકાય તે ઈર્ષ્યા.

◆ परगुणेषु दोषारोपः असूया

બીજાના ગુણોમાં દોષનો આરોપ કરવો તે અસૂયા.

ઈર્ષ્યા તો બીજાનો ઉત્કર્ષ સહન ન થતાં પોતાનું હૃદય બાળે, સાથે સાથે એવો ઉત્કર્ષ પામવા વલખાં મારે, કદાચ બીજાના ઉત્કર્ષને પાછો પાડવા મન-કર્મ-વચને પ્રયત્ન પણ કરે, પરંતુ બીજાના ઉત્કર્ષ કે ગુણવિશેષમાં દોષનો આરોપ કરવાની હિંમત એનામાં નથી. જ્યારે અસૂયા તો સામેવાળી વ્યક્તિના ઉત્કર્ષ કે ગુણમાં જ દોષ જુએ અથવા તો સમગ્રપણે તેને દોષમાં જ પલટાવી નાખે છે.

દા.ત. વિજય સારું તપ કરે છે કે સારી સેવા કરે છે. તેના પ્રત્યે જેને ઈર્ષ્યા છે એવો દેવેશ એ તપ અથવા સેવાના ગુણને સહન કરી શકતો નથી. અહીં વિજયના તપ કે સેવાને એક ઉત્તમ ગુણ તરીકે દેવેશ સ્વીકારે છે, પરંતુ પોતાનામાં તે ગુણો ન હોવાથી એને અંતરમાં બળતરા છે. તેથી તે ગમે તેમ કરીને વિજય ઓછું તપ કે ઓછી સેવા કરતો થાય તે માટે પ્રયત્ન કરશે. અથવા તો પોતે પણ તેના જેવું કે તેનાથી પણ અધિક તપ કે સેવા કરવાનો પ્રયત્ન કરીને તેના જેવા અથવા તો તેનાથી પણ અધિક સારો દેખાવાનો પ્રયત્ન કરશે.

કેતનને વિજય પ્રત્યે અસૂયા છે. તેથી તે પણ વિજયના ઉપરોક્ત ગુણને સહી શકતો નથી. ત્યાં સુધી તો તે દેવેશની સમાન જ છે, પરંતુ દેવેશથી કેતનમાં વિશેષ હીનવૃત્તિ એ છે કે તે વિજયના બન્ને ગુણોમાં દોષ શોધી કાઢીને અથવા ન મળે તો ઉપજાવી કાઢીને પણ વાતો કરશે કે એ તો માન માટે તપ કે સેવા કરે છે. જો અસૂયા વધુ પ્રબળ બને તો એ ગુણોને જ સંપૂર્ણ દોષરૂપ પુરવાર કરવા પ્રયત્ન કરશે.

આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "જેના અંતરમાં અસૂયા ન હોય તે લખેલી વાત(ભગવાનના ચરિત્રની)ને સમજે છે. અને અસૂયાવાળા એકેય વાતને પ્રમાણ ન કરે. અસૂયામાં અપાર પાપ રહ્યું છે. તેને એકેય વાત સારી લાગે નહિ, પણ બોલ્યામાં અસૂયા ઓળખાઈ

જાય. અંતરનો ભાવ અને કુભાવ તે યુક્તિથી વચનમાં લાવે છે.''

(પૂર : ૧૧, તરંગ : ૩૯)

આ રીતે ઈર્ષ્યાની જેમ અસૂયા પણ સાધકની સાધનામાં વિઘ્નરૂપ છે, એટલું જ નહિ, પરંતુ ઈર્ષ્યા કરતાં પણ વધારે હાનિકારક છે. માટે સાધકે 'ઈર્ષ્યા' ટાળવા માટે જે ઉપાયો-વિચારો બતાવ્યા છે તે પ્રમાણે પ્રયત્ન કરવાથી અસૂયા પણ નાશ પામે છે.

૧૦. મત્સર

ઈર્ષ્યા, અસૂયાની જેમ મત્સર પણ 'માન'નું જ સર્જન છે, અર્થાત્ તે પણ માનમાંથી જ ઉત્પન્ન થાય છે (**વચ. કા.૬, સા.૮, વર.૧૧**). વળી, સ્ત્રી-ધન ને સારું સારું ભોજન એ ત્રણ મત્સરનો હેતુ છે (**વચ. કા.૬**). આ દોષ તો સર્વ વિકારમાત્રનો આધાર છે (**વચ. કા.૬**).

આ દોષ પણ સાધકની સાધનામાં ઘણો મોટો વિક્ષેપ ઊભો કરે છે. શ્રીજીમહારાજ **વચ. કા.૬**માં કહે છે : ''કોઈક લે અને કોઈક દે તોપણ મત્સરવાળો હોય તે ઠાલો ઠાલો વચમાં બળી મરે.'' જ્યાં સુધી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ દોષથી દાઝતો હોય, બળતો હોય તેને શાંતિ કયાંથી હોય ? તે આધ્યાત્મિક સાધના પણ સાચી રીતે ક્યાંથી કરી શકે ? જેનામાં મત્સર છે તે ભગવાનને પણ યથાર્થ રીતે રાજી ન કરી શકે (**વચ. કા.૬**). મત્સર ટાળીને ભક્તિ કરે તે ઉપર જ ભગવાનનો રાજીપો થાય છે અને એ જ ભાગવતધર્મનો અધિકારી બને છે (**વચ. કા.૬**). તેથી મત્સર ટાળવો જ રહ્યો.

શ્રીજીમહારાજ **વચ. કા.૬**માં કહે છે : ''સંતને માર્ગે ચાલે ને જે સંત હોય તેનો તો મત્સર ટળે અને જેને સંતને માર્ગે ન ચાલવું હોય તેને તો મત્સર ન ટળે.''

સાચા સંત કે સાચા ભક્ત થવાના માર્ગે સાધના કરનાર સાધક જો ઈર્ષ્યા ટાળવાના ઉપાયો કે વિચારો બતાવ્યા છે તે પ્રમાણે પ્રામાણિક પ્રયત્ન કરે, તો તેનો મત્સર પણ ટળી જાય છે.

ઈર્ષ્યા, અસૂયા અને મત્સર જેવા સ્વભાવોમાં વિશેષ બાબત એ છે કે જો આ સ્વભાવો મુખ્ય વ્યક્તિમાં અર્થાત્ નેતા કે ગુરુમાં હોય તો તેને પોતાને નુકસાન છે જ, પરંતુ એને અનુસરનારા, એનાં વચનોમાં વિશ્વાસ

રાખનારા સર્વે અનુયાયીઓને પણ નુકસાન થાય છે. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પ્રત્યે જેને જેને ઈર્ષ્યા, અસૂયા કે મત્સરની વૃત્તિ હતી, તેણે પોતાનું તો બગાડ્યું, પરંતુ એણે પોતાના હેતવાળા સર્વે સંતો-ભક્તોના પણ અભાવ-અવગુણના શબ્દો નાખીને આવા ગુણાતીત સત્પુરુષોનો દ્રોહ કરાવીને મોક્ષમાર્ગેથી પાડ્યા છે.

વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજનો સર્વ પ્રકારે જે ઉત્કર્ષ છે, એમનું વિશ્વવ્યાપી જે માન-સન્માન થાય છે, તેને લીધે જેને જેને એમના પ્રત્યે ઈર્ષ્યાદિકની વૃત્તિ છે તે સર્વે પોતાનાં પ્રવચનો, લેખો દ્વારા ઝેર ઓકતા જ રહે છે. અંગત રીતે પણ અવળી વાતો કરીને આવા ગુણાતીત પુરુષોનો સંબંધ ન થવા દે. કદાચ કોઈને સ્વામીનો ગુણ આવ્યો હોય તોપણ વિચિત્ર વાતો કરીને, મનઘડંત કુતર્કો કરીને એ ગુણ કાઢી નાખે અને એના જીવનમાં અભાવનું ઝેર રેડી દે. આમ, ઈર્ષ્યા, અસૂયા, મત્સરવાળાને અનુસરનારા બધાનું અધ:પતન થાય છે. જેટલા અનુયાયીઓ વધારે તેટલા વધારે જીવોનું ભૂંડું થાય. સાયકલ ચલાવનાર, ગાડી ચલાવનાર, બસ ચલાવનાર કે ટ્રેન ચલાવનાર ભૂલ કરે તો ? ભલે બધાની ભૂલ એકસરખી હોય અને તેને લીધે દરેક વાહનનો અકસ્માત થાય, છતાં બધાનું નુકસાન એક સમાન નથી. જેમ જેમ વાહનમાં બેસનારની સંખ્યા વધુ, તેમ તેમ વધારે વ્યક્તિને નુકસાન થવાનું ?

ગામના સરપંચ, તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા પંચાયતના પ્રમુખ, રાજ્યના મુખ્યમંત્રી કે દેશના વડાપ્રધાન ભૂલ કરે તો ? સમજી શકાય છે કે દરેકની ભૂલ કદાચ એક સમાન હોય છતાં નુકસાન ભોગવનારની સંખ્યા એક સમાન નથી. તેથી જે નેતા છે, ગુરુ છે, મુખ્ય વ્યક્તિ છે કે જેમને કોઈક ને કોઈક અનુસરનારા છે તેમણે વધારે જાગ્રત રહેવાની જરૂરિયાત છે. જો અનુસરનારાની સંખ્યા જેમ જેમ વધે તેમ તેમ તેણે વધારે જાણપણું રાખવું પડે. સાચા સંત પ્રત્યે ઈર્ષ્યા, અસૂયા કે મત્સર પેસી ન જાય તે માટે વધારે સાવધાન રહેવું જોઈએ. નહિતર તે પોતાનું તો બગાડે, પરંતુ સાથે સાથે બીજા હજારોનું પણ બગાડે.

સત્સંગમાં પણ જે કોઈ સંત કે હરિભક્ત હોય અને તે જે તે સત્સંગ-

મંડળના આગેવાન હોય તેણે પણ કોઈ સાચા સંતો-ભક્તો પ્રત્યે આ ઈર્ષ્યાદિક દોષો પેસી ન જાય તેનું સાવધાનીપૂર્વક ખૂબ જાણપણું રાખવું ઘટે. નહિતર પછી પોતાના અને બીજાના જીવનું બગાડવાની પ્રવૃત્તિ શરૂ થાય, પરિણામે ઘણાનો મોક્ષ બગડે.

જે કોઈ મુમુક્ષુ જે કોઈને અનુસરનારા હોય તેણે પણ જાણપણું રાખવું જોઈએ. પોતાના આગેવાન, નેતા કે ગુરુનાં વચનોમાં વિશ્વાસ મૂકતાં પહેલાં અંતર્દૃષ્ટિ અને પ્રાર્થનાપૂર્વક વિચાર કરીને તપાસ કરવી જોઈએ કે એ વચનોમાં સાચા ગુણાતીત સંત કે એમના સંતો-ભક્તો પ્રત્યે ઈર્ષ્યા, અસૂયા કે મત્સરની ગંધ તો નથી ને ? જો આવું કંઈક જણાય તો એનાં વચનોમાં વિશ્વાસ મૂકીને ગુણાતીત સત્પુરુષ કે એમના સંતો-ભક્તો પ્રત્યે અણગમો કે અભાવ ન આવવા દેવો. એવાનાં વચનોમાં વિશ્વાસ મૂકીને પોતાના જીવનું ન બગાડવું.

૧૧. આંટી

આંટી એટલે કોઈ પણ વ્યક્તિ પ્રત્યેના દ્વેષભાવ કે વેરભાવને લીધે તેની સાથે બંધાયેલ ગૂંચ કે ગાંઠ. વ્યક્તિ સાથે આંટી પડવાના મુખ્ય કારણરૂપે તો ઉપરોક્ત બધા દોષો છે, પરંતુ તેમાંય વિશેષે કરીને તો માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા અને મત્સર છે.

• આંટીથી નુકસાન

આંટી પડ્યા પછી એના મનમાં અભાવ-અવગુણના વિચારો આવ્યા કરે. એના મુખમાંથી અભાવ-અવગુણના તણખા ઊડ્યા કરે. ભક્તો, સંતો સાથેની આંટી સાધક માટે સાધનામાં વિક્ષેપરૂપ તો બને જ છે, પણ સાથે સાથે ભગવાન અને સંત પણ રાજી થતા નથી. એટલું જ નહિ, પરંતુ તેઓ કુરાજી થાય છે, કચવાઈ જાય છે તેથી તેનું કલ્યાણ થતું નથી.

શ્રીજીમહારાજ **વચ. કા.૯**માં નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછે છે : 'જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહિ, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે, એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ ?'' એ બન્નેનો ઉત્તર છે : ''જે એવો હોય તેને તે સાધુ ન કહેવાય.'' વળી, શ્રીજીમહારાજ **વચ. મ.૬૦**માં કહે છે : ''ભગવાનના ભક્ત

સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય, પણ આંટી રાખે નહિ તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.''

તેથી એવું કહી શકાય કે સાચા સાધુ કે સાચા ભક્ત બનવા માટે કોઈ સાથે એવી મલિન રીસની આંટી ન પડવા દેવી જોઈએ. ભક્ત સાથે આંટીથી સાધકને થતાં નુકસાન વિષે શ્રીજીમહારાજ કહે છે :

મ.૬૦ – ''જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે અને તેની વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ, એવો જે ચાંડાળ જેવો જીવ હોય તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, તે સર્વે વૃથા છે અને બીજાં પણ કોટિક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ.''

મ.૬૩ – ''ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી.''

યોગીજી મહારાજ કહે છે :

◆ ''મહારાજને આંટી નથી ગમતી. સુહૃદભાવ ગમે છે. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત હતો કે કોઈ ભગવાનના ભક્તથી મન નોખું રાખે તો પોતાને નહોતું ગમતું. પોતે સમાધાન કરી દેતા.''

◆ ''કોઈથી મન જુદાં ન રાખવાં, આંટી ન પડવા દેવી. આંટી પડી જાય તો મહાદુઃખ છે, ભયંકર દુઃખ છે.''

◆ ''કોઈના ઉપર આંટી ન રાખે તો મહારાજ રાજી થાય. વગર કર્યું સહેજે જ હેત થાય.''

ઉપરોક્ત સર્વે સંદર્ભો વારંવાર વાંચીને વિચારવા જેવા છે. સંતો-ભક્તો સાથે આંટી રાખવાથી સાધકને કેટલું મોટું નુકસાન થાય છે અને આંટી ન રાખે તો કેટલો મોટો લાભ થાય છે ? જેમાં સો ટકા નુકસાન જ છે એવી આંટી ભક્તો સાથે શા માટે રાખવી ? ભગવાન અને સંતને જે નથી જ ગમતું તે શા માટે કરવું ? એમને જે ગમે છે, જેનાથી તેઓ અત્યંત રાજી થાય જ છે, તે શા માટે ન કરવું ? આવો વિચાર કરીને પણ કોઈનીય સાથે આંટી ન રાખવી જોઈએ. કદાચ કોઈની સાથે આંટી પડી ગઈ હોય તો તે ટાળવી જોઈએ.

● આંટી ટાળવાના ઉપાયો

ભક્ત સાથે આવી વેરભાવની આંટી ક્યારેય બંધાય જ નહિ તેનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ **વચ. કા.૯**માં કહે છે : "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ... માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરું."

આ ઉપરાંત, પોતાના જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય, ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ખપ અને ઈશક હોય અને આત્મા-પરમાત્માનો વિચાર હોય તોપણ કોઈ સાથે આંટી ન પડે.

● આંટીના અન્ય પ્રકારો

આ વૈરભાવની આંટી ઉપરાંત તુચ્છ સ્વભાવની અને જીવનરૂપ આંટીનો ભેદ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૨૭**માં કહે છે :

"જે હરિભક્ત હોય તેને કોઈ જાતની આંટી પાડવી, તેની એમ વિગતિ છે જે, એક તો નિષ્કામાદિક વર્તમાનની આંટી પાડી હોય ને એક એવી આંટી પાડી હોય જે, 'આ ઠેકાણે હું આસન કરું તો નિદ્રા આવે ને બીજે ઠેકાણે ન આવે,' એ આદિક અનેક પ્રકારની જે તુચ્છ સ્વભાવની આંટી પાડી હોય, એ બેયને એક રીતની ન સમજવી. વર્તમાનની આંટી તો પોતાના જીવનરૂપ છે ને તેને વિષે બહુ માલ છે, એવી રીતે માહાત્મ્યે સહિત તેની આંટી પાડવી. અને બીજા સ્વભાવની આંટી પાડી હોય તેને વિષે તો તુચ્છપણું જાણવું ને તેને સંત મુકાવે તો મૂકી દેવી ને પ્રથમની આંટી મૂકવી નહિ. અને એ બેયને બરોબર સમજે તો એને વિષે મૂઢપણું જાણવું... એ બે પ્રકારની આંટીમાં ન્યૂન-અધિકપણું જાણવું. અને એમ હોય નહિ ને બેયમાં સામાન્યપણું જાણે તો એનો આંટીદાર સ્વભાવ જાણવો ને તેને માની જાણવો.

અને આંટીએ કરીને તે વર્તમાન પાળતો હોય ને જો મરણ પર્યંત એમ ને એમ નભે તો તો ઠીક, પણ તેનો પૂરો વિશ્વાસ ન આવે. કેમ જે, જો એને

કોઈક જાતનાં વેણ લાગે અથવા તેનું માન ન રહે તો એવો એ રહેશે નહિ. અને જે આંટીએ કરીને વર્તમાન પાળતો હોય ને ભક્તિ કરતો હોય તે તો રાજર્ષિ કહેવાય. ને જે ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ કરતો હોય તથા વર્તમાન પાળતો હોય તે તો બ્રહ્મર્ષિ કહેવાય ને તે સાધુ કહેવાય. એવી રીતે એ બેયમાં ફળનો ભેદ પણ છે.''

શ્રીજીમહારાજ આ સંદર્ભની શરૂઆતમાં કહે છે કે તુચ્છ સ્વભાવની આંટી ન રાખવી, પરંતુ વર્તમાનની આંટી તો પોતાના જીવનરૂપ છે એમ મહિમા સમજીને રાખવી. પછી તેઓ કહે છે કે આંટીએ કરીને વર્તમાન પાળે કે ભક્તિ કરે તેના કરતાં ભગવાનની પ્રસન્નતાર્થે વર્તમાન પાળે કે ભક્તિ કરે તે શ્રેષ્ઠ છે. પહેલો રાજર્ષિ બીજો બ્રહ્મર્ષિ ! કેટલો ફળભેદ ! આના પરથી અધ્યાત્મ-સાધનામાં રાજીપાનું કેટલું મૂલ્ય છે તેનો ખ્યાલ આવે છે.

આંટીએ કરીને જે કાંઈ થાય છે તે અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, મત્સર વગેરે સ્વભાવથી પ્રેરિત હોઈ શકે. તેમાં સ્વભાવોની મલિનતા ભળે છે. તેનો ઝાઝો વિશ્વાસ નહિ, અને તેનું ઝાઝું ફળ પણ નહિ. સમૂહને લીધે, દેખાદેખીથી કદાચ સાધનો થાય. સૌ કરતાં વિશેષ સારાં થાય, પરંતુ સમૂહ ન હોય, એકાંત હોય, કોઈ નોંધ ન લે, કોઈ કદર કે પ્રશંસા ન કરે તો એ સાધનો કરવાનું બંધ થઈ જાય અથવા તો એનો ઉત્સાહ, ઈશક કે વેગ ઘટી જાય. સાધના કરવામાં મોળપ આવી જાય. મનમાં અનેક પ્રકારના પ્રશ્નો કે વિક્ષેપો થાય.

પરંતુ જો સાધક એનાં એ જ સાધનો ભગવાન અને ગુણાતીત સંતની પ્રસન્નતાર્થે કરે તો એમાં ઉપરોક્ત કોઈ સ્વભાવોની મલિનતા ન ભળે. સો ટકા શુદ્ધભાવે થાય. એને કોઈની સ્પર્ધા નથી. એ કોઈને દેખાડવા માટે કરતો નથી. એને કોઈ પ્રકારની અપેક્ષા નથી. તેથી તે ગમે તેવા સંજોગોમાં પણ સાધના કરવામાં ઢીલો નહિ પડે. સાધનામાં ઈશક, ઉત્સાહ કે વેગ મંદ નહિ પડે; ઊલટાનો દિન-પ્રતિદિન તે વધતો જ જાય. એને પછી કોઈ નોંધ લે કે ન લે, કોઈક કદર-પ્રશંસા, સન્માન કરે કે ન કરે; પરંતુ કેવળ પ્રસન્નતાર્થે સાધના કરનાર સાધકના મનમાં કોઈ પ્રકારનો પ્રશ્ન, ઉદ્વેગ, અસંતોષ કે અણગમો નથી. પોતાના જેવી સાધના ન કરનારને સત્પુરુષ પોતાના કરતાં વધારે બોલાવે, વધારે સુખ આપે તોપણ એને કોઈ પ્રશ્ન નથી, કોઈ ફરિયાદ

નથી. એને તો બસ મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ રાજી થાય, એમાં પોતે રાજી જ છે. એમાં પોતાને પૂર્ણ સંતોષ છે. અંતરમાં અપાર શાંતિની અનુભૂતિ છે.

આ રીત સાચા સાધકે ફળભેદ સમજીને આંટીએ કરીને નહિ, પરંતુ કેવળ ભગવાન અને સંતની પ્રસન્નતાર્થે જ સાધના કરવી જોઈએ.

૧૨. હઠ

હઠ એટલે અમુક પ્રકારની જીદ, અમુક પ્રકારનો ખોટો આગ્રહ. જેનામાં આ સ્વભાવ હોય તેને જે વ્યક્તિ, વસ્તુ, સાધન, ક્રિયા કે ક્રિયાની રીત અથવા તો અમુક પ્રકારની માન્યતા માટે હઠ હોય તેનો તે અત્યંત દુરાગ્રહ રાખે. 'ગમે તે થાય, પરંતુ મારે આ જ વ્યક્તિ કે વસ્તુ જોઈએ. મારે આ જ ક્રિયા અને તે પણ આ જ રીતે કરવી છે. હું તો આમ જ માનવાનો અને આમ જ સમજવાનો અને આમ જ કરવાનો. ગમે તે થાય, પરંતુ મને અમુક વ્યક્તિ, વસ્તુ કે ક્રિયા ફાવે જ નહિ, હું અમુક સ્થાનમાં નહિ જ જવાનો, હું અમુક વ્યક્તિ સાથે મનમેળ કે સંપ નથી જ કરવાનો, હું તમારી આ વાત નથી જ માનવાનો...' આ હઠીલા સ્વભાવવાળી વ્યક્તિનાં વિચારો, વચનો અને તદનુસાર તેનું વર્તન હોય છે. હઠનું મૂળ કારણ તો માન, અહંકાર, મદ કે દેહાભિમાન અને સાથે સાથે વિવેક-શૂન્યતા છે, બુદ્ધિની જડતા અને મૂઢતા છે.

● હઠથી નુકસાન

હઠ અર્થાત્ હઠીલો સ્વભાવ તો લૌકિક જીવનમાં પણ દરેક ક્ષેત્રમાં નડે છે. સીતાજીની સુવર્ણ-મૃગ માટેની હઠે કેવાં અને કેટલાં દુઃખોને આંમત્રણ આપ્યું. ? રામચંદ્ર ભગવાને કેટલા સમજાવ્યાં પણ ન માન્યાં. એમણે હઠ ન મૂકી તો પરિણામ કેવું આવ્યું ?

દુર્યોધનના હઠીલા સ્વભાવે કેટલાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો ? પાંડવોને એના હકનું રાજ્ય પાછું આપી દેવા માટે દુર્યોધનને કેટલો સમજાવ્યો ? અરે ! સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન સમજાવવા ગયા, તેમ છતાં 'યુદ્ધ વગર સોયની અણી જેટલી પણ ભૂમિ પાંડવોને ન આપું' - આ પકડેલી

હઠને લીધે કેવું વિનાશક પરિણામ આવ્યું ?

વિશ્વના કોઈ પણ કુટુંબના બે-પાંચ સભ્યો વચ્ચે કે સામાજિક, રાજકીય અને ધાર્મિક સંસ્થામાં અથવા તો કોઈ ધંધાકીય ગ્રુપ કે કંપનીમાં જે કાંઈ ક્લેશ, કંકાસ, ઝઘડા અને કુસંપ થાય છે, તેનાં મૂળમાં ક્યાંક કોઈનો હઠીલો સ્વભાવ હશે. એકાદ વ્યક્તિ પણ પોતાનો દુરાગ્રહ કે હઠાગ્રહ ન છોડે તો તેને લીધે કુટુંબ, જ્ઞાતિ, સંસ્થા, સમાજ, દેશ કે સમગ્ર વિશ્વ બરબાદ થઈ જાય છે. એકાદ વ્યક્તિ કે એકાદ ગ્રુપે પકડેલી ખોટી પકડ કે હઠને લીધે પૃથ્વી ઉપર મહાયુદ્ધો ખેલાયાં છે.

આમ, લૌકિક જીવનમાં તો હઠ બરબાદી સર્જે છે, કુસંપ અને તેના પરિણામે વિનાશને નોતરે છે, પરંતુ તેના કરતાં આધ્યાત્મિક જીવનમાં હઠ વધુ નુકસાનકારક સાબિત થાય છે. હઠને લીધે ઝઘડા, કુસંપ વગેરે જે જે પ્રશ્નો લૌકિક જીવનમાં કે ભૌતિક ક્ષેત્રમાં થાય છે, કદાચ એ જ પ્રશ્નો અહીં આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ થતા હશે, પરંતુ એનું નુકસાન અહીં વધારે છે. ભલે સ્વભાવ એક જ, તેને લીધે પ્રશ્નો પણ એક સમાન, છતાં લૌકિક જીવન કરતાં આધ્યાત્મિક સાધનામાં ખોટ અને બરબાદી વધારે છે. જેમ મારૂતિ ગાડી બગડે અને મર્સીડીઝ ગાડી બગડે તો સમજી શકાય છે કે ભલે કદાચ બગાડ બન્નેમાં સમાન હોય છતાં બન્નેનું નુકસાન સમાન નથી. કારણ કે મારૂતિ ગાડી કરતાં મર્સીડીઝ ગાડી ઘણી ઘણી વધુ કીમતી ગાડી છે. એવી જ રીતે, લૌકિકમાર્ગ કરતાં અધ્યાત્મનો માર્ગ વધારે કીમતી છે. એટલું જ નહિ, પરંતુ અમૂલ્ય છે, તેથી તેમાં હઠને લીધે વધુ નુકસાન થાય છે.

અધ્યાત્મસાધના કરનાર જે સાધકમાં હઠ હોય તે,

- હઠને લીધે જડ, મૂઢ, આંધળો અને વિવેક-શૂન્ય બની જાય. એની બુદ્ધિમાં મૂઢતા, જડતા અને અંધકાર વ્યાપી જાય. પછી એ સત્-અસત્‌નો કે લાભાલાભનો કંઈ વિચાર જ ન કરી શકે.
- ભગવાન અને ગુણાતીત સંતની સમક્ષ પણ પોતાનું મનધાર્યું મૂકી ન શકે, મનની ગાંઠો છોડી ન શકે, મનની માન્યતાઓનો ત્યાગ ન કરી શકે. જેથી એમની આજ્ઞા-અનુવૃત્તિ સમજી ન શકે અને તેથી પાળી પણ ન શકે.
- એમને ઓશિયાળા કરે. તેઓ આવા સાધકને કશું જ ન કહી શકે, કહે તો આ માને પણ નહિ.

➤ તેઓ તે સાધક પર રાજી તો ન જ થાય, પરંતુ અતિશય કુરાજી થાય.

➤ કંકાસ, ક્લેશ, કુસંપ વધારામાં સૌથી મોટું અને મહત્ત્વનું યોગદાન આપી શકે... કહોને કે એ પ્રશ્નનું મૂળ નિમિત્ત જ પોતે બને.

➤ ક્યારેય કોઈનીય સમક્ષ નમતું જોખી ન શકે, નમ્ર અને સરળ ન થઈ શકે.

➤ ક્યારેય પણ બીજાને સમજી ન શકે, બીજાને અનુકૂળ થઈ ન શકે.

મોટામાં મોટું નુકસાન જો કોઈ હોય તો તે એ છે કે એને લીધે ભગવાન અને ગુણાતીત સંતનો અતિશય રાજીપો તો ન જ મળે, પરંતુ સામાન્ય રાજીપો પણ ન મળે; ઊલટાનો કુરાજીપો મળે. એમનો જો કુરાજીપો થાય તો કરેલી સેવા, ભક્તિ અને સાધના પર પાણી ફરી વળે. મછિયાવનાં ફઈબાએ કેટલી સેવા-ભક્તિ કરેલી ? પરંતુ મહારાજે સમજાવ્યાં છતાં પુત્રવધૂ સાથે મનમેળ ન કર્યો, પોતાની હઠ ન મૂકી તો મહારાજ ઉદાસ થઈ ગયા. એ ગામનું પાણી હરામ કર્યું. હઠીલા સ્વભાવને લીધે ફઈબાએ મહારાજનો સંબંધ તોડ્યો.

ભલે કદાચ એમનો કુરાજીપો ન મળે, પરંતુ જો એમનો રાજીપો કે અતિશય રાજીપો પ્રાપ્ત ન થાય તોપણ સાધકને કેટલું બધું નુકસાન થાય છે ? કારણ કે સાધનાની ફલશ્રુતિ જ એમનો રાજીપો છે. જો એમનો રાજીપો પ્રાપ્ત ન થાય તો સાધક ન તો યથાર્થ સાધના કરી શકે કે ન તો સાધનાનું સાચું પરિણામ પ્રાપ્ત કરી શકે. એમના રાજીપા વગર સાધક ગમે તેટલાં પ્રયાસ અને સાધનો કરે છતાં એની વાસના કે અવિદ્યા ટળી શકે તેમ નથી. જ્યાં સુધી એ ન ટળે ત્યાં સુધી એની મુક્તિ થતી નથી. અને ત્યાં સુધી એને જન્મ-મરણના આ ભવચક્રમાં ભટકવું પડે છે. પરિણામે, અનંત દુઃખો ભોગવવાં પડે છે. ભગવાનનાં દિવ્ય અને શાશ્વત સુખની પ્રાપ્તિ ન થાય. તેથી સાચા સાધકે આ હઠને જીવનમાં પ્રવેશવા જ ન દેવી જોઈએ, અને કદાચ પેસી ગઈ હોય તો તેનો તાત્કાલિક નિકાલ કરવો જોઈએ.

● હઠ ટાળવાના ઉપાયો

સાધકના જીવનમાં કોઈ પ્રકારની હઠ પ્રવેશે જ નહિ અથવા કદાચ હોય તોપણ તેનો નાશ થઈ જાય તે માટે નીચેના મુદ્દાઓને આત્મસાત્

કરવા જોઈએ.

➤ અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

➤ ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને અને દિવ્યભાવે સહિત યથાર્થ નિશ્ચય.

➤ એમનાં વચનોમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ.

➤ એમને અતિશય રાજી કરવાનો ખપ અને ઈશક.

➤ દાસભાવ કે સેવકભાવની દૃઢતા.

➤ સરળતા.

➤ પ્રાર્થના.

૧૩. બરોબરિયાપણું

સમૂહમાં રહી અધ્યાત્મસાધના કરનારા સાધકોમાં પરસ્પર બરોબરિયાપણું આવી જવાની શક્યતા વધુ રહે છે. બરોબરિયાપણું એટલે સમોવડિયાપણું અર્થાત્ બધા સરખે સરખા જ છે, સમાન જ છે એવી વૃત્તિ. બધા સમાન હોવાથી એકબીજાને પોતાના હરીફ કે પ્રતિસ્પર્ધી સમજવાની કે માનવાની એક પ્રકારની માનસિક વૃત્તિ. બરોબરિયાપણાનું મૂળ કારણ તો દેહાભિમાન, મિથ્યાભિમાન, અહંકાર કે માન જ છે.

● બરોબરિયાપણાથી નુકસાન

બરોબરિયાપણું સાધકની સાધનામાં ઘણી રીતે વિઘ્નરૂપ થઈને નુકસાન કરે છે. તેથી જ શ્રીજીમહારાજ **વચ. અં.૨૫**માં કહે છે : "માહોમાંહી બરોબરિયાપણું રહે પણ એકબીજાનો ભાર ન આવે એ પણ અતિશય ભૂંડું છે."

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "સત્સંગમાં બરોબરિયાપણું સમજવું નહિ ને બરોબરિયા થાવું નહિ ને બરોબરિયા સમજવા એ જ ખોટ છે."

(૨/૫૪)

મોટામાં મોટી ખોટ તો એ છે કે એનાથી ભગવાન અને સંત રાજી તો ન જ થાય, પરંતુ કુરાજી થાય. એમનો રાજીપો ગુમાવવો અને કુરાજીપો મેળવવો એ કેટલી મોટી ખોટ છે ? અમૃત ગુમાવીને ઝેર લેવા જેટલી.

અધ્યાત્મ-સાધના કરનારા સાધકોમાં આવી બરોબરિયાપણાની વૃત્તિ ઉદ્‌ભવે અને વૃદ્ધિ પામે તો વ્યક્તિગત રીતે પોતાને તો નુકસાન જ છે, પરંતુ સાથે સાથે સમૂહમાં રહેનારા સર્વેને અને જે સંસ્થાના નેજા નીચે સર્વે છે તે સંસ્થાને પણ ઘણું મોટું નુકસાન ભોગવવું પડે.

પરસ્પર બરોબરિયાપણાને લીધે,

➤ પરસ્પર ઈર્ષ્યા થવાથી એકબીજાનો કોઈ પણ પ્રકારનો ઉત્કર્ષ ન ખમાય. એકબીજાનું વિશેષ માન-સન્માન સહન ન થાય. બીજાનાં થતાં ઉત્કર્ષ કે સન્માનથી અંતરમાં ગમે નહિ, તે ઝાંખો પડી જાય, અંતરથી રાજી ન થાય.

➤ એકબીજાનો વાદ લેવાય, બીજાના જેવા જ હકની માંગણી થાય - 'એની જેમ મને કેમ નહિ ?' એવો વિચાર મનમાં આવે અને વાણી દ્વારા અભિવ્યક્ત પણ થાય.

➤ એકબીજાના ગુણોનો સ્વીકાર ન થાય, કદાચ અન્ય કોઈ કહે તો અસૂયાની વૃત્તિથી એના ગુણમાં કોઈક દોષ શોધી કાઢે અને આખા ગુણને દોષમાં ફેરવી નાખે.

➤ કદાચ એ ગુણ માટે એવું શક્ય ન બને તો બીજો કોઈ પણ દોષ શોધી કાઢે, એને જ વધારે પ્રકાશિત કરીને સામે વાળાની મહત્તામાં ગમે તેમ કરીને ઘટાડો કરે, એની ગૌણતા સિદ્ધ કરી બતાવે. ભગવાન અને સંત એના ગુણ ગાય છતાં એ ન ગમે, ન સ્વીકારે, ન માને. કદાચ આ બધું વાણી દ્વારા વ્યક્ત ન થાય તોપણ મનમાં તો આવી પ્રક્રિયા થયા જ કરે, મનમાં તો એ રાચ્યા જ કરે. તેથી એકબીજાનો અંતરમાં ભાર ન રહે.

➤ એકબીજા સમક્ષ નમતું ન જોખાય, મનનું ન મુકાય, હઠ ન છોડાય, સરળ ન થવાય.

➤ એકબીજાના દાસ કે સેવક થઈને ન વર્તાય.

➤ બરોબરિયા જ્યારે અપમાન કરે ત્યારે વધારે આઘાત લાગે, મનમાં વધારે ખળભળાટ મચી જાય.

➤ ભગવાન અને સંત ઓશિયાળા અને કુરાજી થાય.

આ રીતે પરસ્પર બરોબરિયાપણું રાખવાથી સાધકને પોતાને અને બીજાને પણ નુકસાન થાય છે. તેથી આ વૃત્તિનો ત્યાગ કરવો જરૂરી છે.

વસ્તુતઃ આપણી સાધના દાસ કે સેવક થવાની છે. દાસના દાસ થવાની છે, અરે ! ગુલામના પણ ગુલામ થવાની છે. અહીં સાચી સાધનામાં તો બરોબરિયાપણાને અવકાશ જ નથી. બીજા બધાને પોતાનાથી અધિક અને મોટા સમજવાના છે, પોતાને તો સર્વેથી ન્યૂન સમજવાના છે. બીજા સર્વેને અધિક માને અને પોતાને ન્યૂન માને એવા ભક્ત શ્રીજીમહારાજને બહુ જ ગમે છે. તેઓ આ હકીકત સમજાવતાં **વચ. અં.૨૬**માં કહે છે : "ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે અને ધર્મમાં દૃઢ રહ્યો હોય અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય અને આવી રીતનો પોતે હોય તોપણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ, એવો જે હોય તે અમને બહુ ગમે."

વળી, શ્રીજીમહારાજ **વચ. મ.૨૫**માં કહે છે : "ભગવાન જેવાં ઐશ્વર્ય આવે તોપણ કોઈ સાધુ સાથે પિતરાઈ દાવો કે બરોબરિયાપણું કરે નહિ ને સૌની ટેલ-ચાકરી કર્યા કરે, એના પર ભગવાન અતિશય રાજી થાય છે."

વળી, શ્રીજીમહારાજ ભક્તચિંતામણિમાં કહે છે :

દાસના દાસ થઈને, વળી જે રહે સતસંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.

(ભક્તચિંતામણિ : ૬૮/૧૦)

જે ભક્ત ભગવાનના બીજા ભક્તો સાથે બરોબરિયાપણું ન રાખે પણ એમનો ગુલામ થઈને જ રહે, 'એ સર્વે ભક્તો મોટા છે અને હું સર્વેથી ન્યૂન છું' એમ સમજે, તો તેના સર્વે વિકાર નાશ પામે અને તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક શુભ ગુણની વૃદ્ધિ થાય છે. એમ મહારાજે **વચ. પ્ર.૫૮**માં કહ્યું છે.

માટે સત્સંગમાં તો સર્વે નાના-મોટા સંતો-ભક્તો અનેક રીતે મોટા છે એમ સમજીને દરેકને માથાના મુગટ માનવા, દરેકનો મહિમા સમજીને એની ચરણરજ લેવી. એ જ સાચી સાધનાની સાચી દિશા છે.

યોગીજી મહારાજ વારે વારે કહેતા :

નાને સે હો નાના રહીએ, જેસી નાની દૂબ;
ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબકી દૂબ.

આમ, સત્સંગમાં કોઈનાય બરોબરિયા કે સમોવડિયા થવાને બદલે સૌથી નાના, સૌના દાસ થવાનું છે. એમાં જ સુખ અને શાંતિ છે. એમાં જ સાચી પ્રગતિ છે અને ભગવાન અને સંતનો રાજીપો છે.

જો ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય, ભગવાન અને સંત તથા એમના સંબંધવાળાનો મહિમા હોય, એમને રાજી કરવાનો ખપ હોય, અહંશૂન્યતા હોય, સરળ અને નમ્ર સ્વભાવ હોય તો બરોબરિયાપણું ન આવે અને દરેકના દાસ થઈને રહેવાય.

૧૪. કપટ

- **કપટનું તાત્પર્ય અને કપટીનું લક્ષણ ?**

કપટ એટલે છળ, પ્રપંચ. પોતાના સ્વભાવો, દોષો, દુર્ગુણો ઢાંકી રાખવા અને જેમની આગળ કહેવા જોઈએ તેમની આગળ પણ ન કહેવાય તો તે કપટ કહેવાય. શ્રીજીમહારાજ **વચ. લો.૫**માં કહે છે : ''પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય, તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો, ત્યારે તે નિષ્કપટ કહેવાય. અને એ માંહેલો સંકલ્પ થયો હોય ને તેને જે સંતની આગળ ન કહે તેને કપટી જાણવો.''

કપટનું કારણ માન છે. માનને લીધે સાધક નિષ્કપટ થઈ શકતો નથી અને પોતે વ્યવસ્થિત છે એવો દેખાવ કરે છે. કપટીનું કપટ કેવી રીતે ઓળખાય તે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે :

લો.૫ – ''એ તો એમ ઓળખાય જે, એનો સહવાસ હોય ને ખાધે-પીધે, બેઠતે-ઊઠતે, ચાલતે-હાલતે પોતા ભેળો રહેતો હોય ત્યારે પોતે તેની ખબર રાખે ને પોતાથી નોખો પડે ત્યારે પણ બીજા માણસ પાસે તેની છાની ખબર રખાવે, ત્યારે તેનું કપટ ઓળખ્યામાં આવે.''

લો.૧૬ – ''જેની બેઠ્યક-ઉઠ્યક તે જે સત્સંગનો દ્વેષી હોય ને સંતનું ને ભગવાનનું ઘસાતું બોલતો હોય તે પાસે હોય તેણે કરીને તે ઓળખાય,

...(એવાનો સંગ ન કરતો હોય તો) કોઈક દેશકાળનું વિષમપણું આવે ત્યારે એનું કપટ કળાઈ જાય."

વચ.વર.૫માં નાજા ભક્ત પ્રશ્ન પૂછે છે : "જેને પરિપૂર્ણ ભગવાનનો આશરો ન હોય ને બોલ્યામાં તો નક્કી હરિભક્ત હોય તેના જેવું જ નિશ્ચયનું બળ દેખાડતો હોય, તે શી રીતે કરીને કળ્યામાં આવે ?"

આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજ કહે છે : "ભગવાનના ભક્તનો સરસ-નરસ નિશ્ચય હોય તે તો ભેળા રહ્યા થકી અને ભેળો વ્યવહાર કર્યા થકી જેવો હોય તેવો કળાઈ આવે છે. પછી જેને થોડો નિશ્ચય હોય તે કચવાઈને સત્સંગના ભીડામાંથી માગ દઈને એકાંત પકડીને જેવું થાય તેવું ભજન કરે, પણ હરિભક્તની ભીંસણમાં રહેવાય નહિ."

- **કપટ રાખવાથી અર્થાત્ નિષ્કપટ ન થવાથી નુકસાન**

કપટ રાખવાથી આસુરી બુદ્ધિ થઈ જાય છે (**વચ. પ્ર.૩૫**) તેમ જ જે કપટ રાખે તેવા ભક્ત સાથે મહારાજને બનતું નથી (**વચ. પ્ર.૭૬**). તેઓ **વચ. અં.૨૫**માં કહે છે : "જે કપટ રાખે પણ પોતાના મનના જે સંકલ્પ તે જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ, તે ન ગમે."

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "નિષ્કપટતારૂપી અમૃતમાં કપટરૂપી ઝેર મળે તો બધું ઝેર થઈ જાય." *(પૂર : ૧૫, તરંગ : ૧૧)*

◆ "હરિભક્ત થઈને લોકોને દેખાડવા ઉપરથી ધર્મ રાખે પણ પાપને માર્ગે છાની રીતે પ્રવર્તે તેને મર્યા પછી અપાર દુઃખ સહન કરવું પડે છે."

(પૂર : ૧૫, તરંગ : ૮૧)

◆ "સંતનો વેશ ધરીને અંતરમાં જેટલું કપટ રાખે છે તેવું ફળ થાય છે. શાહુકારનો વેશ ધરીને ચોરીનું કામ કરે તો તેવું ફળ મળે છે."

(પૂર : ૧૮, તરંગ : ૧૪)

◆ "અંતરમાં કપટ હોય તેને હરિભક્ત કહેવાય નહિ."

(પૂર : ૧૯, તરંગ : ૧૮)

આધારાનંદ સ્વામી આ ગ્રંથમાં કહે છે :

◆ "નિષ્કપટ સત્સંગ કરે તે જ તરે છે. ભગવાન આગળ કપટ ચાલતું

નથી. સત્સંગથી ફાવે તેવા જનો સુધરે છે, પણ કપટી સુધરી શકતો નથી.''

(પૂર : ૧૬, તરંગ : ૫૮)

◆ ''ઉપરથી ને અંતરથી જુદા હોય તેવા કપટી શ્રીહરિના ચોર છે. ગમે તેટલો સત્સંગ રાખે, જ્ઞાન બતાવે, નિયમ-ધર્મ રાખે, પણ જેટલું કપટ એટલો કળિ કહેવાય. કળિનો સ્વભાવ એવો છે કે પરસ્પર દાવ બંધાવે અને વિના લેણદેણે કુસંપ કરાવે. અવિશ્વાસી બનાવે.'' *(પૂર : ૧૮, તરંગ : ૫૧)*

◆ ''કપટી લોકો સત્સંગમાં રહે તો સત્સંગી કરતાં પણ અધિક વર્તન રાખે છે. તેનું અધિક વર્તન દેખીને વિશ્વાસી જનો તેને અધિક માને છે. તે નિષ્કપટી સંતનું અપમાન કરી બેસે છે, તેનું અપાર પાપ લાગે છે ને કપટી અંતે વિમુખ થઈ જાય છે. સત્સંગનો અધિક દ્રોહ કરે છે.''

(પૂર : ૨૨, તરંગ : ૪૨)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''કોઈથી ન થાય તો હાથ જોડવા, પણ જાણીને કપટ કરે તે બહુ ભૂંડું કહેવાય.'' *(૧૩/૨૧૫)*

યોગીજી મહારાજ કહે છે :

◆ ''સમાગમ નિરંતર કરીએ છીએ પણ નિષ્કપટ ન થઈએ તો દિવ્યભાવ ન આવે. સર્પ ચંદનના લાકડાને વીંટાય છે, પણ મોં દૂર રાખે છે. માટે મોટા સંત સાથે કપટ ન રાખવું.''

વળી, ભગવાન અને ગુણાતીત સંત આગળ જો ભક્ત કપટ રાખે અર્થાત્ નિષ્કપટ ન થાય તો -

➤ હળવાશ, શાંતિનો અનુભવ ન થાય. ભલે બીજા કોઈ નથી જાણતા પણ પોતે તો પોતાની ભૂલો જાણે જ છે ને ? એનાથી એનું અંતર સંતપ્ત અને દગ્ધ રહ્યા કરે. સત્સંગમાં એને સુખ ન આવે. પોતે મોટાપુરુષની સાથે જ હોય, તેઓ પણ અનેક પ્રકારે સુખ એને આપે, છતાં એમનું એને કોઈ રીતે, કોઈ પ્રકારે સુખ ન આવે. ભેગો છતાં અંતરાયને લીધે દૂર છે.

➤ ભૂલો કોઠે પડી જાય. રીઢા ગુનેગાર જેવો થઈ જાય. ભૂલો વારંવાર થાય છતાં અંતરમાં જરા પણ ડંખ કે ક્ષોભ ન થાય. પોતાની જાતને, ભગવાન અને સંતને વધારે ને વધારે છેતરતો રહે.

➤ ભગવાન અને સંતને એ સાધકમાં વિશ્વાસ ન આવે.

➤ ભગવાન અને સંત સાથે હેતમાં ઘટાડો થાય. હેત ધીરે ધીરે ઓછું થતું જાય.

➤ તેમને એના નિમિત્તે ઓશિયાળા થવું પડે. જેમ છે તેમ એને નિધડક કહી ન શકે.

➤ એમને અતિશય રાજી ન કરી શકે. ક્યારેક તો રાજી કરવાને બદલે કુરાજી પણ કરી બેસે.

➤ જો દરદી નિષ્કપટ થઈને પોતાનો જે રોગ છે તે વિષે જેમ છે તેમ ન કહે અને કાંઈક પણ કપટ રાખે તો સ્વાભાવિક છે કે એનો એ રોગ ન મટે. એવી જ રીતે ભક્ત જો પોતાના દોષો કે પોતે જે ભૂલો કરી છે તે ભગવાન અને સંત પાસે ન કહે તો બીજાં ગમે તેવાં અને ગમે તેટલાં સાધનો કરે છતાં એના એ દોષો ક્યારેય ન ટળે. એ બ્રહ્મરૂપ ન થાય.

આ રીતે ભગવાન અને સંત સાથે કપટ રાખવામાં સાધકને પોતાને અનેક પ્રકારે નુકસાન થાય છે.

● કપટ ન રાખવાથી અર્થાત્ નિષ્કપટ થવાથી લાભ

સાધક જો ભગવાન અને ગુણાતીત સંત આગળ યથાર્થ રીતે નિષ્કપટ થાય અર્થાત્ પોતાના જે દોષો છે અને પોતે જે ભૂલો કરી છે તે જેમ છે તેમ યથાર્થ રીતે જરા પણ છુપાવ્યા વગર કે કપટ રાખ્યા વગર કહી દે તો સાધકને પોતાને જ અનેક પ્રકારના લાભ થાય છે. મહારાજ વચનામૃતમાં કહે છે :

➤ મન, કર્મ, વચને નિષ્કપટપણે જો સત્સંગ કરે તો ઘાટની નિવૃત્તિ થઈ જાય. મલિન ઘાટ નાશ થાય છે (**વચ. પ્ર.૩૦**).

➤ નિષ્કપટ ભાવે કરીને ભગવાનનાં ચરણકમળને ભજે છે ત્યારે તેની માયિક દૃષ્ટિ મટે છે (**વચ. પં.૭**).

➤ નિષ્કપટ ભાવે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરે તો એમનું માહાત્મ્ય છે એમ જાણવું (**વચ. અં.૧૪**).

વળી, શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "નિષ્કપટની સાથે મારે પ્રીતિ ટકે છે." *(પૂર : ૩, તરંગ : ૬૦)*

◆ "સત્સંગમાં જે લાભ છે તે કપટ તજે તેને જ છે એમ જાણવું. નિષ્કપટી થયા વિના સત્સંગનો રંગ ચઢે નહિ." *(પૂર : ૧૨, તરંગ : ૩૫)*

◆ "નિષ્કપટ થાય છે તેને અમે પરમહંસ માનીએ છીએ."

(પૂર : ૧૭, તરંગ : ૧૦)

◆ "જેવા બહાર હોય તેવા અંદરથી વર્તે તો સાચો વેશ કહેવાય. એમ સમજી સત્સંગ કરે તેને તે ફળીભૂત થાય છે." *(પૂર : ૧૮, તરંગ : ૧૪)*

◆ "નિષ્કપટી હરિભક્તનો પાયો જ સત્સંગમાં પાકો છે."

(પૂર : ૧૯, તરંગ : ૧૮)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "મોટાને મન સોંપે તો કોઈ જાતનો દોષ રહે નહિ. પણ એમ ક્યાં નિષ્કપટ થઈને મોટાને પોતાના દોષ કહેવાય છે જે, આટલો મારે કામ છે, કે લોભ છે, કે સ્વાદ છે, કે સ્નેહ છે, કે માન છે ને આટલું દેહાભિમાન છે, એમ ચોખ્ખું નિષ્કપટ થઈને કે'દી કહેવાય છે ? જેમ છે તેમ કે'વા માંડે તો કોઈ સ્વભાવ રહે જ નહિ." *(૧૩/૨૨૩)*

વળી, જો સાધક ભગવાન અને સંત આગળ યથાર્થપણે નિષ્કપટ થઈ જાય તો –

➤ હળવા થઈ જવાય. મનમાં, અંતરમાં બોજો ન રહે, શાંતિ થઈ જાય, બળ મળી જાય, હિંમત આવી જાય. પછી ભગવાન અને સંતનું સુખ આવે. બંને વચ્ચેનો અંતરાય ઓછો થતો જાય. અંતે સંપૂર્ણ અંતરાય ટળી જાય તો ગમે ત્યાં હોય છતાં એમનું સુખ આવ્યા કરે.

➤ દોષો, ભૂલોનું જાણપણું રહે. ફરી ભૂલ ન થઈ જાય તે માટે સાવધાની અને બીક રહે. કદાચ પુનઃ ભૂલ થઈ જાય તોપણ અંતરમાં ડંખે, એટલે બળતરા થાય, પશ્ચાત્તાપ થાય.

➤ ભગવાન અને સંતને તેના પર વિશ્વાસ આવે.

➤ ભગવાન અને સંત સાથે હેતમાં વધારો થાય. ધીરે ધીરે વધુ ને વધુ હેત દૃઢ થતું જાય.

➤ તેમને ક્યારેય ઓશિયાળા ન થવું પડે. જેમ છે તેમ અને નિર્ભયતાથી નિધડકપણે કહી શકે.

➤ તેઓનો અતિશય રાજીપો પ્રાપ્ત થાય. એમની કૃપાદૃષ્ટિ થઈ જાય.

➤ એના સ્વભાવ, દોષો ટળી જાય. બ્રહ્મરૂપ થઈ જાય.

આ રીતે નિષ્કપટ થવામાં સાધકને પોતાને જ અનેક પ્રકારના લાભ

થાય છે. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સખી કપટ કુડને કાઢી કરી, સાચે મને રે, સખી કરજે સનેહ કે... માન.

- **કપટ ટાળવાના અર્થાત્ નિષ્કપટ થવાના ઉપાયો**

ભગવાન અને સંત સાથે નિષ્કપટ થવામાં નીચેના મુદ્દા ઉપયોગી થઈ શકે તેમ છે.

➤ સામાન્ય રીતે જેટલો ખપ અને વિશ્વાસ વધારે જાગે, તેટલા વધારે નિષ્કપટ થવાય.

➤ પોતાના દોષો પ્રત્યે શત્રુભાવ થાય, એ ટાળવાની અંતરથી ઝંખના જાગે, તે ટાળ્યા વગર રહી શકાય નહિ, તે માટે અંતરથી આર્તનાદ અને પ્રાર્થના થાય, આ દોષો ટાળવા માટે ભગવાન અને સંત આગળ નિષ્કપટ થયા વગર છૂટકો જ નથી એમ સમજાય અને મનાય તો નિષ્કપટ થવાય.

➤ ભગવાન અને સંત સાથે અંતરાય રહિતનું અતિશય દૃઢ હેત-જોડાણ થાય, એમને પોતાનું મન સુપરત થાય તો નિષ્કપટ થવાય.

➤ એમને અતિશય રાજી કરવા જ છે, એમને રાજી કરવામાં જ અતિશય લાભ છે, અને નિષ્કપટ થવાથી રાજીપો પ્રાપ્ત થાય છે એમ સમજાય તો નિષ્કપટ થવાય.

➤ એમના સામર્થ્યમાં અને એમનાં વચનમાં વિશ્વાસ આવે કે 'એમની પાસે નિષ્કપટ થવાથી તેઓ મને શુદ્ધ કરશે જ, નિર્દોષ કરશે જ. તેઓ એમ કરી શકે તેમ છે' - આવું મનાય તો નિષ્કપટ થવાય.

➤ નિષ્કપટ થવામાં અંતરાયરૂપ 'માન'નો ત્યાગ થાય તો નિષ્કપટ થવાય.

➤ એમને સર્વજ્ઞ, અંતર્યામી સમજાય, મનાય તો નિષ્કપટ થવાય.

તનકી જાને મનકી જાને, જાને ચિત્તકી ચોરી;
ઈસકે આગે ક્યા છુપાવે, જિસકે હાથમેં દોરી.
હરિકે આગે કહાં દુરાઈ, મન અપને કી ઘાત;
હરિ તો સબ જાનત હૈ, રોમ રોમકી બાત.
પાપપુણ્ય છુપ છુપ કરો, સોવત કરો કે જાગ;
તુલસી કબ લગ છુપ રહે, ઘાસ ઘુસાઈ આગ.

૧૫. દંભ

• દંભનું તાત્પર્ય અને દંભીની ઓળખાણ

દંભનું કારણ પણ માન છે. દંભનું લક્ષણ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૨૬**માં કહે છે : "તે દંભ શું ? તો પોતાના હૃદયમાં ભગવાનનો નિશ્ચય, ભક્તિ અને ધર્મ તે થોડાં હોય ને બીજા આગળ પોતાની મોટ્યપ વધાર્યા સારુ ઉપરથી તો તેને બહુ જણાવે."

આ રીતે કપટ અને દંભમાં સૂક્ષ્મ ભેદ છે. કપટ એટલે પોતાના દોષ ઢાંકી રાખવા અને જેને કહેવા યોગ્ય હોય તેવા ભગવાન અને સંતને ન કહેવા, જ્યારે દંભ એટલે ગુણ થોડા હોય તો વધુ બતાવવા અથવા તો ન હોય તોપણ બતાવવા.

દંભ તો ભગવાન સાથેની એક પ્રકારની છેતરપિંડી, ઠગાઈ, શઠતા કે અપ્રામાણિકતા છે. શ્રીજીમહારાજ **વચ. લો.પ**માં પ્રશ્ન પૂછે છે : "દંભે કરીને વર્તમાન પાળે ને દંભે કરીને ભગવાનનો નિશ્ચય રાખતો હોય ને તે પોતે બુદ્ધિવાળો હોય ને માની હોય, તે પોતાના વર્તમાનને ને પોતાના નિશ્ચયને બીજાના સાચા વર્તમાન ને નિશ્ચય તેની આગળ અધિક કરી દેખાડતો હોય, ત્યારે તેને એમ કેમ કળીએ જે એનો દંભે કરીને વર્તમાન ને નિશ્ચય છે ?"

આ પ્રશ્નનો ઉત્તર પોતે જ આપતાં કહે છે : "એની પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ કળાય, નહિ તો ન કળાય."

• દંભથી નુકસાન

દંભે કરીને જે કોઈ ભક્તિ આદિક સાધન કરતો હોય તેના પર શ્રીજી-મહારાજનો રાજીપો નથી. તેમને તેવો ભક્ત પણ ગમતો નથી, પરંતુ જે નિર્દંભપણે ભક્તિ આદિક સાધન કરે છે તેવો ભક્ત જ ગમે છે. તેઓ જણાવે છે :

મ.૩૯ – "જે કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, 'આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી,' તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ્ય પણ ન થાય, ને જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને

દેખીને જ મન રાજી થાય ને તેની સાથે જ સુવાણ્ય થાય."

અં.૨૯ – "દંભ ન ગમે."

અં.૩૦ – "એવા જે ભગવાન તેને અર્થે જે તપને કરતો હોય તથા યોગને સાધતો હોય તથા પંચ વિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય ઇત્યાદિક જે જે સાધન તે ભગવાનની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તે ગમે. અને એવાને દેખીને અમારું મન રાજી થાય છે જે, 'એને શાબાશ છે જે એ આવી રીતે વર્તે છે."

વળી, શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "સત્સંગમાં દંભથી ચાલે તે પાર ન પડે, અને અતિ દંભી હોય તે વિમુખ થઈને સત્સંગની દેશી કાઢે, અને સત્સંગની વાત શીખીને વિમુખ જીવને ધૂતે. એમ સત્સંગ તજીને જે સત્સંગનો દ્રોહ કરે તે કૃતઘ્નીમાં કૃતઘ્ની, ચંડાળમાં ચંડાળ અને નીચમાં નીચ છે." *(પૂર : ૯, તરંગ : ૪૪)*

◆ "ગમે તેટલો ધર્મ પાળે પણ જો લોકને દેખાડવા માટે હોય તો અંતે તે વિમુખની ગતિને પામે છે. શ્રીહરિ તેને સહાય કરે નહિ. પણ નિર્દંભપણે વાત કરે તથા હરિનાં ગ્રહણ કરવા યોગ્ય જે વચન તેને નિર્દંભ થઈને પાળે તેનું નામ સત્સંગ છે. સત્સંગ વિના સત્સંગ ઓળખાય નહિ. લોક ઠગવા ધર્મનો વેષ ઉપરથી ધારે અને અંતરમાં ધર્મનો દ્વેષ રાખતો હોય તે જમપુરીનો અધિકારી છે. પોતપોતાને જે પાપી સમજે અને નિર્દંભપણે સત્સંગને સત્ય માની વખાણ કરે... તેનો અંતે ઉદ્ધાર થાય છે."

(પૂર : ૧૦, તરંગ : ૧૫)

◆ "ઉપરથી રાખેલી સાધુતા કામ ન આવે. ઉપરથી અને અંદરથી બન્ને પ્રકારની જોઈએ. દંભી તો અધોગતિને જ પામે." *(પૂર : ૧૦, તરંગ : ૨૩)*

◆ "અમે કહ્યા પ્રમાણે સમજે અને નિર્દંભ રહે તે અમારા ધામમાં જાય છે. દંભીનું કલ્યાણ થતું નથી. દંભ ન રહે તે માટે અમે વારંવાર વર્તન બદલીએ છીએ." *(પૂર : ૧૫, તરંગ : ૭૨)*

◆ "અમને પ્રસન્ન કરવા દિલ ચોર્યા વિના જે કાંઈ કરે છે, તેના ઉપર પ્રસન્ન થઈએ છીએ. જાતિ-કુજાતિ જોતા નથી. દિલચોર હોય તેને કનિષ્ઠ માનીએ છીએ. સત્સંગ કરવામાં જેટલું દિલ ચોરાય છે તેટલી અમારે હેતમાં કસર રહે છે. નિર્દંભ આચરણ અમને ગમે છે." *(પૂર : ૧૭, તરંગ : ૩૨)*

આધારાનંદ સ્વામી આ જ ગ્રંથમાં કહે છે :

◆ "નિર્દંભીની હરિ સહાય કરે છે અને દંભીનું બળ ભંગ કરે છે."

(પૂર : ૯, તરંગ : ૪૫)

◆ "દંભથી સત્સંગ કરે તે ટકે નહિ." *(પૂર : ૧૪, તરંગ : ૧૯)*

◆ "મોક્ષની વાત દંભ હોય ત્યાં હોય નહિ." *(પૂર : ૧૪, તરંગ : ૨૯)*

◆ "દરેક વાતમાં શ્રીહરિ નિર્દંભપણાનું પ્રતિપાદન કરતા. દંભીનો શ્રીહરિનો મળની પેઠે ત્યાગ કરતા અને કહેતા કે સંત-હરિભક્તને દિવસે દિવસે અધિક ગરજુ થવું અને દંભનો ત્યાગ કરવો એ જ સત્સંગ કરવાનું ફળ છે. ગરજુનો સત્સંગ શોભે છે. અને શુક્લ પક્ષના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે છે."

(પૂર : ૧૭, તરંગ : ૨૫)

◆ "જેટલો અધર્મ હોય તેટલો દંભ રહે છે. ઉપરથી રાખેલા ધર્મનો અંતે નાશ થાય છે. ઉપર અને બહાર એક રીતે વર્તે તે સાચા સંત અને હરિભક્ત છે." *(પૂર : ૧૭, તરંગ : ૨૯)*

◆ "દંભ કરીને જે પોતાને જ્ઞાની કહે છે અને નરનારીઓને ઠગે છે તે કોટિ કલ્પ સુધી જમપુરીમાં રહીને અપાર દુઃખને સહન કરે છે. શ્રીહરિ તો તે કર્મના ફળ પ્રદાતા છે. તેમનામાં અવિવેકનો સંભવ હોય નહિ."

(પૂર : ૧૮, તરંગ : ૫૩)

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સખી ઉપરને રંગે રાચે નહિ, દંભ દેખી રે, રહે દયાળુ દૂર કે ...ભૂધર.
સખી પ્રપંચે પિયુ ન પામીએ, સાચે દિલે રે, હરિ રહે છે હજુર કે ...ભૂધર.

દંભી ભક્ત તો શણગારેલાં મડદાં જેવો છે. એની ભક્તિમાં ચૈતન્યની શક્તિ નથી. આવી ભક્તિથી ભગવાન રાજી ન થાય. એનાથી તો ભગવાન દૂર જ રહે.

ભલેને આવો દંભી ભક્ત ભગવાન, સંત કે બીજાને છેતરે પણ પોતાની જાતને કેવી રીતે છેતરી શકવાનો છે ? માટે સાધકે દંભ ટાળીને અર્થાત્ નિર્દંભપણે અને પ્રામાણિકતાથી સાધના કરવી જોઈએ તો જ તેને સાધનાની સાચી ફલશ્રુતિ પ્રાપ્ત થાય.

ભગવાન અને સંતને રાજી કરવાનો ઇશક હોય તો દંભ ટાળવાનો વિચાર અને પ્રયત્ન થાય. વળી, એમને સર્વજ્ઞ અને સર્વાંતર્યામી મનાય તો

દંભ ટળે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સખી દંભપણું ન દેખાડીએ, અંતરની રે, જાણે જીવન પ્રાણ કે ...માન.

૧૬. ગુરુતાગ્રંથિ

'હું સર્વશ્રેષ્ઠ છું, હું કંઈક છું, મને બધું જ આવડે છે, હું બધું જ કરી શકું છું,' આવા 'હું' સભર વિચારો કે વચનો ગુરુતાગ્રંથિનો નિર્દેશ કરે છે. જેને અંગ્રેજીમાં superiority complex કહેવામાં આવે છે. ગુરુતાગ્રંથિનું મૂળ કારણ પણ માન, અભિમાન, દેહાભિમાન કે મિથ્યાભિમાન છે. હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું, કે ધનાઢ્ય છું, કે હું રૂપવાન છું કે હું પંડિત છું આવાં અનેક પ્રકારનાં માન છે (**વચ. અં.૧૨**). જેમાંથી આ ગુરુતાગ્રંથિ ઉદ્ભવે છે. ગુરુતાગ્રંથિ સાધકની સાચી દિશામાં સાચી પ્રગતિમાં ઘણી રુકાવટ કરે છે, વિઘ્ન નાખે છે, વિક્ષેપ કરે છે અને ક્યારેક તો સાધકને ફંટાવે છે, પથભ્રષ્ટ કરે છે.

આવી ગુરુતાગ્રંથિવાળી વ્યક્તિ પોતાની બુદ્ધિ, શક્તિ અને સાધનો ઉપર જ વધુ પડતો વિશ્વાસ (Over confidence) રાખે છે. તેને પોતાની બુદ્ધિ, શક્તિ કે સાધનોનું અહં હોય છે. તે પોતે પોતાનાં માની લીધેલાં ડહાપણથી સાધનામાં આગળ વધવા ઇચ્છે છે. તે કયારેય સાચા અર્થમાં અંતરથી ભગવાન અને ગુણાતીત સંતની શરણાગતિ સ્વીકારી શકતો નથી. પોતાના બાહુબળે જ દોષો ટાળવા, બ્રહ્મરૂપ થવા, ભવસાગર તરવા અર્થાત્ આત્યંતિક કલ્યાણ કરવા ઇચ્છે છે અને પ્રયત્ન કરે છે. વસ્તુતઃ જીવ ગમે તેટલો પ્રયત્ન કરે છતાં પોતાના બાહુબળે ભવસાગર તરી શકે તેમ નથી. તેમ છતાં પોતાના બાહુબળે ભવસાગર તરવાની ઇચ્છા કરનાર માટે શ્રીજીમહારાજ **વચ. પ્ર.૩૭**માં કહે છે :

"એવી નિષ્ઠા વિનાના જે જીવ છે તે પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છે છે, પણ એવા પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છતા નથી. એવા જે જડમતિવાળા પુરુષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઇચ્છે તેવા મૂર્ખ છે."

તેથી જ તો જે કેવળ પોતાના પુરુષાર્થનું બળ રાખે તેનો સંગ

કરવાની શ્રીજીમહારાજ **વચ. લો.૬**માં ઘસીને ના પાડે છે : "જે સંત કેવળ પોતાના પુરુષાર્થને જ અધિક કહેતો હોય અને પુરુષાર્થે કરીને જ પોતાને કૃતાર્થ માનતો હોય પણ ભગવાનનું બળ ન રાખે અને એમ ન સમજે જે, 'આ સાધને કરીને ભગવાનને રાજી કરવા છે.' તો તેનો પણ ત્યાગ કરવો."

વળી, ગુરુતાગ્રંથિવાળો સાધક ક્યારેય પોતાની સાધનામાં ખામી, ભૂલ શોધી શકતો નથી. તેને હંમેશાં એવું જ રહ્યા કરે છે કે હું જ્યારે, જે કાંઈ, જે રીતે કરું છું તે બરાબર જ છે, વ્યવસ્થિત જ છે. તેને અંતર્દૃષ્ટિ ક્યારેય થાય નહિ. તેથી તેને પોતાની ભૂલ દેખાય નહિ અને ભૂલ સુધારવાનો પ્રયત્ન પણ થાય નહિ. તે ક્યારેય બીજા પાસેથી કંઈક નવું શીખી શકતો નથી. કોઈની પાસેથી કંઈક નવીન પ્રેરણા મેળવવાની કે કંઈક શીખવાની તેની વૃત્તિ જ હોતી નથી. કારણ કે બીજા બધા કરતાં પોતાને જ 'શ્રેષ્ઠ' માને છે (**વચ. પ્ર.૨૮**). અહંકાર અને માનને વશ થઈને અટંટ રહેવાય છે, પરંતુ કોઈની સામે નમી શકાતું નથી (**વચ. પ્ર.૫૬**). તેથી આ વૃત્તિ સાધનામાં ઘણી વિઘ્નકારક છે.

માટે અધ્યાત્મ-સાધનામાં 'ગુરુતાગ્રંથિ'નો ત્યાગ કરવો જરૂરી છે. ભગવાન અને સંતનો અસાધારણ મહિમા સમજાય તો તેમની તુલનામાં આપણે કંઈ જ નથી એવો અહેસાસ થાય અને ગુરુતાગ્રંથિ તૂટે.

૧૭. લઘુતાગ્રંથિ

લઘુતાગ્રંથિ એ ગુરુતાગ્રંથિથી તદ્દન વિરુદ્ધ મનોદશા છે. 'હું કંઈ જ નહિ કરી શકું, મારાથી આ કાર્ય સિદ્ધ નહિ થાય, મને તે ન ફાવે, મને એ ન આવડે, આ મારે માટે અશક્ય છે, મારામાં એ કાર્ય સિદ્ધ કરવાની શક્તિ, બુદ્ધિ કે આવડત નથી.' મનના આવા નકારાત્મક, મોળા અને કાયરતાના વિચારો અને તેને લીધે બોલાતાં એવાં વચનો લઘુતાગ્રંથિનો નિર્દેશ કરે છે. અંગ્રેજીમાં તેને Inferiority complex કહે છે. સૂક્ષ્મતાથી વિચારીએ તો લઘુતાગ્રંથિનું મૂળ કારણ તો માન છે. 'હું શરૂ કરીશ અને કદાચ નિષ્ફળ જઈશ તો લોકો મારા વિષે શું ધારશે ? હું સૌની નજરમાં ન્યૂન ગણાઈશ.' 'તેના કરતાં તો મને ન આવડે, ન ફાવે,' એમ મન મનાવીને અથવા તો

એમ કહીને શરૂ જ ન કરવું, એ પણ એક પ્રકારનું માન જ છે. લઘુતાગ્રંથિ સાધકને આગળ વધતાં રોકે છે, પાછો પાડે છે, પથભ્રષ્ટ કરે છે. વસ્તુતઃ તે કંઈ કરવાની, કંઈક શરૂ કરવાની જ ના પાડે છે. કદાચ સાહસ કરીને કંઈક કરવાની શરૂઆત કરી હોય પણ કંઈક વિઘ્ન આવે કે કંઈક નિષ્ફળતા મળે એટલે તુરત જ એ કાર્ય પડતું મુકાવે છે. મનુષ્યમાત્રને કોઈપણ કાર્યમાં મળતી નિષ્ફળતાનાં ઘણાં કારણોમાંનું એક મુખ્ય કારણ આ લઘુતાગ્રંથિ છે. લઘુતાગ્રંથિનાં મુખ્ય કારણોમાં નકારાત્મક મનોવલણ છે. તદુપરાંત ઇચ્છાશક્તિ, સાહસવૃત્તિ, શ્રદ્ધા, ધીરજ, હિંમત, ભગવાન અને સંતનાં કર્તૃત્વ, કરુણા અને વાત્સલ્યમાં વિશ્વાસનો અભાવ છે. મોળી વાત કરનારનો સંગ પણ વ્યક્તિને લઘુતાગ્રંથિમાં અવશ્ય ધકેલી દે છે. તેથી જ તો શ્રીજીમહારાજે **વચ. પ્ર.૧૭** અને **લો.૬**માં હિંમત વગરની મોળી વાત કરનારનો સંગ કરવાની ના પાડી છે.

લઘુતાગ્રંથિ દૂર કરવા માટે નીચે પ્રમાણે ઉપાયો કરવા જોઈએ.

➤ હકારાત્મક મનોવલણ કેળવવું.

➤ આત્મશકિતનો વિચાર–આત્મામાં અનંત શક્તિ, સામર્થ્ય રહેલું છે તો તે ધારે તે કરી શકે. (**વચ. પ્ર.૫૫**)

➤ આત્મવિશ્વાસ (Self confidence) મારાથી થઈ શકશે અર્થાત્ હું કરી શકીશ જ એવો દૃઢ વિશ્વાસ.

➤ ભગવાન અને ગુણાતીત સંતની અદ્ભુત શક્તિનો વિચાર–સર્વે સામર્થ્યયુક્ત ભગવાન અને સંત મારી સાથે છે, મને બુદ્ધિ, શક્તિ, પ્રેરણા આપનાર તેઓ જ છે. તેમનાં બળે અને પ્રતાપે શું ન થાય ?

➤ લૌકિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં સામાન્ય લોકોએ વિકટ સંજોગોમાં અસાધારણ સિદ્ધિ કે સફળતા પ્રાપ્ત કરી હોય તેવા પ્રસંગોનું મનન-ચિંતન.

➤ પોતે પણ આજ સુધી જે કંઈ કરી શક્યા હોય તેનો વિચાર કરવો. પછી વિચારવું કે જો એ થઈ શકતું હોય તો આ પણ થઈ શકે.

➤ હકારાત્મક મનોવલણવાળી તથા હિંમત અને બળભરી વાતો કરનારા વ્યક્તિનો સંગ રાખવો અને આવા બળિયા વિચારોને પુષ્ટ કરે એવાં પુસ્તકોનું વાંચન કરવું.

૧૮. આળસ-પ્રમાદ

● આળસ-પ્રમાદનું તાત્પર્ય

આળસ-પ્રમાદનાં સ્થૂળ અને સૂક્ષ્મ વિવિધ રૂપો છે. જેમ કે,

➤ કંઈ પણ કરવાનું મન જ ન થાય, પડ્યા રહેવાનું જ મન થાય. તેથી કંઈ જ ન કરીએ. આ આળસનું મુખ્ય અને સ્થૂળરૂપ છે.

➤ આ વર્ષે નહિ પણ આવતા વર્ષે, આ મહિને નહિ પણ આવતા મહિને, આ અઠવાડિયે નહિ પણ આવતા અઠવાડિયે, આજે નહિ પણ આવતી કાલે, હમણાં નહિ પણ પછી, આ પ્રકારની માનસિક ઠેલઠેલાવૃત્તિ અને તદનુસાર વર્તન એ પણ આળસ છે.

➤ 'થાય છે', 'શી ઉતાવળ છે' - આવી માનસિક વૃત્તિ તે આળસ (**વચ. લો.૬**). જ્યારે, જ્યાં, જે કામ, જે રીતે અને જેટલા સમયમાં કરવું જોઈએ તે ન થાય તે આળસ છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "સમો આવે અને ક્રિયા ન કરે તેને આળસુ કહેવાય." *(૧૩/૧૭૪)*

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે એક દિવસ પછી કરવાનું મન થાય તે તો આળસ છે જ, પરંતુ એક કલાક, એક મિનિટ કે એક સેકન્ડ પછી કરવાનું મન થાય તો તે પણ આળસ જ છે.

➤ જે કાંઈ કાર્ય થાય તે ઝડપથી ન થાય, પરંતુ ધીમે ધીમે થયા કરે તે પણ આળસ જ છે. સાધક પ્રયત્નશીલ અને કાર્યમાં વ્યસ્ત હોય તેવું લાગે, પરંતુ પોતાની સંપૂર્ણ ક્ષમતા કે કાર્યશક્તિને જોડ્યા વગર મંદગતિથી કાર્ય કર્યા કરે તો તે પણ એક પ્રકારની આળસ છે. જે કામ યોગ્ય ગુણવત્તા સાથે એક કલાકમાં પૂરું થવું જોઈએ તે જ કામ એટલી જ ગુણવત્તા સાથે પૂરું કરવામાં જો સવા કલાક લાગે તો તે આળસ જ છે. કાર્યમાં પંદર મિનિટ વધી તે આળસનું પરિણામ છે.

➤ કોઈપણ કાર્યમાં ગાફલાઈ, બેદરકારી, અનિયમિતતા, અવ્યવસ્થિતપણું રહે તે પણ એક પ્રકારની આળસ જ છે અથવા તો આળસનું જ પરિણામ છે.

➤ જે વખતે જે કરવાનું છે તે ન થાય અને જે નથી કરવાનું એવું

કંઈક બીજું જ થાય તે પણ પ્રમાદ છે. ફાયદાકારક પ્રવૃત્તિને બદલે બિનજરૂરી, બિનઉપયોગી, ફાયદા વગરની કે નુકસાનકારક પ્રવૃત્તિ થાય તે પ્રમાદ છે.

- **આળસ-પ્રમાદથી નુકસાન**

આળસ અને પ્રમાદથી થતાં નુકસાનનો નિર્દેશ કરતાં મહારાજ કહે છે :

➤ હરિભક્તોને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે (**વચ. પ્ર.૨૦**).

➤ પ્રમાદ એક પ્રકારનો શત્રુ જ છે (**વચ. સા.૧૪**).

➤ જે પ્રમાદી હોય તે વધે નહિ (**વચ. કા.૩**).

શ્રીજીમહારાજ પ્રમાદ વિષે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "ભજન, સ્મરણ, માળા, પૂજન, વંદન, દુઃખી પ્રમાદીથી બને નહિ, પ્રમાદીનું કોઈ પણ કામ ક્લેશ વિનાનું હોય નહિ." *(પૂર : ૧૪, તરંગ : ૪૩)*

◆ "સુલટ વિચાર કરવામાં પ્રમાદ રહે તેટલો સત્સંગનો રંગ ચઢે નહિ. પ્રમાદથી સત્સંગ, સંત અને હરિભક્તની અરુચિ થાય છે. પ્રમાદ જ્યારે મિત્ર બને ત્યારે તે બધાય હિતેચ્છુ સાથે વેર કરાવે છે." *(પૂર : ૧૭, તરંગ : ૧૨)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "આળસ ન સેવવી. જેને આળસ થશે તેમાં એવા ગુણ કોઈ કાળે આવશે નહિ ને કલ્યાણ પણ થાશે નહિ." *(૮/૨૦)*

◆ "આંહીં જેટલી આળસ રાખશું તેટલું આગળ લાંબું થાશે." *(૧૧/૧૦૨)*

◆ "આવા જોગમાં આળસ કરી બેસી રહેશું ત્યારે ખોટ ક્યારે ટળશે ?" *(૧૪/૧૪૧)*

યોગીજી મહારાજ કહે છે :

◆ "આળસુ હોઈએ તો ક્યાંથી વધીએ ? "

◆ "આ મોટી પ્રાપ્તિ થઈ છે, મોટો જોગ મળ્યો છે, આમાં આળસ રાખીએ તો અધૂરું રહે. બેસી રહીએ, સૂઈ રહીએ તો લાભ જતો રહે."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "આળસ, પ્રમાદ અને ગાફલાઈથી ભૂલો થાય છે."

◆ "એક સેકન્ડ નકામી જવા દઈએ તો તે આળસ પેઠી, તે આખી

જિંદગી નડવાની.''

◆ ''આળસ પેસશે તો આ જન્મ નકામો જશે.''

◆ ''આળસ જ આપણું બગાડે છે. માટે આળસને શત્રુ માનીને કાઢો.''

વિષ્ણુગુપ્ત નીતિશાસ્ત્રમાં કહે છે : ''આળસુ વ્યક્તિ મેળવવા યોગ્ય વસ્તુને પણ મેળવી શકતો નથી, મેળવેલ વસ્તુની રક્ષા કરી શકતો નથી, પ્રાપ્ત કર્યું હોય તેમાં ઉમેરી શકતો નથી.'' *(સુત્ર : ૩૮-૪૦)*

ચાણક્ય ચાણક્યનીતિમાં કહે છે :

◆ '''આળસુ માણસને આ લોકનું ભૌતિક સુખ પ્રાપ્ત થતું નથી અને મૃત્યુ પછી પણ તેની સદ્‌ગતિ થતી નથી.'' *(સૂત્ર : ૧૭૩)*

◆ ''આળસુ માણસને કોઈ વિદ્યા વરતી નથી.'' *(સુત્ર : ૩૦૮)*

વ્યાસજી કહે છે : ''આળસ સુખકારી જેવી લાગે છે પણ અંતે દુઃખકારી છે.'' *(મહાભારત, આરણ્યકપર્વ: ૨૭/૩૦)*

વળી,

➤ અધ્યાત્મ-સાધનામાં આળસ-પ્રમાદ ખૂબ નુકસાનકારક નીવડે છે. તેને લીધે જ સાધક ભગવાન અને સંતની યથાર્થ આજ્ઞા-રુચિ-મરજી-અનુવૃત્તિ પાળી શકતો નથી. દૈનિક તપ, સેવા, નિયમ-ધર્મ કે આહ્નિકમાં જે કંઈ કચાશ રહે છે, તેનું એક મહત્ત્વનું કારણ આળસ છે.

➤ લૌકિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિનો પ્રતિબંધક શત્રુ આળસ છે. આળસ જ વ્યક્તિને કર્તવ્ય કર્મને કરતાં, પ્રાપ્તવ્ય વસ્તુને પ્રાપ્ત કરતાં અને ગંતવ્ય સ્થાને જતાં અને સાધ્યસ્થિતિને સિદ્ધ કરતાં રોકે છે.

➤ ઉચ્ચતમ સફળતાને નિમ્નતમ નિષ્ફળતામાં પલટાવી નાખનાર આ આળસ છે. આળસ તો જીવતા માણસની કબર છે. તે માણસને પ્રાણશક્તિ-હીન, પુરુષાર્થહીન કરી નાંખે છે.

➤ આળસ તો ધીમું ઝેર છે, જે લૌકિક કે આધ્યાત્મિક સદ્‌ગુણોની સંપત્તિનો નાશ કરી નાખે છે.

➤ આળસ છૂપો ચોર છે, જે જીવનની લૌકિક કે આધ્યાત્મિક સમૃદ્ધિને લૂંટી જાય છે.

➤ આળસ એટલે આત્મહત્યા. 'સ્વ'થી 'સ્વ'નો નાશ.

➤ આળસ બધાં પાપો, અપરાધો અને ગુનાઓનું કારણ છે.

➤ આળસ બંધિયાર પાણીની જેમ સમગ્ર જીવનને ગંધાતું કરી મૂકે છે. દુર્ગુણો અને દોષોથી ખદબદતું કરી મૂકે છે.

કોઈકને કોઈકની ક્યાંક થોડીક આળસને લીધે જ રોડ પર વાહનોના અકસ્માત, રેલવેના અકસ્માત કે પ્લેનના અકસ્માત થાય છે. ઘરમાં કે ફેક્ટરીમાં આગ ફાટી નીકળે છે. નદી પરનો બંધ તૂટે છે. ડૉક્ટર કે નર્સની થોડીક આળસ દર્દીની પીડા વધારે છે કે તેને મૃત્યુને કિનારે પહોંચાડી દે છે. દર્દી પોતે જ પોતાની આળસે મોતને ભેટે છે. કોઈક વિદ્યાર્થી થોડીક આળસને લીધે જ ડૉક્ટર થતો, એન્જિનિયર થતો અટકી જાય છે. કોઈક થોડી આળસને લીધે બસ, રેલવે કે પ્લેન ચૂકી જાય છે અને પરિણામે નોકરી-ધંધો હાથમાંથી જતો રહે છે. આળસને લીધે આવું આવું તો વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય કે વૈશ્વિક જીવનમાં કેટલું કેટલું બને છે. તે વિષે કહેતાં, લખતાં કે વિચારતાં પાર ન આવે એટલું નુકસાન આળસથી થાય છે.

- **આળસ-પ્રમાદ ટાળવાના ઉપાયો**

➤ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતાનો વિચાર.

➤ મારે મહારાજ, સ્વામી તથા પ્રગટ ગુરુહરિને રાજી કરવા માટે આળસ-પ્રમાદ કાઢવા જ છે એવો દૃઢ નિશ્ચય કરવો.

➤ ધ્યેયની સિદ્ધિમાં 'આળસ' કેવી રીતે વિઘ્નરૂપ થાય છે તે સમજવું.

➤ દેહની ક્ષણભંગુરતાનો વિચાર - આ ઘડીએ અને આ ક્ષણે મરી જવું છે **(વચ. અં.૩૦)** તો આળસ કેમ પોષાય ? 'આજે નહિ પણ કાલે' એ વિચારની સામે વિચારવું કે મારા માટે 'કાલ' આવશે કે કેમ તેમાં શંકા છે. તો 'આજે જ' કેમ ન કરી લેવું ? 'હમણાં નહિ પણ પછી' એવી મનોવૃત્તિ સામે વિચારવું કે મારા માટે 'પછી' આવશે જ એવું ક્યાં નિશ્ચિત છે ? તો અત્યારે જ કેમ ન કરી લેવું ? એક જીવનસૂત્ર હંમેશાં નજર સમક્ષ રાખવું ***'આજે જ અને અત્યારે જ.'*** સમયનો મહિમા સમજીને, અમૂલ્ય જાણીને તે નિરર્થક બગડવા ન દેવો કારણ કે ગયેલો સમય પાછો મળતો નથી.

➤ સમયને ઓળખવો, સમજવો અને તેનો દુરુપયોગ બંધ કરીને ઉપયોગ પણ અટકાવીને સદુપયોગ કરતાં શીખવું. કાર્યની ઉપયોગિતા, આવશ્યકતા અને અનિવાર્યતાને આધારે તેનો અગ્રિમતાક્રમ ગોઠવીને

તદનુસાર કાર્ય કરવું.

➤ જેના જીવનમાં આળસ હોય તેમનો સંગ ન કરવો (વચ. લો.૬).

➤ જેના જીવનમાં આળસ ન હોય તેનો સંગ કરવો.

➤ જેના જીવનમાં લેશમાત્ર આળસ, પ્રમાદ, ગાફલાઈ કે બેદરકારી ન હોય, તેના ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ, કથન, મનન અને ચિંતન કરવું.

➤ આળસ કાઢવા માટે પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો.

૭.૪.૪ સંતો-ભક્તોનો અભાવ, અવગુણ અને દ્રોહ

અભાવ, અવગુણ અને દ્રોહ એ ઇન્દ્રિયો-અંતઃકરણનો ભયંકર કુસંગ છે. આ પ્રકારનો કુસંગ સમૂહમાં રહીને સાધના કરનાર સાધકોને વધારે નડે છે. શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ આપણને હિમાલય કે જંગલમાં જઈને એકાંતમાં સાધના કરવાનું શીખવવાને બદલે સમૂહમાં રહીને સાધના કરવાનું કહ્યું છે. સાધક એકલો જ હોય તો તેને બીજા કોઈનો અભાવ-અવગુણ આવવાનો પ્રશ્ન જ થતો નથી. જ્યારે સાધક સમૂહમાં રહે છે અને સૌની સાથે રહીને સેવા-પ્રવૃત્તિ કરે છે, ત્યારે એકબીજાના સ્વભાવો કે દોષો દેખાવાની શક્યતા અનેકગણી વધી જાય છે. વળી, સમૂહમાં સાધના કરવાથી પરસ્પર મતભેદ થવાને લીધે અહં-મમત્વ, રાગ-દ્વેષ જેવા વિકારોનો ઉદ્ભવ થવાની શક્યતા પણ વધે છે. આમ, સમૂહમાં સાધના કરવાથી જીવમાં પડેલા સ્વભાવો, દોષો કે વિકારોને પ્રગટ થઈ આવવાની તક મળે છે. તે વખતે જો સાધક ધ્યાન ન રાખે તો બીજાના અભાવ, અવગુણ અને દ્રોહમાં પડી જવાની શક્યતા વધુ રહે છે, જેને લીધે એને પારાવાર નુકસાન થાય છે.

તેથી જ તો શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ પોતાના ઉપદેશોમાં અભાવ, અવગુણ અને દ્રોહ વિષયક પુષ્કળ વાતો કરી છે. અભાવ-અવગુણ આવવાનાં કારણો, તેનાથી થતું નુકસાન, તે ન આવે તો થતા લાભ અને તે ન આવે તેના ઉપાયો વારંવાર સમજાવીને અભાવ-અવગુણ ન લેવા માટે આગ્રહપૂર્વક ઉપદેશ ખૂબ આપ્યો છે. વચનામૃત, સ્વામીની વાતો અને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં ઉપદેશ-વચનોમાં વારંવાર આ વિષેનો ઉપદેશ જોવા મળે છે. અભાવ-અવગુણ વિષે શ્રીજીમહારાજ અને

ગુણાતીત ગુરુઓનાં વચનોમાં આગ્રહપૂર્વક જેટલો ઉપદેશ જોવા મળે છે, એટલો તો વિશ્વના કોઈ પણ ધર્મો કે સંપ્રદાયોમાં, ધર્મગ્રંથો કે શાસ્ત્રોમાં, ધર્મસંસ્થાપકો કે ગુરુઓનાં ઉપદેશ વચનોમાં જોવા મળતો નથી.

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ લેશમાત્ર કંટાળો લાવ્યા વગર આ વિષયક એકની એક વાતો વારંવાર કરી છે. પોતાના જીવન-પ્રસંગો દ્વારા પણ અભાવ-અવગુણમાં ન પડવાની પ્રેરણા આપી છે. આ અવળા માર્ગે સરકી જતા સાધકોને વ્યક્તિગત કે સમૂહમાં ટકોર કરી છે, ઠપકો આપ્યો છે અને માતાની મમતાથી સમજાવ્યા પણ છે. અભાવ, અવગુણ અને દ્રોહ વિષયક એમનાં આગ્રહપૂર્વકનાં વચનો વાંચીએ, વિચારીએ અને સમજીએ ત્યારે ઇન્દ્રિયો-અંતઃકરણના આ કુસંગની ભયાનકતા સમજી શકાય તેમ છે. હવે અહીં આપણે આ પ્રકારના કુસંગ વિષે વિચારીએ.

● અભાવ, અવગુણ અને દ્રોહનું તાત્પર્ય

સંતો-ભક્તોનો અભાવ-અવગુણ લેવો એટલે કે એમનામાં દોષો, દુર્ગુણો કે સ્વભાવો જોવા, સાંભળવા, કહેવા કે વિચારવા. સંત કે ભક્તની કોઈક ભૂલ કે ખામી જોવા મળી હોય તો તેની ચર્ચા કરવી, બીજે-ત્રીજે વાતો કરવી, મનમાં તેનો વિચાર કર્યા કરવો. તેમનો દ્રોહ એટલે તેમનું અહિત થાય એવું મન-કર્મ-વચને વર્તન કરવું, એવો પ્રયત્ન કરવો.

યોગીજી મહારાજ અભાવ, અવગુણ અને દ્રોહની વ્યાખ્યા આ પ્રમાણે સમજાવે છે :

અભાવ : કોઈક હરિભક્તથી કાંઈક ભૂલ થઈ હોય, અગર કાંઈક થોડું બન્યું હોય તેનો ફજેતો કરે અને વિસ્તારથી બીજાને સંભળાવે એનું નામ અભાવ. જે એમ કરે તેને એ હરિભક્ત દીઠો ન ગમે અને એની સાથે આંટી પડે. કહી દઈએ એ અભાવ નહિ, પણ મનમાં રહ્યા કરે અને ઝીણું ઝીણું બોલ્યા કરે એ અભાવ.

અવગુણ : કાંઈ દોષ ન હોય ને આઘું-પાછું ન કરતો હોય તેમાં પણ દોષ કહે તે અવગુણ. ગાંઠ બંધાયા પછી ગુણમાં પણ દોષ પરઠાય.

દ્રોહ : કોઈનું વાંકુ સાંભળે તો પંડે જોયું ન હોય તોપણ હૈયામાં ઘરી જાય અને ઝાઝો કુસંગ કરે તો હડકવા હાલે અને જીવ નાશ પામે તે દ્રોહ.

જો આ કુસંગથી બચી જવાય એટલે કે કોઈ સંતો-ભક્તોનો અભાવ જો ન આવે તો સાધકને સાધનામાં ઘણો લાભ થાય છે, પરંતુ જો એના રવાડે ચડી જવાય તો સાધનામાં ખૂબ મોટું વિઘ્ન આવે અથવા તો સાધનાપથથી ભ્રષ્ટ જ થઈ જવાય.

હવે આપણે અભાવ-અવગુણ ન લેવાથી કે દ્રોહ ન કરવાથી થતા લાભ અને તેમાં પડવાથી થતાં નુકસાનનો વિચાર કરીએ.

● અભાવ-અવગુણ ન આવે તો લાભ

મનુષ્યમાત્રનો સ્વભાવ છે કે જેમાં એને લાભ દેખાય તે ગમે તે ભોગે કરવા તૈયાર થાય છે. તેથી આપણે સૌ પ્રથમ અભાવ-અવગુણ ન લેવાથી થતા લાભ વિષે વિચારીએ.

જો કોઈનો ક્યારેય, કોઈ પ્રકારનો અભાવ ન આવે તો મોટામાં મોટો લાભ જ એ છે કે અભાવ-અવગુણને લીધે જે નુકસાન છે તે થાય જ નહિ. સાધનામાં વિઘ્ન ન આવે. મોટાપુરુષનો કુરાજીપો ન થાય, અંતરમાં અશાંતિ ન રહે.

ભગવાનના ભક્તનો અભાવ-અવગુણ ન આવે કે તેમનો દ્રોહ ન થાય તો જે લાભ થાય છે તે દર્શાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૧ – "સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય."

પ્ર.૬ – "તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે."

પ્ર.૫૩ – "જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થતી જાય છે."

મ.૪૬ – "જે પંચ મહાપાપે યુક્ત હોય અને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય તો તો એનાં પાપ નાશ થઈ જાય ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "અવગુણ નહિ લે તેનો સત્સંગ પૂનમના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામશે." *(૯/૩૪૧)*

◆ "ભગવદીનો અવગુણ ન આવે તો કરોડ તીર્થ કર્યાં." *(૧૦/૨૫૨)*

યોગીજી મહારાજ કહે છે : "સત્સંગમાં અભાવ-અવગુણરૂપ ખટાશ ન આવે તો સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું આવે."

ભગવાનના ભક્તો કે સંતોનો ફક્ત અવગુણ ન લેવા માત્રથી જો આટલો મોટો લાભ થવાનો જ હોય તો સાચા સાધકે કદી પણ કોઈનોય અવગુણ ન લેવો જોઈએ.

હવે આપણે સંતો-ભક્તોનો અવગુણ લેવાથી શું નુકસાન થાય છે તે જોઈએ, જેથી એ નુકસાનને લીધે પણ અભાવ-અવગુણ ન લેવો જોઈએ એવી દૃઢતા થાય.

● અભાવ, અવગુણ અને દ્રોહથી નુકસાન

જે પ્રવૃત્તિ કરવાથી શારીરિક, માનસિક, આર્થિક કે કૌટુંબિક નુકસાન થાય તેમ હોય તે પ્રવૃત્તિ કરવાનું મન થાય ? સાપ, વીંછી કે સિંહને પકડવા જઈએ ? ઝેર પીવાનું મન થાય ? વિદ્યુત પ્રવાહવાળા ખુલ્લા વાયરને પકડવાનું મન થાય ? કદાપિ નહિ. કારણ કે એમાં જીવનું મોત દેખાય છે. ગટરમાં પડવાનું મન થાય ? વિષ્ટા પર ચાલીએ ખરા ? કદાપિ નહિ. કારણ કે આપણા પગ, શરીર કે કપડાં બગડે એ આપણને ગમતું નથી. લાખ રૂપિયાનો ચેક સળગાવીએ ખરા ? ઘડિયાળ, ટી.વી., ફ્રીજ બગાડીએ ખરા ? કદાપિ નહિ. કારણ કે એમાં આપણને કાંઈક આર્થિક નુકસાન થાય છે એ ગમતું નથી. કોઈકને લીધે આપણને નોકરી મળતી અટકી જાય, પ્રમોશન મળતું અટકી જાય અથવા તો અમેરિકાનો વિઝા ન મળે તો એ વ્યક્તિ પ્રત્યે હેત થાય ? કદાપિ નહિ. કારણ કે એને લીધે આપણો વિકાસ રુંધાઈ ગયો તે આપણને ગમતું નથી.

ટૂંકમાં, કોઈપણ પ્રકારનું નુકસાન આપણને ગમતું જ નથી એ હકીકત છે. તેથી જેને લીધે આપણને કોઈ પણ પ્રકારનું નુકસાન થાય એવી પ્રવૃત્તિ આપણે નહિ કરીએ. આ જ આપણી મનોવૃત્તિ છે.

જો આ જ હકીકત હોય તો અભાવ-અવગુણથી થતા નુકસાનનું ભાન થાય તો એમાંથી પણ વૃત્તિ પાછી વળે. મન, કર્મ, વચને થતી એ પ્રવૃત્તિ બંધ થઈ જ જાય. હવે આપણે અભાવ-અવગુણથી થતા નુકસાનનો વિચાર કરીશું.

શ્રીજીમહારાજે અભાવ, અવગુણ અને દ્રોહથી જે નુકસાન થાય છે તે વિષે ઘણાં વચનામૃતોમાં વાતો કરી છે. તેમાંથી સાર અને ભાવાર્થરૂપ કેટલાક સંદર્ભો જોઈએ.

➤ સંતનો અવગુણ લેવારૂપ પાપથી સત્સંગમાં ગાઢ પ્રીતિ થતી નથી. સંતનો અવગુણ લેવાનું પાપ વજ્રલેપ થાય છે, જે સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધનથી ન ટળે (**વચ. પ્ર.૧**).

➤ અવગુણ લેનાર દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે (**વચ. પ્ર.૬**).

➤ અવગુણ આવે તો રાત્રિ દિવસ હૈયામાં મૂંઝાયા કરે, દિવસે સુખે કરીને બેસાય નહિ, રાત્રે સુખપૂર્વક નિંદ્રા ન આવે, ક્રોધ મટે જ નહિ, અર્ધ બળેલા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે, હૈયામાં કોઈ દિવસ સુખ ન આવે અને અંતે પાછો પડી જાય છે (**વચ. પ્ર.૨૮**).

➤ અલ્પ દોષ જોઈને અવગુણ લેવો એ મોટી ખોટ છે. અવગુણ લેવાનો સ્વભાવ હોય તેની તો આસુરીબુદ્ધિ થઈ જાય છે (**વચ. પ્ર.૩૧**).

➤ ભગવાન અને સંતનો અવગુણ લેવાથી બુદ્ધિ દુષિત થઈ જાય છે તેથી તે કલ્યાણને માર્ગે ચાલી શકે નહિ (**વચ. પ્ર.૩૫**).

➤ અવગુણ લેનાર ઘટતો જાય છે અર્થાત્ એનાં જ્ઞાન, વૈરાગ્યાદિક શુભ ગુણ ઘટી જાય છે (**વચ. પ્ર,૫૩**).

➤ ભગવાનના મોટા ભક્તના દ્રોહથી રૂડા દેશકાળાદિકમાં પણ અંતર ભૂંડું થઈ જાય છે (**વચ. પ્ર.૫૫**).

➤ ગરીબ હરિભક્તનો દ્રોહ કરે તેણે કરીને એનું ભૂંડું થાય (**વચ. પ્ર.૬૨**).

➤ સત્પુરુષમાં અવગુણ પરઠે તો તેમાં સત્પુરુષના ગુણ કોઈ કાળે ન આવે (**વચ. પ્ર.૬૭**).

➤ ભગવાન બીજા બધા અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને માફ નથી કરતા (**વચ. પ્ર.૭૧**).

➤ સંતનો અલ્પ દોષ જોઈને પોતાની કુબુદ્ધિએ કરીને ઝાઝો પરઠે તો તેથી અસદ્વાસના થઈ જાય અને અંતે જતાં વિમુખ થઈ જાય (**વચ. પ્ર.૭૮**).

➤ સંતનો અવગુણ આવ્યો તે કોઈ પ્રાયશ્ચિત્તે કરીને પણ શુદ્ધ ન થાય. સંતનો અવગુણ તે ક્ષય રોગ જેવો છે, તેવો જરૂર મરે, વિમુખ થાય. સંતનો અવગુણ આવ્યો તે તો એનું માથું કપાણું જાણવું. તે નિશ્ચય સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ થાય (**વચ. લો.૧**).

➤ જે ભક્તનો દ્રોહ કરે તેના સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે (**વચ. લો.૧૬**).

➤ અવગુણનો લેનારો નારકી થાય છે. અને તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે (**વચ. મ.૧૧**).

➤ બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તોપણ અર્ધો વિમુખ છે. તે ગમે તેવો મોટો હોય તોપણ તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે (**વચ. મ.૨૬**).

➤ હરિભક્તનો જે દ્રોહી હોય તેનો મહારાજને અભાવ આવે છે. ભક્તનું ઘસાતું કોઈ બોલે તેની સાથે એમને બોલવાનું મન જ ન થાય. ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા હતા તોપણ પોતાની પદવી થકી પડી ગયા છે. જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે (**વચ. મ.૨૮**).

➤ ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ અને કષ્ટ થાય છે કે ભૂંડું થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી (**વચ. મ.૪૦**).

➤ ભગવાન કે ભગવાનના સંતનો અભાવ આવવાથી એકાંતિકના ધર્મમાંથી પડી જવાય છે. તે ધર્મવાળા હોય અથવા તપસ્વી હોય તોપણ ધર્મે કરીને તથા તપે કરીને દેવલોકમાં જાય, પણ જેણે ભગવાનનો ને ભગવાનના સંતનો અભાવ લીધો તે તો ભગવાનના ધામને તો ન જ પામે (**વચ. મ.૪૬**).

➤ ભગવાન ને ભગવાનના ભક્ત તેનો અવગુણ લેવાથી વિમુખ થાય છે (**વચ. મ.૫૩**).

➤ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પણ પાપ નથી (**વચ. મ.૬૩**).

➤ ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને ગરીબના દ્રોહથી જીવનો નાશ થાય એટલે કે એ જીવનું કલ્યાણ ન થાય (**વચ. વર.૧૧**).

➤ સત્પુરુષનો દ્રોહ કરવાથી વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું પુણ્ય બળી જાય અને પંચ મહાપાપ કરતાં વધુ પાપ લાગે (**વચ. વર.૧૪**).

➤ ભગવાન અને ભગવાનના ભક્તનો જેને અવગુણ આવ્યો હોય તે સત્સંગી કહેવાતો હોય છતાં હડકાયા શ્વાન જેવો છે. તેને સંગે બીજા પણ વિમુખ થાય. ભગવાન અને ભક્તનો અવગુણ ક્ષયરોગ જેવો છે. તેની આસુરી મતિ મટે જ નહિ. અનંત વાર પંચ મહાપાપ કર્યાં હોય તેમાંથી છૂટવાના ઉપાયો શાસ્ત્રમાં છે, પરંતુ ભગવાન અને ભક્તના અવગુણના પાપમાંથી છૂટવાનો કોઈ ઉપાય શાસ્ત્રમાં કહ્યો નથી. ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવાથી જીવનો નાશ થાય અર્થાત્ તે કોઈ દિવસ પોતાના કલ્યાણનો ઉપાય કરી જ શકે નહિ **(વચ. અં.૧૨)**.

➤ મહારાજને ભગવાનના ભક્તનું ઘસાતું બોલનાર તો દીઠો પણ ગમતો નથી, એના હાથનું અન્ન-જળ પણ ભાવતું નથી. મહારાજના પોતાના દેહનો સંબંધી જો ભક્તનો અવગુણ લે તો તેની સાથે પણ એમને અતિશય કુહેત થઈ જાય છે **(વચ. અં.૨૧)**.

➤ ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દોષબુદ્ધિ થાય ને તેણે કરીને તેમની સંગાથે વૈરભાવ થાય તે સર્વે પાપ કરતાં મોટું પાપ છે. અનંત વાર પંચ મહાપાપ કર્યાં હોય તે પાપ થકી છૂટકો થાય પણ ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપમાંથી છૂટકો ન થાય. ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુઃખાય છે તેવા કોઈ પાપે કરીને દુઃખાતા નથી. જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી પદવીમાંથી પડી ગયા છે **(વચ. અં.૨૨)**.

➤ એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા બરોબર પાપ લાગે **(વચ. અં.૩૫)**.

➤ સાધુનો અવગુણ આવે એમાંથી એનું બહુ ભૂંડું થાય **(વચ. અં.૩૯)**.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "અમારી સેવા કરતો હોય અને હરિભક્તના અવગુણ દેખાડતો હોય પણ ગુણ કહેતો ન હોય તેની સેવા તો વજ્રના પ્રહાર જેવી અમને લાગે છે."

(પૂર : ૫, તરંગ : ૫૨)

◆ "જેના મૂળમાં અભાવરૂપી ઉધઈ લાગે છે તે ભક્તરૂપી વૃક્ષ સમૂળું સુકાઈ જાય છે." *(પૂર : ૬, તરંગ : ૧૦૨)*

◆ "હરિભક્ત થઈને હરિભક્તનો દોષ બોલે તે સમાન કોઈ પાપી નથી." *(પૂર : ૯, તરંગ : ૪૦)*

◆ "સંત-હરિભક્તનો જે દોષ જુએ તેને જમ પકડીને જમપુરીમાં લઈ જાય છે." *(પૂર : ૯, તરંગ : ૪૧)*

◆ "સંત-હરિભક્તનું ઘસાતું બોલે ને તેની અદબ ન રાખે તો તેને બ્રહ્મવેત્તા સંતની હત્યાનું પાપ લાગે છે. સંત-હરિભક્તનો દ્રોહ સમાન કોઈ પાપ નથી. માટે સંત-હરિભકતોના ગુણ ઉચ્ચારવા. દોષ બોલે તેણે સત્સંગ કર્યો નથી." *(પૂર : ૧૬, તરંગ : ૩૯)*

◆ "હરિભક્તના દોષ ગ્રહણ કરતાં અંતરમાં અંધારું થાય છે. દોષે કરીને સમજણ ફરી જાય છે, જેથી ગુણમાં પણ દોષ દેખાય છે."
(પૂર : ૧૬, તરંગ : ૪૦)

◆ "દોષ યુક્ત મતિ હોય તો દુષ્ટ થાય છે. જેથી વિના અગ્નિએ અગ્નિની પેઠે અંતરમાં વ્યથા રહ્યા કરે છે." *(પૂર : ૧૬, તરંગ : ૫૮)*

◆ "ફાવે તેવો ગુણવાન હશે ને નિર્દોષમાં દોષ કલ્પશે કે તેનો દ્રોહ કરશે તે જમપુરીમાં ગયા વિના નહિ રહે." *(પૂર : ૨૩, તરંગ : ૮૩)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "મોટાનો અવગુણ એ તો ક્ષયરોગ જેવો છે." *(૧/૧૬૪)*

◆ "પૂર્વે મોટા મોટા થયા તેમાં કોઈમાં કોઈ પ્રકારનો દોષ હોય પણ તે દોષ કહેવાય નહિ, ને તેમાંથી તો જીવ બગડી જાય." *(૧/૧૯૨)*

◆ "નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે, ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે." *(૧/૨૩૭)*

◆ "એવા અવળા પક્ષે કરીને મોટા સાધુના અવગુણ લીધા છે તેણે કરીને તો ભૂતની યોનિને પામ્યા છે અને વળી કોઈ હશે તે પણ પામશે ને તે પાપે કરીને ખાવી વિષ્ટા ને પીવી લઘુશંકા એવા દુઃખને ભોગવે છે પણ સુખ તો ક્યાંઈ થાય નહિ." *(૩/૩૬)*

◆ "બીજાના (દોષ) જોવા માંડે તોપણ ભૂંડું થાય." *(૪/૩૯)*

◆ "મોટા સાધુનો અવગુણ નહિ હોય ને કાંઈ દોષ હશે તો તેની ભગવાનને ફિકર છે, પણ મોટા સાધુનો અવગુણ હશે તેનું તો પાપ વજ્રલેપ થાશે." *(૪/૮૭)*

◆ "ભગવાનના ભક્તના દોષ વિચારે તો જીવ ભ્રષ્ટ થઈ જાય છે." *(૫/૧૯૦)*

◆ "કોઈ મોટાનો અવગુણ લે તેનું બહુ ભૂંડું થાય." *(૬/૬૫)*

◆ "આવા સાધુનો અવગુણ લે તે ઘટી જાય ને જડ થઈ જાય." *(૬/૧૨૩)*

◆ "કોઈનો અવગુણ આવે તે ટાઢો અગ્નિ છે." *(૮/૨૫૦)*

◆ "કોઈનું વાંકું બોલશું તો મહારાજ દુઃખાઈ જાશે." *(૯/૧૯૯)*

◆ "મોટાના અવગુણનું એવું પાપ છે જે જીવ બળી જાય છે. સૂરજ જેવો હશે તે પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લેશે તો કીડી જેવો થઈ જાશે." *(૯/૩૪૭)*

◆ "પંચ મહાપાપથી પણ ભગવદીના અપરાધનું પાપ વધુ લાગે છે." *(૧૧/૪૧૦)*

◆ "ભગવદીનો અવગુણ આવ્યો તો પડ્યો જાણવો." *(૧૨/૧૦૦)*

◆ "ભગવદીના અવગુણ લેવા માંડે ને વાંકું બોલવા માંડે ત્યારે જાણવું જે સત્સંગમાંથી જાવાનાં પ્રસ્થાનાં મૂકવા માંડ્યાં." *(૧૨/૧૦૧)*

◆ "સત્સંગ કોઈ રીતે ટળે એમ ન હોય તોપણ અવગુણ લે તો ટળી જાય." *(૧૩/૧૧૧)*

◆ "પૂનમના ચંદ્રમા જેવો થયો હોય તોપણ ભગવદીના દોષે કરીને અમાવાસ્યાના ચંદ્રમા જેવો થઈ જાય છે." *(૧૩/૧૬૮)*

◆ "કોઈના દોષ કહેવા-સાંભળવાને મારગે ચાલે ત્યારે અંતર ગોબરું થઈ જાય." *(૧૩/૨૨૩)*

◆ "મોટાનો અવગુણ લેશે તેનો જીવ બળી જાશે." *(૧૪/૧૧૭)*

યોગીજી મહારાજ કહે છે :

◆ "અભાવ લેવાથી પુણ્ય બળી જાય છે. સંસાર છોડીને આવ્યા તે બહુ મોટું પુણ્ય છે, પણ કો'ક ભક્તનો આપણે અવગુણ લઈએ ને દુઃખાય તો પાપ લાગે."

◆ "ભક્તનો અભાવ આવે એ મરણ. ભક્તનો અભાવ લેવામાં જીવનું મોત સમજવું. ભગવાનના ભક્તને દેહે મરવું તે મરણ નથી, પણ ભગવાનના ભક્તનો અવગુણ આવે તે જ મરણ છે. અવગુણ લેતા હોય ને ગાદી-તકિયે બેઠા હોય તોય મરેલા છે."

◆ "અવગુણ આવે છે તેથી ભક્તિ અને મહિમા બે વધતાં નથી."

◆ "કોઈ સંત-હરિભક્તના અવગુણ લેવા માંડશું તો પડવાનો વારો આવશે. વાંકું બોલશે તો સત્સંગ ચૂંથાઈ જશે. અભાવ-અવગુણ લે તો મહારાજ સત્સંગમાંથી કાઢી નાખે."

◆ "કોઈનો અવગુણ લઈએ તો આપણામાં આવે."

◆ "બીજામાં જોવા જઈએ તો મોટાપુરુષમાં પહોંચી જવાય. "

◆ "ભગવાનના ભક્તનો અવગુણ લે તો જમપુરીમાં જ પડ્યો. અપીલ પણ નો થઈ શકે."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "મહિમાને બદલે અમહિમાની વાતો થાય તો અંતર ઊઝરડાઈ જાય અને આપણે જે કરવાનું છે તે રહી જાય અને ન કરવાનું થઈ જાય. અમહિમાની વાત એટલે ઝેર. અમહિમાનો એક શબ્દ પડે તો ખલાસ. એમાં જીવનું ભૂંડું થાય છે."

◆ "આપણે જો એકબીજાના અભાવ-અવગુણમાં પડી જઈએ તો આપણો મુદ્દો જતો રહે. આપણું ઠેકાણું ન રહે. અવગુણની વાતને જોયા કરશો ને બીજાને કહ્યા કરશો, તો તેમાં તમારી આધ્યાત્મિક વસ્તુ પ્રાપ્ત નહિ થાય. તમે જે પ્રાપ્ત કરવા આવ્યા છો તે પ્રાપ્ત નહિ થાય."

◆ "બીજાની ભૂલોને ક્ષમા નહિ કરી શકીએ ત્યાં સુધી શાંતિ નહિ થાય. બીજા સામે જોયા કરીશું, બીજાની વાતો કર્યા કરીશું ત્યાં સુધી કદાપિ આગળ વધાશે જ નહિ, ત્યાં સુધી અશાંતિ રહેવાની જ."

◆ "બીજાનું જોયા કરીશું તો આપણામાં સારા ગુણો નહિ જ આવે. આપણે બ્રહ્મરૂપ થયા નથી તો એકબીજાની વાત સાંભળવાથી, કહેવાથી, વિચારવાથી બ્રહ્મરૂપ થવાશે નહિ. ઊલટું બ્રહ્મરૂપ થતા હશો એમાં અવરોધ થશે.

◆ "બીજાના અવગુણ લીધા કરીએ તો આપણે દુઃખી થઈ જઈએ. ભગવાન વિષેનો સદ્‌ભાવ જતો રહે. એ દોષ આપણામાં આવી જાય. જેટલા

દોષ જોઈએ એટલા આપણામાં દૃઢ થતા જાય. માટે તેનાથી તો દૂર જ રહેવું."

◆ "અભાવની વાત કરો તો કરનાર અને સાંભળનાર બેયને અશાંતિ. એ સેવા નથી, અસેવા છે. આવી વાતોથી સુધારો નહિ થાય, બગાડ જ થાય છે. મન પાછું પડી જાય છે."

◆ "આપણે બીજાનું જ જોઈએ છીએ તેમાં તો અશાંતિ અને ઉદ્વેગ જ છે. જ્યાં સુધી બીજાનું જોવાની, કહેવાની, સાંભળવાની કે વિચારવાની ટેવ છે ત્યાં સુધી તમે ગમે ત્યાં જાશો ને ગમે તે કરશો પણ કોઈ દા'ડો તમને શાંતિ નહિ જ થાય, એ સમજી રાખો."

◆ "આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો. સો ટનનું રોલર ફેરવી દીધું પછી ક્યાંથી ઊગે ? એમ સેવા-ભક્તિ, કથા બધું જ કરીએ પણ અભાવ-અવગુણની વાતો કરીએ, નિંદા, કુથલી પણ કરતા જઈએ એટલે બધી મહેનત નિષ્ફળ જાય. એમાં તો સ્વભાવ વધતા જાય."

◆ "સંપ તૂટ્યાનું કારણ જ અભાવ-અવગુણ છે."

ઉપરોક્ત સંદર્ભોમાં અભાવ-અવગુણથી જે નુકસાન થાય છે તે વિષે શ્રીજીમહારાજ અને ગુરુઓએ જે વાત કરી છે તે આપણે જોયું. એમના એક એક વચન ઉપર ખૂબ જ ઊંડાણથી ચિંતન, મનન અને વિચાર કરવા જેવો છે. વિચાર વગર ફક્ત વાંચી જવાથી એ શબ્દોનું હાર્દ અને તાત્પર્ય નહિ સમજાય, નહિ પકડાય. એમના દરેક વચનમાં અભાવ-અવગુણથી થતા ભયંકર નુકસાનનો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. પરંતુ આ અત્યંત સૂક્ષ્મ બાબત છે. શરીર ઉપરનું ગૂમડું તરત જ નજરમાં આવે પણ મગજમાં થયેલી નાની સરખી ગાંઠ કે હૃદયમાં ક્યાંક થયેલી તકલીફ ઉપલક દૃષ્ટિએ ન દેખાય, પરંતુ ગૂમડા કરતાં મગજ અને હૃદયની તકલીફ ભયંકર છે.

આરતી, કથા, દંડવત્, માળા, પૂજા, સેવા, તપ કે કોઈક અન્ય નિયમમાં કાંઈક ઉપલક ખામી હોય તો તરત જણાઈ આવે છે. એને સુધારવાનો પ્રયત્ન પણ કરીએ છીએ, પરંતુ અભાવ-અવગુણની બાબતમાં નજર પહોંચતી જ નથી. એકાદશીના દિવસે અનાજનો દાણો ભૂલમાં ખવાઈ જાય તો અંતરમાં ખટકે, પરંતુ અભાવ-અવગુણની બાબતમાં ખટકતું જ નથી. એમાં તો આપણે જે કરીએ છીએ તે બરોબર જ લાગે છે. તર્કબદ્ધ દલીલો દ્વારા આપણે આપણી જાતને નિર્દોષ સાબિત કરીએ છીએ કે મેં જે

અભાવ-અવગુણની વાત કરી, સાંભળી કે વિચારી તે બરોબર જ છે.

આપણે કરેલા આપણા બચાવનું મુખ્ય કારણ એ જ છે કે આની ભયાનકતાની પ્રતીતિ થઈ નથી. બૅંક બેલેન્સ કોઈક બારોબાર ઉપાડી જાય, ઘરમાંથી ધન-સંપત્તિ કોઈક લૂંટી જાય તો દુઃખ થાય છે, પરંતુ આ અભાવ-અવગુણ આપણા સદ્ગુણોનું અપહરણ કરી જાય છે તે સમજાતું નથી. શરીરને જેનાથી નુકસાન થાય તે ખોરાક, પાણી અથવા તો હવામાં કંઈક બગાડ થાય (Food poisoning, Water pollution, Air pollution), પર્યાવરણ બગડે તે સમજાય છે. શરીરને નુકસાનકારક પદાર્થો ન લઈએ, પરંતુ આનાથી મનને કે જીવાત્માને રોગ લાગુ પડે છે તે સમજાતું નથી. શરીરના કૅન્સર કે ઍઇડ્ઝ જેવા ભયાનક રોગની ખબર પડે છે, પરંતુ આ જીવના કૅન્સરનો ખ્યાલ નથી આવતો. દેહનો નાશ થાય તે તો નજરોનજર દેખાય છે, પરંતુ આમાં જીવનો નાશ થઈ જાય છે તે સમજાતું નથી. લૌકિક અભ્યાસ બગડે કે ધંધામાં નુકસાન થાય તે સમજાય છે, પરંતુ આ સાધના બગડે છે, મોક્ષનું કામ બગડે છે એમાં જરા પણ દૃષ્ટિ પડતી નથી. પોતાનાં વર્તન કે કાર્યથી માતા-પિતા, પતિ-પત્ની, ભાઈ કે બહેન, મિત્રો અથવા પોતાના ઉપરી અધિકારી કુરાજી ન થઈ જાય એનો ખ્યાલ રાખીએ છીએ, પરંતુ આનાથી ભગવાન અને સંતનો અત્યંત કુરાજીપો થઈ જાય છે એ મનાતું નથી.

આ સૂક્ષ્મ બાબતો ક્યારે સમજાય અને મનાય ? એનું સતત અનુસંધાન ક્યારે રહે ? જો મહારાજ અને ગુણાતીત ગુરુઓના શબ્દોની હારમાળા કરીને એનું પ્રાર્થનાપૂર્વક વારંવાર વાંચન, ચિંતન અને મનન કરવામાં આવે, એમાં અતિશય વિશ્વાસ આવે તો એ શબ્દોની અંતરમાં ચોટ લાગે. અધ્યાત્મ-સાધનામાં અભાવ-અવગુણ શું છે અને તે કેવી હોનારત સર્જે છે તે સમજાય અને મનાય.

અધ્યાત્મ-સાધનામાં અભાવ-અવગુણ શું છે તે વિષે વિચારીએ.

કોઈનોય પણ અભાવ-અવગુણ જોવો, કહેવો, સાંભળવો, વિચારવો કે લેવો એ –

- ભયંકરમાં ભયંકર ઝેર (KCN) પીવાની પ્રક્રિયા છે.
- અશાંતિનો રાજમાર્ગ છે, એ માર્ગે શાંતિનું સ્ટેશન ક્યાંથી આવે ?

➤ અધોગતિનો પંથ છે, એમાં સિદ્ધિના શિખરેથી ઊંડી ખાઈમાં જ પડવાના.

➤ ઝેરી વાયુ કે દુર્ગંધનો સ્પ્રે (Spray) છે.

➤ સમગ્ર વાતાવરણને ઝેરી, કલુષિત, ગંદું અને ગંધાતું બનાવવાની ક્રિયા છે.

➤ આધ્યાત્મિકતાની હત્યા છે. આધ્યાત્મિકતાને ગૂંગળાવી મારવાની અસરકારક અને સફળ પદ્ધતિ છે. એમાં સાચી આધ્યાત્મિકતાનું અસ્તિત્વ જ નહિ રહે.

➤ સમય, શક્તિ, મન, બુદ્ધિ, વિચાર અને સાધનાનો સો ટકા બગાડ જ છે. એનાથી કશું જ સુધરવાનું નથી.

➤ ગટરનાં પાણીમાં સ્નાન છે, વિષ્ટામાં શયન છે. એટલું જ નહિ, ગટરનાં પાણીનું પાન છે કે વિષ્ટાનું ભોજન છે. એમાં ક્યાંથી સુખ આવે ?

➤ મોક્ષ બગાડવાનો જ ધંધો છે. એનાથી ક્યારેય, કોઈનોય મોક્ષ સુધર્યો નથી, સુધરવાનો નથી. એ તો 'મોક્ષ મારગે દીધા કમાડ કડી જડી બારણે.' એનાથી તો મોક્ષનો દરવાજો બંધ થઈ જાય.

➤ લાખો વોલ્ટેજનો કરંટ છે. એને અડકવાથી ક્યાંથી બચાય ? બળીને ભસ્મ થઈ જવાય. સદ્‌ગુણોની રાખ થઈ જાય.

➤ ભગવાન અને સંતને કુરાજી કરવાનો સો ટકા સફળ ઉપાય છે.

➤ પરસ્પરના ક્લેશ, કંકાસ, ઝઘડા કે કુસંપનું મૂળ કારણ છે. સંપ-સુહૃદભાવ અને એકતાને તોડવાનો ઍટમબૉમ્બ છે અને કુસંપનો લાવારસ ફેલાવવાનો જીવંત જ્વાળામુખી છે. એમાં ક્યાંથી કોઈનું અસ્તિત્વ ટકે ?

➤ પ્રતિષ્ઠાહીન થવાનો, કલંકિત થવાનો, સત્સંગમાંથી પાછા પડવાનો, ભગવાન અને સંતથી વિમુખ થવાનો હાઇ-વે છે.

➤ ભગવાન અને સંત સાથેના સંબંધને તોડવાની સળગતી સુરંગ છે. આ સંબંધ તૂટ્યા પછી આધ્યાત્મિક વિકાસ જ ક્યાંથી થાય ? દુર્ગુણો-દોષો ક્યાંથી ટળે ? ઉદ્ધાર જ ક્યાંથી થવાનો ?

➤ માનસિક મૂંઝવણ, ઉદ્વેગ, અજંપો, ખાલીપો, અશાંતિ, ક્લેશ, અસંતોષ, વિક્ષેપ ખરીદવાનો સરળ, સુગમ અને સર્વસુલભ વેપાર છે.

➤ ખોટનો જ વેપાર કે ધંધો છે, એમાં નુકસાનનો પાર નથી. અમૃત

આપીને ઝેર લેવાનો, કોહિનૂરના બદલામાં કચરો ખરીદવાનો, રાજીપો વેચીને કુરાજીપો મેળવવાનો, પારસમણિ અને ચિંતામણિ ગુમાવીને માટીનાં ઢેફાં લેવાનો, સફળતા વેચીને નિષ્ફળતા ખરીદવાનો, અશાંતિ વેચીને દુઃખ લેવાનો આ ખોટનો જ ધંધો છે.

➤ ભયંકરમાં ભયંકર રોગ છે. એમાં જીવનું મોત નિશ્ચિત છે.

➤ કરેલી કમાણી, મેળવેલી સંપત્તિ ગુમાવવાનો ઉપાય છે.

➤ સત્સંગની ભવ્ય ઈમારતને તોડવાની પ્રક્રિયા છે. એમાં સત્સંગની ઈમારત નહિ ટકે. સત્સંગ છિન્નભિન્ન થઈ જાય.

➤ કાળા ચશ્મા છે, એમાંથી સફેદ રંગ ક્યાંથી દેખાય ? અભાવ-અવગુણનાં ચશ્માં પહેર્યા પછી બીજાના સદ્‌ગુણો ક્યાંથી દેખાય ?

➤ અનેક પ્રકારના દુર્ગુણો, દોષો કે સ્વભાવોના અસ્તિત્વ માટેનો જરૂરી ઑક્સિજન છે. જ્યાં સુધી આ પ્રાણવાયુ મળતો રહેશે ત્યાં સુધી દુર્ગુણો નાશ નહિ પામે.

➤ દોષો કે દુર્ગુણોનું જનરેટર છે. પોતાનામાં નહિ હોય તોય ઉત્પન્ન થશે, અને હશે તો તેમાં વધારો કરી આપશે.

➤ સાપનો દર છે, રાફડો છે. ક્યારેક ઝેરી સાપના ઝેરી ડંસ લાગવાના અને પરિણામે મરવાના.

➤ ભારેલો અગ્નિ છે. અડવાથી તો દાઝવાના જ.

➤ કાગદૃષ્ટિ છે, એને પછી સારું ક્યાંથી દેખાય ?

➤ બકવૃત્તિ છે, એ માછલાં સિવાય 'મોતી'નો ચારો કેમ ચરે ?

➤ ગીધવૃત્તિ છે, મડદાં અને માંસના લોચા શોધવાનું અને ચૂંથવાનું અવતારકાર્ય બની ગયા પછી બીજું એને ક્યાંથી સૂઝે ?

➤ ગીંગાવૃત્તિ છે, વિષ્ટામાં જ રમમાણ એ ગીંગાને મોગરા, ચંપા, ગુલાબનાં પુષ્પોની સુવાસ ક્યાંથી અનુભવાય ?

➤ ભૂંડવૃત્તિ છે, વિષ્ટા, ગટર, ગંદકી સિવાય બીજે એને ક્યાંથી ફાવે ?

➤ ભયંકર અને જીવલેણ વ્યસન છે. એ પડ્યા પછી એમાંથી છૂટવું અને બચવું અતિ, અતિ, અતિ કઠણ છે.

➤ એવી એક સરકણી, લપસણી અને ચીકણી ભૂમિ છે કે એમાં ક્યારે સરકી કે લપસી જવાય તેનો ખ્યાલ જ નથી રહેતો. અંદર સરકી કે લપસી

પડ્યા પછી એની ચીકાશમાં એવા તો ચોંટી જઈએ છીએ કે એમાંથી કેમેય કરીને બહાર નીકળાતું નથી.

➤ સુંવાળી, હૂંફાળી અને મુલાયમ પથારી છે. એમાં પડ્યા પછી ઊભું થવાનું મન જ થતું નથી.

અભાવ-અવગુણનું સ્વરૂપ કેવું ભયંકર છે તે આપણે જોયું. હવે એનાથી શું શું થઈ શકે તેમ છે તે વિચારીએ.

અભાવ-અવગુણને લીધે –

➤ સ્વામીશ્રીની ઊંઘ હરામ થાય છે. એમનું સ્વાસ્થ્ય બગડે છે. એમને સૌથી વધારે ભીડો પડે છે, એમને અંતરમાં આનો જ તાપ અને સંતાપ રહે છે.

➤ સ્વામીશ્રી ઓશિયાળા થવાના. આપણે એમનો વિશ્વાસ ગુમાવવાના. એમને પણ આપણામાં વિશ્વાસ નહિ રહે.

➤ પ્રગટ સત્પુરુષમાં મનુષ્યભાવ આવશે, પરિણામે કદાચ પૂર્ણિમા જેવા થયા હોઈશું તોપણ અમાવાસ્યા જેવા થઈ જવાશે.

➤ સંપ, સુહૃદભાવ, એકતાનું દિવ્ય વાતાવરણ બગડશે, પરસ્પરના દિવ્ય સંબંધોમાં આગ લાગશે. એકબીજાનાં મન નોખાં પડશે.

➤ આ ગુણાતીતબાગ વેરવિખેર કે ખેદાનમેદાન થઈ જાય. એનું પોષણ, સંવર્ધન અને જતન થવાને બદલે ઉજ્જડ બની જાય.

➤ બીજાના ગુણો ઢંકાઈ જશે. એમના પ્રત્યે સદ્ભાવ, પ્રેમ નહિ રહે. એમની પ્રેમથી, મહિમાથી સેવા નહિ થાય. એમની સાથેના સંબંધો બગડશે. સંપ તૂટશે, કુસંપ વધશે.

➤ નિયમ-ધર્મ પાળવાનો, સેવા-ભક્તિ-તપ કરવાનો, શ્રીજીમહારાજ અને સ્વામીને રાજી કરવાનો, તેમની આજ્ઞા-અનુવૃત્તિ-રુચિ-મરજી પ્રમાણે જીવન જીવવાનો ઉમંગ, ઉત્સાહ, ઈશક ટળી જશે. કંઈ જ કરવાનું મન નહિ થાય. જે કાંઈ કરીએ તેમાં જરાય પણ મજા નહિ આવે. ઢસરડા થશે. વેઠ મનાશે.

➤ મોળા, હલકા, નકારાત્મક વિચારો આવશે. અંદરથી ભાંગી પડાશે.

➤ હતાશ, નિરાશ, ઉદાસીન, નાહિંમત, કાયર, બળહીન, સત્ત્વહીન થઈ જવાશે.

➤ સત્સંગમાં નહિ નભાય, નહિ ટકાય. કદાચ પડ્યા રહીએ પણ

વિકાસ નહિ થાય. સદ્ગુણો નહિ આવે. મોટાપુરુષનો રાજીપો નહિ પ્રાપ્ત થાય. શાંતિ નહિ થાય. જીવન સાર્થક નહિ લાગે.

➤ બધી રીતે હેરાન, પાયમાલ કે બરબાદ થઈ જવાના, દુઃખી - દુઃખી થઈ જવાના.

➤ સો ટકા વિઘ્નમાં જ બેઠા છીએ. ગમે ત્યારે વિઘ્ન નડશે.

➤ સ્થિરતા, સમતા, સંતોષ, સલામતી, સાર્થકતા, સંપૂર્ણતા અને શાંતિનો અનુભવ ક્યારેય, ક્યાંય અને કોઈ પણ સંજોગોમાં નહિ જ થાય.

➤ જીવનનો આનંદ ગુમાવી બેસવાના. આપણી શાંતિનું ખૂન આપણે જાતે જ કરવાના.

➤ કોઈ ફાવ્યું નથી અને આપણે પણ નથી જ ફાવવાના.

➤ કોઈ બચ્યું નથી અને આપણે પણ નથી જ બચવાના.

➤ કોઈની પ્રગતિ થઈ નથી અને આપણી પણ પ્રગતિ નથી જ થવાની.

➤ કોઈનેય શાંતિ થઈ નથી અને આપણને પણ નથી જ થવાની.

➤ જીવન કચરાપેટી જેવું બની જાય. બધા જ પછી આપણામાં બધાના બધી પ્રકારના અભાવ-અવગુણનો 'કચરો' નાંખવા આવે, આપણાં ઇન્દ્રિયો-અંતઃકરણ પણ બહારથી આવો જ કચરો અંદર ઠાલવે.

અભાવ-અવગુણથી થતા નુકસાનની ભયંકરતા જોઈને શ્રીજીમહારાજે અને ગુરુઓએ તેમાં પડવાનો સખત નિષેધ કર્યો છે. એકની એક વાત કેટલીવાર એમણે કરી છે ? એમનો કેટલો આગ્રહ છે ? એમનાં વચનો વાંચીએ અને વિચારીએ.

● અભાવ, અવગુણ અને દ્રોહનો નિષેધ

સાધકની સાધનામાં અભાવ, અવગુણ અને દ્રોહને લીધે વિઘ્ન ન આવે તે માટે શ્રીજીમહારાજ અભાવ, અવગુણ અને દ્રોહનો નિષેધ કરતાં કહે છે :

પ્ર.૩૧ – "એવો જે હરિભક્ત હોય તેનો કોઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ."

પ્ર.૫૩ – "સાધુનો અવગુણ ન લેવો ...ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ."

પ્ર.૭૧ – "ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ."

મ.૪૦ – "જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય તેને ભગવાનના ભક્તનો મને, વચને, દેહે કરીને દ્રોહ ન કરવો."

મ.૪૭ – "સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ."

વર.૧૧ – "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને એ ચાર(ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ, ગરીબ)માંથી કોઈનો દ્રોહ ન કરવો."

અં.૭ – "એમનો (ભગવાન અને ભક્તનો) અભાવ આવવા દેવો નહિ."

અં.૧૨ – "ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહિ."

અં.૨૧ – "ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તોપણ તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તોપણ એ હરિજનનો અવગુણ લેવો નહિ."

અં.૨૨ – "જેને પોતાનું રૂડું ઇચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ."

શ્રીજીમહારાજ વેદરસમાં લખે છે : "આપણે સત્સંગીનો તો અવગુણ લેવો જ નહિ. અને જો તે સત્સંગીનો અવગુણ લેશે તો તે મોક્ષના માર્ગથી પડી જશે. અને કુસંગીનો પણ અવગુણ ન લેવો." *(વેદરસ, પૃષ્ઠ : ૩)*

ગુણાતીતાનંદ સ્વામી પણ અભાવ, અવગુણ અને દ્રોહમાં પડવાની ના પાડતાં કહે છે :

◆ "સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું જે, અવગુણ લેવો." *(૨/૧૩૩)*

◆ "કોઈ સાધુનો અવગુણ ન લેવો." *(૬/૬૫)*

◆ "સત્સંગી, સાધુ ને ભગવાન એ ત્રણને જ પૂજ્યપણે કરીને માનવા, પણ એનો દોષ આવવા દેવો નહિ." *(૮/૨૪૨)*

◆ "જેને ભગવાનના ધામમાં જાવું હોય તેને કોઈનો દોષ ન લેવો." *(૮/૨૪૯)*

◆ "દેહધારી હોય તેમાં દોષ તો હોય, માટે એ દોષ ન જોવા... કોઈ

જમે, કોઈ ઝાઝી પથારી કરે, પણ એનો અભાવ ન લેવો.'' (૯/૪)

◆ ''સત્સંગમાં કોઈને થોડું જ્ઞાન હોય ને કોઈને વધુ જ્ઞાન હોય, કોઈને મંદિરની ક્રિયારૂપ ભક્તિ કરતાં આવડે ને કોઈને ન આવડે, કોઈ આળસુ હોય ને કોઈ પ્રમાદી હોય પણ જો આજ્ઞા-ઉપાસના ચોખી હોય ને મોટા સંતનો અભાવ ન હોય ને જેવા તેવા હોય તોપણ અવગુણ ન લેવો.'' (૧૦/૧૦૩)

◆ ''કુસંગીનો પણ અવગુણ ન લેવો.'' (૧૩/૧૫૩)

યોગીજી મહારાજ પોતાના ઉપદેશમાં વારંવાર અભાવ-અવગુણ લેવાનો નિષેધ કરતા. જુદાં જુદાં દૃષ્ટાંતો આપીને, જુદા જુદા રૂઢિપ્રયોગો કે વિશિષ્ટ શબ્દો વાપરીને અસરકારક રજૂઆત દ્વારા અભાવ-અવગુણમાં ન પડવાનો આગ્રહપૂર્વક ઉપદેશ આપતા. એકની એક વાત કરવામાં એમને ક્યારેય કંટાળો નથી આવ્યો. એમનાં ઉપદેશ-વચનોમાંથી કેટલાંક વચનો જોઈએ :

◆ ''અવગુણ લેવાનો - ઝેર પીવાનો રસ્તો લેવો જ નહિ. અભાવ-અવગુણરૂપી રસ્તો સદંતર બંધ કરવો.''

◆ ''મોટાનો મત એ જ છે અને શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં પાને પાને કહ્યું છે જે, અભાવ-અવગુણમાં પડશો નહિ. આપણને એ જોવાનો અધિકાર જ નથી. મહારાજ પંડે પણ જોતા નથી. માટે એ બારી જ બંધ કરવી. જેમ નાડી તૂટે તો દેહનું મોત થાય, તેમ આ જીવનું મોત સમજવું.''

◆ '' એક શબ્દ વિરોધનો ન સાંભળવો. ભલે તપ ન થાય પણ અભાવ ન લેવો. એક શબ્દ કોઈના અભાવનો ન આવવા દેવો.''

◆ ''ગુણાતીત બનવા કોઈનો અવગુણ લેવો નહિ. ગુણાતીત બાગના કાંટાનોય અવગુણ ન લેવો. ધૂળ જેવો હોય તેનો પણ અભાવ ન લેવો. કુસંગીનોય અવગુણ ન લેવો.''

◆ ''બધાં વચનામૃતોનો એક જ સિદ્ધાંત - નિર્દોષબુદ્ધિ રાખવી. કોઈનો અવગુણ ન લેવો. આ જેને સમજાય તેને ૨૬૨ વચનામૃત સિદ્ધ થઈ જાય. માટે અવળા વિચાર કરી હેડ્યમાં પગ ન ઘાલવો.''

◆ ''સ્વામિનારાયણનું એક નામ આખા વરસમાં લે - 'શાસ્ત્રીજી મહારાજ' એમ, તો એનો અવગુણ ન લેવો. તો રોજ નામ લેતો હોય તેનો અવગુણ કેમ આવે ? અભાવ-અવગુણ કોઈનો ન આવવો જોઈએ, તો

રજકણ બદલાયા કહેવાય."

◆ "અમારો - સંતનો સિદ્ધાંત કે કોઈનું વાંકું ન બોલવું. ખટપટમાં ન પડવું. કોઈ બે ધુંબા મારે તો ખમી લેવું."

◆ "કોઈ હરિભક્ત લાખો રૂપિયાની સેવા કરતા હોય પણ બીડી ફૂંકી લેતા હોય, કો'ક ઊંઘી જતો હોય, ઝાપટી લેતા હોય, કોઈ ઓછું-વત્તું ખાય તોપણ અવગુણ ન લેવો, ફજેત ન કરવો."

◆ "પોતાની દાઢી પહેલાં ઓલવી લેવી. પંચાતમાં ન પડવું. અવગુણ લેવાની ટેવ ન રાખવી. દરેકના ગુણ જ જોવા. દોષ પડતા મૂકવા. ભેંસનાં શિંગડાં ભેંસને ભારે. તું ભગવાન સામે જો ને ! ભગવાન કર્તા છે. 'ફલાણો આવો ને ફલાણો આવો' એવી વાત કરવી જ નહિ. બધા સારા જ છે. આપણે જ ખોટા છીએ એમ સમજવું."

◆ "આપણું વાંકું બોલે તેનું પણ આપણે વાંકું ન બોલવું. કોઈ આપણું વાંકું બોલે તો આપણો અવગુણ વિચારવો. જો આપણામાં વાંક ન હોય ને વાંકું બોલે તો એમ માનવું કે ભવિષ્યમાં ભૂલ થવાની હશે, તે ચેતવે છે, પણ અવગુણ તો લેવો જ નહિ. એમ વર્તીશું તો મહારાજ આપણામાં ભળશે. સાચું બોલતો હોય તોપણ કોઈનું વાંકું ન સાંભળવું. કોઈ સંભળાવવા આવે તો કહેવું : 'હાલ, ભાગ."

◆ "નાનાનો અવગુણ લેતાં ઠેઠ મહારાજનો ય આવી જાય. માટે ઈ રસ્તા બંધ. અવગુણ જોવાની બારી મળે તોપણ અવગુણ ન જોવા. ફલાણે આમ કર્યું, ફલાણે તેમ કર્યું, તે આપણે શું જોવાનું ? કોઈને ન સમજાતું હોય તો આગળ સમજાશે, પણ કોઈના દોષ તો કહેવા જ નહિ."

◆ "સેવા થાય તો કરવી પણ અસેવા જે અવગુણ લેવો, તે ક્યારેય ન કરવી. ભગવાન અને ભગવાનના ભકતનો ભીડો વેઠવો પણ અવગુણ ન લેવો."

◆ "અવગુણ ભારેલા અગ્નિ સમાન છે. જો ઉથામશું, અવગુણ ગાઈશું તો જરૂર હાથ દાઝશે. માટે અવગુણ ગાવાનો સ્વભાવ મૂકવો."

◆ "અક્ષરધામમાં વન-વે. રસ્તા બંધ. અભાવ-અવગુણ લેવાય જ નહિ. ગુણ જ લેવાનો. અવગુણ લે તેના રસ્તા બંધ. ગુણ લેવાનો જ રસ્તો. કોઈનો અવગુણ-અભાવ ન લ્યે તો અક્ષરધામમાં મહારાજ જવા દે. કોઈના

દોષ જોવા નહિ, કોઈનો અવગુણ લેવો નહિ.''

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અનેક વાર આવી વાતો કરીને સાધકોને અભાવ-અવગુણથી ચેતવ્યા છે, સાવધાન કર્યા છે, જાગ્રત કર્યા છે. જેમ કે,

◆ ''સમજી રાખો કે અહીં કોઈ બ્રહ્મરૂપ નથી. એક વાત દૃઢ કરી દો કે અવગુણની વાત તો તદ્દન મૂકી જ દેવી. જે થયું તે ભૂલી જવાનું. ભગવાનના દરબારમાં આવીને આપણે કોઈની ખટપટ કરવી નથી, સાંભળવી નથી. સેવા ન કરો તો વાંધો નહિ, પણ અભાવની વાતો થાય એ ખોટું. આમાં ક્યારેય શાંતિ નહિ થાય. બીજાના અવગુણની વાત થવી જ ન જોઈએ. નક્કી કરો કે આપણે આપણું જ જોવું છે. કોઈના અવગુણ જોવા નથી. કોઈના અવગુણની વાત કરવીય નથી અને સાંભળવી પણ નથી.''

◆ ''ભગવાન અને સંતને જો રાજી કરવા હોય તો બીજા કોઈનુંય જોવાનું નહિ. ભગવાન અને સંતની સામે જ જોવું. બીજા શું કરે છે, એ શું કામ જોવું ? બીજાનું જોવા કરતાં આપણું પોતાનું જ જુઓ તો જ આગળ વધી શકશો. આપણે આપણી ખોટ જોવી. બીજાની ખોટ જોવા આપણે આવ્યા જ નથી. બીજો આમ છે કે તેમ છે એ જોવું અને કહેવું એ આપણી ખોટ છે. આપણે તો આપણી જ ખોટ ટાળવાની છે. આપણે આપણા સામું જ જોવાનું છે કે આપણામાં કેટલા સ્વભાવ છે ? બીજા કોઈની ભૂલ હશે તો ભગવાન જોનારા બેઠા છે. આપણને સોંપ્યું છે ? આપણે બીજાના સ્વભાવ-દોષ કાઢી શકવાના છીએ ?''

◆ ''અહીં આપણે આપણાં સ્વભાવ-પ્રકૃતિ ટાળવા આવ્યા છીએ. બીજાના દોષો જોવાની જરૂર જ નથી, તે માટે આપણે આવ્યા પણ નથી એ સમજી રાખો : 'બીજાના ગુરુ થવા કરતાં આપણે આપણા પોતાના જ ગુરુ થવું. આપણે પોતાનું જ જુઓને ! આપણે આપણા સ્વભાવ ટાળવા આવ્યા છીએ. અહીં બીજાના માસ્તર નથી થવાનું. દરેકની ભૂલો તો થવાની જ છે. પણ ૯૯ ભૂલમાં એક ગુણ જોવા જેવો હશે તે જ જુઓ. આપણે કોઈના ધણી થવાની જરૂર નથી. તેમાં દુઃખ આવે, મુશ્કેલી પડે.''

◆ ''આપણે આપણું કલ્યાણ કરવા આવ્યા છીએ કે બીજા કોઈનું ? તમે તમારું પોતાનું જોતાં શીખો. પહેલાં તો તમે શા માટે અહીં સત્સંગમાં આવ્યા

છો, એનો વિચાર કર્યો કોઈ દા'ડો ? આપણે આપણું જ દૃઢ કરવા આવ્યા છીએ. બીજા માટેનો આગ્રહ જ ખોટો છે. બીજાની વાત જ મૂકી દો. બીજાની પંચાતમાં ન પડો. બીજાની વાતો કરવામાં તો અંત જ નથી આવવાનો."

◆ "જેને આગળ વધવું છે તે પોતાના ઈષ્ટદેવ, ગુરુ અને પોતાની સામે જ દૃષ્ટિ રાખે. એની બીજા કોઈ તરફ દૃષ્ટિ જ ન હોય. તમે તમારા સામે દૃષ્ટિ રાખીને ચાલો. બીજા સામે જુઓ જ નહિ. આપણા ધ્યેય સામે દૃષ્ટિ નહિ રાખીએ તો ત્યાં પહોંચાશે ? જે કરવા આવ્યા છીએ તે કરવા મંડી પડો. પણ બીજાની જે તે વાતો શું કરવા કરો છો ? એ એનું કર્યા કરશે. તમે તમારું પોતાનું જ કરો. એનું એ સંભાળશે. તમે તમારું સંભાળો તોય બસ છે."

◆ "બીજાના જે સ્વભાવ જોશો તે તમારામાં ઠલવાશે. માટે બીજાનું જોવાનું બંધ કરીને તમે તમારા સ્વભાવ ટાળવા પર જ તાન રાખો. બીજા જે કરતા હોય તે કરવા દો, તમને શી તકલીફ છે ? એનાથી તમારું ખાવાનું, પીવાનું, સૂવાનું બંધ થયું ? એનાથી તમને કાંઈ નુકસાન થયું ? તો પછી શું કામ એની માથાકૂટ કરવી ? એની ભૂલ એ સુધારશે, અને કદાચ નહિ સુધારે તો એને નડશે, એમાં આપણે શું લેવા-દેવા ? મહારાજ-સ્વામી પાસે મોક્ષ છે. બાકી બીજા જેવા હોય તેવા, એ આપણને ક્યાં નડે છે ? પરંતુ ફલાણો આવો ને ફલાણો તેવો તેમ કરવામાં શો ફાયદો ? અભાવ-અવગુણમાં કોઈ ફાયદો જ નથી. તો પછી શા માટે લેવો ? અભાવ-અવગુણ લે અને નિયમ-આજ્ઞા પાળે તો એનું કાંઈ ફળ મળે નહિ."

◆ "બીજાની જેમ-તેમ વાતો કરવાથી આપણું શું થશે, શું પરિણામ આવશે, એનો ક્યારેય વિચાર કરીએ છીએ ? બીજાની ડાયરી રાખવાથી આપણને કોઈ લાભ ખરો ? આપણે આપણી ડાયરી રાખવાનું નક્કી કરો. એમાં આપણી મહત્તા છે, વિશેષતા છે. એ કરવા આપણે આવ્યા છીએ. તમે તમારા સામે હંમેશાં દૃષ્ટિ રાખો ને નિરંતર વિચાર કરો કે હું ક્યાં છું ? મારામાં આવી ભૂલો થાય છે કે નથી થતી ?"

◆ "કોઈની ભૂલ કે કોઈના દોષ કહેવા જઈએ ત્યારે પહેલાં આપણે વિચાર કરવો કે મારામાં કાંઈ ખામી છે ? જો હોય તો તે મારે ટાળવી છે. બીજાનું જો-જો કરીએ તો આપણું ક્યારે જોઈશું ? શું આપણી ભૂલો થતી જ નથી ? મહારાજે **વચ. પ્ર.૭૬**માં કહ્યું કે ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની

અમને ગમતો નથી. તો એવા કોઈ દોષ આપણામાં છે કે નથી ? એ સ્વભાવ આપણામાંથી ટળ્યા છે ખરા ? આપણામાંથી નથી ટળ્યા તો પછી આપણે કોઈની વાત શું કરવા કરવી ? આપણે હજુ સિદ્ધ નથી થયા. કોઈનામાં કામ હશે તો કોઈનામાં ક્રોધ હશે. કોઈનામાં લોભ હશે તો કોઈનામાં માન હશે. છે કે નથી ? તો પછી બીજા માટે બોલવાનો શો અર્થ ? તમારી એ કોઈ વાત બીજા કરે તો તમને કેટલું દુઃખ થાય ? તો બીજાની વાતો કરવાથી એને નહિ દુઃખ થતું હોય ? માટે કોઈનીય નિંદા ન કરવી. કોઈનાય અભાવ-અવગુણની વાત ન કરવી. આ તમે સમજો.''

◆ ''જેનો જે દોષ હોય તેની વાત તમે બીજાને કરો તો તેટલું જ પાપ તમને લાગે. તમે એટલા જ દોષિત બની જાઓ છો. આ વાતની ખબર છે કે નથી ? બીજાને વાત કરો તો તમારે એટલું જ પ્રાયશ્ચિત્ત કરવું પડે. મહારાજ શિક્ષાપત્રીમાં કોઈની વાત કોઈને કહેવાની ના પાડે છે. બીજા તો કંઈક ભૂલ કરીને આજ્ઞા લોપે છે, પણ તમેય એની વાતો કરીને આજ્ઞા લોપો છો. એણે તો આજ્ઞા લોપી, પરંતુ તમે વધારે લોપી, એટલે વધારે દોષિત થયા.''

◆ ''આંખે તો દેખાવાનું જ, પણ યોગ્ય વ્યક્તિને, અધિકારીને કે સત્પુરુષને કહી દેવું. એ અભાવ-અવગુણ નથી, પરંતુ રસ્તે જતાને, બીજા-ત્રીજાને કહેવું, ઘરે-ઘરે જઈને કહેવું એ અવગુણ, એ અભાવ. મુખ્ય માણસને કહી દીધું તો એ નિકાલ કરે. ને ન કરે તો આપણે કોઈ માથાકૂટ ન કરવી કે બીજાને વાત ન કરવી. એ વાત જ્યાં-ત્યાં કરો એ બરોબર નહિ. અંદરોઅંદર ક્લેશ, કુસંપ અને અશાંતિ થાય એવી વાતો ન કરો.''

◆ ''મોટાપુરુષને વાત કરી દીધી પછી તમારે એની ચિંતા નહિ કરવાની. એ નિરાકરણ લાવશે. અને નિરાકરણ ન કરે તોપણ ચિંતા નહિ કરવાની. એ એની રીતે નિરાકરણ કરે. એને તો બધાનું કલ્યાણ કરવું છે. તરત જ કાઢી ન મૂકે. સુધરવાની સો વાર પણ તક આપે. એટલે બધાં પગલાં તાત્કાલિક નથી લેવાતાં. 'એને કેમ કોઈ કહેતું નથી' - એવો વિચાર ન કરો, એનેય કહે છે. આપણને કેટલી વાર કહ્યું છે ? તોય આપણે કેટલા સુધર્યા ? નથી સુધર્યા તોય આપણું ગાડું ચાલે છે. તો પછી બીજા માટે જરૂર વગરનો ખોટો આગ્રહ શા માટે રાખવો ? આપણામાં જે ભૂલો છે તે માટે આપણને ઘણી વાર કહેવામાં આવે છે, તોય આપણે સુધારો નથી કરતા તો

પછી બીજા માટે આગ્રહ શા માટે રાખીએ છીએ ?''

◆ ''અધ્ધરતાલ વાત આવી હોય તે માની ન લેવી. પહેલાં જાણો, સમજો કે એ વાત ક્યાંથી આવી ? કોના થકી આવી ? કેવી રીતે આવી ? એકદમ ખોટો અભિપ્રાય આપવા ન મંડો. જે તે વાત ઉપર ઊંડા ઊતરીને શાંતિથી વિચારો. આકળા-ઉતાવળા ન થવું. એ વાતમાં વિશ્વાસ કરતાં પહેલાં બરોબર તપાસ કરવી. કદાચ એ વાત સાચી હોય તોપણ કોઈની એવી વાતનો પ્રચાર ન કરવો. એને ફજેત કરવાની મહારાજે ના પાડી છે. કદાચ કોઈનાથી કંઈક ભૂલ થઈ ગઈ તો એ ભૂલ છતરાઈ કરવાની ન હોય, ગમે તેને કહેવાની ન હોય. યોગ્ય સ્થાને, યોગ્ય વ્યક્તિને, સત્પુરુષને કહી દો અને પછી તમે ભૂલી જાઓ.''

◆ ''કોઈ તમને કહેવા આવે તો ના પાડી દો. મહોબત મૂકીને એને કહી દો કે 'આ વાત ન કરો. મહારાજની આજ્ઞા નથી. મારે એ નથી સાંભળવું,' એમ કહી તમારે ઊભા થઈ જવું, પણ એવી વાત સાંભળવી તો નહિ જ. તો પછી ફરી વાર કહેવા નહિ આવે. કાન દઈને સાંભળશો તો ફરી વાર કહેવા આવશે.''

◆ ''કોઈની વાત જાણવા-જોવા મળે તો પેટમાં સમાવતાં શીખો. એ ભૂલતાં શીખો. બીજાને તો એ વાત કહેવી જ નહિ. બીજા પાસેથી જાણીને કે સાંભળીને, જીવમાં સાચવી રાખીને પછી બીજાને કહેવાની ઇચ્છા તો રાખવી જ નહિ. બીજા ગમે તેટલું પૂછે તોપણ કહેવું જ નહિ. એને કહી દેવું કે મને કંઈ ખબર જ નથી. હું કંઈ જ જાણતો નથી.''

◆ ''પોતાનો અંગત મિત્ર હોય તોપણ તેનેય ક્યારેય કોઈનીય વાત ન કરવી. એને વાત કરશો તો એનુંય ભૂંડું થશે ને તમારું પણ ભૂંડું થશે. બેયનું બગડશે. આજે જેને તમે વાત કરો છો, કાલે એ જ વ્યક્તિ તમારી વાત બીજાને કરશે. સાચા મિત્ર ભગવાન અને સંત છે. એની આગળ જેટલી વાત કરવી હોય એટલી કરો પણ ગમે તેનાં પોટલાં ગમે તેની પાસે ન ખોલો. ભગવાન અને સંત બધી વાત સમાવી લેશે, કંઈક નિરાકરણ કરશે. તમારું અને એનું સારું થાય એવી વાતો કરશે. પણ જો બીજાને વાત કરશો તો દુઃખ ઊભું થશે.''

◆ ''કોઈના ઉપર ખોટો આક્ષેપ મૂકવો નહિ, કોઈનોય ખોટો

અભિપ્રાય બાંધવો નહિ, કોઈને આપવો નહિ.''

◆ ''વિષ્ટા હાથમાં લેવાનું મન થાય છે ? બીજાનો કચરો ભેગો કરવાની જરૂર ખરી ? કોઈકની ભૂલ ભૂલવાની જ હોય. વિષ્ટા ચૂંથવાની ન હોય. તેના પર ધૂળ જ વાળવાની હોય.''

◆ ''આપણે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા આવ્યા છીએ તો નિશ્ચય થવો જોઈએ કે મારે કોઈનાય કોઈપણ અભાવ-અવગુણની કંઈ વાત સાંભળવી નથી અને કહેવી પણ નથી.''

◆ ''બીજા જે કાંઈ સાચું-ખોટું, બીજું-ત્રીજું કરતાં હશે તે ભગવાન જાણે છે. ભગવાન કોઈકના દ્વારા એને પણ દંડ આપશે. દંડ દેનારા ભગવાન છે. માટે બીજી કોઈ વાત કર્યા સિવાય એટલું સમજો કે ભગવાન અંતર્યામી છે. એ બધું જાણે છે. આપણીય વાત જાણે છે ને બીજાનીય જાણે છે. ભગવાનને સર્વકર્તા અને સર્વજ્ઞ જાણશો તો કોઈનીય કોઈ વાત ક્યાંય કરવાની કે સાંભળવાની રહેતી જ નથી.''

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં આ વચનો વાંચીને વિચારતાં અને સમજતાં ખ્યાલ આવે છે કે –

➤ 'અભાવ-અવગુણ બંધ કરો' એ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ તથા મોટેરા સંતોનાં સમગ્ર જીવન અને ઉપદેશોનો આ સાર છે, અભિપ્રાય છે, સિદ્ધાંત છે. એ માટે એમણે ખૂબ આગ્રહ રાખ્યો છે. સાનમાં ન સમજ્યા, એમની અનુવૃત્તિ કે મરજી ન સમજ્યા તો એમણે વાતો કરી છે, અરે ! હૈયાની રાડો પાડી છે. ઢોલ-નગારાં વગાડીને કુંભકર્ણની નિદ્રામાં ઊંઘેલાને જગાડ્યા છે. હવે જાગીએ. એમનો આ અભિપ્રાય સમજીએ. આપણી પાસેથી એમની આ અપેક્ષા છે. એમને આપણી પાસે આ કરાવવું છે. એમની અપેક્ષા પૂરી કરવી એ આપણી ભક્તિ છે. એ પ્રમાણે કર્યા વગર લાખ જન્મેય છૂટકો નથી, તો આજે અને અત્યારે જ શા માટે ન કરવું ?

➤ અવગુણ લેવા માટે ક્યારેય, ક્યાંય અને કોઈનેય નથી છૂટ આપવામાં આવી કે નથી એનું લાયસન્સ આપવામાં આવ્યું.

➤ અભાવ-અવગુણની વાતોથી સો ગાઉ દૂર રહીએ, સાંભળીએ જ નહિ. જીવમાં ન ઘાલીએ, કારણ કે અંદર ગયા પછી કાઢતાં વર્ષો કે જન્મો લાગશે.

➤ બીજાને હલકા પાડવાથી આપણે સુધરી ગયા છીએ એ ગણિત જ ખોટું છે.

➤ બીજાની ટીકા કરીને પોતાની જાતને 'સારા' દેખાડવાની વૃત્તિ જ ખરાબ છે.

● અભાવ, અવગુણ અને દ્રોહનાં કારણો

સંતો-ભક્તોના અભાવ, અવગુણ આવવાનાં કે એમનો દ્રોહ થવાનાં અનેક કારણો છે. જુદી જુદી વ્યક્તિને જુદાં જુદાં કારણોસર અભાવ-અવગુણ આવતો હોય છે કે દ્રોહ થતો હોય છે. એ કારણોમાંથી કેટલાંક કારણોનું અહીં મુદ્દાસર નિરૂપણ કરીશું, જ્યારે કેટલાંક કારણોનો અહીં ફક્ત ઉલ્લેખ જ કરીશું અને તેનો વિશેષ વિચાર "અભાવ, અવગુણ અને દ્રોહ ટાળવાના ઉપાયો"ના નિરૂપણ વખતે કરીશું. હવે આપણે તે કારણો જોઈએ.

(૧) ધ્યેયની યથાર્થ સ્પષ્ટતા અને દૃઢતા નથી. વસ્તુતઃ અભાવ આવવાનું આ મુખ્ય કારણ છે. સાધકને જ્યારે પોતે શા માટે સત્સંગમાં આવ્યો છે, શું કરવાનું છે, અને શું મેળવવાનું છે એની સ્પષ્ટતા અને દૃઢતા ન હોય ત્યારે જ તે બીજાની પંચાતમાં પડે છે, ખટપટ કરે છે, અભાવ-અવગુણ લે છે.

(૨) ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવાનો તીવ્ર ખપ, ઈશક કે વેગ નથી. એ માટેનું તાન અને અનુસંધાન નથી. તેથી અભાવ-અવગુણની ગંદકીમાં પડાય છે.

(૩) દેહભાવ અર્થાત્ પંચ વિષયમાં આસક્તિ કે વાસના તથા કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર આદિક સ્વભાવો કે દોષોને લીધે અભાવ-અવગુણ આવે છે. જ્યારે આ દોષોની પ્રબળતા વધે અથવા તો એમાંથી કોઈ પણ સ્વભાવનું ખંડન થાય ત્યારે તે સાધક પોતાના સ્વભાવને મૂકવાને બદલે તે સ્વભાવ ઉપર વાતના કરનારાનો અવગુણ લે છે. વળી, આંતરિક દોષોને લીધે આસુરીમતિ થવાથી પણ તેને બધું અવળું જ દેખાય અને સૂઝે. ક્યારેક પોતાના સદ્‌ગુણોનું માન હોય, પોતાની સાધનાનો કંઈક અહંકાર હોય તોપણ એવા ગુણો જ્યારે બીજામાં ન દેખાય ત્યારે તેનો અવગુણ આવે છે. અવગુણમાં ક્યારેક ઈર્ષ્યા, અસૂયા કે મત્સરની

પ્રબળતાને લીધે બીજાના ગુણોને ભૂલીને એકાદ અવગુણને આગળ કરીને અથવા તો ગુણને પણ અવગુણમાં પલટાવીને અન્ય વ્યક્તિનું હીણું દેખાય તેવા પ્રયત્નો થતા હોય છે. ટૂંકમાં 'દેહભાવ' ને લીધે જ પ્રાયઃ અભાવ-અવગુણ આવે છે. વચનામૃતોમાં મહારાજે અભાવ-અવગુણ આવવાના મુખ્ય કારણ તરીકે દેહભાવ કે સ્વભાવનો જ નિર્દેશ કર્યો છે. જેમકે,

પ્ર.૧ – "સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે."

પ્ર.૬ – "ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે."

પ્ર.૨૮ – "અસદ્વાસનાની વૃદ્ધિ થાય છે ને તેને તો દિવસે દિવસે સત્સંગી માત્રનો અવગુણ આવે છે."

પ્ર.૩૧ – "જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું જ સૂઝે."

પ્ર.૩૫ – "જ્યારે આસુરી બુદ્ધિ થાય ત્યારે ભગવાન તથા ભગવાનના ભક્તના જે ગુણ હોય તે દોષ સરખા ભાસે છે."

લો.૧ – "સંત છે તે તો ધર્મવાળા છે, તે જ્યારે કોઈકને અધર્મમાં ચાલતો દેખે ત્યારે તેને ટોકે, પછી જે દેહાભિમાની હોય તેને સવળો વિચાર કરીને શિક્ષા ગ્રહણ કરતાં આવડે નહિ ને સામો તે સંતનો અવગુણ લે, માટે જ્યાં સુધી એને દુખાડીને કહે નહિ ત્યાં સુધી માહાત્મ્ય રહે ને જ્યારે હિતની વાત પણ દુખાડીને કહે ત્યારે અવગુણ લે ને માહાત્મ્ય ન જાણે."

લો.૬ – "વ્યવહારમાં આસક્તિ હોય તથા દેહાભિમાન હોય તથા માન હોય ને તેને ભગવાન તથા સંત તે ખોદે તો તે ભગવાનનો ને સંતનો અવગુણ જરૂર લે."

લો.૮ – "જે ડાહ્યો હોય તેને પોતામાં જે કોઈ અયોગ્ય સ્વભાવ દેખ્યામાં આવ્યો ને તેની ઉપર પોતે અતિ દોષબુદ્ધિ રાખીને દ્વેષે સહિત તે સ્વભાવને ટાળ્યાનો દાખડો કરતો હોય અને તે સ્વભાવ ઉપર પોતાને અતિ ખાર હોય અને તેનો તે સ્વભાવ કોઈ બીજા સંતમાં દેખાય ત્યારે તેનો અભાવ આવે છે. અને જે મૂર્ખ હોય તે તો પોતાના સ્વભાવને ટાળે નહિ ને બીજા સંતમાં કાંઈક તે સ્વભાવ દેખે તો તેનો અવગુણ લે છે તેને મૂર્ખ કહીએ."

લો.૧૬ – "જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે. કેમ જે, જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, 'જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં કોઈક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે."

લો.૧૭ – "દેહાભિમાની હોય ને પંચ વિષયનો અતિશય અભાવ ન થયો હોય, તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે."

મ.૪૦ – "ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે.

મ.૪૪ – "ભૂંડાં દેશ, કાળ, ક્રિયા, સંગ આદિકને યોગે કરીને બુદ્ધિ પલટાઈને બીજી રીતની જ થઈ જાય છે તેણે કરીને અવગુણ વધુ સૂઝે છે."

મ.૬૬ – "આ જન્મે અથવા કોઈ જન્માંતરને વિષે એણે કોઈક મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે, તે પાપે કરીને એની બુદ્ધિ દોષે યુક્ત છે. માટે એને હરિભક્તના દોષ સૂઝે છે ને પોતાના દોષ સૂઝતા નથી."

અં.૩૯ – "સાધુ ભેળા રહેતા હોઈએ તેમાં પરસ્પર કોઈક નિમિત્તે બોલાચાલી થાય તથા કોઈક જાતનો અહં-મમત્વ થાય તથા માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા એ આદિક અવગુણની પ્રવૃત્તિ થાય ત્યારે જો આત્મા પોતાને ન જાણતા હોઈએ તો સાધુનો અવગુણ આવે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "આપણામાં પણ કામ, ક્રોધાદિકના માંહિલા દોષ આવીને પ્રવેશ કરે ત્યારે મોટાનો અવગુણ આવે ત્યારે ન કરવાનું પણ થાય." *(૧/૬૨)*

◆ "રાત-દિવસ સંત ભેળું રહેવું તેમાં જો ટોકાય તો અવગુણ આવે." *(૮/૮૮)*

◆ "પદાર્થ ન મળે તો કોઠારીનો અવગુણ લે ને સ્વાદનો સ્વભાવ હોય તો ભંડારીનો અવગુણ લે ને દેહાભિમાન હોય તો મોટેરા કામ ચીંધે તેનો અવગુણ લે." *(૧૧/૫૦)*

◆ "અહં-મમત્વ થાય તો અવગુણ આવી જાય." *(૧૧/૨૭૦)*

◆ "પંચ વિષય જોતા હોય તેને અવગુણ આવ્યા વિના રહે નહિ. દેહાભિમાન હોય તેને અવગુણ આવે." (૧૪/૧૬૧)

◆ "જેને પોતાનું ધાર્યું કરવા અહં-મમત્વ બાંધશે તેને બીજાના અવગુણ આવ્યા વિના રહેશે નહિ." (૧૫/૧૦૦)

આ પ્રમાણે ઉપરોક્ત સર્વે સંદર્ભોના સારરૂપે કહી શકાય કે સાધકના પોતાના જ દેહાભિમાન મૂલક સ્વભાવ તેમ જ તેની પંચ વિષય પ્રત્યેની આસક્તિ કે વાસના જ અભાવ-અવગુણ લેવામાં મુખ્ય કારણરૂપ છે.

(૪) દોષદૃષ્ટિ એ મનુષ્યમાત્રનો સહજ સ્વભાવ છે. એ માનવજાતની કમજોરી છે. કાગડો જેમ પશુના શરીરમાં જ્યાં ચાંદું હોય ત્યાં જ બેસે, બગલો જેમ માછલું જ પકડે, ગીંગા જેમ વિષ્ટામાં જ રમમાણ રહે તેમ જીવની સહજ વૃત્તિ છે બીજાના દોષો જોવાની, કહેવાની, સાંભળવાની અને વિચારવાની. એના વગર એને ચેન જ ન પડે. યોગીજી મહારાજ કહે છે : "જીવનો સ્વભાવ છે : બે શબ્દ વાટવાનો, ને વાટે ત્યારે જ ટાઢો કોઠો થાય." નિર્જળા ઉપવાસ પછી ઠંડું શરબત પીએ ત્યારે જેમ ટાઢકનો અનુભવ થાય, એમ અભાવ-અવગુણની વાતો સાંભળે, કહે, વિચારે ત્યારે શાંતિ થાય. કોઈ દિવસ દુકાન ન ચાલે તો જેમ માણસ ઉદાસ થઈ જાય, તેમ કોઈક દિવસ અભાવ-અવગુણમાં પડવાની તક ન મળી હોય તો ઉદાસ થઈ જવાય કે આજનો દિવસ નકામો ગયો. જીવની આ સાહજિક વૃત્તિ છે.

(૫) ભગવાન અને ગુણાતીત સંતનો અને તેના સંબંધવાળા સર્વે સંતો-ભક્તોનો યથાર્થ મહિમા નથી.

(૬) યથાર્થ ગુણગ્રાહકદૃષ્ટિ નથી.

(૭) ઈષ્ટદેવ, ગુરુપરંપરા અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવન, ઉપદેશ અને અનુવૃત્તિ સામે યથાર્થ દૃષ્ટિ નથી.

(૮) ફક્ત સ્થૂળ દૃષ્ટિથી લેવાયેલ ઉતાવળો નિર્ણય અભાવ-અવગુણનું કારણ બને છે. જે તે વ્યક્તિના અંતરનો શુભ હેતુ કે આશયને જાણ્યા કે સમજ્યા વગર, તેની આંતરિક સ્થિતિને ઓળખ્યા વગર, તેના પૂર્વાપરના સંજોગોને પારખ્યા વિના કેવળ ઉપલક દૃષ્ટિએ તેના દ્વારા થતી ક્રિયા કે પ્રવૃત્તિને જોઈને જ અભાવ-અવગુણ આવતો હોય છે. પૂરતી માહિતી વગર, અથવા તો જે તે વ્યક્તિના જે તે પ્રસંગમાં ઊંડા ઊતર્યા વગર સ્થૂળ ક્રિયાને

જોઈને જ તેના વિષે ખોટું અનુમાન કે ખોટા અભિપ્રાયોની ગાંઠ બાંધી લેવાથી અભાવ-અવગુણમાં ઊતરી જવાય છે.

(૯) પોતાના વિષેનો પોતે જ સ્વીકારી લીધેલો 'ગુરુભાવ' પણ અભાવ-અવગુણનું નિમિત્ત બને છે. 'હું જ સમજું છું, હું જ સૌથી મોટો છું, હું કહું તેમ જ સૌએ કરવું જોઈએ' - આવી અહંકારવૃત્તિ વ્યક્તિને અભાવ-અવગુણ લેવરાવે છે. કારણ કે એને પોતાની રીતે જ બધા વર્તે એવી ઇચ્છા રહ્યા કરે અને બીજા બધા જ એની ઇચ્છા પ્રમાણે વર્તે જ એવું ન પણ બને. જ્યારે એની ઇચ્છા કે માન્યતા વિરુદ્ધનું વર્તન બીજામાં દેખાય ત્યારે અભાવ-અવગુણ આવે છે.

(૧૦) અન્ય પ્રતિ યથાર્થ સહિષ્ણુતા, ક્ષમાવૃત્તિ, ધીરજ, સહાનુભૂતિ, મમતા, આત્મીયતા, પ્રીતિના અભાવે પણ અભાવ-અવગુણ આવવાની શક્યતા વધે છે.

(૧૧) પોતાના સ્વભાવો, દોષો, અવગુણો સામે દૃષ્ટિ નથી, તેનો વિચાર નથી; તેથી બીજાનો અવગુણ લેવાનું મન થાય છે.

(૧૨) અભાવ-અવગુણને લીધે પોતાને થતા નુકસાનનો ખ્યાલ નથી, તેની ગંભીરતા નથી અથવા તો તેનું અનુસંધાન નથી એટલે જ એમાં પડાય છે.

(૧૩) અભાવ-અવગુણની બાબતમાં મોટા ભાગે દેખાદેખીથી બીજાનો વાદ લેવાય છે, અને પછી પોતે પણ બીજાનું જોઈને અભાવ-અવગુણમાં ઊતરી પડે છે.

(૧૪) પૂર્વગ્રહનાં ચશ્માં પણ બીજાનો અભાવ-અવગુણ લેવરાવે છે. પૂર્વગ્રહ કોઈકની પૂર્વે થયેલ ભૂલનું પ્રમાણપત્ર સાચવી રાખે છે અને એને એ જ દૃષ્ટિથી જોયા કરે છે.

(૧૫) અભાવ-અવગુણમાં પડેલા અને ડુબેલાઓના કુસંગથી પણ અભાવ-અવગુણનો સ્વાદ ચાખવા મળે છે. અભાવ-અવગુણનો સ્વાદ તો બત્રીસ જાતનાં ભોજન કરતાંય વિશેષ સ્વાદિષ્ટ લાગવાથી એમાં ઊતરી પડાય છે.

(૧૬) આત્યંતિક મુક્તિની સાધનામાં ભગવાન અને સંતના આશરાના બળને બદલે ફક્ત 'સાધન'નું બળ જ્યાં સુધી છે ત્યાં સુધી અભાવ-અવગુણ આવવાનો જ. સત્સંગમાં સર્વે સાધકોની મુમુક્ષતા અને શ્રદ્ધા એક સમાન

હોતી નથી, તેથી કોઈક સાધનો કરે, કોઈક ઓછાં કરે, કોઈક અમુક સાધન ન કરે ત્યારે સાધનના બળવાળાને અવગુણ આવે છે.

(૧૭) ગાફલાઈ અને બેદરકારીને લીધે ક્યારે અભાવ-અવગુણમાં ઊતરી પડાય છે તેનો ખ્યાલ જ નથી આવતો. અભાવ-અવગુણ ન લેવો જોઈએ એવું જ્ઞાન તો પ્રાયઃ સર્વેને છે, પણ ગાફલાઈને લીધે ભૂલ થાય છે.

(૧૮) આળસ-પ્રમાદ અને નવરાશને લીધે અભાવ-અવગુણમાં ઊતરી જવાની શક્યતા વધે છે. નવરું મન નખ્ખોદ વાળે. નવરાશના સમયે બીજા સાથે વાર્તાલાપ દરમ્યાન આમાં સરકી જવાય.

- **અભાવ, અવગુણ અને દ્રોહ ટાળવાના ઉપાયો**

અભાવ-અવગુણ આવે જ નહિ, અથવા કદાચ આવી જાય તો તેને ટાળવા માટે નીચે જણાવેલ ઉપાયોમાંથી જેને જે અને જેટલા ઉપાયોથી કામ સરતું હોય તે અને તેટલા ઉપાયો અજમાવવા જોઈએ.

(૧) પોતાના ધ્યેયની સ્પષ્ટતા, દૃઢતા અને તેનું સતત અનુસંધાન

સાધકના મનમાં આદર્શ અને ઊંચા ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા જેટલી વધારે થાય તેટલી તેની દૃષ્ટિ અને વૃત્તિ અભાવ, અવગુણ અને દ્રોહમાંથી પાછી વળે. સાધકે દરેક મન-કર્મ-વચને થતી પ્રવૃત્તિમાં અનુસંધાન રાખવું જોઈએ કે -

- હું શું કરવા આવ્યો છું અને શું થઈ રહ્યું છે ?
- હું ક્યાં જવા આવ્યો છું અને ક્યાં જઈ રહ્યો છું ?
- હું શું મેળવવા આવ્યો છું અને શું મેળવી રહ્યો છું ?

જો સાધક પોતાની સમગ્ર શક્તિ, દૃષ્ટિ અને વૃત્તિ પોતાના ધ્યેયની સિદ્ધિમાં જ એકાગ્ર કરે તો તેને બીજાનું જોવાનો, સાંભળવાનો, કહેવાનો કે વિચારવાનો સમય જ ન મળે. પોતાનું ઊંચું લક્ષ્ય સિદ્ધ કરવા માટે જો પોતે પોતાનામાં જ ઊંડો ઊતરે તો પોતાની સાધનામાં અને પોતાના જીવનમાં કેટલું બધું સુધારવાનું છે તેનો તેને અંદાજ આવે અને પછી તે બીજાની માથાકૂટમાં સમય અને શક્તિનો બગાડ કરે જ નહિ. જેને સાચા અર્થમાં વધુમાં વધુ અને સારામાં સારી રીતે સાધના કરવી હોય તેને અભાવ-અવગુણમાં પડવું પોસાય

જ નહિ. લૌકિક કે આધ્યાત્મિક સફળતાના શિખરે પહોંચેલા મહાન પુરુષો ક્યારેય બીજાની પંચાત કરવામાં પડ્યા જ નથી. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામી મહારાજને ક્યારેય કોઈનો કોઈ પ્રકારનો અવગુણ ન આવવાનું કોઈ મહત્ત્વનું કારણ હોય તો તે છે એમના ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

(૨) ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવાનો ઈશક

સાધકના મનમાં ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો જેટલો ઈશક, ખપ અને વેગ જાગે, એમને રાજી કરવાનું જેટલું અંતરમાં તાન અને અનુસંધાન રહ્યા કરે એટલી એની દૃષ્ટિ અને વૃત્તિ અભાવ, અવગુણ અને દ્રોહમાંથી પાછી વળે. રાજી કરવામાં પણ ૧% થી માંડીને ૧૦૦% સુધીનાં સ્તર હોય છે. જો સૌથી વધારે રાજીપો અર્થાત્ સો એ સો ટકા રાજીપો પ્રાપ્ત કરવાનો લોભ અંતરમાં જાગે તો તે અભાવ-અવગુણમાં પડે જ નહિ. કારણ કે અભાવ-અવગુણમાં પડવાથી રાજીપો તો ન મળે, પરંતુ કુરાજીપો અવશ્ય મળે. તેથી પોતે જે કાંઈ કરે છે તેમાં કેવળ ભગવાન અને સંતને રાજી કરવાનું જ તાન અને અનુસંધાન રાખવું જોઈએ અને અંતરને પૂછતાં રહેવું જોઈએ કે હું જે બોલું છું, સાંભળું છું અને વિચારું છું, તેનાથી મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ રાજી થશે ? જો એ બાબત અભાવ-અવગુણની હોય તો એમાં એમનો રાજીપો નથી જ, તો તેથી તે પ્રવૃત્તિ બંધ કરી દેવી જોઈએ. જો આ પ્રમાણે પ્રયત્ન થતો રહે તો અભાવ-અવગુણ બંધ થાય.

(૩) અભાવ-અવગુણથી થતા નુકસાનની ગંભીરતાનો વિચાર

એકાદશીના દિવસે ભૂલમાંય ચણાનો કે મમરાનો દાણો મોંમાં મુકાઈ ગયો હોય તોય થૂંકી નાખીએ, અંતરમાં ડંખે કે આજ્ઞા લોપાઈ, એકાદશી તૂટી, પરંતુ અભાવ-અવગુણથી કેટલું ભયંકર નુકસાન થાય છે તેનો ખ્યાલ જ નથી આવતો. એની ગંભીરતા સમજાતી જ નથી. સિંહ, સાપ, વીંછી કે ઝેરથી થતા નુકસાનની સમજણ ખૂબ જ સ્પષ્ટ છે, તો તેનાથી સહેજે જ દૂર રહેવાય છે. વીજળીના થાંભલે લખેલ 'Danger, खतरा, ભય' જેવા શબ્દો વાંચીને એનાથી દૂર જ રહીએ છીએ. એવી જ રીતે અભાવ, અવગુણ અને

દ્રોહથી વ્યક્તિને પોતાને, બીજાને, સત્સંગને, સંસ્થાને કેટલું નુકસાન થાય છે તે જો સ્પષ્ટપણે સમજાય, દૃઢ થાય, એનું ચિત્ર કંઈક મનમાં સ્પષ્ટ થાય તો એક ઝાટકે અભાવ-અવગુણ નીકળી જાય. માટે અગાઉ જણાવ્યા પ્રમાણે અભાવ, અવગુણ અને દ્રોહથી થતાં નુકસાનનો વિચાર કરીને એની ગંભીરતાનો ખ્યાલ કરવો જરૂરી છે.

(૪) ઈષ્ટદેવ અને ગુરુઓનાં જીવન અને ઉપદેશવચનો સામે દૃષ્ટિ

એમનાં જીવન અને ઉપદેશ-વચનોનો વિચાર કરીએ; તેનું ચિંતન, મનન, નિદિધ્યાસન કરીએ તો એમનો હૃદ્‌ગત સિદ્ધાંત, અભિપ્રાય સમજાય. એમની રુચિ, મરજી અનુવૃત્તિ શેમાં છે તેનો ખ્યાલ આવે. એમનો રાજીપો અને કુરાજીપો શાનાથી છે, એટલે કે એમને શું ગમે છે અને શું નથી ગમતું તેની સ્પષ્ટતા થાય. તેઓ આપણી પાસે શી અપેક્ષા રાખે છે ? તેઓ આપણને કેવા બનાવવા માગે છે ? એમનો આપણા માટેનો આદર્શ કેટલો ઊંચો છે ? આ બધું સમજાય. 'એમને જે નથી જ ગમતું તે નથી જ કરવું' - એવો દૃઢ નિર્ણય થઈ શકે. વળી, તેઓ તેમના સમગ્ર જીવન દરમ્યાન ચિત્ર-વિચિત્ર સ્વભાવવાળા લોકો સાથે રહેવા છતાં તેમની સાથે સેવા-ભક્તિ, પ્રવૃત્તિ કરવા છતાં કેવી રીતે અભાવ-અવગુણથી નિર્લેપ રહ્યા છે તેનો પણ ખ્યાલ આવે. આમ, એમનાં જીવન અને ઉપદેશ-વચનોને નજર સમક્ષ રાખવાથી આપણી આદર્શ સાધનાનો નકશો તૈયાર કરી શકાય. અને એ જ માર્ગે ચાલવાની પ્રેરણા અને શક્તિ મળે. કોઈનો અભાવ-અવગુણ લીધા વગર સૌની સાથે રહીને સેવા-ભક્તિ કરી શકાય છે. આપણી નિર્વિઘ્ન સાધના થઈ શકે છે એવો એક આત્મવિશ્વાસ જાગ્રત થાય અને દૃઢ થાય.

વળી, આપણી ઉજ્જવળ ગુણાતીતપરંપરાનો વિચાર દૃઢ થાય, આપણાં દિવ્ય અને ખાનદાન કુળની અસ્મિતા જાગ્રત થાય તોપણ આપણા કુળની લાજનો વિચાર આવે, અને અભાવ-અવગુણમાંથી વૃત્તિ પાછી વળે. 'મારા ગુરુઓમાંથી કોઈએ ક્યારેય, કોઈનોય, કોઈ પણ સંજોગોમાં અવગુણ લીધો જ નથી, હું આ દિવ્ય પરંપરાનો વારસદાર છું તો મારાથી અભાવ-અવગુણ લેવાય જ કેમ ?' એ વિચાર કરીએ તો અભાવ, અવગુણ અને દ્રોહમાં પડવાનું મન ન થાય. એનાથી બચી શકાય. એમાંથી બહાર નીકળી જવાય.

(૫) દૃઢ નિશ્ચયાત્મક ઠરાવ-નિર્ણય

જ્યાં સુધી આપણે અભાવ, અવગુણ અને દ્રોહ બંધ કરવાનો દૃઢ નિરધાર, નિર્ણય કે ઠરાવ નહિ કરીએ, ત્યાં સુધી આપણે આ પ્રવૃત્તિ બંધ નહિ જ કરીએ, ત્યાં સુધી આ પ્રવૃત્તિ બંધ નહિ જ થાય. ઠરાવ વગર ક્યારેય, ક્યાંય, કોઈનાથી કંઈ પણ થતું નથી. બધા જ બધું જ જાણે છે, પણ દૃઢ નિશ્ચયાત્મક નિર્ણય કરતા નથી. માટે દરેક સાધકે સ્પષ્ટતા અને દૃઢતાપૂર્વક નિર્ણય કરવો જોઈએ.

મારે કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ ભોગે, ક્યારેય, ક્યાંય, કોઈનોય કિંચિત્‌પણે અભાવ-અવગુણ જોવો નથી, સાંભળવો નથી, કહેવો નથી, અને વિચારવો પણ નથી.

➢ કોઈ પણ વ્યક્તિમાં કદાચ સેંકડો અવગુણો, દોષો, વિચિત્ર સ્વભાવો હોય છતાં,

➢ તે મારા દેહાભિમાન, પંચ વિષયનું ખંડન કરે છતાં,

➢ તે મારા માટે બધી રીતે પ્રતિકૂળ હોય છતાં,

➢ મારી પોતાની અપેક્ષા, ધારણા, માન્યતા, જીવનશૈલીથી તદ્દન ઊલટું જ તેનું વર્તન, તેની મન, કર્મ, વચને પ્રવૃત્તિ હોવા છતાં, મારે તેની પંચાતમાં કે તેના અવગુણમાં પડવું જ નથી, તેની વાત સાંભળવી કે કરવી નથી, તેનો વિચાર સુદ્ધાં પણ નથી કરવો. કારણ કે એ ભયંકર ઝેર છે, એમાં મારું મોત નિશ્ચિત છે. આ પ્રકારનો નિશ્ચયાત્મક ઠરાવ કરવો જરૂરી છે.

(૬) ભગવાન, ગુણાતીત સંત અને સંબંધવાળાનો મહિમા

ઉપરોક્ત ચાર મુદ્દાની દૃઢતા પછી અભાવ-અવગુણ ન આવે તે માટે, અને આવ્યો હોય તો તે ટળી જાય તે માટે અતિ અગત્યનો ઉપાય આ છે. ભગવાન અને આ ગુણાતીત સંતની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે ? એમનું કેવું અલૌકિક સામર્થ્ય છે ? તેઓ કેવા ભ્રષ્ટ જીવોનું પણ પરિવર્તન કરી શકે છે ? તેના સંબંધે માયિક જીવો પણ કેવી રીતે નિર્ગુણ થઈ જાય છે ? આવો અનંત પ્રકારનો મહિમા સમજાય તો તેમના સંબંધમાં આવેલા સંતો-ભક્તોનો પણ મહિમા સમજાય.

નિષ્કુળાનંદ સ્વામી ચોસઠ પદીમાં કહે છે :

ક્યાં જીવ ક્યાં જગદીશ, જાણો જુજવી એ જાત છે રે;
મર આપિયે સો સો શીશ, તોય વણમળ્યાની વાત છે રે.
ક્યાં કીડી કરિ મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;
ક્યાં પૂર્ણ પુરુષોત્તમ આપ, ક્યાં જીવ જેને બહુ કેદ છે રે.

(પદ : ૨૭)

મુક્તાનંદ સ્વામી કહે છે :

ભવ-બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠ્યાની જાગ્ય જો...

આવા ભગવાન અને ગુણાતીત સંતનો સંબંધ આ સંતો-ભક્તોને થયો છે એ એમનાં બહુ જ મોટાં ભાગ્ય છે. એવો સંબંધનો વિચાર કરવો જોઈએ. શ્રીજીમહારાજ **વચ. પ્ર.૨૪**માં કહે છે : "જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે, 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે,' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો."

ભગવાનનો યથાર્થ મહિમા સમજાય તો કોઈનોય અવગુણ ન આવે એમ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૭૮ – "એવા મોટા જે ભગવાન તેના દાસનો મહિમા જ્યારે વિચારે ત્યારે ભગવાનના ભક્તનો પણ કોઈ રીતે અવગુણ આવે નહિ."

કા.૯ – "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ... એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહિ. અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી

આદિક તેને પણ દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ?''

વળી, મહારાજ કહે છે કે ભગવાનના સંબંધમાં આવનાર સર્વે નિર્ગુણ છે (**વચ. મ.૮,૧૩; વર ૧૨; અં.૨૮**). તેથી ભગવાનના ભક્તોને બ્રહ્મની મૂર્તિઓ જ સમજવી (**વચ. મ.૬૩**). તેમને વિષે મનુષ્યભાવ ન પરઠવો (**વચ. લો.૧૮**).

તુલસીદાસ ભક્તનો મહિમા સમજાવતાં કહે છે :

તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ;
તાકે પગકી પહનિયાં મેરે તનકી ચામ.

જો ભક્તો-સંતોનો આવો મહિમા હોય તો અભાવ-અવગુણ ક્યાંથી આવે ?

યોગીજી મહારાજ કહે છે :

◆ ''સ્વામિનારાયણનું એક નામ આખા વરસમાં લે - 'શાસ્ત્રીજી મહારાજ' એમ, તો એનો અવગુણ ન લેવો. તો રોજ નામ લેતો હોય તેનો અવગુણ કેમ આવે ?''

◆ ''આ સત્સંગ ગુણાતીતબાગ છે, એમ સમજાય તો દોષમાત્ર જતા રહે. તેને કોઈ શત્રુ જ નથી.''

(૭) સાધનોનું નહિ, પણ ભગવાન અને સંતના આશરાનું જ બળ

અગાઉ આપણે 'આત્યંતિક મુક્તિના સર્વોત્તમ ઉપાય' એ પ્રકરણમાં સમજ્યા છીએ કે જીવનું કલ્યાણ કોઈ સાધનોથી નહિ, પરંતુ ભગવાનની શરણાગતિ-ઉપાસનાથી જ થાય છે. જે કાંઈ સાધનો કરીએ છીએ તે તો તેમની પ્રસન્નતા માટે 'હાં હાં ગડથલ' જેવું છે.' આપણાં ગમે તેવાં સાધનો હશે તોપણ ફક્ત તે સાધનોથી મુક્ત થઈ શકાય તેમ છે જ નહિ.

આપણને માયાપર કરવાનું સામર્થ્ય આપણા કોઈ સાધનમાં નથી. ભગવાન અને સંત પોતે જ પોતાના સામર્થ્યથી પોતાના આશ્રિત સૌને માયાપર કરવાના છે. આ રીતે જો એમના આશરાનું જ પ્રાધાન્ય હોય તો કદાચ કોઈનાથી અમુક નાનું-મોટું સાધન ન થઈ શકતું હોય તો તેનો અવગુણ ન આવે.

ઉપરોક્ત પ્રકરણમાં **વચ. પ્ર.૬૩; પં.૬,૭; મ.૮,૧૩,૨૧** વગેરે વચનામૃતોના સંદર્ભોના આધારે સમજ્યા છીએ કે કદાચ કુસંગ અથવા તો પ્રારબ્ધયોગે કંઈક વર્તવામાં ફેર પડે; તોપણ જો ભગવાનના સ્વરૂપનો યથાર્થ દૃઢ નિશ્ચય હોય તો તેનું અકલ્યાણ થતું નથી, અંતે તો તેનું કલ્યાણ જ થાય છે. શ્રીજીમહારાજનો આ સ્પષ્ટ અભિપ્રાય છે. એટલે તો તેઓ **વચ. પ્ર.૩૧**માં કહે છે :

"મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે. અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તોપણ એ નાનો જ છે. અને પ્રથમ કહી એવી મોટ્યપ તો આજ આપણા સત્સંગમાં સર્વ હરિભક્તને વિષે છે, કેમ જે, આજ જે સર્વ હરિભક્ત છે, તે એમ સમજે છે જે, 'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ' એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા તે ભગવાનની ભક્તિ કરે છે. માટે એવા જે હરિભક્ત તેનો કાંઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ."

ગુણાતીતાનંદ સ્વામી પણ મહારાજના આ અભિપ્રાયની પુષ્ટિ કરતાં કહે છે : "આપણામાં કેટલાકને બ્રાહ્મણની ક્રિયા હોય, સોનીની, વાણિયાની, કણબીની, કોળીની, ક્ષત્રીની એવી જુદી જુદી ક્રિયાઓ હોય. તે ક્રિયા સામું જોઈએ તો મોક્ષ થાય જ નહીં. માટે તે ક્રિયા સામું જોવું નહિ, ભગવાન સામું જોવું. ભગવાનની આગળ ક્રિયાનો શો ભાર છે ને વાસનાનો શો ભાર છે ? માટે હરિભક્તમાં તથા સાધુમાં રજોગુણી, તમોગુણી ને સત્ત્વગુણી ક્રિયાયું હોય તે જોઈને અવગુણ લેવો નહિ. જેને ભગવાનનો આશરો થયો છે તે તો ગુણાતીત થઈ રહ્યો છે, ને રજોગુણી, તમોગુણી ને સત્ત્વગુણી એ ત્રણ પ્રકારના જીવને ભગવાનનો સંબંધ થાય તો ગુણાતીત થઈ જાય છે."

(૫/૨૨૪)

(૮) આત્મભાવ કે બ્રહ્મભાવની દૃઢતા

દેહભાવમાં જ બધા દોષો રહ્યા છે, પરંતુ આત્મભાવ, બ્રહ્મભાવમાં કોઈ દોષો જ નથી. પોતાને આત્મા-બ્રહ્મ માનવાથી કદાચ કોઈ ટીકા, નિંદા કરે,

ખોટા આક્ષેપો મૂકે, ગુસ્સે થાય, છતાં કોઈનોય અવગુણ નહિ આવે. શબ્દ અડશે જ નહિ. અપમાન લાગશે જ નહિ, પછી અભાવ તો ક્યાંથી આવે ? તેથી જ તો અભાવ-અવગુણ ન આવે તે માટે મહારાજે આત્મનિષ્ઠા દૃઢ કરવાનું **વચ. અં.૩૯**માં કહ્યું છે. વળી, જો પોતાને આત્મનિષ્ઠા દૃઢ થઈ હોય તો તે બીજાને પણ આત્મારૂપ માને. જ્યાં સુધી પોતાની જેમ બીજા પણ આત્મારૂપ કે બ્રહ્મરૂપ છે એમ ન મનાય, ત્યાં સુધી સાધકની આત્મનિષ્ઠામાં પણ નક્કરતા નથી, પરંતુ પોકળતા અને પોલાણ છે. જો વસ્તુતઃ નક્કર આત્મનિષ્ઠા હોય તો આ સ્થિતિ થયા પછી પોતાને જેમ શુદ્ધ બ્રહ્મરૂપ મનાય એમ બીજા પણ બ્રહ્મની મૂર્તિ, ચૈતન્યની મૂર્તિ જ મનાય, બ્રહ્મરૂપ જ મનાય. आत्मवत् सर्वभूतेषु સમજાય. સર્વમાં એને પોતાના ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનાં જ દર્શન થાય, ભગવાન સિવાય એને બીજું કાંઈ દેખાય જ નહિ (**વચ. કા.૭**). તો પછી અભાવ-અવગુણ તો ક્યાંથી નજરમાં જ આવે ?

(૯) સાંખ્યનો વિચાર

જેમાં આસક્તિ હોય તેનું ખંડન થવાથી અભાવ આવે છે. તેથી સાંખ્યદૃષ્ટિ કરીને એ પદાર્થ, વિષય, વ્યક્તિ, પ્રવૃત્તિનું સાંખ્ય કરી નાખવું. 'આત્મા'ને એની જરૂર જ નથી. ગમે ત્યારે એક દિવસ તો જરૂર મૂકવાનું જ છે. એ હું ક્યાં લઈને આવ્યો હતો અને ક્યાં લઈને જવાનો છું ? તો તુચ્છ વિષય કે પદાર્થ માટે અભાવ-અવગુણથી થતી ભયંકર ખોટ શા માટે ખાવી ? 'રસ્સા પાયા હિ ન થા' એવી સાંખ્યદૃષ્ટિ વારંવાર કેળવવી પડે છે.

ક્યારેક તો કોઈક સારી ક્રિયા, પ્રવૃત્તિ હોય, મંદિર અને સત્સંગના વિકાસ માટેની હોય, એમાં આપણો કોઈ વ્યક્તિગત સ્વાર્થ ન હોય છતાં મોટેરા ના પાડે તો ભગવાનની ઇચ્છા એમ માનીને સાંખ્ય કરી નાખવું પણ એ વ્યક્તિનો અભાવ ન લેવો, ન કહેવો કે ન વિચારવો.

(૧૦) સત્-અસત્‌ના વિવેકની દૃઢતા

સાધકના હૃદયમાં જો સત્-અસત્, કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક સ્પષ્ટ અને દૃઢ થાય તો 'ગુણ'ને મૂકીને અવગુણ લે જ નહિ. કેરીને મૂકીને વીંછીને કોણ લે ? કરોડ રૂપિયાનો ચેક મૂકીને કચરો કોણ લે ? હીરા મૂકીને વિષ્ટાને કોણ

પકડે ? અમૃત મૂકીને ઝેર કોણ ખાય ? સુગંધને છોડીને દુર્ગંધ લેવા કોણ તૈયાર થાય ? તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૬ – "આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે."

પ્ર.૧૬ – "જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે... સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે."

(૧૧) અહંશૂન્યતા, સેવકભાવ, દાસભાવની દૃઢતા

પોતાના ગુણનું માન જ બીજાનો અવગુણ લેવા પ્રેરે છે. ગુરુભાવ પણ અવગુણ લેવા માટે પ્રેરણાસ્રોત છે. એ બન્ને ભાવ કાઢીને 'હું કંઈ જ નથી, હું કંઈ જ સમજતો નથી, બીજા બધું સમજે છે, હું નાનો છું, સેવક છું, દાસ છું, મારા કરતાં બીજા મોટા છે', આવા વિચારની સ્પષ્ટતા અને દૃઢતા કરતા રહેવું જોઈએ.

પોતાને સર્વના સેવક, દાસ, ગુલામ કે ગુલામના ગુલામ અંતરથી મનાય તો ક્યારેય, કોઈ સંજોગોમાં કોઈનોય પણ લેશમાત્ર અભાવ-અવગુણ આવે જ નહિ. આ વિચારની દૃઢતા પહેલાં કદાચ અવગુણ આવ્યો હોય તોપણ તે આ વિચારથી ટળી જાય.

આ વિષે પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "આ બધા સમજે છે ને હું નથી સમજતો, મારા કરતાં બીજા બધા મોટા છે ને મારા કરતાં વધુ સમજે છે. આટલો જ એનો ગુણ ગ્રહણ કરીએ તો કોઈનો અવગુણ આવે નહિ. કારણ કે આપણે જાણીએ છીએ કે એ આપણાથી મોટા છે, સારા છે, ડાહ્યા છે અને આપણાથી વધારે જાણે છે.

(૧૨) દરેક પ્રત્યે પ્રીતિ, મમતા અને આત્મીયતા

કુટુંબમાં સર્વે સભ્યો ગુણાતીત નથી એટલું જ નહિ, પરંતુ એમાંથી કોઈક તો કુપાત્ર હોય અને કુલક્ષણવાળા હોય છતાં પણ દરેકમાં હેત અને

આત્મીયતા છે તો અવગુણ આવતો નથી (**વચ. મ.૫૪,૫૯**). એમ આ સત્સંગમાં આપણે સૌ એક જ ઈષ્ટદેવ, એક જ ગુરુના અનુયાયીઓ, આશ્રિતો છીએ, અર્થાત્ આપણે સૌ એક જ દિવ્ય કુટુંબના સભ્યો છીએ, એમ મનાય તો પરસ્પર પ્રીતિ, મમતા અને આત્મીયતા દૃઢ થતી જાય. પછી એકબીજાનો અવગુણ પણ નહિ આવે, કદાચ આવશે તો વધુ વાર ટકશે નહિ. આંટી કે વૈરભાવની ગાંઠ નહિ બંધાય. પાણીમાં કે હવામાં લીટાની જેમ તુરત જ ભૂંસાઈ જશે. પરસ્પર કોઈકની ભૂલ થાય તો તેના હિતાર્થે કહેવું પડે, ટોકવું પડે; પરંતુ એમાં એને ફજેત કે દુઃખી કરવાની વૃત્તિ ન રહે, હિતની ભાવના રહે. માતા વિના બાળકને ટોકે-વઢે, ક્યારેક મારે પણ ખરા, પરંતુ ચોરને મારે એમ નહિ. બિલાડી ઉંદરને પકડે અને પોતાનાં બચ્ચાંને પકડે તેમાં તફાવત છે. એમ સર્વે જો પોતાના મનાય તો કહેવું-ટોકવું પડે, પણ એમાં એનો આનંદ ન લે. એનું જીવન બગડે નહિ એવી શુભ ભાવના રહે. આપણા ગુરુઓને આપણા પ્રત્યે પ્રીતિ, મમતા અને આત્મીયતા છે તો તેઓને આપણો અવગુણ આવતો નથી. એમ આપણામાં જો પરસ્પર આ ભાવના કેળવાય અને દૃઢ થાય તો પછી અભાવ-અવગુણમાં સરકી નહિ જવાય.

શ્રીજીમહારાજ કહે છે :

વર.૧૧ – "જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહિ, અને તેનાં વચન પણ સત્ય મનાય, એવી રીતે લૌકિક-માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે."

અં.૧ – "જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે હેત હોય તેને અવગુણ પણ કોઈ રીતે આવે જ નહિ."

આ રીતે સર્વે સંતો-ભક્તો પ્રત્યે પ્રીતિ, મમતા અને આત્મીયતાને લીધે અભાવ, અવગુણ અને દ્રોહમાં પડતાં બચી જવાય. પરિણામે, પરસ્પર કુસંપ થતો અટકી જાય અને સત્સંગમાં સંપ, સુહૃદભાવ અને એકતાનું દિવ્ય વાતાવરણ જળવાઈ રહે. એટલે જ તો મહારાજ સૌમાં આવી પ્રીતિ અને આત્મીયતા રાખવાનું સમજાવતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "સંત-હરિભક્ત ઉપર હેત ન હોય અને તે અખંડ મૂર્તિમાં ચિત્ત રાખતો હોય તથા ક્યારેય અન્ન ન ખાતો હોય તો પણ લોકોને ઠગનારો છે, એમ સાચા હરિભક્તોએ માનવું. જેને સંત-હરિભક્તમાં પ્રીતિ છે તેને જ

મૂર્તિમાં ચિત્ત ચોંટે. પ્રીતિ વિના કોટિ જ્ઞાન કથે તથા અશન, વાસનાનો ત્યાગ કરે તોપણ તે વૃથા છે. ધ્યાન તથા સમાધિ તેને થાય જ નહિ.''

(પૂર : ૯, તરંગ : ૧૮)

◆ ''જગતમાં સ્ત્રી અને પુરુષ એક ઘરનાં હોતાં નથી, છતાં સ્ત્રી ઘરમાં આવે છે ત્યારે સૌથી અધિક થઈ જાય છે અને ભિન્ન ભિન્ન દેહ હોવા છતાં તેની સાથે મન એક થઈ જાય છે... તેને નિમિત્તે અપાર દુઃખ ભોગવે છે. તેવો સંબંધ સત્સંગમાં બંધાય તો સંત-હરિભક્તનાં કડવાં વચનનો પણ અંતરમાં ડાઘ પડે નહિ. પરસ્પર હેત હોય ત્યાં સુધી જીવ બંધાય છે. સત્સંગમાં મમત્વ બંધાય તો સહેજે પક્ષ પણ રહે.''

(પૂર : ૧૧, તરંગ : ૮૨)

◆ ''જ્યાં સુધી સંતમાં પરસ્પર અલૌકિક હેત છે ત્યાં સુધી ભગવાન પ્રગટ છે.'' *(પૂર : ૧૪, તરંગ : ૮૪)*

(૧૩) દરેક પ્રત્યે ઉદારતા, સહિષ્ણુતા, ક્ષમાવૃત્તિ, અને સહાનુભૂતિ

સર્વે સંતો-ભક્તો પ્રત્યે પ્રીતિ, મમતા અને આત્મીયતાના પરિપાકરૂપ તેમના પ્રત્યે ઉદારતા, સહિષ્ણુતા, ક્ષમાવૃત્તિ, અને સહાનુભૂતિ કેળવાય જ. માતાને બાળક પ્રત્યે મમતાના પરિણામ સ્વરૂપે જ ઉદારતા છે, સહિષ્ણુતા છે, ક્ષમાવૃત્તિ છે અને સહાનુભૂતિ છે. આપણા ગુરુઓ આપણા કેવા વિચિત્ર સ્વભાવ સહન કરે છે ? કેવી કેવી ભૂલોને માફ કરે છે ? એમની જેમ જો આ ભાવનાઓ કેળવાય તો કોઈનોય અવગુણ નહિ આવે, કોઈનોય તિરસ્કાર નહિ થાય, કોઈનીય ઉપેક્ષા નહિ થાય. કોઈ પણની ગમે તેવી ભૂલને ઉદાર દિલે સહન કરી શકીશું, માફ કરી શકીશું. એટલું જ નહિ, પરંતુ ભૂલી શકીશું. તેમના પ્રત્યે સહાનુભૂતિને લીધે એમની એ ભૂલ ટળે, એમના સ્વભાવો દૂર થાય તે માટે અંતરથી પ્રભુને પ્રાર્થના થઈ જશે. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં જીવનમાં આપણને આ હકીકત સાક્ષાત્‌પણે અનુભવાય છે.

(૧૪) વાસ્તવિકતાનો સ્વીકાર

આદર્શ ગમે તેટલો સારો અને ઊંચો હોય છતાં વાસ્તવિકતાનો સ્વીકાર

કરવો જ રહ્યો. ફક્ત આદર્શનો જ સ્વીકાર અને વિચાર થાય અને વાસ્તવિકતાનો સ્વીકાર કે વિચાર ન કરીએ તો અભાવ-અવગુણ જરૂર આવશે.

સભામાં મોડું ન આવવું જોઈએ, કથામાં ઊંઘવું ન જોઈએ, સેવામાં મોડું ન આવવું જોઈએ, ખટપટ ન કરવી જોઈએ, ટી.વી. ન જોવું જોઈએ, હોટલમાં ખાવા ન જવું જોઈએ. ડુંગળી-લસણ ખાવાં ન જોઈએ, ક્રોધ ન કરવો જોઈએ - આ અને આવી ભૂલો બિલકુલ ન થવી જોઈએ - એ આદર્શ છે; છતાં કોઈ પણ કારણોસર એવી ભૂલ થઈ જાય છે એ વાસ્તવિકતા છે. આદર્શ અને વાસ્તવિકતા વચ્ચેનાં અંતરને જાણી લેવું જોઈએ, માપી લેવું જોઈએ અને સમજી લેવું જોઈએ. ઊંચા આદર્શ સાથે આપણા સૌની વાસ્તવિકતા શું છે તે વિચારી લઈએ :

(i) જ્યાં સુધી કોઈ પણ વ્યક્તિ બ્રહ્મરૂપ નથી થઈ ત્યાં સુધી તે એનાં મૂળભૂત સ્વભાવ, દોષ, દુર્ગુણો, વાસના, પ્રકૃતિ, કુટેવોને વશ છે. ઈન્દ્રિયો-અંતઃકરણને વશ છે. ગમે તેવો જ્ઞાની હોય તેમ છતાં તેનાથી પોતાની પ્રકૃતિ પ્રમાણે આચરણ થઈ જાય છે (**વચ. મ.૩૭**). વિદ્વાન હોય, પ્રયત્નશીલ હોય છતાં તેની ઈન્દ્રિયો તેને વિષયો તરફ ખેંચી જાય છે (**ગીતા : ૨/૬૦**) એટલે વ્યક્તિની ઈચ્છા ન હોવા છતાં ક્યારેક સ્વભાવવશ ભૂલ થવાની શક્યતા રહે છે.

(ii) આ અધ્યાત્મ-રોગનું દવાખાનું છે. અહીં કોઈ સાજા થઈને નથી આવતા, પરંતુ સાજા થવા માટે આવે છે. દરેકનો રોગ અને રોગનું પ્રમાણ જુદું જુદું હોઈ શકે, ઓછું-વધતું હોઈ શકે, પરંતુ એ નક્કર વાસ્તવિકતા છે કે ગુણાતીત સત્પુરુષ સિવાય આપણે બધા જ ભવરોગના દરદીઓ છીએ. દવાખાનામાં દરદીઓને એકબીજાના રોગ જોઈ અભાવ લેવાનું પાલવે ? અને અભાવ લે કે તેની ચર્ચા કરે તો કોને શો ફાયદો થવાનો છે ? એમ અહીં જ્યારે આપણે બધા દરદીઓ જ છીએ ત્યારે બીજાના રોગની ચર્ચા કરવા કરતાં પોતાનો રોગ ટાળવાના ઉપાયોમાં મશગૂલ રહેવું જ હિતાવહ અને શાંતિપ્રદ છે.

(iii) અનાદિ કાળથી જીવને વળગેલા આ રોગથી જીવ સાથેના કારણ-દેહ અજ્ઞાન-અવિદ્યા કે મૂળભૂત પ્રકૃતિ કે દેહભાવથી મુક્ત થવું અત્યંત કઠિન છે. આપણે ધારીએ કે માનીએ એટલું સહેલ નથી કે એની પ્રક્રિયા પણ ઝડપી નથી. આ કાર્યક્રમ એક દિવસની 'ક્રિકેટમેચ' જેવો નથી. એ

વરસોની સાધના માંગે છે. વળી, દરેકનો આ રોગ એક સમાન નથી. કદાચ એક સમાન હોય તોપણ તેની તીવ્રતા દરેક માટે એક સમાન નથી. તેથી કોઈકને એ રોગ અઠવાડિયામાં મટે તો બીજાને પાંચ મહિના લાગે તો કોઈકને પાંચ વર્ષ પણ લાગે. આ અંતઃશત્રુ સૌને માટે એક સમાન બળિયા નથી. કોઈકની સામે ફોસી કે ડરપોક શત્રુ હોય તો તુરંત જિતાય જાય. કોઈકની સામે અત્યંત કઠોર અને શૂરવીર હોય તો જીતતાં વાર લાગે (વચ. પ્ર.૭૦). એટલે અધ્યાત્મ-માર્ગમાં ક્યારેય કોઈની સાથે તુલના ન કરી શકાય. તેથી પોતાની જાત સાથે બીજાની તુલના કરીને બીજાનો અવગુણ લઈ ન શકાય, કારણ કે દરેકની વાસ્તવિકતા જુદી છે.

(iv) આપણે આપણા પોતાનો વિચાર કરીએ તોપણ ખ્યાલ આવે કે કોઈ એક સ્વભાવ, દોષ, દુર્ગુણ કે કુટેવમાંથી મુક્ત થવું આપણા માટે કેટલું કઠણ છે ? જો આપણા માટે અમુક સ્વભાવ કાઢવો મુશ્કેલ છે તો બીજા માટે બીજો સ્વભાવ દૂર કરવો પણ કઠણ હોય. જો આ જ હકીકત હોય તો પછી આપણને બીજાનો અભાવ લેવાનો અધિકાર જ ક્યાં છે ?

(v) બીજા કોઈના સ્વભાવ, દોષ ટાળવા માટે આપણે શક્તિમાન નથી એ વાસ્તવિકતા છે. વળી, કોઈનોય પણ અભાવ જોવાથી, લેવાથી કે તેના વિષે ચર્ચા કરવાથી એનો સ્વભાવ સુધરવાનો નથી એ પણ એટલી જ વાસ્તવિકતા છે. જો એમ જ હોય તો પછી બીજાના અભાવ-અવગુણમાં પડીને શા માટે દુઃખ ઊભું કરવું ?

(vi) દરેક વ્યક્તિને સુધરવું છે, સ્વભાવ દૂર કરવા છે, મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા છે. એટલા માટે તો તે સત્સંગમાં આવેલ છે. અહીં આવીને કોઈનેય બગડવું નથી કે બગડેલા રહેવું નથી, કોઈનેય પોતાનું જીવન કલંકિત કરવું નથી કે સ્વામીને કુરાજી કરવા નથી. આ પણ એક વાસ્તવિકતા છે. દરેક સુધરવા પ્રયત્ન કરે છે, પ્રાર્થના કરે છે. ભૂલ થાય તો નિષ્કપટ થઈને પ્રાયશ્ચિત્ત પણ કરે છે. દરેકની આંતરિક મથામણ હોય જ છે. જો આ વાસ્તવિકતા હોય તો તેનો અવગુણ લેવો એ આપણા માટે ભયંકર અપરાધ છે, જેને ભગવાન પણ માફ ન કરે.

(vii) દરેકનાં પૂર્વસંસ્કાર, મુમુક્ષતા, ખપ, શ્રદ્ધા, અંગ, રુચિ, વૃત્તિ, બુદ્ધિ, શક્તિ, જીવનશૈલી, વિચારપદ્ધતિ એક સમાન નથી. દરેક પોતપોતાની

રીતે સાધના દ્વારા ભગવાન અને સંતને રાજી કરતા હોય છે. સર્વે સાધકો આપણી જ રીતે વર્તે, આપણી જ માન્યતા અનુસાર સાધના કરે એ કદાપિ શક્ય નથી. તેથી એવો આગ્રહ રાખીને, પોતાની સાથે તુલના કરીને બીજાનો અવગુણ લેવો એ નરી મૂર્ખાઈ છે.

(viii) સર્વેના નિયંતા મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ છે. એ સર્વેને બ્રહ્મરૂપ કરવા સમર્થ છે. એ કાર્ય એમનું છે, આપણું નથી. એ જવાબદારી એમની છે, આપણી નથી. ક્યારે, ક્યાં, કોનું, કોના દ્વારા, કેવી રીતે અને કેવું પરિવર્તન કરવું એ એમને ખબર છે. એ બધું એમના આયોજનમાં છે. એ પ્રમાણે તેઓ કરે જ છે. એમાં આપણે માથું મારવાની જરૂર જ નથી. એમના આ આયોજનમાં ડખલ કરવાનો અધિકાર આપણો નથી. એ એમની રીતે કરશે. આપણે કોઈની પંચાતમાં શા માટે પડવું ?

ઊંચા આદર્શની સાથે સાથે આ બધી વાસ્તવિકતાનો ખ્યાલ રહે તો કોઈનોય અભાવ-અવગુણ લેવાનો પ્રશ્ન જ ઊભો નહિ થાય, કદાચ પ્રશ્ન થાય તો ટકશે નહિ.

(૧૫) બીજા માટે કોઈ પણ પ્રકારના આગ્રહનો ત્યાગ

કેટલીકવાર બીજાને અમુક રીતે વર્તાવવાનો આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ અભાવ-અવગુણ લેવરાવવામાં નિમિત્ત બને છે. 'બીજાએ અમુક જ કામ અમુક રીતે જ કરવું જોઈએ, અમુક સાધનો આ રીતે જ કરવાં જોઈએ, એણે આ રીતે જ બોલવું કે લખવું જોઈએ,' - આવા વિવિધ પ્રકારના આગ્રહનો ત્યાગ થવો જોઈએ. બધા આપણી રીતે જ વર્તે એવું નથી. જે આગ્રહ પોતાના માટે છે તે બીજાના માટે લાગુ ન પાડી શકાય. વસ્તુતઃ તો બીજાને અમુક રીતે વર્તાવવા કે સમજાવવાનો આગ્રહ છોડીને પોતે જ વ્યવસ્થિત રીતે વર્તવુ કે સમજવું, જોઈએ તો પોતામાં કોઈ કસર ન રહે.

એટલે તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાને સમજવાનો હોય અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો હોય તો કાંઈ કસર રહે જ નહિ." *(૨/૬૧)*

માટે આ પૂર્વે જણાવેલ બધી વાસ્તવિક્તાનો ખ્યાલ રાખીને બીજાને અમુક રીતે વર્તાવવા કે સમજાવવાનો આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ છોડી દેવામાં આવે તો કોઈનોય અવગુણ ન આવે.

(૧૬) પૂર્વગ્રહનો ત્યાગ

ભૂતકાળમાં કોઈક વ્યક્તિ સાથે બનેલ અણબનાવને લીધે એ વ્યક્તિ પ્રત્યેનો પૂર્વગ્રહ આપણને અભાવ-અવગુણ લેવરાવે છે. પૂર્વગ્રહના ચશ્મા નાની ભૂલ મોટી કરી બતાવે છે. કદાચ એ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ ન હોય તો એ ભૂલ નજરમાં પણ ન આવત. કદાચ આવત, તોપણ એની બહુ ચર્ચા ન થાત કે એ વ્યકિતને બદનામ કરવા માટે પ્રયત્નશીલ ન થાત. ક્યારેક પૂર્વે થયેલ ભૂલોનાં પ્રમાણપત્રો (સર્ટિફિકેટ) સાચવી રાખીએ અને એ જ દૃષ્ટિથી એને જોયા કરીએ છીએ, પરંતુ એ વ્યક્તિ તો કયારનીય સુધરી ગઈ હોય એવું પણ બની શકે. એ ભૂલનું એણે પ્રાયશ્ચિત્ત પણ કરી લીધું હોય એવું પણ બને. એમ છતાં 'પૂર્વગ્રહ'ને લીધે એનો અવગુણ લઈએ તો એ પાપ છે **(વચ. પ્ર.૧૦)**. તેથી પૂર્વગ્રહનો ત્યાગ કરવો જોઈએ. એવું યાદ રાખીએ કે પ્રત્યેક ક્ષણે માણસ જુદો છે. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ક્ષણે બદલાઈ શકે તેમ છે. બીજી જ ક્ષણે માણસ બદલાઈ ચૂક્યો હોય એવું પણ બને. મોટાપુરુષની દૃષ્ટિથી તે નિષ્પાપ થઈ ગયો હોય. કોઈ પણ વ્યક્તિ માટે જો આ હકીકત બની શકે તેમ હોય તો એવા સંજોગોમાં દિવસો, મહિનાઓ કે વર્ષો પહેલાં થયેલ ભૂલને લીધે એ વ્યક્તિનો અભાવ-અવગુણ લીધા કરીએ, એની વાતો કર્યા કરીએ, એને એ જ દૃષ્ટિથી જોયા કરીએ એ કેટલું ખોટું કર્મ છે ? તેથી અભાવ-અવગુણ લેવરાવવામાં નિમિત્ત બનનાર પૂર્વગ્રહનો ત્યાગ કરવો જરૂરી છે.

(૧૭) શૂરવીરપણું

ઇન્દ્રિયો-અંતઃકરણને સંયમમાં રાખવા શૂરવીરતાની ખૂબ જરૂર છે. શૂરવીર થઈએ તો જ અભાવ-અવગુણ ન જોવાય, ન સંભળાય, ન કહેવાય, કે ન વિચારાય. **(વચ. પ્ર.૬)**. ક્યારેક બીજા જ્યારે અભાવ-અવગુણની વાતો કરવા આવે ત્યારે તો વધારે શૂરવીર થવાની જરૂર છે. મિત્રતાને દાવે કે

મહોબ્બતને કારણે જો એવી કુથલીની વાતો એકાદવાર પણ સંભળાઈ જાય તો તેનો પછી ચસ્કો લાગે. તે વારંવાર સાંભળવાનું મન થાય. બીજા પણ વારંવાર કહેવા આવે. માટે એવા શૂરવીર થવું કે કોઈ આવી વાત આપણને કરવાની હિંમત જ ન કરી શકે. જે કોઈ અભાવ-અવગુણની વાતો કરતા હોય એવા કુસંગનો શૂરવીરતાપૂર્વક ત્યાગ કરવો અથવા તો એવી વાતો કરવાની સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દેવી.

(૧૮) સર્વેના ગુણોનું સંશોધન, શ્રવણ, વાંચન, કથન અને મનન

જો દરેક પદાર્થ કે પ્રસંગમાંથી સવળી, રચનાત્મક કે હકારાત્મક દૃષ્ટિ રાખીને કંઈક સારું શોધવાનો અને વિચારવાનો પ્રયત્ન કરીએ તો કંઈક ને કંઈક સારું મળી આવશે. કોઈ પણ વ્યક્તિમાં કદાચ સો અવગુણ હોય, પરંતુ તેમાં એકાદ તો 'સારો ગુણ' મળી જ આવશે. જો આ ગુણ તરફ જ દૃષ્ટિ રાખીએ તો ધીરે ધીરે દરેકમાંથી ગુણ લેવાની જ ટેવ પડશે. ગુણ જોવા, સાંભળવા, કહેવા કે વિચારવામાં એટલો બધો આનંદ આવશે કે પછી અભાવ-અવગુણની દુર્ગંધ જોવાનું કે લેવાનું મન જ નહિ થાય. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

"ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા, તો તે અવગુણ ટળી જાય, જેમ પાંચ લડવા આવ્યા હોય તે સામા પચાસ આવે તો તેને હઠાવી દિયે, તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા, તો દોષ થોડા હોય તે ટળી જાય." *(૨/૧૮)*

ગમે તેવા સંજોગોમાં, ગમે તે વ્યક્તિ, વસ્તુ કે પ્રસંગમાંથી જો પહેલી નજરે 'ગુણ' જ દેખાય, જણાય, મનાય, સમજાય, કહેવાય અને વિચારાય તો તે સાધનાની સાચી દિશા છે. કદાચ બીજામાં હજાર અવગુણ હિમાલય જેવડા હોય તોપણ એ સામે દૃષ્ટિ કર્યા વગર એનો એકાદ ગુણ અણું જેવડો હોય તોપણ તે જોવો, કહેવો, સાંભળવો, વિચારવો અને ગ્રહણ કરવો સાધનાનો સાચો માર્ગ છે. આ માટે ટેવ પાડવી પડે છે. સઘન પુરુષાર્થ કરવો પડે છે. અવળું મૂકીને સવળું સૂઝવું એ કંઈ સરળ નથી. અનંત જન્મોની 'દોષ જોવાની' બૂરી આદત બદલવાની છે. નેવાના પાણી મોભે ચડાવવાના છે. ભલે કઠણ છે, પરંતુ અશક્ય તો નથી જ.

(૧૯) ગાફલાઈ કે બેદરકારી છોડીને ખટકો કે જાણપણું

ખટકો કે જાણપણું ન હોય તો, ગમે ત્યારે, ગમે ત્યાંથી અભાવ-અવગુણનો ચોર પેસી જાય, માટે ખૂબ જ સાવધાન થઈને જાણપણારૂપ દરવાજે જાગ્રત થકા ઊભા રહેવું જોઈએ. જેથી કોઈ પણ રીતે અભાવ-અવગુણ પેસી જ ન શકે.

(૨૦) કેટલાક પ્રશ્નો દ્વારા આંતરખોજ

જ્યારે અભાવ-અવગુણની પ્રવૃત્તિ થાય ત્યારે અંતર્દષ્ટિપૂર્વક નીચે જણાવેલ કેટલાક પ્રશ્નો પોતાની જાતને પૂછીને એમાંથી પાછી વૃત્તિ વાળવી.

➤ જેનો અભાવ આવ્યો તે વ્યક્તિમાં તે દોષ નજરોનજર જોયો છે કે કોઈની પાસેથી સાંભળેલ છે ?

➤ જો સાંભળેલ જ હોય તો જેણે કહ્યું તે વ્યકિતનાં વચનમાં સો ટકા વિશ્વાસ મૂકી શકાય તેમ છે ? તેણે પોતે જ જોયું છે કે એણે પણ કોઈની પાસેથી સાંભળેલું જ છે ? એ વાતમાં કેટલા ટકા ભેળસેળ હોવાની કે અતિશયોક્તિ હોવાની શક્યતા છે ?

➤ કદાચ પોતે જ નજરોનજર જોયું હોય, તોપણ તે સો ટકા સાચું જ છે ? કંઈક જોયા પછી તેના આધારે કરેલ અનુમાન કે કલ્પના તો નથી ને ? જે જોયું છે તે પૂર્વગ્રહનાં ચશ્માંથી તો નથી જોયું ને ? પૂર્વાપરના પૂરતાં જ્ઞાન, વિચાર વગર એ વ્યક્તિનો આશય, હેતુ સમજ્યા વગર ઉતાવળથી લીધેલ નિર્ણય તો નથી ને ?

હવે કદાચ જે સાંભળ્યું છે અથવા તો જે જોયું છે તે સો એ સો ટકા સાચું જ હોય, તેમાં લેશમાત્ર ભ્રમ, શંકા, કલ્પના કે અસત્ય ન હોય તો હવે બીજા પ્રશ્નો પૂછીએ :

➤ એણે કયા સંજોગોમાં એ ભૂલ કરી છે તેનો વિચાર કર્યો ? એ ભૂલ ન થાય તે માટે તેણે કરેલ સઘન પુરુષાર્થ કે પ્રાર્થના કરી હોય, ભૂલ થયા પછી પણ પસ્તાવાપૂર્વક નિષ્કપટ થઈને પ્રાયશ્ચિત્ત કરી લીધું હોય તેની ખબર છે ?

➤ શું આ ભૂલ સુધરી ન શકે ? શું આવી ભૂલ એની કાયમ રહેવાની છે ?

➤ કદાચ એણે એ ભૂલ ન સુધારી હોય પણ એની ચર્ચા કરવાથી,

એને ફેલાવવાથી, મને કે સંસ્થાને કોઈ લાભ છે ? મારી ચર્ચાથી એ વ્યક્તિમાં સુધારો થવાનો છે ખરો ?

➤ એ કે એના જેવી કોઈ ભૂલ મારામાં થઈ હતી ? અત્યારે છે ? કદાચ ન થઈ હોય, અત્યારે પણ ન થઈ હોય, પરંતુ ભવિષ્યમાં થશે જ નહિ એવી કોઈ ખાતરી છે ? જો ખાતરી ન જ હોય તો બીજાની વાત કરવાનો મને અધિકાર જ ક્યાં છે ?

➤ કદાચ મારી એવી ભૂલ ભૂતકાળ, વર્તમાનકાળ કે ભવિષ્યકાળમાં ન થઈ હોય કે ન થવાની હોય, પરંતુ એ સિવાય બીજા કોઈ પ્રકારની ભૂલ કે ખામી છે જ નહિ ? શું હું બ્રહ્મરૂપ થઈ ગયો છું ? કદાચ એ કે એના જેવી બીજી કોઈ પણ ભૂલ ન હોય તોપણ બીજાના અભાવ-અવગુણની વાત કરવી એ શું 'ભયંકર ભૂલ' નથી ? શ્રીજીમહારાજ કે પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાનો લોપ નથી ?

➤ આ કે આના જેવી મારી ભૂલ વખતે સ્વામી મારી સાથે કેવી રીતે વર્ત્યા છે ? એમણે મારી વાત ક્યારેય કોઈનેય કહી ? તો પછી મારે બીજાની વાત શા માટે કરવી ?

➤ મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને જે ગમતું જ નથી તે શા માટે કરવું ?

➤ હું જે કરું છું એમાં મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ રાજી છે ખરા ? જેમાં એમનો બિલકુલ રાજીપો જ નથી, પરંતુ સો એ સો ટકા કુરાજીપો જ છે તો એ પ્રવૃત્તિ શા માટે કરવી ? એમના રાજીપા કરતાં કયો મોટો લાભ એમાંથી મને થવાનો છે.

➤ બીજાના અભાવ-અવગુણમાં કીમતી સમય, શક્તિ, સાધના અને અંતે મોક્ષ શા માટે બગાડવો ?

➤ જીવન ક્ષણિક છે અને બ્રહ્મરૂપ થવાનું, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનું કામ ઘણું મોટું છે. તેથી એક સેકન્ડ તો શું પણ એક સેકન્ડનો અબજમો ભાગ પણ અભાવ-અવગુણમાં બગાડવો પોસાય તેમ છે ?

➤ કોઈકના અભાવ-અવગુણ જોવામાં, કહેવામાં, સાંભળવામાં, ચર્ચા કરવામાં અને વિચારવામાં જે સમય અને શક્તિ બગડે છે; તેનો ઉપયોગ સાધનામાં આગળ વધવા, ભગવાન અને સંતને રાજી કરવામાં વપરાય તો

કેટલું મોટું કામ થાય ?

➤ જે સમય અને શક્તિનાં મૂલ્યથી કોહિનૂર હીરો મળવાનો હોય તે ગંદકી, કચરો અને વિષ્ટા પાછળ ખર્ચાય છે તેનું ભાન છે ?

➤ હું શું કરવા આવ્યો છું અને શું થઈ રહ્યું છે ?

હું ક્યાં જવા આવ્યો છું અને ક્યાં જઈ રહ્યો છું ?

હું શું મેળવવા આવ્યો છું અને શું મેળવી રહ્યો છું ?

હું કેવી ઉચ્ચતમ સ્થિતિને પામવા આવ્યો છું અને કેવી નિમ્નતમ સ્થિતિએ પહોંચી ગયો છું ? - આ બધી વાસ્તવિકતાનું ભાન છે ?

➤ બીજાએ શું કરવું જોઈએ અને શું નહિ, એવો વિચાર કરવાને બદલે મારે શું કરવું જોઈએ અને શું નહિ, તેનો વિચાર કર્યો ?

➤ બીજા આમ કેમ કરે છે ? એમ કેમ કરતાં નથી ? એવો વિચાર કરવાને બદલે હું આમ શા માટે કરું છું ? એમ કેમ નથી કરતો ? એવો વિચાર કર્યો ?

➤ બીજાનું જોવાની ફાઈલ મને કોણે સોંપી છે ? બીજાને બ્રહ્મરૂપ કરવાનું ખાતું મને કોઈએ સોપ્યું છે ?

➤ જો, ના, તો શા માટે બીજાની પંચાતમાં પડવું ? અભાવ-અવગુણમાં પડવું એ શું સાચી ભક્તિ છે ? સાચી સેવા છે ? સાચી ઉપાસના છે ? સાચી સાધના છે ? સાચી આધ્યાત્મિકતા છે ?

➤ મારા જીવનમાં બીજાનો કચરો, ગંદકી, વિષ્ટા નાખીને પોતાના જ જીવનને કચરાપેટી જેવું શા માટે બનાવવું ?

➤ બીજાના કચરાની વાતો કરતાં કરતાં મારું જીવન 'કચરો' બની જશે એનો વિચાર કર્યો ?

➤ કોઈનીય વ્યક્તિગત ખામી કે ભૂલથી મને વ્યકિતગત નુકસાન છે ? કદાચ કંઈક તકલીફ પડે તેમ હોય, પણ એના અભાવ-અવગુણમાં પડવાથી તો કેટલું ભયંકર નુકસાન છે એનો વિચાર કર્યો ?

➤ મહારાજ અને ગુણાતીત ગુરુઓનાં વચનો વાંચી-વિચારીને સમજાયું કે અભાવ-અવગુણથી ભયંકર હોનારત સર્જાય છે ? કેટલું બધું ગુમાવવું પડશે એનો ક્યારેય વિચાર કર્યો છે ખરો ?

➤ મારી ઇચ્છા, મરજી, રુચિ, વિચારશૈલી, સમજણ કે માન્યતા

પ્રમાણે બીજા ન વર્તતા હોવાથી મને એનો અવગુણ આવતો હોય તો એ જ રીતે સ્વામીની દૃષ્ટિથી મારો વિચાર મેં કર્યો ? હું સ્વામીની સંપૂર્ણ ઇચ્છા પ્રમાણે જ વર્તું છું ? અભાવ-અવગુણમાં પડવું એ શું એમની ઇચ્છા છે ?

➤ મારું જ્યાં ઠેકાણું નથી ત્યાં બીજાની વાતો શા માટે કરવી ?

➤ ગટર ખોલવાની જરૂર જ શી છે ? વિષ્ટા ફેંદવાથી શો લાભ થવાનો છે ? કોઈકની ગંદકી શા માટે ફેલાવવી ?

➤ બીજાના જીવનમાં ડોકિયું કરવાની જરૂર જ શી છે ?

➤ સત્સંગરૂપી સમુદ્રમાં અમૃત પણ છે અને ઝેર પણ છે, મોતી પણ છે અને શંખલા કે કચરો પણ છે. મારે શું લેવું છે ? હું શું લેવા નીકળ્યો છું ? શાનાથી મને લાભ છે ?

મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિને નજર સમક્ષ રાખી આવા પ્રશ્નો દ્વારા પોતાની જાતને ઢંઢોળવાથી પણ અભાવ-અવગુણમાંથી વૃત્તિ પાછી વળી શકે તેમ છે.

(૨૧) પ્રતિલોમાદિક પાંચ પગથિયાં

ક્યારેક કોઈકનો અભાવ-અવગુણ આવી જાય ત્યારે નીચે જણાવેલ પાંચ પગથિયાં પ્રમાણે સાધના કરવી.

(i) પ્રતિલોમ: અંતર્દષ્ટિ કરવી કે કોનો, કેવી રીતે, શા માટે, કયો અવગુણ આવ્યો ? અવગુણનું સંપૂર્ણ 'નિદાન' કરવું.

(ii) પશ્ચાત્તાપ : આ ભૂલ થવા બદલ અંતરમાં બળતરા, પસ્તાવો કે દુઃખ થવું જોઈએ.

શ્રીજીમહારાજ **વચ. લો.૧**માં કહે છે : "જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, 'મેં અતિ મોટું પાપ કર્યું, જે માટે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો.' એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય, તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહિ તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહિ. અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહિ ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય. અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુઃખાણા હોય તો તેને અતિ દીન

થઈને પ્રસન્ન કરે. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય, પણ એ વિના બીજો કોઈ એનો ઉપાય નથી કહ્યો, એ જ એક ઉપાય છે.''

(iii) પ્રાયશ્ચિત્ત : થયેલ ભૂલના પ્રમાણમાં કંઈક ને કંઈક ઉપવાસ, વધુ દંડવત્, માળા વગેરે યથાશક્તિ પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ.

શ્રીજીમહારાજ કહે છે :

મ.૪૧ – ''જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી, ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્-પ્રણામ કરવા, ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. પણ એક વાર દ્રોહ કરીને દંડવત્-પ્રણામ કર્યા ને વળી, ફરી દ્રોહ કરીને દંડવત્-પ્રણામ કરવા, એવી રીતે વર્તવું નહિ. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, 'ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્-પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્-પ્રણામ નિત્યે કરવો.' એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો.''

અં.૨૨ – ''જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી, સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.''

(iv) પુરુષાર્થ : ફરી આવી ભૂલ ન થાય તે માટે જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ. થયેલ ભૂલનું મૂળ શોધીને તે દૂર કરવાનો આયોજનપૂર્વક પુરુષાર્થ કરવો.

(v) પ્રાર્થના : ફરી વખત આવી ભૂલ ન થાય તેવી બુદ્ધિ, શક્તિ, પ્રેરણા મળે તે માટે મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિને પ્રાર્થના કરવી જોઈએ. ઉપરોક્ત સર્વે ઉપાયો આત્મસાત્ થાય તે માટે પણ એમનાં જ ચરણોમાં પ્રાર્થના કરવી અનિવાર્ય છે. એમની કૃપા વગર આમાંથી બહાર નીકળવું અશક્ય જેવું જ છે. માટે આપણા પુરુષાર્થની સાથે સાથે એમની કૃપાદૃષ્ટિ થાય તે માટે પ્રાર્થના જ એકમાત્ર ઉપાય છે.

અભાવ-અવગુણ ન આવે અથવા આવી ગયો હોય તો તે ટાળવા માટે

ઉપર જે ઉપાયો બતાવ્યા છે, તેમાંથી જેને જે ઉપાયો લાગુ પડે તેણે તેનો પ્રયોગ કરીને અભાવ-અવગુણની વૃત્તિ ટાળવી જોઈએ. વર્ષો જૂની અને જન્મો જૂની આ કુટેવને નિર્મૂળ કરવા માટે સખત અને સતત પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો પડશે. એની પાછળ મંડવું જ પડશે. દરેક સાધકે પોતાના માટે તો વ્યક્તિગત પોતાની રીતે પ્રયત્ન કરવાનો જ છે, પરંતુ આમાં બધાના સહકારની અપેક્ષા છે. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ સઘન પુરુષાર્થ કરીને જે આ ગુણાતીતબાગ ખીલવ્યો છે; તેને સાચવવો, તેનું પોષણ, સંવર્ધન અને સંરક્ષણ કરવું એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. એનું દિવ્ય વાતાવરણ જળવાઈ રહે, એમાં ઊગતો, ઊછરતો, પાંગરતો અને ખીલતો એક પણ છોડ અને છોડ પરનું એક પણ ફૂલ કરમાઈ ન જાય, નષ્ટભ્રષ્ટ ન થઈ જાય, અને એમાં આપણે પોતે કોઈ પ્રકારે નિમિત્ત ન બનીએ એવું વર્તવાની અને કરવાની જવાબદારી આપણા સૌની છે.

વિશેષે કરીને તો તાજું જન્મેલ બાળક કે બીજમાંથી ફૂટેલ નાના અંકુરનું વધારે જતન કરવું પડે. એને ગરમ ‘લૂ’ની અસર જલદી થઈ જાય. શરૂઆતમાં જ જો કોઈ પણ પ્રકારની કચાશ રહી જાય તો તે એને ઠેઠ સુધી નડે છે. તેથી એનું વધારે જતન કરવું પડે. બહારના ખરાબ વાતાવરણની અસર ન થઈ જાય તેનું વધારે ધ્યાન રાખવું પડે. આવું ધ્યાન રાખવાને બદલે શરૂઆતથી જ એમાં કંઈક ખોટ રહી જાય એવા પ્રયત્નો કરવામાં આવે તો એ મોટાં થાય તે પહેલાં જ મૃત્યુ પામે અથવા તો આખી જિંદગી એ ખોટને સહન કરવી પડે. એવી જ રીતે જે મુમુક્ષુઓ સત્સંગમાં નવા આવ્યા હોય એનું વધારે જતન કરવાને બદલે એ તાજા અને નવા સત્સંગના કુમળા છોડને અભાવ-અવગુણનું ઝેર પાવામાં આવે તો એના માટે અને સમગ્ર સત્સંગ માટે કેટલું મોટું નુકસાન થાય છે ? એને નાનપણથી જ આવી ખરાબ કુટેવ પડી જાય તો પછીથી એ એમાં જ પડવાનો અને અંતે મોક્ષ બગાડવાનો. તેથી જે જૂના છે, જે મોટા છે, જે સમજુ છે તેણે તો આની ગંભીરતાનો ખ્યાલ રાખીને નવા મુમુક્ષુઓને આવી વાતોનું ઝેર ન પાવું જોઈએ. આવી કુટેવ એને પડે તેમાં નિમિત્ત પોતે તો ન જ બનવું જોઈએ. આમાં પણ આપણે સૌએ જાગ્રત થવાનું છે. આ બાબતમાં ભૂલ ન થઈ જાય તે માટે જાણપણું રાખવાનું છે.

આપણે સૌએ સંપ, સુહૃદભાવ, એકતા રાખીને સામૂહિક રીતે હોલા-ઉપાડ કરવાનો છે. જેમ બધા હોલા સંપ્યા તો એક સાથે જાળી સહિત ઊડ્યા તો પોતાની જિંદગી બચાવી શક્યા, એમ સમગ્ર ગુણાતીતબાગનું દિવ્ય વાતાવરણ જાળવી રાખવાનું કામ એકલ-દોકલ વ્યક્તિથી નહિ થાય. જો સૌ સંપીને નિર્ણય કરીએ કે અભાવ-અવગુણના આ આતંકવાદ સામે મોરચો માંડવો છે. ગમે તે ભોગે પોતાના વ્યક્તિગત જીવનમાંથી, પોતાના કુટુંબમાંથી, પોતાના સત્સંગમંડળમાંથી અને અંતે આખા ગુણાતીત બાગમાંથી એને દેશનિકાલ આપવો છે. એટલું જ નહિ, પરંતુ પોતાના જીવનમાંથી અને સમગ્ર સત્સંગમાંથી એનું મૂળિયું ઊખેડીને એની ભસ્મ કરીને એની રાખ ગુરુત્વાકર્ષણની બહાર ફેંકી દેવી છે. આમાં વ્યક્તિગત રીતે જે કાંઈ ભોગ આપવા પડે, જે કાંઈ મૂકવું પડે કે છોડવું પડે, જે કાંઈ સહન કરવું પડે કે ભીડો વેઠવો પડે તેને માટે સંપૂર્ણ તૈયારી સાથે આપણે સૌએ મંડવાનું છે. જો આપણે શુદ્ધ દાનતથી અને શુભ હેતુથી મંડીશું તો જરૂર મહારાજ અને ગુણાતીત ગુરુઓ આશીર્વાદ અને કૃપાનો ધોધ વરસાવશે. જો આમાં આપણે એક ડગલું ચાલીશું તો તેઓ મદદ કરવા સામે સો ડગલાં ચાલીને આવશે. આપણે દોડીશું તો તેઓ વધુ ઝડપથી દોડીને સહકાર આપવા આવી પહોંચશે. એમની કૃપાથી આપણે જરૂર આમાં સફળ થઈશું. જો આ માટે આપણે કંઈ કરી છૂટીશું તો એમનો અત્યંત રાજીપો પ્રાપ્ત થશે. આપણું જીવન ધન્ય બનશે, સાર્થક થશે. અંતરે શાંતિ થશે.

૭.૪.૫ ભગવાન અને ગુણાતીત સંતમાં મનુષ્યભાવ

● મનુષ્યભાવથી નુકસાન

ભગવાન અને ગુણાતીત સત્પુરુષમાં મનુષ્યભાવ કે અસદ્ભાવ એ મોટામાં મોટો અંતઃકરણનો કુસંગ છે. આ પ્રકારના કુસંગથી સાધકને સૌથી વધારે અને સૌથી મોટાં વિઘ્નો આવે છે. જેમ કે,

➤ એમાં જેવા દોષ કલ્પે તેવા દોષ પોતાનામાં આવે (**વચ. પ્ર.૨૪, ૫૮,૭૩; સા.૮; મ.૩૩**).

➤ માયાના પારને ન પામી શકાય (**વચ. લો.૪**).

➤ અંતર પાછું પડતું જાય અને અંતે વિમુખ થાય અર્થાત્ ભગવાન

અને સંતનો સંબંધ છૂટી જાય (વચ. લો.૧૮).

➤ પૂર્ણિમાના ચંદ્ર જેવો હોય તે અમાવાસ્યાવસ્થાના ચંદ્ર જેવો થઈ જાય (વચ. વર.૧૨).

➤ જીવ પૂર્ણમાસીના ચંદ્રમા જેવો હોય તોપણ અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય તે કલ્યાણના માર્ગમાંથી પડી જાય (વચ. વર.૧૨).

➤ સત્સંગ કરે છતાં કોઈપણ પ્રકારે ભગવાન અને સંતનું સુખ ન આવે. અંતરથી દુઃખિયો મટે નહિ (વચ. પ્ર.૭૩).

આ ઉપરાંત, પ્ર.૧,૩૫,૬૭,૭૧,૭૮; લો.૧,૧૭; મ.૨૮,૪૦,૪૬,૬૩; વર.૧૧,૧૪; અં.૨૧,૨૨.... વગેરે વચનામૃતોમાં અભાવ-અવગુણથી જે નુકસાનનો નિર્દેશ કરેલો છે, તેમાં પ્રાયઃ ભગવાન અને સંતના મનુષ્યભાવથી થતાં નુકસાનનું તાત્પર્ય છે. આ વચનામૃતોના ભાવાર્થરૂપે સંદર્ભો આ જ ગ્રંથમાં 'અભાવ-અવગુણ અને દ્રોહથી નુકસાન' એ મુદ્દાના નિરૂપણમાં આપેલા છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◈ "ભૂંડામાં ભૂંડું શું છે ? તો આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી." *(૩/૩૬)*

◈ "મોટાને વિષે દોષ જોનારો કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી, એ સિદ્ધાંતવાત છે." *(૩/૬૫)*

◈ "ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય." *(૫/૧૧૬)*

શાસ્ત્રીજી મહારાજ કહે છે : "કદી પણ જો પ્રગટ સત્પુરુષના સ્વરૂપમાં મનુષ્યભાવ આવ્યો તો કાંઠે આવેલું વહાણ બૂડ્યું જાણજો."

(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૧/૪૦૫)

આમ, ભગવાન અને સંતમાં મનુષ્યભાવરૂપ કુસંગનો યોગ થાય તો કરેલી સાધના પર પાણી ફરી જાય. મોક્ષને બદલે અધોગતિ થાય. માયાપર થવાને બદલે માયામાં વધારે ને વધારે ઘૂસી જવાય. તેથી આનાથી સદંતર દૂર રહેવું હિતાવહ છે. ભગવાન અને સંતનો મનુષ્યભાવ ન આવે તે માટે સતત જાણપણું રાખવું જરૂરી છે. કદાચ, ક્યારેક મનુષ્યભાવ આવી ગયો હોય તો તે તાત્કાલિક દૂર થાય તે માટે યથાર્થ પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો જરૂરી છે.

આપણે અંતરના આ મનુષ્યભાવરૂપ કુસંગનો તો અહીં અત્યંત સંક્ષિપ્તમાં વિચાર કર્યો છે.

પરંતુ મનુષ્યભાવનું તાત્પર્ય, મનુષ્યભાવ આવવાનાં કારણો અને વિચારો, મનુષ્યભાવથી નુકસાન, મનુષ્યભાવ ટાળવાના ઉપાયો વગેરે અનેક મુદ્દાઓના વિસ્તૃત નિરૂપણ સાથે એનો વિસ્તૃત વિચાર આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં 'એકાંતિક ધર્મનું નિરૂપણ' એ મુદ્દાની અંતર્ગત 'ભક્તિ' ના મુદ્દામાં **'નિર્દોષબુદ્ધિ (દિવ્યભાવ) રૂપ ભક્તિ'**ના નિરૂપણ વખતે કરેલો છે. તેથી અંતરના કુસંગનું સંપૂર્ણ અનુસંધાન રહે તે માટે આ મનુષ્યભાવ વિશેનું ત્યાં આપેલું વિસ્તૃત નિરૂપણ વાંચવું જરૂરી છે.

૮. સમગ્ર સાધના દરમ્યાન આવશ્યક કેટલાક સદ્ગુણો

અહીં સુધી આપણે સમગ્ર સાધનામાં જે સમજવાનું છે અને જે કરવાનું છે તેના વિષે વિસ્તૃતપણે વિચાર કર્યો. તેમાં આપણે સાધના કરવા માટે સાધકમાં જે ઉપયોગી, આવશ્યક કે અનિવાર્ય એવા કેટલાક સદ્ગુણોનો વિચાર કર્યો જ છે. વિશેષે કરીને ધ્યેયનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, એકાંતિક, ધર્મનિષ્ઠા અંતર્ગત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરેનું નિરૂપણ કર્યું છે. તદુપરાંત સાધનામાં વિઘ્નરૂપ વિવિધ પરિબળો દૂર કરવા માટે ઉપયોગી એવા સદ્ગુણોના છૂટક છૂટક ઉલ્લેખ સાથે તેની થોડીક સમજૂતિ પણ આપેલ છે. હવે અહીં આપણે કેટલાક આવશ્યક અન્ય સદ્ગુણોનો સંક્ષેપમાં વિચાર કરીશું.

૮.૧ સાધનામાં સદ્ગુણોની આવશ્યકતા

આપણે જે જે સદ્ગુણોનો વિચાર કર્યો છે અને હવે જે જે સદ્ગુણોનો વિચાર કરવાના છીએ તે સર્વે સદ્ગુણો સાધનામાં અત્યંત આવશ્યક છે. સાધકમાં જો આ સદ્ગુણો ન હોય તો બુદ્ધિ, શક્તિ, આવડત, કળા, પૂર્વ-સંસ્કાર, પ્રગટ ભગવાન કે ગુણાતીત સંતનો યોગ, સાધના કરવા માટે સર્વ પ્રકારની સુવિધા એ આદિક બધું હોવા છતાં સાધક સાધના કરી શકતો નથી. કદાચ કોઈક સાધના કરે તોપણ એમાં અનેક પ્રકારનાં વિઘ્નો આવે અને તેથી તે સાચી સાધના સાચી રીતે કરી શકતો નથી, તેમ જ સાધનાની સાચી ફલશ્રુતિ પણ પામી શકતો નથી. જો સાધકમાં જરૂરી સદ્ગુણો હોય અને પછી કદાચ બીજી કોઈ વિશિષ્ટ બુદ્ધિ વગેરે કે એવી કોઈ સગવડ પણ ન હોય છતાં તે સાધના કરી શકે છે અને સાધનાની ફલશ્રુતિ પણ પામી શકે છે. લૌકિક વિદ્યામાં પણ આપણે જાણીએ છીએ કે જે તે વિદ્યા માટે

આવશ્યક યોગ્યતા વગર પૃથ્વી પરના બધા જ માણસો કંઈ વૈજ્ઞાનિક, ડૉક્ટર, પાયલોટ, સંગીતકાર કે રમતવીર થઈ શકતા નથી. જે તે વિદ્યામાં પારંગત થવા માટે અમુક ગુણો તો આવશ્યક છે જ. એવી જ રીતે આ બ્રહ્મવિદ્યામાં પણ પારંગત થવા માટે કેટલાક સદ્‌ગુણો જરૂરી છે.

એટલે જ તો શ્રીજીમહારાજ અક્ષરધામને વિષે ભગવાનની સેવામાં રહેવાય તે માટેનાં આવશ્યક સાધનો (સદ્‌ગુણો) સમજાવતાં **વચ. અં.૨૪**માં કહે છે : "શ્રદ્ધા, સ્વધર્મ, વૈરાગ્ય સર્વ પ્રકારે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, અહિંસા, બ્રહ્મચર્ય, સાધુનો સમાગમ, આત્મનિષ્ઠા, માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે ભગવાનની નિશ્ચળ ભક્તિ, સંતોષ, નિર્દંભપણું, દયા, તપ, પોતાથી ગુણે કરીને મોટા જે ભગવાનના ભક્ત તેમને વિષે ગુરુભાવ રાખીને તેમને બહુ પ્રકારે માનવા, પોતાને બરોબરિયા જે ભગવાનના ભક્ત તેમને વિષે મિત્રભાવ રાખવો, પોતાથી ઊતરતા જે ભગવાનના ભક્ત તેમને વિષે શિષ્યભાવ રાખીને તેમને હિત કરવું, એવી રીતે આ સોળ સાધને કરીને ભગવાનના એકાંતિક ભક્ત જે તે અક્ષરધામને વિષે ભગવાનની સેવાને વધુ રીતે પામે છે."

શ્રીજીમહારાજે આ ઉપરાંત સાધના માટે આવશ્યક અન્ય કેટલાક સદ્‌ગુણોનો નિર્દેશ ઘણાં વચનામૃતોમાં કરેલો છે. વિશેષે કરીને તો જેમનું સંપૂર્ણ જીવન જ સમગ્ર વચનામૃતનું જીવંતભાષ્ય છે અને જેઓ ગુણાતીત સાધનાના સર્વોત્કૃષ્ટ આદર્શરૂપ છે, એવા ગુણાતીત ગુરુઓમાં સર્વે ગુણો સાંગોપાંગ દેખાય છે. તેથી વચનામૃતમાં કેટલાક ગુણોનું ભલે સ્પષ્ટ શબ્દોમાં નિરૂપણ ન થયું હોય, પરંતુ સત્પુરુષોના જીવનમાં તો એ ગુણો સ્પષ્ટપણે અનુભવાય છે. અધ્યાત્મની સાધના કરનાર કોઈ પણ સાધકે તે ગુણો પોતાના જીવનમાં લાવવાના છે (**વચ. પ્ર.૬૮**). જો કે ગુણાતીત સત્પુરુષમાં તો અનંત કલ્યાણકારી ગુણો અનાદિથી જ સહજ સિદ્ધ છે, તે માટે એમને પુરુષાર્થ કરવો પડતો નથી; તેમ છતાં એટલું તો નિશ્ચિત જ છે કે સાધનાને માર્ગે પ્રયાણ કરનાર પ્રત્યેક સાધકે તો એ ગુણો પોતાના પ્રયત્નથી અને એમાં પણ વિશેષે કરીને તો ભગવાન અને ગુણાતીત સંતની કૃપા-પ્રસન્નતાથી પોતાના જીવનમાં આત્મસાત્ કરવા અત્યંત જરૂરી છે.

તેથી આપણે અહીં વચનામૃત અને તેના ભાષ્યરૂપ એવા ગુણાતીત

ગુરૂઓનાં સમગ્ર જીવન તથા ઉપદેશ-વચનોને આધારે અને સાથે સાથે શ્રીહરિચરિત્રામૃતસાગર, વેદરસ વગેરે ગ્રંથના સથવારે નીચે જણાવેલ કેટલાક ગુણોનું સંક્ષિપ્તમાં નિરૂપણ કરીશું.

૧. આસ્તિકતા	૧૨. તપ, સંયમ અને નિયમ
૨. મુમુક્ષુતા, ખપ અને ઈશક	૧૩. બ્રહ્મચર્ય
૩. વિશ્વાસ અને શ્રદ્ધા	૧૪. વિવેક
૪. ધીરજ (ધૈર્ય)	૧૫. વાણી-વિવેક
૫. હિંમત અને શૂરવીરતા	૧૬. સરળતા
૬. સહિષ્ણુતા	૧૭. સંપ, સુહૃદભાવ અને એકતા
૭. ક્ષમાવૃત્તિ	૧૮. ગુણગ્રાહક દૃષ્ટિ
૮. દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતા	૧૯. સંબંધનો મહિમા
૯. સચ્ચાઈ	૨૦. પૂર્ણકામપણું, કૃતાર્થપણું
૧૦. પુરુષાર્થ	૨૧. અસ્મિતા
૧૧. નિયમિતતા અને સાતત્ય	૨૨. અંતદૃષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકો

❀ ❀ ❀

૮.૧.૧ આસ્તિકતા

● આસ્તિકતાનું તાત્પર્ય

આસ્તિકતા એટલે કોઈપણ તત્ત્વના અસ્તિત્વમાં માનવું. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ તત્ત્વોનું અનાદિ અસ્તિત્વ છે (વચ. પ્ર.૭, અં.૧૦). વળી, પરલોકના અસ્તિત્વમાં માનવું તે પણ આસ્તિકતા છે. જેવું કર્મ કરીએ તેવું ફળ મળે જ છે; એ પ્રકારે કર્મસિદ્ધાંતમાં માનવું એ પણ એક પ્રકારની આસ્તિક્તા છે(વચ. અં.૨૬). પરંતુ આ સર્વે અર્થોમાં આસ્તિકતાનો મુખ્યાર્થ તો પરમતત્ત્વ પરમેશ્વરના વાસ્તવિક અને અનાદિ અસ્તિત્વમાં માનવું એ જ છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ કાળથી વાસ્તવિક અને ત્રિકાલાબાધિત અસ્તિત્વ ધરાવે છે એવી એક પ્રકારની અંતરની અતિશય દૃઢ પ્રતીતિ એ જ આસ્તિકતાનું મુખ્ય તાત્પર્ય છે.

● આસ્તિકતાની આવશ્યકતા

અધ્યાત્મ-સાધના કરનાર પ્રત્યેક સાધકમાં આ આસ્તિકતાનો ગુણ અત્યંત આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય છે. સાચી આધ્યાત્મિક સાધનાની શરૂઆત આસ્તિકતાથી જ થાય છે. કારણ કે અહીં સાધનાનું લક્ષ્ય છે પરમતત્ત્વ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ. વસ્તુતઃ તો સાધ્ય પણ એ જ છે ને સાધન પણ એ જ છે. ઉપેય પણ એ જ છે ને ઉપાય પણ એ જ છે. પ્રાપ્ય પણ એ જ છે ને પ્રાપક પણ એ જ છે. અંતિમ મંજિલ પણ એ જ છે ને માર્ગ પણ એ જ છે. તેથી એમના અસ્તિત્વમાં માનવું, એમાં અંતરની સચ્ચાઈપૂર્વકની દૃઢ પ્રતીતિ હોવી એ સાધક માટે અનિવાર્ય છે.

આસ્તિકતાનો ગુણ સાધકમાં ન હોય તો તે સાધના જ કેવી રીતે અને શા માટે કરે ? કોના માટે કરે ? કદાચ કોઈ કરે તો આ સાધનામાં કંઈ બરકત જ ન આવે. કારણ કે મણમાં આઠ-પાંચ શેરની ભૂલ છે. શૂન્યની લાઈન કરવામાં એકડો જ ભૂલાઈ ગયો તો પછી હજારો શૂન્યની કિંમત શી ? ભગવાનના અસ્તિત્વમાં ન માને તો એ સાધના કોના બળે થાય ? કોને રાજી કરવા માટે થાય ? કદાચ કોઈક સાધક ભગવાનના અસ્તિત્વના સ્વીકાર વગર પોતાના બળે સદ્‌ગુણોના વિકાસ માટે કે મુક્તિ માટે કરે, તો આપ મેળે મુક્તિ થઈ શકે તેમ નથી. સ્વતઃ સદ્‌ગુણોની પ્રાપ્તિ પણ ન થાય. કદાચ સદ્‌ગુણો આવ્યા હોય એવું લાગે પણ એની ગુણવત્તા, ક્ષમતા તથા શાશ્વતતા નથી. એ ગુણો નાશ પામતાં વાર નહિ લાગે (**વચ. સા.૫**). એ ગુણો સાધકને માયાપાર નહિ કરાવી શકે. ભગવાન વગર એના સદ્‌ગુણો, સત્કર્મો કે સાધનાનું ફળ કોણ આપે ?

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૩૭**માં કહે છે કે ભગવાનની ભક્તિ વગર નારદજી જેવો ગુણવાન હોય તોપણ મને ન ગમે. આ જ વચનામૃતમાં હૃદયની ભક્તિની વ્યાખ્યામાં ભગવાનના શાશ્વત અસ્તિત્વનો સ્વીકાર છે. ભગવાનના અસ્તિત્વ વગર ભક્તિ થઈ પણ કેવી રીતે શકે ?

તેથી ભગવાનના અસ્તિત્વમાં જો પ્રતીતિ હશે તો જ સાધકના સદ્‌ગુણો લેખે લાગશે, સાર્થક થશે અને મોક્ષ માટે વપરાશે. ભગવાનના અસ્તિત્વના સ્વીકાર વગર ખપ, ઈશક, શ્રદ્ધા, વિશ્વાસ, પુરુષાર્થ, નિયમિતતા વગેરે બધા

જ ગુણો વિષયની પ્રાપ્તિ માટે, લૌકિક સિદ્ધિ માટે વપરાશે.

અધ્યાત્મ-માર્ગમાં જો આસ્તિકતા ન હોય તો સાધકમાં દંભ, છળ, કપટ, અપ્રામાણિકતા, અસત્યપણું વગેરે બધા જ દુર્ગુણોને પ્રવેશવાની પૂરતી તક મળે છે. આ દુર્ગુણો પ્રવેશે તો સાધના સચ્ચાઈથી, નિષ્કપટપણે અને નિર્દંભપણે થાય જ નહિ. સાચી સાધના સાચી રીતે ન થાય. સાધનામાં ઝડપ પણ ન પકડાય. ભગવાનના અસ્તિત્વને સ્વીકારે નહિ તો કોનું બળ લે ? કોને પ્રાર્થના કરે ? કોની સહાય લે ? કોની પાસે પ્રેરણા, માર્ગદર્શન અને શક્તિ મેળવે ? ભગવાનની કૃપા અને પ્રેરણા વગર સાધક સાચા અર્થમાં કંઈપણ કરી શકતો નથી. કદાચ એને લાગતું હોય કે હું કંઈક કરું છું, પરંતુ એ એનો ભ્રમ છે. એ બહુ લાંબું નહિ ટકે. સાધનાના સાચા લક્ષ્ય સુધી તે ક્યારેય નહિ પહોંચી શકે.

તેથી સાધકમાં જો ભગવાનના અસ્તિત્વમાં પ્રતીતિ હોય તો જ તેને તેમનાં વચનોમાં વિશ્વાસ આવે, તો જ એમને રાજી કરવાનો, એમનો સાક્ષાત્કાર કરવાનો ખપ જાગે; અને તો જ યથાર્થ સાધના થઈ શકે.

થોડો થોડો આસ્તિકભાવ તો કદાચ દરેકમાં હોય. અરે ! પોતાને નાસ્તિક ગણાવનારામાં પણ ક્યાંક ખૂણે-ખાંચરે આસ્તિકતા પડી હશે, પરંતુ સાધનામાં તો સંપૂર્ણ આસ્તિકતાની જરૂરિયાત પડે છે. અહીં અંશ જેટલી પણ નાસ્તિકતા ન ચાલે. ભલે કદાચ શરૂમાં સંપૂર્ણ ન હોય, પરંતુ ધીમધીમે જ્યારે સંપૂર્ણ આસ્તિકતા દૃઢ થશે તો જ સાચી સાધના, સાચી દિશામાં યથાર્થ રીતે થઈ શકશે અને તો જ તેનું યોગ્ય તથા યથાર્થ ફળ મળશે.

પૂર્વસંસ્કારથી અને વિશેષે કરીને તો ગુણાતીત સત્પુરુષનો મન-કર્મ-વચને સમાગમ કરવાથી તથા એમની કૃપાથી સંપૂર્ણ આસ્તિકતા સાધકના હૃદયમાં પ્રગટે છે.

૮.૧.૨ મુમુક્ષુતા, ખપ અને ઈશક

● મુમુક્ષુતા, ખપ અને ઈશકનું તાત્પર્ય

મુમુક્ષતા એટલે મોક્ષની ઇચ્છા. સાધકના હૃદયમાં મોક્ષની તીવ્ર ઇચ્છા કે ઝંખના હોવી જોઈએ. પાણીમાં કોઈ આપણને ડુબાડી રાખે અને એ વખતે થોડીક મિનિટો પછી બહાર નીકળવાની જેવી તાલાવેલી હોય, એવી

જ ઇચ્છા અનાદિ કાળનાં આ બંધનોમાંથી, વ્યસનો, વિષયો, વિકારો કે સ્વભાવોમાંથી મુક્ત થવાની થવી જોઈએ. આવી તીવ્ર ઇચ્છા એટલે જ ખપ કે ઈશક.

આ લોકમાં માણસને જુદા જુદા ખપ અને ઈશક હોય છે. કોઈને વિવિધ વાનગીઓ ખાવાનો, તો કોઈને વિવિધ રમતો રમવાનો, કોઈને વિભિન્ન પ્રકારની ફિલ્મ જોવાનો, તો કોઈને હરવા-ફરવાનો, કોઈનો ભણવાનો, તો કોઈને પૈસા કમાવાનો. એવી જ રીતે અધ્યાત્મ-સાધનામાં પણ કોઈને તપનો, તો કોઈને ત્યાગનો, કોઈને ભક્તિનો, તો કોઈને ધર્મનો, કોઈને યાત્રા કરવાનો, તો કોઈને યજ્ઞ કરવાનો, કોઈને શાસ્ત્રો ભણવાનો, તો કોઈને કથા કરવા-સાંભળવાનો.

આમ, લૌકિક કે આધ્યાત્મિક માર્ગમાં જુદા જુદા લોકોનો જુદો જુદો ખપ કે ઈશક જોવા મળે છે.

વસ્તુતઃ અધ્યાત્મસાધનામાં મનધાર્યો ખપ કે ઈશક તો બહુ ફળદાયી થતો નથી, ક્યારેક તો ભગવાન અને સંતની ઇચ્છા વિરુદ્ધનો ખપ કે ઈશક સાધનામાં મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થાય છે. મોક્ષના ખપવાળાને તો ભગવાન અને સંતને રાજી કરવાનો જ ખપ અને ઈશક હોય. એમની આજ્ઞા અને અનુવૃત્તિ પાળવાનો જ અર્થાત્ એમની મરજી પ્રમાણે સાધના કરવાનો ખપ અને ઈશક હોય.

● મુમુક્ષુતા, ખપ અને ઈશકવાળાનાં લક્ષણ તથા તેને થતા લાભ

જેના જીવનમાં મુમુક્ષુતા છે એવા સાધકનાં લક્ષણ સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◈ "મુમુક્ષુ હોય તે તો રાજ આવે તે પણ મૂકી દઈને ભજન કરી લે." *(૧૨/૩૩)*

◈ "મુમુક્ષુનું લક્ષણ એ જે, મોક્ષમાં વિઘ્ન કરનાર પદાર્થને ઇચ્છે નહિ." *(૧૨/૧૯૧)*

◈ "ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એ છે જે સત્પુરુષને ઓળખી કાઢે અને તેને મન સોંપી દે, ને એમના સમાગમને અર્થે સર્વ પ્રકારની ભીંસણ ખમે ને કોઈક ઉત્તમ વિષયને વિષે પણ ન લોભાય ને ધર્મજ્ઞાનાદિક ને

દેશકાળાદિકના વિષમપણાએ કરીને પણ તે સંગ મૂકે નહિ, ને આત્મા-અનાત્માનો વિચાર કર્યા કરે.'' *(૧૪/૩૦)*

શ્રીજીમહારાજ ખપવાળાનાં લક્ષણ સમજાવતાં કહે છે :

મ.૪૭ – ''જે સાધુને મોક્ષનો ખપ હોય, તેને તો જેમ દુખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય.''

અં.૨૭ – ''જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંત-સમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે. અને તે સ્વભાવ તો એવો હોય જે, 'ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય,' તોપણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાંખે.''

વળી, ઘણાં વચનામૃતમાં મહારાજે ખપ કે ઈશક જેવા શબ્દો નથી મૂક્યા, પરંતુ એમાં જે લક્ષણો બતાવ્યાં છે તે ખપવાળા ભક્તનાં જ છે. જેમ કે,

➤ ગમે તેવું ભારે દુ:ખ આવી પડે છતાં તેણે કરીને ગૃહસ્થ હરિભક્ત પાછો ન પડે (**વચ. પ્ર.૧૪**).

➤ ભગવાન જેમ જેમ કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થાય (**વચ. પ્ર.૬૧**).

➤ મહારાજ ગમે તેવા વચનમાં ભીડામાં લે, ગમતું મુકાવીને પોતાના ગમતામાં વર્તાવે છતાં દેહપર્યંત મૂંઝાય નહિ (**વચ. પ્ર.૭૬**).

➤ સંત નિત્ય પાંચ ખાસડાં મારે તોપણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ (**વચ. સા.૧૦**).

➤ સંત પાંચ પાંચ ખાસડાં મારે તોપણ ખમે અને પોતાનાં મોટાં ભાગ્ય સમજે (**વચ. લો.૧૭**).

➤ સંસારને વિષે માન થાઓ, અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુ:ખ થાઓ, શરીર રોગી રહો અથવા નિરોગી રહો, દેહ જીવો અથવા મરો પણ મનમાં સુખ-દુ:ખનો ઘાટ ન થાય અને ભગવાનના ધામને જ પામવાનો દૃઢ નિર્ણય હોય (**વચ. મ.૨૨**).

➤ સત્પુરુષ ગમે તેવાં કઠણ વચન કહે તોપણ તેને પોતાના હિતકારી જ માનતો જાય (**વચ. મ.૩૭**).

➤ વારંવાર કઠણ વચનના ડંક માર્યા હોય ને કચવાવ્યા હોય તોપણ

જે કોઈ રીતે પાછો ન પડ્યો હોય (**વચ. અં.૨૪**).

➤ પોતાના દેહમાં કોઈ દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઇત્યાદિક ગમે એટલું દુ:ખ અથવા સુખ તે આવી પડે તોપણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતિવા સરસ થાય (**વચ. અં.૨૫**).

ઉપરોક્ત સંદર્ભોમાં જે વાત કરી છે તે પ્રમાણે તો જેને ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવાનો, સત્સંગનો અને મોક્ષનો ખપ હોય તેવો ભક્ત જ વર્તી શકે. ખપ વગર આવું વર્તન શક્ય જ નથી. આ ખરેખર ખપનું જ પરિણામ છે.

વધુ કસણી આપે છતાં વધુ રાજી થવાય, મનધાર્યું મુકાવે છતાં દેહપર્યંત મૂંઝવણ ન થાય, સંત નિત્ય પાંચ ખાસડાં મારે, અપમાન કરે, તિરસ્કાર કરે છતાં સમાગમ મૂકી શકાય નહિ અને એમાં પણ પોતાનાં ભાગ્ય મનાય, ગમે તેવાં દુ:ખોમાં સત્સંગ લેશમાત્ર મોળો ન પડે, પરંતુ રતિવા સારો થાય... આ બધું જેને ખપ ન હોય તેનાથી તો થઈ જ ન શકે. ખરા ખપવાળાનું જ આ કામ છે. નિત્ય પાંચ ખાસડાં મારે એમાં પણ પોતાનાં ભાગ્ય મનાય એવું તો ઉત્કૃષ્ટ ખપવાળો જ વર્તી શકે.

ખપવાળાના ભેદ વિષે યોગીજી મહારાજ કહે છે : ''ખપવાળાના ત્રણ ભેદ છે. ઉત્તમ ખપવાળા છે તે ઉત્તમ શબ્દ ગ્રહણ કરે છે. મધ્યમ ખપવાળા મધ્ય શબ્દ ગ્રહણ કરે છે. અને કનિષ્ઠ ખપવાળા તે સામાન્ય શબ્દો ગ્રહણ કરે છે.''

ઇશકવાળાનાં લક્ષણો સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. કા.૧૦**માં કહે છે : ''જેને જે વાતનો ઇશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ, ત્યારે તેનો સાચો ઇશક જાણવો. જુઓને, અમે એકવીસ વર્ષ થયાં, શ્રીરામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ, તેમાં અનંત ભાતનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે, પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે, અમારે ત્યાગનો જ ઇશક છે.''

ઇશક વિષે શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : ''જેના પર જેને ઇશક હોય તે તેના નિમિત્તે દુ:ખ સામું જોતો જ નથી, અને

જુવે તો ઇશક ઓછો કહેવાય. ચોરી કરવા પર ઇશક હોય તે મરવાનો ડર રાખતો નથી. તેમ પરનારીના ઇશકમાં પણ છે. સતીને પતિનો ઇશક છે તો અગ્નિ દેખીને ડરતી નથી. ઇશકવાળાને દુઃખ આવે તેમ તેમ તે શોભા માને છે. માયિક વસ્તુ પર ઇશક છે તેવો જ ભગવાનમાં માને તો તેને ભગવાન પાસે જ છે.'' *(પૂર : ૯, તરંગ : ૫૮)*

કથાવાર્તાનો ઇશક કે ખપવાળાનાં લક્ષણો સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. મ.૨૯**માં કહે છે : ''પોતે માર્ગે ચાલીને અતિશય થાકી રહ્યો હોય ને બેઠું થવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય અને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નીસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી, એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા-સાંભળવામાં અતિશય તત્પર થઈ જાય. અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વ દુઃખ થકી રહિત થઈ જાય. અને વળી, ગમે તેવી રાજ્યસમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય.''

કલ્યાણના ખપવાળાની કેવી તૈયારી હોય છે એ વિષે હરિલીલામૃતમાં આ પ્રમાણે કહ્યું છે :

જ્યાં ખાસડાં સંત તણાં પડે છે, ત્યાં બેસવા મારગ જો જડે છે;
માને મહાભાગ્ય તણો પ્રકાશ, કલ્યાણની જો ઉર હોય આશ.
જો શૂળિએ સંત કદી સુવારે, તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે;
લે સંત પાસે મુખ માંહિ ઘાસ, કલ્યાણની જો ઉર હોય આશ.
કરે તિરસ્કાર કદાપિ સંત, ન સંતનો દ્રોહ કરે ધીમંત;
કરે સદા સંતસમીપ વાસ, કલ્યાણની જો ઉર હોય આશ.
કરે રસાસ્વાદ તણો નિષેધ, જો થાય તે વાક્યથિ ચિત્તવેધ;
ન થાય તેથી દિલમાં ઉદાસ, કલ્યાણની જો ઉર હોય આશ.
રજોતમોના ગુણ જો જણાય, તે ટાળવા સંત કરે ઉપાય;
તે તર્ત છોડે ન પડે પ્રયાસ, કલ્યાણની જો ઉર હોય આશ.

(હરિલીલામૃત : ૫/૯/૨૯-૩૩)

શ્રીજીમહારાજને રાજી કરવાના ખપવાળા પરમહંસોની કેવી તૈયારી હતી તે વિષે નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

પછી નાથ કહે સંત શૂરા, આમાં કોણ કઠણ વ્રતે પૂરા;
જેવા છે આ આત્માનંદ, એવા હો તે બોલો મુનિઈન્દ.
પછી સંત ઊઠ્યા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ;
કહો તો મટકું ન ભરીએ મીટે, કહો તો અન્ન ન જમીએ પેટે.
કહો તો તજિયે છાદનનો સંગ, રહિએ હિમમાં ઉઘાડે અંગ;
કહો તો પીવું તજી દૈયે પાણી, રહીએ મૌન ન બોલિયે વાણી.
કહો તો બેસીએ આસન વાળી, નવ જોયે આ દેહ સંભાળી;
એમ હિંમત છે મનમાંય, તમે કહો તે કેમ ન થાય.

(ભક્તચિંતામણિ : ૭૧ /૩૧-૩૪)

ખપવાળાને થતા લાભ વિષે શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃત-સાગર'માં કહે છે :

◆ "સત્સંગ તો સૌ કરે છે પણ જેવો ખપ હોય તે પ્રમાણે અંગ વૃદ્ધિ પામે છે." *(પૂર : ૫, તરંગ : ૫)*

◆ "જ્યારે માન-ખંડન થાય ત્યારે જો ભગવાનનો ખપ હોય તો લગારેય ખસે નહિ." *(પૂર : ૯, તરંગ : ૪૨)*

◆ "સત્સંગમાં જે બાઈ-ભાઈ છે તેને જેટલો સત્સંગનો ખપ છે તેટલો તેને વચન મનાવીએ છીએ. ખપ ઉપર જ અમે જોર કરીએ છીએ."

(પૂર : ૯, તરંગ : ૫૭)

◆ "મોક્ષનો ખપ તે સૌથી શ્રેષ્ઠ છે અને તે ચિંતામણિથી અધિક છે. તેનાથી ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે ને બીજાં સુખ ફીકાં લાગે છે."

(પૂર : ૧૦, તરંગ : ૪૯)

◆ "જેને જેમાં ખપ હોય તેને કાંઈ કઠણ પડતું નથી."

(પૂર : ૧૨, તરંગ : ૩૬)

◆ "જેને ખપ હોય તે જ નભી શકે." *(પૂર : ૧૪, તરંગ : ૭૧)*

◆ "મોક્ષનો ખપ હોય તેને પોતપોતાના નિયમમાં વર્તવું જ જોઈએ અને નિયમમાં વર્તશે તેને અમે અંત સમે વિમાન લઈ તેડવા આવીશું અને અવિચળ સુખ આપીશું. સત્સંગ અને ભગવાન તથા મોક્ષને માટે જેટલો ખપ

હોય તેટલું જગતમાં અપમાન સહન કરી શકાય છે." *(પૂર : ૧૫, તરંગ : ૭૯)*

◆ "જેવો ખપ હોય તે પ્રમાણે માર્ગે ચલાય છે." *(પૂર : ૧૬, તરંગ : ૪૧)*

◆ "જેને અલભ્ય ફળનો ખપ હશે તે સત્સંગ કરશે." *(પૂર : ૧૭, તરંગ : ૧૨)*

◆ "જેને મોક્ષનો યથાર્થ ખપ હોય એને ધર્મ રાખવો કઠણ નથી. ખપમાં જેટલી કસર રહે તેટલી ધર્મમાં ન્યુનતા." *(પૂર : ૧૭, તરંગ : ૪૯)*

◆ "સમાગમમાં જેટલો ખપ રહે તેટલી વાત સમજાય છે." *(પૂર : ૧૭, તરંગ : ૯૭)*

◆ "જેને જેટલો ખપ હોય તે પ્રમાણે ધર્મ પાળે છે. ખપ વિનાની વાત તે બે ઘડી વિનોદ જેવી છે, એથી કાંઈ અર્થ સરે નહિ." *(પૂર : ૧૮, તરંગ : ૨૩)*

◆ "મોક્ષનો ખપ જ્યાં સુધી હોય ત્યાં સુધી સંત-હરિભક્તને દિવ્ય દેખે. અને ખપ ન રહે તો દિવ્યપણું મટી જાય છે. ઉપરથી નમસ્કારનો વહેવાર રાખે પણ અંતરમાં ભાવ રહે નહિ, પણ એ સાચા હરિભક્તની રીત નથી." *(પૂર : ૨૪, તરંગ : ૫૬)*

◆ "મોક્ષનો ખપ હોય તેની બુદ્ધિ શ્રેષ્ઠ છે." *(પૂર : ૨૫, તરંગ : ૧૬)*

◆ "જેને સત્સંગ ઉપર ભાવ થાય તેને તેટલો ખપ ગણાય. ખપ હોય તેને સંત-હરિભક્તોનાં વચન અમૃત સમાન લાગે અને જેમ સાંભળે તેમ દિવસે-દિવસે ભાવ વધે, ને ભાવ વધે તેથી સત્સંગ વધ્યો કહેવાય, અને તેના અંતરમાં આનંદ અખંડ રહે. સત્સંગ સમાન બીજું કોઈ સુખ નથી." *(પૂર : ૨૭, તરંગ : ૮૬)*

આધારાનંદ સ્વામી ખપવાળાને થતા લાભ વિષે આ જ ગ્રંથમાં કહે છે :

◆ "કોઈ પણ જ્ઞાતિનો હોય પણ મોક્ષનો ખપ હોય તેને જ સત્સંગ દૃઢ થાય." *(પૂર : ૯, તરંગ : ૨૧)*

◆ "સત્સંગમાં જેને ખપ હોય તે દેહના કરતાં સંત-હરિભક્તને અધિક માને અને માનમાં દોષ રહ્યા છે તેને જોતો રહે." *(પૂર : ૯, તરંગ : ૩૬)*

◆ "મોક્ષનો ખપ હોય એવાં સ્ત્રી-પુરુષો તો લોભને ગણતાં જ નથી. અને તન-ધનને ધૂળ જેવાં જાણે છે. જેને સત્યનો જ ખપ હોય છે તે સત્ય રાખવા માટે અગ્નિમાં પડીને દેહત્યાગ કરે છે. તેમ જેને ખપ હોય તેનાથી શું ન થાય ! ખપમાં જેટલી ખોટ તેટલો દોષ ભાસે છે. ખપ વિના કોટિ

ઉપાયે મોક્ષ થાય નહિ.'' *(પૂર : ૯, તરંગ : ૪૦)*

◆ ''શુદ્ધમતિવાળાને સત્સંગનો ખપ ઉદય થાય છે. સત્સંગનો ખપ થતાં તેના ગુણ શીખે છે અને ગુણ શીખતાં કોમળતા આવે છે.'' *(પૂર : ૧૧, તરંગ : ૪૧)*

◆ ''ખપવાળો કોઈની સાથે વેર કરે નહિ અને સરળ વર્તે, જેથી વેરી હોય તે મિત્ર થઈ જાય.'' *(પૂર : ૧૧, તરંગ : ૬૧)*

◆ ''ભગવાનના ધામના સુખનો જેને ખપ હોય તેને નિયમ રાખવા કંઈ કઠણ પડતા નથી.'' *(પૂર : ૧૩, તરંગ : ૬૪)*

ગુણાતીતાનંદ સ્વામી પણ જેને ખપ હોય તેને થતા લાભ વિષે કહે છે :

◆ ''આ સર્વે વાત ખપવાળાને કામની છે, જેને કલ્યાણ જો'તું હોય તેણે આંહીં બીજું શું છે ?'' *(૬/૧૫૩)*

◆ ''અંબરીષ, નહુષ, ભરતજી ને ચિત્રકેતુ એમણે ભગવાનને ભજવાને સારુ ચક્રવર્તી રાજ ને સૌનો ત્યાગ કર્યો. ખપવાળાની વાત એમ છે.'' *(૬/૨૪૯)*

◆ ''સહેજે સહેજે સ્વભાવ પડ્યા હોય તો પછી નીસરે નહિ, પણ ખપ હોય ને એવા પુરુષ મળે તો સ્વભાવ ટળે.'' *(૮/૮૫)*

◆ ''જેને મોક્ષનો ખપ હોય તેનાથી શું ન થાય ?'' *(૯/૬, ૧૧/૨૧૬)*

◆ ''વિષયમાં ટોકાય ને બીજું ધાર્યું મુકાવે, તેણે કરીને ઉથડક થઈ જવાય. તેમાં જે ખપવાળો હોય તે નભે અને ખમે ખરો.'' *(૧૦/૯૩)*

◆ ''જેને મોક્ષનો ખરેખરો ખપ હશે તેને આ સમાગમમાં ઠીક પડશે.'' *(૧૦/૧૦૪)*

◆ ''જે ખપવાળા છે તેને દેહ પણ ગણતીમાં નથી ને ઇન્દ્રિયો પણ ગણતીમાં નથી.'' *(૧૧/૧૯૨)*

◆ ''ખપવાળા હશે તે સ્વભાવ ટાળશે.'' *(૧૨/૧૫૬)*

◆ ''મોક્ષના ખપવાળા સંતના સમાગમનો ત્યાગ કરે જ નહિ.'' *(૧૨/૧૭૫)*

◆ ''પોતાની ઇન્દ્રિયું અને મનને ન ગમે તોપણ જ્યાં વિષયનું ખંડન થતું હોય ત્યાં રહેવું, તેનું નામ ખપ કહેવાય.'' *(૧૩/૬)*

◆ ''જેને કલ્યાણનો ખપ હશે તે રહેશે અને જેને કલ્યાણનો ખપ નથી

તેને શી રીતે રાખશું ?" (૧૩/૬૩)

◆ "ખપવાળા છે તે તો સુખદુઃખમાં એકધારા ભગવાનને સંભારે." (૧૪/૧૭૭)

◆ "હવે તો જેને મોક્ષનો ખપ હશે તે કથાવાર્તા કરશે ને બીજા તો સુવાણ કરશે, કાં વાહર ખાશે." (૧૪/૨૦૪)

◆ "મોક્ષના ખપ કે બળ વિના સેવા કેમ થાય ?" (૧૪/૨૦૬)

◆ "જેને જેટલો ખપ છે તેને તેટલું જ સત્સંગનું સેવન થાય છે." (૧૫/૬૧)

◆ "મોક્ષના માર્ગે ચાલવું હોય તેને તો જ્યારે બહુ ખપ હોય ત્યારે અણીશુદ્ધ રહેવાય એવું છે." (૧૫/૯૮)

જો સાધકના જીવનમાં મોક્ષનો કે ભગવાન અને સંતને રાજી કરવાનો સાચો ખપ અને ઈશક જાગ્રત થાય તો –

➤ સાચા અર્થમાં સાચી સાધના કરીને સાચી અને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ શકે.

➤ સાધના દરમ્યાન ગમે તેવા પ્રશ્નો આવે તોપણ તેમાં અટવાઈ ન જવાય. એ પ્રશ્નો સાધનામાં નડતરરૂપ ન થાય.

➤ ગમે તેવા કઠણ સંજોગોમાં પણ ગમે તેવી કઠણ આજ્ઞા પળાય, ગમે તેવી કઠણ સેવા થાય.

➤ વિપરીત સંજોગોમાં પણ નિયમ-ધર્મ પળાય જ.

➤ મુશ્કેલીઓ, વિઘ્નો, વિરોધો કે નિષ્ફળતાઓથી પાછા ન પડાય. એમાં કોઈ પ્રકારની મૂંઝવણ ન થાય.

➤ કોઈ પ્રકારનાં પ્રલોભનોમાં ન ફસાવાય, ક્યાંય ફંટાઈ ન જવાય, ઈધર-તિધર ઘૂસી ન જવાય.

➤ ગમે તેવું અપમાન થાય, વિષય કે સ્વભાવનું ખંડન થાય, મનધાર્યું મૂકવું પડે છતાં ન તો ભગવાન અને સંતનો મનુષ્યભાવ આવે કે ન તો સંતો-ભક્તોનો અવગુણ આવે.

➤ બીજા કોઈ કરે કે ન કરે પણ પોતાની સાધના અટકે નહિ. એમાં ન તો કોઈનો વાદ લેવાય કે ન તો કોઈનો અવગુણ આવે.

➤ સાધના કરવામાં એને ઉમંગ, ઉત્સાહ, વેગ ક્યારેય ઓછા ન

થાય, દિન-પ્રતિદિન વધતો જ રહે, વધતો જ રહે.

➤ ગમે તેનું, ગમે તેવું અને ગમે તે સહન થઈ શકે.

➤ ગમે તેવો ભીડો વેઠી શકાય.

➤ સ્વભાવમાત્ર શત્રુરૂપ સમજાય, મનાય, એને ટાળવાનો પ્રયત્ન થાય અને પછી સ્વભાવમાત્ર ટળી જાય.

➤ સાધનામાં આગળ વધવા માટે જ્યારે, જ્યાંથી અને જે કોઈ પાસેથી જે કંઈ શીખવા, સમજવા, જાણવા મળે તે શીખી લે, સમજી લે, જાણી લે. તે નાના-મોટા દરેકમાંથી ગુણ લઈ શકે. એની ગુણ ગ્રાહકદૃષ્ટિ અને વૃત્તિ સહજ હોય.

➤ સાધનામાં વિઘ્નરૂપ વ્યક્તિ, વિષય, વસ્તુ, સ્થાન, પ્રવૃત્તિ, મહોબત કે કુટેવમાત્ર છૂટી જાય.

➤ કોઈ પણ સંજોગોમાં ભગવાન અને સંતનો સંબંધ છૂટે જ નહિ.

● ખપ વગરનાનાં લક્ષણો અને તેને થતું નુકસાન

કેટલાક સાધકો સાધના કરતા હોય છે, પરંતુ એમનામાં પૂરતો ખપ નથી હોતો. કોને સત્સંગમાં ખપ નથી એ સમજાવતાં શ્રીજીમહારાજ વચ. પ્ર.૫૭માં કહે છે : "જે સ્વભાવ સત્સંગમાં અંતરાય કરતો હોય તે ઉપર જેને અભાવ ન આવે ત્યાં સુધી એને ક્યાં સત્સંગનો પૂરો ખપ છે ?"

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : "કોઈ વચન કહે તો ખમાય નહિ, ત્યારે એમ જાણવું જે ખપ નથી." *(૧૫/૧૯)*

જેના જીવનમાં સાચો ખપ નથી તેના માટે શ્રીજીમહારાજ 'શ્રીહરિ-ચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "ખપ વિનાનો હોય તે તો મડદા જેવો કહેવાય." *(પૂર : ૫, તરંગ : ૧૦)*

◆ "જેટલું વચનમાં દુ:ખ માને છે તેટલો ખપમાં વાંધો છે."

(પૂર : ૫, તરંગ : ૨૨)

◆ "લોકલાજે (ભગવાનનું) નામ લે પણ અંતરમાં ખપ ન હોય તો અંતે કાર્ય બગડે છે." *(પૂર : ૮, તરંગ : ૧૪)*

◆ "જેને મોક્ષનો ખપ નથી તે દેહ તથા ઇન્દ્રિયોને જોગે કરીને તથા મલિન અંત:કરણને યોગે કરીને નવા નવા ભોગ ઇચ્છે છે અને જીવને સદાય

નિર્દોષ અને નિર્લેપ માનીને પાપમાં વર્તે છે." *(પૂર : ૧૩, તરંગ : ૪૭)*

◆ "ખપ વિનાના જે સંતો અને હરિભક્તો હશે, તે સત્સંગમાં ટકી શકશે નહિ." *(પૂર : ૧૩, તરંગ : ૬૧)*

◆ "મોક્ષના ખપ વિનાના મનુષ્ય પશુ સમાન છે અને અપાર ક્લેશ સહે છે." *(પૂર : ૧૪, તરંગ : ૧૫)*

◆ "ખપ વિનાના હોય તે જતન કરવા છતાં ચાલ્યા જાય છે. અને ખપવાળા અપાર દુ:ખ પડે તો પણ ટકે છે." *(પૂર : ૧૫, તરંગ : ૫૯)*

◆ "જેને મોક્ષનો ખપ નથી તેનું મનુષ્ય-તન વ્યર્થ થાય છે. અને દુ:ખનો પાર આવતો નથી." *(પૂર : ૧૭, તરંગ : ૯૦)*

◆ "જ્યાં સુધી જીવને મોક્ષનો ખપ નથી, ત્યાં સુધી વિભ્રાંત મને ફરે છે ને મોહ મદિરાએ કરીને એક મતિ રાખી શકતો નથી." *(પૂર : ૧૮, તરંગ : ૫૦)*

◆ "ખપ વિનાનાને સદાય વિઘ્ન રહે છે અને તેનો સત્સંગ રહેતો નથી." *(પૂર : ૨૭, તરંગ : ૮૬)*

આધારાનંદ સ્વામી ખપ વગરનાને થતી ખોટ વિષે ઉપરોક્ત ગ્રંથમાં કહે છે :

◆ "જેને મોક્ષનો ખપ ન હોય તે આવો અમૃત ઉપદેશ ન માને."
(પૂર : ૮ , તરંગ : ૫૦)

◆ "ખપ વિના જ્ઞાન થાય નહિ. ખપ એ જ મોક્ષનું દ્વાર છે."
(પૂર : ૧૦, તરંગ : ૨૨)

◆ "ભગવાનનો ખપ ધનના જેટલો નથી, એવું જીવને અજ્ઞાન છે."
(પૂર : ૧૧, તરંગ : ૯)

◆ "મોક્ષના ખપ વિનાના જનોને સંત-અસંત સરખા દેખાય છે. સમુદ્ર તરવાનો જેને ખપ ન હોય તે માણસ ફૂટલું વહાણ કે દૃઢ વહાણ હોય તે સરખું માને." *(પૂર : ૧૧, તરંગ : ૩૧)*

◆ "નારદ-સનકાદિક જેવા સંતો અત્યારે પ્રગટ છે, પણ ખપ વિના ઓળખાય નહિ. ખપ વિનાના જનોએ કોઈ પણ અવતારમાં ભગવાનને ઓળખ્યા નથી." *(પૂર : ૧૨, તરંગ : ૬૦)*

ગુણાતીતાનંદ સ્વામી પણ ખપ વગરનાને થતી ખોટ વિષે કહે છે : "જેને કલ્યાણનો ખપ ન હોય તેને મૂંઝવણ થાય." *(૧૨/૪૫)*

આમ, જેના જીવનમાં ભગવાન અને સંતનો, એમને અતિશય રાજી કરવાનો, પોતાના સ્વભાવ ટાળવાનો કે મોક્ષનો ખપ નથી તેને તો ઘણી ઘણી ખોટ જાય છે. હકીકતમાં તો ખપવાળો સાધક જ્યારે જ્યાં, જે કાંઈ, જે રીતે કરી શકે છે તેવું ખપ વગરનો સાધક તો ક્યારેય કરી શકતો નથી. ખપ વગરનો જે કાંઈ સાધના કરે તેમાં કોઈ પ્રકારની બરકત જ ન હોય. એમાં ઉત્સાહ કે ઉમંગ જ ન હોય. પરાણે પરાણે કરવું પડતું હોય તેમ ઢસરડા જેવું જ કરે. જે કાંઈ કરે તેમાં પણ કાં તો કોઈકનો વાદ લે અથવા તો કોઈકનો અવગુણ લે. તે ગમે તેવી સારી સગવડ કે પરિસ્થિતિમાં પણ સારી સાધના ન કરી શકે તો પછી અગવડ કે વિકટ પરિસ્થિતિમાં તો ક્યાંથી કરી શકે ?

આળસ અને પ્રમાદ, ગાફલાઈ અને બેદરકારીમાં જીવન પૂરું કરે. જીવનના ધ્યેયથી ફંટાઈ જાય. પ્રલોભનોમાં ફસાઈ જાય. વિષયોમાં ઈતર-તિધર ઘૂસી જાય. બહુધા તો તે સત્સંગના ભીડામાં ટકી જ ન શકે. ભગવાન અને સંતની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે પોતાના મનનું ધાર્યું છોડી ન શકે. તેથી એમને અતિશય રાજી પણ ન કરી શકે. પરિણામે કંઈ પ્રાપ્ત પણ ન કરી શકે. છેવટે સત્સંગ મૂકી દે, ભગવાન અને સંતને છોડી દે, પરંતુ પોતાનો સ્વભાવ ન મૂકે. આમ, ખપ વગરનો સાધક સર્વોપરી ભગવાન, ગુણાતીત સંત, દિવ્ય સત્સંગ, સર્વોપરી તત્ત્વજ્ઞાન, સર્વોત્કૃષ્ટ સાધના અને તે માટે સંપૂર્ણ સુવિધાનો યથાર્થ લાભ ન લઈ શકે. પોતાની બુદ્ધિ, શક્તિ અને આવડતનો પણ ભગવાન અને સંત માટે, પોતાના કલ્યાણ માટે ઉપયોગ ન કરી શકે. તેથી જેવું પરિણામ આવવું જોઈએ તેવું આવે નહિ. વસ્તુતઃ ખપ વગર ન તો મોક્ષ થાય કે ન તો એકાંતિક ધર્મ સિદ્ધ થાય. તેથી જીવનમાં અસંતોષ, ઉદ્વેગ, અશાંતિ અને અકૃતાર્થતાનો ડંખ રહ્યા કરે. જીવન નિરર્થક ગયું હોય એમ અનુભવાય. આમ, પૂર્વસંસ્કાર, ગુણાતીત સત્પુરુષનો યોગ, સાધનાની સુવિધા અને પોતાના અન્ય ગુણો વગેરે બધું જ ખપ વગર નકામું થઈ જાય છે. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

ખોળી ખોળીને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ રે;
જેને ન જોઈએ જાળવ્યા, સુણી સમજે સીધુ ચોટ રે.

આ રીતે મુમુક્ષુતા, ખપ અને ઈશક વગેરે અત્યંત આવશ્ય સદ્‌ગુણો છે. એ જેટલા પ્રમાણમાં વધારે હોય એટલા પ્રમાણમાં સફળતા વધારે મળે.

ભગવાન અને સંતનો યથાર્થ મહિમા સમજાય, પોતાના જીવનનું અંતિમ ધ્યેય સ્પષ્ટ અને દઢ થાય તો આવો ખપ અને ઇશક જાગ્રત થાય.

૮.૧.૩ વિશ્વાસ અને શ્રદ્ધા

● વિશ્વાસ અને શ્રદ્ધાનું તાત્પર્ય

વિશ્વાસ એટલે આસ્થા, ભરોસો કે યકીન, પ્રમાણભૂતતાનો નિશ્ચય, એટલે કે એ વાત સાચી જ છે એવી દઢ પ્રતીતિ. જો કે પ્રાયઃ શ્રદ્ધા પણ વિશ્વાસના પર્યાયવાચી અર્થાત્ સમાનાર્થી શબ્દ તરીકે વપરાય છે. તેમ છતાં શ્રદ્ધાના અર્થમાં સૂક્ષ્મભેદ પણ છે. શ્રદ્ધામાં વિશ્વાસની સાથે સાથે ધીરજ અને પુરુષાર્થના સાતત્યનો પણ સમાવેશ થાય છે. શાસ્ત્રોમાં કે મોટાપુરુષનાં ઉપદેશ-વચનોમાં અથવા તો લૌકિકવ્યવહારમાં પણ આ બંને શબ્દો ક્યારેક સૂક્ષ્મ-અર્થભેદ સાથે વપરાય છે. જ્યારે એકી સાથે એક જ વાક્યમાં 'વિશ્વાસ અને શ્રદ્ધા' આવો શબ્દપ્રયોગ હોય, ત્યારે ત્યાં શ્રદ્ધાનું તાત્પર્ય ફક્ત ધીરજ અને પુરુષાર્થના સાતત્યમાં છે એમ કહી શકાય.

યોગીજી મહારાજ વિશ્વાસ અને શ્રદ્ધાની વ્યાખ્યા સમજાવતાં કહે છે :

◆ "વિશ્વાસ એટલે રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ."

◆ "શ્રદ્ધા એટલે ભગવાન અને સંતનાં વચનમાં ટૂક ટૂક. દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત. ભગતજીને કહ્યું, 'ગિરનાર તેડી આવો.' ત્યારે ગયા. કેવી શ્રદ્ધા ! સિદ્ધાંત શું ? આપણા હૃદયમાં ન બેસતું હોય તોપણ ટૂક ટૂક વર્તવું તે શ્રદ્ધા."

● વિશ્વાસ અને શ્રદ્ધાની આવશ્યકતા

મનુષ્યના સમગ્ર જીવનમાં વિશ્વાસ અને શ્રદ્ધાની અત્યંત આવશ્યકતા છે. આધ્યાત્મિક માર્ગમાં તો એની જરૂર છે જ, પરંતુ લૌકિક જીવનમાં પણ એના વગર ચાલી શકે તેમ નથી. બાળક કંઈક સમજતો થાય ત્યારથી માંડીને જીવનના અંતિમ શ્વાસ સુધી આની જરૂરિયાત પડે છે. માણસ ભણેલ હોય કે અભણ, તીવ્ર બુદ્ધિશાળી હોય કે મંદ બુદ્ધિનો, શહેરનો હોય કે ગામડાનો, વિકાસશીલ દેશનો હોય કે પૂર્ણ વિકસિત દેશનો - ગમે તે હોય, પરંતુ તે ફક્ત તર્ક-કુતર્ક કે શંકા-કુશંકાથી જીવી શકતો નથી. જીવનના પ્રત્યેક ડગલે એ

બૌદ્ધિક રીતે કે વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં બધું જ સત્ય પુરવાર કરી શકે તેમ નથી. વિશ્વનો ગમે તેવો તાર્કિક કે બુદ્ધિશાળી માણસ હોય અને ભલે એમ માનતો હોય કે હું વૈજ્ઞાનિક પુરાવા વગર કાંઈ સ્વીકારતો નથી, તેમ છતાં શા માટે (Why) અને કેવી રીતે (How) ની કાલ્પનિક દુનિયામાં રાચતા આવા બુદ્ધિશાળી માણસો પણ વિશ્વાસ અને શ્રદ્ધાથી જીવી શકે છે, નહિ કે તર્કથી.

બાળક પોતાનાં માતા-પિતાનો નિશ્ચય વિશ્વાસથી કરે છે કે વૈજ્ઞાનિક પુરાવા અથવા તો તર્કથી ? અમુક વસ્તુને પેન, સાઈકલ, ફ્રીઝ, ઘડિયાળ, ચશ્માં, ફોન કહેવાય, એની પાછળ કયો તર્ક છે ? કયો વૈજ્ઞાનિક પુરાવો છે ? ચશ્માંને ચશ્માં જ કેમ કહેવાય અને ફ્રીઝ કેમ નહિ ? આની પાછળ તર્ક છે કે વિશ્વાસ છે ? ગમે તેવા તાર્કિક માણસને કે વિશ્વના મહાન વૈજ્ઞાનિકને ક્યારેય પણ પ્રશ્ન થયો છે કે ઘડિયાળને ઘડિયાળ શા માટે કહેવાય અને સ્કૂટર કેમ નહિ ? આ વિષે શા માટે (Why) અને કેવી રીતે (How) પ્રશ્નો થાય છે ?

બસ, ગાડી, ટ્રેઈન કે પ્લેનમાં બેસવાથી યોગ્ય સ્થળે પહોંચાશે અને વચ્ચે કોઈ પ્રકારનો અકસ્માત નહિ થાય, એની પાછળ કોઈ તર્ક છે, વૈજ્ઞાનિક પુરાવો છે કે વિશ્વાસ ? આપણે કોઈ પણ વાહનમાં બેસીએ છીએ તે તર્કને આધારે, વૈજ્ઞાનિક પુરાવાને આધારે કે વિશ્વાસને આધારે ? કોઈ પણ વસ્તુ ખાતી કે પીતી વખતે એમાં કોઈએ ઝેર નહિ નાખ્યું હોય એ પાછળ કયો તર્ક છે ? કયો વૈજ્ઞાનિક પુરાવો છે ? આપણે દરેક વખતે એમાં ઝેર નથી એવું વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં તપાસ કરીને જ જમીએ છીએ કે વિશ્વાસથી ? રાતે સૂતી વખતે કોઈ આપણું ખૂન નહિ કરી જાય એ પાછળ કયો તર્ક છે ? કયો વૈજ્ઞાનિક પુરાવો છે ? વિશ્વનો મહાન તાર્કિક માણસ તર્કને આધારે સૂઈ જાય છે કે વિશ્વાસથી ? ધંધામાં ખોટ નહિ જાય એની પાછળ કોઈ તર્ક કે વૈજ્ઞાનિક પુરાવો છે ? ધંધાની શરૂઆત તર્કથી કરીએ છીએ કે વિશ્વાસથી ? આમ, જીવનની પ્રત્યેક ક્ષણે મન, કર્મ, વચને જે કંઈ કરીએ છીએ તે વિશ્વાસ અને શ્રદ્ધાને આધારે. ફક્ત તર્ક કે વૈજ્ઞાનિક પુરાવાના આધારે જીવન જીવવા જાય તો એક સેકન્ડ પણ જીવી ન શકાય ? શું પ્રત્યેક ક્ષણે હવામાં ઝેરી વાયુ નથી એ વૈજ્ઞાનિક રીતે પુરવાર કરીને પછી જ શ્વાસ લઈએ છીએ ? ટૂંકમાં કહેવાનું એટલું જ કે લૌકિક જીવનમાં પણ

માણસ તર્કથી કે વૈજ્ઞાનિક પુરાવાને આધારે જીવી શકતો નથી, પરંતુ વિશ્વાસ અને શ્રદ્ધાથી જ જીવી શકે છે.

કેટલીક વાર માણસને એમ થાય કે જ્યાં સુધી મને જાત-અનુભવ ન થાય ત્યાં સુધી હું ન માનું, પરંતુ આ શબ્દો પણ એના અહંકાર અને અજ્ઞાનનું જ પ્રદર્શન કરે છે. જીવનમાં શું દરેક બાબતનો જાત-અનુભવ કર્યા પછી જ સ્વીકારીએ છીએ ? ઝેરનો જાત-અનુભવ કર્યા પછી જ તે પીવાનું માંડી વાળીએ છીએ ? ભલે પોતે ઝેર ન પીધું હોય, પરંતુ બીજાને ઝેર પીતાં જોયો હોય અને તે મરી ગયો હોય એવું પ્રત્યક્ષપણે જોનારા કેટલા ? ભલે પોતાને સાપ ન કરડ્યો હોય, પણ બીજાને કરડતાં જોયો હોય અને તે મરી ગયો હોય એવું પોતાની સગી આંખે જોનારા કેટલા ? ઝેર અને સાપથી સૌ દૂર રહે છે તે જાત-અનુભવથી કે બીજાનાં વચનોમાં વિશ્વાસથી ? સારંગપુર જવાનો રસ્તો આ છે એવો પહેલાં જાત-અનુભવ કરીને જ એ રસ્તે જઈએ છીએ કે બીજાનાં વચનોમાં વિશ્વાસથી ? જો મનુષ્ય પોતાના જીવનમાં કોઈ પણ રીતે ઉપયોગી થનાર દરેક વ્યક્તિ, વસ્તુ, હકીકત, સિદ્ધાંત, ઉપાય કે સાધનનો જાત-અનુભવ કરીને પછી જ એ સ્વીકારવાનું કે અપનાવવાનું માણસ નક્કી કરે તોપણ તે કંઈ જ ન કરી શકે, અરે ! જીવી પણ ન શકે. વસ્તુતઃ વિશ્વાસપાત્ર વ્યક્તિના વચનમાં વિશ્વાસ રાખીને જે કાંઈ સ્વીકારવા યોગ્ય છે તેને સ્વીકારે અને અપનાવે અથવા તો જે કાંઈ ત્યાગ કરવા યોગ્ય છે તેનો ત્યાગ કરે તો કેટલો દાખડો બચી જાય ?! કામ કેટલું સરળ અને ઝડપી બને ?!

આ રીતે સમગ્ર લૌકિક જીવનમાં ડગલે અને પગલે વિશ્વાસ અને શ્રદ્ધાની જરૂર પડે જ છે. જો આ ભૌતિક ક્ષેત્રમાં પણ એના વગર ચાલી શકે તેમ જ ન હોય, તો પછી આધ્યાત્મિક માર્ગમાં એના વગર કેમ ચાલે ?

અધ્યાત્મ-માર્ગ અતિશય ગહન, અત્યંત સૂક્ષ્મ અને ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે. અધ્યાત્મબુદ્ધિની મર્યાદાથી બહારનું ક્ષેત્ર છે. તેથી આવા અગમ્ય ભૂમિકાના વિષયો પર વિશ્વાસ અને શ્રદ્ધા અત્યંત જરૂરી છે.

આપણને થયેલ પ્રાપ્તિને સમજવા, માણવા કે અનુભવવા માટે બુદ્ધિ, તર્ક, વિતર્ક કે બીજા કોઈ સાધનનું કામ નથી. ફક્ત એક વિશ્વાસથી જ આપણને પ્રાપ્તિનો આનંદ આવશે. આપણે માયા અને દેહભાવથી પર ન

થઈએ ત્યાં સુધી બીજો કોઈ દિવ્ય અનુભવ નહિ થાય. આપણી પાત્રતા વગર એમના સ્વરૂપનો એ દિવ્ય અનુભવ કેવી રીતે કરાવે ? માટે, દૃઢ વિશ્વાસ જ એમની પ્રાપ્તિનો આનંદ અપાવશે. સાધકના અંતરમાં જો આ બે તત્ત્વો ન હોય તો તેને બહુ મોટી ખોટ જાય છે.

વિશ્વાસ અને શ્રદ્ધા ફ્યુઝ જેવાં છે. જો ફ્યુઝ ઊડી જાય તો બલ્બ, પંખો, ફ્રીઝ, હિટર, એરકંડીશન વગેરે બધાં સાધનો હોવા છતાં તે કાંઈ કામ લાગતાં નથી. આ બધાં સાધનોની તુલનામાં ફ્યુઝ તો અત્યંત અલ્પ લાગે છે, તેમ છતાં એ ન હોય તો ? એમ વિશ્વાસની મહત્તા ઉપલકદ્રષ્ટિએ બહુ લાગતી નથી, પરંતુ જો એ ન હોય તો બુદ્ધિ, શક્તિ, આવડત, કળા વગેરે બધા જ ગુણો કામ લાગતા નથી. બધા સદ્‌ગુણો નિષ્ક્રિય થઈ જાય છે. અરે ! ગુણાતીત સત્પુરુષનો પણ યથાર્થ ઉપયોગ ન થઈ શકે. તેઓ લાચાર થઈ જાય. ડૉક્ટર કે તેને આપેલી દવામાં વિશ્વાસ ન હોય તો એમની દવા લઈએ ? ડૉક્ટરની ગમે તેટલી ઇચ્છા આપણને સાજા કરવાની હોય, પરંતુ તેઓ શું કરે ? એના પ્રત્યે આપણામાં વિશ્વાસને અભાવે તે લાચાર બની જાય. એમ આપણને જો મહારાજ અને ગુણાતીત ગુરુઓમાં કે તેમનાં વચનોમાં વિશ્વાસ જ ન હોય તો તેઓ શું કરે ? આપણને માયાપાર, નિર્વાસનિક અને બ્રહ્મરૂપ કરીને સુખિયા કરવાની એમની ગમે તેટલી ઇચ્છા હોય, તમન્ના હોય, એ માટે એમણે ગમે તેટલી સુવિધા આપણા માટે કરી હોય પણ જ્યારે આપણને વિશ્વાસ જ ન હોય ત્યારે તેઓ શું કરે ? જરાક વિશ્વાસના અભાવે કેટલું પારાવાર નુકસાન થાય છે ?

બધા સાધકોની અવસ્થા સરખી હોય તેમ જ સર્વે માટે સંગ, ભોજન, વસ્ત્ર, ઉપાસના, શાસ્ત્ર, ઉપદેશ, મંત્ર એક સમાન હોવા છતાં કોઈક આગળ વધી જાય છે અને કોઈક આગળ વધતો નથી તેનું કારણ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. લો.૮**માં કહે છે : "જેના સંત વખાણ કરે છે તેને જ શ્રદ્ધા છે, માટે ધર્મ પાળ્યાને વિષે તેનો વધારો છે ને તેને સંતની સેવા કરવાને વિષે તથા ભગવાનની વાત સાંભળવાને વિષે પણ શ્રદ્ધા છે ને સંતનો વિશ્વાસ છે માટે એ વધી ગયો. અને જે આવા સમાગમમાં રહ્યો થકો વધ્યો નહિ તે શ્રદ્ધા રહિત છે એમ જાણવું."

શ્રીજીમહારાજ અહીં સ્પષ્ટપણે કહે છે કે શ્રદ્ધા અને વિશ્વાસના અભાવે

બધી જ અનુકૂળતા હોવા છતાં આગળ વધી શકાતું નથી.

શ્રદ્ધા અને વિશ્વાસના અભાવે સાધનાની કોઈ પણ ક્રિયામાં બરકત જ ન આવે. ઉત્સાહ, ઉમંગ ન રહે. કંટાળો ચડે. વેઠ જેવું લાગ્યા કરે. જ્યાં-ત્યાં ઘૂસી જવાય, બીજે રવાડે ચડી જવાય, ફંટાઈ જવાય. બીજાનો અભાવ-અવગુણ અને વાદ લેવાય. બુદ્ધિમાં જડતા વ્યાપી જાય, કંઈ કરવાનું જ મન ન થાય, પરાણે કરવું પડે એમાં વેઠ જ ઊતરે. ભગવાન અને ગુણાતીત સંતની પ્રાપ્તિનો યથાર્થ ઉપયોગ ન થઈ શકે, સાધનાનું સાચું ફળ કે પરિણામ પ્રાપ્ત ન થાય. ગુણાતીતના પંથે પ્રગતિ ન થાય, બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત ન થાય, પૂર્ણતા અને કૃતાર્થતાનો અનુભવ ન થાય.

વળી, તુલસીદાસ કહે છે :

◆ बिनु बिस्वास भगति नाहि । વિશ્વાસ વગર ભક્તિ નથી. *(૭/૧૩૦)*

◆ श्रद्धा बिना धर्म नहि होई । શ્રદ્ધા વગર ધર્મ ન ઉપજે. *(૭/૧૨૯/૪)*

શ્રીજીમહારાજ **વચ. મ.૫૨**માં કહે છે :

"શ્રદ્ધાએ સહિત સેવાચાકરી કરે તે અમને ગમે. અને શ્રદ્ધા વિના તો જમ્યાનું લાવે તો તે જમ્યાનું ગમે નહિ અને વસ્ત્ર લાવે તો તે વસ્ત્ર ઓઢવું ગમે નહિ અને પૂજા લાવે તો પૂજા ગમે નહિ. અને શ્રદ્ધાએ કરીને કરે તે અતિશય ગમે."

આ રીતે વિશ્વાસ અને શ્રદ્ધા વગર ભક્તિ, ધર્મ અને સેવા પણ યથાર્થ થાય નહિ. કદાચ કોઈ સાધક શ્રદ્ધા રહિત થઈને સેવા વગેરે કરે તો તેનાથી ભગવાન પ્રસન્ન થતા નથી. તેથી અધ્યાત્મ સાધનામાં આ બન્ને તત્ત્વો અત્યંત આવશ્યક છે.

સામાન્ય રીતે નીચેની ત્રણ બાબતોમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાં જરૂરી છે :

(i) સત્શાસ્ત્રોમાં

(ii) પ્રગટ ભગવાન અને ગુણાતીત સંતમાં

(iii) પોતાનામાં

(i) સત્શાસ્ત્રોમાં વિશ્વાસ

ભગવાન અને ગુણાતીત સંત દ્વારા કે એવા અનુભવી પુરુષો દ્વારા

રચાયેલાં કે કહેવાયેલાં સત્શાસ્ત્રોમાં અતિ દૃઢ વિશ્વાસ જરૂરી છે. શ્રીજીમહારાજ **વચ. મ.૩૦**માં કહે છે : "શ્રીમદ્‌ભાગવતાદિક જે સચ્છાસ્ત્ર તે સત્ય છે. અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી." અધ્યાત્મ-માર્ગે પ્રયાણ કરનાર સાધકને માટે શાસ્ત્રોમાં વિશ્વાસ રાખવાની આવશ્યકતા સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. સા.૧૩**માં કહે છે : "જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે. અને કલ્યાણ પણ તેનું જ થાય છે. અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહિ."

શ્રીજીમહારાજે **વચ. વર.૧૮**માં નીચે જણાવેલાં આઠ સત્શાસ્ત્રો અતિ પ્રમાણરૂપ ગણાવે છે : "૧. વેદ; ૨. વ્યાસસૂત્ર; ૩. શ્રીમદ્‌ભાગવત પુરાણ; ૪. મહાભારત વિષે વિષ્ણુસહસ્રનામ; ૫. ભગવદ્‌ગીતા; ૬. વિદુરનીતિ; ૭. સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહેલું વાસુદેવ-માહાત્મ્ય; ૮. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ."

આ આઠ શાસ્ત્રો વિષે શ્રીજીમહારાજ **વચ. લો.૮**માં એક પ્રશ્ન પૂછે છે : "શ્રીમદ્‌ભાગવતાદિક જે આઠ સત્‌શાસ્ત્ર તેમાંથી કોઈ ત્યાગ કરવા યોગ્ય છે કે સર્વે ગ્રહણ કરવા યોગ્ય છે ?"

આ પ્રશ્નનો ઉત્તર પોતે જ આપતાં કહે છે : "એ સર્વે ગ્રંથમાં પણ અનેક પ્રકારનાં પ્રકરણ છે. તે સર્વે પ્રકરણે કરીને ભગવાનને પામ્યા જે ભક્ત તેમનાં અંગ કહ્યાં છે, માટે એ સર્વે ગ્રહણ કર્યા યોગ્ય છે. પણ સર્વ પ્રકરણમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તેને ગ્રહણ કરવું ને બીજાનો ત્યાગ કરવો અને એમ જાણવું જે, 'એ છે તો સાચું પણ એ બીજા ભક્તને અર્થે છે, પણ મારે અર્થે નથી."

આપણા માટે તો સૌથી વિશેષ પ્રમાણભૂત ગ્રંથ વચનામૃત અને સ્વામીની વાતો છે. તેમાં અત્યંત દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ કે એમાં જે કાંઈ વાત કરી છે તે સાચી જ છે.

આપણા ગ્રંથોમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અને અક્ષરબ્રહ્મનાં સ્વરૂપો વિષે, અક્ષર-પુરુષોત્તમના સનાતન સિદ્ધાંત વિષે, બ્રાહ્મીસ્થિતિ અને તેના ઉપાયો વિષે જે કાંઈ વાતો છે તે સો એ સો ટકા સાચી છે એવો દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. ભલે કદાચ આપણી માયિક બુદ્ધિમાં ન બેસે તેમ છતાં મૂઢપણે પણ સ્વીકારી લેવું જોઈએ કે એ વાત સાચી છે.

(ii) પ્રગટ ભગવાન, ગુણાતીત સંત અને તેમનાં વચનોમાં વિશ્વાસ

પ્રગટ ભગવાન અને ગુણાતીત સંતનાં દિવ્ય સ્વરૂપમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ. શ્રીજીમહારાજ **વચ. પ્ર.૫૯**માં કહે છે : "ભગવાનનો વિશ્વાસ હોય જે, 'આ મને મળ્યા છે તે નિશ્ચય જ ભગવાન છે.'' તેમના નિશ્ચયમાં લેશમાત્ર સંશય ન ચાલે. માટે શ્રીજીમહારાજ સર્વાવતારના અવતારી સર્વ-કારણના કારણ સર્વોપરી ભગવાન છે. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે. આ ગુણાતીત પરંપરામાં આજે પ્રમુખસ્વામી મહારાજ ગુણાતીત સત્પુરુષ છે, જેમના દ્વારા શ્રીજીમહારાજ સમ્યક્‌પણે પ્રગટ છે, જેઓ મોક્ષનું દ્વાર છે. આ પ્રકારના વિશ્વાસની અતિશય દૃઢતા થવી જોઈએ. જો એમના સ્વરૂપમાં વિશ્વાસ હોય તો પછી તેમનાં વચનોમાં તો સહેજે જ વિશ્વાસ રહે. શ્રીજીમહારાજ **વચ. લો.૧૦**માં કહે છે : "વિશ્વાસી એમ સમજતો હોય જે, 'આવા મોટા સંત તથા ભગવાન જે વાત કહે છે તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય નથી.' એમ સમજીને તે ભગવાન તથા સંત જેમ કહે તેમ કરવા લાગે.'' વળી, શ્રીજીમહારાજ વિવેકવાળાનું એક લક્ષણ સમજાવતાં વચનામૃત પ્ર.૧૬માં કહે છે : 'ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનનો વિષે સંશય કરે નહિ.'

શિવાનંદ સ્વામી **વચ. અં.૧૪**માં શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછે છે : "બુદ્ધિમાન તો બેય પુરુષ છે. તેમાં એક તો જેમ પરમેશ્વર કહે તેમ જ માની લે એવો વિશ્વાસી છે અને બીજો તો પરમેશ્વરનાં વચન હોય તેમાં પણ માનવું ઘટે તેટલું જ માને, એ બેમાં કયો શ્રેષ્ઠ છે ?''

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : "વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે; તે રામકથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે, 'જે મારે દૃઢ વિશ્વાસે રહે તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું. માટે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે.''

જો ભગવાન અને સંતનાં વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો -

- અવિવેક ટળી જાય (**વચ. પ્ર.૬**).
- વાસના નિવૃત્ત થાય (**વચ. સા.૫**).
- ગમે તેવાં તામસી કર્મ નાશ પામે. છતે દેહે બ્રહ્મરૂપ થવાય (**વચ. સા.૯**).

➤ કામ-ક્રોધાદિક વિકાર બળી જાય અને સ્વધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ આદિક ગુણો પ્રગટ થઈ આવે (**વચ. સા.૧૮**).

➤ સર્વે વિકાર ટળી જાય (**વચ. કા.૧૨**).

➤ હરિજનનો અવગુણ આવ્યો હોય તો તે ટળે (**વચ. લો.૧**).

➤ મૃત્યુનો ભય નાશ પામે, કૃતાર્થપણું મનાય (**વચ. લો.૨**).

➤ વૃદ્ધિને પમાય (**વચ. લો.૮**).

➤ સુખિયા રહેવાય (**વચ. લો.૧૦**).

➤ ભગવાનનું અખંડ ચિંતવન થાય (**વચ. મ.૪**).

➤ સ્વાભાવિક પ્રકૃતિ નાશ પામે (**વચ. મ.૩૭**).

➤ જીવને બળ મળે (**વચ. મ.૬૩**).

જેને સંતના વચનમાં વિશ્વાસ નથી તેના માટે શ્રીજીમહારાજ વચ. મ.૬માં કહે છે : "નારદ, સનકાદિક, વ્યાસ, વાલ્મિક ઇત્યાદિક જે મોટા-પુરુષ તેનાં વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો ને મહા-પાપિષ્ઠ જાણવો."

અધ્યાત્મ-સાધનાના માર્ગે પ્રયાણ કરનાર પ્રત્યેક સાધકને ઉપયોગી એવી નીચેની ત્રણ બાબતો વિષે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં જે જે વચનો છે, તેમાં અતિશય દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાં જોઈએ.

(૧) સ્વરૂપ વિષે :

➤ સર્વોપરી, સદા દિવ્ય સાકાર, સર્વકર્તા અને પ્રત્યક્ષ શ્રીજીમહારાજના સ્વરૂપ વિષે.

➤ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને ગુણાતીત ગુરુઓનાં સ્વરૂપો વિષે.

➤ ત્રણ દેહથી વિલક્ષણ જીવાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપ વિષે.

➤ માયા, જગત અને પદાર્થોના નાશવંત અને દુઃખરૂપ સ્વરૂપ વિષે

➤ આત્યંતિક મુક્તિ અને તદંતરગત જીવન્મુક્તિ અને વિદેહમુક્તિનાં સ્વરૂપ વિષે.

(૨) સિદ્ધાંત વિષે :

➤ અક્ષરરૂપ થઈને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દાસભાવે ભક્તિ-ઉપાસના કરવાની છે એ સિદ્ધાંત વિષે

(૩) સાધના વિષે :

➤ સાધનામાં જે કાંઈ વિચારવાનું છે કે નથી વિચારવાનું, સમજવાનું છે કે નથી સમજવાનું, માનવાનું છે કે નથી માનવાનું, કરવાનું છે કે નથી કરવાનું અર્થાત્ દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ અને જીવાત્મા વડે જે કાંઈ કરવાનું છે કે નથી કરવાનું એ વિષે.

➤ સાધના કરી શકાય છે અને એમાં સો ટકા જરૂર સફળતા પ્રાપ્ત થઈ શકે છે અર્થાત્ સાધનાને અંતે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે તે વિષે.

આ ત્રણે બાબતો અંગે મહારાજે અને ગુણાતીત ગુરુઓએ જે જે વાતો કરી છે તે સો એ સો ટકા સંપૂર્ણ સાચી છે. તેમાં લેશમાત્ર સંશયને સ્થાન જ નથી. અંતરમાં આવા પ્રકારની અતિશય દૃઢ પ્રતીતિપૂર્વક, અતિશય દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા હોવાં જોઈએ.

ભગવાન અને ગુણાતીત ગુરુમાં અને તેમનાં વચનમાં સંશય નહિ પણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાની આવશ્યકતા સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◈ ''એમના વચનમાં, એમની વાતોમાં વિશ્વાસ ન હોય તો ક્યાંથી કામ સિદ્ધ થાય ? संशयात्मा विनश्यति । જો થોડોક સંશય હોય તો પતી ગયું.''

◈ ''શ્રીજીમહારાજ અને આપણા ગુરુઓમાં સો ટકા વિશ્વાસ. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જે બોલ્યા છે એ બરોબર છે, આપણા માટે એ વેદવાક્ય છે. અક્ષરપુરુષોત્તમની ઉપાસના સાચી છે. ને એમણે જે કર્યું છે એ સાચું જ છે. ગમે તેટલાં શાસ્ત્રો વાંચીએ કે ગમે તેટલા બીજાના શબ્દો સાંભળીએ પણ આપણા મનમાં શંકા ન થવી જોઈએ, નહિતર ઉપાસનામાં ફેર પડી જાય. ભલે બીજાને સમજાવી ન શકીએ કે ભલે જવાબ આપી ન શકાય તો કાંઈ નહિ, પણ મનમાં તો દૃઢતા રહેવી જોઈએ કે શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે જે સિદ્ધાંત આપ્યો છે તે સાચો છે. શાસ્ત્રીજી મહારાજે જે સ્વરૂપો પધરાવ્યાં છે, એમા જરાયે પણ શંકા કરવાની વાત જ ન હોય. શાસ્ત્રીજી મહારાજ ભગવાનનું સ્વરૂપ હતા. એ કંઈ ભૂલા પડે એવા ન હતા. ભૂલમાં અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન નથી આપી દીધું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને કોઈ સ્વાર્થ ન હતો. માટે વિશ્વાસ

રાખીને એમનો આપેલો સિદ્ધાંત જીવમાં દૃઢ કરવો.''

◆ ''શ્રીજીમહારાજના શબ્દોમાં તર્ક-વિતર્ક, શંકા-કુશંકા થાય તો એમના આશ્રિત શાના ? એમના આશ્રિત છીએ તો એમનાં વચનમાં દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જોઈએ. કદાચ બુદ્ધિમાં ન બેસે તો વિશ્વાસ અને શ્રદ્ધાથી માની લો. આપણી બુદ્ધિના તર્કો અહીં મૂકી દેવાના. તર્ક-વિતર્ક કામમાં નહિ આવે. વિશ્વાસે વહાણ ચલાવવાનાં. ન સમજાય તો એ કહી ગયા છે એટલે સાચું જ છે એમ શ્રદ્ધા રાખીને મંડી પડો. કારણ કે મોટાપુરુષ કહી ગયા છે. એ ખોટા નહોતા. તેઓ લોકોને છેતરવા કે ઢોંગ કરવા નહોતા આવ્યા. મહારાજે **વચ. મ.૩૫**માં કહ્યું છે કે હું તમને ખોટે રવાડે ચડાવી દઉં એમાં મારું શું સારું થાય ? શાસ્ત્રીજી મહારાજે પણ કોઈ બનાવટ કરી નથી. આ બધું કલ્પનાથી ઊભું નથી કર્યું. શાસ્ત્રોનો અભ્યાસ કરીને, મોટેરા સંતો-હરિભક્તોને મળીને, જાણીને, સમજીને, વિચારીને કર્યું છે. એમણે ગમે તેમ આ વાત નથી કરી. આ વાત ખરેખર સાચી છે. મોટાપુરુષની આ વાતમાં અને એમનાં આ કાર્યમાં બુદ્ધિના તર્કો કંઈ કામમાં નથી આવતા. વિશ્વાસથી માની લો કે આ વાત સાચી જ છે.''

◆ ''આપણી વાત સત્ય છે. કલ્પિત નથી. સાક્ષાત્ શ્રીજીમહારાજે પોતે વાત કરી છે, પછી એમાં બીજો વિચાર કરવાનો હોય ? જેને આપણે ભગવાન માનીએ છીએ, જેના થકી આપણો મોક્ષ માન્યો છે, એનાં વચનોમાં શંકા કરવાની હોય ખરી ? મહારાજે પોતે સમ ખાઈને વાતો કરી છે. કારણ કે આપણને નથી સમજાતું, આપણને શંકા રહે છે, બુદ્ધિના ડોડ આડા આવે છે તેથી મહારાજે સમ ખાઈને વાતો કરી છે. હવે એમાં શંકાને સ્થાન જ નથી રહેતું. શ્રીજીમહારાજે, શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે સિદ્ધાંત આપ્યો છે, એમણે જે વાત કરી છે એમાં સંપૂર્ણ વિશ્વાસ. આપણે એમનાથી પર નથી, એમનાથી પર આપણી બુદ્ધિ પણ નથી. માટે એમણે જે આપ્યું છે એ જ સત્ય સનાતન છે, એ દૃઢતા પાકી કરવી. એમણે જે સિદ્ધાંત આપ્યો છે એ સાચો જ છે, એવો વિશ્વાસ રાખીને એની દૃઢતા કરવાની છે.''

◆ ''મોટાપુરુષનું વાક્ય ક્યારેય નિષ્ફળ જતું નથી. વહેલું-મોડું થાય, પણ જોગી મહારાજ બોલ્યા છે કે તમને એકાંતિક કરવા છે, બ્રહ્મરૂપ કરવા છે, અક્ષરધામમાં બેસાડી દેવા છે, એ વાત સાચી છે, પરંતુ આપણને થાય કે

એ મારે થતું તો નથી, પણ થશે. શ્રદ્ધા રાખીને કર્યે રાખો. અવિશ્વાસ શા માટે હોવો જોઈએ ? સત્સંગમાં પડ્યા રહીશું તો આપણું કામ થવાનું છે. બ્રહ્મરૂપ થવાના છીએ, અને અક્ષરધામમાં પણ જવાના છીએ. કારણ કે બોલનારા એ પુરુષો કાંઈ સામાન્ય પુરુષો નથી, એટલું આપણે સમજો. રસ્તે જતા કોઈ માણસ બોલે છે એવું નથી. આ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ બનેલા પુરુષ છે, એ વાત કરે છે. એમની વાતમાં જરાય શંકા રહે તો આપણું કલ્યાણ ક્યાં રહ્યું ? કલ્યાણ જ ન થાય. એ બોલ્યા છે એટલે થાય છે, થવાનું છે અને થશે જ એ હકીકત વસ્તુ છે. આજે નહિ તો કાલે થશે. એમનું જે વાક્ય છે તે વેદવાક્ય છે. એમાં કોઈ મીનમેખ નથી. એટલી શ્રદ્ધા તો આપણામાં હોવી જોઈએ. જોગી મહારાજ મળ્યા છે તો આપણું કલ્યાણ થવાનું છે, કાંઈ બાકી રહેવાનું નથી, એવી શ્રદ્ધા હશે તો કોઈ વાંધો આવવાનો નથી. ધીરે ધીરે આપણું કલેવર બદલાતું જાય છે ને બદલાશે. જો શ્રદ્ધાથી અને સારી રીતે અંતર્દૃષ્ટિ રાખીને આ માર્ગમાં પ્રયત્ન કર્યા કરીશું તો આપણું જીવન બદલાશે. આપણી બુદ્ધિના તર્કો અહીં મૂકી દેવાના. બુદ્ધિને લોક(તાળું) મારી દેવાનું. એ કહે છે એ પ્રમાણે થવાનું છે. એ સો એ સો ટકા સાચી હકીકત છે.''

(iii) પોતાનામાં શ્રદ્ધા અને વિશ્વાસ (આત્મવિશ્વાસ)

'મારાથી આ ન થાય' પોતાને વિષેનો આ અણવિશ્વાસ સાધકને સાધના કરતાં રોકે છે. આ એક પ્રકારની લઘુતાગ્રંથિ છે. અગાઉ આપણે આ લઘુતાગ્રંથિ વિષે સમજ્યા છીએ. આવી લઘુતાગ્રંથિ કોઈ પણ પ્રકારની નિષ્ફળતાનું એક મુખ્ય કારણ છે. તે દૂર કરીને આત્મવિશ્વાસ દૃઢ કરવો જોઈએ. ભગવાન અને સંતના પ્રતાપે હું બધું જ કરી શકીશ. એમના બળે અને એમની કૃપાથી હું આજ્ઞા પાળી શકીશ, નિયમ-ધર્મ પાળી શકીશ, એમને રાજી કરી શકીશ, આદર્શ ભક્ત બની શકીશ. શ્રીજીમહારાજ આત્મવિશ્વાસ દૃઢાવતાં કહે છે :

પ્ર.૫૭ – ''જીવ તો અતિ સમર્થ છે, કેમ જે, મન અને ઇન્દ્રિયો એ સર્વે તો ક્ષેત્ર છે અને જીવ તો એનો ક્ષેત્રજ્ઞ છે. માટે જે કરે તે થાય.''

મ.૩૩ – ''મનુષ્યદેહે કરીને ન થાય એવું શું છે ? જે નિત્ય અભ્યાસ

રાખીને કરે તે થાય છે.''

આવો આત્મવિશ્વાસ હોય તો જ સાધકની સાધના સફળતાને આરે પહોંચે છે.

આત્મવિશ્વાસ જાગ્રત કરવા માટે નીચે જણાવેલા વિચારો દઢ કરીને પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ :

➤ આત્માની શક્તિનો વિચાર.

➤ ભગવાન અને ગુણાતીત સંતના સામર્થ્યનો વિચાર, એમની સાથે યથાર્થ જોડાણ.

➤ લૌકિક, આધ્યાત્મિક ક્ષેત્રોમાં જેમણે ઉત્કૃષ્ટ સફળતા મેળવી હોય તેમનો વિચાર.

➤ પોતે આજ સુધી જે કાંઈ કરી શક્યા હોય તેનો વિચાર.

➤ ભગવાન અને ગુણાતીત સંતને પ્રાર્થના.

ક્યારેક એવું બને કે સાધનાની શરૂઆતમાં ઉપરોક્ત ત્રણેય બાબતમાં વિશ્વાસ અને શ્રદ્ધા હોય, પરંતુ સાધનામાં જેમ જેમ વર્ષો પસાર થતાં જાય તેમ તેમ આ બન્ને વધવાને બદલે ઘટતાં જાય છે, વધારે પુષ્ટ અને સબળ થવાને બદલે નબળાં થતા જાય છે. તેનું મુખ્ય કારણ એ છે કે વર્ષો સુધી સાધના કરવા છતાં સાધનાનું પરિણામ કે ફળ જણાતું નથી, અનુભવાતું નથી. વર્ષો સુધી કથા-કીર્તન, ભજન, ભક્તિ, સેવા, તપ, નિયમ વગેરે બધું જ કરવા છતાં સ્વભાવ, વાસના ઓછાં થયાં હોય એવું લાગતું નથી. દિવ્ય સુખ કે શાંતિનો અનુભવ થતો નથી. ક્યાં પહોંચ્યા અને હજુ કેટલું બાકી છે એનો કોઈ ખ્યાલ આવતો નથી. તેથી ઉપરોક્ત ત્રણેય બાબતમાં આ પ્રકારની શંકા રહે છે :

➤ શાસ્ત્રમાં જે વાતો લખી છે કે આમ કરવાથી સ્વભાવ ટળે, બ્રહ્મરૂપ થવાય, એ વાત શું ખરેખર સાચી છે ? જો સાચી જ વાત હોય તો મારા સ્વભાવ કેમ ન ટળ્યા ?

➤ શ્રીજીમહારાજ અને આ ગુણાતીત ગુરુઓ ખરેખર સાચા છે ? શું તેઓ ખરેખર માયાપર અને મને બ્રહ્મરૂપ કરવા સમર્થ છે ? જો તેઓ સમર્થ હોય તો હું એમના થકી બ્રહ્મરૂપ કેમ ન થયો ?

➤ હું સ્વભાવ ટાળી શકીશ જ, બ્રહ્મરૂપ થઈ શકીશ જ એ વાત શું

ખરેખર સાચી છે ? જો એ વાત સાચી હોય તો હું કેમ બ્રહ્મરૂપ ન થયો ?

આમ, સાધકને જાત-અનુભવ થતો નથી તેથી એ ત્રણેય બાબતમાં શંકા થાય છે. પોતાને થયેલ શંકા કે ઉદ્ભવેલ અણવિશ્વાસની વાત કોઈને કહેતો નથી. ઉપલક દૃષ્ટિએ દેખાતું નથી. પોતે જે કરે છે તે સાધના ચાલુ જ રાખે છે, પરંતુ એ કરવામાં અંતરથી બળ, ઉત્સાહ, ઉમંગ, ખપ, ઈશકમાં ઝાંખપ આવી ગઈ છે. જે કાંઈ કરે છે તે ઢસરડા જેવું કરે છે, પરાણે પરાણે કરવું પડે છે અને કરે છે. જે કંઈ કરે છે તે યથાર્થ નથી થતું. કદાચ આનો ખ્યાલ બીજાને ન પણ આવે, પરંતુ એને પોતાને તો ખ્યાલ આવી જ જાય છે કે પોતે અંતરથી ભાંગી ગયો છે. સાધનાના મૂળમાં શંકાનો સડો પેઠો છે.

તેથી યથાર્થ શ્રદ્ધા-વિશ્વાસના અભાવે યથાર્થ સાધના ન થાય અને યથાર્થ સાધના ન થવાથી યથાર્થ ફળ ન મળે. યથાર્થ ફળ ન મળવાથી શ્રદ્ધા-વિશ્વાસમાં વધુ મોળપ આવે. એમાં મોળપ આવવાથી સાધનામાં પણ વધુ મોળપ આવે. તેથી જે ફળ મળતું હતું તેમાં પણ ઘટાડો થાય. તેથી વળી, પાછો શ્રદ્ધા-વિશ્વાસમાં ઘટાડો થાય. આ રીતે આ વિષચક્ર જો ચાલુ રહે તો અંતે સાધના છૂટી જાય. જીવનમાં વાસ્તવિકપણે કશું જ પ્રાપ્ત ન થાય. જીવનમાં ખાલીપા-અજંપા સિવાય બીજું કાંઈ ન રહે.

વસ્તુતઃ તો ઉપરોક્ત ત્રણેય બાબતો સો ટકા સાચી જ છે, કારણ કે આજ સુધી અસંખ્ય મુમુક્ષુઓએ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી છે. એક પણ માણસ એવરેસ્ટ પર કે ચંદ્ર ઉપર ગયો હોય તો ત્યાં જઈ શકાય છે એ વાત સો ટકા સાચી છે. આપણે નથી જઈ શક્યા તેમાં આપણામાં ક્યાંક કચાશ છે, એમ સાધકે અંતર્દૃષ્ટિ કરીને પોતાની સાધનામાં શું કચાશ રહી જવા પામી છે તે તપાસવું જોઈએ. આપણે અગાઉ 'સ્વભાવ કેમ ટળતા નથી ?' એ મુદ્દામાં જાણી ચૂક્યા છીએ કે સાધકની સાધનામાં જ ઘણી કચાશ રહી જવાથી સ્વભાવ ટળતા નથી. ડૉક્ટર દવા જ્યારે, જેટલા પ્રમાણમાં, જે રીતે લેવાનું કહે તે પ્રમાણે જ જો દરદી દવા ન લે, તો તેનો રોગ ન મટે અને પછી ડૉક્ટર કે તેણે આપેલી દવામાં શંકા કરે એ તેની મૂર્ખામી છે. કારણ કે એ જ ડૉક્ટરની એ જ દવાથી ઘણા રોગમુક્ત થયા છે. તેથી ડૉક્ટર અને દવા બન્ને સાચાં છે.

એવી જ રીતે સાધકની પોતાની ખામીને લીધે પોતાને આધ્યાત્મિક

અનુભવ ન થયો હોય, યોગ્ય પરિણામ ન મળ્યું હોય, તો ઉપરોક્ત ત્રણેય બાબતમાં શંકા કરવાને બદલે પોતાની કચાશ શોધીને દૂર કરવી જોઈએ. જો એ કસર દૂર કરીને યથાર્થ સાધના, યથાર્થ રીતે અને યથાર્થ સમયના અવધિ સુધી કરશે તો જરૂર યથાર્થ ફળ પ્રાપ્ત થશે. કારણ કે ઉપરોક્ત ત્રણેય બાબતો સો ટકા સાચી છે.

ઉપરોક્ત ત્રણેય પ્રકારનાં વિશ્વાસ અને શ્રદ્ધામાં પણ તીવ્રતા અને મંદતાની દૃષ્ટિએ ભેદ પડે છે. શ્રીજીમહારાજ મંદ શ્રદ્ધાવાળા અને તીવ્ર શ્રદ્ધાવાળાને લક્ષ્યની સિદ્ધિ કરવામાં કેવો ભેદ રહે છે તે સમજાવતાં **વચ. મ.૧૬**માં કહે છે : "જેને મંદ શ્રદ્ધા હોય તેને તો અનેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. જેમ કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસ લાગે અને જે વીસ-વીસ ગાઉ ચાલવા માંડે તે તો અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે, તેમ જેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તોપણ અતિશય સરસ થઈ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળ થયા સત્સંગી થયો હોય તોય પણ લોચોપોચો રહે છે."

આ જ વચનામૃતમાં તેઓ તીવ્ર શ્રદ્ધાવાળાનાં લક્ષણો સમજાવે છે :

"જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્કથાવાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસી પૂજા કરવી હોય ઇત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા તેને કર્યા સારુ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશય ઉતાવળો થઈને કરે. અને કાગળ લખીને અમે કોઈક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થે પણ આકળો થઈ જાય. અને મોટો માણસ હોય તોપણ ભગવાનનાં દર્શન સારુ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે. એવાં જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન જાણવો."

મંદ શ્રદ્ધાવાળાને માટે શ્રદ્ધા વૃદ્ધિ પમાડવાનો ઉપાય દર્શાવતાં આ જ વચનામૃતમાં તેઓ કહે છે :

"જો ભગવાનનું માહાત્મ્ય જણાય તો મંદ શ્રદ્ધા હોય તે પણ વૃદ્ધિને પામે. જેમ પાણી પીવાનું વાસણ મૃત્તિકાનું હોય તેમાં સહજે જ પ્રીતિ થાય નહિ અને તે પાત્ર જો સુવર્ણનું હોય તો તેમાં સહજે જ પ્રીતિ થાય; તેમ ભગવાનનું તથા ભગવાનની કથા-કીર્તનાદિકનું માહાત્મ્ય જણાય તો સહજ

સ્વભાવે જ ભગવાનમાં તથા કથા-કીર્તનાદિકમાં શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. માટે જે પ્રકારે ભગવાનનું માહાત્મ્ય સમજાય તે ઉપાય કરવો ને જો એ ઉપાય કરે તો શ્રદ્ધા ન હોય તોપણ શ્રદ્ધા થાય છે અને જો મંદ શ્રદ્ધા હોય તો તે વૃદ્ધિને પામે છે.''

આ રીતે ભગવાનનો યથાર્થ મહિમા સમજાય તો એમનામાં વિશ્વાસ આવે અને સાથે સાથે પોતાનામાં પણ શ્રદ્ધા પ્રગટે. વળી, ભગવાન અને સંતને વિષે અતિશય હેત થાય તો હેતે કરીને એમની વાત મનાય, એમનામાં વિશ્વાસ આવે.

વસ્તુતઃ તો સાધકમાં ભગવાનના અસ્તિત્વ વિષયક જેટલી આસ્તિકતા વધે તેટલા પ્રમાણમાં વિશ્વાસ અને શ્રદ્ધા પ્રગટે. જો સંપૂર્ણ આસ્તિકતા પ્રગટે તો તેના હૃદયમાં અતિશય વિશ્વાસ અને શ્રદ્ધા પણ ઉદ્‌ભવે.

૮.૧.૪ ધીરજ (ધૈર્ય)

• ધીરજ(ધૈર્ય)ની આવશ્યકતા

અધ્યાત્મનો માર્ગ ધીરજનો પંથ છે. અહીં ઉતાવળ ન ચાલે. અનાદિ કાળથી જીવ સાથે વળગેલી માયા, અજ્ઞાન કે અવિદ્યારૂપ કારણદેહને તોડવાનું કામ; સ્વભાવ, દોષો કે વાસનાનો નાશ કરવાનું કામ; જન્મોજન્મથી વિષયો તરફ જેમનો ઢાળ છે એવાં ઇન્દ્રિયો-અંતઃકરણને પાછાં વાળવાં, એને સંયમમાં રાખવાં અને તેમના ઉપર વિજય મેળવવાનું કામ તથા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનું કામ જેટલું ધારીએ એટલું સહેલું પણ નથી અને એટલું ઝડપી પણ નથી. અંતઃશત્રુ પર વિજય મેળવવાનું કામ એક દિવસની ક્રિકેટમેચ જેવું નથી. એમાં આકળા-ઉતાવળા થવાથી કામ સરતું નથી. શ્રીજીમહારાજ **વચ. મ.૧**માં કહે છે :

''એવી રીતે સારા-નરસા વિષયમાં સમાન બુદ્ધિ થવી તે તો જાણે જે, એક દિવસે જ એમ કરી લઉં ને નિર્મોહી થઉં, એમ ઉતાવળે એ કામ થતું નથી, એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણી સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તોપણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તોપણ ઉતાવળે એવો કાપો ન પડે. માટે કલ્યાણને અર્થે જેને યત્ન

કરવો હોય તેને વિષયમાંથી આસક્તિ ટાળવી, એને વિષે આકળા થઈને અકળાઈ જવું નહિ. એવી રીતે ગીતામાં પણ કહ્યું છે જે, 'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ।' માટે એમ વિચારવું જે, 'આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે, પણ ભગવાનના ભક્ત છીએ તે નરક-ચોરાસીમાં તો જવું નથી.' એવી રીતે ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો."

લૌકિક વિદ્યા મેળવવી હોય તોય કેટલાં વર્ષો સુધી ધીરજ રાખીને પુરુષાર્થ કરવો પડે છે ? તો પછી અધ્યાત્મવિદ્યા સિદ્ધ કરવી એ કાંઈ એક દિવસની સાધના નથી. વર્ષો સુધી ધીરજ રાખીને પુરુષાર્થ કરવાનો છે. એમાં વર્ષો સુધી ધીરજ અને શ્રદ્ધા રાખીને મંડ્યા રહેવું પડે. ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવાના પુરુષાર્થમાં સો વર્ષ સુધી ધીરજ રાખીને મંડ્યા રહેવાની સલાહ આપતાં શ્રીજીમહારાજ વચ. પ્ર.૧૫માં કહે છે :

"ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે. અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તોપણ કાયર ન થાય અને નિત્ય-નવીન શ્રદ્ધા રાખે. અને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહિ, તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે. તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ, કેમ જે, શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'અનેકજન્મસંસિદ્ધ-સ્તતો યાતિ પરાં ગતિમ્ ।' તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે. એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ."

સાધના દરમ્યાન શારીરિક, માનસિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક અનેક પ્રકારે આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક દુઃખો આવે તેમાં પણ ખૂબ ધીરજ રાખવી પડે છે. એમાં જો સાધક ધીરજ ગુમાવી બેસે તો સાધનામાં વિક્ષેપ થાય અથવા તો સાધના જ છૂટી જાય. તેને લીધે લક્ષ્ય સ્થાને પહોંચી શકાય નહિ. તેથી ધીરજની ખૂબ જરૂર પડે છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "સુખ-દુ:ખમાં ધીરજ રાખે અને ભગવાનનો આશ્રય રાખે તેને કષ્ટ રહે નહિ. ધીરજ રાખનારનો અંતે જય થાય છે. ધીરજ ન રાખે તો અતિશય કષ્ટો સહન કરવાં પડે." *(પૂર : ૭, તરંગ : ૧૭)*

◆ "સત્સંગથી જ મનોવાંછિત સુખ પમાય છે. પણ ધીરજ તજી દે તે દુ:ખી થાય છે. દુ:ખ દેખી ડગે નહિ તેનો સત્સંગ સાચો છે." *(પૂર : ૧૧, તરંગ : ૫૩)*

◆ "કાચા-પાકા હરિભક્ત કષ્ટ આવે ત્યારે દેખાય છે. કષ્ટમાં જે ધીરજ રાખે તેની યુગોયુગ કીર્તિ ગવાય છે." *(પૂર : ૧૨, તરંગ : ૩૬)*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

ધીરજ સમ નહિ ધન રે, સંતો ધીરજ સમ નહિ ધન;
આવે અરથ દોહ્યલે દન રે, સંતો ધીરજ સમ નહિ ધન...ટેક
અતોલ દુ:ખ પડે જ્યારે આવી, તે તો ન સહેવાય તન;
તેમાં કાયર થઈને કેદી, ન વદે દીન વચન રે....સંતો૦૧
ધીરજવંતને આપે અત્યંત, દુ:ખ બહુ દુરિજન;
તે તો સરવે સહે શરીરે, જાણી તે અજ્ઞ જન રે....સંતો૦૨
ધીરજ ધારી રહે નરનારી, પામે તે સુખસદન;
કષ્ટ કાપવાનો એ છે કુહાડો, વાઢે વિપત્તિનાં વન રે....સંતો૦૩
આગે સીતા કુંતા ને દ્રૌપદી, ધારી ધીરજ અતિ મન;
નિષ્કુળાનંદના નાથને કર્યા, પૂરણ એણે પ્રસન્ન રે....સંતો૦૪

● ધીરજ(ધૈર્ય)ના ઉપાયો

સાધનામાં ધીરજ પ્રગટે અને રહે તે માટે નીચેના મુદ્દા આત્મસાત્ કરવા જરૂરી છે.

➤ પોતાના ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય તો ગમે તેવાં કષ્ટો આવે, ગમે તેવા વિક્ષેપો થાય અને કાર્ય સિદ્ધ થવામાં ગમે તેટલો વિલંબ થાય છતાં ધીરજ ટકી રહે. પોતાનું ધાર્યું નિશાન પાર પાડીને જ જંપે.

➤ ભગવાન અને ગુણાતીત સંતનો યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય, એમને વિષે દૃઢ હેત અને વિશ્વાસ હોય તોપણ ધીરજ રહે. ભગવાનનું કર્તૃત્વ અને નિયંતૃત્વ સમજાય તોપણ દુ:ખમાં ધીરજ રહે.

શ્રીજીમહારાજ **વચ. મ.૬૨**માં કહે છે : "ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનું દુ:ખ આવે છે તે દુ:ખના દેનારાં કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી, એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુ:ખને પ્રેરે છે અને પછી જેમ કોઈ પુરુષ પરદામાં રહીને જુએ, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ, કર્મ ને માયાનો શો ભાર છે જે ભગવાનના ભક્તને પીડી શકે ? એ તો ભગવાનની જ ઈચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન રહેવું."

➤ આત્મનિષ્ઠાની દૃઢતા પણ ધીરજ ટકાવી રાખવા માટે જરૂરી છે. કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે ?" આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજ **વચ. પ્ર.૬૧**માં કહે છે : "હું દેહ નહિ, હું તો દેહથી નોખો ને સર્વનો જાણનારો એવો જે આત્મા તે છું, એવી જે આત્મનિષ્ઠા તે જ્યારે અતિશય દૃઢ થાય ત્યારે કોઈ રીતે કરીને ધીરજ ડગે નહિ અને આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે તોપણ ધીરજ રહે નહિ."

➤ વાસ્તવિકતાનો ખ્યાલ હોય તોપણ ધીરજ રહે. કેટલુંક કામ જલદી થાય, જ્યારે કેટલાંક કામ માટે વધારે સમયની જરૂરિયાત છે એવી વાસ્તવિક્તા જાણી રાખવી જોઈએ. બાજરી, જુવાર ખેતરમાં વાવીએ તો બીજે-ત્રીજે દિવસે ઊગી જાય. આંબાનો ગોટલો કે ખજૂરનાં બી વાવીએ તો તેમાંથી અંકુર ફૂટે તે માટે વધુ સમય લાગે છે. એ વાસ્તવિકતાનો ખ્યાલ રહે તો તેને નિયમિત પાણી-ખાતર નાંખવાની ધીરજ રહે. બાળક એક દિવસમાં મોટો ન થાય કે એક મહિનામાં ડૉક્ટર ન થાય. એના માટે યોગ્ય સમયની જરૂર પડે જ છે.

એવી જ રીતે આધ્યાત્મિક સાધનામાં જે સફળતા પ્રાપ્ત કરવાની છે, તે પણ એકાદ દિવસનો કાર્યક્રમ નથી, તે વાસ્તવિકતાનો ખ્યાલ હોય તો તે માટે યોગ્ય સમય સુધી ધીરજ રહે. વળી, લૌકિક કે આધ્યાત્મિક માર્ગમાં અમુક વિઘ્નો, કષ્ટો, વિક્ષેપો આવવાનાં જ છે. તે દરેકને આવ્યાં છે તો આપણને પણ આવે એ પણ એક વાસ્તવિકતા છે. તેથી જ દુ:ખોથી ગભરાઈને ધીરજ ગુમાવવાની કે સાધના છોડી દેવાની જરૂરિયાત નથી.

➤ જેણે જેણે વિકટ સંજોગોમાં વર્ષો સુધી ધીરજ રાખી હોય તેમના

ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ, કથન અને મનન થાય તો એમાંથી પણ પ્રેરણા અને બળ મળે.

➤ ભગવાન અને સંતને શુદ્ધભાવે પ્રાર્થના કરવાથી પણ ધીરજની જ્યોત જલતી રહે.

૮.૧.૫ હિંમત અને શૂરવીરતા

• હિંમત અને શૂરવીરતાની આવશ્યકતા

અધ્યાત્મના અગોચર રાહ પર ડગ માંડવા માટે હિંમત કે શૂરવીરતાની જરૂરિયાત છે. કારણ કે બહારના શત્રુઓ કરતાં અંતરના શત્રુ બહુ ભારે છે. ઇન્દ્રિયો-અંતઃકરણ અને કામાદિક ભાવો બહુ બળિયા શત્રુ છે, જેની સામે લડવું સહેલું નથી. મુક્તાનંદ સ્વામી કહે છે :

◆ *કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે;*
જોગિયા જંગમ ત્યાગી તપસી ઘણા, મોરચે ગયે ધર્મદ્વાર માગે.

◆ *મુનિ મન મધ્ય વિચાર એવો કરે, મોહ શું લડે તે મર્દ કેવા;*
પાખરિયા નર (તે) કૈંક પાડ્યા ખરા, શૃંગી શશી સુરરાજ જેવા.

◆ *મન શું લડવા કોણ સામો મંડે, સુર નર અસુર બહુ હાર માને.*

ભયંકર આતંકવાદી કે ત્રાસવાદી જેવાં ઇન્દ્રિયો, અંતઃકરણ અને કામાદિક શત્રુ સામે લડત લેવા અને તેના પર વિજય પ્રાપ્ત કરવા માટે શૂરવીરતાની ખૂબ જરૂર છે. શૂરવીર સાધક જ હિંમત દાખવીને અંતઃશત્રુની સામે પડે, યુદ્ધ માંડે, મારીને વિજય મેળવે. અહીં કાયરનું કામ જ નથી. મરજીવો થાય તો જ મોતી મેળવે. કાયરના હાથમાં તો છીપલાં જ આવે.

ભક્ત પ્રીતમ કહે છે :

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પે'લું મસ્તક મૂકી, વરતી લેવું નામ જોને..
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખણ હારા દાઝે જોને.
માથા સાટે સોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ;
પેટ કટારી મારી પગ પરકે, તેને કેની રહી ત્રાસ રે....સંતો
કાયર મનમાં કરે મનસૂબા, રે'શું ઊભા આસપાસ;
એમ કરતાં જો ચડી ગયા ચોટે, તો તરત લેશું મુખે ઘાસ રે....સંતો
શૂરા સંતની રીત એક સરખી, કરવો વેરીનો વિનાશ;
કામ ક્રોધ લોભ મોહ જીતી, ભાવે ભજવા અવિનાશ રે....સંતો

બ્રહ્માનંદ સ્વામી કહે છે :

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછા તે પગલાં નવ ભરીએ...

ખરેખર શૂરવીર થાય તે જ લોકલાજ મૂકીને, જગતની મહોબત તોડીને અને લૌકિક બંધનો છોડીને ભગવાનને વરી શકે. ભગવાનને શરણે આવ્યા પછી પણ શૂરવીર જ ઇન્દ્રિયો-અંતઃકરણને દબાવી, પોતાનું ધાર્યું છોડીને ભગવાનનું ધાર્યું કરી શકે. મનગમતું મૂકીને ભગવાનનું ગમતું કરી શકે.

તેથી જ મહારાજે વચનામૃતમાં શૂરવીર થવાની વાતો કરી છે. તેમણે અવિવેક ટાળવા માટે (**વચ. પ્ર.૬**), ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારવા માટે (**વચ. પ્ર.૧૫**), વ્યસનો ટાળવા માટે (**વચ. લો.૮**), ભગવાન અને સંતનો પક્ષ લઈને વિરોધીઓને સણસણતો જવાબ દેવા માટે (**વચ. પં.૫, મ.૫**), ઇન્દ્રિયો-અંતઃકરણ ઉપર રાજ્ય કરવા માટે (**વચ. મ.૧૨**), અને ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવા માટે (**વચ. મ.૩૬**) શૂરવીરપણું રાખવાની વાત કરી છે.

'રાજા'નું દૃષ્ટાંત આપીને કાયાનગરીમાં કાયર નહિ પણ શૂરવીર જ શાસન કરી શકે છે, એમ સમજાવતાં મહારાજ **વચ. મ.૧૨**માં કહે છે :

"જેને પરમપદ પામવા ઇચ્છવું તેને કાંઈક પોતાને વિષે પુરુષાતન રાખવું પણ છેક નાદાર થઈને બેસવું નહિ, અને એમ વિચાર કરવો જે, 'જેમ આ દેહમાં ચાર અંતઃકરણ છે, દસ ઇન્દ્રિયો છે, પંચ પ્રાણ છે, તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહને વિષે છું, તે સર્વ થકી અધિક છું ને એ સર્વનો નિયંતા છું.' પણ એમ ન માનવું જે, 'હું તો તુચ્છ છું ને અંતઃકરણ, ઇન્દ્રિયો તો બળવાન છે.' ...જ્યારે એ જીવ નાદાર થઈને બેસે ને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઇચ્છે ત્યારે અંતઃકરણ એનું કહ્યું કરે નહિ અને ઇન્દ્રિયોને વશ રાખવા ઇચ્છે તો ઇન્દ્રિયો પણ એને વશ રહે નહિ. પછી એ જીવ કાયાનગરને વિષે રાજા છે તોપણ રાંકની પેઠે

ઓશિયાળો થઈ રહે છે. અને જ્યારે રાજા નાદાર થાય ત્યારે તેના નગરને વિષે મનુષ્ય હોય તે સાંઢ થઈને બેસે છે ને રાજાનું લેશમાત્ર ચાલવા દે નહિ, તેમ આ જીવના કાયાનગરને વિષે પણ જે કામાદિક રાજા નથી તે રાજા થઈને બેસે છે અને એ જીવનું લેશમાત્ર ચાલવા દેતા નથી.

માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહિ ને જે પ્રકારે પોતાનાં ઈન્દ્રિયો ને અંતઃકરણ તે સર્વે પોતાના હુકમમાં વર્તે એવો ઉપાય કરવો. ''

વળી, યુદ્ધના મેદાનમાં શૂરવીર અને કાયર સૈનિકનાં દૃષ્ટાંતે શૂરવીર અને કાયર ભક્તનો ભેદ દર્શાવીને શૂરવીર થવાની શીખ આપતાં તેઓ **વચ. મ.૨૨**માં કહે છે :

''નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી. એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.' અને કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે તેને તો પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ થાય છે જે, 'જો કરડાં વર્તમાન થશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.' અને વળી એવો પણ વિચાર કરે જે, 'આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું.' એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો. અને શૂરવીર જે ભગવાનના દૃઢ ભક્ત હોય તેને તો પિંડ-બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.''

શૂરવીર ભક્ત કેવી રીતે મૃત્યુના ભયથી મુક્ત રહે છે તે સમજાવતાં **વચ. લો.૨**માં કહે છે : ''શૂરવીર હોય તે થકી તો ઈન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતાં રહે અને બીજા કોઈથી પણ ડરે નહિ. માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ. માટે પોતાને કૃતાર્થપણું માને

અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહિ.''

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''શૂરવીર હોય તેથી સ્વભાવ જિતાય ને બીજાથી તો સ્વભાવ પ્રમાણે વર્તાય.'' *(૧૧/૨૩૨)*

◆ ''શૂરવીર હોય તેની આગળ કોઈનું ન ચાલે. માટે શૂરવીર થવું.'' *(૧૪/૯૧)*

◆ ''શૂરા છે તેતો (વિષયમાં) લેવાય જ નહિ.'' *(૧૪/૧૬૦)*

ભગતજી મહારાજ કહે છે :

◆ ''જેને ભગવાનને પામવા હોય તેને ઇન્દ્રિયો-અંતઃકરણ જીતવાં અને શૂરવીર થાવું, પણ બકાલીથી ઇન્દ્રિયો જિતાય નહિ. માટે રાજનીતિ શીખવી જે, ઇન્દ્રિયો-અંતઃકરણરૂપી પ્રજાને સાંઢ થવા દેવી નહિ અને એમ રહેવાશે તો જ જીવ બળિયો થશે અને ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિને જ્યાં દોરવી હશે ત્યાં દોરી શકાશે.'' *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૪૪૨)*

◆ ''જે અતિશય શૂરવીર થઈને ભગવાનને ભજે છે તેને ભગવાનનું સુખ આવે છે.'' *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૪૪૪)*

શાસ્ત્રીજી મહારાજ કહે છે :

◆ ''વિષયના માર્ગથી ઇન્દ્રિયોને દબાવવી તેમાં શૂરવીરપણું જોઈએ. ધર્મ, નિયમ, તપ, ભક્તિ વગેરેમાં મનને પરોવીએ તો ઇન્દ્રિયો, અંતઃકરણ થરથર ધ્રુજે, તે જ જીવનું શૂરવીરપણું છે.'' *(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૨/૩૪)*

◆ ''ભક્તિમાર્ગમાં શૂરવીર હરિભક્તો હોય તે જ નભી શકે. લોકલાજ, માન-અપમાન એ દરેકનો ત્યાગ કરીને જે ભક્ત પોતાના ઇષ્ટદેવને રાજી કરવા માથું આપી શકે, તે જ ભક્ત અક્ષરધામનું નિશાન લઈ શકે.'' *(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૨/૯૨)*

◆ ''સાચી શૂરવીરતા તો અવળા પક્ષનો ત્યાગ કરીને, બીજે સન્માન થતું હોય તો એવા દેહાભિમાનના પોષનારાનો પણ ત્યાગ કરીને, સાચા સત્પુરુષનું શરણું લેવું, એમાં જ છે.'' *(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૨/૯૩)*

યોગીજી મહારાજ કહે છે : ''શૂરવીર થાવું જેથી ઇન્દ્રિયું-અંતઃકરણ થરથર કંપતાં ફરે ને ખોટા ઘાટ પણ ન થાય.''

શૂરવીર ભક્ત ગમે તેવા અંતઃશત્રુ સામે કે ઇન્દ્રિયો-અંતઃકરણના વેગ

સામે ક્યારેય પાછો ન પડે. ક્યારેય આજ્ઞા કે નિયમ-ધર્મ લોપે જ નહિ.

મુક્તાનંદ સ્વામી કહે છે.

◆ *ધીર ધુરંધરા શૂર સાચા ખરા, મરણનો ભય તે મનમાં ન આણે;*
ખર્વ નિખર્વ દળ એક સામા ફરે, તૃણને તુલ્ય તેહને જ જાણે.

◆ *મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે;*
કવિ ગુણી પંડિત બુદ્ધે બહુ આગળા, એ દળ દેખતાં સર્વ ભાગે.

◆ *શૂર સંગ્રામને દેખતાં નવ ડગે, ડગે તે શૂર સ્વપ્ને ન હોયે;*
હય ગજ ગર્જના હાક વાગે ઘણી, મનમાં ધડક નવ ધારે તોયે.

◆ *શૂરને એક પળ કામ આવી પડે, મરે કાં મોજ લઈ સુખ પામે;*
સંત સંગ્રામથી પળ ન પાછો હટે, મન દમવા તણે ચડે ભામે.

બ્રહ્માનંદ સ્વામી કહે છે :

◆ *હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે;*
વિપત્તિ વરતી રે, કે'દી દીન વચન નવ ભાખે.

◆ *ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;*
ત્રિવિધ તાપે રે, કે'દી અંતર ડોલે નાહીં.
મોડું-વહેલું રે નિશ્ચે કરી એક દિન મરવું.
જગ સુખ સારુ રે, કે'દી કાયર મન નવ કરવું....
અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી....

◆ *જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી;*
દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી....
બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે;
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે....
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા;
તન કરી નાખે રે, ગુરુ વચને ચૂરે ચૂરા....

આવા શૂરવીર ભક્તો જ મહારાજને વહાલા છે. તેથી જ તો તેઓ શૂરવીરતાનાં અંગવાળા ભક્તો પર પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં વચ. લો.૨માં કહે છે : "જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો."

● હિંમત અને શૂરવીરતાના ઉપાયો

➤ ભગવાન અને સંતનો યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તો એમના પ્રતાપે શું ન થાય ? એવી હિંમત અને શૂરવીરતા રહે.

➤ સ્વસ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય તોપણ ઇન્દ્રિયો-અંતઃકરણને દબાવીને વર્તવાની શૂરવીરતા પ્રગટે.

➤ 'નિશાન પાર પાડવું જ છે' એવી ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય, 'ભગવાન અને સંતને રાજી કરવા જ છે' આવો ઇશક અને ખપ હોય તો હિંમત અને શૂરવીરતા આવે અને વૃદ્ધિ પામે.

➤ જેમણે જેમણે હિંમત અને શૂરવીરતાથી સાધના કરી છે તેમના ઉત્કૃષ્ટ પ્રસંગોના મનનથી પણ એવી પ્રેરણા મળે.

➤ વિશેષે કરીને તો શૂરવીરના સંગે જ શૂરવીર થવાય. શૂરવીર એવા ગુણાતીત સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરીએ તો માયા સામે લડવાની યુક્તિ અને શક્તિ પ્રાપ્ત થાય.

મુક્તાનંદ સ્વામી કહે છે :

◆ *એવા અરિસૈન્ય શું અડીખમ આથડે, ગુરુમુખી જોગીયા જુક્તિ જાણે;*
મુક્તાનંદ મોહ ફોજ માર્યા પછી, અટલ સુખ અખંડ પદરાજ માણે.

◆ *મન શું લડવા કોણ સામો મંડે, સુર, નર, અસુર બહુ હારમાને;*
ગુરુમુખી શિષ્ય વિણ રૂંઢ રણમાં ફિરે, જગતનો શબ્દ નવ સુણે કાને.

આમ, ગુરુમુખી થઈએ તો જ સાચી શૂરવીરતા આવે.

૮.૧.૬ સહનશીલતા (સહિષ્ણુતા)

● સહનશીલતાનું તાત્પર્ય

સહિષ્ણુતા અર્થાત્ સહનશીલતા એટલે સહન કરવાની વૃત્તિ, સહન-શક્તિ, ખમવું.

સહનશીલતા ત્રણ પ્રકારની છે :

(i) વ્યવહારિક સહનશીલતા

(ii) સાત્ત્વિક સહનશીલતા

(iii) આધ્યાત્મિક સહનશીલતા

(i) વ્યવહારિક સહનશીલતા

લૌકિક સત્તા, સંપત્તિ, સુંદરીની પ્રાપ્તિ માટે અર્થાત્ લૌકિક સ્વાર્થ કે સફળતાની સિદ્ધિ માટે સહન કરવું એ વ્યવહારિક સહનશીલતા છે. એમાં પણ ક્યારેક વ્યક્તિ સ્વેચ્છાથી અગવડ-મુશ્કેલી, ભૂખ-તરસ, ટાઢ-તડકો, અપમાન-ઉપેક્ષા આદિક સહન કરે છે, તો ક્યારેક વ્યક્તિને પરવશ થઈને સંજોગવશાત્ સહન કરવું પડે છે. બાળક, નિર્ધન, નિર્બળ, રાંક કે ભિખારી હોય અથવા તો પશુ પણ કર્મવશ પરાધીન કે પરવશ થઈને ભૂખ-તરસ, ઠંડી-ગરમી, અપમાનાદિક અનેક પ્રતિકુળતાઓ સહન કરે છે. અહીં એને સહન કર્યા વગર છૂટકો જ નથી.

લૌકિક સ્વાર્થ માટે સ્વેચ્છાથી કે પરેચ્છાથી અર્થાત્ પરવશ થઈને અથવા તો ભયને લીધે સહન કરવું એ તો સામાન્ય સહનશીલતા છે. એના ફળરૂપે કદાચ લૌકિક સફળતા મળે, લૌકિક સ્વાર્થ સિદ્ધ થાય, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ એનું બહુ મૂલ્ય નથી.

(ii) સાત્ત્વિક સહનશીલતા

પોતાના વ્યક્તિગત કોઈ પણ પ્રકારના લૌકિક સ્વાર્થ વગર ફક્ત લોકહિતનાં કે સમાજહિતનાં કાર્યો કરતી વખતે, અર્થાત્ સમાજ-સેવા કરતી વખતે જે કાંઈ ભૂખ-તરસ, ટાઢ-તડકો, અપમાન, વિરોધ, ટીકા, ઉપેક્ષા આદિક પ્રતિકૂળતાઓ સહન કરવી એ સાત્ત્વિક સહનશીલતા છે. આ એક પ્રકારનો સત્ત્વગુણ છે. કારણ કે આમાં ભગવાન કે ગુણાતીત સંતનો સંબંધ નથી, એમને પ્રસન્ન કરવાની ભાવના નથી. એની પાછળ આત્માની શુદ્ધિ કે મુક્તિનો અર્થાત્ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનો હેતુ નથી. પ્રથમ પ્રકારની સ્વાર્થમૂલક વ્યવહારિક સહનશીલતા કરતાં આ બીજા પ્રકારની સહનશીલતાની ગુણવત્તા વિશેષ છે. તેનું નૈતિક મૂલ્ય પણ ઘણું છે. તેમ છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ તો તેનું મૂલ્ય પણ ઘણું સામાન્ય કહી શકાય.

(ii) આધ્યાત્મિક સહનશીલતા

વસ્તુતઃ આધ્યાત્મિક સહનશીલતા એ જ સાચી પારમાર્થિક સહિષ્ણુતા

છે. આત્માની શુદ્ધિ માટે અને મુક્તિ માટે, આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે, ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવા માટે સહન કરવું એ આધ્યાત્મિક સહનશીલતા છે. આ જ સાચી સહનશીલતા છે, કારણ કે આમાં ભગવાન અને ગુણાતીત સંતનો સંબંધ છે. પરમાર્થની પ્રાપ્તિ માટેની સાધનામાં આનું જ વિશેષ મહત્ત્વ છે. આનાથી જ વિશેષ લાભ પ્રાપ્ત થાય છે.

● સહનશીલતાની મહત્તા અને આવશ્યકતા

શ્રીજીમહારાજ સહિષ્ણુતાની મહત્તા અને આવશ્યકતા સમજાવતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "શેરડી ઘાસની સાથે ઊગે છે. તેને ઘાસમાંથી કાપી કોલામાં પીલે છે. અને તેમાંથી મિષ્ટ રસ બને છે. તેમ કષ્ટ સહન કર્યા વિના રૂડા ગુણ આવતા નથી." *(પૂર : ૪, તરંગ : ૩૩)*

◆ "જેમાં જેટલી સહનશક્તિ તેટલું સામર્થ્ય વધારે." *(પૂર : ૪, તરંગ : ૩૫)*

◆ "વિમુખ જનો ફાવે તેમ બોલે તોપણ આનંદ પામી સહન કરવું એ જ મોટપમાં મોટપ છે." *(પૂર : ૧૧, તરંગ : ૩૬)*

◆ "સત્સંગ નિમિત્તે કષ્ટ સહે તેટલું અધિક સુખ મળે છે... ભગવાન જેના પતિ છે એવા સીતાજીને પણ અપાર કષ્ટ સહન કરવાં પડ્યાં છે... કષ્ટ આવે ત્યારે સહન કરવાં જ જોઈએ. સહન કર્યા વિના અતિ દુર્લભ મોક્ષ કેવી રીતે મળે ?" *(પૂર : ૧૨, તરંગ : ૩૬)*

◆ "સત્સંગને માટે જેટલું કષ્ટ સહન કરશો તેથી કોટિગણું અલૌકિક સુખ મળશે. આગળના ભક્તોને પણ એવું થયું છે, તે ગ્રંથોમાં લખ્યું છે." *(પૂર : ૧૪, તરંગ : ૬૩)*

◆ "સત્સંગ અને ભગવાન તથા મોક્ષને માટે જેટલો ખપ હોય, તેટલું જગતમાં અપમાન સહન કરી શકાય છે. જે ભગવાન માટે અપમાન અને કષ્ટને સહન કરે છે, તેના પર ભગવાન પ્રસન્ન થાય છે." *(પૂર : ૧૫, તરંગ : ૭૯)*

◆ "મિથ્યા સુખને માટે લોકો અગણિત દુઃખ સહન કરે છે, તેટલું દુઃખ ભગવાનનાં સાચા સુખ માટે સહન કરતા નથી. સહન કર્યા વિના સુખ મળતું નથી." *(પૂર : ૧૫, તરંગ : ૮૦)*

◆ "વિષરૂપ વચન જે સહન કરે તે પણ મૂર્તિમાન અમૃત છે. સમર્થ થઈને સહન કરવું તે બહુ જ કઠણ છે. પણ તેવા પુરુષો જગતને ધારી રહ્યા છે." *(પૂર : ૧૫, તરંગ : ૮૮)*

◆ "સહન કરવામાં આપણી જીત છે. ભગવાન આજે તમારી સાધુતા જોવા માટે તત્પર થયા છે. સાધુતાથી તમારા કાજ સુધરશે. પ્રહ્‌લાદે રાજા હોવા છતાં અતિ ઉપાધિ સહન કરી, તો અનુપમ કીર્તિ પામ્યા."

(પૂર : ૧૭, તરંગ : ૯૩)

આ પ્રમાણે શ્રીજીમહારાજે સહનશીલતાથી પ્રાપ્ત થતા અપાર લાભ વિષે સમજણ આપી છે. વળી,

➤ સહન કરવું એ મહા મોટું અમૂલ્ય રત્ન છે. જેટલું વધારે સહન થાય તેટલા વધુ સમૃદ્ધ થઈએ.

➤ ખમવું એ સાધનાની સાચી દિશા છે અને સાચી સાધનાની ફલશ્રુતિ છે. તેથી સહન કરવું એ સાધના પણ છે અને ઉચ્ચતમ સ્થિતિ પણ છે. સાધન પણ છે અને સાધ્ય પણ છે.

➤ સહનશીલતા સાચી સાધના કરાવી શકે અને સાચી સફળતા અપાવે.

➤ સહન કરવાથી બીજા બધા ગુણોને ખૂબ પોષણ મળશે. એને લીધે બધા સદ્‌ગુણો બળવાન થશે.

➤ સુવર્ણને તપાવવાથી જેમ તે શુદ્ધ થાય છે, તેમ સહન કરવાથી આત્માની શુદ્ધિ થાય છે, મલિનતા દૂર થાય છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "બલિરાજાનું રાજ્ય છીનવી લઈને પછી તેને આધીન થઈ ગયા હતા. તેમ પ્રથમ ભક્તને શ્રીહરિ કસી જુવે છે. કસવાથી ભક્તનું મૂલ્ય વધે છે. શોધન કર્યા સિવાય સુવર્ણનું કુંદન થતું નથી. તેમ તાવ્યા સિવાય ભક્ત શુદ્ધ થતો નથી. જગતનો અભિમાની જીવ તાપ સહન કરી શકતો નથી. ભક્ત તો સાંસારિક દુઃખને દુઃખ માનતો નથી." *(પૂર : ૬, તરંગ : ૧૦૨)*

➤ લોખંડને ટીપવાથી, પથ્થરને કંડારવાથી, માટીને મસળવાથી જેમ જુદા જુદા ઘાટ ઘડાય છે, તેનું ઘડતર થાય છે, તેમ સહન કરવાથી જીવનું સાચું ઘડતર થાય છે. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી ધીરજાખ્યાનમાં કહે છે :

જેમ ઈક્ષુ પામે અમૂલ્યતા, તે તો પ્રથમ પોતે પીલાય છે;
ત્યાર પછી ચડે તાવડે, તેનાં ગોળ, સાકર, ખાંડ થાય છે.
તેમ કસ્યા વિના કોઈ વસ્તુ, ખરે ખપ નથી આવતી;
એમ સમજી સંકટ સહો, તો ભલી ભજી જાય ભગતિ.

(ધીરજાખ્યાન : ૩૩/૮,૯)

જેમ કુલાલ કસે મૃત્તિકા, વળી કાષ્ઠને કસે છે સુતાર;
દરજી કસે છે દુકૂળને, લોહને કસે છે લુહાર.
જેમ સલાટ શિલાને કસી કરી, રૂડું આણે વળી તેમાં રૂપ;
એમ કસાય છે જન હરિના, ત્યારે થાય છે શુદ્ધ સ્વરૂપ.

(ધીરજાખ્યાન : ૪/૩,૪)

➤ જો સાચી રીતે, શુદ્ધભાવથી સહન કરીએ તો આંતરિક પરિવર્તન અને પ્રગતિ થાય જ. ઘડતર થયા વિના રહે જ નહિ.

➤ સહિષ્ણુતા આવે તો ક્યારેય, ક્યાંય, કોઈ સાથે કોઈ પ્રકારનો પ્રશ્ન ઊભો ન થાય, કદાચ થાય તો ટકે નહિ.

➤ સહનશીલતાને લીધે મન ડોળાય નહિ. મનમાં વિક્ષેપ-ખળભળાટ ન થાય. જીવનમાં સ્થિરતા અને સમતા આવે. માન, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, ક્રોધાદિક વિકારો ન ઉદ્‌ભવે. મન સ્થિર અને શાંત રહે, તો સેવા-ભક્તિ પણ વ્યવસ્થિત થાય.

➤ માનવીય સંબંધ જળવાઈ રહે. પરસ્પર કંકાસ, ક્લેશ, ઝઘડા અને કુસંપ ન થાય. સંપ-સુહૃદભાવ અને એકતા જળવાઇ રહે. તેથી સત્સંગ વધારવામાં સાનુકુળતા રહે અને વધે.

➤ સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે.

➤ ભગવાન અને ગુણાતીત સંતનો સંબંધ ન તૂટે.

➤ ભગવાન અને ગુણાતીત સંત અતિશય રાજી થાય, પરિણામે જીવનનું અંતિમ લક્ષ્ય આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનું સિદ્ધ થાય.

➤ સાચો આનંદ, શાશ્વત શાંતિનો અનુભવ થાય.

સહિષ્ણુતા વગર અધ્યાત્મના પંથે નહિ ચાલી શકાય, ભગવાન સુધી નહિ પહોંચી શકાય. તેના વગર ઉત્સાહ, ખુમારી અને આનંદ નહિ પ્રગટે. જો એકબીજાનું સહન નહિ કરીએ તો એકબીજાનો ઉત્કર્ષ સહન નહિ થાય;

ઈર્ષ્યા, અસૂયા, મત્સર, રાગ-દ્વેષ, અહં-મમત્વની પ્રવૃત્તિ થશે; એકબીજાના અભાવ-અવગુણમાં પડી જવાશે; પરસ્પર ક્લેશ, કંકાસ, ઝઘડા અને કુસંપ થશે; સત્સંગ કરવા-કરાવવાનું સુખ નહિ આવે; બધાનાં મન ડોળાશે; વિષયો અને વિકારો તરફ ઢળાશે; સાચી દિશામાં સાચી પ્રગતિ નહિ થાય; અહીં-તહીં ફંટાઈ જવાશે; બીજે રવાડે ચડી જવાશે; સાધનામાં વિઘ્ન આવશે; ભગવાન અને સંતનો સંબંધ છૂટશે; અંતરમાં અસંતોષ, ઉદ્વેગ, અશાંતિ, અજંપો રહેશે; જીવન નિરર્થક લાગશે. તેથી 'સહનશક્તિ'માં સુધારો કર્યા વગર ચાલે તેમ જ નથી. એમાં સુધારો કરવો જ પડશે. સહન કર્યા વગર છૂટકો જ નથી. આ આંતરિક સાધના છે. આ તરફ જવું જ પડશે. એ દિશામાં પગ માંડવા જ પડશે.

અધ્યાત્મનો સમગ્ર ઇતિહાસ 'સહિષ્ણુતા' ઉપર ઊભો છે. સહિષ્ણુતાના પાઠ શીખીને, તેમાં પારંગત થઈને જ મહાન પુરુષોએ અધ્યાત્મનાં શિખરો સર કર્યાં છે. આપણા સંપ્રદાયમાં પણ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, પરમહંસો, સંતો અને હરિભક્તોએ કેટલું સહન કર્યું છે ? એ માર્ગે આપણે પણ ચાલવું જ પડશે. આ આપણો ભવ્ય વારસો છે. સહન કરવું એ તો આપણો ધર્મ છે, આપણી શોભા છે. આપણે આ તરફ ઢળવાનું છે. તેમની આપણી પાસે પણ એ જ અપેક્ષા છે.

શ્રીજીમહારાજ સહન કરવા વિષે વેદરસમાં લખે છે : "આ વિચાર (આત્માના) કર્યાની જેને શ્રદ્ધા હોય તેને કોઈને શબ્દે કરીને ક્ષોભને ન પામવું અને દેહને દુ:ખે કરીને પણ ક્ષોભ ન પામવું. બીજું, સત્સંગી ગૃહસ્થ તથા પરમહંસ તે તો સૂઝે એટલું દેહને કષ્ટ દે અથવા કટુક વચને કરીને હૃદયને કષ્ટ દે તે સર્વે ખમવું જ." *(વેદરસ, પૃષ્ઠ : ૨,૩)*

સાચા સાધકે તો સહન જ કરવું જોઈએ એવો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં મહારાજ વચનામૃતમાં કહે છે :

કા.૧૦ – "ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગ પર્યંત ટાઢ-તડકો, તથા ભૂખ-તરસને સહન કરીને મહાતપ કર્યું અને તે તપે કરીને ભગવાનને રાજી કર્યા, એવી રીતે જે વિવેકી હોય તે તો જાણીને પોતાનાં દેહ-ઇન્દ્રિયોને દમીને તપ કરે છે. માટે જે વિવેકી સાધુ હોય તેને તો

જાણીને દેહ-ઇન્દ્રિયોને કષ્ટ થાય એમ વર્તવું જોઈએ, તો ઈશ્વરઇચ્છાએ જે કાંઈ કષ્ટ આવે તેને શીદ ટાળવાને ઇચ્છે ?"

લો.૮ – "જાણી જાણીને ટાઢ, તડકો, વરસાદ તેને ખમવો."

વળી, તેઓ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "સંસારનાં મિથ્યા સુખ માટે કરોડો દુઃખ સહન કરાય છે, તેમ સત્સંગ કરવામાં દુઃખ પડે તો આનંદથી સહન કરવાં." *(પૂર : ૮, તરંગ : ૪)*

◆ "કોઈ મારે અથવા ગાળ દે તો સહન કરવી." *(પૂર : ૧૦, તરંગ : ૨૩)*

◆ "કોઈ હરિજન કટુ વચન કહે તો તેને હિતકારી માની સહન કરવું, એ મોટા હરિભક્તનું લક્ષણ છે." *(પૂર : ૧૧, તરંગ : ૮૪)*

◆ "સત્સંગ માટે દુઃખ સહન કરવું પડે તોપણ ધન્યભાગ માનવું." *(પૂર : ૧૪, તરંગ : ૬૩)*

◆ "અબુધ લોકો તોફાન કરે તે સહન કરવું." *(પૂર : ૧૭, તરંગ : ૯૩)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "મોક્ષને માર્ગે ચાલે તેને દુઃખ સહન કરીને પ્રભુ ભજવા." *(૮/૨૫૦)*

◆ "બીજાનું તો ખમાય પણ માહિ માહિ ન ખમાય, ત્યારે પૂરું સાધુપણું આવ્યું નથી. ને આનું ખમાય ને આનું ન ખમાય એમ સાધુને હોય નહિ. સાધુ હોય તે બધાનું ખમે. તે સ્વભાવ જ એનો એવો જે, ખમે." *(૧૧/૯૯)*

◆ "સાધુ થયા તેને બીજો ઘાટ નથી જે, આટલું ખમાશે ને આટલું નહિ ખમાય." *(૧૧/૧૦૪)*

◆ "બીજાનું તો ખમાય પણ બરોબરિયાનું ન ખમાય, ત્યારે પૂરું સાધુપણું આવ્યું નથી." *(૧૫/૫૯)*

યોગીજી મહારાજ સહન કરવા વિષે કહે છે :

◆ "સાધુતાના ગુણ શું ? ખમવું તે, તમે અક્કલ વગરના બારદાન છો એમ કોઈ કહે તે ખમવું, એ સાધુતાના ગુણ. સહનશક્તિ એ જબરો ગુણ છે."

◆ "આપણી ભૂલ ન હોય તોપણ ખમવું. આપણે કાંઈ ભૂલ ન કરી હોય ને ભૂલ કરી એમ કહે તે સહન કરવું, તે સાધુતા. સહન કરે એ એકાંતિક."

◆ "કોઈ બે શબ્દ કહે તો સામા ન થવું. પગે લાગી સહન કરવું. નમી જવું, દંડવત્ કરવા. કોઈ બે શબ્દ બોલી જાય ને તપી જવાય એ બ્રહ્મસ્વરૂપ માન્યું ન કહેવાય. કોઈ ગાળ દે તો કહેવું, 'વધુ ગાળ દ્યો."

◆ "ધુંબો મારે તોય સહન કરવું, વાંસો પ્રસાદીનો થયો. હસી કાઢવું. જ્ઞાન પામવું. સુખ લેવું હોય તો સહનશક્તિ રાખવી. કોઈ આપણને મારે તો કહેવું : 'બે ધુંબા વધુ માર,' પણ સામા ન થવું, ખમવું ઇ આત્મારૂપે વર્ત્યા કહેવાય."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "આપણામાં ભૂલ નથી છતાં કોઈ આપણા ઉપર આક્ષેપ કરે તો ખમી ખાવું. ખોટું હોય તોય સહન કરવું. તો જીવનમાં શાંતિ રહે. નહિતર ઉદ્વેગ, અશાંતિ ને મૂંઝવણ."

◆ "કોઈ ગમે તે કહે પણ આપણે આપણી સાધુતા ખોવાની નથી. આપણે ઉગ્ર થવાનું નથી, આપણે તો ખમી જ ખાવું."

◆ "આપણે સાક્ષાત્ શ્રીજીમહારાજ અને યોગીજી મહારાજને રાજી કરવા આવ્યા છીએ તો સહન કરી લેવું. 'એણે મને ઉગ્ર કર્યો તો હું ક્યાં સુધી સહન કરું ?' એમ નહિ. યોગીબાપાએ કેટલું અને ક્યાં સુધી સહન કર્યું છે એનો વિચાર કરો. જે જે મહાન પુરુષો થઈ ગયા છે એમને બધાનું સહન કરવું જ પડ્યું છે, ત્યારે એમની મહત્તા વધી છે. આપણે એ જ માર્ગે જઈને સહન કરવું."

◆ "ખમ્યા વગર, સહન કર્યા વગર બ્રાહ્મીસ્થિતિ થાય નહિ. કષ્ટ સહન કરતાં શીખો. સહન કર્યા વિના મોટપ છે જ નહિ. સૌથી નાના થઈને સૌનું સહન કરવું. દેહ, મનને ગમતું નથી પણ મોટાપુરુષને રાજી કરવા છે એટલે સહન કરવું."

◆ "સંસારના સુખ લેવા માટે લોકો આખી જિંદગી કેટલું સહન કરે છે ? આપણે તો ભગવાનનું સુખ લેવા, એમને રાજી કરવા નીકળ્યા છીએ તો સહન કરી લેવું."

● સાધકને સહન કરવાનાં પરિબળો

સાધકને સાધના દરમ્યાન જુદા જુદા સંજોગો અને પ્રસંગોમાં જુદાં જુદાં સ્થળે અને સમયે જુદાં જુદાં પરિબળોને સહન કરવાનાં હોય છે. જેમકે,

➤ ભૂખ, તરસ, ટાઢ-તડકો, અગવડ, મુશ્કેલી.

➤ શારીરિક વિવિધ પ્રકારના રોગો.

➤ બીજા તરફથી થતાં અપમાન, તિરસ્કાર, ઉપેક્ષા, ટીકા, અન્યાય, મારામારી, વિરોધ, ક્લેશ, કંકાસ, ઝઘડા.

➤ બીજાનાં ચિત્ર-વિચિત્ર સ્વભાવો, દુર્ગુણો, કુટેવો.

➤ બીજાનો લૌકિક કે આધ્યાત્મિક ઉત્કર્ષ, વિકાસ.

➤ પોતાનાં કામક્રોધાદિક વિકારોના આવેગો.

➤ પોતાની લૌકિક કે આધ્યાત્મિક નિષ્ફળતા.

➤ દૈહિક સેવા, પધરામણી કે વિચરણનો ભીડો.

➤ મનધાર્યું કે મનગમતું મૂકવાનો મનનો ભીડો.

● સહનશીલતા અને તેની ગુણવત્તામાં ભેદ

સાધકના જીવનમાં સાધના દરમ્યાન આવતાં વિવિધ પરિબળોને સહન કરવાનાં હોય છે, પરંતુ દરેક સાધકની સહનશીલતા એક સમાન નથી.

➤ કોઈક ભૂખ-તરસ વેઠી શકે, પણ ટાઢ-તડકો નહિ.

➤ કોઈક અપમાન સહી શકે, પણ બીજાનો ઉત્કર્ષ નહિ.

➤ કોઈક શારીરિક રોગ સહન કરી શકે, પણ અગવડ નહિ.

આમ, સાધકની પોતાની શારીરિક, માનસિક કે આધ્યાત્મિક ક્ષમતા અને સ્થિતિ પ્રમાણે જુદાં જુદાં પરિબળોને લીધે સહનશીલતામાં અનેક ભેદ પડી જાય છે.

કદાચ સૌ સાધક માટે એક જ પરિબળ સમાનપણે સહન કરવા માટેનું હોય, તેમ છતાં તેમની સહનશીલતા અને તેની ગુણવત્તામાં ભેદ રહેવાનો.

ધારો કે, બધા સાધકોને એક સરખું અપમાન થયું છે. આ એક સમાન અપમાનના પ્રસંગ માટે પ્રત્યેક સાધકની પ્રતિક્રિયા જુદી જુદી હોઈ શકે છે. આ પરીક્ષામાં સાધકને પોતાની તૈયારી, સમજણ, ક્ષમતા અને સ્થિતિ પ્રમાણે ગુણાંક (માર્કસ) પ્રાપ્ત થાય છે.

➤ ગમે તે પ્રકારે માંડ માંડ સહન કરી લે.

- ફક્ત પાસ થાય (૩૫%).

➤ પોતે સહન કર્યું હોય તે બીજાને જણાવે. ફરિયાદ કરે.

- તૃતીય શ્રેણી (૩૫% થી ૫૦%).

➤ પોતે સહન કર્યું તે બીજાને જણાવે નહિ. કોઈ પ્રકારની ફરિયાદ

નહિ. તેમ છતાં અંતરમાં વિક્ષેપ થાય ખરો.

- દ્વિતીય શ્રેણી (૫૧% થી ૬૦%).

➤ પોતાને લાગે જ નહિ કે મેં સહન કર્યું છે. મનમાં વિક્ષેપ પણ ન થાય.

- પ્રથમ શ્રેણી (૬૧% થી ૭૦%).

➤ પોતાનાં ભાગ્ય મનાય. અહોહો ! આવા કહેનારા ક્યાંથી ? જેમ જેમ અપમાન, દુઃખ વધારે ને વધારે સહન કરવાં પડે તેમ તેમ અંતરમાં વધારે ને વધારે રાજી થાય.

- વિશિષ્ટ શ્રેણી (૭૧% થી ૧૦૦%).

સહનશીલતાના દરેક સ્તર પર ઊભેલા સાધકની સહનશીલતાની ગુણવત્તામાં ફેર રહેવાનો. ૧૦૦% માર્ક્સ મળે એ સહનશીલતાનું સર્વોચ્ચ શિખર છે.

સહિષ્ણુતાની ગુણવત્તા અનુસાર દરેકની સહિષ્ણુતાની કિંમત જુદી જુદી રહેવાની. જો કે આ સ્થિતિની કિંમત બુદ્ધિથી આંકી ન શકાય, તેમ છતાં સમજવા માટે એક સ્થૂળ દૃષ્ટાંત લઈએ. મોતીની કિંમતને આધારે એના ભેદ સમજીએ :

➤ કોઈક અપમાન સહન કરી લે, સામે બોલે નહિ, બહારથી ક્રોધ વ્યક્ત પણ ન કરે, પરંતુ તેના મનમાં ગુસ્સો આવ્યો હોય, બીજાને ફરિયાદ કરે, પાછળથી તેની વાતો કર્યા કરે કે ટીકા કરે. *- એ ૩૦૦ રૂપિયાનું મોતી.*

➤ કોઈક સહન કરી લે, સામે બોલે નહિ, મનમાં પણ ગુસ્સો ન કરે. તેની ફરિયાદ પણ ન કરે, પાછળથી તેની વાતો કે ટીકા પણ ન કરે. તેમ છતાં એના મનમાં ક્ષોભ થાય, અંતરમાં ઉદ્વેગ, અશાંતિ થઈ જાય. આ ઘટના ગમે નહિ. તેની યાદ સતાવ્યા કરે. *- એ ૩,૦૦૦ રૂપિયાનું મોતી.*

➤ કોઈકને લાગે જ નહિ કે મારું અપમાન થયું છે. તેનો શોક પણ નહિ, સંતાપ પણ નહિ. તે પ્રસંગ તુરત જ ભૂલી જાય. તેના પ્રત્યે ગમો કે અણગમો નહિ. *- એ ૩૦,૦૦૦ રૂપિયાનું મોતી.*

➤ કોઈકને આ પ્રસંગ અંતરથી ગમે. રાજી થાય. તેમાં ભગવાન અને ગુણાતીત સંતનું કર્તૃત્વ સ્વીકારે. તેનાથી પોતાનું ઘડતર માને. અપમાન કરનાર વ્યક્તિનો આભાર માને. *- એ ૩,૦૦,૦૦૦ રૂપિયાનું મોતી.*

➤ અપમાન કરનારના અપકાર ઉપર ઉપકાર કરે. એનું દુઃખ દૂર

કરવામાં મદદરૂપ થાય. એના ઉત્કર્ષ માટે પ્રાર્થના અને કંઈક પુરુષાર્થ પણ કરે. - *એ ૩૦,૦૦,૦૦૦ રૂપિયાનું મોતી.*

➤ આવું સહન કરવામાં પણ ક્યારેક કોઈકનો વાંક હોય તો તો સહન થાય, પરંતુ વાંક વગર સહન કરવું એ વિશેષ છે. - *એ ૩,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું મોતી.*

➤ વળી, એ ઘટનામાં પણ નિર્બળ કે અસમર્થ હોય, તો તો સહન થાય, પરંતુ બધી રીતે સબળ, શક્તિમાન કે સમર્થ હોવા છતાં સહન કરવું એ એની વિશેષતા વધારે છે. - *એ ૩૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું મોતી.*

➤ એમાં પણ નિર્દોષ હોય અને સમર્થ હોય છતાં સહન કરે એ સહિષ્ણુતાની પરાકાષ્ઠા છે. - *એ ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું મોતી.*

સહિષ્ણુતાની બાબતમાં ક્યારેક એવું બને કે પોતે પોતાની સાધુતા કે સજ્જનતાની છાપ યથાવત્ રાખવા માટે, વધુ સારી ઊપસી આવે તે માટે પોતાનાં થયેલાં અપમાનનો બદલો વાળવા પોતે કંઈ ન બોલે, કંઈ ન કરે. સાધુતા રાખીને શાંત રહે, પરંતુ પોતાના ગૃપના વિશ્વાસપાત્ર માણસને કે પોતાને અનુસરનારા એવા અંગત અનુયાયીઓને એકાંતમાં બેસાડી બદલો વાળવાની પ્રેરણા આપે. અનુયાયીઓ એનું વચન અધ્ધર માનીને યોગ્ય બદલો વાળે તો અંતરમાં રાજી થાય. પોતાના એ વિશ્વાસપાત્ર માણસોને ધન્યવાદ આપે.

એના કરતાં વિશેષ કોઈક હોય તો પોતે પોતાના માણસોને બદલો વાળવાની સામેથી પ્રેરણા ન આપે, પરંતુ તેઓ જો બદલો વાળવાની કંઈક પ્રવૃત્તિ શરૂ કરે તો રોકે નહિ, તેમને અટકાવે પણ નહિ, પાછા ન પાડે, થવા દે. યોગ્ય બદલો વાળે તો અંતરમાં રાજી તો થાય.

આમાં પણ ઉત્કૃષ્ટ સ્થિતિ તો એ છે કે બદલો વાળવા માટે પોતાના અનુયાયીઓ સર્વ પ્રકારે સમર્થ હોવા છતાં એમને પ્રેરણા તો ન જ આપે, પરંતુ તેઓ સ્વતઃ જ બદલો વાળવાની પ્રવૃત્તિ શરૂ કરે તો તેમને સમજાવીને કે ઠપકો આપીને શાંત પાડે, પાછા પાડે. એ પ્રવૃત્તિમાં પોતે લેશમાત્ર રાજી તો નથી જ, પરંતુ અતિશય કુરાજી છે એમ કહીને બદલો વાળવાની પ્રવૃત્તિ ન જ થવા દે.

આ ઘટનામાં પણ પોતાનો વાંક હોય અને સહન કરે, વાંક ન હોય છતાં

સહન કરે, વાંક ન હોય પણ નિર્બળ હોય અને સહન કરે, વાંક ન હોય અર્થાત્ સંપૂર્ણ નિર્દોષ હોય, સર્વે પ્રકારે સબળ અને સમર્થ હોય છતાં પોતે સહન કરે, બીજા દ્વારા પણ બદલો વાળવાની પ્રવૃત્તિની સામેથી પ્રેરણા ન આપે, એવી પ્રવૃત્તિ કોઈ આપમેળે કરે તો રાજી ન થાય અને કોઈ એવી પ્રવૃત્તિની શરૂઆત કરે તે પહેલાં જ અટકાવી દે. આમ, ઉત્તરોત્તર સહિષ્ણુતાની સ્થિતિ વધારે સારી છે. અંતિમ સ્થિતિ તો સહિષ્ણુતાની પરાકાષ્ટા છે.

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૨૭**માં કહે છે : "એવી સામર્થિએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે એ પણ મોટી સામર્થિ છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા....એમ એ સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટપ છે."

શ્રીજીમહારાજ આ સંદર્ભમાં સહનશીલતાનું સર્વોચ્ચ શિખર બતાવે છે.

એ સંત સર્વ પ્રકારે સમર્થ છે. જગતના સર્વે જીવોની ઇન્દ્રિયોને શક્તિ આપનાર છે. જગતના આધારરૂપ છે તો તે શું ન કરી શકે ? પોતે જ શાપ આપી શકે, બીજામાં પ્રવેશ કરાવીને પણ દ્રોહ કરનારનું ભૂંડું કરી શકે, ભગવાન એમને વશ છે તો ભગવાન દ્વારા પણ એનું ધનોતપનોત કઢાવી શકે. અરે ! ભગવાન સામેથી જ પોતાના પ્રિય સંત કે ભક્તનો દ્રોહ કરનારનું નિકંદન કાઢવા તૈયાર થાય - *"જો મેરે સંતકું રતિ એક દુવે, તેહિ જડ ડાસં મેં ખોઈ, નારદ મેરે સંતસે અધિક ન કોઈ."* ભગવાનના આ સંકલ્પને પણ સાચા સંત એમને આજીજી, વિનંતી કે પ્રાર્થના કરીને, અરે ! કરગરીને પણ પાછો પડાવે. એ બિચારાને દયાએ કરીને માફ કરવાનું કહે. આ સ્થિતિ તો ઘણી, ઘણી અને ઘણી પર છે. તેની કિંમત તો અમૂલ્ય છે, શબ્દાતીત છે. વર્ણનાતીત છે, મૂલ્યાતીત છે. ગુણાતીત સત્પુરુષોની આ સહજ સ્થિતિ છે. આપણી સાધનાનો આ ઉત્કૃષ્ટ આદર્શ છે.

ટૂંકમાં કહી શકાય કે સહનશીલતામાં KG થી માંડીને Ph.D. સુધીનાં ધોરણોનો ભેદ છે. દરેક ધોરણની સો માર્કસની પરીક્ષામાં પણ શૂન્યથી માંડીને સો એ સો માર્કસ મેળવવા સુધીના ભેદ છે. સાધક જ્યાં ઊભો હોય

ત્યાંથી આગળ વધવાના પ્રયત્નમાં રહેવું જોઈએ. આગળ વધતાં વધતાં સહનશીલતાની અંતિમ પરાકાષ્ઠાએ પહોંચવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

● આપણી વાસ્તવિકતા

આજના યુગની અસર આપણને લાગુ પડી રહી છે. પશ્ચિમના વાયરાની પણ ઘણી વિકૃત અસર થઈ છે. આજના આ સમાજને 'અસહિષ્ણુતા'નો એક ભયંકર રોગ લાગુ પડ્યો છે. પતિ-પત્ની, માતાપિતા-સંતાનો, ભાઈ-ભાઈ, શિક્ષક-વિદ્યાર્થીઓ, મિત્રો-મિત્રો વચ્ચેના સંબંધ તૂટે છે તેનું એક મહત્ત્વનું કારણ હોય તો તે છે આ અસહિષ્ણુતાનો રોગ. સમગ્ર વિશ્વમાં આબાલવૃદ્ધ સૌમાં આ રોગ વકરી રહ્યો છે. ભૌતિક સુખ-સુવિધાનાં સાધનોએ તો સહિષ્ણુતાનું નખ્ખોદ કાઢ્યું છે. જેમ જેમ સુવિધા-સગવડ વધતી જાય છે, તેમ તેમ વ્યક્તિનું મનોબળ ઘટતું જાય છે અને તેમ તેમ સહનશક્તિ પણ ઓછી થતી જાય છે.

આ સમાજની, આધુનિકતાની અસર અધ્યાત્મના પંથે પ્રયાણ કરતા સાધકોને પણ ઓછાવત્તા પ્રમાણમાં થઈ છે, થઈ રહી છે. આજે હવે 'સહન કરવું' એ શબ્દો આપણા અભ્યાસક્રમમાંથી પ્રાયઃ નીકળી ગયા છે. આપણાં મનમાંથી પણ એ નીકળતું જાય છે. સહન કરવાની જરૂરિયાત આપણને લાગતી જ નથી. સહન કરવાનું હવે ભુલાતું જાય છે. એમાં આજે પાછા પડીએ છીએ. સહન કરવાથી ગભરાઈએ છીએ.

આજે આપણે થોડીક અગવડ, અસુવિધા, મુશ્કેલી સહી શકતા નથી, ખાવા-પીવાનું કે આરામ કરવાનું જરાક મોડું થાય તો તે ચલાવી શકતા નથી. દાળ-શાકમાં જરાક મીઠું ઓછું કે વધુ પડી ગયું હોય તો તેનાથી મનમાં ખળભળાટ મચી જાય છે, જે જીભ દ્વારા અભિવ્યક્ત પણ થાય છે. ગરમીમાં પંખો કે એ.સી. બંધ થઈ જાય તો અકળાઈ ઊઠીએ છીએ. નાહવામાં ગરમ પાણી અને પીવામાં ઠંડું પાણી ન મળે તો ગુસ્સો આવી જાય છે. કોઈકના બે શબ્દો નથી સાંભળી શકતા, નથી સહી શકતા. વ્યાજ સહિત પાછા વાળી દઈએ છીએ. કોઈકની જરાક ભૂલ સહી શકતા નથી, તેને ખખડાવી જ નાંખીએ. કોઈક જરાક અપમાન કરે તો મનમાં અને જીવનમાં ખળભળાટ થઈ જાય છે, આપણી આ વાસ્તવિકતા છે. પરંતુ એ

સુધાર્યા વગર છૂટકો જ નથી. સહન કરવાની શક્તિ કેળવવી જ પડશે.

● સહનશીલતાના ઉપાયો

સાધકે સહનશીલતાના સહારે અધ્યાત્મ-રાહ પર ચાલવાનું છે, પરંતુ સહનશીલતા આપોઆપ આવી જતી નથી, તે કેળવવી પડે છે. સહન કરવાનો અભ્યાસ અને પુરુષાર્થ કરવો પડે છે. જેના જીવનમાં નીચે જણાવેલ મુદ્દાઓ સ્પષ્ટ અને દઢ થાય છે, તેના માટે સહન કરવું કઠણ નથી, સહેજે જ સહન થાય છે.

(૧) ઊંચું અને આદર્શ નિશાન

જેના જીવનમાં ઊંચા અને આદર્શ નિશાનની સ્પષ્ટતા અને દઢતા થાય તે પછી બધું જ સહન કરે છે. 'એવરેસ્ટ' ઉપર જવું છે એવું નિશાન દઢ થાય પછી લોકો કેટલું સહન કરે છે ? એવી રીતે સાધકને જીવનમાં ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવા જ છે, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જ છે, આ છેલ્લો જન્મ કરવો જ છે એવા ઉત્કૃષ્ટ ધ્યેયની સ્પષ્ટતા અને દઢતા થવી જોઈએ.

(૨) મુમુક્ષુતા, ખપ અને ઇશક

સાધકના હૃદયમાં જો મોક્ષની ઈચ્છા જાગ્રત થાય, સ્વભાવ, વાસના અને જન્મ-મરણનાં બંધનમાંથી મુક્ત થવાની અતિશય ઝંખના જાગે, તે માટે ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ખપ અને ઇશક જાગે તો સર્વેનું સર્વ પ્રકારે સહન થાય. મોક્ષનો અને રાજી કરવાનો જેટલો ખપ વધે તેટલું વધારે સહન થાય.

(૩) સહનશીલતાથી થતા લાભનો વિચાર

જેમાં જેને લાભ દેખાય તે આત્મસાત્‌ કરવાની ઇચ્છા થાય છે. જો આમાં પોતાના જ ઘડતરનો લાભ મનાય તો આ માટે પણ ઇચ્છા અને પ્રયત્ન થાય.

જો સાધકને મનાય કે સહન કરવાથી મને પોતાને જ લાભ થવાનો છે, મારું પોતાનું જ યથાર્થ પરિવર્તન અને ઘડતર થવાનું છે, એનાથી ભગવાન અને ગુણાતીત સંતનો અતિશય રાજીપો થશે, તેઓ મને વશ થઈ જશે, આધ્યાત્મિક દૃષ્ટિએ હું સમૃદ્ધ-અબજોપતિ થઈ જઈશ, તો પછી સહેજે જ

સહન થાય. વધારે સહન કરવાથી વધારે લાભ થવાનો હોય તો પોતાને વધુ સહન કરવાનું થાય એવું સાધક અંતરમાં ઇચ્છશે, પ્રાર્થના કરશે.

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૬૧**માં કહે છે : "જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ જે, 'ભગવાન જેમ જેમ મને વધુ દુ:ખ દેશે તેમ તેમ વધુ મારે વશ થશે અને પલમાત્ર મારાથી છેટે નહિ રહે, ' એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું, પણ કોઈ રીતે દુ:ખ દેખીને અથવા દેહનાં સુખ સારુ પાછો પગ ભરવો નહિ."

(૪) દૃઢ ઠરાવ કે નિર્ણય

'મારે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેનું' ગમે તે સહન કરવું જ છે. સહનશીલતામાં આગળ વધવું જ છે. એમાં પહેલા નંબરે પાસ થવું જ છે.' એવો દૃઢ ઠરાવ કરવો જોઈએ.

(૫) દેહનો અનાદર

દેહને પરપોલા જેવું રાખીને જો દેહનો આદર જ રહ્યા કરે તો દેહની સુવિધામાં વિક્ષેપ સહન નહિ કરી શકાય. જ્યાં-ત્યાં, જેમ-તેમ, ચલાવી લેવાની વૃત્તિ જરૂરી છે.

(૬) આત્મવિચારની દૃઢતા

આત્મા તો અપમાનાદિક સર્વે પરિબળોથી નિર્લેપ છે. આત્માને કોઈ શબ્દો અડતા જ નથી એવો વિચાર.

(૭) ભગવાન અને સંતનાં કર્તૃત્વનો વિચાર

મારા ઈષ્ટદેવ અને મારા ગુરુ વિપરીત સંજોગો ઊભા કરીને કે બીજામાં રહીને મારું ઘડતર કરે છે, એવો વિચાર રહે તોપણ સહન થાય.

(૮) ભગવાન, ગુણાતીત સંત અને સંબંધવાળાનો મહિમા

જો યથાર્થ મહિમા સમજાય તો તેમને અર્થે શું ન થાય ? એવા વિચારથી પણ સહન થાય.

(૯) ભગવાન, ગુણાતીત સંત અને સંબંધવાળા સંતો-ભક્તોમાં પ્રીતિ

હેતે કરીને બધું જ સહન થાય. દેશભક્તોને દેશ માટે પ્રેમ છે તો કેટલું સહન કરે છે ? એમ, દરેક જો પોતાના મનાય, તેમના પ્રત્યે આત્મીયતા અને પ્રીતિ રહે તો સહન થાય.

(૧૦) અહંશૂન્યતા

સહન કરવામાં 'માન' જ નડે છે. માન મુકાય, અહંકાર છૂટે તો સહન થાય જ.

(૧૧) દાસત્વભાવ

સૌના દાસ, સૌના સેવક થઈને રહે તોપણ સહેજે જ સહન થાય.

(૧૨) અસ્મિતાની જાગૃતિ

ઇષ્ટદેવ, ગુરુપરંપરા, સિદ્ધાંત, સંપ્રદાય અને સંસ્થાની અસ્મિતા, ખુમારી પ્રગટે તો સહન થાય જ. હરિશ્ચંદ્ર રાજાએ સત્યને માટે, ગાંધીજીએ સત્ય અને અહિંસા માટે, દેશભક્તોએ દેશ માટે, શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમના સિદ્ધાંત માટે કેટકેટલું સહન કર્યું ? એનું કારણ અસ્મિતા છે. આપણો કેવો ભવ્ય વારસો છે ? આપણા ગુરુઓએ કેટકેટલું સહન કર્યું છે ? આપણે આ ગુણાતીત વંશના વારસદાર છીએ. એવી અસ્મિતા જાગે તો પોતાનાં કર્તવ્યનું, પોતાની જવાબદારીનું ભાન થાય અને તેથી સહન કરવાની વૃત્તિ જાગ્રત થાય. મારા ગુરુએ મારું, બીજાનું કેટલું સહન કર્યું છે તો હું કોઈકનું કંઈક તો સહન કરું એવો વિચાર આવશે. અસ્મિતા કે ગૌરવથી સહન કરે તો પોતાને લાગશે પણ નહિ કે મારે સહન કરવું પડે છે. તે સહન કરવામાં લાચારી નહિ પણ ગૌરવ સમજશે. સહન કરવામાં ખુમારી અને કેફ રહેશે.

(૧૩) ઉદાર દિલ, સહાનુભૂતિ અને ક્ષમાવૃત્તિ

આ સદ્ગુણો પણ સહન કરવામાં મદદરૂપ થાય છે.

(૧૪) બીજાને સમજવાની વૃત્તિ

બીજાનાં સંજોગો, ભાવના, હેતુ વગેરેને સમજવાનો પ્રયત્ન કરીએ તો આપોઆપ સહનશક્તિ વધે છે.

(૧૫) કુસંગનો ત્યાગ

કુસંગે કરીને સહન થતું નથી. 'તું શા માટે આટલું બધું સહન કરે છે ?' આવા શબ્દો આપણી સહિષ્ણુતાની વૃત્તિને તોડી નાંખે છે. તેથી એવા કુસંગનો ત્યાગ કરવો જરૂરી છે.

(૧૬) ઉત્કૃષ્ટ પ્રસંગોનું ચિંતન

જેઓ 'સહનશીલતા'માં પારંગત થયા છે, તેમના ઉત્કૃષ્ટ પ્રસંગોનું

વાંચન, શ્રવણ, કથન, ચિંતન હોય તો તેમાંથી પ્રેરણા મળે અને સહન કરવાનું બળ મળે.

(૧૭) અંતર્દષ્ટિ, જાણપણું, પાછીવૃત્તિ અને ખટકો

જાણપણારૂપ દરવાજે ખટકાપૂર્વક ઊભા રહીને પાછી વૃત્તિ વાળી અંતર્દષ્ટિ કરવી. આ બાબતમાં ભૂલ ન થાય તે માટે સાવધાન રહેવું. કદાચ ભૂલ થાય તો તે સુધારવાનો પ્રયત્ન કરવો.

(૧૮) પ્રાર્થના

બધા જ પ્રતિકૂળ સંજોગો અને પ્રસંગોને સહન કરવાની વૃત્તિ અને શકિતમાં વધારો થાય તે માટે પ્રાર્થના કરવી જોઈએ.

૮.૧.૭ ક્ષમાવૃત્તિ

● **ક્ષમાનું તાત્પર્ય**

'ક્ષમ્' સંસ્કૃત-ધાતુ પરથી ' ક્ષમા' શબ્દ બન્યો છે, જેનો મૂળ અર્થ થાય છે સહન કરવું. તેથી 'ક્ષમા' શબ્દ સહિષ્ણુતા કે સહનશીલતાનો પર્યાયવાચી કે સમાનાર્થી છે એમ કહી શકાય, તેમ છતાં ગુજરાતી ભાષામાં 'ક્ષમા' શબ્દ 'દરગુજર કરવું', 'માફ કરવું' એ અર્થમાં વધારે રૂઢ થયેલો જોવા મળે છે.

વસ્તુતઃ તો આ બન્ને શબ્દો એકબીજાના તાત્પર્યમાં એટલા બધા ઓતપ્રોત છે કે તેમને છૂટા પાડવા કઠણ છે. જો સહનશીલતા હોય તો જ 'ક્ષમા' થઈ શકે અર્થાત્ માફ કરી શકાય. તેમ જ 'ક્ષમાવૃત્તિ' એટલે કે માંફી આપવાની વૃત્તિ હોય તો જ સહન કરી શકાય. આમાં પ્રથમ માફ કરવું કે પ્રથમ સહન કરવું તે નક્કી કરવું મુશ્કેલ છે. છતાં એવું કહી શકાય કે બન્ને એકબીજામાં ઓતપ્રોત છે. બન્ને એકમેકની સાથે જ છે. પરસ્પર બન્નેનો સહયોગ છે. આપણે સહનશીલતા વિષે વિચાર્યું. હવે 'ક્ષમાવૃત્તિ' વિષે વિચારીએ.

પ્રાયઃ માણસ અન્ન, વસ્ત્ર, ધન, મકાન, જમીન, સમય આપે પણ 'ક્ષમા' આપી શકતો નથી. એક વ્યક્તિ બીજી વ્યક્તિનું ઘણું ઘણું કામ કરી શકે, પરંતુ તેને માફ કરી શકતો નથી. માણસ ઉપવાસ કરે, ધર્મપાલન કરે, ચાંદ્રાયણાદિક કઠિન વ્રત કરે, યાત્રા કરે, ધ્યાન કરે, દંડવત્ કરે કે પ્રદક્ષિણા કરે પણ બીજાને 'માફ' કરવાની સાધના નહિ કરે. આ સાધનામાં દૃષ્ટિ જ

પડતી નથી. સમગ્ર જીવન દરમ્યાન ભગવાન આપણું કેટકેટલું માફ કરે છે ? આપણે કોઈની એકાદ નાની ભૂલને પણ માફ કરી શકતા નથી. કેટલીક વાર આપણે બીજા પાસે ક્ષમા માગીએ ખરા, એ આપણને માફ કરે એવું ઈચ્છીએ પણ ખરા, પરંતુ નથી આપણે તેને ક્ષમા આપી શકતા કે નથી તેની ભૂલ માફ કરી શકતા. જો આપણે બીજાને માફ કરીશું તો ભગવાન પણ આપણને માફ કરશે. ક્ષમા આપવાથી ભગવાન તરફથી પણ આપણને ક્ષમા મળે. જો આપણે બીજાને ક્ષમા આપીશું તો આપણે ભગવાનને નિધડકપણે પ્રાર્થી શકીશું કે અમે જેમ બીજાના અપરાધ માફ કર્યા તેમ હે ભગવાન ! તમે તો મારા કરતાં વધારે ઉદાર દિલવાળા છો તો તમે મારા ગુના માફ કરો. ભગવાન પ્રસન્ન થકા માફી આપશે પણ ખરા.

લૌકિક શિસ્ત અને ન્યાય કરતાં માનવતા અને તેના કરતાંય આધ્યાત્મિકતાની ભૂમિકા જુદી છે. 'ભૂલ' બદલ કોઈને સજા કરવી એ 'ન્યાય' છે, પરંતુ તે કરતાં માનવતા મોટી ચીજ છે, અને તે કરતાંય આધ્યાત્મિકતાની દૃષ્ટિ તો અમૂલ્ય છે.

'ક્ષમા'એ કાયરતા નથી, પરંતુ શૂરવીરતા છે. એ કાયરનું લક્ષણ નથી, શૂરવીરનું ભૂષણ છે. બદલો લેવા કરતાં ક્ષમા આપવામાં વધારે વીરતાની જરૂર પડે છે. અન્યાયને માફ કરવો સહેલ નથી. નિર્બળ, કાયર, નિર્ધન, રાંક, ભિખારી પોતાના થયેલ અપમાન બદલ માફ કરી દે એમાં મોટી વિશેષતા નથી. તે માફ ન કરે તો બીજું કરી પણ શું શકે ? જેની સામે લડી ન શકાય તેને માફ કરવું એ સાચી ક્ષમા નથી.

પરંતુ જે બધી જ રીતે સબળ, સક્ષમ કે શક્તિમાન હોય, બધું જ કરી શકે તેમ હોય, ઈંટનો જવાબ પથ્થરથી આપી શકે તેમ હોય, તેમ છતાં 'ક્ષમા' આપે એ એની વિશેષતા છે, આવી 'ક્ષમા' એક સાત્ત્વિક ગુણ પણ હોઈ શકે, પરંતુ તેમાં જો ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવાની ભાવના ભળે, તો તે સાચી આધ્યાત્મિકતા છે, જે સત્ત્વગુણની ભૂમિકાથી પરની સ્થિતિ છે.

માફ કરવું, ભૂલી જવું, જતું કરવું, નુકસાન સહન કરીને પણ અન્યના દોષ પ્રત્યે આંખ મીંચામણાં કરવા એ ક્ષમાવૃત્તિ છે. આ વૃત્તિ પ્રગટે તે માટે અંતરનાં ઊંડાણમાં ખેલદિલી અને ઉદારતાની જરૂરિયાત છે. ક્ષમા બે પ્રકારની છે :

(i) બાહ્ય ક્ષમા : કોઈ પ્રકારનાં પગલાં ન લેવાં. ભૂલ બદલ કોઈ પ્રકારની સજા ન કરવી.

(ii) આંતરિક ક્ષમા : અંદરથી માફ કરે. એના પ્રત્યે દ્વેષનો અંકુર જ ન ઊઠે. આનું ફળ વિશેષ અને મહત્તમ છે.

ગમે તેવાં ભયંકર અપમાન, ઉપેક્ષા, તિરસ્કાર, વિરોધ, મારઝૂડ, અન્યાયના પ્રસંગોમાં કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે સંજોગો પ્રત્યે મનમાં લેશમાત્ર ક્રોધ, વૈરભાવ કે દ્વેષભાવ ઉત્પન્ન ન થાય. મનમાં કોઈ પ્રકારનો વિક્ષોભ ઉત્પન્ન ન થાય. કોઈ વિરોધનો વિચાર નહિ કે કોઈ પ્રત્યે કોઈ ફરિયાદનો સંકલ્પ નહિ. મન એકદમ સ્થિર, ધીર, શાંત અને પ્રફુલ્લિત રહે. અંતરનો બ્રહ્માનંદ ક્ષણમાત્ર અને અણુમાત્ર ઓછો ન થાય કે ઝાંખો ન થાય. વિરોધ કરનાર પ્રત્યે પૂર્વવત્ પ્રેમ, આદર અને મહિમા-દૃષ્ટિ રહે તો સાચા અર્થમાં ક્ષમા આપી કહેવાય.

સાધકના જીવનમાં સાધના દરમ્યાન બીજાની ભૂલો તો માફ કરવાની જ છે, એટલે કે બીજાને માફ કરવાના જ છે; પરંતુ ક્યારેક તો પોતાની જાતને પણ 'ક્ષમા' આપવી પડે. એવું બની શકે કે ક્યારેક સાધના દરમ્યાન કંઈક નાની-મોટી ભૂલ થાય. ભૂલનાં કારણો કોઈ પણ હોઈ શકે; આળસ-પ્રમાદ, ગાફલાઈ-બેદરકારી, કુસંગ કે પ્રારબ્ધ અથવા તો અન્ય કોઈ પણ કારણોસર થયેલ ભૂલ, એ તો ભૂલ જ છે. ભૂલ ન થવી જોઈએ એ આદર્શ છે, પરંતુ ભૂલ થઈ ગઈ તે વાસ્તવિકતા છે. આ ભૂલ બદલ બળતરા થવી જ જોઈએ, પશ્ચાત્તાપ થવો જોઈએ, એનું યથાશક્તિ શાસ્ત્રોક્ત અથવા તો મોટાપુરુષની આજ્ઞા પ્રમાણે પ્રાયશ્ચિત્ત પણ કરવું જોઈએ. ફરી એવી ભૂલ ન થાય તે માટે સાવધાન રહીને ડરતાં રહેવું જોઈએ. આ બધી વાત સાચી, પરંતુ જો સાધક થયેલ ભૂલને ભૂલી ન શકે, તેને તેની યાદ સતાવ્યા કરે, એને લીધે 'હું પાપી છું, ભ્રષ્ટ છું, નીચ છું, સાધનાને લાયક નથી રહ્યો, મારા પર ભગવાન અને સંતનો કુરાજીપો-કોપ થયો, હવે મારો મોક્ષ નહિ થાય...' આવા સંકલ્પ-વિકલ્પ કે વિચારો રહ્યા કરે તો તેને લીધે લઘુતાગ્રંથિ દૃઢ થાય. જીવનમાં એક વાર લઘુતાગ્રંથિ આવી તો પછી સાધનામાં સફળ થવું ઘણું જ કઠણ થઈ પડે છે. તેથી ભૂલ થઈ ગઈ તે માટે પશ્ચાત્તાપ કરી લીધો, તેનું પ્રાયશ્ચિત્ત કરી લીધું, ત્યાર બાદ થયેલ ભૂલને ભૂલી જવી જોઈએ. થયેલ

'ભૂલને' ભૂલવા માટે પોતાની જાતને 'માફ' કરવી પડે.

ભગવાન અને સંત જેમ આપણને ક્ષમા આપે છે, પછી આપણી ભૂલોને ભૂલી જાય છે, આપણે જેમ બીજાને ક્ષમા આપીએ છીએ પછી એની ભૂલોને યાદ નથી કરતા. તેમ આપણે આપણી જાતને પણ ક્ષમા આપીને થયેલ ભૂલોને ભૂલી જવી જોઈએ. કાદવમાં પડી ગયા અને એમાંથી બહાર પણ નીકળી ગયા, નાહી-ધોઈને સ્વચ્છ થઈ ગયા, પછી કાદવમાં પડી ગયા એ ઘટનાને અને કાદવને ક્યાં સુધી યાદ કર્યા કરવાં ? એવી જ રીતે થયેલ ભૂલને નિષ્કપટ થઈને અને પ્રાયશ્ચિત્ત કરીને સુધારી લીધી, પછી એને વારંવાર યાદ કરવાનો શો અર્થ ? વારંવાર યાદ કરીને આપણે આપણી જાતને સજા કર્યા કરીએ છીએ. માટે થયેલી ભૂલોને ભૂલી જઈને પછી સાધનામાં સાવધાનીપૂર્વક પૂર્વવત્ અથવા તો તેથી પણ વધારે એકાગ્રતાથી મંડી પડવું જોઈએ.

પોતાને માફ કરવાની બાબતમાં એ જરૂરી છે કે આમાં ભૂલ કરવાની વૃત્તિને પુષ્ટિ ન મળવી જોઈએ. વારંવાર ભૂલ કરીને પછી પોતાની જાતને વારંવાર માફ કરી દેવી અને પુનઃ પુનઃ ભૂલ કરવી કે થવા દેવી એ પરિસ્થિતિ બિલકુલ યોગ્ય નથી અને તે સાધકના હિતમાં પણ નથી. જો આવું વારંવાર થશે તો પછી સાધક પોતાને પણ માફ નહિ કરી શકે. આ વૃત્તિને લીધે તો રીઢા ગુનેગાર જેવા થઈ જવાય, પછી સુધરવાની વૃત્તિ જ નહિ જાગે. ભૂલ બદલ બળતરા જ નહિ થાય, પશ્ચાત્તાપ નહિ થાય, પ્રાયશ્ચિત્ત પણ નહિ કરાય. આવી પરિસ્થિતિ નિર્માણ ન પામે તે માટે જાતને 'માફ' કરવાની સાથે સાથે સાધકે વધારે જાગ્રત અને સાવધાન થઈને તથા ખટકો રાખીને પુરુષાર્થ કરવો જરૂરી છે.

ક્યારેક 'ક્ષમા' આપવાની છે તેમ ક્યારેક 'ક્ષમા' માગવાની છે. જેમ બીજાની કોઈક ભૂલ થાય છે તેમ આપણી પણ ક્યારેક ભૂલ થાય છે. આપણે કોઈ પ્રત્યે કરેલી ભૂલ બદલ માફી માંગવાની છે. કરેલા અપરાધનો ઉપાય માફીમાં છે. અયોગ્ય કર્મનું ઓસડ ક્ષમા છે.

સામેવાળાના વાંકનું વજન અને માપ કાઢવાને બદલે 'મારો વાંક' પણ હતો જ એમ સ્વીકારીને સામેથી માફી માંગીને દિલ સાફ કરવું. જેના પ્રતિ ભૂલ થઈ તેની તથા ભગવાન અને ગુણાતીત સંતની માફી માંગવાથી દિલ

સાફ થાય છે. એ વ્યક્તિ માફી આપે કે ન આપે પણ ભગવાન અને સંત તો જરૂર માફી આપશે જ. તેથી પ્રામાણિક, પશ્ચાત્તાપ અને ક્ષમાના પાવક પ્રવાહમાં હૃદયનો મેલ સાફ થતાં અંતરનો રંજ અને ડંખ દૂર થાય છે, પરંતુ માફી માંગવી એ પણ કાયરતા નહિ, પણ શૂરવીરનું કામ છે. 'મારી ભૂલ થઈ ગઈ, મને માફ કરો' આ સાત શબ્દો બોલવા કઠણ છે. એ માટે ખરી હિંમત અને શૂરવીરતાની જરૂર પડે છે. અહંશૂન્ય બનવું પડે છે. નમ્ર થવું પડે છે.

● ક્ષમાની આવશ્યકતા

આ ક્ષમાવૃત્તિ અર્થાત્ ક્ષમા આપવાની અને ક્ષમા માગવાની વૃત્તિના અભાવે જ પરસ્પર કંકાસ, ક્લેશ, કડવાશ, ઝઘડા, અબોલાં, વેરઝેર અને હત્યાઓ થાય છે કે મહાયુદ્ધો ખેલાય છે. સંપ તૂટીને કુસંપનું સામ્રાજ્ય ફેલાય છે. શાંતિનું મૌન તૂટીને અશાંતિનો ઘોંઘાટ સર્વત્ર અને સર્વદા સંભળાયા કરે છે.

'અંધના તો અંધ જ રહ્યા' - આવું બોલીને દ્રૌપદીએ કરેલી ભૂલ બદલ જો તેણે દુર્યોધનની માફી માગી લીધી હોત અને દુર્યોધને ઉદાર દિલે માફી આપી હોત તો કેટલી મોટી હોનારત થતી અટકી ગઈ હોત ? મહાભારતના યુદ્ધમાં થયેલ લગભગ ૪૭ લાખ કરતાં વધારે માણસોની હત્યા, એના પરિણામે હજારો કુટુંબોમાં આવી પડેલી અનેક પ્રકારની આપત્તિઓનું મુખ્ય કારણ છે : 'ક્ષમા'નો અભાવ. આના પરથી વ્યક્તિગત, કૌટુંબિક કે સામાજિક જીવનમાં 'ક્ષમા' નું કેટલું મહત્ત્વ છે તેનો ખ્યાલ આવે છે. ક્ષમાની સૌથી વધારે આવશ્યક્તા તો અધ્યાત્મ-માર્ગમાં છે. ક્ષમા આપવાનો અને માગવાનો આ ગુણ જીવનમાં આત્મસાત્ થાય તો -

- સાધકની સાધના સરળ અને ઝડપી બને.
- સાધનામાં માનસિક વિક્ષેપો ઓછા થવાથી સાધનામાં એકાગ્રતા અને સૂક્ષ્મતા વધે.
- પરસ્પરના સંબંધો જળવાઈ રહે વધુ - દઢ બને.
- સંપ, સુહૃદભાવ અને એકતા વધે.
- વ્યક્તિગત રીતે પોતાને અખંડ શાંતિનો અનુભવ થાય.
- ભગવાન અને સંતનો અતિશય રાજીપો પ્રાપ્ત થાય.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ 'ધીરજ અને ક્ષમાવાળા પરમહંસ સંતો મારી સાથે છે અને હું તેમની સાથે નિરંતર ફરું છું." *(પૂર : ૪, તરંગ : ૧૦૪)*

◆ "જેને જેટલી ક્ષમા છે તેટલા તે સુખી હોય છે. ક્ષમામાં વિવેકની જરૂર હોય છે. ક્ષમા અને વિવેક રાખીને વર્તે તેને ક્યારેય દુ:ખ આવે નહિ." *(પૂર : ૧૭, તરંગ : ૯૪)*

આધારાનંદ સ્વામી આ જ ગ્રંથમા કહે છે :

◆ "અનંત રિદ્ધિ અને સિદ્ધિ ક્ષમાવાન પુરુષની દાસી થઈને રહે છે. મોટા મોટા દેવો પણ તેમની સેવા કરે છે. ક્ષમા એ જ પ્રભુતાનું લક્ષણ છે." *(પૂર : ૧૨, તરંગ : ૭૩)*

◆ "ક્ષમા સમાન કોઈ શસ્ત્ર નથી." *(પૂર : ૧૭, તરંગ : ૫૦)*

યોગીજી મહારાજ કહે છે : "કો'ક શબ્દ આપણને કટાક્ષથી કહે તો સામું ન બોલતાં સહન કરવું, તેને ક્ષમાનો ગુણ કહે છે. તે ક્ષમા કરવાથી પોતાના હૈયામાં શાંતિ અખંડ આવે છે, ને આનંદના ફુવારા છૂટે છે અને મોટા જીવમાંથી રાજી થાય છે."

મહાભારતના આરણ્યક-પર્વમાં યુધિષ્ઠિર દ્રૌપદીને ક્ષમાનો મહિમા સમજાવતાં કહે છે :

क्षमा धर्मः क्षमा यज्ञः क्षमा वेदाः क्षमा श्रुतम्।
य एतदेवं जानाति स सर्वं क्षन्तुमर्हति॥
क्षमा ब्रह्म क्षमा सत्यं क्षमा भूतं च भावि च।
क्षमा तपः क्षमा शौचं क्षमयेदं धृतं जगत्॥
क्षमा तेजस्विनां तेजः क्षमा ब्रह्म तपस्विनाम्।
क्षमा सत्यं सत्यवतां क्षमा दानं क्षमा यशः॥

ક્ષમા એ જ ધર્મ, યજ્ઞ, વેદ અને શ્રવણ કરેલાનું ફળ છે. જે માણસ તેને સારી રીતે જાણે છે, તે જ ક્ષમા કરવામાં સમર્થ છે. ક્ષમા એ જ બ્રહ્મ, સત્ય, ભૂત અને ભવિષ્ય છે. ક્ષમા એ જ તપ, પવિત્રતા છે. ક્ષમાથી જગત ધારણ કરાય છે. ક્ષમા એ તેજસ્વીઓનું તેજ છે. ક્ષમા તપસ્વીઓનું બ્રહ્મ છે. ક્ષમા સત્યવાનોનું સત્ય છે. ક્ષમા એ દાન અને યશ છે.

(મહાભારત, વનપર્વ : ૨૯/૩૬,૩૭,૪૦)

ક્ષમાથી થતા લાભ વિષે 'હરિલીલામૃત'માં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે :

ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધું જિતાય;
સ્વધર્મ સચ્છાસ્ત્ર વિષે જ વાંચો, ક્ષમા તજે તે નહિ સાધુ સાચો.
વિનાપરાધે ખળ દુઃખ દેય, તે દુઃખ જો સજ્જન સાંખી લેય;
સહાયતા કૃષ્ણ કરે જરૂર, ક્ષમા તજે તો પ્રભુ જાય દૂર.
ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, ક્લેશનું કારણ અક્ષમા છે;
ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પિડાય.
ક્ષમાની તુલ્યે નહિ કોઈ જાપ, નિંદાની તુલ્યે નહિ કોઈ પાપ;
ક્ષમા થકી શ્રીહરિ રાજી થાય, ક્ષમાનું સામર્થ્ય કહ્યું ન જાય.
ક્ષમા વિષે વીર્ય ઘણું રહે છે, અશક્ત તેને અબુધો કહે છે;
ક્ષમા વડે વિશ્વ સુવશ્ય થાય, ક્ષમા વડે સ્વાર્થ બધા સધાય.

(૫/૧૪)

જો ક્ષમાથી આટલો બધો લાભ થતો હોય તો તે ગુણ શા માટે આત્મસાત્ ન કરવો ? કેવળ પોતાના સ્વાર્થનો જ વિચાર કરીએ, તોપણ કોઈકને ક્ષમા આપવા જેવી ખરી, અને કોઈકની પાસેથી ક્ષમા માગવા જેવી ખરી. એટલે કે ક્ષમાનો ગુણ કેળવવા જેવો ખરો.

● ક્ષમાના ઉપાયો

જીવનમાં ક્ષમાને આત્મસાત્ કરવા માટે નીચેના મુદ્દાઓને દૃઢ કરવા જોઈએ :

- જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.
- ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ખપ અને ઇશક.
- ભગવાન, ગુણાતીત સંત અને સંબંધવાળા સર્વેનો મહિમા.
- સંબંધવાળા સર્વે પ્રત્યે પ્રીતિ, મમતા અને આત્મીયતા.
- આત્મભાવ અને બ્રહ્મભાવની દૃઢતા.
- દાસત્વભાવ અને સેવકભાવની દૃઢતા.
- પોતાના ઇષ્ટદેવ, ગુરુ અને સંપ્રદાયની અસ્મિતા.
- ક્ષમાવાળાના ઉત્કૃષ્ટ પ્રસંગોનું મનન અને ચિંતન.
- પ્રાર્થના.

૮.૧.૮ દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતા

● દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતાની આવશ્યકતા

સાધકને પોતાની સાધના દરમ્યાન સારા-નરસા વિષયો કે પદાર્થોનો અને સારી-નરસી વ્યક્તિઓનો સંયોગ કે વિયોગ થવાનો. તદુપરાંત સુખ-દુઃખ, ઠંડી-ગરમી, માન-અપમાન, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતાના દ્વન્દ્વો આવવાના. જીવન એક સંઘર્ષ છે. સમગ્ર જીવનમાં સમસ્યાઓનાં સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર થતા રહેવાનાં. ક્યારેક ચડતીનો સૂર્યોદય થાય તો ક્યારેક પડતીનો સૂર્યાસ્ત પણ થાય. ક્યારેક પૂર્ણિમાનો પ્રકાશ તો ક્યારેક અમાસનો અંધકાર. સમગ્ર જગત પરિવર્તનશીલ છે. સરકતો અને સળગતો આ સંસાર છે. સંસાર તો સુખ-દુઃખનો દરિયો છે. તેથી જ તો પ્રત્યેક વ્યક્તિ, વસ્તુ, સંજોગો સાથે કે અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમતા અને સ્થિરતા રાખવાનું સાધકે શીખવું પડશે. જગતનાં દ્વંદ્વોથી અસ્થિર, વિચલિત થયા વગર શાંત-સમરસભાવે વર્તવું તે સમતા અને સ્થિરતા છે. આની કેળવણી વગર મનમાં અવારનવાર વિક્ષોભના તરંગો ઊઠવાના અને તેને લીધે સાધનામાં વિક્ષેપ થવાનો. મનની સમતા અને સ્થિરતા પ્રાપ્ત થાય તો સાધના સરળ અને સુગમ બને, આધ્યાત્મિક ગુણો પુષ્ટ અને સુદૃઢ બને.

તેથી જ શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં કહે છે :

◆ સુખ-દુઃખને સમાન માનનારા જે ધીરજવાળા પુરુષને આ (ઇન્દ્રિયોના વિષયો સાથેના સંબંધો) વ્યાકુળ કરતા નથી, તે અમરતા મેળવવા સમર્થ થાય છે. *(ગીતા : ૨/૧૫)*

◆ દુઃખોમાં ઉદ્વેગરહિત મનવાળો, સુખોમાં નિઃસ્પૃહ થયેલો અને જેના રાગ, ભય તથા ક્રોધ ગયા હોય, તે સ્થિતપ્રજ્ઞ મુનિ કહેવાય છે. *(ગીતા : ૨/૫૬)*

◆ જે સર્વત્ર આસક્તિરહિત હોય અને સારું કે ખોટું જે કંઈ પ્રાપ્ત થાય એથી હર્ષ કે ખેદ કરતો નથી, તેની બુદ્ધિ સ્થિર છે. *(ગીતા : ૨/૫૭)*

◆ ઠંડી-ગરમી, સુખ-દુઃખ તથા માન-અપમાનમાં જે મન તથા ઇન્દ્રિયોને જીતીને અત્યંત શાંત રહે છે, તેને પરમાત્માનો અનુભવ થાય છે. *(ગીતા : ૬/૭)*

◆ જ્ઞાન અને વિજ્ઞાન વડે તૃપ્ત આત્માવાળો વિકાર-રહિત, જિતેન્દ્રિય અને માટીનું ઢેફું, પથ્થર તથા સોનાને સમાન ગણતો યોગી 'યુક્ત-યોગસિદ્ધ' કહેવાય છે. *(ગીતા : ૬/૮)*

◆ સુહૃદ, મિત્ર, શત્રુ, તટસ્થ, મધ્યસ્થ, દ્વેષપાત્ર, બંધુઓ, સજ્જનો અને પાપીઓમાં પણ સમબુદ્ધિવાળો (મનુષ્ય) શ્રેષ્ઠ છે. *(ગીતા : ૬/૯)*

આ રીતે ગીતામાં સમતા અને સ્થિરતાની ખૂબ પ્રશંસા કરી છે. શ્રીજીમહારાજે પણ **વચ. પ્ર.૬૦, લો.૧૦, પં.૧** અને **મ.૪**માં આવી સમત્વ-ભાવની સ્થિતિનું નિરૂપણ કર્યું છે, જેનું નિરૂપણ આપણે અગાઉ કરી ચૂક્યા છીએ. એવી સમતા અને સ્થિરતા સાધનાની ઊંચી ભૂમિકાએ પ્રાપ્ત થાય છે. જેમ જેમ સાચી સાધનાનાં પગથિયાં ચડતાં જઈએ તેમ તેમ સમતા અને સ્થિરતા કેળવાતી જાય છે.

જીવનમાં એક વાર આવો સમત્વભાવ કેળવાયા પછી તેને કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થાન, પ્રવૃત્તિ પ્રત્યે નથી રહેતો રાગ કે નથી રહેતો દ્વેષ. નથી એની દ્વેષપૂર્વક નિંદા કરતો કે તે નથી આસક્તિપૂર્વક પ્રશંસા કરતો. નથી એને કોઈની અપેક્ષા કે નથી એને કોઈની ઉપેક્ષા. સફળતાથી એ હરખાતો નથી અને નિષ્ફળતાથી મૂંઝાતો નથી. સન્માનમાં એને હર્ષ નથી અને અપમાનમાં એને શોક નથી. સર્વત્ર, સર્વદા અને સર્વથા એની સમતા અને સ્થિરતા દૃઢ છે.

● દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતાના ઉપાયો

ગમે તેવાં દ્વંદ્વોમાં સમતા અને સ્થિરતા રહે તે માટે મુખ્યત્વે સાંખ્યનો વિચાર, આત્માનો વિચાર અને પરમાત્માનો વિચાર ઉપયોગી નીવડે છે. જેના જીવનમાં આવી સ્થિરતા અને ક્ષમતા હોય તો તેના પ્રસંગોના મનનથી પણ પ્રેરણા મળે છે.

પ્રાર્થનાપૂર્વક આ વૈચારિક પુરુષાર્થ કરવાથી ધીરે ધીરે સમત્વ અને સ્થિરતા કેળવાય છે. જીવનમાં આવતાં અનેક પ્રકારનાં દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રાખવાનો શ્રેષ્ઠ ઉપાય તરીકે ભગવાનનાં કર્તૃત્વનું અનુસંધાન રાખવાનું સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "કોઈ પણ પ્રશ્ન આવે તો સીધી વાત કે મહારાજ કર્તા છે. એમની મરજીથી જ થાય છે. કોઈ કોઈનું સુધારતુંય નથી ને બગાડતુંય નથી. કર્તા

ભગવાન છે. તે જે કાંઈ કરે છે ને કરાવે છે તે આપણા સારા માટે છે. ભગવાનને જ કર્તા માનો તો શાંતિ, શાંતિ ને શાંતિ. દરેકમાં રહીને ભગવાન જ કર્તા છે એમ માનીએ, તો કોઈ સાથે ક્લેશ ન થાય, અહં ન આવે, માન-ઈર્ષ્યા માર્યા ફરે, એ અડે જ નહિ.''

◆ ''પ્રકૃતિ-પુરુષ સુધી કોઈનું ધાર્યું થતું નથી. ભગવાનની ઈચ્છાથી જ બધું થાય છે. એમની ઈચ્છાથી કામ થાય પણ ખરું અને ન પણ થાય. એમની ઈચ્છા મુજબ જ જીવવાનું છે, વર્તવાનું છે ને કરવાનું છે. બીજો વિચાર જ નહિ. તો મન પાછું ન પડે, પગ પાછો ન પડે. શરીર પડવાનું છે, તો શરીરનાં સુખ સારુ મોળો વિચાર કેમ કરવો ? બધે હોળીઓ સળગે છે. ક્યાંય સુખ નથી. પ્રકૃતિ-પુરુષ સુધી રાખનાં પડીકાં છે. અહીં સત્સંગમાં જ સુખ છે. અહીં જ કામ થવાનું છે. એવી દૃઢતા સાથે કામ કરવું તો વાંધો ન આવે.''

૮.૧.૯ સચ્ચાઈ

● સચ્ચાઈનું તાત્પર્ય

સચ્ચાઈ એટલે સાચાપણું, પ્રામાણિકતા. જેને 'સત્ય'માં સંપૂર્ણ નિષ્ઠા હોય, 'સત્ય' પ્રત્યે જ અનુરાગ હોય તે વ્યક્તિને સાચા કે પ્રામાણિક થવું ગમે છે, તેનામાં સચ્ચાઈ નિત્ય વાસ કરીને રહે છે. સચ્ચાઈ સત્યને કુખે જ જન્મે છે, એને ખોળે જ ખીલે છે, ઊછરે છે અને પુષ્ટ બને છે.

સચ્ચાઈને સત્ય સાથે બને છે, અસત્ય સાથે તો તેને ફાવે જ નહિ. પ્રકાશની અંધકાર સાથે મિત્રતા કેમ સંભવે ? અંધકાર સૂર્યને સ્પર્શી શકે ? તેમ અસત્ય પણ સાચા માણસને સ્પર્શી જ કેવી રીતે શકે ?

જેનું જીવન 'સત્ય'થી ભરપૂર છે, સંપૂર્ણ સચ્ચાઈ જેનાં અંગેઅંગમાં, રોમેરોમમાં અને મન, કર્મ, વચને થતી ક્રિયામાત્રમાં રહેલી છે, તે વ્યક્તિ પ્રામાણિક છે. સચ્ચાઈ કે પ્રામાણિકતા આવી વ્યક્તિનો ગુણ છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં સચ્ચાઈ કે પ્રામાણિકતાના અર્થમાં 'નિષ્કપટપણું' અને 'નિર્દંભપણું' એવા શબ્દોનો પણ પ્રયોગ કર્યો છે. નિષ્કપટપણું એટલે કોઈ પણ પ્રકારનું કપટ ન રાખવું અર્થાત્ જે કાંઈ દોષ, ખામી કે ભૂલ છે તેને ઢાંકવાં નહિ. ભગવાન અને સંત આગળ જેમ છે તેમ કહી દેવું. નિર્દંભપણું એટલે પોતાનામાં જે કાંઈ સદ્‌ગુણો છે તેને વધારીને ન

કહેવા અથવા તો ન હોય છતાં પોતાનામાં છે એમ ન કહેવું. ટૂંકમાં, પોતાની જાતને જેવી છે તેવી જ અર્થાત્ જરા પણ અસત્યપણાનો ભેગ ભેળવ્યા વગર સંપૂર્ણ સચ્ચાઈપૂર્વક અભિવ્યક્ત કરવી એ આ બન્ને શબ્દોનું તાત્પર્ય છે. એવી જ રીતે અપ્રામાણિકતા સાથે કપટ અને દંભનો સંબંધ છે. શ્રીજીમહારાજનો કપટ-નિષ્કપટ તથા દંભ-નિર્દંભ વિષે જે અભિપ્રાય છે તે વિષે આપણે વિવિધ પ્રકારના સ્વભાવોના મુદ્દામાં 'કપટ' તથા 'દંભ'નું નિરૂપણ કરતી વખતે જાણી ચૂક્યા છીએ. એ વિષે અહીં પુનરાવર્તન નહિ કરીએ. અહીં આપણે જેનામાં કપટ કે દંભ નથી એવા સાચા સાધકમાં રહેલ 'સચ્ચાઈ' ગુણ વિષે વિચારીશું.

ભલે, મહારાજે વચનામૃતમાં સ્પષ્ટપણે 'સચ્ચાઈ' શબ્દ વાપરેલ નથી, પરંતુ એના મૂળ તાત્પર્યનો સમાવેશ તો અનેક વચનોમાં થઈ જ જાય છે. સંપૂર્ણ, સાચો, ખરેખરો, યથાર્થ, દૃઢ, અતિ દૃઢ, પરિપક્વ, પાકો વગેરે શબ્દો દ્વારા સત્સંગ, ભક્ત કે નિશ્ચયની જે વાતો કરી છે, એનાં લક્ષણો બતાવ્યાં છે, તેમાં સચ્ચાઈનો કે પ્રામાણિકતાનો જ ભાવ છે. એનાથી ઊલટા શબ્દોમાં અસત્યપણાનો કે અપ્રામાણિક્તાનો સંકેત છે.

● સચ્ચાઈની આવશ્યકતા

જીવનમાં અસત્યપણું કે અપ્રામાણિક્તા એક પ્રકારનો દોષ છે, જ્યારે સચ્ચાઈ કે પ્રામાણિકતા એક પ્રકારનો આવશ્યક સદ્ગુણ છે.

સચ્ચાઈ બે પ્રકારની છે :

(i) બાહ્ય સચ્ચાઈ. (ii) આંતર સચ્ચાઈ.

જીવનમાં બંને પ્રકારની સચ્ચાઈ આવશ્યક છે. બન્ને પ્રકારની સચ્ચાઈ જેના જીવનમાં હોય તે વ્યક્તિ કદી પણ ખોટું કરે નહિ, ખોટું બોલે નહિ, ખોટું જુએ નહિ, ખોટું ખાય નહિ, ખોટું લે નહિ, ખોટું દે નહિ. એના ઘરમાં અને જીવનમાં કદી 'અણહક'નું પ્રવેશે નહિ. જેટલું ધર્મમય છે, નીતિમય છે, સત્યમય છે, હકનું છે, તેટલું જ ગ્રહણ કરે. તેની સચ્ચાઈ સાર્વત્રિક છે. તે પરીક્ષામાં ચોરી નહિ કરે. નોકરીમાં લાંચ નહિ લે. વેપારમાં ભેળસેળ નહિ કરે. મજૂરીમાં કામચોર નહિ થાય. તેની વાણીમાં અને વ્યવહારમાં સચ્ચાઈ છે, સત્યનિષ્ઠા છે, પ્રામાણિકતા છે.

આવી વ્યક્તિ હંમેશાં નિર્ભય છે, સલામત છે, સ્થિર છે, સંતુષ્ટ છે. એને બીક કોની હોય ? એ અસ્થિર શા માટે હોય ? કારણ કે એ કદી અસત્યને માર્ગે ગયો જ નથી, એનો વિચાર સુદ્ધાં પણ કર્યો નથી. સત્યનો હંમેશાં જય છે. એમાં એને પ્રતીતિ છે. તેથી ગમે તેવા વિપરીત સંજોગોમાં એ સ્થિર છે. એનું મન શાંત છે. પ્રફુલ્લિત છે. એને કોઈ ચિંતા નથી, અંતરમાં કોઈ ડંખ નથી, કારણ કે એણે કંઈ ખોટું કર્યું જ નથી. એનો યશ શાશ્વત છે. લોકોને એના પર વિશ્વાસ છે કે 'એ ખોટું નહિ કરે.' દુશ્મન પણ તેના પર વિશ્વાસ રાખતાં ખચકાટ નહિ અનુભવે, કારણ કે તે સાચો અને પ્રામાણિક છે. લોકોને તેના પ્રત્યે આદર છે, પ્રેમ છે, અહોભાવ છે. સાચા માણસની આ મોટામાં મોટી મૂડી છે. વિશ્વાસ, પ્રેમ, આદર, સદ્ભાવ, અહોભાવ વગેરે પૈસાથી ખરીદી શકાતાં નથી. એને ખરીદવા અપ્રામાણિકતાને જીવનમાંથી જડમૂળથી હાંકી કાઢવી પડે, જીવનમાં સચ્ચાઈને આત્માસાત્ કરવી પડે.

સચ્ચાઈ કે પ્રામાણિકતાનો ગુણ તો લૌકિક જીવનમાં અર્થાત્ ભૌતિક ક્ષેત્રમાં તેમ જ પારલૌકિક જીવનમાં અર્થાત્ આધ્યાત્મિક ક્ષેત્રમાં - બન્નેમાં જરૂરી છે. તેમ છતાં આધ્યાત્મિક ક્ષેત્રમાં એનું મૂલ્ય વધારે છે. એની આવશ્યકતા વધારે છે. આ ગુણથી વ્યક્તિ અધ્યાત્મ-સાધનામાં વધુ પામી શકે છે, વધુ કમાણી કરી શકે છે. વસ્તુતઃ અધ્યાત્મ-સાધનામાં જો સચ્ચાઈ ન હોય તો સાચા અર્થમાં તે કશું જ પામતો નથી. કંઈક પામ્યા જેવું તેને લાગતું હોય પણ તે ટકતું નથી. દંભ બહુ નભી ન શકે. કપટ ઝાઝીવાર ટકતું નથી. વ્યક્તિ કદાચ દુનિયાને મૂર્ખ બનાવે, કદાચ નાસ્તિક હોય તો ભગવાનને પણ છેતરે, પણ પોતાને તો કેવી રીતે છેતરી શકે ? એ તો જાણે જ છે કે મેં ખોટું કર્યું છે. મારી સાધનામાં સચ્ચાઈનો અંશેય નથી. ભક્તિ અને સાધનાનો બાહ્યાડંબર જ છે. ગમે ત્યારે એનું અંતર ડંખે છે. આ 'ડંખ' એને સુખ-ચેન લેવા ન દે. લોકો ભલે એને 'ભગત' માને, 'પૂજ્ય' માને, પરંતુ એનું અંતર કબૂલે છે કે હું દંભી છું, ઠગ છું, ધૂતારો છું. એક અસત્યને સંતાડવા માટે કેટલાં બધાં અસત્યનો આશરો લેવો પડે છે ? એને સાચી શાંતિ નથી, સાચો સંતોષ નથી. નકલી ઘરેણાંનો કેફ કેવો હોય ? ઉછીનાં કે ભાડે લીધેલાં કીમતી વસ્ત્રો પહેરીને ચાલનાર વ્યક્તિના મનમાં સંતોષ શાનો અને કેફેય

શાનો ? દુનિયા ભલે ન જાણે, પોતે તો જાણે જ છે ને !! કરોડો રૂપિયાની નકલી નોટો ખીસામાં હોય તોય પણ શું ? એનાથી એને સંતોષ હોય ? ભગવાન અને સંતની એના પર પ્રસન્નતા નથી. એનું જીવન એને જ નિરર્થક લાગશે.

સાચો સાધક બાહ્યાંતર પ્રામાણિક હોય. જેટલું થઈ શકે એટલું પણ તે સાચું જ કરે. એને વધારે કરવાનો ખોટો મોહ નથી, લોકોમાં સારા દેખાવાની વૃત્તિ નથી. 'જેવો છું તેવો, પણ ભગવાનનો સાચો ભક્ત છું. સાચો સાધક છું. મારે સાચી સાધના કરવી છે.' આ એની અંતરની ભાવના છે. ભૂલ થાય તો તેનો તે સ્વીકાર કરે. ભગવાન અને સંતની પાસે નિષ્કપટ થાય. પ્રાયશ્ચિત્ત કરે. એ કદી ભૂલને ઢાંકવા પ્રયત્ન ન કરે. કારણ કે તે બાહ્યાંતર સાચો છે. સચ્ચાઈ એનો ગુણ છે. ભૂલ થાય તો સુધારવા પ્રામાણિક પ્રયત્ન કરશે. ભૂલ ન સુધરે ત્યાં સુધી પ્રાર્થના અને પુરુષાર્થમાં મંડ્યો રહેશે.

અધ્યાત્મના ક્ષેત્રમાં બાહ્ય સચ્ચાઈનું મૂલ્ય તો છે જ, પરંતુ આંતર સચ્ચાઈનું મૂલ્ય સવિશેષ છે.

શાસ્ત્રોક્ત આજ્ઞા પ્રમાણે, પોતપોતાના ધર્મ પ્રમાણે, પ્રગટ ભગવાન અને ગુણાતીત સંતની આજ્ઞા અનુસાર એનું બાહ્ય વર્તન હોય. લેશમાત્ર દેહે કરીને આજ્ઞા લોપે નહિ. ઇન્દ્રિયોને સંયમમાં રાખે, સેવા કરે, કથા કરે, સાંભળે, પૂજા કરે, દંડવત્ કરે, માળા કરે, મંદિરમાં દર્શને જાય, ઘરસભા કે અઠવાડિક સભામાં હાજરી આપે. ગૃહસ્થ હોય તો શિક્ષાપત્રી પ્રમાણે આર્થિક ધર્માદો આપે. સત્ય, હિત અને પ્રિયકર બોલે. અભાવ-અવગુણની વાતો ન કરે, ન સાંભળે. ટૂંકમાં, જે નથી કરવાનું તે ન જ કરે અને જે કરવાનું છે તે જ કરે. આ બાહ્ય સચ્ચાઈ છે. કદાચ એમાં ભૂલ થાય તો તે પણ અગાઉ જણાવ્યા પ્રમાણે પ્રામાણિકતાથી સ્વીકારીને સુધારવા પ્રયત્ન કરે. દેહથી, ઇન્દ્રિયોથી પ્રવૃત્તિ કે ક્રિયા ધર્મ અનુસાર, આજ્ઞા અનુસાર થવી એ બાહ્ય સચ્ચાઈ છે, પરંતુ એમાં જો આંતર સચ્ચાઈ ન હોય તો બાહ્ય ભક્તિ કે સદાચારનું બહુ મૂલ્ય રહેતું નથી. બાહ્ય રીતે લાજે-શરમે પણ ધર્મ પાળે કે ભક્તિ કરે. આસપાસનો સમાજ એને બાહ્ય સચ્ચાઈ રખાવે, પરંતુ અંતરનું કોણ તપાસે છે ? અંતરનું કોણ જોઈ શકે છે ? પૂજા વખતે ધ્યાન-મગ્ન

વ્યક્તિનું મન બહાર ભમતું હોય તો ? આરતી ઉતારતી વખતે મન પાછળ દર્શન કરનારા લોકોમાં હોય તો ? પીરસતી વખતે ખાનારને મનમાં ગાળો દેતો હોય તો ? આ બધું કોણ જાણી શકે ?

અહીં આંતર સચ્ચાઈની જરૂરિયાત છે. અંતઃકરણમાં પણ સંપૂર્ણ સચ્ચાઈ ભળે. મન શુદ્ધ રહે. એને શુદ્ધ રાખવા પ્રામાણિક પ્રયત્ન કરે. ભાવનાનું શુદ્ધિકરણ થતું રહે. આમ, આંતર સચ્ચાઈનો મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર સાથે સંબંધ છે. તેથી વધારે કઠિન છે. આ અઘરી સાધના છે, પરંતુ તેની પ્રાપ્તિ પણ ઘણી મોટી છે. જો આંતર સચ્ચાઈથી સાધક સાચો થઈને મંડે તો ભગવાન અને ગુણાતીત સંતનો અત્યંત રાજીપો થાય. એમના આ રાજીપામાં પછી શું બાકી રહે ? જીવનનું સાચું ઘડતર થાય. જીવની મલિનતા નાશ પામે. વાસના ટળી જાય. સ્વભાવમાત્રનો નાશ થઈ જાય. આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થઈ જાય. જીવન સાર્થક લાગે. જીવન ભર્યું ભર્યું લાગે. જીવનમાં સાચી શાંતિ, શાશ્વત સુખ અને સંતોષ, કૃતાર્થતા અને પૂર્ણતાનો અનુભવ થાય.

બાહ્ય અને આંતર સચ્ચાઈ ધરાવનાર ક્યારેય કામની કે ધનની ચોરી ન કરે. જ્યાં, જ્યારે, જેટલું અને જે રીતે કરવાનું હોય ત્યાં, ત્યારે, તેટલું અને તે જ રીતે કરે. 'ચાલશે' એનાં હાડકાંમાં નથી. આળસ અને પ્રમાદની પ્રવેશબંધી છે. બેદરકારી અને ગાફલાઈને દેશવટો છે. તે સર્વત્ર અને સર્વદા જાગ્રત છે. તેને અધૂરાં કાર્યથી સંતોષ નથી, 'ઓછા'માં એ રાજી નથી. 'પૂર્ણતા' જ એનું નિશાન છે. 'શ્રેષ્ઠતા' જ એનું લક્ષ્ય છે. દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણથી થતું કોઈ પણ કર્મ શ્રેષ્ઠ જ હોય, પૂર્ણ જ હોય, એવો એનો સંકલ્પ છે. એ માટે એ પ્રામાણિકતાથી પ્રયત્નશીલ પણ છે. એની પૂરી કિંમત ચૂકવવાની, પૂરતી મહેનત કરવાની એની તૈયારી છે. ભૂલોને સુધારતો સુધારતો શ્રેષ્ઠતા તરફ ગતિ કરતો જ રહે છે. કોઈ પણ કાર્યમાં એ 'વેઠ' ન માને. 'આવી પડ્યું, કરવું પડશે, જેમ તેમ કરી નાંખીએ' એવું તો એ વિચારે જ નહિ. કારણ કે એ સાચો સાધક છે. સચ્ચાઈ એનો ગુણ છે.

સાચા અને પ્રામાણિક સાધકને પોતાની સચ્ચાઈમાં નિષ્ઠા છે. તેથી ભલે તેને તાત્કાલિક સચ્ચાઈથી લાભ ન દેખાય, ઊલટાનું નુકસાન થતું હોય એવું લાગે, ખોટો અને અપ્રામાણિક માણસ આગળ વધેલો લાગે, એને વધુ લાભ

થતો હોય એવું લાગે, તેમ છતાં એ ક્યારેય પોતાની સચ્ચાઈ નહિ છોડે.

સચ્ચાઈને ભોગે એને કશું જ ન ખપે. એને કોઈની સાથે તુલના કરવાની વૃત્તિ જ નથી. બીજા આગળ વધે એની ઈર્ષ્યા પણ નથી. બીજા ખોટું કરે તેની તેને પરવાય નથી. એને કોઈનોય વાદ પણ નથી અને કોઈનોય અવગુણ પણ નથી. એ પોતે 'પોતે જ' બનવા માગે છે. એને 'બીજા' નથી થવું. સદ્‌ગુણો વેચીને દુર્ગુણ ખરીદવાનો ત્રિકાળમાંય સંકલ્પ નથી. સાચા હીરાના બદલામાં ખોટો હીરો શા માટે લે ? સચ્ચાઈથી ભલે ભૂખ્યા રહેવું પડે, એની તૈયારી છે. ભલે પાછળ રહેવું પડે, એની પણ તૈયારી છે. માન-મોટપ ન મળે, એનોય એને વાંધો નથી. ધર્મ અને ભક્તિનો દેખાવ કરીને કે બાહ્યાડંબર કરીને એને મનાવું કે પૂજાવું નથી. ક્ષણિક 'વાહવાહ' જોઈતી નથી.

એ કોઈથી ભોળવાતો નથી. એ કોઈનાય પ્રમાણપત્રોથી હરખાતો પણ નથી અને કરમાતો પણ નથી. કોઈએ કરેલી પ્રશંસાથી એ ફુલાતો નથી કે કોઈએ કરેલી ટીકાથી એ મૂંઝાતો નથી. તે ક્યારેય પ્રશંસા કે ટીકાના શબ્દોથી ફંટાતો નથી. કોઈ પ્રલોભનમાં તે ફસાતો નથી કે કોઈનાથી તે ગભરાતો નથી. એને બહારનાં કોઈ સારા-નરસા પ્રતિભાવની કે સારી-નરસી પ્રતિક્રિયાની અપેક્ષા પણ નથી અને ઉપેક્ષા પણ નથી. બીજા એને સારો કહે કે નરસો કહે, પરંતુ તે એવા શબ્દોમાં રાચ્યા વગર પોતે જ અંતર્દષ્ટિ કરીને પોતાની જાતને સુધારવા અને ઘડવા પ્રામાણિક પ્રયત્ન કરે છે. ભગવાન અને સંત અંતર્યામી છે, સર્વજ્ઞ છે એવું સતત અનુસંધાન રાખીને સચ્ચાઈના રાહ પર ચાલવા મથે છે. એમાં કંઈક ભૂલ થાય તો તે સુધારવા અને એવી ભૂલ પુનઃ ન થાય તે માટે તે પ્રયત્નશીલ પણ છે.

એનો તો એક જ જીવનમંત્ર છે કે પ્રામાણિક થવું છે, પ્રામાણિક રહેવું છે અને સચ્ચાઈથી સાચી સાધના કરવી છે. ખરેખરી સચ્ચાઈથી ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવા છે. સાચી નિષ્ઠાથી સાચી કમાણી કરવી છે. એ સમજે છે કે ખોટી, દેખાવની સાધના કરવામાં, અપ્રામાણિક રહેવામાં થોડા લાભમાં ગુમાવવાનું વધારે છે. એમાં જીવનનું સાચું ઘડતર નથી. આત્માનો સાચો વિકાસ નથી. સાધનાની સફળતા નથી. જીવનની સાર્થકતા નથી.

સાચો સાધક હંમેશાં અપ્રામાણિકતાને જીવનમાં પ્રવેશવા જ ન દે. અરે ! અપ્રામાણિકતા જ તેનાથી દૂર ભાગે ! નજીક આવતાં જ ગભરાય.

કારણ કે આ સાધક સાચો છે. સચ્ચાઈ એનો ગુણ છે. આ 'ગુણ' ઉપલક નથી, દેખાવ પૂરતો નથી, એનાં મૂળ ઊંડાં છે. ઇષ્ટદેવ અને ગુણાતીત ગુરુનાં માહાત્મ્યજ્ઞાને સહિત યથાર્થ નિશ્ચયથી પરિપક્વ થયેલી સચ્ચાઈ જડબેસલાક છે, દૃઢ છે, સ્થિર છે. એના પાયા પાતાળે છે. એની રક્ષા કરનાર સ્વયં ભગવાન અને સંત છે. કારણ કે સાચા સાધકે સચ્ચાઈથી એમની શરણાગતિ સ્વીકારી છે. તેથી એણે એમને જ એની રક્ષા કરવાની જવાબદારી સોંપી છે. એને વિશ્વાસ પણ છે કે તેઓ રક્ષા કરશે જ. તેથી તે નિશ્ચિંત છે, નિર્ભય છે.

● સચ્ચાઈના ઉપાયો

સચ્ચાઈ જીવનમાં આત્મસાત્ કરવા માટે નીચેના મુદ્દાઓ જીવનમાં દૃઢ કરવા જરૂરી છે.

- ➤ સ્પષ્ટ ધ્યેય - ભગવાન અને સંતને રાજી કરવાનો ઇશક.
- ➤ સાચા સાધક થઈને સચ્ચાઈથી સાધના કરવાનો ઠરાવ.
- ➤ ખપ.
- ➤ ભગવાન અને સંત સર્વકર્તા અને સર્વજ્ઞ છે એવું અનુસંધાન.
- ➤ પ્રલોભન અને કુસંગનો ત્યાગ.
- ➤ જેના જીવનમાં સચ્ચાઈ વણાયેલી હોય એવી વ્યક્તિના ઉત્કૃષ્ટ પ્રસંગોનું ચિંતન.
- ➤ પ્રાર્થના.

૮.૧.૧૦ પુરુષાર્થ

● પુરુષાર્થનું તાત્પર્ય

ઉદ્યમ, મહેનત, પરાક્રમ, પુરુષપ્રયત્ન, પરિશ્રમ અને પુરુષાર્થ વગેરે પર્યાયવાચી શબ્દોનું તાત્પર્ય એ છે કે 'કંઈક' સિદ્ધ કરવા, પ્રાપ્ત કરવા માટે 'કંઈક કરવું.'

આ પુરુષાર્થ બે પ્રકારનો છે : (i) બાહ્ય પુરુષાર્થ. (ii) આંતર પુરુષાર્થ.

(i) બાહ્ય પુરુષાર્થ

ભગવાન અને ગુણાતીત સંતની આજ્ઞા પ્રમાણે સ્થૂળ દેહથી કે ઇન્દ્રિયોથી

કથાશ્રવણ, કીર્તન, સેવા, દર્શન, અર્ચન, વંદનાદિક નવધાભક્તિ, ઉપવાસ, તપ, ચાંદ્રાયણાદિક વ્રત દ્વારા દેહદમન, નિયમ-પાલન દ્વારા અણિશુદ્ધ વર્તન, સત્સંગ કરવો અને કરાવવો - આ બધું બાહ્ય પુરુષાર્થમાં આવે છે.

(ii) આંતર પુરુષાર્થ

ધ્યેય, સાંખ્ય કે આત્મા-પરમાત્માનો વિચાર કરવો, અંતર્દષ્ટિ કરવી, જાણપણું રાખવું, દોષોને ટાળવા માટે અંતઃકરણ સામે યુદ્ધ માંડવું, અંતઃકરણની ભાવનાનું શુદ્ધિકરણ કરવું; શ્રદ્ધા, વિશ્વાસ અને ખપ રાખવાં, દિવ્યભાવની દઢતા કરવી, ગુણ ગ્રહણ કરવાની ટેવ પાડવી - આ બધું આંતર પુરુષાર્થમાં આવે છે.

ભલે, બાહ્ય પુરુષાર્થ કરતાં આંતર પુરુષાર્થનું મૂલ્ય વધારે છે. તેમ છતાં બન્નેની આવશ્યકતા રહે છે. બન્નેના સહયોગથી જ સાધક સાધનામાં આગળ વધી શકે છે. ભગવાનની કૃપાપાત્ર થઈને સિદ્ધિનાં શિખરો સર કરી શકે છે.

● પુરુષાર્થની આવશ્યકતા

વ્યાવહારિક કે આધ્યાત્મિક સફળતા કે સિદ્ધિની પ્રાથમિક અને અનિવાર્ય શરત છે - 'પુરુષાર્થ.' સફળતા જબરો પુરુષાર્થ માંગે છે. પુરુષાર્થ વગર કંઈ જ મળતું નથી. પુરુષાર્થના પારસમણિથી જ લોખંડ સુવર્ણ બને છે. પરિશ્રમના પરસેવાથી જ આંતર-બાહ્ય શુદ્ધિ થાય છે. જે કંઈ કરતો નથી તે કાંઈ પામતો નથી. સંસ્કૃત ભાષામાં સુભાષિત છે :

किंचित्कार्यं विना यत्नं नैव सिद्धयेद्यथा घृतम्।
स्थितं क्षीरेऽपि मनुजैर्विनाऽऽयासं न लभ्यते॥

જેમ દૂધમાં રહેલું ઘી મહેનત કર્યા વિના મેળવી શકાતું નથી, તેમ કોઈ પણ કામ મહેનત સિવાય સિદ્ધ કરી શકાતું નથી.

उद्यमेन हि सिद्धयन्ति कार्याणि न मनोरथैः।
नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः॥

કેવળ મનોરથ કરવાથી કાર્યો કદી સિદ્ધ થતાં નથી, પણ ઉદ્યમથી જ સિદ્ધ થાય છે. સૂતેલા સિંહના મુખમાં હરણાં પોતાની મેળે આવી પડતાં નથી.

નસીબ કે ભાગ્યને આધારે પુરુષાર્થહીન થઈને બેસી રહેનારાએ કંઈ પ્રાપ્ત કર્યું નથી. કોઈ પણ ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સર કરનારાઓ 'નસીબ'ના ખોળામાં બેસી નથી રહ્યા. તેઓ દોડતા રહ્યા, પુરુષાર્થ કરતા રહ્યા, ઝઝૂમતા રહ્યા, સંઘર્ષ કરતા રહ્યા, તો નસીબ એની પાછળ પાછળ દોડતું આવ્યું છે. શ્રુતિ કહે છે : चराति चरतो भगः અર્થાત્ સૂતેલાનું ભાગ્ય સૂઈ રહે છે, બેસનારનું બેસી રહે છે, ઊભા થઈ ચાલે છે તેનું ભાગ્ય પણ ચાલે છે.

વસ્તુતઃ નસીબ, ભાગ્ય કે પ્રારબ્ધ એટલે જ પૂર્વજન્મમાં કરેલો પુરુષાર્થ. પુરુષાર્થના આધારે જ પ્રારબ્ધ નિર્માણ થાય છે. જેનો જેવો પુરુષાર્થ તેનું તેવું પ્રારબ્ધ. ભાવિ પ્રારબ્ધ વર્તમાનમાં કરેલા પુરુષાર્થ પર નિર્ભર છે. તેથી એમ કહી શકાય કે પુરુષાર્થના ટાંકણે ભાગ્ય કંડારાય છે. ભાગ્યનો ખજાનો પુરુષાર્થના હાથમાં છે. પુરુષાર્થ એને કદી ખૂટવા દેતો નથી. નવો પુરુષાર્થ નવું ભાગ્ય નિર્માણ કર્યા કરે છે.

જો પુરુષાર્થ જ ન હોય એટલે કે ઉત્પાદન શૂન્ય હોય તો ભાગ્યનો ગમે તેટલો મોટો ખજાનો પણ એક દિવસ ખાલી થઈ જવાનો. પુરુષાર્થ વિના ભાગ્યનું અસ્તિત્વ ટકતું નથી. પુરુષાર્થથી ભાગ્યનું નિર્માણ થાય છે, એટલું જ નહિ, પરંતુ પુરુષાર્થથી જ ભાગ્ય ખૂલે છે, ઊઘડે છે, ફળ આપે છે. પ્રારબ્ધના અંકુર ફૂટે, તેમાંથી છોડ બને, વૃક્ષ બને, તેના પર ફળ આવે, તે માટે પણ પુરુષાર્થનું પાણી રેડવાની જરૂરિયાત છે. કોઈના ભાગ્યમાં ડૉક્ટર થવાનું લખ્યું હોય પણ જો સ્કૂલ, કૉલેજમાં જાય જ નહિ, જાય પણ મહેનત જ ન કરે તો ડૉક્ટર થવાનું પ્રારબ્ધ ઊગતું જ નથી, ફળતું જ નથી. તેથી એવું કહી શકાય કે પ્રારબ્ધનાં નિર્માણ માટે જેમ પુરુષાર્થની જરૂરિયાત છે, તેમ પ્રારબ્ધને ઊગવા માટે, ફળવા માટે પણ પુરુષાર્થની અપેક્ષા છે.

એક સુભાષિતમાં લખ્યું છે :

यथा ह्येकेन चक्रेण न रथस्य गतिर्भवेत्।
एवं पुरुषकारेण विना दैवं न सिध्यति॥

જેવી રીતે એક ચક્ર વડે રથની ગતિ થતી નથી, તેવી રીતે પુરુષાર્થ સિવાય નસીબ સિદ્ધ થતું નથી.

એટલે તો કહેવાયું છે :

સફળતા જિંદગીની, હસ્તરેખામાં નથી હોતી;
ચણાયેલી ઈમારત, એના નકશામાં નથી હોતી.

ફક્ત ઈમારતનો નકશો જોયા કરે તો ઈમારત ન મળે. પુરુષાર્થ કરે તો નકશા પ્રમાણેની ઈમારત પ્રાપ્ત થાય. એમ ફક્ત સફળતાની હસ્તરેખા જોઈને બેસી રહે તો સફળતા કદાપિ ન મળે, પુરુષાર્થ કરવો જ પડે.

ટૂંકમાં, પુરુષાર્થ જ પરમ પ્રેય અને શ્રેયની પ્રાપ્તિ કરાવે છે.

અધ્યાત્મની સિદ્ધિનાં શિખરો સર કરવાની ઈચ્છા રાખનાર સાધક કેવળ પ્રારબ્ધ પર અથવા તો ભગવાન અને ગુણાતીત સંતની 'કૃપા'ને આશરે બેસી રહે તો કદાપિ તેને સફળતા ન મળે. ભગવાન અને સંત મળ્યા પછી હવે મારે કાંઈ કરવાનું રહ્યું નથી એવી માન્યતા એ સાધકની ગાફલાઈ છે (**વચ. પ્ર.૧૮, સા.૧૪**).

આપણાથી કાંઈ થઈ શકે નહિ, એ મોળા અને હિંમત વગરના વિચારો છે (**વચ. પ્ર.૧૭, લો.૬**). ભગવાન તો અધમઉદ્ધારણ છે, પતિતપાવન છે, એટલે તેઓ તો કલ્યાણ કરવાના છે, એમ માનીને પુરુષાર્થ જ ન કરવાની આવી વિચારધારા એ એનાં જ્ઞાનનો અને મહિમાનો દુરુપયોગ છે (**વચ. પ્ર.૧૭,૭૭; મ.૪; અં.૨૬, ૩૨**)

એ વાત સાચી છે કે જીવના કોઈ પણ સાધનથી, ગમે તેવા પુરુષાર્થથી માયા તરી શકાય તેમ નથી. સ્વભાવ, દોષ, વાસના ટળી શકે તેમ નથી; આત્યંતિક કલ્યાણ થઈ શકે તેમ નથી. ભગવાન અને ગુણાતીત સંતના આશ્રય, નિશ્ચયથી જ આ કામ થવાનું છે. વળી, એ પણ એટલું જ સત્ય છે કે ભગવાન અને ગુણાતીત સંત અધમઉદ્ધારણ છે, પતિતપાવન છે, સર્વશક્તિમાન છે, સમર્થ છે, કૃપાનિધાન છે, કરુણાસાગર છે, ભક્તવત્સલ છે; એટલે તેઓ આપણું કલ્યાણ કરશે જ. એમાં લેશમાત્ર સંશય જ ન હોવો જોઈએ, પરંતુ સાથે સાથે એ પણ નક્કર સત્ય છે કે એમની કૃપાદૃષ્ટિ સાધક પર થાય તે માટે પુરુષાર્થની અપેક્ષા છે. જેમ એક કરોડ રૂપિયાની લૉટરી લાગે તે માટે એક રૂપિયાની ટિકિટ તો લેવી જ પડે. ખેતરમાં એક દાણો વાવીએ તો જ એના સો દાણા થાય. એવી જ રીતે કરોડ રૂપિયાની લૉટરી કે સો દાણારૂપી ભગવાન અને સંતની કૃપા મેળવવા માટે એક રૂપિયાની ટિકિટ કે એક દાણારૂપી પુરુષાર્થની અપેક્ષા રહે છે. જો આટલો પણ પુરુષાર્થ ન

કરીએ તો એમની કૃપા ન જ મળે. તેથી થોડોક તો પુરુષાર્થ કરવો જ પડે. એ એમની જ ઇચ્છા છે. એમનું જ આ શિસ્ત અને આયોજન છે. તેમનાં શિસ્ત અને આયોજનમાં ભળીએ તો જ તેમની કૃપા થાય અર્થાત્ તેમની ઇચ્છા પ્રમાણે, તેમની આજ્ઞા અને અનુવૃત્તિ પ્રમાણે પુરુષાર્થ કરીએ તો જ તેમની કૃપા થાય.

શ્રીજીમહારાજ પોતે જ **વચ. સા.૧૧**માં કહે છે : "આટલું તો પુરુષ-પ્રયત્ને કરીને થાય છે. અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે... જ્યારે પૂર્વે કહ્યાં એવાં વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય અને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસ પ્રથમ કહ્યા એવે લક્ષણે યુક્ત થઈને અતિશય નિર્વાસનિક થશે ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે ને આત્યંતિક મોક્ષને પામશે, પણ તે વિના તો નહિ જ પામે."

શ્રીજીમહારાજના આ શબ્દો બહુ જ સ્પષ્ટ છે. ભગવાનની કૃપાથી જ અક્ષરધામની પ્રાપ્તિ અર્થાત્ જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે, પરંતુ કૃપાના પાત્ર થવા માટે પુરુષપ્રયત્નની આવશ્યકતા રહે છે. તેથી જ તેઓ **વચ. મ.૧૨**માં કહે છે : "એક વાત કરીએ છીએ તે સર્વ સાંભળો અને આ જે વાર્તા કહીશું તેમાં એક જ સાધન કલ્યાણને અર્થે કહીશું, તે એકને વિષે સર્વે સાધન આવી જાય એવું એક બળવાન કલ્યાણનું સાધન છે. તે કહીએ છીએ જે..." આવી પૂર્વભૂમિકા બાંધીને પછી મહારાજ આખા વચનામૃતમાં કાયરતાનો ત્યાગ કરીને શૂરવીર થઈને ઇન્દ્રિયો-અંતઃકરણ ઉપર રાજ્ય કરવા માટે રાજ-નીતિની વાત કરે છે. પછી તેઓ અંતે કહે છે : "...એવી રીતે પુરુષપ્રયત્ને યુક્ત જે વર્તે ને નાદારપણાનો સારી પેઠે ત્યાગ કરે, એ જ કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સ્વભાવ જીત્યાનો અતિશય મોટો ઉપાય છે. અને એ પુરુષ-પ્રયત્નરૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે પુરુષપ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે. માટે પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે."

શ્રીજીમહારાજના આ શબ્દો પર ભાષ્ય કરવું પડે તેવું નથી. તેમની જ આ ઇચ્છા છે કે સાધક પોતાનાં કલ્યાણ માટે સખત અને સતત પુરુષાર્થ

કરે. એમની ઇચ્છામાં ભળવું એ જ આપણી ભક્તિ છે, એ જ આપણી સાધના છે.

અધ્યાત્મસાધનામાં પુરુષાર્થ કરવો જરૂરી છે એવું સમજાવતાં શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "અભયપદ મેળવવાનો પ્રયત્ન કરે તો તે પણ મળે છે. ઉપાય કર્યા વિના કાંઈ મળતું નથી. આ જીવ બીજા સુખને માટે ઉપાય કરે છે, પણ મોક્ષને માટે કરતો નથી." *(પૂર : ૬, તરંગ : ૪૭)*

◆ "ઉપાય કર્યા વગર દિલ સાફ થાય નહિ." *(પૂર : ૬, તરંગ : ૭૦)*

◆ "અલ્પ વાત હોય તોપણ અભ્યાસ વિના સિદ્ધ થતી નથી, અભ્યાસમાં પૂરી આતુરતા જોઈએ. જેવી આતુરતા હોય તેવો અભ્યાસ થાય. અને અભ્યાસ પ્રમાણે સિદ્ધિ થાય." *(પૂર : ૮, તરંગ : ૩૨)*

◆ "જેવો અભ્યાસ રાખે તેવી વાત સિદ્ધ થાય. જગતની વાત અતિ તુચ્છ છે, તોપણ અભ્યાસ કર્યા વિના આવડતી નથી. તેમ સત્સંગનો અભ્યાસ કરે તો તે દૃઢ થાય; અને જન્મ-મરણનો વ્યાધિ મટે." *(પૂર : ૯, તરંગ : ૪૮)*

◆ "કર્યા વિના કોઈ કામની સિદ્ધિ થતી નથી." *(પૂર : ૯, તરંગ : ૫૫)*

◆ "અભ્યાસ કર્યા વિના કોઈ વાત તત્કાળ દેખ્યામાં આવે નહિ. સૌને વગર અભ્યાસે જોવાની ઇચ્છા છે. પણ તે વગર અભ્યાસે કેમ દેખી શકાય ? જેવી રુચિ હોય તેવું ચિત્ત ચોંટે અને તે પ્રમાણે અભ્યાસ કરવામાં તત્પર થાય. રુચિ હોય તો કઠણ અભ્યાસ પણ સૌ કરે છે અને મરણ સુધીનું કાર્ય પણ તેને કઠણ લાગતું નથી." *(પૂર : ૧૦, તરંગ : ૬)*

◆ "દરેક વાત સિદ્ધ કરવામાં પ્રથમ શ્રમ કરવો પડે છે. પછી ફળ આવે છે ત્યારે અપાર સુખ થાય છે. વધારે અન્ન મેળવવા માટે પ્રથમ ઘરનું અન્ન પૃથ્વીમાં નાંખવું પડે છે. અને ઉપરથી શ્રમ થાય છે. તેવી રીતે મોક્ષના ફળમાં સમજવું." *(પૂર : ૧૩, તરંગ : ૬૩)*

◆ "અલ્પવાત પણ ઉદ્યમ કર્યા વિના સિદ્ધ થતી નથી. જો પોથીનું ફૂલ લેવું હોય તો પ્રથમ સુખનો ત્યાગ કરવો પડે.' *(પૂર : ૧૫, તરંગ : ૮૦)*

◆ "અવિનાશી ભગવાનનાં સુખને માટે દિવસમાં એક વાર પણ ઉદ્યમ કરવો નથી. ઉદ્યમ કર્યા વિના કોઈ પ્રાપ્તિ થાય નહિ.' *(પૂર : ૧૭, તરંગ : ૭૩)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "ખાધા વિના ભૂખ ન જાય, તાપ્યા વિના ટાઢ ન જાય, તેમ જે વાતનો આદર કર્યો છે તે પણ કર્યા વિના નહિ થાય." *(૧૧/૨૮૮)*

◆ "ખાતર, ખેડ ને પાણી બરાબર હોય તો મોલ વૃદ્ધિ પામે. તેમ ખાતરને ઠેકાણે સંસ્કાર, ખેડને ઠેકાણે પુરુષપ્રયત્ન ને પાણીને ઠેકાણે સંત-સમાગમ જો હોય તો જીવ વૃદ્ધિ પામે." *(૧૧/૩૨૧)*

◆ "પુરુષપ્રયત્ન કરે તેનું ફળ આ દેહે જ થાય." *(૧૩/૧૧૩)*

◆ "વિષયનાં બીજ દાખડો કર્યા વિના ટળે નહિ." *(૧૩/૧૪૫)*

◆ "ટીટોડી જેમ પુરુષાર્થમાં મંડી હતી તેમ મંડે તો મોટા સહાય કરે, પછી દોષમાત્ર ટળી જાય." *(૧૪/૧૨૧)*

◆ "આત્યંતિક મુક્તિને પામવું તેના તો કેટલાક દાખડા કરવા પડે છે." *(૧૫/૯)*

◆ "જ્યારે કરશું ત્યારે જ થાશે ને જેને આદર નથી તેને તો કોઈ દિવસ એ માર્ગે ચલાય નહિ." *(૧૫/૧૦)*

◆ "રસોઈ કર્યા વિના થાતી નથી, તેમ કર્યા વિના તો કાંઈ થવાનું નથી." *(૧૫/૫૫)*

અધ્યાત્મ-સાધનામાં આગળ વધવા માટે પુરુષાર્થની આવશ્યકતા સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "આધ્યાત્મિક-માર્ગે આગળ વધવું છે પણ પુરુષાર્થ જ નથી. કાશીનો માર્ગ લીધો પણ એ માર્ગે ચાલીએ જ નહિ તો ક્યાંથી પહોંચાય ?"

◆ "બ્રહ્મરૂપની ડિગ્રી મેળવવી છે તો મહેનત કરવી પડે. પુરુષપ્રયત્ન વગર જીવનમાં કોઈ વસ્તુ સિદ્ધ ન થાય. પ્રયત્ન ચાલુ કરીએ અને ચાલુ રાખીએ તો ગમે ત્યારે પણ સફળતા તો મળે જ. પ્રગતિ થાય જ, સ્વભાવ ટળે જ. આ કામ કંઈ એક દિવસમાં થાય એવું નથી. એ તો ધીરજ અને હિંમત રાખીને મંડ્યા જ રહેવું પડે. પુરુષાર્થ કરવામાં મોળા ન પડવું, એમાં પાછા ન પડવું, તો મોટાપુરુષની દૃષ્ટિ પડી જાય ને કામ થઈ જાય. પુરુષ-પ્રયત્ન કરીએ તો એમની કૃપા થાય. આપણે થોડો પણ પ્રયત્ન કરીએ તો તેઓ આપણને ઊંચકી લેશે, પરંતુ જો આપણો પુરુષાર્થ જ ન હોય તો પછી તેઓ શું કરે ?"

આ લોકમાં આવીને જેમને કંઈ નવું સિદ્ધ કરવાનું નથી, જેઓ આપ્તકામ છે, સ્વસ્વરૂપમાં સંતૃપ્ત છે એવા ભગવાન સ્વામિનારાયણ,

ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે પોતાનાં સમગ્ર જીવનમાં સખત અને સતત પુરુષાર્થ કરીને સૌ સાધકો માટે સાધનાનો આદર્શ શીખવ્યો છે. એમને પગલે પગલે ચાલીને આપણે પણ પુરુષાર્થ કરવાનો છે.

અહીં સાથે સાથે એ પણ સમજી લેવાનું છે કે અધ્યાત્મ-માર્ગમાં ભગવાનના આશ્રય, નિશ્ચય વગર ફક્ત પોતાના બાહુબળે, પુરુષાર્થથી કે સાધનોથી કામ થતું નથી (**વચ. પ્ર.૩૭,૫૬,૬૧**). જે વ્યક્તિ કેવળ પોતાના પુરુષાર્થથી જ કલ્યાણ થાય એવી વાત કરતી હોય તેનો સંગ કરવાની મહારાજ ના પાડે છે (**વચ. લો.૬**). તેથી ભગવાનનો નિશ્ચય દૃઢ કરીને, એમની શરણાગતિ સ્વીકારીને એમની ઉપાસના અને નિષ્ઠા દૃઢ કરીને પછી જ તેમના પ્રતાપનું બળ રાખી એમને રાજી કરવા માટે જ સાધનો કરવાનાં છે, પુરુષાર્થ કરવાનો છે. અહીં એ પણ સમજી રાખવું જોઈએ કે મનધાર્યા પુરુષાર્થની કોઈ કિંમત નથી. માટે જે કાંઈ પુરુષાર્થ કરવાનો છે તે લેશમાત્ર મનનું ધાર્યું કર્યા વગર ભગવાન અને સંતની આજ્ઞા, રુચિ, મરજી અને અનુવૃત્તિ પ્રમાણે જ કરવાનો છે.

● પુરુષાર્થના ઉપાયો

જીવનમાં પુરુષાર્થ કરવાની ટેવ પડે તે માટે નીચે જણાવેલ મુદ્દાઓ આત્મસાત્ કરવા જરુરી છે :

➤ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા. ધ્યેયની સ્પષ્ટતા વગર કરેલો પુષ્કળ પુરુષાર્થ નિરર્થક થાય છે. ક્યાં જવું છે તે નક્કી કર્યા વગર ક્યાં જવાશે ? ઓછા પુરુષાર્થથી વધુ ફળ મળે તે માટે ધ્યેયની સ્પષ્ટતા જરૂરી છે.

➤ ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ઇશક.

➤ પુરુષાર્થથી થતા લાભનો વિચાર.

➤ દૃઢ સંકલ્પ, ઠરાવ કે મારે પુરુષાર્થ કરવો જ છે.

➤ આળસ, પ્રમાદનો ત્યાગ.

➤ બેદરકારી અને ગાફલાઈનો ત્યાગ.

➤ બીજાનો વાદ લેવાની કુટેવનો ત્યાગ.

➤ સર્વ પ્રકારે કુસંગનો ત્યાગ.

➤ જેમણે સખત અને સતત પુરુષાર્થ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવા મહાપુરુષોનાં ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ, કથન, મનન, ચિંતન...

➤ અંતર્દૃષ્ટિ, જાણપણું, ખટકો.

➤ પ્રાર્થના.

૮.૧.૧૧ નિયમિતતા અને સાતત્ય

● નિયમિતતા અને સાતત્યનું તાત્પર્ય

નિયમિતતા એટલે જે સમયે જે કાર્ય કરવાનું છે તે સમયે તે કાર્ય અવશ્યપણે કરવાની નીતિ કે નિષ્ઠા. જેમ કે, દરરોજ સવારે સાડા પાંચ વાગે ઊઠવાનું છે, છ વાગે પૂજા કરવાની છે, સાડા સાત વાગે મંદિરે દર્શન કરવા જવાનું છે, આઠ વાગે નોકરીએ જવાનું છે... વગેરે વગેરે. જે સમયે જે કરવાનું છે તે સમયે તે જ કરવું એ નિયમિતતા છે.

સાતત્ય એટલે આવી નિયમિતતાનું હંમેશાં રહેવાપણું. અઠવાડિયું નિયમિતતા રહે, બીજા અઠવાડિયે ફેરફાર થઈ જાય, ત્રીજા અઠવાડિયે વળી, નિયમિત થાય... આ સાતત્ય ન કહેવાય. સાતત્ય એટલે રુકાવટ વગર, વચ્ચે વચ્ચે બંધ થયા વગર, નિયમિતપણે નિશ્ચિત કરેલા સમયે, નિશ્ચિત કરેલી ક્રિયાનું થવાપણું.

● નિયમિતતા અને સાતત્યની આવશ્યકતા

નિયમિતતા અને સાતત્યનો ગુણ તો વ્યાવહારિક જીવનમાં સફળતા માટે પણ વિદ્યાર્થીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો, શિક્ષકો, સંગીતકારો, રમતવીરો, મજૂરોને પણ જરૂરી છે. દરેક વ્યક્તિ જો પોત-પોતાનાં કાર્યક્ષેત્રમાં નિયમિત હોય અને તેની નિયમિતતાનું સાતત્ય હોય તો જ તેને ધારી સફળતા મળી શકે છે. નિયમિતતા અને સાતત્ય વગર ઉત્કૃષ્ટ સફળતા ન મળે. પછી તો જે વખતે જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી જ સંતોષ માની લેવો પડે, પરંતુ જો કોઈ પણ ક્ષેત્રમાં 'શ્રેષ્ઠતા'ની અપેક્ષા હોય તો નિયમિત થવું જ પડે, અને સાતત્ય જાળવવું જ પડે.

વ્યાવહારિક જીવન કરતાં પારમાર્થિક જીવનમાં નિયમિતતા અને સાતત્ય વધારે મહત્ત્વનું છે. કારણ કે અધ્યાત્મનો માર્ગ વધારે ગહન અને

વધુ સૂક્ષ્મ છે. આ માર્ગ નવો અને અજાણ્યો છે. વળી, આ માર્ગમાં વિશેષ તો દેહ ઉપરાંત ઇન્દ્રિયો-અંતઃકરણ સાથે કામ લેવાનું છે. જન્મોજન્મની કુટેવો છોડવાની છે, વાસના ટાળવાની છે, સ્વભાવો મૂકવાના છે, કુસંસ્કારો નાશ કરવાના છે. આ માટે જો નિયમિત પ્રહારો ન થાય, સતત સાધના ન થાય તો આ માર્ગે સફળતા મળવી ઘણી મુશ્કેલ થઈ જાય છે. તેથી સાધકે અધ્યાત્મ-સાધનામાં દર વર્ષે, દર મહિને, દર અઠવાડિયે, દરરોજ, દર કલાકે, દર મિનિટે અને દર સેકન્ડે જે કાંઈ દૈહિક કે વૈચારિક સાધના કરવાની હોય તે કરવી જ જોઈએ. અને તેનું સાતત્ય વર્ષો સુધી જળવાય તો કંઈક સારું પરિણામ આવે.

ભગવાનમાં અખંડ વૃત્તિ સિદ્ધ કરવા માટેની સાધનામાં મહારાજે **વચ. પ્ર.૨૧,૨૨,૨૩**માં ભગવાનમાં વૃત્તિ રાખવાના પ્રયત્નનું સાતત્ય બતાવ્યું છે. એવી જ રીતે કોઈ પણ વસ્તુ આત્મસાત્ કરવા માટે નિયમિતતા અને સાતત્યની અત્યંત આવશ્યકતા છે.

● નિયમિતતા અને સાતત્યના ઉપાયો

જીવનમાં નિયમિતતા અને સાતત્ય સિદ્ધ કરવા માટે નીચેના મુદ્દાઓ આત્મસાત્ કરવા જોઈએ.

➤ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

➤ ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ખપ.

➤ નિયમિતતા અને સાતત્યથી થતા લાભનો અને તેના અભાવે થતા નુકસાનનો વિચાર.

➤ નિયમિત થવાનો દૃઢ ઠરાવ.

➤ તે માટેનો પ્રામાણિક પ્રયત્ન.

➤ નિયમિતતાના ઉત્કૃષ્ટ પ્રસંગોનું ચિંતન.

➤ પ્રાર્થના.

૮.૧.૧૨ તપ, સંયમ અને નિયમ

● તપ, સંયમ અને નિયમનું તાત્પર્ય

તપની કોઈ એક ચોક્કસ વ્યાખ્યા બાંધી ન શકાય. અનેક પ્રકારે અને

અનેક રીતે તપ કરી શકાય. ગીતામાં પણ તપ વિષે શ્રીકૃષ્ણ ભગવાન કહે છે :

◆ "દેવ, બ્રાહ્મણ, ગુરુ અને વિદ્વાનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ કહેવાય છે." *(ગીતા : ૧૭/૧૪)*

◆ "કોઈને ઉદ્વેગ ન કરનારી, સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલવી તથા સ્વાધ્યાયનો અભ્યાસ, એ વાણીનું તપ કહેવાય છે." *(ગીતા : ૧૭/૧૫)*

◆ "મનની પ્રસન્નતા, સૌમ્યભાવ, મૌન, આત્મસંયમ અને ભાવનાની શુદ્ધિ એ મનનું તપ કહેવાય છે." *(ગીતા : ૧૭/૧૬)*

તદુપરાંત, દૈહિક ભીડો વેઠવો; ટાઢ-તડકો, ભૂખ-તરસ સહન કરવાં; જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેના-તેનાથી ચલાવી લેતાં શીખવું; ચાંદ્રાયણાદિક વ્રત કરવાં, એકાદશી આદિક ઉપવાસ કરવાં, એકટાણાં કરવાં, ધારણાં-પારણાં કરવાં, સૂક્ષ્મ આહાર કરવો વગેરે તપ જ છે.

ટૂંકમાં, એવું કહી શકાય કે ઇન્દ્રિયો- અંતઃકરણના શાસ્ત્ર-નિષિદ્ધ અર્થાત્ પોતપોતાના વર્ણાશ્રમ પ્રમાણેના નિયમથી વિરુદ્ધ આહાર-વિહાર તદ્દન બંધ કરવા, નિયમથી વિરુદ્ધ ન હોય એવા આહાર-વિહાર માટેની લોલુપતા ત્યાગીને તેમાં પણ નિયમપૂર્વક સંયમ રાખવો. अति सर्वत्र वर्जयेत् અર્થાત્ 'અતિ'નો ત્યાગ કરીને યુક્ત આહાર-વિહાર કરવો એ પણ એક પ્રકારનું તપ જ છે. આમ, તપ એક પ્રકારનો ઇન્દ્રિયોનો સંયમ છે. અર્થાત્ ઇન્દ્રિયોને શાસ્ત્રે દર્શાવેલ યોગ્ય આહાર, યોગ્ય પ્રમાણમાં લેવો તે સંયમ છે. આ તપ તથા સંયમ માટે શાસ્ત્રમાં જણાવેલ વિધિ-નિષેધરૂપ નિયમ પાળવાના હોય છે.

વિભિન્ન વ્યક્તિ જુદા જુદા હેતુથી જુદી જુદી રીતે તપાદિકની સાધના કરતી હોય છે. તેથી તપના અનેક ભેદ પડે છે. તપના સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ ભેદને સમજાવતાં શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં કહે છે :

◆ "ફળની ઇચ્છા વિનાના સાવધાન મનુષ્યોએ ઉત્તમ શ્રદ્ધાથી આચરેલાં એ ત્રણ પ્રકાર(શારીરિક, વાચિક અને માનસિક)નાં તપને સાત્ત્વિક કહે છે." *(ગીતા : ૧૭/૧૭)*

◆ કોઈનાં સત્કાર, માન અથવા પૂજા માટે દંભપૂર્વક જે તપ કરાય છે, તે અસ્થિર તથા નાશવંત તપને રાજસતપ કહ્યું છે. *(ગીતા : ૧૭/૧૮)*

◆ જે મૂઢતાપૂર્વક, હઠથી, મન, વાણી અને શરીરને પીડીને બીજાનું

અનિષ્ટ કરવાના હેતુથી તપ કરાય છે તેને તામસતપ કહેલું છે.

(ગીતા : ૧૭/૧૯)

સાચા સાધકોએ તો તામસ અને રાજસતપનો ત્યાગ કરીને સાત્ત્વિકતપ પણ કેવળ ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવા માટે જ કરવું જોઈએ. તેઓ રાજી થાય એ માટે જ ઇન્દ્રિયો અને અંતઃકરણના આહાર-વિહારમાં સંયમ રાખવો જોઈએ અને તે માટે જ વિધિ-નિષેધના નિયમો પાળવા જોઈએ.

● તપ, સંયમ અને નિયમની આવશ્યક્તા

અધ્યાત્મ-સાધનામાં સાધકને દેહનું ઉન્મત્તપણું તથા ઇન્દ્રિયો-અંતઃકરણના માયિક વિષયો પ્રત્યે આવેગો ઘણા વિઘ્નરૂપ છે. તેથી સાધનામાં કોઈ પ્રકારનો વિક્ષેપ ઊભો ન થાય તે માટે દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને અંકુશમાં રાખવાં જરૂરી છે. ઇન્દ્રિયો-અંતઃકરણરૂપી ઘોડા ખૂબ બળવાન છે. તે સાધકને વિષયો તરફ ખેંચી જાય છે. તેને વિષયભોગમાં જ રત રાખે છે, અથવા તો તેના જ સંકલ્પ-વિકલ્પ કરાવે છે. શક્તિનો વ્યય કરાવે છે. શ્રીજીમહારાજ **વચ. પ્ર.૨૫**માં કહે છે :

"જેના ચિત્તમાં સંસારનાં સુખની વાસના હોય તેને તો શ્રોત્ર ઇન્દ્રિય દ્વારે અનંત જાતના જે શબ્દ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમ જ ત્વચાઇન્દ્રિય દ્વારે હજારો જાતના જે સ્પર્શ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમ જ નેત્રઇન્દ્રિયની વૃત્તિ તે હજારો જાતનાં જે રૂપ તેને વિષે ફેલાઈ જાય છે, તેમ જ રસના ઇન્દ્રિયની વૃત્તિ તે હજારો જાતના જે રસ તેમાં ફેલાઈ જાય છે, તેમ જ નાસિકાઇન્દ્રિયની વૃત્તિ તે અનંત જાતના જે ગંધ તેમાં ફેલાઈ જાય છે, તેમ જ કર્મઇન્દ્રિયોની વૃત્તિઓ પણ પોતપોતાના વિષયને વિષે હજારો પ્રકારે ફેલાઈ જાય છે, એવી રીતે દસે ઇન્દ્રિયો દ્વારે એનું અંતઃકરણ છે તે હજારો પ્રકારે ફેલાઈ ગયું છે."

આ રીતે વિષયમાં ભટકતાં ઇન્દ્રિયો-અંતઃકરણ દ્વારા અધ્યાત્મ-સાધના કેવી રીતે થઈ શકે ? તેમ જ શરીરનું ઉન્મત્તપણું પણ સાધકને કેવી રીતે સ્થિર રહેવા દે ? તેથી દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને વશ કરીને સ્થિરતા અને એકાગ્રતાપૂર્વક સાધના કરવા માટે તપ, સંયમ અને નિયમ અત્યંત જરૂરી છે.

આપણાં ધર્મશાસ્ત્રો માનવજીવનને સુરક્ષિત અને નિયમિત બનાવવાનાં હિમાયતી રહ્યાં છે. મોક્ષપ્રાપ્તિનું પ્રથમ સાધન માનવ-શરીર છે. સ્વાસ્થ્યની રક્ષા કરવી એ આધ્યાત્મિક માર્ગે અનિવાર્ય છે. સ્વસ્થ શરીર હોય તો જ અધ્યાત્મ-સાધના નિર્વિઘ્નપણે થઈ શકે. ધર્મશાસ્ત્રોએ શરીરનાં સ્વાસ્થ્યની રક્ષા માટે પણ તપ, વ્રત, સંયમ અને નિયમની અત્યંત આવશ્યકતા સમજાવી છે. તેથી જ આ શાસ્ત્રોએ વર્ષ દરમ્યાન કોઈક ને કોઈક ધાર્મિક ઉત્સવ, પ્રસંગ કે તિથિ નિમિત્તે વ્રત, ઉપવાસ કરવાનું કે વિશિષ્ટ રીતે સંયમ અને નિયમ રાખવાનું સૂચવ્યું છે. ચાતુર્માસ દરમ્યાન તો તપ, વ્રત-ઉપવાસ અને સંયમ-નિયમનો વિશેષ મહિમા સમજાવીને એ માર્ગે ચાલવાની સૌને પ્રેરણા આપી છે. જુદા જુદા વર્ણ અને આશ્રમ પ્રમાણે આબાલ-વૃદ્ધ સૌ સ્ત્રી-પુરુષો માટે વિધિ-નિષેધના નિયમો આપીને માનવ જીવન તથા અધ્યાત્મ-સાધનાને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કર્યો છે. શ્રીજીમહારાજે પણ વિશેષે કરીને શિક્ષાપત્રીમાં સૌ માટે વિધિ-નિષેધના નિયમો સમજાવીને એ સર્વે નિયમો પાળવા અને પળાવવાનો આગ્રહ રાખ્યો છે. આ સર્વે નિયમો પાળવાથી થતા લાભ અને ન પાળવાથી થતાં નુકસાનનો નિર્દેશ કરીને પણ સૌ આ ચીંધેલા માર્ગ પ્રમાણે વ્યવસ્થિત તપ, વ્રત, સંયમના પાઠ શીખે અને જીવનમાં આત્મસાત્ કરે એવો આગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો છે.

'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ, જેમ કરશે તેમ સુખ થાશે' - એ કથન પ્રમાણે શ્રીજીમહારાજ આપણા શત્રુ નથી, પરંતુ હિતેચ્છુ છે. તપ, સંયમ અને નિયમનાં બંધનમાં નાખીને આપણને ત્રાસ નથી આપવો કે આપણને દુઃખી નથી કરવા, પણ આપણને સુખી કરવા છે(**વચ. મ.૩૫**). તેઓ જાણે છે કે જો ભક્તો નિયમ લોપીને વિષયો ભોગવશે તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે (**વચ. પ્ર.૮,૧૮**), દુઃખી દુઃખી થઈ જશે (**વચ. પ્ર.૩૪, મ.૫૧**). તેથી આપણે દુઃખી ન થઈએ, વિષયનાં અલ્પ સુખ પાછળ અનંત જન્મોનાં અનંત દુઃખ ભોગવવાને બદલે ભગવાનનાં શાશ્વત અને દિવ્યસુખના ભોક્તા બનીએ એવો એમનો શુભ આશય છે. બાળક જેમ સાપ પકડવા જાય એમ આપણે વિષયમાં સુખ માનીને એમાં ખેંચાઈએ છીએ. શ્રીજીમહારાજ અને ગુરુઓને એમાં ભાવિદુઃખ દેખાય છે. તેથી તેઓ આપણને તપ, સંયમ અને નિયમના પાઠ શીખવીને પાછા વાળે છે. અત્યારે ભલે આપણને વસમું લાગે કે કઠણ

પડે, પરંતુ અંતે એમાં જ આપણને સુખ થવાનું છે એમ તેઓ જાણે છે.

આપણી પાસે તપ, સંયમ અને નિયમ પળાવીને આપણા પર એમને અધિકાર જમાવવો નથી. વળી, એમને જે સુખ આપણને આપવું છે એની આ 'ફી' પણ નથી. 'ઝેર ખાશો તો મરશો.' આ વાત ડરાવવા માટે નથી અને તે શાપ પણ નથી. આ હકીકત છે. આપણા પ્રત્યે એમની દયા, કરુણા, પ્રીતિ અને મમતાની આ અભિવ્યક્તિ છે. તપ, સંયમ અને નિયમ દ્વારા આપણને દુ:ખી થતાં અટકાવીને શાશ્વત કાળ સુધી સુખી કરવા છે.

ડૉક્ટર દરદીને રોગ-મુક્ત કરીને ભવિષ્યમાં સુખી કરવા માંગે છે, તેથી જ તે કડવી દવા કે ઇંજેક્શન આપે છે અથવા ઑપરેશન કરે છે. જો દરદી ડૉક્ટરનો શુભ હેતુ સમજે તો જ એને સહકાર આપશે.

એવી જ રીતે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ આપણને ભવ-રોગથી મુક્ત કરીને આત્યંતિક મુક્તિનું, ભગવાનનું શાશ્વત સુખ આપવા ઇચ્છે છે, પરંતુ તે માટે તપાદિકની જરૂર પડે તેમ છે એમ તેઓ સમજે છે. જેમ રોગ ટાળવા કેટલાક નિયમ પાળવા પડે, એમ ભવરોગ ટાળવા પણ કેટલાક નિયમ પાળવા પડે. દિલ્હી જવા માટે અમુક જ રસ્તે જવાનો નિયમ પાળવો પડે, નદીને સમુદ્ર સુધી પહોંચવું હોય તો બે કાંઠાનું બંધન સ્વીકારવું જ પડે. એમ ભવરોગ દૂર કરવા કે અક્ષરધામ સુધી પહોંચવા તપ વગેરેની આવશ્યક્તા છે. તેથી તેઓ પોતાનાં વર્તન અને ઉપદેશ દ્વારા આપણી પાસે આ બધું કરાવે છે. શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં પોતાની શુભ ભાવના વ્યક્ત કરતાં કહે છે :

◆ "મોક્ષમાં વિઘ્નરૂપ વિષયાસક્તિરૂપ રોગોના અમે વૈદ્ય છીએ. ચરી પળાવીએ અને દવા આપીએ. અમારાં વચનરૂપ ઔષધ ખાય તેનો વાસના-રૂપ રોગ જાય." *(પૂર : ૪, તરંગ : ૭૧)*

એમનો આ શુભ હેતુ જો આપણને સમજાય તો જ એમને આપણે સહકાર આપીને તપ, સંયમ અને નિયમને જીવનમાં દૃઢ કરવાનો પ્રયત્ન કરીશું.

બુદ્ધિના રવાડે ચડી ગયા તો તે અનેક પ્રકારનાં તર્ક-વિતર્ક કે શંકા-કુશંકા કરીને તપાદિક નહિ જ કરવા દે. સો સો યુક્તિઓ કરીને વિષયો જ ભોગવાવશે, નિયમો લોપાવશે. માટે બુદ્ધિ કહે તેમ નહિ, પરંતુ ભગવાન અને સંત કહે તેમ કરવું. એમણે સાધનામાં જે કાંઈ કરવાનું કહ્યું છે, તે પોતાના

અનુભવને આધારે સૌનું હિત થાય એવું જ કહ્યું છે. માટે એમાં વિશ્વાસ રાખીને તપ, સંયમ અને નિયમને જીવનમાં આત્મસાત્ કરવાં જોઈએ.

અધ્યાત્મ-પંથના જે પથિકો સાચા અર્થમાં કંઈક પામ્યા છે તે બધાનાં જીવનમાં તપ, સંયમ અને નિયમ જોવા મળે છે. જેઓ અનાદિ કાળથી જ માયાપર છે, જેમને તપ વગેરે કંઈપણ કરવાની જરૂર જ નથી તેવા પરબ્રહ્મ પુરુષોત્તમ એવા ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એમના પોતાના જીવનમાં તપ, સંયમ અને નિયમનો અત્યંત આગ્રહ રાખ્યો છે. તેમણે અતિશય તપ વગેરે કરેલ છે. એ સૌના જીવનમાં તપનો અતિશય ઈશક જણાય છે. તેઓ ક્યારેય, કોઈ પણ સંજોગોમાં તપ કરવામાં, સંયમ રાખવામાં કે નિયમ પાળવામાં ક્યારેય લેશમાત્ર પાછા પડ્યા નથી કે મોળા પડ્યા નથી. વધતી ઉંમરે પણ એમનો તપ કરવાનો ઈશક સદૈવ તાજો ને તાજો જ રહ્યો છે. તેમાં જરા પણ ઝાંખપ આવી નથી. તપ કરવાની રુચિ ઓછી થઈ નથી. એમને તો તપાદિક કરવાની બિલકુલ જરૂરિયાત જ નથી, પરંતુ સર્વે આશ્રિતોને પ્રેરણા મળે તે માટે જ તેમણે કર્યું છે. જો કે વસ્તુતઃ તપાદિક કરવું એ તો એમની સહજસ્થિતિ છે. એમાં એમને મજા આવે છે. ફક્ત બીજાને પ્રેરણા આપવા માટે જ જો તેઓ કરતા હોય તો જ્યારે બીજા કોઈ પ્રેરણા ન લે ત્યારે તેઓ એ પ્રમાણે વર્તવાનું બંધ કરી દે, પરંતુ એમના જીવનમાં એવું નથી. બીજા કોઈ પ્રેરણા લે કે ન લે, પરંતુ તેઓ તો વર્તે જ છે. તેમ છતાં એમનું જીવન જ એવું છે કે સૌને સ્વતઃ એમના જીવનમાંથી પ્રેરણા લેવાનું મન થાય. તો આપણે પણ એમના જીવનમાંથી આની પ્રેરણા લઈને યથાશક્તિ તપાદિક કરવું જરૂરી છે.

આત્મવિચારની સાથે સાથે દેહદમનની આવશ્યક્તા સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. કા.**૩માં કહે છે : "શરીરના દોષ જાણીને શરીરને દમવે કરીને ટાળવા અને શરીર ક્ષીણ થયા પછી જે મનના દોષ રહ્યા તેને વિચારે કરીને ટાળવા જે, 'હું આત્મા છું ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું.' એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે. અને જેને એકલું દમન છે ને વિચાર નથી તો તે ઠીક નહિ તથા જેને એકલો

વિચાર છે ને દમન નથી તે પણ ઠીક નહિ. માટે એ બે જેને હોય તે શ્રેષ્ઠ છે. અને શરીરનું દમન ને વિચાર એ બે વાનાં તો ગૃહસ્થ સત્સંગીને પણ જરૂર રાખ્યાં જોઈએ, ત્યારે ત્યાગીને તો જરૂર રાખ્યાં જ જોઈએ."

આત્મનિષ્ઠા એ એક સ્થિતિ છે. એ દૃઢ થાય પછી વિષયમાં વૃત્તિ ન જાય, પરંતુ આત્મવિચાર એક સાધના છે. સાધના દરમ્યાન જો સાધક જરાક જાણપણું ચૂકે, જરાક ગાફલાઈમાં રહે તો વિષય પેસી જાય. આવા સંજોગોમાં દેહદમન અને ઇન્દ્રિયોનો સંયમ અત્યંત જરૂરી છે. ઇન્દ્રિયો જો નિયમમાં રાખીએ તો વિષય અંતરમાં પેસે જ નહિ, દેહે કરીને ભ્રષ્ટ થવાય નહિ (**વચ. પ્ર.૮,૧૮; મ.૨,૧૬**). તેથી આત્મવિચારની સાથે સાથે દેહદમન અને ઇન્દ્રિયોના સંયમની આવશ્યકતા રહે છે.

શ્રીજીમહારાજ **વચ. મ.૬૨**માં કહે છે : "બે અંગ(દૃઢ આત્મનિષ્ઠા, અતિશય દૃઢ પ્રીતિ)માંથી જેને એકે અંગની અતિશય દૃઢતા ન હોય તેને તો જે આ સત્સંગના નિયમ છે તેમાં દૃઢપણે કરીને રહેવું, તો જ સત્સંગી રહેવાય; નહિ તો સત્સંગ થકી બહાર પડી જવાય."

તેથી જ તો શ્રીજીમહારાજ તપ, સંયમ અને નિયમની આવશ્યકતા સમજાવતાં કહે છે :

સા.૨ – "પોતાના દેહમાં જો કાંઈ ઉન્મત્તપણું જણાય તો ભજનમાં બેસવે કરીને અથવા ચાંદ્રાયણ વ્રતે કરીને દેહને નિર્બળ કરી નાંખવું. પછી તેને દેખીને તેના દેહની મોટા સંત અથવા પરમેશ્વર ખબર રખાવે તો ભલે, પણ પોતાને જાણે દેહનું જતન કરવું નહિ."

કા.૧૦ – "ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગ પર્યંત ટાઢ-તડકાને તથા ભૂખ-તરસને સહન કરીને મહાતપ કર્યું અને તે તપે કરીને ભગવાનને રાજી કર્યા, એવી રીતે જે વિવેકી હોય તે તો જાણીને પોતાનાં દેહ-ઇન્દ્રિયોને દમીને તપ કરે છે. માટે જે વિવેકી સાધુ હોય તેને તો જાણીને દેહ-ઇન્દ્રિયોને કષ્ટ થાય એમ વર્ત્યું જોઈએ, તો ઈશ્વરઇચ્છાએ જે કાંઈ કષ્ટ આવે તેને શીદ ટાળવાને ઇચ્છે ? અને વળી, ત્યાગી સાધુને તો પોતાના મનમાં એમ દૃઢ રુચિ રાખી જોઈએ જે... તે એક જન્મ તથા બે જન્મ તથા સહસ્ર જન્મ સુધી પણ તપ કરીને જ ભગવાનને રાજી કરવા છે... તપ કરવું તે તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે."

લો.૫ – "ધર્મશાસ્ત્રમાં કહ્યા છે જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રત કરે તથા જાણી જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા કરે તથા ભજન-સ્મરણમાં બેસે તથા આસન જીતે ઈત્યાદિક સાધને કરીને બાહ્ય ઈન્દ્રિયો જિતાય છે."

અં.૧૧ – "વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જિતાય છે."

અં.૩૨ – "યુવા અવસ્થા જેને હોય તેને આહાર ક્ષીણ કરવો ને યુક્તાહાર-વિહારપણે રહેવું. ને આહાર ક્ષીણ થાય ત્યારે દેહનું બળ ક્ષીણ થાય અને ત્યારે જ ઈન્દ્રિયો જિતાય, તે વિના ઈન્દ્રિયો જિતાય નહિ... આહાર નિયમમાં કરવો તે ઘણાક ઉપવાસ ઠામુકા કરવા માંડે તેણે કરીને ન થાય, એમ તો ઝાઝી તૃષ્ણા થાય ને મૂળગો આહાર વધે ને ઉપવાસનો ખાંગો ખાય ત્યારે બમણો વાળે, માટે એ તો ધીરે ધીરે આહારને ઘટાડવા માંડે તો નિયમમાં આવે."

વળી, આપણે આગળ જતાં જોઈશું કે **વચ.** લો.૧, ૮ તથા મ.૩૩ના સંદર્ભોને આધારે કામદોષને ટાળવા, અર્થાત્ નિષ્કામ ધર્મ દઢ કરવા માટે અન્ય ઉપાયોની સાથે કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતો તથા આહાર-વિહાર ઓછો અર્થાત્ યુક્ત રાખવાની પણ અત્યંત આવશ્યકતા છે.

શ્રીજીમહારાજે **વચ.** કા.૩માં જણાવ્યા પ્રમાણે ત્યાગી અને ગૃહસ્થ એમ બન્ને માટે દેહદમન આવશ્યક ગણ્યું છે. સંતો તો નિયમિત મહિનાના ત્રણ, પાંચ કે સાત નિર્જળા ઉપવાસ કરતા હોય છે. કેટલાક સંતો તો પોતાના શરીરની તાસીરને અનુરૂપ ચાંદ્રાયણાદિક વ્રતો પણ અવાર-નવાર કરતા હોય છે. ચાતુર્માસ દરમ્યાન વિશેષ તપ, વ્રત કરતા હોય છે.

ત્યાગીઓની જેમ ગૃહસ્થોએ પણ કંઈક ને કંઈક તપ-વ્રત કરવાં જોઈએ. કદાચ વધુ ન થાય તોપણ એકાદશીના ઉપવાસ તો કરવા જ જોઈએ. એકાદશીએ શક્ય બને તો યથાશક્તિ નિર્જળા ઉપવાસ કરવો. એ શક્ય ન હોય તો સજળા, અથવા દૂધ વગેરે પ્રવાહી લઈને અથવા કોઈક અશક્ત કે બીમાર હોય અથવા તો વધુ પડતો શારીરિક શ્રમ હોય તો ફરાળ લઈને પણ એકાદશીનો ઉપવાસ કરવો જ જોઈએ. એકાદશીને દિવસે

અનાજ તો ખવાય જ નહિ. એકાદશીને દિવસે અનાજ ખાવાનું શાસ્ત્રોમાં ઘણું મોટું પાપ થવાનું લખ્યું છે.

શ્રીજીમહારાજ કહે છે : "એકાદશીને દિવસે અન્ન ખાનાર મનુષ્ય માતૃહત્યા, પિતૃહત્યા, ગુરુહત્યા આદિ મહાપાપનો ભાગી થાય છે ને પ્રત્યેક કોળિયે પૃથ્વી પર રહેલાં મળમાત્રને ખાય છે. (મળભક્ષણ જેટલો દોષ લાગે છે.) બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત છે પણ એકાદશીને દિવસે અન્ન ખાનારનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી કે એ શુદ્ધ થાય. મદ્યપાન કરનાર એકલો નરકે જાય પણ એકાદશીએ અન્ન ખાનાર પોતાના પિતા અને પૂર્વજો સહિત નરકે જાય છે." *(સત્સંગિજીવન : ૩/૩૧/૫-૧૦)*

શાસ્ત્રોમાં એકાદશીના વ્રતનો ખૂબ મહિમા કહ્યો છે. શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં એકાદશીનો મહિમા કહીને તે કેવી રીતે કરવી એ સમજાવતાં કહે છે :

◆ "શાસ્ત્રમાં કહેલાં અપાર સાધનનાં બધાં ફળ એકાદશીમાં રહેલાં છે. વર્ષની બધી એકાદશીઓ જે કરે તે ભગવાનના ધામમાં જાય છે. કોટિ યજ્ઞ કરાવે તથા કરોડો ગાયોનું નિત્ય દાન કરે, નિત્ય એક ભાર સુવર્ણનું દાન કરે, તેના કરતાં પણ એકાદશીનું વ્રત અધિક છે. કોટિ કલ્પ સુધી તપ્ત-કૃચ્છાદિક વ્રત કરે તોપણ તેની બરોબર થાય નહિ. વિધિ સહિત કરેલાં તીર્થ-માત્રનું ફળ એકાદશીમાં આવી જાય છે." *(પૂર : ૧૧, તરંગ : ૨૪)*

◆ "બધી એકાદશીને દિવસે ફળાહાર ન કરવો સારો છે, પણ દેવપોઢી, દેવઊઠી અને જળઝીલણી એ ત્રણ એકાદશીએ તો ન જ કરવો અને આખી રાત્રિ જાગરણ કરવું અને આનંદથી કથા-કીર્તન કરવાં જેથી મહાપાતક નાશ પામે છે.

કોટિ યજ્ઞ જેટલું એક એકાદશીના વ્રતનું ફળ કહ્યું છે. એકાદશીના દિવસે અન્ન ખાય તેને માંસ તુલ્ય કહ્યું છે. જે રોગે કરીને પરવશ હોય તેણે એક વખત ફરાળ ખાવું અને અશક્ત હોય તેણે ત્રણ એકાદશી સિવાય ફળાહાર કરવો." *(પૂર : ૬, તરંગ : ૨૬)*

યોગીજી મહારાજ કહેતા : "એક લાખ ઋષિને સાઠ હજાર વર્ષ જમાડીએ તેટલું પુણ્ય એકાદશીના એક ઉપવાસ કરનારને થાય છે."

આવો લાભ થતો હોવાથી જ શ્રીજીમહારાજ **વચ. મ.૮**માં એકાદશીનું

વ્રત કરવાની સાચી રીત સમજાવીને તે કરવાનો આગ્રહ રાખતાં કહે છે :

"ધર્મશાસ્ત્રમાં પણ એમ કહ્યું છે જે, 'એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહિ અને દેહે કરીને કાંઈ ભૂંડું આચરણ કરવું નહિ,' એમ શાસ્ત્રમાં વચન છે. અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે, 'એકાદશીને દિવસ ઢોરલાંઘણ કરવી નહિ, અને એકાદશ ઇન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય.'... અગિયારે ઇન્દ્રિયોના જુદા જુદા આહાર છે. તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ એકાદશીવ્રત કહેવાય, પણ અગિયારે ઇન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાનાં અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય. માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઇન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ. એવું વ્રત પંદર દિવસમાં એક વાર આવે તે ખબડદાર થઈને કરવું, તો તેને ઉપર ભગવાન પ્રસન્ન થાય છે, પણ તે વિના જે ઢોરલાંઘણ તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી... હિમ્મત રાખીને જેવું મોરે કહ્યું તેવું એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા-કીર્તનાદિકને કરે ને સાંભળે ને રાત્રિએ જાગરણ કરે તો તે વ્રત સાચું છે અને શાસ્ત્રમાં એનું જ નામ એકાદશી કહી છે."

શ્રીજીમહારાજની આ આજ્ઞા સર્વે સંતો-હરિભક્તોએ પાળીને સાચી રીતે એકાદશીનું વ્રત કરવું જોઈએ.

શાસ્ત્રીજી મહારાજે નીચે જણાવેલ પાંચ ઉપવાસ નિર્જળા કરવાનો સૌ સંતો તથા હરિભક્તોને પણ આદેશ આપ્યો છે.

(i) ચૈત્ર સુદ નવમી – ભગવાન સ્વામિનારાયણ જયંતી, રામનવમી.

(ii) અષાઢ સુદી અગિયારસ – દેવપોઢી-દેવશયની એકાદશી.

(iii) શ્રાવણ વદ અષ્ટમી – જન્માષ્ટમી, શ્રીકૃષ્ણ પ્રાગટ્યદિન.

(iv) ભાદરવા સુદી અગિયારસ – જળઝીલણી એકાદશી, પાર્શ્વ-પરિવર્તિની એકાદશી.

(v) કારતક સુદી અગિયારસ – દેવઊઠી-પ્રબોધિની એકાદશી.

શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે કે આ પાંચ નિર્જળા ઉપવાસ કરનારને વર્ષવ્રતનું પુણ્ય મળે છે. માટે આ ઉપવાસ તો દરેકે કરવાનો વિશેષ આગ્રહ રાખવો જોઈએ.

● નિયમ વગર ખોટ

નિયમ વગર રહી જતી ખોટનો નિર્દેશ કરીને જે નિયમ નથી પાળતો તેના પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કરતાં શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "અમે સત્સંગમાં નિયમ બાંધ્યા છે, તેને તોડીને જે વર્તે તેને અસુર જાણવો. કોઈ સંત-હરિભક્ત બ્રહ્મવેત્તા કે સમાધિનિષ્ઠ હોય પણ નિયમ અને નિશ્ચય વિનાનો હોય તો તેને અસુર અને વિમુખ જાણવો. નિયમ અને નિશ્ચય ઉપરથી જેવું અંતર હોય તેવું જણાય છે." *(પૂર : ૫, તરંગ : ૪૨)*

◆ "નિયમ-ધર્મની બહાર રહે તે ચોર છે." *(પૂર : ૬, તરંગ : ૨)*

◆ "ટેક વિના સત્સંગ રહે નહિ. સરોવરની પાળ તૂટે તો પાણી સ્રવી જાય, તેમ નિયમ વિના માયિક-અમાયિક કોઈ વાત સિદ્ધ થાય નહિ. ભવ-બ્રહ્માદિક દેવો પણ નિયમ વિના દુઃખી થાય છે, તો અલ્પ જનોની શી વાત કહેવી ?" *(પૂર : ૯, તરંગ : ૮)*

◆ "નિયમ બહાર વર્તે છે તેનું ફળ અહીં કેટલાક પામે છે તે નજરે દેખાય છે. નિયમ તોડીને ઠગની પેઠે ઉપરથી સારો દેખાતો હોય, તેનો સંગ બાઈ-ભાઈ કોઈએ કરવો નહીં." *(પૂર : ૧૦, તરંગ : ૨૭)*

◆ "નિયમ વિના ચાલે તેટલો અવિવેક છે. નિયમ એ જ વેદનો સાર છે. નિયમ વિના વર્તે તે દંડવા યોગ્ય છે." *(પૂર : ૧૦, તરંગ : ૪૧)*

◆ "અમારા વચનરૂપી કોટનું ઉલ્લંઘન કરે અને કોટને તોડી દ્વાર વિના ચાલે તેની થોડી પણ મહોબત અમે રાખતા નથી. તેને સત્સંગ બહાર કરીએ છીએ. હરિભક્તની રીતને તપાસીને ચલાવી છે તે સડકરૂપ છે. સડક વિના ચાલે તે ગુનેગાર." *(પૂર : ૧૪, તરંગ : ૭૨)*

◆ "નિયમ વિનાની વાત લખ્યા વિનાના કાગળ જેવી છે. નિયમ વિના જ્ઞાન-ભક્તિ વગેરે શુભ ગુણો ટકતા નથી." *(પૂર : ૧૫, તરંગ : ૩)*

◆ "નાક અને જીવ વિનાનું શરીર જેવું શોભતું નથી તેમ નીતિ અને ધર્મ વિનાનો માણસ શોભતો નથી." *(પૂર : ૧૬, તરંગ : ૪૨)*

◆ "નિયમ ઓળંગીને ચાલવું તે દુઃખનો માર્ગ છે."
(પૂર : ૧૭, તરંગ : ૯૪)

◆ "નિયમ વિનાનો સત્સંગ તે મૂળ વિનાના વૃક્ષની સમાન જાણવો."
(પૂર : ૧૯, તરંગ : ૧૮)

● નિયમની મહત્તા અને નિયમપાલનનો આદેશ

અગાઉ આપણે પંચ વિષયને જીતવાના ઉપાયમાં **વચ. મ.૧૬**ના આધારે સમજેલા કે વૈરાગ્ય કરતાં પણ નિયમથી પંચ વિષય વધારે જિતાય છે. વળી, મહારાજ **વચ.મ.૩૫**માં કહે છે કે સ્ત્રી-પુરુષનો પરસ્પર સહવાશ થાય તો ધર્મ રહે જ નહિ, પરંતુ ત્યાગી અને ગૃહસ્થો જો પોતપોતાના નિયમમાં રહે તો જ ધર્મમાં રહેવાય. તેથી જ તો તેઓ **વચ.જેત.૪**માં કહે છે કે મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી.

શ્રીજીમહારાજ અધ્યાત્મ-સાધનામાં નિયમની મહત્તા અને આવશ્યકતા સમજાવીને નિયમ પાળવાનો આદેશ આપતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "નિયમ વિના ધર્મમાં ચાલતું નથી. માટે નિયમ દૃઢપણે ધારવો."
(પૂર : ૫, તરંગ : ૫૧)

◆ "નિયમમાં વર્તે તેની જ મોટાઈ સાચી છે... નિયમ-ધર્મમાં રહે તે શાહુકાર છે." *(પૂર : ૬, તરંગ : ૨)*

◆ "મુક્ત જીવો બળવાન હોય પણ દારૂ પીવે તો ભાન ભૂલે. માટે નિયમમાં વર્તે તેનો જ સત્સંગ અડગ રહે." *(પૂર : ૬, તરંગ : ૩)*

◆ "વિધિ-નિષેધનાં જે વચન છે તે અમારાં વચને છે. તે પ્રમાણે વર્તવું જોઈએ. આપ-ડહાપણથી તેનો ત્યાગ કરવો નહિ... ઔષધની રીત વૈદ્ય જાણે છે અને તે પ્રમાણે કરી પળાવે છે. કરી ન પાળે તો અનેક રોગ થાય છે. વૈદ્યના હાથમાં નાડી આપી તો વૈદ્ય કહે તેમ કરવું જોઈએ." *(પૂર : ૬, તરંગ : ૭૮)*

◆ "સત્સંગીમાત્રે વચનરૂપી નિયમમાં રહીને ધર્મ પાળવો, નિયમમાં રહ્યા વિના ધર્મ પળાય નહિ. વચનમાં વર્તવું તે જ તપોવન છે."
(પૂર : ૮, તરંગ : ૪)

◆ "સત્સંગના જે નિયમ છે તે મોક્ષને આપનારા છે. નિયમરૂપે થઈને શ્રીહરિ સૌને વિષે રહ્યા છે." *(પૂર : ૮, તરંગ : ૭૩)*

◆ "સત્સંગના નિયમોનો જે સત્કાર કરે તે સરસ ભક્ત ગણાય. નિયમ વિનાની વાત સરસ હોય તો પણ ક્યારેક ઘાત કરી દે છે. તે પાછળથી ખબર પડે છે. સત્સંગમાં નિયમ વિનાની એકેય વાત નથી... નિયમ એ જ તેમનું આભૂષણ છે. નિયમ આગળ બીજાં ભૂષણ કલંકરૂપ અને દુઃખરૂપ છે. નિયમ તજીને સારાં વસ્ત્ર, આભૂષણ, મોતી વગેરે ધારણ કરે તે લાંછનરૂપ છે અને પાપરૂપ લાગે છે. તેથી અમે નિયમરૂપી વસ્ત્ર, આભૂષણ હરિભક્તોને પહેરાવ્યાં છે, જે તેમને આ લોક અને પરલોકમાં અધિક શોભાવે છે." *(પૂર : ૧૦, તરંગ : ૯)*

◆ "સત્સંગના જે નિયમ છે તે ધર્મનાં અંગ છે અને પરમ આભૂષણ-રૂપ છે. તેનાથી આ લોક અને પરલોકમાં જીવ શોભે છે.... જે નક્કી નિયમ રાખતા હોય.... તેથી સત્સંગ વધે તેને જ સાચા સત્સંગી કહેવાય."

(પૂર : ૧૦, તરંગ : ૨૭)

◆ "નિયમમાં વર્તનારા રાજા, ગુરુ અને સૌનું પ્રતિદિન માન વૃદ્ધિ પામે છે." *(પૂર : ૧૦, તરંગ : ૪૧)*

◆ "સત્સંગમાં કહેલા પોતપોતાના નિયમ-ધર્મને જે પાળે છે તે જ હરિભક્ત કહેવાય. તેને જ ભગવાન અક્ષરધામમાં લઈ જાય છે."

(પૂર : ૧૧, તરંગ : ૭૦)

◆ "ગુરુઓ અને રાજાઓ નિયમથી જ મોટાઈ પામ્યા છે. નિયમ પ્રમાણે ખાવું, પહેરવું, સૂવું વગેરે વ્યવહાર રાખે તો દુઃખી થાય નહિ. દરેક વાત નિયમથી શોભે છે." *(પૂર : ૧૨, તરંગ : ૩૨)*

◆ "મારાં વચનનો આદર રાખે તે મારો આદર રાખ્યા બરાબર માનું છું. મારાં વચનમાં મારો નિવાસ છે. તેમાં જેટલો આદર રાખો તેટલો હું તમારી પાસે છું. મનુષ્ય-તન ધાર્યું હોવાથી તે પ્રમાણે વર્તીએ છીએ. પ્રત્યક્ષ અને પરોક્ષ બેય ભાવ મનુષ્ય-તનમાં રહ્યા છે. તેમાં વચનરૂપી મારું દિવ્ય શરીર ક્યારેય પરોક્ષ થતું નથી." *(પૂર : ૧૪, તરંગ : ૭૫)*

◆ "નિયમ અને સમજણ (સરોવરની) પાળને ઠેકાણે છે. સત્સંગની વાત મેઘના જળ જેવી છે. શ્રીહરિ અને સત્સંગ મેઘને ઠેકાણે છે. નિયમ અને સમજણમાં બધા ગુણ અને રિદ્ધિ-સિદ્ધિ આવી ગયાં." *(પૂર : ૧૪, તરંગ : ૮૨)*

◆ "નિયમમાં બધાં સુખનાં સાધન રહ્યાં છે." *(પૂર : ૧૫, તરંગ : ૩)*

◆ "સત્સંગમાં નિયમરૂપી કોટ અમે બાંધ્યો છે અને કળિને પ્રવેશવાનાં નાનાં-મોટાં દ્વાર અમે બંધ કરાવ્યાં છે. તે કોટમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી કળિનું કાંઈ ચાલતું નથી. ચોર લોકો ગાફલને લૂંટે છે. સાવધાન માણસોમાં તે ફાવી શકતા નથી. અમારા નિયમો છે તે ચોકી અને પહેરેદાર છે. તેમાં કળિ ક્યારેય પ્રવેશ કરી શકતો નથી. છતાં સત્સંગમાં અનેક રૂપ ધારી પ્રવેશ કરવા તે ઇચ્છે છે. તેથી અમે નિયમ ફેરવતા રહીએ છીએ, છતાં કળિનો વિશ્વાસ કરવો નહિ. કર્મયોગી તથા સાંખ્યયોગી સત્સંગી બાઈઓએ પોતાના સગાભાઈ સાથે પણ એકાકી ચાલવું નહિ. એકાંતમાં કળિનો વાસ રહેલો છે.

જુગાર, મદ્ય, માંસ તથા કામ, ક્રોધાદિક અધર્મ સર્ગમાં કળિનો નિવાસ છે. પુરુષોએ પણ હરિભક્ત બાઈઓની સામે જોતાં રહેવું નહિ. નેત્ર, સ્પર્શ અને શ્રોત્ર દ્વારા અંતરમાં કળિનો પ્રવેશ થાય છે. કળિનો પ્રવેશ થતાં ન કરવા યોગ્ય બધું જ થાય છે. માટે અતિ પવિત્ર મોક્ષભૂમિ અને કર્મભૂમિ રૂપ ભરતખંડમાં જન્મ પામીને ધર્મ-નિયમમાં સાવધાન રહેવું."

(પૂર : ૧૫, તરંગ : ૭૮)

◆ "મોક્ષનો ખપ હોય તેને પોતપોતાના નિયમમાં વર્તવું જોઈએ અને નિયમમાં વર્તશે તેને અમે અંત સમે વિમાન લઈ તેડવા આવીશું અને અવિચળ સુખ આપીશું." *(પૂર : ૧૫, તરંગ : ૭૯)*

◆ "સત્સંગના નિયમમાં જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી અમારાં વચને કરી જીવનો મોક્ષ થાય છે. નિયમ હોય ત્યાં અધર્મનો પ્રવેશ થાય નહિ. અને ધર્મ હોય ત્યાં ભગવાન વસે છે. અને સુખ પણ ધર્મમાં વસે છે. નિયમ વિના ચાલે છે તેના દુઃખનો પાર આવતો નથી." *(પૂર : ૧૬, તરંગ : ૪૫)*

◆ "અમારાં વચને કરીને જે નિયમ રાખે છે તેવાં મોટાં ભાગ્ય બીજા કોઈનાં નથી." *(પૂર : ૧૭, તરંગ : ૬)*

◆ "બંધન અને નિર્બંધ સમર્થનાં વચનમાં છે. સમર્થનાં વચનમાં રહે તેને બંધન થાય નહિ. નાના-મોટા ઈશ્વરના નિયમોને અમે વેદરૂપ માનીએ છીએ. એ મર્યાદા પ્રમાણે વર્તે તેને બંધન થતું નથી." *(પૂર : ૧૭, તરંગ : ૧૦)*

◆ "જેમાં નિયમ હોય તે માર્ગ અત્યારે કઠણ લાગે છે પણ તેમાં મોક્ષ રહેલો છે." *(પૂર : ૧૮, તરંગ : ૬૭)*

◆ "નિયમરૂપી કોટમાં રહે તેનો જ વિષયથી પરાભવ થાય નહિ."

(પૂર : ૨૭, તરંગ : ૮૬)

ગુણાતીતાનંદ સ્વામી નિયમની મહત્તા વિષે કહે છે :

◆ "ગામને ગઢ હોય તેમ આપણે પંચ વર્તમાનરૂપી ગઢ છે ને તેમાં થાણાને ઠેકાણે નિયમ છે ને જેમ થાણું ગઢને સાચવે તેમ નિયમ વર્તમાનને સાચવે છે. માટે જેટલા નિયમ મોળા પડે એટલા ફાકાં પડ્યાં જાણવાં."

(૫/૧૦૦)

◆ "આ નિયમ છે એ બહુ મોટી વાત છે. ને જે દિવસ ધર્મમાં ફેર પડશે તે દી' તો કોઈ વાત ઊભી નહિ રહે. માટે નિયમ ખબડદાર થઈને પાળવા. એ વિષે ઘણીક વાત કરી." (૬/૪)

◆ "જ્યાં સુધી નિયમમાં છે ત્યાં સુધી ભક્ત પર દૃષ્ટિ રહે છે, માટે નિયમ મોળા પડવા દેવા નહિ. જે સત્સંગી હોય તેને નિયમરૂપી વાડ જોઈએ." (૯/૯૧)

◆ "જો સારું ઇચ્છો તો રૂડા નિયમ પાળજો." (૯/૨૭૪)

◆ "જેટલા નિયમ પાળશે તેટલું જ સારું રહેશે." (૧૩/૩૦)

◆ "જે પ્રથામાં રહેશે તે સારો રહેશે ને જે પ્રથામાં નહિ રહે તે ગમે તેવો મોટો હશે તેનું પણ કાંઈ ઠેકાણું નહિ રહે." (૧૩/૩૯)

◆ "જેટલા નિયમ પાળશે તેટલી ધારા કુંઠિત થાય." (૧૩/૯૩)

◆ "ખરેખરા નિયમ પાળશે તેનું ઠીક રહેશે." (૧૪/૧૭)

● તપ, સંયમ અને નિયમની દૃઢતાના ઉપાયો

જીવનમાં તપ, સંયમ અને નિયમ દૃઢ થાય તે માટે નીચે જણાવેલ મુદ્દાઓ આત્મસાત્ કરવા જરૂરી છે :

➤ જીવનનાં અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

➤ ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત યથાર્થ નિશ્ચય.

➤ એમને વિષે અતિશય દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ.

➤ કેવળ એમને જ અતિશય રાજી કરવાનો ખપ અને ઈશક.

➤ તપ, સંયમ અને નિયમથી થતા લાભ અને તે વગર થતા નુકસાનની યથાર્થ સમજણ.

➤ એમનાં વચનોમાં અતિશય વિશ્વાસ અને શ્રદ્ધા.

➤ તર્ક-વિતર્ક અને શંકા-કુશંકા કરનાર બુદ્ધિનો પક્ષ મૂકીને ભગવાન અને સંતનો પક્ષ. તેઓ અને તેમનાં વચનો સાચાં ઠરે એવો સવળો વિચાર અને પ્રયત્ન.

➤ એમનાં જીવન અને ઉપદેશ-વચનો સામે દૃષ્ટિ.

➤ જેમનાં જીવનમાં તપ વગેરે અતિશય દૃઢ હોય તેવા સંતો-ભક્તોનાં ઉત્કૃષ્ટ પ્રસંગોનું શ્રવણ, વાંચન અને મનન.

➤ ક્યારેય કોઈનોય કોઈ વાદ પણ નહિ અને અવગુણ પણ નહિ.

➤ દેહના અનાદર સાથે આત્મભાવની દૃઢતા.

➤ તપાદિકમાંથી મોળા પાડે એવા કોઈ પણ પ્રકારના કુસંગનો ત્યાગ.

➤ તપ વગેરેની જીવનમાં અતિશય દૃઢતા થાય તે માટે ભગવાન અને સંતને આર્દ્રભાવે પ્રાર્થના.

➤ તપ વગેરેમાં ક્યાંક, ક્યારેક કોઈક પ્રકારની ભૂલ થાય તો પ્રતિલોમ, પરિતાપ, પ્રાયશ્ચિત્ત, પુરુષાર્થ અને પ્રાર્થનાનાં પાંચ પગથિયાં દ્વારા તેમાં સુધારો કરીને ફરી ભૂલ ન થાય તે માટે જાણપણું.

આમાંથી જેને જે જે મુદ્દાઓથી તપ, સંયમ અને નિયમની દૃઢતા થતી હોય તેણે તે મુદ્દાઓને આત્મસાત્ કરવા જોઈએ.

૮.૧.૧૩ નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ની દૃઢતા

● નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)નું તાત્પર્ય

કામ એક દોષ છે, અંતઃશત્રુ છે, જેનાથી સાધકની સાધનામાં ઘણું મોટું વિઘ્ન આવે છે. આ 'કામ' દોષ વિષે આપણે અગાઉ જાણી ચૂક્યા છીએ. આ 'કામ' દોષ કે અંતઃશત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવો, તેને સંપૂર્ણ નિર્મૂળ કરવો એ નિષ્કામધર્મ અર્થાત્ બ્રહ્મચર્ય છે.

અધ્યાત્મની સાધના કરનારા બે પ્રકારના સાધકો છે :

(i) ત્યાગી વર્ગ – સંતો. (ii) ગૃહસ્થ વર્ગ.

આ બન્ને પ્રકારના સાધકોએ પોતાના આશ્રમ પ્રમાણે નિષ્કામધર્મ દૃઢ કરવાનો હોય છે, અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. બંને માટે બ્રહ્મચર્યનું તાત્પર્ય નીચે જણાવ્યા પ્રમાણે ભિન્ન ભિન્ન છે.

(i) ત્યાગીઓ (સંતો) માટે બ્રહ્મચર્યવ્રત

ત્યાગીઓને સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. તેઓ અખંડ બ્રહ્મચારી કહેવાય છે. ત્યાગાશ્રમ સ્વીકાર્યા પછી તેમને આજીવન અર્થાત્ જીવનના અંત સુધી આ વ્રત પાળવાનું હોય છે. તેમાં પણ જેમને લેશમાત્ર વીર્યનું સ્ખલન ન થાય, અર્થાત્ જે વીર્યને ઊર્ધ્વ રાખીને ઓજસમાં રૂપાંતર કરી શકે તે ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય છે.

શ્રીજીમહારાજ **વચ.** પ્ર.૭૩માં સમજાવે છે : "મનોવહા નામે નાડીને વિષે મન રહ્યું છે તે મનને વિષે જ્યારે સ્ત્રી-સંબંધી સંકલ્પ થાય છે ત્યારે જેમ દહીં હોય તે રવાઇએ કરીને મથાય ત્યારે ઘી હોય તે સર્વ ઉપર તરી આવે છે, તેમ સ્ત્રી-સંબંધી સંકલ્પે કરીને વીર્ય જે તે શરીરમાંથી મથાઈને મનોવહા નાડીને વિષે ભેળું થઈને શિશ્નદ્વારે આવે છે અને જેને વીર્ય શિશ્ન-દ્વારે ન આવે તે ઊર્ધ્વરેતા પુરુષ કહેવાય અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. જેને જાગ્રત અથવા સ્વપ્નને યોગે કરીને સ્ત્રીના સંકલ્પ થકી વીર્યપાત થાય તો તેને પાકો બ્રહ્મચારી કહેવાય નહિ.... જેને ઇન્દ્રિય દ્વારે કરીને જાગ્રત અથવા સ્વપ્નમાં વીર્યનો પાત થાય છે તે બ્રહ્મચારી કહેવાય નહિ. અને જે સ્ત્રીનો અષ્ટ પ્રકારે ત્યાગ રાખે છે તે તો બ્રહ્મચર્યને માર્ગે ચાલ્યો છે."

યતિઓનાં બ્રહ્મચર્ય વિષે લિંગપુરાણમાં આ પ્રમાણે કહ્યું છે.

मैथुनस्याप्रवृत्तिर्हि मनोवाक्कायकर्मणा ।
ब्रह्मचर्यमिति प्रोक्तं यतीनां बह्मचारिणाम् ॥

મન, વાણી અને કર્મથી મૈથુનમાં પ્રવૃત્ત ન થવું એને યતિઓનું બ્રહ્મચર્ય કહ્યું છે. આવા સંપૂર્ણ બ્રહ્મચર્યની વ્યાખ્યા આ જ પ્રમાણે યાજ્ઞવલ્ક્ય સંહિતામાં પણ સમજાવી છે :

कर्मणा मनसा वाचा सर्वावस्थासु सर्वथा ।
सर्वत्र मैथुनत्यागो ब्रह्मचर्यं प्रचक्षते ॥

મન, વચને અને કર્મ (દેહ) દ્વારા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ સર્વે અવસ્થામાં સર્વત્ર અને સર્વપ્રકારે મૈથુનનો ત્યાગ કરવો એને બ્રહ્મચર્ય કહેવાય છે.

ત્યાગીઓ માટે અષ્ટાંગ બ્રહ્મચર્યપાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

श्रवणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् ।
सङ्कल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥
एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः।
विपरीतं ब्रह्मचर्यं एतदेवाष्टलक्षणम् ॥

અર્થાત્

➤ સ્ત્રીઓની વાણી સાંભળવી.

➤ સ્ત્રીઓનાં રૂપ, ગુણ અથવા અંગ-પ્રત્યાંગનું વર્ણન કરવું અથવા શૃંગારરસથી ભરપૂર ગીતો ગાવાં.

➤ સ્ત્રીઓ સાથે શતરંજ, હોળી, ઠઠ્ઠા-મશ્કરી ઇત્યાદિ રમતો રમવી.

➤ સાભિલાષદૃષ્ટિથી, પાપદૃષ્ટિથી કે કામુકવૃત્તિથી સ્ત્રીઓ તરફ જોવું. સ્ત્રીઓના ફોટા જોવા અથવા તો ટી.વી. કે વિડીયોમાં પણ સ્ત્રી-પાત્રો જોવાં.

➤ સ્ત્રીઓ સાથે એકાંતમાં ભેગા થઈને અથવા તો આજના યુગ પ્રમાણે ટેલિફોન દ્વારા કે અનેક પ્રકારના આધુનિક સાધનો દ્વારા એમની સાથે વાર્તાલાપ કરવો.

➤ સ્ત્રી-વિષયક સંકલ્પો, વિચારો કરવા, સ્ત્રી-વિષયક વિવિધ કલ્પનાઓમાં નિમગ્ન રહેવું.

➤ સ્ત્રી સાથેના વિષયભોગનો દૃઢ નિર્ણય કરવો. તે માટે સ્ત્રીની પ્રાપ્તિનો વિચાર, નિર્ણય કે પ્રયત્ન કરવો.

➤ સ્ત્રી સાથે દેહે કરીને પ્રત્યક્ષ સંગ કરવો.

આ આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે. તેનાથી બિલકુલ વિરુદ્ધ વર્તવું અથવા તો આ આઠેય પ્રકારે સ્ત્રીથી દૂર રહેવું એ અષ્ટાંગ બ્રહ્મચર્ય કહેવાય છે. આદર્શ અને સંપૂર્ણ બ્રહ્મચર્ય માટે આમાંથી એકપણ પ્રકારનું મૈથુન આવી શકે નહિ. આ આઠ પ્રકારે સ્ત્રીનો સંપૂર્ણ ત્યાગ રાખવો એ ત્યાગીઓ માટે બ્રહ્મચર્યનું તાત્પર્ય છે. આ પ્રકારનાં બ્રહ્મચર્યમાં ફક્ત જનનેન્દ્રિયને જ વશમાં રાખવી અર્થાત્ સ્ત્રી-સંગથી બચવું કે કોઈ પણ પ્રકારે વીર્યસ્ખલન ન થવા દેવું એટલું જ પૂરતું નથી, પરંતુ મૈથુન સંબંધી વિચારો અને ભાવનાઓથી મુક્ત રહેવું, કામુકદૃષ્ટિ કે વૃત્તિ પર અંકુશ મેળવવો, ઇન્દ્રિયો અને અંતઃકરણથી સર્વપ્રકારે પવિત્ર રહેવું વગેરે બાબતોનો પણ સમાવેશ થાય છે.

(ii) ગૃહસ્થો માટે બ્રહ્મચર્યવ્રત

આપણા શાસ્ત્રકારોએ માનવજીવનની શતવર્ષની આયુને સ્વભાવિક પ્રવૃત્તિ અનુસાર ચાર આશ્રમોમાં નિર્ધારિત કર્યું છે. તેમાં સૌથી પ્રથમ તથા જીવનનાં પાયા સમાન પચ્ચીસ વર્ષનાં આયુષ્યને બ્રહ્મચર્યાશ્રમ કહે છે. તેમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું હોય છે. પછી જેને આજીવન બ્રહ્મચારી રહેવું હોય તેઓ ત્યાગાશ્રમને માર્ગે અર્થાત્ બ્રહ્મચર્યના પંથે પ્રયાણ કરી શકે છે, પરંતુ જેમને એ માર્ગ ન લેવો હોય તેઓ જીવનનાં આ પ્રથમ પચ્ચીસ વર્ષ બ્રહ્મચર્ય પાળીને પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે.

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ પછી ગૃહસ્થ માટે શાસ્ત્રોની જે મર્યાદા છે તે મર્યાદામાં રહીને ધર્માચરણ દ્વારા પ્રજોત્પત્તિ કરવાની હોય છે.

ઋતુકાળમાં પોતાની ધર્મપત્ની સાથે વિધિયુક્ત અર્થાત્ શાસ્ત્રાજ્ઞાનુસાર કેવળ સંતાનપ્રાપ્તિના હેતુથી જ સ્ત્રી-સંગ કરનારો પુરુષ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં બ્રહ્મચારી છે.

ગૃહસ્થનાં બ્રહ્મચર્ય વિષે શ્રીજીમહારાજ **વચ. પ્ર.૩૪**માં કહે છે : "ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસે ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો."

શ્રીજીમહારાજના મતે બ્રહ્મચર્યભંગ કરનાર વ્યભિચારી ગૃહસ્થ બ્રહ્મહત્યાના પાપી જેવો છે. **વચ. પ્ર.૭૨**માં તેઓ કહે છે : "પાંચ પ્રકારની જે સ્ત્રીઓ છે તેનો ધર્મભંગ કરાવે તો તેને પણ બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. તે પાંચ પ્રકારની સ્ત્રીઓ કઈ ? તો એક તો પોતાને શરણે આવી હોય; અને બીજી તે પોતાની સ્ત્રી હોય અને વ્રત-ઉત્સવના દિવસે પોતાનો સંગ કરવા ન ઇચ્છતી હોય; અને ત્રીજી તે પતિવ્રતા હોય; અને ચોથી તે વિધવા સ્ત્રી; અને પાંચમી તે વિશ્વાસી સ્ત્રી; (આ પુરુષ ધર્મમાંથી મને નહિ પાડે એમ જાણીને તેની સહાયતાથી નિશ્ચિંત થઈને તેમાં વિશ્વાસવાળી, જેનો પતિ પરદેશ ગયેલો છે એવી સ્ત્રી) એ પાંચ પ્રકારની સ્ત્રીઓને સંગાથે જો વ્યભિચાર કરે તો તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. તેમાં જે વિધવા સ્ત્રી છે તેનું મન કુમાર્ગને વિષે ડોલતું હોય તો તેને સમજાવીને ધર્મમાં રાખવી."

શ્રીજીમહારાજનો ગૃહસ્થાશ્રમી માટે પણ બ્રહ્મચર્ય-વિષયક આદર્શ

કેટલો ઊંચો છે ? ભલે ગૃહસ્થો માટે વિષયભોગની છૂટ આપી, પરંતુ એમાં પણ સંયમ અને નિયમ જાળવવાના છે. પશુની માફક બેફામ વર્તીને તાલમેલ નથી કરવાના. શ્રીજીમહારાજ અહીં પાંચ સ્ત્રીનો સંગ કરે તો તેને વ્યભિચારી કહીને બ્રહ્મહત્યાનું પાપ લાગે એમ કહ્યું. એમાં પણ પોતાની જ સ્ત્રી હોય અને એની ઈચ્છા ન હોય, છતાં સંગ કરે તો તેને 'વ્યભિચાર' કહીને બ્રહ્મહત્યાનું પાપ લગાડ્યું, તો પછી અન્ય સ્ત્રીઓનો તો સંગ કરાય જ કેમ ?

જેવી રીતે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરેલ પુરુષ શાસ્ત્રોક્ત નિયમમાં રહીને સ્ત્રી-સંગ કરે તો તે તેના માટે એ બ્રહ્મચર્ય છે, એવી જ રીતે ગૃહસ્થ સ્ત્રી પણ પોતાના પતિ સિવાય અન્ય પુરુષમાત્રનો સર્વથા ત્યાગ કરીને શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે પોતાના પતિનો સંગ કરે તો તે તેના માટે બ્રહ્મચર્ય છે.

ત્રીજો આશ્રમ પચાસથી પંચોતેર વર્ષ સુધી વાનપ્રસ્થાશ્રમ કહેવાય છે, જેમાં પોતાની સ્ત્રીને માતા-તુલ્ય માનીને તેની સાથે વિષયથી અસ્પૃશ્ય રહી શુદ્ધ વ્યવહાર કરવાની આવશ્યકતા જણાવી છે. ચોથો અને અંતિમ 'સંન્યાસાશ્રમ' છે, જેમાં સર્વ સંગનો ત્યાગ કરીને આત્મકલ્યાણાર્થે એકાંતનો આશ્રય લઈ અખંડ બ્રહ્મચિંતન કરવું, પરંતુ વિષયનું નહિ.

જો કે શાસ્ત્રની આ પ્રકારના ચાર આશ્રમની વ્યવસ્થા તો વર્તમાનકાળે દુર્લભ છે. તેમ છતાં આદર્શ ગૃહસ્થોએ પોતાની મર્યાદાનું પાલન કરીને પોતાની જ ભાવિ પેઢી માટે એક પ્રકારનો ઊંચો આદર્શ પોતાનાં કુટુંબમાં સ્થાપવો જોઈએ.

સામાન્ય રીતે લૌકિકવ્યવહારમાં રહી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશેલાં સ્ત્રીઓ-પુરુષો માટે એક પતિવ્રત કે એક પત્નીવ્રત રાખવું એ પણ એક પ્રકારનું બ્રહ્મચર્ય છે, એ વાત તો બરોબર છે. આ પ્રકારે બ્રહ્મચર્યનાં પાલનથી સમાજમાં પોતાનું નામ સદાચારી કે ચારિત્ર્યવાન વ્યક્તિ તરીકે રહે. પોતાને કે કુળને કલંક ન લાગે. એની પ્રતિષ્ઠા કે કીર્તિને બટ્ટો ન લાગે. વ્યભિચાર કે દુરાચારથી થતા આર્થિક, શારીરિક, માનસિક, કૌટુંબિક અને સામાજિક ગેરફાયદામાંથી રક્ષા થાય છે, પરંતુ અહીં આધ્યાત્મિક દૃષ્ટિની તદ્દન ગૌણતા છે. તેનું નૈતિક મૂલ્ય ઘણું હોવા છતાં આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ તેનું મૂલ્ય ઘણું ઓછું છે.

વિવાહિત સ્ત્રી-પુરુષોનો એવો ખ્યાલ હોય છે કે પોતાના પતિ કે પોતાની પત્ની સાથે યથેચ્છ વિષયભોગ ભોગવી શકે છે અને તેમાં કોઈ પાપ કે અધર્મ નથી; પરંતુ જેમને આધ્યાત્મિક સાધના કરીને અધ્યાત્મ-માર્ગે આગળ વધવું છે, આ દેહે કરીને જ આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવન સાર્થક કરવું છે, શક્તિ અને સ્ફૂર્તિપૂર્વક આધ્યાત્મિક આનંદ માણવો છે, તેવાં ગૃહસ્થ સ્ત્રી-પુરુષોએ તો સમજણપૂર્વક અત્યંત સંયમ કેળવવો જોઈએ. તેમણે તો ફક્ત સંતાનની પ્રાપ્તિ માટે જ સંગ કરવો જોઈએ, ઇન્દ્રિયોની તૃપ્તિ માટે કે વિષયભોગના આનંદ માટે નહિ.

અધ્યાત્મની ઉત્કૃષ્ટ સાધના માટે આવશ્યક શારીરિક, માનસિક અને બૌદ્ધિક બળ-શક્તિની રક્ષા માટે વીર્યરક્ષણ ખૂબ જ જરૂરી છે. એક વ્યક્તિએ ગ્રીસના પ્રસિદ્ધ તત્ત્વચિંતક સૉક્રેટીસ સાથે કરેલ વાર્તાલાપ વિચારવા અને સમજવા જેવો છે.

"પુરુષે સ્ત્રીનો સંગ કેટલી વાર કરવો યોગ્ય છે ?"

"જીવનભરમાં માત્ર એક જ વાર."

"જો એનાથી તૃપ્તિ ન થઈ શકે તો ?"

"તો વર્ષમાં એક વાર ?"

"જો એનાથી પણ સંતોષ ન થાય તો ?"

"તો પછી મહિનામાં એક વાર."

"એનાથી પણ મન ન માને તો ?"

"મહિનામાં બે વાર કરવો, પરંતુ મોત જલદીથી આવી જશે."

"એમ છતાં ઇચ્છા ચાલુ રહે તો શુ કરવું ?"

આ સાંભળી સૉક્રેટીસે કહ્યું : "તો એમ કરો કે પહેલાં કબર ખોદાવી દો. કફન અને લાકડાં ઘરમાં લાવીને તૈયાર રાખો. પછી જેમ ઇચ્છા હોય તેમ કરો.

સૉક્રેટીસનાં આ વચનો ખરેખર ખૂબ જ પ્રેરણાદાયી છે. વીર્યક્ષય દ્વારા જેમણે જેમણે ખૂબ સુખ પામવાનો પ્રયાસ કર્યો છે, એમને ઊંડી નિરાશા જ સાંપડી છે અને અંતમાં શક્તિહીન થઈને મોતનો કોળિયો જ બનવું પડ્યું છે. કામભોગ દ્વારા કદી તૃપ્તિ નથી થતી અને એથી પોતાનું અમૂલ્ય જીવન વ્યર્થ થઈ જાય છે. જ્યાં સુધી પુરુષને સ્ત્રી ભોગવવાની અને સ્ત્રીને પુરુષ ભોગવવાની વાસના રહેશે, ત્યાં સુધી તેઓ કોઈ કાળે પ્રભુનાં સુખને પામશે

નહિ. લખચોર્યાસીમાં ગર્ભવાસ વગેરે અનેક દુઃખોથી ભરેલા દરિયામાં ડૂબકાં ખાધાં કરશે.

મુમુક્ષુ અર્થાત્ મોક્ષની ઝંખનાવાળા ગૃહસ્થોએ યયાતિ રાજાનો સંદેશ હંમેશાં યાદ રાખવો જોઈએ. તેમણે પુત્ર પાસેથી યુવાની લઈને સ્ત્રીઓ સાથે પુષ્કળ પ્રમાણમાં વિષયો ભોગવ્યા પછી પોતાના અનુભવની વાત કરી છે : "વિષયોના ઉપભોગથી વિષયો પ્રત્યેની કામના કદી પણ શાંત થતી નથી. ઊલટું, ઘીની આહુતિ પડવાથી અગ્નિ વધારે પ્રજ્વલિત થાય, તેમ વિષય-ભોગથી વિષયોની કામના અધિક ને અધિક વધતી જાય છે."

(ભાગવત : ૯/૯/૧૪)

માટે ગૃહસ્થોએ પણ વિષયભોગમાં સંયમ કેળવીને, ધીરે ધીરે એમાંથી વૃત્તિ પાછી વાળીને અંતે તો મૈથુન-વૃત્તિ નિર્મૂળ કરીને સંપૂર્ણ બ્રહ્મચર્ય તરફ પ્રગતિ કરીને અધ્યાત્મસાધનામાં ઊંડા ઊતરવું જોઈએ.

આ રીતે ત્યાગીઓ અને ગૃહસ્થો માટે બ્રહ્મચર્યના તાત્પર્યમાં ભેદ છે. ત્યાગીઓ માટે સંપૂર્ણ પણે બ્રહ્મચર્ય છે, જ્યારે ગૃહસ્થો માટે શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે વિષયભોગની છૂટ છે. ત્યાગીઓને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ છે, સંપૂર્ણપણે વીર્યરક્ષાનો પુરુષાર્થ છે; જ્યારે ગૃહસ્થો માટે એક પત્નીવ્રત અથવા એક પતિવ્રત રાખીને એમાં પણ સંયમ કેળવવાનો છે. બ્રહ્મચર્યને સ્થૂળદૃષ્ટિએ જોઈએ તો એમાં વધુમાં વધુ વીર્યરક્ષણ થાય એવો પ્રયત્ન કરવાનો છે. બ્રહ્મચર્ય-પાલનનો આ સ્થૂળભાવ છે. બ્રહ્મચર્યને સૂક્ષ્મતાની દૃષ્ટિએ વિચારીએ તો મનમાંથી કામુકવૃત્તિ-મૈથુનભાવના પણ નિર્મૂળ કરવાની છે. સંપૂર્ણપણે 'કામ' દોષ નિર્મૂળ થાય, આ વિષયભોગની કામનાનો લેશમાત્ર સંકલ્પ જ ન થાય એ સંપૂર્ણ બ્રહ્મચર્ય છે, પરંતુ એ તો સંપૂર્ણ નિર્વાસનિક થવાય તો જ શક્ય બને. તે માટે આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની આવશ્યકતા રહે છે. બ્રહ્મ-પરબ્રહ્મના સાક્ષાત્કાર વગર 'કામ' કદાચ કુંઠિત થાય પણ નિર્મૂળ તો ન થાય. સાધકનું મન અખંડ બ્રહ્મ-પરબ્રહ્મનાં ચિંતનમાં જ વ્યસ્ત રહે ત્યારે 'કામ' દોષ સહજતાથી ખરી પડે છે. તેથી બ્રહ્મ-પરબ્રહ્મના સ્વરૂપમાં રચ્યા-પચ્યા રહેવું, એમાં જ મગ્ન રહેવું, પરંતુ એ સ્વરૂપમાંથી ક્યારેય લેશમાત્ર પણ વિચલિત ન થવું એ જ વાસ્તવિકપણે સાચું અને સંપૂર્ણ બ્રહ્મચર્ય છે.

● નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ની આવશ્યકતા

અધ્યાત્મ-સાધના કરનાર પ્રત્યેક ત્યાગી ગૃહસ્થ માટે બ્રહ્મચર્ય(નિષ્કામ) વ્રતની દૃઢતા કરવી અત્યંત આવશ્યક છે. નિષ્કામધર્મમાં ખામી રહેવાથી અર્થાત્ બ્રહ્મચર્યભંગથી થતાં નુકસાન અને આ વ્રતની દૃઢતાથી થતા લાભ દ્વારા આ વ્રતની આવશ્યકતાઓ સમજીએ.

★ બ્રહ્મચર્યભંગથી નુકસાન

બ્રહ્મચર્યના ભંગથી અર્થાત્ નિષ્કામધર્મમાં કાચ્ચપ રહેવાને લીધે ભગવાન અને ગુણાતીત સંતની પ્રસન્નતા કે કૃપા પ્રાપ્ત થતી નથી. તેઓ કુરાજી થઈ જાય છે. એમની સાથે રહેવા છતાં એમનાં સુખનો અનુભવ થતો નથી. શ્રીજીમહારાજ **વચ. મ.૩૩**માં કહે છે :

‘‘જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્ચપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે... સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તોપણ અમને જણાયા વિના રહે જ નહિ, ત્યારે અમારો તે મનુષ્ય ઉપર કુરાજીપો થઈ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે અને તેનું દુ:ખ તો અતિશય લાગે છે પણ મહોબત જાણીને ઝાઝું કહેવાય નહિ. અને વળી, સાધુદાવો છે, માટે હૈયામાં સમજી રહીએ છીએ, પણ જો રાજાના જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય. માટે સર્વ મોટા પરમહંસ તથા મોટીમોટી બાઈઓ તેને અમે મોરથી જ કહી રાખ્યું છે જે, ‘સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા.’ શા માટે જે, જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે, તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે, બધા સત્સંગને મૂકીને જતા રહીએ.’’

પ્ર.૭૬ – ‘‘કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, ‘એ સત્સંગી છે. અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે.’

નિષ્કામધર્મમાં ખામી આવી જાય તો તેનાથી રહેતી ખોટ વિષે શ્રીજી

મહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "બ્રહ્મચર્યનો નિયમ રાખ્યા વિના જપ, તપ, વ્રત તથા સત્સંગ આદિક કાંઈ પણ ફળીભૂત થતું નથી. એક સંતને જમાડે તો કોટિ યજ્ઞનું ફળ કહ્યું છે. સંતનાં દર્શન માટે જતાં દરેક પગલે કોટિ યજ્ઞનું ફળ કહ્યું છે, પણ બ્રહ્મચર્ય વિના તે ફળને ન આપે." *(પૂર : ૮, તરંગ : ૧૮)*

◆ "નિષ્કામધર્મ વિનાના જગતમાં રહેલા અપાર ધર્મો જેમ નાક વિના મુખ શોભે નહિ તેમ શોભતા નથી." *(પૂર : ૮, તરંગ : ૫૩)*

◆ "નિષ્કામપણું ન હોય ત્યાં સુધી આપણે ભેગા થયા તેનું કંઈ ફળ નથી." *(પૂર : ૮, તરંગ : ૫૪)*

◆ "નિષ્કામવ્રત વિનાનાં નર-નારી પશુ સમાન છે." *(પૂર : ૯, તરંગ : ૪૪)*

◆ "બ્રહ્મચર્ય વિના મોટા સિદ્ધ કે મુક્ત હોય તોપણ શોભે નહિ." *(પૂર : ૯, તરંગ : ૫૨)*

◆ "પુરુષ હરિભક્તનું નિષ્કામવ્રત ભંગ થાય તેને હરિભક્ત કહેવો નહિ અને તેને સત્સંગથી દૂર કરવો." *(પૂર : ૧૯, તરંગ : ૧૮)*

◆ "બધાં સાધનો બ્રહ્મચર્યવ્રત વિના નિષ્ફળ છે." *(પૂર : ૧૯, તરંગ : ૩૭)*

આ જ ગ્રંથમાં આધારાનંદ સ્વામી કહે છે :

◆ "નિષ્કામધર્મ ન દેખે તેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થાય નહિ. નિષ્કામધર્મની મર્યાદા વિનાનાં આચરણને શ્રીહરિ અધર્મ માનતા હતા." *(પૂર : ૧૭, તરંગ : ૨૬)*

આ વિષે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "નિષ્કામી વર્તમાનમાં ઘસારો લાગે તે વાત મહારાજને ન ગમે, કાં જે, એ જ દૃઢ કરાવવા સારૂ પોતાનો અવતાર છે, તે પોતે પરણ્યા નહિ ને ત્યાગીના ધર્મ પાળ્યા, માટે મોટેરા જે રીતે ચાલે તે વાંસે બધા માણસ ચાલે. તે કહ્યું છે જે, 'યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ' માટે ખબડદાર થઈને શુદ્ધ વરતવું. ને નિષ્કામી વર્તમાનમાં જેને કસર રહેશે તેનાથી ભગવાનના ધામમાં નહિ જવાય ને નહિ રહેવાય ને મહારાજનો કુરાજીપો બહુ થાય." *(૬/૨૬૬)*

◆ "નિષ્કામી વર્તમાન છે એ ગળું છે, તે કપાય તો જીવે નહિ." *(૯/૬૬)*

◆ "નિષ્કામી વર્તમાન નહિ રાખે, તે કોઈ આ સત્સંગમાં રહી શકે

નહિ.'' (૯/૩૨૪)

◆ ''નિષ્કામી વર્તમાન નહિ પાળે તેને જમ લઈ જાશે અને તેનું કલ્યાણ નહિ થાય.'' (૧૩/૨૦૭)

આ રીતે નિષ્કામ(બ્રહ્મચર્ય)વ્રતનો ભંગ શ્રીજીમહારાજને ગમતો નથી. એવા સંતો-ભક્તો સાથે રહેવું પણ એમને ગમતું નથી. આ નિયમમાં કંઈક ભંગ થાય તો તેઓ અતિશય ઉદાસ અને દુ:ખી થઈ જાય છે. એવો ભક્ત પોતાની સાથે હોય તોય એને લાખ ગાઉ દૂર સમજે છે. આવો ભક્ત ક્યારેય અક્ષરધામને પામી શકે નહિ. અને સત્સંગમાં પણ રહી શકે નહિ. આ વ્રત વગરનાં સર્વે સાધનો નિષ્ફળ છે.

વળી, બ્રહ્મચર્યના ભંગથી વીર્યશક્તિનો નાશ થાય છે. માનવશરીરમાં વીર્ય અત્યંત દુર્લભ અને શક્તિશાળી પદાર્થ છે.

માનવશરીર સાત ધાતુઓનું બનેલું છે. તે આ પ્રમાણે છે : રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર. આ સપ્ત ધાતુઓમાં શુક્ર સર્વના સારભૂત છે. આ શુક્ર તે જ વીર્ય.

મનુષ્ય જે કાંઈ ભોજન કરે છે તે સૌ પ્રથમ પેટમાં જઈ પચવા માંડે છે અને પાંચ દિવસ પછી તે ભોજન રસનું રૂપ લે છે. બીજા પાંચ દિવસ પછી એકરસ થઈને તેનું રક્ત બને છે. લોહીનું પણ પાંચ દિવસમાં પાચન થઈને તેમાંથી માંસ બને છે. પાચનક્રિયા એક ક્ષણ પણ બંધ રહેતી નથી. એક પચાવીને બીજો પદાર્થ ઉત્પન્ન કરે છે. બીજામાંથી ત્રીજો, ત્રીજામાંથી ચોથો એમ તે તે પદાર્થના સારરૂપ નવીન પદાર્થ પ્રગટ કરવો એ પાચનક્રિયા સતત ચાલુ જ રહે છે. અન્ય બિનઉપયોગી ફાજલ વસ્તુઓ મળ, મૂત્ર, પરસેવા દ્વારા તથા આંખ, કાન, નાકના મેલ દ્વારા બહાર નીકળી જાય છે. આ પ્રમાણે માંસમાંથી મેદ, મેદમાંથી અસ્થિ, અસ્થિમાંથી મજ્જા (Marrow) અને મજ્જામાંથી અંતિમ સપ્તમ પદાર્થ શુક્ર-વીર્ય બને છે. ત્યાર બાદ તેનું વિશેષ પાચન યા રૂપાંતર થતું નથી. વીર્ય ઓજસના રૂપમાં સંપૂર્ણ શરીર ઉપર ચમકે છે. સ્ત્રીઓને વિષે આ સપ્તમ પદાર્થને 'રજ' કહેવાય છે. વીર્ય કાચની જેમ શ્વેત અને ચીકણું હોય છે. જ્યારે રજ લાખ જેવું લાલ હોય છે.

મનુષ્યે કરેલું ભોજન અન્ન, રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા વગેરે ક્રમથી મહિના સુધીમાં અથવા પાંત્રીસ દિવસ પછી વીર્યના રૂપમાં

પરિણમે છે. મનુષ્ય એક મણ શુદ્ધ આહાર કરે ત્યારે તેમાંથી એક શેર રુધિર બને અને તેમાંથી બે તોલા વીર્ય બને છે. અર્થાત્ જો મનુષ્ય પાંચ અઠવાડિયાં સુધી વીર્યક્ષય ન કરે (ન થાય) તો અડધા શેર લોહીમાંથી એક ટીપું શુદ્ધ વીર્ય ઊપજે છે. ઊંડો વિચાર કરીશું તો સમજાશે કે વીર્ય કેવો અને કેટલો દુર્લભ પદાર્થ છે.

જે વીર્ય મનુષ્યમાં નિરંતર અતૂટ છે તે વહીને કાં તો બહાર નીકળી જાય અથવા તો પાછું શરીરમાં શોષાઈ જાય. વૈજ્ઞાનિક શોધખોળ દ્વારા એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે જો ધાતુ જમા કરવામાં આવ્યા પછી પાછું શરીરમાં શોષાઈ જાય તો તે લોહીને શુદ્ધ અને શક્તિશાળી કરીને મગજને બળ આપે છે. અને જો વીર્ય નાશ પામે અથવા વહીને જાણતાં-અજાણતાં બહાર નીકળી જાય તો તે સાક્ષાત્ જીવન-શક્તિનો જ નાશ છે.

વીર્ય એ મનુષ્યશરીરમાં જ્ઞાનતંતુઓનું પોષણ કરનાર અમૂલ્ય રસ છે. નવા કોષોને પ્રાણ આપવાની એમાં શક્તિ છે. તેનું સંભાળપૂર્વક રક્ષણ કરવામાં ન આવે તો સર્વનાશ થાય છે. રુધિરનો સાર વીર્ય હોઈ તેને બેદરકારીથી વેડફનાર ઘીનો ત્યાગ કરી ખાટી છાશ વડે જિંદગીને તાજી રાખવા ઇચ્છે એવો છે. લોહીની ઊણપજન્ય તમામ વ્યાધિઓ તેના પર હુમલો કરે છે. શરીર નિસ્તેજ બની જાય છે. બધી ઇન્દ્રિયોનું તેજ ઝાંખુ પડતું જાય છે. છાતી સંકોચાઈ જાય છે, ખભા નમી જાય છે. પાચનશક્તિ બગડી જાય છે. અપચો, અજીર્ણ ને ઝાડા તેના શરીરને ધોઈ નાખે છે. લોહીના અભાવે ફેફસાં પણ ક્ષીણ પડે છે. આંતરડાંમાં લોહીની તંગી પડે છે. શરીરનો તરવરાટ, ઉત્સાહ નાશ પામે છે. શરીરનાં સાંધા, માથું, ડોક, ખભા, કોણી, ઘૂંટણ, પીંડી, દુખવા લાગે છે. આ બધું વીર્યનાશની નિશાની છે.

વાજીકરણ ઔષધો કે કામુક્તા વધારનારી ગોળીઓ, દવાઓ, ઇંજેક્શનોથી જીવનશક્તિ ભરપાઈ કરી શકવાની વિષયી મનુષ્યોની માન્યતા ખોટી છે. ડૂબતો માણસ જેમ તરણું ઝાલે તેમ આવાં ઔષધો-દવાઓથી શરીરનો ચૈતન્યરસ પ્રવહિત કરવા વિષયી લોકો મથે છે, પરિણામે પ્રાણ અને ધન - બંનેની આહુતિ તેઓએ આપવી પડે છે.

આયુર્વેદ સ્વીકારે છે કે જેમ અતિસાર (Dysentary) બળને હરી લે છે તેવી જ રીતે રેતસ્ખલન બળ અને ઓજ બંનેનું હરણ કરે છે. જેવી રીતે

શેરડી કોલામાં પીલાવાથી નિ:સાર થઈ જાય છે તેમ વીર્યસ્ખલન થવાથી મનુષ્ય નિ:સાર થઈ જાય છે. વીર્યક્ષય મૃત્યુથી પણ વધારે ભયંકર છે. આત્મહત્યાથી એક જ વાર મરવાનું છે અને તે દ્વારા બધાં દુ:ખ, કષ્ટ, શોકનો અંત આવે છે, પરંતુ વીર્યક્ષયરૂપી આત્મહત્યાથી મનુષ્ય રાત-દિવસ કષ્ટમાં સપડાય છે, અનેક રોગોમાં ફસાય છે, માનસિક નિર્બળતા ભોગવે છે, અશાંતિ અને નિરાશાના ખપ્પરમાં પડીને મૃત્યુથી પણ અધિક દુ:ખને પામે છે ને તરફડે છે, કેવળ મૃત્યુની ઇચ્છા કરતો કરતો જીવતો રહે છે. વસ્તુત: તો તે જીવતો છતાં મરેલો જ છે. કારણ કે વીર્યશક્તિનો નાશ થવાથી તેની શારીરિક, માનસિક અને બૌદ્ધિક બધી જ પ્રકારની શક્તિનો ધીમે ધીમે ક્ષય થતો જાય છે અને અંતે તેનો નાશ થાય છે. તે વ્યક્તિ શક્તિહીન, બળહીન, ઓજસહીન અને ઉત્સાહરહિત થઈ જાય છે. શરીરનું નૂર હણાતું જાય છે. તેને હંમેશાં થાક, કંટાળો, હતાશા, નિરાશા, ઉદાસીનતા, તણાવ, ચિંતા, માનસિક ક્ષોભ, ઉદ્વેગ, અશાંતિ અને અસંતોષનો અનુભવ થાય છે.

સર્વ પ્રકારે શક્તિહીન થવાથી તથા કામાદિક અને વિષયભોગના વિકારોને લીધે ઇન્દ્રિયો અને અંત:કરણમાં વિક્ષોભ થવાથી સાધનામાં એકાગ્રતા સિદ્ધ થઈ શકતી નથી. તેથી સાધનાની સફળતા પ્રાપ્ત થવામાં ઘણાં વિઘ્નો આવે છે.

કામવૃત્તિથી આજે સમાજમાં અનેક પ્રકારની વિકૃતિઓ વકરેલી છે. સજાતીય કે વિજાતીય મૈથુનથી, વ્યભિચારથી આજે એઇડ્ઝ જેવા ભયંકર રોગો દર વર્ષે લાખોનો કચ્ચરઘાણ કાઢે છે. અબજો રૂપિયા એની દવા પાછળ ખર્ચાય છે. હજુ સુધી એનો કોઈ ઉપાય મળ્યો નથી. આ રોગ ટાળવાની કોઈ દવા શોધાઈ નથી. આને લીધે વિશ્વભરનાં લાખો કુટુંબો બધી રીતે પાયમાલ અને બરબાદ થઈ ગયાં છે અને થઈ રહ્યાં છે. આજની યુવાપેઢી આમાં ફસાતી જાય છે. વિશ્વનાં કરોડો બાળકો અને યુવાનોને આ રોગ લાગુ પડી ચૂક્યો છે. વ્યભિચારને લીધે આ રોગ ઉપરાંત કુટુંબમાં ક્લેશ થવાથી કુટુંબો છિન્નભિન્ન થતાં જાય છે. વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થતી જાય છે. લગ્ન પહેલાં અને લગ્ન પછી પણ વ્યભિચારને લીધે ચારિત્ર્યહીન, શક્તિહીન પ્રજા ઉત્પન્ન થઈ રહી છે. સમગ્ર વિશ્વનું ભવિષ્ય વધુ ને વધુ બગડતું જાય છે.

વળી, બ્રહ્મચર્યના વ્રતમાં જો મુખ્ય નિયમ લોપાય એટલે કે પરસ્ત્રી

અથવા પરપુરુષ-ગમન થાય અર્થાત્ જો વ્યભિચાર થાય તો તે વ્યક્તિ ચારિત્ર્યહીન થવાથી પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. કુળ, કુટુંબ, જ્ઞાતિ, ગામ, સમાજ કે ધાર્મિક સંપ્રદાયમાં તેની કોઈ મહત્તા રહેતી નથી. તેના પ્રત્યે કોઈને અંતરથી સદ્‌ભાવ કે આદર રહેતો નથી. એ વ્યક્તિને લીધે કુટુંબ, નાત, ધર્મ, સંપ્રદાય, ગુરુ, ઈષ્ટદેવ કે સંસ્થાને પણ કલંકના છાંટા ઊડે.

★ નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ની દઢતાથી લાભ

(૧) ધર્મસંબંધી અન્ય સર્વે સાધન સિદ્ધ થાય

શ્રીજીમહારાજ વચ. લો.૬માં એક પ્રશ્ન પૂછે છે : "ધર્મસંબંધી સાધનમાં એવું કયું સાધન છે જે એક રાખ્યે કરીને સર્વધર્મ રહે ?" આ પ્રશ્નનો ઉત્તર તેઓ પોતે જ આપતાં કહે છે : "ધર્મસંબંધી સાધનમાં એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે."

(૨) સદૈવ અને સર્વત્ર ભગવાનનો દઢ મેળાપ રહે

શ્રીજીમહારાજ વચ. મ.૩૩માં કહે છે : "એક નિષ્કામી વર્તમાન દઢ હોય તો તેને આ લોક તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહેતું નથી. અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ.' અને અમે અહીંયા ટક્યા છીએ તે પણ અહીંયાના હરિભક્તના અતિ નિષ્કામી વર્તમાનનો દઢાવ દેખીને ટક્યા છીએ અને જેને નિષ્કામી વર્તમાન દઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ... અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે... માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે અને બીજો કોઈ સેવા-ચાકરી કરે તો તે એવી ગમતી નથી. અને અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે. અને અમે જે દિવસથી પ્રકટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દઢ કરતા આવીએ છીએ. માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દઢ મેળાપ રહે છે."

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં પણ કહે છે : "નિષ્કામી હરિભક્તો પાસે અમને રહેવું ગમે છે. બીજા ભાવથી જમાડે પણ તેનાથી

ઉદાસ રહીએ છીએ. બ્રહ્મા અને ભવ જેવા દેવ આવીને બ્રહ્માંડની સમૃદ્ધિ આપે તો પણ નિષ્કામ વ્રત સિવાય પ્રિય લાગતું નથી.'' *(પૂર : ૯, તરંગ : ૪૪)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''એ(નિષ્કામ ધર્મ)માં ખબરદારી રાખશું તો ભગવાનની ને મોટા સંતની દૃષ્ટિ રહે છે.'' *(૯/૬૬)*

◆ ''મહારાજને નિષ્કામધર્મ અતિ વહાલો છે.'' *(૧૦/૬૭)*

શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનાં આ વચનો અનુસાર જો આ વ્રત દૃઢ થાય તો ભગવાન સર્વત્ર, સર્વદા અને સર્વથા ભેગા જ છે એવું સામીપ્ય અનુભવાય. ભગવાન અણુમાત્ર અને ક્ષણમાત્ર દૂર છે એવું મનાય જ નહિ. જો ભગવાન અખંડ સાથે જ છે એવું અનુભવાય તો નિર્ભયતા, સમતા, સ્થિરતા, પૂર્ણતા, કૃતાર્થતાની સાથે સાથે દિવ્ય શાશ્વત અને અપાર સુખ, શાંતિનો અનુભવ પણ થાય.

(૩) અનેક સદ્‌ગુણોની પ્રાપ્તિ, પુષ્ટિ અને દૃઢતા થાય

મહાભારત કહે છે કે બ્રહ્મચર્યથી જ આયુ, તેજ, બળ, પ્રજ્ઞા, લક્ષ્મી, મહાન યશ, પરમપુણ્ય, ભગવત્કૃપા-પ્રસાદ અને ભગવાન પ્રત્યેની પ્રીતિ થાય છે.

બ્રહ્મચર્ય-પાલન દ્વારા વીર્યરક્ષા થવાથી પોતાનામાં સ્વાસ્થ્ય, શક્તિ, ચમક, ઓજસ, ઉત્સાહ, આનંદ અને સ્ફૂર્તિ અનુભવાય છે. સર્વચિકિત્સા-પદ્ધતિમાં બ્રહ્મચર્યને જ સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે.

જેનાં શરીરમાં વીર્ય અવિચળ અને સુરક્ષિત છે, તેની માંસપેશી લોઢા સમાન કઠણ બની જાય છે. સ્નાયુ પણ વજ્રસમાન બની જાય છે. વીર્ય મસ્તકમાં એકઠું થઈને અત્યંત સૂક્ષ્મ સ્નાયુઓને પરિપુષ્ટ કરે છે. વીર્ય ધારણ કરવાથી માનસિક શક્તિ પણ વૃદ્ધિ પામે છે.

આપણે સૌ જાણીએ છીએ કે હનુમાન, લક્ષ્મણજી અને ભીષ્મપિતામહે બ્રહ્મચર્યથી કેવી તાકાત પ્રાપ્ત કરી હતી. આ બ્રહ્મચર્યશક્તિથી જ તેમણે શત્રુઓને મહાત કર્યા હતા.

જેણે વીર્ય જાળવ્યું છે તેવા મનુષ્યની વાણી સર્વથી અજિત, કાર્ય સરળ, આચરણ શિષ્ટ અને સુખપ્રદ, ગતિ તાકાતવાન અને અંતઃકરણ નિર્ભય તથા અહિંસક બને છે. તેવો માણસ આળસ વગરનો, કપટ વગરનો, ચારિત્ર્યવાન,

સત્યપરાયણ, મધુરભાષી, મિતભાષી, મિતાહારી અને લોકનું કલ્યાણ કરનારો થાય છે. તેનો આત્મવિશ્વાસ વધે છે. તેવા મનુષ્યની દૃષ્ટિ, સ્મિત અને વાણી સર્વ કાંઈ મધુર હોય છે. વીર્યરક્ષણથી મનુષ્ય જન્મ-મૃત્યુનાં બંધનથી મુક્ત થઈ સત્ય વસ્તુને મેળવી અમૃતપદનો અધિકારી બને છે.

પ્રયત્નપૂર્વક વીર્યરક્ષા કરવાથી આઠમા ધાતુ ઓજસ અથવા બ્રહ્મચર્યનું તેજ ઉત્પન્ન થાય છે, જેને અંગ્રેજીમાં Personal Magnetism કહે છે. તે મસ્તકમાં રહીને મનુષ્યને શ્રેષ્ઠતા અર્પણ કરે છે. તેની સાથે રહેવાથી હિંસક પશુ પણ અહિંસક જેવું બની જાય છે. આદિ કાળમાં ઋષિમુનિઓ પાસે જંગલમાં હિંસક પશુઓ વાઘ, દીપડા, ચિત્તા પાળેલી બિલાડીની માફક રહેતા. એમની સન્નિધિમાં સિંહ, વાઘ, ગાય કે બિલાડી એક જ નદીના કિનારે પાણી પીતાં એ સર્વવિદિત છે.

અથર્વવેદમાં કહેવામાં આવ્યું છે : "બ્રહ્મચર્ય દ્વારા જ રાજા રાષ્ટ્રનું સંરક્ષણ અને સંવર્ધન કરી શકે છે અને બ્રહ્મચર્ય દ્વારા જ દેવતાઓએ અમર થઈ મૃત્યુ ઉપર વિજય મેળવ્યો." *(અથર્વવેદ : ૧૧/૫/૧૭-૧૯)*

શરીરબળ, મનોબળ અને જ્ઞાનબળ પણ બ્રહ્મચર્ય દ્વારા જ પ્રાપ્ત થાય છે, પુષ્ટ થાય છે અને સિદ્ધ થાય છે. બ્રહ્મચર્યથી બુદ્ધિશક્તિ, યાદશક્તિ, વિચારશક્તિ, નિર્ણયશક્તિ, ધારણશક્તિ, સમજણશક્તિ અને ચિંતન-શક્તિમાં અત્યાધિક વધારો થાય છે.

અચિંત્ય અને અદ્‌ભુત પરાક્રમ કરવા માટે તમામ અનુપમ માનસિક, બૌદ્ધિક અને શારીરિક શક્તિઓ, પ્રશંસનીય સદ્‌ગુણો અને દીર્ઘાયુ બ્રહ્મચર્યના પ્રતાપે પ્રાપ્ત કરી શકાય છે. જો બ્રહ્મચર્યરૂપી શક્તિ પ્રાપ્ત થઈ જાય તો એવું કોઈ કઠણ કામ નથી કે જે સિદ્ધ ન થઈ શકે. બ્રહ્મચારી છે તેમાં દૈવી તેજ ઠાંસી ઠાંસીને ભરેલું રહે છે. તે સર્વત્ર-સર્વપ્રકારે દિગ્વિજયી થાય છે, એને કદાપિ અપજશ મળતો નથી.

આપણા ગુણાતીત ગુરુઓ તો અનાદિ સિદ્ધ છે, તેમ છતાં આ લોકની દૃષ્ટિએ કહી શકીએ કે એમનાં સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રભાવ અને આકર્ષક વ્યક્તિત્વનું આ જ કારણ છે. તેઓ આ વ્રતમાં સો ટકા સંપૂર્ણ અને અણીશુદ્ધ છે. તેથી જ તો તેઓ સફળતાપૂર્વક હજારો લોકોનાં હૃદય પર શાસન કરી શકે છે.

(૪) સાધનામાં સફળતા જલદી મળે

સાધનાની ફળશ્રુતિ તો આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર છે. આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય તે માટે બ્રહ્મચર્ય અત્યંત આવશ્યક છે. બ્રહ્મચર્યને લીધે અગાઉ જણાવેલ અનેક પ્રકારની શક્તિમાં વધારો થાય. બધી જ શક્તિઓ જો એકાગ્ર થાય તો સાધનાની સફળતા સહજ બને. બ્રહ્મચર્યથી વિષયભોગમાં ખર્ચાતી શક્તિનો સંચય થાય, વિકારોમાં અટવાતું મન મુક્ત બને, વિષયોના વિચારોમાં ખર્ચાતી બુદ્ધિની બચત થાય અને તેથી જ આત્મા-પરમાત્માનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં ઇન્દ્રિયો, અંતઃકરણ એકાગ્ર અને સ્થિર થાય. પરિણામે આત્મા-પરમાત્માની સાક્ષાત્કારની પ્રક્રિયા ઝડપી બને. વિશેષ તો બ્રહ્મચર્યપાલનથી શ્રીજીમહારાજ, ગુણાતીત ગુરુઓની પ્રસન્નતા અને કૃપાદૃષ્ટિ થાય. જો એમની કૃપા, કરુણા અને પ્રસન્નતા પ્રાપ્ત થાય તો સાધકને સાધનાની સફળતામાં બાકી શું રહે ? માટે બ્રહ્મચર્યસાધનાની સફળતાનું મુખ્ય સહાયક પરિબળ છે.

બ્રહ્મચર્ય તો આ લોક અને પરલોકનાં સુખનો આધાર છે. તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારેય પુરુષાર્થની સિદ્ધિનું મૂળ છે. તે જ આપણી પરા અને અપરાવિદ્યા, આતંર-બાહ્ય વૈભવ અને સૌભાગ્યનું આદિ કારણ છે અને સર્વ સિદ્ધિઓનું રહસ્ય છે. શાસ્ત્રો કહે છે કે બ્રહ્મચર્યથી પરમાત્માનો સાક્ષાત્કાર અને પરમપદની પ્રાપ્તિ થાય છે. તે સંસારસાગરથી બ્રહ્મલોકમાં પહોંચવા માટે મજબૂત નૌકા સમાન છે, તેથી જ તો અવિનાશી પદને ઇચ્છનારા બ્રહ્મચર્યનું પાલન કરે છે. *(ગીતા : ૮/૧૧)*

આમ, વાસનાની નિવૃત્તિ માટે, અંતઃકરણની શુદ્ધિ માટે, માનવ-જીવનના સર્વોચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, અર્થાત્ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારરૂપી આત્યંતિક કલ્યાણ કે પરમપદની પ્રાપ્તિ માટે, શાશ્વત-પરમ આનંદની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યની સાધના, સદાય સર્વત્ર અને સર્વાવસ્થામાં અત્યંત આવશ્યક છે.

● નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)નો મહિમા

બ્રહ્મચર્યના ભંગથી જે નુકસાન થાય છે તથા તેના પાલનથી જે લાભ થાય

છે તે સમજવાથી અધ્યાત્મ-માર્ગમાં બ્રહ્મચર્ય-પાલનનો મહિમા સમજાય છે.

શ્રીજીમહારાજ આ વ્રતનો મહિમા 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં સમજાવતાં કહે છે :

◆ "નિષ્કામપણા સમાન કોઈ તપ નથી." *(પૂર : ૮, તરંગ : ૫૪)*

◆ "બ્રહ્મચર્ય તો બ્રહ્મ જ કહેવાય. બ્રહ્મચર્યથી સર્વત્ર અધિક પ્રતાપ દેખાય છે." *(પૂર : ૯, તરંગ : ૫૨)*

◆ "નિષ્કામ ભક્ત હોય તે જ અખંડ સુખ ભોગવે છે."

(પૂર : ૧૦, તરંગ : ૪૪)

ભગતજી મહારાજ આ વ્રતનો મહિમા અને આવશ્યક્તા સમજાવતાં કહે છે :

◆ "આપણે સર્વેએ બ્રહ્મરૂપ તો થવું જ છે, માટે બ્રહ્મચર્ય જરૂર પાળવું. ખબડદાર થઈને બ્રહ્મચર્ય પાળવામાં તત્પર થવું."

(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૩૨૧)

◆ "બ્રહ્મચર્યથી બ્રહ્મની સિદ્ધિ થાય છે અને ભગવાન વશ થાય છે. બ્રહ્મચર્ય જેને હોય તેના કપાળમાંથી તેજ નીકળે છે, તેથી સામો માણસ દબાઈ જાય છે. જ્યારે તે નહાય છે ત્યારે તેની ચોટલીમાંથી જે બુંદ પડે છે તેને દેવો અદ્ધર ઝીલે છે. અને કહે છે કે 'ધન્ય છે કે આવું અસિધારાવ્રત જે અમો દેવતા પણ પાળી શકતા નથી, તે તમો મનુષ્યો પાળો છો.' દેવો તથા મનુષ્યો તો દાંતે તરણાં લે છે અને એવા બ્રહ્મચર્યવ્રતવાળા પુરુષને નમે છે. અને કહે છે કે 'આવું વ્રત તમે પાળો છો તે તમારા ઉપર ભગવાન અને મોટાપુરુષની કૃપા છે, નહિ તો પળાય જ નહિ. માટે તમે તો દેવના પણ દેવ છો.'

'મહારાજનો પણ એ જ સિદ્ધાંત છે. તે જ્યારથી પ્રગટ થયા ત્યારથી એ જ પળાવતા આવ્યા છે. માટે જેને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય તેને પ્રથમ બ્રહ્મચર્યવ્રત દૃઢ કરવું." *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૩૭૦)*

વળી, બ્રહ્મચર્ય માટે કહેવાયું છે :

◆ ब्रह्मचर्यं तपोत्तमम् ।

અર્થાત્ બ્રહ્મચર્ય ઉત્તમ પ્રકારનું તપ છે. તેથી કોઈ મોટી તપશ્ચર્યા આ લોકમાં નથી.

◆ ब्रह्मचर्यात् परमस्ति पावनम् ।
न ब्रह्मचर्यात् परमस्ति मंगलम् ।
न ब्रह्मचर्यात् परमस्ति दैवतम् ।
न ब्रह्मचर्यात् परमस्ति वांछितम् ।

અર્થાત્ બ્રહ્મચર્યથી શ્રેષ્ઠ બીજું કોઈ પવિત્ર કરનાર નથી. તેનાથી શ્રેષ્ઠ કોઈ મંગલકારી નથી. એનાથી બીજું કોઈ દૈવત નથી. તેથી જ તો એનાથી બીજું કાંઈ ઇચ્છવા યોગ્ય નથી.

◆ ब्रह्मचर्यं परमं शीलम् ।
ब्रह्मचर्यं परमं बलम् ।
ब्रह्मचर्यं परमं भूषणम् ।

અર્થાત્ બ્રહ્મચર્ય જ ઉત્કૃષ્ટ ચારિત્ર્ય છે, ઉત્તમ બળ છે અને એ જ ઉત્તમ આભૂષણ છે.

બ્રહ્મચર્યરૂપી બળ, ચારિત્ર્ય અને આભૂષણને ધારણ કરનાર જ જીવનને ભવ્ય અને દિવ્ય બનાવી શકે છે.

વીરોનું વીરત્વ, સાધુઓનું સાધુત્વ, સતીઓનું સતીત્વ અને સજ્જનોનું ચારિત્ર્ય બ્રહ્મચર્ય ઉપર આધારિત હોય છે. બ્રહ્મચર્ય જ ધર્મનો, અધ્યાત્મનો અને આપણી સાધનાનો પ્રાણ છે. એનાથી જ સાધનામાં દૈવત ને કૌવત પ્રગટે છે. તે આપણી સાધનાનો આધારસ્તંભ છે, પાયો છે. જેને લીધે આપણે સાધનામાં સ્થિરતા અને સલામતીપૂર્વક ઊભા રહી શકીએ છીએ.

આ વ્રતના પાલનથી વ્યક્તિગત આપણી, આપણાં કુટુંબની, ઇષ્ટદેવની, ગુરુની અને સંસ્થાની શોભા, કીર્તિ અને પ્રતિષ્ઠા ખૂબ છે. એમાં જ આપણી વૃદ્ધિ, પુષ્ટિ અને પ્રગતિ છે અને ભવિષ્યમાં વિશેષ થવાની છે.

આ એક દિવ્ય કરામત (Devine Technology) છે, જેના દ્વારા ઘણાં અશક્ય કાર્ય શક્ય અને ઝડપી બની શકે તેમ છે. આત્યંતિક મુક્તિ માટેની, અક્ષરધામમાં જવા માટેની આ એક અત્યંત અનિવાર્ય અને દરેક માટે ફરજિયાત એવી લાયકાત, યોગ્યતા કે પાત્રતા છે.

જો આપણે આ દિવ્ય અને મહાન વ્રતને જીવનમાં આત્મસાત્ કરીશું તો તે આપણા જીવનને નિષ્કલંક બનાવશે, શોભાડશે; આપણી પ્રગતિ કરાવશે; આપણને પ્રતિષ્ઠા, કીર્તિ, આબરુ, સત્કાર, સન્માન, પ્રેમ, સદ્‌ભાવ

અપાવશે; આપણાંમાં બળ, ધીરજ, શ્રદ્ધા, હિંમત, શૂરવીરતા, ઉમંગ, ઉત્સાહ વધારશે; આંતરિક દિવ્ય સદ્ગુણોથી જીવનને સમૃદ્ધ બનાવશે; આપણા સમગ્ર જીવનને ભવ્ય, દિવ્ય, પરિપૂર્ણ, કૃતાર્થ અને સાર્થક બનાવશે.

આ વ્રતને શ્રીજીમહારાજ અને સર્વે ગુણાતીત ગુરુઓ સાથે અખંડ જોડાણ છે, ઘનિષ્ઠ નાતો છે. તે તેમાંથી અણુમાત્ર અને ક્ષણમાત્ર દૂર નથી. જો આપણે પણ આ દિવ્ય વ્રત સાથે કાયમ સંબંધ રાખીશું તો તે –

➤ આપણને સાચા અર્થમાં એમનો ભેટો-સંબંધ કરાવી આપશે.

➤ એમનાં દિવ્ય સ્વરૂપ સુધી આપણને લઈ જશે. એમની સાથે અંગત મુલાકાત કરાવશે.

➤ એમની કૃપા અને પ્રસન્નતા મેળવી આપશે; એમના કૃપાપાત્ર, પ્રીતિપાત્ર એવા પ્રિયજન બનાવશે; એમની કૃપા, કરુણા અને પ્રસન્નતાને ઝીલી શકીએ, ખમી શકીએ, પચાવી શકીએ એવી પાત્રતા, યોગ્યતા અને લાયકાત અપાવશે.

➤ એમને ગમીએ એવા બનાવશે; એમની સામે છાતી કાઢીને ગૌરવભેર ઊભા રહી શકીએ એવા કરશે; તેઓ સામેથી ઊઠીને, ઊભા થઈને હસતાં-હસતાં આપણને મળે, ભેટે અને પોતાની બાજુમાં બેસાડી દે એવા આદર્શ ભક્તો બનાવશે;

➤ એમનો સાક્ષાત્કાર સુલભ કરાવશે; એમનાં દિવ્ય, શાશ્વત અને અપાર સુખનાં કાયમી ભોક્તા બનાવશે.

આ વ્રતને લીધે –

➤ માયા સામે, અંતઃશત્રુઓ સામે, ઇન્દ્રિયો અને અંતઃકરણ સામે સંઘર્ષ કરવા, તેને હરાવી, તેના પર વિજય પ્રાપ્ત કરવા માટે આવશ્યક શક્તિ, શૂરવીરતા, હિંમત, ધીરજ, શ્રદ્ધા અને ઉત્સાહ રહેશે.

➤ બીજાં સાધનો (તપ, નિયમ-ધર્મ, નવધાભક્તિ) કરવામાં બળ, ઉત્સાહ અને ઉમંગ રહેશે. આ સાધનો પણ વધારે સબળ, પુષ્ટ અને સુદૃઢ થશે.

➤ આ દિવ્ય સત્સંગના સમૂહમાં ભળી શકાશે, રહી શકાશે અને ટકી શકાશે.

➤ શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરી જ લેવા છે એવું નિશ્ચયાત્મક બળ રહેશે.

➤ શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની રાજીપાની ખૂબ ખૂબ કમાણી કરી શકીશું.

➤ જીવનમાંથી રાંકપણું, કંગાલપણું, દરિદ્રપણું જતું રહેશે. આંતરિક જીવન સમૃદ્ધ બનશે.

➤ જીવનમાં ક્યારેય હતાશા, નિરાશા, ઉદ્વેગ, અશાંતિ, ખાલીપો, ચિંતા, તણાવ, ભય અને અસંતોષનો અનુભવ નહિ થાય, આપણાથી આ સર્વે દૂર ભાગશે. આપણો સ્પર્શ કરતાં જ ગભરાશે.

➤ જીવનમાં ક્યારેય રોવાનો કે પસ્તાવો કરવાનો વારો નહિ આવે. જીવનમાં કાંઈ અધૂરું રહી ગયું હોય એવું નહિ લાગે.

➤ જીવન કૂતરા, ભૂંડ કે ગધેડા જેવું નહિ પરંતુ ગુણાતીત સત્પુરુષના જેવું આદર્શ, ભવ્ય અને દિવ્ય બનશે.

➤ જીવનમાં સાચા, દિવ્ય અને શાશ્વત સુખને માણી શકીશું, ભોગવી શકીશું.

➤ સમગ્ર જીવન ભર્યું ભર્યું લાગશે. પૂર્ણતા, કૃતાર્થતા, સંતોષનો અનુભવ થશે.

➤ ખરેખર ખૂબ ખૂબ વળતર, બદલો મળી રહેશે. માલંમાલ થઈ જવાશે. આ વ્રત પાળવામાં કંઈક ગુમાવવું પડ્યું છે એવું લાગશે જ નહિ. બદલામાં અનંત ગણું મળ્યું છે એવો અનુભવ થશે.

આ રીતે આ વ્રતની દૃઢતાથી આપણને સર્વ પ્રકારે અતિશય લાભ થવાનો જ હોય તો,

➤ આ વર્તમાનની દૃઢતા કરવી જોઈએ.

➤ એની દૃઢતા માટે જ્યાં, જ્યારે, જેટલું, જે રીતે, જે કાંઈ કરવું ઘટે ત્યાં, ત્યારે, તેટલું, તે રીતે તે કરવું જ જોઈએ.

➤ આ માટે ખૂબ જ આગ્રહપૂર્વક ડગલે ને પગલે સજાગ રહેવું જોઈએ.

➤ આ વર્તમાનને આદર આપવો જોઈએ, એને સત્કારવું જોઈએ, સોનાની પાલખીમાં બેસાડીને ઉમળકાભેર એનું સન્માન કરવું જોઈએ અને સોનાના સિંહાસનમાં બેસાડવું જોઈએ.

➤ આના માટે અંતરથી સારી રુચિ, વૃત્તિ, ઇચ્છા, ઝંખના, તત્પરતા

અને શુભ દાનત કેળવવી જોઈએ.

➤ આ વર્તમાનની સાથે સાથે મિત્રતા, એકતા કેળવવી જોઈએ. હંમેશાં તેની સાથે રહેવા અને તેને પોતાની સાથે રાખવાનો સજાગપણે પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ. એનાથી ક્યારેય છૂટા ન પડાય અને આપણાથી વિખૂટું પડી ન જાય તે માટે જાણપણાપૂર્વક ખટકો રાખવો જોઈએ.

➤ એનો જ પક્ષ રાખીને તથા એને આપણા પક્ષમાં રાખીને એના તરફ જ ઢળવું. દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણના પક્ષમાં ભળીશું તો તે આ વ્રત સાથેનો સંબંધ તોડાવીને ખાડામાં જ નાખશે.

➤ આ વ્રત સાથે શત્રુતા રાખીને એનાથી ભડકીને, ગભરાઈને કે ડરીને દૂર ભાગવું પાલવે તેમ નથી. એની અવગણના કે ઉપેક્ષા કરવી પણ પોસાય તેમ નથી. એનો અનાદર કે એનું અપમાન કરવાથી એ આપણને છોડીને ભાગી જશે. એ આપણી સાથેનો સંબંધ તોડી નાખશે, પછી તો આપણે પાયમાલ થઈ જઈશું.

➤ આ વ્રત આપણા સૌમાં અતિશય દૃઢ થાય એવી શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની અંતરની ઇચ્છા છે. તેઓએ આના માટે ખૂબ જ આગ્રહ રાખ્યો અને રખાવ્યો છે. આ માટે એમણે ખૂબ જ વાતો કરી છે. આપણી પાસેથી તેમને આ અપેક્ષા છે. એમની ઇચ્છા, અપેક્ષા અને અનુવૃત્તિ પ્રમાણે વર્તવું એ જ આપણા માટે ઉત્તમ ભક્તિ છે. જો આપણે નિષ્કામધર્મના પાલનને ભક્તિરૂપ બનાવીએ તો વધારે સરળતા અને હળવાશ રહેશે, એનું પાલન સજારૂપ નહિ લાગે, પરંતુ તે પાળવામાં મજા આવશે. જો તેઓ આ વ્રત પાળવાથી, કામદોષની આહુતિ આપી દેવાથી રાજી થતા જ હોય તો શા માટે આ વ્રત ન પાળવું ? આ દોષની આહુતિ કેમ ન આપવી ? કચરાના બદલામાં કોહિનૂર હીરો કેમ ન લેવો ?

➤ કરોડો કરોડો જન્મોથી જે વિષય ભોગવવાથી ક્યારેય તૃપ્તિ થઈ નથી અને હજુ પણ ક્યારેય થવાની નથી, એ વિષયભોગમાં કેટલું અને કેવું દિવ્યસુખ ગુમાવીએ છીએ ? આ ખોટનો ધંધો હવે બંધ કરીને આ જન્મે ત્યાગીઓએ તો એમાંથી વૃત્તિ સંપૂર્ણ પાછી વાળીને અને ગૃહસ્થોએ અત્યંત સંયમ કેળવીને કે વૃત્તિ પાછી વાળીને શાશ્વત સુખના ભોગી બનવાનો

દૃઢતાપૂર્વક શુભ નિશ્ચય કરવો જોઈએ.

➤ ભલે આ વ્રત કઠણ છે પરંતુ અશક્ય તો નથી જ. કઠણ વ્રતની સામે એનું ફળ અને વળતર પણ કેટલું મોટું છે ! ભગવાન અને ગુરુઓની પ્રસન્નતા મળે એ કેટલી મોટી વાત છે ? એમની કૃપાથી શાશ્વત અને દિવ્યસુખના અધિકારી બનીએ, અક્ષરધામમાં જવાની લાયકાત મેળવીએ એ કેટલી મોટી પ્રાપ્તિ છે ? તેથી એ માટે તો જરૂર દૃઢ સંકલ્પ કરવો જ જોઈએ અને કરવો જ પડશે. તે વગર છૂટકો જ નથી.

આ રીતે, ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરીને પોતાના જીવનને સાર્થક બનાવવા માટે નાના-મોટા સર્વે સંતો-ભક્તોએ આ વ્રતની અતિશય દૃઢતા કરવાની જ છે, તેમ છતાં મોટેરાએ વધારે સજાગ રહીને આ વ્રતની દૃઢતા કરવાની છે. એમ મહારાજ **વચ. મ.૩૯**માં સમજાવે છે : "જે મોટેરા હોય તેને વિષે નિષ્કામધર્મ છે, તે અવશ્ય જોઈએ; ને બીજી વાતમાં તો કાંઈક કાચ્યપ હોય તો ચાલે, પણ એની તો દૃઢતા અતિશય જોઈએ. કેમ જે, એ મોટેરો છે, તેની સારપ્યે સર્વની સારપ્ય કહેવાય."

● તો બ્રહ્મચર્યપાલન સરળ

કેટલીક વાર બ્રહ્મચર્યનું પાલન તદ્દન અશક્ય અથવા તો અતિ અતિ અતિ કઠિન લાગે છે. ઘણી વાર એવું લાગે છે કે આ વ્રતનું પાલન કરવું એ આપણા જેવાનું કામ નથી. એ તો કોઈક વીરલાનું જ કામ છે. એમાં પણ જ્યારે મોટા મોટા ઋષિઓ તથા વિશ્વભરના મહાન અને સમર્થ પુરુષોનાં જીવનમાં પણ બ્રહ્મચર્ય વિષયક ખામીને લીધે એમને લાગેલાં કલંક વિષે વાંચીએ કે સાંભળીએ ત્યારે તો આ બાબતે વધારે નાસીપાસ થઈ જવાય.

એ વખતે મનમાં એવી ગ્રંથિ બંધાઈ જાય કે આ દેહે કરીને બ્રહ્મચર્ય પાળી જ ન શકાય. વિષયભોગ વગર રહી જ ન શકાય. એવા એવા સમર્થના જીવનમાં જો આ પ્રશ્નો થયા હોય તો આપણા જેવા સામાન્ય સાધકોનું ગજું જ ક્યાં છે ? એમાંય વળી, જ્યારે આજકાલના કહેવાતા બુદ્ધિશાળીઓનાં પ્રવચનો, લેખો કે પુસ્તકોમાં તર્કબદ્ધ અને બુદ્ધિગમ્ય દલીલો દ્વારા બ્રહ્મચર્યનું ખંડન અને યથેચ્છ વિષયભોગનું પ્રતિપાદન સાંભળીએ કે વાંચીએ ત્યારે તો આપણું મન આવા ઝેરી વિચારોરૂપી વાયરસથી લકવા-

ગ્રસ્ત બની જાય. મનમાં નિશ્ચિત નિર્ણય જ થઈ જાય કે બ્રહ્મચર્ય પાળવું શક્ય જ નથી. અને સાથે સાથે એની જરૂર પણ નથી. કદાચ લાખોમાં લાધે નહિ અને કરોડમાં કો'ક આવું સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકે તેમ હોય તો ભલે એ પાળે પણ આપણો તો એ માર્ગ જ નથી. આપણે તો જે કરીએ છીએ, જે વિચારીએ છીએ એ જ બરોબર છે. બસ, દોડવું હતું તે ઢાળ મળી ગયો.

વસ્તુતઃ આવા વિચારો ખોટા જ છે. દિવ્ય અને ભવ્ય જીવન જીવવા માટે વિઘ્નરૂપ છે. શુદ્ધ ચારિત્ર્યનો નાશ કરનારા અને સન્માર્ગેથી પાછા પાડનારા છે. હકીકતમાં જોઈએ તો બ્રહ્મચર્યનું પાલન અશક્ય નથી. આજ સુધીમાં અસંખ્ય લોકોએ બ્રહ્મચર્ય પાળ્યું છે. કેટલાકે તો આજીવન સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યું છે, તો કેટલાકે ગૃહસ્થની મર્યાદામાં રહીને બ્રહ્મચર્ય પાળ્યું છે. એટલે બ્રહ્મચર્ય પાળી જ ન શકાય એમ માનવું એ ભયંકર ભૂલ છે. એ કઠિન જરૂર છે, પરંતુ એટલું બધું કઠિન નથી કે આપણે એનું પાલન જ ન કરી શકીએ. વસ્તુતઃ તો બ્રહ્મચર્ય પાલન સરળ જ છે. જો,

➤ ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવાનો ઈશક અને ખપ જાગે તો,

➤ જીવનમાં બ્રહ્મચર્યની આવશ્યકતા, અનિવાર્યતા કે મહત્તા સમજાય તો,

➤ ભગવાન અને ગુણાતીત સંતના માહાત્મ્ય જ્ઞાને અને દિવ્યભાવે સહિત યથાર્થ નિશ્ચય હોય તો,

➤ એમનાં વચનમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો,

➤ જીવનમાં ઉચ્ચતમ આદર્શો સિદ્ધ કરવાની લગની લાગે તો,

➤ જીવનમાં અતિશય દૃઢ આત્મવિશ્વાસ સાથે હકારાત્મક વલણ હોય તો,

➤ બ્રહ્મચર્ય પ્રત્યે પૂર્વગ્રહ, સૂગ, ઉપેક્ષા-વૃત્તિનો ત્યાગ થઈ જાય તો,

➤ નકારાત્મક અને મોળા વિચારોને જીવનમાંથી હાંકી કઢાય તો,

➤ બ્રહ્મચર્યવ્રત પ્રત્યેનો પ્રેમ કે અનુરાગ વધે તો, અથવા તો એ જે ઉચ્ચતમ આદર્શની સિદ્ધિનું સાધન છે તે આદર્શો પ્રત્યે પ્રેમ જાગે તો,

➤ બ્રહ્મચર્યનું ખંડન કરનારા ગમે તેવાના શબ્દો કે વિચારોથી તદ્દન દૂર રહેવાય તો,

➤ બ્રહ્મચર્યમાં વિઘ્ન નાખનારા કોઈ પણ પ્રકારના કુસંગનો ત્યાગ થાય તો,

➤ પોતપોતાના નિયમમાં અતિશય દૃઢ રહેવાય તો,

➤ સત્સંગ પરાયણ, પ્રભુપરાયણ, નવધાભક્તિપરાયણ જીવન બને તો,

➤ દેહથી ભિન્ન એવા પોતાના શુદ્ધ અને સચ્ચિદાનંદ એવા આત્મ-સ્વરૂપનું અનુસંધાન હોય તો.

➤ ગુણાતીત સત્પુરુષનો મન, કર્મ અને વચને અતિશય દૃઢ પ્રસંગ હોય તો,

➤ જેમણે જેમણે બ્રહ્મચર્યનું દૃઢપણે પાલન કર્યું છે તેમના ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ અને મનન હોય તો.

અહીં જણાવેલ કેટલાક મુદ્દા જીવનમાં દૃઢ હોય તો બ્રહ્મચર્યનું પાલન કરવું કઠિન નથી. આ બધા મુદ્દામાં પણ જો એક જ મુદ્દો યાદ રાખવા જેવો હોય તો તે આ છે – 'આ દેહે કરીને મારે મન-કર્મ-વચને ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરીને મારે મારા જીવનને નિષ્કલંક, પવિત્ર, શુદ્ધ, ભવ્ય અને દિવ્ય બનાવવું છે, બનાવવું છે અને બનાવવું જ છે'. આ અચલ અને અતિદૃઢ નિશ્ચયાત્મક નિર્ણય સાથે 'હું ભગવાન અને સંતના પ્રતાપે એ વ્રત મારા જીવનમાં અતિશય દૃઢ કરી શકીશ જ' એવા એક દૃઢ આત્મવિશ્વાસ સાથે બ્રહ્મચર્યપાલન માટેના ઉપાયો પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરીએ તો જરૂર પાળી શકાય છે. મુખ્યત્વે તો ભગવાન અને ગુણાતીત સંતનાં અતિશય રાજીપાનું મૂલ્ય સમજાય, એનાથી થતા લાભની મહત્તા સમજાય, એમને અતિશય રાજી કરવાથી જે વળતર મળવાનું છે, જે પ્રાપ્તિ થવાની છે તે સમજાય તો અંતે દુઃખદાયક એવા અલ્પ સુખ માટે બ્રહ્મચર્યનો ભંગ થાય જ નહિ. આ નિયમપાલનથી એમનો કેટલો મોટો રાજીપો અને રાજીપાથી કેટલું મોટું અને શાશ્વત ફળ મળવાનું છે એ સમજાય તો બ્રહ્મચર્યનું પાલન કરવાનો ઈશક જાગે. તે માટે પ્રયત્ન થાય અને સહેજે જ પળાય.

● નિષ્કામધર્મ (બ્રહ્મચર્યવ્રત) પાળવાના ઉપાયો

નિષ્કામધર્મ(બ્રહ્મચર્યવ્રત)ની આવશ્યકતા અને મહત્તા સમજ્યા પછી તે વ્રત દૃઢ કરવાના નિશ્ચય સાથે તે માટે ઉપાયો અજમાવવા જોઈએ. અગાઉ

આપણે 'પંચ વિષયની આસક્તિ-વાસના ટાળવાના ઉપાયો' તથા 'સ્વભાવ ટાળવાના ઉપાયો' વગેરે મુદ્દાઓના નિરૂપણ વખતે જે ઉપાયો સમજ્યા છીએ, તેમાંથી જેને જે ઉપાયોથી પોતાનું કાર્ય સરતું હોય અર્થાત્ નિષ્કામવ્રતની દૃઢતા થતી હોય તેણે તે ઉપાયો અજમાવવા જોઈએ. અહીં આપણે કામને નિર્મૂળ કરવાનો અર્થાત્ નિષ્કામધર્મ દૃઢ કરવાના જે ખાસ ઉપાયો મહારાજે બતાવ્યા છે તે વિષે વિચારીએ. શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૭૩ – "જેને ભગવાનના સ્વરૂપની ઉપાસનાનું દૃઢ બળ હોય અને અતિશય પંચ વિષયમાંથી નિર્વાસનિક થયો હોય અને તે નિર્વાસનિકપણાની અતિશય ગાંઠ બંધાણી હોય, તો તે પુરુષ ભગવાનને પ્રતાપે કરીને નિષ્કામી થાય છે."

લો.૧ – "એક તો આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રત રાખવું, એ આદિક જે પંચ વર્તમાન તેને દૃઢ કરીને પાળે અને ભગવાનનો મહિમા અતિશય સમજે, એ ઉપાયે કરીને કામનું મૂળ ઊખડી જાય છે. અને કામનું મૂળ ઊખડી જાય તોપણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ. અને અતિશય કામનું મૂળ ઊખડ્યાનો તો ઉપાય એ છે જે, ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો."

લો.૮ – "વિચારે કરીને પણ કામાદિકનું મંદપણું છે. તે વિચાર કેમ કરે તો બાળકઅવસ્થામાં મંદપણું છે ને યૌવનઅવસ્થામાં તીવ્રપણું છે ને વૃદ્ધાવસ્થામાં પાછું મંદપણું છે તે તો આહારે કરીને છે, જે બાળઅવસ્થાને વિષે પણ આહાર થોડો છે માટે કામ પણ ઓછો છે ને વૃદ્ધાવસ્થામાં પણ આહાર ઓછો હોય એટલે કામ પણ ઓછો હોય અને યૌવનઅવસ્થામાં આહારની વૃદ્ધિ હોય એટલે કામની પણ વૃદ્ધિ હોય. તે માટે જો યૌવન અવસ્થામાં આહાર ઓછો કરે અને દેહે કરીને શીત, ઉષ્ણ, વરસાદ, ભૂખ તેનું જાણીજાણીને સહન કરે, એવો જે વિચાર રાખે અને મોટા સાધુનો સમાગમ રાખે તો તેને યૌવનઅવસ્થામાં પણ કામ મંદ પડી જાય."

મ.૩૩ – "નિષ્કામી વ્રત દૃઢ રાખવાની પણ ઘણીક સામગ્રી જોઈએ છીએ. તેમાં પણ ત્રણ ઉપાય છે તે તો અતિશય મુખ્ય છે.

તેમાં એક તો મનને વશ કરવું જે, મનને વિષે અખંડ એવું મનન કરવું જે, 'હું આત્મા છું, દેહ નથી' ને ભગવાનની કથા-શ્રવણાદિક જે

નવધાભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહિ. જેમ કોઈક પુરુષને ભૂત વશ્ય થયો હતો તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય, તેમ આ મન છે તે પણ ભૂત જેવું છે, તે જ્યારે ભગવદ્‌ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે, ત્યારે એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય. માટે મનને અખંડ ભગવાનની કથા-કીર્તનાદિકમાં જોડી રાખવું, એટલે એ મન વશ થયું કહેવાય.

અને બીજો ઉપાય એ છે જે પ્રાણને નિયમમાં રાખવો. તે જેમ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'આહાર-વિહાર યુક્ત રાખવો પણ અતિશય ખાધાની લોલુપતા ન રાખવી.' એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય, અને પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે. પછી અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઇન્દ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઇન્દ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય, માટે આહારને નિયમમાં રાખીને' પ્રાણને નિયમમાં કરવો.

અને ત્રીજો ઉપાય એ છે જે, આ સત્સંગને વિષે જેને જેને જે જે નિયમ કહ્યા છે તેમાં દેહને રાખીને દેહને નિયમમાં કરવો. એવી રીતે એ ત્રણ ઉપાયને જે દૃઢ રાખે તેને નિષ્કામી વર્તમાન અતિશય દૃઢ થાય છે.''

ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મચર્યવ્રત પાળવાના ઉપાયો સમજાવતાં કહે છે :

◆ ''બ્રહ્મચર્યવ્રત રાખવાના તો છ ઉપાય છે. તેમાં આંખ, કાન, નાક ને મન એ ચોરી કરી જાય, તેની સુરત રાખીને સાચવવાં, તેમાં આંખને તો બીડી લેવી તેથી ઊપજે જ નહિ, એ મૂળ છે. ને ખાવું ઝાઝું નહિ ને ઊંઘવું ઝાઝું નહિ, એ પણ મૂળ છે. તેમાં ખાવું ને ઊંઘવું તેમાં તો વિષય જ રહ્યા છે.'' *(૬/૧૫૩)*

ભગતજી મહારાજ કહે છે : ''ઇન્દ્રિયોને નિયમમાં રાખી એક વાર જમવું, મનમાં અખંડ ભજન કરવું, ભગવાનનું ધ્યાન કરવું અને સ્ત્રી-સંબંધી સંકલ્પ ન કરવા; એમ જ્યારે વર્તાય ત્યારે બ્રહ્મચર્ય પળે છે. ખાવું અને ઊંઘવું એમાં જ કામનો વાસ છે. માટે એને ઘટાડવાં, પણ વધારવાં તો નહિ જ.''

(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૩૭૦)

ઉપરોક્ત સંદર્ભોમાં મુખ્યત્વે તો ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીત ગુરુઓનાં સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાન અને દિવ્યભાવ સહિત યથાર્થ

નિશ્ચય દૃઢ કરવાથી, સાંખ્યવિચારની દૃઢતા સાથે પોતાનો શુદ્ધ આત્મભાવ કે બ્રહ્મભાવ કેળવીને દૃઢ કરવાથી તથા ત્યાગી-ગૃહસ્થો માટે નિર્ધારિત કરેલા પોતપોતાના નિયમધર્મમાં અતિશય દૃઢતાપૂર્વક વર્તવાથી આ વ્રતની વિશેષ ને વિશેષ દૃઢતા થતી જાય છે. વસ્તુતઃ કામનું બીજ નાશ કરવા માટે તો ભગવાન અને ગુણાતીત સંતની કૃપાદૃષ્ટિ અને પ્રસન્નતા જ અનિવાર્ય છે. એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે વર્તવાથી એમનો અનુગ્રહ થાય છે અને તેના ફળરૂપે કામનું બીજ નાશ પામે છે. અત્યંત નિષ્કામી થઈ શકાય છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાળી શકાય છે.

કામનાનું બીજ નાશ કરવાના ઉપાયો એકાદ-બે દિવસમાં સિદ્ધિ થઈ જ જાય એવું બધા માટે તો શક્ય નથી હોતું. તે માટે તો વર્ષોની પ્રામાણિકતાપૂર્વક સતત જાણપણા અને ખટકા સાથેની સાધના અપેક્ષિત છે. આ સાધના દરમ્યાન કામાદિકના વિકારો ન ઉદ્‌ભવે, તેના સંકલ્પો ઉત્તેજીત ન થાય અને સાથે સાથે વીર્ય-રક્ષા થાય તે માટે નીચે જણાવેલ કેટલાક ઉપાયો પણ ઉપયોગી થઈ શકે તેમ છે.

(૧) આહાર-વિષયક વિવેક

બ્રહ્મચર્ય અને ભોજનને સીધો અને ઘનિષ્ઠ સંબંધ છે. બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા રાખનારે ખાવા-પીવામાં સદસત્‌નો અર્થાત્ ખાદ્ય-અખાદ્યનો વિવેક શીખવો અત્યંત જરૂરી છે. ખોરાકની અસર શરીર પર તો પડે જ છે, પરંતુ મન પર પણ વિશેષ પડે છે. શુભાશુભ ખોરાકથી મનના વિચારોમાં પણ ફેરફાર થાય છે.

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૧૮**માં કહે છે : "એ જીવ જે નાના પ્રકારનાં ભોજન જમે છે, તે ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે અને જુદા જુદા ગુણ છે. તે ભોજનને જ્યારે જમે છે, ત્યારે તે ગુણ અંતઃકરણમાં તથા શરીરમાં પ્રવર્તે છે. અને જો લીલાંગર ભાંગ્ય પીવે અને તે પ્રભુનો ભક્ત હોય તોય પણ લીલાગર ભાંગ્યને કેફે કરીને વર્તમાનની ખબર રહે નહિ અને પ્રભુના ભજનની પણ ખબર રહે નહિ, તેમ અનંત પ્રકારના જે આહાર તેના ગુણ પણ લીલાગર ભાંગ્યની પેઠે જ અનંત પ્રકારના છે. તેનો ગણતાં પણ પાર આવે નહિ."

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે : आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवानुस्मृतिः। स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः ॥

આહારની શુદ્ધિથી સત્ત્વ(અંતઃકરણ)ની શુદ્ધિ થાય છે. અંતઃકરણની શુદ્ધિ થવાથી આત્મા-પરમાત્માની સ્મૃતિ રહે છે. આવી સ્મૃતિ રહેવાથી સર્વદોષોની ગ્રંથિમાંથી મુક્ત થાય છે. *(૭/૨૬/૨)*

આહારશુદ્ધિ એટલે સર્વ ઇન્દ્રિયોને જગત સંબંધી પંચ વિષયના આહારથી રોકીને ભગવાન સંબધી પંચ વિષયનો ઉપભોગ કરવો, પરંતુ શાસ્ત્રો કહે છે : सर्वेन्द्रियाणि जेयानि रसना तुं विशेषतः *(શિક્ષાપત્રી : ૧૮૯)*

સર્વ ઇન્દ્રિયોને જીતવાની છે પણ રસના ઇન્દ્રિયને વિશેષપણે જીતવી કારણ કે તે સર્વનું મૂળ છે. સ્વાદની એક જ ઇન્દ્રિય બહેકે છે ત્યારે બીજી બધી ઇન્દ્રિયો પણ વિફરે છે, પરંતુ રસના વશમાં હોય તો કામનો વેગ સહજ સ્વભાવે મંદ પડી જાય ને બ્રહ્મચર્યપાલનમાં સરળતા આવે છે.

તેથી જેને બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તેણે ભોજનમાં ગરમ મસાલા અને તીખા તમતમતા પદાર્થો ખાવામાં વિવેક અને સંયમ રાખવો જોઈએ. તેણે ચા, કૉફી, કોકો, સિગારેટ, તમાકુ, ગાંજો, તાડી, અફીણ, ચરસ, દારૂ, ડ્રગ્ઝ વગેરે તમામ પ્રકારના નશો કરાવનાર પદાર્થો કદી ખાવા કે પીવા ન જોઈએ. સર્વ પ્રકારનાં દુર્વ્યસનો બ્રહ્મચર્યના ઘાતક છે. તે સર્વે વીર્યરક્ષાના વિરોધીઓ છે.

બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા રાખનારે હંમેશાં સાત્ત્વિક ભોજન ગ્રહણ કરવું જોઈએ. તેમાં પણ અત્યાહારી ન થવું જોઈએ; કારણ કે અત્યાહારીને બ્રહ્મચર્ય પાળવું અત્યંત કઠણ પડે છે. તેથી તેણે મિતાહારી રહેવું જોઈએ. પોતાને માફક આવતો હોય તેવો અને જીવનને ટકાવવા માટે જેટલા આહારની જરૂર છે તેટલા જ પોષણકારક અને સુપાચ્ય ખોરાક ખાનાર મિતાહારી કહેવાય છે. હિતકારક અને પથ્ય એવા ખોરાકનું સુખપૂર્વક પાચન થઈ શકે તેટલું ભોજન કરવું જોઈએ. સ્વાદેન્દ્રિયનો સંયમ કરવાથી આરોગ્ય વધે છે એટલું જ નહિ, પરંતુ વીર્યરક્ષા પણ કરી શકાય છે. ભોજનમાં ખાદ્ય પદાર્થો જેમ બને તેમ થોડી જાતના હોવા જોઈએ. બહુ ભોજન કરનાર તથા આખો દિવસ બેસી રહેનાર અથવા કાંઈ ને કાંઈ ખાવાની ટેવવાળો માણસ બ્રહ્મચર્યનું પાલન કરી શકતો નથી. કંદમૂળ, ફળ અને દૂધ આહાર માટે ઉત્તમ છે.

શુદ્ધ ભોજન ભગવાનને ધરાવીને જમવું. ભોજન કરતી વેળા પણ ઉચ્ચ અને નિર્મળ વિચાર કરવા જોઈએ. સ્થૂળ ભોજન કરતાં પણ વિચારરૂપી સૂક્ષ્મ ભોજન અનેકગણું પ્રભાવશાળી છે. તેથી ભોજન કરતી વેળા ઉચ્ચ, નિર્ભય, શાંત, અધ્યાત્મવિચાર કરવા જરૂરી છે. ઉચ્ચ વિચારોથી માનવી ઉચ્ચ બને છે. પાપી વિચારોથી પાપી અને વ્યભિચારી વિચારોથી વ્યભિચારી બને છે.

ભોજનની બાબતમાં જાણી રાખવા જેવી અન્ય પણ મુદ્દાની વાત છે. રાત્રે જમવું નહિ અથવા થોડું જમવું અથવા વહેલું જમવું. શયનના ત્રણ-ચાર કલાક પહેલાં થોડો આહાર કર્યો હોય તો બહુ બાધ નથી. રાત્રે જમવામાં આવેલ ખોરાકનું દબાણ રહે, તેની અસર વીર્યાશય ઉપર થતાં સ્વપ્નમાં વીર્યપાત થવાનો પૂરો સંભવ છે.

વળી, અમુક અમુક સમયે સંપૂર્ણ નિરાહાર અર્થાત્ ઉપવાસ પણ ખૂબ મદદરૂપ થાય છે. તેથી મહિનામાં ઓછામાં ઓછા બે એકાદશીના નિર્જળા કે સજળા ઉપવાસ કરવા જોઈએ. ચાતુર્માસ દરમ્યાન યથાશક્તિ ચાંદ્રાયણાદિક વ્રત અથવા ધારણાં-પારણાં જેવાં વ્રતો પણ કરવાં જોઈએ.

(૨) સર્વ પ્રકારે કુસંગનો ત્યાગ

બ્રહ્મચર્યપાલનમાં સૌથી મોટું વિઘાતક વિઘ્ન કુસંગ છે. આજના આ કલુષિત વાતાવરણમાં બ્રહ્મચર્યનો સંપૂર્ણ નાશ કરી નાખે એવા વિવિધ-વિકૃત સ્વરૂપે કુસંગ આજે વકરી રહ્યો છે. તેમાંય પણ વિશેષે કરીને તો ગંદી અને અશ્લીલ ફિલ્મોએ તો દાટ વાળી નાંખ્યો છે. પહેલાં તો થિયેટરોમાં જવું પડતું, આજે તો ઘેર ઘેર ટી.વી.રૂપે થિયેટરો થઈ ચૂક્યાં છે તેમાં અનેક પ્રકારની ચેનલો દ્વારા અથવા ચિત્રવિચિત્ર વિડીયો અને વીસીડી દ્વારા દુનિયાભરનો ખરાબમાં ખરાબ કચરો આજની પેઢીમાં ઠલવાઈ રહ્યો છે. એમાં પણ કૉમ્પ્યુટર દ્વારા, ઈન્ટરનેટ દ્વારા અનેક પ્રકારનાં અશ્લીલ દૃશ્યો બતાવતી અસંખ્ય વેબસાઈટોએ નખોદ વાળ્યું છે. એવી જ રીતે અશ્લીલ નવલકથાઓ, વાર્તાઓ, નિબંધો કે લેખો દ્વારા તથા એવાં ભયંકર ચિત્રોવાળાં સામયિકો દ્વારા પણ સમાજમાં વિકૃતિ વકરી રહી છે. ખરાબ ચિત્રો, સિનેમા, ખરાબ વાંચન અને સહશિક્ષણ દ્વારા તેમ જ સ્ત્રી-પુરુષોનાં

સાથે થતાં નાચગાન દ્વારા આજની પેઢીમાં અનેકગણી બદીઓ અને વિકૃતિઓ વધતી જાય છે. પશ્ચિમી વિકૃતિનું આંધળું અનુકરણ સૌને ભારે પડે એવું છે. તેથી આ પ્રકારનાં દૃશ્ય અને વાંચનથી સર્વથા, સર્વત્ર અને સર્વદા દૂર રહેવું જોઈએ.

કેટલાક લેખકો કે વક્તાઓ યુક્તિ-પ્રયુક્તિઓ કે તર્કો-વિતર્કો દ્વારા બ્રહ્મચર્યનું ખંડન કરનારા અને વિષયભોગનું પ્રતિપાદન કરનારા ઝેરી વિચારો ઓકતા હોય છે. તેનાથી પણ બચતાં રહેવુ જોઈએ. જે મુમુક્ષુઓને સાચી સાધના કરવી છે, યથાર્થ બ્રહ્મચર્ય પાળવું છે, તેમણે તો આવા અનેકરૂપે વિકસેલા અને વકરેલા કુસંગથી બચવું જ જોઈએ. કામોત્તેજક હોય એવાં કોઈપણ પ્રકારનાં ચિત્રો, દૃશ્યો કે વાંચનનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ, જેના સહવાસથી કે વિચારોથી બ્રહ્મચર્યભંગની શક્યતા વધતી હોય તેનો પણ ત્યાગ કરવો હિતાવહ છે.

(૩) આળસ, પ્રમાદ અને એકાંતવાસનો ત્યાગ

આ બધા દુર્ગુણો બ્રહ્મચર્યભંગમાં નિમિત્ત બને છે. 'નવરું મન નખ્ખોદ વાળે' એ કહેવતની સત્યતાનો અનુભવ ઓછાવત્તા અંશે લગભગ દરેકને થતો હોય છે. માટે આ દુર્ગુણોનો ત્યાગ કરીને સતત પ્રવૃત્તિશીલ, ઉદ્યમશીલ સ્વભાવ હોય અને જાહેરમાં કે સમૂહમાં રહેવાની સુટેવ હોય તો વિકારોને પ્રવેશવાની અને બ્રહ્મચર્યભંગની વૃત્તિ - શક્યતા ઘણી ઓછી થઈ જાય છે. ઊંઘનો પણ સંયમ કેળવવાની જરૂર છે.

(૪) નિયમિત યોગાસનો અને વ્યાયામ

બેઠાડું જીવનશૈલીવાળી વ્યક્તિએ તો ખાસ યોગાસનો અને વ્યાયામ કરવાં જોઈએ. આધુનિક યુગમાં વ્યાયામ કે કસરત ઉપર વિશેષ ભાર મુકાય છે. તેમ છતાં હમણાં હમણાં લોકોની દૃષ્ટિ યોગાસન ઉપર પડી છે. દેશ-વિદેશમાં યોગાસનોનું મહત્ત્વ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ વધ્યું છે.

આપણી પ્રાચીન પરંપરાએ તો શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ અને સ્વાસ્થ્ય માટે યોગાસનો ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. ઘણા યોગીઓ ૮૪ પ્રકારનાં યોગાસનો કરતાં હોય છે. આજના યુગમાં આટલાં

બધાં આસનો કરવાની જેને અનુકૂળતા ન હોય, તેઓ પોતાની અનુકૂળતા પ્રમાણે આસનો કરતાં હોય છે.

બ્રહ્મચર્યપાલનમાં અનુકૂળ આવે, સહાયભૂત થાય તેવાં મુખ્ય આસનો આટલાં છે : ૧. સિદ્ધાસન, ૨. પદ્માસન, ૩. શીર્ષાસન, ૪. સર્વાંગાસન, ૫. પાદપશ્ચિમોત્તાનાસન, ૬. મત્સ્યાસન, ૭. પાદાંગૃષ્ઠાસન. આ આસનો ઉપરાંત પ્રાણાયામનો નિત્ય અભ્યાસ પણ બ્રહ્મચર્યપાલનમાં ઘણો સહાયક બને છે.

(૫) સદ્‌ગ્રંથોનો સ્વાધ્યાય

બ્રહ્મચર્યપાલનમાં સહાયક એવું એક અંગ સ્વાધ્યાય છે. આત્મ-કલ્યાણની ઇચ્છાથી સત્શાસ્ત્રોનું અધ્યયન થતું હોય તેને સ્વાધ્યાય કહે છે. બ્રહ્મચારીએ ગીતા, ભાગવત, મહાભારત, રામાયણ તથા ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસનાને પુષ્ટિ આપે તેવાં ગ્રંથો - વચનામૃત, ગુણાતીતાનંદ સ્વામીની વાતો તેમ જ ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ પ્રમુખ-સ્વામી મહારાજનાં ઉપદેશ અને ચરિત્રોનું વાંચન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું અતિશય લાભદાયક છે.

આ ગ્રંથોનાં શ્રવણ, મનન કે ચિંતનમાં મન પરોવાયેલું રહેવાથી તે ખોટા-ઘાટ સંકલ્પોથી દૂર રહે છે, જે બ્રહ્મચર્ય-પાલન માટે જરૂરી છે. વળી, આ પ્રકારના ગ્રંથોના વાંચનથી સાચી સમજણ કેળવાય છે. આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થાય છે. ભગવાન અને સંતનો મહિમા દૃઢ થાય છે. એમનાં જીવન-પ્રસંગો અને ઉપદેશ-વચનોમાંથી બ્રહ્મચર્ય પાળવાની પ્રેરણા, શક્તિ અને માર્ગદર્શન મળે છે.

(૬) પ્રભુપરાયણ જીવન

બ્રહ્મચર્યપાલન માટે પરમેશ્વર પરાયણ જીવન બનાવવું ઘણું આવશ્યક છે. ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી, સર્વકર્તા, સદાદિવ્ય, સર્વસુખમય, સર્વત્ર, સર્વવ્યાપક અને સર્વજ્ઞ છે. તેઓ આપણાં સર્વે સારાં-ખોટાં, સ્થૂળ-

સૂક્ષ્મ કાર્યોને જુએ છે, જાણે છે અને સમજે છે. તેઓ સદૈવ મારા આત્મામાં સાક્ષાત્ બિરાજમાન છે.

આ પ્રકારના અનુસંધાન સાથે જ સર્વે પ્રકારની ક્રિયા, પ્રવૃત્તિ કરવી જોઈએ. અસાધારણ માહાત્મ્યે સહિત નવધાભક્તિમાં મન પરોવવું જોઈએ. દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ ભગવાનમય પ્રવૃત્તિમાં જ રત રહે તો અઘટિત વિચારવાની કે એવી પ્રવૃત્તિ કરવાની તક જ ન મળે. સાથે સાથે ભગવાન સંબંધી મન-કર્મ-વચને સેવા-પ્રવૃત્તિથી અંતઃકરણ શુદ્ધ થતું જાય. જગતના વિષયો પણ ટળતા જાય. અંતે ભગવાન અને સંતની કૃપાથી વાસના નિર્મૂળ થતી જાય.

(૭) ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ અને મનન

જેમણે પોતાના જીવનમાં બ્રહ્મચર્ય દૃઢપણે પાળ્યું છે એવા ત્યાગી-ગૃહસ્થોનાં ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ અને મનન કરવાથી ત્યાગી-ગૃહસ્થોને પોતપોતાના આશ્રમ પ્રમાણે બ્રહ્મચર્ય-પાલનની પ્રેરણા મળે અને તે પાળી શકાય છે એવો આત્મવિશ્વાસ પણ દૃઢ થાય. શુકદેવજી, શંકરાચાર્ય, ભીષ્મપિતામહ, હનુમાન, લક્ષ્મણજી, અનસૂયા, સીતાજી, સાવિત્રી જેવાં પરોક્ષ સંતો-ભક્તો તેમ જ આપણી સમગ્ર ગુણાતીત પરંપરા, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, સુરાખાચર, શિવલાલ શેઠ, લાડુબા, જીવુબા, રાજબા જેવાં સંપ્રદાયનાં સંતો-ભક્તોનાં આખ્યાનોનાં વારંવાર વાંચન, શ્રવણ અને મનનથી બ્રહ્મચર્ય પાળવાની પ્રેરણા અને પુષ્ટિ મળે છે. વળી, બ્રહ્મચર્ય પાળી શકાય છે એવો એક પ્રકારનો આત્મવિશ્વાસ પણ એનાથી પ્રગટે છે.

(૮) સંતસમાગમ

બ્રહ્મચર્ય સિદ્ધ કરવા માટે કે તેના લક્ષ્યરૂપ ભગવતપરાયણતા સિદ્ધ કરવા માટે કે બ્રહ્મચર્યપાલનમાં સહાયભૂત કોઈ પણ સાધન સિદ્ધ કરવા માટેનું રામબાણ શસ્ત્ર હોય તો તે છે સંતસમાગમ. ગુણાતીત સંત પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો મન-કર્મ-વચને સમાગમ નિષ્કપટભાવે કરવામાં આવે તો બ્રહ્મચર્યની સિદ્ધિ સહજ બને છે. એમના સમાગમમાં રહેવાથી એમની શક્તિશાળી વિચારધારાઓની, આધ્યાત્મિકશક્તિની અસર આપણા મન પર થાય છે. મન પવિત્ર થઈ જાય છે. મનમાંથી કામુક-

ભાવનાઓ અને સંસ્કારો નષ્ટ થાય છે. તેમના સાંનિધ્યમાં રહેવાથી બ્રહ્મચર્યનું પાલન કરવાનો શુભ સંકલ્પ થાય છે. તે માટે શ્રદ્ધા અને વિશ્વાસ-પૂર્વક પ્રયત્ન થાય છે. મન સાથેના સંઘર્ષમાં ધીરજ, હિંમત, બળ અને શ્રદ્ધા મળે છે. અંતે એમની કૃપાથી સફળતા પણ મળે છે.

(૯) પ્રતિલોમાદિક પાંચ સોપાનો..

બ્રહ્મચર્યની સાધનાને માર્ગે ચાલતાં ક્યારેક જાણતાં કે અજાણતાં કંઈક ભૂલ થઈ જાય તો તેનાથી ગભરાઈ જવાની કે એનાથી નાસીપાસ થઈને હિંમત હારી જવાની જરૂરિયાત નથી. એક વાર ભૂલ થઈ ગઈ એટલે હવે બ્રહ્મચર્ય પાળી જ નહિ શકાય એવા નિર્ણય ઉપર આવી જઈને પછી છૂટું ન મૂકી દેવાય.

કાદવમાં લપસી ગયા તો એમાં પડ્યા ન રહેવાય. થોડાંક કપડાં બગડી ગયાં એટલે પછી બધાં જ કપડાં બગાડી ન નંખાય. જેટલાં બચે એટલાં કપડાં કાદવથી બગડતાં બચાવી લેવાં જોઈએ. ઘરમાં ચોરી થઈ, એકાદ તિજોરી તૂટી, ચોર એમાંથી કંઈક લઈ ગયા એટલે પછી જે કાંઈ બચ્યું છે તે પણ છૂટું મૂકીને લૂંટાવી ન દેવાય. જેટલું કાંઈ બચ્યું છે તે પુનઃ ચોરાઈ ન જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ઘરમાં આગ લાગી, થોડું ઘણું બળી ગયું એટલે પછી બધું જ સળગવા ન દેવાય. જેટલું કાંઈ બચે તે બચાવી લેવું જોઈએ. એવી જ રીતે બ્રહ્મચર્યની બાબતમાં સંજોગવશાત્ કંઈક ભૂલ થઈ જાય એટલે એનું પાલન કરવામાં ઢીલાશ ન રખાય. જાણી-જોઈને ધર્મ ન લોપાય, પરંતુ મહારાજ-સ્વામીને પ્રાર્થના અને સ્તુતિ કરીને, વધારે સાવધાન અને શૂરવીર થઈને બ્રહ્મચર્ય-પાલનની વધારે દઢતા કરવી જોઈએ.

ભૂલ થાય એ વખતે પ્રતિલોમ, પરિતાપ, પ્રાયશ્ચિત્ત, પુરુષાર્થ અને પ્રાર્થનાનાં પાંચ સોપાનો દ્વારા થયેલ ભૂલ અંગે સત્પુરુષ પાસે નિષ્કપટ થઈને કંઈક પ્રાયશ્ચિત્ત કરીને એ ભૂલનું નિરાકરણ કરવું. ફરી વાર એવી ભૂલ ન થાય તે માટે પુરુષાર્થ કરવો. જેને લીધે એ ભૂલ થવાની શક્યતા ઊભી થઈ હોય તે દૂર કરવાનો પુરુષાર્થ કરવો જરૂરી છે. વસ્તુતઃ તો ભગવાન અને ગુણાતીત સંતને આર્તનાદથી કરેલી પ્રાર્થના જ બ્રહ્મચર્ય-પાલન માટે પ્રેરણા અને શક્તિ પૂરી પાડશે. આ વ્રતમાં અતિશય દઢ અને

સ્થિર થવાય, માયાના પ્રબળ પ્રવાહ સામે ટકી શકાય, વિજયી થઈ શકાય એ માટે જરૂરી બળ પ્રાર્થના દ્વારા જ પ્રાપ્ત થશે.

● બ્રહ્મચર્ય વિરોધી કેટલીક ભ્રામક ગેરસમજણો અને તેનું નિરાકરણ

આપણા શાસ્ત્રકારોએ, અવતારી પુરુષોએ, મહાન સંતોએ અને વિશ્વભરના કેટલાક ઈતરધર્મીઓએ પણ બ્રહ્મચર્યનો અપરંપાર મહિમા ગાયો છે. ભૌતિક જીવનમાં અને વિશેષ કરીને તો આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ કરવા ઈચ્છનાર દરેક સાધકે બ્રહ્મચર્ય અવશ્ય પાળવું જોઈએ એવું તેમણે ભારપૂર્વક અને આગ્રહપૂર્વક કહ્યું છે. તેમ છતાં કેટલાક બિનઅનુભવી અને પોતાની જાતને બુદ્ધિશાળી માની બેઠેલા કેટલાક કહેવાતા બુદ્ધિજીવીઓ ઘણીવાર બ્રહ્મચર્ય વિરોધી કેટલીક દલીલો કરીને પોતાનાં લેખોમાં, પુસ્તકોમાં કે પ્રવચનોમાં બ્રહ્મચર્ય વિષે ગેરસમજણો ફેલાવતા હોય છે. સાચા મુમુક્ષુઓએ આવી દલીલોમાં અટવાઈ ન જવાય અને ખોટે રવાડે ચડી ન જવાય તે માટે આવી દલીલો અને ગેરસમજણોથી સાવધાન રહેવું જોઈએ. એવી વિકૃત દલીલોનું સંતોષકારક સમાધાન મેળવી લેવું જોઈએ. અહીં આપણે કેટલીક દલીલોનું નિરાકરણ વિચારીએ :

દલીલ-૧ : બ્રહ્મચર્ય અસ્વાભાવિક છે, અકુદરતી છે. આહાર, નિદ્રા, કુદરતી હાજત (મળ-મૂત્રનો ત્યાગ) વગેરેની જેમ મૈથુનવૃત્તિ કે જાતીયવૃત્તિ સહજ છે. તેને દબાવવાથી વિકૃતિ આવે, શારીરિક અને માનસિક રીતે ઘણું નુકસાન થાય. તેથી બ્રહ્મચર્ય પાળવું યોગ્ય નથી.

સમાધાન : અહીં બ્રહ્મચર્યને અસ્વાભાવિક અકુદરતી અને મૈથુનવૃત્તિને સ્વાભાવિક કે કુદરતી કહેવા માટે કામવાસનાને આહાર, નિદ્રા કે કુદરતી હાજતની સાથે જે સરખામણી કરી છે, એમાં જ પાયાની ભૂલ છે. બાળકનો જન્મ થાય ત્યારથી માંડીને જીવનના અંત સુધી આહાર, નિદ્રા કે મળ-મૂત્રના ત્યાગની આવશ્યકતા રહે છે, કામની તૃપ્તિની નહિ. બાળાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં પણ કેટલાંય વર્ષો સુધી કામની તૃપ્તિ વગર રહી શકાય છે. આહાર, નિદ્રા કે મળ-મૂત્રના ત્યાગ વગર જીવવું જ મુશ્કેલ બની જાય છે. તેથી મૈથુનવૃત્તિને ભૂખ, તરસ, નિદ્રા કે કુદરતી હાજત સાથે સરખાવી જ ન શકાય.

જો કામવાસના જેવી સ્વાભાવિક વૃત્તિને ટાળવી ન જોઈએ, દબાવવી ન જોઈએ એ જ દલીલ હોય તો જગતમાં દુ:ખ પણ સ્વાભાવિક છે. દેહના રોગ પણ દેહનો સ્વાભાવિક ધર્મ છે. છતાં બધા લોકો દુ:ખ કે રોગને ટાળવા કંઈક ને કંઈક પ્રયત્ન કરે જ છે. એવી જ રીતે ધારો કે કામવાસના સ્વાભાવિક હોય તોપણ તેનાથી મુક્ત થવા અર્થાત્ બ્રહ્મચર્ય પાળવા સહુ કોઈએ મથવું જોઈએ, પ્રયત્ન કરવો જોઈએ. તેમાં સિદ્ધિ મેળવવી જોઈએ. એવા પ્રયત્નકર્તાઓને એવી સિદ્ધિ મળ્યાનાં ભૂતકાળથી આજ સુધી સેંકડો ઉદાહરણો મળે જ છે.

બ્રહ્મચર્ય અકુદરતી હોવાથી એ નુકસાનકર્તા છે એ દલીલના પ્રત્યુત્તરના સંદર્ભમાં બ્રહ્મચર્યનો અર્થ પ્રથમ સમજી લઈએ. બ્રહ્મચર્યનો દેહલક્ષી એક અર્થ એ કે પોતાનાં શરીરમાં રહેલા અને ઉત્પન્ન થતા વીર્યને સંગ્રહી રાખવું. વીર્યરક્ષા કરવી. મનના અનુસંધાનમાં એનો બીજો અર્થ એ કે મનની મલિન-વાસના રહિત પવિત્ર સ્થિતિ.

વીર્યરક્ષા કે બ્રહ્મચર્ય-પાલનના જે લાભ ઉપર જણાવ્યા છે તે જોતાં વીર્યરક્ષાથી કે બ્રહ્મચર્યથી નુકસાન થાય છે એમ કહેવું એ તો મૂર્ખતાની કે અજ્ઞાનતાની અવધિ કહેવાય. બ્રહ્મચર્યથી થતા ફાયદાઓ વિષે એ માર્ગે ચાલનારા મહાન પુરુષોએ પોતાના સ્વાનુભવના આધારે વાત કરી છે. એમને કોઈ ને કોઈ પ્રકારના નુકસાનનો અનુભવ નથી થયો.

જે વ્યક્તિ આ માર્ગે એક ડગલુંય ભરવા સંકલ્પ પણ ન કરે, ચાલવાનો પ્રયત્ન પણ ન કરે અને વાસનાના વમળમાં અટવાઈને વિષયભોગમાં ચકચૂર થઈને પોતાના વિષયભોગને ન્યાયી ઠેરવવા વાહિયાત દલીલો કરે તેમાં સત્યપણાનો અંશેય શોધ્યો જડે તેમ નથી. શુકદેવજી, હનુમાનજી, લક્ષ્મણજી, ભીષ્મપિતામહ જેવા મહાપુરુષોને કે શ્રીજીમહારાજનાં સુરાખાચર, શિવલાલ શેઠ, લાડુબા, જીવુબા, રાજબા જેવાં અનેક હરિભક્તો તથા પરમહંસો તેમ જ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુણાતીત પુરુષોને અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવાથી ક્યું નુકસાન થયું છે ? આ સર્વે મહાપુરુષોની ભવ્ય સફળતાનું કારણ જ બ્રહ્મચર્યની તાકાત છે.

બ્રહ્મચર્ય પાળવાથી શારીરિક અને માનસિક વિકૃતિ આવવાથી શરીરને

વધુ નુકસાન થાય એ જો હકીકત જ હોત તો એનો અર્થ એવો પણ થાય કે જેટલા વધુ વિષયો ભોગવે એટલું શરીર વધારે સારું, સુદૃઢ અને સ્વસ્થ બને. શું આ હકીકત છે ? સિંહ કરતાં ભૂંડડાં વધારે વિષયો ભોગવે છે તેથી સિંહ કરતાં ભૂંડડાંનાં શરીર વધારે સ્વસ્થ, સબળ થવાં જોઈએને ? વસ્તુત : તો એ વાત જ પાયા વગરની છે. બળદ ભલે સમજીને બ્રહ્મચર્ય નથી પાળતો, ભલે તેને કર્મવશ પાળવું પડતું હોય, છતાં એમનાં શરીરમાં કયા પ્રકારની વિકૃતિ આવે છે ? ગાય, ભેંસ વગેરે પશુઓને પણ સંયમ હોય છે, અરે ! કૂતરાંઓનાં જીવનમાં પણ સંયમ જોવા મળે છે. આખા વરસના અમુક દિવસોમાં જ એ પ્રકારના વિષયો ભોગવે છે, તો બાકીના દિવસોમાં કયા પ્રકારની વિકૃતિ જોવામાં આવે છે ? જો કર્મવશ અથવા તો પરતંત્રતાને લીધે પશુઓમાં આ પ્રકારનો સંયમ રાખવા છતાં વિકૃતિ ન આવતી હોય તો મુમુક્ષુઓ ઊંચા આદર્શોને જીવનમાં આત્મસાત્ કરવાના એક શુભ હેતુથી સમજી-વિચારીને બ્રહ્મચર્ય-પાલનની પ્રતિજ્ઞા સાથે પ્રયત્ન કરતા હોય તેમાં વિકૃતિ કેમ સંભવે ? એમને બ્રહ્મચર્યથી નુકસાન કેવી રીતે થાય ?

દલીલ-૨ : બહારથી ત્યાગ અને અંતરમાં રાગ એ ખોટો માર્ગ છે. બ્રહ્મચર્યને માર્ગે ચાલવું એ નર્યો દંભ જ છે. કારણ કે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી જ ન શકાય તેથી ત્યાગીઓ માટે અષ્ટાંગ બ્રહ્મચર્ય શક્ય નથી.

સમાધાન : બહારથી ત્યાગ અને અંતરથી રાગ એ જરૂર ખોટો માર્ગ છે. એ દંભ પણ કહી શકાય, પરંતુ વાસના ટાળવા માટે પ્રામાણિકતાથી સંઘર્ષ કરવો, પુરુષાર્થ કરવો એ દંભ નથી. જે કાંઈ મનમાં વિચાર આવે તે જ પ્રમાણે દેહથી આચરણ કરવું એ શું નિર્દંભપણું છે ? ક્યારેક મા, બહેન કે યુવાન દીકરી સાથે એકાંતમાં બેસવાથી ખરાબ વિચાર આવે તો તદનુસાર આચરણ કરવું એ શું નિર્દંભપણું છે ? અને એવું વર્તન ન કરવું, દેહ ઉપર સંયમ કેળવવો, મનના સંકલ્પો ટાળવા એ શું દંભ છે ? કોઈની મિલકત લઈ લેવાના વિચાર આવે, કોઈની હત્યા કરવાનો સંકલ્પ થાય, કોઈના ઘરમાં ઘૂસી જવાનો અને ચોરી કરવાનો કે લાંચ લેવાનો વિચાર આવે, બિનજરૂરી ઑપરેશન કરવાની કે ખાદ્ય પદાર્થો અને દવામાં ભેળસેળ કરવાની ઇચ્છા થાય તો તે પ્રમાણે કાર્ય કરી નાખવું એ શું નિર્દંભપણું છે ? અને તદનુસાર પ્રવૃત્તિ ન કરવી એ શું દંભ છે ? એ જ રીતે મનમાં મૈથુનવૃત્તિના વિચાર

આવે તેનો સંયમ કરવાને બદલે, તે ટાળવાનો પુરુષાર્થ કરવાને બદલે વિચાર આવે એટલે તદનુસાર દૈહિક પ્રવૃત્તિ કરવી એ શું નિર્દંભપણું છે ? રસ્તામાં કોઈ પણ સ્ત્રીને જોતાં ખરાબ વિચાર આવે તો તે રોકવાને બદલે ત્યાં અને ત્યારે જ એની સાથે વ્યભિચાર કરવો એ શું નિર્દંભપણું છે ? એ દૃષ્ટિએ તો કૂતરાં, ગધેડાં, ભૂંડ વગેરે પશુઓ તો નિર્દંભપણાંમાં નંબર મારી જાય. સૌથી શ્રેષ્ઠ નિર્દંભ તો પશુઓ જ ગણાય. જેવા અંદર એવા જ બહાર વર્તવું એ જ નિર્દંભપણું હોય તો માણસોએ પશુની જેમ કપડાં જ ન પહેરવાં જોઈએ. કપડાં પહેરીને માણસ પોતાની જાતને ઢાંકવાનો દંભ જ કરે છે ને ?

વસ્તુતઃ દંભ એટલે શું ? તે સમજવાની જરૂરિયાત છે. જે સદ્‌ગુણો પોતાનામાં ન હોય તે બતાવવા, ઓછા હોય તો વધુ બતાવવા, પોતે જે નથી છતાં એવા હોવાનો ઢોંગ કરવો એ દંભ છે.

પરંતુ બહારથી ત્યાગપૂર્વક, અંતરના સંકલ્પો સામે સમજણપૂર્વક સંઘર્ષ કરીને તેને શમાવવાનો કે ટાળવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો એ દંભ નથી, પરંતુ હિંમતપૂર્વકની શૂરવીરતા છે. વિદ્યાર્થીને શરૂઆતમાં કોઈ વિદ્યા આવડતી નથી. એ શીખવાનો પ્રયત્ન કરવો તે દંભ નથી. આજની વિદ્યાની કોઈ પણ શાખાનું જ્ઞાન બાળકને જન્મતાંની સાથે સાહજિક નથી. સાઇકલ, કૉમ્પ્યુટર, તબલાં, હાર્મોનિયમ જન્મતાંની સાથે સહજ કોઈને નથી આવડતાં. એ સાહજિક કે સ્વાભાવિક નથી. છતાં એ શીખવાનો પ્રયત્ન કરવો એ દંભ નથી. કદાચ એમાં ક્યારેક નિષ્ફળ પણ જાય, પરંતુ અંતે એમાં જ નિષ્ણાત થઈ શકે છે. મોટો વિશ્વપ્રસિદ્ધ ડૉક્ટર, એન્જિનિયર કે સંગીતકાર થઈ શકે છે. એવી જ રીતે બ્રહ્મચર્ય-પાલન ભલે જન્મતાંની સાથે સાહજિક નથી, પરંતુ ભગવાન અને ગુણાતીત સંતના આશરે રહીને એમના માર્ગદર્શન અનુસાર સાધક પ્રામાણિક પુરુષાર્થ કરે, તો એમની કૃપાથી આ બ્રહ્મચર્યના ગુણમાં પણ નિષ્ણાત થઈ શકે છે. શરૂઆતમાં તો એકડો ઘૂંટવો કે સાઇકલ ચલાવવી એમાં પણ શારીરિક અને માનસિક સંઘર્ષ છે જ. ન આવડે, ન ફાવે, પડે, વાગે, એમાં હતાશા પણ આવે, પરંતુ પ્રયત્ન ચાલુ રાખે તો અંતે સફળતા મળે. એમ આ માર્ગમાં પણ જરૂર સફળતા મળે જ.

જો કે બ્રહ્મચર્યનો માર્ગ વધુ કઠિન છે, આ ધારીએ એટલું સહેલું નથી એ હકીકત છે, તેમ છતાં એ અશક્ય તો નથી જ.

જન્મજાત આંધળો માણસ સૂર્ય ન હોવા માટે ગમે તેટલી દલીલ કરે, પરંતુ એની પ્રમાણભૂતતા કેટલી ? જન્મજાત બહેરો માણસ સંગીત વિષે કેવો અભિપ્રાય આપી શકે ? કદાચ કોઈક આપે તો તેની પ્રમાણભૂતતા કેટલી ? વિષ્ટાના કીડા મોગરાની સુગંધ વિષે શો અભિપ્રાય આપે ? કદાચ આપે તો એની કિંમત કેટલી ? આવા લોકોના નકારાત્મક અભિપ્રાયથી સૂર્ય, સંગીત કે મોગરાનું અસ્તિત્વ જરાય જોખમાતું નથી. એવી જ રીતે જે લોકો વિષયમાં ચકચૂર છે, જેમને બ્રહ્મચર્યના પાલનનો લેશમાત્ર અનુભવ નથી, એવા લોકોની વાહિયાત દલીલોમાં તથ્ય પણ શું હોય ? એવા લોકોની ભ્રામક દલીલોથી બ્રહ્મચર્યની વાત ખોટી થઈ જતી નથી. ભારતના ઋષિમુનિઓએ, મહાન સંતોએ બ્રહ્મચર્યનો મહિમા ગાઈને પાળવાના અને સિદ્ધ કરવાના ઉપાયો બતાવ્યા છે. એ બધાં શું મૂર્ખાઓ હતા ? અજ્ઞાની હતા ? દંભી હતા ? જો બ્રહ્મચર્ય સંપૂર્ણ પાળી જ શકાતું ન હોય તો તેની વાતો જ શા માટે કરે ? એના ઉપાયો શા માટે બતાવે ? એમની એ બધી વાતો શું ટાઢા પહોરનાં ગપ્પાં છે ? ના, ના અને ના. એમની વાતો સો એ સો ટકા સાચી જ છે. કારણ કે એમનો એ જાત-અનુભવ હતો. વળી, એમને ખોટું બોલવાનો સ્વાર્થ નહોતો.

કદાચ પોતે ન પાળી શકતા હોય એટલે શું મનાઈ-હુકમ જ ફરમાવવાનો કે કોઈ પાળી શકે તેમ જ નથી ? પોતે માંસાહાર કર્યા વગર, દારૂ પીધા વગર કે ભ્રષ્ટાચાર અને કૌભાંડ કર્યા વગર રહી શકતા ન હોય એટલે શું એવું પ્રતિપાદન કરવાનું કે વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ માંસાહાર, દારૂ, ભ્રષ્ટાચાર કે કૌભાંડ વગર રહી જ ન શકે ? કોઈક વ્યક્તિની વિષય-વાસનાથી સડેલા અને ગંધાતા આવા એના વિચારો અનુસાર કોઈક ન વર્તે અને શાકાહારી, નિર્વ્યસની કે નીતિમય જીવન જીવવાનો પ્રયત્ન કરે તો તેને શું દંભી કહેવાય ? એમનો આવો પ્રયત્ન શું નિરર્થક છે ? શું આવું જીવન જીવવું અશક્ય છે ? ના, ના અને ના. પૃથ્વી પરના કરોડો લોકો માંસ, દારૂ કે ભ્રષ્ટાચાર વગર પ્રામાણિક અને પવિત્ર જીવન જીવી શકે છે.

એવરેસ્ટ ઉપર, ઉત્તર ધ્રુવ કે દક્ષિણ ધ્રુવ ઉપર અથવા તો ચંદ્ર ઉપર જઈ જ ન શકાય તેવું બોલનારા આજે પણ કેટલા છે ? છતાં શું એ અશક્ય છે ? પક્ષીની માફક આકાશમાં માણસ પણ ઊડી શકે તેવી વાતો કરનારા

રાઈટબ્રધર્સને લોકો પાગલ જ કહેતા હતા ને ? પણ શું એ અશક્ય હતું ?

એમ, આ પૃથ્વી પર હજારો-લાખો લોકોએ આજીવન બ્રહ્મચર્ય પાળવાનો પુરુષાર્થ કર્યો છે. અને અંતે સફળ થયા છે. શક્ય છે કે શરૂમાં સંઘર્ષ કરવો પડ્યો હોય, કદાચ નિષ્ફળતા પણ મળી હોય, પરંતુ અંતે આત્મસાત્ કરીને જ રહ્યા છે. કોઈક એક માણસ રાત-દિવસ દારૂ પીએ, વ્યભિચાર કરે, બીડી પીએ, ડ્રગ્ઝ લે અને ચોરી કરે છે. બીજો કોઈક આવું ન કરવાનો નિયમ લે છે. આ નિયમ દૃઢતાપૂર્વક પાળવા માટે પ્રામાણિક પુરુષાર્થ કરે છે. છતાં કોઈ પણ કારણસર કદાચ ભૂલ થઈ જાય છે. નિયમ લોપાઈ જાય છે. એની એને બળતરા પણ થાય છે. તે માટે પશ્ચાત્તાપ પણ કરે છે. એનું પ્રાયશ્ચિત્ત પણ કરે છે. ફરી ભૂલ ન થાય તે માટે સજાગ રહે છે. એ માટે પુરુષાર્થ પણ કરે છે. અંતે એમાં સફળ થાય છે. આ બે વ્યક્તિમાંથી કોણ શ્રેષ્ઠ ? શું પ્રથમ વ્યક્તિ નિર્દંભ કહેવાય ? બીજી વ્યક્તિ દંભી કહેવાય ? શું પ્રથમ વ્યક્તિનો માર્ગ સાચો છે ? શું બીજી વ્યક્તિનો માર્ગ ખોટો છે ?

માટે અષ્ટાંગ બ્રહ્મચર્યનો માર્ગ ખોટો નથી. એ માર્ગે ચાલી શકાય છે. આ ગગનકુસુમવત્ અશક્ય સાધના નથી. ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં જેમણે સંપૂર્ણ બ્રહ્મચર્ય આજીવન પાળ્યું હોય એવા સ્ત્રી-પુરુષોની સંખ્યા નાની સૂની નથી. અસંખ્ય વીરલાઓએ આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને પોતાના જીવનને ભવ્ય અને દિવ્ય બનાવ્યું છે. તેમણે પોતાના સ્વાનુભવને આધારે ભવિષ્યના મુમુક્ષુઓ માટે માર્ગદર્શન પણ આવ્યું છે. આપણા સંપ્રદાયમાં પણ શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી કેટલાય સ્ત્રી-પુરુષોએ ગૃહસ્થાશ્રમમાં પગલા માંડ્યા છતાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યું છે અને આજે પણ પાળી રહ્યા છે.

દલીલ-૧ : જો બધા જ બ્રહ્મચર્ય પાળશે તો પ્રજાતંતુ નહિ ચાલતાં કાળાંતરે સૃષ્ટિનો અંત આવી જશે. બ્રહ્મચર્ય પાળીને માણસ પ્રજાપતિના સંસાર ચલાવવાના હેતુની વિરુદ્ધ વર્તે છે. એક બ્રહ્મચારી નહિ પરણવાથી સંતાનરૂપે અવતર્યા હોત તેવા ચાર-પાંચ જીવને જન્મ લેતાં અટકાવે છે. આ રીતે વિશ્વમાં પ્રજાતંતુ ચાલુ રાખવાની ઈશ્વરની ઈચ્છાથી વિરુદ્ધ તે કાર્ય કરે છે. તેથી સંપૂર્ણ બ્રહ્મચર્યના માર્ગે ચાલવું યોગ્ય નથી.

સમાધાન : આ દલીલ પણ કેવી વાહિયાત અને મૂર્ખતાનું તથા

અજ્ઞાનતાનું પ્રદર્શન કરનારી છે ?

વિશ્વનું સંચાલન ચાલુ રહે તેની જવાબદારી કોણે આપણા શિરે નાખી છે ? શું આવો ચિંતાભાર નિરર્થક અને અયોગ્ય નથી ?

શું આ દુનિયાના બધા જ માણસો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાના છે ? આવી દલીલ કરનાર પોતે તો બ્રહ્મચર્ય નથી જ પાળવાનો, એટલે એનાથી પણ પ્રજાતંતુ ચાલુ જ રહેવાનો. એના જેવા બીજા લાખો-કરોડો છે, એટલે સૃષ્ટિનો અંત આવી જશે એવી કોઈને ચિંતા કરવાની જરૂરિયાત જ નથી. ડૉક્ટરનો અભ્યાસ શરૂ કરનારને શું એવી ચિંતા થાય છે કે દુનિયાના બધા માણસો ડૉક્ટર થઈ જશે તો પછી એન્જિનિયર, શિક્ષક, વકીલ કોણ થશે ? કદાચ કોઈક કાપડનો ધંધો શરૂ કરે તો એવો વિચાર કરે છે ખરા કે જો બધા જ કાપડનો ધંધો શરૂ કરશે તો શાકભાજી કોણ વેચશે ? સાઇકલ, સ્કુટર, ગાડી, કોણ વેંચશે ? ફ્રીઝ રીપેર કોણ કરશે ? આવા વિચાર કરનારને મૂરખના સરદાર સિવાય બીજી કઈ ડીગ્રી આપી શકાય ? એવી જ રીતે બધા સાધુ થઈ જશે, બધા બ્રહ્મચર્ય પાળશે તો જગતનું શું થશે એવી ચિંતા કરનારાને કઈ ઉપમા આપવી એ સમજાતું જ નથી.

આના જેવી બીજી ઘણી દલીલો કરનારા બીજા પણ ઘણા લોકો હશે. જેઓને વિષયભોગમાં ગરકાવ રહેવું છે, જેમણે એને જ જીવનના એક લક્ષ્ય તરીકે સ્વીકાર્યું છે, તેઓ પોતાના આ વિષયભોગને યોગ્ય ઠરાવવા માટે જ આવી દલીલો કરીને સમાજમાં ગેરસમજણો ફેલાવતા હોય છે. સંયમ અને ચારિત્ર્યના ઉત્કૃષ્ટ વિચારો આપવાને બદલે વિષયથી ખરડાયેલા અને ગંધાતા વિચારો દ્વારા આજની યુવા-પેઢીને ગેરમાર્ગે દોરીને અધ:પતનના માર્ગે ખેંચી જવાની આ એક પ્રકારની ભયંકર પ્રવૃત્તિ છે. સાચા મુમુક્ષુઓએ તો આપણા શાસ્ત્રો અને સંતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને હાનિકારક ઝેરી વિચારો, દલીલો અને ગેરસમજણોથી દૂર રહેવું જોઈએ.

૮.૧.૧૪ વિવેક

- **વિવેકની આવશ્યકતા**

સામાન્યપણે વિવેક એટલે વિશેષપણે વિચારવાની શક્તિ. અહીં સાધકની અપેક્ષાએ પોતાના આત્માને શું હિતકર છે અને શું અહિતકર છે

એમ સમજીને યથાર્થપણે નક્કી કરવું તે વિવેક છે. ટૂંકમાં ખરા-ખોટા અર્થાત્ સત્-અસત્ વચ્ચેનો ભેદ સમજવો તે વિવેક છે. વિવેક એક ગુણ છે, જ્યારે અવિવેક એક દોષ છે. વ્યાવહારિક જીવનમાં પણ વિવેક જરૂરી છે. ક્યાં, ક્યારે, કોની સાથે કેવી રીતે વર્તવું એવો વિવેક હોય તો જ વ્યક્તિ સુખી થાય છે. વિવેક વગર અર્થાત્ સત્-અસત્‌નો ખ્યાલ રાખ્યા વગર વર્તે તો દુઃખી જ થાય અને જીવન ડોળાય, અટવાય, મુશ્કેલીમાં મુકાય. શું ખાવું-પીવું અને શું નહિ, કોને કઈ વાત કરવી અને કઈ નહિ, કોની સોબત કરવી અને કોની નહિ, કયો ધંધો કરવો અને કયો નહિ, ક્યાં કેટલા પૈસા ખર્ચવા અને કયાં નહિ, શું લેવું અને શું નહિ, શું દેવું અને શું નહિ વગેરે સમજીને કરે તો સુખી થાય અને સમજ્યા વગર કરે તો દુઃખી થાય.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "વિવેક વિનાના દરેકની સાથે સરખો વ્યવહાર કરે, તે ક્યારેય સુખી થાય નહિ." *(પૂર : ૫, તરંગ : ૬૯)*

◆ "વિવેક વિના પ્રાણી દુઃખી થાય છે." *(પૂર : ૬, તરંગ : ૭૮)*

◆ "વિવેક વિના દુઃખનો પાર નથી." *(પૂર : ૮, તરંગ : ૬)*

આ જ ગ્રંથમાં આધારાનંદ સ્વામી કહે છે :

◆ "જેને વિવેકરૂપી નેત્ર છે તેને પોતાના દોષ જોવામાં આવે... જેને નેત્ર નાશ પામ્યાં હોય તેને આરસી કે સૂર્યપ્રકાશ કંઈ બતાવી શકતા નથી. વિવેક વિનાના જીવનને જીવન જ કહેવાય નહિ." *(પૂર : ૧૧, તરંગ : ૧૭)*

◆ "જેમ જીવ વિનાનું શરીર તથા રાજા વિનાનું નગર નિરર્થક છે, તેમ વિવેક વિનાની બધી જ વાતો વ્યર્થ છે. વિવેક વિનાનો માણસ બાળબુદ્ધિ છે. વિવેકનું ફળ એ જ છે કે તેને સત્સંગ સિવાય અન્યમાં ભાવ રહેતો નથી." *(પૂર : ૨૭, તરંગ : ૩૬)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "વિવેક દશમો નિધિ કહ્યો છે, તેનું ગ્રહણ કરશો તો સુખ થાશે." *(૬/૪૪)*

◆ "વિવેક હોય તો સુખ રહે." *(૧૪/૨૦૭)*

આ રીતે લૌકિક જીવનમાં પણ સુખી થવા માટે સર્વત્ર અને સદૈવ વિવેકની જરૂરિયાત છે. એક ક્ષણ પણ વિવેક વગર ચાલે નહિ.

જો વ્યવહારમાં પણ વિવેક વગર ન ચાલતું હોય, સુખી ન થવાતું હોય, આગળ ન વધાતું હોય, સફળ ન થવાતું હોય તો પછી અધ્યાત્મ-માર્ગમાં વિવેકની કેટલી જરૂરિયાત હોય તે સમજી શકાય તેમ છે. પરમાર્થ-માર્ગનું તો મૂળ જ વિવેક છે. જ્યાં સુધી સાધકના જીવનમાં વિવેક ઉદય ન થાય ત્યાં સુધી તેણે મોક્ષ-માર્ગમાં ચાલવાનું ખરેખર શરૂ કર્યું જ નથી. આ માર્ગે પ્રયાણ કરનાર સાધકે સત્-અસત્‌નો વિવેક શરૂઆતથી જ સમજવાનો છે. મુમુક્ષુ વિવેકને આધારે જ દેહ, જગત અને જગતના પદાર્થો, વિષયો અને વિવિધ પ્રકારના ભોગો અસત્ છે, નાશવંત છે, દુઃખરૂપ છે એમ સમજીને સત્ એવા આત્મા અને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો છે એવો સંકલ્પ કરે છે. પછી તે વિવેકની આંખે જોઈને જ ખોટા ગુરુનો ત્યાગ કરીને સાચા ગુણાતીત સંતનો ગુરુ તરીકે સ્વીકાર કરે છે.

આમ, સાધક વિવેકના ગુણથી જ અધ્યાત્મ-માર્ગમાં સાચાં પગલાં ભરે છે. આ માર્ગે પ્રયાણ કર્યા પછી પણ ડગલે અને પગલે વિવેકની જરૂરિયાત રહે છે. સત્સંગ શું અને કુસંગ શું ? ભક્ષ્ય શું અને અભક્ષ્ય શું ? શ્રોતવ્ય શું અને અશ્રોતવ્ય શું ? વક્તવ્ય શું અને અવક્તવ્ય શું ? દર્શનીય શું અને અદર્શનીય શું ? કર્તવ્ય શું અને અકર્તવ્ય શું ? સદ્‌વિચાર શું અને અસદ્‌વિચાર શું ? સત્કર્મ શું અને કુકર્મ શું ? સદ્‌ગુણો એટલે શું અને દુર્ગુણો એટલે શું ? ધર્મ એટલે શું અને અધર્મ એટલે શું ? આ દરેક પ્રકારનો વિવેક સમજીને જે અસત્ છે તેનો ત્યાગ કરીને જે સત્ છે તે જ ગ્રહણ કરવું જોઈએ. સાધકે પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક પ્રવૃત્તિ મન, કર્મ અને વચને કરતાં પહેલાં, કરતી વખતે અને કર્યા પછી વિવેકની આંખે જોવાનું રહે છે કે આ કર્મથી મારું હિત થશે કે અહિત ? આનાથી મારું બંધન વધશે કે ઘટશે ? આનાથી ભગવાન અને સંત રાજી થશે કે કુરાજી ? જો સાધક યથાર્થ વિવેક-દૃષ્ટિથી વિચારે તો જ તે સાધનાની સાચી દિશામાં પ્રગતિ કરી શકે.

અધ્યાત્મ-સાધનામાં જે વિવેકની અત્યંત આવશ્યકતા છે, એવો આધ્યાત્મિક વિવેક એટલે શું, જેના જીવનમાં આવો વિવેક હોય તે કેવી રીતે વર્તે અને તેનાથી તેને શો લાભ થાય, તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૬ – “આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને

દેખે છે; અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે.''

પ્ર.૧૬ – ''જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેનો જે ગુણ તેનું જ ગ્રહણ કરે. અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ. અને ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનને વિષે સંશય કરે નહિ. અને સંત કહે જે, 'તું દેહ-ઇન્દ્રિય-મન-પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું અને એ દેહાદિક સર્વે અસત્ય છે' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ. અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવાં પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહિ. અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.''

કા.૧૦ – ''જે વિવેકી હોય તે તો જાણીને પોતાનાં દેહ-ઇન્દ્રિયોને દમીને તપ કરે છે.''

ટૂંકમાં, એટલું કહી શકાય કે જેનામાં યથાર્થ વિવેક છે તેવો સાધક તો જેનાથી પોતાને સાચો અને સંપૂર્ણ લાભ થાય, પોતાના પર ભગવાન અને સંત અતિશય રાજી થાય તેવું જ ખાય, પીએ, કરે, બોલે, સાંભળે, વાંચે, જુએ, વિચારે, સમજે, માને અને વર્તે.

જેનાથી પોતાને નુકસાન થાય, આધ્યાત્મિક માર્ગમાં વિઘ્ન આવે, ભગવાન અને સંત રાજી ન થાય એવું કર્મ તો એ ક્યારેય, ક્યાંય અને કોઈ પણ સંજોગોમાં કરે જ નહિ.

● લૌકિક વિવેક અને આધ્યાત્મિક વિવેક વચ્ચેનો તફાવત

લોક-વ્યવહારમાં જે વિવેક છે તેનાથી અધ્યાત્મ-માર્ગનો વિવેક ઘણો

જુદો પડે છે. લૌકિક વિવેક બહારથી રાખવો પડે છે, અંતરમાં ભાવ ન પણ હોય. ફક્ત શિષ્ટાચાર ખાતર મોટા સાથે, અધિકારી સાથે વિવેક રાખવો પડે. ભલે એની જરૂરિયાત છે, પરંતુ એનું ફળ અતિ અલ્પ છે. લૌકિક દૃષ્ટિએ લાભ થાય. મુશ્કેલી આવતાં અટકે. તેમ છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ એનું મૂલ્ય ઘણું ઓછું છે. એ દૃષ્ટિએ એનું ફળ ઘણું ગૌણ છે. જ્યારે આધ્યાત્મિક વિવેક તો વાસ્તવિકતા ઉપર, સચ્ચાઈ અને પ્રામાણિકતા ઉપર ઊભો છે. એનું મૂલ્ય અને મહત્ત્વ સવિશેષ છે. લૌકિક વિવેક કરતાં તો અનંતગણું વિશેષ છે.

લૌકિક વિવેકમાં શિસ્ત એ શિષ્ટાચાર છે. લોકમાં વ્યવસ્થાતંત્ર જળવાય તે માટે તે કડકપણે પાળવો પડે. આધ્યાત્મિક વિવેકમાં ક્યારેક બાંધછોડ કરવી પડે. અહીં બાહ્ય શિસ્તનું કડકાઈથી પાલન ન થઈ શકે. એમાં ક્યારેક વ્યક્તિ અને એના સંજોગો પ્રમાણે છૂટછાટ લેવી પડે. ક્યારેક બાહ્ય શિસ્ત જતી કરવી પડે. લૌકિક વિવેક દેહનું સારું થાય, લોકમાં સારું દેખાય તે માટે છે, જ્યારે આધ્યાત્મિક વિવેક આત્માનું હિત થાય તે માટે છે. તેથી ક્યારેક એવું બને કે લોકમાં જે વિવેક છે તે આધ્યાત્મિક દૃષ્ટિએ અવિવેક ઠરે અને લોકમાં જેને અવિવેક કહેવાય તે અધ્યાત્મ-જગતમાં વિવેક કહેવાય.

જેમ કે લોકમાં માતા-પિતાની સેવા કરવી, એમના કાર્યમાં સહકાર આપવો એ લૌકિક વિવેક છે. એનું નૈતિક મૂલ્ય પણ છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ આત્માના કલ્યાણ માટે સંસારનો કે કુટુંબનો ત્યાગ કરી શકાય. લોકમાં ભલે તેને અવિવેક ગણે, પરંતુ અધ્યાત્મ-દૃષ્ટિએ એ જ વિવેક છે. તેથી જ તો મહાભારતમાં કહ્યું છે आत्मार्थे पृथ्वीं त्यजेत् - અર્થાત્ આત્માના કલ્યાણ માટે સમગ્ર પૃથ્વીના હિતનો ત્યાગ કરવો. એટલે તો ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે કરોડ કામ બગાડીને મોક્ષ સુધારવો. *(૧/૧૪)*

કરોડ કામ બગાડવા એ લૌકિક અવિવેક છે, પરંતુ એ જ આધ્યાત્મિક વિવેક છે. લોકમાં સત્યનો જ પક્ષ રાખવો એ વિવેક છે, પરંતુ અધ્યાત્મમાં ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ જ વિવેક છે.

સત્ય બોલવું એ લોકમાં વિવેક છે પરંતુ ક્યારેક આત્માનું હિત થતું હોય, બીજાનો કે પોતાનો જીવ બચતો હોય, ભગવાન અને સંત રાજી થતા હોય તો એ વખતે લૌકિક વિવેક મૂકીને અસત્ય બોલવું એ જ સાચો વિવેક છે.

ક્રોધ ન કરવો, કઠોર વચન ન બોલવું એ લૌકિક વિવેક છે, પરંતુ

ભગવાન અને સંતનું કોઈક ઘસાતું બોલતો હોય એ વખતે એ લૌકિક વિવેકનો ત્યાગ કરીને એને તીખા તમતમતાં વેણ મારીને પણ પાછો પાડવો **(વચ. પં.૫, મ.૫)**, આ આધ્યાત્મિક વિવેક છે. આવા વખતે પોતાની સારપ્ય રાખવા સારુ કોઈ ન બોલે તેને મહારાજ વિમુખ કહે છે **(વચ. મ.૬૦)**. અર્થાત્ લોકમાં જે વિવેક છે તે અધ્યાત્મની દૃષ્ટિએ અવિવેક ઠર્યો.

વર્ણાશ્રમના ધર્મ પાળવા તે લૌકિક વિવેક છે. તેનાથી આબરૂ, કીર્તિ વધે, લોકમાં સુખી થવાય **(વચ. મ.૨૧, અં.૨૧)**, પરંતુ એ તો નાશવંત છે. તેથી આધ્યાત્મિક દૃષ્ટિએ એનું ફળ અલ્પ અને ગૌણ છે. જ્યારે આધ્યાત્મિક વિવેકનું જ ફળ મહત્તમ અને શાશ્વત છે.

આધ્યાત્મિક વિવેકમાં મુખ્યત્વે તો ભગવાન અને સંત સાચા ઠરે, એમનાં વચનો સાચાં ઠરે, એમના પક્ષમાં ભળાય એવી રીતે બોલવું, સાંભળવું, વિચારવું, સમજવું, માનવું અને વર્તવું આ બધું આવે છે. લૌકિક વિવેકમાં લોકો રાજી થાય તેવો પ્રયત્ન થાય છે, જ્યારે આધ્યાત્મિક વિવેકમાં ભગવાન અને સંત રાજી થાય એવો પ્રયત્ન થાય છે. લોકો રાજી થાય તોય શું આપવાના ? પરંતુ ભગવાન અને સંત રાજી થાય તો ? છતે દેહે મોક્ષનું શાશ્વત-દિવ્ય સુખ મળે. જીવન ધન્ય અને સાર્થક બની જાય. આમ, લૌકિક વિવેક અને આધ્યાત્મિક વિવેકનો ભેદ સમજવો જરૂરી છે. લૌકિક વિવેક રાખવો જરૂરી છે, એની ના નથી, પરંતુ મુખ્યત્વે તો આધ્યાત્મિક વિવેક ઉપર વિશેષ ભાર મૂકવાનો છે. એનું જ જીવનમાં પ્રાધાન્ય હોવું જોઈએ.

● વિવેકના ઉપાયો

જો -

➤ સાધકને પોતાના જીવનનું અંતિમ ધ્યેય સ્પષ્ટ અને દૃઢ હોય,

➤ તેના જીવનમાં ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને અને દિવ્યભાવે સહિત યથાર્થ નિશ્ચય હોય,

➤ તેને ભગવાન અને સંતના વચનમાં અતિશય દૃઢ શ્રદ્ધા અને અતિ દૃઢ વિશ્વાસ હોય,

➤ તેના જીવનમાં ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ઈશક અને ખપ જાગ્રત થયો હોય,

➤ શુદ્ધ વિવેક માટે શુદ્ધભાવે પ્રાર્થના થતી હોય,
તો તેના જીવનમાં આવો આધ્યાત્મિક વિવેક પ્રગટે અને દૃઢ થાય.

૮.૧.૧૫ વાણી-વિવેક

- **વાણી-વિવેકની આવશ્યકતા**

વાણી-વિવેક તો વિવેકની અંદર જ આવી જાય છે, તેમ છતાં લૌકિક અને આધ્યાત્મિક જીવનમાં એની વિશેષ આવશ્યકતા રહે છે. તેથી એ વિષે થોડોક વિશેષ વિચાર કરી લઈએ.

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે : "શબ્દ જેવું તો કોઈ બળવાન નથી." *(૧/૧૫)*

વળી, લોકોક્તિ પણ છે કે 'શબ્દે માર્યા મરી ગયા અને શબ્દે છોડ્યા રાજ.'

શબ્દની આ તાકાત છે. શબ્દ સર્જન પણ કરી શકે છે અને વિનાશ પણ કરી શકે છે. શબ્દ જીવન ઉજાળી પણ શકે છે અને જીવન બગાડી પણ શકે છે. શબ્દ પ્રગતિ પણ કરાવી શકે છે અને અધોગતિ પણ કરાવી શકે છે. શબ્દ સફળતા પણ અપાવી શકે છે અને નિષ્ફળતા પણ અપાવી શકે છે. શબ્દ ગુમાવેલું પાછું મેળવી પણ આપે અને મેળવેલું ગુમાવી પણ શકે. શબ્દ ભગવાનનો સંબંધ કરાવી પણ શકે છે અને ભગવાનનો સંબંધ તોડાવી પણ શકે છે. શબ્દ સર્વે સદ્‌ગુણોનો પૂર્ણપણે વિકાસ પણ કરાવી શકે છે અને દુર્ગુણોને ખીલવી પણ શકે છે. શબ્દ સ્વભાવો વધારી પણ શકે છે અને ઘટાડી અને ટાળી પણ શકે છે. શબ્દ સંપ-સુહૃદભાવ અને એકતા વધારી પણ શકે છે અને ઘટાડી તથા ટાળી પણ શકે છે. શબ્દ કુસંપને નિર્મૂળ પણ કરી શકે છે અને કુસંપ વધારી પણ શકે છે. શબ્દ માનવીય સંબંધો સુધારી પણ શકે છે અને સંબંધો બગાડી પણ શકે છે. શબ્દ સમગ્ર વાતાવરણને દિવ્ય અને શાંત પણ બનાવી શકે છે, અને તેને પ્રાકૃત, કલુષિત તથા અશાંત પણ કરી શકે છે. શબ્દ સાધનામાં ઉત્સાહ, ઉમંગ, ખપ અને ઈશક વધારી પણ શકે છે અને તેને મોળા પણ પાળી શકે છે. શબ્દ સ્વસ્થ માણસને ઘાયલ પણ કરી શકે અને ઘાયલ માણસને સ્વસ્થ પણ કરી શકે છે. શબ્દ ભાંગેલાને ઊભો પણ કરી શકે છે અને ઊભેલાને ભાંગી પણ શકે છે. શબ્દ વ્યક્તિને

જીવાડી પણ શકે છે અને મારી પણ શકે.

આમ, શબ્દ ઘણું ઘણું કરી શકે છે. ટૂંકમાં, કહીએ તો એવું કહી શકાય કે શબ્દ અનંત જન્મો ઊભા કરીને વધારે ને વધારે બંધનમાં નાખી પણ શકે છે અને અનંત જન્મોના બંધન તોડીને આત્યંતિક મોક્ષ પણ અપાવી શકે છે.

આ રીતે શબ્દની તાકાત તો અનંત અને અપાર છે. અરે ! અણુબોંબ કરતાં પણ અધિક છે. અણુબોંબ તો બાહ્ય જગતનો નાશ કરી શકે, આંતર જગતનો નહિ; જ્યારે શબ્દ તો આંતર જગત(સદ્‌ગુણો અથવા દુર્ગુણો)નો પણ નાશ કરી શકે છે. અણુબોંબ દેહનો નાશ કરી શકે આત્માનો નહિ, જ્યારે શબ્દ તો ભગવાન અને સંતનો અભાવ કે મનુષ્યભાવ લેવરાવીને જીવનો પણ નાશ કરી શકે છે અર્થાત્ કલ્યાણના માર્ગથી પાડી શકે છે. શબ્દો તલવાર અને ભાલા કરતાં પણ વધારે ધારદાર અને અણીદાર છે.

આ રીતે શબ્દ અત્યંત સૂક્ષ્મ છતાં શક્તિશાળી સાધન કે હથિયાર છે. તેથી તેનો ઉપયોગ કરવામાં વધારે વિવેક અને જાણપણું રાખવું જોઈએ. લાકડી, ભાલો, તલવાર, રીવોલ્વર, મશીનગન, બોંબ અને અણુબોંબ વગેરે બધાં જ હથિયાર કહેવાય, પરંતુ દરેકનો ઉપયોગ કરવામાં એક સરખું જાણપણું નથી રાખવાનું. દરેકનો ઉપયોગ કરવામાં કદાચ એક સમાન ભૂલ થાય તો એનું પરિણામ એક સરખું નથી આવવાનું. જેમ સાધન વધારે શક્તિશાળી તેમ તેનો ઉપયોગ કરનારે વધારે સાવધ રહેવું પડે, વધારે વિવેક શીખવો પડે. શબ્દ તો લૌકિક જગતમાં અને આધ્યાત્મિક જગતમાં સૌથી વધારે શક્તિશાળી હથિયાર છે. જો વિવેક ચૂકે, જાણપણું ભૂલે તો શબ્દથી લૌકિક જીવનમાં નુકસાન તો થાય છે, પરંતુ આધ્યાત્મિક માર્ગમાં વધારે નુકસાન થાય.

ક્યાં, ક્યારે, કોની સામે, કયો અને કેવી રીતે શબ્દ વાપરવો એ ન આવડે અને જ્યાં-ત્યાં, જ્યારે-ત્યારે, જેની-તેની સાથે જે-તે શબ્દ મન ફાવે તેમ બોલે તો કુટુંબ, જ્ઞાતિ, ગામ, રાજ્ય, દેશમાં કે વિશ્વમાં ક્લેશ, કંકાસ, ઝઘડા અને અંતે મહાયુદ્ધો થાય છે. આમ, શબ્દથી વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે વૈશ્વિક દૃષ્ટિએ અનેક પ્રકારની હોનારત સર્જાય છે. મંથરાના શબ્દથી અયોધ્યામાં કેવા પ્રશ્નો ઊભા થયા ? બીજે દિવસે આનંદ અને ઉત્સાહમાં ગરકાવ થનારી અયોધ્યા નગરી શોક અને સંતાપના દરિયામાં

ગરકાવ થઈ ગઈ. રામ, લક્ષ્મણ અને સીતાને વગર વાંકે વનવાસ, દશરથનું મૃત્યુ, વનમાં સીતાજીનું અપહરણ, રાવણ સાથે યુદ્ધ... આવું આવું ઘણું ઘણું બન્યું. તેના મૂળમાં છે મંથરાના 'શબ્દો'.

'અંધના તો અંધ જ રહ્યા' - દ્રૌપદીના આ શબ્દોને લીધે પાંડવો પર દુ:ખનું આભ તૂટી પડ્યું. આ શબ્દોએ જ મહાભારતના યુદ્ધને નિમંત્રણ આપ્યું. લાખો માણસની હત્યા, એમનાં કુટુંબોની બરબાદી ! કેટલું નુકસાન ? કેવી ભયાનક હોનારત ? શબ્દના અવિવેકનું કેવું ભયંકર પરિણામ !!

જર્મનીના સરમુખત્યાર હિટલરના પુસ્તક 'માઈન કાફ' પુસ્તકના શબ્દોથી લાખોની હત્યા થઈ છે.

આમ, એક કુટુંબના બે વ્યક્તિ વચ્ચેના ઝઘડાથી માંડીને વિશ્વના મહાયુદ્ધોમાં મુખ્ય નિમિત્તરૂપ જો કોઈ હોય તો આ 'શબ્દનો અવિવેક' છે. તેથી શબ્દના ઉપયોગમાં ખૂબ જ વિવેક રાખવો ઘટે.

વાણી કે શબ્દ એ વ્યક્તિની મનોવૃત્તિ કે આંતરિક સ્થિતિનું પ્રતિબિંબ છે. અંતરની શુદ્ધતા કે મલિનતા શબ્દો દ્વારા અભિવ્યક્ત થાય છે. જીભ દ્વારા બોલાયેલા કે કલમ દ્વારા લખાયેલા શબ્દો વ્યક્તિના સારા કે નરસા, સાચા કે ખોટા ઘડતરની ચાડી ખાય છે. વ્યક્તિના શબ્દો એના અંતરમાં રહેલ દુર્ગુણો કે સદ્ગુણોનો એક્સ-રે કે સોનોગ્રાફી છે. અન્ય વ્યક્તિ પ્રત્યે પ્રેમ કે દ્વેષ, મિત્રતા કે શત્રુતા, મહિમા કે અમહિમા, દિવ્યભાવ કે પ્રાકૃતભાવ, હિત-કામના કે અહિત-કામના વગેરે એના શબ્દો દ્વારા અભિવ્યક્ત થાય છે.

જેમના અંતરમાં કોઈનાય પ્રત્યે દ્વેષ કે વેર નથી, જેનું અંતર અતિશય શુદ્ધ છે, જેમના દિલમાં દરેકનું સર્વપ્રકારે હિત કરવાની ભાવના છે, તેને વાણી-વિવેક તો સહજ છે. એમના મુખમાંથી તો અમૃત જ ઝરવાનું. એમના પ્રત્યેક શબ્દથી કોઈકનું કંઈક તો હિત થવાનું જ. એનો કોઈ શબ્દ કોઈનું કોઈ પ્રકારે નુકસાન નહિ કરે.

કદાચ શરૂઆતમાં સાધકના અંતરમાં આવી શુદ્ધતા ન હોય, આધ્યાત્મિક ઉચ્ચતમ સ્થિતિ ન હોય, અંતરમાં રજોગુણ-તમોગુણના ભાવ હોય, તોપણ તેણે શિષ્ટાચાર ખાતર પણ વાણી-વિવેક શીખવો જરૂરી છે. અંતરની મલિનતા કે રજોગુણ અને તમોગુણના ભાવને દાબીને સત્ય, હિત અને પ્રિયકર એવું અમૃત, શબ્દોના માધ્યમ દ્વારા આપવું કે ગ્રહણ કરવું એ

વાણી-વિવેક છે.

વાણી-વિવેક એક પ્રકારની કળા છે. આ કળા હસ્તગત અર્થાત્ આત્મસાત્ કરવી પડે છે. કોઈ પણ કળા શીખ્યા વગર આવડતી નથી. એમ વાણી-વિવેકની કળા પણ શીખવી પડે છે.

• વાણી-વિવેક અંગે લક્ષમાં રાખવા જેવી બાબતો

વાણીનો વિવેક શબ્દના પ્રયોગને આધારિત છે. શબ્દના ઉપયોગમાં બે પ્રકાર છે :

(i) લેખન અને વાંચન. (ii) કથન અને શ્રવણ.

આ બન્ને બાબતોને આપણે ક્રમશઃ સમજીએ.

(i) લેખન અને વાંચન

સજ્જન અને મુમુક્ષુઓએ તો એવું જ લખાણ કરવું જોઈએ કે જેથી સૌ કોઈનું નૈતિક અને આધ્યાત્મિક ઘડતર થાય. સંસ્કારો, ચારિત્ર્ય, આજ્ઞા અને શુદ્ધ ઉપાસનાની દૃઢતા થાય.

શબ્દો લખનારે ધ્યાન રાખવું ઘટે કે એવું ન લખાઈ જાય કે જેનાથી જીવોનું નૈતિક કે આધ્યાત્મિક અધઃપતન થાય. આજે અશ્લીલ લેખો, વાર્તાઓ કે નવલકથાઓ દ્વારા કેટલાય મનુષ્યોનું નૈતિક માર્ગમાંથી અધઃપતન થાય છે. કદાચ કેટલાંક લખાણો અશ્લીલ તો ન હોય, પરંતુ ધાર્મિક, નૈતિક કે આધ્યાત્મિક જેવાં લાગતાં હોય, તેમાં શાસ્ત્રોના સંદર્ભો પણ હોય, પરંતુ આ શાસ્ત્રવચનોના મૂળ તાત્પર્યને સમજ્યા વગર એને પોતાની રીતે મરોડીને કે મચોડીને એનાં અવળાં અને વિચિત્ર અર્થઘટનો કર્યાં હોય. સનાતન હિંદુ ધર્મની પરંપરા, પ્રણાલિકા, ભગવાન અને તેના અવતારો, મંદિરો, ઉત્સવો, ભક્તિ અને સાચા સંતોનું ખંડન તર્કબદ્ધ અને બુદ્ધિગમ્ય લખાણોથી કરવામાં આવ્યું હોય. આવાં લખાણોથી કેટલાય મુમુક્ષુઓનું આધ્યાત્મિક માર્ગમાંથી અધઃપતન થાય છે. તેથી સજ્જન પુરુષોએ આવાં લખાણો દ્વારા થતા કુકર્મથી અને પરિણામે લાગતા પાપથી બચવું જોઈએ.

હવે કદાચ લખનારા તો વિવેકભ્રષ્ટ થઈને આવું લખે, પણ વાંચનારા

સજ્જનો અને મુમુક્ષુઓએ વિવેક રાખવો ઘટે. જેમ વિષ્ટા કે ઝેર ન જ ખવાય, તેમ જેનાથી પોતાનું અનેક પ્રકારે નુકસાન થવાનું છે, નૈતિક જીવનમાં અને આધ્યાત્મિક સાધનામાં અનેક પ્રકારનાં વિઘ્નો આવવાનાં છે, એવા કોઈ પણ લેખકનાં પુસ્તકો કે લેખો ન જ વાંચવા જોઈએ. જાણવા ખાતર પણ તે ન જ વંચાય. તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે કે જેમાં ભગવાનના આકારનું ખંડન થયેલું હોય, જેનાથી ભગવાનની ઉપાસનાનું ખંડન થતું હોય એવા ગ્રંથોનો ત્યાગ કરવો (**વચ. કા.૧૦, લો.૬, મ.૩૫**).

મુમુક્ષુઓએ તો એવું જ વાંચન કરવું જોઈએ કે જેનાથી આજ્ઞા-ઉપાસનાની દૃઢતા થાય નૈતિક અને વિશેષે કરીને તો આધ્યાત્મિક માર્ગે ભગવાન અને સંતને રાજી કરવાને માર્ગે આગળ વધવાની પ્રેરણા, શક્તિ અને પુષ્ટિ મળે. આમ, મુમુક્ષુએ લેખન અને વાંચનમાં વિવેક રાખવો જોઈએ.

(ii) કથન અને શ્રવણ

શબ્દ કહેવા અને સાંભળવામાં પણ વધારે વિવેક રાખવો ઘટે. લખવાની ક્ષમતા બધાની નથી હોતી. વાંચવાનો અવકાશ પણ બધાને મળી નથી રહેતો. પરંતુ શબ્દો કહેવા અને સાંભળવામાં સૌને સૌથી વધારે સાનુકૂળતા રહે છે. તેથી એમાં સૌથી વધારે વિવેક રાખવો ઘટે.

શબ્દો બોલનારે ખ્યાલ રાખવો જોઈએ કે તલવારના ઘા રુઝાય છે પણ શબ્દના ઘા રુઝાતા નથી. લાકડીના 'ઘા'થી કોઈકનો હાથ કે પગ ભાંગે તો સાજો થઈ જાય, પણ શબ્દથી કોઈકનું મન કે હૃદય તૂટે તો તેને સાજું કરવું સહેલું નથી. સાઈકલ, સ્કૂટર કે મોટર ચલાવતી વખતે બીજા કોઈને વાગી ન જાય એનું ધ્યાન રાખીએ છીએ, એમ શબ્દથી કોઈને ઈજા ન થાય એનું ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે શબ્દથી થતી ઈજા વધારે ભયંકર છે. તેથી તેણે શબ્દો ઉચ્ચારવામાં ખૂબ ખ્યાલ રાખવો જોઈએ. એ માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે :

➤ ભગવાન અને સંતના દિવ્યભાવ અને મહિમાની વાતો કરવી, પરંતુ ક્યારેય એમના મનુષ્યભાવની વાત ન કરવી. કદાચ પોતાને એમનાં સ્વરૂપ, કાર્ય કે વર્તનમાં સંશય થયો હોય તો મોટેરા સંતોને મળીને સમાધાન કરી લેવું, પણ જેને-તેને એ વાત ન કરવી.

➤ સંબંધવાળા સંતો-ભક્તોના મહિમાની-ગુણોની વાત કરવી, પરંતુ સંબંધવાળા કોઈ સંતો-ભક્તોના કોઈ પણ પ્રકારના અભાવ, અવગુણ કે દોષોની વાતો ન કરવી. કોઈને ફજેત ન કરવો. કદાચ પોતાને એવું કંઈક લાગે તો અધિકારી વ્યક્તિને યોગ્ય રીતે કહેવું, પણ બીજાને તો વાત જ ન કરવી. જેમ મળમૂત્ર જ્યાં-ત્યાં ન કરાય, એના યોગ્ય સ્થાને કરાય, તેમ કોઈનાય અભાવ-અવગુણની વાત પણ જ્યાં-ત્યાં ન કરાય. યોગ્ય સ્થાને, યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને અને યોગ્ય રીતે જ કહેવાય. જો આપણને પોતાને ભૂલ કરનાર વ્યક્તિ પ્રત્યે હેત અને વિશ્વાસ હોય તો જ ખૂબ જ નમ્રભાવે અને તે પણ નમ્ર શબ્દો દ્વારા ટકોર કરવી. આપણું વચન સ્વીકારી જ શકે એવું હેત ન હોય તો વાત ન જ કરવી. એના માટે પ્રાર્થના કરવી અને મોટેરાને જણાવી દેવું.

➤ એકની વાત બીજાને અને બીજાની વાત ત્રીજાને એમ કોઈની ચાડી-ચૂગલી ન કરવી, ખટપટ ન કરવી.

➤ બળભરી, હિંમત અને શૂરવીરતાની વાત કરવી, પરંતુ કોઈ પણ પ્રકારની મોળી વાત તો ન જ કરવી. કોઈક સાધક સેવા, ભક્તિ, ભજન-કીર્તન, તપ, ત્યાગ, આજ્ઞાપાલન કે નિયમ-ધર્મમાં મોળો પડે, પાછો પડે એવા મોળા શબ્દો તો ક્યારેય ન ઉચ્ચારવા.

➤ ક્યારેય અને ક્યાંય પણ જાહેરમાં કે ખાનગીમાં પણ ભગવાનના અવતારો, દેવી-દેવતાઓ, ધર્મ સંસ્થાપકો, ધર્માચાર્યો કે સંતો-મહંતોનું ખંડન ન કરવું. એમની, એમના કાર્યની કે એમની કાર્યપદ્ધતિની ટીકા ન કરવી. વાતવાતમાં પણ ક્યારેય એની ગૌણતા અને ઉપેક્ષા ન આવવા દેવી.

➤ કોઈને દુઃખ લાગે, કોઈનું સ્વમાન ઘવાય, અપમાન થાય, એવું કઠોર વચન ક્યારેય, કોઈનેય, ક્યાંય પણ ન કહેવું, ન મારવું, ન ઉચ્ચારવું. કદાચ સત્ય હોય તોપણ અતિશય હેત વગર ન કહેવું, નહિતર સંબંધ બગડવાની શક્યતા રહે. સાચી વાત હોય, એના જ હિતની વાત હોય, પરંતુ કઠોરતાથી અતિશય આગ્રહપૂર્વક કહેવામાં આવે તો એને વસમું લાગે.

તેથી જ તો મહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "એકબીજાની મર્યાદા રાખવી. કટુ વચન બોલવું નહિ. કટુ વચન બોલે તે કુસંગી કહેવાય." *(પૂર : ૫, તરંગ : ૫૦)*

◆ "રીત વિનાની અમૃત જેવી વાત પણ વિષ જેવી વાગે છે. વાતથી વૈર પણ બંધાય છે અને વાતથી જનો વશ પણ થાય છે." *(પૂર : ૬, તરંગ : ૪૪)*

◆ "સમય વિનાની વાત અમૃત જેવી હોય તોપણ ઝેર જેવી લાગે."

(પૂર : ૯, તરંગ : ૪૩)

સંતનાં વેણ કેવાં હોવા જોઈએ ? તે સમજાવતાં શ્રીજીમહારાજ આ જ ગ્રંથમાં કહે છે :

◆ "સાધુનાં વચન અમૃતથી મીઠાં હોય. સંતનાં વચન બાવનાચંદન જેવાં શીતળ હોય અને અસાધુ પણ તેના સંગે સાધુ થઈ જાય. અસાધુનાં વચન ઝેર જેવાં હોય, તેને સાંભળીને પણ અમૃત વચન બોલીને તે ઝેર ઉતારે એવાં સાધુનાં અમૃત વચન હોવાં જોઈએ." *(પૂર : ૭, તરંગ : ૧૩)*

◆ "બીજાને ક્રોધ ચડે એવું વચન સંત ક્યારેય બોલે નહિ. શાસ્ત્રની રીતે વાત કરવી. મુખથી કોઈનું ઘસાતું બોલવું નહિ. શુક-સનકાદિક બોલ્યા છે તે પ્રમાણે બોલતા શીખવું. શીખ્યા વિના આવડે નહિ. વાત તો વશીકરણ મંત્ર કહેવાય છે." *(પૂર : ૧૧, તરંગ : ૩૬)*

◆ "કોઈને ઉદ્વેગ થાય તેવું વચન સંતે બોલવું નહિ."

(પૂર : ૨૧, તરંગ : ૮૬)

આ જ ગ્રંથમાં આધારાનંદ સ્વામી કહે છે :

◆ "કટુ વચન કોઈને સારું લાગતું નથી. સાક્ષાત્ શ્રીહરિ મળ્યા હોય અને તેમને મોક્ષના દાતા માન્યા હોય, તોપણ તે જો વારે વારે કટુ વચન કહે તોય સારું લાગતું નથી અને દ્રોહ કરવા તૈયાર થાય છે. માટે કટુ વચન તે મોટામાં મોટું ઝેર છે. પાંડવો હરિના ભક્ત હતા અને તેમને શ્રીહરિ સહાયમાં હતા, છતાં તે એક વાર કટુ વચન બોલ્યા તેમાંથી ભારતનું યુદ્ધ થયું અને અપાર દુઃખી થયા. વારે વારે કટુ વચન બોલે તેની શ્રીહરિ સહાય કરતા નથી. લોકમાં પણ તેની અપકીર્તિ થાય છે. કટુ વચન સાંભળીને જગતમાં કેટલાય મરી જાય છે અને કેટલાય બીજાને મારી નાંખે છે. સમીપમાં મૃત્યુ આવેલું હોય તો તે કટુ વચન બોલાવે છે. કટુ વચન તે મોત વિનાનું મૃત્યુ જ છે. ધન અને મોટાઈ પાત્ર વિના ટકતી નથી. અપાત્ર માણસને ધન-મોટાઈ મળે તો તે નિધડક થઈને કટુ વાણી બોલે છે."

(પૂર : ૫, તરંગ : ૬૬)

➤ ગ્રામ્યવાર્તા અર્થાત્ લૌકિક વાતો કરીને પોતાનો અને સાથે સાથે બીજાનો કિંમતી સમય ન બગાડવો.

શ્રીજીમહારાજ ગ્રામ્યવાર્તા વિષે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "ગ્રામ્યવાર્તા કહેવી-સાંભળવી તે સત્સંગ ન કહેવાય. ગ્રામ્યવાર્તા ઉપર જીવને અનાદિથી ભાવ છે, તે જ જન્મ-મરણનું બીજ છે."

(પૂર : ૧૦, તરંગ : ૩૬)

ગુણાતીતાનંદ સ્વામી ગ્રામ્યવાર્તા વિષે કહે છે :

◆ "ગ્રામ્યવાર્તા ત્રણ જણ હતા તે કરતા. તેને મહારાજ કહે જે, 'આને અમ પાસે આવવા દેશો મા' એ ગ્રામ્યવાર્તા કરે છે. માટે પ્રયોજનમાત્ર વાત કરવી, પણ બીજી, રાજાની ને શાહુકારની તે શા સારુ કરવી જોઈએ ? ભગવાન વિના વાત કરવી ને ભગવાનની સ્મૃતિ વિના ખાવું એ ધૂળ જેવું છે." *(૬/૧૭૮)*

◆ "ગ્રામ્યકથા ન કરવી તેનો મહારાજે કાગળ લખાવ્યો." *(૧૧/૨૭૬)*

◆ "ગ્રામ્યકથામાં ભળવું નહિ, તે ગ્રામકથા થાતી હોય ત્યાંથી લઘુ કરવાનું મિષ લઈને ઊઠી જાવું."

ગ્રામકથાના ગપોટાં એનો ન કરજે આહાર,
દેવાનંદ કહે દેહનો નથી ઘડી નિરધાર." *(૧૨/૨૩)*

◆ "ગ્રામ્યકથાના કે ગપોડાના શબ્દ કાનમાં પડવા દેવા નહિ."

(૧૪/૧૫૭)

◆ "ગ્રામ્યકથા ન કરવી, કોઈ કરતું હોય તો તેમાં ભળવું નહિ."

(૧૫/૧૧૭)

➤ કોઈપણનાં વર્તન અને કાર્યની કદર તથા પ્રશંસા કરવી, પરંતુ ક્યારેય કોઈનીય ખોટી ખુશામત ન કરવી.

➤ ક્યારેય કોઈનીય સાથે કોઈ પ્રકારના અહં-મમત્વથી પ્રેરિત ખોટા, બિનજરૂરી અને નુકસાનકારક વાદવિવાદમાં ન ઊતરવું.

આ રીતે બિનજરૂરી અને સાથે સાથે ભયંકર નુકસાનકારક શબ્દો ક્યારેય ન બોલવા. એ શબ્દો બીજાને તો અસર કરતા કરશે પણ પોતાને તો વધારે અસર કરશે. કારણ કે પોતાના આવા શબ્દોના સૌથી પ્રથમ અને સૌથી નજીક શ્રોતા પોતે જ છે. એટલે એવા શબ્દો બોલવાથી અને

સાંભળવાથી પોતાના જ અંતરમાં ઘેરા ઘા વાગશે. પછી એને રુઝાતા દિવસો, મહિનાઓ, વર્ષો કે કદાચ જન્મો પણ લાગે. તેથી પોતાના જ હાથે પોતાનું મોત ન નોતરવું. પોતાના જ શબ્દોથી પોતાને નુકસાન ન કરવું, પોતાનો મોક્ષ ન બગાડવો. ભગવાન અને સંતને કુરાજી તથા ઓશિયાળા ન કરવા એ સાધકના હિતમાં છે.

ભગવાને માનવજાતને આપેલી આ વાણીરૂપી ભેટનો સદુપયોગ કરવો. અમૃત જેવી વાતો કરવી પણ ઝેર જેવી નહિ. ઝેર ઓકવાથી નુકસાન જ છે. અમૃતથી લાભ બધાને છે. શબ્દોની દુર્ગંધ ફેલાવવા કરતાં સુગંધ ફેલાવવામાં પોતાનું અને સૌનું સર્વપ્રકારે હિત જ છે. માટે સમય, સંજોગો, સ્થળ, વ્યક્તિ જોઈને પોતાનું, એનું અને સૌનું આ લોકમાં અને પરલોકમાં સારું થાય એવું જ બોલવું.

વાણી-વિવેકમાં સ્પષ્ટવક્તાપણું ન ચાલે. જેને-તેને, જેમ-તેમ સ્પષ્ટ કહી દેવામાં સંબંધો બગડે. મુશ્કેલી ઊભી થાય. કહેવા યોગ્ય હોય તેટલું જ અને તે પણ યોગ્ય સ્થાને, યોગ્ય સમયે, એકાંતમાં જ અને અતિ નમ્રતાથી કહેવાય. ઉગ્રતાથી કહીએ તો પ્રશ્નો વધે.

કેવું વચન કેવી રીતે બોલવું તે વિષે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહિ." *(૫/૧૬૪)*

◆ "માણસ જોઈને દેશકાળ પ્રમાણે વિચારીને બોલવું." *(૯/૧૫૬)*

◆ "કોઈને વેણ ન મારવાં, પણ સહજભાવે વાતમાં વાત લાવી પરોક્ષ રીતે હેત કરી કહેવું; તેથી સાંભળનારને અસર પણ સારી થાય." *(૧૦/૮)*

◆ "કોઈ ઉપર કટાક્ષ કરે તેને ભજનનું સુખ હોય તે જાતું રહે. માટે કોઈ ઉપર કટાક્ષ ન કરવો." *(૧૧/૯૫)*

◆ "કોઈ વાત વિચારીને કહેવી ને બોલવી, પણ ગુહ્યપ્રકાશ ન કરવી." *(૧૧/૨૦૫)*

◆ "જેની વાણી નિયમમાં ન હોય તેનાથી જરૂર કોઈનું વાંકું બોલાય; પછી તેમાંથી દુ:ખ થાય. માટે વાણીને નિયમમાં રાખવી પણ પ્રયોજન વિના બોલ બોલ કરવું નહિ. વાણીરૂપ તો વાક્શલ્ય કહ્યાં છે. માટે બોલતાં આવડે તો જ બોલવું, નહિ તો વિચારીને પાછું વળવું; પણ જીવને તો સન્નિપાત

થયો છે તે બોલ્યાનું ઠીક રહે નહિ. ને પોતે દીઠું ન હોય ને સાંભળ્યું ન હોય ને બોલી-બકી ઉઠાય તે બહુ ખોટું છે. વીસ વરસનાનું તો ન માનવું, ને સાચું હોય તોપણ ગુહ્યવાત પ્રકાશ ન કરવી. ધીરે રહીને સમાધાન કરવું પણ પીંછનું પારેવું ન કરવું." *(૧૧/૨૫૬)*

◆ "કટાક્ષે યુક્ત વચન બોલવું નહિ, તેમ ક્રોધે યુક્ત પણ ન બોલવું." *(૧૧/૨૭૩)*

◆ "આપણે તો ઘટે તેટલું બોલવું ને સુખિયા રહેવું." *(૧૨/૧૩૮)*

◆ "કોઈને વેણે કરીને દુઃખવવા નહિ." *(૧૪/૧૩૫)*

◆ "કહ્યા વિના જ્ઞાન થાય નહિ, પણ ક્રોધે રહિત કહેવું." *(૧૫/૪૬)*

યોગીજી મહારાજ કહે છે : "ઉંચે સાદે બોલવું નહિ. ગુસ્સો ખરાબ વસ્તુ છે. તે આપણને શોભે નહિ. થોડા બોલા થાવું, વાણી જે વાપરવી તે દૂધની પેઠે વાપરવી પણ પાણીની પેઠે ન વાપરવી. બોલ્ય બોલ્ય ન કરવું. ઘટે તેટલું ઓછું બોલવું. સત્ય, હિત અને પ્રિય લાગે તેવું વચન બોલવું, એટલે સૌને આપણામાં હેત થાય. એવું અંગ રાખવું."

માણસમાં વિવેક નથી એવું નથી, પરંતુ જ્યાં એને કોઈ પણ પ્રકારનો સ્વાર્થ મનાય છે ત્યાં વાણીમાં વિવેક, નમ્રતા, કોમળતા, મધુરતા બધું જ આવે છે. શેઠ પાસે નોકર વાણીમાં કેવો વિવેક રાખે છે ? સરકારી અધિકારી પાસે કંઈક કામ લેવું હોય તો વાણીમાં કેવી નમ્રતા રહે છે ? ટૂંકમાં, સમગ્ર જગતમાં જ્યાં જ્યાં સ્વાર્થ જણાય છે ત્યાં આપોઆપ વાણીમાં વિવેક આવી જ જાય છે. એમ અહીં ભગવાન અને સંતના રાજીપાનો સ્વાર્થ મનાય, મોક્ષનો સ્વાર્થ મનાય તો ભગવાન અને સંત તથા એમના સંબંધવાળા સર્વે સંતો-ભક્તો સાથે નમ્રતા, કોમળતા, મધુરતાભરી જ વાણી બોલાય. વાણીમાં ક્યારેય કઠોરતા, કટુતા, કટાક્ષ કે ઉપેક્ષા ન આવે.

આ પ્રમાણે વિવેક રાખીને વાણી બોલવાથી સૌનું સર્વપ્રકારે હિત થાય. હવે કદાચ બોલનાર તો ગમે ત્યારે ગમે તે બોલે પણ સાંભળનારે વિવેક રાખવો ઘટે. જે સાંભળવાથી પોતાનું અહિત થવાનું હોય, પોતાની સાધનામાં વિઘ્ન આવવાનું હોય એવી વાત ક્યારેય ન જ સાંભળવી. ઉપર આપણે બોલનારે શું શું ન બોલવું એ વિષે જે કાંઈ કહ્યું છે તે બધું સાંભળનારે ક્યારેય ન સાંભળવું. પોતાના પર વધુ પડતો વિશ્વાસ ન

રાખવો કે મને કોઈ શબ્દોની અસર ન થાય. ગમે તેવો મોટો અને સમર્થ હોય તોપણ એવા શબ્દોની અસર થયા વિના રહે જ નહિ. અંતરમાં પડેલા એવા શબ્દોની માઠી અસર આજે કે આવતી કાલે, આ મહિને કે આવતા મહિને, આ વર્ષે કે આવતા વર્ષે, આ જન્મે કે આવતા જન્મોમાં પણ થયા વિના નહિ જ રહે. માટે આ બાબતમાં સાહસ કરવા જેવું નથી. આ વિષે આપણે 'બહારનો કુસંગ' તથા 'સત્સંગનો કુસંગ' - એ મુદ્દાના નિરૂપણ વખતે વિસ્તૃતપણે વિચાર કર્યો છે. તેથી એનું પુનરાવર્તન અહીં નહિ કરીએ, પરંતુ એ નિરૂપણ વાંચીને, વિચારીને દૃઢતા કરવી જરૂરી છે કે એવા કુસંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો અર્થાત્ એમના શબ્દો ક્યારેય ન સાંભળવા.

સાચા મુમુક્ષુઓએ તો જેનાથી આજ્ઞા-ઉપાસનાની દૃઢતા થાય, ભગવાન અને સંતને રાજી કરવાની, અધ્યાત્મ-માર્ગે આગળ વધવાની પ્રેરણા, શક્તિ અને પુષ્ટિ મળે એવા જ શબ્દો સાંભળવા જોઈએ.

આ રીતે વાણી-વિવેક દ્વારા શું લખવું અને શું ન લખવું, શું વાંચવું શું ન વાંચવું ? શું અને કેવી રીતે બોલવું, શું અને કેવી રીતે ન બોલવું ? - એ બધું સમજી વિચારીને વાણીનો ઉપયોગ કરવો જોઈએ. આમાં ગાફલાઈ કે બેદરકારી રાખીએ તો લૌકિક અને વિશેષે કરીને તો આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણું બધું સહન કરવું પડે, ઘણું બધું ગુમાવવું પડે.

• વાણી-વિવેકના ઉપાયો

જીવનમાં વાણી વિવેક દૃઢ થાય તે માટે નીચેના ઉપાયો વિચારવા અને આત્મસાત્ કરવા.

➤ જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

➤ ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ખપ તથા ઈશક.

➤ ઈષ્ટદેવ અને ગુણાતીત ગુરુઓના આ દિવ્ય કુળની ખાનદાની પ્રત્યે અસ્મિતા.

➤ એમનાં વચનોમાં અતિશય વિશ્વાસ અને શ્રદ્ધા.

➤ વાણીના અવિવેકથી થતા નુકસાન અને વાણીના વિવેકથી થતા લાભનો વિચાર કરીને વાણી-વિવેકની આવશ્યકતા અને મહત્તા સમજીએ.

➤ સંબંધવાળા સંતો ભક્તોનો મહિમા અને તેમના પ્રત્યે મમતા-આત્મીયતા.

➤ દરેક પ્રત્યે દાસત્વભાવ, સેવકભાવ.

➤ ભગવાન અને ગુણાતીત સંતને શુદ્ધભાવે પ્રાર્થના.

આ ઉપાયો દ્વારા જીવનમાં વાણી-વિવેક દૃઢ કરીને ભગવાન અને સંતને રાજી કરીએ તો જીવનમાં શાંતિ રહે. આમાં કોઈ પ્રકારની ભૂલ થાય તો પ્રતિલોમ, પરિતાપ, પ્રાયશ્ચિત, પુરુષાર્થ અને પ્રાર્થના દ્વારા એમાં સુધારો કરી શકાય.

૮.૧.૧૬ સરળતા

● સરળતાની મહત્તા અને આવશ્યકતા

સરળતા એટલે સીધાપણું, નિખાલસપણું, નિષ્કપટપણું, નિર્દંભપણું અર્થાત્ જેવો અંદર એવો બહાર (વચ. અં.૩૫). જે વ્યક્તિમાં આ ગુણ હોય તેમાં કોઈ પ્રકારે આંટી, હઠ, દુરાગ્રહ, અક્કડપણું, અહંપણું, સ્તબ્ધપણું ન હોય. તેનો સ્વભાવ નરમ અને મૃદુ હોય છે. તેના વર્તનમાં સર્વ પ્રકારે નમ્રભાવ, દાસભાવ કે સેવકભાવ હોય. તેને કોઈ સાથે આંટી ન પડે. તે કોઈ સાથે રાગ-દ્વેષ નથી. તે નાના-મોટા દરેક સાથે સરળતાથી અ સહ વર્તી શકે, રહી શકે અને સૌ સાથે હળી મળીને સેવા કરી શ એ સર્વેની સાથે ફાવે અને સર્વને એની સાથે ફાવે. તેને કોઈ પ્રકા અ ગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ ન હોય. તે કટ વળી જાય, પરંતુ પોતાનો પ નિયમ-ધર્મ કોઈ લોપાવે તો ત્યાં સર કરી ન રાખે; તેમ છતાં પોતાના નિયમ-ધર્મ ન લોપે. ત્યાં તો તે પોતાના નિયમમાં દૃઢ જ થઈ જાય, નિયમ-ધર્મ સમજાવી દે. એ સિવાય ભગવાન અને સંત અથ બ આજ્ઞાને યુક્તિપૂર્વક સમજાવી દે. નાના-મોટા ગમે તે સંતો-ભક્તોની આજ્ઞા સરળતાથી પાળી લે. પોતાનું મનધાર્યું મૂકી દે. મનના મરોડને તોડી નાખે, મનની ગાંઠ નાખે. આવા સંતો-ભક્તો ઉપર ભગવાન અને ગુણાતીત સંત અતિશ થઈ જાય. એમને આવા સરળ સ્વભાવવાળા સંતો-ભક્તો વિશે એમને આવા ભક્તો સાથે જ વધારે સુવાણ થાય.

તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

સરલ વર્તવે છે સારુ ... રે મનવા, સરલ વર્તવે છે સારું;
માની એટલું વચન મારું રે ૦ટેક
મન કર્મ વચને માનને ... મેલી, કાઢ્ય અભિમાન બા'રું;
હાથ જોડી હાજી હાજી કર ... 'તાં, કેદી ન બગડે તે તારું રે ૦ ૧
આકડ નર લાકડ સૂકા સ ... મ, એને વળવા ઊધારું;
તેને તાપ આપી અતિ તીખાં, ... સમું કરે છે સુતારું રે ૦ ૨
આંકડો વાંકડો વીંછીના સરખો, ... એવો ન રાખવો વારું;
દે ... ખી દૃગે કોઈ દયા ન આણે, પ ... ડે માથામાં પેંજારું રે ૦ ૩
હેત ... નાં વચન ધારી લૈયે હૈયે, શું કહ ... ીએ વાતું હજારું;
નિષ્કુ ... ળાનંદ નિજ કારજ કરવા, રાખીએ ... ે નહિ અંધારું રે ૦ ૪

શ્ર ... ીજીમહારાજ સરળ સ્વભાવ વિષે ... 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં છે :

◆ "સાચા સંત ... ત-હરિજન સાથે મેળ ન રહે તેનું ન ... ામ દ્રોહ છે. તેમની સાથે સરળપણું રહે ત ... ેટલું મન શુદ્ધ છે એમ જાણવું." (પૂર : ૧૪, તરંગ : ૩૧)

◆ "સંત અને ... હરિભક્તોએ સરળ સ્વભાવે વર્ત ... વું. સરળ વર્તે તેને ... ા ઉપર દ્વેષ હોય ન ... ાહિ, કોઈ સંતનો અવગુણ બોલે ... નહિ પણ ગુણ જ ... ને સાચા સંતના નિ ... યમ-ધર્મની વાત કહે." (પૂર : ... ૧૪, તરંગ : ૪૨)

...ા જ ગ્રંથમાં આધારા ... નંદ સ્વામી કહે છે :

"વાતના પેચ ન આવ ... ડે તે સરળબુદ્ધિ સંત કહેવાય. પેચ ... થી વાત કરે ... અસાધુ કહેવાય. સરળત ... ા પ્રાપ્ત થાય એ જ ભગવાન મળ્યા ... નું ફળ ... તા ન શીખે તો સંત હોય કે ... ભક્ત, તેથી શું ? બન્ને જગતને ઠગ ... નારા ... સરળતા છે તેમાં પ્રગટ હરિ ર ... હે છે." (પૂર : ૧૫, તરંગ : ૭ ...)

"સંત આગળ સરળતા ન હોય ... તે મોટામાં મોટું વિઘ્ન છે." (પૂર : ૧૯, તરંગ : ૯)

...ીજીમહારાજ કહે છે :

...મોટા કહે આમ તો આમ એમ સર ... ળ પ્રકૃતિ રાખવી. તે મોક્ષમાંથી ...ું છોડાવે ને ખોટું લાગે તે કો'ક દિ ... પડી જાય."

...કોઈ વાળે ત્યારે આપણે વેગમાં હોઈએ તોપણ વળી જવું. એ ... છે પણ પોતાનો એકડો સાચો રાખવો નહિ. એક વાત

શીખવાની છે - કટ વળી જવું.''

આ જ સંદર્ભમાં નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

સખી મેલી દે મનના મરોડને,
એવો આમળો રે, કરે કેને જો કાજ કે...મેલી.
સખી જેમ વાળે તેમ વળજે,
તજી તરત રે, તન મનની તાણ કે....માન.

અગાઉ હઠ અને માન ટાળવા માટે જે ઉપાયો જણાવ્યા છે, તે જ ઉપાયોથી જીવનમાં સરળતા પ્રગટી શકે. મુખ્યત્વે તો ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ઈશક હોય, અહં-શૂન્યતા તથા દાસત્વભાવ જેવા ગુણો કેળવાયા હોય તો સરળતા સહેજે જ આવે.

૮.૧.૧૭ સંપ સુહૃદભાવ અને એકતા

ભગવાન સ્વામિનારાયણે અધ્યાત્મ-સાધનાનો જે રાહ દર્શાવ્યો છે તે વિશિષ્ટ પ્રકારનો છે. તેમણે જંગલમાં કે હિમાલયમાં જઈને એકાતમાં સાધના કરવાનું સૂચવ્યું નથી. ગૃહસ્થોને સમાજમાં સૌની વચ્ચે રહીને, કુટુંબ અને સમાજની જવાબદારીઓ નભાવતાં નભાવતાં સાધના કરવાનું સમજાવ્યું છે. ત્યાગીવર્ગને પણ સંસારનો ત્યાગ કરવા છતાં સમાજમાં સૌ સાથે રહીને અનેકવિધ સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું વહન કરતાં કરતાં સાધના કરવાનું શીખવ્યું છે.

એકાંતની સાધનામાં સાધક એકલો છે. એને કોઈની સાથે ક્લેશ કે સંઘર્ષ થવાનો પ્રશ્ન જ નથી. એને ફક્ત એના અંતઃશત્રુઓ સાથે જ સંઘર્ષ છે. જો કે સમૂહમાં રહ્યા વગર, સાથે પ્રવૃત્તિ કર્યા વગર માન, ઈર્ષ્યા, મત્સર, ક્રોધાદિક દૈહિક ભાવોને પ્રગટ થવાની શક્યતા જ ઓછી રહે છે. ઘણી વાર તે ટળ્યા વગર દબાયેલા રહે છે. એકાંતની સાધનામાં આ ખોટ છે.

સમૂહમાં રહીને પ્રવૃત્તિ કરવાથી આ દૈહિક ભાવોને પ્રગટ થવાની શક્યતા વધારે રહે છે. તેથી સાધકને ખ્યાલ આવે છે કે મારામાં આ સ્વભાવો પડેલા છે. તેનું યોગ્ય નિદાન કરીને પછી તે ટાળવાનો પ્રયત્ન કરે છે અને અંતે ટળી જાય છે.

પરંતુ સમૂહમાં રહીને પ્રવૃત્તિ કરવાથી પરસ્પર સંઘર્ષ થવાના સંજોગો

અને પ્રસંગો બને છે. કારણ કે દરેકનાં પૂર્વસંસ્કારો, સ્વભાવો, ખપ, શ્રદ્ધા, મુમુક્ષતા, વિચારો, માન્યતાઓ, કાર્યપદ્ધતિઓ, સમજણો, ખ્યાલો જુદાં જુદાં રહેવાનાં. દરેક સાધક પોતાના જ દૃષ્ટિકોણથી જોવાનો, વિચારવાનો, પ્રવૃત્તિ કરવાનો. આવી પરિસ્થિતિમાં પારસ્પરિક મતભેદો થવાની, કુસંપ થવાની અને એના પરિણામે સાધનામાં વિક્ષેપ થવાની શક્યતાઓ રહે છે. આવું ન બને તે માટે શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ સાધકોને સંપ, સુહૃદભાવ અને એકતાથી સૌ સાથે હળીમળીને રહેવાનો અને પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે.

પારસ્પરિક સંપ, સુહૃદભાવ અને એકતાનો સંદેશો તો આપણા ઋષિઓએ યુગોથી આપ્યો છે. તેઓ પણ ગુરુકુલમાં વિદ્યાર્થીઓને સમૂહમાં રાખીને પરા-અપરા વિદ્યાના પાઠ ભણાવતા અને સાથે રહેવાનું શીખવતા.

તેઓ તો ભગવાનને પ્રાર્થના કરતા :

◆ અમારાં સંકલ્પ, હૃદય, મન, સમાન હો અને અમે એકબીજાને સહયોગથી કાર્ય કરીએ. *(ઋગ્વેદ : ૧૦/૧૯૧/૪)*

◆ બધાં પ્રાણીઓ મને મિત્રની દૃષ્ટિથી જુએ અને હું મિત્રની દૃષ્ટિથી સર્વ પ્રાણીઓને જોઉં. અમે એકબીજાને મિત્રની દૃષ્ટિથી જોઈએ. *(યજુર્વેદ : ૩૬/૧૮)*

◆ અમારા બન્નેનું સાથે જ રક્ષણ કરો. અમારા બન્નેનું સાથે જ પોષણ કરો. અમે બન્ને સાથે શક્તિમાન બનીએ. બન્ને સાથે જ વિદ્યા સંપાદન કરીને તેજસ્વી બનીએ. પરસ્પર દ્વેષ ન કરીએ. *(કઠોપનિષદ, શાંતિપાઠ)*

ઋષિ પરંપરાની વસુધૈવ કુટુમ્બકમ્‌ની આ ભદ્ર ભાવનાઓને ભગવાન સ્વામિનારાયણે અને ગુણાતીત ગુરુઓએ સંપ, સુહૃદભાવ અને એકતાના ઉપદેશ દ્વારા આત્મસાત્ કરાવી છે.

● સંપ, સુહૃદભાવ અને એકતાનું તાત્પર્ય

સૌ સાથે મળીને સમાનભાવે કે મિત્રભાવે એક થઈને જીવવું, વર્તવું કે કાર્ય કરવું એ સંપ સુહૃદભાવ અને એકતાનો સામૂહિક અર્થ છે. તેમ છતાં પ્રત્યેક શબ્દનો પોતાનો આગવો અર્થ પણ છે. જેમ કે,

સંપ : સંપ એટલે સંગઠન. દેહે કરીને એક સાથે ભેગા રહીને કાર્ય કરવું. એક જ દોરીથી ભારામાં બધી લાકડીઓ બંધાયેલી હોય કે એક જ દોરામાં માળાના મણકા પરોવાયા હોય, એમ એક જ ઈષ્ટદેવ કે એક જ ગુરુના આશ્રિતો આપણે સૌ એક નિષ્ઠાથી એક જ સંસ્થાના નેજા નીચે સંગઠિત રહીએ, ભેગા રહીએ એ સંપ છે.

સુહૃદભાવ : સૌ સાથે પરસ્પરના હિતની કામના સાથે મિત્રભાવે જીવવું, વર્તવું કે કાર્ય કરવું.

યોગીજી મહારાજ સુહૃદભાવની વ્યવહારુ વ્યાખ્યા સમજાવતાં કહે છે :

◆ "સુહૃદભાવ શું ? પોતે ભૂખ્યો રહે ને બીજાને જમાડે, કપડાં આપે."

◆ "સુહૃદભાવ એટલે સૌથી નાનામાં નાનો હરિભક્ત એ આપણા કરતાં મોટો છે, આપણે દાસના દાસ છીએ એમ સમજાય ત્યારે સુહૃદભાવ આવ્યો કહેવાય."

◆ "સગા ભાઈ અને મા-બાપ વિષે પ્રીતિ રહે છે તેવી હરિભક્તમાં રહે તો સુહૃદયપણું થયું ગણાય."

◆ "વાંક નજરમાં ન આવે તે સુહૃદભાવ. સો અવગુણમાં એક ગુણને આગળ કરે."

◆ "કોઈનું વાંકું ન સાંભળવું, કોઈ સંભળાવવા આવે તો કહેવું : 'હાલ, ભાગ...' એ સુહૃદપણું."

◆ "દાસત્વભક્તિ તે સુહૃદભાવ."

◆ "આપણું ગોદડું બીજાને દઈએ તે સુહૃદભાવ."

◆ "સત્સંગમાં દરેકનો ગુણ લેવો, સેવા કરવી તે સુહૃદભાવ."

◆ "કોકે ગુનો કર્યો હોય તો 'તે મેં કર્યો છે' - એમ તેને બચાવી લેવો એનું નામ સુહૃદભાવ. ઈ જ લાગનો છે, એમ મનમાં લાવીએ તો સુહૃદભાવ વયો ગયો."

એકતા : સૌને વિષે મનથી એકપણું મનાય કે આપણે સૌ એક જ છીએ, કારણ કે આપણા સૌના ઈષ્ટદેવ એક છે, ગુરુ એક છે, સૌનો સિદ્ધાંત એક છે, સૌની ઉપાસના એક છે, સૌનું ધ્યેય એક છે સૌનો સાધનામાર્ગ પણ એક જ છે પરસ્પર જુદાપણું મનાય જ નહિ. આવો ઐક્યભાવ એ જ એકતા.

આ રીતે સૂક્ષ્મતાથી વિચારીએ તો દરેક શબ્દનો અર્થ કંઈક વિશિષ્ટ છે.

તેમ છતાં આ ત્રણેય શબ્દોનું સામૂહિક તાત્પર્ય તો અગાઉ જણાવ્યું તે જ છે. સંપ્રદાયની કથાવાર્તાઓમાં ક્યારેક આ ત્રણેય શબ્દો એક સાથે, તો ક્યારેક 'સંપ-સુહૃદભાવ' એ બે શબ્દો, ક્યારેક ફક્ત 'સંપ', ક્યારેક ફક્ત 'સુહૃદ-ભાવ' તો ક્યારેક ફક્ત 'એકતા' શબ્દ વપરાય છે. દરેક વખતે કહેવાનું તાત્પર્ય તો પ્રાયઃ એક સમાન જ છે.

વ્યાવહારિક જીવનમાં કે આધ્યાત્મિક સાધનામાં સંપ, સુહૃદભાવ અને એકતાની અત્યંત આવશ્યકતા છે. તેના અભાવે થતા નુકસાન અને તેને લીધે થતા લાભનો વિચાર કરીને તેની આવશ્યકતા સમજીએ.

• સંપ, સુહૃદભાવ અને એકતાના અભાવે નુકસાન

પરસ્પર સંપ, સુહૃદભાવ અને એકતા ન હોય તથા તેના અભાવે જો કુસંપ હોય તો કોઈ પણ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા કે સમાજ, દેશ કે સમગ્ર વિશ્વને અનેક પ્રકારે નુકસાન થાય છે. જેમકે,

➤ પરસ્પર ક્લેશ, કંકાસ, ઝઘડા, મારામારી અને યુદ્ધો થાય.

➤ સમય અને શક્તિનો ખૂબ વ્યય થાય.

➤ વ્યક્તિગત કે સામૂહિક અશાંતિ અને ઉદ્વેગ રહે, સમગ્ર વાતાવરણ તંગ રહે, સૌના મન વિક્ષિપ્ત રહે.

➤ ભૌતિક કે આધ્યાત્મિક વિકાસ કે પ્રગતિ રુંધાય.

➤ ભૌતિક કે આધ્યાત્મિક માર્ગે નિષ્ફળતા મળે.

➤ ક્યારેક તો સર્વસ્વ ગુમાવવું પડે.

➤ ક્યારેક તો વિનાશ પણ સર્જાય. એમાં આપણું અસ્તિત્વ ન રહે.

➤ ભગવાન અને ગુણાતીત સંતનો કુરાજીપો થાય.

લૌકિક કે સાંસારિક જીવનમાં સર્વત્ર, વિશ્વવ્યાપી જે કોઈ પ્રશ્નો, ગુનાઓ, ઝઘડા, કોર્ટ-કચેરી કે યુદ્ધો થાય છે તેનું મુખ્ય કારણ સંપ, સુહૃદભાવ અને એકતાનો અભાવ છે, કુસંપ છે. સમગ્ર માનવજાતના ઈતિહાસનો અભ્યાસ કરીએ તો સમજાય છે કે કુસંપને લીધે કોઈ પણ વ્યક્તિને, કુટુંબને, જ્ઞાતિને, સંસ્થાને, દેશને કે સમગ્ર વિશ્વને અપાર નુકસાન થયું છે. તેનો વિકાસ રુંધાયો છે, વિનાશ સર્જાયો છે. કુસંપને લીધે જ કેટલા બધા લોકોને કેટલું બધું ગુમાવવું પડ્યું છે ? ભારત દેશની વર્ષો સુધીની

ગુલામી અને પાયમાલીનું મુખ્ય કારણ જો કોઈ હોય તો તે કુસંપ જ છે.

આજના વિશ્વની જો કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે કુસંપ છે. અર્થાત્ સંપ, સુહૃદભાવ અને એકતાનો અભાવ છે. આજે સંપની તંગી છે.

વિશ્વમાં ક્યાંક અને ક્યારેક પાણી, કેરોસીન, ડીઝલ કે પેટ્રોલની તંગી ઊભી થાય તો કેટલી મુશ્કેલી સર્જાય છે ? આ વસ્તુઓની તંગી અને તેને લીધે સર્જાતી વિકટ પરિસ્થિતિનો કંઈક ખ્યાલ આવે છે, પરંતુ સંપની તંગી અને તેને લીધે જે પ્રશ્નો ઊભા થાય છે એ સમજાતું નથી. આજે ખરેખર વિશ્વમાં એની કટોકટી સર્જાણી છે. આજે વિશ્વમાં સંપ, સુહૃદભાવ અને એકતાને અભાવે અર્થાત્ કુસંપને લીધે જ કુટુંબો છિન્નભિન્ન થઈ રહ્યાં છે. જ્ઞાતિઓમાં પરસ્પર ઝઘડાને લીધે વિકાસ રુંધાઈ રહ્યો છે. એકબીજાનું પડાવી લેવાની, એકબીજાને ખાડે નાખવાની, એકાબીજાનો વિનાશ કરવાની વૃત્તિ વિકસી રહી છે. આતંકવાદ કે ત્રાસવાદ વકરી રહ્યો છે. વિશ્વમાં કરોડો માણસો ભૂખ્યા અને તરસ્યા ટળવળે છે, છતાં અબજો રૂપિયા લશ્કર અને શસ્ત્રો પાછળ ખર્ચાઈ રહ્યા છે. સમગ્ર માનવજાત આજે લૂંટાવાના કે હત્યા થઈ જવાના સખત ભય સાથે જીવી રહી છે. મહાયુદ્ધોની શક્યતાના ત્રાસ સાથે મનુષ્યો આજે સળગતા જ્વાળામુખી પર બેઠા છે. આ એક વૈશ્વિક સમસ્યા છે. એ દૂર ન થાય ત્યાં સુધી સમાજમાં શાંતિ કદાપિ નહિ થાય.

આ પ્રમાણે ભૌતિક ક્ષેત્રમાં તો કુસંપથી નુકસાન છે જ, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં એનાથી વધુ નુકસાન છે. તેનાથી સાધનામાં મોટામાં મોટું વિઘ્ન આવે છે. ભગવાન અને સંતનો કુરાજીપો થાય છે. તેઓ ઓશિયાળા થાય છે. એમનો સંબંધ છૂટી જાય છે. ભેગા રહેવા છતાં આંતરિક જોડાણ છૂટી જાય, તૂટી જાય. ફ્યુઝ ઊડી જાય. માઈકનો વાયર ઉપરથી જોડાયેલો લાગે પરંતુ અંદરથી જોડાણ (કનેક્શન) છૂટી ગયું તો કામ ન થાય. એમ ભગવાન અને સંત ભેગો રહે છતાં આંતરિક રીતે જોડાણ તૂટી જાય છે, તેથી કામ થતું નથી.

સત્સંગમાં રહેવા છતાં આધ્યાત્મિક વિકાસ ન થાય. જીવનનું સાચું ઘડતર ન થાય. ભગવાન અને સંતને આપણને જેવા બનાવવા છે એવા બની ન શકાય. અભાવ-અવગુણ અને દ્રોહમાં પડી જવાય. ભગવાન અને

સંતનો મનુષ્યભાવ આવે. પછી તો વિષયો અને વિકારો તરફ જ ઢળાય, ધકેલાઈ જવાય. અંતરમાં ક્લેશ, અસંતોષ રહ્યા કરે. અંતરમાં અશાંતિ, અજંપો, ઉદ્વેગ રહ્યા કરે. મનમાં વિક્ષોભ અને ખળભળાટને લીધે સેવા-ભક્તિ પણ સારી રીતે થઈ શકે નહિ. ભગવાનનું સુખ આવે જ નહિ. શાંતિ થાય જ નહિ.

સંપના અભાવે કુટુંબમાં, સત્સંગ મંડળમાં, મંદિર કે સંસ્થામાં અનેક પ્રકારની મુશ્કેલી સર્જાય, સમગ્ર તંત્ર ખોરવાઈ જાય.

➤ ગાડીના બધા સ્પેર પાર્ટ્સ સંપીને પોતપોતાનું કાર્ય ન કરે, પરસ્પર કુસંપ પેસે તો ગાડી ચાલે ?

➤ શરીરના દરેક અવયવોમાં પરસ્પર સંપ ન હોય, પોતપોતાની જવાબદારી ન સંભાળે, એકબીજાને અનુકૂળ અને મદદરૂપ થઈને કાર્ય ન કરે, એકબીજાનો વાદ કે અવગુણ લે તો ? થોડી વાર કલ્પના તો કરી જુઓ ? શું થાય ?

➤ કીર્તન આરાધનામાં જુદા જુદા વાજિંત્રો વગાડનારા અને સમૂહમાં કીર્તન ગાનારાઓમાં સંપ ન હોય, દરેક પોતપોતાની રીતે, જુદા જુદા તાલ, લય, સુરમાં વગાડે કે ગાય તો એ કીર્તન આરાધના કેવી થાય ? એ ભજનો સાંભળવા કોને ગમે ?

કુસંપને લીધે આવું જ કંઈક આપણાં કુટુંબ, સત્સંગમંડળ, મંદિર કે સંસ્થામાં થાય. સારી રીતે, સુવ્યવસ્થિત કોઈ કાર્ય જ ન થાય.

આ રીતે સંપ, સુહૃદભાવ અને એકતાને અભાવે અર્થાત્ કુસંપને લીધે સાધકને વ્યક્તિગત તથા સામૂહિક રીતે સૌને નુકસાન થાય છે. સૌથી વધારે મુશ્કેલી તો ભગવાન અને ગુણાતીત સંતને પડે છે. એમને સૌથી વધારે ભીડો કુસંપને લીધે પડે છે. કુસંપને લીધે એમને દૈહિક ભીડો તો પડે જ છે, પરંતુ દૈહિક ભીડા કરતાં માનસિક ભીડો વધારે પડે છે. આ માનસિક ભીડાનો ત્રાસ દૈહિક ભીડા કરતાં વધારે હોય છે. સાચા સાધક કે ભક્તની સાચી ભક્તિ એ છે કે પોતાના તરફથી પોતાના ઇષ્ટદેવ કે ગુરુને ભીડો ન પડે, અથવા તો ઓછામાં ઓછો પડે.

તે માટે કુસંપને નિર્મૂળ કરવો પડે અર્થાત્ સંપ, સુહૃદભાવ અને એકતાને આત્મસાત્ કરવાં જ પડે.

● સંપ, સુહૃદભાવ અને એકતાથી લાભ

સંપ, સુહૃદભાવ અને એકતા રાખવાથી વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે અનેક ફાયદા થાય છે. જેમ કે,

(૧) ભગવાન અને ગુણાતીત સંતનો રાજીપો પ્રાપ્ત થાય

આપણને એક વાત સમજાણી છે કે ભગવાન અને સંતની કૃપા-પ્રસન્નતા પ્રાપ્ત થાય તો જીવન સાર્થક અને ધન્ય બની જાય. છતે દેહે અક્ષરધામની અનુભૂતિ થાય. તેથી એમને રાજી કરવા માટે આપણે કેટકેટલાં સાધનો કરીએ છીએ ? એ કરવાનાં છે એની ના નથી, પરંતુ સંપ, સુહૃદભાવ અને એકતામાં એમનો વિશેષ રાજીપો છે. જો આ નહિ હોય તો ગમે તેવાં સાધનો ગમે તેટલાં કર્યાં હશે પણ તે વ્યર્થ થશે. જો આ હશે તો બીજાં બધાં સાધનો વધારે સારી રીતે થશે અને સાચા અર્થમાં ભગવાન અને સંત રાજી થશે.

યોગીજી મહારાજ કહે છે :

◆ "અંદરોઅંદર એકબીજાનો મહિમા સમજી સેવા કરવી. સંપ રાખવો. સુહૃદભાવ રાખવો. એ રીતે વર્તીશું તો શ્રીજીમહારાજ રાજી થશે અને સર્વે પ્રકારે સુખી કરશે."

◆ "આપણે એક સંપથી જો સત્સંગ વધારવાનું કામ ઉપાડીશું તો સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થશે."

◆ "સુહૃદપણું, એકતાપણું, દિવ્યતા ને કોઈનું વાંકું ન બોલવું – આ ત્રણ વાનાં હોય તો હું રાજી થાઉં અને હું તેની માળા ફેરવું."

◆ "સુહૃદપણું હોય તો જ મોટાપુરુષ આપણને પાંખમાં બેસારે."

◆ "એકમના થઈ સંપ, સુહૃદભાવે પ્રભુને ભજીએ તો હરિને રીઝીએ."

◆ "મંડળનો સંપ દેખી અમારા આનંદનો પાર ન રહ્યો."

◆ "હવે સંપ, સુહૃદભાવ મંડળમાં દૃઢ કરો તો અમારી કરોડ રૂપિયાની સેવા થઈ ગઈ. અમારો મત તો જેમ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ કેવી એક રુચિથી, સુહૃદભાવથી, દિવ્ય દૃષ્ટિ રાખી જીવન જીવી ગયા. તે જ આપણે કરવું."

◆ "મહારાજને આંટી નથી ગમતી. સુહૃદભાવ ગમે છે. સત્સંગમાં દિવ્યભાવ રાખવો એ ગમે છે. દિવ્યભાવ અને એકતાપણું રાખશું તો મહારાજને વહાલા લાગીશું. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત હતો કે કોઈ ભગવાનના ભક્તથી મન નોખું રાખે તો પોતાને નહોતું ગમતું. પોતે સમાધાન કરી દેતા."

◆ "અમને રાજી કરવા હોય તો એકતાપણું રાખજો. કાંઈ બીજો વિચાર નહિ. અમારી મહેનત માથે પડે તેમ ન કરવું."

◆ "એક વાત સમજી લેવાની છે. સંપ, સુહૃદભાવ ને એકતા હોય ત્યાં મહારાજ ને શાસ્ત્રીજી મહારાજ બિરાજે છે."

(૨) કામાદિક દોષો અને માયાથી પરાભવ ન પમાય

કામાદિક દોષો અને માયા તથા માયિક સ્વભાવોની પ્રબળતા કેવી છે તે વિષે અગાઉ આપણે જાણી ચૂક્યા છીએ. એણે ભલભલાને પછાડ્યા છે. કોટિ કોટિ સાધનો કરવા છતાં જેનો નાશ ન થાય તેવા દોષોને ટાળવાનો ઉપાય સંપ, સુહૃદભાવ, એકતા છે.

ભગવાન સ્વામિનારાયણે સંપ, સુહૃદભાવ અને એકતાના તાત્પર્યમાં 'પક્ષ' શબ્દ વાપરેલો છે. કારણ કે ભક્તોમાં પરસ્પર સંપ, સુહૃદભાવ અને એકતા હોય તો જ એકબીજાનો પક્ષ રાખી શકાય. તેમ જ પક્ષ રખાય તો સંપમાં પણ વધારો થાય. ભગવાન અને ભક્તનો પક્ષ રાખવાથી જે લાભ થાય છે તે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૭૮ – "જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે... જેને એવો સત્સંગનો પક્ષ છે, તે સંત અથવા સત્સંગી તે સંગાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેનાં માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે."

મ.૬૦ – "જે ભગવાનનો ભક્ત હોય તેને કોઈક મારી નાંખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે, 'તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચ મહાપાપ તે સર્વે મટી જાય છે;' એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે."

અં.૭ – "ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ. અને ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાંસંબંધીને વહાલાં રાખવાં નહિ. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ, ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

"અધર્મ સર્ગ જબ કરત પ્રવેશા, સુર નર મુનિ મહિં નહિ સુખ લેશા. એમ કહીને બોલ્યા જે, 'એવો અધર્મ સર્ગ શેણે કરીને પ્રવેશ થાય છે, તો જ્યારે એકબીજાનાં મન નોખાં પડે છે, ત્યારે પ્રવેશ થાય છે. ને એકબીજામાં સંપ હોય તો અધર્મ સર્ગ પેસવા આવે નહિ. તે ઉપર મહારાજની કહેલી વાત કરી જે, એક રાજાએ તીરનો ભાથો મંગાવ્યો ને બોલ્યા જે, બળિયામાં બળિયો હોય તે આ તીરના ભાથાને ભાંગી નાખો. ત્યારે જે બળિયામાં બળિયો હતો તેથી પણ તીરનો ભાથો ભંગાણો નહિ. પછી ભાથામાંથી એક તીર કાઢીને એક ફોશીમાં ફોશી હતો તેને કહ્યું જે, ભાંગી નાખ. ત્યારે તેણે તરત ભાંગી નાંખ્યો. પછી એ રાજાએ મોટા મોટા ઉમરાવને કહ્યું જે, 'જો તમે આ તીરના ભાથાની પેઠે જૂથ રાખશો તો ગમે તેવો શત્રુ હશે તોય તમારો પરાભવ નહિ કરે ને રાજ આબાદ રહેશે.' એ દૃષ્ટાંત દઈને બોલ્યા જે, 'આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારે અંતરશત્રુનો વધારો હશે તોપણ પરાભવ નહિ કરી શકે ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે." *(૩/૫૮)*

યોગીજી મહારાજ કહે છે :

◆ "સુહૃદભાવ હોય તો માયા ક્યાંથી પેસી શકે ?"

◆ "એકસંપથી પ્રભુ ભજીએ તો માયા ન આવે."

◆ "નિર્દોષબુદ્ધિ રાખીને ભગવાન ને ભગવાનના ભક્તમાં સુહૃદભાવ રાખીશું તો દેશકાળ નહિ લાગે. મંદવાડ ઊડી જશે. વ્યવહાર સુધરશે. આપણે કોઈ જાતનું દુઃખ નહિ આવે."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "આપણી એકતા તીરના ભાથા જેવી હશે તો કોઈ કાંઈ નહિ કરી શકે. સંપ રાખશો ને એકમના થશો તો ગમે તેવા અંતઃશત્રુ હશે તોય તે નાશ પામી જશે. એમ ન રહેવાય તો અલ્પ જેવા દોષ પણ સત્સંગમાંથી બહાર ફેંકી દેશે. સંપમાં નાનું પણ છિદ્ર ન જોઈએ. બંધમાં તિરાડ પડે ને તેની ઉપેક્ષા કરે તો ધીરે ધીરે વધતી જાય, બંધ તૂટે ને કેટલાનું નુકસાન કરે !!"

(૩) સર્વે ગુણો આવે, એકાંતિક ધર્મ સિદ્ધ થાય

સંપ-સુહૃદભાવ-એકતાનો આ એક ગુણ સિદ્ધ થઈ જાય તો બીજા બધા ગુણો આવે અર્થાત્ એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાય.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "સંપ હોય ત્યાં રિદ્ધિ-સિદ્ધિ રહે અને તે જતાં પરસ્પર વૈર થાય છે. જ્યાં મર્યાદા, સુહૃદયપણું, સંપ અને દયા ન હોય ત્યાં ધર્માદિક દેખાતાં હોય તો કથનમાત્ર છે. અને એ ચાર હોય ત્યાં બધા જ ધર્મ અને મોક્ષ રહેલા છે. એટલી વાત વિના ફાવે તેવી મોઢે વાતો કહે, તે ગુરુ થઈને પૂજાય તથા ગાદી, તકિયાં, વાહન, વસ્ત્ર, ભૂષણ, ધન, ખાન, પાન, પૂજા મળતાં રહે, પણ તેનો કાંઈ અર્થ નથી. આકાશમાં ગતિ કરે તો પણ કાંઈ મોટાઈ આવતી નથી."

(પૂર : ૧૯, તરંગ : ૫૯)

યોગીજી મહારાજ કહે છે :

◆ "સુહૃદપણું હોય તો એકાંતિક થઈ જવાય."

◆ "સુહૃદપણું તે જ એકાંતિકપણું છે. જીવનું જીવન છે. તે હશે તો બાકીનાં ત્રણ પણ આવી જશે. તે શું ? તો ઉપાસના, આજ્ઞા અને એકાંતિકમાં પ્રીતિ. માટે આ સનાતન સિદ્ધાંત એક જ જો મોટાની કૃપાથી સિદ્ધ થાય તો સંપૂર્ણ થઈ ગયા. માટે તે જીવમાં દૃઢ કરતાં જવું."

◆ "સુહૃદપણું જો ભગવાનના ભક્તમાં હોય તો સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

(૪) કોઈ પણ કાર્ય શ્રેષ્ઠતાને પામે

કોઈ પણ કાર્ય દરેક પોતપોતાની મેળે એકલા એકલા કરે તેના કરતાં

સૌ ભેગા મળીને, સંપીને તે કાર્ય કરે તો સમય અને શક્તિનો તો બચાવ થાય જ, પરંતુ સાથે સાથે ગુણવત્તાની દૃષ્ટિએ એ કાર્ય ઉત્કૃષ્ટ બને. કોઈ પણ વ્યક્તિની શક્તિ, બુદ્ધિ, આવડત, કળા, આપસૂઝની મર્યાદા હોય છે. પરંતુ એક જ કાર્યમાં જો સૌની શક્તિ, બુદ્ધિ, આવડત, કળા, આપસૂઝ ભળે તો જુદા જુદા સર્વે દૃષ્ટિકોણ એમાં ભળે, તેથી એ કાર્ય શ્રેષ્ઠતમ બની શકે.

વળી, શરીરનાં નાનાં-મોટાં બધા જ અંગો – હાથ, પગ, આંખ, કાન, નાક, જીભ, હૃદય, મગજ, કીડની, જઠર... વગેરે સંપીને કાર્ય કરે છે તો કેવું સુંદર કામ થાય છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "પાંચ આંગળીઓ નાની-મોટી છે, પણ સૌનો સંબંધ એક પહોંચમાં છે તેથી પહોંચો શોભે છે. એમ સંપ કરીને રહેવું એ અધિક બુદ્ધિનું કામ છે. બે જણ ભેગા રહે ત્યારે બુદ્ધિ કળ્યામાં આવે." *(પૂર : ૧૧, તરંગ : ૫૯)*

રસોડામાં તપેલી, સાણસી, તાવિથો, ગૅસનો ચૂલો, ગૅસનો બાટલો, લાઈટર, ચમચો વગેરે રસોઇનાં બધાં જ વાસણો પોતપોતાનું જે કાર્ય છે તે વ્યવસ્થિત બજાવીને એકબીજાને સહકાર આપે તો કેવું સુંદર કાર્ય થાય ? ભલે દરેકનાં નામ, રૂપ, આકાર, સ્વભાવ જુદાં છે, પણ બધાના સહકારથી રસોઇ થઈ શકે. ફક્ત સાણસી સોનાની હોય કે ફક્ત તપેલી ચાંદીની હોય તોપણ બીજાનો સહકાર ન લે તો રસોઇ થાય ?

રસોડામાં ખાંડ, મીઠું, જીરું, મરચું, હળદર, મેથી, રાઇ, લીંબું વગેરે બધાં જ મસાલા સંપીને શાક, દાળ કેવા સ્વાદિષ્ટ બનાવે છે ? ભલે દરેકનાં નામ, સ્વાદ, રૂપ, રંગ, આકાર જુદાં છે, પણ બધાના સહકારથી જ શ્રેષ્ઠ રસોઇ બને.

ગાડીના બધાં જ સ્પેરપાર્ટ્સનો ઢગલો પડ્યો હોય અથવા બોક્ષમાં ભર્યા હોય તો આપણે એને ઊંચકવા પડે, પરંતુ જો ગાડીનાં બધાં અંગોને યોગ્ય સ્થાને, યોગ્ય રીતે જોડવામાં આવે અને તે બધાં સંપીને પોતપોતાની જવાબદારી ઉપાડી લે તો કેવું સુંદર કાર્ય થાય છે ? ભલે દરેક અંગનાં નામ, રૂપ, રંગ, આકાર, સ્વભાવ અને કાર્ય જુદાં જુદાં હોવાં છતાં ભેગાં મળીને પરસ્પર સહકાર આપીને કાર્ય કરે છે તો સુંદર કાર્ય થાય છે.

એવી જ રીતે, ભલે આપણે જુદાં જુદાં ગામ, જ્ઞાતિ અને કુળના

હોઈએ, ભલે દરેકના સ્વભાવ જુદા જુદા હોય; પરંતુ જો બધા સંપીને, પરસ્પર સહકાર આપીને કાર્ય કરીએ તો સર્વોત્કૃષ્ટ કાર્ય થાય.

(૫) સત્સંગનો વિકાસ થાય

ફળ કે ફૂલના છોડને ઉગાડવા, ખીલવવા અને ઉછેરવા માટે જમીન ઉપરાંત યોગ્ય ખાતર, પાણી અને હવાની જરૂર પડે છે. તેમ આ સમગ્ર સત્સંગરૂપી છોડને ખીલવવા માટે અને વિકસાવવા માટે સંપ, સુહૃદભાવ અને એકતાની આવશ્યકતા છે.

ક્યારેક આપણને એવું હોય છે કે સત્સંગ વધારવા માટે જમાના પ્રમાણે સી.ડી. રોમ, કૉમ્પ્યુટર, પ્રોજેક્ટર, ઑડિયો કૅસેટ, વીડીઓ કૅસેટ, ટેપરેકોર્ડર, વિવિધ પ્રકારનાં અને વિવિધ ભાષાનાં પુસ્તકો, મેગેઝીનો અને પત્રિકાઓ, વિવિધ પ્રકારનાં સંગીતનાં સાધનો, પ્રદર્શનોની જરૂર પડે જ. જરૂર પડે એની ના નથી, જમાના પ્રમાણે એનો ઉપયોગ કરીએ એની પણ ના નથી, પરંતુ એ બધાં જ આધુનિક સાધનો હોય પરંતુ એ સાધનોનો ઉપયોગ કરનારા કાર્યકર્તાઓનો મનમેળ ન હોય તો ? પરસ્પર સંપ, સુહૃદભાવ, એકતા ન હોય તો ? સાધનોનો ઉપયોગ સત્સંગ-પ્રચાર માટે નહિ, પરંતુ અહં-મમત્વના પોષણ માટે થશે. તેથી સાધનો કરતાં 'સંપ'ની વધારે આવશ્યકતા છે. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના વખતમાં આજનાં જેવાં કયાં સાધનો હતાં ? કંઈ જ ન હતું, પરંતુ પરસ્પર સંપ હતો તો કામ થયું. તેથી સત્સંગના વિકાસ માટે વધારે જરૂરિયાત છે - સંપ, સુહૃદભાવ અને એકતાની. જો આ હશે તો સાધનોનો વધારે સારો ઉપયોગ થઈ શકશે અને સત્સંગનો વિકાસ ખૂબ થશે.

યોગીજી મહારાજ કહે છે :

◆ "સત્સંગ ખીલવવો. તે કેમ ખીલે ? એક તો સંપ, બીજું સુહૃદભાવ ને ત્રીજું રાખરખાવટ."

◆ "સત્સંગનો પ્રચાર ત્રણ વાનાંથી થાય છે : સંપ, સુહૃદભાવ ને એકતા."

◆ "હજુ આપણે સત્સંગ ખૂબ ફેલાવવો છે. મહારાજની એવી ઇચ્છા

છે. જો આપણે સંગઠન, પક્ષ અને સુહૃદભાવ રાખીશું તો કામ થશે.''

◆ ''આપણે ધારીએ તો આખા મુંબઈને રંગી શકીએ, પણ એમાં ત્રણ મુદ્દા જોઈએ : સંપ, સુહૃદભાવ અને એકતા.''

◆ ''આપ સર્વે સંપ, સુહૃદયભાવ બધા હરિભક્તો રાખજો. જુઓ કેવો ઝપાટો થાય છે ? તો બે વર્ષમાં આખું મુંબઈ રંગાઈ જશે.''

◆ ''સુહૃદભાવ રાખશો તો દિગ્વિજય થશે.''

◆ ''એક સંપ અને સુહૃદભાવથી કામ ઉપાડીશું તો આખું લંડન, અમેરિકા ભજન કરતું થઈ જશે.''

◆ ''ગામોગામ સંપ થાય તો સત્સંગ ખૂબ વધે.''

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ ''આજે આપણાં કાર્યો વ્યવસ્થિત થાય છે, શોભે છે તેનું મુખ્ય કારણ યુનિટિ (એકતા) છે, આપણા બધાનો સંપ છે. બધામાં એક વિચાર, એક રુચિ છે કે ભગવાન અને સંતને રાજી કરવા છે. કોઈનો વિચાર જુદો પડતો નથી.''

◆ ''આપણામાં યુનિટિ હશે, એકતા ને સંપ હશે તો ગમે તેવું કામ કરી શકીશું. સામે લાખો માણસો હશે તોપણ કંઈ (નુકસાન) કરી શકશે નહિ, પરંતુ જો આપણે લાખો ને કરોડો હોઈશું પણ યુનિટિ (એકતા) નહિ હોય તો છિન્નભિન્ન થઈ જવાના. કશું જ કાર્ય કરી શકીશું નહિ.''

◆ ''જો સંપ ન હોય તો આપણે બધા ખલાસ થઈ જવાના, પરંતુ આપણે એવું કરવું છે કે ઠેઠ સુધી ચાલે. જ્યાં સુધી બ્રહ્માંડ રહે ત્યાં સુધી આપણે ચલાવવું છે, વધારવું છે, ટકાવવું છે. શ્રીજીમહારાજ ને યોગીજી મહારાજનો સંકલ્પ છે, તેથી આપણે પણ સંપ વધે તેવા જ પ્રયત્નો કરવા.''

◆ ''સંપ છે ત્યાં બધું કામ થાય છે. સંપ હશે તો આપણો આ સંપ્રદાય ચાલશે, વધશે ને ખૂબ પ્રગતિ થશે. સંપ નહિ હોય તો આ કાર્ય આગળ ચાલે નહિ. કારણ કે આપણી તાકાત તૂટી જાય અને આત્મબળ તૂટી જાય. માટે સંપ એટલો દૃઢ રાખીએ કે જેથી દિવસે-દિવસે આપણો ઉત્કર્ષ થાય, સત્સંગનો પણ ઉત્કર્ષ થાય.''

◆ ''એક સંપ, એક રુચિ, એક વિચાર, એક ધ્યેય હોય તો દિગંતમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થાય.''

(૬) ઓછા માણસે વધુ કામ થાય

કેટલીક વાર પોતાના કેન્દ્રમાં ઓછા કાર્યકર્તાઓ કે સંતો હોય છે, તેથી કાર્ય વધારે થતું નથી એમ આપણે માનીએ છીએ. પરંતુ ગુણાતીતાનંદ સ્વામી ઓછા માણસો હોવા છતાં વધુ માણસો જેટલું કામ થાય તે માટે એક સૂત્ર આપતાં કહે છે : "એક રુચિવાળા બે જ હોઈએ તો લાખો ને હજારો છીએ ને તે વિના તો હજારો ને લાખો હોઈએ તોપણ એકલા જ છીએ એમ સમજવું." *(૧/૩૩૫)*

કોઈક વૈજ્ઞાનિક સૂત્રનો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો કેટલું બધું કાર્ય સિદ્ધ થાય ? આ આધ્યાત્મિક સૂત્ર છે : એક રુચિવાળા બે = હજારો ને લાખો.

આ સૂત્ર આપણા મગજમાં બેસે તેમ નથી, તેમ છતાં આ અનુભવી અને નિઃસ્વાર્થ પુરુષનું વાક્ય છે. એને ખોટું બોલવાનો શો સ્વાર્થ ? અહીં તો બે બરોબર હજારોને લાખો બતાવ્યા, પરંતુ બે બરોબર સો માનો તોપણ કેટલું બધું કામ થાય ? કદાચ સો એ સો ટકા એક રુચિ ન થાય પણ દસ ટકા થાય, અરે ! એક ટકો રુચિ થાય તોપણ બે બરોબર કેટલા થાય ? જો બે જ વ્યક્તિમાં એક રુચિ થાય તો હજારો ને લાખો વ્યક્તિ જેટલું કામ થાય, પરંતુ સત્સંગમંડળમાં રહેલા સો હરિભક્તો વચ્ચે એક રુચિ થાય તો કેટલા માણસોનું કામ થાય ? ખરેખર આ ટેકનિક અપનાવવા જેવી તો ખરી જ.

યોગીજી મહારાજ કહે છે :

◆ "સંપ હોય તો પાંચ જણ પાંચસોનું કામ કરે. માટે સંપથી કામ કરવું."

◆ "સંપ રાખશો તો પાંચ જણા પાંચસોને ભારે પડશે. આખા લંડનમાં ડંકો વાગશે. નહિ તો પાંચસો હશે તોપણ કંઈ નહિ."

સંપ, સુહૃદભાવ અને એકતાથી થતા લાભ વિષે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ જે વાત કરી છે તેના સમાવેશ સાથે સારરૂપે એવું કહી શકાય કે જો કોઈ પણ કુટુંબ, સત્સંગ મંડળ, મંદિર કે સંસ્થાના બધા જ સભ્યો વચ્ચે સંપ, સુહૃદભાવ અને એકતાનું વાતાવરણ જળવાઈ રહે તો -

➤ ભગવાન અને સંતની રાજીપો થાય. એમની કૃપાદૃષ્ટિ થાય તો પછી કંઈ કરવાનું બાકી ન રહે.

➤ પ્રાપ્તિ તો બહુ મોટી થઈ છે. તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે, ભગવાન અને સંતનો સંબંધ ન તૂટે.

➤ સત્સંગમાં દિવ્ય વાતાવરણ જળવાઈ રહે.

➤ સંપ ત્યાં જંપ. વ્યક્તિગત કે સામૂહિક શાંતિ રહે. સમગ્ર વાતાવરણમાં શાંતિ રહે. અહીં જ સાક્ષાત્ અક્ષરધામનો અનુભવ થાય. શાંતિના સરોવરમાં હોઈએ એવું લાગે.

➤ સંપ ત્યાં સંપત્તિ. સંપને લીધે સંપત્તિનો વ્યય ઓછો થાય, વધુ સંપત્તિ પ્રાપ્ત થાય.

➤ સંપ એક શક્તિ છે, ટેકનોલોજી છે. તેનાથી અશક્ય કાર્ય શક્ય બને, કઠણ કાર્ય સરળ બને. કોઈ પણ કાર્ય ઝડપી થાય. વિઘ્નો સામે ટકી શકાય. અંતઃશત્રુઓ સામે લડત લઈ શકાય, તેના પર વિજય પ્રાપ્ત થઈ શકે.

➤ સમય અને શક્તિનો બગાડ થતો અટકે. ઓછા સમયમાં, ઓછી સંપત્તિથી, ઓછી શક્તિથી, સારામાં સારું કાર્ય થાય.

➤ વ્યક્તિગત કે સામૂહિક જે કાંઈ લક્ષ્ય હોય તે સિદ્ધ થાય. સફળતા પ્રાપ્ત થાય. પરસ્પર સૌની બુદ્ધિ, શક્તિ, આવડત, સૂઝનો સુભગ સમન્વય થવાથી કોઈ પણ કાર્ય વધુ સારું, વ્યવસ્થિત અને નક્કર થાય.

➤ વ્યક્તિગત કે સામૂહિક પોષણ, રક્ષણ, સંવર્ધન અને સર્વાંગી વિકાસ થાય.

➤ તમામને વિષે હેત, મમત્વ થાય. બધા પોતે જ છે એમ મનાય. બીજા મારું શરીર, મારું જ અંગ છે એમ મનાય, તો કોઈ પણનો 'વિકાસ એ મારો જ વિકાસ છે' એમ માને.

➤ સૌનો વિકાસ થાય, સૌ આગળ વધે એવી અંતરમાં ભાવના રહે, એ માટે પ્રાર્થના અને મદદ થાય. બીજા માટે ઘસાઈ છૂટાય.

➤ સૌના દાસભાવે, સેવકભાવે વર્તાય.

➤ કોઈની સાથે રાગ-દ્વેષ, અહં-મમત્વ ન થાય, આંટી ન પડે.

➤ બધાનું, બધે જ, બધું જ ખમાય.

➤ બીજા કોઈ પોતાની ભૂલ દેખાડે કે ટોકે તો અતિશય ગમે અને સુધારવાનો પ્રયત્ન થાય.

➤ બીજાની ભૂલ કે એનો વાંક પોતાના પર લઈ લેવાય, એના પ્રત્યે

મમતા અને સહાનુભૂતિ રહે.

➤ કોઈ પ્રત્યે ઈર્ષ્યા, અસૂયા, મત્સર ન આવે.

➤ પરસ્પર કોઈનો અભાવ, અવગુણ ન આવે.

➤ પરસ્પર કોઈ પ્રકારના કંકાસ, ક્લેશ, ઝઘડા ન થાય.

➤ સમગ્ર તંત્ર વ્યવસ્થિત ચાલે.

ખરેખર સંપ, સુહૃદભાવ અને એકતા તો -

➤ ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિનો પ્રાણવાયુ છે. એના વગર સાચા અર્થમાં પ્રગતિ નહિ જ થાય. કદાચ પ્રગતિ થયેલી હશે તોપણ તે નહિ ટકે.

➤ આપણા અસ્તિત્વની ઈમારતનો આ પાયો છે. પાયામાં મુશ્કેલી થાય તો ગમે તેવી સારી અને મજબૂત ઈમારત ભાંગી પડશે. કુસંપ પેઠો તો આપણે નહિ ટકવાના, નહિ બચવાના. આપણી બરબાદી અને પાયમાલી નક્કી છે. આપણો વિનાશ ચોક્કસ છે.

➤ ભૌતિક અને આધ્યાત્મિક સફળાની આ ગુરુ ચાવી છે. જો આની દૃઢતા હશે તો સફળતા ચોક્કસ છે. નહિતર નિષ્ફળતા નિશ્ચિત છે.

➤ આપણા પરસ્પરના ગમે તેવા પ્રશ્નોના કાયમી ઉકેલ માટે આ એક અનિવાર્ય ઉપાય છે. આના વગર કોઈ પ્રશ્નનું કાયમી સમાધાન નહિ થાય.

➤ શાશ્વત સુખ, શાંતિનો આ જ એક રામબાણ ઈલાજ છે.

➤ આધ્યાત્મિક, દિવ્ય અને સર્વશ્રેષ્ઠ કૉમ્પ્યુટર અને ટેકનોલોજી (Spiritual divine super computer and technology) ભગવાન અને સંત છે. તેમના દ્વારા જ આપણું કામ થવાનું છે. પરંતુ આવું આ કોમ્પ્યુટર આપણા માટે કાર્ય કરી શકે તે માટે દિવ્ય અને શાંત વાતાવરણની જરૂરિયાત છે. તે માટે સંપ-સુહૃદભાવની જરૂરિયાત છે. પરસ્પરના કુસંપને લીધે સુપર કોમ્પ્યુટર કામ કરી નહિ કરી શકે. તો સ્વભાવ ટાળવાનું, આત્યંતિક મુક્તિનું તેમ જ વ્યક્તિગત અને સમષ્ટિગત સત્સંગ વિકાસનું પણ કાર્ય નહિ થાય.

➤ ગુણાતીતપણાનો, બ્રહ્મરૂપ થવાનો આ જ રાજમાર્ગ છે. એના પર ચાલ્યા વગર ગુણાતીત કે બ્રહ્મરૂપ નહિ જ થવાય.

સમગ્ર માનવ સંસ્કૃતિનો, લૌકિક અને આધ્યાત્મિક ક્ષેત્રના ઈતિહાસનો અભ્યાસ કરીએ, શ્રીજીમહારાજ, ગુણાતીત સત્પુરુષો અને અન્ય મહાન

પુરુષોનાં વચનો વિચારીએ અને સમજીએ તો એટલી દૃઢ પ્રતીતિ થાય છે કે સંપ, સુહૃદભાવ અને એકતા રાખ્યા વગર છૂટકો જ નથી.

વિશેષે કરીને તો શ્રીજીમહારાજ અને આપણા ગુણાતીત ગુરુઓનો આ હૃદગત અભિપ્રાય અને સિદ્ધાંત છે. એમણે આના પર ખૂબ ભાર મૂક્યો છે. આના માટે ખૂબ આગ્રહ રાખ્યો છે. એમની આપણી પાસેથી આ જ આશા, અપેક્ષા અને મહેચ્છા છે.

મહારાજ સુહૃદપણાનો મહિમા સમજાવતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "હરિભક્તોએ પરસ્પર સુહૃદપણું રાખવું, સુહૃદપણું અમારો પ્રાણ છે." *(પૂર : ૧૪, તરંગ : ૩૧)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "જેટલું સુહૃદપણું હોય તેટલો જ હૈયામાં સત્સંગ જાણવો." *(૮/૨૬૬)*

◆ "માંહીં-માંહીં સુહૃદપણું વધે તે સારું છે." *(૧૦/૧૯૬)*

◆ "સુહૃદપણું ન રહે તો શાંતિ પણ રહે નહિ." *(૧૧/૧૭૩)*

યોગીજી મહારાજ વારંવાર પોતાના ઉપદેશમાં સંપ-સુહૃદભાવ અને એકતાનો આગ્રહ રાખવાનું કહેતા. એમનાં કેટલાંક વચનો વાંચીએ :

◆ "સંપ, સુહૃદભાવ રાખ્યા વગર છૂટકો જ નથી. તે પ્રમાણે વર્તવું જ પડશે. નહિ તો મહારાજ દંડ દેશે."

◆ "જ્યાં સુધી સુહૃદભાવ નથી, ત્યાં સુધી માયાનો લોચો છે. અને ત્યાં સુધી શાંતિ નહિ રહે. અક્ષર અને પુરુષોત્તમ આપણા માતાપિતા છે. અને તે બાગના જે છે તે સ્વામીનું સ્વરૂપ છે. આપણે ગામેગામ ફરીને માયા કાઢી નાખવી છે."

◆ "બધા ગુણાતીત બાગના જ હરિભક્તો છે. માટે કોઈનાં નોખાં મંડળ, નોખા વાડા રાખવાં નહિ. બધા એક જ મંડળના છે એમ જ સૌએ સમજવું. સંપ રાખવો."

◆ "પરસ્પર સંપ- સુહૃદભાવ રાખવો જોઈએ. એક જણ ન રાખે તોય આપણે તો રાખવો. કારણ, ભોજનની થાળી પીરસી હોય તેનાં ગમે તેટલાં વખાણ કરે તોય ભૂખ ન જાય. તે તો જેટલું ખાય તેટલી ભૂખ જાય. તેમ જે સંપ રાખે તેને લાભ થાય. ન રાખે તેને ખોટ જાય."

◆ "આપણે અંદરોઅંદર એકતાપણું રાખી નિર્દોષબુદ્ધિ રાખવી. એક-

બીજાનું કામ કરી લેવું.

◆ "સંપ અને સુહૃદભાવ રાખી એકમના થઈ શાસ્ત્રીજી મહારાજનું કાર્ય દિપાવવું."

◆ "જયંતી ઊજવી ક્યારે કહેવાય ? જ્યારે આપણે સંગઠનભાવ રાખીએ. એકબીજાનો ગુણ લઈએ. સત્સંગમાં દિવ્યભાવ રાખીએ તો જયંતી ઊજવી કહેવાય."

◆ "અમારું રહસ્ય : સંપ, સુહૃદભાવ, એકતા જડી દેવી."

◆ "હવે કરવાનું કેટલું ? તો ભગવાન અને ભક્તમાં નિર્દોષબુદ્ધિ, સંપ, સુહૃદભાવ, એકતાપણું રાખવું. મહારાજ આ ઉપર બહુ ભાર મૂકતા. સુહૃદભાવ હોય તો એકાંતિક થઈ જવાય."

◆ "એક સિદ્ધાંત આપને કહેવાનો છે કે બધા સંપ રાખો. એકબીજાનો મહિમા સમજો. સુહૃદભાવ રાખો. એવા પુષ્કળ આશીર્વાદ છે. શાસ્ત્રીજી મહારાજનો ૬૦ વરસનો એ જ સિદ્ધાંત. અમે એ જ કરવા આવ્યા છીએ, તમારામાં સંપ રહે. બધાં મંડળ એકમના રહીને સંપથી કાર્ય કરે તો શ્રીજી-મહારાજ, શાસ્ત્રીજી મહારાજ રક્ષા કરશે. અમારો આ સિદ્ધાંત તમે વારે વારે સાંભળ્યો હતો. આજે પણ એ જ સિદ્ધાંત કહીએ છીએ. બધાએ સંપ રાખવો. એકબીજાને દંડવત્ કરવા. માફી માગવી."

◆ "સિદ્ધાંત શું ? તે સમજવો જોઈએ. રહસ્ય અને અભિપ્રાય ન જાણીએ તો બધું જ નકામું છે. એ સિદ્ધાંત સુહૃદપણું-મિત્રપણું. એ જો હાથ આવી જાય તો ખટપટ વગેરે ન થાય. શાસ્ત્રીજી મહારાજના ત્રણ સિદ્ધાંત - સંપ, સુહૃદભાવ અને સાધુમાં દિવ્યભાવ. સંપ, સુહૃદભાવ અને એકતાપણું એ જ એક અમારો અભિપ્રાય વર્તમાનકાળે છે."

◆ "એકમના થઈ એક સંપ, સુહૃદભાવ રાખી હોલાઉપાડ કરવો."

પ્રમુખસ્વામી મહારાજ સંપ, સુહૃદભાવ અને એકતાનો આગ્રહ રાખતાં કહે છે :

◆ "આપણે બધાં જ મંદિરો, સંતો, હરિભક્તો એક જ સંસ્થાનાં છે. આપણી સંસ્થા એક જ, ભગવાન એક જ, ગુરુ એક જ છે. નોખું કાંઈ છે જ નહિ. આવી ભાવના બધાએ રાખવાની છે. આપણી એકતા, એક રુચિ, સંપ જળવાય તે કરવાનું છે. અંદરોઅંદર ખેંચતાણ, અહં-મમત્વ ન થાય."

◆ "આપણે ભગવાન મળ્યા પછી એક જ પક્ષ. કેટલાકને એવું છે કે આપણે આપણું ગ્રુપ કરીએ. પણ આપણે ગ્રુપ શું ? શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે. એ મોટામાં મોટું ગ્રુપ. સંસ્થા એક છે, ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ એક છે, આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એક છે, સંસ્થાનાં મંદિરો એક છે, દેશ-પરદેશ રહેતા સંતો-હરિભક્તો એક છે, પછી એમાં કંઈ જુદું થયું ખરું ? પછી દેશ-પરદેશમાં ગમે ત્યાં રહેતા હોય પણ બધા જ સંતો-ભક્તો આપણા જ છે. પછી એમાં કોઈ જુદા છે એવું લાગે જ નહિ. આવો વિચાર ન હોય તો એવું લાગે કે અમુક સંતો-હરિભક્તો આપણા ગ્રુપના, આપણા મંદિરના છે, જ્યારે બીજા કેટલાક બીજાં ગ્રુપ કે મંદિરના છે. આવા વિખવાદથી કુસંપ ઊભો થાય. આપણા સત્સંગમાં ક્યાંય આવો કુસંપ ઊભો ન થાય તેનું ધ્યાન રાખવું."

◆ "શિસ્ત, સંગઠન અને એકબીજાની મર્યાદા વગર સંસ્થા ટકી ન શકે. આપણે સંગઠન વધે એવું જ કરવું. જો એ તૂટશે તો આપણે છિન્નભિન્ન થઈ જવાના. સંગઠન અગત્યનું છે. અંદરોઅંદર કદાચ મનદુઃખ હોય તોય ગમે તેને કોઈ પૂછે તોપણ વાત તો એક જ આવવી જોઈએ. જો આ સંગઠનની વાત ન સમજીએ તો ખોટાં તત્ત્વો લાભ લઈ જશે. કોઈ પણ મંદિર, સંત કે હરિભક્તનું ઘસાતું બોલીએ એ આપણો જ ઘસારો છે. એમાં સંગઠન તૂટે. મોક્ષ માટે સત્સંગમાં આવ્યા છીએ તો ખટપટ ન કરવી. તો જ સંગઠન રહેશે. આપણે જીવનના અંત સુધી દૃઢ કરવું કે કોઈ બગાડ પેસે જ નહિ, આપણું સંગઠન તૂટે જ નહિ."

◆ "સામેવાળો સંપ-સુહૃદભાવ રાખે કે ન રાખે પણ આપણે જ રાખવાનો છે. સામાની તો વાત જ ક્યાં કરવાની છે ? સંપ-સુહૃદભાવ આપણે જ રાખવાનો છે. અને તે માટે આપણે જ ખમવું પડે, ઘસારો વેઠવો પડે, આપણા મનની વાતો મૂકી દેવી પડે, આપણા સ્વભાવ મૂકવા પડે અને એને અનુકૂળ થવું પડે. તો જ સંપ-સુહૃદભાવ રહે."

◆ "સંઘનિષ્ઠાથી, સંપથી જ વિકાસ, સુખ, શાંતિ અને મહારાજ-સ્વામીનો રાજીપો છે. તે માટે સ્વાર્થ અને અહં મૂકવા પડે. તે મૂક્યા વિના તો સંઘનિષ્ઠા થાય જ નહિ. તેમાં મહિમાની દૃષ્ટિ જોઈએ. તે વિના ખેંચતાણ થાય ને હું જ સાચો ને બીજા ખોટા એવું રહે. 'આ બધા જ મારાથી મોટા છે. તે

મારાથી વધારે સમજે છે પણ હું સમજતો નથી,' એવું રહે તો એક-બીજા સાથે ઘર્ષણ ન થાય. તો સંપ થાય અને ટકે. અહંકારથી અહં-મમત્વ થાય, તેનાથી કુસંપ થાય અને પરિણામે બરબાદ થઈ જવાય. એટલે જેનાથી સંપ-સંગઠન વધે એ વાતને સમજવાનો અને એ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો સંગઠન દૃઢ થશે તો પછી ગમે તેવા પ્રશ્નોનું નિરાકરણ આવી જશે.''

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો આ હૃદગત અભિપ્રાય છે, સિદ્ધાંત છે. સિદ્ધાંત એટલે પોતાના અનુભવથી સિદ્ધ કરેલો નિર્ણય. બીજી બાબતમાં દેશકાળ, સંજોગો, વ્યક્તિને અનુરૂપ ફેરફાર થઈ શકે; પરંતુ સિદ્ધાંતમાં ક્યારેય, ક્યાંય અને કોઈ પણ પરિસ્થિતિમાં ફેરફાર ન થાય. આ સંપ, સુહૃદભાવ અને એકતાનો સિદ્ધાંત કોઈ પણ યુગમાં, કોઈ પણ દેશમાં અને કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સંજોગોમાં અનિવાર્ય છે. એ વગર ન તો તે વ્યક્તિ ટકી શકે કે ન તો કુટુંબ, સંસ્થા, સમાજ કે દેશ ટકી શકે.

આપણા તો સદ્‌ભાગ્ય છે કે આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ પોતાના જીવન અને ઉપદેશ દ્વારા આ સિદ્ધાંતને જીવનમાં આત્મસાત્ કરવાનું શીખવ્યું છે. તેમણે જુદા જુદા સ્વભાવના જુદા જુદા માણસો સાથે, જુદા જુદા સંજોગોમાં સંપ-સુહૃદભાવ અને એકતા રાખીને સૌ સાથે કામ લીધું છે. આ સિદ્ધાંતના સફળ પ્રયોગ દ્વારા આ ગુણાતીત બાગ ખીલવીને આપણને તે સાચવવા, વધારવા અને સાથે સાથે એને માણવા સોંપ્યો છે. તો આપણા સૌની પવિત્ર ફરજ છે કે સંપ-સુહૃદભાવ અને એકતાનો ભવ્ય અને દિવ્ય વારસાનું ગમે તે ભોગે જતન કરીને, સાચવીને એનો ઉપયોગ આ ગુણાતીત બાગને સાચવવા અને વધારવા કરીએ.

સત્સંગરૂપી આ ગુણાતીત બાગ જેમ જેમ વધુ વિસ્તારને પામે તેમ તેમ તેને સાચવવા માટે વધારે સંપ, સુહૃદભાવ અને એકતાની જરૂર પડે.

એક નાનો બગીચો છે અને એક ખૂબ મોટો બગીચો છે. હવે બન્ને બગીચાનાં ફળ-ફૂલનાં છોડ અને વૃક્ષોમાં રોગચાળો આવ્યો તો બન્નેનું કુલ નુકસાન સમાન નથી એ સમજી શકાય તેમ છે. એવી જ રીતે વિશ્વભરમાં વિસ્તરેલ આ સત્સંગમાં જો કુસંપનો રોગ લાગુ પડે તો વધુ નુકસાન થાય તે સમજવાનું છે.

વળી, આ સત્સંગની ઈમારત એક-બે દિવસ કે એકાદ-બે વર્ષ નથી

ટકાવવાની. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની ઇચ્છા તો એવી છે કે આ દિવ્ય ઇમારત યુગો સુધી ટકી રહે. જો આજ એમનો અભિપ્રાય હોય તો એનો પાયો પણ કેટલો મજબૂત જોઈએ ? ઝૂંપડાનો પાયો, એક માળના, દસ માળના અને સો માળના મકાનનો પાયો સમાન નથી હોતો. વળી, બન્ને દસ માળના મકાન હોય, પરંતુ એક મકાન મહિનામાં પડી જાય તો વાંધો નથી, જ્યારે બીજું મકાન વર્ષો સુધી ટકાવવું છે તો સમજી શકાય કે બીજા મકાનનો પાયો વધારે મજબૂત જોઈએ. હવે માની લો કે બે માળનું, દસ માળનું તથા સો માળનું એમ ત્રણ મકાન છે. આ ત્રણેયનો પાયો કાચો છે. તેથી ત્રણેય મકાન નીચે પડે છે. અહીં સમજી શકાય છે કે ત્રણેયનું નુકસાન સમાન નથી.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સત્સંગની આ ઇમારત જેટલી વધારે ઊંચી અને વધારે વિસ્તૃત એટલો પાયો વધારે મજબૂત જોઈએ. નહીંતર કાચા પાયાને લીધે વધારે નુકસાન થાય. આ હકીકત સમજીને આ સત્સંગરૂપી ઇમારતનો પાયો વધારે મજબૂત કરવા માટે આપણે સૌએ વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે સંપ-સુહૃદભાવ અને એકતાની દૃઢતા કરવાની છે. આપણી આળસ કે ગફલતને લીધે આ પાયો કાચો રહી જાય અને આ ઇમારતને લેશમાત્ર નુકસાન ન થઈ જાય તે માટે આપણે સૌ સાવધાન રહેવાનું છે. ઇમારતનો પાયો કાચો રહી જાય એમાં આપણે ક્યારેય ક્યાંય અને કોઈ પણ પ્રકારે નિમિત્ત ન બનીએ તેનું જાણપણું રાખવાનું છે. પાયાની દૃઢતા માટે આપણે ભાગે જે જવાબદારી આવે તે નિભાવવાની છે.

આપણે સૌએ આના માટે હોલાઉપાડ કરવાનો છે. એ માટે સૌના સહિયારા પુરુષાર્થની આવશ્યકતા રહે છે. આપણને ગમે કે ન ગમે પણ એ કર્યા વગર ચાલે તેમ જ નથી. એ કર્યા વગર છૂટકો જ નથી. આજે કે આવતી કાલે, આ વર્ષે કે આવતા વર્ષે, આ જન્મે કે લાખ જન્મે પણ કર્યા વગર છૂટકો જ નથી. કારણ કે આ એમનો અભિપ્રાય છે, એમનો સિદ્ધાંત છે. એ માટે એમનો આગ્રહ છે, આપણી પાસેથી એમની આ અપેક્ષા છે. એમની રુચિ-મરજી-અનુવૃત્તિ સમજીને એમની અપેક્ષા પૂરી કરવી એ આપણી ભક્તિ છે.

માટે સૌએ સામૂહિક પ્રયાસ કરીને કુસંપને નિર્મૂળ કરીને સંપ,

સુહૃદભાવ અને એકતા વધે, વધારે સુદૃઢ થાય તે માટે સહિયારો પુરુષાર્થ કરવો જરૂરી છે. દરેક વ્યક્તિએ પોતાનો જ વિચાર કરીને સંપ તૂટવાના પોતાનાં વ્યક્તિગત કારણો શોધીને તેમાં કંઈક સુધારો કરવો જરૂરી છે. બધા જ સાધકો પોતપોતાનો વિચાર કરીને સંપ તોડનારાં અને કુસંપ વધારનારાં પરિબળોને દૂર કરવાના પ્રયત્ન કરે તો 'કુસંપ'નું અસ્તિત્વ જ નહિ રહે.

- **સંપ, સુહૃદભાવ અને એકતા તૂટવાનાં કારણો**

સંપ તોડનારાં અને કુસંપને વધારનારાં મુખ્ય પરિબળો તો કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, હઠ, દુરાગ્રહ, અક્કડ વલણ, ક્રોધ, અસૂયા, મત્સર, પંચ વિષયમાં આસક્તિ, લૌકિક મહત્ત્વાકાંક્ષાઓ, અહં-મમત્વ, રાગ-દ્વેષ, અભાવ-અવગુણ, ખટપટ, વાણીનો અવિવેક, આડોડાઈ, નાગડદાઈ, બેપરવાઈ, ગાફલાઈ વગેરે દેહભાવ કે સ્વભાવો જ છે. જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં સંપ તૂટ્યો છે, કુસંપ વધ્યો છે તેનું નિદાન કરીએ તો ખ્યાલ આવશે કે તેનું અત્યંત મુખ્ય કારણ જો કોઈ હોય તો તે કોઈક ને કોઈક સ્વભાવ જ છે. સ્વભાવ જ સંપની હોનારત સર્જે છે. સ્વભાવના જ્વાળામુખીમાંથી નીકળતો ધગધગતો લાવરસ જ સંપ-સુહૃદભાવના શાંત વાતાવરણને આગ લગાડે છે, નષ્ટભ્રષ્ટ કરી નાખે છે.

- **સંપ, સુહૃદભાવ અને એકતાના ઉપાયો**

(૧) જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા

➤ હું કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે કેવળ શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી જ કરવા આ સત્સંગમાં આવ્યો છું.

➤ હું મારા પોતાના જ સ્વભાવ ટાળીને બ્રહ્મરૂપ થવા આવ્યો છું.

➤ હું મારું પોતાનું જ કલ્યાણ કરવા આવ્યો છું.

આ ધ્યેયની જેટલી સ્પષ્ટતા અને દૃઢતા થાય એટલું સંપ વધારવાનું અને દૃઢ કરવાનું કામ સરળ બને.

(૨) સંપથી થતા લાભ અને કુસંપથી થતા નુકસાનની સ્પષ્ટતા

અગાઉ જણાવ્યા પ્રમાણે સંપથી જે લાભ થાય છે અને કુસંપથી જે

નુકસાન થાય છે, તેનું ચિત્ર જો મનમાં સ્પષ્ટ થાય, તો કુસંપથી પાછા વળીને સંપ વધારવાના પ્રયત્નો સહેજે જ થાય.

(૩) દૃઢ નિશ્ચયાત્મક ઠરાવ

સંપ રાખવો જોઈએ એવું તો બધા જ જાણે છે, પરંતુ ઠરાવ કર્યા વગર એ માર્ગે આગળ વધાતું નથી. વસ્તુતઃ ઠરાવ કર્યા વગર કંઈ જ નહિ થાય. માટે સંપ માટે ઠરાવ કરવો જ પડશે. 'મારા સ્વામીની અપેક્ષા પૂરી કરવા માટે કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે મારે જ સંપ, સુહૃદભાવ રાખવો છે. એ માટે જે કંઈ કરવું ઘટે તે કરીશ. જે કાંઈ છોડવું ઘટે તે છોડીશ, જે કંઈ સમજવું ઘટે તે સમજીશ, જે કંઈ સહન કરવું ઘટે તે સહન કરીશ, પરંતુ હું મારા તરફથી તો સંપ-સુહૃદભાવ જાળવવા, વધારવા અને દૃઢ કરવા માટે સો ટકા પ્રામાણિક પુરુષાર્થ કરીશ જ.' આવા પ્રકારનો દૃઢ નિશ્ચયાત્મક ઠરાવ થવો જોઈએ.

(૪) શ્રીજીમહારાજ અને ગુણાતીત સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ કેવા સમર્થ છે ? કેવું એમનું સ્વરૂપ છે ? કેવા એ દિવ્ય છે ? કેવી એમની અલૌકિક સ્થિતિ છે ? કેવી દુર્લભ પ્રાપ્તિ છે ?

આ પ્રશ્નોના ઉત્તરરૂપે એમનો અસાધારણ મહિમા સમજાય, એમનું સાચું સ્વરૂપ ઓળખાય, એમને વિષે દિવ્યભાવની દૃઢતા થાય તો સંપને તોડનારા તથા કુસંપને વધારનારા સ્વભાવો જ નાશ પામે, मूलं नास्ति कुतः शाखा ? એમ કુસંપનું મૂળ જ નાશ પામે તો પછી કુસંપનાં અંકુર ફૂટે જ નહિ, સંપ તૂટે જ નહિ.

વળી, ભગવાન અને ગુણાતીત સંત સર્વકર્તાહર્તા, સર્વનિયંતા મનાય તો ગમે તેવા વિપરીત સંજોગો કે પ્રતિકૂળ પ્રસંગોમાં એમનું જ કર્તૃત્વ અને નિયંતૃત્વ સ્વીકારાય તો કોઈની સાથે રાગ-દ્વેષ ન થાય, કોઈના ઉપર દોષારોપણ ન થાય, કોઈનોય વાંક ન કઢાય, કોઈની સાથે ઝઘડા ન થાય. 'જે કાંઈ બન્યું છે તે મહારાજ-સ્વામીની ઇચ્છાથી થયું છે અને તે મારા ઘડતર માટે, મારા સારા માટે જ થયું છે,' એમ માનીને મન શાંત રહે.

મનમાં કોઈ જાતનો ખળભળાટ ન રહે. તેથી કુસંગ ઊગતો જ અટકી જાય. સંપ તૂટતો બચી જાય.

(૫) ભગવાન અને ગુણાતીત સંત પ્રત્યે દૃઢ પ્રીતિ અને ભક્તિ

ભગવાન અને ગુણાતીત સંત પ્રત્યે દૃઢ પ્રીતિ હોય, તેમના પ્રત્યે દૃઢ ભક્તિ હોય તો તેમને જે ન ગમે તે થાય જ નહિ, તેમને જે ગમે તે જ થાય. તેમની મરજી પ્રમાણે જ વર્તાય (**વચ. પ્ર.૧૫, સા.૧૫, કા.૧૧**). એમને કુસંપ જરાય ગમતો નથી, પરંતુ સંપ-સુહૃદભાવ તો અતિશય ગમે છે. તેથી સાચો ભક્ત ક્યારેય કુસંપ કરે નહિ અને સંપ તોડે નહિ.

(૬) દરેક ક્રિયામાં ભગવાન અને સંતને રાજી કરવાનું અનુસંધાન

જો સાધક મન, કર્મ, વચને જે કાંઈ ભગવાન સંબંધી ક્રિયા કે પ્રવૃત્તિ કરે છે, તેમાં જો ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવાનું તાન અને અનુસંધાન રહે તો સહેજે જ સંપ, સુહૃદભાવ અને એકતા જળવાઈ રહે. ક્રિયા કરતાં પહેલાં, કરતી વખતે અને કર્યા પછી પણ અનુસંધાન રાખવું કે આ ક્રિયાથી તેઓ રાજી થશે ? રાજી થાય છે ? રાજી થયા ? રાજી થયા તો કેટલા ટકા ? આ વિચાર સાથે દરેક ક્રિયાનું નિદાન કરીને એમાં સુધારા કરતા રહીને ૧૦૦% એમનો રાજીપો થાય એવી જ રીતે સેવા-પ્રવૃત્તિ કરવામાં આવે તો કુસંપ થાય જ નહિ. જેનાથી કુસંપ થાય તેમ હોય તેવા સ્વભાવોથી ભગવાન અને સંત રાજી થતા જ નથી. તેથી એવા અહં-મમત્વ, રાગ-દ્વેષ, અભાવ-અવગુણ, આંટી, હઠ, માન, ઈર્ષ્યા, મત્સરાદિક સ્વભાવો મૂકીને કે પાછા પાડીને જ સેવા થાય; જેથી કુસંપ ન થાય, પરંતુ સંપ, સુહૃદભાવ અને એકતામાં વધારો થાય એવા જ મન, કર્મ, વચને પ્રયત્નો થાય. માટે દરેક ક્રિયામાં એમને અતિશય રાજી કરવાનું તાન અને અનુસંધાન રાખવું.

(૭) સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા

આ વિષે આપણે વિશેષ વિચાર પછીથી કરીશું. અહીં આપણે સંક્ષેપમાં એટલું સમજીએ કે ભગવાન અને ગુણાતીત સંતને આશરે આવેલા સંતો-ભક્તોમાં દૈહિક સ્વભાવો તો જણાય, દેખાય, પરંતુ સૌને આવા સર્વોપરી

ભગવાન અને ગુણાતીત સંતનો સાક્ષાત્ સંબંધ થયો છે એ બહુ જ દુર્લભ વાત છે. આવો સંબંધ બહુ મોટા પુણ્યવાળાને જ મળે છે (**વચ. પ્ર.૨૪**). આવો સંબંધનો મહિમા સમજાય તો કોઈકના સ્વભાવ જોઈને તેનો અવગુણ ન આવે, તેને લીધે કોઈની સાથે આંટી ન પડે તો સંપ ન તૂટે.

સંબંધવાળા સૌ સંતો, ભક્તોનો એવો મહિમા સમજાય તો તેમની સેવા થઈ શકે, તેમને મદદરૂપ થઈ શકાય તો સંપમાં વધારો થાય.

(૮) એક કુટુંબભાવના

આપણે સૌ એક જ ભગવાન શ્રીજીમહારાજનાં સંતાનો છીએ. એક જ ગુરુ પ્રમુખસ્વામી મહારાજના શિષ્યો છીએ અર્થાત્ એક જ દિવ્ય કુટુંબના સભ્યો છીએ. તેથી પરસ્પર પ્રેમ થાય અને જળવાઈ રહે. તો પછી કોઈનો અવગુણ ન આવે (**વચ. વર.૧૧, મ.૫૯**). લોકમાં જેમ કુટુંબના સભ્યો માટે ભીડો વેઠાય છે; સહન થાય છે, ભોગ અપાય છે, એમ આ દિવ્ય કુટુંબના સભ્યો-સંતો, ભક્તો જો પોતાના મનાય તો તેમના માટે પણ ભીડો વેઠાય, સહન થાય, ભોગ અપાય. પરિણામે, પરસ્પર સંપની ગાંઠ વધુ દઢ બને.

(૯) આત્મનિષ્ઠા

મહારાજ અને ગુણાતીત ગુરુઓએ અનેક વાર કહ્યું છે કે દેહભાવને લીધે જ કુસંપ વધે છે અને સંપ તૂટે છે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "બ્રહ્મરૂપ થયા વિના તો સુહૃદપણું પણ નહિ રહે." *(૧૪/૧૯૧)*

દેહના અનાદરની સાથે સાથે આત્મવિચારની દઢતા કરીને જો આત્મભાવ-બ્રહ્મભાવ કેળવાતો જાય, તો માન-અપમાન, સગવડ-અગવડ, સ્તુતિ-નિંદા જેવા સંજોગો કે પરિસ્થિતિમાં સ્વભાવો પોતાનો ભાગ ન ભજવે. પ્રવૃત્તિમાં કોઈની સાથે અહં-મમત્વ, રાગ-દ્વેષ ન થાય, માન, ક્રોધ, ઈર્ષ્યા, મત્સર જેવા વિકારોની પ્રવૃત્તિ ન થાય. પંચ વિષય કે દેહાભિમાનનું ખંડન થાય તો ખોટું ન લાગે. પોતાની જો બ્રાહ્મીસ્થિતિ થઈ હોય અર્થાત્ પોતાને જો બ્રહ્મરૂપ મનાય તો आत्मवत् सर्वभूतेषु – અર્થાત્ બીજા પણ બ્રહ્મરૂપ જ છે એમ મનાય. આત્માકારે દૃષ્ટિ અને વૃત્તિ થવાથી, પછી કોઈના દેહભાવમૂલક અભાવ-અવગુણ કે દોષો નજરમાં જ ન આવે અને કોઈનીય ટીકા, નિંદા કે

ઉપેક્ષા થાય જ નહિ. પરિણામે કુસંપ થાય નહિ, સંપ તૂટે નહિ.

(૧૦) સાંખ્યવિચાર

જે વસ્તુ, વિષય, વ્યક્તિ, સ્થાન કે ક્રિયામાં આસક્તિ હોય, જેનું મમત્વ હોય, તેમાં વિઘ્ન નાખનાર પ્રત્યે દ્વેષ કે વૈર ઉત્પન્ન થાય, એની સાથે આંટી પડે. પરિણામે સંપ તૂટે. પરંતુ સાંખ્યવિચાર કરીને સમજણની દૃઢતા કરી હોય તો તેના મમત્વને લીધે ક્લેશ ન થાય. એના કરતાં ભગવાનનું સુખ અધિક છે. માયિક પદાર્થો અંતે દુઃખ અને બંધનનું કારણ બને છે. તેથી તે મળે તો તેમાં આસક્તિ નહિ, મમતા નહિ અને કદાચ ન મળે અથવા તો મળ્યું હોય ને જતું રહે તો તેમાં શોક નહિ. એ માટે બીજાનો વાંક ન કઢાય, બીજાનો અભાવ ન લેવાય. કોઈની સાથે આંટી ન પડે. 'એ વસ્તુ જોઈતી જ નહોતી,' આ વિચારથી પાછી વૃત્તિ વળી જાય. रस्सा पाया हि न था । - એ સમજણની દૃઢતા દરેકે કરવાની છે.

ક્યારેક પોતાનું ધાર્યું ન થાય, પોતાની ઇચ્છા પ્રમાણે ન થાય, તોપણ 'ભગવાનની ઇચ્છા' માનીને તેનું સાંખ્ય કરી નાખવું જરૂરી છે. ગમે તેના દ્વારા કંઈક એવું બને કે જે આપણને પ્રતિકૂળ હોય, તો સાંખ્ય કરી નાખવું, કંઇ થયું જ ન હતું. 'કાંકરિયે મેળો ભરાયો જ ન હતો.'

(Let go) અર્થાત્ જતું કરતાં શીખવું જોઈએ. એમ જતું કરવાથી કદાચ કંઈક નુકસાન થશે, પરંતુ એ નુકસાન કરતાં 'સંપ' તૂટશે તો તેનું નુકસાન ઘણું વધારે હશે. માટે સાંખ્ય કરી નાંખવું. મનમાંથી કાઢી નાંખવું. ભૂલી જવું, તો કુસંપ ન થાય, સંપને પુષ્ટિ મળે.

(૧૧) ગુણગ્રાહક દૃષ્ટિ

આ વિષે આપણે વિશેષ પછીથી સમજીશું. અહીં આપણે એટલું સમજીએ કે કોઈ પણ વ્યક્તિમાં ગમે તેટલાં અવગુણો, દોષો, સ્વભાવો, બૂરી આદતો હોય પરંતુ તેમાં કંઈક સારો સદ્‌ગુણ પણ હોય જ છે. જો સાધક તેના સો અવગુણ ભૂલીને એકાદ ગુણ સામે દૃષ્ટિ રાખીને તેનું દર્શન, શ્રવણ, કથન, મનન, ચિંતન કરે તો તે વ્યક્તિ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ નહિ થાય. તેનો અભાવ નહિ આવે. પરિણામે સંપની રક્ષા થશે. કુસંપ પ્રવેશતાં અટકી જશે.

(૧૨) અભાવ-અવગુણ પર પ્રતિબંધ

આ વિષે અગાઉ વિસ્તૃતપણે જાણી ચૂક્યા છીએ. અહીં આપણે એટલું જ સમજીએ કે ક્યારેય, ક્યાંય, કોઈનોય, કોઈ પણ પ્રકારનો દોષ, અવગુણ, દુર્ગુણ જોવો નહિ, સાંભળવો નહિ, કહેવો નહિ, વિચારવો નહિ. આ કુટેવને કાઢવી જ પડશે. આ વૃત્તિ પર પ્રતિબંધ મૂકવો જ પડશે. જ્યાં સુધી કોઈના પણ અભાવ-અવગુણની વાતો-ચર્ચા બંધ નહિ થાય ત્યાં સુધી કુસંપ પ્રવેશવાની, સંપ તૂટવાની શક્યતા રહેવાની જ. તેથી અભાવ-અવગુણ બંધ કર્યા વગર છૂટકો જ નથી.

કદાચ કોઈનો અવગુણ દેખાય કે સંભળાય તો -

➤ તુરત જ માની ન લેવું કે એ દોષ એમાં છે જ. આપણા જોવામાં કે સાંભળવામાં ભૂલ હોવાની શક્યતા છે. ઉતાવળો નિર્ણય ન લેવો. પૂરતી માહિતી મેળવવી. એના સંજોગો જોવા, એનો હેતુ તપાસવો.

➤ કદાચ કોઈની કોઈક ભૂલ સો એ સો ટકા સાચી હોય તોપણ એને તાત્કાલિક ટોકવા નહિ. એને ફજેત ન કરવા. એની ભૂલની ચર્ચા ન કરવી. જ્યાં ત્યાં એની વાતો ન કરવી. યોગ્ય અધિકારી વ્યક્તિને શુભ હેતુથી જાણ કરવી.

➤ એ વ્યક્તિના અન્ય ગુણો શોધવા, જાણવા, સાંભળવા, વિચારવા.

➤ કોઈની ભૂલ બદલ એની વાતો કરવાનું, એની ઉપેક્ષા કરવાનું મન થાય તો પોતાનો વિચાર કરવો કે એ અથવા એના જેવી કોઈ ભૂલ અત્યાર સુધી આપણી થઈ જ નથી ? કદાચ ન થઈ હોય તો ભવિષ્યમાં નહિ જ થાય એવી કોઈ ખાતરી ખરી ? આપણી ભૂલ માટે કોઈ આપણી વાતો કરે કે ઉપેક્ષા કરે તો આપણને કેવું દુ:ખ થાય ?

➤ આપણી ભૂલો છતાં સ્વામીશ્રી આપણી સાથે કેવી રીતે વર્તે છે ?

➤ કોઈકની ભૂલ બદલ કદાચ કોઈકને કંઈક કહેવાનું થાય તો તે વખતે એના અન્ય ગુણો વિચારીને, એના સંજોગો અને હેતુ સમજીને, મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીને, ઉપેક્ષાના ભાવ રહિત, શુભ હેતુથી, ધીમા સ્વરે કહેવું, આક્રોશ ન ઠાલવવો. કોઈનુંય આપણા વાક્‌બાણથી 'મન' ન તૂટે એનો ખ્યાલ રાખવો. નહિતર સંપ તૂટશે. કારણ કે તલવારના ઘા રુઝાય પરંતુ શબ્દના ઘા જલદી રુઝાતા નથી.

(૧૩) પોતાનું વ્યવસ્થિત અને નિયમબદ્ધ જીવન

પોતાનું જીવન વ્યવસ્થિત અને નિયમબદ્ધ હોય તો કોઈનેય, ક્યારે અને ક્યાંય આપણો અભાવ ન આવે. તે માટે કોઈનેય કહેવાનો, વાતો કરવાનો કે ટોકવાનો પ્રશ્ન જ ઊભો ન થાય. પોતાનું જીવન વ્યવસ્થિત કરવા માટે નીચેના મુદ્દાઓ ખ્યાલમાં રાખવા :

➤ પોતાના તરફથી ઓછામાં ઓછા માણસોને ઓછામાં ઓછી તકલીફ પડે તેવું મન-કર્મ-વચને વર્તન કરવું.

➤ પોતાના સર્વે નિયમ-ધર્મમાં વ્યવસ્થિત રહેવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો.

➤ ઓછામાં ઓછી જરૂરિયાતો અને ઓછામાં ઓછી વ્યક્તિ પર આધાર રાખવો પડે એવી જીવનશૈલી કરવી.

➤ પોતાની જે કાંઈ સેવા કે જવાબદારી છે તે યોગ્ય સમયે, યોગ્ય રીતે પૂરી કરવાની વૃત્તિ રાખવી.

➤ પોતાની કોઈક ભૂલ થાય તો તેનો સ્વીકાર કરીને તે માટે માફી માંગવી, સુધારવાનો પ્રયત્ન કરવો. ફરી ભૂલ ન થાય તે માટે નિર્ણયપૂર્વક પ્રામાણિક પુરુષાર્થ કરવો.

(૧૪) સ્વભાવ મૂકવા

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે સંપ સાચવવા માટે સૌ પ્રથમ તો પોતે પોતાના સ્વભાવ મૂકવા પડે. અગાઉ આપણે સ્વભાવ વિષે ઘણું જાણી ચૂક્યા છીએ. અહીં ટૂંકમાં કહીએ તો કહી શકાય કે સંપનો મોટામાં મોટો શત્રુ જો કોઈ હોય તો તે કામ-ક્રોધાદિક સ્વભાવ જ છે. સંપની સંપત્તિ અને શાંતિને આગ લગાડનાર સ્વભાવરૂપી આગ છે. સ્વભાવ મૂક્યા વગર કે ટાળ્યા વગર 'સંપ' વિઘ્નમાં જ છે. ગમે ત્યારે તેમાં વિઘ્ન આવવાની અને કુસંપને પ્રવેશવાની પૂરેપૂરી શક્યતા છે. જો કે આત્મા-પરમાત્માના સાક્ષાત્કારથી જ સ્વભાવનું મૂળિયું નીકળવાનું છે, તેમ છતાં ત્યાં સુધી સ્વભાવોનાં સ્થૂળ સ્વરૂપોને તો કાબૂમાં રાખવાં જ પડશે. એનાં બીજ તો સાધના કરતાં કરતાં નીકળશે. એ કંઈ એકાદ દિવસનું કાર્ય નથી, પરંતુ એનાં સ્થૂળ દેખાતાં,

જણાતાં અને સૌને અનુભવાતાં વૃક્ષો તો કાપવાં જ પડશે. ભલે હમણાં ક્રોધ નિર્મૂળ ન થાય, ભલે મનમાં ગુસ્સો આવી જાય, એ કદાચ હમણાં અટકાવી ન શકીએ પણ ક્રોધને લીધે કોઈકને મારવાનું, મનફાવે તેમ બોલવાનું તો બંધ થઈ શકે ને ! ભલે અભાવ-અવગુણની વૃત્તિ તાત્કાલિક નાશ ન થાય, ભલે મનમાં એનો વિચાર રહ્યા કરે, પણ તેની ચર્ચા તો બંધ કરી શકીએ ને ! ભલે કોઈ પ્રત્યેની ઈર્ષ્યા મનમાંથી હમણાં ને હમણાં કાઢી ન શકીએ, પણ ઈર્ષ્યાને લીધે બીજાને પાછા પાડવાની સ્થૂળ પ્રવૃત્તિ તો બંધ કરી શકાય ને ! ભલે તાત્કાલિક નિષ્કામી ન થઈ શકાય, પરંતુ સ્થૂળ નિયમભંગ તો અટકાવી શકાય ને !

અંતે તો બધા જ સ્વભાવો નિર્મૂળ કરવા જ છે એ વિચાર સાથે અત્યારે હાલ પૂરતા તો તેનાં સ્થૂળ રૂપોને દબાવવાં જ જોઈએ. દેહે કરીને થતી ભૂલોને અટકાવવી જ જોઈએ. સ્વભાવ ઉપર કંઈક સંયમ રાખવો જ જોઈએ. 'સંપ'ને બચાવવા એટલો પુરુષાર્થ તો કરવો જ પડે.

(૧૫) સહન કરવું, ખમવું

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે સંપ જાળવવા માટે પોતે જ સહન કરવું પડે.

આપણે સહિષ્ણુતા વિષે અગાઉ જાણી ચૂક્યા છીએ. અહીં આપણે એટલું જ સમજીએ કે જો સાધક બીજાનાં વિચિત્ર સ્વભાવો, દોષો કે ભૂલોને સહી શકે, માફ કરી શકે, ક્યારેક અગવડ, અવ્યવસ્થા, મુશ્કેલી કે ભીડો વેઠી શકે, જ્યાં-ત્યાં, જેમ-તેમ ચલાવતાં શીખી શકે તો સંપ તૂટવાની શક્યતા ઘણી ઓછી થઈ જાય. કારણ કે, સહિષ્ણુતાને લીધે એકબીજાનાં મન ખાટાં ન થાય, કોઈને કહેવાનું કે ટોકવાનું ન થાય, કોઈના પર ગુસ્સો ઠાલવવાનો પ્રશ્ન જ ઊભો ન થાય. જો આવું ન બને તો કુસંપને પેસવાની તકો ઓછી થઈ જાય.

(૧૬) ઘસાવું (મદદરૂપ થવું)

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે સંપ રાખવા માટે પોતે જ ઘસારો વેઠવો પડે, પોતે જ ઘસાવું પડે.

બીજાને મદદરૂપ થવા માટે મન-કર્મ-વચને ઘસારો વેઠવો પડે. પોતે જ વધુ ભીડો વેઠવો પડે. પોતે જ કંઈક તન, મન અને ધનથી કંઈક બલિદાન કે સમર્પણ કરવું પડે. બીજાની સેવા માટે ક્યારેક પોતે ઊંઘ-આરામ છોડવા પડે, પોતાનું કંઈક તો જતું કરવું પડે. સાધક બીજા માટે કોઈકને કોઈક રીતે ઘસાઈ છૂટે તો પરસ્પર આત્મીયતા વધે, સંપ વધુ દૃઢ થાય.

(૧૭) અનુકૂળ થવું

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે સંપ માટે પોતે જ બીજાને અનુકૂળ થવું પડે. જો સાધક બીજાએ કરેલ વ્યવસ્થાને કે આયોજનને અનુકૂળ થાય તોપણ પરસ્પર આંટી પડવાની કે તિરાડ પડવાની શક્યતા ઓછી થઈ જાય. દરેકનો મહિમા સમજાય, દરેક પ્રત્યે પ્રેમ રહે, બીજાને સમજી શકવાની, પોતાને ઘસાવાની, ભીડો વેઠવાની, સહન કરવાની અને મનનું મૂકવાની વૃત્તિ, શક્તિ અને તૈયારી હોય તો બીજાને અનુકૂળ થવાય.

(૧૮) મનનું મૂકવું

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે સંપ માટે તો પોતે જ મનનું મૂકવું પડે.

➤ મનનું તો ઘણું બધું મૂકવાનું છે. મનનાં નિર્ણયો, ઠરાવો, આયોજનો, વિચારો મૂકી દેવાં પડે.

➤ મનના પ્રશ્નો, તર્કો, વિતર્કો છોડી દેવા પડે.

➤ મનની અપેક્ષાઓ, ઇચ્છાઓ, ફરિયાદો પણ મૂકી દેવી પડે.

➤ મનના અહં-મમત્વ, રાગ-દ્વેષ, માન, મત્સર, ઈર્ષ્યાદિક વિકારો પણ છોડવા પડે.

વિશેષે કરીને તો જ્યારે પરસ્પર મતભેદ થાય ત્યારે પોતાના આગ્રહ કે હઠાગ્રહને મૂકવા પડે. સંપના ભોગે પોતાનું જ ધાર્યું થાય એવા આગ્રહો રાખવા ન જોઈએ. બાંધછોડ કરવાની સમાધાનકારી વૃત્તિ રાખવી. સામેવાળાને પણ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. કદાચ એ વ્યક્તિ સાચી પણ હોય અને આપણો આગ્રહ ખોટો પણ હોય, આવા વખતે પોતાનો આગ્રહ તત્કાળ મૂકી દેવો પડે.

કદાચ એવું બને કે પોતે સો એ સો ટકા સાચા જ હોય, સામેવાળી

વ્યક્તિનો આગ્રહ સો એ સો ટકા ખોટો હોય; એમાં એને, મંદિરને, સત્સંગને નુકસાન થવાની પૂરી શક્યતા હોય, આવા વખતે મહારાજ અને સ્વામીને પ્રાર્થના કરીને પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન કરવો. બીજા કોઈક વડીલો દ્વારા પણ સમજાવવાનો પ્રયત્ન કરવો. તેમ છતાં એ ન સમજે તો 'ભગવાનની ઈચ્છા' એવી સમજણ સાથે સાંખ્યવિચાર કરીને પોતાનું ધાર્યું મૂકી દેવું, પરંતુ પોતાનું ધાર્યું કરાવવા કંકાસ ન કરવો. આંટી ન પડવા દેવી. સંપ તૂટવા ન દેવો. બીજાના મનનું મુકાવવાનો આગ્રહ રાખવા કરતાં આપણે આપણા મનનું મૂકી દેવું. બીજાને નમાવવા કરતાં આપણે નમી જવું. પોતે નમીને બીજાને નમાવવા. પોતે નમ્યા વગર બીજાને નમાવવાનો ખોટો આગ્રહ હશે તો સંબંધ બગડશે. માટે બીજાના મનને મચોડવા કરતાં પોતાના મનને જ મચોડવું વધારે હિતાવહ છે.

મનનું મૂકવાના અનુસંધાનમાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "એક જ વસ્તુ છે કે આપણે મૂકવાનું છે. સામેની વ્યક્તિ મૂકે કે ન મૂકે પણ આપણે મૂકવાનું છે. આમાં અહં-મમત્વ નડે છે. આપણે અહં-મમત્વ મૂકી શકતા નથી. ને સામેની વ્યક્તિ પણ મૂકતી નથી. પછી ખેંચતાણ ચાલે રાખે. પરંતુ એમાં કોઈ દિવસ સમાસ થાય નહિ. અને ઉદ્વેગ ને અસમાસ વૃદ્ધિ પામે. એટલે આપણે મૂકવાનું છે. મૂક્યા વગર છૂટકો જ નથી. સામેની વ્યક્તિ ન મૂકે તોપણ સો એ સો ટકા આપણે જ મૂકવાનું છે. તો જ શાંતિ થશે. તો જ અંદરો અંદરના સંબંધો સુધરશે. આપણને પ્રશ્ન થાય કે ક્યાં સુધી મૂકવાનું ? અક્ષરધામમાં જઈએ ત્યાં સુધી મૂકતા રહેવાનું છે. જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થઈએ ત્યાં સુધી મૂકતાં જ રહેવાનું છે. આખી જિંદગી મૂકવાનું જ છે. યોગીજી મહારાજે આખી જિંદગી મૂક્યું છે. તો આપણે પણ એ જ રીત છે કે મનનું મૂકી જ દેવું."

◆ "ભગવાન અને સંત રાજી થાય એમ જ કરવું. પરંતુ મનની રીતે હઠાગ્રહ, દુરાગ્રહ રાખીએ તો આપણે કાંઈ સમજ્યા જ નથી. મારું ધાર્યું થાય, મેં કહ્યું તેમ થાય, મારી ખીલી ન ફરે, એમ ન થવું જોઈએ.

સ્વભાવ મૂકી દેવા અને પોતાનું મનધાર્યું પણ મૂકી દેવું. અક્ષરધામમાં જવા નીકળ્યા છીએ તો મનની વાત મૂકી દેવી પડે. મનના સંકલ્પ મૂકી દેવા પડે."

(૧૯) એકબીજાને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન

પરસ્પરનો સંપ જળવાઈ રહે તે માટે આ ઘણો અગત્યનો મુદ્દો છે.

પરસ્પર એકબીજાને સમજી શકાય, તો ઘણા પ્રશ્નો આપમેળે ઊકલી જાય. એકબીજાની ક્રિયા કે પ્રવૃત્તિ પાછળ રહેલી એની પરિસ્થિતિ, પ્રકૃતિ અને ભાવના સમજી શકાય તો એકબીજાનો અવગુણ ન આવ. અહં-મમત્વ, રાગ-દ્વેષ અને એના પરિણામે ઘર્ષણ કે ક્લેશ ન થાય. એકબીજા પ્રત્યે સહાનુભૂતિ અને ઉદારદિલ રહે. એકબીજાનું સહન કરવાની, ક્ષમા આપવાની વૃત્તિ જાગે. પરસ્પર મદદરૂપ થવાની ભાવના ઉદ્‌ભવે. વ્યક્તિને ફક્ત બુદ્ધિથી ઓળખવાની નથી, પરંતુ હૃદયથી સમજવાની છે. આપણી દૃષ્ટિ અને બુદ્ધિથી એની ક્રિયાને જોવાની કે તોળવાની નથી, પરંતુ એની જ દૃષ્ટિ, વૃત્તિ અને હૃદયની ભાવનાથી સમજવાની છે.

જો એકબીજાને સમજીએ નહિ તો અટંટ રહેવાય, નમાય નહિ, નમતું જોખાય નહિ, મનનું મુકાય નહિ, સહન થાય નહિ, ઘસારો કે ભીડો વેઠાય નહિ અને મદદરૂપ પણ થવાય નહિ. પરસ્પર સ્નેહ થાય જ નહિ. એકબીજાથી જુદા જ રહેવાનું મન થાય. કદાચ દેહે કરીને ભેગા રહેવું પડે પણ મનમેળ થાય નહિ. એકબીજાની એલર્જી રહ્યા કરે. ભેગા રહેવા છતાં સુખ ન આવે.

એકબીજાને સમજીને પ્રવૃત્તિ થાય તો મહારાજ-સ્વામીની પ્રાપ્તિનું સુખ માણી શકાશે. વાતાવરણ દિવ્ય રહેશે. જે કંઈ પ્રવૃત્તિ કરીએ તેની ગુણવત્તા ઘણી વધી જશે. સંપ-સુહૃદભાવ અને એકતા જળવાઈ રહેશે. ભગવાન અને સંતનો રાજીપો પ્રાપ્ત કરી શકાશે. જીવનમાં શાંતિ રહેશે. સેવા-ભક્તિ કરવામાં મજા આવશે. વ્યક્તિગત અને સામૂહિક રીતે સત્સંગનો વિકાસ થશે.

(૨૦) દાસત્વભાવ, સેવકભાવ

સત્સંગમાં સૌ મોટા છે, હું સૌથી નાનો છું; બીજા બધા બધું સમજે છે, હું કંઈ સમજતો નથી; બીજા બધામાં મારા કરતાં વધારે બુદ્ધિ અને શક્તિ છે;' આવું અંતરથી સમજાય અને મનાય એ ખૂબ મહત્ત્વનું છે. પોતે સૌના

સેવક છે, દાસ છે, દાસના પણ દાસ છે; ગુલામ છે, ગુલામના પણ ગુલામ છે. આવી દાસત્વભાવની વૃત્તિ અંતરમાં જાગૃત અને દૃઢ થાય તો પછી કોઈ પણ પરિસ્થિતિમાં ક્યારેય, ક્યાંય, કોઈનીય સાથે કોઈ પણ પ્રકારનો ક્લેશ, કંકાસ, ઝઘડો થાય જ નહિ. અહં-મમત્વ કે રાગદ્વેષનો પ્રશ્ન જ ઊભો ન થાય. આવી સમજણ અને વૃત્તિવાળો સાધક ક્યારેય અક્કડ, હઠાગ્રહી, દુરાગ્રહી ન હોય. તે તો સરળ અને નમ્ર થઈને દાસત્વભાવે સૌ કહે તેમ મહિમા અને પ્રેમથી કાર્ય કર્યા કરે. તેમને કોઈ જ પ્રશ્ન નથી. કોઈ માટે કોઈ ફરિયાદ જ નથી. તેને કોઈ પ્રત્યે પૂર્વગ્રહ નથી. અંતરમાં કોઈનોય અવગુણ નથી. આવો દાસત્વભાવ એ લાચારી નથી પણ ખુમારી છે. એ કાયરતા નથી પણ શૂરવીરતા છે. સાચી સાધનાનું આ જ માધ્યમ છે. કુસંપ મટાડવાનું આ અનેરું ઔષધ છે અને સંપ વધારવાનું આ ઉત્તમ સાધન છે.

(૨૧) હક્કનો દાવો નહિ, પણ ફરજનો વિચાર

લૌકિક જીવનમાં કે અધ્યાત્મના માર્ગમાં જ્યારે પોતાના કર્તવ્યનો વિચાર કર્યા વગર, પોતાની ફરજનું અનુસંધાન રાખ્યા વગર ફક્ત પોતાના હક્કની માંગણી કે દાવો કરે ત્યારે પરસ્પરના સંબંધો બગડે છે, સંપ તૂટે છે, કુસંપ વધે છે. તેથી સંપ જાળવી રાખવા માટે દરેકે પોતાના હક્ક કે દાવાનો વિચાર કરવાને બદલે પોતાની પ્રત્યેક ફરજ પૂરી કર્તવ્યનિષ્ઠાથી બજાવવી જોઈએ. સાચી નિષ્ઠાથી કરેલા કોઈ પણ કાર્યનું વહેલું કે મોડું પણ વળતર તો મળે જ છે. તેથી પોતાના 'હક્ક'ની ચિંતા કર્યા વગર દરેક પોતાનું કર્તવ્ય કર્મ કરે તો પરસ્પર ક્લેશ પણ ન થાય અને તેથી સંપ જળવાઈ રહે છે.

'હક્ક'ની બાબતમાં એક વાત સમજવાની એ છે કે જ્યારે વ્યક્તિ બીજાનો વાદ લે છે ત્યારે પોતાનો 'હક્ક' માગવાની વધારે પ્રેરણા મળે છે. 'એને અમુક વસ્તુ મળે તો મને કેમ નહિ ? એનું સન્માન થાય તો મારું કેમ નહિ ? એને V.I.P. વ્યવસ્થા મળે તો મને કેમ નહિ ?' આમ, બીજાનો વાદ લેવાથી જ વ્યક્તિ પોતાના હક્કનો દાવો માંડે છે. તેથી 'સંપ'ની રક્ષા માટે ક્યારેય, કોઈએ, કોઈનો વાદ લેવો ન જોઈએ. 'વાદ' લેવો જ હોય તો સવળો લેવો, પણ અવળો તો નહિ જ.

(૨૨) ખપ અને ગરજ

સંપ માટે ભગવાન અને સંતને રાજી કરવાનો, પોતાના મોક્ષનો ખપ તો જરૂરી છે જ, પરંતુ સાથે સાથે બીજા બધાનો ખપ રાખવો, બધાની ગરજ રાખવી એ પણ એટલું જ જરૂરી છે. 'એકલા હાથે તાળી ન પડે' આ નક્કર વાસ્તવિકતા છે. એકલા કશું જ થઈ શકે તેમ નથી. પોતાના મોઢામાં ભોજનનો એક 'કોળિયો' મુકાય ત્યાં સુધીમાં કેટલા પરોક્ષ કે પ્રત્યક્ષ માણસોની ગરજ રહે છે ? કોઈનાય સહકાર વગર શું આપણે અનાજનો એક દાણો પણ મોંમા મૂકી શકીએ તેમ છીએ ખરા ? નહિ જ. તો પછી સમગ્ર જીવનમાં, સાધનામાં, સત્સંગની સેવા-પ્રવૃત્તિમાં બીજા કોઈનાય સહકાર વગર કેવી રીતે સફળતા મળે ? સૌના સહકારથી જ કોઈ પણ કાર્ય સારું થઈ શકે તેમ છે.

લોકમાં કહેવત છે કે 'વિના સહકાર નહિ ઉદ્ધાર,' વળી, 'ઝાઝા હાથ રળિયામળા.' આ કહેવત પ્રમાણે જ આપણો સૌનો પણ અનુભવ છે કે કોઈ પણ કાર્ય માટે બીજાના સહકારની અપેક્ષા રહે છે. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ કેવા અને કેટલા સમર્થ છે ? છતાં એમણે સૌનો સહકાર લઈને જ કામ લીધું છે. એમણે ક્યારેય કોઈનેય કાઢ્યા નથી, અવગણ્યા નથી, કોઈનીય ઉપેક્ષા કરી નથી, ધૂળ અને કચરા જેવાની પણ ગરજ રાખી છે.

આપણે તો એવા સમર્થ છીએ જ નહિ. તેથી આપણે તો બીજાની વધારે જરૂર પડે તેમ છે. આ નક્કર હકીકત છે. તેથી નાના-મોટા દરેકની ગરજ રાખવી પડે. ગમે ત્યારે ધૂડ જેવાનુંય કામ પડે. સત્સંગમાં કોઈ માણસ નકામો નથી. તેથી ક્યારેય, ક્યાંય, કોઈ પણ કામમાં, કોઈનીય ઉપેક્ષા કે અવગણના ચાલી શકે તેમ જ નથી. જો દરેકના સહકારની આવશ્યકતા અને ગરજ હોય જ, તો પછી કોઈની સાથેના સંબંધો બગાડવાનું પાલવે જ કેવી રીતે ?

(૨૩) સંપ, સુહૃદભાવ અને એકતાના સિદ્ધાંતનું પોષણ

બાળક જન્મ્યા પછી કે છોડ ઊગ્યા પછી એને યોગ્ય પોષણ મળવું જોઈએ, તો જ એનો યોગ્ય વિકાસ થાય અને પુષ્ટ બને. જો તેને યોગ્ય

સમયે યોગ્ય પોષણ ન મળે, તો તે બન્ને માયકાંગલાં જેવાં જ રહે. એવી રીતે જીવનમાં સંપ, સુહૃદભાવ અને એકતાના અંકુરો ફૂટ્યા પછી તેને યોગ્ય પોષણ મળતું રહે, તો જ તે સબળ અને સુદઢ બને. ગુણાતીત ગુરુઓએ સંપ-સુહૃદભાવ અને એકતાનું જે દિવ્ય વૃક્ષ વાવીને ઉગાડેલું છે, ખીલવ્યું છે, પોષ્યું છે, વધાર્યું છે, તેને આપણી ગાફલાઈ અને ઉપેક્ષા-વૃત્તિથી કોઈ પ્રકારની ઈજા ન થાય તેનું ધ્યાન રાખીએ. તેને કંઈક ઈજા થાય એમાં આપણે પોતે નિમિત્ત ન બનીએ. એ વૃક્ષને ઈજા પહોંચાડવાને બદલે એને યોગ્ય પોષણ આપતા રહીએ. એ માટે જે કાંઈ કરવું ઘટે તે કરી છૂટીએ.

વિપરીત સંજોગોમાં કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જેમણે સંપ-સુહૃદભાવ અને એકતા જાળવેલ હોય, તેમના તેવા ઉત્કૃષ્ટ પ્રસંગોનું કે તેમના ઉપદેશોનું વાંચન, શ્રવણ, કથન, મનન અને ચિંતન કરવું જોઈએ. જેથી આપણા હૃદયમાં આ સિદ્ધાંતને પોષણ મળે. જ્યાં-જ્યાં, જ્યારે-જ્યારે, જેને-જેને સંપ રાખવાથી જે જે લાભ થયા હોય તે જાણવાથી અને સમજવાથી આપણા મનમાં આ સિદ્ધાંતની મહત્તા અને આવશ્યકતા વધારે સ્પષ્ટ અને દઢ થશે. ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે પાસેથી કે ગમે ત્યાંથી, ગમે તે રીતે આ સિદ્ધાંતનું પોષણ થાય એવું વાંચવું, સાંભળવું, જોવું, જાણવું, વિચારવું અને સમજવું. વિશેષે કરીને તો આપણા દિવ્ય ગુણાતીત ગુરુઓના સમગ્ર જીવનમાં સંપ, સુહૃદભાવ અને એકતાનો સિદ્ધાંત યથાર્થપણે આત્મસાત્‌ થયેલો જોવા મળે છે. તેમના પ્રસંગો અને ઉપદેશો નજર સમક્ષ રાખવાથી આપણને કયા સંજોગોમાં, કયા પ્રસંગે, કોની સાથે, કેવી રીતે વર્તવું જોઈએ તેની પ્રેરણા, શક્તિ અને વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય.

(૨૪) અંતર્દષ્ટિ, જાણપણું અને ખટકો

કોઈ પણ રીતે કુસંપ પેસી ન જાય, સંપ ન તૂટે, તે માટે ખટકાપૂર્વક અંતર્દષ્ટિ કરીને અખંડ જાણપણારૂપ દરવાજે રહેવું જોઈએ. પ્રતિલોમ, પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત, પુરુષાર્થ અને પ્રાર્થનાનાં પાંચ પગથિયાં દ્વારા ભૂલ થાય તો તેનો સુધારો કરીને ફરી વાર એવી ભૂલ ન થાય તે માટે ખટકા સાથે પુરુષાર્થ અને પ્રાર્થના કરવાં જોઈએ. દરરોજ અંતર્દષ્ટિ કરીને વિચારવું કે મારા કુટુંબમાં, સત્સંગ મંડળમાં, મંદિરમાં કે સંપ્રદાયમાં સંપ, સુહૃદભાવ

અને એકતા વધારવા માટે આજે હું મારા તરફથી કયા પ્રકારનું અને કેટલું યોગદાન આપીશ. આવો વિચાર કરીને નિર્ણય કર્યા બાદ દરરોજ એ પ્રમાણે વર્તવા માટે જાણપણું અને ખટકો રાખીને પ્રયત્ન કરવો. સંપ માટે જે કંઈ છોડવું ઘટે તે છોડવું, જે કંઈ અપનાવવું ઘટે તે અપનાવવું, જે કંઈ વિચારવું અને સમજવું ઘટે તે વિચારવું અને સમજવું તથા જે કંઈ કરવું ઘટે તે કરવું.

અહીં સુધી આપણે સંપ-સુહૃદભાવ અને એકતા ન હોય તો આવે અને જો હોય તો વધારે પુષ્ટ, સબળ અને સુદૃઢ બને તે માટે જુદા જુદા ઉપાયો વિચાર્યા. આમાંથી જેને જે ઉપાયોથી આ કાર્ય સિદ્ધિ થતું હોય તેણે તે તે ઉપાયો અપનાવીને આની દૃઢતા માટે પ્રયત્ન કરવો જોઈએ.

હવે અહીં આપણે સંપ-સુહૃદભાવ અને એકતાની દૃઢતા માટે ઉપરોક્ત કેટલાક મુદ્દાનો સાર જુદાં જુદાં બે સ્વરૂપે વિચારીએ.

- **સંપ માટેના પાંચ 'મ' કાર**

(i) મહિમા : શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ અને એમના સંબંધવાળા સર્વે સંતો-ભક્તોનો મહિમા વાંચવો, સાંભળવો, કહેવો અને વિચારવો.

(ii) મમતા : બધા જ સંતો-ભક્તો એક જ ઇષ્ટદેવ શ્રીજીમહારાજ અને એક જ ગુરુ પ્રુખસ્વામી મહારાજના આશ્રિતો અને શિષ્યો છે, એક જ પરમ-પિતા પરમાત્માનાં સૌ સંતાનો છે; તો દરેકને પોતાના માનીને એના પ્રત્યે મમતા, મારાપણાનો ભાવ રાખીને હેત રાખવું.

(iii) મદદ : પરસ્પર એકબીજાને મન-કર્મ-વચને, તન-મન-ધનથી મદદ કરવાની વૃત્તિ રાખવી. તેમાંય પણ વ્યક્તિ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તેને મદદરૂપ થવું વધુ હિતાવહ છે.

(iv) મિલન : પરસ્પર અવારનવાર મળતા રહેવું. એકબીજાના ખબર-અંતર પૂછવા તો આત્મીયતા વધે.

(v) માફી : બીજાની કોઈક ભૂલ થઈ હોય તો તેને માફી આપવી અર્થાત્ તેની ભૂલ માફ કરવી અને પોતાની ભૂલ થઈ હોય તો માન મૂકીને માફી માગવી જોઈએ.

- **સંપની સફળતાના સાત સિદ્ધાંતો**

(i) સંકલ્પ : દરેકે સંકલ્પ કરવો કે મારે શ્રીજીમહારાજ અને પ્રમુખ-સ્વામી મહારાજને રાજી કરવા માટે સંપ-સુહૃદભાવ રાખવો જ છે, વધારવો જ છે અને દૃઢ કરવો જ છે.

(ii) સમજણ :

➤ સાંખ્યની સમજણ.

➤ આત્માની સમજણ.

➤ ભગવાન અને સંતના કર્તૃત્વની સમજણ.

➤ સંબંધના મહિમાની સમજણ.

➤ દાસત્વભાવની સમજણ.

(iii) સદ્‌વર્તન :

➤ નિયમબદ્ધ, શુદ્ધ, પવિત્ર અને નિષ્કલંક મન-કર્મ-વચને વર્તન.

➤ પોતાનાં કર્તવ્ય, કર્મ કે ફરજની જવાબદારીનું વ્યવસ્થિત, સમયસર અને ચોકસાઈપૂર્વક વહન.

(iv) સ્નેહ : એક ગુણાતીત કુટુંબના સર્વે સંતો-ભક્તોમાં પરસ્પર સ્નેહ.

(v) સેવા : એકબીજાને મદદરૂપ થવા યથાયોગ્ય મન-કર્મ-વચને સેવા.

(vi) સહિષ્ણુતા :

➤ સગવડ-અગવડ, સુખ-દુઃખ, ભૂખ-તરસ, ઠંડી-ગરમી.

➤ અન્ય તરફથી અપમાન, નિંદા, ઉપેક્ષા.

➤ બીજાનો ઉત્કર્ષ.

(vii) સરળતા : અક્કડ વલણનો ત્યાગ કરીને, હઠાગ્રહ છોડીને, પોતાનું જ ધાર્યું કરવા-કરાવવાનો દુરાગ્રહ છોડીને, મનનું મૂકીને કટ વળી જવું.

૮.૧.૧૮ ગુણગ્રાહક દૃષ્ટિ

ભગવાન સ્વામિનારાયણે અધ્યાત્મ-સાધના સમૂહમાં રહીને કરવાનું શીખવ્યું છે. જંગલમાં કે ગુફામાં સાધક એકલો જ સાધના કરે. તેના કરતાં સમાજમાં, સંતો-ભક્તોની વચ્ચે રહીને સાધના કરવાથી સાચું અને સારું ઘડતર થાય છે, પરંતુ એમાં એક મુશ્કેલી એ છે કે સમૂહમાં સૌનાં દોષો,

અવગુણો, સ્વભાવો, કુટેવો દેખાય. કારણ કે બ્રાહ્મીસ્થિતિ થયા વગર દરેકમાં કોઈક ને કોઈક દુર્ગુણ તો રહેલો જ છે. વળી, સાથે રહીને પ્રવૃત્તિ કરવાથી આવા દુર્ગુણો અભિવ્યક્ત થાય, પ્રગટ થાય. તેથી સૌની નજરમાં એ દોષ આવે. અનાદિ કાળથી જીવદશામાં રહેલ જીવની સ્વાભાવિક પ્રકૃતિ બીજાની ખામી જોવાની છે. માનવની એ કમજોરી છે અને જીવદશા છે. કોઈકનો કોઈક દોષ જોવો, સાંભળવો, કહેવો અને વિચારવો એ સૌને માટે સાહજિક છે.

પ્રાયઃ મનુષ્ય બીજાનો અવગુણ જોવો, કહેવો, સાંભળવો અને વિચારવો એમાં પોતાનું ગૌરવ સમજે છે. જાણે કે એમાં એને નોબેલ પ્રાઈઝ મળવાનું હોય એટલા ગૌરવ સાથે અભાવ-અવગુણ લેતો હોય છે. આના દ્વારા તે પોતાની બુદ્ધિના ડહાપણનું અભિમાન અભિવ્યક્ત કરે છે. 'હું બીજાને ઓળખી શકું છું, એનું તળિયું માપી અને તપાસી શકું છું, મને એ કેટલામાં છે અને કેવો છે તે બધી ખબર પડે છે, હું ભોળો-ભોટ નથી. ભગવાને મને પણ બુદ્ધિ આપી છે.' આવા કંઈક અહંકારમૂલક વિચારથી ભગવાને આપેલ બુદ્ધિનો દુરુપયોગ કરીને અભાવ-અવગુણની વૃત્તિ છોડી શકતો નથી.

આ વૃત્તિ હોવાને લીધે વ્યક્તિને સાધનામાં ઘણો વિક્ષેપ થાય છે. જો કે દોષદૃષ્ટિ તો લૌકિક જીવનમાં પણ વિક્ષેપરૂપ તો છે જ, પરંતુ આધ્યાત્મિક જીવનમાં એને લીધે વધારે નુકસાન છે; જેનો વિચાર આપણે 'અભાવ-અવગુણ-દ્રોહ'ના નિરૂપણ વખતે કરેલો છે. આ સાહજિક દોષદૃષ્ટિ ટાળીને ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવી એ કોઈ પણ સાધક માટે અતિ અતિ આવશ્યક છે અને તે બ્રહ્મદશા છે.

• ગુણગ્રાહક દૃષ્ટિ વગર ખોટ

જો જીવનમાં ગુણગ્રાહક દૃષ્ટિ નહિ કેળવાય તો –

➤ અભાવ-અવગુણ અને ખટપટની ગંદકીમાં પડાશે, ફદફદી જવાશે.

➤ વિષયો અને વિકારો તરફ ઢળાશે.

➤ દિવ્ય વાતાવરણ છિન્નભિન્ન થઈ જશે. સંપ તૂટી જશે. કુસંપનું સામ્રાજ્ય ફેલાશે.

➤ વ્યક્તિગત કે સામૂહિક વિકાસ નહિ થાય.

➤ સત્સંગ કરવાની કે કરાવવાની મજા નહિ આવે. થાક લાગશે. કંટાળો આવશે.

➤ બીજાનો વાદ લેવાશે. ફરજને બદલે હક્કનો દાવો કરવાનું મન થશે.

➤ ભગવાન અને સંત ઓશિયાળા થશે. એમનો રાજીપો પ્રાપ્ત નહિ થાય.

➤ સાચું ઘડતર પણ નહિ થાય. અંતરમાં શાશ્વત શાંતિનો અનુભવ પણ નહિ થાય.

• ગુણગ્રાહક દૃષ્ટિથી લાભ

ગુણગ્રાહક દૃષ્ટિને લીધે સાધનામાં આવતાં અનેક વિઘ્નો અટકી જાય છે, સાથે સાથે અનેક પ્રકારના લાભ થાય છે.

સાધકના જીવનમાં ભગવાન, ગુણાતીત સત્પુરુષ, સંતો, ભક્તો કે અન્ય કોઈ પણમાંથી 'ગુણ' ગ્રહણ કરવાની ટેવ પડે તો તેને કેવા લાભ થાય છે તે વિષે મહારાજે ઘણાં વચનામૃતોમાં વાત કરી છે. તેના સારરૂપે અહીં કેટલાક સંદર્ભો જોઈએ :

➤ કઠણ વચન કહેનારનો ગુણ લે, તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટપને પામે (**વચ. પ્ર.૬,૨૮**).

➤ સત્સંગીનો ગુણ લે તો આઠે પહોર હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે (**વચ. પ્ર.૨૮**).

➤ મોટાપુરુષનો ગુણ લે તો પોતાનું અંગ વૃદ્ધિ પામે તેમ જ ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે (**વચ. પ્ર.૫૩,૫૮**).

➤ સત્પુરુષનો ગુણ ગ્રહણ કરે તો એમના ગુણો આવે (**વચ. પ્ર.૬૭**).

➤ મોટાપુરુષના ગુણ ગ્રહણ કરે તો મલિનતા નાશ પામે (**વચ. સા.૧૮**).

➤ દત્તાત્રેયની જેમ ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં પાયો દૃઢ થાય છે (**વચ. લો.૫**).

➤ સત્પુરુષ કઠણ વચન કહે છતાં એમનો ગુણ જ લે તો કોઈ રીતે ન ટળે તેવી પ્રકૃતિ પણ ટળી જાય છે (**વચ. મ.૩૭**).

➤ ભગવાન ને સંતનો હૈયામાં ગુણ આવે તો વર્ણાશ્રમના ધર્મ લોપ્યાના પાપનો નાશ થઈ જાય અને જીવ અતિશય પવિત્ર થઈ જાય (**વચ. વર.૧૪**).

વળી, શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "ગુરુ, સંતો અને હરિભક્તોના અલ્પ ગુણ હોય તેને મેરુ સમાન કહે તો શુદ્ધ મનવાળો છે. તપ કરવા કરતાં પણ સંતના ગુણ ગ્રહણ કરવા તેનું બળ વધારે છે." *(પૂર : ૧૪, તરંગ : ૩૧)*

◆ "ફાવે તેવો અધર્મ હશે પણ નિર્દોષ જાણી, ગુણ ગ્રહણ કરશે તેનો ઉદ્ધાર થયા વિના રહે નહિ." *(પૂર : ૨૩, તરંગ : ૮૩)*

◆ "જે હરિભક્ત અણુ સમાન ગુણને પણ મેરુ સમાન દેખે છે તે હરિભક્ત મુખ્ય છે." *(પૂર : ૨૮, તરંગ : ૧૩૦)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે." *(૧/૨૩૭)*

◆ "ભગવાનના ભકતના ગુણ કહેવા, તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને એમાં દાખડો કાંઈ પણ ન મળે." *(૪/૧૪૦)*

◆ "આવા સાધુનો ગુણ લે તે બીજના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે." *(૬/૧૨૩)*

◆ "ભગવાનના ભક્તના ગુણ સંભારીને ગાઈએ ત્યારે એ ગુણ આપણામાં આવે." *(૮/૮૯)*

◆ "ગુણ લીધામાંથી સારા ગુણ આવે છે ને વૃદ્ધિ પમાય છે." *(૧૨/૧૨૫)*

યોગીજી મહારાજ કહે છે :

◆ "ભગવાન ને ભગવાનના ભક્તના ગુણ ગાવા તેમાં શાંતિ છે. ભગવાનના ભક્તના ગુણ ગાવા. એકના નહિ બધાના ગાવા, તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય."

◆ "ગુણ લેવા જેવી કોઈ સેવા નથી. ગુણ લઈએ તો આશીર્વાદ સર્વોપરી ધરાય. ગુણગ્રાહી બનવું તો મહારાજ રાજી થાય."

◆ "મોટાપુરુષ ટોકતા હોય તો એમ સમજવું કે આપણને સુધારવા સારુ ટોકે છે. એમ ગુણ ગ્રહણ કરે તે વધે. એકાંતિકનો ગુણ આવે તો પંચ મહાપાપ બળી જાય."

◆ "ભગવાન અને સંત વખાણે નહિ તોય ગુણ લેવા મંડી પડે તે પહેલો નંબર જ આવે."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "મારું સાચું છે, તારું ખોટું છે - તેમ કહેવામાં જરૂર ઝઘડો થવાનો. સારી વસ્તુ ગ્રહણ કરવામાં તકરાર નથી. મુશ્કેલી નથી. કોઈ પણ વ્યક્તિ લો, બધામાં ગુણો રહેલા છે. અવગુણો પણ હશે, પરંતુ યોગીજી મહારાજ બધામાંથી ગુણ જ લેતા. જે પુરુષ સાચા છે તે બધામાંથી સારું જ ગ્રહણ કરશે. આ ગુણગ્રહણની સમજણ દૃઢ થાય તો સામાજિક કે રાજકીય - બધા ઝઘડા મટી જાય."

◆ "સૌના ગુણ લેવામાં જીવ બ્રહ્મરૂપ થઈ જાય. દરેકમાં ગુણ છે જ. તે બીજાને કહેવા મંડો તો એ ગુણ આપણામાં આવે. સારું લઈ લઈએ તો સારા થઈએ. આપણા અવગુણ નીકળતા જાય. અવગુણ બીજાના નહિ, આપણા પોતાના જોવાની ટેવ પાડવી. પોતાની જાતિનો, સ્વભાવનો અવગુણ લેવો. ગુણગ્રાહક દૃષ્ટિ હોય તો શાંતિ અને સુખ રહે. નહિતર ઉદ્વેગ અને અશાંતિ મટે જ નહિ."

◆ "બીજામાં નવ્વાણું અવગુણ હોય તો તે મૂકીને એક ગુણ હોય તો તે તમે જોયા કરો, તો તમારામાં ગુણ આવશે. દરેકમાંથી સારું જોતાં શીખો. દરેકમાંથી સારું પ્રાપ્ત કરતાં શીખો તો તમને સુખ અને શાંતિ મળશે. કચરો પડ્યો છે પણ તે લેવા નથી આવ્યા. સારું ગ્રહણ કરવું પડે તો જ શાંતિ થાય."

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના ઉપરોક્ત વચનો વારંવાર વાંચીને વિચાર કરીએ તો ગુણગ્રાહક દૃષ્ટિથી કેટલો મોટો લાભ થાય છે તે સમજાય, પકડાય અને મનાય. વિચાર્યા વગર ફક્ત વાંચી જવાથી આ અત્યંત મહત્ત્વની સાધના નથી સમજાતી, નથી પકડાતી, નથી એ માર્ગે ચાલવાનો સંકલ્પ કરતા કે નથી એ માટે પ્રયત્ન કરતા. ગુણગ્રહણને ભાજીમૂળા જ સમજીએ છીએ. એમાં દૃષ્ટિ જતી જ નથી.

બીજું ઘણું બધું કરીએ છીએ પણ આ કરવા જેવું લાગતું જ નથી. તપ, ત્યાગ, સેવા, તીર્થયાત્રા, શાસ્ત્રપઠન, નવધાભક્તિ વગેરે ભીડો વેઠીને કરીએ છીએ; પરંતુ આ ગુણગ્રહણની સાધના કરતા નથી. આમાં જરા પણ દાખડો નહિ, છતાં ફળ કેટલું મોટું ! કોઈ પણ પ્રકારના શારીરિક પુરુષાર્થ અને ભીડા વગર કેટલી મોટી પ્રાપ્તિ ! હિમાલયના એવરેસ્ટ ચડવા જેટલો પુરુષાર્થ કરવાને બદલે ફક્ત એક ફૂટના પગથિયા ઉપર ચઢવાનું કહ્યું. અરે !

એટલું પણ નહિ, ફક્ત બેઠો બેઠો કે સૂતો સૂતો ગુણ ગાય, કહે, સાંભળે કે વિચારે તોપણ બ્રહ્મરૂપ થઈ જવાય. આ કેવી આધ્યાત્મિક ટેકનોલોજી !

અમેરિકા રહેતા સત્સંગી મિત્રને સંદેશો આપવા માટે એક વ્યક્તિને પત્ર લઈને ચાલતાં મોકલીએ તો એને કેટલો સમય લાગે ! કેટલો પુરુષાર્થ કરવો પડે ! વચ્ચે કેવાં ને કેટલાં વિઘ્નો ? સમુદ્ર કેવી રીતે તરી શકે ? ત્યાં સુધી પણ ચાલીને કેવી રીતે પહોંચે ? પછી વહાણ દ્વારા અમેરિકામાં ક્યારે પહોંચે ! આટલા કઠિન પુરુષાર્થને બદલે ફેક્સ અથવા તો ઈ-મેઈલ કે ઇન્ટરનેટ દ્વારા સંદેશો મોકલવો કેટલો સરસ, સુગમ છતાં ઝડપી છે ! આવું જ કાંઈક ગુણગ્રહણની બાબતમાં છે. અનંત પ્રકારનાં સાધનો અનંત યુગો સુધી કરવા છતાં જે પ્રકૃત્તિ, સ્વભાવ, દોષો, મલિનતા, પંચ મહાપાપ નાશ ન પામે તે ફક્ત ભગવાન, ગુણાતીત સંત કે એમના સંબંધવાળા સંતો-ભક્તોના ગુણ કહેવા, સાંભળવા, વિચારવાથી નાશ પામી જાય અને બ્રહ્મરૂપ થઈ જવાય ! કેવું સરળ સાધન !

જે કેન્સર કે એઈડ્ઝનો રોગ કોઈ પણ પ્રકારની અને ગમે તેટલી દવા, ગમે તેટલાં વર્ષો સુધી લેવાં છતાં ન ટળે, તે ફક્ત કોઈક એક જ દવાની એક જ નાની ગોળી લેવાથી સો ટકા ખાતરી(ગેરંટી)પૂર્વક ટાળવાની વાત કરે છતાં કોઈ દર્દી ન લે તો કેવું કહેવાય ? એમ ગુણગ્રહણની આટલી સુગમ સાધના કરવાનું મન જ ન થાય, તે માટે પ્રયત્ન જ ન થાય, તે જીવનની કેટલી જડતા કહેવાય ? એની બુદ્ધિમાં કેટલો અંધકાર કહેવાય ! એક કિલો શુદ્ધ સોનાને મૂકીને બાળકબુદ્ધિને લીધે એક ચોકલેટ જેવાં સ્થૂળ સાધનોમાં રચ્યા-પચ્યા રહેવાય છે. કારણ કે સ્થૂળ સાધનોની બીજા દ્વારા નોંધ લેવાય છે, એટલે એ કરવાનું મન થાય છે અને તેથી જ તે કરીએ છીએ, પરંતુ આ સૂક્ષ્મ સાધના છે, તેથી જ તે કરવાનું મન નથી થતું અને કરતા પણ નથી.

અહીં એવું કહેવાનું તાત્પર્ય નથી કે ફક્ત એક ગુણગ્રહણ કરવાની જ સાધના કરવાની છે અને બીજાં સાધનો કરવાની જરૂર જ નથી. બીજાં સાધનો કરવાના જ છે, પરંતુ ગુણગ્રહણની આ અત્યંત અગત્યની સાધના ભૂલવાની નથી. વસ્તુતઃ તો ગુણગ્રહણની આ સાધનાથી બીજાં સાધનો કરવામાં પણ આનંદ, ઉત્સાહ, બળ અને સ્ફૂર્તિ રહે છે. એ સાધનો પણ વધુ શક્તિશાળી, પુષ્ટ, સુદૃઢ તથા વધુ ફળદાયી નીવડશે.

બુલેટપ્રુફ વસ્તુ જેમાંથી બને છે તે તો મૂળ પ્રવાહી રૂપે છે. તેમાં એક જ હાઈડ્રોજનનો અણુ ઉમેરવાથી આટલી મજબૂત વસ્તુ બને છે. યુરેનિયમનું સ્વતઃ પ્રકાશિત થવાનો સમયગાળો ફક્ત ૨૪ મિનિટ છે. પરંતુ એમાં એક પ્રોટોન ઉમેરવાથી તે પ્લુટોનિયમ બની જાય છે. પછી એનું સ્વતઃ પ્રકાશિત થવાનો સમયગાળો ૨૪,૦૦૦ કરતાં વધારે વર્ષોનો થઈ જાય છે ! કેવું આશ્ચર્ય ! એવી રીતે જો દરેક 'સાધન'માં ગુણગ્રહણ ઉમેરવામાં આવે તો તે અત્યંત મજબૂત અને શાશ્વત ફળ આપનારું બને.

આ રીતે ગુણગ્રહણની સાધના ખૂબ જ મહત્ત્વની છે. એમાં લાભ, લાભ અને લાભ જ છે.

શ્રીજીમહારાજ અને ગુણાતીત પુરુષોનાં ઉપદેશ અને જીવન સામે જોઈએ તો સમજાશે કે ગુણગ્રાહક દૃષ્ટિ એ એક અગત્યની સાધના છે. જો વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે સૌની ગુણગ્રાહક દૃષ્ટિ કેળવાય, સૌને દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાની ટેવ પડે તો,

➤ સમગ્ર વાતાવરણ દિવ્ય અને શાંત બને. અક્ષરધામનો અનુભવ અહીં જ થાય.

➤ પરસ્પર મહિમા સમજાય, આત્મીયતા વધે, પરસ્પરની સેવા કરવાનું મન થાય.

➤ સંપ, સુહૃદભાવ, એકતામાં સુધારો અને વધારો થાય.

➤ બીજાના અવગુણ સામે દૃષ્ટિ ન જાય, તેથી બીજા કોઈની ઉપેક્ષા, અવગણના, ટીકા ન થાય. તેથી કુસંપ ન થાય."

➤ બીજા કોઈપણમાંથી ગુણ લેવાની ટેવ પડે તો પોતાનું જીવન સદ્‌ગુણોથી સુવાસિત બને અથાત્ બીજાના ગુણ જોવા, કહેવા, સાંભળવા અને વિચારવાથી એવા સદ્‌ગુણો આત્મસાત્ કરવાની પ્રેરણા, શક્તિ અને બુદ્ધિ મળે. ધીરે ધીરે એ ગુણો આત્મસાત્ થાય.

➤ પોતાનું સાચું અને સારું ઘડતર થાય. ભગવાન શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષો આપણને જેવા બનાવવા માંગે છે તેવા થઈ શકીએ. અર્થાત્ એમની આપણા માટેની અપેક્ષા પૂરી કરીએ તો જ સાચા સંત કે ભક્ત બનાય ભગવાન અને ગુણાતીત સંતની કૃપા અને પ્રસન્નતાના સત્પાત્ર થવાય.

➤ જીવનમાંથી ઉદ્વેગ, અશાંતિ, અજંપો, ખાલીપો, અસંતોષ, ફરિયાદ, મૂંઝવણ, નિરાશા, ઉદાસીનતા, હતાશા એક ઝાટકે જતાં રહે. તેને બદલે દિવ્ય સુખ, શાંતિ, સંતોષ, કૃતાર્થતા અને પૂર્ણતાનો અનુભવ થાય. દરેકમાંથી ગુણ ગ્રહણ કરવો એ એક સાચી સાધનાની સાચી દિશા છે. આ દિશા હાથમાં આવી જાય અને એ માર્ગે સાધક ચાલવાનો પ્રામાણિક પ્રયત્ન કરે તો તે અધ્યાત્મનાં શિખરો સર કરી શકે.

● ગુણગ્રહણ કરવાનો આદેશ

સૌના ગુણ લેવાનો આગ્રહ રાખવાનું સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૫૩ – "સાધુનો અવગુણ ન લેવો ને ગુણ જ લેવો."

મ.૨૬ – "ભગવાનનો ભક્ત હોય તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો."

મ.૪૭ – "સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ."

ગુણ લેવાનો આગ્રહ કરતાં યોગીજી મહારાજ કહે છે :

◆ "ભગવાનના ભક્તના ગુણ ગાવા. ગુણગ્રાહકની કલમમાં ફેર પડે તો બહુ ભૂંડું થાય."

◆ "ભિખારી ઘરે-ઘરે ફરી ઘણી વાનગીઓ મેળવે તેમ ગુણના ભિખારી થવું."

◆ "ગુણગ્રાહક થવું. કાંઈ પણ સમજતો ન હોય તોપણ આપણે ગુણ લેવો. ધૂડનો પણ ગુણ લેવો."

◆ "તમારાં ચશ્મા ભાંગીને, ફોડીને, નાખી દે છતાં ગુણ લેવો. 'ચશ્માનું' કલ્યાણ કર્યું, એમ ગુણ લે. રીસ ચડવી ન જોઈએ."

◆ "ભગવાન અને સંતનો સંબંધ થયો તો ગુણગ્રાહક થવું. દત્તાત્રેયે ચોવીસ ગુરુનો ગુણ લીધો. તે વિવેકી. વેશ્યા... વગેરેમાં ક્યાં બધા ગુણ હતા ? એક એક બધામાંથી લીધો. તેમ અવગુણ તો બધામાં હોય જ. પણ તેમાંથી સારો ગુણ લઈ લ્યે ને બીજું છોડી દે, તે વિવેકી. ગુણ લેવાની ટેવ હોય તો ગુણ જડી જ જાય."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "બીજામાં ભલે સો કે હજાર અવગુણ

હોય, પરંતુ તેમાં એકાદ ગુણ તો હોય જ. આપણે એના અવગુણો સામે નહિ જોવાનું, પરંતુ જે ગુણ છે તે લઈ લેવો.''

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો આ આગ્રહ સમજીને ગુણ-ગ્રાહક દૃષ્ટિ કેળવવી અને આત્મસાત્ કરવી જોઈએ. તે વગર છૂટકો જ નથી.

માટે ગમે તે ઉપાયે કરીને પણ ગુણગ્રાહક દૃષ્ટિની ટેવ પાડવી જ પડશે. જો ભગવાન અને ગુણાતીત સંતને અતિશય રાજી કરવા હોય, જીવનનું સાચું ઘડતર કરવું હોય, સાચા અર્થમાં આધ્યાત્મિક વિકાસ કરવો હોય, તો પોતાના હિમાલય જેવડા હજાર ગુણો ઢાંકીને અણુ જેવડો એકાદ અવગુણ શોધીને તે ટાળવાની તેમ જ બીજાના હિમાલય જેવડા હજાર અવગુણો ઢાંકીને તેનો અણુ જેવડો એકાદ ગુણ શોધવાની, જોવાની, કહેવાની, સાંભળવાની, વિચારવાની અને ગ્રહણ કરવાની ટેવ પાડવી જોઈએ. હવે આપણે ગુણગ્રાહક દૃષ્ટિના ઉપાયો વિચારીએ.

● ગુણગ્રાહક દૃષ્ટિના ઉપાયો

(૧) જીવનના ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા

મારા જીવનનું અંતિમ લક્ષ્ય શું છે ? હું શા માટે સત્સંગમાં આવ્યો છું ? અહીં આવીને મારે શું કરવાનું છે અને શું મેળવવાનું છે ? વગેરે પ્રશ્નો પોતાની જાતને પૂછીને નિર્ણય કરવો કે -

- ➤ મારે બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી જ છે.
- ➤ મારે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા જ છે.
- ➤ મારે આદર્શ, પૂર્ણ અને સાચા ભક્ત બનવું જ છે.

(૨) દરેકમાં ગુણ છે જ એવો સ્વીકાર

પ્રત્યેક વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે ઘટનામાં કોઈક ને કોઈક ગુણ હોય જ છે. ભલે કદાચ એક હજાર અવગુણો, દોષો, દુર્ગુણો, ખામીઓ કે કુટેવો હશે, પરંતુ એકાદ ગુણ તો જરૂર હશે જ, એવો સ્વીકાર કરવો જોઈએ.

(૩) ગુણગ્રહણ કરવાથી થતા લાભની સ્પષ્ટતા અને દૃઢતા

આપણને જેમાં લાભ દેખાય તે જ લેવાનું મન થાય છે, જેમકે,

➤ કાંકરા, ખોટા હીરા અને સાચા હીરા એક જગ્યાએ પડેલા હોય તો શું લઈએ ?

➤ ફાટેલી-તૂટેલી ૧,૦૦૦ રૂા.ની નોટ અને બીજા છાપાં પડ્યા હોય તો શું લઈએ ?

➤ કચરો, કૂતરાની વિષ્ટા, ગંદકી, હાડકું અને સોનાની વીંટી પડેલ હોય તો શું લઈએ ?

➤ એક ગ્લાસમાં ગટરનું ગંદુ પાણી હોય, બીજામાં ઝેર હોય, ત્રીજામાં ઠાકોરજીનું દૂધ હોય તો શું લઈએ ?

સ્પષ્ટ જ છે કે જેનાથી નુકસાન થવાનું હોય તે તો ન જ લઈએ, પરંતુ જેમાંથી લાભ થવાનો હોય તે જ લઈએ. તેમાં પણ કોઈ પણ એક જ વસ્તુ લેવાની હોય તો જેમાંથી સૌથી વિશેષ લાભ થવાનો હોય તે જ લઈએ.

એવી જ રીતે ભલેને કોઈ પણ વ્યક્તિમાં હજાર અવગુણ હોય પણ તે લેવાથી તો આપણને નુકસાન જ છે તો શા માટે લેવા ? જેનાથી આપણને લાભ જ છે તેવા ગુણ ન લઈએ ? જો ગુણથી વ્યક્તિગત અને અંતે સામૂહિક દૃષ્ટિથી લાભ જ થવાનો હોય તો અનેક દુર્ગુણોમાંથી એકાદ સદ્‌ગુણ શા માટે ન લેવો ?

તેથી ગુણગ્રાહક દૃષ્ટિથી જે લાભ થાય છે તેની જો સ્પષ્ટતા અને દૃઢતા થાય તો ગુણ લેવાનું મન થાય જ.

(૪) દૃઢનિશ્ચયાત્મક ઠરાવ

'મારે ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે તે વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે ઘટનામાંથી ફક્ત ગુણ જ જોવા છે, સાંભળવા છે, કહેવા છે અને વિચારવા છે.' આવો દૃઢ નિરધાર હશે તો ગમે તેમાંથી પણ ગુણ મળી આવશે.

(૫) અભાવ-અવગુણ પર સંપૂર્ણ પ્રતિબંધ

જ્યાં સુધી અભાવ-અવગુણ જોવાની, સાંભળવાની, કહેવાની અને વિચારવાની કુટેવ છે ત્યાં સુધી ગુણગ્રાહક દૃષ્ટિ નહિ જ કેળવાય. કદાચ કેળવાશે તોપણ ચિરસ્થાયી અને ફળદાયી નહિ નીવડે. કારણ કે આપણી એ વર્ષો જૂની, જન્મો જૂની કુટેવ છે. 'બીજાની કુથલી, ટીકા કે નિંદા કરવામાં

આપણને બત્રીસ જાતનાં ભોજન કરતાં વિશેષ આનંદ આવે છે,' એમ યોગીજી મહારાજ કહેતા.

તેથી કદાચ ગુણ કહેવા, સાંભળવા અને ગોષ્ઠી કરવા બેઠા હોઈશું તોપણ ક્યારે અભાવ-અવગુણના પાટા પર ગાડી જતી રહેશે તેની ખબરેય નહિ પડે. કદાચ આપણી ગોષ્ઠીમાં અભાવ-અવગુણની વાત ન નીકળે, પણ બાજુમાં ક્યાંક એવી વાત થતી હોય ત્યાં કાનની વૃત્તિ એ સાંભળવા માટે ખેંચાય, મન ત્યાં જતું રહે. ગુણની ગોષ્ઠીમાં કોઈના ગુણ કહેવા માટે વિચારવું પડે, આગ્રહપૂર્વક કહેવા છતાં પણ ઘણાખરા તો બોલે જ નહિ, પરંતુ અભાવ-અવગુણની વાતોમાં તો વગર આમંત્રણે ઊતરી પડાય અને પોતે એમાં મહત્ત્વનું યોગદાન આપ્યાનો આનંદ માણે, સંતોષ અનુભવે.

આ ક્ષણિક આનંદ પાછળ અપરંપાર દુઃખ અને વિઘ્નોનો વિચાર કરીને આ કુટેવ પર ખૂબ કડક થઈને પ્રતિબંધ મૂકવો પડશે. ગુણગ્રહણની નવી ટેવ સાથે જ્યાં સુધી અભાવ-અવગુણની જૂની ટેવ પણ ચાલુ રહે ત્યાં સુધી કોઈનો ગુણ જોવા, કહેવા, સાંભળવા કે વિચારવામાં મજા નહિ આવે. આ કુટેવ બંધ થતાં ગુણગ્રાહક દૃષ્ટિ કેળવતાં વાર નહિ લાગે. માટે કોઈ પણ ભોગે અભાવ-અવગુણની કુટેવ તો જડમૂળથી કાઢવી જ પડશે.

(૬) અહંશૂન્યતા

જ્યાં સુધી આપણને આપણા કોઈક ને કોઈક ગુણનું માન છે, અહંકાર છે, ત્યાં સુધી બીજાનો ગુણ ગ્રહણ જ નહિ કરી શકીએ. આપણને તો ગુણ નહિ દેખાય, પરંતુ બીજો કોઈક આવીને આપણને બીજાનો કોઈક ગુણ કહે તો આપણે આપણા અહંકારને વશ થઈને બીજાના ગુણમાં પણ દોષ પરઠીશું, એના ગુણને પણ દોષમાં રૂપાંતર કરી નાખીશું. પરંતુ એના ગુણનો સ્વીકાર નહિ કરી શકીએ. કદાચ એના એ 'ગુણ'માં હા પાડવી જ પડે તોપણ આપણો અહંકાર એના બીજા કોઈક અવગુણને શોધીને આગળ કરશે. અવગુણને જ બતાવશે. 'ભલે એમાં આ ગુણ છે, પરંતુ એમાં એ અવગુણ છે એનું શું ?...' આમ વિચારીને એના ગમે તેવા મોટા ગુણને અત્યંત સામાન્ય સાબિત કરીને કોઈક સામાન્ય દોષને ખૂબ મોટો ગુનો સિદ્ધ કરી બતાવીશું.

ઈર્ષ્યા, મત્સર કે અસૂયાને લીધે બરોબરિયા સાથે એટલે કે સરખે સરખામાં આવું બનવાની શક્યતા વધારે છે. એનો ગુણ અંતરથી નહિ જ સ્વીકારી શકાય. બીજા એના વખાણ કરે તો આપણો અહંકાર આપણું સુખ ઝૂંટવી લે છે, આપણી 'મજા'ને મારી નાખે છે. સરખે સરખાના ગુણ ગવાય તો આપણને સુખ-ચેન નથી પડતું. એ વખતે અંદરના જેવા છે એવા ભાવો મનમાં ઉદ્ભવે. આપણી આંતરિક સ્થિતિ અનુસાર ઉદ્વેગથી માંડીને આનંદ સુધીના ભાવો ઊઠે. જો અહંશૂન્ય બનાય તો બીજા કોઈ પણના ગુણો કહેતાં, સાંભળતાં અને વિચારતાં આનંદ આવે, નહિતર ઉદ્વેગ થાય.

તેથી આપણો અહંકાર છૂટે, આપણા ગુણનું માન મુકાય તો જ બીજાનો ગુણ દેખાશે, કહેવાશે, સંભળાશે અને વિચારાશે. એ ગુણ કહેવા, સાંભળવા અને વિચારવામાં આનંદ આવશે. એ ગુણને નિર્દોષ ગુણ તરીકે સ્વીકારી શકાશે અને તે ગ્રહણ કરી શકાશે.

(૭) દાસત્વભાવની દૃઢતા

જે સર્વેનો દાસ છે તેને તો સર્વેમાં 'ગુણ' જ દેખાય. 'બીજા બધા સંતો-ભક્તો મારા કરતાં મોટા છે, મારા કરતાં વધુ સમજે છે. હું તો સૌથી નાનો છું, અને સૌથી ઓછું સમજું છું, અથવા કંઈ જ સમજતો નથી.' આવો દાસત્વભાવ કેળવાય અને દૃઢ થાય તો દરેકમાંથી ગુણ ગ્રહણ થાય.

(૮) ગુણગ્રાહક દૃષ્ટિવાળાનો સંગ

જેને ગુણ ગ્રહણ કરવાની ટેવ પડી ગઈ છે એવા સંતો-ભક્તોના સંગમાં રહીએ તો એવી સારી ટેવ પાડવાની પ્રેરણા આપણને પણ મળે. કદાચ આપણને કોઈક વ્યક્તિમાં ગુણ ન દેખાતા હોય, તો જેને ગુણગ્રાહક દૃષ્ટિની ટેવ પડી છે તેને પૂછીએ તો તેના થકી પણ ગુણ જોવાની રીત અને યુક્તિ શીખવા મળે.

(૯) પ્રાર્થના

અવળા વિચારો સાથે અવળી સમજણના ચશ્મા દૂર થાય અને સવળા

વિચાર સાથે સવળી સમજણના ચશ્મા પહેરી શકીએ અર્થાત્ અવગુણગ્રાહી દૃષ્ટિ ટાળીને ગુણગ્રાહક દૃષ્ટિ કેળવી શકાય તે માટે ભગવાન અને સંતને ગદ્‌ગદ્ કંઠે અને આર્દ્રભાવે પ્રાર્થના કરતાં રહેવું જોઈએ.

૮.૧.૧૯ સંબંધનો મહિમા

● સંબંધના મહિમાનું તાત્પર્ય

સંબંધનો મહિમા એટલે સર્વોપરી અને દુર્લભ એવા ભગવાન અને ગુણાતીત સંતના દુર્લભ સંબંધ કે યોગમાં આવેલા સંતો-ભક્તો, વસ્તુ અને સ્થાનનો મહિમા સમજવો. અહીં જે તે વ્યક્તિ, વસ્તુ કે સ્થાનની વિશેષતા નથી, પરંતુ એમને જે ભગવાન અને ગુણાતીત સંતનો યોગ પ્રાપ્ત થયો છે એની જ વિશેષતા છે, એમના સંબંધની જ મહત્તા છે. ભગવાન અને સંત પોતે જ નિર્ગુણ છે, તેથી એમનો સંબંધ પણ નિર્ગુણ છે અને એમના સંબંધમાં આવેલા સર્વે નિર્ગુણ થઈ જાય છે.

શ્રીજીમહારાજ આ પ્રકારનો સંબંધનો મહિમા સમજાવતાં કહે છે :

મ.૮ – "ભગવાનનું સ્વરૂપ છે તે જ નિર્ગુણ છે અને જેને જેને તે ભગવાનનો સંબંધ થયો તે સર્વે નિર્ગુણમાર્ગવાળા છે. અને જે જે કથા-કીર્તનને વિષે ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે સર્વે નિર્ગુણ કહેવાય, અને જે કથા-કીર્તનને વિષે ભગવાનનો સંબંધ ન હોય તે માયિક ગુણે યુક્ત છે, માટે સગુણ કહેવાય. અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ને તે ઉઘાડા ફરે તો નિર્ગુણ ન કહેવાય, અને જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તોપણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.' માટે ભગવાનને પામ્યાનો જે માર્ગ તે જ નિર્ગુણમાર્ગ છે અને તે જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે. અને જેને ભગવાનનો સંબંધ થયો છે તેનાં ભાગ્યનો પાર આવે નહિ. અને તે ભગવાનનો સંબંધ એક જન્મને પુણ્યે કરીને થતો નથી, એ તો શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્.' એ શ્લોકનો એ અર્થ છે જે, 'અનેક જન્મનું સુકૃત ભેળું થાય છે તેણે કરીને જે સંસિદ્ધ થયો તે પરમપદને પામે છે.' તે પરમપદ તે શું ? જે, પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે."

મ.૧૩ – "ભગવાન તો મનુષ્ય દેહ ધારણ કરે છે તોપણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાન-પાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે."

મ.૬૩ – "ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ."

વર.૧૨ – "એમ પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે. માટે જે વૃક્ષ તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું."

શ્રીજીમહારાજ પોતે પોતાના સંબંધમાં આવેલ સંતો-ભક્તોની સભાને તથા સર્વેનો મહિમા સમજાવતાં કહે છે :

અં.૨ – "જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે. તે સમ શા સારુ ખાવા પડે છે ? જે, સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે."

અં.૨૧ – "આ સત્સંગ છે તે તો અલૌકિક છે અને જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે. અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે."

શ્રીજીમહારાજે **વચ. કા.૯; લો.૧૬,૧૭; મ.૧૭ અને અં.૨૮માં** ઉદ્ધવજી અને ગોપીઓનાં દૃષ્ટાંત દ્વારા ભગવાનના સંબંધમાં આવેલા સર્વે સંતો-ભક્તોનો મહિમા સમજવાની રીત સમજાવી છે. જો કે વચનામૃત તો તત્ત્વજ્ઞાનનો ગ્રંથ કહેવાય તેમ છતાં શ્રીજીમહારાજ ઉદ્ધવજીની જ એકની એક વાત પાંચ વખત કરે છે, જાણે કે તેઓ ઉદ્ધવજી ઉપર સંબંધના મહિમાના નિમિત્તે વારી ગયા ન હોય ! ઉપરોક્ત પાંચ વચનામૃતોમાંથી

અહીં એક સંદર્ભ વિચારીએ.

લો.૧૭ – "જેમ ઉદ્ધવ પોતે કેવા મોટા હતા પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓનાં ચરણની રજને પામવાની ઈચ્છ્યા અને વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો; કેમ જે, એવા મોટા ભગવાન જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે, તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી."

લૌકિક દૃષ્ટિએ ઉદ્ધવજીની મોટપ કેટલી અને એ દૃષ્ટિએ ગોપીઓનું સ્થાન કેવું ? છતાં ઉદ્ધવજી ભગવાનના સંબંધે કરીને ગોપીઓનો કેવો અને કેટલો મહિમા સમજ્યા હશે કે એની ચરણરજ પામવા માટે વૃક્ષવેલીનો અવતાર માગ્યો !

● સંબંધનો મહિમા સમજવાની આવશ્યકતા

સમૂહમાં રહીને સાધના કરનાર પ્રત્યેક સાધકે અન્ય સાધકોનો મહિમા સમજવો અત્યંત આવશ્યક છે. સાથે રહીને વિભિન્ન પ્રકારની પ્રવૃત્તિ કે સાધના કરતી વખતે પરસ્પરના દોષોનું દર્શન થાય, સ્વભાવોનું ઘર્ષણ થાય. હઠ, માન, ઈર્ષ્યા, અહં-મમત્વ અને રાગ-દ્વેષની પ્રવૃત્તિ થવાની શક્યતા રહે. કંકાસ, ક્લેશ અને ઝઘડા થવાના પ્રસંગો બને. આવા સંજોગોમાં જો પરસ્પરનો મહિમા ન હોય તો એકબીજાનો અભાવ, અવગુણ આવ્યા કરે. એની ચર્ચા થયા કરે. કદાચ વધારે અવગુણ ન આવતો હોય તોપણ પંદર કિલોમીટરની ઝડપે ધીમે ધીમે પવન વાતો હોય એમ થોડો થોડો અભાવ મનમાં આવ્યા જ કરતો હોય. કોઈકની કોઈક ક્રિયા કે એના કોઈક સ્વભાવ પ્રત્યે થોડો થોડો અણગમો રહ્યા જ કરતો હોય. એમાંથી જ પછી અભાવ-અવગુણનું મોટું સ્વરૂપ ધારણ કરે. ત્યારબાદ ધીરે ધીરે પરસ્પર આંટી પડે, સંપ, સુહૃદભાવ અને એકતામાં ઘસારો આવે અને અંતે કુસંપ પેસે. તેમાં પણ વધારો થતો રહે. સમગ્ર શાંત વાતાવરણ ડહોળાઈ જાય. દરેકના મન પણ અશાંત રહે. સાધના કરવાની મજા ન આવે. કંટાળો ચઢે. બધું જ વેઠ જેવું લાગે, ઢસરડા લાગે. અંતરમાં અસુખ રહ્યા કરે. સાધનામાં વિક્ષેપ થયા કરે.

સાધના દરમ્યાન માનવીય સંબંધોમાં પ્રવેશતી આ બધી વિકૃતિઓને

નિવારવા કે અટકાવવા માટે અથવા તો પ્રવેશેલી હોય તો તે ટાળવા માટે એકબીજાનો મહિમા સમજવાની આવશ્યકતા છે.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "એકબીજાનો મહિમા સમજવો. ભેગા રહેવાથી મહિમા ઓછો થાય તેમ ન કરવું." *(પૂર : ૫, તરંગ : ૧૬)*

◆ "ભેગા રહેવાથી માહાત્મ્ય ઘટી જાય; ભેગા રહેવા છતાં માહાત્મ્ય ન ઘટે તેને શુદ્ધ મુમુક્ષુ જાણવો." *(પૂર : ૮, તરંગ : ૯)*

એકબીજાનો મહિમા બે રીતે સમજી શકાય :

(i) પરસ્પરના ગુણો જાણવા અને વિચારવા.

(ii) સંબંધનો મહિમા વિચારવો.

વસ્તુતઃ તો સાધના દરમ્યાન બંને પ્રકારે અન્ય સાધકોનો મહિમા સમજવો જરૂરી છે. તેમાંય પણ શરૂઆતમાં જ્યાં સુધી ભગવાન અને સંતનું સ્વરૂપ યથાર્થ ન ઓળખાય ત્યાં સુધી તો સર્વેના ગુણોનો વિચાર કરીને મહિમા સમજવો વધારે સરળ છે, કારણ કે ગુણો જોવા, સાંભળવા, કહેવા કે વિચારવામાં ભગવાન અને સંતનાં સ્વરૂપને સમજવાની અપેક્ષા રહેતી નથી. ભગવાન અને સંતનો સંબંધ હોય કે ન હોય, પરંતુ ગુણો તો કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે ઘટનામાંથી લઈ શકાય. ફક્ત સવળી સમજણ અને દૃષ્ટિ હોય તો ગુરુ દત્તાત્રેયની જેમ ગમે તેમાંથી પણ ગુણો જોઈ શકાય કે વિચારી શકાય.

પરંતુ સંબંધનો મહિમા સમજવા માટે ભગવાન અને સંતનો યથાર્થ મહિમા સમજવો જરૂરી છે. એમનું યથાર્થ સ્વરૂપ ઓળખાય, એમની દિવ્યતા યથાર્થ સમજાય અને એમનું દુર્લભપણું યથાર્થ મનાય, તો જ તેમના સંબંધમાં આવેલા સંતો-ભક્તોનો મહિમા સમજાય.

તેમ છતાં, આ બંને ઉપાયોમાં સર્વશ્રેષ્ઠ ઉપાય તો સંબંધનો મહિમા વિચારવો એ જ છે, કારણ કે વ્યક્તિના ગુણો તો સ્થાન, સમય અને સંજોગો પ્રમાણે અથવા તો વ્યક્તિની શ્રદ્ધા અને સ્થિતિ પ્રમાણે બદલાતા રહે. ઓછા-વત્તા થતા રહે. એનાં સરવાળા-બાદબાકી કે ગુણાકાર-ભાગાકાર થતાં રહે. ગુણોની સંખ્યામાં, માત્રામાં અને ગુણવત્તામાં વધારો-ઘટાડો થતો રહે. ક્યારેક સદ્‌ગુણો કરતાં દુર્ગુણો વધુ દેખાય. સુટેવો કરતાં કુટેવો વધુ જણાય. આવા

સંજોગોમાં માનવનો સહજ સ્વભાવ તો દોષો કે કુટેવો તરફ જ અંગુલિનિર્દેશ કરે છે. તેથી એનો જ વિચાર રહ્યા કરે, એની જ વાતો થયા કરે. એ વખતે એવી વ્યક્તિનો મહિમા અંતરમાં ન રહે. જે ગુણને લીધે એ વ્યક્તિનો મહિમા કે અંતરમાં ભાર હોય, તે ગુણ કોઈક સંજોગવશાત્ ઓછો થઈ જાય અથવા તો જતો રહે અને તેને બદલે કોઈક દુર્ગુણનો પ્રવેશ થઈ જાય અને એનું વર્તન સત્સંગમાં ન શોભે એવું થાય ત્યારે એવા સંજોગોમાં એ વ્યક્તિના ફક્ત ગુણોનો વિચાર કે તેને લીધે વિચારેલો મહિમા ટકતો નથી. એ વખતે સંબંધનો વિચાર કરીને મહિમા સમજવો વધારે આવશ્યક બને છે.

શ્રીજીમહારાજ પોતે જ **વચ. પ્ર.૨૪**માં કહે છે :

"જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે, 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે,' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો."

આ સંદર્ભમાં શ્રીજીમહારાજ સંબંધનો મહિમા વિચારવાનું જ સૂચવે છે, કારણ કે સત્સંગમાં ન ઘટે એવો સ્વભાવ એ વ્યક્તિમાં દેખાવાથી એના બીજા ગુણ પણ ઢંકાઈ જવાથી દેખાય નહિ. તેથી આ પરિસ્થિતિમાં ફક્ત ગુણોના વિચારથી મહિમા સમજી શકાતો નથી. એટલે સંબંધનો મહિમા જ સમજવો રહ્યો.

વળી, ગુણે કરીને જ્યારે સંતો-ભક્તોનો મહિમાં વિચારવા જાય ત્યારે ક્યારેક એવું બને કે એમાં એકબીજાની તુલના થાય. તુલના કરવામાં આવે ત્યારે સ્પષ્ટપણે નાના-મોટા થવાના. કોઈકની મહત્તા વિશેષ સમજાય તો બીજાની ગૌણતા થવાની, કારણ કે દરેકના ગુણ એક સમાન નહિ હોવાના. એ તો વ્યક્તિગત રીતે દરેકમાં મુમુક્ષુતા, શ્રદ્ધા, ખપ, પૂર્વસંસ્કાર આદિક જુદાં જુદાં હોવાથી ગુણોની સંખ્યા, માત્રા અને એની ગુણવત્તામાં ફેર રહેવાનો. એક લાખ રૂપિયાની સેવા કરે તો બીજો હજાર રૂપિયાની કરે. એક નિયમિત અઠવાડિક સભામાં આવે તો બીજો નિયમિત ન પણ આવે. એક તિલક-ચાંદલા સહિત પૂજા કરે તો બીજો તિલક-ચાંદલો ન પણ કરે. એક દર મહિને નિર્જળા પાંચ ઉપવાસ કરે તો બીજો દર મહિને બે ઉપવાસ પણ ફરાળ કરીને

અથવા તો પ્રવાહી લઈને કરે. આવા સંજોગોમાં હંમેશાં પહેલા કરતાં બીજાની ગૌણતા રહેવાની. અંતરમાં એના પ્રત્યે થોડો અવગુણ કે અણગમો રહેવાનો. તેથી ગુણે કરીને મહિમા વિચારવામાં આ પણ એક તકલીફ છે. જો આ પરિસ્થિતિમાં સંબંધે કરીને એમનો મહિમા વિચારીએ, તો આ પ્રશ્ન ન થાય, કારણ કે એ બન્નેને સમાનપણે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનો સંબંધ છે, તેથી સંબંધે કરીને બન્નેનો સમાન મહિમા અંતરમાં રહેશે.

અહીં કહેવાનું તાત્પર્ય એવું નથી કે ભગવાન અને ગુણાતીત સત્પુરુષના સંબંધવાળા સંતો-ભક્તોના ગુણો ન કહેવા, ન સાંભળવા કે ન વિચારવા. એમના ગુણો તો કહેવા, સાંભળવા અને વિચારવાના જ છે, જેથી એના જેવા ગુણો અથવા તો એમાંથી કોઈક ગુણને ઓછા-વત્તા પ્રમાણમાં પોતાના જીવનમાં આત્મસાત્ કરવાની પ્રેરણા જાગે, તે માટે પ્રયત્ન પણ થાય. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે ફક્ત ગુણોના આધારે વિચારેલો મહિમા લાંબો સમય ન પણ ટકે. તેથી સંબંધના મહિમાનો આધાર મુખ્ય રાખીને પછી એમના ગુણે કરીને પણ એમનો મહિમા સમજવો.

★ સંબંધનો મહિમા સમજવાથી લાભ

ભગવાન અને ગુણાતીત સંતના યથાર્થ મહિમાપૂર્વક એમના સાક્ષાત્ સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજવાથી જે લાભ થાય છે તે વિષે શ્રીજીમહારાજ કહે છે :

કા.૯ – "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ. ...અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યા એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ?"

લો.૧૬ – "તુલસીદાસજીએ કહ્યું છે જે :

'તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ ।
તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ ।।'

એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજન-કીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતો હોય તો તેને આગળ શું માન રહે ? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે, પણ માહાત્મ્ય સમજ્યા વિના તો માન જતું નથી. તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું.''

વળી, ગવર્નર સાહેબના હમેલિયાનો હુકમ મોટો રાજા પણ માને એ દૃષ્ટાંત આપીને શ્રીજીમહારાજ **વચ. અં.૨૮**માં કહે છે : ''એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય અને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય ? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે.''

વળી, શ્રીજીમહારાજ સંબંધના મહિમા વિષે 'શ્રીહરિચરિત્રામૃત-સાગર'માં કહે છે : ''સત્સંગમાં સંતો-હરિભક્તોને અલૌકિક દેખે તે પરમ-પદનો અધિકારી છે.'' *(પૂર : ૧૮, તરંગ : ૮૩)*

સંબંધના મહિમાથી થતા લાભ વિષે મહારાજે ઉપરોક્ત સંદર્ભોમાં જે વાત કરી છે, તેના સમાવેશ સાથે અન્ય વચનામૃતોમાં જે વાત કરી છે તેના સારરૂપે એવું કહી શકાય કે જો ભગવાન અને સંતના યથાર્થ મહિમાપૂર્વક એમના સાક્ષાત્ સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજાય તો,

➤ ભક્તોનો અલ્પ દોષ નજરમાં ન આવે (**વચ. કા.૯**).

➤ ભક્તનો અવગુણ આવે નહિ, અવગુણની ગાંઠ બંધાય નહિ (**વચ. કા.૯**).

➤ ભક્ત ઉપર રીસની આંટી બંધાય નહિ (**વચ. કા.૯**).

➤ ભક્ત સાથે વૈર ન બંધાય (**વચ. કા.૯**).

➤ ભક્તને અર્થે તન, મન અને ધનથી ભોગ અપાય... સમર્પણ થાય, ભીડો વેઠાય, સેવા થાય (**વચ. લો.૩, મ.૪૧**).

➤ ભક્તોની ચરણરજ લેવાનું મન થાય (**વચ. કા.૯; લો.૧૬,૧૭; અં.૨૮**).

➤ દાસાનુદાસ થઈને રહેવાય (**વચ. અં.૨૮**).

➤ પાંચ-પાંચ ખાસડા, તિરસ્કાર, અપમાન વગેરે બધું જ ખમાય,

ધોખો ન થાય (વચ. સા.૧૦, લો.૧૭, અં.૨૮).

➤ માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ (વચ. અં.૨૮).

➤ સત્સંગમાં અચળ પાયો થાય (વચ. લો.૧૭).

➤ ભગવાન અને સંતનો સંગ છૂટે જ નહિ (વચ. સા.૧૦, કા.૨, લો.૧૭).

સંબંધના મહિમાનો લાભ સમજાવતાં યોગીજી મહારાજ કહે છે :

◆ "દિવ્યભાવ, નિર્દોષભાવ, સુહૃદભાવ રહે. કોઈનોય અવગુણ ન આવે, વાંક નજરમાં ન આવે. કોઈનુંય ઘસાતું ન બોલાય, કોઈનેય ફજેત ન થાય."

◆ "કોઈ સાથે રીસ ન ચડે, આંટી ન પડે. કોઈ સાથે ઊંચે સાદે બોલાય નહિ (અર્થાત્ ક્રોધ ન થાય), કોઈનેય વેણ ન મરાય."

◆ "દાસપણું આવે, આપણે સૌની આગળ કુચ્ચા છીએ એમ મનાય."

આમ, સંબંધવાળાનો મહિમા સમજાય તો જ,

➤ પરસ્પર રાગ-દ્વેષ, અહં-મમત્વ ન થાય; આંટી ન પડે, કુસંપ ન થાય.

➤ સંપ, સુહૃદભાવ ને એકતાનું દિવ્ય તથા શાંત વાતાવરણ જળવાઈ રહે.

➤ પરસ્પર એકબીજા માટે ભોગ આપવાનું, ભીડો વેઠવાનું કે સેવા કરવાનું મન થાય. એકબીજાને સહકાર અપાય.

➤ પરસ્પરના સ્વભાવો સહન થાય. કોઈકના કોઈક વિચિત્ર સ્વભાવો કે કુટેવને લીધે એના પ્રત્યે ઉપેક્ષા ન રહે.

➤ પરસ્પર મળતાં આનંદ થાય. ભેગા રહીને, સંપીને, એકબીજાને અનુકૂળ થઈને સેવા-પ્રવૃત્તિ થાય.

➤ અટંટ ન રહેવાય. દાસ થવાય. નમ્ર થવાય. નમતું જોખાય. હઠ પકડી ન રખાય. સરળ થઈ જવાય. કટ વળી જવાય.

➤ પરસ્પર કોઈ પ્રશ્ન જ નહિ થાય. કદાચ ક્યારેક કોઈક પ્રશ્ન થાય તોપણ તે બહુ ટકશે નહિ. સમાધાનકારી વૃત્તિથી બાંધછોડ અને સમજણથી એનો ઉકેલ આવી જશે.

➤ ભગવાન અને સંતને ઓશિયાળા ન થવું પડે. એમનો અતિશય રાજીપો પ્રાપ્ત થાય.

➤ સત્સંગમાં સર્વત્ર અને સર્વદા અખંડ શાંતિ, સુખ અને આનંદનો અનુભવ થાય.

વળી, એવું કહી શકાય કે સંબંધનો મહિમા અર્થાત્ સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા એ –

➤ દિવ્યદૃષ્ટિના ચશ્માં છે, જેનાથી બીજાના અવગુણ દેખાય જ નહિ, ફક્ત ગુણો જ દેખાય.

➤ દિવ્ય રસાયણ કે ઔષધ છે, જેનાથી જીવાત્માને વળગેલા બધા જ દુર્ગુણો, દોષો, રોગો દૂર થઈ જાય.

➤ દિવ્ય ઊંજવાનો પદાર્થ (Lubricant) છે, જેનાથી પરસ્પર ઘર્ષણ ન થાય.

➤ દિવ્ય સ્વાસ્થ્ય અને શક્તિવર્ધક તત્ત્વ (Tonic) છે, જેનાથી સેવા-ભક્તિ કરવાનું, સ્વભાવો સામે લડવાનું બળ રહ્યા કરે.

➤ દિવ્ય સદ્‌ગુણોની છાંટ (Spray) છે, જેનાથી સમગ્ર વાતાવરણ સદ્‌ગુણોથી, મહિમાથી સુગંધીત-સુવાસિત રહે, મહેંકી ઊઠે.

➤ દિવ્ય અને આધ્યાત્મિક મૂડી, મિલકત (Wealth, Riches, Property) છે. જેટલી વધારે તેટલા વધુ સમૃદ્ધ થવાય, આંતરવૈભવ વધારે થાય.

➤ અધ્યાત્મની ઈમારતનો પાયો (Foundation) છે. તે જેટલો વધારે મજબૂત એટલી ઈમારત સલામત.

➤ સુખ, શાંતિ અને અલમસ્ત આનંદનો રામબાણ ઈલાજ છે.

➤ સાધનાનો રાજમાર્ગ પણ છે અને મંજિલ પણ છે, સાધન પણ છે અને સ્થિતિ પણ છે, સાચી સાધનાની ફલશ્રુતિ છે.

ભગવાન અને ગુણાતીત સંતના સંબંધવાળા સંતો-ભક્તોના સમૂહમાં રહીને સાધના કરનાર કોઈ પણ સાધક માટે સંબંધનો મહિમા સમજવો એ એક અત્યંત અગત્યની સાધના છે. અધ્યાત્મવિદ્યામાં આ એક ફરજિયાત વિષય છે. આમાં કોઈનેય, ક્યારેય, ક્યાંય અને કોઈ પ્રકારની છૂટછાટ નથી. આમાં કોઈ પ્રકારનો વિકલ્પ જ નથી.

★ સંબંધનો મહિમા સમજ્યા વગર ખોટ

જો સંબંધવાળાનો મહિમા નહિ સમજાય તો –

➤ અભાવ, અવગુણ અને એકબીજાની ખટપટમાં પડી જવાય.

➤ પરસ્પર અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, માન-મત્સર, આંટી-હઠ જેવા વિકારો થવાની શક્યતા વધી જાય અને એની પ્રવૃત્તિ પણ થાય.

➤ અટંટ રહેવાય, નમતું ન જોખાય, દાસ ન થવાય.

➤ સંપ, સુહૃદભાવ અને એકતાનું દિવ્ય વાતાવરણ બગડે. અંદરો-અંદર ક્લેશ, કંકાસ, ઘર્ષણ અને કુસંપ સર્જાય તથા તેમાં વધારો થતો રહે.

➤ પરસ્પર એકબીજા માટે ભીડો ન વેઠાય, સહકાર ન અપાય. એક-બીજાના સ્વભાવો સહન ન થાય.

➤ પરસ્પર પ્રશ્નો થયા જ કરે. આ પ્રશ્નોનો કોઈ કાયમી ઉકેલ ન મળે.

➤ ભગવાન અને સંત ઓશિયાળા થાય. એમનો રાજીપો થવાને બદલે કુરાજીપો થાય.

➤ સત્સંગમાં ન ટકી શકાય. કદાચ ટકાય તો પણ દિવ્ય સુખ, શાંતિ-આનંદનો અનુભવ ન થાય. મનમાં કચકચ, ફરિયાદ, અસંતોષ ઉદ્વેગ અને અશાંતિ રહ્યાં જ કરે. આપણે જે કંઈ સાધનો કરીએ તેમાં કાંઈ બરકત ન આવે અને તેનું યોગ્ય પરિણામ પણ ન આવે.

સંબંધનો મહિમા જેનામાં નથી તેની ખોટ દર્શાવતાં શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : "હરિભક્ત થઈને સંત કે હરિભક્તનો મહિમા ન સમજે તે ફળ, ફૂલ, રસ અને છાયા વિનાના વૃક્ષ જેવું છે." *(પૂર : ૧૭, તરંગ : ૯૦)*

તેથી એવું કહી શકાય કે આપણી કંગાળ પરિસ્થિતિનું મુખ્ય કારણ આ સંબંધના મહિમાનો અભાવ છે. આપણી સાધનામાં આ ખૂટતું તત્ત્વ ઉમેરાઈ જાય તો એક જ ઝાટકે બધું કામ થઈ જાય.

સંબંધનો મહિમા સમજવો એ તો ગુણાતીત સત્પુરુષોની સહજ સ્થિતિ છે. એમના સમગ્ર અસ્તિત્વનાં કણેકણમાં અને ક્ષણેક્ષણમાં 'સંબંધનો મહિમા' અનુભવાય છે. એમની આપણી પાસેથી પણ આ જ અપેક્ષા છે. એમની અપેક્ષા પૂરી કરવી એ આપણી સાચી ભક્તિ છે, સાચી સાધના છે. તેથી ગમે તે ઉપાયે પણ આપણે સંબંધવાળા સર્વે સંતો-ભક્તોનો મહિમા સમજવો જ પડશે. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ એ માટે આગ્રહપૂર્વક વારંવાર વાતો કરી છે.

● સંબંધનો મહિમા સમજવાના ઉપાયો

(૧) જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા

મારે તો કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને અતિશય રાજી જ કરવા છે. એમને જે ગમે એમ જ મારે કરવું છે.

(૨) સંબંધના મહિમાથી થતા લાભની સ્પષ્ટતા અને દૃઢતા

આપણને જેમાં લાભ જણાય છે તે સહેજે કરવાનું મન થાય છે અને તે પ્રમાણે આપણે કરીએ છીએ પણ ખરા. આપણી આ જ વૃત્તિ અનુસાર સંબંધના મહિમાથી થતા લાભની સ્પષ્ટતા અને દૃઢતા થાય તો સહેજે જ સંબંધનો મહિમા સમજાય.

(૩) ભગવાન અને ગુણાતીત સંતનો માહાત્મ્ય સહિત દૃઢ નિશ્ચય

➤ તેઓ કેવા સમર્થ છે ? તેઓ શું કરી શકે તેમ છે ? ગમે તેવા દોષોને ટાળવા માટે એ સમર્થ છે. તેઓ બ્રાહ્મીસ્થિતિના સાચા શિલ્પી છે, ઘડવૈયા છે. તેથી તેઓ બધાને બ્રહ્મની મૂર્તિ બનાવી દેશે.

➤ આવા ભગવાન અને સંતની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે ? કેવાં અને કેટલાં પુણ્ય હોય ત્યારે આવો યોગ પ્રાપ્ત થાય ? અનેક જન્મોનાં પુણ્ય હોય તો આવો યોગ પ્રાપ્ત થાય (**વચ. પ્ર.૧૫, મ.૮**). તેથી જેને આ સત્સંગ મળ્યો છે અને એમાં પ્રતીતિ આવી છે તેનાં બહુ જ મોટાં ભાગ્ય છે (**વચ. પ્ર.૨૪, મ.૯**).

(૪) લૌકિક બુદ્ધિ, ડહાપણ, અહંકારનો ત્યાગ

આ માયિક તત્ત્વો વકીલાત કરીને, તર્કો-વિતર્કો કે શંકા-કુશંકા કરીને કંઈક વાંધા-વચકા કાઢ્યા જ કરે, ખોતરીને નવા નવા પ્રશ્નો ઉઠાવ્યા જ કરે. આમ, તે આપણને શુદ્ધપણે સંબંધનો મહિમા નહિ જ સમજવા દે. તેથી તેનો સર્વથા અને સર્વદા ત્યાગ કરવો પડે.

તેથી જ તો યોગીજી મહારાજ કહેતા કે આ સંબંધવાળાનો મહિમા

સમજવામાં બુદ્ધિ આડી ન આવે એટલા માટે જ ઉદ્ધવજીએ વૃક્ષ-વેલીનો દેહ માગ્યો.

(૫) દાસત્વભાવ, સેવકભાવ

જ્યાં સુધી પોતાના ગુણનું માન હોય, પોતે પોતાને વિષે જે 'ગુરુભાવ' માની લે, અથવા તો બરોબરિયાપણું હોય ત્યાં સુધી બીજાનો મહિમા નહિ સમજાય. તેથી પોતાના ગુણનું માન ત્યાગીને પોતે સૌનો દાસ, સેવક છે એવું મનાય, તો સૌનો મહિમા સમજાય.

(૬) બાહ્ય સાધનો, આવડત કે ગુણોના ભારનો ત્યાગ

અધ્યાત્મસાધનામાં ભગવાન અને સંતને રાજી કરવા માટે તપ, વ્રત, ત્યાગ, સંયમ, નિયમ, સાદાઈ, સેવા, કળા, આવડત, વિવેક, વિનય, શિસ્ત વગેરે સાધનો અને ગુણો જરૂરી છે. દરેકે એ આત્મસાત્ કરવાં જોઈએ, તદનુસાર વર્તવું જોઈએ એ વાત સાચી; પણ જો એનો જ અંતરમાં ભાર હોય, ભગવાન અને સંતના આશ્રય કરતાં પણ એની વિશેષ મહત્તા સમજાય તો પછી એ ગુણો કે સાધનો બીજામાં કદાચ ન જોવા મળે અથવા ઓછાં જોવા મળે તો એનો અવગુણ આવશે, પરંતુ એનો મહિમા નહિ સમજાય. તેથી સાધનો કરવા છતાં પણ અંતરમાં એનો ભાર નહિ, એનું બળ નહિ. સાધનાની સિદ્ધિ માટે કેવળ ભગવાન અને સંતના આશ્રયનું જ બળ હોય તો પછી કદાચ એવાં ગુણો કે સાધનો બીજામાં ઓછાં જણાય કે ન જણાય તોપણ સંબંધે કરીને મહિમા સમજાય.

(૭) સો ટકા શુદ્ધ સંબંધનો જ વિચાર

ભગવાન અને સંતના સંબંધમાં આવેલાં સ્થૂળ પદાર્થો કે સ્થાનોનો મહિમા સમજીને એમનો સ્પર્શ કરીએ છીએ, પગે લાગીએ છીએ, દંડવત્ કરીએ છીએ. એ વખતે બીજો કોઈ વિચાર કરવાને બદલે ફક્ત 'સંબંધ'નો જ વિચાર હોય છે. ગઢડામાં શ્રીજીમહારાજ જે લીંબડા નીચે અનેક વાર બિરાજ્યા છતાં તે કડવો મટ્યો નથી. તેની કડવાશ લેશમાત્ર દૂર થઈ નથી. તેમ છતાં સૌ સંતો-ભક્તો મહિમાપૂર્વક તેનાં દર્શન કરે છે, તેને પગે લાગે

છે, દંડવત્ કરે છે. તેમાં કયો વિચાર છે ?

એ સિવાયના બીજા કેટલાય લીંબડા ગઢડામાં ને આખા ભારતમાં છે. કદાચ પોતાના ગામમાં, અરે ! પોતાના ઘરના આંગણામાં પણ હશે. કદાચ ગઢડાના આ પ્રસાદીના લીંબડા કરતાં વધારે ઊંચા, વધારે મોટા અને વધારે વિસ્તારમાં છાંયો આપતા હશે ! તેમ છતાં એને બીજા તો શું, આપણે પણ દંડવત્ નથી કરતા ! જ્યારે આ પ્રસાદીના લીંબડાને પગે લાગવાનું, દંડવત્ કરવાનું કારણ શું છે ?

શું એમાં અવગુણો નથી ? એ કાંઈ તપ, સેવા, ભજન-ભક્તિ કરે છે ? નિયમ-ધર્મ પાળે છે ? કથા સાંભળે છે ? આરતીમાં જાય છે ? પૂજા, તિલક-ચાંદલો કરે છે ? કયું સાધન કરે છે ? કંઈ જ નહિ. છતાં એનો અવગુણ આવતો નથી. એમાં સો એ સો ટકા શુદ્ધ સંબંધના મહિમાનો જ વિચાર છે. એમ સંતો-ભક્તોમાં કદાચ દોષો, દુર્ગુણો હોય, દૈહિક કુટેવ હોય, બીજાં સાધનો કે ગુણો ન હોય અથવા ઓછાં હોય તોપણ એમને સંબંધ કોનો થયો છે ? એમનાં કેટલાં મોટાં ભાગ્ય છે ? આમ, ફક્ત 'સંબંધ'નો જ વિચાર હોય તો મહિમા સમજાય, ટકે અને વધે.

સો ટકા શુદ્ધભાવે સંબંધ જ જોવાની વૃત્તિ આપણને શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓમાં સાક્ષાત્ જોવા મળે છે. અગાઉ આપણે **વચ. અં.૨** અને **અં.૨૧**ના સંદર્ભમાં જોયું કે મહારાજ સૌને અક્ષરધામના મુક્તોની જેમ અતિશય પ્રકાશે યુક્ત દેખે છે. શું એ બધામાં દોષો-અવગુણ નહિ હોય ? એવી જ રીતે ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ પણ સૌનો આ રીતે મહિમા સમજાવતા. સૌને સંબંધે કરીને મહિમા સમજાવતા, સૌને બ્રહ્મની મૂર્તિ સમજતા. યોગીજી મહારાજ તો સાક્ષાત્ મહિમાની મૂર્તિ. શ્રીજીમહારાજ અને પોતાના ગુરુના સંબંધમાં આવેલાં સ્થાન, વસ્તુઓ કે વ્યક્તિઓનો અતિશય મહિમા સમજતા અને સમજાવતા. એમની રગેરગમાં અને લોહીનાં કણેકણમાં તથા અસ્તિત્વની ક્ષણેક્ષણમાં સૌનો અતિશય મહિમા હતો. પ્રસાદીનાં સ્થાનોનો તેઓ તો અપાર મહિમા સમજીને દંડવત્ કરતા, પરંતુ યુવકો કે હરિભક્તોને અને તેમના સામાનને પણ દંડવત્ કરતા. તેઓ કહેતા :

◆ "અક્ષરપુરુષોત્તમનું નામ લે તેને માટે શરીરના જોડા કરીને

આપીએ. એમ અહોહોપણું રહે છે.''

◆ ''મને બધાને વિષે દિવ્યભાવ, મને કોઈનો અવગુણ આવે જ નહિ.''

◆ ''મને નાનામાં નાના સત્સંગીનો અભાવ કોઈ દી આવે નહિ. ઈ દેખાય જ નહિ. દેખવા દઉં નહિ. બ્રહ્મની મૂર્તિ દેખું, માયિકભાવ આવે નહિ. ચૈતન્યમૂર્તિ સમજું.''

મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરતાં યોગીજી મહારાજે કહ્યું હતું : ''તમારા ભક્તોમાં સુહૃદભાવ રહે, મન નોખું ન રહે, મનુષ્યભાવ ન આવે, સદાય દિવ્યભાવ રહે તેવા આશીર્વાદ આપજો. તમારા સંબંધવાળા ગમે તેવા હોય પણ તેને માથાના મુગટ માનીએ તેવા આશીર્વાદ આપો. 'તુલસી જ્યાકે મુખન સે...' કોઈ સાથે આંટી ન પડી જાય. સંબંધવાળાને ઓળખી શકીએ એવી બુદ્ધિ આપજો. તમારા જેવી બુદ્ધિ અમને આપજો... તમારા વિષે જે ભાવના છે તેવી તમારા ભક્તમાં પણ રહે, મનુષ્યભાવ ન આવે. તમે સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ છો પણ તમારા ભક્તો પણ સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ મનાય તેવા આશીર્વાદ આપજો. આપના ભક્તોમાં દિવ્યભાવ રખાવજો.''

ઉપરોક્ત કેટલાંક વચનો વિચારીએ ત્યારે ખ્યાલ આવે કે તેઓ સંબંધના મહિમાની કેવી ઉત્કૃષ્ટ દૃષ્ટિ સાથે જીવન જીવ્યા છે. એમની તો આ સહજ સ્થિતિ હતી. આ જ દૃષ્ટિ સૌમાં આવે, સૌ આ જ રીતે સંબંધવાળાનો મહિમા સમજે, એ માટે તેઓ વારંવાર વાત પણ કરતા.

એક વખત વડતાલમાં ગોમતી તળાવને કિનારે પ્રસાદીનો આંબો બતાવીને યોગીજી મહારાજ કહે : ''બધા આ આંબાનો મહિમા સમજે છે, કેમ કે શ્રીજીમહારાજનો એને સંબંધ થયો છે. તે ભજન કરતો નથી કે નિયમ પાળતો નથી પણ તેના થડમાં રોજ દસ શેર દૂધ રેડી જવાનું કહે તો કઠણ ન પડે પણ એક ભક્તને એક પ્યાલો ચા પાવાનું કહે તો તે ન થાય. માટે દરેકનો મહિમા સમજવો.''

વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ પણ સો ટકા શુદ્ધ સંબંધનો જ મહિમા વિચારીને શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સંબંધવાળા સૌ સંતો-ભક્તોનો ભીડો વેઠે છે. દેહને ગણકાર્યા વગર સૌને રાજી કરે છે. આપણામાં કેવા અને કેટલા સ્વભાવ-દોષો હોવા છતાં એની

સામે દૃષ્ટિ અને વૃત્તિ કર્યા વગર કેવળ સંબંધનો મહિમા સમજીને આપણને સૌને નભાવે છે, સાચવે છે, પાળે છે, પોષે છે, આગળ વધારે છે અને સુખ આપે છે.

આમ, શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ વિશેષ કરીને તો સો એ સો ટકા શુદ્ધ સંબંધના મહિમાનો જ વિચાર રાખેલો છે. તદુપરાંત, સંતો-ભક્તોના વિશેષ કોઈક ગુણ હોય તો તેની પણ એમણે નોંધ લીધી છે અને એ વિશેષતાની વાત સૌ સંતો-ભક્તોને પણ કરી છે. તેમ છતાં તેઓ મુખ્યત્વે તો સંબંધનો જ મહિમા સમજે છે એ હકીકત છે.

(૮) ઉત્કૃષ્ટ પ્રસંગોનું મનન, ચિંતન

જેમના જીવનમાં સંબંધનો મહિમા યથાર્થ હોય તેમના એવા ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ, કથન, મનન, ચિંતન જરૂરી છે. વિશેષે કરીને તો ગુણાતીત ગુરુઓના પ્રસંગોનું વાંચન-ચિંતન કરીએ તો સંબંધનો મહિમા સમજવાની પ્રેરણા મળે.

(૯) શુદ્ધભાવે પ્રાર્થના

સંબંધનો મહિમા સમજવામાં શુદ્ધભાવે કરેલી પ્રાર્થના ઘણી મદદરૂપ થાય તેમ છે.

૮.૧.૨૦ પૂર્ણકામપણું-કૃતાર્થપણું

ખાલીપો અને અધૂરપનો અહેસાસ એ લૌકિક જગતમાં સૌનો અંગત અનુભવ છે. જિંદગીમાં ગમે તેટલી સમૃદ્ધિ, સંપત્તિ, સત્તા, સુંદરી, પ્રતિષ્ઠા, મોટપ, કીર્તિ અને ડિગ્રી મળે છતાં અંતરમાં ખાલીપો રહેવાનો; કંઈક ખૂટે છે, હજુ કંઈક અધૂરું છે એવું અંતરમાં રહેવાનું અને ડંખવાનું. એમાં ક્યારેય, કોઈનેય અને ક્યાંય સંતોષ થયો નથી, પૂર્ણતાનો કે કૃતાર્થતાનો ઓડકાર આવ્યો જ નથી. આમ, ભૌતિક જગતમાં તો ખાલીપો અને અજંપો રહે જ છે, પરંતુ ક્યારેક આધ્યાત્મિક જગતમાં અનેક પ્રકારનાં સાધનો કેટલાંય વર્ષો સુધી કર્યાં હોવાં છતાં ખાલીપાનો અનુભવ થાય એવું પણ બની શકે. સાચા સાધકને ક્યારેય અને ક્યાંય ખાલીપાનો અનુભવ ન થવો

જોઈએ. જીવનની પ્રત્યેક ક્ષણે પોતાના જીવનમાં પૂર્ણકામપણું કે કૃતાર્થપણું અનુભવાવું જોઈએ. અંતરમાં પૂર્ણકામપણાની પ્રતીતિ વગર સાચી સાધના થઈ જ ન શકે. કદાચ કોઈક કરે તો સાધનાની સાચી સફળતાને પામે નહિ.

● પૂર્ણકામપણાનું તાત્પર્ય

અધ્યાત્મની સાધના કરનાર પ્રત્યેક સાધકના જીવનમાં પૂર્ણકામપણાનો કે કૃતાર્થપણાનો ગુણ હોવો અત્યંત આવશ્યક છે. વિશેષે કરીને જ્યારે પ્રગટ ભગવાન કે પ્રગટ ગુણાતીત સંતની પ્રાપ્તિ થઈ હોય, ત્યારે તો સાધકે કૃતાર્થપણું માનવું જ જોઈએ. પૂર્ણકામપણું એટલે પોતાનું કાર્ય પૂરું થઈ ગયું છે, હવે કાંઈ બાકી નથી. એવી જ રીતે કૃતાર્થપણું એટલે પોતાના સર્વે અર્થો સિદ્ધ અને પ્રાપ્ત થઈ ચૂક્યા છે. એમાં પણ મોક્ષનો પરમ પુરુષાર્થ સિદ્ધ થઈ ચૂક્યો છે, મોક્ષ માટે હવે કંઈ કરવાનું બાકી રહેતું નથી, એવી આંતર પ્રતીતિ.

જીવનમાં બે પ્રકારે પૂર્ણકામપણું માનવાનું હોય છે :

(i) બ્રાહ્મીસ્થિતિનું પૂર્ણકામપણું, કૃતાર્થપણું.

(ii) વિશ્વાસ અને પ્રતીતિનું પૂર્ણકામપણું, કૃતાર્થપણું.

હવે આપણે આ બન્ને પ્રકારના પૂર્ણકામપણા વિષે વિચાર કરીએ.

(i) બ્રાહ્મીસ્થિતિનું પૂર્ણકામપણું, કૃતાર્થપણું

સ્વભાવો, દોષો, દુર્ગુણો, પંચ વિષયની આસક્તિ કે વાસનામાંથી મુક્ત થવાય, બ્રહ્મરૂપ થવાય અર્થાત્ બ્રાહ્મીસ્થિતિ થાય એટલે કે આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય ત્યારે વ્યક્તિને પૂર્ણકામપણાનો કે કૃતાર્થપણાનો અનુભવ થાય છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી બધાં જ સાધનોનો અંત આવી જાય છે. હવે એને કંઈક નવું જાણવાનું, સમજવાનું, કરવાનું કે પામવાનું બાકી રહ્યું નથી. એને સર્વે અર્થો સિદ્ધ થયાની અનુભૂતિ છે. એને હવે કંઈ અધૂરું નથી. કોઈ પ્રકારની ખોટ એને સાલતી નથી. કોઈ પ્રકારના ઓછાપણાનો અહેસાસ પણ એને થતો નથી. અંતરમાં કોઈ પ્રકારનો તાપ, સંતાપ, અસંતોષ, ઉદ્વેગ, અજંપો કે ખાલીપાનો અંશ નથી. એના મુખ પર લેશમાત્ર ઉદાસીનતા કે ઝાંખપ નથી. અલમસ્ત આનંદમાં ગરકાવ રહે છે.

શાશ્વતસુખના સમુદ્રમાં ઝૂલતો રહે છે. તે પોતાની જાતને પૂર્ણકામ, કૃતાર્થ અને ન્યાલ થઈ ગયેલ માને છે.

શ્રીજીમહારાજે આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર કે બ્રાહ્મીસ્થિતિથી જે પૂર્ણકામપણું મનાય છે તેની વાત નીચેનાં વચનામૃતોમાં કરી છે :

પ્ર.૨૦ – "જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જ્વલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે."

સા.૧૦ – "જે સાધુ એમ સમજતો હોય જે, 'મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે. તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે, અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી. અને એવી રીતનો જે સંત હોય તે તો જેવો શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે. અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.' ને એવી સમજણવાળો જે સંત તે તો કૃતાર્થ છે."

લો.૧ – "કામાદિક શત્રુનો નાશ થઈ જાય અને પોતાને ભગવાનના નિશ્ચયે કરીને સંપૂર્ણ કૃતાર્થ માને."

મ.૧ – "જ્યાં સુધી સારા ને નરસા એ બે વિષય તુલ્ય ન જણાય ત્યાં સુધી એ ભગવાનનો ભક્ત સાધનદશામાં કહેવાય અને જ્યારે સારા-નરસા વિષય તુલ્ય ભાસે ત્યારે એ ભક્ત સિદ્ધદશાને પામ્યો જાણવો. અને જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે, ત્યારે એને કૃતાર્થ થયો જાણવો."

મ.૮ – "એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે. એવી રીતે જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે એવું થવાય ત્યારે જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો."

આ બ્રાહ્મીસ્થિતિનું પૂર્ણકામપણું, કૃતાર્થપણું કે ન્યાલપણું છે.

(ii) વિશ્વાસ અને પ્રતીતિનું પૂર્ણકામપણું, કૃતાર્થપણું

ઉપરોક્ત બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવી એ કાંઈ એકાદ દિવસનો કાર્યક્રમ નથી. અંતઃશત્રુ સાથેનો સંઘર્ષ અને એના પરનો વિજય આપણે ધારીએ છીએ એટલો સહેલો કે ઝડપી નથી. એ માટે વર્ષો સુધીનો સતત અને સખત પુરુષાર્થ અપેક્ષિત છે. ભગવાન અને ગુણાતીત સંતના શરણે રહીને, એમનું બળ લઈને જાણપણા સાથે અંતઃશત્રુઓ સામે યુદ્ધ કરતા રહેવું પડે છે. એમાં ક્યારેક એવું પણ બને કે બળિયા અંતઃશત્રુઓ, દેહભાવો કે સ્વભાવો સાધકને પછાડી દે, હરાવી દે. આવા સંજોગો અને પ્રસંગો વારંવાર પણ બને. એ વખતે જો સાધક ભાંગી પડે, હિંમત હારી બેસે, તેના મનમાં લઘુતાગ્રંથિ દૃઢ થતી જાય તો પછી એને સાધનામાં ઉત્સાહ, ઉમંગ અને આશાવાદ નહિ રહે. મનમાં સતત તાપ, સંતાપ, બળતરા, ઉદ્વેગ અને અશાંતિ રહ્યાં કરે. તેથી તે સ્વભાવો સામે યુદ્ધ પણ સારી રીતે ન કરી શકે. ભગવાન અને સંતને રાજી કરવાની ધગશ પણ ન રહેવાથી યથાર્થ આજ્ઞા ન પળાય, સેવા-ભક્તિ પણ યથાર્થ રીતે ન થાય. તેથી જ્યાં સુધી બ્રાહ્મીસ્થિતિ ન થાય ત્યાં સુધી ઉદાસીનતાભરી સાધના ન થાય તે માટે, શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ આ બીજા પ્રકારનું પૂર્ણકામપણું માનવાનું કહ્યું છે.

સર્વોપરી, સર્વાવતારના અવતારી, પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપમાં, દિવ્યપણામાં, સામર્થ્યમાં અને તેમનાં વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ અને પ્રતીતિની સાથે સાથે તેમના પ્રતાપે સ્વભાવ, દોષ, વાસના ટળશે જ, બ્રહ્મસ્વરૂપ થવાશે એ નક્કર વાસ્તવિકતામાં પણ સંપૂર્ણ વિશ્વાસ અને પ્રતીતિ આવે તોપણ પૂર્ણકામપણું કે કૃતાર્થપણું મનાય છે. 'ભલે અત્યારે ગમે તેવા સ્વભાવો છે, પંચ વિષયમાં આસક્તિ છે, વાસના છે; ભલે અત્યારે પંચ વિષય પરાભવ કરે છે, અંતઃશત્રુઓ સામે હારી જવાય છે, ક્યારેક હેઠા પડી જવાય છે, ક્યારેક ભાંગી પડાય છે; તેમ છતાં જે મને મળ્યા છે તે બળિયા છે, માયાપર છે,

દિવ્ય છે, ગુણાતીત છે, સર્વશક્તિમાન છે, સર્વ પ્રકારે સમર્થ છે. તેઓ મને મદદ કરશે, મારા સ્વભાવ, દોષો ટાળીને બ્રહ્મરૂપ કરશે જ એમાં લેશમાત્ર સંશય નથી.' આવા એક અંતરના વિશ્વાસથી અંતરમાં પૂર્ણકામપણું માનવાનું છે.

ભગવાન અને ગુણાતીત સંતનાં સ્વરૂપો અને વચનોમાં અતિશય દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા થયા પછી સાધકને કોઈપણ પ્રકારની શંકા અને બીક ન રહે કે મારા સ્વભાવો ટળશે કે નહિ ટળે, મારું કલ્યાણ થશે કે નહિ થાય. એમને તો એમનામાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે તેઓ મને નહિ જ રખડાવે, મને માયાપર કરીને અક્ષરધામને પમાડશે જ.

આવો વિશ્વાસ પ્રગટાવનારા શ્રીજીમહારાજના પોતાના જ આવા શબ્દો છે. જેમ કે,

પ્ર.૧૪ – "જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તોપણ તેનું અકલ્યાણ થાય નહિ, તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાનથી વિમુખ છે તે તો બોલતાં-ચાલતાં દેહ મૂકે છે તોપણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે... જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે, 'મારું કલ્યાણ તો થઈ રહ્યું છે' તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે... જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઈ કરવું રહ્યું નથી; એનાં દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે, તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું ?"

પ્ર.૭૭ – "વિમુખ તો સારી રીતે દેહ મૂકે અથવા ભૂંડી રીતે દેહ મૂકે પણ નરકે જ જાય અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મૂકે અથવા શૂન્ય મૌન રહીને દેહ મૂકે પણ તેનું કલ્યાણ જ છે, પણ એમાં કાંઈ સંશય નથી, તેમ ભગવાનના ભક્તને જાણવું. અને ભગવાનનો ભક્ત હોય તેને અંત સમે સ્વપ્નાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય પણ એને અંતરમાં તો ભગવાનને પ્રતાપે કરીને અતિ આનંદ વર્તતો હોય. માટે નક્કી હરિભક્ત હોય ને અંત સમે લાવાંઝખાં કરતો થકો દેહ મૂકે પણ એના કલ્યાણમાં લેશમાત્ર સંશય રાખવો નહિ."

લો.૩ – "જે હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ

જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઇત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તોપણ એમ સમજે જે, 'ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ, એ તો ભગવાનના ધામને જ પામે. અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનનાં લાકડાંમાં સંસ્કારે યુક્ત બળે તોપણ તે તો નિશ્ચયે યમપુરીમાં જાય...' એવો નિશ્ચયવાળો જે હોય તે જરૂર બ્રહ્મમહોલમાં જ પૂગે પણ બીજે ક્યાંય કોઈ ધામમાં ઓરો રહે નહિ."

અં.૪ – "ભગવાનથી વિમુખ હોય ને તે ખબડદાર થકો દેહ મૂકે તોપણ શું તેનું કલ્યાણ થાય છે ? તેનો તો નરકમાં જ નિવાસ થાય છે. અને ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું નામસ્મરણ કરતો થકો દેહ મૂકે અથવા બાધિતાનુવૃત્તિને યોગે કરીને બેશુદ્ધ થઈને દેહ મૂકે તોપણ એ ભગવાનનો ભક્ત ભગવાનનાં ચરણારવિંદને જ પામે છે."

અં.૭ – "ભગવાનનો જેને પ્રત્યક્ષ-પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે, 'હું રખે મરીને ભૂતપ્રેત થઉં કે રખે ઇન્દ્રલોકને જ પામું કે રખે બ્રહ્મલોકને જ પામું.' એવી આશંકા મનમાં રાખવી નહિ. કેમ જે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ."

અમ.૭ – "જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ(સર્વોપરી પુરુષોત્તમ નારાયણ) સમજશે તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ."

આવી જ પ્રતીતિકર વાતો ગુણાતીત ગુરુઓએ પણ કરી છે. એમનાં વચનો આગળ જોઈશું. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ જે બોલ્યા છે તે શું ટાઢા પહોરનાં ગપ્પાં છે ? શું તેઓ ખોટું બોલ્યા છે ? શું આપણને ખોટે રવાડે ચડાવીને હેરાન કરવા છે ? ના, ના અને ના. આમાંનું કશું જ નથી. તેઓ કેવળ આપણું આત્યંતિક કલ્યાણ કરવા જ આવ્યા છે અને તે માટે જ એમણે બધી વાતો કરી છે. તેથી એમની આ વાતોમાં સો એ સો ટકા અતિશય દૃઢ વિશ્વાસ રાખીને પોતાનું આત્યંતિક કલ્યાણ થવાનું છે એવા વિશ્વાસ સાથે પોતાના કલ્યાણ માટે જે કાંઈ સંદેહ કે ભય હોય તેને જડમૂળથી ઉખેડીને પોતાની જાતને પૂર્ણકામ અને અત્યંત ભાગ્યશાળી

માનવાની છે. વળી, મહારાજ નીચેનાં વચનામૃતોમાં કહે છે કે ભગવાનનો જે દૃઢ આશ્રિત ભક્ત છે તેને કાળ, કર્મ અને માયા પણ કશું જ ભૂંડું કરી શકે તેમ નથી.

પ્ર.૩૭ – "એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દેશે પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી."

પ્ર.૬૩ – "મહિમાએ સહિત જે ભગવાનનો નિશ્ચય તે જેને હૃદયમાં દૃઢપણે થયો હોય તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવાને સમર્થ નથી."

પ્ર.૭૨ – "જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય અને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તોપણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતાં નથી."

કા.૮ – "જે ભક્ત એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું અને સગુણપણું સમજે તે ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવાને સમર્થ થતાં નથી."

લો.૧૦ – "જેને ભગવાનનો એવો પરિપક્વ નિશ્ચય છે, તેને કોઈ રીતે માયા દુઃખ દેવાને અર્થે સમર્થ થતી જ નથી."

મ.૬૨ – "ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખનાં દેનારાં કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી... 'કાળ, કર્મ માયાનો શો ભાર છે જે ભગવાનના ભક્તને પીડી શકે ? એ તો ભગવાનની જ ઈચ્છા છે,' એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન રહેવું."

શ્રીજીમહારાજનાં આ વચનોમાં પણ પૂર્ણ વિશ્વાસ રાખીને કાળ, કર્મ કે માયાથી લેશમાત્ર ડર્યા વગર નિર્ભય અને નિશ્ચિંત રહ્યા થકા પોતાને પૂર્ણકામ માનીને સાધના કરવાની છે.

આ માટે સામાન્ય વિશ્વાસ કે સામાન્ય પ્રતીતિ ન ચાલે, પરંતુ એમની અતિશય કૃપા અને પ્રસન્નતાથી એમનાં સ્વરૂપમાં અને વચનમાં અતિશય દૃઢ વિશ્વાસ અને અતિશય દૃઢ પ્રતીતિ આવે તો જ આ પ્રકારનું પૂર્ણકામપણું મનાય. આમાં સો ટકા નક્કરતા આવે. એમાં જરાય પોકળતા કે પોલાણ ન

હોય. ઉપર ઉપરથી ફક્ત બોલવા ખાતર ન બોલે, વિચારવા ખાતર ન વિચારે. આ ફક્ત મન-મનામણાં નથી, પરંતુ અંતરની પ્રતીતિથી પોતાને પૂર્ણકામ કે કૃતાર્થ મનાય.

● સાધનાની સાથે સાથે પૂર્ણકામપણું માનવાનો આદેશ

એ વાત એટલી જ સાચી છે કે આ પ્રકારના પૂર્ણકામપણામાં ગાફલાઈ કે બેદરકારી, આળસ કે પ્રમાદ નથી રાખવાનાં, નિયમધર્મ નથી લોપવાના, સાધના મૂકી નથી દેવાની અને છકી પણ નથી જવાનું **(વચ. પ્ર.૨૫)**.

જો કે છકી જવાનો પ્રશ્ન તો જ થાય કે જો એના પૂર્ણકામપણામાં જ પોકળતા કે પોલાણ હોય. સામાન્ય વિશ્વાસ હોય અને એ પ્રકારના શબ્દો સાંભળીને કે વાંચીને બોલતો હોય કે મને ભગવાન મળ્યા છે, હવે મારે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. એમ માનીને પછી નિયમ-ધર્મ કે ભક્તિ આદિક નેવે મૂકી દે. મનફાવે તેમ વર્તે. જે કોઈ આવું કરે તો માનવું કે એનું પૂર્ણકામપણું પોકળ છે. એમાં કોઈ પ્રકારની નક્કરતા છે જ નહિ. જ્યારે ભગવાન અને સંતની અતિશય કૃપા-પ્રસન્નતાથી અંતરમાં પ્રગટ થયેલ અતિશય વિશ્વાસ અને અતિશય દૃઢ પ્રતીતિને લીધે જે પૂર્ણકામપણું મનાય છે, તેમાં સચ્ચાઈ છે, નક્કરતા છે. આવો સાધક ક્યારેય છકી ન જાય. એનાથી નિયમ-પાલન અને ભક્તિ વગેરે સહેજે જ થાય. એ તો અંતરથી સ્વીકારે છે કે સાધના તો સંપૂર્ણ જાણપણા સાથે કરવાની જ છે, પરંતુ ઉદાસીનતાના ભાવથી નહિ, ખિન્ન મને નહિ, અસંતોષ અને અપૂર્ણતા સાથે નહિ, પરંતુ ભગવાન અને સંતની પ્રાપ્તિના અલમસ્ત કેફ અને આનંદમાં ગરકાવ રહેતાં રહેતાં સાધના કરવાની છે.

શ્રીજીમહારાજ આ પ્રકારની વાત ઘણાં વચનામૃતોમાં કરે છે. જેમ કે,

પ્ર.૧૫ – "મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહિ, તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે. તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ."

પ્ર.૨૫ – "પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું જે 'હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી,' એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી."

પ્ર.૩૨ – "જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જવું નહિ ને અંતઃકરણના ઘાટને માનવા પણ નહિ, ને પોતાને ને અંતઃકરણને જુદું માનવું અને પોતાના આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું."

સા.૪ – "ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતનાં વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો."

સા.૯ – "મને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે અને રાત-દિવસ તે ભગવાનનું હું નામ લઉં છું, માટે હું તો કૃતાર્થ થયો છું.' એવી રીતે વિચારીને આનંદમાં રહેવું, પણ જેને તમોગુણ ને રજોગુણ વર્તતા હોય તેને ધ્યાન-ધારણાને અર્થે આગ્રહ કરવો નહિ અને જેવું બની આવે તેવું ભજન-સ્મરણ કરવું ને દેહે કરીને ભગવાનની તથા સંતની પરિચર્યા શ્રદ્ધાએ સહિત કરવી ને પોતપોતાના ધર્મમાં રહેવું ને પોતાને પૂરણકામ માનવું."

લો.૭ – "જો એને એવી આંટી ઠાવકી છે તો કાંઈક એને અલૌકિકપણું જણાયું જોઈએ, નહિ તો જણાશે. અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી, તો એમ એ સમજે જે, 'એ ભગવાનને વિષે તો સર્વે છે પણ મને દેખાડતા નથી, એવી જ એની ઇચ્છા છે.' એમ સમજીને તે ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે, તો એ પરિપૂર્ણ જ્ઞાની છે."

મ.૮ – "એવી રીતે જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપમાં નિરન્ન-મુક્ત છે એવું થવાય ત્યારે જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો અને જ્યાં સુધી એવું ન થવાય ત્યાં સુધી એટલું અધૂરું જાણવું. અને નિરન્નમુક્ત જેવા થવાની અતિશય ઇચ્છા રાખવી પણ શ્રદ્ધારહિત થવું નહિ અને પોતાને વિષે અપૂર્ણપણું માનવું નહિ, ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને ને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો."

મ.૯ – "આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી,' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું

માન્યું જોઈએ. અને જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તોપણ તેને તો કાંઈ કરવું રહ્યું નથી.''

મ.૧૩ – ''તમે એમ કહેશો જે, 'અમને તો એ સ્વરૂપની તમે જેમ કહો છો તેમ દૃઢતા છે તોપણ પ્રાણ-ઈન્દ્રિયો કેમ લીન નથી થતાં ?' તો એ તો પરમેશ્વરની ઈચ્છાએ એમ રહ્યું છે એમ સમજવું, પણ તેને કાંઈ કરવું રહ્યું નથી, એ તો કૃતાર્થ છે અને એ તો સર્વ સાધનના અંતને પામ્યો છે.''

શ્રીજીમહારાજ **વચ. મ.૬૨**માં આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસપણું – આ ત્રણ અંગમાંથી ઓછામાં ઓછું કોઈક એક અંગ દૃઢ કરવાનું કહીને ત્રણેય અંગવાળાનાં લક્ષણો કહે છે. આ અત્યંત ઝીણી અને કઠણ વાત જેને સમજ્યામાં કે વર્ત્યામાં ન આવે તેના માટે આગળ જતાં આ જ વચનામૃતમાં તેઓ કહે છે : ''તે તો એ ત્રણ અંગવાળા માંહેલો જે હરિભક્ત હોય તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે, તો તે કાંઈ ન સમજતો હોય તોપણ એ છતી દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે ને કૃતાર્થ થઈ રહ્યો છે. અને આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે, એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે. માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું.''

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ ''ભગવાનની સ્તુતિ કરવી પણ પોતાને પતિત ને અધમ માનવું નહિ. કેમ જે, એમ માને તો જીવમાં બળ રહે નહિ ને જીવ ગ્લાનિ પામી જાય, ને આપણે તો ભગવાન મળ્યા છે માટે પતિત શા સારુ માનીએ ? આપણે તો કૃતાર્થ માનવું.'' *(૧/૧૦૩)*

◆ ''આપણને તો ભગવાન મળ્યા છે, તે પોતાને અક્ષર માનવું; એમ બોલ્યા. તે વાત ઉપર પ્રશ્ન પૂછ્યો જે, 'વિષય પરાભવ પમાડતા હોય ને અક્ષર કેમ માનવું ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'વિષય તો દેહના ભાવ છે, તે એક પડખે રહ્યા છે, તોપણ અક્ષર માનવું, પણ આત્માને નરકનો કીડો માનવો નહિ. ને આપણે તો જેમ વામનજી ભેળી લાકડી વધી તેમ વધતા જઈએ છીએ.'' *(૧/૨૮૩)*

◆ "વડોદરાનો ચાંદલો કોઈકને આવે ત્યારે સર્વે તેનાં મોટાં ભાગ્ય માને, તેમ આપણે તો પુરુષોત્તમ નારાયણનો ચાંદલો આવ્યો છે. માટે આપણે તેનો કેફ રાખવો." (૨/૭૭)

◆ "હમણાં જણાતું નથી, પણ આપણને ભગવાન મળ્યા છે માટે કૃતાર્થ થયા છીએ." (૪/૯)

◆ "પ્રગટ ભગવાન મળ્યા છે તેથી પરિપૂર્ણ કલ્યાણ માનવું પણ અધૂરું માનવું નહિ. ને સાધન કરવાં અથવા સાધુ થાવું એ તો બધુંય વિઘ્ન ન થાય તેને અર્થે છે, પણ ઉપાસનાની દૃઢતા રાખીને વળગી રહેશો તો પાર પડી ગયું છે. અને જેવે રૂપે ભગવાન મળે તેનું ધ્યાન-ભજન કરવું, તે પુરુષોત્તમ ભગવાનને મેળવી દે." (૪/૧૫)

◆ "હરિશંકરભાઈએ પૂછ્યું જે, પ્રગટ ભગવાન ને આ મૂળ સાધુ મળ્યા છે તેથી પૂરણકામ માનવું કે વાસના ટળે તો માનવું ? સ્વામીએ ઉત્તર કર્યો જે, 'નિશ્ચય થયો એટલે વાસના ટળી ચૂકી, માટે પૂરણકામ માનવું. ને આજ્ઞા પાળવાની રુચિ રાખવી ને અસત્ દેશકાળે આજ્ઞા લોપાય તોપણ તેને વિઘ્ન નથી." (૫/૧૦)

શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી ઉપરોક્ત સર્વે વચનો દ્વારા સમજાવે છે કે ભલે હજુ સાધના સંપૂર્ણ નથી થઈ, ભલે હજુ જીવન્મુક્તની સ્થિતિ નથી થઈ, ભલે હજુ સ્વભાવ, દોષો કે વાસના છે, તેમ છતાં પ્રાપ્તિ અને તેની પ્રતીતિના બળે પૂર્ણકામપણું માનવું અને સાથે સાથે સાધના પણ ચાલુ રાખવી. એમના કહેવાનું તાત્પર્ય એ છે કે બ્રાહ્મીસ્થિતિ થયા પછી જ પૂર્ણકામપણું માનવાનું છે એવું નથી, પરંતુ અત્યારે સાધના કાળ દરમ્યાન પણ તમને થયેલ અસાધારણ અને અદ્વિતીય પ્રાપ્તિમાં અતિ દૃઢ વિશ્વાસ રાખીને પૂર્ણકામપણું માનો.

ધારો કે કોઈક બાળક એની માતાની ગોદમાં ધાવતો હોય કે રમતો હોય અને એની માતા વિમાનમાં બેસીને અમેરિકા જઈ રહી હોય, એ વખતે ભલે બાળકને ખબર નથી કે પોતે ક્યાં જઈ રહ્યો છે અને પોતાને કેટલી મોટી પ્રાપ્તિ થવાની છે; પરંતુ જ્યારે એ મોટો થઈને સમજશે ત્યારે એને થયેલ પ્રાપ્તિનો ખ્યાલ આવશે. એવી જ રીતે આપણે પ્રગટ ભગવાન કે સંતના ખોળામાં અબુધ બાળકની જેમ રમીએ છીએ. ભલે આપણને ખબર

નથી કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ અને શું પ્રાપ્તિ થવાની છે, તેમ છતાં એ હકીકત જ છે કે તેઓ આપણને અક્ષરધામ તરફ લઈ જઈ રહ્યા છે અને તેને લીધે આપણને શાશ્વત તથા દિવ્યસુખની પ્રાપ્તિ થવાની છે.

રાજાનો નાનો અબુધ દીકરો ભલે મૂળા માટે રડે, પરંતુ એ હકીકત જ છે કે મોટો થઈને રાજ્યનો ધણી એ જ થવાનો છે. એમ ભલે આપણે અત્યારે ગમે તેવા રહ્યા, પરંતુ અક્ષરધામમાં ભગવાનનાં દિવ્યસુખના ભોક્તા આપણે થવાના છીએ એ સો ટકા સાચી વાત છે.

ભલે અત્યારે અતિશય ગરીબ કન્યા ઝૂંપડામાં રહેતી હોય, પરંતુ એનાં લગ્ન રાજકુમાર સાથે થવાનાં છે, તો ભવિષ્યમાં અઢળક સુખ-સાહ્યબી મળશે એવા વિચારથી એ અત્યારે પણ આનંદમાં રહે. એમ આપણે પણ ભલે અત્યારે ગમે તેવા રાંક રહ્યા, પરંતુ પછી આધ્યાત્મિક દૃષ્ટિએ અબજોપતિ થઈ જવાના છીએ એ હકીકત છે. તેથી એના આનંદમાં અત્યારથી જ પોતાને પૂર્ણકામપણું માનવું.

યોગીજી મહારાજ કહે છે :

◆ "ભગવાનની પ્રાપ્તિ થઈ તે લૉટરી લાગી ગઈ, અક્ષરધામમાં જવાની. શ્રીજીમહારાજ પાસે બેસવાની. કોઈ ગવર્નર કે રાજા બોલાવે તો કેટલો કેફ આવે ! છાતી પહોળી થાય. તેમ પુરુષોત્તમ નારાયણનો કેફ આવે તો મોળો ન પડે. માટે સંબંધ થયો તે અલમસ્ત રહેવું. અહોહોપણું થાવું જોઈએ. શાંતિનાં ગાડાં આવ્યાં છે. આપણે મહારાજ પુરુષોત્તમ નારાયણ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે તેના કેફમાં રહેવું. વાતમાં કેફ રાખવો. છકમાં ને છકમાં રહેવું. મોળી વાત જ નહિ. જેવા ભગવાન મળ્યા છે તેવા ઓળખાય તો પછી બીજા ભગવાન ખોળવા ન પડે. જેવા સાધુ મળ્યા છે તે ઓળખાય તો બીજા સાધુ ખોળવા ન પડે. જેવી પ્રાપ્તિ થઈ છે તેવી ઓળખાય તો બીજી પ્રાપ્તિ ખોળવી ન પડે. જેવો સંબંધ થયો છે તેવો ઓળખાય તો બીજે સંબંધ ન કરવો પડે. ભગવાનનો આશરો છે તેને દુઃખ રહેતું નથી. આપણને ખરી પ્રાપ્તિ થઈ છે. ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન મળ્યા તે આપણા પુણ્યનો પારાવાર નથી."

◆ "આ તો ગુણાતીતજ્ઞાન થયું. સાકરના કરા ને મોતીનો વરસાદ

થયો હોય તેવું અત્યારે સુખ છે. બે-પાંચ મોતીના લાખો રૂપિયા થાય ને મોતીનો વરસાદ પડે તો કોથળા ભરીએ. આ બ્રહ્મરૂપ થવાનો, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો વખત આવ્યો છે. કોઈ દિ' જિંદગીમાં ન મળે તે વાત મળી ગઈ. ભગવાન પુરુષોત્તમ નારાયણ મળ્યા તે કરોડ કલ્યાણ થયાં. છેલ્લો જન્મ થઈ ગયો. ફરીથી ઊથરેટી લઈ જન્મ લેવો નહિ પડે. સાંભળો હરિભક્તો ! તમે નિર્ધનિયા તો નથી ને ? આ ધનનો ઢગલો મહારાજ મળ્યા છે. ધન તો કરોડો રૂપિયા ઘરે હોય પણ શ્રીજીમહારાજ ન મળ્યા હોત તો ધન પડ્યું રહેત."

◆ "આ બ્રહ્માંડમાં આપણને સંત મળ્યા, તેથી આપણાથી વધુ ભાગ્યશાળી કોઈ નથી. આપણને જે પ્રાપ્તિ છે તે બ્રહ્માંડમાં કોઈને નથી, એ કેફ રાખવો. શુષ્કપણું ન રાખવું. પ્રાપ્તિ, હેત સાચવી રાખવું. ખાતાં-પીતાં કેફમાં રહેવું. કોણ મળ્યા છે ! ભગવાન ને સંત ! તેનો કેફ રાખવો. હવે આપણે શું બાકી છે ? શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ મળ્યા છે, તો મૂંઝાવું નહિ અને શ્રદ્ધાથી મંડવું. દોષનો શું ભાર છે ? આમ ટળી જશે."

◆ "બ્રહ્માનંદમાં રહેવું. અહોહો... સ્વામી મળ્યા ! સ્વામી મળ્યા ! કેફના ફુવારા ! મૂળ અક્ષરનો અવતાર ! અનંત કોટિ બ્રહ્માંડો જેના રુંવાડામાં ઊડતાં ફરે... તેવા આપણને મળ્યા ! શાસ્ત્રીજી મહારાજ મળ્યા ! ભગતજી મહારાજ મળ્યા ! અક્ષરધામ જેવું વર્તે છે ! તે સુખમાં અલમસ્ત રહેવું. એવો કેફ કાયમ રહે તો બ્રહ્મરૂપ થઈ જવાય."

◆ "એક વસ્તુ સારી મળી જાય તો સ્વાદ લઈએ છીએ. લંડનની વસ્તુ આવી હોય તો અહોહો થાય. તેથી પર અમેરિકાની આવે તો ? તેમ આ અમૃતના મેહુલા આવ્યા છે. અક્ષરધામમાંથી ! કેવું સુખ ! કેવી શાંતિ ! આપણને પરમ પ્રાપ્તિ થઈ છે. સુખ અનવધિકાતિશય મળ્યું છે તે કેફમાં ગરકાવ રહેવું. વાછડું દૂધ ધાવે તે પૂછડું ઊંચું કરી હલાવે કે વાહ ! મોઢે ન બોલે પણ પૂછડું હાલ્યા કરે, તેમ ભગવાનની પ્રાપ્તિની મસ્તી અંગોઅંગમાં આવવી જોઈએ."

◆ "કોઈ અબજોપતિ હોય ને તે તેની પેઢીમાં આપણો ચાર આની ભાગ રાખે તો કેવા રાજી થઈ જઈએ ? લાખોપતિ થઈ જઈએ ! આપણે અબજોપતિનો ભાગ થયો છે. તેનો આપણને કેફ નથી. કેફ આવે તો

આનંદના ફુવારા. કેફ કાયમ રહેવો જોઈએ. જેમ પૈસાનો, રાજનો, પ્રધાનનો કેફ કાયમ રહે છે, તેમ આપણને કોણ મળ્યા છે તેનો કેફ રાખવો.''

◆ ''આપણે કોના ? ગુણાતીતના. આપણે બ્રહ્મ સંગે અખંડ બ્રહ્મ-કિલ્લોલ કરવો. અખંડ આનંદમાં જ રહેવું. પ્રફુલ્લિત મન રાખવું. બ્રહ્માનંદમાં રહેવું. અહો... હો... સ્વામી મળ્યા ! કેફના ફુવારા ! આ પ્રાપ્તિ ! આ સમાગમ ! એમ કેફમાં રહેવું.''

◆ ''સર્વોપરી પુરુષોત્તમ નારાયણ મળ્યા. અનંત બ્રહ્માંડના ધણી ઓળખાણા. તે કેફનાં ગાડાં આપણે ઘેર આવ્યાં. શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ મળ્યા છે તે હરિ મુખોમુખ મળ્યા, એમાં ક્યાં નોખું છે ? એનો કેફ રહેવો જોઈએ, તો હરિ મુખોમુખ મળ્યા કહેવાય. જાગ્રત, સ્વપ્નમાં કેફ રહેવો જોઈએ. આપણને પરમ પ્રાપ્તિ થઈ છે. માટે સંબંધ થયો તે અલમસ્ત રહેવું. અહોહોપણું થાવું જોઈએ. બારે મહિના સોળ આના કેફમાં રહેવું.''

◆ ''આ જોગ થઈ ગયો છે તે મોટાં ભાગ્ય છે. નહિ તો લાખો વર્ષ તપ કરે તોપણ આ જોગ ન મળે. આ તો બહુ જ મોટો લાભ થયો છે, એમ જે માનવું એ જ સત્સંગનું સુખ છે. બહુ જ મોટો લાભ થયો છે એમ જો મનાય તો બીજું જોવા-સાંભળવાનું કાંઈ ન રહે, અને એમ મનાઈ જાય કે જે જોવાનું છે, પૂજવાનું છે, સેવા કરવાનું તે તમારી ભેગું છે, માટે તેના સામું જોઈ રહેવું.''

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ ''ભગવાન સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ ને એમના ધારક સંત યોગીજી મહારાજ મળ્યા એ બહુ મોટાં ભાગ્ય ! મોટો લાભ ! એનો કેફ રહેવો જોઈએ. આવા સંત અનંત કોટિ બ્રહ્માંડમાં નથી. આ મળ્યા છે એનાથી બીજું કાંઈ આગળ છે નહિ. જોયા જેવા આ સંત છે. બીજે ક્યાંય બીજું જોવાનું નથી. આપણે બીજે દૃષ્ટિ હોય જ નહિ. શાસ્ત્રીજી મહારાજે પ્રમાણ આપ્યું, તો બીજે ફાંફાં શા માટે મારવા ? બીજો વિચાર શા સારુ થાય ? આપણને જે મળ્યા છે તે સર્વોપરી છે. એની નીચી ટેલ મળે તો બહુ મોટાં ભાગ્ય.''

◆ ''આપણે કંગાલ શા માટે રહીએ ? મહામોટો લાભ મળ્યો છે. ભગવાન પુરુષોત્તમ નારાયણનો સંબંધ થયો પછી કંગાલપણું શા માટે રાખવું ? આપણે તો ભગવાન ને સંત શ્રેષ્ઠ ખજાનો મળ્યો છે. એના જેવું બીજું સુખ જ નથી. ચૌદ લોકના બ્રહ્માંડનાં સુખ કરતાં ભગવાનમાં સુખ

અધિક છે. કેટલી મોટી વાત મળી છે ? કેટલો મોટો લાભ થઈ ગયો છે ? ભગવાન ચિંતામણિ અને સંત પરમચિંતામણિ – બેય મળી ગઈ છે, એટલે બધું મળી ગયું છે. આમાં જ્યારે દૃષ્ટિ પહોંચે, ત્યારે ભિખારીવેડા મટી જાય. ભગવાન મળ્યા પછી રાંકવેડા શું કરવા ? આપણને પુરુષોત્તમ નારાયણ મળ્યા છે, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા છે, એનો કેફ આવે તો કંગાલપણું શેનું રહે ? કેફ ચડી જાય. આપણે હંમેશાં ભગવાનનો કેફ-આનંદ રાખવાનો અને બીજું બધું જગતનું દુઃખ ભૂલી જવાનું.''

◆ ''મોટામાં મોટી પ્રાપ્તિ થઈ છે ! દુનિયાનાં સુખ અહીં માર્યા ફરે છે. અનંત કોટિ બ્રહ્માંડનાં સુખ રાખનાં પડીકાં છે. આ પ્રાપ્તિ આગળ એની કંઈ કિંમત નથી. અબજોપતિથી પણ આગળ, એનાથી આગળ અને એનાથી પણ આગળ પ્રાપ્તિ થઈ છે ! આ મહિમા સમજવો જોઈએ. ક્યાં બેઠા છીએ ? કોની પાસે બેઠા છીએ ? કેવા પુરુષ મળ્યા છે ? એ વિચારવું. આવી પ્રાપ્તિ થઈ છે તો એના કેફમાં અને આનંદમાં રહેવું જોઈએ.''

◆ ''આપણાં બહુ મોટાં ભાગ્ય કે જોગી મહારાજ મળ્યા, એમણે આ સેવા આપી; આપણને આ માર્ગે લીધા, આપણને મહાદુઃખમાંથી બચાવ્યા, ભયંકરમાં ભયંકર દુઃખમાંથી ઉગાર્યા ! નરકના ખાડામાંથી બહાર કાઢ્યા અને અનંત જન્મોનાં દુઃખ કાપીને સુખિયા કર્યા છે ! એ વસ્તુ આપણા જીવમાં હોવી જોઈએ. નરકના ખાડામાંથી ઉગારીને સુખપાલમાં બેસાડ્યા છે. તેથી આ સુખે સુખિયા રહેવું. અંતરમાં અખંડ આનંદ, આનંદ અને આનંદ જ રહેવો જોઈએ.''

◆ ''યોગીજી મહારાજ ઘણી વાર બોલતા : 'આપણ તુલ્ય ભાગ્યશાળી માનો એ જ મોટી ભૂલ્ય છે. બીજા કરતાં આપણે અનંત ગણા ભાગ્યશાળી છીએ ! જન્મ-મરણના દુઃખમાંથી ઉગારીને ભગવાનના સાંનિધ્યમાં મૂકે એ કાંઈ સામાન્ય વાત નથી.''

◆ ''આપણા મનમાં એ અસંતોષ ન રહે કે આપણે હજુ કરવાનું બાકી છે, જોવાનું કાંઈ બાકી છે, પામવાનું કાંઈ બાકી છે. બધી જ વસ્તુ યોગી મહારાજમાં આપણે આવી ગઈ ! ભગવાન શ્રીજીમહારાજ આવી ગયા ! અનંત મુક્તો આવી ગયા ! ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ - બધા અવતારો આવી ગયા ! અનંત જાતના

મહાત્માઓ આવી ગયા ને બધા દેવતાઓ પણ આવી ગયા ! આપણે બીજે ક્યાંય જોવાનું છે નહિ. એમાં બધું જોઈ લેવાનું."

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં આ વચનોમાં કેટલો કેફ છલકાય છે ? ફક્ત વારંવાર વાંચીએ તોપણ થોડી વાર તો કેફનો કાંટો ચડી જ જાય, પરંતુ આ કેફનો કાંટો ન ઊતરે, અખંડ પૂર્ણકામપણું, કૃતાર્થપણું તથા ન્યાલપણું મનાય તે માટે વારંવાર આ વચનોને વાંચીને એનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવાનું છે. જો આ કરીશું તો જ એમનો આ અભિપ્રાય સમજાશે. એમને આપણી પાસે કેવી રીતે સાધના કરાવવી છે તે કાંઈક સમજાશે, કાંઈક મનાશે. આપણે આપણાં સ્વભાવો, દોષો, વિકારો તથા પંચ વિષય પ્રત્યેની વાસના અને તેને લીધે જાણે-અજાણે થતી ભૂલોને લીધે રડ્યા કરીએ, મૂંઝાયા કરીએ, ગભરાયા કરીએ, ઉદાસ થઈને ફર્યા કરીએ એ એમને પસંદ નથી. એમને આપણી પાસે બ્રહ્માનંદની મસ્તીથી, આનંદના સમુદ્રમાં ગરકાવ થઈને, અલમસ્ત આનંદમાં રસબસ થઈને અર્થાત્ પ્રાપ્તિના પૂર્ણ કેફમાં રહીને સાધના કરાવવી છે. તેઓ આપણી જીવદશા જાણે છે, આપણને વિકારો નડે છે, એ પણ એમને ખબર છે, આપણને વિષયો પરભાવ પમાડે છે એનાથી પણ તેઓ અજાણ નથી. ટૂંકમાં કહીએ તો તેઓ આપણી વાસ્તવિકતા જાણે છે. તેઓ સર્વજ્ઞ છે, આપણું બધું જ હસ્તામલકવત્ દેખે છે, તેમ છતાં આપણને પૂર્ણકામ માનવાની વાત કરે છે.

આપણે જ્યારે રડીએ છીએ, મૂંઝાઈએ છીએ ત્યારે તેઓ આપણી મૂર્ખાઈ જોઈને ઓશિયાળા થાય છે. તેમને થાય છે કે અમે આવા સર્વોપરી, માયાપાર અને સર્વેને સંકલ્પમાત્રે બ્રહ્મરૂપ કરવા સમર્થ એવા બ્રહ્મ અને પરબ્રહ્મ સાક્ષાત્ મળ્યા છતાં રડે છે !! અબજો રૂપિયા હોય અને પાંચ પૈસા ખોવાઈ જાય તે માટે મહિના સુધી રડ્યા કરે તો એને મૂર્ખ ન કહેવાય તો બીજું શું કહેવાય ? પાંચ પૈસા ખોવાઈ ગયા એ વાત સાચી છે, કંઈક ઓછું થયું એ વાત પણ સાચી છે, ન ખોવાવા જોઈએ એ પણ વાત સાચી છે, પરંતુ એની પાછળ રડવામાં કે શોક કરવામાં અબજો રૂપિયાનું સુખ ક્યારે લેવાનું ? શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓને આ સમજાવવું છે. તેઓ કહે છે : 'ભૂલ ન થવી જોઈએ એ વાત સાચી, વાસના અને સ્વભાવ નિર્મૂળ થઈ જવાં જોઈએ એ પણ વાત સાચી, તે હજુ નિર્મૂળ નથી થયાં એ વાત

પણ સાચી, બધું જ સાચું છે, પરંતુ તમને જે મળ્યા છે એ અમે શું સાચા નથી ? શું અમારાં વચનો સાચાં નથી ? શું અમે સમર્થ નથી ? તો શા માટે મૂંઝાઓ છો ? અમે તમને ચપટીમાં બ્રહ્મરૂપ કરી શકીએ તેમ છીએ. છતાં આવા રાખ્યા છે, એનું કંઈક પ્રયોજન છે.'

મહારાજ પોતે જ **વચ.** જે.૪માં કહે છે : "અને વળી, તમે કહેશો જે, ભગવાનનો દૃઢ આશરો છે ને માયિક ગુણ કેમ વ્યાપે છે ? તો તે કહીએ જે, ષડૂર્મિએ રહિત ને માયિક ગુણે રહિત સર્વને કરવા તેમાં તો કાંઈ વાર નથી, અને અસંખ્ય જન્મની સ્મૃતિ થઈ આવે અને અનંત બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક ક્રિયાને કરે એવા સર્વને કરવા તેમાં તો કંઈ વાર નથી. પણ અમારી ઇચ્છાએ કરીને એમ તમને રાખ્યા છે ને તમારા સામર્થ્યને રુંધી રાખ્યું છે, તે પ્રત્યક્ષ ભગવાનનાં સુખની પ્રાપ્તિને અર્થે છે."

મહારાજ કેવા સમર્થ છે ? તેઓ શું કરાવી શકે તેમ છે ? છતાં આવા રાખ્યા એની પાછળનું પ્રયોજન પણ તેઓ સ્પષ્ટપણે સમજાવે છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ સમજાવે છે :

◆ "દોષ રહે છે ને ટળી જતા નથી, એ તે કેવળ દોષ જ છે કે તેમાં કાંઈ ગુણ પણ છે ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે, 'દોષ પીડે તેથી સત્સંગમાં દીન-આધીન રહેવાય, સત્સંગની ગરજ રહે ને ભગવાનની સ્તુતિ થાય; ને દોષનો કજિયો હોય તેથી જ્ઞાન થતું જાય, તે વિના એવી ગરજ રહે નહિ, માટે એ ગુણ છે." *(૧/૧૨)*

◆ "આપણા દોષો તો મહારાજે ટાળી નાખ્યા છે. ને તે દોષનું દર્શન થાય છે તે તો આપણા રૂડાને અર્થે થાય છે. નીકર જીવ તો ઉન્મત્ત થઈ જાય એવો છે." *(૧/૫૮)*

◆ "દોષ કેમ ટળતા નથી ? એ પ્રશ્ન પૂછ્યો. તેનો ઉત્તર જે, 'એ તો ધન્વંતર વૈદ છે તે ખોટા કેમ થાશે ? ને જેમ અક્ષરાનંદ સ્વામીને ગોળી દઈને રાફી કાઢી નાખી, તેમ જ કામ-ક્રોધાદિક ઘણી રાફિયું છે તે કાઢી મૂકશે. આપણે તો એને બાઝી પડવું. એટલું જ કરવું." *(૧/૯૨)*

આનો અર્થ અવળો નથી કરવાનો કે જાણી-જાણીને ભૂલો કરવાની છે. બેફામ વર્તવાનું છે એવું નથી. જાણીને જ ગટરમાં ડૂબકી નથી મારવાની, પરંતુ અજાણતાં પડી જવાય તો સ્વચ્છ થઈને ચાલવા માંડો. પડી ગયા, ગંદા

થઈ ગયા એનો શોક ન કરો, એટલું જ એમને સમજાવવું છે. દોષોનું રડવા કરતાં પ્રાપ્તિનું સુખ માણો, એટલું એમને આપણા મનમાં અને મગજમાં ઠસાવવું છે. તેથી જ તો તેઓ એકની એક વાત જુદા જુદા શબ્દોમાં વારંવાર કરે છે. તેમ છતાં એમનો આ અભિપ્રાય ન સમજીએ તો આપણા જેવા કૃતઘ્ની બીજા કોઈ ન કહેવાય.

કદાચ કોઈ સાધને કરીને નિર્વાસનિક થયા હોય પણ જો આવી પ્રાપ્તિ ન હોય અથવા તો પ્રાપ્તિ ઓળખાય નહિ તો એનો કોઈ અર્થ નથી. એના જીવનમાં શુષ્કતા અને ઉદાસીનતા જ રહેવાની. એના જીવનમાં કોઈ આનંદ કે કેફ ન રહે. એટલે તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "સાધને કરીને કદાપિ નિર્વાસનિક થવાશે તોપણ શું પાક્યું ? ને તેણે કરીને શું ફળ છે ? એ તો ઝાડવાં જેવો છે. ને ભગવાનની નિષ્ઠા છે ને વાસના છે તોપણ તેની શી ફકર છે ને તેનો શો ભાર છે ?" (૧/૧૩૮)

ટૂંકમાં, મહારાજ અને ગુણાતીત ગુરુઓનો આ હૃદગત અભિપ્રાય સમજીને પૂર્ણકામપણું, કૃતાર્થપણું માનવાનું છે. આવું પૂર્ણકામપણું પણ એક પ્રકારની સ્થિતિ અને સિદ્ધિ છે. આ એક પ્રકારનું ટોનિક છે, અમૃત છે, એનાથી જ બીજાં બધાં સાધનો કરવામાં ઉત્સાહ, બળ, ધીરજ, હિંમત રહેશે. એ સાધનો બળવાન અને સુદૃઢ થશે.

● પૂર્ણકામપણું ન મનાય તો ખોટ અને તેનાં કારણો

પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થવા છતાં જેને પૂર્ણકામપણું મનાતું નથી તેની ખોટ દર્શાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૯ – "શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય અને તેની ભક્તિ કરતો હોય અને તેનાં દર્શન કરતો હોય, તોપણ જે પોતાને પૂર્ણકામ ન માને અને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે જે, 'ગોલોક-વૈકુંઠાદિક ધામને વિષે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે, તે મને જ્યાં સુધી દેખાયું નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી.' એવું જેને અજ્ઞાન હોય, તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી."

પ્ર.૨૫ – "પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ અને જો અકૃતાર્થપણું માને તો એની ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ

ખારાપાટમાં બીજ વાવ્યું તે ઊગ્યું જ નહિ.''

વર.૧ – ''જેને એ ભગવાનના સ્વરૂપમાં સંકલ્પ-વિકલ્પ રહેતા હોય જે, 'બ્રહ્મપુરને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે ? અને શ્વેતદ્વીપ ને વૈકુંઠને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે ? અને તે સ્વરૂપનું ક્યારે દર્શન થશે ?' એવી જાતના સંકલ્પ-વિકલ્પ કર્યા કરે, પણ પ્રકટ ભગવાન મળ્યા તેને જ સર્વના કારણ જાણીને તેણે કરીને જ પોતાને કૃતાર્થ ન માને. અને એવાને જો દૈવેચ્છાએ કરીને સમાધિ થાય તોપણ સંકલ્પ-વિકલ્પ મટે નહિ અને સમાધિમાં જે જે દેખાય તેથી નવું નવું જોવાને ઇચ્છે પણ મનના વિકલ્પ મટે નહિ, એવો હોય તેને સમાધિ છે તોપણ સવિકલ્પ છે ને સમાધિ ન હોય તોય સવિકલ્પ છે. માટે એવો હોય તે ગુણાતીત એકાંતિક ભક્ત ન કહેવાય.''

બ્રહ્માનંદ સ્વામી **વચ. પ્ર.૨૪**માં એક પ્રશ્ન પૂછે છે, ''કોઈ વિષયમાં પણ પોતાનાં ઇન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે તોપણ અપૂર્ણપણું રહે છે અને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે?''

આ પ્રશ્ન પૂછનાર બ્રહ્માનંદ સ્વામી સામાન્ય ન હતા. લૌકિકદૃષ્ટિએ કેવી એમની બુદ્ધિપ્રતિભા ?! કેવી એમની કળા અને આવડત ?! તેઓ ૨૪ કળામાં નિપૂણ હતા. અનેક શાસ્ત્રો અને વિદ્યામાં પારંગત હતા. સાથે સાથે શતાવધાની હતા. રાજા-મહારાજાઓનાં અનેક પ્રકારનાં માન-સન્માનો, ખિતાબો તથા અઢળક સંપત્તિનો ત્યાગ કરીને સાધુ થયા હતા. આધ્યાત્મિક દૃષ્ટિએ પણ શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર ૧૦૮ પ્રકરણોમાંથી અને મહારાજે કરેલ અનેક કસોટીઓમાંથી સારધાર પાર ઊતરી ગયા હતા. બ્રહ્મચર્યમાં તો તેઓ યતિ હતા. સાહિત્ય ક્ષેત્રે પણ એમનું પ્રદાન અમૂલ્ય રહ્યું છે. હજારોની સંખ્યામા પદો રચ્યાં છે. મંદિરોનાં બાંધકામમાં પણ એમનું મહત્ત્વનું યોગદાન હતું. તેઓ સદ્‌ગુરુ કક્ષાના પરમહંસ હતા. શ્રીજીમહારાજ સાથે સખાભાવથી જોડાયેલા હતા. શ્રીજીમહારાજ એમના પર ખૂબ પ્રસન્ન પણ હતા. આ રીતે તેઓ બહુમુખી પ્રતિભા-સંપન્ન પરમહંસ હતા.

એમની આધ્યાત્મિક સ્થિતિનાં દર્શન આ પ્રશ્નમાં જ થાય છે :

- વિષયોમાં ઇન્દ્રિયો તણાતાં નથી.
- અંતઃકરણમાં ખોટા ઘાટ થતા નથી.

- ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે.

આ આધ્યાત્મિક સ્થિતિ કંઈ સામાન્ય નથી. ઇન્દ્રિયો-અંતઃકરણને વશ કરવાં, ખોટા ઘાટ ન થવા દેવા એ કંઈ સહેલું નથી. એની સામે તો ભલભલા હારી જાય છે. બ્રહ્માનંદ સ્વામીએ ઇન્દ્રિયો-અંતઃકરણ પર વિજય મેળવ્યો છે. વળી, ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે, તેમ છતાં અંતરમાં અપૂર્ણપણું રહે છે, અંતર સૂનું લાગે છે, અર્થાત્ ખાલીપાનો અનુભવ થાય છે. લૌકિક-દૃષ્ટિએ અને આધ્યાત્મિક દૃષ્ટિએ બાહોશ એવા બ્રહ્માનંદ સ્વામીનો આ પ્રશ્ન છે. શ્રીજીમહારાજ એમના આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે :

"પોતાનું મન સ્થિર થયું છે ને ભગવાનનો નિશ્ચય પણ અતિશય દૃઢ છે, તોય પણ હૈયામાં અતિશય આનંદ આવતો નથી જે, 'હું ધન્ય છું ને હું કૃતાર્થ થયો છું અને આ સંસારમાં જે જીવ છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા તેને વિષે હેરાન થતાં ફરે છે અને ત્રિવિધ તાપમાં રાત-દિવસ બળે છે. અને મને તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામ-ક્રોધાદિ સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ-સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે.' એવો વિચાર નથી કરતો ને આઠો પહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે. જેમ 'બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી, એટલે તેનો તેને આનંદ નથી.' તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠો પહોર કેફ રહેતો નથી જે, 'મારું પૂર્ણ-કામપણું થયું છે' એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે."

શ્રીજીમહારાજ અહીં સમજાવે છે કે પૂર્ણકામપણું ન મનાય એ ભક્તની ખોટ છે. તેઓ સમજાવે છે કે જીવને ભગવાનનો જે નિશ્ચય થાય છે અથવા તો એના કામાદિક દોષો ટળી જાય છે એ પોતાનાં સાધનોથી નહિ, પણ ભગવાનની કૃપા-કરુણાથી ટળે છે, પરંતુ જીવ એ ભૂલી જાય છે. એ એમ માને છે કે મેં મારી બુદ્ધિથી ભગવાનનો નિશ્ચય કર્યો છે. મેં મારાં સાધનોથી મારા સ્વભાવ ટાળ્યા છે. આમ, એને પોતાનાં સાધનોનું બળ છે. એ સાધનો પાછળ ભગવાનની જ કૃપા રહેલી છે એવું અનુસંધાન એને રહેતું નથી. આ જ જીવની ખોટ છે. આ એની બાળકબુદ્ધિ છે. આ ખોટ દૂર કરાવીને મહારાજ સમજાવવા માગે છે કે તમે જે કાંઈ છો અને જે કાંઈ કરી શકો છો

તે સર્વેનું કારણ તો પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ એવો હું છું. મારી અસાધારણ કૃપાનું જ એ ફળ છે, કારણ કે હું જ સર્વસમર્થ અને સર્વ-શક્તિમાન છું. હું જ કરુણાસાગર અને કૃપાનિધાન છું. મારી કૃપાએ કરીને જ મારી પ્રાપ્તિ થઈ છે અને મારી જ કૃપાથી મારા સ્વરૂપની પ્રતીતિ થઈ છે એવું જાણો, સમજો અને માનો તો જ પૂર્ણકામપણાની અનુભૂતિ થશે. નહિતર ગમે તેટલાં સાધનો કર્યાં હશે, અરે ! કદાચ નિર્વાસનિક થયા હોય એવું લાગતું હશે તોપણ અંતર સૂનું રહેવાનું, અંતરમાં ખાલીપાનો કે અપૂર્ણપણાનો અનુભવ થવાનો. પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થવા છતાં અંતરમાં આવા અપૂર્ણપણાનો કે ખાલીપાનો અનુભવ થાય એ ખોટ છે એવું મહારાજ ઉપરોક્ત સંદર્ભોમાં સમજાવે છે.

યોગીજી મહારાજ પણ કહે છે :

◆ "આ પ્રાપ્તિ બહુ જ મોટી છે, પણ અહોહો થતું નથી તે ખોટ છે. માટે સ્વામી અને મહારાજનો મહિમા યથાર્થ સમજવો."

◆ "અતિશય મોટાપુરુષ મળ્યા છે પણ અખંડ અહોહોપણું નથી રહેતું તે જ મોટી કસર છે. તે સમાગમ કરીને કસર ટાળવી."

પ્રગટ ભગવાન અને પ્રગટ સંતની પ્રાપ્તિ છતાં પૂર્ણકામપણું નથી મનાતું એનું મુખ્ય કારણ એમના સ્વરૂપમાં અતિશય દૃઢ પ્રતીતિ નથી. બાળકના હાથમાં ચિંતામણિ કે અબજ રૂપિયાનો ચેક હોય, પરંતુ એને એની પ્રતીતિ નથી તેથી એનો એને આનંદ નથી. એવી પ્રાપ્તિનો એને કેફ પણ નથી. એવી જ રીતે જ્યાં સુધી આ દિવ્ય સ્વરૂપો આપણને ઓળખાય નહિ, એમનો મહિમા ન સમજાય, એમનાં સ્વરૂપો અને એમનાં વચનોમાં અતિશય વિશ્વાસ ન આવે ત્યાં સુધી પૂર્ણકામપણું નહિ મનાય.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "જેને જ્ઞાન ન હોય તેને તો એમ થાય જે આપણે શું પામશું ને ક્યાં જાશું ? ને જેને જ્ઞાન હોય તેને તો અહો ! અહો ! થયા કરે જે, આ પ્રાપ્તિ થઈ છે, હવે કાંઈ કરવું રહ્યું નથી !" *(૧/૧૮૪)*

◆ "આવા ને આવા અક્ષરધામમાંથી આવ્યા છે એવો પરભાવ અખંડ જણાય તો અહો ! અહો ! સરખું રહે; પણ જેવા સાધુ છે એવા ઓળખાતા નથી." *(૧/૨૨૨)*

યોગીજી મહારાજ કહે છે :

"અહોહો! આપણને જે પ્રાપ્તિ, મહિમા, સુખ અને લાભ થયો છે તેને આપણે જાણતા નથી. નહિ તો અંતરમાં પ્રકાશ થઈ જાય. બ્રહ્મરૂપ થઈ જવાય. પણ ગાફલાઈ અને અજ્ઞાનતાથી ઓળખી શકતા નથી તેટલી ખોટ રહે છે."

● પૂર્ણકામપણું-કૃતાર્થપણું માનવાના ઉપાયો

(૧) આત્મનિષ્ઠા અને ભગવાનનું માહાત્મ્ય

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૨૫**માં કહે છે : "સ્વધર્મે યુક્ત એવો જે ભગવાનનો ભક્ત તેના અંતરને વિષે તો પોતાનું યથાર્થ પૂર્ણકામપણું મનાતું નથી અને તે પૂર્ણકામપણું તો આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન તેણે કરીને જ થાય છે. અને એ બેમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી પૂર્ણકામપણામાં ન્યૂનતા રહે છે. માટે એ બે વાનાં તો ભગવાનના ભક્તને દૃઢપણે સાધવાં."

(૨) ભગવાન અને સંતનો યથાર્થ માહાત્મ્ય સહિત પરિપક્વ નિશ્ચય

ભગવાન અને સંતનો જેટલો નિશ્ચય દૃઢ થાય, જેટલું માહાત્મ્ય દૃઢ થાય તેટલું પૂર્ણકામપણું મનાય. શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૬૩ – "જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, 'મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે... હવે મારે કાંઈ કરવું રહ્યું નથી...' એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનનો નિશ્ચય તે જેને હૃદયમાં દૃઢપણે થયો હોય તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી. માટે એવી રીતે તત્ત્વે કરીને જે ભગવાનને જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી."

પ્ર.૭૨ – "જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શ્યો સંશય છે ? હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું. એમ સમજે."

પ્ર.૭૮ – "જે ભક્ત એમ સમજે જે, 'આ ભગવાન અને આ સંત તે

સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે એ મારું અતિ બડું ભાગ્ય છે.' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે."

વર.૧૨ – "જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે, 'મને તો ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે, તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે.' માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું, એ વાત સર્વે ખબડદાર થઈને રાખજ્યો."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "ઉપાસના ને મહિમા વતે તો પોતાને વિષે પરિપૂર્ણપણું ને કૃતાર્થપણું મનાય છે અને તે વિના તો પોતાને વિષે અપૂર્ણપણું ને કલ્પના એ બે રહે." *(૩/૬૬)*

◆ "ભગવાન તથા એકાંતિકના નિશ્ચયનાં લક્ષણ એ છે જે, ઘરમાં સો કરોડ મણ દાણા હોય તથા રૂપિયા હોય તો કાળ પડે મરવાની બીક ન રહે તથા બે હજાર બખતરિયા ભેળા હોય તો લૂંટાવાની બીક ન રહે; એમ નિશ્ચયવાળાને કાળ, કર્મ ને માયા તેની બીક ન રહે. પૂરણકામ માને ને ભગવાન વિના કોઈની અપેક્ષા ન રહે." *(૫/૨)*

આ રીતે ભગવાન અને સંતનાં માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયથી પૂર્ણકામપણું મનાય છે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. ને મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહીં પધાર્યા છે. તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતાં મળ્યા છે, કાંઈ બાકી નથી, ને એમ ન સમજાય તેથી જીવમાં દુર્બળતા રહે છે, ને એમ સમજાય ત્યારે કોઈ દિવસ જીવમાં દુર્બળતા મનાય જ નહિ, ને જીવ બીજી રીતનો થઈ જાય છે. ને મહિમા સમજવા જેવું બીજું કોઈ મોટું સાધન પણ નથી ને મહિમા વિના બીજાં ગમે એટલાં સાધન કરે, તોપણ જીવ બળને પામે નહિ." *(૧/૧)*

(૩) ભગવાન અને સંતમાં અતિશય હેત

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૫૬ – "જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે, તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે."

લો.૨ – "ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિષે જ પ્રીતિ રાખે, માટે પોતાને કૃતાર્થપણું માને."

મ.૯ – "જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય, તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તોપણ તેને કાંઈ કરવું રહ્યું નથી."

મ.૫૯ – "ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે."

(૪) ભગવાન અને સંતનાં વચનમાં વિશ્વાસ

શ્રીજીમહારાજ **વચ. લો. ૨**માં કહે છે : "જે વિશ્વાસી હોય તે તો પ્રત્યક્ષ ભગવાન ને તેના સાધુ તેનાં વચનને વિષે અતિશય વિશ્વાસને પામ્યો છે, માટે તે ભગવાનના નિશ્ચયના બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહિ અને એમ જાણે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ છું."

(૫) ભગવાનના સ્વરૂપનું અખંડ ચિંતવન

શ્રીજીમહારાજ કહે છે :

મ.૩૬ – "જ્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી, તે તો કૃતાર્થ થયો છે."

મ.૪૮ – "જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય ને એવી વાસનાએ યુક્ત જો દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે જ નહિ. અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તોપણ એ પરમપદને પામ્યો જ છે અને જેવા શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઈ રહ્યો છે. અને દેહ-ક્રિયા તો યોગ્ય હોય એટલી

સહજે જ થાય છે, અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી.''

(૬) સાધનનું બળ મૂકીને ભગવાન અને સંતના આશરાનું બળ

અધ્યાત્મસાધનામાં ભગવાન અને સંતને પ્રસન્ન કરવા માટે એમની આજ્ઞા અને અનુવૃત્તિ પ્રમાણે સાધનો તો કરવાનાં જ છે, તેમ છતાં આત્યંતિક મુક્તિ માટે કે સ્વભાવ ટાળવા માટે ફક્ત સાધનનું જ જો બળ હોય તો પૂર્ણકામપણું ન મનાય. માટે સાધનો કરવા છતાં સાધનનું બળ મૂકીને ભગવાન અને સંતના આશરાનું જ બળ રાખવું જોઈએ કે એમના બળે જ માયાપર થવાના છીએ, એમની કૃપાથી જ બધું કામ થવાનું છે.

પોતાનાં સાધનોથી થોડું-ઘણું કામ થાય. બાહુબળે નદી કે તળાવ તરી શકાય, પરંતુ સમુદ્ર ઓળંગવા માટે જેને તરતાં આવડતું હોય તેને અને જેને તરતાં ન આવડતું હોય તેને-આમ બન્નેને ભગવાનની કૃપારૂપી, ઉપાસનારૂપી વહાણની જરૂર પડે છે. એમની કૃપા-પ્રસન્નતાથી જે કામ થાય છે તે સાધનોથી કદાપિ નહિ થાય. માટે સાધનોનું બળ મૂકીને એમની કૃપાનું બળ રાખવું જરૂરી છે. વસ્તુતઃ તો જે કાંઈ સાધનો કરીએ છીએ તે પણ એમની કૃપા પ્રાપ્ત કરવા માટે જ કરીએ છીએ, નહિ કે ભવસાગર તરવા. અહીં એ પણ સમજવું જરૂરી છે કે આપણે જે કાંઈ સાધનો કરી શકીએ છીએ તે પણ આપણા બળથી નહિ, પરંતુ એમની કૃપાથી જ, કારણ કે ઉપવાસ કરવા હોય અથવા તો દેહે કરીને સેવા કરવી હોય પણ શરીરમાં રોગ મૂકી દે તો શું કરી શકીએ ? દરરોજ હજાર પ્રદક્ષિણા કરવી હોય પણ પગમાં વા મૂકી દે, ગોઠણમાં દુખાવો શરૂ કરી દે તો શું કરી શકીએ ? તેથી સાધનો પણ એમની કૃપાથી જ કરી શકીએ છીએ એ હકીકત છે.

વળી, એમની કૃપાથી અને એમની કૃપા માટે કરેલાં સાધનોથી પણ એમની કૃપા પ્રાપ્ત થતી નથી. એક રૂપિયાની કિંમતનાં આપણાં સાધનોના બદલામાં કોહિનૂર હીરો કે મર્સીડીઝ ગાડી અથવા તો તેનાથી પણ અધિક કીંમતી જ નહિ પણ અમૂલ્ય કૃપા ક્યાંથી પ્રાપ્ત થાય ? તેથી તેમની કૃપા પણ એમની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. માટે આપણાં બધાં જ સાધનોનું બળ અને આપણા સર્વે પ્રકારના અહંકાર છોડીને એમની કૃપાના આધારે

જીવીએ, એમની કૃપાને આધારે સાધના કરીએ તો એમની જ અતિશય કૃપાથી જ એમના સ્વરૂપની પ્રતીતિ દૃઢ થાય, એમનાં સ્વરૂપ અને વચનમાં અતિશય દૃઢ વિશ્વાસ પ્રગટે.

ભગવાન અને ગુણાતીત સંતનાં સ્વરૂપનું જ્ઞાન કે એમનાં સ્વરૂપમાં અને વચનોમાં સામાન્ય વિશ્વાસ તો શાસ્ત્રપઠનથી કે સજ્જનોના સંગથી પણ આવી શકે, પરંતુ એમનાં સ્વરૂપની અંતરમાં યથાર્થ અને દૃઢ પ્રતીતિ તથા એમનાં સ્વરૂપ અને વચનોમાં અતિશય દૃઢ વિશ્વાસ તો કેવળ એમની કૃપાથી જ આવે છે. બીજાં કોઈ સાધનોથી અતિશય દૃઢ વિશ્વાસ કે પ્રતીતિ ન આવે. એમની કૃપાથી પ્રગટેલ અતિશય દૃઢ વિશ્વાસ અને પ્રતીતિના પરિણામે નક્કર, અચળ અને સુદૃઢ પૂર્ણકામપણું, કૃતાર્થપણું તેમ જ ન્યાલપણું મનાય.

તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૫૬ – "બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું."

મ.૯ – "જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય, તો જે દિવસ ધર્મમાંથી ચળી જવાય તે દિવસ તે એમ જાણે જે, 'હું નરકમાં પડી ચૂક્યો.' માટે જેને ભગવત્સ્વરૂપનું બળ તે જ પાકો સત્સંગી છે અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય. અને જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય, તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યા છે."

શ્રીજીમહારાજ આ સંદર્ભોમાં બીજાં સાધનો કરવાની ના નથી પાડતા. ભગવાન અને સંતની પ્રસન્નતા માટે સાધનો તો કરવાનાં જ છે, પરંતુ એના બળે ભવસાગર તરાશે કે મોક્ષ થશે એ માન્યતા ખોટી છે. તેથી સાધનો કરવા છતાં એનું બળ મૂકીને ભગવાનના નિશ્ચયનું કે એમની કૃપાનું બળ રાખવાનું છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં, બાકી કંઈ કરવું રહ્યું નથી." *(૧/૧૨૩)*

◆ "ભગવાનનો આશરો થયો છે તે જેવી તો કોઈ વાત જ નથી, તેને તો સર્વે વાત થઈ રહી છે. કાંઈ કરવું બાકી રહ્યું નથી. ને ભગવાન તો અધમોદ્ધારણ છે, પતિતપાવન છે ને શરણાગતવત્સલ છે ને –

'જાકો જગમેં કોઈ નહિ, તાકુ તુમ હો મહારાજ.'

જેનું કોઈ નહિ તેના ભગવાન છે. ને ભગવાન તો ગરીબના નિવાજ કહાવે છે. ને -

'પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગણિકા કપિવૃંદ કોટિ;
વ્રજ તણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.'

માટે પ્રગટના જેવી તો કોઈ વાત નથી ને પ્રગટ સૂર્યવતે અજવાળું થાય છે. માટે પ્રગટનો આશરો થયો તે બળ રાખવું." *(૧/૧૩૯)*

ઉપરોક્ત ઉપાયોમાંથી પોતાના અંગ અનુસાર ઉપાયો અજમાવીને પૂર્ણકામપણું માનવાનું છે. ભલે, હમણાં સ્થિતિ નથી થઈ, પણ જે પ્રાપ્તિ થઈ છે તેનું પૂર્ણકામપણું માનવાનું છે, પરંતુ એની સાથે સાથે પ્રાપ્તિના નકલી અને ખોટા કેફને લીધે છકી ન જવાય, નિયમ-ધર્મ મૂકી ન દેવાય, આળસ-પ્રમાદ ઘૂસી ન જાય, સાધના છૂટી ન જાય, અંતરમાં માન-અહંકાર પેસી ન જાય, મનાવા-પૂજાવાના તથા લૌકિક માન-મોટપ મેળવવાના રવાડે ચડી ન જવાય, ભગવાન અને સંતની ગૌણતા આવી ન જાય, તેનું જાણપણું પણ રાખવાનું છે.

વસ્તુતઃ પૂર્ણકામપણું એ પ્રાપ્ત થયેલ આધ્યાત્મિક મૂડી છે, જ્યારે જાણપણું એ આ અમૂલ્ય મૂડીના રક્ષણ માટે ચોકિયાત છે. જો જાણપણું ન હોય, તો આધ્યાત્મિક મૂડી ચોરાઈ કે લૂંટાઈ જાય. તેથી પૂર્ણકામપણાની સાથે સાથે જાણપણું પણ રાખવું જરૂરી છે.

૮.૧.૨૧ અસ્મિતા

અસ્મિતા એટલે ગૌરવ. પોતાના ઈષ્ટદેવ, ગુરુ અને તેમણે સ્થાપેલ આ સંસ્થા સર્વોપરી અને અદ્વિતીય છે, તેમણે ઉપદેશેલ અને પ્રવર્તાવેલ તત્ત્વ-જ્ઞાન, ઉપાસના અને સાધનામાર્ગ પણ સર્વોત્કૃષ્ટ અને અજોડ છે. આ પ્રકારની અંતરની પ્રતીતિ સાથે એ સર્વેનું અંતરમાં ગૌરવ હોવું એ અસ્મિતા છે.

• અસ્મિતાની આવશ્યકતા

સાધના કરનાર પ્રત્યેક સાધકમાં 'અસ્મિતા'નો ગુણ પણ હોવો જરૂરી છે. એના જીવનમાં જો અસ્મિતા હોય તો -

➤ પોતાના ઇષ્ટદેવ અને ગુરુ સિવાય બીજા કોઈના અંતરમાં ભાર ન રહે, બીજા કોઈમાં માલ ન મનાય, બીજે ક્યાંય આત્યંતિક કલ્યાણની પ્રતીતિ આવે જ નહિ. એમને મૂકીને બીજે ક્યાંય જતું ન રહેવાય. આ ભગવાન, આ ગુણાતીત સંત અને આ સંસ્થા છોડવાનો જિંદગીમાંય સંકલ્પ ન થાય. રાઈરાઈ જેટલા કટકા થઈ જાય, ગમે તેવું અપમાન થાય કે ગમે તેવાં દુઃખો આવી પડે તોપણ આ દિવ્ય સત્સંગનો સંબંધ ક્યારેય ન છૂટે.

➤ ભગવાન અને સંતમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે, એમના સંબંધવાળા સંતો-ભક્તોનો ક્યારેય અવગુણ ન આવે.

➤ ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખ, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતા જેવાં અનેક પ્રકારનાં દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રહે.

➤ સર્વત્ર, સર્વદા અને સર્વેનું સર્વપ્રકારે બધું જ સહન થાય. આ સહિષ્ણુતામાં લાચારી નહિ પણ ખુમારી રહે.

➤ ભગવાન, સંત અને સંબંધવાળા સંતો-ભક્તો અને આ સંસ્થા માટે તન, મન અને ધનથી કે મન, કર્મ અને વચનથી સમર્પિત, કુરબાન કે ફના થઈ જવાય. એમને માટે શું ન થાય એવું અંતરમાં રહ્યા કરે અને એ પ્રમાણે જ વર્તાય, બેસી ન રહેવાય. આળસ, પ્રમાદ, ગાફલાઈ કે બેદરકારી રહે જ નહિ. સાવધાન થઈને મંડી જ પડાય.

➤ ભગવાન અને સંતની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ વર્તાય. એમનું પ્રત્યેક વચન અધ્ધર ઝિલાય. આટલું વચન મનાશે અને આટલું નહિ મનાય એવું તો ભૂલમાં પણ ન વિચારે કે ન કહે.

➤ એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ વર્તવામાં, સેવા-પ્રવૃત્તિ કે અન્ય સાધન કરવામાં કોઈ પણ પ્રકારનાં દુઃખો, કષ્ટો, અગવડ, અપમાન, તિરસ્કાર નજરમાં જ ન આવે. એ સર્વેથી એની સાધના મંદ ન પડે; ભગવાન અને સંતને રાજી કરવાનો ઇશક, ઉમંગ અને ઉત્સાહ મોળો ન પડે.

➤ અંતઃશત્રુઓ, સ્વભાવો સાથે લડાઈ લેવા બળ, હિંમત, ધીરજ અને શ્રદ્ધા રહ્યાં કરે. ક્યારેય પગ પાછો ન પડે. કેસરિયા કરીને જ નીકળે. અંતે તો અંતઃશત્રુઓ પર વિજય મેળવીને જ જંપે.

➤ પંચ વિષય, માન-મોટપ, મહત્ત્વાકાંક્ષા કે કોઈ પ્રકારના કુસંગમાં ઘૂસી ન જવાય, એ તરફ દૃષ્ટિ કે વૃત્તિ જાય જ નહિ.

➤ ઝોકની લાજ રહે. પોતાના ઈષ્ટદેવ, આ દિવ્ય પરંપરા અને સંસ્થાને કલંક લાગે એવું વર્તન મન, કર્મ, વચને ક્યારેય અને ક્યાંય ન થાય. 'મારું આ વર્તન મારા ઈષ્ટદેવ, ગુરુ, સંસ્થાની પ્રતિષ્ઠા વધારનારું છે કે ઘટાડનારું, એ અનુસંધાન રહે અને જેનાથી પ્રતિષ્ઠાને હાનિ થાય એવું વર્તન કદાપિ કરે જ નહિ.

➤ સાધનામાર્ગથી ક્યારેય ફંટાઈ ન જવાય. બીજા ખોટા રવાડે ચડી ન જવાય.

➤ અસ્મિતા જાગ્યા પછી સાધકને કંઈ કહેવું ન પડે, આપમેળે એને ક્યારે, ક્યાં શું કરવું અને શું ન કરવું એવો કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક આવી જ જાય. એની સાધનામાં તીવ્રતા, સૂક્ષ્મતા, નક્કરતા, વ્યવસ્થિતતા, નિયમિતતા અને ઝડપ વધી જાય.

આ રીતે 'અસ્મિતા'થી સાધક સાચા અર્થમાં સાચી સાધના સચ્ચાઈથી કરી શકે છે. આવી સાધનામાં તેજ, શક્તિ, સંપૂર્ણતા સહેજે રહે. જો સાધકમાં અસ્મિતા ન પ્રગટે, તો સાધકની સાધનામાં કોઈ પ્રકારની બરકત જ ન આવે. તેથી સાચી સાધનાની સંપૂર્ણતા માટે સાધકના હૃદયમાં અસ્મિતા પ્રગટવી જોઈએ.

● અસ્મિતા જગાડવાના ઉપાયો

સાધકના હૃદયમાં ઈષ્ટદેવ, ગુરુ, સંસ્થા, સિદ્ધાંત અને સાધનામાર્ગ પ્રત્યે અસ્મિતા જાગે તે માટે નીચેના મુદ્દાઓ આત્મસાત્‌ કરવા જોઈએ :

➤ ઈષ્ટદેવ અને ગુરુપરંપરાનાં જીવનચરિત્રો અને ઉપદેશવચનો દ્વારા એમનાં સ્વરૂપ, વર્તન અને કાર્ય તથા એમણે પ્રવર્તાવેલ ઉપાસના-પદ્ધતિ અને સાધનામાર્ગની વિશેષતા, સર્વોપરીતા તથા અદ્વિતીયતા સમજવી. એટલે કે ભગવાન અને સંતનાં સ્વરૂપ અને વચનોમાં અતિશય દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધાને સહારે અંતરમાં એવી દૃઢ પ્રતીતિ કરવી કે,

- આ શ્રીજીમહારાજ જેવા બીજા કોઈ ભગવાન નથી.
- આ અનાદિ ગુણાતીત ગુરુઓની પરંપરા જેવી પરંપરા બીજે ક્યાંય નથી.
- આવા પ્રમુખસ્વામી મહારાજ જેવાં ગુણાતીત સંત જેવા બીજા કોઈ

સંત આખા બ્રહ્માંડમાં નથી.

- અક્ષરપુરુષોત્તમઉપાસના જેવી બીજી કોઈ ઉપાસના નથી. આવું તત્ત્વજ્ઞાન પણ બીજે ક્યાંય નથી.
- અક્ષરરૂપ-બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ભક્તિ-ઉપાસના કરવાના સિદ્ધાંત જેવો બીજો કોઈ સિદ્ધાંત આખા બ્રહ્માંડમાં બીજે ક્યાંય નથી.
- આ સ્વામિનારાયણીય સાધના જેવી સરળ, સુગમ છતાં સચોટ સાધના જેવી બીજી કોઈ નથી, બીજે ક્યાંય નથી.
- ઉપાસના અને સાધના સમજવા માટે વચનામૃત અને સ્વામીની વાતો જેવા બીજા ગ્રંથો બીજે ક્યાંય નથી.

➤ સંસ્થાનો ઐતિહાસિક વિકાસ જાણવો અને સમજવો. સંસ્થાના પાયામાં કેવા સંતો-ભક્તોએ કેવાં બલિદાનો આપ્યાં છે ? કેવા વિકટ સંજોગોમાં સંસ્થાનો વિકાસ થયો છે ? સંસ્થાના વિકાસ માટે ઇષ્ટદેવ, ગુરુઓએ તથા સંતો-ભક્તોએ કેટલાં અને કેવાં કેવાં દુ:ખો તથા અપમાનો સહન કર્યાં છે ? આ બધું જાણીએ અને સમજીએ તો શ્રીજીમહારાજ, ગુરુઓ, સંસ્થા, સિદ્ધાંત અને સંતો-ભક્તો પ્રત્યે ગૌરવની લાગણી ઉદ્‌ભવ્યા વગર રહે જ નહિ.

➤ સંતો-ભક્તોની સ્થિતિ, નિષ્ઠા, નિયમ-પાલનની દૃઢતા અને સેવાના ઉત્કૃષ્ટ પ્રસંગોનાં વાંચન, શ્રવણ અને મનનથી પણ એમના પ્રત્યે ગૌરવ જાગે.

➤ જેમના હૃદયમાં ઉત્કૃષ્ટ 'અસ્મિતા' જાગી હોય, તેમના ઉત્કૃષ્ટ પ્રસંગોનું વાંચન, શ્રવણ અને ચિંતન કરવાથી એમના જેવી અસ્મિતા જગાડવાની પ્રેરણા મળે. ઇતર સંપ્રદાય કે ધર્મના અનુયાયીઓને પોતાના સંપ્રદાય અને ધર્મ માટે અથવા તો પોતાના દેશ માટે કેવી અસ્મિતા છે અને અસ્મિતાને લીધે એમનું કેવું વર્તન છે તે જાણવાથી પણ સાધકને એવી અસ્મિતા પોતાના ઇષ્ટદેવ, ગુરુ, સિદ્ધાંત અને સંસ્થા પ્રત્યે જગાડવાની પ્રેરણા મળે.

ટૂંકમાં, એટલું કહી શકાય કે શ્રીજીમહારાજ, ગુણાતીત ગુરુઓ અને એમનાં વચનો સો ટકા સાચાં છે, એવું મનાય તો એમનાં વચનોના આધારે અંતરમાં અસ્મિતા જાગે.

૮.૧.૨૨ અંતર્દષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકો

• અંતર્દષ્ટિ આદિક શબ્દોનું તાત્પર્ય

અધ્યાત્મસાધના કરનાર સાધકે આ શબ્દોનો પરિચય કેળવીને એની સાથે કાયમ મિત્રતા રાખવી જરૂરી છે. આ શબ્દોનું તાત્પર્ય સમજીને તે પ્રમાણે વર્તવાનો પ્રામાણિક પુરુષાર્થ કરવો જોઈએ.

આપણા સંપ્રદાયમાં આ ચારેય શબ્દો લગભગ એક જ અર્થમાં ઘણી વાર વપરાય છે. તેમ છતાં તેના વ્યક્તિગત અર્થમાં સૂક્ષ્મ ભેદ પણ છે.

અંતર્દષ્ટિ – અંદર જોવું. અંતરમાં તપાસ કરવી. આત્મનિરીક્ષણ કરવું.

આ અંતર્દષ્ટિના બે અર્થ છે :

(i) વચ. પ્ર.૪૯ અને **મ.૮** પ્રમાણે બહાર તથા અંતરમાં ભગવાનની મૂર્તિ સામે જોઈ રહેવું. શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૪૯ – "અંતર્દષ્ટિ શું ? તો જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે. અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ગોલોક, વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય તોપણ તે અંતર્દષ્ટિ નહિ. માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દષ્ટિ છે. અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદષ્ટિ છે."

મ.૮ – "હવે કોઈ એમ પૂછે જે, 'અંતર્દષ્ટિ તે શું ?' તો તેનો ઉત્તર એ છે જે, 'બાહેર અથવા માંહેલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી' એ જ અંતર્દષ્ટિ છે. અને તે વિના તો અંતર્દષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદષ્ટિ જ છે. માટે બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા, કીર્તન એ આદિક જે જે ભગવાનસંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દષ્ટિ છે."

(ii) દરેક સંકલ્પ, ક્રિયા અને ભાવના સામે જોવું. તેમાં સાચું શું અને કેટલું છે, તેમ જ ખોટું શું અને કેટલું છે તેની તપાસ કરવી.

પ્રતિલોમ–પાછી વૃત્તિ. પ્રતિલોમ કરવું એટલે ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓને વિષયોમાંથી પાછી વાળીને તપાસ કરવી.

જાણપણું–સાવધાની, સભાનતા, જાગૃતિ. જાણપણું રાખવું એટલે ગાફલાઈનો ત્યાગ કરીને સજાગપણે, સભાનપણે, સાવધ રહેવું.

ખટકો—સાવચેતી, કાળજી. ખટકો રાખવો એટલે ગફલત અને બેદરકારીનો ત્યાગ કરીને સાવચેતીપૂર્વક કાળજી રાખવી.

ઉપરોક્ત ચારેય શબ્દોમાંથી 'અંતર્દષ્ટિ અને પ્રતિલોમ' શબ્દોનું તાત્પર્ય ભૂતકાળમાં થયેલ મન, કર્મ, વચને ક્રિયાનું નિદાન કરવામાં છે. થયેલ ક્રિયામાં જે કાંઈ ખોટ રહી ગઈ હોય તે અંતર્દષ્ટિ અને પ્રતિલોમ દ્વારા જાણીને તે દૂર કરવા માટે અને ભવિષ્યમાં એ ભૂલ પુનઃ ન થાય તે માટેની પૂર્વતૈયારી અને આયોજન કરવાનું હોય છે.

ઉપરોક્ત શબ્દોમાંથી 'જાણપણું અને ખટકો' આ બે શબ્દોનું તાત્પર્ય વર્તમાનકાળની ક્રિયામાં કોઈ પ્રકારની ભૂલ ન થઈ જાય તે માટે સાવધાન રહેવામાં છે.

આ બધા શબ્દોનો સામૂહિક તાત્પર્યાર્થ આ પ્રમાણે સમજી શકાય :

આપણા જીવનના અંતિમ ધ્યેયના અનુસંધાન સાથે અંતરમાં અથવા બહાર પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિનું અનુસંધાન રાખીને; ગાફલાઈ અને બેદરકારીનો ત્યાગ કરીને; સાવધાની, સાવચેતી, કાળજી કે જાગૃતિપૂર્વક પાછી વૃત્તિ વાળીને; દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા પ્રત્યેક ક્ષણે થતી પ્રત્યેક સ્થૂળ અને સૂક્ષ્મ ક્રિયા કે પ્રવૃત્તિને તથા તેની પાછળ રહેલ ભાવનાને તપાસવી. તેમાં જે કાંઈ ખામી હોય તે દૂર કરવી અને અન્ય કોઈ ભૂલ ન થાય તે માટે સભાનતાપૂર્વક સાવધ રહેવું.

આ જ અર્થમાં ક્યારેક 'નામું રાખવું' એવું પણ આપણા સંપ્રદાયમાં કહેવાય છે.

જો કે ઉપરોક્ત બધા શબ્દોનું મુખ્ય તાત્પર્ય તો અંતર્દષ્ટિના પ્રથમ અર્થમાં જ છે. પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને સિધ્ધ કરવા માટે જ બીજી બધી પ્રક્રિયા છે. પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને ધારવામાં જે કંઈ વિઘ્નરૂપ છે તેને જોવા, જાણવા અને સમજવા માટે આંતર તપાસરૂપી અંતર્દષ્ટિ કરવાની છે. તે માટે પ્રતિલોમ કરવાની અર્થાત્ પાછી વૃત્તિ વાળવાની છે. મૂર્તિને ધારવામાં વિઘ્નરૂપ પરિબળો પેસી ન જાય તે માટે જ જાણપણું અને ખટકો રાખવાનો છે. આમ, 'અંતર્દષ્ટિ કરવાની છે' એમ કહેવામાં ઉપરોક્ત બધા જ શબ્દોના અર્થનો સમાવેશ થઈ જ જાય છે. દર વખતે વારંવાર બધા જ શબ્દો વાપરવાની જરૂરિયાત રહેતી નથી.

જેમ 'શીરો બનાવો' એટલું કહેવામાં શીરો બનાવવાની સર્વે ક્રિયાની સાથે સાથે તે પૂર્વેની પણ બધી જ ક્રિયા(લોટ, ખાંડ, ઘી લાવવાં, જરૂરી સાધનો લાવવાં વગેરે)નો સમાવેશ થઈ જાય છે. તેથી વારંવાર બધી ક્રિયાનો ઉલ્લેખ કરવાનો રહેતો નથી. એમ 'અંતર્દષ્ટિ'માં બધા જ શબ્દોનું તાત્પર્ય આવી જ જાય છે. ક્યારેક વળી, આજ અર્થમાં બીજા શબ્દો પણ અંતર્દષ્ટિના પર્યાય તરીકે જ વપરાય છે.

● અંતર્દષ્ટિ આદિકની આવશ્યકતા

જીવનયાત્રાને સાર્થક કરવા, સાધનાને સફળ બનાવવા માટે પ્રત્યેક પળે અને પ્રત્યેક પ્રવૃત્તિમાં સભાન રહેવું જોઈએ. દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ છેતરી ન જાય; અંતરમાં કામાદિક શત્રુઓ રૂપી આતંકવાદીઓ કે ત્રાસવાદીઓ પેસી ન જાય; જીવનમાં આળસ, પ્રમાદ, બેદરકારી કે ગાફલાઈ આવી ન જાય; ભગવાન અને સત્પુરુષને વિષે મનુષ્યભાવ આવી ન જાય; સંતો-ભક્તોના અભાવ-અવગુણમાં પડી ન જવાય; ભગવાન અને સંતનું ગમતું મૂકીને પોતાનું મનધાર્યું થઈ ન જાય; તે માટે સતત જાગૃતિપૂર્વક સાવધાની રાખવી જોઈએ, હંમેશાં ખટકાપૂર્વક જાણપણારૂપ દરવાજે રહેવું જોઈએ. ક્યારેક ગાફલાઈ અને બેદરકારીને લીધે જાણપણું ચૂકી જઈએ અર્થાત્ જાગૃતિ, સભાનતા કે સાવચેતી ન રહે તો આ અને આવાં અનેક દુર્ગુણો, સ્વભાવો, દોષો, કુટેવો પેસી જાય; જેથી સાધનામાં અનેક પ્રકારનાં વિઘ્નો આવે અને અંતે તો કદાચ સાધનાપથથી ભ્રષ્ટ પણ થવાય.

સાધકને ગાફલાઈથી થતાં નુકસાનનો નિર્દેશ કરીને ગાફલ ન રહેવાનું સમજાવતાં શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ "સત્ય, અસત્ય અને સારાસારનો વિચાર કરવો. કોઈ દિવસ ગબરગંડ રહેવું નહિ. સુવર્ણ જેમ તપાવીને શુદ્ધ કરી શકાય છે, તેમ જીવને ખૂબ શોધવો, પણ ગાફલ રહેવું નહિ. ગાફલનો વિશ્વાસ અને સંગ કરવો નહિ." *(પૂર : ૩, તરંગ : ૩૪)*

◆ "સત્સંગના પાંચે નિયમ દૃઢ કરીને રાખે તેને સંત-હરિભક્ત જાણવા... ત્યાં ગાફલ થઈને ઊભો રહે તો પૂરમાં તણાઈ જાય." *(પૂર : ૮, તરંગ : ૩૮)*

◆ "ગાફલ રહે તો વિઘ્ન આવે તેમાં અમે શું કરીએ ?"

(પૂર : ૮, તરંગ : ૫૮)

◆ "અમારી વાત યાદ રાખજો પણ ગાફલતા રાખશો નહિ. ગાફલતા રાખનારા જ્યાં હોય ત્યાંના ત્યાં જ રહે છે અને તેમનાં અંગ વૃદ્ધિ પામતાં નથી." *(પૂર : ૧૫, તરંગ : ૧૯)*

◆ "ગાફલને દેખીને કળિનું જોર પ્રવર્તે છે. સત્સંગી બાઈ-ભાઈએ પોતાના ગમે તેવા સંબંધી સાથે પણ એકાંતમાં બેસવું, ઊઠવું તથા ચાલવું નહિ તથા ગાફલપણું રાખવું નહિ. ગાફલપણું રાખે તેને સત્સંગ બહાર કરવો." *(પૂર : ૧૫, તરંગ : ૭૯)*

◆ "જેટલું ગાફલપણું વર્તાય તેટલો અધર્મ સર્ગ પેસી જાય છે અને ખુવાર કરે છે. છીંડું પડ્યા પછી સંતપણું ટકવું કઠણ છે."

(પૂર : ૧૮, તરંગ : ૧૪)

ગુણાતીતાનંદ સ્વામી પણ ગાફલાઈથી થતાં નુકસાનના નિર્દેશ સાથે ગાફલ ન રહેવાનું સમજાવતાં કહે છે :

◆ "ગાફલ હશે તેને દેશકાળ લાગી જશે." *(૯/૧૪૫)*

◆ "સાવધાન રહેવું; ને ગાફલાઈ રાખશે તે આમાં પાર નહિ પડે."

(૯/૨૭૬)

◆ "જેટલી ગાફલાઈ રહેશે તેટલું રોવું પડશે." *(૧૨/૨૪)*

◆ "ગાફલાઈ હોય તો કસર રહી જાય." *(૧૨/૧૨૫)*

◆ "જેટલી ગાફલાઈ હોય તે નડ્યા વિના રહે જ નહિ." *(૧૩/૪૭)*

◆ "ગાફલ ન રહેવું, ને ગાફલ રહેશે તેને જરૂર સત્સંગ નહિ રહે."

(૧૩/૧૬૭)

◆ "ગાફલાઈ રાખશું તો બટ્ટો લાગશે." *(૧૩/૨૨૪)*

યોગીજી મહારાજ કહે છે : "ગુરુના શિષ્ય ગાફલ રહે તો ગુરુની શોભા ઘટાડે."

આમ, ગાફલાઈ રાખવાથી અર્થાત્ જાણપણું ચૂકવાથી કોઈક ને કોઈક દુર્ગુણ અથવા તો કુટેવ પેસી જાય, સાધનામાં પણ ઘણી કસર રહી જાય.

હવે કદાચ કોઈ પણ દુર્ગુણ જીવનમાં પેસી ગયો હોય, કોઈ પણ કુટેવે મૂળિયાં નાખ્યાં હોય, તો પ્રતિલોમવૃત્તિથી, અંતર્દષ્ટિ કરીને આત્મ-નિરીક્ષણ

અને આત્મપરીક્ષણ કરવું જોઈએ. પોતાની જાત ઉપર દયા કર્યા વગર સખત કડક થઈને અંતરને તપાસવું જોઈએ. જે કોઈ ક્રિયા, પ્રવૃત્તિ કે સાધનાના કોઈ પણ સોપાનમાં જે કાંઈ ભૂલ થઈ ગઈ હોય તે શોધીને, જાણીને, સમજીને અને તેનું યથાર્થ નિદાન કરીને તે સુધારવાનો પ્રામાણિક પ્રયત્ન કરીને અંતે તે જડમૂળથી દૂર થવી જોઈએ.

જીવન જેવું છે એવા જ રૂપમાં એને જોવું એનું નામ આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ કે જીવનજાગૃતિ છે.

પ્રતિલોમ, અંતર્દૃષ્ટિ, જાણપણું, ખટકો, જાગૃતિ કે આત્મનિરીક્ષણ એ પ્રગતિનું, આત્મશુદ્ધિનું અને જીવનઘડતરનું સરળ અને સુગમ સાધન છે. તે જીવનઘડતરની એક અદ્‌ભુત કળા છે. આના દ્વારા જીવનનું સાચું અને સર્વોત્તમ ઘડતર થઈ શકશે. આની ટેવ પડે અર્થાત્‌ આ કળા હસ્તગત થાય તો શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ આપણું જેવું ઘડતર કરવા ઇચ્છે છે એવું ઘડતર થઈ શકે. તેઓ આપણને જેવા બનાવવા માગે છે, આપણા માટેનું જેવું માનસચિત્ર એમના મનમાં છે એવા જ આપણે થઈ શકીએ. શિલ્પી જેમ મૉડેલને જોઈ-જોઈને મૂર્તિ કંડારે છે તેમ આપણે આપણા જીવનના આદર્શરૂપ ગુણાતીત ગુરુઓનાં જીવનને નજર સમક્ષ રાખીને આત્મનિરીક્ષણ દ્વારા આપણી જાતનું પણ અદ્‌ભુત શિલ્પ બનાવી શકીએ.

વસ્તુતઃ તો શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ જ આપણી બ્રાહ્મી-સ્થિતિનું ઘડતર કરવાના છે, પરંતુ અંતર્દૃષ્ટિપૂર્વક આપણા પુરુષાર્થ દ્વારા આપણી બ્રાહ્મીસ્થિતિનું ઘડતર કરવાના એમના કાર્યને આપણે ખૂબ સહકાર આપીએ છીએ. જેમ ડૉક્ટર પોતે જ દરદીનું ઑપરેશન કરીને તથા યોગ્ય દવા આપીને એને રોગમુક્ત કરવાના છે, પરંતુ એમાં જો દરદીનો પૂર્ણ સહકાર ન હોય તો ? ડૉક્ટર કહે તેમ દરદી દવા ન લે અથવા તો એમના કહ્યા પ્રમાણે ધ્યાન ન રાખે તો ? સમજી શકાય તેમ છે કે દરદીના સહકાર વગર ડૉક્ટરની ઇચ્છા હોય, એનો પૂર્ણ પ્રયત્ન હોય છતાં તેઓ દરદીને સાજો કરી શકે નહિ. એવી જ રીતે ભલે મહારાજ અને ગુણાતીત સત્પુરુષો આપણને બ્રહ્મરૂપ કરવાના છે, તેમ છતાં જો આપણે અંતર્દૃષ્ટિ સહિતના પુરુષાર્થ દ્વારા સહકાર આપીએ તો જ એમનું કાર્ય સરળ બને.

નિત્ય આત્મનિરીક્ષણથી આપણે આપણા અંતરનું સાચું ચિત્ર કે શિલ્પ

જોઈને તેમાં સુધારા કરી શકીએ. આંતરિક તપાસ દ્વારા આપણી શક્તિઓ અને નબળાઈઓને, સદ્‌ગુણો અને દુર્ગુણોનું માપ કાઢી શકીએ તો શક્તિઓ દ્વારા નબળાઈઓને અને સદ્‌ગુણો દ્વારા દુર્ગુણોને દૂર કરી શકીએ. આત્મ-નિરીક્ષણ દ્વારા કયા અંગે આપણે કેટલા કાચા છીએ તે જાણી શકીએ, તો તેના પર પ્રહાર ન પડે એ માટે સાવધાન રહી શકાય. આપણે આપણાં ભયસ્થાનોને સમજી શકીએ, તો તેનાથી ચેતતા રહેવાય. આપણા શત્રુઓને ઓળખી શકીએ, તો તેનાથી આપણી જાતની રક્ષા કરી શકીએ.

અંતર્દષ્ટિ દ્વારા જીવનના કિલ્લામાં ક્યાં, કઈ, કેવી અને કેટલી તિરાડો છે, તે જાણી શકીએ, તો ત્યાં ચણતર કરીને બંધ કરી શકીએ, જેથી તે તૂટતો બચી જાય.

જાત-તપાસ દ્વારા જીવનસરોવર પર બાંધેલા સંયમના બંધ પર ક્યાં, કયા, કેવા અને કેટલાં બાકોરાં પડ્યાં છે તે જાણી શકીએ, તો તે બંધ કરી શકાય, જેથી તે તૂટતો બચી જાય, જીવનને હોનારતમાંથી બચાવી શકીએ.

પ્રતિલોમ દ્વારા શુદ્ધ કંચન જેવા આત્મસ્વરૂપમાં કયા, કેટલા અને કેવા માયિક ભાવો, સ્વભાવો, દોષોનો ભેગ ભળેલો છે તેની જાણ થાય, તો તે દૂર કરીને શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરી શકીએ.

દુકાન, ધંધા, વેપારના ચોપડાની જેમ જીવનનો ચોપડો પણ રોજ લખવો પડે. દરરોજનું નામું દરરોજ લખવું પડે. જમા-ઉધાર પાસું તપાસવું પડે. આવક કરતાં જાવક વધી ન જાય, નફાને બદલે ધંધો ખોટમાં ન જાય તે તપાસતાં રહેવું પડે. જીવનનું સરવૈયું વર્ષે, મહિને, અઠવાડિયે, દિવસે, કલાકે, મિનિટે અને સેકન્ડે સેકન્ડે કાઢવું જોઈએ. આમાં જેટલું મોડું થાય તેટલું નુકસાન થવાની શક્યતા રહે. જીવનને અંતે કદાચ દેવાળું ફૂંકવાનો વારો આવે.

ઘર, કપડાં, શરીર રોજ સાફ કરીએ છીએ. દરરોજ બ્રશ કરીએ છીએ, રોજ સ્નાન કરીએ છીએ; એમ અંતર્દષ્ટિ, આત્મનિરીક્ષણ દ્વારા ઇન્દ્રિયો, અંતઃકરણ અને જીવાત્માને રોજ તપાસીને પોતું મારવું પડે, સાફસૂફી કરવી પડે, મલિનતા દૂર કરવી પડે. પડેલા ડાઘા સાફ કરવા પડે. બહારની સ્વચ્છતાથી જો આનંદ થતો હોય, તો અંતરની સ્વચ્છતાથી કેટલો આનંદ આવે ?

પ્રત્યેક ઉતારુ-પ્લેનમાં 'બ્લેક બોક્ષ' હોય છે, જેમાં તે પ્લેનની સમગ્ર કાર્યવાહીની પળેપળની નોંધ હોય છે. પ્લેનનો અકસ્માત થાય તો આ 'બ્લેક બોક્ષ' દ્વારા તપાસ થઈ શકે કે કયા કારણોસર પ્લેનમાં આ અકસ્માત થયો છે. એવી જ રીતે જીવનવિમાનની ગતિવિધિની પળેપળની ઘટના નોંધાય, તો ખ્યાલ આવે કે જીવનની સાધનામાં થયેલ અકસ્માતનું મૂળ કારણ શું હતું ? જીવનવિમાનના ઉડ્ડયનની પ્રત્યેક ગતિવિધિની નોંધ કરીને રોજ તપાસતાં રહેવું પડે. આપણી સાધનાનાં બધાં એંજિનો તો બરોબર ચાલુ છે ને ? આપણા આદર્શો અને સિદ્ધાંતોમાં ક્યાંય તિરાડો તો નથી પડી ને ? અક્ષરધામ તરફ જતાં આ સાધનાના વિમાનમાં સ્વભાવ, દોષ, વાસનાના Time bomb તો નથી મુકાયા ને ? પ્લેનમાં આતંકવાદીઓ તો ઘૂસી નથી ગયા ને ? આ પ્રકારની તપાસ કરતા રહીએ તો જીવનમાં અને વિશેષે કરીને તો સાધનામાં આવતા અકસ્માતોને અટકાવી શકીશું.

કેટલીક વાર આપણને વિશ્વભરનું જ્ઞાન હોય છે. પૃથ્વીના માપની માહિતી હોય, હિમાલયની ઊંચાઈની અને સાગરનાં ઊંડાણની જાણ હોય, બ્રહ્માંડનાં સ્થૂળ અને સૂક્ષ્મ રહસ્યોનો પરિચય હોય, જુદા જુદા દેશના રાજકારણની ખબર હોય, જુદા જુદા દેશોમાં રમાતી જુદી જુદી રમતોની પણ માહિતી હોય, રાજકીય નેતાઓ, એક્ટરો, ક્રિકેટરોનો પૂર્ણ પરિચય હોય... અને આવું આવું ઘણું બધું જાણતા હોઈએ, પરંતુ કદાચ આપણી જાતને બિલકુલ જાણતા ન હોઈએ એવું પણ બને. ચંદ્ર ઉપર શું છે કે સમુદ્રના પેટાળમાં શું છે તેની ખબર હોય, પરંતુ આપણી અંદર શું છે તેની ખબર ન પણ હોય ! અમેરિકાનો પ્રમુખ કોણ છે ? ભારતના વડાપ્રધાન કોણ છે ? શ્રેષ્ઠ એક્ટર, ક્રિકેટર કે વૈજ્ઞાનિક કોણ છે ? આ બધી ખબર હોય, પરંતુ હું કોણ છું તેની કદાચ ખબર ન પણ હોય ?! જો આપણા સ્વરૂપનું જ જ્ઞાન આપણને ન હોય, આપણામાં રહેલા સદ્‌ગુણો કે દુર્ગુણોનું ભાન આપણને ન હોય, તો દુનિયાની જાણકારીનો શો અર્થ ? ભારતના સંસદભવનમાં કે અમેરિકાના વ્હાઈટ હાઉસમાં શું ચાલે છે તે જાણવું અગત્યનું છે કે આપણી પોતાની અંદર શું ચાલે છે તે ? આપણે તો આપણામાં ઊંડા ઊતરીને આપણી પોતાની જ માહિતી એકત્રિત કરવાની છે. આપણે આપણો પોતાનો યથાર્થ પરિચય કેળવવાનો છે. આપણે તો

આપણી જાતને જ ઓળખવાની છે.

મોટા ભાગે આપણે બીજાની તપાસ રાખીએ છીએ. બીજા માટે જાગ્રત કે સાવધ રહીએ છીએ. બીજો કેમ આમ કરે છે અને શા માટે એમ કરતો નથી ? આ આપણા અંતરમાં સતત પુછાતા પ્રશ્ન છે. એને બદલે હું કેમ આમ કરું છું ? શા માટે તેમ નથી કરતો ? આવા પ્રશ્નો પોતાની જાતને પુછાય તો કોઈ જાતની ખામી ન રહે. જીવનમાં ખરેખર જીવનસાધના કરીને આત્મવિકાસ કરવો હોય તો બીજાનું જોવાનો અને એને સુધારવાનો ધીકતો ધંધો છોડીને પોતાને જોવાની, અંતરને તપાસવાની અને સુધારવાની ટેવ પાડવી જોઈએ. બીજાનું જોવામાં અને એને સુધારવામાં આપણો સોના જેવો સમય અને શક્તિ બેય બગડશે. માટે

➤ એનું એ જોશે, આપણે આપણું જોઈએ.

➤ એની ડાયરી એ રાખશે, આપણે આપણી ડાયરી રાખીએ.

➤ એનું નામું એ રાખશે, આપણે આપણું નામું રાખીએ.

➤ એનું એ તપાસશે, આપણે આપણું તપાસીએ.

➤ એનું એ સુધારશે, આપણે આપણું સુધારીએ.

➤ એને શું કરવાનું છે અને શું નથી કરવાનું એનો નિર્ણય એ કરશે, આપણે તો આપણો જ વિચાર કરીએ કે આપણે શું કરવાનું છે અને શું નથી કરવાનું.

ઘણીવાર આપણે આપણાં સગાં-સંબંધીઓને, મિત્રોને કે ધંધાદારી વ્યક્તિઓને મુલાકાત આપતા હોઈએ છીએ, પરંતુ આપણે આપણી જાતને મુલાકાત આપતા નથી. આપણે બીજાને મળવા જવાનો સમય ફાળવીએ છીએ, પરંતુ આપણી જાતને મળવાનો કે પોતાની જાતની મુલાકાત લેવાનો સમય ફાળવતા નથી. બીજાને મુલાકાત આપવાથી કે તેની મુલાકાત લેવાથી કંઈ ફાયદો થતો હશે એની ના નહિ, પરંતુ પોતાની જાતને મુલાકાત આપવામાં કે પોતાની જ મુલાકાત લેવામાં સૌથી વધારે લાભ છે એ સમજી રાખવું જોઈએ. દરરોજ થોડોક સમય ફાળવીને પોતાની જાત સાથે જ બેસવું જોઈએ. પોતાની જાત સાથે પ્રશ્નોત્તરી કરીને પોતાનું તળ તપાસવું જોઈએ. બીજાને મળવા માટે એટલો બધો સમય ન વાપરી કાઢવો જોઈએ કે જેથી પોતાને મળવાનો અને સુધારવાનો અવકાશ જ ન મળે.

સાચી સાધનાને પંથે ચાલ્યા પછી લક્ષ્ય સ્થાને ન પહોંચાય તો તપાસવું તો જોઈએ ને કે શરૂઆતથી, વચ્ચેથી કે અન્ય કોઈ સ્થળેથી અન્ય રસ્તે તો નથી જતા રહ્યા ને ? ગઢડાથી સારંગપુર આવવા માટે ગાડીમાં એક કલાક થતો હોય અને આપણે દસ કલાક ગાડી ચલાવીએ છતાં સારંગપુર ન આવે તો શું સમજવાનું ? એકાદ બે કલાક પછી તપાસ તો કરવી જોઈએ ને કે સારંગપુર કેમ ન આવ્યું ?

સાધનાની ફલશ્રુતિ ન મળે તો વિચાર તો આવવો જોઈએ ને કે આમ કેમ થયું ? ક્યારે, ક્યાં, કઈ, કેવી અને કેટલી ભૂલને લીધે સાચું પરિણામ ન આવ્યું તે શોધવું તો જોઈએ ને ?

સાધનાના જે સિદ્ધાંતો ગમ્યા છે અને અપનાવ્યા છે તે સિદ્ધાંતો જો આપણને જીવનનું નવું તેજ અને બળ ન આપતા હોય, શાંતિ અને મુક્તિનો અનુભવ ન કરાવી શકતા હોય તો અંતર્દષ્ટિ તો કરવી પડે ને કે આમ કેમ થયું ?

• અંતર્દષ્ટિ આદિક કરવાની રીત અને તેનાથી લાભ

અંતર્દષ્ટિના અજવાળે જીવવાનું શરૂ કરીએ તો બહારના અંધકારની તાકાત શૂન્ય બની જાય છે. અંતર્દષ્ટિના અજવાળામાં કર્તવ્ય-અકર્તવ્ય, શ્રોતવ્ય-અશ્રોતવ્ય, ખાદ્ય-અખાદ્ય, દર્શનીય-અદર્શનીય, વક્તવ્ય-અવક્તવ્યનો અર્થાત્ સત્-અસત્નો વિવેક આવશે. આ તેજોમયી અંતર્દષ્ટિમાં એક ગજબનો જાદુ છે. અધોગતિના ખાડે ગયેલા જીવનને પ્રગતિના પગથિયે પ્રયાણ કરાવીને ઉચ્ચતમ સિદ્ધિના શિખરે પહોંચાડવાની તાકાત અંતર્દષ્ટિમાં છે. અંતર્દષ્ટિની જાદુઈ લાકડીથી પાપી પુણ્યશાળી બની શકે, દુર્જન સજ્જન થઈ શકે, બદ્ધ જીવનમુક્તિની સ્થિતિને પામી શકે અર્થાત્ દેહરૂપે વર્તતો સાધક બ્રહ્મરૂપે વર્તી શકે.

અંતર્દષ્ટિ, પ્રતિલોમ, જાણપણું, ખટકો કે નામું રાખવાથી થતા લાભ જણાવીને અંતર્દષ્ટિ વગેરે કરવાનું સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૧૮ – "સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી. માટે આ વાર્તા છે તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને જે કાંઈક વિવેકી હોય અને કાંઈક ભગવાનનો

આશ્રિત હોય તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે.''

પ્ર.૨૩ – ''ભગવાનનો ભક્ત છે તે ભગવાનની મૂર્તિને વિષે જ્યારે વૃત્તિને રાખે છે ત્યારે તે વૃત્તિના બે વિભાગ થાય છે, તેમાં એક વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં રહે છે અને બીજી તો જે ભજનનો કરનારો તેમાં રહે છે. અને ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહે છે તે પ્રેમે યુક્ત રહે છે અને ભજનના કરનારામાં જે વૃત્તિ રહે છે તે તો વિચારે યુક્ત રહે છે, અને તે વૃત્તિ જે તે ભજનના કરનારાને વિષે ભગવાનનાં ભજન વિના બીજા જે જે ઘાટ-સંકલ્પ થાય છે તે સર્વેને ખોટા કરી નાંખે છે તથા તે ભજન કરનારામાં જે દોષ તે સર્વેને ખોટા કરી નાંખે છે, એવી રીતે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. અને ઘડીક તો એકાગ્ર ચિત્તે બેસીને ભગવાનનું ભજન કરે ને ઘડીકમાં તો ચાળા ચૂંથતો ફરે તેને તો એવી સ્થિતિ થતી નથી.''

પ્ર.૩૦ – ''બુદ્ધિવાન હોય તો આ વાતને વિચારીને જે સમે ઘાટ થાય તે સમે તે ઘાટ સામું જુએ તો પોતામાં જે ગુણ પ્રધાન વર્તતો હોય તેને ઓળખે.... જે ગુણને પ્રધાનપણે પોતામાં ઘાટ થતા હોય તે સામી દૃષ્ટિ રાખે અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે.''

પ્ર.૩૮ – ''જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના-મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ-દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે, તેમ નિરંતર વિચાર કરવો.''

પ્ર.૬૦ – ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચ વિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે, 'મારે જેટલી

ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી-વધુ છે ?' તેની પરીક્ષા કરવી ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઇન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે, 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય તેણે કરીને એને પંચ વિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે.''

સા.૧૪ – ''ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાનો ઉપાય કરે તો એ બે શત્રુ (પ્રમાદ અને મોહ) નાશ પામી જાય. એટલો ભગવાનના ભક્તને વિશેષ છે અને જે ગાફલાઈ રાખે તો તે ભગવાનનો ભક્ત હોય તોય સારો નહિ.''

સા.૧૮ – ''જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે, તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે, પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.''

અં.૨૮ – ''અવગુણ હમણાં પણ જેમાં જેમાં હશે તે જો વિચારીને પોતાના અંતર સામું જુએ તો જણાઈ આવે જે, 'આવી રીતને અંગે હું કાચો છું, તે જો મને પાળ્યાનું કહેશે તો હું વિમુખ થઈશ.' એમ યથાર્થ જાણવું.''

અં.૩૫ – ''પોતાના મનના જે સંકલ્પ તેની સામી દૃષ્ટિ રાખે જે, 'મારા મનમાં ભગવાન વિના બીજા પંચ વિષય સંબંધી ભોગ છે, તેમાં શાની વાસના બળવાન છે ને બળવાનપણે કયા વિષયનો સંકલ્પ થાય છે ?' એમ વિચારે તો જેવો પોતે હોય તેમ માલમ પડે, પણ બીજી રીતે ન પડે. અને જ્યારે એ વિચારે ત્યારે એમ વિચારે જે, 'આ પદાર્થનો મારે બળવાન ઘાટ

છે ને તેમાં હું પ્રવર્તું છું ને તેમાંથી જ્યારે મને સાધુ મરોડશે ત્યારે મારે ઠીક નહિ રહે.' એમ એને પોતાનો નિશ્ચય થાય.''

ઉપરોક્ત સર્વે સંદર્ભોનું તાત્પર્ય એ છે કે અંતર્દષ્ટિ કે પ્રતિલોમ કરવાથી, તેમજ જાણપણું, ખટકો કે નામું રાખવાથી પોતાની બાહ્ય ક્રિયા કે પ્રવૃત્તિનું તેમજ આંતરિક ભાવના અને સ્થિતિનું સાચું નિદાન થાય છે અને તેને લીધે ક્યાં, કેવી, કઈ અને કેટલી કસર છે તેનો ખ્યાલ આવતાં તે દૂર કરવાનો યોગ્ય પુરુષાર્થ કરી શકાય. આ રીતે આધ્યાત્મિક સાધનામાં યથાર્થ પ્રગતિ અને ફલશ્રુતિ માટે અંતર્દષ્ટિ વગેરે અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી જ તો શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ અંતર્દષ્ટિ આદિક કરવાનો સૌને આદેશ આપે છે.

● અંતર્દષ્ટિ આદિક કરવાનો આદેશ

મ.૪૫ – ''તમે પણ સુધા સાવધાન રહેજ્યો, જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ... માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો.''

અં.૯ – ''તમારે સર્વેને પણ એવી રીતે અંતર્સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ વહાલા થવા દેવા નહિ, એ વાતની અતિશય સાવધાની રાખવી. અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફલ થઈને ઊભો હોય તો રાજા પાસે ચોર-ચકાર જઈ પૂગે, ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય, તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિષે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન-સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ.''

વળી, શ્રીજીમહારાજે ઇન્દ્રિયો-અંતઃકરણને ઠપકો આપીને વિષયોમાંથી પાછા વાળવાની વાત **વચ. સા.૨** અને **પં.૩**માં કરી છે. આ ઉપરાંત અનેક વચનામૃતોમાં પોતાનો અવગુણ જોઈને, તેનો વિચાર કરીને ટાળવાની વાત

કરી છે. તેમજ અનેક વચનામૃતોમાં જગતના નાશવંતપણાનો, આત્માનો અને ભગવાનના મહિમાનો વિચાર કરીને પંચ વિષય કે સ્વભાવો ટાળવાની જે સાધના બતાવી છે તેમાં આ અંતર્દષ્ટિ અને જાણપણાનો જ નિર્દેશ છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ "ખરેખરા ભગવદી હોય તેને ગુણ ન વ્યાપે, એ તો દરવાજે રહીને જોયા કરે છે." *(૧/૨૦૫)*

◆ "મોટા મોટાના શબ્દની હાર્યું (વિષયવાર શ્રેણી-યાદી) કરીને તપાસ કરવો જે એમનો શું મત છે ને એ શું કરવાનું કહે છે, એ કેમ વર્તે છે, એમ તપાસીને પછી તે માર્ગે ચાલવું." *(૨/૭)*

◆ "નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળી વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું." *(૨/૩૫)*

◆ "પ્રતિલોમપણે હૃદયમાં સંકલ્પ સામું જોવું તથા પ્રતિલોમપણે ભગવાનનું ધ્યાન કરવું ને તેમાં જ સુખ છે પણ પ્રતિલોમ જેવો બીજો સુખનો ઉપાય નથી, માટે પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો એ સિદ્ધાંતવાત છે. તે વચનામૃતમાં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે ને મોટા સંતનો એ આગ્રહ મુખ્ય છે ને પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થાતું નથી." *(૨/૧૨૩)*

◆ "અંતર્દષ્ટિ કરીને હૈયામાં જોવું ને તે વિના તો ગુણદોષ યથાર્થ ન સૂઝે. ને અંતર્દષ્ટિ કરવી એ નિર્ગુણપણું છે ને બાહ્યદષ્ટિમાં સગુણપણું છે. વળી, બાહ્યદષ્ટિ દૈત્યની કહી છે ને અંતર્દષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ પણ થાય. ને જેમ ચકમક ખરે તે ખેરતાં દેવતા કળીમાં લાગી જાય છે, એમ કોઈક દિવસ પ્રકાશ થઈ જાય, એ સિદ્ધાંત છે." *(૨/૧૬૯)*

◆ "પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ પામીને પ્રતિલોમદષ્ટિ કરીને વિચાર કરવો." *(૨/૧૮૨)*

◆ "ઉપશમ કરવા બેસવું તે વખતે ભગવાનની મૂર્તિ વિના બધુંય વિસારી દેવું." *(૪/૭)*

◆ "રજ, તમ ન હોય ને સત્ત્વની પ્રવૃત્તિ હોય ત્યારે સ્થિર થઈને સ્થિર મને વાંચીને મનનો તપાસ કરવો, તો તે સમાસ કરે. તે મનના તપાસનું કહ્યું છે જે, શબ્દ સર્વે જુદા જુદા પોતાના ઉરમાં લેવા ને તપાસવા, ને એમ થાય છે કે નહિ તેનો તપાસ કરીને એમ જ કરવું." *(૪/૯૨)*

◆ "નિરંતર પોતે પોતાનો તપાસ કરવો ને પાછું વળીને જોવું જે, આ કરવાનું છે ને હું શું કરવાને આવ્યો છું ને શું થાય છે ?" *(૪/૧૦૬)*

◆ "ભગવાન મળ્યા પછી કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રહેવું." *(૫/૧)*

◆ "વારંવાર અંતર્દષ્ટિ કરવી જે, આ તે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે." *(૬/૭૫)*

◆ "અંતર્દષ્ટિ કરવી તે ધીરે ધીરે કરવા માંડ્યે થાય. તે એમ કર્યા વિના છૂટકો નથી." *(૬/૧૪૫)*

◆ "વહેવાર કર્યા વિના તો ચાલે નહિ, પણ પાછું વળવું એમ મહારાજનો ને મોટા સાધુનો સિદ્ધાંત છે." *(૬/૧૫૩)*

◆ "જાણપણામાં રહ્યા થકે જે સુખ થાય છે તે સુખ નાશ નથી પામતું, માટે જાણપણામાં રહેવા માંડે ત્યારે પોતાના હૃદયમાં એમ જણાય જે, મારા આટલા દોષ છે, આટલા ગુણ છે ને આટલા રજ-તમ વર્તે છે." *(૮/૧૭૯)*

◆ "અંતર્દષ્ટિ કરતાં કરતાં વિષય ખોટા થઈ જાય ને તે વિના તો દોષ કળાય નહિ. જેમ અંધારી રાત હોય તેમાં કાંઈ દેખાય નહિ પણ જ્યારે બેસીને જુએ ત્યારે જણાય જે માણસ છે કે પશુ છે, તેમ જ્યારે પાછી વૃત્તિ વાળે ત્યારે ભગવાનનાં ભજનમાં જે આડું આવે તે જણાય. પછી તેને વિચારે કરીને ટાળી નાખે." *(૮/૧૮૬)*

◆ "સંકલ્પ પણ ઘડિયાળની પેઠે થયા જ કરે છે માટે દરવાજે રહેતાં શીખવું. તો જ આજ્ઞા પળશે. મન જિતાશે અને ભગવાનના ઘાટ થાશે." *(૧૦/૨૩)*

◆ "જેમ સરાણિયો જુએ છે તેમ પોતાને જોયા કરવું જે હવે મારે કેમ છે. તે એમ ને એમ જોતાં જોતાં દર્પણમાં મોઢું દેખાય છે તેમ પોતાના દોષ જણાવા માંડે, જે આટલી મારે વિષયમાં આસક્તિ છે ને આટલું મારે અભિમાન છે." *(૧૨/૧૬૩)*

નિષ્કુળાનંદ સ્વામી ચોસઠ પદીમાં કહે છે :

◆ *અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા;*
ત્યારે ખરી કરી જોઈએ ખોળ્ય, વિઘ્નને વામવા. (૫૬ : ૮)

◆ *માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે;*

કરી જતન દિવસ-રાત, સૂતાં-બેઠાં સંભારજો રે.
સાચો મળ્યો છે સતસંગ, અંગે અચળ કરી રાખજો રે;
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજો રે. (પદ : ૨૫)

◆ *ખોળી ખોટ ન રાખે કાંઈ, ભલી ભક્તિ ભજવવા રે;*
એક રહે અંતરમાંઈ, તાન પ્રભુને રીઝાવવા રે. (પદ : ૩૨)

◆ *માટે સહુ રે'જો સાવધાન, ખબડદાર થઈને ખરા;*
જેનું આગે કર્યું અપમાન, તે જાળવે નહિ જરા. (પદ : ૩૬)

◆ *જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી;*
માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહિ વાત ખરી.
રહેવું નહિ ગાફલ ગમાર, માલ અતોલ મળે;
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે. (પદ : ૪૦)

યોગીજી મહારાજ કહે છે :

◆ "બે પ્રકારના જાણપણામાં એક તો ભગવાન અને ભગવાનના ભક્તમાં મનુષ્યભાવ ન આવવા દેવો. બીજું આજ્ઞામાં ફેર ન પડવા દેવો. આજ્ઞા-ઉપાસનામાં ભંગ થાય તો જાણપણું ગયું કહેવાય."

◆ "જાણપણારૂપ દરવાજો એટલે શું ? ભગવાન અને ભગવાનના ભક્તનો અભાવ પેસવા ન દેવો. ભગવાન કે સત્પુરુષને વિષે અભાવ આવે કે દોષ પરઠાઈ જાય અથવા ક્રિયામાં મનુષ્યભાવ આવે એટલે જાણપણારૂપ દરવાજામાં દોષ પેઠા કહેવાય."

◆ "ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવે તે જાણપણું કહેવાય. કોઈનો અભાવ ન આવે એ જાણપણું."

◆ "અખંડ જાણપણું જ્ઞાનનું-બ્રહ્મરૂપપણાનું રાખવું."

◆ "અખંડ જાણપણું રાખીને, ભગવાનની મૂર્તિ વિના બીજે વૃત્તિ જાય નહિ ત્યારે ખરેખરું જ્ઞાન થયું ગણાય."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ "આપણે બ્રહ્મરૂપ થવું છે તો અખંડ જાણપણારૂપ દરવાજે રહેવું. જરા પણ જાણપણું ચૂકીએ તો ગોટાળો થાય. તેથી ક્યારેય જાણપણું ન ચૂકવું. ખૂબ ખબડદાર રહેવું. જાણપણારૂપ દરવાજે રહીએ તો આપણને આપણી ભૂલો દેખાય. જાણપણું ચૂકવું નહિ અને અંતર્દષ્ટિ ભૂલવી નહિ."

◆ ‘‘આપણે જે ધ્યેયને લઈને સત્સંગમાં આવ્યા છીએ તે સિદ્ધ કરવા માટે અંતર્દષ્ટિ બહુ અગત્યની છે. અંતર્દષ્ટિ સિવાય એ થવું ઘણું કઠણ છે. આપણને જે કાંઈ આપણી અંદરની મુશ્કેલી છે, આપણા સ્વભાવો છે તે દૂર કરવા અંતર્દષ્ટિ જોઈએ, પાછી વૃત્તિ જોઈએ. મોટાપુરુષના શબ્દો ધાર્યા-વિચાર્યા હોય તો પછી પાછી વૃત્તિ વળે. દરરોજ પાછી વૃત્તિ વાળવી જોઈએ કે આજે મારાથી આ ભૂલ થઈ છે એને મારે ટાળવી છે.’’

◆ ‘‘અંતર્દષ્ટિ કાયમ કરતાં જ રહેવું જોઈએ. ‘હું કોણ છું ? હું કોનો છું ? હું શા માટે સત્સંગમાં આવ્યો છું ? શું થાય છે ? કેવી રીતે થાય છે ?’ એનો વિચાર કાયમ કરતા રહેવું જોઈએ.’’

◆ ‘‘સત્સંગ કરીને આપણે આપણું જોવાનું છે, બીજાનું નહિ. અંતર્દષ્ટિ આપણે કરવાની છે. સત્સંગમાં આવ્યા પછી જો પાછી વૃત્તિ વળે તો જગતમાંથી પણ પાછી વૃત્તિ વળે અને ભગવાનનું સુખ આવે, નહીં તો વૃત્તિઓ ફેલાતી જાય. આપણે અંતર્વૃત્તિ કરવાની છે. કાશી સુધી ફેલાયેલ વૃત્તિને આપણા આત્માસન્મુખ કરવાની છે. ભગવાન આપણામાં બેઠા છે તો એ ભગવાનનું સુખ દરરોજ આવે એમ વિચાર કરવો, તો અંતરમાં સુખ-શાંતિ રહે. સાંજ-સવાર પા-અડધો કલાક, કલાક બેસીને આ જ વિચાર કરવો. મહારાજનાં આ સિદ્ધાંત-વચનો, આજ્ઞા છે તેની સામું વૃત્તિ રાખીને જીવન જીવીએ.’’

◆ ‘‘મુમુક્ષુ છે તે પોતાનું જ જુએ. બીજાની ભૂલો ન જુએ. મુમુક્ષુને પોતાના મોક્ષનો વિચાર રહે. હંમેશાં પાછી વૃત્તિ રહ્યા કરે કે હું શું કરવા આવ્યો છું ? ને શું થાય છે ? કોઈની સામું જોવું નહિ. પોતા તરફ આંગળી કરો તો ખ્યાલ આવે કે આપણે સંપૂર્ણ નથી. આપણામાં ખામી રહી ન જાય તે જોવું. મુમુક્ષુ પ્રયત્નશીલ રહીને પાછી વૃત્તિ રાખીને, જેમ પોતાનું કલ્યાણ થાય તેમ કામ કરે.’’

◆ ‘‘આપણે આપણી સામે જ જોવાનું છે. આપણે આપણું જ કરવા આવ્યા છીએ. આપણે આપણા ગુરુ થવાનું છે. નિરંતર આપણી સામે જ જોવાની વાત છે. આપણામાં શું ખામી છે ? પહેલાં તો આપણે આપણા અંતરમાં જુઓ કે આપણે કેટલા ગોટાળા છે ? તેને ટાળો. પહેલું આપણને નિરંતર આપણા સામી દૃષ્ટિ રાખવી જોઈએ. બીજા કોઈને ખરાબ કહેતાં

પહેલાં, બીજા કોઈ માટે ખરાબ વિચાર કરતાં પહેલાં આપણે આપણા અંતર સામું જોવું કે મારું શું છે ? બધી જ ક્રિયામાં અંતર્દષ્ટિ કાયમ થાય તો પછી આ પ્રશ્ન ઊભો ન થાય."

◆ "આપણે એ અનુસંધાન રાખવું કે -

➤ આજે ભગવાનની આજ્ઞા કેમ ન પાળી ?

➤ આજે પૂજા-માળા કેમ ન થઈ ?

➤ આજે દર્શન કેમ ન થયાં ?

➤ આજે મારાથી કોઈની સેવા કેમ ન થઈ ?

➤ આજે મારાથી ભક્તિ કેમ ન થઈ ?

➤ આજે મારાથી વચનામૃત-વાતો કેમ ન વંચાયાં ?

આવી રીતે આપણે જાણપણું રાખવું."

◆ "આપણે સવારથી સાંજ સુધીનું બૅંક-બૅલેન્સ મેળવવાનું છે. મારા સ્વભાવ વધ્યા છે કે ઘટ્યા છે ? મારી આ સેવા બરોબર થઈ ? મેં આ વિચાર કર્યો, તે સાચો છે કે ખોટો છે ? આજે મારી કઈ ભૂલ થઈ ? જે કાંઈ ભૂલ થઈ હોય, ખામી હોય તો અંતર્દષ્ટિ અને ભગવાનને પ્રાર્થના કરીને એનું નિરાકરણ થઈ જવું જોઈએ. નહિતર ભૂલોનું બૅલેન્સ વધતું જ જાય. માટે જમા-ઉધાર પાસાનો વિચાર કરીને દરરોજનો હિસાબ ચોખ્ખો કરી નાંખવો."

◆ "હું શું કરવા આવ્યો છું ને શું કરી રહ્યો છું ? - એનો હંમેશાં આલોચ-વિચાર રહેવો જોઈએ. સાંજે જમા-ઉધારનો હિસાબ કરવો. ક્યાં ભૂલ થઈ અને ક્યાં સુધારો થઈ શકે તેમ છે, તે વિચારવું. સત્સંગમાં આવ્યા પછી સ્વભાવો વધ્યા કે ઘટ્યા એ તપાસવું. પોતે પોતાના ગુરુ થાય તો જ પોતાની ભૂલ ઓળખાય, સમજાય અને દૂર થાય."

◆ "સત્સંગનો ખૂબ વિકાસ થયો પણ અહીં અંતરમાં કેટલો વિકાસ થયો એ જોવાનું છે. આપણે જે માટે આવ્યા છીએ એના માટે કરીએ છીએ કે નહિ તે વિચારવાનું છે. સમાગમ થતો હોય ત્યારે બહારવૃત્તિ ન રાખવી. માળા લઈને બેસી જવું. ભક્તિ વગર વ્યર્થ કાળ ન વિતાવવો. સમયે સમયે કામ કરી લઈએ તો જ આ કામ થાય એવું છે. આ બાબતમાં ખબડદાર થવું. સાવધાની રાખવી. આ માર્ગમાં સાવધાની ન રાખીએ તો પડીએ

ખાડામાં. સ્વભાવ ન ટળ્યા, ભજન-સેવાનું અંગ ન થયું તો ફેરો ફોગટ. માટે જે કરવાનું છે તે નિરંતર કરવું. કામ નથી એમ ન માનવું. વહેલા ઊઠીને ભજન કરવું. કંઈ કામ નથી એ વિચાર અંતર્દૃષ્ટિ ન હોય ને બાહ્યદૃષ્ટિ હોય એટલે આવે. જ્યાં સુધી અંતર્દૃષ્ટિ ન કરો ત્યાં સુધી બધું ઉભડક ચાલ્યું જાય. જો અંતર્દૃષ્ટિ રાખીએ તો જ બીજાનો અવગુણ ન આવે ને બધું જ સારું દેખાય. આપણે અંદર અને બહાર ભગવાન ને સંતની સામું જોઈ રહેવું એ અંતર્દૃષ્ટિ. જોવું એટલે એમની આજ્ઞા પ્રમાણે વર્તાય, એમના જેવા ગુણ પ્રાપ્ત કરવા એ. આપણે અંતર્દૃષ્ટિ રાખવાનો અભ્યાસ કરવો. રોજ નિરાંતે બેસીને વિચાર કરવો.''

◆ ''જીવનમાં ખટકો હોય તો કોઈ જાતનો વાંધો આવે જ નહિ. દરેક બાબતમાં ખટકો નથી એટલે ગાફલાઈમાં ગાડેગાડાં ચાલ્યાં જાય છે. ખટકો હોય તેને ફરી વાર કહેવું ન પડે. પોતાને ખટકો હોય તો ગમે તેવો સ્વભાવ હોય તો ટળ્યા વિના રહે નહિ. ખટકો હોય તો કામ સિદ્ધ થાય જ. ખટકો ન હોય તો સ્વભાવ ન ટળે. સ્વભાવ મૂકવાનો, નિયમ-ધર્મ પાળવાનો, મહારાજને રાજી કરવાનો ખટકો જોઈએ.''

આ રીતે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં વચનોમાં નિયમિત અંતર્દૃષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકો રાખવાનો આગ્રહ સ્પષ્ટપણે દેખાય છે.

● અંતર્દૃષ્ટિ આદિક કરવાના ઉપાયો

જીવનમાં કાયમ અંતર્દૃષ્ટિ આદિક થાય તે માટે નીચેના મુદ્દાઓ આત્મસાત્ કરવા પડે.

➤ જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

➤ ભગવાન અને સંતને રાજી કરવાનો, સ્વભાવ-દોષો ટાળવાનો અને મોક્ષનો ખપ.

➤ ઉત્કૃષ્ટ અને શ્રેષ્ઠતમ પરિણામ કે આદર્શો સામે નિશાન.

➤ ગુણાતીત ગુરુઓ સામે નજર.

➤ આંતર-બાહ્ય સંપૂર્ણ સચ્ચાઈ.

➤ આળસ-પ્રમાદનો ત્યાગ કરીને પ્રાર્થનાપૂર્વક નિયમિત પુરુષાર્થ.

૮.૨ આવશ્યક સદ્‌ગુણોની પ્રાપ્તિના ઉપાયો

આપણે 'વચનામૃત રહસ્ય : ભાગ-૪'માં જે જે આવશ્યક સદ્‌ગુણો (ધ્યેયનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, ધર્મનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા, ભક્તિ-નિષ્ઠા વગેરે) તથા અહીં પણ જે જે સદ્‌ગુણોનું નિરૂપણ કર્યું છે તે તે સદ્‌ગુણોને આત્મસાત્ કરવાના ઉપાયો પણ સમજાવ્યા છે. વળી, આ પછીનાં પ્રકરણ(સમગ્ર સાધનામાં ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા)માં પણ વિશેષ વિચાર કરીશું, તેમ છતાં અહીં આ પ્રકરણમાં પણ એનો સંક્ષેપમાં વિચાર કરી લઈએ :

(૧) જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા

"હું આ સત્સંગમાં મારા સ્વભાવો-દોષો ટાળીને બ્રહ્મરૂપ થવા અર્થાત્ અક્ષરબ્રહ્મ એટલે કે ગુણાતીત સત્પુરુષના કલ્યાણકારી સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે જ આવ્યો છું." આ પ્રકારના જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા સાથે એવો દૃઢ ઠરાવ કરવો જોઈએ કે મારે સત્પુરુષના ગુણો જીવનમાં આત્મસાત્ કરવા જ છે. જો ધ્યેયની દૃઢતા સાથે આવો દૃઢ નિર્ણયાત્મક ઠરાવ હોય તો તે ગુણો લાવવાનો પ્રયત્ન થાય અને તો ભગવાન અને સંતની કૃપાથી એ ગુણો જીવનમાં આવે.

(૨) ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ખપ અને ઈશક

સાધકના જીવનમાં જો ભગવાન અને સંતને અતિશય રાજી કરવાની અનિવાર્યતા સમજાય, તેનાથી આધ્યાત્મિક સાધનામાં થતા લાભનું ચિત્ર કંઈક સ્પષ્ટ થાય અને તેથી તેના મનમાં એમને અતિશય રાજી કરવાનો ખપ અને ઈશક જાગે તો તેઓ જેનાથી રાજી થવાના છે એવા સદ્‌ગુણો આત્મસાત્ કરવાનું મન થાય, એ માટે આયોજન અને પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ પણ થાય જ.

(૩) ભગવાનના સ્વરૂપનો નિશ્ચય

શ્રીજીમહારાજ **વચ. પ્ર.૬૨**માં કહે છે : "જેને ભગવાનનાં સ્વરૂપનો

દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે.''

(૪) માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ

શ્રીજીમહારાજ **વચ. સા.૫**માં કહે છે : ''જેના હૃદામાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તોપણ તેના હૃદામાં સર્વે આવે છે. અને જો માહાત્મ્યે સહિત ભક્તિ જેના હૃદામાં નથી તો શમદમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદામાં છે તોય પણ નહિ જેવા જ છે, કેમ જે, તે નાશ પામી જશે. માટે એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે.''

(૫) સત્પુરુષમાં યથાર્થ જોડાણ

શ્રીજીમહારાજ કહે છે કે એકાંતિક સત્પુરુષ થકી જ એકાંતિક ધર્મ (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ) પમાય છે **(વચ. પ્ર.૬૦)**. સત્પુરુષના પ્રસંગે કરીને જ ભાગવત ધર્મ અર્થાત્ એકાંતિક ધર્મનું પોષણ થાય છે **(વચ. પ્ર.૫૪)**. ત્રીસ લક્ષણે યુક્ત સંતને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન, કર્મ, વચને સંગ કરે તો પોતાનામાં પણ એ ત્રીસ લક્ષણો આવે છે **(વચ. પ્ર.૭૮)**. સાચા સંતનાં વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક કલ્યાણકારી ગુણો પ્રગટ થઈ આવે છે **(વચ. સા.૧૮)**. સત્પુરુષને વિષે નિર્દોષબુદ્ધિ રાખીને પોતાને વિષે પરિતાપ કરતાં કરતાં સત્પુરુષનો ગુણ ગ્રહણ કરે તો એમના સર્વે ગુણો આવે છે **(વચ. પ્ર.૬૭)**.

સંત-સમાગમથી જગત પ્રત્યે વૈરાગ્ય અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે **(વચ. પ્ર.૮)**. સત્પુરુષની સેવા અને તેમના પ્રસંગથી જીવના હૃદયમાં ભક્તિ ઉદય થાય છે **(વચ. વર.૩, અં.૫)**.

વળી, ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે કે ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવાથી એમના એ ગુણો આવે છે **(૧/૧૭૧, ૫/૧૬૫)**. સત્પુરુષને નિર્દોષ અને સર્વજ્ઞ જાણે ને એમની સાથે કોઈ પ્રકારનો અંતરાય રાખે નહિ

તો સત્પુરુષના ગુણ આવે છે. *(૩/૩૪)*

આ રીતે સત્પુરુષમાં શ્રદ્ધા, વિશ્વાસ અને નિર્દોષભાવ સહિત તથા અંતરાય રહિત યથાર્થપણે જોડાવાથી સર્વે કલ્યાણકારી ગુણો આવે છે. ઉપરોક્ત સંદર્ભોના મૂળ શબ્દો સહિત આ વિષય વિષે આપણે આ પછીના પ્રકરણમાં જોઈશું.

૯. સમગ્ર સાધનામાં ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા

૯.૧ ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા

અધ્યાત્મનો માર્ગ અત્યંત ગહન, રહસ્યમય અને સૂક્ષ્મ છે. એની ભૂમિકા ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે. એ કેવળ સ્થૂળ બુદ્ધિનો વિષય નથી. ફક્ત તર્કથી ત્યાં પહોંચી શકાતું નથી. અધ્યાત્મસાધનાની અંતિમ ફલશ્રુતિરૂપ ભૂમિકા છે : આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર. આ અંતિમ લક્ષ્ય અને તેને પામવાની સાધના એ બન્નેમાં સામાન્ય જીવોની તો દૃષ્ટિ જ પડે તેમ નથી. તે અતિશય ગહન તો છે જ, પરંતુ એ માર્ગે ચાલવું પણ કઠણ છે :

આવા ગહન માર્ગે સાચા અર્થમાં સાધના કરીને આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે સાચા સંત-ગુરુની અત્યંત આવશ્યકતા છે.

સામાન્યતઃ જન્મ-મરણરૂપ માયાના પ્રવાહમાં વહેતા જીવોની સુષુપ્ત મુમુક્ષુતાને જગાડીને અધ્યાત્મસાધના દ્વારા મુક્તિના દ્વાર સુધી તેમને પહોંચાડવા માટે સાધનાના પ્રત્યેક સોપાને સંત-ગુરુની અત્યંત આવશ્યકતા રહે છે. સંતનો મન, કર્મ, વચને સમાગમ-પ્રસંગ કરવાથી કે સંતને વિશે પ્રીતિ-આત્મબુદ્ધિ દૃઢ કરવાથી ગહન અધ્યાત્મસાધના ઘણી સુગમ બને છે. તેથી જ વચનામૃતાદિક સાંપ્રદાયિક ગ્રંથોમાં, ભાગવતાદિક શાસ્ત્રોમાં તથા સંતો-ભક્તોનાં કીર્તનોમાં સંતને આત્યંતિક મુક્તિની સાધનામાં અત્યંત આવશ્યક ગણ્યા છે.

આ વિશે આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૨'**માં **'પરબ્રહ્મ-પ્રગટ-પ્રત્યક્ષ'**ના પ્રકરણમાં 'આત્યંતિક મુક્તિની સાધનામાં સંતની આવશ્યકતા-, મહત્તા' એ મુદ્દાના નિરૂપણ વખતે, વચનામૃત અને ભાગવતાદિક શાસ્ત્રોના અનેક સંદર્ભોને આધારે વિસ્તૃતપણે સમજ્યા છીએ. અહીં આ પુસ્તકમાં પણ

પ્રાયઃ મોટા ભાગનાં પ્રકરણોમાં જુદા જુદા અનેક મુદ્દાના નિરૂપણ વખતે સંત-ગુરુની આવશ્યકતા વિશે આપણે સમજ્યા છીએ.

એમાંથી કેટલાક અત્યંત અગત્યના સંદર્ભોનું પુનરાવર્તન કરીને સાચા સંત-ગુરુ વગર ખામી અને તેમના યોગથી થતા લાભ દ્વારા અહીં આપણે સમગ્ર સાધનામાં સત્પુરુષની અનિવાર્યતા સમજીશું.

● સત્પુરુષ-ગુરુના યોગ વગર ખામી

પોતાની મેળે ગમે તેટલાં સાધનો કરે છતાં પણ સત્પુરુષની પ્રાપ્તિ, પ્રતીતિ અને તેમના વિશે પ્રીતિ વગર ન તો જગતમાંથી પાછી વૃત્તિ વળે, ન તો સ્વભાવ-દોષો ટળે, ન તો બ્રહ્મરૂપ થવાય કે ન તો આત્યંતિક મુક્તિ પ્રાપ્ત થાય.

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◈ "સંતના યોગ વિના સુમતિ કુમતિ થઈ જાય છે. ઋષભદેવના પુત્ર ભરતે સંપત્તિ ત્યાગી હતી, છતાં સંતના યોગ વિના વિઘ્ન થયું."

(પૂર : ૧૫, તરંગ : ૯૧)

◈ "સાચા સંત વિના ઉદ્ધાર થાય નહિ." *(પૂર : ૧૭, તરંગ : ૧૭)*

વળી, તેઓ **વચ. વર.૧૧**માં કહે છે : "જ્યાં સુધી એ સત્પુરુષનો મહિમા એને ન જણાય, ત્યાં સુધી બ્રહ્મરૂપને વિષે સ્થિતિ પણ ન થાય."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◈ "સત્પુરુષનો સંગ નથી કર્યો ત્યાં સુધી કાંઈ કર્યું નથી." *(૩/૪૮)*

◈ "મોટાનો રાજીપો થયા વિના વાસનાનું બીજ બળે નહિ." *(૪/૨૫)*

◈ "આવા સાધુના સમાગમ વિના મોક્ષ નહિ થાય." *(૬/૨૧૮)*

◈ "સાધુસમાગમ વિના કોઈ વાત સમજાય નહિ." *(૧૨/૧૬૪)*

◈ "પરમ એકાંતિકના સમાગમ વિના ભલેને ગમે તેટલાં શાસ્ત્રો ભણ્યો હોય તો પણ ખોટ ટળે નહિ." *(૧૩/૧૪૩)*

મુક્તાનંદ સ્વામી કહે છે :

◈ *મનમત્ત થઈને તું કોટિ સાધન કરે, સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વે કાચું....*

◈ *ગુરુ વિના જ્ઞાન રે, ન પામે મનમુખી રે,*
કહે છે એમ મહામુનિ વેદપુરાણ રે...

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

◆ *જેમ નાવ વિના નીરનિધિમાં, નથી તરવા અન્ય ઉપાય;*
તેમ સંત વિના સંસાર તરવા, શીદ ઇચ્છે કોઈ ઉરમાંય.
જેમ રવિ વિનાની રજની, જાણો નથી જાવાની જરૂર;
તેમ સંત વિના અજ્ઞાન અંધારું, કે'દિ ન થાયે દૂર.
જેમ વરસાત વિના વસુંધરા, સદાયે સૂકી રહે;
તેમ સંત વિના જીવ જગતના, કહો સુખ ક્યાંથી લહે.

(વચનનિધિ : ૨૬)

બ્રહ્માનંદ સ્વામી કહે છે :

◆ *જ્ઞાન ધ્યાન ગુરુ બિન મિલે નાહીં કાહું ઠોર;*
ગુરુ બિન આતમ-વિચાર કિત પાવહિ.
અંતરપ્રકાશ ભ્રમનાશ નાહીં ગુરુ બિન;
ગુરુ બિન કુન સત્ય બાતકું સુનાવહિ.
પ્રેમ નિમ શીલ રુ સંતોષ નાહીં ગુરુ બિન;
ગુરુ બિન મનહું કું, ઠોર કૌન લાવહિ.
કહત હૈ બ્રહ્માનંદ અંતર વિચાર દેખો;
ગુરુ બિન કુન ભવ-સંકટ મિટાવહિ.

◆ *સતસંગ વિના, જન્મ-મરણ ભ્રમજાળ મટે નહીં જંતને;*
મન માન તજી, તે માટે શરણે જઈ રહીએ સંતને...
જો અડસઠ તીરથ ફરી આવે, નિત્ય નિગમ વિધિ કરી કરી ના'વે;
તેનું જીવપણું કેદી નવ જાવે....સતસંગ. ૧
જો ઇડા પિંગલાની ખબર જડે, કરી આગ્રહ તેની કેડે પડે;
તેના ચિત્તને બમણો ફેર ચડે....સતસંગ. ૨
કોઈ વાસ કરે જઈને કાશી, કોઈ અન્ન ન ખાય રહે ઉપવાસી;
એ મનની છે સરવે હાંસી....સતસંગ. ૩

શંકરાચાર્ય કહે છે :

षडङ्गादिवेदो मुखे शास्त्रविद्या कवित्वादि गद्यं सुपद्यं करोति ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किं ॥

શિક્ષા નિરુક્તાદિક છ અંગ સહિત વેદો અને શાસ્ત્રમાત્રની વિદ્યા

કંઠસ્થ હોય, પોતે જ ગદ્ય-પદ્યમાં રચના કરતો હોય, પણ જેણે ગુરુનાં ચરણોમાં મન લગાડ્યું નથી તો તેથી શું ? તેથી શું ? તેથી શું ? તેથી શું ? (અર્થાત્ અન્ય બધું જ નિરર્થક છે.)

આમ, શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, સર્વે શાસ્ત્રો અને મહાન સંતોનો એક જ અભિપ્રાય છે કે સત્પુરુષ-ગુરુ વગર કસર ટળે તેમ નથી, મોક્ષ થાય તેમ નથી. એટલે જ મોક્ષના દ્વારરૂપ સાચા સંતમાં જેને આત્મબુદ્ધિ નથી તેને માટે શ્રીમદ્ ભાગવત કહે છે :

"જે મનુષ્યને (વાત, પિત્ત અને કફ એ) ત્રણ ધાતુઓ રૂપી મૂળ કારણવાળા શરીરમાં 'આ હું' આવી આત્મબુદ્ધિ છે; સ્ત્રી-આદિ વિશે 'આ મારા' એવી પોતાના તરીકેની બુદ્ધિ છે; માટીની વિકારમૂર્તિ વગેરેમાં 'આ મારા પૂજ્ય દેવ' એવી દેવબુદ્ધિ છે; અને પાણીમાં 'આ તીર્થ' એવી તીર્થબુદ્ધિ છે; પણ તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષો ઉપર આત્મબુદ્ધિ, સ્વબુદ્ધિ, પૂજ્ય-બુદ્ધિ, તીર્થબુદ્ધિ નથી, તે ખરેખર પ્રાણીઓમાં પણ કનિષ્ઠ ખર (ગધેડો) જાણવો." *(ભાગવત : ૧૦/૮૪/૧૩)*

● સત્પુરુષ-ગુરુના યોગથી લાભ

સત્પુરુષનો યોગ થવાથી અને એમનો સમાગમ કરવાથી આધ્યાત્મિક દૃષ્ટિએ અનેક પ્રકારના લાભ થાય છે. જેમ કે,

(૧) આત્મા-પરમાત્માનું જ્ઞાન અને તેમનો સાક્ષાત્કાર થાય

શ્રીજીમહારાજ કહે છે :

મ.૧૩ – "આવી ભગવત્સ્વરૂપ-સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."

અં.૨૭ – "શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય, માટે એવા સંતનાં વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો."

સત્‌શાસ્ત્રોમાં કહ્યું છે :

◆ "તેનું (આત્મા-પરમાત્માનું) જ્ઞાન પ્રાપ્ત કરવા માટે હાથમાં સમિધા લઈને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે જ જવું જોઈએ."

(મુંડકોપનિષદ : ૧/૨/૧૨)

◆ "તે જ્ઞાનનો તને તત્ત્વદર્શી જ્ઞાનીઓ ઉપદેશ કરશે. તેમને પ્રણામ કરી, તેમની સેવા કરી, તેમને પ્રશ્નો પૂછી તે જ્ઞાન તું જાણી લે."

(ગીતા : ૪/૩૪)

◆ "હે રહુગણ રાજા ! આ સત્યસ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ, મહાપુરુષોની ચરણરજની સેવા કર્યા વિના કેવળ તપથી, યજ્ઞ-યાગથી, અતિથિ વગેરેને અન્ન આપવાથી, ઘેર રહી પરોપકાર કરવાથી, વેદોનું અધ્યયન કરવાથી, જળ-અગ્નિ-સૂર્યની ઉપાસના કરવાથી પણ થતી નથી." *(ભાગવત : ૫/૧૨/૧૨)*

◆ "અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થઉં છું."

(ભાગવત : ૧૧/૧૨/૧,૨)

વળી, મહારાજે **વચ. કા.૧૨** અને **વચ.વર.૧૨**માં સંતના વચને કરીને પરમેશ્વરના સ્વરૂપને ઓળખવાની વાત કરી છે, તો **વચ. પ્ર.૧,૨૧,૫૧**માં સાધુના સંગથી ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજાય છે એમ કહ્યું છે.

આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનો અનિવાર્ય ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ વચ. વર.૧૧માં કહે છે : "સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે, અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે."

(૨) સ્વભાવ, દોષો, વાસના, પાપ ટળે, બ્રહ્મરૂપ થવાય

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૮ – "જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે."

પ્ર.૫૫ – "જો મોટાપુરુષની સેવામાં ખબડદાર થઈને રહે, તો એનાં

પાપ બળીને ભસ્મ થઈ જાય."

પ્ર.૫૮ – "અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."

મ.૭ – "વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, 'આ બીચારો વૈરાગ્યરહિત છે, તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે."

મ.૨૫ – "જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે."

વ.૧૪ – "સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે ને તેને સમાધિ થઈ જાય છે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય, એમ મહિમા જાણવો." *(૧/૩૦)*

◆ "સાધન કરી કરીને મરી જાય તોપણ વાસના ટળે નહિ. એ તો મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે છે." *(૧/૭૦)*

◆ "કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો." *(૧/૧૧૯)*

◆ "આવા સાધુનું દર્શન તો પંચ મહાપાપને પણ બાળી નાખે એવું છે." *(૧/૧૨૭, ૬/૧૮૨)*

◆ "મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે." *(૩/૬૦)*

◆ "મોટા સાથે જીવ જોડે ત્યારે દોષ ટળી જાય છે ને તેના ગુણ આવે છે." *(૪/૧૧૦)*

◆ "જેટલો સમાગમ થશે તેટલી વાસના મોળી પડશે." *(૯/૩૪૪)*

◆ "આ સંત સાથે જોડાણ વિના ને આમાં જીવ બાંધ્યા વિના કોટિ કલ્પ સુધી સર્વે પ્રકારે નિર્દોષ થવાશે નહિ." *(૧૪/૮૫)*

ભગતજી મહારાજ કહે છે :

◆ "ભગવાનના અખંડ સંબંધવાળા જે એવા સત્પુરુષ છે તે જ ભગવાનનું સ્વરૂપ છે અને પૃથ્વી ઉપર ભગવાનનું પ્રગટપણું પણ તેવા સત્પુરુષ દ્વારે જ છે. માટે આવા સત્પુરુષને ઓળખી તેમનો સમાગમ જો કરીએ તો અનંત પ્રકારના દોષો જીવમાં રહ્યા છે તેને કાઢીને શુદ્ધ કરી, જીવને બ્રહ્મરૂપ કરી મેલે છે." *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત; પૃષ્ઠ : ૧૬૯)*

◆ "સંતનો મન, કર્મ, વચને આશ્રય કરવો એટલે સ્થિતિ તત્કાળ થઈ જાય, કારણ કે એવા સંતને આવરણ ભેદવાની ગતિ છે. તેથી પોતાના સંબંધથી પંચ વિષય થકી નિવૃત્તિ પમાડી, નિર્વાસનિક કરી, જીવને બ્રહ્મરૂપ કરી મૂકે છે અને ચૈતન્યમાં ભગવાનની મૂર્તિ અખંડ પધરાવી દે છે. પછી એ ભક્તને જવા-આવવાનું રહેતું નથી અને અક્ષરધામમાં જ બેઠો છું એવો છતી દેહે જ તેને અનુભવ થાય છે." *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૨૧૧)*

શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે :

◆ "ભગીરથનાં તપથી પ્રસન્ન થઈને ગંગાજી પૃથ્વી ઉપર આવવા સંમત થાય છે, ત્યારે તેમને પ્રશ્ન થયો કે મારામાં બધાં પાપ ધુએ પણ પાપયુક્ત મને કોણ પવિત્ર કરશે. ભગીરથ ગંગાજીને કહે છે : 'સર્વ સંગને તજનારા, શાંત, બ્રહ્મનિષ્ઠ અને લોકોને પવિત્ર કરનારા સત્પુરુષો તમારા અંગનો સ્પર્શ કરી તમારાં પાપો દૂર કરશે. કેમ કે, તેવા સત્પુરુષોમાં પાપોને નાશ કરનારા શ્રીહરિ બિરાજે છે." *(ભાગવત : ૯/૯/૬)*

◆ "શ્રીકૃષ્ણ ભગવાન નારદ, વ્યાસ, ભૃગુ વગેરે સંતો-મહાત્માઓનો મહિમા કહેતાં કહે છે : 'જળમય તીર્થ અને પથ્થરમય દેવતા નથી હોતા એમ નથી (અર્થાત્ છે જ), પરંતુ તેઓ ઘણે કાળે પવિત્ર કરે છે, જ્યારે સત્પુરુષો તો દર્શનથી જ પવિત્ર કરે છે." *(ભાગવત : ૧૦/૮૪/૧૧)*

◆ "શંકર ભગવાન માર્કંડ મુનિને કહે છે : 'મોટા મોટા મહાપાપી

અને અંત્યજ પણ તમારા જેવા મહાપુરુષોનાં ચરિત્રશ્રવણ અને દર્શનથી જ શુદ્ધ થઈ જાય છે, તો પછી તમારાં વચનો, સહવાસ વગેરેથી શુદ્ધ થઈ જ જાય એમાં તો કહેવું જ શું ?" *(ભાગવત : ૧૨/૧૦/૨૫)*

◆ મુક્તાનંદ સ્વામી કહે છે :

સુખદાયક રે, સાચા સંતનો સંગ, સંત-સમાગમ કીજીએ....
જી રે સંત-સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે,
ઈર્ષ્યા અભિમાન, મોહ મત્સર મમતા બળે;
પ્રગટે ઉરમાં રે, પ્રભુનું દૃઢ જ્ઞાન....

◆ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

મન-મોહ ટળે, રામ મળે નિર્મળ હરિજનના સંગથી;
ઉરગ્રંથિ ગળે, અવિદ્યાનાં આવરણ સર્વે નાસે અંગથી....
જે સંત-સભામાંહી ચલી આવે, તેનું જીવપણું તત્ક્ષણ જાવે;
તે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ ગાવે....મન.

(૩) ભાગવત ધર્મ કે એકાંતિક ધર્મ સિદ્ધ થાય, કલ્યાણકારી ગુણો આવે

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ અર્થાત્ એકાંતિક ધર્મનું પોષણ અને તેની સિદ્ધિનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૫૪ – "સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે."

પ્ર.૬૦ – "આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે."

પ્ર.૭૮ – "જે ત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન-કર્મ-વચને એનો સંગ કરે તો એ સંગના કરનારાને વિષે પણ એ ત્રીસ લક્ષણ આવે છે. એવી રીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છે જે,

'સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે.''

સા.૧૮ – ''જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે.''

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◈ ''ભગવાનમાં જોડાણા હોય ને ભગવાનની આજ્ઞામાં રહેતા હોય ને ભગવાનની મરજીને જાણતા હોય એવા સાધુ સાથે પોતાના જીવને બાંધવો. તે થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા સહિત ઉપાસના એ સર્વે ગુણ પમાય, પણ તે વિના ક્યાંથી પમાય ?'' *(૧/૭)*

◈ ''એક તો યજ્ઞ કરે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે તેમાં બહુ દાખડો, કેમ જે, કોઈક બાંધે તો યજ્ઞ અધૂરો રહે. ને એક તો ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ કરી લે... ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં છે તે શીખવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે.'' *(૧/૧૭૧)*

ભગતજી મહારાજ કહે છે :

◈ ''ભગવાન છે તે સૂર્યને ઠેકાણે છે અને સત્પુરુષ છે તે કાચને ઠેકાણે છે અને મુમુક્ષુ રૂના પૂંભડાને ઠેકાણે છે. તેથી જેમ કાચ છે તે સૂર્યના બધા ગુણ પોતામાં ઝીલીને તેની નીચે રહેલા રૂના પૂંભડારૂપી મુમુક્ષુમાં અગ્નિ પ્રગટાવી દે છે, તેમ એવા સત્પુરુષનો જે ભાવે કરીને આશ્રય કરે છે, તેનામાં ભગવાનના સર્વે ગુણ તે સત્પુરુષ પ્રગટાવી દે છે.''

(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૧૬૯)

◈ ''એકાંતિકમાં જ્યારે મન, કર્મ અને વચને જોડાઈ જાય અને તેને સર્વ દોષે રહિત અને સર્વજ્ઞ જાણે તો જ એકાંતિક ધર્મ પમાય છે. એ સિવાય બીજા કોટિ ઉપાયે પણ પમાતો નથી.'' *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૨૮૫)*

આ ઉપરાંત એકાંતિક ધર્મના અંગરૂપ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાંના પ્રત્યેક અંગને સિદ્ધ કરવા માટે સંતની આવશ્યકતા છે, જેનું નિરૂપણ આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં એકાંતિક ધર્મના નિરૂપણ વખતે કરી ચૂક્યા છીએ.

(૪) આત્યંતિક મુક્તિ-મોક્ષ થાય

મોક્ષનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૫૪ – "જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

'પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥'

'જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે. તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે."

પ્ર.૭૮ – "જેમ સંત કહે તેમ જ સંશયરહિત થકો કરે એ જ જીવને મોક્ષનો હેતુ છે."

અં.૨ – "તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને જ્યારે આવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે, માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે."

વર.૪ – "ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "આવા સાધુના સમાગમમાં મોક્ષ છે." *(૬/૧૧૩)*

◆ "જે દિ' તે દિ' સાધુથી જ મોક્ષ થાય છે." *(૬/૧૬૫)*

સર્વ શાસ્ત્રના સાર - પરમ રહસ્યરૂપ વાત સમજાવતાં શ્રીજીમહારાજ **વચ.મ.૨૮**માં કહે છે : "આ વાર્તા (ભગવાનને રાજી કરવા માટે ભગવાનના ભક્તની મન-કર્મ-વચને સેવા કરવી) જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને, તેનું સાર કાઢીને આ વાર્તા કરી

છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે. અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે.''

આ કલ્યાણાર્થે લખાયેલ શાસ્ત્રમાત્રના પરમ રહસ્યરૂપે સાર છે. એમાંથી આવું રહસ્ય શોધનાર પણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. '**વચનામૃત રહસ્ય : ભાગ-૪**'ની શરૂઆતમાં સ્વામિનારાયણીય સાધનાની વિશેષતામાં એમનાં દિવ્ય અને અલૌકિક વ્યક્તિત્વનું નિરૂપણ કરેલું છે. કેવી એમની સર્વોત્કૃષ્ટ સ્થિતિ ? કેવું એમનું સ્થિર, ધીર, ગંભીર, નિર્લેપ, નિર્ભય, અનાસક્ત મન !! આવા મનથી એમણે રહસ્ય શોધી કાઢ્યું છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના સર્વે મુમુક્ષુઓ માટે આ જીવનદોરીરૂપ વાતની નક્કરતા, સચ્ચાઈ અને પ્રમાણભૂતતા કેવી અદ્વિતીય છે. એમણે કેવો સરળ, સુગમ છતાં ઝડપી મોક્ષનો માર્ગ આમાં બતાવી દીધો છે !!

(૫) સાધનાનો ઉત્કૃષ્ટ આદર્શ પ્રાપ્ત થાય

અધ્યાત્મસાધનામાં સાધના કરનારને માટે સતત પ્રેરણા મળતી રહે, હિંમત અને શ્રદ્ધા પ્રજ્વલિત થતી રહે, નવું બળ અને પ્રોત્સાહન પ્રાપ્ત થતું રહે, સંઘર્ષો અને દ્વન્દ્વોમાં સમાધાન મેળવી સમતા અને સ્થિરતા રાખવાની શીખ મળતી રહે તે માટે પણ સાધનાના ઉત્કૃષ્ટ આદર્શરૂપ ગુરુની આવશ્યકતા રહે છે. સાધનાનાં જે કંઈ સોપાનો કે પગથિયાંઓ છે, તેના પર કેવી રીતે ચઢાણ કરવું, પ્રત્યેક સોપાનને કેવી રીતે સર કરવું, આંતર-બાહ્ય સંઘર્ષો વચ્ચે કેવી રીતે ટકી રહેવું એ બધી જ પ્રેરણા મળતી રહે તે માટે જીવંત આદર્શની જરૂર પડે. શાસ્ત્રોમાં તો બધી વાત લખી હોય, પરંતુ શાસ્ત્રોની વાતોને જેમણે પોતાના જીવનમાં આત્મસાત્ કરી હોય તેમના જીવન સામે દૃષ્ટિ કરવાથી એ માર્ગે ચાલવાની વધારે પ્રેરણા મળે છે. ગમે તેવા કઠણ સંજોગોમાં પણ આ દેહે સાધના થઈ શકે છે; સાધના અંતર્ગત તપ, સેવા, નિયમધર્મ, આજ્ઞાપાલન, દિવ્યભાવ, સહિષ્ણુતા, માન-અપમાનમાં એકતા, માનવીય સંબંધો, પંચ વિષયથી નિર્લેપપણું, સખત પુરુષાર્થ જેવા અનેક સદ્‌ગુણો આત્મસાત્ થઈ શકે છે એવો એક આત્મ-વિશ્વાસ પ્રગટ થાય. જો એવા કોઈ ગુરુ ન હોય, તો સાધનાની ગહન વાતો

ગગનકુસુમ જેવી અશક્ય લાગે.

વળી, શિલ્પી જેમ મૉડેલને જોઈ જોઈને મૂર્તિ કંડારે છે તેમ સાધક પણ સત્પુરુષના જીવનને જોઈને પોતાની સાધનામાં પ્રગતિ કરી શકે છે, પોતાનું સાચું ઘડતર કરી શકે છે, ઉત્કૃષ્ટસ્થિતિએ પહોંચી શકે છે.

અગાઉ આપણે 'સ્વામિનારાયણીય સાધનાની વિશેષતા'માં સમજી ચૂક્યા છીએ કે સ્વામિનારાયણીય સાધનામાં સત્પુરુષ ફક્ત સાધનાનું આદર્શ મૉડેલ જ નથી, પરંતુ તેઓ તો ડગલે ને પગલે માર્ગદર્શન આપે છે, મૂંઝવણોનો ઉકેલ આપે છે, આંતર-બાહ્ય સંઘર્ષો સામે ટકી રહેવાનું બળ આપે છે, સ્વભાવ-દોષો ટાળવાના પુરુષાર્થમાં શ્રદ્ધા, ધીરજ, હિંમત પૂરી પાડે છે, પોતાની કૃપાદૃષ્ટિથી સ્વભાવોને ટાળે છે, બ્રહ્મરૂપ કરે છે, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને જીવન્મુક્તની સ્થિતિએ પહોંચાડે છે. સત્પુરુષ ક્યારેક સાધકની આગળ ચાલીને સાધનાની કેડી બતાવે છે, ક્યારેક સાધકની સાથે ચાલીને નિર્ભયતા બક્ષે છે, તો ક્યારેક સાધકનું બાવડું પકડીને સાધનાને માર્ગે પોતે જ દોરી જાય છે, ખેંચી જાય છે અને ક્યારેક તો માતા જેમ બાળકને ઊંચકે તેમ સાધકને ઊંચકીને સાધનામાં આવતા ખાડા-ટેકરા પાર કરાવીને, અંતે ભવસાગરને પેલે પાર ભગવાનના ખોળામાં બેસાડી દે છે. અનુભવી ગુણાતીત સત્પુરુષ પોતે જ સાધનરૂપ થઈને સાધ્યને પમાડે છે. તેથી સાધક માટે સાધના સરળ બની જાય છે.

આ રીતે અધ્યાત્મસાધનાના પ્રત્યેક પગથિયે સંત-ગુરુની આવશ્યકતા રહે છે. સાધનાની શરૂઆતથી માંડીને સાધનાની સિદ્ધિ સુધી ગુરુની પ્રેરણા અને કૃપાની જરૂરિયાત પડે છે. અધ્યાત્મમાર્ગે મુમુક્ષુ પ્રયાણ કરે તે માટે જરૂરી સંસ્કાર પણ સત્પુરુષ થકી જ થાય છે એમ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. અં.૨**માં કહે છે : "અમને તો એમ ભાસે છે જે, પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે."

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં સત્પુરુષ, ગુરુની આવશ્યકતા વિષે કહે છે :

◆ "સત્પુરુષના સંગથી અસત્ શાસ્ત્ર અને અસત્ મતમાં પ્રીતિ નાશ પામે છે અને સત્શાસ્ત્રમાં તથા તીર્થ-વ્રતાદિકમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. સત્-

અસત્‌નું જ્ઞાન થાય છે. ભગવાનને અંતર્યામી સમજે છે. પ્રતિમામાં શ્રદ્ધા બેસે છે. એવા જનો મરીને મોક્ષ પામે છે.'' *(પૂર : ૧૫, તરંગ : ૮૦)*

◆ ''સાચા ગુરુ ભવબંધનમાંથી છોડાવે છે.'' *(પૂર : ૨૩, તરંગ : ૪૧)*

સત્પુરુષ-ગુરુના સમાગમમાં આવવાથી, તેમનો મન-કર્મ-વચને પ્રસંગ કરવાથી, તેમને વિશે દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ કરવાથી જ તેમની પ્રેરણા અને કૃપાથી સુષુપ્ત મુમુક્ષુતા જાગે છે, અધ્યાત્મસાધના કરવાની ઈચ્છા થાય છે, તીવ્ર ઝંખના જાગે છે, સાચો અધ્યાત્મમાર્ગ સમજાય છે, એ માર્ગે ચાલવાનો પ્રયત્ન થાય છે, ભગવાનનું સ્વરૂપ સમજાય છે, સ્વભાવ, દોષો કે વાસના સામે યુદ્ધ કરવાની શક્તિ, ધીરજ અને શ્રદ્ધા મળે છે, સર્વે દોષો ટળી જાય છે, અનેક કલ્યાણકારી ગુણો પ્રાપ્ત થાય છે, એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે, આત્મપરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, છતી દેહે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે અર્થાત્ જીવન્મુક્ત થવાય છે અને અંતે વિદેહમુક્તિમાં અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

● સત્પુરુષના સમાગમની મહત્તા

સત્પુરુષના સમાગમથી જ અધ્યાત્મસાધનાની સફળતા થતી હોવાથી શ્રીજીમહારાજ **વચ. પ્ર.૧૪**માં સંત-સમાગમને ચિંતામણિ અને કલ્પવૃક્ષ સાથે અને **વચ. સા.૭**માં નૈમિષારણ્ય ક્ષેત્ર સાથે સરખાવે છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ સંત-સમાગમનો મહિમા સમજાવતાં કહે છે :

◆ ''અમે તપાસ કર્યો જે, સર્વનો સિદ્ધાંત સાધુનો સંગ જ છે.'' *(૧/૩૫)*

◆ ''સર્વ સાધન કરતાં સંગ બળવાન છે. કેમ જે, સંગ થકી જ સર્વ વાત થાય છે, પણ સંગ વિના કોઈ કામ થાતું નથી. માટે સર્વમાં પ્રથમ સંગ મુખ્ય છે. ને મોક્ષનો માર્ગ પણ સંગ થકી સમજાય ને વ્યવહારમાર્ગ પણ સંગ થકી આવડે છે. માટે સંગની બરોબર કોઈ સાધન નથી. દેશકાળાદિક આઠ કહેવાય છે, તેમાં પણ સંગને મુખ્ય કહે છે; તથા નવ પ્રકારની ભક્તિમાં પણ શ્રવણભક્તિને મુખ્ય કહી છે, તે પણ સંગ થકી આવે છે અને શિક્ષાપત્રીમાં પણ 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો' એમ કહ્યું છે ને વચનામૃતમાં પણ સંગનું અધિકપણું બહુ ઠેકાણે કહ્યું છે. માટે સર્વ શાસ્ત્ર સત્પુરુષનો સંગ કરવાનું પ્રતિપાદન કરે છે.'' *(૨/૧)*

◆ "ચાર ઘાંટીયું છે તેને ઓળંગવી, એ કરવાનું છે. તેમાં એક તો ભગવાનની ઉપાસના સમજવી, બીજું સાધુ ઓળખવા, ત્રીજું દેહ-આત્મા જુદા સમજવા ને ચોથું ઉત્તમ ભોગમાંથી રાગ ટાળવો, તે કરવું. તેમાં સર્વેનું કારણ સાધુ છે." *(૨/૯૬)*

◆ "ગમે તેવું ઉત્તમ સ્થાન હોય તેમાં જઈને રહે તોપણ જીવ વૃદ્ધિ પામે નહિ, એ તો સારા સંતને સંગે જ સમાસ થાય, પણ તે વિના ન થાય." *(૨/૧૫૩)*

◆ "આ સાધુનો સમાગમ કરશું તો આફુડું ભગવાનના ધામમાં જવાશે." *(૯/૩૦૩)*

◆ "સાધુ-સમાગમ જેવું કાંઈ બળવાન સાધન નથી." *(૧૧/૧૬૮)*

◆ "સાધુ-સમાગમ વિના કોઈ વાત સમજાય નહિ." *(૧૨/૧૬૫)*

◆ "પરમ એકાંતિકના સમાગમ વિના ભલેને ગમે તેટલાં શાસ્ત્ર ભણ્યો હોય તોપણ ખોટ ટળે નહિ." *(૧૩/૧૪૩)*

◆ "ખરેખરા એકાંતિક ભક્તમાં આત્મબુદ્ધિ કરવી, એવું કોઈ સાધન બળિયું નથી." *(૧૩/૧૯૪)*

◆ "સર્વે વાત શીખ્યાનું મૂળ તો એકાંતિકનો સમાગમ જ છે. *(૧૪/૧૯૦)*

◆ "જેમ ભગવાનના મહિમાનો અવધિ નહિ, તેમ સાધુના સમાગમનો પણ અવધિ નહિ. માટે પરમ એકાંતિક એવા જે સાધુ તેનો સમાગમ કરવો, કરવો ને કરવો જ." *(૧૫/૨૪)*

ભગતજી મહારાજ સત્પુરુષની આવશ્યકતા અને મહત્તા વિષે કહે છે :

◆ "જો ખરેખરા સત્પુરુષ મળ્યા હશે તો ઇન્દ્રિયોની ધારા કુંઠિત થશે અને જગતના ઘાટ ઓછા થશે, એટલું તો એની સમીપમાં આવવાથી થાય છે. ત્યારે તેનો જો નિરંતર સમાગમ કરીએ તો શું ન થાય ? એ વિચારવું રહ્યું. એવા સંત તો દેહ, ઇન્દ્રિયો અને મનના ભાવથી જોતજોતામાં પર કરી પોતાના ભાવને પમાડી દે. આ તો બહુ મોટી પદવી પામવાનું દ્વાર છે."

(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૪૧૦)

◆ "શ્રીજીમહારાજે કલ્યાણ તો સત્પુરુષ દ્વારાએ જ રાખ્યું છે, માટે એવા સત્પુરુષ જ્યારે મળે ત્યારે તેમાં સર્વ પ્રકારે જોડાઈ જવું, જેથી તે

મહારાજમાં જોડી દે." *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૪૬૬)*

◆ "સત્પુરુષમાં જોડાવાથી જ સર્વે અર્થ સરે છે, પણ તેનાથી ભડકાટ થશે તો ફેરો ફોગટ જ સમજવો." *(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૫૧૦)*

શાસ્ત્રીજી મહારાજ સત્પુરુષથી થતા લાભ વિષે કહે છે :

◆ "ભગવાનના સંબંધવાળા જે સત્પુરુષ હોય તેમને વિશે આત્મબુદ્ધિ કરવાથી, ભગવાનને પામવાનો આ યોગ જલદી સિદ્ધ થાય છે. એ જ સત્સંગ છે અને એ દ્વારે જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે."

(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૧/૩૯૪)

◆ "સત્પુરુષને શરણે જવું એ જ હરિનો મારગ છે, એ જ કલ્યાણનું દ્વાર છે, કારણ કે સત્પુરુષ માયાથી મુકાવીને ભગવાનને પમાડે છે."

(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૨/૩૫)

બ્રહ્માનંદ સ્વામી કહે છે :

◆ *સંત પરમ હિતકારી, જગત માંહી....*
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી...જગત.૧
પરમકૃપાલુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી...જગત.૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી...જગત.૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી...જગત.૪

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

◆ *સંત કૃપાએ સુખ ઊપજે, સંત કૃપાથી સરે કામ;*
સંત કૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ.
સંત કૃપાએ સદ્‌મતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ;
સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કુણ.
સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવાન;
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન.
જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન;
સર્વે કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન.

(ભક્તચિંતામણિ : ૨)

ઉપરોક્ત સર્વે સંદર્ભોના સારરૂપે એટલું તો નિશ્ચિતપણે કહી શકાય કે અધ્યાત્મસાધનામાં સાચા સંત અનિવાર્ય છે.

૯.૨ સત્પુરુષ - સાચા ગુરુની ઓળખાણ

અધ્યાત્મના માર્ગે સાધનાની સિદ્ધિ માટે ગુરુની આવશ્યકતા છે તે આપણે સમજ્યા, પરંતુ કેવા ગુરુની આવશ્યકતા છે એ પણ સમજવું જરૂરી છે.

લૌકિક વિદ્યાની પ્રાપ્તિ માટે આપણને સૌને સ્પષ્ટપણે સમજાય છે કે જેણે જે વિદ્યા પ્રાપ્ત કરી હોય તેના થકી તે જ વિદ્યા પમાય છે. એન્જિનિયર પાસેથી ડૉક્ટરની વિદ્યા ન મળે, તેમ જ ડૉક્ટર પાસેથી એન્જિનિયરની વિદ્યા ન મળે. ડૉક્ટર થવા માટે ડૉક્ટર, એન્જિનિયર થવા માટે એન્જિનિયર, વકીલ થવા માટે વકીલ અને સંગીત શીખવા માટે સંગીતકારની જરૂર પડે. આ અને આ જેવી અનેક પ્રકારની વિદ્યા સંપાદન કરવા માટે જે તે વિદ્યાના નિષ્ણાત શિક્ષકની જરૂરિયાત પડે છે. એવી જ રીતે જીવનમાં બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવા માટે બ્રહ્મવિદ્યાના નિષ્ણાત સત્પુરુષની આવશ્યકતા રહે છે. જે તે વિદ્યાના શિક્ષકોની યોગ્યતા અને ક્ષમતામાં પણ અનેક પ્રકારના ભેદ હોય છે. જે તે વિદ્યાના ઉત્કૃષ્ટ શિક્ષક મળે તો જ જે તે વિદ્યામાં નિપુણ થવાય. એવી જ રીતે અધ્યાત્મ, પરા કે બ્રહ્મવિદ્યાના ભોમિયા કે શિક્ષકોમાં પણ અનેક પ્રકારના ભેદ હોય છે. કેટલાક તો દંભી, કપટી અને ખોટા ગુરુ થઈને છેતરપીંડી કરતા હોય છે. એવા થકી મોક્ષને બદલે બંધન, પ્રગતિને બદલે અધોગતિ જ પ્રાપ્ત થાય છે.

તેથી સંગ કરવામાં વિવેક રાખવાનું ગુણાતીતાનંદ સ્વામી શીખવે છે :

◆ "જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ." *(૧/૨૩૮)*

◆ "તે સંગ કરવો, તેમાં પણ જેવા પુરુષનો સંગ થાય તે થકી તેવો સમાસ થાય છે. ને સર્વદેશી પુરુષનો સંગ થાય તો સર્વદેશી જ્ઞાન પ્રાપ્ત થાય છે. ને એકદેશી સંગ થકી સર્વ જ્ઞાન પમાય નહિ. કેમ જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા આદિકમાંથી જેને જે અંગ મુખ્ય હોય તેના સંગ થકી તે વાત સમજાય, અને સર્વે અંગે સંપૂર્ણ હોય તેના સંગથી સર્વે વાત સમજાય છે. માટે સર્વદેશી સંગ મળવો બહુ દુર્લભ છે. અને સંગ કરવો તેમાં ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી. તેની વિક્તિ જે, એક તો તેનું પંડનું વર્તન હોય તેનો તપાસ કરવો. બીજું તેણે જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું ને

ત્રીજું તેના સંગ થકી જે થયા હોય તેને જાણવા, એમ તપાસ કરવો.'' (૨/૧)

◆ ''સંગ તો કેવો છે ? તો એને લોભાદિક દોષ ન મૂકવા હોય તોપણ મુકાઈ જાય. ને જો દોષ મૂકવા હોય તોપણ જો ઊતરતો સંગ થઈ જાય તો મૂળગા દોષ વધી જાય, એમ સંગમાં રહ્યું છે.'' (૨/૧૭૫)

◆ ''સંગ ત્રણ પ્રકારનો છે, તેમાં વિષયનો સંકલ્પ ન હોય તે ઉત્તમ, ને વાસનાને દબાવીને આજ્ઞામાં વર્તે તે મધ્યમ, ને આજ્ઞા લોપે તે અધમ.'' (૪/૭૭)

◆ ''સંગનો ભેદ એમ છે જે, સો જન્મે એકાંતિક થવાનો હોય તે આજ થાય અને આ જન્મે એકાંતિક થવાનો હોય તેને પણ સો જન્મ ધરવા પડે, એ બે ભેદ છે. ત્યાં દૃષ્ટાંત દીધું જે, લાકડું ને પાણો એકબીજાને તારે ને બુડાડે.'' (૪/૧૨૮)

તેથી જ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીતપણે, સોનું ને પિત્તળ નવ હોયે એક સરખું....
હોઈ સંત અનંત ફિરે જગમેં, રહે દામ વામ જેની દગમેં;
તું ભૂલીશ મા ધોળે ભગવે....જડબુદ્ધિ.૧
અંગ ભસ્મ ઘસે શિર જૂટ જટા, ગળે માલ તિલક તન ચટાપટા;
માંહીં કામ ક્રોધ મદ મોહ ઘટા....જડબુદ્ધિ.૨

પોતાને માટે ગુરુનું પાટિયું (Title) લઈને ફરનારા આવાને સંગે કદાપિ ભવસાગર ન તરાય. જેને તરતાં ન આવડતું હોય તે તારી ન શકે. જે પોતે જ વ્યસનો, વિષયો અને વિકારોમાં ડૂબેલ હોય તે બીજાને શું તારી શકે ? જેનામાંથી સ્વભાવો, દોષો, વિકારો, વાસના અને પંચ વિષયની આસક્તિ નીકળેલ ન હોય તે બીજામાંથી કેવી રીતે કાઢી શકે ? જેને પોતાને જ આત્મા-પરમાત્માનો કોઈ પ્રકારનો અનુભવ નથી તે બીજાને કેવી રીતે અનુભવ કરાવી શકે ?

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ ''જગતના સંત અને વિપ્ર વેદ-પુરાણ ભણ્યા હોય પણ જગતમાં આસક્તિ હોવાથી શિષ્યોને પણ જગતમાં જોડે, તેનાથી જન્મ-મરણ છૂટે નહિ. સત્પુરુષનો યોગ ન મળ્યો હોય ત્યાં સુધી જગતમાં સૌ કોઈને આ

વાત સમજાય નહિ.” *(પૂર : ૮, તરંગ : ૪૮)*

કદાચ એવું બને કે કોઈ સંત કે ગુરુ દંભી કે કપટી ન હોય, પણ તેમની પૂરતી ક્ષમતા ન હોય. પોતાની યોગ્યતા કે ક્ષમતા પ્રમાણે સાધકને માર્ગદર્શન આપી શકે. એનાથી આગળની ભૂમિકાનું જ્ઞાન ન આપી શકે. જેમકે, પ્રાથમિક શાળાનો શિક્ષક સાચો હોય, પ્રામાણિક હોય, કર્તવ્ય-નિષ્ઠાવાળો હોય, પરંતુ તે હાઈસ્કૂલ કે કૉલેજના વિષયો ન ભણાવી શકે. આગળની ભૂમિકાના અભ્યાસ માટે એ પ્રકારના શિક્ષકોની જરૂર પડે. એવું જ બ્રહ્મવિદ્યાની બાબતમાં છે. જે સંત કે ગુરુ જ્યાં સુધી પહોંચેલ હોય, ત્યાં સુધીનું જ માર્ગદર્શન આપી શકે.

વળી, કોઈ આયુર્વેદિક કે હોમિયોપેથિક ડૉક્ટર હોય અથવા તો કોઈક M.B.B.S. અથવા તો M.D. સુધીના કોઈક ડૉક્ટર હોય અને તે પોતાના વિષયના સંપૂર્ણ નિષ્ણાત હોય, પ્રામાણિક હોય, કર્તવ્યનિષ્ઠાવાળા હોય, તેમ છતાં તેઓ હૃદયનું ઑપરેશન તો ન જ કરી શકે. એ માટે એમની યોગ્યતા કે ક્ષમતા નથી. એનો અર્થ એ નથી કે એ ડૉક્ટર ખોટા છે. એ ભલે સાચા હોય, પરંતુ એમની ક્ષમતાની મર્યાદા છે.

એવી જ રીતે કદાચ કોઈ સંત કે ગુરુ પવિત્ર હોય, પ્રામાણિક હોય, વર્તન પણ નિયમ-ધર્મથી યુક્ત હોય, તેમ છતાં આધ્યાત્મિકતાની સર્વોચ્ચ સ્થિતિએ ન પણ પહોંચ્યા હોય એવું બને. ભલે બાહ્ય દૃષ્ટિએ નિયમ-ધર્મ લોપતા ન હોય, જીવનમાં કોઈ પ્રકારનું કલંક પણ ન હોય; છતાં સંપૂર્ણપણે નિર્વાસનિક, નિર્દોષ ન થયા હોય; માયિક ભાવોથી, સ્વભાવોથી મુક્ત ન થયા હોય; આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર ન થયો હોય અર્થાત્ છતે દેહે જીવન્મુક્તની સ્થિતિ કે બ્રાહ્મીસ્થિતિ ન થઈ હોય; એવું પણ બને.

જો કે આ સમજવું અત્યંત કઠિન છે. એક સંત એવા છે કે જે બાહ્ય રીતે નિયમ-ધર્મે યુક્ત છે, પવિત્ર છે, નિષ્કલંક છે, છતાં અંતરમાં વાસના હોય પણ ખરી. કદાચ સ્થૂળરૂપે વાસના ન જણાય, પરંતુ વાસના કુંઠિત થઈ હોય અર્થાત્ વાસનાનાં અવ્યક્ત બીજ હજુ પડ્યાં હોય. બીજા સંત એવા છે કે એ પણ બાહ્ય રીતે નિયમ-ધર્મે યુક્ત, પવિત્ર અને નિષ્કલંક છે; પરંતુ તે અત્યંત નિર્વાસનિક છે, વાસનાનાં બીજમાત્ર નાશ પામ્યાં છે અર્થાત્ વાસના નિર્મૂળ થઈ ગઈ છે, એનું કારણદેહ પણ નાશ પામ્યું છે. આ બન્ને વચ્ચેનો ભેદ સામાન્ય લોકોને

સામાન્ય સંજોગોમાં ન સમજાય, પરંતુ જ્યારે ઉત્કૃષ્ટ વિષયનો અતિશય યોગ થાય ત્યારે બન્નેની આંતરિક સ્થિતિનો ખ્યાલ આવી જાય. જે સંત બ્રાહ્મીસ્થિતિએ યુક્ત નિર્વાસનિક નથી તે આવા પંચ વિષયના યોગમાં લેવાઈ જાય, ફસાઈ જાય એ નિશ્ચિત વાત છે (**વચ. પ્ર.૨૩; લો. ૧૩; મ.૩૦,૩૫; વર. ૨૦; અં. ૩૩,૩૮**). સૌભરી, એકલશૃંગી, વિશ્વામિત્ર, પરાશર વગેરે ઋષિઓને જ્યાં સુધી વિષયનો યોગ ન હતો ત્યાં સુધી તો એમનું જીવન પવિત્ર અને નિષ્કલંક હતું. તેઓ નિર્વાસનિક જેવા લાગતા હતા, પરંતુ વસ્તુતઃ એવી સ્થિતિ નહોતી તો વિષયનો યોગ થવાથી એમાં લેવાઈ ગયા.

શ્રીજીમહારાજ **વચ. લો.૧૬**માં જેની વાસના કુંઠિત નથી થઈ, જેની કુંઠિત થઈ છે અને જેની નિર્મૂળ થઈ છે, એનાં લક્ષણો જણાવતાં કહે છે :

"જેની વાસના કુંઠિત ન થઈ હોય તેની ઇન્દ્રિયોની વૃત્તિ વિષયમાં ચોંટી જાય, તે પાછી વિચારે કરીને પણ નીસરે નહિ. અને જેને કુંઠિત વાસના થઈ ગઈ હોય તેની વૃત્તિ વિષયમાં તત્કાળ પ્રવેશ કરે નહિ; અને કદાચિત્ વૃત્તિ વિષયમાં પ્રવેશ કરી જાય ને તે વૃત્તિને પાછી વાળે તો તરત પાછી વળે, પણ વિષયમાં આસક્ત થાય નહિ. અને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે ને સારા-નરસા જે વિષય તે બેય સમાનપણે જણાય અને પોતે ગુણાતીતપણે વર્તે."

આ લક્ષણોને આધારે ત્રણેયના ભેદ સમજવાના છે. જેની વાસના કુંઠિત નથી થઈ તેનાથી તો કલ્યાણ ન જ થાય, પણ જેની વાસના કુંઠિત થઈ ગઈ હોય, પરંતુ સંપૂર્ણ વાસના ન ટળી હોય તેનાથી પણ આપણું સંપૂર્ણ કામ ન થાય એ હકીકત છે.

આવા સંત કે ગુરુ પણ આધ્યાત્મિકતાનાં સર્વોચ્ચ શિખરો સર ન કરાવી શકે. અધ્યાત્મની વાતો કરી શકે, કંઈક માર્ગદર્શન આપી શકે, કંઈક વર્તાવી પણ શકે, પરંતુ આગળની વાત સિદ્ધ ન કરાવી શકે.

હવે કદાચ કોઈ સંત કે ગુરુ નિર્વાસનિક થયા હોય, સ્વભાવો-દોષોથી મુક્ત થયા હોય, જીવન્મુક્તની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી હોય તોપણ બીજાને નિર્દોષ કરવાનું, નિર્વાસનિક કરવાનું કે બ્રહ્મરૂપ કરવાનું સામર્થ્ય એમાં નથી.

જેમકે, કોઈક દરદીને કીડનીમાં પથરીનો દુખાવો હોય અથવા તો હૃદયમાં ક્યાંક તકલીફ હોય અને તે કોઈક સારા ડૉક્ટર પાસે કીડનીનું કે

હૃદયનું ઑપરેશન કરાવીને પોતાની એ તકલીફ દૂર કરે છે. ત્યાર પછી હવે એને કોઈ પ્રકારની તકલીફ નથી, તે એ પ્રકારના દુઃખમાંથી મુક્ત થઈ ગયો, પરંતુ એનો અર્થ એ નથી કે એ વ્યક્તિ બીજાની કીડનીનું કે હૃદયનું ઑપરેશન કરીને બીજાની તકલીફ દૂર કરી શકે.

એવી જ રીતે જીવન્મુક્ત થયેલ સંતમાં કોઈ સ્વભાવ, દોષ કે વાસના નથી, તેમ છતાં બીજામાંથી એ બધું કાઢવાનું એનું સામર્થ્ય નથી.

ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં કહે છે : "મૂળજી બ્રહ્મચારી જેવા સત્સંગમાં કોઈ નિષ્કામી નહિ, પણ તે બીજાને નિષ્કામી કરી શકે નહિ. પંડે નિષ્કામી હોય ને નિષ્કામીની રીતને જાણતા હોય તે બીજાને નિષ્કામી કરી શકે." *(૪/૩૧)*

આના પરથી કહી શકાય કે જીવદશામાંથી કોઈક માયાપર થયો હોય, તેમ છતાં તે બીજાને માયાપર ન કરી શકે, પરંતુ જે અનાદિ કાળથી જ માયાપર છે એવા પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ જ જીવને માયાપર કરી શકે.

આ વાસ્તવિકતાને સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. જે.૧**માં કહે છે : "જ્યારે સર્વકર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે."

અહીં પુરુષોત્તમ ભગવાનને મળેલા એટલે કે એમની સાથે જેમને અનાદિ કાળથી સાક્ષાત્ સંબંધ છે એવા અક્ષરબ્રહ્મની જ વાત છે. તેથી જેમ પુરુષોત્તમ નારાયણ જીવનાં સ્વભાવો, દોષો, વાસના આદિક દૈહિક-માયિક ભાવો ટાળીને જીવને માયાપર કરી શકે, તેમ અક્ષરબ્રહ્મ પણ જીવના માયિક ભાવો ટાળીને માયાપર કરી શકે. આ બે તત્ત્વો સિવાય બીજા કોઈનુંય એવું સામર્થ્ય નથી કે જેનાથી જીવોને માયાપર કરાવી શકે. બીજા કદાચ અન્ય સાધકોને અધ્યાત્મની વાતો કરીને અધ્યાત્મને માર્ગે ચાલવાની પ્રેરણા આપી શકે, અમુક કક્ષા સુધી પહોંચાડી શકે, કદાચ પોતે તો વિષયવાયુથી નિર્લેપ રહી શકે, પરંતુ બીજાને માયાથી મુકાવી ન શકે.

શ્રીજીમહારાજ ચાર પ્રકારના મોટાપુરુષની વાત સમજાવતાં **વચ. વર.૩**માં કહે છે : "મોટાપુરુષ પણ ચાર પ્રકારના છે : એક તો દીવા જેવા ને બીજા મશાલ જેવા ને ત્રીજા વીજળી જેવા ને ચોથા વડવાનળ અગ્નિ

જેવા. તેમાં દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય. ને મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો તેણે કરીને ઓલાઈ જાય. ને વીજળી જેવા જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય. અને વડવાનળ અગ્નિ જેવા હોય તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો નથી અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાંખે છે તે પાણી મીઠું થાય છે, તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે; તેમ એવા જે મોટાપુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાંખે છે... વીજળીના અગ્નિ જેવા તો સાધનદશાવાળા ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે એમ જાણવું.''

અહીં ખારા જીવને મીઠા કરી શકવાનું સામર્થ્ય જે સિદ્ધદશાવાળા મોટાપુરુષનું બતાવ્યું છે તે અનાદિ સિદ્ધ સાક્ષાત્ અક્ષરબ્રહ્મની જ વાત છે. આ વિષે આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૨'**માં **'પરબ્રહ્મ–પ્રગટ, પ્રત્યક્ષ'**ના પ્રકરણમાં વિસ્તૃતપણે સમજાવ્યું છે. એટલે તો **વચ. પ્ર.૭૧** પ્રમાણે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરબ્રહ્મને સાથે લઈને જ અનંત જીવોના કલ્યાણ માટે પૃથ્વી પર પધાર્યા છે.

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ જે અક્ષરબ્રહ્મને પૃથ્વી પર લાવ્યા તે ગુણાતીતાનંદ સ્વામી જ છે એવી તેમણે જ ઓળખાણ કરાવી છે અને સત્સંગમાં પણ એ નક્કર વાસ્તવિકતા સિદ્ધ છે. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એ વિષે આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૩'**ના પ્રથમ પ્રકરણમાં સાંપ્રદાયિક શાસ્ત્રોના સંદર્ભો અને ઐતિહાસિક પુરાવાઓને આધારે સમજ્યા છીએ.

માટે જેમના સંગે માયાપર થવાય, બ્રહ્મરૂપ થવાય, એવા ગુરુ-સત્પુરુષ એટલે આ ગુણાતીતાનંદ સ્વામી જ છે. યોગીજી મહારાજે વચનામૃતના આશીર્વાદમાં લખ્યું છે : ''વચનામૃત' શ્રીજીમહારાજની પરમ અમૃતવાણી છે... તેમાં મોક્ષનું દ્વાર સંતને જ કહેલ છે. તે અનાદિ સંત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે કહ્યા છે.''

આ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને તેમના પછી તેમના જ

સ્વરૂપ એવા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને અત્યારે વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એવા સાચા ગુરુ કે ગુણાતીત સત્પુરુષ છે કે જેમના દ્વારા ગમે તેવા દોષોથી ભરેલા જીવો નિર્દોષ થઈને, માયાપર થઈને, જીવન્મુક્તિ અને અંતે વિદેહમુક્તિ મેળવી શકે છે.

વળી, સાચા સંતના જે કંઈ ગુણો શ્રીમદ્‌ભાગવતાદિક પુરાણોમાં, મહાભારત, રામાયણાદિક ઐતિહાસિક શાસ્ત્રોમાં, શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કે વચનામૃતાદિક સાંપ્રદાયિક ગ્રંથોમાં તથા સંતો-ભક્તોનાં પદોમાં વર્ણવ્યા છે તે બધા જ ગુણો આપણી આ સમગ્ર અનાદિ ગુણાતીત પરંપરામાં સાહજિકપણે દેખાય છે. એમને આ બધા ગુણો સાધના કરીને સિદ્ધ કરવા પડ્યા નથી. એમને તો આ ગુણો સહજ સિદ્ધ છે. તેઓ અનાદિ કાળથી સિદ્ધ હોવા છતાં, માયાપર કે ગુણાતીત હોવા છતાં સાધકોને ઉચ્ચતમ આદર્શોની પ્રેરણા મળી રહે તે માટે સાધનાના પ્રત્યેક સોપાન પર ઉત્કૃષ્ટ સાધનાનો સર્વોચ્ચ નમૂનો પૂરો પાડ્યો છે. એમના આદર્શોને નજર સમક્ષ રાખી, એમના સમગ્ર જીવન સામે દૃષ્ટિ રાખીને, સાધક જો સાધના કરે તો ગહન સાધના તેના માટે સુગમ બની શકે તેમ છે, કારણ કે સાધકના અલ્પ પુરુષાર્થને મહદ્ માનીને આ ગુણાતીત ગુરુઓ પોતાના સહજ સામર્થ્યથી જીવની જીવદશા ટાળીને બ્રાહ્મીસ્થિતિ કરાવી દે છે.

સાધકને માટે કરવાનું એટલું રહે છે કે આવા ગુણાતીત ગુરુને ઓળખવા, એમનાં સ્વરૂપની પ્રતીતિ અને નિષ્ઠા દૃઢ કરવી, એમાં પ્રીતિ અને આત્મબુદ્ધિ દૃઢ કરવી, એમનો મન-કર્મ-વચને દૃઢ પ્રસંગ કરવો. સાધક જો આટલું કરે તો ભવસાગર તર્યાની પ્રતીતિ આવે છે, તેમના માટે મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે, તેની છતીદેહે બ્રાહ્મીસ્થિતિ-જીવન્મુક્તિની સ્થિતિ પ્રાપ્ત થાય છે. જીવનમાં કૃતાર્થતા, પૂર્ણતા, સાર્થકતા, ધન્યતા અને શાશ્વતશાંતિનો અનુભવ થાય છે. જીવનને અંતે અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. પુનઃ એને માયિક ઉપાધિ કોઈ કાળે વળગતી નથી. અક્ષરધામમાં તે પુરુષોત્તમની સન્નિધિમાં શાશ્વતસુખનો ભોક્તા બને છે.

હવે આપણે સત્પુરુષ મળ્યા અને ઓળખાયા પછી એમનો પ્રસંગ કેવી રીતે કરવો એ વિચારીશું.

૯.૩ સત્પુરુષનો પ્રસંગ

- **સત્પુરુષના યથાર્થ પ્રસંગની આવશ્યકતા**

ગુણાતીત સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયા પછી એમનો યથાર્થ લાભ તો જ મળે, જો એમની સાથે યથાર્થ જોડાણ થાય તો. પાવર હાઉસ-મંદિર કે ઘરની બાજુમાં જ હોય, પરંતુ કનેક્શન (જોડાણ) જ ન લીધું હોય તો તેનો લાભ શો ? કદાચ કનેક્શન લીધું હોય પણ ફ્યૂઝ ઊડી ગયો હોય તો ? પાંચ લાખ લિટરની પાણીની ટાંકી બાજુમાં જ હોય, પરંતુ તેનું કનેક્શન ન લીધું હોય તો પાણીનું એક ટીપુંય મળે ? કોઈક દરદી વિશ્વપ્રસિદ્ધ અને નિષ્ણાત ડૉક્ટર ભેગો આખી જિંદગી રહે, પણ એને એમનો યથાર્થ લાભ લેતાં ન આવડે તો એ દરદીને શો લાભ ?

એવી જ રીતે ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે, પરંતુ તેમની સાથે યથાર્થ જોડાણ-પ્રીતિ-આત્મબુદ્ધિ ન હોય, તેમનો યથાર્થ સંગ ન કરીએ તો વિશેષ કાંઈ લાભ થાય નહિ.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સત્સંગ થાય પણ સંગ વિના સત્સંગનું સુખ ન આવે, કેની પેઠે તો જેમ ખાધાનું મળે પણ ખાધા વિના સુખ ન આવે, જેમ લૂગડાં-ઘરેણાં મળે, તોપણ પે'ર્યા વિના તેનું સુખ ન આવે, તેમ સંગ વિના સત્સંગનું સુખ આવે નહિ." *(૧/૨૯)*

◆ "સમાગમ કરવાની રીતિ કહી જે, 'પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો. પછી એ સાધુ તો ભગવાનમાં રહેતા હોય તે ભગવાનના ગુણ સાધુમાં હોય, એટલે તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે, પણ જીવ સારી પેઠે જોડે નહિ તો તેના ગુણ આવે નહિ. અને એ વાત આજ કરો કે ગમે તો હજાર જન્મે કરો પણ અંતે એમ કર્યા વિના છૂટકો નથી." *(૨/૪૧)*

◆ "સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી. અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી

બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંતવાત છે.'' *(૩/૩૩)*

◆ ''એવા ગુણ તો ન જ આવે, તે ગમે તો ભેળો રહે કે સેવા કરે ને ગમે તો કહે તેમ કરે, તોપણ મોટાના ગુણ તો આવે જ નહિ.' ત્યારે વળી, હાથ જોડીને પૂછ્યું જે, 'હે મહારાજ ! શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ? ને વચનામૃતમાં તો બહુ ઠેકાણે કહ્યું છે જે, સત્પુરુષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહિ.'' *(૩/૩૪)*

◆ ''ગુરુ મળ્યા ને જ્યારે જીવના દોષ ન ટળ્યા ત્યારે જાણવું જે, ખરેખરા ગુરુ મળ્યા નથી ! ખરેખરા ગુરુ મળ્યા તોપણ દોષ રહ્યા ત્યારે જાણવું જે, ગુરુને જીવ સોંપ્યો જ નથી. માટે જ્યારે જીવ સોંપે ત્યારે એકે દોષ રહે નહિ ને કોઈ જાતનો ઉદ્વેગ પણ રહે નહિ. પછી સદા આનંદમાં જ ગરકાવ રહેવાય.'' *(૯/૩૪૬)*

ઉપરોક્ત સર્વે સંદર્ભોનું તાત્પર્ય એટલું જ છે કે સાચા સત્પુરુષ મળ્યા પછી પણ જો સાધકને એમનો યથાર્થ લાભ લેતાં ન આવડે અર્થાત્ એમનો યથાર્થ પ્રસંગ ન કરે તોપણ સત્પુરુષના ગુણ આવતા નથી, બ્રહ્મરૂપ થવાતું નથી, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી અને છતીદેહે જીવન્મુક્તિનો પણ અનુભવ થતો નથી.

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''ત્યાગ, વૈરાગ્ય, નિયમ ને ધર્મની કેટલીક વાત કરીને બોલ્યા જે, 'ત્યાગ, વૈરાગ્યને શું કરવા છે ? ગમે એવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તોપણ શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તો પણ શું ? માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે.'' *(૧/૩૨)*

આ જ વાતના અનુસંધાનમાં યોગીજી મહારાજ કહે છે :

◆ ''નિયમ, ધર્મ, ત્યાગ, વૈરાગ્ય પળાવવા નહોતા એમ નથી, પણ

આત્મબુદ્ધિ એ એકડો છે, એમ સ્વામીનો સિદ્ધાંત છે. કૃપા કરીને અખંડ મૂર્તિ દેખે તો મહિમા ઘણો વધે અને લોકો દંડવત્ કરે, પણ આત્મબુદ્ધિ ન હોય તો મહારાજે ખોટ બતાવી.''

◆ ''ગમે તેવો ત્યાગી હોય, તપસી હોય, સેવા કરતો હોય અને અખંડ મૂર્તિ દેખતો હોય, પણ જો ભગવાન અને ભક્તમાં આત્મબુદ્ધિ નથી તે સત્સંગી જ નથી. ગુણાતીતાનંદ સ્વામીએ હડતાલ મારી દીધી. આપણે ક્યાં મૂર્તિ દેખીએ છીએ ? મૂર્તિ અખંડ દેખતો હોય તોપણ સ્વામીએ આત્મ-બુદ્ધિવાળાને જ સત્સંગી કહ્યો.''

◆ ''ગમે તેવો જીવ હોય તોપણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ગમે તેટલી ભક્તિ કરે તોય શું ? મંદિરના પાણા ઉપાડે, રોટલા ઘડે, આખા દેશમાં સત્સંગ કરાવે પણ જ્યાં સુધી આત્મબુદ્ધિ નથી, ભગવાનના ભક્તમાં પોતાપણાની બુદ્ધિ નથી તો શું ?''

◆ ''*ભક્ત થવું ભગવાનના, છે જો કઠણ કામ.* આમાં સિદ્ધાંત શું ચાલ્યો આવે છે ? ભક્તમાં જો આત્મબુદ્ધિ હશે, એનો જો પક્ષ રાખશું, તો કદાપિ પાંચ માળા ઓછી ફેરવતાં હોઈશું, મંદિરે ઓછાવત્તા જવાશે, એની મહારાજ કહે, ફિકર નથી, પણ જો આવી નિષ્ઠા ભગવદ્‌ભક્તમાં હોય કે આત્મબુદ્ધિ હોય તો મહારાજ કહે, એનો છેલ્લો જન્મ થઈ ગયો છે. એને કરવું, જાણવું, સમજવું કાંઈ રહેતું નથી.''

◆ ''જેણે હેતે કરીને જીવ બાંધ્યો હોય તેના જ સત્પુરુષ ધણી થાય છે. મફતિયાના ન થાય.''

ગુણાતીતાનંદ સ્વામી અને યોગીજી મહારાજનાં ઉપરોક્ત વચનોનું તાત્પર્ય એ છે કે બીજાં બધાં જ સાધનો કરવામાં આવે પણ જો સત્પુરુષમાં આત્મબુદ્ધિએ કરીને યથાર્થ જોડાણ કરવામાં ન આવે, એટલે કે સત્પુરુષનો યથાર્થ પ્રસંગ કરવામાં ન આવે તો તે મોટી ખોટ છે. તેથી સાધનામાં મુખ્યત્વે તો સત્પુરુષનો દૃઢ પ્રસંગ કરવાનો છે.

● સત્પુરુષના પ્રસંગનું તાત્પર્ય

આપણે સત્પુરુષનો યથાર્થ પ્રસંગ કેવી રીતે કરવો તે સમજીએ. સત્પુરુષની ભેગા થવું કે રહેવું, તેમનો સંગ કરવો અને તેમનો પ્રસંગ કરવો

– આ ત્રણેયમાં ભેદ છે.

(i) ભેગા થવું કે રહેવું : તેમાં ફક્ત સાથે થવાની કે અમુક સમય સાથે રહેવાની જ વાત છે. જેમ બજારમાં, કૉલેજમાં, રેલ્વે સ્ટેશને ઘણા માણસો ભેગા થતા હોય, એમાં અમુક સમય ભેગા પણ રહેતા હોય. એમ સત્પુરુષની ભેગા થઈ શકાય. કેટલોક સમય ભેગા રહી શકાય. એમાં પણ કંઈક લાભ તો થાય જ છે.

(ii) સંગ કરવો : સત્પુરુષ સાથે વાતચીત કરવી, પ્રશ્નોત્તર દ્વારા કંઈક માર્ગદર્શન મેળવવું. આમાં કંઈક વિશેષ લાભ થાય છે.

(iii) પ્રસંગ કરવો : પ્રસંગ કરવો એ ઉપરોક્ત બન્ને કરતાં ઉત્કૃષ્ટ બાબત છે. આમાં તો સત્પુરુષ સાથેનું અતિશય દૃઢ જોડાણ છે. ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખનાં ગમે તેવાં ભયંકર ઝંઝાવાતોમાં પણ સ્થિર રહેવાય, સત્પુરુષનો સંબંધ કોઈ કાળે છૂટે નહિ. કાથી જેમ બળી જાય તોપણ વળ મૂકે નહિ, એમ સત્પુરુષ સાથે દૃઢ પ્રસંગ થયા પછી એમનો સંબંધ કદાપિ કોઈ રીતે છૂટે જ નહિ.

એમાં તો ભક્તની દૃઢતાપૂર્વકની પ્રતિજ્ઞા જ કંઈક આવી હોય છે :

દુઃખોના ડુંગરો તૂટે, કદી આખું જગત રૂઠે;
પરંતુ પ્રાણના ભોગે, ગુરુજી નહીં ભૂલું તમને...

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "સાધુમાં જોડાણો હોય તેનાથી દર્શન, સેવા ને વાતું તે અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય નહિ, ત્યારે જાણીએ જે, સાધુમાં જોડાણો છે.' વળી, એમ વાત કરી જે, 'જેટલો સાધુમાં જીવ બંધાણો છે તેટલો સત્સંગ છે ને જેટલો જીવ બંધાણો નથી તેટલો કુસંગ છે.' ત્યારે પૂછ્યું જે, આવી રીતે સાધુમાં જીવ બંધાણો હોય તોપણ તે સત્સંગમાંથી નીકળી કેમ જાય છે ? પછી સ્વામી બોલ્યા જે, 'એવી રીતે સાધુમાં જીવ બંધાણો નથી ને જો બંધાણો હોય તો જાય નહિ. જેમ આ લીંબડો છે, તે જે દિવસે અમે મંદિર કરતા હતા તે દિવસે બે વેંતનો હતો ને એક મનુષ્ય ઉપાડે એટલું જ બળ હતું, ને આજ તો બધા ગામના મનુષ્ય ભેગા થાય તોપણ ઊપડે નહિ. તેમ ઘણા દિવસ રહીને સત્સંગમાં જીવ બાંધ્યો હોય તો પંચ વિષય કે કામાદિક દોષનો પાડ્યો સત્સંગમાંથી પડે નહિ." *(૩/૪૨)*

◆ "આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થયું જોઈએ ને એવું દુઃખ નથી થાતું ત્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો છે ક્યાં ? ને જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે." *(૩/૬૫)*

◆ "આ સાધુ જોડે એવો જીવ બાંધવો જે, જેમ માછલાંને જળ જીવનપ્રાણ છે ને જળ વિના નથી ચાલતું, તેમ પળમાત્ર આ સાધુ વિના ન ચાલે ત્યારે જાણવું જે, સાધુમાં જોડાણો છે." *(૧૦/૧૮)*

યોગીજી મહારાજ કહે છે :

◆ "આવા સાધુથી નોખા પડીએ તો નરકમાં પડવા જેવું દુઃખ થવું જોઈએ. નહિ તો જીવ બાંધ્યો છે જ ક્યાં ? હેતનું લક્ષણ શું ? ભગવાન અને સંત વિના ન રહેવાય. માછલાંને જેમ જળ જીવન, તેમ સત્પુરુષ પોતાનું જીવન થાય."

◆ "જેમ તેલ ને પાણી ભેગાં હોય તોય નોખાં રહે છે, તેમ ભગવાન અને સંતની ભેગો રહેતો હોય પણ મન નોખું રાખે, પરંતુ આપણે તો સાકર અને દૂધ જેમ એકબીજા સાથે રસબસ થઈ રહે, તેમ રહેવું."

આમ, સત્પુરુષનો દૃઢ પ્રસંગ એટલે સત્પુરુષ સાથે એકરસ થઈ જવું. દૂધમાં ખાંડ ઓગળી ગઈ હોય તે પછી દૂધથી છૂટી ન પડે. દૂધને ગરમ કરીએ તો અંતે પેંડો થઈ જાય, અંતે કદાચ રાખ થઈ જાય, પણ ખાંડ છૂટી ન પડે, પરંતુ જો પાણીમાં ખાંડ ઓગળી ગઈ હોય તો તે પાણીને ગરમ કરીને ઉકાળતાં પાણીનું બાષ્પીભવન થઈ જાય અને અંતે ખાંડ પાણીથી છૂટી પડી જાય છે. પાણીમાં ખાંડ ઓગળવી એને કદાચ સંગ કહી શકીએ પણ પ્રસંગ તો દૂધમાં ખાંડ ઓગળવી એ છે. એમ સત્પુરુષમાં રસબસ થઈ જવું, ઓતપ્રોત થઈ જવું; જેથી એમનાથી ક્યારેય છૂટું પડવાનું મન થાય જ નહિ. એટલું જ નહીં, પરંતુ સત્પુરુષ અપમાન કરીને કાઢી મૂકે, ગમે તેટલાં કઠણ વચન કહે કે પાંચ-પાંચ નિત્ય ખાસડાં મારે તોપણ સત્પુરુષને છોડવાનું મન ન થાય એ દૃઢ પ્રસંગ.

શ્રીજીમહારાજ **વચ. સા.૧૦**માં કહે છે : "તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તોપણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ. જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી

શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ.''

'પ્રસંગ' એટલે શું ? તે સમજાવતાં યોગીજી મહારાજ કહે છે :

◆ ''પ્રસંગ શું ? 'આપણને સત્પુરુષ ધખાવીને કાઢે, અપમાન કરે, તોય ન ખસીએ તે પ્રસંગ.''

◆ ''મોટાપુરુષનો પ્રસંગ કરવો એટલે અંતરાય રહિત મોટાપુરુષ સાથે વર્તવું. અંતરાય તૂટે તો પ્રસંગ કહેવાય. મોટાપુરુષના તમામ ગુણો જ્યારે મુમુક્ષુમાં આવે, ત્યારે જાણવું કે મોટાપુરુષ સાથે અંતરાય રહ્યો નથી.''

◆ ''અંતરાય તોડીને સંગ કરે એ પ્રસંગ. ગમે તેવાં વચનના ભીડામાં લે પણ મન નોખું ન પડે.''

◆ ''સંગ શું ? માળાના મણકાની જેમ ભેગા હોય તે. પણ તેમાં અવગુણ આવી જાય. જ્યારે પ્રસંગ શું ? દૂધમાં સાકર પડી પછી નોખી ન પડે. અવગુણ ન આવે. કાથીનાં ત્રણ વળ જુદાં ન પડે.''

સત્પુરુષને વિષે આ પ્રકારની દૃઢતા કર્યા પછી એમનો મન, કર્મ અને વચને સંગ કરવો એ પણ દૃઢ પ્રસંગ જ છે.

સંગ અને પ્રસંગમાં આ ભેદ છે. પ્રસંગમાં સંગનો સમાવેશ થઈ જાય પણ ફક્ત સંગમાં પ્રસંગનો સમાવેશ ન થાય, પરંતુ એ સંગ જો મન-કર્મ-વચને કરવામાં આવે તો તેવા પ્રકારના સંગમાં પ્રસંગનો સમાવેશ થઈ શકે. વસ્તુતઃ તો આ જ સાચો સંગ છે. એમ શ્રીજીમહારાજ **વચ. પ્ર.૭૮**માં સમજાવતાં કહે છે : ''જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ. ત્યારે તેનો સંગ થયો જાણવો. અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે, પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય. અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય.''

તેથી જ તો મહારાજ સંત સાથે જોડાવાની રીત દર્શાવતાં **વચ. અં.૩૮**માં કહે છે : ''ભગવદ્‌ભક્ત તે મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.''

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

''સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે, મન, કર્મ, વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે

કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.'' *(૩/૬૦)*

● સત્પુરુષનો પ્રસંગ એટલે કે કર્મ, વચન અને મનથી સંગ

હવે આપણે ક્રમશ: કર્મે કરીને, વચને કરીને અને મને કરીને સત્પુરુષનો સંગ કેવી રીતે કરવો તે વિષે સમજીએ :

(૧) કર્મે (દેહે) કરીને સંગ

કર્મે (દેહે) કરીને સંગ નીચે પ્રમાણે બે રીતે કરવાનો છે :

(i) પ્રત્યક્ષ દર્શન-સમાગમનો લાભ

આપણા દેહે કરીને પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષનાં દર્શન-સમાગમનો શક્ય હોય તેટલો વધુ લાભ લેવો જોઈએ. જેમ ઉનાળામાં એરકંડિશનડની બાજુમાં બેસીએ તો ઠંડકનો અનુભવ થાય, શિયાળામાં હિટરની બાજુમાં બેસીએ તો હૂંફ મળે, સુગંધી પુષ્પોની બાજુમાં બેસીએ તો એની સુગંધનો લાભ મળે, એમ ગુણાતીત સત્પુરુષની પ્રત્યક્ષ-સંનિધિમાં આવવાથી પણ ઘણા લાભ થાય છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે,

◆ ''આવા સાધુની વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય.'' *(૧/૩૦)*

◆ ''શાસ્ત્રમાં ભારે ભારે પ્રાયશ્ચિત્ત કહ્યાં છે તે સર્વે આવા સાધુનાં સમાગમ ને દર્શન કરીને નિવૃત્ત થઈ જાય છે, એવું આ દર્શન છે.'' *(૧/૫૪)*

વળી, પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ તો નૈમિષારણ્ય ક્ષેત્ર જેવો છે. તેનાથી થતા લાભ વિષે મહારાજ **વચ. સા.૭**માં કહે છે : ''મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દસ ઇન્દ્રિયો છે એમ જાણવું. અને તે ઇન્દ્રિયોરૂપ જે માનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે

નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.''

સત્પુરુષની સંનિધિમાં રહેવાથી એમનાં દિવ્ય સ્વરૂપમાંથી નીકળતાં દિવ્ય કિરણોની પણ આપણા મન પર અસર થાય છે. Devine Rays Treatment અર્થાત્ દિવ્ય કિરણોથી આપણા મનની સારવાર થાય છે. એમના સાંનિધ્યમાં દર્શન, સ્પર્શ, વાતું અને પ્રસાદ - આ ચાર પ્રકારનાં સુખમાંથી કોઈક ને કોઈક સુખ મળે છે. વિશેષ તો એમનો ઉપદેશ સાંભળવાથી એમનો અભિપ્રાય સમજાય છે. એમની આપણા માટેની અપેક્ષાનો ખ્યાલ આવે છે. વળી, સાધનામાર્ગે ચાલવાની પ્રેરણા અને શક્તિ મળે છે. જેમ ઘણા લોકો નોકરી-ધંધામાંથી નિવૃત્તિ લઈને કાશ્મીર, સીમલા, ઑસ્ટ્રેલિયા, સ્વીડન, સિંગાપોરના પ્રવાસે જાય છે; તો કેટલાક ભારતમાં ગિરનાર, હિમાલય, હરદ્વાર, ઋષિકેશ, દ્વારકા, જગન્નાથપુરી, રામેશ્વર, છપૈયા, અયોધ્યા, ગઢડા, વરતાલ, ભાદરા જેવાં યાત્રાસ્થાનોમાં જાય છે; એવી જ રીતે આપણે પણ થોડીક નિવૃત્તિ લઈને પ્રગટ સત્પુરુષનો લાભ લેવો જોઈએ. સત્પુરુષમાં તીર્થમાત્ર આવી જાય છે.

નરસિંહ મહેતાએ કહ્યું છે :

અડસઠ તીરથ મારા સંતના ચરણમાં કોટિ ગંગાને કોટિ કાશી.

વળી, સત્પુરુષનું પ્રત્યક્ષ જીવનવર્તન જોવાથી ધર્મ, ભક્તિ, સેવા, માનવીય સંબંધોની વધારે પ્રેરણા મળે. સાથે સાથે એમનાં દર્શન કરવાથી સ્મૃતિ કે માનસી પૂજા કરવામાં પણ વિશેષ લાભ થાય.

તેથી દૈહિક ભીડો વેઠીને પણ સત્પુરુષનાં દર્શન-સમાગમનો લાભ લેવો જોઈએ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

''મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, 'રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી-ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ અથવા લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે. અને જેને કોઈક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો આ સમાગમ નહિ કરે તો તેને તો બહુ ખોટ જાશે.' એમ ઘણીક વાર્તા કરી.'' *(૨/૪૪)*

(ii) સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તન

દેહે કરીને સત્પુરુષની સાથે રહેવાનું કાયમ શક્ય નથી. વ્યયસાયમાંથી નિવૃત્તિ લઈને પ્રત્યક્ષ લાભ લઈ શકાય. પરંતુ એમાં સમયની મર્યાદા છે. બધાને માટે એ શક્ય બનતું નથી. કદાચ કોઈને શક્ય બને તોપણ વર્ષમાં કેટલા દિવસ ? શક્ય હોય તેટલો વધુ લાભ લેવો જોઈએ, પરંતુ અધ્યાત્મ-સાધનામાં પ્રત્યક્ષપણે લાભ લેવા કરતાં 'આજ્ઞા'નું વધારે મહત્ત્વ છે.

આપણે સમજી શકીએ છીએ કે શારીરિક રોગના નિવારણ માટે પ્રત્યક્ષ ડૉક્ટરના સાંનિધ્યમાં રહેવું તેમાં લાભ તો છે જ, પણ તેના કરતાંય એની આજ્ઞા પ્રમાણે દવા લેવી, ચરી પાળવી એનાથી જ વિશેષ લાભ છે, અને દવા લે તેમજ ચરી પાળે તો જ રોગ મટવાનો છે. એમ સત્પુરુષ ભેગા રહીએ તો કંઈક લાભ તો થાય છે જ, પરંતુ જો એમની આજ્ઞા ન પાળીએ તો ભવરોગ ન ટળે, વાસના ન ટળે, સ્વભાવ ન ટળે, બ્રહ્મરૂપ ન થવાય. આધ્યાત્મિક સાધનાની પ્રગતિનાં શિખરો સર ન કરી શકાય.

જે કોઈ સાચા મુમુક્ષુએ અધ્યાત્મસાધનામાં વિશેષ પ્રગતિ કરીને સફળતા પ્રાપ્ત કરી છે, તેમણે પોતાના ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું છે. સત્યકામ જાબાલિનું દૃષ્ટાંત આદર્શ છે. ગુરુ પાસે જ્ઞાન લેવા આવ્યા, પરંતુ ગુરુની આજ્ઞામાં વિશ્વાસ રાખીને ૪૦૦ ગાયો લઈને ગયા. ૧,૦૦૦ ગાયો થઈ ત્યારે આશ્રમમાં પાછા ફર્યા, તો ગુરુકૃપાથી જ્ઞાન સહજપણે થઈ ચૂક્યું હતું. આપણા સંપ્રદાયમાં ગુણાતીત ગુરુઓ તો અનાદિસિદ્ધ છે, તેમ છતાં આપણા સૌના આદર્શ માટે એમણે ગુરુની આજ્ઞા યથાર્થ પાળીને આપણને સૌને પ્રેરણા પૂરી પાડી છે.

આપણે આજ્ઞા વિશે એકાંતિક ધર્મના નિરૂપણ વખતે ભક્તિના વિવિધ પ્રકારોમાં આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિનું નિરૂપણ કરતી વખતે વિસ્તૃતપણે જાણી ચૂક્યા છીએ. તેથી તેનું અહીં પુનરાવર્તન નહીં કરીએ. અહીં આપણે એટલું જ કહીએ કે અધ્યાત્મસાધનામાં સત્પુરુષની આજ્ઞાનું પાલન એ –

➤ દિવ્ય કરામત (Divine Technology) છે, જેનાથી અશક્ય કામ શક્ય બને. અઘરું કામ સરળ અને ઝડપી બને.

➤ દિવ્ય ગુરુચાવી (Divine Master Key) છે, જેનાથી અનંત

પ્રકારની મૂંઝવણનાં તાળાં ખૂલી જાય.

➤ દિવ્ય શક્તિવર્ધક રસાયણ (Divine Tonic) છે, જેનાથી સાધના માટે આવશ્યક શક્તિ મળી રહે છે.

➤ દિવ્ય સર્વોત્કૃષ્ટ ઔષધ (Divine Superb Medicine) છે, જેનાથી ગમે તેવો ભવરોગ ટળી જાય.

➤ દિવ્ય અણુબૉંબ (Divine Atom Bomb) છે, જેનાથી અંતઃશત્રુઓનો નાશ સહેલાઈથી થઈ શકે.

(૨) વચને કરીને સંગ

સત્પુરુષનો વચને સંગ એટલે એમનો મહિમા કહેવો, એમનામાં રહેલા અનંત પ્રકારના ગુણો કહેવા. આપણા યોગમાં જે કોઈ આવે તેમને આપણી ગુણાતીત પરંપરાના સર્વે ગુરુઓ તેમજ વિશેષે કરીને તો પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો મહિમા કહેવો એ વચને કરીને તેમનો સંગ છે.

પ્રગટ સત્પુરુષનો મહિમા નીચે પ્રમાણે જુદા જુદા દૃષ્ટિકોણથી કહી શકાય.

(i) ભાગવત, ગીતા, મહાભારત આદિક સત્શાસ્ત્રો તથા વચનામૃત, સ્વામીની વાતો વગેરે સાંપ્રદાયિક ગ્રંથોમાં સત્પુરુષનો મહિમા જે કહ્યો હોય છે, તે મહિમા ગુણાતીતપરંપરા અને આ પ્રગટ સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ માટે કહી શકાય.

(ii) સર્વે સત્શાસ્ત્રોમાં સત્પુરુષનાં જે લક્ષણો અને ગુણો કહ્યાં હોય તેવાં લક્ષણો અને સદ્ગુણો ગુણાતીત ગુરુઓમાં કેવી રીતે છે તે સમજાવી શકાય.

(iii) આપણી ગુણાતીત પરંપરાના જે તે ગુરુઓએ એમના ભાવિ વારસદારની યથાર્થ ઓળખાણ કરાવવા માટે જે કાંઈ મહિમા કહ્યો છે, તે વચનોને આધારે પણ મહિમા કહી શકાય.

(iv) આવા પ્રગટ સત્પુરુષના યોગમાં જે કોઈ આવ્યું હોય તેમને જે કાંઈ વિશિષ્ટ અનુભવ થયો હોય અને તેણે તેની જે વાત કહી હોય, તેના ઉપરથી પણ મહિમા કહી શકાય.

(v) વળી, પ્રગટ સત્પુરુષનું પંચ વર્તમાને યુક્ત શુદ્ધ નિષ્કલંક જીવન, ઠાકોરજી પ્રત્યેની પરાભક્તિ, અહંશૂન્યતા, સંતો-હરિભક્તો માટે તથા

સંપ્રદાયના વિકાસ માટે વેઠેલો ભીડો વગેરે દૃષ્ટિકોણથી પણ મહિમા કહી શકાય.

(vi) એમનું સર્વજીવ-હિતાવહ જીવન અને વિશ્વભરનાં અદ્‌ભુત કાર્યોને આધારે પણ મહિમા કહી શકાય.

(vii) એમના યોગમાં આવવાથી આબાલવૃદ્ધ સર્વે સત્સંગીઓ અને સંતોએ પ્રાપ્ત કરેલ વિશેષતા દ્વારા પણ સત્પુરુષનો મહિમા સમજી શકાય, કહી શકાય.

(viii) એમનાં મૂળભૂત સ્વરૂપ વિષે પણ કહી શકાય કે તેઓ તો અનાદિસિદ્ધ, અનાદિ કાળથી જ માયાપર, ગુણાતીત અને દિવ્ય છે, સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે, તેમના સંબંધે અનંત જીવો માયાપર થઈ શકે છે, બ્રહ્મરૂપ થઈ શકે છે.

આ અને આ ઉપરાંત અનેક અન્ય જુદા જુદા દૃષ્ટિકોણથી સત્પુરુષનો મહિમા યથાર્થ સમજીને બીજાને કહેવાથી આપણી દૃઢતામાં વધારો થાય. એમના ગુણોની વાતો કરવાથી અંતઃકરણની મલિનતા દૂર થવાથી તે શુદ્ધ થાય. પછી સવળા વિચારો જ આવે અને સાથે સાથે બીજાને આવા સત્પુરુષનો કંઈક ગુણ આવે, મહિમા સમજાય અને વિશેષે કરીને એમના યોગમાં આવે તો એનું કલ્યાણ થાય. જો એક જીવ આ રીતે સત્સંગી થાય તો એક બ્રહ્માંડને તાર્યાનું પુણ્ય મળે એવું મોટાપુરુષો કહે છે.

આ રીતે વચને કરીને સત્પુરુષનો સંગ કરવાનો હોય છે.

(૩) મને કરીને સંગ

સત્પુરુષના પ્રસંગમાં નેવું ટકાથી પણ વધારે ફાળો મને કરીને સંગનો છે. કદાચ કોઈક સાધક હોય તે દેહે કરીને સત્પુરુષ ભેગો રહે, કદાચ તેઓ કહે તે પણ કરે, કદાચ વચને કરીને સત્પુરુષના મહિમાનું ગાન પણ કરે, પરંતુ જો સાધક મને કરીને સત્પુરુષનો સંગ ન કરે તોપણ તેને યથાર્થ લાભ થતો નથી. તેથી સત્પુરુષના પ્રસંગમાં સૌથી મહત્ત્વની આવશ્યક અને અનિવાર્ય બાબત જો કોઈ હોય તો તે મને કરીને પ્રસંગ કરવો તે છે.

લૌકિકકાર્યમાં પણ મન ભળે તો જ કોઈ પણ કાર્ય વ્યવસ્થિત થાય. વિદ્યાર્થી પુસ્તક હાથમાં લઈને વાંચતો હોય પણ મન બીજે હોય તો શું યાદ

રહે ? ડૉક્ટરનું મન દરદીના ઑપરેશન વખતે બીજે ભટકતું હોય તો ? ડ્રાઈવર ગાડી ચલાવે ત્યારે એનું મન બીજે હોય તો ? ...ટૂંકમાં, દેહ કે ઇન્દ્રિયો દ્વારા થતી દરેક ક્રિયામાં જો મન ન ભળે, અર્થાત્ મનનો સંપૂર્ણ કે થોડો-ઘણો પણ સહકાર ન હોય તો એ કાર્ય થતું જ નથી અથવા તો એમાં કંઈ બરકત આવતી નથી. મન ભળ્યા વગર કોઈ પણ કાર્ય યથાર્થ ન થાય.

જો લૌકિકકાર્યમાં 'મન'ની આવશ્યકતા હોય તો પછી આધ્યાત્મિક સાધના તો મનને ભેળવ્યા વગર કેવી રીતે થઈ શકે ? મનની યોગ્ય સાધના વગર દેહે કરીને કે ઇન્દ્રિયોએ કરીને ગમે તેટલાં સાધનો કરે છતાં તેનું જોઈએ એવું ફળ મળતું નથી. આપણો પોતાનો જ જાત અનુભવ છે કે દેહે કરીને અને ઇન્દ્રિયોએ કરીને તપ, ત્યાગ, સેવા, ભક્તિ, નિયમપાલન વગેરે કેટલું બધું કરીએ છીએ, તેમ છતાં એના યથાર્થ પરિણામનો અનુભવ થતો નથી. એનું મુખ્ય કારણ એ છે કે સાધનામાં જેનો નેવું ટકાથી વધારે ફાળો છે એવી માનસિક સાધનામાં ક્યાંક કચાશ છે. મને કરીને સત્પુરુષનો સંગ કરવામાં ખામી છે. તેથી એ ખામી દૂર કરીને, મને કરીને યથાર્થ સત્પુરુષનો સંગ કરવો જરૂરી છે.

આપણે મને કરીને ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજનો સંગ કેવી રીતે કરવો તે વિચારીએ. સત્પુરુષનો મને કરીને સંગ કરવામાં નીચેની બાબતો આવી શકે.

(i) સત્પુરુષના મહિમાનો વિચાર

'વચને કરીને સંગ' – આ મુદ્દામાં જણાવ્યા પ્રમાણે સત્પુરુષનો મહિમા એમનાં સ્વરૂપ, વર્તન અને કાર્યને આધારે વિચારીને, સમજીને દૃઢ કરવો જોઈએ. એમનો યથાર્થ મહિમા સમજાય તો અખંડ અહોહોપણું મનાય, ક્યારેય લઘુતાગ્રંથિ ન રહે. 'આપણે ભલે ગમે તેવા રહ્યા, પણ જે મળ્યા છે તે સમર્થ છે' – એવા વિચારથી અંતરમાં સદેવ બળ રહ્યા કરે.

(ii) સત્પુરુષમાં દિવ્યભાવનો વિચાર

ગુણાતીત પ્રગટ સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ સદૈવ અને સર્વત્ર માયાપર છે, નિર્લેપ છે, દિવ્ય છે. એનામાં ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ

અવસ્થા નથી. તેઓ તો સાકરના નારિયેળની જેમ સચ્ચિદાનંદમય દિવ્યમૂર્તિ છે. તેમનામાં લેશમાત્ર માયિકભાવ નથી. તેઓ તો સદૈવ માયા અને માયિક ભાવોથી અસંગી અને નિર્લેપ છે. માયા તેમને પરાભવ પમાડી શકતી નથી. એટલું જ નહિ, પરંતુ તેમના સંગે તો માયિક પદાર્થો અને તત્ત્વો પણ નિર્ગુણપણાને પામી જાય છે. તેઓ જે કાંઈ કરે છે કે કરાવે છે, એમાં એમને કોઈ પ્રકારનો સ્વાર્થ નથી. તેમની બધી જ પ્રવૃત્તિ અનંત જીવોનાં કલ્યાણ માટે છે. તેથી તેઓ જે કાંઈ કરે છે કે કરાવે છે, તે મારા અને સૌના સારા માટે, હિત માટે જ છે. એમનામાં દિવ્યભાવની દઢતા માટે આ પ્રકારે વિચાર કરવો જોઈએ. ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખ કે સફળતા-નિષ્ફળતાના પ્રસંગોમાં એમનો લેશમાત્ર મનુષ્યભાવ આવવો ન જોઈએ. કદાચ કોઈ પણ કારણોસર સત્પુરુષમાં મનુષ્યભાવ આવે તો તે દૂર કરીને દિવ્યભાવની દઢતા કરવા વિશે આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં 'એકાંતિક ધર્મનું નિરૂપણ' એ મુદ્દામાં ભક્તિની અંતર્ગત 'નિર્દોષબુદ્ધિ(દિવ્યભાવ)રૂપ ભક્તિ'નાં નિરૂપણ વખતે વિસ્તૃતપણે જાણી ચૂક્યા છીએ.

(iii) સત્પુરુષના કર્તાપણાનું અનુસંધાન

સાધકે પોતાની સાધનામાં હર પળે પોતાના ઇષ્ટદેવની જેમ પોતાના પ્રગટ ગુરુહરિના કર્તાપણાના અનુસંધાનથી સફળતા કે માન-સન્માનમાં અહંકાર ન આવે અને નિષ્ફળતા કે અપમાનના પ્રસંગોમાં હતાશા ન આવે. જીવનમાં દરેક સારા-નરસા પ્રસંગે કે અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમતા અને સ્થિરતા જાળવવા માટે પ્રગટ ગુરુહરિના કર્તાપણાનું અનુસંધાન સદૈવ અને સર્વત્ર રાખવું જરૂરી છે.

(iv) સત્પુરુષના સર્વજ્ઞપણાનો વિચાર

સાધકે પ્રત્યેક સ્થળે, પ્રત્યેક ક્ષણે અને પ્રત્યેક કર્મ કરતી વખતે સત્પુરુષના સર્વજ્ઞપણાનો વિચાર કરવો જરૂરી છે. 'હું જે કાંઈ મન-કર્મ-વચને કરું છું તે બધું જ તેઓ જુએ છે, જાણે છે અને સમજે છે' – એવો વિચાર રહ્યા કરે તો સાધનામાં ક્યારેય દંભ કે કપટ ન રહે, આંતર-બાહ્ય પ્રામાણિકતાથી સાધના થાય.

(v) સત્પુરુષના સર્વ વ્યાપકપણાનો વિચાર

ગુણાતીત સત્પુરુષ તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે. તેથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની જેમ તેઓ પણ સર્વત્ર, સર્વમાં અને સદૈવ વ્યાપક છે. જો આવું અનુસંધાન રહે તો દરેકની શુદ્ધભાવથી સેવા થાય. કોઈનોય, ક્યારેય, કોઈ પ્રકારનો દ્રોહ ન થાય.

વળી, સત્પુરુષ સર્વત્ર, સર્વ વ્યાપક હોવાથી તેઓ મારી સાથે જ છે – એવા વિચારથી એમના સદૈવ સામીપ્ય કે સાંનિધ્યનો અનુભવ રહ્યા કરે; સાથે સાથે નિર્ભયતા, બળ, હિંમત અને ધીરજ પણ રહ્યાં કરે.

(vi) સત્પુરુષના કલ્યાણકારી ગુણોના વિચાર સાથે પરિતાપ

સત્પુરુષના કલ્યાણકારી ગુણોનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવાથી એવા ગુણો આપણામાં પણ આવે. વળી, એમના સદ્ગુણોની સાથે પોતાના જીવનમાં અંતર્દષ્ટિ કરીને પોતાના દુર્ગુણો માટે પરિતાપ પણ થવો જરૂરી છે. મારા ગુરુ કેવા મહાન અને હું આવો ? મારા ગુરુ કેવા નિર્માની, નિષ્કામી અને હું આવો માની, કામી ?... આવા પરિતાપથી પોતાની ખામી દૂર કરીને સત્પુરુષના ગુણો કેળવવાનો વિચાર અને પ્રયત્ન થાય.

કેટલીક વાર સાધક સત્પુરુષના ગુણનો વિચાર કરે છે, પરંતુ પોતાના દોષોનો પરિતાપ કરતો નથી. ક્યારેક ભૂલ થઈ જાય તો તે સત્પુરુષ પાસે નિષ્કપટ થઈને પ્રાયશ્ચિત્ત કરી લે છે. તેથી થયેલ ભૂલના ડાઘા ધોવાઈ જાય, હૈયું હળવું થઈ જાય, પરંતુ જ્યાં સુધી પરિતાપ અર્થાત્ બળતરા ન થાય ત્યાં સુધી અંતર શુદ્ધ થતું નથી. સોના પર ચડેલી ધૂળ જેમ પાણીથી ધોઈએ તો સાફ થઈ જાય, પરંતુ અંદર ભળેલી અશુદ્ધિ તો સોનાને અગ્નિથી તપાવીએ, ઓગાળીએ તો જ નીકળે. પછી આ સોનાને કાટ ન લાગે, એમાં મલિનતા ન ભળે. ઉપર ઉપરથી સુવર્ણ ધોયું હોય તો ફરી વાર ગંદુ થવાની શક્યતા ખરી. એમ પ્રાયશ્ચિત્તે કરીને થયેલ ભૂલ ધોવાઈ તો જાય, ફરી વાર ભૂલ થવાની શક્યતા તો રહે, પરંતુ યથાર્થ પરિતાપ કરવાથી અંતર શુદ્ધ થયા પછી ફરી વાર ભૂલ થવાની શક્યતા જ ન રહે. એમાં પણ જેવો પરિતાપ થાય એવું અંતર શુદ્ધ થાય. જો સો ટકા પરિતાપ થાય, તો તો જીવન

બદલાય જ. તેથી ધીરે ધીરે પરિતાપની માત્રા અને ગુણવત્તા વધારવાની છે.

સાધકને અંતરથી ખટકવું જોઈએ, બળતરા થવી જોઈએ કે 'સ્વામીએ મને વ્યસન, ટી.વી., અભાવ-અવગુણ, ખટપટ મૂકવાની કેટલી વાર વાત કરી છે ? રવિસભા, ઘરસભા, નિત્યપૂજા, સત્સંગ-વાંચન માટે કેટલી વાર કહ્યું છે ? છતાં હજુ મેં જરા પણ સુધારો ન કર્યો ? સ્વામીએ મારા માટે આજ સુધી કેટલું બધું કર્યું છે ? એમની મારા માટે કેટલી મોટી અપેક્ષા છે ? છતાં હું આવો ને આવો રહ્યો ? હવે ક્યાં સુધી આવા ને આવા રહેવું છે ? હવે ક્યાં સુધી મેં માંગેલી અને એમણે ઉદાર દિલે આપેલી 'માફી' ઉપર જીવવું છે ? હવે ક્યારે સુધરવું છે ? સત્સંગમાં કેટલાં વર્ષો થયાં ? છતાં જરા પણ રૂપાંતર નહિ ?' જો આવો પરિતાપ અંતરથી થાય તો જરૂર સત્પુરુષની કૃપા, પ્રેરણા અને શક્તિ ભળે અને જીવન બદલાય.

(vii) સત્પુરુષને જ પોતાનું સ્વરૂપ માનવું

ગુણાતીત સત્પુરુષ આપણા આત્મા છે, આપણું સ્વરૂપ છે, એમ અનુસંધાન રાખીને દરેક ક્રિયા કરવી જોઈએ. મારી જગ્યાએ તેઓ હોત તો આ ક્રિયા કેવી રીતે, કેવી ભાવનાથી કરે એ વિચાર સાથે આ ક્રિયા તેઓ જ કરી રહ્યા છે એવું સતત અનુસંધાન રાખવું જરૂરી છે.

(viii) સત્પુરુષના રાજીપાનું અનુસંધાન

દેહથી, ઇન્દ્રિયોથી કે મનથી થતી કોઈ પણ ક્રિયામાં ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજને અતિશય રાજી કરવાનું અનુસંધાન રાખવું જોઈએ. કોઈપણ ક્રિયામાં પ્રશ્નો પૂછીને સુધારા કરી શકાય.

(અ) ક્રિયા કરતાં પહેલાં

આ ક્રિયાથી સ્વામી રાજી થશે ખરા ?

જો 'ના', તો એ ક્રિયાની શરૂઆત કરવી જ નહિ.

જો 'હા', તો એ ક્રિયાની શરૂઆત કરવી.

દા.ત. ટી.વી. જોવાથી કે અભાવ-અવગુણની વાતો કરવાથી સ્વામી રાજી થશે ? તો 'ના', તેથી એ ક્રિયા ન જ કરવી.

સેવા કરવાથી સ્વામી રાજી થશે ? તો 'હા', તેથી સેવા કરવી.

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે ત્યાગી-ગૃહસ્થના વિધિ-નિષેધરૂપ જે નિયમો તથા પ્રત્યક્ષપણે ગુરુએ આપેલા આદેશોને નજર સમક્ષ રાખવા જોઈએ.

(બ) ક્રિયા કરતી વખતે

જે ક્રિયાથી સ્વામી રાજી થાય છે, તે ક્રિયા શરૂ કર્યા પછી વચ્ચે વચ્ચે પોતાની જાતને પ્રશ્ન પૂછતાં રહેવું જોઈએ કે હું આ ક્રિયા જે રીતે કરું છું, તેનાથી સ્વામી રાજી થાય છે ખરા ? રાજી થાય છે તો કેટલા ટકા ? એ ક્રિયામાં કયા કયા પ્રકારનો, કેવો સુધારો કરીએ તો વધુમાં વધુ રાજીપો મળે ? જો મારે આ ક્રિયામાં સો એ સો ટકા રાજીપો મેળવવો હોય તો મારે આ ક્રિયામાં અને એની પાછળ રહેલ ભાવનામાં ક્યાં અને કેટલો સુધારો કરવો જોઈએ ? આ પ્રશ્નોના પ્રામાણિક ઉત્તરો મેળવીને જે તે ક્રિયામાં કંઈક સુધારો કરવાના દૃઢ નિર્ણય સાથે પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ.

(ક) ક્રિયા કર્યા પછી

જે ક્રિયા પૂરી થઈ ગઈ હોય તે માટે પ્રશ્ન પૂછવો જોઈએ કે આ ક્રિયાથી સ્વામી રાજી થયા હશે ખરા ? થયા હોય તો કેટલા ટકા ? કઈ ખામી શા માટે રહી જવા પામી હતી ? ફરી વાર આ ક્રિયા કરવાની થાય તો કેવો સુધારો કરવો જોઈએ ? વગેરે પ્રશ્નો દ્વારા અંતર્દૃષ્ટિ કરવી જોઈએ.

જો ક્રિયા કરતી વખતે કે ક્રિયા કર્યા પછી આ પ્રકારે અંતર્દૃષ્ટિ દ્વારા આંતરતપાસ ન કરીએ તો જે ક્રિયાથી ભગવાન અને સંત અતિશય રાજી થાય તેમ જ હોય, અને એટલા માટે જ આપણે શરૂ પણ કરી હોય અને અંતે તે ક્રિયા પૂરી પણ કરી હોય, પરંતુ જેવો રાજીપો થવો જોઈએ એવો ન પણ થયો હોય એવું પણ બની શકે. એ ક્રિયા કરતી વખતે ભગવાન અને સંતને વિષે અને એમનાં વચનમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ ન હોય. તેમને વિષે મનુષ્યભાવ હોય. તેમનાં વચનોમાં શંકા હોય. સંતો-ભક્તોનો અભાવ-અવગુણ હોય. મનધાર્યું થતું હોય. પ્રવૃત્તિમાં અહં-મમત્વ, રાગ-દ્વેષ, માન-મત્સર, ઈર્ષ્યા-અસૂયા, કપટ, દંભ અને આંટી જેવા વિકારો ભળ્યા હોય. એ ક્રિયા આનંદ, ઉત્સાહ અને ઉમંગથી નહિ, પરંતુ પરાણે પરાણે કરવી પડતી હોય તે રીતે થયેલ હોય. એમાં ભાવનાનું શુદ્ધીકરણ ન હોય. આ બધી ખામીને લીધે ભગવાન અને સંતને ઓશિયાળા થવું પડે છે. તેથી એમનો અતિશય રાજીપો તો ન જ મળે, પરંતુ ક્યારેક સામાન્ય રાજીપો પણ

ન મળે અને કુરાજીપો પ્રાપ્ત થાય. વેપાર કરવાથી નફો તો ન થાય, પરંતુ ક્યારેક ખોટ જાય. મૂળ મૂડીનું કદાચ વ્યાજ તો ન મળે, પણ મૂળ મૂડી પણ જતી રહે. સાધનામાં આ બધું થવાની શક્યતા રહે છે. જીવાખાચર, અલૈયાખાચર, ફઈબા વગેરે હરિભક્તોએ તથા પૂર્ણાનંદ, રોળાનંદ, નિર્વિકલ્પાનંદ વગેરે પરમહંસોએ સેવા-ભક્તિ તો કેટલી કરેલી ? પરંતુ સેવાની સાથે સાથે સ્વભાવોનું ઝેર ભળવાથી પરિણામ વિપરીત આવ્યું.

કદાચ કુરાજીપો તો પ્રાપ્ત ન થાય, પરંતુ સો એ સો ટકા રાજીપો પણ પ્રાપ્ત ન થાય. એક ટકાથી માંડીને સો એ સો ટકા સુધી રાજીપાના સ્તર હોય છે. જો ક્રિયા કરતી વખતે કે કર્યા પછી પ્રાર્થનાપૂર્વક અંતર્દષ્ટિ કરીને અંતરની સચ્ચાઈ અને પ્રામાણિકતાથી પોતાની જાત સાથે સખત કડક થઈને તપાસ કરીએ તો ભૂલો પકડાય. પછી એ ભૂલોને સુધારીએ તો ધીરે ધીરે રાજીપાની ટકાવારી વધતી જાય. છેવટે સો એ સો ટકા પૂર્ણ રાજીપાના પણ અધિકારી થઈ શકાય.

અહીં એક સ્પષ્ટતા કરવાની કે કોઈ પણ ક્રિયામાં મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ રાજી થાય છે કે નહિ તે તેમને પૂછીએ તો તેઓ તો કૃપાએ કરીને હા જ પાડવાના. તેઓ તો ક્યારેય કોઈનેય કહેતા નથી કે હું તારા પર કુરાજી થયો છું. તેથી એમના રાજીપાની પારાશીશી માપવા માટે વચનામૃત, સ્વામીની વાતોને પૂછવું પડે કે સાચો અને પૂર્ણ રાજીપો એટલે શું અને તે કેવી રીતે શું કરવાથી પ્રાપ્ત થાય. આ પૂર્વે અનેક સ્થળોએ વચનામૃત અને સ્વામીની વાતોને આધારે એમનો સાચો રાજીપો એટલે શું અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે તે વિષે સ્પષ્ટતા કરી છે. જો એ પ્રમાણે કરીએ, તો જ સાચો રાજીપો પ્રાપ્ત કરી શકાય.

આ રીતે સત્પુરુષના અતિશય રાજીપાના અનુસંધાન સાથે જ ક્રિયા કરવામાં આવે તો,

- ભગવાન અને સંતનો ક્યારેય, કોઈ પ્રકારનો મનુષ્યભાવ ન આવે.
- ભગવાન અને સંત ક્યારેય અને કોઈ પ્રકારે ઓશિયાળા ન થાય.
- આરંભે શૂરા અને પછી કાયર થઈને છોડી દે એમ ન થાય. ક્યારેય અટકે નહિ, થાકે નહિ, કંટાળે નહિ. સારધાર ટકી રહેવાય. નિશાન પાર પાડીને જ જંપે.

➤ કોઈનોય સહકાર ન હોય, ક્યારેક તો ઊલટાનો વિરોધ હોય, ચારે તરફ ટીકા, નિંદા કે ઉપેક્ષા થતી હોય, જરૂરી સારાં સાધનો ન હોય, અનેક પ્રકારની અગવડ અને મુશ્કેલી હોય છતાં જે કામ આરંભ્યું છે તે કદાપિ છોડે નહિ. વચ્ચે ભાંગી ન પડે. શ્રદ્ધા, વિશ્વાસ, ધીરજ, હિંમત, ઉત્સાહ, ઉમંગ ક્યારેય મોળાં પડવાને બદલે નિત્ય નવાં રહે.

➤ કોઈ પ્રત્યે કોઈ પ્રકારે ઉપેક્ષા, અણગમો, ફરિયાદ કે અસંતોષ ન રહે.

➤ કોઈનોય વાદ ન લેવાય, કોઈનોય અવગુણ ન આવે.

➤ એમાં દંભ, કપટ, માન, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, રાગ-દ્વેષ, અહં-મમત્વ જેવા સ્વભાવો કે વિકારો ન ભળે.

➤ મનધાર્યા પ્રમાણે નહિ, પરંતુ એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે દરેક ક્રિયા થાય.

➤ કોઈ જાતની ચિંતા, તણાવ કે બોજો ન રહે.

➤ અંતરમાં અશાંતિ, ઉદ્વેગ, અજંપો, અસંતોષ કે ફરિયાદ ન રહે.

➤ હંમેશાં હળવાફૂલ રહેવાય, અંતરમાં સુખ-શાંતિનો અનુભવ થાય.

(ix) સત્પુરુષનાં લીલાચરિત્રોની સ્મૃતિ કરવી

પ્રગટ ગુણાતીત સત્પુરુષનાં દર્શન-સમાગમનો જે કાંઈ લાભ પ્રાપ્ત થયો હોય તેની સ્મૃતિ કરવી. દિવસ દરમ્યાન આપણી જુદી જુદી ક્રિયા વખતે સ્વામીશ્રીની જુદી જુદી દિવ્ય ક્રિયા કે લીલાની સ્મૃતિ કરવાની ટેવ પાડવી. એમનાં દિવ્ય સ્વરૂપની સ્મૃતિની સાથે સાથે એમણે સમૈયા-ઉત્સવમાં જે કાંઈ લીલાઓ-ચરિત્રો કર્યાં હોય, આપણને વ્યક્તિગત લાભ પ્રાપ્ત થયો હોય, તેની પણ સ્મૃતિ કરવાની ટેવ પાડવી જોઈએ. એમનાં દિવ્ય લીલા-ચરિત્રોની, દિવ્ય સ્વરૂપની જેટલી સ્મૃતિ વધારે થાય એટલું વધારે સુખ આવે, જગતનાં દુ:ખો ભૂલી જવાય, વિષયના ઘાની પીડા શાંત થાય. સ્વામીશ્રી અખંડ આપણા ભેગા છે એવી અનુભૂતિ થાય. ક્રિયારૂપ ન થઈ જવાય. સ્મૃતિ વિશે આપણે 'ભક્તિ'ના નિરૂપણમાં વિશેષ વિચાર કર્યો છે.

(x) પાંચ સમયની માનસી

માનસી પૂજા વિષે આપણે 'ભક્તિ'ના નિરૂપણ વખતે સમજી ચૂક્યા

છીએ. અહીં તો આપણે એટલું જ કહીએ પાંચેય સમયની યથાર્થ માનસી પૂજા કરીએ તો પ્રત્યક્ષ પૂજા જેટલો જ લાભ થાય. શાંતિ થાય. જગતના રાગ ઓછા થાય. સ્વામીશ્રીના સામીપ્યનો અનુભવ થાય, હેત વધે અને એમની સાથેનો અંતરાય તૂટે.

(xi) સત્પુરુષ સાથે અંતરાય રહિત નિષ્કપટપણું

સાધનામાં આ ઘણો અગત્યનો મુદ્દો છે. જો સાધક સત્પુરુષ સાથે કોઈ પણ પ્રકારે કપટ કે અંતરાય રાખે, તો તેના દોષો ટળતા નથી. સાધનામાં પ્રગતિ થતી નથી. દરદી ડૉક્ટર પાસે શરીરના બધા રોગોની જો સ્પષ્ટ વાત કરે તો જ તેનું યોગ્ય નિદાન થાય, યોગ્ય સારવાર મળે અને તો જ અંતે રોગ ટળે. એમ સત્પુરુષ પાસે સો ટકા નિખાલસ અને નિર્દંભપણે નિષ્કપટ થઈને પોતાની ભૂલો જે કાંઈ હોય તે સ્પષ્ટપણે કહીને થયેલી ભૂલોનો સ્વીકાર કરીને કંઈક ને કંઈક પ્રાયશ્ચિત્ત માંગવું જોઈએ. સાધક સત્પુરુષ પાસે નિષ્કપટ થાય તો જ એમની કૃપાદૃષ્ટિ થાય, જેનાથી દોષો ટળી શકે.

સત્પુરુષ પાસે નિષ્કપટ થવામાં કોઈ પણ પ્રકારનો સંકોચ રાખવો ન જોઈએ, કારણ કે તેઓ તો સર્વજ્ઞ છે જ. તેથી અંતર્યામીપણે આપણું બધું જ જાણે છે તો પછી સ્પષ્ટપણે કહેવામાં સંકોચ શા માટે રાખવો ? ક્યારેક આપણને એમ લાગે કે એમને આપણી ભૂલો કહીશું તો તેઓનું આપણા પ્રત્યેનું હેત ઓછું થઈ જશે. વસ્તુતઃ એવું નથી. એમનું તો દરિયાવ દિલ છે, તેઓ તો ક્ષમાસાગર છે, વાત્સલ્યનિધિ છે. નાનો બાળક ગમે તેટલી ભૂલો કરે છતાં માતાને પોતાના બાળક પ્રત્યે હેત ઓછું થતું નથી. એમ સ્વામીને નિષ્કપટ થનાર પ્રત્યે એના દોષને લીધે હેત ઓછું થતું નથી, પરંતુ ઊલટાનું હેત વધે છે. સાધક ઉપર કરુણા વરસે છે, જેનાથી દોષો ધોવાઈ જાય છે.

શ્રીજીમહારાજ **વચ. લો.૫**માં નિષ્કપટપણાની વ્યાખ્યા સમજાવતાં કહે છે : "પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય, તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું; અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો; તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો; ત્યારે તે નિષ્કપટ કહેવાય."

આ રીતે નિષ્કપટ થઈએ તો હળવા થઈ જવાય. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "મોટા પાસે નિષ્કપટ થવામાં બહુ લાભ છે." *(૨/૧૨૮)*

નિષ્કપટ થવાના લાભમાં તો દોષો ટળી જાય, હલકા થઈ જવાય, અંતરાય ઘટે, સ્વામી આપણા છે એવું આપણને મનાય અને આપણે એમના છીએ એવું એમને મનાય. અર્થાત્ પરસ્પર વિશ્વાસ સંપાદન થાય, હેતની દઢતા વધે, એમનામાં જોડાણ વધે અને દિવ્યસુખ-શાંતિની અનુભૂતિ થાય.

(xii) પોતાનું મનગમતું મૂકીને સત્પુરુષનું ગમતું કરવું

આ ઘણી કઠણ સાધના છે. મનગમતું મૂકવું એ તો મરવા જેટલું કઠણ છે, કારણ કે ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે "આ જીવે કરોડ કલ્પ થયા મનગમતું જ કર્યું છે." *(૨/૮૩)*

તેથી મનગમતું અને મનધાર્યું કરવાની ટેવ પડી ગઈ છે, પરંતુ જ્યાં સુધી આ જીવ મનધાર્યું કરે છે ત્યાં સુધી મનનું રાજ્ય મટે નહિ, મન અમન થાય નહિ. તેથી સત્પુરુષ આગળ તો મનનાં આગ્રહો, સિદ્ધાંતો, ઠરાવો, માન્યતાઓ, વિચારો, તર્કો, શંકાઓ બધું જ મૂકીને એમને જે ગમે છે એમ જ કરવું. એમનું ગમતું કરવું એ જ શ્રેષ્ઠ સાધના છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે ને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે, ને મનગમતું કરતો હોય ને તે ત્યાગ રાખતો હોય ને આખા મંદિરનું કામ એકલો કરતો હોય ને ગમે એટલા માણસને સત્સંગ કરાવતો હોય, તોપણ તે ન્યૂન છે ને તેને કોઈક દિવસ વિઘ્ન છે. અને જે ત્રણ ટાણાં ખાતો હોય ને આળસુ હોય ને ઊંઘતો હોય એવી રીતના દોષે યુક્ત હોય, પણ જો તે પોતાનું મનગમતું મૂકીને સંત કહે તેમ કરે તો તે અધિક છે. ને સંત કહે એમ કરવું એ નિર્ગુણ છે ને મનગમતું કરવું એ સગુણ છે." *(૨/૫૭)*

મનગમતું મૂકીને સત્પુરુષનું ગમતું કરવા વિષે વિશેષ તો આપણે ભક્તિના નિરૂપણમાં આજ્ઞા-અનુવૃત્તિની સમજૂતી વખતે જાણી ચૂક્યા છીએ.

(xiii) પ્રાર્થના

સાચા સાધકનું સમગ્ર જીવન પ્રાર્થનામય હોવું જોઈએ. જ્યાં, જ્યારે, જે

કાંઈ કરતા હોઈએ; ત્યાં, ત્યારે ભગવાન અને ગુણાતીત સત્પુરુષને યોગ્ય માર્ગદર્શન, પ્રેરણા, બળ, શક્તિ અને વિવેકબુદ્ધિ માટે પ્રાર્થના કરવી જોઈએ. ગમે તેવી મૂંઝવણમાં કે વિકટ પરિસ્થિતિમાં એમને પ્રાર્થના કરવાથી કાંઈક યોગ્ય સમાધાન જરૂર મળશે. પોતાની ભૂલ પકડાય, સ્વીકારાય, સુધારવાનો વિચાર આવે, ટાળવાનો પ્રયત્ન થાય, પ્રયત્ન ચાલુ રહે, ભૂલ ટળી જાય, નિર્મૂળ થઈ જાય અને ફરી એવી ભૂલ ન થાય એ માટે પ્રાર્થના કરવી જોઈએ. એમનું સ્વરૂપ યથાર્થ ઓળખાય, એમાં મનુષ્યભાવ ન આવે, સતત દિવ્યભાવ રહે ને યથાર્થ અનુવૃત્તિ પળાય તે માટે પ્રાર્થના કરવી જોઈએ. ભગવાન અને સંતનો મહિમા સમજાય. એમને રાજી કરવાનો તથા આગળ વધવાનો ખપ જાગે, પોતાના અસામર્થ્યનો ખ્યાલ આવે. એમના સામર્થ્યમાં અતિશય વિશ્વાસ અને શ્રદ્ધા જાગે, પોતાનો અહંકાર છૂટે અને એમને વિષેની અનન્ય શરણાગતિ થાય તો પ્રાર્થના આપમેળે થઈ જ જાય.

જો સાધક આ રીતે કર્મે (દેહે) કરીને, વચને કરીને અને મને કરીને સત્પુરુષનો સંગ અર્થાત્ પ્રસંગ કરે તો ભાગવત ધર્મનું પોષણ થાય, મોક્ષનું દ્વાર ઉઘાડું થાય. સ્વભાવાદિક માયિકભાવ ટળી જાય, સત્પુરુષના ગુણો આવે, બ્રહ્મરૂપ થવાય, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય, છતીદેહે જીવનમુક્તિનો અનુભવ થાય અને અંતે વિદેહમુક્તિમાં ભગવાનનું અક્ષરધામ મળે; જ્યાં સદૈવ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું શાશ્વત અને દિવ્યસુખ પ્રાપ્ત થાય.

૧૦. સમગ્ર સાધનાની સંક્ષિપ્ત વિભાવના

૧૦.૧ સર્વસુગમ અને સર્વસુલભ સાધનાની દિવ્ય કરામત

અહીં સુધી આપણે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં વચનોને આધારે સ્વામિનારાયણીય સાધના વિષે વિસ્તૃત નિરૂપણ કર્યું. સાધનામાં આદર્શ સાધકે જે કંઈ વિચારવાનું છે, સમજવાનું છે, માનવાનું છે અને કરવાનું છે તે પ્રાયઃ બધા જ મુદ્દાઓ વિષે આપણે વિસ્તૃત રીતે વિચાર કર્યો. આ ગ્રંથના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે જે તે મુદ્દાને લગતા શક્ય તેટલા વધુમાં વધુ સંદર્ભો વચનામૃતમાંથી લીધા છે. વચનામૃતના તે સંદર્ભોને વિશેષ પુષ્ટ કરનારા ઘણા સંદર્ભો આપણે શ્રીહરિચરિત્રામૃતસાગર, વેદરસ, સ્વામીની વાતો, નિષ્કુળાનંદ કાવ્ય અને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજનાં ઉપદેશ-વચનોમાંથી પણ લીધા છે. વચનામૃત સિવાયના અન્ય સંદર્ભો પણ શક્ય એટલા વધુ લીધા છે. જેથી તે મુદ્દાને પુષ્ટ અને દૃઢ કરનારાં બધાં જ વચનોનું સંકલન પ્રાપ્ત થાય અને સાથે સાથે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો હૃદગત અભિપ્રાય અને સિદ્ધાંત વધારે સ્પષ્ટ અને દૃઢ થાય. આવા એક શુભ હેતુથી વિસ્તૃતપણે આ સાધનાનું નિરૂપણ કર્યું છે, પરંતુ શક્ય છે કે આ વધારે વિસ્તૃત લખાણ જોઈને કે વાંચીને જ સાધકને ભય લાગે કે સાધનામાં આટલું બધું કરવાનું છે ? આ બધું ક્યારે થશે ? કેવી રીતે થઈ શકશે ? આમાં તો આપણું કામ જ નહિ. આટલું બધું કરવામાં આપણને સમય જ ક્યાં છે ? આ બધું કરવું હોય તો તો નોકરી, ધંધા, વેપાર, કુટુંબની જવાબદારી વગેરે બધું જ છોડીને જંગલમાં કે હિમાલયની ગુફામાં જવું પડે. ગૃહસ્થને તો પ્રવૃત્તિમાત્ર જ છોડવી પડે, પરંતુ સંસારનો ત્યાગ કરીને મંદિરની કે સત્સંગસંબંધી અન્ય પ્રવૃત્તિ કરનાર સંતોએ પણ બધી જ પ્રવૃત્તિ

બંધ કરીને એકાંતમાં બેસવું પડે તો જ આ બધું થઈ શકે.

વસ્તુતઃ આવું નથી. લખાણ લાંબું છે એટલે કરવાનું વધુ છે એવું નથી. વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો જે કાંઈ આમાં વિચારવાનું, સમજવાનું, માનવાનું કે કરવાનું કહ્યું છે, તે તો ઘણું, ઘણું, ઘણું જ ઓછું છે; અત્યંત અલ્પ છે; અલ્પમાં પણ અલ્પ છે; અનેક પ્રકારનાં સાધનોના હિમાલયની તુલનામાં તો અણુ જેટલું પણ નથી.

સર્વે શાસ્ત્રમાં જે જે સાધનો બતાવ્યાં છે, તેને ફક્ત વાંચવા અને સમજવા માટે પણ દિવસો કે મહિનાઓ નહિ, પણ વર્ષો લાગે. જો સાધનો વિષે વાંચવા કે સમજવા માટે વર્ષો લાગે તો આત્મસાત્ કરતાં કેટલો સમય લાગે ?! અધ્યાત્મના ઈતિહાસમાં ઊંડા ઊતરીએ તો ખ્યાલ આવશે કે આજ સુધી અસંખ્ય મુમુક્ષુ સાધકોએ કેવાં કેવાં કઠિન સાધનો કેટલાંય વર્ષો સુધી કર્યાં છે ?! દેહ, ઇન્દ્રિયો અને મનના ભુક્કા બોલાવી દેનારા આવાં અત્યંત કઠિન સાધનો કરવાં છતાં એનું પરિણામ તપાસીએ તો ખ્યાલ આવે છે કે તે બહુ જ સામાન્ય છે. સાધનાને અંતે કોઈક કંઈક રિદ્ધિ-સિદ્ધિ પામ્યા હશે, કોઈકને કંઈક સામર્થ્ય વિશેષ પ્રાપ્ત થયું હશે. વળી, કોઈકને કંઈક આધ્યાત્મિક અનુભવ પણ થયો હશે, પરંતુ એ તો હકીકત જ છે કે હજારો વર્ષોની સાધના કરવા છતાં પણ મૂળ અજ્ઞાન, સ્વભાવો, દોષો કે વાસના નિર્મૂળ થયેલ નથી.

એકલશૃંગી, સૌભરી, વિશ્વામિત્ર, પરાશર, નારદજી જેવા મહાન ઋષિઓએ કેવાં અને કેટલાં કઠિન સાધનો, કેટલાં વર્ષો સુધી કર્યાં હતાં તેની વાતો શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. એમનાં એવાં વર્ષો સુધીનાં કઠણ સાધનોનું પરિણામ જે મળવું જોઈતું હતું તે નથી મળ્યું. સ્વભાવમાંથી મુક્તિ નથી થઈ એ પણ શાસ્ત્રોમાં નોંધાયું છે.

શાસ્ત્રોમાં નિરૂપાયેલ આવાં સેંકડો પ્રસંગો અને દૃષ્ટાંતો તથા અનેક પ્રકારનાં અસંખ્ય સાધનો અને સાધનાની ગહન વાતોનો ઊંડો અભ્યાસ કરીને તથા સાત વર્ષના વન-વિચરણ દરમ્યાન હજારો મુમુક્ષુઓને કઠણમાં કઠણ સાધનો કરતાં પ્રત્યક્ષ નિહાળીને ભગવાન સ્વામિનારાયણે સ્વાનુભવોને આધારે સર્વસુગમ અને સર્વસુલભ સાધના સમજાવી છે.

તેઓ અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાનો જે શુભ હેતુ લઈને

આ પૃથ્વી ઉપર પધાર્યા હતા, તે શુભ હેતુ સિદ્ધ થાય તે માટે જ તેમણે સૌ કોઈ કરી શકે તેવી સુગમ, સરળ અને ટૂંકી સાધનાનો માર્ગ બતાવ્યો છે. એમણે દર્શાવેલ સાધનામાં અટપટું કશું જ નથી. ન સમજાય એવું કે ન થઈ શકે એવું પણ કશું જ નથી. આ ઘોર કળિયુગમાં પણ ત્યાગી-ગૃહસ્થ સર્વે આબાલવૃદ્ધ, સાધકો પોતાની બધી જ જવાબદારીઓનું સંપૂર્ણપણે વહન કરતાં કરતાં પણ ખૂબ જ સહજતા અને સરળતાથી કરી શકે એવી જ સાધના મહારાજે શીખવી છે.

● અત્યંત સંક્ષિપ્ત, સરળ અને સુગમ સાધના

અનંત કઠિન સાધનોની તુલનામાં મહારાજે આપણને કેવી ટૂંકી, સુગમ અને સરળ સાધના આપી છે, એ સમજવા માટે વચનામૃતોમાંથી કેટલાક પ્રશ્નોત્તર વાંચીએ.

પ્ર.૩૩ –

મુક્તાનંદ સ્વામી : “ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે પણ તે મધ્યે એવું એક કયું સાધન બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ? તે એવો એક ઉપાય કહો.”

શ્રીજીમહારાજ : “એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે તેણે કરીને ભગવાન રાજી થાય છે.”

સા.૫ –

મુક્તાનંદ સ્વામી : “વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે, એક ઉપાયને વિષે સર્વ સાધન આવી જાય ?”

શ્રીજીમહારાજ : “મહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે.”

મ.૧૫ –

શ્રીજીમહારાજ : “ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ, એવો જે

કયો વિચાર છે, તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો ?"

શ્રીજીમહારાજ : "આવી જાત(સ્વભાવને વિષે શત્રુભાવ)નો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો તે શત્રુ માત્રનો નાશ કરી નાખે છે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવોરૂપી શત્રુ નાશ પામે નહિ. માટે એ સ્વભાવો ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે."

વર.૪ –

મુક્તાનંદ સ્વામી : "ભક્તિમાર્ગને વિષે પ્રવર્ત્યો એવો જે ભગવાનનો ભક્ત તેને એવું એક સાધન તે કયું છે જે સાધનને કર્યા થકી જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે તે એક સાધનને વિષે આવી જાય ?"

શ્રીજીમહારાજ : "ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન, કર્મ, વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે."

ઉપરોક્ત પ્રશ્નોત્તર જેવા તો અનેક પ્રશ્નોત્તર સમગ્ર વચનામૃતમાં પડ્યા છે. નમૂનારૂપ લીધેલા આ પ્રશ્નોત્તર પર વિશેષ ભાષ્ય કરવું પડે તેમ નથી. અનંત સાધનાનું જે ફળ મળે તે ફક્ત એક જ સાધનથી પ્રાપ્ત થાય છે. અનંત સાધનો કોણ અને ક્યારે કરી શકે ? અનંત સાધનોની વાત તો જવા દો, પરંતુ એક હજાર સાધનો પણ સંપૂર્ણ કરવાની આજે કોની શ્રદ્ધા છે ? કોની પાસે એટલો સમય છે ? કદાચ હજાર તો શું પરંતુ સો સાધનોના બદલામાં એક સાધન બતાવ્યું હોત તોપણ કેટલું સુગમ કહેવાય ? અહીં મહારાજ અનંત સાધનોના બદલામાં એક જ સાધન, હજારો વિચારોને બદલે એક જ વિચાર આપે છે. એ પણ યથાર્થ અને સંપૂર્ણ ફલશ્રુતિ પ્રાપ્ત થાય એવી સો ટકાની ખાતરી સાથે. કેવી અદ્‌ભુત આ કરામત છે ! કેવી સુગમ આ સાધના છે !

વળી, મહારાજ વચનામૃતમાં કહે છે :

પ્ર.૩૦ – "સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ."

કા.૧૨ – "ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન તેણે કરીને

કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે. અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી.''

મ.૪ – ''ભગવાનની મૂર્તિનું મહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે તોપણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતું નથી.''

અહીં જે નમૂનારૂપ સંદર્ભો આપ્યા છે એવા સંદર્ભો પણ સમગ્ર વચનામૃતમાં પુષ્કળ પ્રમાણમાં છે. શ્રીજીમહારાજનાં આ વચનો પણ કેટલાં સ્પષ્ટ છે ? જે કાર્ય કરોડ સાધન કરવા છતાં સિદ્ધ ન થાય તે કાર્ય મહારાજે દર્શાવેલ એકાદ સામાન્ય ઉપાયથી થઈ શકે તેમ છે. કેવી અદ્‌ભૂત કરામત ! કેવી સરળ સાધના !

● સાધનાની દિવ્ય કરામત (ટેકનોલોજી)

આજનો જમાનો ટેકનોલોજીનો છે. કૉમ્પ્યુટરના જમાનામાં ટેકનોલોજીથી શો લાભ થાય છે તે હવે કોઈનેય સમજાવવું પડે તેમ નથી. એટલું તો આપણને જણાય છે, સમજાય છે અને મનાય પણ છે કે ટેકનોલોજીથી કઠિન કામ સરળ થઈ જાય, અશક્ય કામ શક્ય બને અને જે કામને પૂરું થતાં વર્ષો લાગે, તે જ કામ થોડાક દિવસો, કલાકો કે ક્યારેક તો ગણતરીની મિનિટો કે સેકંડોમાં પૂરું થઈ જાય. આ હકીકત આજના ભૌતિક ક્ષેત્રમાં સત્ય પુરવાર થઈ ચૂકી છે. તેથી આધ્યાત્મિક જગતમાં આવી કોઈક ટેકનોલોજી હોય તો તેમાં પણ વિશ્વાસ બેસે તેમ છે. આવી જ ટેકનોલોજીની વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ ''કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો.'' *(૧/૧૧૯)*

◆ ''કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે, તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે.'' *(૧/૧૨૧)*

◆ ''બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પે થાય છે તેટલું કામ અહીં એક દિવસે થાય છે.'' *(૨/૪૫)*

આપણું ભેજું ગાયબ થઈ જાય એવી આ વાતો છે ને ? વિચાર તો કરો કરોડો જન્મનું કામ એક દિવસમાં, કોટિ કલ્પનું કામ ફક્ત હાથ જોડવામાં,

અને એક કલ્પનું કામ ફક્ત એક દિવસમાં !! કેવી આ અત્યંત ઝડપી અને દિવ્ય કરામત (Super Fast Devine Technology) છે!! કલ્પના તો કરો કે એક કલ્પ એટલે કે ચાર અબજ અને બત્રીસ કરોડ વર્ષનું કામ એક દિવસમાં થાય છે. આની ગણતરી કરીએ તો એવું પરિણામ આવે કે એક લાખ વર્ષ બરાબર બે સેકન્ડ. અર્થાત્ લાખ વર્ષ સુધી અનેક પ્રકારનાં સાધનો કરવાથી જે કામ થાય છે તે આ ગુણાતીત સત્પુરુષના સાંનિધ્યમાં એમની આજ્ઞા પ્રમાણે કરવાથી બે સેકન્ડમાં કામ થાય. સો વર્ષનું આયુષ્ય હોય અને જન્મીને તુરત જ સાધના શરૂ કરે અને જિંદગીના અંતિમ શ્વાસ સુધી સાધના ચાલુ રાખે તો એક હજાર જન્મોમાં જે કામ થાય તે અહીં ફક્ત બે જ સેકન્ડમાં !! કેવી દિવ્ય અને અદ્ભુત આ ટેકનોલોજી છે!

યોગીજી મહારાજ આવી જ એક વાત કરતાં કહે છે : "સાચા સંત એક મિનિટમાં આત્યંતિક કલ્યાણ કરી દે. અંત ઘડીએ પણ જો સાચા સંતનો યોગ થઈ જાય ને દિવ્યભાવથી જીવમાં એમ થઈ જાય કે આ જ મારા કલ્યાણના દાતા છે, તો પળમાં કોટિ કલ્પનું કામ સત્પુરુષ કરી દે."

ગુણાતીતાનંદ સ્વામીએ એક દિવસમાં એક કલ્પનું કામ થાય છે એમ કહ્યું, જ્યારે યોગીજી મહારાજે તો એક પળમાં કોટિ કલ્પનું કામ સત્પુરુષ કરી દે છે એમ કહ્યું. જેમ જમાનો આગળ વધે છે, તેમ ભૌતિક જગતમાં ટેકનોલોજી પણ વધુ ઝડપી બને જ છે ને ? એવું જ અહીં આધ્યાત્મિક બાબતમાં પણ છે.

આમ, આત્યંતિક કલ્યાણની આ સાધનામાં સત્પુરુષ એ એક પ્રકારની દિવ્ય આધ્યાત્મિક ટેકનોલોજી છે. આ ટેકનોલોજીમાં વિશ્વાસ અને શ્રદ્ધા બેસે અને તેનો યથાર્થ ઉપયોગ કરે તો કેટલું ઝડપી કામ થાય તેમ છે !! શ્રીજીમહારાજ તો આ ટેકનોલોજીથી પણ અતિ અતિ અને અતિ મોટી વાત કરતાં કહે છે કે સંતસમાગમ તો પરમચિંતામણિ અને કલ્પવૃક્ષ છે **(વચ. પ્ર.૧૪)**.

જો આ વાત સમજાય અને મનાય તો સાધના કઠિન છે કે સાધનામાં ઘણું બધું કરવાનું છે એવું લાગે જ નહિ. શ્રીજીમહારાજની પણ આ જ શુભ ભાવના છે કે આપણને સાધના કઠિન ન લાગે. એટલે તો તેઓએ અનંત અનંત સાધનોના બદલામાં આવા સંત બતાવ્યા છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે,
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે,

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૨/૧૮)

અહીં નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે કલ્યાણનાં અનંત સાધનો છે પણ મહારાજે તો કલ્યાણનાં સર્વે સાધનોથી સરસ સાધનરૂપે સંત બતાવ્યા છે. એમનાં ઉપદેશ-વચનો(વચનામૃત)માં આ જ વાત વારંવાર પડઘાય છે.

સર્વે શાસ્ત્રના સાર, પરમ રહસ્યરૂપ અને શ્રીજીમહારાજના હૃદ્ગત અભિપ્રાયરૂપ એક સંદર્ભ અહીં પુનઃ વાંચીએ અને વિચારીએ.

શ્રીજીમહારાજ **વચ. મ.૨૮**માં કહે છે કે ભગવાનના ભક્ત-સંતની મન-કર્મ-વચને સેવાથી જ જીવનું રૂડું થાય છે અને ભગવાનનો રાજીપો થાય છે. આ વાત સમજાવીને પછી વચનામૃતના અંતે તેઓ કહે છે : "આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે. અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે."

અગાઉ આ સંદર્ભ વિષે આપણે ઊંડાણથી વિચાર બે વાર કર્યો છે. ખરેખર, આ વચનો તો વારંવાર વાંચવાં, વિચારવાં અને સમજવાં જેવાં છે. આમાં, મહારાજે અધ્યાત્મ-સાધનાની આધ્યાત્મિક કરામત સમજાવી દીધી છે.

વળી, મહારાજ સાધનામાં આધ્યાત્મિક કરામતરૂપ અને જીવનદોરી રૂપ ગુણાતીત સત્પુરુષ પોતાની સાથે આ પૃથ્વી પર લાવ્યા, એટલું જ નહિ, પરંતુ ગુણાતીતપરંપરાને પૃથ્વી પર સદૈવ પ્રગટ રાખી અને તેમના દ્વારા પોતે જ પ્રગટ રહીને સુગમ અને સરળ સાધનાનો રાહ સૌને સમજાવી રહ્યા છે, તે પર સૌને ચલાવી રહ્યા છે અને સાધનાની ફલશ્રુતિને પમાડતા રહ્યા છે.

આમ, સાધનામાં એકડો સત્પુરુષ છે. અને સમગ્ર આ સાધનાનો સાર પણ સત્પુરુષ છે. તેથી જ તો યોગીજી મહારાજ કહે છે : "સત્સંગ એટલે સત્પુરુષ. જો પ્રગટ સત્પુરુષ જ જીવના હૈયામાં પ્રધાન હોય, તો જીવનો

વળગાડ કાઢી નાખે. સંપૂર્ણ સત્સંગ ત્યારે જ થાય.''

પ્રમુખસ્વામી મહારાજ પણ ઘણીવાર કહે છે કે જો સત્સંગમાં સત્પુરુષ પ્રધાન છે એ શબ્દો પકડાશે તો આગળ વધાશે.

આ ગુણાતીત સત્પુરુષમાં દૃઢ પ્રીતિ જ અધ્યાત્મની સર્વોચ્ચ સ્થિતિએ પહોંચાડે છે એવું સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. વર.૧૧**માં કહે છે : ''સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણવાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે.''

સેંકડો કે હજારો વર્ષો સુધી કઠિનમાં પણ અતિશય કઠિન સેંકડો, હજારો, લાખો કે કરોડો સાધનો કરવા છતાં જે આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર ન થાય, તે ફક્ત સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ કરવાથી થાય છે. કેવું આશ્ચર્ય ! કેવી અદ્‌ભુત કરામત ! કેવી સરળ અને સુગમ આ સાધના !

આમ, ગુણાતીત સત્પુરુષના સથવારે આપણી સાધના ઘણી, ઘણી અને ઘણી ઓછી થઈ ગઈ છે. હવે બીજાં કોઈ સાધનો કરવાનાં ન રહ્યાં. હવે તો મોક્ષ માટે, આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે, સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ કરવાની રહે છે. એમને વિષે અતિશય દૃઢ પ્રીતિ થઈ જાય તો બીજું કાંઈ કરવાનું રહેતું નથી. પરંતુ પ્રીતિ સાચી અને અતિ દૃઢ જોઈએ. અહીં ક્યારેય ભ્રમમાં ન રહેવું કે મારે તો અતિદૃઢ પ્રીતિ છે જ. જેમને સાચી અને દૃઢ પ્રીતિ હોય તેનું લક્ષણ સમજાવતાં શ્રીજીમહારાજ **વચ. કા.૧૧**માં કહે છે : ''જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજી લોપે નહિ. એ પ્રીતિનું લક્ષણ છે... માટે હેતનું એ જ રૂપ છે જે, 'જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે.'... માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.''

આમ, જો આપણને સત્પુરુષને વિષે સાચી અને દૃઢ પ્રીતિ હોય તો એમની આજ્ઞા-અનુવૃત્તિ અને મરજી પ્રમાણે જ વર્તાય. તેથી સાધનામાં સત્પુરુષને વિષે સાચી અને દૃઢ પ્રીતિ કરીને એમની આજ્ઞા-અનુવૃત્તિ પાળીને એમને રાજી કરવાના છે. એમની આજ્ઞા-અનુવૃત્તિમાં સર્વે સાધનો આવી જાય છે.

હવે તો કેવળ એમની આજ્ઞા પાળીને એમને રાજી કરવાના રહે છે. એમની આજ્ઞા-અનુવૃત્તિમાં સર્વે સાધનો આવી જાય છે.

ભગવાન અને સંતની આજ્ઞા-અનુવૃત્તિ પાળવાથી થતા લાભ વિષે આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪'**માં 'એકાંતિક ધર્મનું નિરૂપણ' એ મુદ્દામાં ભક્તિ અંતર્ગત 'આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ'નાં નિરૂપણ વખતે ખૂબ જ વિસ્તૃતપણે વિચાર કર્યો છે. અહીં આપણે એમાંથી અમુક સંદર્ભો પુનઃ લઈએ.

શ્રીજીમહારાજ કહે છે :

પ્ર.૭૮ – "જેમ સંત કહે તેમ જ સંશયરહિત થકો કરે એ જ જીવને મોક્ષનો હેતુ છે."

મ.૫૧ – "સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ "અનુવૃત્તિમાં તો સર્વે વાત આવી જાય." *(૨/૬૨)*

◆ "ધર્મ આદિ કરતાં ધ્યાન અધિક ને તેથી જ્ઞાન અધિક ને તેથી મોટાની અનુવૃત્તિમાં રહીને તેમને રાજી કરે તે અધિક. તે એકના પેટામાં ત્રણેય આવી જાય." *(૫/૧૮૧)*

યોગીજી મહારાજ કહે છે : "આજ્ઞા અને અનુવૃત્તિમાં ટૂકટૂક વર્તે તો ગુણ આવે. વચન અધ્ધર ઝીલી લેવાં. વચન તો સૌ પાળે પણ અધ્ધર વચન થોડા પાળે. અધ્ધર વચન ઝીલવામાં ત્યાગ, ભક્તિ, ધર્મ વગેરે આવી જાય છે. આજ્ઞા યથાર્થ પળાય તો માયાના પેચમાં ન અવાય."

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "ઉત્તમ થવાની, બ્રહ્મરૂપ થવાની, કોલસામાંથી હીરા જેવા થવાની આ એક જ ટેકનીક છે – 'ગુરુમુખી થવું પણ મનમુખી ન થવું. મનગમતું મૂકીને ગુરુ કહે તેમ કરવું.' આ ટેકનીક કાયમ ગાંઠ વાળીને ભેગી રાખવી. 'મનધાર્યું કરવું નથી પણ સંત કહે તેમ જ કરવું છે.' એટલી ગાંઠ આપણે વાળવાની છે. આ હૃદયમાં લખી રાખવું, જેથી જ્યારે મનધાર્યું થતું હોય ત્યારે યાદ આવે કે 'હું મનધાર્યું કરું છું. મારાથી આ ન થાય. મારે મનધાર્યું તો મૂકવાનું છે.' બ્રહ્મરૂપ થવા માટે આ ટેકનીક સિવાય બીજી કોઈ ટેકનીક નથી. બધાં શાસ્ત્રમાત્ર વાંચી નાખો, ગમે

તે મહાપુરુષ પાસે જાઓ પણ આ જ વાત આવશે, એમાં કોઈ ફેરફાર નથી. ગમે ત્યાં જાઓ પણ જેદી' તેદી' આ વાત સમજશો ને આ રીતે કરશો ત્યારે જ તમારો છૂટકો છે. આજે સમજો કે લાખ વર્ષે કેડે સમજો પણ આ વાત સમજ્યે જ છૂટકો છે. જો આપણે આપણું મનગમતું મૂકીએ, મોટા-પુરુષની આજ્ઞા પાળીએ અને એ કહે તેમજ કરીએ તો બ્રહ્મરૂપ થવાશે અને ત્યારે જ આપણને શાંતિ થશે.''

આ રીતે અધ્યાત્મસાધનાના સારરૂપે એટલું જ કહી શકાય કે સત્પુરુષ કહે તેમ કરવું. એનાથી વિશેષ એમની અનુવૃત્તિ પ્રમાણે વર્તવું એ સાધનાનો એકડો છે. સમગ્ર સાધનાની ગુરુચાવી (Master Key) છે. તેથી **'વચનામૃત રહસ્ય : ભાગ-૪** અને **ભાગ-૫'**માં અધ્યાત્મસાધના વિષે જેટલું કાંઈ લખ્યું છે, નિરૂપ્યું છે તેનો અત્યંત સંક્ષિપ્ત સાર એ જ છે કે ગુણાતીત સત્પુરુષને અતિશય રાજી કરવા માટે એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે વર્તવું.

અહીં હવે જંગલમાં જવાનું નથી, હાડ-માંસ સૂકવવાનાં નથી, પંચાગ્નિ તાપવાનો નથી, ગુફાવાસ સેવવાનો નથી, ભસ્મ ચોપડવાની નથી. પદયાત્રા, દંડવત્‌યાત્રા કે ગબડયાત્રા કરવાની નથી.

અહીં તો ઝૂંપડામાં કે મહેલમાં જ્યાં રહેતા હોય ત્યાં જ રહો, પણ ગુરુની આજ્ઞા પ્રમાણે રહો એ જ સાધના છે.

ખેતી, વ્યાપાર, નોકરી, ધંધો, અભ્યાસ... વગેરે જે કાંઈ કરતા હો તે કરો, પણ ગુરુની આજ્ઞા પ્રમાણે કરો એ જ સાધના છે.

સાઈકલ, સ્કૂટર, મોટર, વિમાન... વગેરે જે સુવિધાઓ કે ઉત્તમ પ્રકારના પંચ વિષયો ભોગવતા હો તો તે ભોગવો, પણ ગુરુની આજ્ઞા પ્રમાણે ભોગવો એ જ સાધના છે.

તપ, ધ્યાન, સેવા, ભક્તિ, નિયમપાલન વગેરે જે કાંઈ સાધનો કરતા હો તે કરો, પરંતુ ગુરુની આજ્ઞા પ્રમાણે એમને રાજી કરવા માટે કરો એ જ સાધના છે.

કારણ કે 'ગુરુની આજ્ઞા-અનુવૃત્તિ' એ જ સમગ્ર સાધનાનો સાર છે, એ જ સાધનાનું પરમ રહસ્ય છે, એ જ અદ્‌ભુત ટેકનોલોજી છે.

આપણા ગુણાતીત ગુરુઓ તો અનાદિસિદ્ધ છે. એમને તો કોઈ સાધના

કરવાની જરૂરિયાત જ નથી. તેમ છતાં પોતાના જીવન દ્વારા સાધના કેવી રીતે કરવી તે આપણને સૌને શીખવ્યું છે. આપણા દરેક ગુરુએ બીજી કોઈ સાધના નથી કરી. એમણે તો ગુરુની અનુવૃત્તિ પ્રમાણે જીવન ન્યોછાવર કરી દીધું. પોતાના ગુરુની રુચિ-મરજી કે અનુવૃત્તિથી વિરુદ્ધ સંકલ્પ સુધ્ધા નથી કર્યો તો વર્તન તો થાય જ ક્યાંથી ? ગુણાતીત ગુરુઓના સમગ્ર જીવનમાં આપણને ગુરુભક્તિનો ઉચ્ચતમ આદર્શ શીખવા મળે છે.

તેથી महाजनो येन गतः स पन्थाः અર્થાત્ મહાન પુરુષો જે માર્ગે ગયા છે એ જ આપણો માર્ગ છે. એટલે તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે : *"એની રીતે રીત આપણી રે, બીજી રીતે બાધ."* તેથી આપણે સૌએ પણ આપણા સૌના પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ મન-કર્મ-વચને વર્તવું, એવું જીવન બનાવવું એ જ આપણી સાચી સાધનાની સાચી દિશા છે.

કેટલીક વાર સાધક સત્પુરુષની અમુક સ્થૂળ આજ્ઞા તો પાળતો હોય છે, પરંતુ એની સાથે સાથે મુખ્યત્વે તો જે જે સૂક્ષ્મ આજ્ઞાઓ પણ પાળવાની હોય છે, તેમાં એની દૃષ્ટિ પડતી જ નથી. જેમ કે ગુરુએ એક સાધકને વાસણ ઊટકવાની આજ્ઞા કરી, તો તે આ આજ્ઞા પ્રમાણે વાસણ તો ઊટકે છે. એ સ્થૂળ આજ્ઞા તો પાળે છે, પરંતુ એની સાથે સાથે ભગવાન અને સંતમાં દિવ્યભાવ રાખવો; એમનો મહિમા સમજવો; એમનામાં મનુષ્યભાવ ન પરઠવો; એમાં અતિ દૃઢ વિશ્વાસ રાખવો; એમને રાજી કરવાનું તાન રાખવું; સંબંધવાળા ભક્તોનો મહિમા સમજવો, એમના ગુણ ગાવા, એમની સાથે સંપ, સુહૃદભાવ અને એકતા રાખીને કાર્ય કરવું; કોઈના અભાવ-અવગુણની વાતો ન કરવી; પોતાને બ્રહ્મરૂપ માનવું; સાંખ્યનો વિચાર કરવો; પ્રાપ્તિનો વિચાર કરવો; ઈર્ષ્યા-અસૂયા, માન-મત્સર, અહં-મમત્વ જેવા વિકારો ન આવવા દેવા અને જો હોય તો ટાળવા; પોતપોતાના નિયમ-ધર્મ પાળવા; આ પ્રકારની સૂક્ષ્મ આજ્ઞાઓ પણ પાળવાની હોય છે. એવું સામાન્યતઃ સાધકને સમજાતું નથી, એ ગ્રહણ જ થતું નથી, એટલે એ પ્રમાણે વર્તાતું નથી. અહીં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સત્પુરુષની આજ્ઞા પાળવામાં એમની બધી જ સ્થૂળ અને સૂક્ષ્મ આજ્ઞાઓનો સમાવેશ થઈ જ જાય છે. આ બન્ને પ્રકારની આજ્ઞા પળાય તો એમની આજ્ઞા પ્રમાણે વર્ત્યા કહેવાય.

ગુણાતીત ગુરુઓની આ જ વિશેષતા છે. તેમણે પોતાના ઈષ્ટદેવ અને પોતાના ગુરુની સ્થૂળ આજ્ઞાનું અક્ષરશઃ પાલન તો કર્યું જ છે, પરંતુ અત્યંત સૂક્ષ્મ આજ્ઞાઓનું પાલન પણ એમના જીવનમાં દૃઢપણે દેખાય છે. તેથી સાચા સાધકે ફક્ત સ્થૂળ આજ્ઞા પાળીને અટકી નથી જવાનું કે સંતોષ પણ નથી માની લેવાનો કે મેં સત્પુરુષની આજ્ઞા પાળીને રાજી કરી લીધા. વસ્તુતઃ તો જ્યાં સુધી સૂક્ષ્મ આજ્ઞાઓ ન પળાય, ત્યાં સુધી સ્થૂળ આજ્ઞાઓ પણ યથાર્થપણે પળાતી નથી. તેમાં રાગ-દ્વેષ, અહં-મમત્વ, ઈર્ષ્યા-અસૂયા, માન-મત્સર, હઠ, આંટી, મનુષ્યભાવ, અભાવ-અવગુણ જેવા સ્વભાવોની મલિનતા ભળવાથી સ્થૂળ આજ્ઞાનું પાલન તો યથાર્થ થતું જ નથી, પરંતુ સાથે સાથે એ આજ્ઞાપાલનથી જે લાભ થવો જોઈએ તે પણ થતો નથી. જીવનપરિવર્તનનો અનુભવ થતો નથી. જીવનમાં શાંતિ થતી નથી, કારણ કે સૂક્ષ્મ આજ્ઞાઓના પાલન વગર ફક્ત સ્થૂળ રીતે આજ્ઞાપાલનથી ભગવાન અને સંતનો સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત થતો નથી.

ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સત્પુરુષ કહે તેમ કરવામાં અર્થાત્ એમની આજ્ઞાનું પાલન કરવામાં નાની-મોટી, સ્થૂળ-સૂક્ષ્મ બધી જ આજ્ઞાઓ મન-કર્મ-વચને પાળવાની હોય છે. ભલે એક દિવસમાં જ બધી આજ્ઞાઓ ન પળાય, તેમ છતાં સાચા સાધકનું નિશાન તો એ જ હોવું જોઈએ કે મારે બધી જ આજ્ઞા પાળીને એમને અતિશય રાજી કરવા જ છે.

૧૦.૨ સમગ્ર સાધનાનો સંક્ષિપ્ત સાર

હવે અહીં આપણે **'વચનામૃત રહસ્ય : ભાગ-૪ અને ભાગ-૫'**માં જે કાંઈ સાધના વિષે લખ્યું છે, તેનો અત્યંત સંક્ષિપ્ત સાર સત્પુરુષની આજ્ઞાના અનુસંધાનમાં વિચારીએ. એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે આપણું મન, કર્મ, વચને વર્તન બનાવવામાં નીચે મુજબ ચાર બાબતો આવે છે.

(૧) ઈષ્ટદેવ અને ગુરુ સાથે વર્તન.

(૨) એમના સંબંધવાળા સર્વે સંતો-ભક્તો સાથે વર્તન.

(૩) અન્ય સર્વે મનુષ્યો અને જીવપ્રાણીમાત્ર સાથે વર્તન.

(૪) પોતાની સાથે વર્તન.

હવે આપણે આ વિષે ક્રમશઃ વિચારીએ.

- **ઈષ્ટદેવ અને ગુરુ સાથે વર્તન**

સત્પુરુષની આજ્ઞા-અનુવૃત્તિ અનુસાર આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓ સાથે મન-કર્મ-વચને વર્તવામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થઈ શકે.

➤ શ્રીજીમહારાજ સર્વાવતારના અવતારી એવા પરાત્પર સર્વોપરી ભગવાન છે. તેઓ સદા દિવ્ય સાકાર, સર્વકર્તાહર્તા અને સદૈવ પ્રગટ છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. એમના પછી ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ આ સર્વે અક્ષરબ્રહ્મનાં જ સ્વરૂપો છે. આ ગુણાતીત સત્પુરુષની પરંપરા દ્વારા શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ છે. આ પ્રકારની એમના સ્વરૂપની અતિશય દૃઢતા કરવી.

➤ તેઓ સદૈવ, સર્વજ્ઞ, સર્વપ્રકારે નિર્દોષ, દિવ્ય માયાપર છે. તેમનામાં ક્યારેય અને કોઈપણ પ્રકારે માયા કે માયિક સ્વભાવ લેશમાત્ર નથી. આ પ્રકારે એમના સ્વરૂપમાં દિવ્યભાવની દૃઢતા કરવી. એમના સ્વરૂપમાં ક્યારેય કોઈ પ્રકારનો મનુષ્યભાવ ન આવે, લેશમાત્ર સંશય ન થાય, તર્ક-કુતર્ક ન થઈ જાય તેનું અનુસંધાન રાખવું. ક્યારેક સંશય થઈ જાય તો તાત્કાલિક તેનું સમાધાન કરી લેવું.

➤ એમનાં અસાધારણ ઐશ્વર્ય, સામર્થ્ય, સુખ, સદ્‌ગુણો, વર્તન અને કાર્યને આધારે એમનો મહિમા વાંચવો, કહેવો, સાંભળવો, વિચારવો, સમજવો.

➤ એમનાં સ્વરૂપો અને વચનોમાં અતિશય દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં. એમાં કોઈ પ્રકારનાં તર્ક-વિતર્ક કે શંકા-કુશંકા ન થાય તેનું જાણપણું રાખવું.

➤ એમને વિષે અતિશય દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ કરવી.

➤ એમને વિષેની અગાઉ નિરૂપાયેલ સર્વે પ્રકારની ભક્તિ કરવી.

➤ એમની પ્રત્યેક આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ વર્તવાનો પ્રયત્ન કરવો.

➤ કોઈ પણ પ્રકારે એમના સ્વરૂપમાં મનની વૃત્તિ રાખવાનો પ્રયત્ન કરવો.

➤ એમની સાથે હંમેશાં નિષ્કપટભાવે અને નિર્દંભપણે વર્તવું, પરંતુ એમની સાથે કોઈ પ્રકારે કપટ, દંભ કે અંતરાય રાખવો નહિ.

➤ એમને અતિશય રાજી કરવાનો વિચાર રાખીને તેઓ રાજી થાય એ પ્રમાણે જ મન-કર્મ-વચને વર્તવું.

➤ એમના ઓશિયાળા થવું, પરંતુ એમને ક્યારેય ઓશિયાળા ન કરવા.

➤ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિ વખતે જેવી મર્યાદા રાખવી જોઈએ એવી જ મર્યાદા એમની મૂર્તિઓ સમક્ષ પણ રાખવી (વચ. પ્ર.૬૮). એમની મૂર્તિઓમાં તેઓ સાક્ષાત્ વિરાજમાન છે એવા અતિશય દૃઢ વિશ્વાસ, આસ્તિકભાવ અને શ્રદ્ધા રાખીને સંપૂર્ણ મર્યાદાપૂર્વક એમની મૂર્તિઓની પણ સર્વપ્રકારે અર્ચનભક્તિ (આરતી-થાળ કરવાં, વસ્ત્રાલંકાર ધારણ કરાવવાં, સ્તુતિ-દંડવત્ કરવાં વગેરે) કરવી. મૂર્તિઓ સમક્ષ લૌકિક કે ગ્રામ્યવાર્તાઓ અને અન્ય બિનજરૂરી વાતો પણ ન જ થવી જોઈએ. 'હું અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને એમના ધારક ગુણાતીત સત્પુરુષોની સમક્ષ ઊભો છું' એ વિચાર સાથે સાચા ભક્તને શોભે એ રીતે નમ્રતા અને વિનયપૂર્વક ઊભા રહીને સ્તુતિ-પ્રાર્થના કે કીર્તનગાન કરવાં. એમનાં દર્શન પણ શિસ્ત, સંયમ, શાંતિ અને એકાગ્રતા રાખીને કરવાં.

➤ આરતી-થાળ, કથા-કીર્તન, ધૂન-ભજન કે ચેષ્ટાગાન વખતે પણ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની સાક્ષાત્ ઉપસ્થિતિ છે એમ માનીને એમની મર્યાદા રાખવી. એ વખતે ઠઠ્ઠામશ્કરી, ગ્રામ્યવાર્તાઓ કે અન્ય કોઈ પ્રકારની વાતો કર્યા વગર દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ અને પોતાના જીવાત્માને એ ભક્તિમય સાધનામાં જોડવાં અને એમાં તન્મય થઈ જવું.

● સંબંધવાળા સર્વે સંતો-ભક્તો સાથે વર્તન

સત્પુરુષની આજ્ઞા-અનુવૃત્તિ અનુસાર ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓના સંબંધવાળા સર્વે સંતો-ભક્તો સાથે મન-કર્મ-વચને વર્તવામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થઈ શકે.

➤ ભગવાન અને ગુણાતીત સંતના સંબંધવાળા સર્વે સંતો-ભક્તોનો સંબંધે કરીને મહિમા સમજવો.

➤ એમનામાં જે કાંઈ ગુણો કે વિશેષતા હોય તે વિષે જાણવું, કહેવું, સાંભળવું અને વિચારવું.

➤ એક જ ગુણાતીત કુટુંબના સર્વે સભ્યો પ્રત્યે આત્મીયતા, પ્રીતિ કે મમતા રાખવી. સર્વે આપણા જ છે એવી ભાવના દૃઢ કરવી.

➤ સંતો-ભક્તોની સેવા-સરભરા કરવી. એમના માટે ભીડો વેઠવો. એમનાં કાર્યમાં મન-કર્મ-વચને કે અન્ય કોઈપણ પ્રકારે મદદરૂપ થવું. વિશેષે કરીને તો એમની મુશ્કેલી વખતે યથાશક્તિ સહાય કરવી. બીજું કદાચ ન થઈ શકે તો એમના માટે પ્રાર્થના તો કરી શકાય.

➤ સંતો-ભક્તોનો પક્ષ રાખવો. એમનો પક્ષ રાખવામાં જે કાંઈ કરવું ઘટે તે કરી છૂટવું.

➤ સૌના દાસ થઈને, સેવક થઈને કે દાસાનુદાસ થઈને રહેવું, તદ્નુસાર વર્તવું. સૌને પોતાના કરતાં કોઈ પણ રીતે (કાર્ય કે અન્ય કોઈ વિશેષતાથી) મોટા સમજવા. દરેક સાથેના વર્તનમાં ખૂબ નમ્રતા અને કોમળતા રાખવી.

➤ સંબંધવાળા કોઈ પણ સંત-ભક્તના અભાવ-અવગુણની વાત કરવી નહિ, સાંભળવી નહિ, વિચારવી નહિ. કોઈનુંય ઘસાતું કહેવું કે સાંભળવું નહિ. ક્યારેય કોઈનીય અને ક્યાંય ખટપટ કે ચાડી-ચૂગલી ન કરવી.

➤ સર્વેનું સર્વપ્રકારે મન-કર્મ-વચનથી સહન કરવું.

➤ સર્વે સાથે સંપ, સુહૃદ્‌ભાવ અને એકતાથી રહેવું, સૌ સાથે હળીમળીને કાર્ય કરવું. કોઈ પ્રકારે કુસંપનાં બીજ ન વવાય, કુસંપને પોષણ ન થાય એવું વર્તન કરવું.

➤ પક્ષાપક્ષીમાં ન પડવું. જુદાં ગ્રુપ(મંડળ) ઊભાં ન કરવાં. સર્વત્ર સંપ જળવાઈ રહે તે માટેના જ હકારાત્મક પ્રયત્નો કરવા. ક્યાંય, ક્યારેય, કોઈ પ્રકારે પરસ્પરના સંબંધો ન બગડે તેનું ધ્યાન રાખવું.

➤ કોઈનીય સાથે કોઈ પ્રકારે અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, માન-મત્સર, હઠ કે આંટી જેવા વિકારો કે સ્વભાવો ન રાખવા, ન આવવા દેવા. કદાચ આવી જાય તો એવા સ્વભાવ ટાળવાનો પ્રયત્ન કરવો.

➤ કોઈના પર કોઈ પ્રકારે ગુસ્સો-ક્રોધ ન કરવો. કોઈનેય ખખડાવવા નહિ. નમ્રતા અને વિવેકપૂર્વક વાણીનો ઉપયોગ કરવો. 'તું'કારે ન

બોલાવવા. અપમાનજનક શબ્દો ન વાપરવા. કોઈનુંય, ક્યારેય અને ક્યાંય કોઈ પ્રકારનું અપમાન ન કરવું.

➤ ક્યારેય, કોઈનેય, કોઈ પ્રકારે મન-કર્મ-વચને દુઃખવવા નહિ. કોઈનુંય કોઈ પ્રકારે સ્વમાન ઘવાય નહિ એનું જાણપણું અવશ્ય રાખવું. કદાચ જાણે-અજાણે કોઈક દુઃખાઈ જાય તો એની માફી માંગવી અને ભગવાન તથા ગુણાતીત સંત આગળ સ્તુતિ-પ્રાર્થના કરીને પુનઃ આવું ન થાય તે માટે બળ માંગવું.

➤ પોતાના પ્રત્યે ક્યાંક, ક્યારેક, કોઈકની કોઈક ભૂલ થઈ હોય તો તે વ્યક્તિ પ્રત્યે આત્મીયતા, ઉદારતા, સહાનુભૂતિ રાખીને એ ભૂલને સહન કરવી, માફ કરવી કે ભૂલી જવી.

➤ કોઈ સાથે બરોબરિયાપણું ન રાખવું કે કોઈ સાથે પિતરાઈ દાવો ન બાંધવો.

➤ બધા સાથે હેત-સુહૃદભાવ રાખવાં, પરંતુ સમાગમ કરવામાં વિવેક રાખવો.

● અન્ય મનુષ્યો તથા જીવ-પ્રાણીમાત્ર સાથે વર્તન

સત્પુરુષની આજ્ઞા પ્રમાણે અન્ય સર્વે મનુષ્યો તથા જીવ-પ્રાણીમાત્ર સાથે મન-કર્મ-વચને વર્તવામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થઈ શકે.

➤ દરેકમાં પોતાના ઇષ્ટદેવ કે ગુરુનો અંતર્યામીપણે વાસ છે એમ માનીને ક્યારેય, કોઈનેય, કોઈ પ્રકારે મન-કર્મ-વચને દુઃખવવા નહિ, છેતરવા નહિ, કોઈનુંય અહિત થાય એવું વર્તન કે કાર્ય કરવું નહિ.

➤ કોઈનીય ટીકા, નિંદા કે ઉપેક્ષા કરવી નહિ.

➤ आत्मवत् सर्वभूतेषु - અર્થાત્ દરેક સાથે પોતાના જેવો વર્તાવ કરવો. પોતાના પ્રત્યે બીજાએ આચરેલું પોતાને ન ગમે એવું વર્તન, પોતે પણ બીજા સાથે ન કરવું. બીજાનું પોતાના પ્રત્યે જેવું વર્તન પોતાને ગમે, એવું બીજા સાથે વર્તવું.

➤ થાય તો યથાશક્તિ મદદ-સેવા કરવી, પરંતુ કોઈનીય કોઈ પ્રકારે અસેવા તો ન જ કરવી. અર્થાત્ આપણાં વર્તન, કાર્યને લીધે બીજાને હેરાનગતિ થાય એવું જાણી-જોઈને તો વર્તન કરવું જ નહિ.

➤ સર્વેનું સર્વપ્રકારે ભગવાન ભલું કરે એવી શુભભાવના સાથે પ્રાર્થના કરવી.

➤ બધા માટે સદ્ભાવ રાખવો, પણ સંગ જરૂર ઓળખવો. આજ્ઞા-ઉપાસનામાં ભંગ કરાવે તેનો સંગ ન કરવો.

● પોતાની સાથે વર્તન

સત્પુરુષની આજ્ઞા અનુસાર પોતાની સાથે જ મન-કર્મ-વચને વર્તવામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરી શકાય.

➤ પોતાના જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા કરવી.

➤ પોતાના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભક્તિ ઉપરાંત ખપ, ઈશક, શ્રદ્ધા, વિશ્વાસ, હિંમત, શૂરવીરતા, નિર્ભયતા, પુરુષાર્થ, નિયમિતતા, સાતત્ય, દેહનો અનાદર, તપ, સંયમ, નિયમ, વિવેક, વાણી-વિવેક જેવા આવશ્યક ગુણો કેળવવા.

➤ પોતાનામાં રહેલાં મોહ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર, કપટ, દંભ, ગુરુતાગ્રંથિ, લઘુતાગ્રંથિ, આળસ-પ્રમાદ જેવા જે કોઈ સ્વભાવો-દોષો-વિકારો હોય તેને નિર્મૂળ કરવા માટે પ્રાર્થનાપૂર્વક પ્રયત્ન કરવો.

➤ દેહાદિકથી ભિન્ન એવા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો વિચાર કરીને અક્ષરબ્રહ્મ સાથે અર્થાત્ પ્રગટ ગુણાતીત સત્પુરુષ સાથે એકતા કરીને એમના ગુણો પોતાને વિષે ધારવા, પોતાને અક્ષરરૂપ કે બ્રહ્મરૂપ માનવું.

➤ પોતાનામાં ગમે તેવા દોષો કે સ્વભાવો હોય છતાં પોતાને અધમ કે પતિત માનવું નહિ, તેને લીધે ઉદાસ, નાહિંમત કે કાયર થવું નહિ, પરંતુ ભગવાન અને સંતની પ્રાપ્તિના અલમસ્ત કેફમાં રહેવું, પોતાને પૂર્ણકામ અને અત્યંત ભાગ્યશાળી માનીને પ્રાપ્તિના બળે, મહારાજ-સ્વામીના બળે સ્વભાવો સામેના સંઘર્ષમાં મંડ્યા રહેવું.

➤ મન-કર્મ-વચને થનારી પ્રત્યેક સાધના પૂર્ણ સચ્ચાઈ અને પ્રામાણિકતાથી કરવી. ઓછું થાય તો ઓછું કરવું, પરંતુ કપટ, દંભ કે અસત્યપણાથી પોતાની જાતને તેમજ ભગવાન અને ગુણાતીત સંતને છેતરવા નહિ.

➤ પોતાનાં દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને ભગવાન અને સંતની આજ્ઞા અનુસાર જ, તેઓ અતિશય રાજી થાય એવી જ ક્રિયા-પ્રવૃત્તિમાં પ્રવર્તાવવાં.

➤ અંતર્દષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકા સાથે પ્રત્યેક પ્રવૃત્તિ કરવી. આ પ્રમાણે સહજ સાધના થઈ શકે તે માટે દરરોજ અંતર્દષ્ટિ માટે સમય કાઢીને, પોતાની જાત સાથે બેસવું. મન-કર્મ-વચને થયેલ દરેક ક્રિયાને બીજા માટે જેવા કડક થઈએ છીએ એના કરતાં પણ વધારે કડક થઈને તપાસવી. નીચેના પ્રશ્નો પોતાની જાતને પૂછીને અંતદષ્ટિપૂર્વક તપાસ કરીને એમાં સુધારા-વધારા કરવા.

◆ જે ક્રિયા થઈ છે તે ભગવાન અને ગુણાતીત સંતની આજ્ઞા અનુસાર જ થઈ છે ?

◆ એનાથી ભગવાન અને સંત રાજી થશે કે કુરાજી ? રાજી થશે તો કેટલા ટકા ?

◆ સેવા-પ્રવૃત્તિમાં અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, માન-મત્સર, વાદ, અભાવ-અવગુણ, કપટ-દંભ, એ આદિક વિકારો ભળ્યા છે કે કેમ ?

◆ એમાં ક્યાં, કેવા પ્રકારનો અને કેટલો સુધારો થઈ શકે તેમ છે ?

◆ એ સુધારા માટે દૃઢ સંકલ્પ, સાથે આયોજન, પ્રાર્થના અને પુરુષાર્થ કરવાનો પણ સંકલ્પ કરવો અને તદ્‌નુસાર પુરુષાર્થ પણ કરવો.

આ પ્રમાણે સમગ્ર સાધનાના સારરૂપે સત્પુરુષની આજ્ઞા-અનુવૃત્તિ અનુસાર પોતાને કોની કોની સાથે મન-કર્મ-વચને કેવી રીતે વર્તવાનું છે એ સમજ્યા. આમાં વિશેષે કરીને તો વધારે માર્ગદર્શન આપણને આપણી સાધનાના ઉચ્ચતમ આદર્શ એવા ગુણાતીત ગુરુઓનાં સમગ્ર જીવન અને ઉપદેશ-વચનોમાંથી મળી શકે તેમ છે. એમનું સમગ્ર જીવન જ દર્પણતુલ્ય છે. એમના સામે દૃષ્ટિ હોય તો આપણામાં કયા અને કેટલા સદ્‌ગુણો કે દુર્ગુણો છે, કયાં, કઈ અને કેટલી ખામી છે તે દેખાય. એમનાં જીવન-પ્રસંગો અને ઉપદેશ-વચનોમાં ઊંડા ઊતરીએ અર્થાત્ વાંચીએ, સાંભળીએ, કહીએ, વિચારીએ અને સમજીએ તો એ પ્રકારે વર્તવાની આપણને પ્રેરણા અને શક્તિ મળે. આ પ્રકારે વર્તી શકાય છે એવો આત્મવિશ્વાસ પણ જાગ્રત થાય. તેથી શિલ્પી જેમ મોડેલને જોઈ જોઈને મૂર્તિ બનાવે છે, એમ આપણે પણ

આપણી સાધનાના આદર્શરૂપ ગુણાતીત ગુરુઓ સામે જોઈ જોઈને આપણી બ્રાહ્મીસ્થિતિનું ઘડતર કરવાનું છે.

સમગ્ર સાધનાના સારરૂપે અહીં સંક્ષેપમાં જે વાત કરી તે પણ લાંબી લાગે અને એમાં પણ શું, ક્યારે અને કેટલું કરવું એ ન સમજાય તો એનાથી પણ અત્યંત સંક્ષેપમાં આટલું તો કરીએ :

'આ દેહે કરીને મારે મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને તેઓ વર્તમાનકાળે જેમના દ્વારા પ્રગટ છે, એવા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને અતિશય રાજી કરવા જ છે' એ અનુસંધાન સાથે એમની પ્રત્યેક આજ્ઞા-અનુવૃત્તિ મન-કર્મ-વચને પાળવાનો પ્રામાણિક પુરુષાર્થ કરવો. એ માટે મન-કર્મ-વચને જે કાંઈ સ્થૂળ કે સૂક્ષ્મ ક્રિયા થાય, તે એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ અને એમને રાજી કરવા માટે જ થાય છે કે કેમ, તે તપાસતા રહીને એમાં સુધારો કરતા રહીને ધીરે ધીરે સો એ સો ટકા એમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ અને એમને અતિશય રાજી કરવા માટે જ થાય એવો પુરુષાર્થ આંતર-બાહ્ય સચ્ચાઈથી કરવો.

જો આ રીતે પુરુષપ્રયત્ન હોય તો શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી ધીરે ધીરે સાધનામાં આગળ વધાશે. જેમ જેમ આગળ વધતાં જઈશું, તેમ તેમ હવે આગળ શું કરવાનું છે તે દેખાતું જશે. અંધારામાં ગાડી રસ્તા પર જતી હોય ત્યારે તે જેમ જેમ આગળ જાય, તેમ તેમ ગાડીની લાઇટને લીધે આગળનો રસ્તો દેખાતો જાય છે. આ જ રીત સાધનામાં છે. તેથી ક્યારે, શું અને કેટલું કરવું ? પહેલાં શું કરવું ? પછી શું કરવું ? એના પછી શું ? એના પછી પણ શું ? એ બધી બાબતની ઝંઝટમાં પડવા કરતાં અત્યારે આપણે જ્યાં છીએ ત્યાં જ કંઈક કરીએ. જે કરીએ તે ઉપરના બે માપદંડ (આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જ અને એમને અતિશય રાજી કરવા માટે જ) પ્રમાણે કરતા રહીએ, તો આગળની ભૂમિકા સમજાતી જશે. સારંગપુરથી ગાંધીનગર જતી વખતે, 'બધો જ રસ્તો મને સારંગપુરથી સ્પષ્ટ દેખાય તો જ હું સારંગપુરથી નીકળું' એમ માનવું એ મૂર્ખામી છે. તો તો ક્યારેય ગાંધીનગર નહિ પહોંચાય. જેમ જેમ આગળ જવાશે તેમ તેમ આગળનો રસ્તો દેખાશે જ.

પગપાળા દિલ્હી જવાની ઇચ્છા રાખનાર કોઈક સારંગપુરથી દિલ્હી

સુધીનો રસ્તો જોઈને ગભરાઇ જાય કે આટલું બધું અંતર ક્યારે કપાશે ? એમ ચિંતામાં ને ચિંતામાં સારંગપુર પડ્યો રહે તો લાખ વર્ષેય દિલ્હી ન પહોંચે. ચાલવાનું શરૂ કરી દે તો ગમે ત્યારે પણ પહોંચાશે. લાખો માઇલની મુસાફરીની શરૂઆત તો એક નાના પગલાથી જ થાય છે. પગલું માંડવું પડે. ચાલતાં રહેવું પડે.

પ્રાથમિક શાળામાં પહેલે દિવસે દાખલ થયેલ વિદ્યાર્થીને M.S. કે M.E.નાં બધાં પુસ્તકો જોઈને ગભરાઈ જવાની જરાય જરૂર નથી. જો એ એમ માને કે અહોહો ! આટલાં બધાં પુસ્તકો હું ક્યારે ભણીશ ? આટલું બધું કેમ ભણાશે ? હજુ તો મને એકડો પણ આવડતો નથી અને ઑપરેશન કેમ કરી શકીશ ? અથવા તો મોટા મકાનની ડિઝાઇન કેમ કરી શકીશ ? શું આ બધી મૂંઝવણ એની સાચી છે ? અત્યારે એવી મૂંઝવણ કર્યા વગર તે વિદ્યાર્થી જ્યાં ઊભો છે ત્યાં જ રહીને, જે દિવસે એને જે કરવાનું છે એ જો બરોબર કરશે, બરોબર શીખશે, લખશે, વાંચશે તો ધીરે ધીરે મોટો સર્જન અથવા તો મોટો આર્કિટેક્ટ થઈ જશે. તેમ છતાં એ પણ એટલી જ હકીકત છે કે આ બધું એક દિવસમાં, એક અઠવાડિયામાં, એક મહિનામાં કે એકાદ વર્ષમાં થઈ જવાનું નથી. એ માટે વર્ષો સુધી અભ્યાસ કરવો પડે. આ જ હકીકત અધ્યાત્મવિદ્યામાં છે. અધ્યાત્મવિદ્યાનો સમગ્ર અભ્યાસક્રમ(કોર્સ) જોઈને ગભરાવાની જરૂરિયાત નથી કે આ બધું કેવી રીતે અને ક્યારે થશે ? આટલું બધું મારાથી ન થાય. આવા વિચારો છોડીને જે વખતે જે કાંઈ કરવાનું છે તે કરવાનું જો સાધક શરૂ કરે અને પછી તેમાં નિયમિતતા અને સાતત્ય રાખી મંડ્યો રહે તો એક દિવસ એવો આવી જશે, જ્યારે એ સાધનાની ફલશ્રુતિરૂપે ઉચ્ચતમ સ્થિતિના શિખરે પહોંચી ગયો હશે.

હવે કદાચ શરૂઆતમાં કોઈનાથી આટલું પણ થઈ શકે તેમ ન હોય, આટલું કરવું પણ કઠિન, અટપટું કે મૂંઝવનારું લાગતું હોય તો એનાથી પણ સરળ સાધનાની સરળ શરૂઆત વિષે વિચારી લઈએ. બીજું કંઈ પણ કરવાનું, વિચારવાનું કે સમજવાનું અઘરું લાગતું હોય તો, આટલું તો અવશ્ય વિચારીએ, સમજીએ, માનીએ અને કરીએ :

ભગવાન અને ગુણાતીત સંતમાં તથા તેમનાં વચનોમાં અતિશય દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં. તેઓ સાચા છે, સમર્થ છે, માયાપર છે. તેમનાં

વચનો સાચાં છે. એમાં લેશમાત્ર અસત્યનો અંશ નથી. ગમે તે ઉપાયે પણ એમાં અતિશય દૃઢ વિશ્વાસ રાખવો. જો આટલું પણ થાય તો ભલે હમણાં વર્તાય, ન વર્તાય, ઓછું-વત્તું વર્તાય તોપણ ચિંતા નથી. એમનામાં પ્રગટેલો અતિ દૃઢ વિશ્વાસ જ વર્તાવવાની પ્રેરણા અને શક્તિ પૂરી પાડશે. પછી વર્તાશે, સો ટકા વર્તાશે અને સાધનામાં સફળ પણ થવાશે.

પરંતુ અહીં ભ્રમમાં ન રહેવું કે મને એમનામાં અતિ દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા છે. કેટલીક વખત આપણે આવું જે બોલીએ છીએ તે ફક્ત બોલવા ખાતર, આવું જે વિચારીએ છીએ તે પણ ફક્ત વિચારવા ખાતર અને કદાચ આવું માનતા હોઈએ તે પણ ફક્ત માનવા ખાતર હોય એવું પણ બને. આપણે પ્રાપ્તિ વિષે, અધ્યાત્મ વિષે બોલીએ છીએ અને ગુણાતીત ગુરુઓ બોલે છે, તે બન્ને એકસરખું નથી. તેઓ સાક્ષાત્કારની યથાર્થ અનુભૂતિની ઉચ્ચતમ ભૂમિકા ઉપરથી બોલે છે. જ્યારે આપણે વાંચીને, સાંભળીને ફક્ત બોલવા ખાતર બોલીએ છીએ. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બોલે કે આપણને સર્વોપરી પ્રાપ્તિ થઈ છે અને આપણે પણ એવું જ બોલીએ, તેમ છતાં આ એકસરખાં વચનોમાં પણ અત્યંત ભેદ છે. એમનાં વચનોમાં વાસ્તવિકતા છે અને નક્કરતા છે. આપણાં વચનોમાં પોકળતા છે. બન્નેનાં વચનોમાં આ ભેદ રહેલો છે. એટલે જ તો આપણે બોલીએ છીએ પણ વર્તાતું નથી, પૂર્ણકામપણું મનાતું નથી. જ્યારે તેઓ સંપૂર્ણપણે વર્તી શકે છે. પ્રાપ્તિના અલમસ્ત કેફમાં રહે છે.

તેથી આપણને સંપૂર્ણ અને અતિ દૃઢ વિશ્વાસ છે જ એમ માની ન લેવું, પરંતુ એવો વિશ્વાસ પ્રગટે તેના ઉપાયમાં રહેવું.

શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં સ્વરૂપ અને વચનોમાં અતિશય દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા રાખીને એમનામાં જોડાઈ જવું. એમને વિષે અતિશય દૃઢ આત્મબુદ્ધિ અને અતિ દૃઢ પ્રીતિ કરી દેવી.

રેલવેનો ડબ્બો ભલે ભાંગેલો, તૂટેલો, જૂનો હોય, પણ એંજિન સાથે જોડાઈ જાય અને જો એ જોડાણ વચ્ચે ક્યારેય છૂટે નહિ કે તૂટે નહિ, તો તે ડબ્બો એંજિનની સાથે સાથે યોગ્ય સ્થળે પહોંચી જાય; પરંતુ જો ડબ્બો

સોનાનો હોય, અંદર હીરા-મોતી-માણેક જડેલાં હોય, બીજી બધી જ આધુનિક સુવિધાથી સજ્જ હોય, પણ એન્જિન સાથે ન જોડાય અથવા તો જોડાયેલ હોય, પરંતુ વચ્ચે ગમે ત્યારે એ જોડાણ છૂટી જાય, તો એ ડબ્બો ક્યારેય યોગ્ય સ્થળે ન પહોંચે.

એવી જ રીતે, ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો કરવામાં આવે, પરંતુ જો ભગવાન અને ગુણાતીત સંત સાથે જોડાય નહિ, તો તે ક્યારેય માયાપર થઈ શકે નહિ, અક્ષરધામમાં જઈ શકે નહિ (**વચ. જે.૧**). કદાચ કોઈક સાધકે આવાં કોઈ કઠિન સાધનો ન કર્યાં હોય અને જૂના, તૂટલા, ભાંગેલા ડબ્બા જેવા હોય, તેમ છતાં ભગવાન અને ગુણાતીત સંત સાથે યથાર્થ જોડાણ હોય, તો ગમે ત્યારે પણ અંતે અક્ષરધામ પહોંચાશે. જો સાધક ભગવાન અને સંતને નહિ છોડે, તો તેઓ પણ આ સાધકને નહિ છોડે. અંતે બ્રહ્મરૂપ કરીને ભગવાનના ધામમાં પહોંચાડશે જ.

માટે શરૂઆતમાં બીજું કંઈપણ કરવાની તૈયારી ન હોય, તો આટલું તો અવશ્ય કરીએ જ. અતિ દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા સહિત ભગવાન અને સંતમાં અતિશય દૃઢતાથી જોડાઈ જઈએ. જો આટલું પણ કરીશું, તો તેઓ જ આગળની સાધના કરાવશે, આગળ વધારશે, ઉચ્ચતમ ભૂમિકાએ પહોંચાડશે જ. બસ, હવે આત્યંતિક મુક્તિની આ સાધનામાં આનાથી બીજો કોઈ સરળ ઉપાય નથી. કંઈ નહિ, તો આટલું તો કરવાનું રહે છે જ.

આ રીતે સંપૂર્ણતઃ વિચારીએ તો ખ્યાલ આવશે કે શ્રીજીમહારાજે પ્રવર્તાવેલ અને ગુણાતીત ગુરુઓએ પોષેલ આપણી આ સાધના જરાય કઠિન નથી, જરાય અટપટી નથી, મૂંઝવી નાખે એવી નથી અને ન થઈ શકે એવી પણ નથી, નથી ને નથી જ. ખૂબ જ સરળ છે, અત્યંત સહજતાથી થઈ શકે તેમ છે, પરંતુ જ્યાં સુધી શરૂઆત નહિ કરીએ ત્યાં સુધી કઠણ લાગશે. કદાચ શરૂઆત કર્યા પછી પણ શરૂમાં કઠણ લાગે, પરંતુ મંડ્યા રહીએ તો પછી તે સહજ થઈ જશે. શરૂમાં તો વિદ્યાર્થીને એકડો ઘૂંટવો પણ કઠણ પડે છે, પરંતુ જો એ અભ્યાસ ચાલુ રાખે તો તે જ વિદ્યાર્થી ડૉક્ટર કે એંજિનિયર બની જાય છે. એમ, ભલે અત્યારે કઠિનતાનો અનુભવ થાય, પણ જો મંડ્યા રહીશું, તો એક દિવસ બ્રહ્મરૂપ થઈ જ જવાશે એ નિશ્ચિત વાત છે.

૧૦.૩ સ્વામિનારાયણીય સત્સંગીનો આચાર, વ્યવહાર અને નિત્યક્રમ

● આચાર, વ્યવહાર અને નિત્યક્રમની આવશ્યક્તા

ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને જીવાત્માના આત્યંતિક કલ્યાણ માટે જે સાધનામાર્ગ સમજાવ્યો છે, તેમાં ભલે સમજવાનું અને માનવાનું વિશેષ અગત્યનું અને મહત્ત્વનું છે, તેમ છતાં તેમણે સાધકના સ્થૂળ આચાર-વ્યવહાર અને નિત્યક્રમ ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. તેઓ વચનામૃતમાં કહે છે :

પ્ર.૧૮- "મારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહું પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે અને તે વિના તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ."

આવી પૂર્વભૂમિકા બાંધીને પછી ઈન્દ્રિયોના અશુભ અને શુભ આહારથી અંતઃકરણ કેવી રીતે ભ્રષ્ટ અને શુદ્ધ થાય છે, તે વિસ્તૃતપણે સમજાવીને પછી સારી-નરસી સોબતની કેવી અસર થાય છે તે મહારાજ સમજાવે છે. ત્યારબાદ તેઓ કહે છે, "સત્સંગ થયા મોર તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય. જેમ, 'જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય અને તેટલું અંગ જો તુરત કાપી નાખે તો પંડે કુશળ રહે, ને તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય', તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજો અને આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી અને અમે પણ તમને સર્વને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું, અને જો એમ નહિ રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું

ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો.''

પ્ર.૭૭ - ''માટે આજથી જે કોઈ પંચ વર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે અને એવી ધર્મભંગ વાત જે કોઈ કરતો હોય તેને વિમુખ કહેવો. અને એમ કહેવું જે, 'તમે તો અસુરનો પક્ષ લીધો છે તે અમે નહિ માનીએ.' એમ કહીને તે અધર્મીની વાતને ખોટી કરી નાખવી.''

મ.૩૫ - ''ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો-સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેનામાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઇચ્છે એવો જાણવો ને તેને ચંડાળ જેવો જાણવો.''

મ.૫૧ - ''મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી. માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમણે ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તોપણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તોપણ સુખ ન થાય. શા માટે, જે પરમેશ્વરના કહેલ જે ધર્મ પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય ને તેથી ઓછું અધિકું કરવા જાય તે કરનારો જરૂર દુઃખી થાય.''

અં.૩૨ - ''ભગવાનનો જે સાચો ભક્ત તેને ભગવાનનું મહાત્મય સમજ્યાની કેવી રીત છે તો... 'એવા અતિશય મોટા જે ભગવાન તેની મર્યાદાને વિષે કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમા ઇત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે,' એવું જાણીને તે ભગવાને બાંધી જે ધર્મમર્યાદા તેને વિષે તે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે પણ તે ધર્મમર્યાદાનો ક્યારેય લોપ ન કરે. અને જે કુબુદ્ધિવાળો હોય તે કેમ સમજે તો 'એવા મોટા જે ભગવાન તે તો પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે, તે માટે કાંઈક ધર્મવિરુદ્ધ અવળું વર્તાઈ જશે તો તેની શી ચિંતા છે ? ભગવાન તો સમર્થ છે.' એવી રીતે મહાત્મ્યનો ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહિ, એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે ને એવી સમજણવાળો હોય ને તે

ઉપરથી ભક્ત જેવો જણાતો હોય તોપણ તેને ભક્ત ન જાણવો ને તેનો સંગ ક્યારેય ન કરવો. અને ભક્ત તો પ્રથમ કહી તેવી રીતની સમજણવાળાને જ જાણવો ને તેનો જ સંગ કરવો."

જે.૪ - "ભગવાનની નિરંતર જે સ્મૃતિ તેણે કરીને કલ્યાણ થાય છે. એવી જે સ્મૃતિ તે તમારે સર્વને છે. માટે તમારું કલ્યાણ થઈ જ રહ્યું છે. તોપણ મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી."

જે.૫ - "અમે આ સંત સહિત જીવોનાં કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વને તેડી જાશું. અને તમે પણ એમ જાણજો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી, અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું મહાકષ્ટ પડશે તોય રક્ષા કરશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો, અને નહિ રાખો તો મહાદુઃખ પામશો. તેમાં અમારે લેણાં-દેણાં નથી."

શ્રીજીમહારાજનાં ઉપરોક્ત વચનો ખૂબ જ સ્પષ્ટ છે. એના પર વિશેષ ભાષ્ય કે નિરૂપણ કરવાની જરાય આવશ્યકતા નથી. આ વચનો વાંચીએ, વિચારીએ અને સમજવાનો પ્રયત્ન કરીએ, તો શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય સમજી શકાય તેમ છે. આ વચનોથી આપણને દૃઢ પ્રતીતિ થાય છે કે તેમણે ભલે, આત્યંતિક કલ્યાણ માટે આત્મા-પરમાત્માનાં મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયની અત્યંત અનિવાર્યતા સમજાવી હોય, તેમ છતાં તેમણે સાધકનાં સ્થૂળ વર્તનની કે આચરણની લેશમાત્ર ઢીલાશને માન્ય કરી નથી. સાધકના જીવનમાં ધર્મે યુક્ત શુદ્ધ આચાર અને વ્યવહાર હોવો જ જોઈએ એવું તેમણે વારંવાર આગ્રહપૂર્વક કહ્યું છે. તેઓ શિક્ષાપત્રીમાં પણ કહે છે :

➤ સત્‌શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા સદાચારને જે પાળે છે તે આ લોક ને પરલોકમાં મહાસુખિયા થાય છે. (૮)

➤ સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનમાં આવે તેમ વર્તે છે તે કુબુદ્ધિવાળા છે. તે આ લોક ને પરલોકમાં નિશ્ચય મોટું કષ્ટ પામે છે. (૯)

➤ પોતાના ધર્મનો ત્યાગ ન કરવો. (૨૪)

➤ ઘણું ફળ મળતું હોય તોપણ ધર્મે રહિત કાર્ય ન જ કરવું, કારણ કે ધર્મ જ સર્વ પુરુષાર્થ આપનારો છે. *(૭૩)*

➤ પૂર્વે થયેલા મોટાપુરુષોએ કયારેય અધર્માચરણ કર્યું હોય, તો તેનું અનુસરણ ન કરવું. તેમણે ધર્માચરણ કર્યું હોય, તેનું અનુસરણ કરવું. *(૭૪)*

➤ ધર્મે રહિત ભગવાનની ભકિત કોઈ પ્રકારે ન કરવી, ધર્મે સહિત જ ભક્તિ કરવી, એ સર્વે સત્‌શાસ્ત્રનું રહસ્ય છે. *(૩૯,૧૦૨)*

આ રીતે મહારાજે સ્થૂળ વર્તન અને સદાચાર ઉપર ખૂબ ભાર મૂક્યો છે. સાધનામાં જે સમજવાનું અને માનવાનું છે એના ભલે ૯૦% માર્ક્સ હોય અને સ્થૂળ દેહે જે કરવાનું અને વર્તવાનું છે તેના ભલે ૧૦% માર્ક્સ હોય, તેમ છતાં એ હકીકત છે કે જેના ૧૦% માર્ક્સ છે, તે પ્રમાણે વર્ત્યા વગર જેના ૯૦% માર્ક્સ છે, તેનો યથાર્થ લાભ મળતો નથી. વળી, એટલું પણ ચોક્કસ છે કે આ સ્થૂળ ભૂમિકામાં પારંગત થયા વિના આગળની ભૂમિકા યથાર્થપણે સમજાશે પણ નહિ. સ્થૂળ વર્તનમાં વ્યવસ્થિત અને નિયમિત થયા વગર કદાચ સાધક માની લે કે હું પૂરેપૂરું સમજી ગયો છું, પરંતુ એ એનો ભ્રમ છે. વસ્તુતઃ તો જે સમજવાનું અને માનવાનું છે, તે યથાર્થ થયું છે કે નહિ તેની પારાશીશી પણ શુદ્ધ આચાર અને પવિત્ર વ્યવહારથી યુક્ત સ્થૂળ વર્તન છે. તેથી સ્વામિનારાયણીય સાધક માટે આંતરિક સમજણની સાથે સાથે પવિત્ર આચાર, વ્યવહાર અને નિત્યક્રમ અત્યંત આવશ્યક છે.

સમગ્ર સાધનાના સંક્ષિપ્ત સારમાં આપણે જોયું કે લાખો માઈલની મુસાફરીની શરૂઆત તો એક પગલાથી જ થાય છે. દરરોજ અમુક અંતર ચાલવું જ પડે છે. નિયમિત ચાલતા રહેવાના આ પુરુષાર્થથી લક્ષ્ય સ્થાને પહોંચી શકાય. લૌકિકવિદ્યાની કોઈ પણ શાખા(મૅડિકલ, ઍંજિનિયરીંગ, આર્ટ્સ, કૉમર્સ)ની ઊંચામાં ઊંચી ડિગ્રી પ્રાપ્ત કરવાની શરૂઆત તો એકડો ઘૂંટવાથી અને કક્કો શીખવાથી થાય છે. પછી નિયમિતપણે દરરોજ કંઈક નવું નવું શીખતાં રહેવું પડે. જૂનાનું પુનરાવર્તન કરતાં રહેવું પડે, તો અંતે પોતાના લક્ષ્ય સ્થાને પહોંચી જવાય.

મંદિરના સંપૂર્ણ માસ્ટર પ્લાનનો નકશો અને મોડલ તૈયાર કર્યા પછી તેની સામું જોયા કરવાથી એ ક્યારેય પૂરો ન થાય, પરંતુ એની શરૂઆત તો ગમે ત્યારે કરવી જ પડશે. એ શરૂઆત ભલે નાની હોય, પરંતુ દરરોજ

એમાં કંઈક ને કંઈક કર્યા કરીએ તો અમુક સમયમાં માસ્ટર પ્લાન કે જે ફક્ત નકશામાં કે મોડલમાં હતો તે વાસ્તવિક બને. એવી જ રીતે સાધક અધ્યાત્મ-સાધનાનો નકશો કે મોડેલ ફક્ત જોયા કરે કે ફક્ત વાંચ્યા કરે, પરંતુ તદનુસાર કંઈક કરવાનો આદર ન કરે, તો ક્યારેય લક્ષ્ય સ્થાને ન પહોંચાય, ક્યારેય બ્રહ્મવિદ્યામાં પારંગત ન થવાય, ક્યારેય બ્રાહ્મીસ્થિતિનો માસ્ટર પ્લાન વાસ્તવિક ન બને.

સાધકને ક્યારેક મૂંઝવણ થતી હોય છે કે ક્યારે શું અને કેટલું કરવું ? કયું પહેલું કરવું અને કયું પછી ? શું બધું જ એકસાથે કરવાનું હોય છે કે વારાફરતી ? આ વિષે એટલું કહી શકાય કે સાધનામાં અનિવાર્યતા, આવશ્યકતા અને ઉપયોગિતાને આધારે અગ્રિમતાક્રમ પ્રમાણે કરવાનું હોય છે.

જેમ જીવનવ્યવહાર માટે મકાન બાંધવાનું, લગ્ન કરવાનું, કપડાં સિવડાવવાનું, વતું-દાઢી કરાવવાનું, નોકરી-ધંધો કરવાનું, યોગાસન કે કસરત કરવાનું, જમવાનું, પાણી પીવાનું કે શ્વાસોચ્છ્વાસ લેવાનું કામ એક-સમાન રીતે કરવાનું નથી હોતું. એ સર્વે કામની મહત્તા અને આવશ્યકતા એક સરખી નથી. એમાં કેટલુંક કામ જિંદગીમાં એક જ વાર તો કેટલુંક વર્ષમાં એકવાર, કેટલુંક દર મહિને તો કેટલુંક દર પંદર દિવસે, કેટલુંક દર અઠવાડિયે તો કેટલુંક દરરોજ, કેટલુંક દર ત્રણ કલાકે તો કેટલુંક દર કલાકે અને કેટલુંક દર સેકન્ડે કરવાનું હોય છે. એવી જ રીતે સાધનામાં પણ કેટલુંક કામ જિંદગીમાં એક જ વાર તો કેટલુંક વર્ષમાં એક વાર કેટલુંક દર મહિને તો કેટલુંક દર પંદર દિવસે, કેટલુંક દર અઠવાડિયે તો કેટલુંક દરરોજ, કેટલુંક દર ત્રણ કલાકે તો કેટલુંક દર કલાકે અને કેટલુંક દર મિનિટે તો કેટલુંક દર સેકન્ડે વિચારવાનું, સમજવાનું, માનવાનું અને કરવાનું હોય છે.

વળી, મંદિરના માસ્ટર પ્લાન તૈયાર કરવામાં કેટલાંક કામ એકસાથે કરવાનાં હોય છે, તો કેટલાંક વારાફરતી. અભ્યાસમાં કેટલાક વિષયો એકસાથે ભણવાના હોય છે, તો કેટલાક વારાફરતી. કીર્તન-આરાધનામાં કેટલાંક વાજિંત્રો એકસાથે વગાડવાનાં હોય છે, તો કેટલાંક વારાફરતી. કોઈક રોગ ટાળવા માટે કેટલીક દવા એક સાથે લેવાની હોય છે, તો કેટલીક વારાફરતી. બસ, આવું જ કંઈક સાધનામાં પણ છે. એમાં કેટલુંક એકસાથે

કરવાનું હોય છે તો કેટલુંક વારાફરતી.

સાધનામાં કેટલીક બાબતો તો એકસાથે જ કરવાની હોય છે. સાધનામાં જે કાંઈ એકસાથે કરવાનું હોય છે તે એ પ્રમાણે કરીએ તો જ એની ધારી અસર થાય અને તેનું સારું ફળ મળે. સાધનામાં એવું નથી હોતું કે પહેલાં અમુક વર્ષો સુધી ભગવાન અને સંતમાં ફક્ત હેત કરી લઈએ, પછી કેટલાક મહિના સુધી મહિમા સમજીએ, પછી કેટલાંક વર્ષો સુધી આજ્ઞા પાળીએ, પછી કેટલાક મહિના સુધી સેવા કરીએ, પછી કેટલાક મહિના સુધી આહ્નિક કરીએ, પછી કેટલાંક વર્ષ સુધી તપ કરીએ, પછી ગુણ ગ્રહણ કરીએ, પછી અભાવ-અવગુણ છોડીએ, પછી સ્વભાવ મૂકીએ... આ પ્રમાણે સાધનામાં કેટલુંક એવું છે કે જેનો પહેલાં કે પછી એવો અનુક્રમ ગોઠવવો કઠિન છે. જેટલું શક્ય બને એ બધું જ કરવાનું હોય છે. હેત, આજ્ઞા, તપ, સેવા, આહ્નિક, મહિમા, ગુણ ગ્રહણ વગેરે બધું એકસાથે કરવાનું હોય છે, પરંતુ એનો અર્થ એવો નથી કે બધું દર સેકન્ડે એકસાથે જ કરવાનું છે. એમ કરવું તો અશક્ય છે.

અભ્યાસમાં જે વિષયો એકસાથે ભણવાના હોય છે તે બધા એક જ સેકન્ડે એકસાથે ભણવાના છે એવું તાત્પર્ય નથી, પરંતુ દરેક ધોરણમાં જે કંઈ સાત-આઠ વિષયો ભણવાના હોય છે એ સમય અનુસાર બધા જ ભણવાના છે. એવી રીતે સાધનામાં પણ જે કાંઈ વિચારવાનું, સમજવાનું, માનવાનું અને કરવાનું છે તે બધું જ એક જ સેકન્ડે એકસાથે કરવાનું છે એવું નથી, પરંતુ સમય અનુસાર કંઈક ને કંઈક વિચારવાનું-સમજવાનું, માનવાનું અને કરવાનું છે.

સાધકે વિચારવાનું કે ન વિચારવાનું, સમજવાનું કે ન સમજવાનું, માનવાનું કે ન માનવાનું અને કરવાનું કે ન કરવાનું જે કાંઈ છે તે વિષે અગાઉ વિસ્તૃતપણે વિચારણા કરી છે. અહીં આપણે અત્યંત સંક્ષેપમાં સ્થૂળ આચાર, વ્યવહાર અને નિત્યક્રમનો વિચાર કરીએ.

● સ્વામિનારાયણીય સત્સંગીનો આચાર

કોઈપણ મુમુક્ષુ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થવા માટે સૌ પ્રથમ વર્તમાનદીક્ષા ગ્રહણ કરે છે. સાંપ્રદાયિક પ્રણાલી અનુસાર ગુણાતીત

ગુરુ વર્તમાનદીક્ષા સમયે મુમુક્ષુના જમણા હાથમાં જળ આપીને નીચે મુજબ શરણમંત્ર (વર્તમાનદીક્ષામંત્ર) બોલાવીને શરણાગતિની પ્રતિજ્ઞા કરાવે છે :

કાલમાયા - પાપકર્મ - યમદૂત - ભયાદહમ્ ।
સ્વામિનારાયણશરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુ મામ્ ॥

અર્થાત્ 'કાળ, માયા, પાપ, કર્મ, યમદૂત એ સર્વેના ભયથી ત્રસ્ત હું સ્વામિનારાયણ ભગવાનના શરણે ગયો છું. તેઓ મારી રક્ષા કરે.' આ મંત્ર બોલાવીને પછી ગુરુ મુમુક્ષુના ગળામાં તુલસીની કે ચંદનાદિકની બેવડી કંઠી ધારણ કરે છે. કંઠી ધારણ કરવી એટલે ભગવાનનો આશરો કરવો. કંઠી તો ભગવાનની શરણાગતિનું પ્રતીક છે. આ કંઠી ભગવાનની શરણાગતિનું સતત અનુસંધાન રખાવે છે કે હું ભગવાનનો ભક્ત છું. બેવડી કંઠી ભક્તે સહિત ભગવાનની એટલે કે અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણની ઉપાસનાના તાત્પર્યનો નિર્દેશ કરે છે. આમ, ગુણાતીત ગુરુ વર્તમાન ધરાવે છે અર્થાત્ વર્તમાનદીક્ષામંત્ર આપીને મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત બનાવે છે. ગુણાતીત સત્પુરુષની આજ્ઞાનુસાર રહેતા અન્ય સંતોના હાથે પણ કંઠી ધારણ કરી શકાય છે. બહેનો પણ કંઠી ઠાકોરજીની પ્રસાદી કરાવીને વડીલ બહેનોના હાથે પહેરી શકે છે. આ રીતે સ્વયં ગુણાતીત ગુરુ કંઠી પહેરાવે કે એમની આજ્ઞાથી સંતો કે અન્ય ભક્તો કંઠી પહેરાવે, પરંતુ ગુરુ તો સૌના ગુણાતીત સત્પુરુષ જ બને છે, અને આશ્રય તો ભગવાન સ્વામિનારાયણનો જ થાય છે. આ રીતે કોઈપણ મુમુક્ષુ શરણાગતિના મંત્ર સાથે કંઠી પહેરીને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થઈ શકે છે અને એમણે ચીંધેલ સાધનામાર્ગે પ્રયાણ કરી શકે છે. ભગવાન સ્વામિનારાયણના આશ્રિત એવા સર્વે સત્સંગીઓએ પૂર્વોક્ત બધી જ સાધના કરવાની રહે છે. એ સમગ્ર સાધનાના એક સ્થૂળ ભાગ રૂપે જે આચાર પાળવાના છે, તે હવે જોઈશું.

ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને આચાર સંબંધી જે નિયમો આપ્યા છે તેને નીચે પ્રમાણે મુખ્યત્વે ચાર મુદ્દામાં વહેંચી શકાય :

(૧) હિંસા ન કરવી.

(૨) વ્યભિચાર ન કરવો.

(૩) ચોરી ન કરવી.

(૪) અશુદ્ધ આહાર ન કરવો.

ગૃહસ્થ સત્સંગીએ આચારના આ ચાર મુખ્ય મુદ્દામાં શું નથી કરવાનું તે વિષે આપણે ક્રમશઃ સંક્ષેપમાં જાણીએ.

(૧) હિંસા ન કરવી

શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં હિંસા ન કરવા વિષે કહે છે :

➤ કોઈ જીવ-પ્રાણીમાત્રની હિંસા ન કરવી. જાણીને તો જૂ, માંકડ, ચાંચડ આદિક જીવની પણ હિંસા ક્યારેય ન કરવી. *(૧૧)*

➤ દેવતા અને પિતૃના યજ્ઞ માટે પણ હિંસા ન કરવી. *(૧૨)*

➤ સ્ત્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિ માટે પણ કોઈ મનુષ્યની હિંસા કોઈ પ્રકારે પણ ન જ કરવી. *(૧૩)*

➤ કોઈપણ રીતે આત્મહત્યા ન કરવી, તીર્થોમાં પણ નહિ. ક્રોધે કરીને કે ક્યારેય કોઈ અયોગ્ય આચરણ થઈ જાય, તો મૂંઝાઈને પણ આત્મહત્યા ન કરવી. *(૧૪)*

➤ ક્યારેક પોતાથી અથવા બીજાથી અયોગ્ય આચરણ થઈ ગયું હોય, તો ક્રોધિત થઈને શસ્ત્રથી પોતાનાં કે બીજાનાં અંગનું છેદન ન કરવું. *(૧૬)*

આ રીતે કોઈપણની કોઈપણ પ્રકારે સ્થૂળ હિંસા તો નથી જ કરવાની, પણ સાથે સાથે વાણીથી પણ ક્યારેય કોઈને દુઃખવવા ન જોઈએ. એટલું જ નહિ, પરંતુ મનથી પણ કોઈનીય હિંસા ન કરવી જોઈએ. ટૂંકમાં, મન, કર્મ અને વચનથી કોઈને કોઈ પ્રકારનું દુઃખ થાય એવું આચરણ કદાપિ ન કરવું જોઈએ.

(૨) વ્યભિચાર ન કરવો

સ્વામિનારાયણીય સત્સંગીનો આ મુખ્ય સદાચાર છે. શ્રીજીમહારાજે આ વર્તમાન ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. વ્યભિચાર નહિ કરવાનો સ્પષ્ટ આદેશ આપીને એ પ્રકારના અઘટિત કર્મ થવાની શક્યતા પણ ઉપસ્થિત ન થાય તે માટે તેમણે સંયમ અને નિયમના પાઠ શિક્ષાપત્રીમાં શીખવ્યા છે. જેમ કે,

➤ વ્યભિચાર ન કરવો. *(૧૮)*

➤ પુરુષોએ પોતાના સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો. (૧૩૫), એવી જ રીતે સ્ત્રીઓએ પોતાના પતિ સિવાય રૂપવાન, યુવાન

અને ગુણવાન અન્ય પુરુષોનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો.
(૧૬૦,૧૬૪)

➤ આપત્કાળ પડ્યા વિના પોતાની યુવાન મા, બહેન અને દીકરી સંગાથે પણ પુરુષોએ એકાંત સ્થળે ન રહેવું. એવી જ રીતે સ્ત્રીઓએ પણ યુવાન સંબંધી પુરુષો સંગાથે એકાંતમાં ન રહેવું. (૧૭૧)

➤ સ્ત્રી-પુરુષોએ પોતાનાં અંગો દેખાય તેવાં અયોગ્ય અને અસભ્ય વસ્ત્રો ન પહેરવાં. (૩૮,૧૬૧)

➤ વ્યભિચારી એવાં સ્ત્રી-પુરુષોનો સંગ કદાપિ ન કરવો. (૧૬૧)

➤ મૈથુનાસક્ત પશુ-પક્ષીને ન જોવાં. (૧૬૮)

➤ પુરુષોએ સ્ત્રીઓના મુખ થકી જ્ઞાનવાર્તા ન સાંભળવી. સ્ત્રીઓ સાથે વાદવિવાદ ન કરવો. (૩૪)

આજના સંદર્ભમાં જોઈએ, તો સર્વે પ્રકારનાં અશ્લીલ સાહિત્ય અને સિનેમા આદિકનો સંપૂર્ણ અને સર્વથા ત્યાગ કરવાનું પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ કહે છે.

(૩) ચોરી ન કરવી

ચોરી ન કરવા વિષે શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં કહે છે :

➤ ચોરી ન કરવી. (૧૭)

શ્રીજીમહારાજના આ આદેશમાં સર્વપ્રકારની ચોરી કરવાનો નિષેધ આવી જાય છે. કોઈપણ પ્રકારે અણહકનું કંઈ પણ લેવું તે ચોરીનું કર્મ છે. તેથી કોઈકની ગેરહાજરીમાં કે તેની હાજરીમાં એને દબાવીને, મારઝૂડ કરીને કે અન્ય કોઈપણ પ્રકારે કોઈપણ પ્રકારની વસ્તુ (ધન, સુવર્ણ, અનાજ, ફળ-ફૂલ, વાહનો વગેરે) લઈ લેવી તે ચોરીનું કર્મ છે. ચોરીના વિવિધ પ્રકારો આ પ્રમાણે છે :

➤ જે તે વસ્તુનો જે કર ભરવાનો થતો હોય તે ન ભરવો તે કરચોરી છે.

➤ સરકારી વસ્તુનો જે ચાર્જ હોય તે ન ભરવો અને ગેરકાયદેસર તેનો (વીજળી વગેરેનો) ઉપયોગ કરવો તે પણ એક પ્રકારની ચોરી છે

➤ 'तेन त्यक्तेन भुञ्जीथाः' એ શ્રુતિવચન પ્રમાણે અને મહારાજે શિક્ષાપત્રી(૧૪૭)માં વર્ણવ્યા પ્રમાણે પોતાની આવકના ધન-ધાન્યાદિકમાંથી

દશમો કે વીશમો ભાગ ભગવાનને અર્પણ કરવાનો હોય છે તે અર્પણ ન કરે તો તે પણ એક પ્રકારની ચોરી જ છે, કારણ કે ભગવાનના ભાગનું પોતે લઈ લે છે. તેથી જે કાંઈ ભગવાન માટે કે ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કારનાં રક્ષણ માટે કે દેશના ઉત્થાન માટે સર્વેનું યત્કિંચિત ઋણ અદા કરવા માટે જે કંઈ અર્પણ કરવાનું છે તે અર્પણ ન થાય તો તે ચોરી જ છે.

➤ નોકરી કે મજૂરી કરતી વખતે જેટલું વેતન મળે છે તેના પ્રમાણમાં પ્રામાણિકતાથી કામ ન કરવું, પુરુષાર્થ ન કરવો તે પણ કામચોરી છે.

➤ વળી, મહારાજ શિક્ષાપત્રીમાં લાંચ લેવાની(૨૬) અને જુગાર રમવાની(૧૮) પણ ના પાડે છે. આ પણ અણહકનું લેવાનું કર્મ હોવાથી તે પણ એક પ્રકારની ચોરી જ છે.

આવી કોઈપણ પ્રકારની ચોરી કરવાનો નિષેધ શ્રીજીમહારાજ કરે છે. વળી, મહારાજ કહે છે કે આવી ચોરી ધર્મના કાર્ય માટે પણ ન કરવી. *(૧૭)*

વળી, ચોરીનાં સૂક્ષ્મ સ્વરૂપોનો નિષેધ કરતાં મહારાજ કહે છે :

➤ ધણિયાતાં કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ તેના ધણીને પૂછ્યા વિના ન લેવાં. *(૧૭)*

➤ ચોરમાર્ગે પેસવું નહિ અને નીસરવું નહિ. *(૩૩)*

➤ ધણિયાતા સ્થાનમાં તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. *(૩૩)*

(૪) અશુદ્ધ આહાર ન કરવો

શ્રીજીમહારાજ અશુદ્ધ આહાર ન કરવા વિષે શિક્ષાપત્રીમાં કહે છે :

➤ માંસભક્ષણનો સર્વપ્રકારે ત્યાગ કરવો. યજ્ઞના શેષરૂપે પણ માંસ ન ખાવું. *(૧૫)*

આજના સંદર્ભમાં ઈંડાં પણ કોઈપણ સ્વરૂપે ન ખાવાં.

➤ કોઈપણ પ્રકારે બનેલ સુરા અને દારૂ ન પીવાં. દેવતાને નૈવેદ્ય કર્યાં હોય તોપણ ન પીવાં. *(૧૫)*

➤ જે દેવતાને દારૂ અને માંસનું નૈવેદ્ય થતું હોય અને જ્યાં બકરાં આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. *(૨૨)*

➤ જે ઔષધ દારૂ તથા માંસે યુક્ત હોય તે ક્યારેય ન ખાવું. *(૩૧)*

➤ જે વૈદ્યનું આચરણ જાણતા ન હોઈએ તે વૈદ્યે આપેલું ઔષધ પણ

ક્યારેય ન ખાવું. (૩૧)

➤ ભાંગ આદિક કેફ કરનારી વસ્તુ ખાવી નહિ અને પીવી પણ નહિ. (૧૮) આજના સંદર્ભમાં બીડી, સિગારેટ, તમાકુ, ગુટખા, અફીણ, ગાંજો, ચરસ, કૉકેન, એલ.એસ.ડી., હેરોઈન, બ્રાઉન સુગર વગેરે વગેરે પણ કોઈપણ સ્વરૂપે અને કોઈપણ રીતે ન લેવાં.

➤ ડુંગળી, લસણ આદિ અભક્ષ્ય વસ્તુ ન ખાવી. (૧૮૬)

➤ ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું. (૩૦)

➤ વળી, આજના સંદર્ભમાં હૉટલની સર્વેપ્રકારની ખાણી-પીણીનો ત્યાગ કરવો.

● સ્વામિનારાયણીય સત્સંગીનો વ્યવહાર

સ્વામિનારાયણીય સત્સંગીનું વ્યક્તિગત અને સૌ સાથેનું વ્યવહારિક અને વ્યાવસાયિક જીવન સૌજન્યશીલ, સૌહાર્દપૂર્ણ, પ્રામાણિક, સત્યનિષ્ઠ, નિયમબદ્ધ, વ્યવસ્થિત અને પવિત્ર હોવું જોઈએ, એવો આગ્રહ ભગવાન સ્વામિનારાયણે રાખ્યો છે. એમણે શિક્ષાપત્રીમાં આ વિષે માર્ગદર્શન આપતાં કહ્યું છે :

કોઈનો પણ વિશ્વાસઘાત ન કરવો.(૩૭) અર્થાત્ કોઈનેય કોઈ પ્રકારે છેતરવા નહિ, કોઈ સાથે કોઈ પ્રકારે દગો ન કરવો, પરંતુ પ્રામાણિકતાથી વર્તવું.

➤ પોતાના સેવક, કર્મચારી, મજૂર, નોકર(લાંબી કે ટૂંકી મુદતે નિશ્ચિત ધન અથવા ધાન્ય આપવાના કરાર સાથે રાખેલ માણસ)ની અન્ન-વસ્ત્રે કરીને યોગ્ય સંભાવના નિરંતર કરવી. (૬૭)

➤ સેવકને જેટલું ધન-ધાન્ય આપવાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું, પણ તેથી ઓછું ન આપવું.

➤ દરેક વ્યક્તિને ઘટે તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવી, પણ એથી બીજી રીતે ન બોલાવવી. (૬૮)

➤ જેનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. (૭૫)

➤ ગુરુ, રાજા, વૃદ્ધ, ત્યાગી, વિદ્વાન, તપસ્વી આવે ત્યારે સન્મુખ ઊઠવું

અને તેમનું સન્માન કરવું. (૬૯)

➤ ગુરુ, શ્રેષ્ઠ મનુષ્ય, લોકને વિષે પ્રતિષ્ઠિત, વિદ્વાન તથા શસ્ત્રધારીનું અપમાન ન કરવું. (૩૫)

➤ પોતાના ગુરુને આવતા જાણીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. (૭૨)

➤ માતા, પિતા, ગુરુ તથા રોગાતુર મનુષ્યની સેવા જીવન પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. (૧૩૯)

➤ પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને પોતાના ગુરુને પૂજવા. (૭૧)

➤ અતિથિની પોતાની શક્તિ પ્રમાણે અન્નાદિકથી સેવા કરવી. (૧૩૮)

➤ પોતાના સામર્થ્ય પ્રમાણે ગરીબો પ્રત્યે દયાવાન થવું. (૮૩)

➤ ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીઓએ સુપાત્રને દાન દેવું. (૧૫૬)

➤ પાઠશાળા કરાવી, વિદ્વાનો રાખી, સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું, તે મહાન કાર્ય છે. (૧૩૨)

➤ પોતાના સ્વાર્થ માટે પણ કોઈ ઉપર મિથ્યા આરોપ ન મૂકવો. (૨૦)

➤ કોઈપણ ગુપ્ત વાત કોઈ ઠેકાણે જાહેર કરવી જ નહિ. (૭૫)

➤ અપશબ્દો ક્યારેય પણ ન બોલવા. (૨૦)

➤ જે મનુષ્ય જેવા ગુણે યુક્ત હોય તેને તેવું કાર્ય વિચારીને જ સોંપવું, પણ જે કાર્યમાં જે યોગ્ય ન હોય તેને તે કાર્ય ક્યારેય ન સોંપવું. (૬૬)

➤ દુષ્ટ લોકોની સાથે વ્યવહાર ન કરવો. (૧૫૨)

➤ વિચાર્યા વિના તત્કાળ કોઈપણ કાર્ય ન કરવું, પરંતુ ધર્મસંબંધી કાર્ય તો તત્કાળ કરવું. (૩૬)

➤ પોતાની ઉપજ મુજબ જ ખર્ચ કરવો, ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે. (૧૪૫)

➤ પોતાની ઉપજ તથા ખર્ચનું નિત્ય રૂડા અક્ષરે પોતે જાતે નામું લખવું. (૧૪૬)

➤ ભગવાનના મંદિરનું દેવું ન કરવું. મંદિર પાસેથી પોતાના વ્યવહાર માટે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક માગી લાવવાં નહિ. (૧૫૦)

➤ સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ જમીન ને ધનના લેણદેણનો વ્યવહાર ક્યારેય ન કરવો. (૧૪૩)

➤ આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણ દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય અનુસારે કરવાં. (૨૦)

➤ ગૃહસ્થ સત્સંગીઓએ સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વપરાશ હોય તેટલા અન્ન-ધનનો સંગ્રહ કરવો. (૧૪૧)

➤ જેનાં ઘરમાં પશુ હોય, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો. (૧૪૧)

➤ પશુની સેવા થાય તેમ હોય તો જ તે પશુને રાખવાં અને જો સેવા થાય તેમ ન હોય તો ન રાખવાં. (૧૪૨)

➤ ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા(જાદુમંત્ર) કરીને ઠગનારો અને કૃતઘ્નીનો સંગ ન કરવો. (૨૭)

➤ ભક્તિ અથવા જ્ઞાનનું આલંબન લઈને સ્ત્રી, ધન અને રસાસ્વાદમાં અતિશય લોલુપ થકા પાપ કરતા હોય, તેનો સંગ ન કરવો. (૨૮)

➤ જેનાં વચન સાંભળવાથી ભગવાનની ભક્તિ ને પોતાના ધર્મ થકી પડી જવાય, તેના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. (૨૫)

➤ શાસ્ત્રે કહેલો આપદ્ ધર્મ અલ્પ આપત્કાળમાં ક્યારેય ગ્રહણ ન કરવો. (૪૮)

➤ કષ્ટ દેનારી કોઈ કુદરતી, મનુષ્ય સંબંધી કે રોગાદિક આપત્તિ આવી પડે ત્યારે, પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું. (૧૧૯)

➤ કઠણ ભૂંડો કાળ, શત્રુ અથવા રાજાના ઉપદ્રવથી પોતાની લાજ જતી હોય, ધન કે પ્રાણનો નાશ થતો હોય ત્યારે, પોતાનાં મૂળ ગરાસનું ગામ તથા વતન હોય તોપણ તેનો તત્કાળ ત્યાગ કરી દેવો; અને જ્યાં ઉપદ્રવ ન હોય ત્યાં જઈને સુખેથી રહેવું. (૧૫૩,૧૫૪)

➤ દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા સ્ત્રી, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. (૨૧)

➤ માર્ગે જતાં શિવાલયાદિક દેવમંદિર આવે તો નમસ્કાર કરવા અને આદરપૂર્વક દર્શન કરવાં. (૨૩)

● સ્વામિનારાયણીય સત્સંગીનો નિત્યક્રમ

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતો માટે દિન પ્રારંભથી દિન અંત સુધીનો ભક્તિમય નિત્યક્રમ અર્થાત્ આહ્નિક સમજાવેલ છે. સ્વામિનારાયણીય સાધક પોતાનાં કૌટુંબિક, સામાજિક, વ્યાવહારિક અને વ્યવસાયિક કર્તવ્યોનું વ્યવસ્થિત વહન અને પાલન કરતાં કરતાં આત્યંતિક મુક્તિ માટેની સાધના પણ સહજતાથી નિયમિતપણે દરરોજ કરી શકે એવું માર્ગદર્શન મહારાજે આપ્યું છે. તેમણે દર્શાવેલ નિત્યક્રમ પ્રમાણે જો સાધક પ્રામાણિકતાથી વર્તે તો આધ્યાત્મિક સાધના તો સહજપણે થાય જ, પરંતુ સાથે સાથે તેનું લૌકિક જીવન પણ વ્યવસ્થિત, નિયમિત અને સુખમય બને. હવે આપણે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ દર્શાવેલ આદર્શ સત્સંગી માટેનો નિત્યક્રમ સંક્ષેપમાં જાણીએ :

➤ સૂર્ય ઊગ્યા પહેલાં જાગવું ને ભગવાન અને ગુણાતીત ગુરુની સ્મૃતિ સહિત ઉત્થાન માનસી કરવી. *(૪૯)*

➤ ભગવાન અને સંતની સ્મૃતિ સહિત ભજન-સ્મરણ કરતાં કરતાં શૌચ-સ્નાનાદિક ક્રિયા કરવી. *(૪૯)*

➤ તિલક-ચાંદલા સહિત વ્યક્તિગત પૂજા કરવી(૫૧ થી ૫૪) (પ્રત્યક્ષપૂજા તથા પાંચ સમયની માનસીપૂજા અંગેનું માર્ગદર્શન વચનામૃત રહસ્ય ભાગ-૪માં 'અર્ચનભક્તિ'ના નિરૂપણ વખતે આપેલ છે.)

➤ ઘરમંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવાં, આરતી કરીને દંડવત્ પ્રણામસહ અષ્ટક બોલવાં. શક્ય હોય તો ઘરના સર્વે સભ્યોએ આરતી વખતે ઉપસ્થિત રહેવું.

➤ માતા-પિતાને પંચાંગ પ્રણામે સહિત અને વડીલોને નમસ્કારપૂર્વક જય સ્વામિનારાયણ કરવા તથા ઘરના અન્ય સભ્યોને ફક્ત જય સ્વામિનારાયણ કરવા.

➤ ઘરમંદિરમાં ઠાકોરજીને દૂધ સાથે અન્ય જે કાંઈ નાસ્તો હોય તે ધરાવવો.

➤ સવારના ઉકાળા-પાણી કે નાસ્તો કરતાં પહેલાં 'શ્રીમદ્ સદગુણ શાલિનં...' તથા 'ૐ સહનાવવતુ...' એ બે શ્લોકો બોલીને ભગવાન અને

સંતની સ્મૃતિ સહિત નાસ્તો કરવો. શક્ય બને તો ઘરનાં સભ્યોએ સમૂહમાં નાસ્તો કરવો.

➤ પોતાના ગામમાં કે શહેરમાં આપણું મંદિર હોય અને શક્ય હોય તો મંદિરે દર્શન કરવા જવું. સમયની અનુકૂળતા હોય તો કથાશ્રવણ પણ કરવું. મંદિર નજીક હોય તો સવારની આરતીમાં પણ જવું જોઈએ.

➤ ત્યારબાદ દરેકે પોતાનાં વ્યાવહારિક કાર્યો(અભ્યાસ, નોકરી, ધંધો, ખેતી, ઘરકામ વગેરે) ભગવાન અને સંતની સ્મૃતિ સહિત ભજન-સ્મરણ કરતાં કરતાં પ્રામાણિકતા અને નિષ્ઠાથી કરવાં.

➤ બપોરે ૧૧ થી ૧૨ વાગ્યા દરમ્યાન ભગવાન અને સંતની રાજભોગ માનસી કરવી. ઘરમંદિરમાં થાળ ધરાવવો અને તે પછી ઠાકોરજીને જળ ધરાવીને પોઢાડવા.

➤ બપોરનું ભોજન લેતાં પહેલાં પૂર્વોક્ત બે શ્લોકોનું ગાન કરવું. શક્ય હોય તો ઘરના સભ્યો સાથે સમૂહમાં ભોજન લેવું.

➤ સાંજે ૩ થી ૪ વાગ્યા દરમ્યાન ભગવાન અને સંતની ઉત્થાન-માનસી કરવી. ઘરમંદિરમાં ઠાકોરજીને જગાડીને જળ અને પ્રસાદ (ફળ, સૂકો મેવો કે સાકર વગેરે) ધરાવવાં.

➤ ગામમાં કે શહેરમાં આપણું મંદિર હોય તો સાયંકાળે મંદિરમાં જવું. આરતી-અષ્ટક કરવાં. ઉચ્ચ સ્વરે ભજન કરવું.(૬૩) ભગવાનની કથાવાર્તા પરમ આદર થકી સાંભળવી.(૬૪) જો ગામમાં મંદિર ન હોય, તો ઘરમંદિરમાં આરતી-અષ્ટક કરવાં, નામ-સંકીર્તન કરવું. વ્યવસાયિક જવાબદારીને લીધે અથવા અન્ય કોઈપણ કારણોસર મંદિર કે ઘરમંદિરમાં આરતી-અષ્ટક વખતે ઉપસ્થિત રહી શકાય તેમ ન હોય, તો પોતે જ્યાં હોય ત્યાં આરતી-અષ્ટક બોલી લેવાં. પછી મંદિરે જઈને કે ઘરે આવીને ઘરમંદિરમાં ઠાકોરજી સમક્ષ દર્શન અને દંડવત્ કરવાં.

➤ સાંજે ઘરમંદિરમાં થાળ ધરાવવો અને પછી યોગ્ય સમયે જળ ધરાવીને ઠાકોરજી પોઢાડવા.

➤ સાંજનું ભોજન લેતાં પહેલાં પણ ઉપરોક્ત બે શ્લોકો બોલવા. શક્ય હોય તો ઘરનાં સર્વે સભ્યોએ સમૂહમાં ભોજન લેવું.

➤ રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન સમયની અનુકૂળતાએ ગમે ત્યારે

ઘરનાં સર્વે સભ્યોએ ભેગાં બેસીને અર્ધો કલાક ઘરસભા કરવી. ઘરસભાને અંતે શક્ય હોય તો ચેષ્ટાગાન કરવું. કદાચ બધાંને અનુકૂળતા ન હોય, તો જેટલાંને અનુકૂળ હોય તેટલાંએ તો અવશ્ય મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સહિત ચેષ્ટાગાન કરવું. કદાચ સંપૂર્ણ ચેષ્ટાગાનની અનુકૂળતા ન હોય, તો અનુકૂળતા પ્રમાણે ચેષ્ટાનાં પદો બોલીને શયનમાનસી તો અવશ્ય કરવી.

➤ સમગ્ર દિવસ દરમ્યાન સમયની અનુકૂળતા પ્રમાણે ગમે ત્યારે નીચે જણાવેલ કેટલીક બાબતો અવશ્ય કરવી.

➤ જીવનના અંતિમ ધ્યેયનો વિચાર કરવો કે મારે આ દેહે કરીને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને અતિશય રાજી કરવા જ છે.

➤ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના મહિમાનો તથા સંબંધવાળા સર્વે સંતો-ભક્તોના મહિમાનો અને એમના ગુણોનો વિચાર કરવો. તેમજ તેમના મહિમા તથા ગુણોનું કથન અને શ્રવણ કરવું.

➤ પોતાના આત્મસ્વરૂપનો વિચાર કરવો.

➤ જગત અને દેહના નાશવંતપણાનો વિચાર કરવો.

➤ દરરોજ એક વચનામૃત અને પાંચ કે દશ સ્વામીની વાતોનું વાંચન કરવું. તદુપરાંત શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના જીવનચરિત્રનું ક્રમશઃ વાંચન કરવું. તેમજ સત્સંગસંબંધી અન્ય સાહિત્ય અને આપણી સંસ્થા દ્વારા પ્રકાશિત સામયિકોનું પણ નિયમિત વાંચન કરવું. વચનામૃત અને સ્વામીની વાતો સિવાયના બીજા બધા ગ્રંથો એકસાથે દરરોજ વાંચવાની જરૂરિયાત નથી અને એ શક્ય પણ નથી, પરંતુ વારાફરતી સત્સંગનાં પુસ્તકો વાંચી શકાય. શક્ય બને તો દરરોજ અર્ધો કલાક કે કલાક માટે સત્સંગનાં સાહિત્યનું વ્યક્તિગત વાંચન અવશ્ય કરવું જોઈએ.

➤ પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં લીલાચરિત્રો કે ઉપદેશોનું કથન, શ્રવણ અને સ્મરણ કરવું.

➤ અંતર તપાસ કે અંતર્દષ્ટિ કરીને પોતાના જીવનનું અને આજની મન-કર્મ-વચને થયેલ પ્રવૃત્તિનું યોગ્ય નિદાન કરવું. તેમાં થયેલ કોઈ ભૂલ સુધારવાના સંકલ્પ સાથે, પ્રાર્થનાપૂર્વક પ્રયત્ન કરવો. કદાચ એમાં ભૂલ ન

હોય તોપણ એ ક્રિયાને વધારે સારી કરવા માટે, મહારાજ અને ગુણાતીત ગુરુઓના આદર્શ પ્રમાણે કરવા માટે ક્યાં, કેવો અને કેટલો સુધારો-વધારો કરી શકાય તે પ્રાર્થનાપૂર્વક વિચારીને શોધવું, અને એ માટે સંકલ્પ કરીને પ્રયત્ન કરવો.

➤ દિવસ દરમ્યાન જે કંઈ મન-કર્મ-વચને વ્યવહાર-સંબંધી કે અધ્યાત્મ-સંબંધી પ્રવૃત્તિ થાય છે, તેમાં ખટકાપૂર્વક જાણપણું રાખવું, જેથી -

◆ ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ કુરાજી થાય એવી કોઈ ક્રિયા થઈ ન જાય, પોતાનાં ઈષ્ટદેવ, ગુરુ, સંસ્થા, કૂળ અને પોતાને કલંક લાગે તેવું અઘટિત વર્તન ન થઈ જાય.

◆ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓમાં, તેમાંય પણ વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજમાં મનુષ્યભાવ ન આવી જાય. એમનામાં કોઈ પ્રકારનો સંશય ન થઈ જાય. એમના મનુષ્યભાવની વાતોનું શ્રવણ કે કથન ન થઈ જાય.

◆ શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા-અનુવૃત્તિની વિરુદ્ધ પોતાનું મનધાર્યું ન થઈ જાય.

◆ પોતપોતાના જે ત્યાગસંબંધી અને ભક્તિસંબંધી નિયમ-ધર્મ છે, તેમાં કોઈ પ્રકારનો ભંગ ન થઈ જાય.

◆ સંબંધવાળા સંતો-ભક્તોના અભાવ-અવગુણનું શ્રવણ-કથન ન થઈ જાય.

◆ કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, ઈર્ષ્યા, અસૂયા, મત્સર જેવા દોષોની સ્થૂળ પ્રવૃત્તિ ન થઈ જાય અને ધીરે ધીરે એની સૂક્ષ્મ પ્રવૃત્તિ પણ ન થઈ જાય એનું અનુસંધાન રહે.

◆ આળસ, પ્રમાદ, બેદરકારી, ગાફલાઈ અથવા તો જાણીજોઈને અમૂલ્ય સમયનો બગાડ ન થઈ જાય. ગ્રામ્યવાર્તા કે એવી બિનજરૂરી અને ક્યારેક તો નુકસાનકારક ક્રિયા-પ્રવૃત્તિમાં સમયનો બગાડ ન થઈ જાય એનું અનુસંધાન રહે.

આ રીતે દિવસ દરમ્યાન જ્યાં, જ્યારે અને જેટલો સમય મળે તે ક્ષણેક્ષણનો વધુમાં વધુ સદુપયોગ કરીને, આમાંથી કંઈક ને કંઈક કરતાં રહેવું જોઈએ. સમયપત્રકનું વ્યવસ્થિત આયોજન કરીને જો પ્રાર્થનાપૂર્વક

પ્રયત્ન કરવામાં આવે તો આ બધું જ ખૂબ સરળતા અને સહજતાથી થઈ શકે તેમ છે.

આ રીતે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત એવા દરેક સત્સંગીએ પોતાના જીવનમાં આચાર, વ્યવહાર અને નિત્યક્રમ અતિદૃઢ કરવો જરૂરી છે. આમાં પણ કે.જી.થી માંડીને પીએચ.ડી. સુધીનો અભ્યાસક્રમ છે. દરેક સ્તર કે ધોરણમાં પણ ૧%થી માંડીને ૧૦૦% સુધીની ગુણવત્તા છે. આદર્શ સાધકે તો દરેકમાં અંતે સોએ સો ટકા માર્ક્સ મળે તે પ્રકારની સાધના કરવી જોઈએ. દરરોજ કંઈક ને કંઈક સુધારા-વધારા કરીને અંતે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની અપેક્ષા પ્રમાણે આદર્શ સત્સંગીને શોભે તેવા આદર્શ આચાર, વ્યવહાર અને નિત્યક્રમ આત્મસાત્ કરવો જોઈએ.

૧૦.૪ સાધનાની ફલશ્રુતિરૂપ સ્થિતિના ઉચ્ચતમ આદર્શો

સાધનાને માર્ગે ચાલનારની સાધના સાચી છે કે ખોટી અથવા તો સંપૂર્ણ થઈ છે કે હજુ અધૂરી છે એનો ખ્યાલ એની ફલશ્રુતિને આધારે આવે.

સારંગપુરથી અમદાવાદ જવા નીકળેલ કેતન અમદાવાદ પહોંચે છે, જ્યારે ચેતન રાજકોટ પહોંચે છે. આ બેમાંથી કોનો રસ્તો સાચો અને કોનો ખોટો ?

ડૉક્ટર થવાની ઇચ્છાથી યજ્ઞેશ અને દેવેશ જુદી જુદી કૉલેજમાં દાખલ થયા. પાંચ વર્ષ પછી યજ્ઞેશ ડૉક્ટર બન્યો અને દેવેશ ઍન્જિનિયર બન્યો, તો કોણે સાચી કૉલેજ પકડી ? ધારો કે, બન્ને મૅડિકલ કૉલેજમાં દાખલ થયા પરંતુ યજ્ઞેશ ડૉક્ટર થઈ શક્યો જ્યારે દેવેશ નહિ, તો એનું કારણ શું ?

ટૂંકમાં, જો સાધનાનો માર્ગ સાચો હોય અને યોગ્ય સાધના યોગ્ય રીતે અને યોગ્ય સમય સુધી કરવામાં આવે, તો તેનું યોગ્ય ફળ મળવું જ જોઈએ. જો યોગ્ય ફળ ન મળે, તો કાં તો સાધના ખોટી છે અથવા તો હજુ સાધના અધૂરી છે એ હકીકત છે.

સાચી અધ્યાત્મસાધનાની સાચી ફલશ્રુતિ તો ભગવાન અને ગુણાતીત સંતનો સો એ સો ટકા અતિશય રાજીપો છે અને તે દ્વારા નિર્વાસનિક અને બ્રાહ્મીસ્થિતિ છે, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર છે, દિવ્ય, અપાર અને શાશ્વત સુખની અનુભૂતિ છે.

જો આ સ્થિતિએ પહોંચાય તો માનવું કે સાચી સાધના સાચી રીતે કરવામાં આવી છે અને તે સંપૂર્ણ થઈ છે. તેથી આદર્શ સાધક તો સાધનાની ફલશ્રુતિરૂપે પ્રાપ્ત થનાર ઉચ્ચતમ સ્થિતિના ઉચ્ચતમ આદર્શોને ધ્રુવતારાની જેમ નજર સમક્ષ જ રાખે. જો આ આદર્શો નજર સમક્ષ ન રાખવામાં આવે, તો સાધક કાં તો ફંટાઈ જાય અથવા તો અમુક કક્ષા સુધી પહોંચ્યા પછી પોતે માની લે કે મારી સાધના પૂરી થઈ છે. જો આવું બને, તો વસ્તુતઃ જે સ્થિતિએ પહોંચવું જોઈએ ત્યાં ન પહોંચી શકે.

યાત્રા કરવા નીકળેલ યાત્રીને વસ્તુતઃ કયાં સુધી જવું છે તે અંતિમ યાત્રા-સ્થળ નિશ્ચિત ન હોય અને તેનું અનુસંધાન ન રાખે તો એક, બે, ત્રણ કે ચાર યાત્રા-ધામોની યાત્રા કર્યા પછી માની લે કે મારી યાત્રા પૂરી થઈ ગઈ તો એને જ ખોટ છે.

વિદ્યાર્થીને વિદ્યાની કઈ શાખામાં ક્યાં સુધી ભણવું છે તેના નિર્ણય સાથે તેનું અનુસંધાન ન હોય, તો અમુક વર્ષો સુધી ભણીને કદાચ એકાદ ડિગ્રી મળી જાય અને 'મારો અભ્યાસ પૂરો થઈ ગયો' એમ માની લે, તો એને જ ખોટ છે.

એવું જ કંઈક અધ્યાત્મસાધનામાં પણ બનવાની શક્યતા છે. તેથી સાધકોએ અધ્યાત્મસાધનાનાં જે ઉચ્ચતમ શિખરો સુધી પહોંચવાનું છે તેને નજર સમક્ષ રાખીને જ સાધના કરવાની છે. તેથી હવે આપણે આ સાધનાની ફલશ્રુતિરૂપ સ્થિતિના જે ઉચ્ચતમ આદર્શો છે તેનો વિચાર કરીશું.

શ્રીજીમહારાજના મતે સાધનાનાં પ્રત્યેક સોપાન, અંગ, ગુણ

સાધનનો કેટલો ઊંચો આદર્શ છે તે વિષે આપણે જે તે સ્થળે એનાં લક્ષણો દ્વારા સમજાવ્યું છે.

હવે અહીં આપણે કેટલાક અન્ય ઉચ્ચતમ આદર્શો વિષે કોઈ પણ પ્રકારના નિરૂપણ વગર શ્રીજીમહારાજનાં વચનોને આધારે એનાં લક્ષણો દ્વારા સમજીશું.

એકાંતિક ભક્ત

પ્ર.૧૧ – "જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને

પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.''

મ.૪૮ – ''એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષય હોય તોપણ ભગવાન સંબંધી જ હોય; અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે; અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવા ઈચ્છે; અને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતનાં દર્શન કરવા ઈચ્છે; અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે; અને નાસિકા તે ભગવાનને ચડ્યાં જે પુષ્પ-તુળસી તેના સુગંધને ઈચ્છે; પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ. એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.''

મ.૫૫ – ''ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને હાથ તે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે.''

મ.૩૮ – ''જે એકાંતિક ભક્ત હોય તેને એક તો આત્મનિષ્ઠા હોય ને બીજો વૈરાગ્ય હોય ને ત્રીજો પોતાનો ધર્મ દૃઢપણે હોય ને ચોથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અત્યંત ભક્તિ હોય.''

મ.૬૫ – ''આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભગવાનને વિષે ભક્તિ એ ત્રણેય ભેળાં હોય ત્યારે કોઈ જાતની ખોટ ન કહેવાય. અને એવો જે હોય તે તો ભગવાનનો જ્ઞાની ભક્ત કહેવાય, એકાંતિક ભક્ત કહેવાય, અનન્ય ભક્ત કહેવાય.''

પં.૭ – ''એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.

અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ.''

સાચો ત્યાગી કે સાધુ

પ્ર.૧૪ – "ત્યાગી તો તે ખરો જે, જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહિ."

પ્ર.૩૬ – "જે ત્યાગી હોય તેને તો કચરો અને કંચન એ બેય બરોબર હોય અને 'આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું' એવી તો સમજણ જ હોય નહિ અને એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે."

પ્ર.૩૮ – "સાચો ત્યાગી કેને કહીએ તો જે પદાર્થનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ પણ ન થાય. જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ થતો નથી તેમ સંકલ્પ ન થાય. ત્યાં શુકજી પ્રત્યે નારદજીનો કહેલો શ્લોક છે જે, 'त्यज धर्ममधर्मं च' અને એ શ્લોકનું હાર્દ એ છે જે, 'એક આત્મા વિના બીજા જે જે પદાર્થ છે તેનો ત્યાગ કરીને કેવળ આત્માપણે વર્તવું ને ભગવાનની ઉપાસના કરવી', તેને પૂરો ત્યાગી કહીએ."

પ્ર.૪૪ – "જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહં-મમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે."

પ્ર.૫૬ – "જેમ બાળક હોય તે દિવસ કાંઈ માનનો ઘાટ-સંકલ્પ હોય નહિ, તેમ જ સાધુને તો ગમે તેટલી પૂજા-પ્રતિષ્ઠા થતી હોય પણ બાળકની પેઠે માનરહિત વર્તવું."

પ્ર.૬૨ – "ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ અને એક કીડી જેવા જીવને પણ દુખવવો નહિ, એ જ નિર્માની સાધુનો ધર્મ છે."

મ.૨૩ – "જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને

યોગે કરીને ટાઢું-ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા.''

શ્રેષ્ઠ હરિભક્ત

પ્ર.૧૪ – ''અનંત પ્રકારનાં સુખ-દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી અને ધર્મમાંથી મનને આડું-અવળું ડોલવા દે નહિ, અને એમ સમજે જે, 'સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે; અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્નતુલ્ય છે અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે.' એમ સમજે અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ, એવો જે ગૃહસ્થ તે અતિ શ્રેષ્ઠ છે.''

પ્ર.૫૬ – ''નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે.

વર.૨૦ – ''એવી રીતે જેના અંતરમાં સમજણની ઘેડ્ય બેઠી હોય ને તેની ઇન્દ્રિયો પ્રવૃત્તિમાર્ગને વિષે સર્વે અનુલોમપણે વર્તતી હોય તોપણ તે કામાદિકે કરીને ક્ષોભને ન પામે. એવો જે હરિભક્ત હોય તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે અને એવો જે હોય તે જ સર્વે હરિભક્તમાં શ્રેષ્ઠ વૈષ્ણવ છે.''

અમ.૨ – ''બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે.

અં.૧૪ – ''વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે.

ઉત્તમ ભક્ત

પ્ર.૭૨ – ''જે ભક્ત પોતાને દેહ થકી જુદો જે આત્મા તે રૂપ માને અને દેહના ગુણ જે જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઇત્યાદિક છે તે આત્માને વિષે માને નહિ અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી ઇત્યાદિક જે આત્માના ગુણ તે દેહને વિષે માને નહિ; અને પોતાના શરીરને વિષે રહ્યો જે જીવાત્મા તેને દેખે અને તે આત્માને વિષે રહ્યા જે પરમાત્મા તેને પણ દેખે અને બીજાના દેહમાં જે આત્મા રહ્યો છે તેને પણ દેખે; અને એવો સમર્થ થયો છે તોપણ એ આત્મદર્શન થકી ભગવાન અને ભગવાનના સંત તેને અધિક જાણે છે, પણ પોતાને આત્મદર્શન થયું છે તેનું અભિમાન લેશમાત્ર ન હોય; એવાં જેનાં લક્ષણ છે તે ઉત્તમ ભક્ત કહેવાય.''

ખરો હરિભક્ત

પ્ર.૩૮ – "જે ગૃહસ્થ હરિભક્ત હોય તે તો જેમ જનક રાજાએ કહ્યું જે, 'આ મારી મિથિલાનગરી બળે છે પણ તેમાં કાંઈ મારું બળતું નથી', ત્યાં શ્લોક છે જે, 'मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किंचन' એમ સમજે ને ગૃહમાં રહેતો હોય, તે ગૃહસ્થ હરિભક્ત ખરો કહેવાય."

અં.૨૫ – "અને વળી, ભગવાનનો ખરો ભક્ત તે કોણ કહેવાય ? તો પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે, તોપણ ભગવાનની ઉપાસના-ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતિવા સરસ થાય, તેને ખરો હરિભક્ત કહીએ."

પાકો હરિભક્ત

પ્ર.૫૮ – "પાકા હરિભક્તનું શું લક્ષણ છે ? તો સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષય તેનો જેમ દુઃખદાયક વસ્તુનો સહજે અભાવ રહે છે, તેમ જેને સહજે અભાવ રહે છે અને એક પરમેશ્વરના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા વર્તે છે, તેને પાકો હરિભક્ત જાણવો."

મ.૪૪ – "પાકા હરિભક્ત હોય તેને પોતાના જ અવગુણ સૂઝે પણ બીજા હરિભક્તના દોષને તો દેખે જ નહિ."

પરિપૂર્ણ ભક્ત

કા.૬ – "જે ભગવાનના ભક્ત હશે ને ભગવાન સંગાથે જ દૃઢ પ્રીતિ હશે, તેને પણ રમણીય જે પંચ વિષય તેને વિષે તો આનંદ ઊપજે જ નહિ; અને દેહને રાખ્યા સારુ તો જેવા તેવા જે શબ્દાદિક વિષય તેણે કરીને ગુજરાન કરે, પણ રમણીય વિષય થકી તો તત્કાળ ઉદાસ થઈ જાય. અને એવા જે હોય તે જ ભગવાનના પરિપૂર્ણ ભક્ત કહેવાય."

સાચો ભક્ત

પ્ર.૨૬ – "પંચ વિષય ભગવાન સંબંધી હોય તેને વિષે અતિશય

પ્રીતિવાન થાય અને જગત સંબંધી જે પંચ વિષય તેને વિષે અતિશય અભાવે યુક્ત વર્તે તે રસિક ભક્ત સાચો છે.''

મ.૧૦ – ''દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો.''

નિષ્કામ ભક્ત

અં.૫ – ''ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કાંઈ ઇચ્છતો નથી અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઇચ્છાનો જો ઘાટ થઈ જાય તો અતિશય મનમાં દાઝે છે; માટે એ નિષ્કામ ભક્ત કહેવાય.''

અં.૨૮ – ''ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, 'આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક.' એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે, એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે.''

યથાર્થ ભક્ત

મ.૬૦ – ''ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.''

મ.૫૭ – ''જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહિ.''

પૂરો ભક્ત

પ્ર.૭૨ – ''ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં ચરિત્ર કરે છે તે સર્વે ગાન કરવા યોગ્ય છે, પણ એમ ન સમજવું જે, 'ભગવાન થઈને એમ શું કરતા હશે ?' અને ભગવાનનાં ચરિત્ર તો સર્વે કલ્યાણકારી જ સમજવાં એ જ ભક્તનો ધર્મ છે. અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો

ભક્ત કહેવાય છે.''

મ.૬૦ – ''એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.''

અનન્ય ભક્ત

મ.૧ – ''જ્યારે વિષયમાંથી આસક્તિ ટળે ત્યારે વિષય સારા કે નરસા તેનો ભેદ રહે નહિ; જેવી રૂપવાન સ્ત્રી તેવી જ કુરૂપવાન સ્ત્રી ભાસે અને તેવી જ રીતે પશુ, પક્ષી, લાકડાં, છાણાં, પથરા, સુવર્ણ એ સર્વને તુલ્યપણે જુએ, પણ સારું પદાર્થ દેખીને તેમાં મોહ ન પામે. એવી રીતે પંચ વિષયને વિષે વર્તે, પણ સારો કે નરસો એવો બુદ્ધિને વિષે ભેદ રહે નહિ, એવું જેને વર્તે તેને નિર્મોહી કહીએ. તે શ્રીકૃષ્ણ ભગવાને પણ ગીતામાં કહ્યું છે જે 'સમલોષ્ટાશ્મકાંચનઃ' એવાં જેનાં લક્ષણ હોય તેણે ભગવાનનું સ્વરૂપ તત્ત્વે કરીને જાણ્યું છે અને એને જ અનન્ય ભક્ત કહીએ અને પતિવ્રતાનું અંગ પણ તેનું જ જાણવું અને જ્ઞાની પણ તેને જ જાણવો અને ભગવાન પણ તેની ઉપર જ રાજી થાય છે અને ભગવાનને એવો ભક્ત અતિશય વહાલો છે.''

વર.૫ – ''એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.''

પ્રૌઢા ગોપી (પ્રૌઢ ભક્ત)

સા.૧૫ – ''જે પ્રૌઢા હોય તે તો કેવળ ભગવાનના ગમતા પ્રમાણે જ ચાલે અને કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે યુક્તિ કરે નહિ અને કેવળ ભગવાનને રાજી કરવાને ઇચ્છે અને જે રીતે ભગવાન રાજી થાય તે રીતે જ પોતે રાજી રહે; અને પોતાની બરોબરની જે બીજી ગોપીઓ હોય તે ઉપર ઈર્ષ્યા, ક્રોધ કરે જ નહિ અને માન, મત્સર આદિક સર્વે વિકારનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહે; અને જેણે કરીને ભગવાન કુરાજી

થાય તેવું આચરણ તો મન, કર્મ, વચને કરીને કોઈ કાળે કરે નહિ; એવાં જેનાં શાસ્ત્રમાં વચન હોય તે ગોપીને પ્રૌઢા જાણવી.''

પાકો સત્સંગી

પ્ર.૭૬ – ''જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવાં વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તોપણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે.''

મ.૬૧ – ''જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાનાં તે કયાં ? તો એક તો, પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાંખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાંખે તોય પણ સંશય પડે નહિ; એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય. અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ માબાપ દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.''

મ.૯ – ''જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય.''

પૂરો સત્સંગી

કા.૯ – ''ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો.''

સંપૂર્ણ સત્સંગ

લો.૧ – ''એક તો અતિશય દૃઢ આત્મનિષ્ઠા હોય અને તે પોતાના આત્માને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણથી અતિશય અસંગી માને; અને એ દેહ-

ઇન્દ્રિયાદિકની ક્રિયાઓ તે પોતાને વિષે ન માને તોપણ પંચ વર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહિ. અને પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તોપણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહિ, સ્વામી-સેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે. અને પ્રત્યક્ષ મૂર્તિ જે ભગવાન તેને આકાશની પેઠે અતિશય અસંગી સમજે, જેમ આકાશ છે તે ચાર ભૂતમાં અનુસ્યૂતપણે વ્યાપીને રહ્યો છે અને ચાર ભૂતની જે ક્રિયા તે આકાશને વિષે થાય છે તોપણ આકાશને એ પૃથ્વી આદિક ચાર ભૂતના વિકાર અડતા નથી, તેમ પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણ નારાયણ તે શુભ-અશુભ સર્વ ક્રિયાને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ જાણે; અને તે ભગવાનનાં જે અસંખ્યાત્ ઐશ્વર્ય છે તેને સમજે જે, 'આ ભગવાન જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે તોપણ એ અનંત કોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ઇત્યાદિક જે ધામ તે સર્વેના સ્વામી છે અને અનંત કોટિ એવા જે અક્ષરરૂપ મુક્ત તે સર્વના સ્વામી છે;' એવો ભગવાનનો મહિમા જાણીને તે ભગવાનને વિષે શ્રવણાદિક ભક્તિને દૃઢ કરીને રાખે અને તે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે. એવી રીતે જે વર્તે તેનો સંપૂર્ણ સત્સંગ કહીએ."

સત્સંગી

અં.૩૯ – "સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ."

સાચી મોટ્યપ

પ્ર.૩૧ – "મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે. અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તોપણ એ નાનો જ છે."

પ્ર.૩૮ – "જેના મનમાં ભગવાનના ઘાટ થતા હોય ને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે. અને એવો જે ન હોય તે નાનેરો છે."

મ.૪૧ – "માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે

હરિભક્તમાં અતિશય મોટો જાણવો.''

મ.૬૧ – ''મોટેરાની તો એમ પરીક્ષા છે જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે. અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા.' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે. તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.''

જે.૧ – ''સંતને તો મોટપ ભગવાનની ઉપાસના ને ભક્તિ વડે છે. ને બીજું સંતને આત્મનિષ્ઠા છે તે મોટપે મોટપ છે.''

જે.૩ – ''આપણા સત્સંગમાં શાસ્ત્ર ભણતાં આવડે તેણે કરીને કાંઈ મોટો નહિ, ત્યારે કોણ મોટો ? તો ચૌદલોક પર્યંત તૃણ સમાન જાણે એવા વૈરાગ્યની અવધિએ યુક્ત હોય અને જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ પરમાત્મા જે પુરુષોત્તમ તેના સ્વરૂપની દૃઢતા સાક્ષાત્કાર બોધે યુક્ત હોય ને સુષુપ્તિને વિષે જેમ જગતની વિસ્મૃતિ છે તેમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે એવો જે હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે.''

ઉપરોક્ત સંદર્ભોમાં શ્રીજીમહારાજની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ સ્થિતિનાં દર્શન થાય છે. અહીં ઉપલક દૃષ્ટિએ જોઈએ તો સાચો ત્યાગી, ખરો ત્યાગી, પાકો ભક્ત, યથાર્થ ભક્ત, પરિપૂર્ણ ભક્ત, ખરો ભક્ત, પાકો સત્સંગી, સંપૂર્ણ સત્સંગી વગેરે શબ્દો જુદા જુદા છે. એ દરેકનાં લક્ષણો પણ શબ્દતઃ જુદાં જુદાં જણાય છે, તેમ છતાં વાસ્તવિક દૃષ્ટિએ એ શબ્દનું અને લક્ષણનું તાત્પર્ય તપાસીએ તો જણાઈ આવે છે કે અંતિમ સ્થિતિ સમાન છે.

જો સાધકો આધ્યાત્મિકતાની અંતિમ સ્થિતિએ પહોંચ્યા ન હોય અર્થાત્ 'બ્રહ્મરૂપ' ન થયા હોય, તો બધા જ સાધકોની સ્થિતિ એક સરખી ન પણ હોય. એ સંજોગોમાં કદાચ દરેક માટે એક જ શબ્દ 'પાકો હરિભક્ત' વિશેષણ તરીકે વાપરીએ તોપણ દરેકની સ્થિતિ જુદી જુદી હોઈ શકે; પરંતુ જો બધા જ સાધકો બ્રહ્મરૂપપણાની અંતિમ સ્થિતિએ પહોંચી ગયા હોય, તો

તેના વિશેષણ તરીકે એક જ શબ્દ વપરાય કે કદાચ ઉપરોક્ત જુદા જુદા શબ્દો વપરાય, તેમ છતાં અંતિમ સ્થિતિ અને અનુભૂતિ સમાન જ હોય છે. ફક્ત પ્રસંગોપાત્ત જુદા જુદા શબ્દો દ્વારા તેનું નિરૂપણ થયું છે.

સાધક સાધના શરૂ કરે ત્યારથી માંડીને ઉચ્ચતમ કક્ષાએ પહોંચે તેની કક્ષા પ્રમાણેનાં ચાર સ્તર ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતોમાં સમજાવ્યાં છે. ચાર આની, આઠ આની, બાર આની અને સોળ આની સત્સંગનાં લક્ષણો દ્વારા આ ચાર પ્રકારનાં સ્તર સમજાવતાં તેઓ કહે છે :

"સત્સંગ ચાર પ્રકારનો છે. તેમાં દેહે કરીને સત્સંગ તે ચાર આના જાણવો; અને દેહ ને ઇન્દ્રિયુંમાં સત્સંગ તે આઠ આના સત્સંગ જાણવો; અને દેહ, ઇન્દ્રિયું, અને અંતઃકરણમાં સત્સંગ તે બાર આના સત્સંગ જાણવો; અને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ અને જીવ, એ ચારેયમાં સત્સંગ તે સોળ આના સત્સંગ થયો જાણવો. તે એવો સત્સંગ છેલ્લા પ્રકરણના છેલ્લા વચનામૃતમાં મહારાજે કહ્યો છે, તે તો બહુ જ દુર્લભ છે. અને એવા સત્સંગની બરાબર બીજું કોઈ સાધન આવતું નથી, કેમ જે, બીજે કોઈ સાધને કરીને ભગવાન વશ થતા નથી, તે સત્સંગે કરીને વશ થઈ જાય છે. તે મધ્યના ચોપનમા વચનામૃતમાં તથા છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં પણ મહારાજે કહ્યો છે. અને આ વાત તો દર્પણતુલ્ય છે, તે જો તપાસીને જુવે તો જેને જેટલો સત્સંગ થયો હોય તેટલો જણાઈ આવે છે. માટે બાર આના સત્સંગ થયા પછી પણ અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને પુરુષોત્તમને પોતાના આત્માને વિષે ધારવા, ને એમ સમજવું જે, 'જેમ દેહમાં જીવ છે, તેમ હું શરીર છું ને મારા શરીરી પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે,' એમ અખંડ સંબંધ રહે ત્યારે સોળ આના સત્સંગ થયો જાણવો. જેમ ભમરીના સંબંધે કરીને ઇયળ જે તે ભમરી થઈ જાય છે, તેમ પ્રગટ અક્ષરમૂર્તિના સાક્ષાત્ સંબંધથી આ જીવ બ્રહ્મરૂપ થાય છે, પણ તે વિના થવાતું નથી." *(૮/૬)*

આ ચાર પ્રકારના સત્સંગની વધારે સ્પષ્ટતા કરતાં યોગીજી મહારાજ કહે છે : "નાહવું-ધોવું, પૂજા-પાઠ કરવાં, પવિત્રપણે રહેવું - એ ચાર આના સત્સંગ. પણ તેમાં ઇન્દ્રિયો ચોરી કરી જાય. દસે ઇન્દ્રિયો જ્યારે સાચે માર્ગે ચાલે ને કોઈ વિષયને આકારે ન થાય ત્યારે આઠ આના સત્સંગ. ચાર અંતઃકરણ – મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર; તેમાં મન ભગવાનનો ઘાટ કર્યા

કરે, બુદ્ધિ ભગવાનનો નિશ્ચય કરે, અહંકાર 'હું ભક્ત છું' એમ અહંપણું ધરે અને ચિત્ત ભગવાનનું ચિંતવન કરે તો એ ચાર વાનાં સિદ્ધ થાય અને ત્યારે બાર આના સત્સંગ થયો કહેવાય. સોળ આના સત્સંગ શું ? ભગવાનની મૂર્તિમાં જોડાઈ જઈએ. એવાને 'જ્યાં જુએ ત્યાં રામજી' એવું ભાસે, બ્રહ્મભાવ આવે અને મહારાજ અખંડ રહે. ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી અને ભગવાનને અખંડ ધારવા, ત્યારે સોળ આની સત્સંગ થયો જાણવો."

આ સોળ આની સત્સંગ થાય એ જીવનો સત્સંગ છે. આ અંતિમ સ્થિતિ છે. આ જ સંપૂર્ણ સત્સંગ છે. યોગીજી મહારાજ આ સંપૂર્ણ સત્સંગ વિષે કહે છે : "આપણે અક્ષરધામમાં બેઠા છીએ એવું અખંડ મનાય; શહેર, ઓસરી, મેડી, હવેલી કે જગત કંઈ પણ દૃષ્ટિમાં ન આવે ત્યારે સંપૂર્ણ સત્સંગ થયો કહેવાય. એવું જ્ઞાન જેને થયું હોય તે દુઃખિયો રહે નહિ."

જીવનો સત્સંગ એટલે શું અને તે થાય તો મુમુક્ષુને કેવું ફળ મળે છે તે જણાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે : "જીવનો સત્સંગ શું ? તો निजात्मानं ब्रह्मरूपम् - એટલે કે જીવ પોતે બ્રહ્મરૂપ થાય અને બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરે એ જીવનો સત્સંગ. આવો જીવનો સત્સંગ થાય તો પછી,

અખંડ આનંદ, આનંદ ને આનંદ.
અખંડ સુખ, સુખ ને સુખ.
અખંડ શાંતિ, શાંતિ ને શાંતિ."

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના આ શબ્દો સ્પષ્ટ છે. એમની આપણા માટેની આ અપેક્ષા છે. આપણે ત્યાં સુધી પહોંચીએ એ એમની ઇચ્છા છે. આપણે એને ધ્રુવતારાની જેમ નજર સમક્ષ રાખીને સાધનામાં આગળ વધતા રહીએ. વચ્ચેથી ફંટાઈ ન જઈએ અથવા તો અટકી ન જઈએ. આ શબ્દો દર્પણ જેવા છે. એમાં દૃષ્ટિપાત કરીએ તો આપણે ક્યાં પહોંચ્યા છીએ અને હજુ કેટલું કરવાનું બાકી છે તેનો ખ્યાલ આવે. આ વચનો તો આપણી અધ્યાત્મયાત્રામાં દીવાદાંડીરૂપ છે. જો એનું અનુસંધાન રાખીને સાધના કરતાં રહીશું તો જરૂર એક દિવસે એ સ્થિતિએ પહોંચાશે. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓને જેવા બનાવવા છે એવા આપણે

બની શકીશું. જે સ્થિતિએ પહોંચાડવા છે તે સ્થિતિએ આપણે પહોંચી શકીશું. જીવનની સાર્થકતાનો અનુભવ થશે. જીવન સાચા અર્થમાં કૃતાર્થ, ધન્ય, ન્યાલ અને પરિપૂર્ણ બનશે. અનંત, દિવ્ય અને શાશ્વતસુખનો અનુભવ થશે.

જો સાચી સાધના યથાર્થ રીતે કરી હોય અને જો તે સંપૂર્ણ થઈ હોય તો સાધનાની ફલશ્રુતિરૂપે આ ઉચ્ચતમ સ્થિતિના આદર્શો પ્રાપ્ત થાય છે. અહીં જે આદર્શો બતાવ્યા છે તે અને આ પૂર્વે સાધનાનાં વિવિધ સોપાનો, અંગો કે સાધનોનાં નિરૂપણ વખતે જ્યાં જ્યાં તેના ઉચ્ચતમ આદર્શો દર્શાવ્યા છે તે દરેક સાધકે પ્રાપ્ત કરવાના છે. ભલે, કદાચ કોઈકને કઠણ લાગે, પરંતુ તે કોઈ પણ સાધક માટે અશક્ય તો નથી જ.

અહીં એક સ્પષ્ટતા કરવાની છે કે જો કોઈક સાધકને આ આદર્શરૂપ સિદ્ધાંતો જીવનમાં આત્મસાત્ કરવા કઠણ લાગે, તો તે આદર્શોને નીચે ન ઉતારી શકાય. હિમાલયના એવરેસ્ટ પર પહોંચવું કોઈકને કઠણ લાગે, તો તેના માટે એને કાંઈ બે ફૂટની નાની ટેકરી જેટલો નીચો ન કરી શકાય. એવી નાની ટેકરી પર તો નાનું બાળક પણ ચડી જાય. પછી એના પર જવાનું કોઈ વિશેષ ગૌરવ નહિ અનુભવાય. એવી જ રીતે અધ્યાત્મ-સાધનાનાં સર્વોચ્ચ શિખરો સર કરવામાં જ વિશેષતા, મહાનતા અને ગૌરવની અનુભૂતિ છે. તેથી સાચા સાધકની તો એ જ અંતરની ભાવના અને ઝંખના હોવી જોઈએ કે 'મને ઓછું નહિ ખપે. સામાન્ય ફળપ્રાપ્તિથી મને સંતોષ નહિ થાય. મારે તો અધ્યાત્મનાં સર્વોચ્ચ અને સર્વશ્રેષ્ઠ શિખરો સર કરવાં જ છે એટલે કે આધ્યાત્મિકતાની સર્વોચ્ચ સ્થિતિને જ પ્રાપ્ત કરવી છે. શ્રેષ્ઠત્વ જ મારું નિશાન છે. શ્રેષ્ઠત્વ જ મારો આદર્શ છે. એ માટે જે કંઈ વિચારવું, સમજવું, માનવું કે કરવું ઘટે તે માટે અને જે કાંઈ છોડવું કે મૂકવું ઘટે તે માટે પણ મારી સંપૂર્ણ તૈયારી છે'.

૧૦.૫ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનું ઋણ અદા કરીએ

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની આપણા ઉપર કરુણા તો જુઓ ! અનંત અનંત અનંત વર્ષોથી, અરે ! અનાદિ કાળથી આ જીવો ઘોર માયાની સુષુપ્તિમાં પડેલા હતા. એને માયાના બંધનમાંથી મુક્તિ આપવા, દિવ્ય અને શાશ્વતસુખના ભોક્તા

બનાવવા માટે જ આ બ્રહ્માંડોની રચના કરીને સજીવ સૃષ્ટિ કરી. ચોર્યાસી લાખ જાતની યોનિઓ બનાવી. વિશેષતઃ તો પોતાને થયેલ બંધનને સમજી શકાય, એમાંથી છૂટવા માટે ભક્તિ કરી શકાય, સાધના કરી શકાય એ માટે મનુષ્ય યોનિમાં આવો મનુષ્યદેહ આપ્યો. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ આપ્યાં. સાધના માટે જીવન ટકી રહે તે માટે હવા, પાણી, પ્રકાશ, અનાજ અને ફળ-ફૂલ બનાવ્યાં. ઋષિઓ દ્વારા શાસ્ત્રો અપાવ્યાં, અવતારો દ્વારા અસુરોનો સંહાર કરાવીને તેમ જ ઋષિઓ કે સંતો દ્વારા પાપના પર્વત જેવા જીવોનું પરિવર્તન કરાવીને શાંતિથી સાધના કરી શકાય એવું વાતાવરણ તૈયાર કર્યું. આટલી કરુણા તો પૃથ્વી પરના પ્રત્યેક મનુષ્ય પર છે, પરંતુ આપણા પર એમની વિશેષ કરુણા છે, કૃપા છે, મમતા છે. આપણા પર એમનું વિશેષ વાત્સલ્ય છે. એટલે જ તો તેઓ પોતે જ આપણા માટે આ પૃથ્વી પર પધાર્યા.

ક્યાં એ અને ક્યાં આપણે ? અનંત બ્રહ્માંડો એમના એક રોમના છિદ્રને વિષે પરમાણુ સમાન છે (વચ. પ્ર.૭૨). બ્રહ્માંડ કેટલું મોટું છે ? આજનું વિજ્ઞાન કહે છે કે એક બ્રહ્માંડમાં અબજો નિહારિકાઓ કે આકાશ-ગંગાઓ છે. બ્રહ્માંડની તુલનામાં એક આકાશગંગા એક ટપકા જેવડી કહેવાય. એક આકાશગંગામાં અબજો સૂર્યમંડળ છે. એક સૂર્યમંડળ એ આકાશગંગામાં ટપકું કહેવાય. એક સૂર્યમંડળમાં અનેક ગ્રહો છે. એમાંની એક પૃથ્વી છે. પૃથ્વી કરતાં સૂર્ય તેર લાખ ગણો મોટો છે. જો સૂર્ય સક્કરજન જેવડો હોય તો પૃથ્વી તલના દાણા જેવડી છે. એમાં આપણે ક્યાં ? તો પછી બ્રહ્માંડની તુલનામાં આપણે ક્યાં અને કેવડા ? જેમની નજરમાં બ્રહ્માંડો પણ ન આવે, એમની નજરમાં આપણે આવ્યા ! જેમનાં દર્શન બ્રહ્માંડના અધિપતિઓ ન કરી શકે તેઓ આપણા માટે આપણા જેવા થઈને આવ્યા **(વચ. પ્ર.૬૩, ૭૨; પં.૪)**.

આપણા માટે સંસારનો ત્યાગ કરીને વનવિચરણ કર્યું. આપણા માટે જ જંગલમાં રહેવાની સ્વાભાવિક રુચિનો ત્યાગ કરીને આપણી વચ્ચે રહ્યા **(વચ. અં.૧૩, ૨૧)**. આપણા માટે જ આટલો ભીડો વેઠ્યો. બે વરદાન દ્વારા આપણાં જ દુઃખો એમણે પોતાને માથે લઈ લીધાં અને આપણને સુખિયા કર્યા **(વચ. પ્ર.૭૦)**. એટલું જ નહિ, પરંતુ એમણે આપણા કલ્યાણ માટે જ

પોતાનો દેહ કૃષ્ણાર્પણ કર્યો (વચ. કા.૬). આપણા માટે જ એમણે ઉપદેશ આપ્યો (વચ. મ.૧૩,૩૫,૪૫; અં.૨૧,૨૪), શાસ્ત્રો બનાવ્યાં, મંદિરો બનાવ્યાં, સાધના માટે સાનુકુળતા કરી આપી.

અરે ! એથી પણ વિશેષ તો આપણા માટે જ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લાવ્યા (વચ. પ્ર.૭૧). જો તેમને સાથે લાવ્યા ન હોત તો એમનું સ્વરૂપ કોણ ઓળખાવત ? તેમને સાથે લાવ્યા એટલું જ નહિ, પરંતુ એ ગુણાતીત સત્પુરુષોની પરંપરા આ પૃથ્વી પર સદૈવ પ્રગટ રાખી અને એમના દ્વારા પોતે પણ અખંડ પ્રગટ રહ્યા. કેવી કરુણા !! કલ્પના તો કરો, જો ભગતજી મહારાજ ન હોત, તો અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને કોણ ઓળખાવત ? જો શાસ્ત્રીજી મહારાજ ન હોત, તો આટલો દાખડો કરીને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનાં મંદિરો કોણ બનાવત ? જો યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ ન હોત, તો આપણા સુધી આ દિવ્ય તત્ત્વજ્ઞાન, શુદ્ધ ઉપાસના અને સુગમ સાધના કોણ પહોંચાડત ?

શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવશે કે શ્રીજીમહારાજ અને આ ગુણાતીત ગુરુઓએ આપણા માટે કેટકેટલું કર્યું છે ! કેટલો ભીડો વેઠ્યો છે ! કેટલાં દુ:ખો, કષ્ટો અને અપમાનો સહ્યાં છે ! આ બધું કોના માટે ? કેવળ આપણા માટે ! આ બધું શા માટે એમણે કર્યું ? શું જોઈએ છે એમને આપણી પાસેથી ? બસ, કંઈ જ નહિ. તેમને આપણી પાસેથી પોતાને માટે કોઈ સ્વાર્થ સાધવો નથી. તેઓ તો સ્વસ્વરૂપમાં પરિતૃપ્ત છે; સંતુષ્ટ છે; પૂર્ણકામ છે. તો પછી શા માટે એમણે આ દાખડો કર્યો ? બસ, કેવળ આપણા માટે ! આપણને લખચોરાસીમાંથી બહાર કાઢવા માટે! આપણને અનંત દુ:ખોમાંથી ઉગારવા માટે ! આપણને બ્રહ્મરૂપ કરીને શાશ્વત અને દિવ્યસુખના ભોક્તા બનાવવા માટે !!

અહોહો ! કેટલું બધું કર્યું છે એમણે ફક્ત અને ફક્ત આપણા જ માટે ?! કેવા અને કેટલા ઉપકાર છે આપણા પર એમના ?! શું આપણે કૃતઘ્ની થઈને ભૂલી જઈશું એમના આ ઉપકારને ? શું આપણે નમકહરામ થઈને ભૂલી જઈશું એમના અનંત દાખડાને ? ના, ના અને ના. આપણે નહિ જ ભૂલીએ એમને અને એમનાં અનંત ઋણને. આપણે કૃતઘ્ની નહિ પણ કૃતજ્ઞી થઈશું. શું કરીશું આપણે કૃતજ્ઞી થઈને ? બસ ! બીજું કંઈ જ નહિ,

એમણે આપણા પર જે દયા કરી છે એનો કંઈક બદલો વાળવા, કંઈક ઋણ અદા કરવા હવે આપણે એમના પર દયા કરીશું ! એમના પર દયા ? હા, એમના પર દયા ! કઈ દયા ? કેવી દયા ? એમના પર આપણે કેવી રીતે દયા કરીશું ? બસ, બીજું કંઈ નહિ, ફક્ત એમની આપણા માટે જે ઇચ્છા, અપેક્ષા, મહેચ્છા કે મહત્ત્વાકાંક્ષા છે તે પૂરી કરીએ. પુત્ર માતા-પિતાનું અનંત ઋણ પૂરું કરવા બીજું શું કરી શકે ? બીજું કંઈ નહિ તો એમની ઇચ્છા પ્રમાણે તૈયાર થાય. એમની ઇચ્છા પુત્રને ડૉક્ટર બનાવવાની હોય, એ માટે પેટે પાટા બાંધીને, કાળી મજૂરી કરીને, અનેક પ્રકારની મુશ્કેલી વેઠીને પુત્રને ભણાવે, ટ્યુશન પાછળ હજારો રૂપિયા ખર્ચે, તેમ છતાં પુત્ર બેદરકાર રહે, રખડી ખાય અથવા સૂઈ રહે અથવા પિક્ચરો જોયા કરે તો એનાં માતા-પિતાને કેટલું દુઃખ થાય ? આવો પુત્ર કૃતઘ્ની કહેવાય કે કૃતજ્ઞી ? જો પુત્ર માતા-પિતાની ઇચ્છા પૂરી કરવા માટે પ્રામાણિકતાથી સતત અને સખત મહેનત કરે અને સારામાં સારો ડૉક્ટર બને તો તે કૃતજ્ઞી કહેવાય. એણે એનાં માતા-પિતા પર દયા કરી કહેવાય.

એવી જ રીતે શ્રીજી મહારાજ અને ગુણાતીત ગુરુઓની આપણને જેવા બનાવવાની ઇચ્છા છે, આપણા માટે એમનું જે માનસચિત્ર કે શિલ્પ છે, જે માટે એમનો આટલો કરુણાસભર પુરુષાર્થ છે, તે ન સમજીએ અને ઠરડાઈએ, રિસાઈએ, મરડાઈએ, ઉપેક્ષા કરીએ, આળસ-પ્રમાદ રાખીએ, ગાફલ રહીએ તથા એમની ઇચ્છા પ્રમાણે સાધના ન કરીએ; તો આપણે એમના કૃતઘ્ની ઠરીએ. એમણે આપણા માટે કરેલા અનંત ઉપકાર અને દાખડા ઉપર આપણે પાણી ફેરવ્યું કહેવાય, પરંતુ હવે આપણે એવું નથી કરવું. અનંત-અનંત જન્મોથી આપણે આપણી રીતે જ કર્યું છે, મનધાર્યું જ કર્યું છે. તેથી જ તો અટવાઇએ છીએ, ભટકીએ છીએ, લાતો ખાઈએ છીએ અને દુઃખી થઈએ છીએ, પરંતુ હવે આ અવસર જવા નથી દેવો. એમની ઇચ્છા જરૂર પૂરી કરવી છે. તેઓ આપણી પાસે જ્યારે, જ્યાં, જે રીતે, જે કાંઈ કરાવવા ઇચ્છે છે તે પ્રમાણે કરવું જ છે. તેઓ આપણને જેવા બનાવવા માગે છે તેવા આપણે જ થવું છે, તેઓ આપણને જ્યાં પહોંચાડવા માગે છે ત્યાં આપણે પહોંચવું જ છે.

આપણે એમની ઇચ્છા પ્રમાણે કરીએ અને થઈએ એમાં ક્યાં એમને

લાભ છે ? લાભ તો આપણને જ છે ને ! અને લાભ પણ કેટલો ? વળતર પણ કેટલું ? કલ્પના બહાર ! સાઈકલની કિંમત ચૂકવીએ અને કોઈક સાઈકલ આપે તે તો વેપાર કહેવાય, પરંતુ સાઈકલની કિંમતમાં કોઈક હજારો મર્સીડીઝ અને હજારો રોલ્સરોયસ ગાડી આપે તો ? સફરજનની કિંમતે કોઈક કોહિનૂર હીરો આપે તો ? ઝૂંપડાના બદલામાં કોઈક અબજ રૂપિયાનો બંગલો આપે તો ? આ એની કરુણા કહેવાય ! શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓને ખૂબ આપવું છે, અતિશય આપવું છે. તેઓ તો અઢળક ઢળ્યા છે. રાજી થવા જ બેઠા છે. એટલે જ તો એમને અલ્પ પુરુષાર્થમાં આપણને અક્ષરધામ આપવું છે ! આપણી પાસે થોડુંક કરાવીને આપણને આત્યંતિક મુક્તિ આપવી છે ! આપણી પાસે થોડુંક પળાવીને આપણને અનંત દુ:ખોમાંથી બચાવીને શાશ્વત, અનંત અને દિવ્યસુખ આપવું છે ! આપણા સ્વાર્થની દૃષ્ટિએ જોઈએ તોપણ શા માટે ન કરવું ? શા માટે બીજે રવાડે ચડી જવું ? આ 'અઘરું છે' એમ માનીને શા માટે સાધના છોડી દેવી ? અરે ! આપણે પોતે જ પૈસા માટે, સત્તા માટે, ડિગ્રી માટે, લૌકિક-મોટપ માટે શું શું નથી કરતાં ? કેટલું કરીએ છીએ ! કેટલું વેઠીએ છીએ ! કેટલા હેરાન થઈએ છીએ ! નિચોવાઈ જઈએ છીએ, શરીર અને મનના ભુક્કા બોલી જાય છે. કૂચા થઈ જાય છે. જગતનાં ક્ષણિક અને અંતે દુ:ખરૂપ એવાં બે ટીપાં સુખને માટેના આપણા દાખડાની તુલનામાં અહીં સાધનામાં તો કંઈ જ નથી. છતાં કેટલી મોટી પ્રાપ્તિ છે !

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ તો અનાદિ સિદ્ધ હતા, તેમ છતાં આદર્શ સાધકની સાધના કેવી હોવી જોઈએ એ એમણે પોતાના વૃત્તાંત દ્વારા બતાવ્યું. એમણે ૧૩ વર્ષ સુધી ગોપાળાનંદ સ્વામીનો મન, કર્મ અને વચને સમાગમ કર્યો. સેવા અને કથાવાર્તાના અતિશય ઈશકથી ગોપાળાનંદ સ્વામીને રાજી કર્યા. એમણે એમને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પાસે મોકલ્યા. જ્યારે ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામી પાસે જ્ઞાનની માંગણી કરી ત્યારે તેઓ બોલ્યા : "આ જ્ઞાન એમ મળે તેવું નથી. એ તો સંસાર છોડી અખંડ અમારી પાસે રહે અને દેહ-ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરી નાખે ત્યારે મળે તેવું છે."

ભગતજી મહારાજે ગુરુ ગુણાતીતના આ વચન પર એમને જીવન

સમર્પિત કર્યું. દેહ, ઇન્દ્રિયો અને મનના ચૂરેચૂરા કર્યા. 'આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે અને મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરી લેવા છે' – આ નિશ્ચય સાથે તેમણે સેવા, કથાવાર્તા, અખંડ ભજન અને તપમાં દેહ, ઇન્દ્રિયો અને મનને હોમી દીધાં. એમણે ગુણાતીતનું એક પણ વચન હેઠું પડવા નથી દીધું. ગુરુનું પ્રત્યેક વચન અધ્ધર ઝીલ્યું છે. એટલું જ નહીં, પરંતુ એમની અનુવૃત્તિ પ્રમાણે નવ વર્ષ સુધી મન, કર્મ, વચને સખત અને સતત પુરુષાર્થ કર્યો છે. એમાં પણ ત્રણ વર્ષ સુધી તો ચોવીસ કલાકમાં ફક્ત એક જ કલાક લાંબા પગ કર્યા વગર ગોરખઆસન વાળીને સૂતા છે, જરાક આરામ કર્યો છે. કેવો પુરુષાર્થ ! ગુરુને અતિશય રાજી કરવાનું કેવું તાન !

આવા પુરુષાર્થને અંતે ગુરુ ગુણાતીત અતિશય રાજી થયા અને તેમને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો. એ વખતે ભગતજી મહારાજે સ્તુતિ કરતાં મહારાજ અને સ્વામીને કહ્યું : "હે સ્વામિન્ ! હે ભગવન્ ! હે મહારાજ ! મને તો આપે ન્યાલ કરી નાખ્યો અને બહુ જ સુખ, આનંદ, ઐશ્વર્યનો અનુભવ કરાવ્યો. આવા અઢળક ઢળ્યા તેનું શું કારણ હશે ? મોટા મોટા ઋષિમુનિઓ કેવાં કેવાં સાધનો કરે છે અને પૂર્વના ભક્તોએ કેવાં કેવાં સાધન કર્યાં છે અને કેવાં કેવાં કષ્ટો વેઠ્યાં છે, તેના શતાંશ ભાગનું પણ મેં વેઠ્યું નથી, સાધન કર્યું નથી; તોપણ અતિ દુર્લભ, અમાપ, અનંત, અપાર એવું જે સુખ અક્ષરમુક્તોને ધામમાં છે તે મને આપ્યું છે. હે દીનબંધુ ! દયાસિંધુ ! હે પતિતપાવન ! હે અશરણશરણ એવા જે તમો તે આપની ઇચ્છાથી જ મને આ સુખ મળ્યું છે એમ મને જણાય છે."

(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૮૦)

આ વચનો વિચારવા જેવાં છે. ભગતજી મહારાજનો કેવો, કેટલો અને કેટલાં વર્ષો સુધીનો પુરુષાર્થ હતો ! તેમ છતાં તેઓ કહે છે કે જે મહારાજે મને આપ્યું તેની તુલનામાં તો મેં કંઈ જ કર્યું નથી. અરે ! આ પ્રાપ્તિ માટે ઋષિઓએ જે સાધનો કર્યાં છે તેના સો-મા ભાગનું પણ કંઈ જ કર્યું નથી. ભગતજી મહારાજને એ પ્રાપ્તિની કેવી અને કેટલી અદ્‌ભુત અનુભૂતિ હશે કે જેની તુલનામાં પોતાનાં બધાં જ સાધનો નહિવત્ લાગ્યાં !!

જો આ પ્રાપ્તિ સામે નિશાન હોય તો કંઈ જ કઠણ નહિ લાગે, છોડી

દેવાનું મન નહિ થાય. જો કે એવરેસ્ટ પર જવું સહેલ નથી, છતાં જનારા પહોંચ્યા છે. ડૉક્ટર, એંજિનિયર કે વૈજ્ઞાનિક થવું સહેલ નથી છતાં થનારા થાય છે. ઑલમ્પિકમાં પૂર્વેના બધા જ રેકર્ડ તોડીને નવો રેકર્ડ સ્થાપવો અને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવો સહેલ નથી, છતાં પ્રાપ્ત કરનારા પ્રાપ્ત કરે છે. શું એ મફતમાં મેળવે છે ? કેટલો સઘન પુરુષાર્થ ! કેટલી સખત પ્રેક્ટીસ ! કેટલો ભોગ ! કિંમત ચૂકવ્યા વગર કશું જ મળતું નથી. એટલા પુરુષાર્થ પછી પ્રાપ્ત થનાર કીર્તિ કે સંપત્તિ તો ક્ષણિક ! આવતા જન્મે એનાથી શો લાભ ? અરે ! આ જન્મમાં પણ એનાથી ક્ષણિક આનંદ જ ! એના મનના પ્રશ્નો એનાથી દૂર નથી થતા. જ્યારે અહીં અલ્પ પુરુષાર્થમાં શાશ્વતપ્રાપ્તિ. એક આની પુરુષાર્થથી સોળ આની શાશ્વતલાભ, પરંતુ સોળ આનીનો લાભ લેવા માટે એક આની પુરુષાર્થની અપેક્ષા તો રહે છે જ. પચાસ લાખની લૉટરી લાગે તે માટે પાંચ રૂપિયાની ટિકિટ તો લેવી જ પડે. સો દાણા પાકે એ માટે એક દાણો તો વાવવો જ પડે.

પાંચ રૂપિયાની ટિકિટ વગર લૉટરી ન લાગે, એક દાણો વાવ્યા વગર સો દાણા ન જ થાય. કદાચ આ લૉટરી ન પણ લાગે, એક દાણો ન પણ ઊગે તો પાંચ રૂપિયાની ટિકિટ કે એક દાણો વ્યર્થ જાય છતાં એ માટે લોકો પુરુષાર્થ કરે છે. જ્યારે અહીં તો જેટલું પણ કરીશું તે તો ક્યારેય પણ વ્યર્થ નહિ જાય, તેનું સો ટકા વળતર મળશે અને તે પણ અનંત ગણું...!!!

માટે, હવે આ જન્મે મહારાજ અને સ્વામીને, પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને અતિશય રાજી કરી લઈએ, એમની આજ્ઞા-અનુવૃત્તિ પાળીને, એમના માનસપુત્ર બનીને એમનાં અનંત ઋણમાંથી યત્કિંચિત ઋણ અદા કરીએ અને આપણા જીવનને સાર્થક કરીએ. જીવનમાં ધન્યતા અને કૃતાર્થતાનો અનુભવ કરીએ.

સંદર્ભસૂચિ

૧. **कठोपनिषद् (सानुवाद शाङ्करभाष्यसहित)**
आवृत्ति : वीसमी; सं. २०५०.
प्रकाशक : गीता प्रेस, गोरखपुर.

૨. **मुण्डकोपनिषद् (सानुवाद शाङ्करभाष्यसहित)**
આવૃત્તિ : ચૌદમી; સં. ૨૦૫૦.
પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર.

૩. **छान्दोग्योपनिषद् (सानुवाद शाङ्करभाष्यसहित)**
આવૃત્તિ : સાતમી; સં. ૨૦૫૦.
પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર.

૪. **श्वेताश्वतरोपनिषद् (सानुवाद शाङ्करभाष्यसहित)**
આવૃત્તિ : બારમી; સં. ૨૦૫૦.
પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર.

૫. **श्रीमद्भागवतमहापुराण** (ભાગ : ૧,૨) (સરળ હિન્દી વ્યાખ્યા સહિત)
લેખક : મહર્ષિ વેદવ્યાસ.
આવૃત્તિ : બાવીસમી; સં. ૨૦૫૧.
પ્રકાશક : ગોવિન્દ ભવન કાર્યાલય, ગીતા પ્રેસ, ગોરખપુર.

૬. **महाभारत** (ખંડ : ૧-૬) (સરળ હિન્દી અનુવાદ સહિત)
લેખક : મહર્ષિ વેદવ્યાસ.
આવૃત્તિ : (ખંડ : ૧) છઠ્ઠી; સં. ૨૦૪૫.
(ખંડ : ૨-૬) તૃતીય; સં. ૨૦૨૬ થી ૨૦૨૯ દરમ્યાન.
પ્રકાશક : મોતીલાલ જાલાન, ગીતા પ્રેસ, ગોરખપુર.

૭. **તુલસીકૃત રામાયણ** (ભાગ : ૧-૨)
આવૃત્તિ : સોળમી; સં. ૨૦૨૮.
પ્રકાશક : ત્રિભોવનદાસ ઠક્કર, અમદાવાદ.

૮. **श्रीसत्सङ्गिजीवनम्** (ભાગ : ૧-૫)
લેખક : શતાનંદ મુનિ.
ગુજ. અનુ. : હરિજીવનદાસ, વરતાલ.
આવૃત્તિ : (ભાગ : ૧) સં. ૧૯૮૮;
આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત.

(ભાગ : ૨-૫) દ્વિતીય; સં.૧૯૮૮ થી ૧૯૯૨ દરમ્યાન;
આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત.
પ્રકાશક : (ભાગ : ૧) ભક્તિપ્રિયદાસજી, સ્વામિનારાયણ મંદિર, સુરત.
(ભાગ : ૨-૫) કોઠારી ધર્મસ્વરૂપદાસજી, વરતાલ.

૯. **શ્રીહરિચરિત્રામૃતસાગર** (ભાગ : ૧-૫)
લેખક : સદ્. આધારાનંદ મુનિ.
સંપાદક : શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.
આવૃત્તિ : દ્વિતીય; ૧૯૯૫.
પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ગાંધીનગર.

૧૦. **શ્રીહરિચરિત્રામૃતસાગર** (પૂર : ૧-૨૮)
લેખક : સદ્. આધારાનંદ મુનિ.
હસ્તપ્રત : શિવશંકર ગોપાળભાઈ દવે, લુણાવાડા.

૧૧. **નિષ્કુળાનંદ કાવ્ય**
લેખક : સદ્. નિષ્કુળાનંદ મુનિ.
આવૃત્તિ : પ્રથમ; માર્ચ, ૧૯૯૧.
પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ.

સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ દ્વારા પ્રકાશિત ગ્રંથો :

૧. **વચનામૃત**
આવૃત્તિ : વીસમી; સપ્ટેમ્બર, ૨૦૦૩.

૨. **મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો**
આવૃત્તિ : ચતુર્થ (નાનું કદ) ; મે, ૨૦૦૨.

૩. **ભક્તચિંતામણિ** (ભાગ ૧-૫)
લેખક : સદ્. નિષ્કુળાનંદ સ્વામી.
આવૃત્તિ : પ્રથમ; નવેમ્બર, ૧૯૯૮.

૪. **શ્રીહરિલીલામૃતમ્**
લેખક : આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ.
આવૃત્તિ : પ્રથમ(ગુજરાતી લિપિ); જુલાઈ, ૧૯૯૭.

૫. **બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રાગજી ભક્ત**
સંપાદક : હર્ષદરાય ત્રિભુવનદાસ દવે.
આવૃત્તિ : સાતમી; જુલાઈ, ૨૦૦૨.

૬. **બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ** (ભાગ : ૧-૨)
લેખક : હર્ષદરાય ત્રિભુવનદાસ દવે.
આવૃત્તિ : તૃતીય; ફેબ્રુઆરી, ૧૯૯૫.
૭. **બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ** (ભાગ : ૧-૬)
લેખક : સાધુ ઈશ્વરચરણદાસ.
આવૃત્તિ : પ્રથમ; ૧૯૮૯ થી ૧૯૯૧.
૮. **કીર્તન મુક્તાવલી** (ભાગ-૧)
આવૃત્તિ : આઠમી; સં. ૨૦૫૦.
૯. **લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી** (ભાગ ૧-૨)
સંપા.-લે.: સાધુ વિવેકપ્રિયદાસ.
આવૃત્તિ : પ્રથમ; એપ્રિલ, ૨૦૦૦.
૧૦. **યોગીવાણી**
આવૃત્તિ : પ્રથમ; જૂન, ૧૯૯૨.
૧૧. **સંજીવની**
આવૃત્તિ : પ્રથમ; જૂન, ૧૯૯૨.
૧૨. **સનાતન ધર્મ અભિગમ**
આવૃત્તિ : દ્વિતીય; જૂન, ૧૯૯૨.
૧૩. **અધ્યાત્મ આરોગ્ય**
લેખક : સાધુ અક્ષરજીવનદાસ.
આવૃત્તિ : દ્વિતીય; એપ્રિલ, ૧૯૯૯.
૧૪. **વેદરસ**
આવૃત્તિ : તૃતીય; નવેમ્બર, ૧૯૭૮.
પ્રકાશક : બોચાસણવાસી શ્રી અ.પુ.સંસ્થા, શાહીબાગ, અમદાવાદ.
૧૫. **અ.મૂ.સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો** (ભાગ - ૨)
આવૃત્તિ : દ્વિતીય; સં. ૨૦૨૮.
પ્રકાશક : સાધુ કેશવજીવનદાસ, બોચાસણવાસી શ્રી અ.પુ.સંસ્થા,
અક્ષરભવન, મુંબઈ.

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃતના
આધારે પ્રકાશિત પ્રકાશનો :

વચનામૃત રહસ્ય : ભાગ-૧
અદ્વિતીય આધ્યાત્મિક ગ્રંથ : વચનામૃત

વચનામૃત રહસ્ય : ભાગ-૨
સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન (પૂર્વાર્ધ)

વચનામૃત રહસ્ય : ભાગ-૩
સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન (ઉત્તરાર્ધ)

વચનામૃત રહસ્ય : ભાગ-૪
સ્વામિનારાયણીય સાધના (પૂર્વાર્ધ)

વચનામૃત રહસ્ય : ભાગ-૫
સ્વામિનારાયણીય સાધના (ઉત્તરાર્ધ)

BG323
ISBN: 81-7526-287-7